ચોથી શ્રેણી

પુસ્તક ૩૪

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે
થી
તા. ૨૧મી માર્ચ, ૨૦૧૬
ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા

**ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **૧૬મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 9 |
| અતારાંકિત પ્રશ્નો | 10 | 74 |
| તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬) | 75 | 78 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | 79 | 111 |
| **૧૭મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 112 | 122 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 123 | 191 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | 192 | 219 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | 220 | 221 |
| બિન સરકારી સંકલ્પો | **222** | **236** |
| **તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૮, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 237 | 248 |
| અતારાંકિત પ્રશ્નો | 249 | 332 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | 333 | 360 |
| **તા. ૨૧મી માર્ચ, ૨૦૧૬, ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 361 | 371 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 372 | 440 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) | 441 | 444 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | 445 | 475 |

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર જિલ્લામાં અલગ રેવન્યુ વિલેઝ

* ૨૩૬૮૦ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતો ધરાવતા કેટલા ગામોને રેવન્યુ વિલેજનો દરજ્જો આપવાનો બાકી છે, અને | (૧) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ સંતોષતી હોય તેવી એક પણ ગ્રામ પંચાયતને રેવન્યુ વિલેજનો દરજ્જો આપવાની બાબત બાકી નથી. |
| (૨) આ દરજ્જો કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ સંતોષતી દરખાસ્ત મળ્યેથી સત્વરે |

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, દહેગામ તાલુકાના કેટલાક ગામો એવા છે કે જેને હજુ રેવન્યુ વિલેજનો દરજ્જો મળ્યો નથી. લગભગ ૧૦ ગામ એવા છે કે જેને રેવન્યુ વિલેજનો દરજ્જો અલગ ના મળવાના કારણે સરકારશ્રીની વસ્તીના ધોરણે ફાળવાતી ગ્રાન્ટ, ૧૩મું અને ૧૪માં નાણાપંચના લાભ એને મળતાં નથી. દહેગામ તાલુકાની અંદર દરજીના મૂવાડા પંચાયત છે અને મરોલીને વિલેજ આપવામાં આવ્યું નથી. લગભગ ૧૫ કિલો મીટરનું અંતર જે ગામ વચ્ચે છે આવી ૧૦ ગ્રામ પંચાયતોની અવારનવાર રેવન્યુ વિલેજ માટેની રજૂઆત કરવા છતાં રેવન્યુ વિલેજનો દરજ્જો નથી તો સરકારશ્રી આવા ગામોને રેવન્યુ વિલેજનો દરજ્જો આપવા માગે છે કે કેમ?
બીજો પ્રશ્ન, ગાંધીનગર જિલ્લાના એવા કેટલા ગામો છે કે જેને રેવન્યુ વિલેજનો દરજ્જો મળ્યો નથી?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મોટા ગામ હોય એટલે અલગ પડે. એટલે એને પંચાયત આપવાની પ્રથા આપણે ત્યાં વર્ષોથી છે. પરંતુ એ ગ્રામ પંચાયત બન્યા પછી પણ એને રેવન્યુ મહેસૂલી ગામ તરીકે જાહેર કરવું એ અલગ વધારાની પ્રક્રિયા હોય છે. ગાંધીનગર જિલ્લામાં અત્યારે ૨૨ ગ્રામ પંચાયતો એવી છે કે જે ગ્રામ પંચાયત જાહેર થઇ ચૂકી છે. ગ્રામ પંચાયત તરીકેના અધિકાર અને સત્તાનો ઉપયોગ કરે છે. પરંતુ રેવન્યુ વિલેજ તરીકે આ ૨૨ ગામોને હજુ ડીકલેર કરવામાં આવ્યાં નથી. ગ્રામ પંચાયતમાંથી રેવન્યુ વિલેઝ જાહેર કરવું એના માટેના નિયમો છે. તે નિયમોની બધી પ્રક્રિયા, નોર્મ્સ પૂર્ણ થાય એ પછી રાજ્ય સરકારને યોગ્ય લાગે તો રેવન્યુ વિલેજ જાહેર કરવાની પ્રક્રિયા પૂર્ણ થાય છે. અત્યારે ગાંધીનગર જિલ્લામાં જે જે ગામો નોર્મ્સ પ્રમાણે છે એમણે માગણી કરી હોય અને એ પ્રક્રિયા પૂર્ણ થઇ જાય પછી રાજ્ય સરકારમાં કલેક્ટર થ્રુ દરખાસ્ત આવે તો રાજ્ય સરકાર સમગ્ર નીતિના આધારે રેવન્યુ વિલેજ જાહેર કરે છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મહેસૂલી ગામ જાહેર કરવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સંમતિ આવશ્યક છે? બીજો પ્રશ્ન, મહેસૂલી ગામ જાહેર કરવા માટે ચૂંટાયેલ પ્રતિનિધિઓના અભિપ્રાય આવશ્યક છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની જે પ્રક્રિયા છે એ પ્રમાણે એ મહેસૂલી ગામ અથવા અલગ ગ્રામ પંચાયત બનાવવું હોય તો જે ગામ મૂળ ગામમાંથી અલગ ગ્રામ પંચાયત બનાવવી હોય એનો ઠરાવ, સંમતિ ઠરાવ. એવી રીતે રેવન્યુ વિલેજ બનાવવું હોય તો બંને ગામોની માગણી કરતો સંમતિ ઠરાવ, જિલ્લા પંચાયત તરફથી મંજૂરી આપવા માટેનો સંમતિ ઠરાવ અને ધારાસભ્ય તથા સંસદસભ્ય બંનેની મંજૂરી આપવા માટેની ભલામણ આટલું અત્યારે પ્રક્રિયા હેઠળ કરવું પડે છે. એ પછી પણ બીજા વસતિ વગેરેના અન્ય નોર્મ્સ છે એના આધારે રાજ્ય સરકારને યોગ્ય લાગે તો રેવન્યુ વિલેજ જાહેર કરે છે પણ આટલી દરખાસ્ત મોકલવા માટે પણ શંભુજીભાઈએ કહ્યું એ પ્રમાણે ઠરાવ, સંમતિ પત્રો અને ભલામણ પત્રો એ જરૂરી છે.

શ્રી ઘારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, મારે પણ મોટા ગામમાંથી બે પંચાયતો અલગ પડી છે. સરકારના જે લાભો આવે એ જૂની પંચાયતમાં જાય છે અને જે જુદા પડ્યાં છે એ તો એમને એમ બેઠાં છે એમનો કોઇ વિકાસ થતો નથી. સાહેબ, આમાં ભેગા હતા એના કરતાં પણ ઉલટું થયું છે તો સરકારશ્રી આને અલગ ગ્રાન્ટ આપવા વિચારે છે કે કેમ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનું જ્યારે બ્રિફિંગ ચાલતું હતું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ પણ મેં પણ રજૂઆત કરી, અધિકારીઓએ પણ વિગતો આપી, મુખ્યમંત્રીશ્રીએ પણ મહેસૂલ મંત્રી તરીકેનો એમના અનુભવ અને આખા રાજ્યની પ્રજા સાથેના સંપર્કના કારણે એમના ધ્યાન ઉપર પણ આ મુદ્દા અત્યારે જે રજૂ કર્યા એ મુદ્દા આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, વસતિ વધતી જાય, જરૂરિયાત વધતી જાય, પેટા પરા, પેટા ગામો અને પંચાયત વિભાગ તરફથી ગ્રામ પંચાયત તરફથી મંજૂરી મળે પણ જે નવું ગામ બન્યું હોય પંચાયત એ જો રેવન્યુ વિલેજ ના હોય તો એને સરકારની જે ગ્રાન્ટો વગેરે અથવા તો એ

ગામને એન.એ. થવાની જે સરકાર તરફથી ગ્રાન્ટ મળતી હોય, આવક થતી હોય અથવા સરકારની જુદી જુદી યોજનાઓ હેઠળ જે લાભો મળવા જોઇએ એ મૂળ ગામને જાય છે. પ્રશ્ન એ થતો હતો કે, મૂળ ગામ અને રેવન્યુ વિલેજ એ એક જ હોય, બાજુનું ગામ પંચાયત મૂળ ગામથી છૂટુ પડ્યું હોય પણ રેવન્યુ વિલેજ તરીકે જાહેર ન થયું હોય તો એને આવી પ્રકારની ગ્રાન્ટો નહોતી મળતી, મૂળ ગામને જ બધી ગ્રાન્ટો મળતી હતી.એટલે મુખ્યમંત્રીશ્રી સાથે જ્યારે ચર્ચા થઇ ત્યારે એમણે એવું સુચન કર્યું છે, અધિકારીઓને પણ સુચન કર્યું છે કે, મૂળ ગામને જતી ગ્રાન્ટો પંચાયતી ગ્રામ જે નવું બન્યું છે જેને પંચાયતનો દરજ્જો પ્રાપ્ત થઇ ચૂક્યો છે એને પણ મૂળ ગામમાંથી હિસ્સો મળે એ માટે અભ્યાસ કરવો જોઇએ. ક્યા ક્યા પ્રકારની ગ્રાન્ટો એ નવી પંચાયતને મળવાપાત્ર છે પણ રેવન્યુ વિલેજ નહીં હોવાના કારણે નથી મળતી તો રેવન્યુ વિલેજ ભલે ના થાય, કારણ કે, રેવન્યુ વિલેજની પ્રક્રિયા ઘણી જટીલ અને લાંબી છે. પણ મૂળ ગામની ગ્રાન્ટ નવા ગ્રામ પંચાયતવાળા પેટાગામવાળાને પણ મળે એ પ્રમાણે અભ્યાસ કરવા અને એનો અહેવાલ માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂ કરવા અને આવા ગામોને પણ ગ્રાન્ટ મળે એ માટે સરકાર હકારાત્મક છે. સરકાર ઇચ્છે છે કે, સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ જે આખા ગુજરાતના તમામ ગામોને, નાગરિકોને, ગ્રામજનોને મળવાપાત્ર છે, એનો હિસ્સો દરેક ગામોને મળે એ ગ્રામ પંચાયતોને આપવાનું કામ કરવાની પ્રક્રિયા સરકારે કરી છે. એટલે હું માનું છું કે, આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી રેવન્યુ વિલેજ નહીં હોય તો પણ સરકારની મળવાપાત્ર ગ્રાન્ટો ગ્રામ પંચાયત ધરાવતા ગામોને આપણે આપીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સંમિતપત્રકો અને ભલામણો જે ગામ છૂટું પડ્યું હોય અને મોટા ગામની આ સંમતિપત્રક અને ભલામણો તમને દરખાસ્ત કરવામાં આવે તો એ રેવન્યુ વિલેજ તરીકે તમે જાહેર કરવા માગો છો કે કેમ અને માગતા હોય તો કેટલા સમયમાં તમે રેવન્યુ વિલેજ જાહેર કરવા માગો છો ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે, આટલી તો પ્રક્રિયા ચાલુ કરવા દરખાસ્ત મોકલવા માટે નિયમો છે એ બધું પૂર્ણ થાય, સરકારમાં દરખાસ્ત આવે પછી સરકાર વાજબી રીતે યોગ્ય નિર્ણય કરે એટલે આ ચાર ભલામણો અને સંમતિ ઠરાવ એ તો દરખાસ્ત મોકલવા માટેની એક પ્રક્રિયા છે.

### વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૨૩૬૩૫ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિેએ વર્ષ ૨૦૧૫–૧૬માં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૨૯૮ લાભાર્થીઓ. કુલ રૂ. ૭૨,૮૮,૦૬૦/– (અંકે રૂપિયા બોતેર લાખ અઠ્ઠાસી હજાર સાઈઠ પુરા). |

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રશ્રીને પૂછવા માગુ છું કે, વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર આ ટ્રેલીઝ મંડપના કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવી અને આ જે સહાય આપવામાં આવે છે એ ક્યા લાભાર્થીને આપવામાં આવે છે એના ક્રાઈટેરિયા શું છે ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના કુલ ૮ તાલુકાઓ છે. ૮ તાલુકા વાઇઝ જે માનનીય સભ્યશ્રીએ માગણી કરી છે, તેમા વડોદરા તાલુકામાં ૮૯ લાભાર્થીઓ હતા, ૨૫,૪૧,૬૦૦/– રૂપિયા સહાય આપી છે. ડભોઇમાં ૮ લાભાર્થીઓ છે, ૩,૭૪,૦૦૦/–ની સહાય આપી છે. પાદરામાં ૧૨૫ લાભાર્થીઓ છે, ૨૨,૭૧,૫૬૦/–ની સહાય આપી છે. વાઘોડિયામાં ૧ ખેડૂત છે, ૬૮,૦૦૦/–ની સહાય આપી છે. કરજણમાં ૩૯ ખેડૂતો અને ૯,૭૧,૫૦૦/–ની સહાય આપી છે. શિનોરમાં ૫ ખેડૂતો છે, ૧,૬૦,૦૦૦/–ની સહાય આપી છે. ડેસરમાં ૨ ખેડૂતો છે, ૪૮,૦૦૦/–ની સહાય, સાવલીમાં ૨૯ ખેડૂતોને ૮,૫૩,૪૦૦/–ની સહાય. આમ કુલ ૨૯૮ ખેડૂતોને ૭૨,૮૮,૦૬૦/–ની સહાય ચૂકવી છે અને રાજયનો કોઇપણ શાકભાજી પકવતો ખેડૂત હોય તે એનો લાભાર્થી બની શકે છે.

શ્રી સતિશભાઇ મો. પટેલ : માનીનચ અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સન ૨૦૧૫–૧૬માં તા. ૨૯–૨–૨૦૧૬ ની સ્થિતિએ કુલ કેટલી અરજી આવેલ અને તે પૈકી કેટલી અરજી મંજૂર કે નામંજૂર કરવામાં આવી? તેમજ કેટલું ચૂકવણું કરવામાં આવ્યું અને કેટલી અરજીઓ કાર્યવાહી હેઠળ છે? તેમજ તે નામંજૂર કરી હોય તો તેના કારણો શું છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં કાચા મંડપ, અર્ધ પાકા મંડપ અને પાકા મંડપ આમ ત્રણ પ્રકારના મંડપમાં સહાય આપવાની રાજ્ય સરકારની યોજના છે એમાં કુલ ૬૩૫ અરજી આવેલી, ૫૯૭ અરજી મંજૂર કરેલી, આ ૨૯–૨ની વાત કરું છું. ૨૯–૨ એટલે અત્યાર સુધીમાં ૨૯–૨ એ ૫૯૭ અરજી મંજૂર કરી દીધી છે અને ૩૮ અરજી નામંજૂર થઇ છે અને ૫૦૪ ખેડૂતોને ૧,૩૨,૪૯,૯૯૬ રૂપિયાની સહાય ચૂકવી આપી છે અને ૯૩ લાભાર્થીની કાર્યવાહી અને ચકાસણી કરવામાં આવે છે અને જે ૩૮ અરજી નામંજૂર થઇ છે એમાં જરૂરી કાગળો ૭/૧૨, ૮/અ ન હોવાને કારણે, અરજદારે એક

વખત એક ઘટકની માગણી કરી હોય અને બે ઘટકની વધારાની માગણી કરી હોય તેના કારણે અને આ બધા સાંયોગિક પુરાવામાં ચકાસણી કરતા ૩૮ અરજી નામંજૂર કરવામાં આવી છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ટ્રેલીઝ મંડપના પ્રકાર કયા કયા છે? અને વડોદરા જિલ્લામાં મુખ્યત્વે કયા કયા શાકભાજી પાકોનું ટ્રેલીઝ મંડપ પદ્ધતિથી વાવેતર કરવામાં આવે છે?

શ્રી જશાભાઈ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેલીઝ મંડપ ટેકા મંડપના ત્રણ પ્રકાર છે. કાચા મંડપ, અર્ધ પાકા મંડપ અને પાકા મંડપ. વડોદરા જિલ્લામાં સામાન્ય રીતે શાકભાજીના વાવેતરમાં કારેલા, પરવર, કંકોડા, ગિલોડી, દૂધી, ગલકા, વાલોળ, તુરીયા વિગેરે શાકભાજી પાકોનું વાવેતર કરવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં રીચાર્જીંગ કાર્યક્રમ

* ૨૩૫૬૪ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં અને વર્ષ ૨૦૧૫–૧૬માં રીચાર્જીંગ કાર્યક્રમ હેઠળ કઈ કામગીરી કરવામાં આવેલ છે, | (૧) ચેકડેમો બાંધવાની, તળાવ સુધારણા તેમ જ ચેકડેમો, તળાવો અને જળાશયોમાંથી કાંપ કાઢવાની કામગીરી કરવામાં આવેલ છે. |
| ૧૨–૨૦૧૫ની સ્થિતિએ આ કામગીરી એચબી– ટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૫૧૩.૧૫ લાખ. |
| (૩) સદર કામગીરી કેટલા ગામોમાં કરવામાં આવેલ છે? | (૩) ૧૮૩. |

શ્રી પરબતભાઈ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન નંબર–૩માં માનનીય મંત્રીશ્રીએ રીચાર્જીંગ કાર્યક્રમ હેઠળ જિલ્લામાં ૧૮૩ ગામ અને ૧૫,૧૩,૧૫,૦૦૦ નો ખર્ચ કર્યો છે એવું બતાવ્યું છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બનાસકાંઠા જિલ્લામાં રીચાર્જીંગ કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા કામો કરવામાં આવેલ? અને સાથેસાથે આ કામોમાં કેટલો ખર્ચ થયો એ મારે જાણવું છે અને આમાં સુજલામ સુફલામ યોજનાનો સમાવેશ થાય છે કે કેમ?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારનો જે રીચાર્જીંગ પ્રોગ્રામ છે એ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨૩૯ કામો થયા છે અને એમાં ૧૮૩ ગામોની સંખ્યા છે. એમાં માનનીય સભ્યશ્રીએ તાલુકાવાર જે વિગત માંગી છે એમાં દાંતીવાડા તાલુકાના ૭ ગામોના ૮ કામો, એનો ખર્ચો ૫૫,૩૮,૦૦૦/–, અમીરગઢ તાલુકામાં ૧૨ ગામોમાં ૧૨ કામો, એનો ખર્ચો ૭૫,૬૧,૦૦૦, દાંતા તાલુકાના ૧૬ ગામ, ૧૭ કામ, ૧૭૩.૫૮,૦૦,૦૦૦/–, ડીસા તાલુકાના ૨૫ ગામોમાં ૩૪ કામો, એમાં ૨૦૦ લાખ, ધાનેરા તાલુકામાં ૨૭ ગામોના ૪૯ કામો ૨૪૯,૨૨,૦૦૦/–, પાલનપુર તાલુકાના ૧૪ ગામોમાં ૨૨ કામો થયા એમાં ૨૫૪.૩૯,૦૦૦નો ખર્ચ, થરાદ તાલુકાના ૨૩ ગામોમાં ૨૯ કામો થયા, એમાં ૧૯૫.૪૪,૦૦૦/–નું કામ, કાંકરેજ તાલુકાના ૧૦ ગામોમાં ૧૩ કામો થયા, ૮૨,૬૦,૦૦૦/– વાવ તાલુકાના ૯ ગામોમાં ૧૨ કામો થયા ૭૨,૪૬,૦૦૦/– વડગામ તાલુકાના ૧૪ ગામોમાં ૧૪ કામો થયા ૫૩,૩૪,૦૦૦/– નું કામ દિયોદર તાલુકામાં ૧૬ ગામોમાં ૧૯ કામો થયાં અને રૂપિયા ૮૩,૩૦,૦૦૦ નાં કામ. ભાભર તાલુકાના ૧૦ ગામોમાં ૧૦ કામો થયાં અને રૂપિયા ૧૭,૬૧,૦૦૦ નાં કામ. એમ કુલ ૧૮૩ ગામોમાં ૨૩૯ કામો થયાં અને ૧૫ કરોડ ૧૩ લાખ ૧૫ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે તળાવો રિચાર્જ કરીએ છીએ. અમારા ઉત્તર ગુજરાતનો મહત્વનો પ્રશ્ન છે. અમારે ત્યાં તળાવો ચાર્જીંગ થાય એ બહુ જરૂરી છે. તળાવોમાં ટેકનીકલી જે પાણી છે એ ૪૦ ફૂટથી વધારે નીચે જઇ શકતું નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ૨૫ એકરમાં જ્યાં જગ્યા હોય, ત્યાં મોટા તળાવો થાય એમાં પાઈપલાઇન ગોઠવવામાં આવે જેથી પાણીનું ચાર્જીંગ છેક નીચે સુધી થાય તેવી સરકાર વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીએ ઉત્તર ગુજરાતના પાણીની સ્થિતિની ચિંતા વ્યક્ત કરી. આ ચિંતા સમગ્ર સભાગૃહની અને સરકારની પણ છે. એમાં જુદી જુદી પદ્ધતિથી રિચાર્જ કરતા હોઇએ છીએ. એમાં સભ્યશ્રીએ જે સૂચન કર્યુ તેનો અભ્યાસ કરીશું અને વાયેબલ હશે તો સરકારનું ખૂલ્લું મન રહેશે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પુછવા માગું છું કે વર્ષ ૨૦૧૬–૧૭ માં રિચાર્જિંગનાં કેટલા કામનું આયોજન વિચારેલ છે? તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે અને તેમાં કયા પ્રકારનાં કામોનો સમાવેશ કરવામાં આવેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ હવે પછીનાં કામ કરવાનાં છે એનાં આયોજન વિષેનો પ્રશ્ન કર્યો છે, ત્યારે કુલ ૭૯ તળાવો ઊંડા ઉતારવાનું આયોજન છે. ૧૮ ચેકડેમ બનાવવાનું આયોજન છે. ખર્ચનો અંદાજ રૂપિયા ૬૭૯.૩૮ હજાર થવાની સંભાવના છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : બનાસકાંઠા જિલ્લામાં ૧૮૩ કામો કરવામાં આવેલાં. બાકીની માગણીઓ પડતર છે એ

માગણીઓ ક્યારે પૂરી કરવામાં આવશે? જિલ્લાની અંદર વોકળા અને નદીઓ છે એમાં વ્યાપક પ્રમાણમાં ચેકડેમ બાંધવાનું સરકારનું આયોજન છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જેટલી માગણીઓ આવે એમાં પ્રાયોરિટી પ્રમાણે કામ કરવાનું જ હોય છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું વોકળા જ્યાં સારી સાઇટ મળે અને પાણી સંગ્રહ થઇ શકે તેવી સ્થિતિ હોય તેવી તમામ જગ્યાઓમાં રિચાર્જની કામગીરી કરવા માટે તૈયાર છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : તળાવો રિચાર્જ કરવાની વાત છે. એમાં અમુક તળાવોની અંદર લીલી વનસ્પતિ ઉગેલી હોય છે, એના લીધે પ્રજા ખૂબ ત્રાહિમામ થાય છે. વિપક્ષના નેતા શંકરસિંહના ગામની મને રજૂઆત મળી છે. તળાવમાં લીલ થઇ છે તેના નિકાલ માટેની વ્યવસ્થા હોય તો મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : હાલમાં આવી કોઇ વ્યવસ્થા નથી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : ચેકડેમ અને તળાવો માટે ૩ ડિપાર્ટમેન્ટ જુદાં જુદાં કામ કરે છેઃ જી.એલ. ડી.સી., જિલ્લા પંચાયત, નાની સિંચાઇ. જ્યારે દરખાસ્તની વાત કરી ત્યારે એમનું કહેવું છે કે અમે સેટેલાઇટથી જોઇએ છીએ. જ્યાં જગ્યા અનુકૂળ રહે ત્યાં કરીએ છીએ. ઘણાં કામ બેકાર પડ્યાં છે, જયાં પાણી જ આવતું નથી. એમને એમ ખોદી નાખેલા છે. જોઇતાભાઇએ કહ્યું તેમ અમારે ત્યાં નદીઓ બે–ત્રણ આવેલી છે અને જે કોરી પડેલ છે. તો એમાં નર્મદાનું પાણી નંખાય તો આવા મોટા ચેકડેમ અને મોટા તળાવોનું આયોજન છે કે કેમ? આના માટે દરખાસ્ત કરવા માટેની શું પ્રોસિઝર છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સેટેલાઇટની વાત કરી. જે પરિસ્થિતિની વાત કરી. એવી જગ્યાએ ચેકડેમ બની ગયા હોય, એવી જગ્યાએ સ્ટ્રકચર બન્યા હોય અને વાયેબલ હોય નહિ, પાણીનો આવરો ન હોય અને સ્ટ્રકચર બની ગયા હોય એવું બન્યું હતું. હવે આવું ન બને તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને સેટેલાઇટના માધ્યમ દ્વારા એને (અંતરાય) હું તમારા પ્રશ્નનો જવાબ જ આપું છું. હું તમારા સવાલનો જવાબ જ આપું છું કે આવું ન બને તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેનો સ્ત્રાવ વિસ્તાર કેટલો છે, આગળ કોઇ ચેકડેમ બનેલો છે કે કેમ આ બધું જ ધ્યાનમાં રાખી સાઇટ પસંદગી કરવામાં આવે છે. જો સાઇટ વાયેબલ હોય તો જ તે જગ્યાએ હવે આ પ્રકારના સ્ટ્રકચરો બનાવવાનું આયોજન છે.

### છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ

* ૨૫૩૦૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમ્યાન છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વિનામૂલ્યે કૃષિ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત કિટસ વિતરણ પાછળ તાલુકાવાર કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી મારો પ્રશ્ન એ હતો કે કૃષિ મહોત્સવમાં છોટાઉદેપુર જિલ્લામાં જે કિટ્સનું વિતરણ કરવામાં આવે છે તેના જવાબમાં લખ્યું છે કે એક પણ નહીં. સરકાર ખેડૂતો ઉપર ઉદારતા રાખે છે તેવી વાતો થાય અને ખેડૂતોને, છેવાડાના ગામડાંના માણસોને એમ હોય કે કૃષિ મહોત્સવ આવશે અને અમને કિટ્સ મળે તેની રાહ જોઇને બેઠા હોય છે. કૃષિ મહોત્સવ કરવાની વાતો થતી હોય ત્યારે તેના ખર્ચ માટેના પ્રશ્નના જવાબમાં લખ્યું છે એક પણ નહીં. કિટ્સની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયો તેવો પ્રશ્ન પૂછયો તો તેમાં જણાવ્યું છે કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મારે જાણવું છે કે કૃષિ મહોત્સવ હેઠળ જે કિટ્સ આપવામાં આવતી હતી તેમાં પશુપાલન, બાગાયત, ખેતીની, આવા એક ગામમાંથી ૧૫ લાભાર્થી સિલેકટ કરીને કિટ્સ આપવામાં આવતી હતી. તે હાલ ચાલુ છે કે બંધ છે, જો બંધ હોય તો તે બંધ કરવાના કારણો શું છે? આ સરકાર જયારે ખેડૂતોની વાત કરતી હોય ત્યારે આવી કિટ્સ ફરી ચાલુ કરવાનું વિચારે છે કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ખેડૂતોને અપાતી કિટ્સની વ્યવસ્થા બંધ કરી છે. રાજય સરકારે બંધ કરી છે, ૨૦૦૫થી કૃષિ મહોત્સવમાં જે કિટ્સ આપવામાં આવતી. ત્યાંથી શરૂ કરીને આજ સુધી દસ વર્ષનો જે ગાળો હતો તે દરમ્યાન ગુજરાતનો જે કૃષિ વિકાસ થયો છે તે જોઇએ તો પહેલાં ૧૯૯૫માં માઇનસ હતો આજે તે દસ વર્ષના ગાળા પછી ૧૧.૭ ટકા જેટલો કૃષિ વિકાસ થયો છે. મારે બીજી વાત કરવી છે કે કૃષિ મહોત્સવના હિસાબે કૃષિની આવક વધી છે. આ સર્વગ્રાહી અભ્યાસ કરી કૃષિ વૈજ્ઞાનિકોની સાથે મળી એ નકકી કર્યું કે આવતા દસ વર્ષની અંદર આ જે કિટ્સ આપવામાં આવતી તે કિટ્સ બંધ કરવી. તેને બંધ કર્યા પછી એક તાલુકામાં અને જિલ્લા પંચાયતની સીટવાઇઝ બે કૃષિ મહોત્સવ કરવા. આમાં જે સહાય ચુકવવામાં આવતી તેમાં પછી ટ્રેકટર છે, રોટાવેટર છે કે અન્ય ૮૨ આઇટમો છે તે તમામ સહાય ચેક દ્વારા ત્યાં ને ત્યાં જ ખેડૂતોના ખાતામાં એકાઉન્ટ પેયી ચેકથી જમા કરવાની અદ્ભૂત કાર્યવાહી કરી છે. બીજું કે નિર્દશન પ્લોટ દ્વારા ખેડૂત સમજી શકે અને કૃષિ વૈજ્ઞાનિકો જ્ઞાન આપી શકે તેના માટે કામ કરીએ છીએ. કૃષિ મહોત્સવમાં આ કિટ્સની પ્રથા બંધ કરી કૃષિ સહાય આપીએ છીએ. મારે મારા મિત્રને કહેવું છે કે તમારા આ ત્રણેય તાલુકામાં તમારો મત વિસ્તાર આવે તેમાં કેટલી સહાય આપી તે પણ તમે કહો તો આપું. આખા તાલુકામાં કેટલી સહાય આપી તે પણ તમે કહો તો હું આપું. છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ મહોત્સવમાં ૧ કરોડ ૨૮ લાખ ૫૦ હજાર ૦૮૪ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો જવાબ નથી આવ્યો.

અધ્યક્ષશ્રી : તેમણે જવાબ આપ્યો કે કૃષિ મહોત્સવમાં કિટ્સ બંધ કરીને ચેકથી સહાય આપે છે.

શ્રી જયંતીભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૨૦૧૫-૧૬માં છોટાઉદેપુર જિલ્લામાં કઇ કઇ તારીખે કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા અને મારો બીજો પ્રશ્ન એ છે કે ૨૦૧૫-૧૬માં છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમ્યાન કેટલી રકમના ચેકો અને મંજુરીપત્રો વિતરણ કરવામાં આવ્યાં?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને વાત કરવી છે કે, એક જિલ્લા પંચાયતની બેઠકમાં બે દિવસ સુધી એના નિર્દેશન પ્લોટથી માંડી દરેક ઠેકાણે આખા ગુજરાતમાં વાત કરું તો છોટા ઉદેપુર તાલુકામાં ૨૧-૪ થી ૬-૫ સુધીમાં ૪ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા, જેતપુર પાવી તાલુકામાં ૨૨-૪ થી ૭-૫ સુધીમાં ૪ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા, કવાંટ તાલુકામાં ૨૨-૪ થી ૮-૫ સુધીમાં ૪ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા, નસવાડી તાલુકામાં ૨૧-૪ થી ૨૮-૪ સુધીમાં ૩ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા, સંખેડા તાલુકામાં ૨૨-૪ થી ૨૭-૪ સુધીમાં ૩ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા, બોડેલીમાં ૨૯-૪ થી ૭-૫ સુધીમાં ૪ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા. આમ ખરીફ ઋતુમાં ૨૨ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યા અને ૨૦૧૪-૧૫નું વર્ષ એ કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજાવવામાં આવ્યું. આ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કૃષિ મહોત્સવમાં ખરીફ ઋતુમાં પ્રથમ ૨૦૧૪-૧૫ના વર્ષને કૃષિ વિકાસ વર્ષના અનુસંધાને રવિ કૃષિ મહોત્સવ પણ ઉજવવાનું નક્કી કર્યું અને એવા ૬ કૃષિ મહોત્સવ રવિ કૃષિ દરમ્યાન ઉજવવામાં આવ્યા છે અને ૩૧-૧૨ થી ૪-૧-૨૦૧૬ સુધીમાં આ પૂરાં થયા છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધીરુભાઇ ભીલે જે સવાલ કર્યો છે એનો માનનીય મંત્રીશ્રીએ કોઇ જવાબ જ નથી આપ્યો અને લાંબા લાંબા જવાબો આપ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીના જવાબ ઉપરથી બહુ સ્પષ્ટપણે લાગે છે કે, પહેલા કૃષિ મહોત્સવ રાજય સરકારે ચાલુ કર્યો એટલે તમામ ગામડાંમાં ગયા રથ લઇને એમાં નિષ્ફળ ગયા એટલે તાલુકા પંચાયતની સીટવાર લઇ ગયા, તાલુકા પંચાયતી સીટમાં નિષ્ફળ ગયા પછી જિલ્લા પંચાયતની સીટવાઇસ કર્યું, જિલ્લા પંચાયતની એક સીટમાં નિષ્ફળ ગયા એટલે હવે બે જિલ્લા પંચાયતની સીટવાઇસ તમે કૃષિ મહોત્સવ કરવાની વાત કરી. એનો અર્થ એ છે કે, રાજય સરકાર કૃષિ મહોત્સવમાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઇ છે, આ એના જવાબો પરથી દેખાય છે. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, આપના દ્વારા જે કીટો આપવામાં આવે છે એમાં જે સહાય આપવામાં આવે છે એમાં બિયારણ આપવામાં આવે છે એ અને જે સાધનો આપવામાં આવે છે એની વાત કરું તો એ બિયારણ સંપૂર્ણપણે હલકી ગુણવત્તાનું અને સાધનો પણ હલકી ગુણવત્તાવાળા આપવામાં આવે છે એવી અસંખ્ય ફરિયાદો થઇ છે, જો આવી ફરિયાદો આવી હોય તો એની તપાસ કરીને જવાબદાર સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં મેં આગળ પણ કહ્યું કે, ૨૦૦૨ થી ૨૦૧૫ સુધીમાં ગુજરાતના ખેડૂતોની આવક જે ૨૬,૭૪૨ કરોડ હતી એ આજે ૧,૪૧,૭૪૧ કરોડ રૂપિયાની થઇ છે. કૃષિ મહોત્સવ સફળ ગયા છે અને ગુજરાતના ખેડૂતોને પ્રત્યક્ષ રીતે નિર્દેશનથી વૈજ્ઞાનિકો અને પ્રદર્શનના સ્ટોલ દ્વારા પૂરેપૂરી માહિતી આપી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવામાં આખા દેશમાં ગુજરાત કૃષિમાં પ્રથમ ક્રમે છે, હજુ પણ આવનારા દિવસોમાં ભારત સરકારે ડબલ આવક માટે જે લક્ષ્યાંક આપ્યો છે એમાં ગુજરાત પ્રથમ ક્રમે રહેશે એની મને ખાતરી અને વિશ્વાસ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનો પ્રશ્ન એટલો છે કે કોઇ ફરિયાદ મળી છે કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એક પણ ફરિયાદ મળી નથી, તમારી પાસે કોઇ ફરિયાદ હોય તો કહો.

પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૩૬૨૧ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ કોમ્યુનીટી હોલ બનાવવાના ધોરણ કે યોજનાની વિગત શું છે ? અને તેના બાંધકામ ખર્ચ માટેની વ્યવસ્થા શું છે ? અને સુરત ગ્રામ્યની અંદર જયાં આ કોમ્યુનીટી હોલ બનાવવામાં આવ્યો છે તે કયારે બનાવવામાં આવ્યો છે ? અને તેના બાંધકામમાં કેટલો ખર્ચ થયો છે ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ નિયમ સંગ્રહ ૧૯૭૫ના ભાગ-૧ના નિયમ ૨૫૭-૧ મુજબ પોલીસ વેલ્ફેર સંદર્ભે વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ જિલ્લા શહેર અને યુનિટ ખાતે કરી શકાય અને પોલીસ કર્મચારીઓના કુટુંબને આ કોમ્યુનીટી હોલ દ્વારા વિવિધ સગવડો પૂરી પાડી શકાય તેના માટે પોલીસ વેલ્ફેર ફંડની રચના કરવામાં આવી છે અને

આ વેલ્ફેર ફંડ ઉપરાંત અન્ય સ્ત્રોતની મદદથી કોમ્યુનીટી હોલ બનાવવામાં આવે છે. કોમ્યુનીટી હોલના બાંધકામ સંદર્ભે પોલીસ આવાસ નિગમ પાસે વિવિધ ડિઝાઇનો હોય છે અને તેના ખર્ચની ૪૦ લાખ રૂપિયા સુધીની મર્યાદા છે. આ મર્યાદામાં ડિઝાઇન પાસ કરી અને કોમ્યુનીટી હોલ બનાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે સુરતમાં કઇ જગ્યાએ અને કેટલો ખર્ચ થયો ? તો સુરત ગ્રામ્યના પોલીસ હેડકવાર્ટર ઘલુડી, તાલુકો કામરેજ ખાતે આ કોમ્યુનીટી હોલ બનાવવામાં આવ્યો છે. લગભગ ૭૨૮.૬૬ ચો.મીટરમાં આ હોલ વર્ષ ૨૦૦૨માં બનાવ્યો છે અને તેનો ખર્ચ ૩૭.૬૦ લાખ જેટલો થયો છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને ધન્યવાદ આપુ છું કે, પોલીસ કર્મચારીઓની પણ ચિંતા કરે છે અને સાથે સાથે તેમના પરિવારની પણ ચિંતા કરે છે. ત્યારે હું જાણવા માગુ છું કે, સુરત ખાતેના કોમ્યુનીટી હોલની દેખરેખ અને જાળવણી કોના હસ્તક કરવામાં આવે છે ? અને તેનો જાળવણી ખર્ચ કઇ રીતે મેળવવામાં આવે છે ? અને બીજો પ્રશ્ન એ છે કે, આ કોમ્યુનીટી હોલના હિસાબો મેળવવામાં આવે છે કે કેમ ? અને તેના ખર્ચનું ઓડિટ કરવામાં આવે છે કે કેમ ? અને ગ્રામ્ય વિસ્તારમાં આ કોમ્યુનીટી હોલમાં છેલ્લા ત્રણ વર્ષમાં શું શું ખર્ચ થયેલ છે ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કોમ્યુનીટી હોલ દ્વારા પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો તેમાં સામાજીક પ્રવૃત્તિ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરે, લગ્ન જેવા સમારંભો તેમાં થાય એ પ્રકારની પ્રવૃત્તિઓ કરતા હોય છે ત્યારે તેની દેખરેખ અને જાળવણી રીડર પોલીસ સબ ઇન્સ્પેકટર પોલીસ હેડકવાર્ટર ખાતેથી કરવામાં આવે છે. અને તેની જાળવણીનો ખર્ચ જિલ્લાના વેલ્ફેર ફંડમાંથી કરવામાં આવે છે. તેમણે કહ્યું કે ખર્ચ કેટલો થયો, અને ઓડિટની શું વ્યવસ્થા છે ? તો જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, તેના દ્વારા તેનું ઓડિટ પણ કરવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૨૦૧૩-૧૪માં ૯૭,૩૫૬ અને ૨૦૧૪-૧૫માં ૧ લાખ ૯૩ હજાર ૬૩૩ જેટલો ખર્ચ થયો છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, • (x x x)

અધ્યક્ષશ્રી : બહેન આને રીલેવન્ટ નથી .આપ બેસી જાવ, પ્લીઝ. આને હું રેકર્ડ ઉપરથી પણ દૂર કરું છું.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટીના વિચાર પુરુષ આદરણીય પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના સિદ્ધાંતને મૂર્તિમંત કરવા માટે ગૃહ વિભાગ દ્વારા આદરણીય મુખ્યમંત્રીએ ગૃહ વિભાગમાં પોલીસ વિભાગના, પોલીસના પરિવારો પોતાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે, સાથે સાથે પોતાના સમાજના સામાજીક કાર્યક્રમો પણ કરી શકે તેના માટે કોમ્યુનીટી હોલ બનાવવામાં આવ્યો છે તો હું એ જાણવા માગુ છું કે, કોમ્યુનીટી હોલ ખાતે કઇ કઇ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ? અને આ કોમ્યુનીટી હોલના વપરાશ અને ભાડા બાબતે કોઇ નિયમો બનાવવામાં આવ્યા છે કે કેમ ? તથા આ હોલનો ઉપયોગ જાહેર જનતા પણ કરી શકે કે નહીં અને એના ભાડાના દર કેટલા નકકી કરવામાં આવ્યા છે?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રકારે આ કોમ્યુનીટી હોલમાં પોલીસ અને એમના પરિવારો વિવિધ પ્રવૃત્તિ મેં અગાઉ કહ્યું એમ ધાર્મિક પ્રસંગો હોય, કોઇ લગ્ન પ્રસંગ હોય, સામાજિક પ્રસંગ હોય કે શૈક્ષણિક કાર્યક્રમો હોય આ બધું જ કરતા હોય છે એના ઉપરાંત બંદોબસ્ત માટે બહારથી જો કોઇ પોલીસ આવ્યા હોય તો એ પોલીસ કર્મચારીઓના રોકાણ માટે એનો ઉપયોગ કરીએ છીએ, વિવિધ તાલીમના કાર્યક્રમો પણ કરવાના થતા હોય છે તો આ હોલ એના માટે ઉપયોગી થાય છે. સ્વાસ્થ્ય માટે કોઇ આરોગ્ય કેમ્પો કે બ્લડ ડોનેશન કેમ્પ પણ આ હોલમાં કરવામાં આવતા હોય છે. મિટિંગો પણ થતી હોય છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આ હોલમાં લાયબ્રેરીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય દેશના વડાપ્રધાનશ્રીએ પણ આપણને વાંચે ગુજરાતનો સુંદર કોન્સેપ્ટ આપ્યો છે ત્યારે ત્યાં પોલીસ પરિવાર અને એમના કુટુંબીજનો આ લાયબ્રેરીનો પણ ઉપયોગ કરી શકે અને ટેકનોલોજીનો જમાનો છે ત્યારે વિવિધ કમ્પ્યુટર વગેરે રાખીને એનાથી પણ અવગત થાય એવી વ્યવસ્થાઓ ત્યાં કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, આ હોલ જાહેર જનતા માટે ઉપયોગમાં લેવામાં આવે છે કે કેમ? તો પોલીસ પરિવાર માટે પ્રાયોરીટી આપીએ છીએ બાકી અનુકુળતા હોય એ સમય દરમિયાન તો જાહેર જનતા પણ એનો ઉપયોગ ચોક્કસ કરી શકે છે અને એટલા માટે એમને પણ જાહેર જનતા માટે આપણે આ હોલ ભાડે આપીએ છીએ. અગાઉ એક દિવસનો જે ખર્ચ હતો કર્મચારીઓ માટે એ એક હજાર આપણે લેતા હતા અને જાહેર જનતા માટે ત્રણ હજાર લેતા હતા એ તા. ૧૬-૫-૨૦૧૩થી એમાં ફેરફાર કરીને કર્મચારીઓ માટે હવે એક દિવસના બે હજાર રૂપિયા અને જાહેર જનતા માટે છ હજાર રૂપિયા જેટલું આપણે ભાડું લઇએ છીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ જણાવ્યું છે કે,પોલીસોના પરિવારો માટે આ કોમ્યુનીટી હોલ બનાવ્યો છે, એ સારી વાત છે, પણ સુરતમાં મોટામાં મોટો ઉદ્યોગ એ હીરા ઉદ્યોગ છે, અને હીરા ઉદ્યોગમાં બનતા ગુનાઓ એના માટે અલગ પોલીસ સ્ટેશન બનાવવાની માગણી હીરા ઉદ્યોગકારોની  છે, તો આ માગણી પૂરી કરવા માટે સરકાર કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે એ કોમ્યુનીટી હોલના સંદર્ભમાં છે, બાકી એમનું સૂચન છે.

---

•માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા .

## ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

### અલંગ રીસાયકલીંગ યાર્ડ ખાતે કામદારો માટે આવાસ

* ૨૩૬૬૫ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અલંગ રીસાયકલીંગ યાર્ડ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬ના વર્ષમાં કામદારો માટે આવાસો બાંધવાનું કોઈ આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આયોજનની વિગતો શું છે ? | (૨)<br>❖ પ્રથમ તબક્કામાં ૧૦૦૮ કામદારો માટેના ૭ ડોરમેટરી પ્રકારના આવાસો બાંધવામાં આવી રહેલ છે.<br>❖ ચાર બ્લોકનું કામ પૂર્ણ થયેલ છે.<br>❖ બાકીના ત્રણ બ્લોકનું કામ પ્રગતિમાં છે. |

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અલંગનો વ્યવસાય એ સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ છે અને રોજગારી માટે અતિ મહત્વનો છે ત્યારે માનનીય આનંદીબહેનના નેતૃત્વમાં અલંગની એક નવી પોલીસી જાહેર કરી છે. એના અનુસંધાને સમગ્ર અલંગ ધમધમતુ થયું છે. જાન્યુઆરીમાં ૩૬ હજાર જહાજો, ફેબ્રુઆરીમાં ૪૦ હજાર જહાજો અને માર્ચમાં પણ ચાલીસ હજારથી વધારે જહાજો ૧૧૫ પ્લોટ્સની અંદર લગભગ ૧૧૫ જહાજો લાગ્યા હોય એવો ચળકાટ આ ભાજપની સરકારની પોલીસીના કારણે થયો છે. આ સભાગૃહની સમક્ષ રાજય સરકાર અને કેન્દ્ર સરકારે અતિ મહત્વનું કામ કર્યું છે (અંતરાય) એટલે એ ધ્યાને રહે એટલા માટે હું વાત કરું છું. કેન્દ્ર સરકાર ભાજપાની માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે સૌ પ્રથમવાર મિનિમમ ઇકો પ્રાઇઝ લગાડીને સમગ્ર દેશની લોખંડ, ઓઇલ અને ગિલેટનો ધંધો કરતા લોકોને ખૂબ મહત્વનું કામ કર્યું છે ત્યારે હું રાજય સરકારને અભિનંદન આપું છું. આમ, તો અમારા મિત્રો અને માનનીય બલવંતસિંહ અમારા ત્યાં વેવાઇ છે. (અંતરાય)એ ત્યાં જોવા આવો, એમની મંજૂરીથી કહું છું અને ચળકાટ ધરતી ઉપર ભાજપની સરકારે જે બતાવ્યો છે એ જોવા મળશે, ત્યાં બધા પધારે અને જુએ, અધિકારીઓ અને પત્રકારો પણ જુએ કે આ ધરતી ઉપર ભાજપાની સરકાર કેવાં કામ કરી રહી છે. માનનીય આનંદીબહેન પટેલની સરકારે મજૂરો કામદારો માટે થઇને અતિ મહત્વનું કામ કર્યુ છે ત્યારે અલંગના કામદારો માટે મજૂર વસાહતનું બાકીનું કામ કયારે પૂર્ણ થશે, આ વસાહત સાથે સાથે બીજી શું સુવિધાઓ ઉપલબ્ધ થશે, આ કામ પાછળ કુલ કેટલો ખર્ચ થશે અને એના માટે નાણાકીય આયોજન શું છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો તે પ્રમાણે કામદારોના હિતાર્થે ૨૨.૪૮ કરોડના ખર્ચે હાઉસીંગ કોલોની બની રહી છે અને કામ ચાલુ છે. જેમાં ચાર બ્લોકનું કામ પૂર્ણ થયું છે અને બાકીના ત્રણ બ્લોકનું કામ ૩૧–૭–૨૦૧૬ સુધીમાં પૂર્ણ થશે. આ વસાહતમાં ડોરમેટરી બિલ્ડિંગ છે એમાં રહેણાંક ઉપરાંત શોપીંગ સેન્ટર, મુખ્ય રસ્તા, આંતરિક રસ્તા, પાણી, લાઇટ, ડ્રેનેજ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરે પ્રકારની સુવિધાઓ એમના માટે ઉપલબ્ધ રહેશે. માનનીય સભ્યશ્રી દ્વારા જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે શીપ રીસાયકલીંગ પોલિસી–૨૦૧૬ જાહેર થયા પછી ત્યાં રોજગારીની માત્રા, એના પ્રમાણમાં નવા કામદારોની સંખ્યા વધતી જાય છે. એવા સંજોગોમાં ત્યાંના લોકો માટે રહેણાંક ખૂબ જ ઉપયોગી થવાના છે.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : અલંગ યાર્ડની અંદર સરકારશ્રી દ્વારા સાત બ્લોક મંજૂર કરવામાં આવ્યા છે એમાં ચારનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. એમાં કુલ ૧૦૦૮ કામદારોને આવાસ આપવાનું આયોજન છે. અલંગ યાર્ડમાં ટોટલ કેટલા કામદારો કામ કરે છે, બાકી રહેતા કામદારોને આવાસ આપવાનું કોઇ આયોજન છે કે કેમ? માનનીય સભ્યશ્રી જીતુભાઇએ અલંગ યાર્ડના વખાણ કર્યા તો મારે કહેવું છે કે ભૂતકાળમાં કોંગ્રેસ પક્ષની સરકાર હતી ત્યારે આ અલંગ યાર્ડની સ્થાપના કરી છે. આપ સૌ ચોક્કસપણે અલંગ યાર્ડની મુલાકાત લો એવું હું ભાવનગરના એક ધારાસભ્ય તરીકે આમંત્રણ આપું છું. મારો બીજો પ્રશ્ન એ છે કે બાકી રહેતા કામદારો છે એને આવાસ આપવા માટે શું આયોજન છે, બાકીના ત્રણ બ્લોકનું કામ અધુરું છે તો એ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી અને વાત કરી એ મુજબ અલંગમાં કામ કરતા કામદારો છે એમાં સીધી રીતે જોડાયેલા આશરે પાંચ હજાર છે. આ અલંગના લીધે જે ઇન્સીલરી ઇન્ડસ્ટ્રીઝ છે એમાં આશરે એક લાખ કરતાં વધારે આડકતરી રીતે જોડાયેલા છે. પ્રથમ તબક્કામાં ૧૦૦૮ જેટલા કામદારો માટે ડોરમેટરી બિલ્ડિંગ એમાં ગ્રાઉન્ડ પ્લસ ટુ એટલે ૧૪૪ ગુણ્યા ૭ એ પ્રમાણે એ લોકોને રહેવા માટેની સુવિધા બની રહી છે. એમણે બીજી વાત કરી કે અમારા વખતમાં થયું હતું. પરંતુ હું એનો ઉલ્લેખ કરવા માગું છું કે આ સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાની દીર્ઘદ્રષ્ટિથી જે જૂની પોલિસી હતી એમાં સુધારો કરીને આ ઉદ્યોગને જીવંત રાખવા માટે એની જે નીતિ હતી એમાં અનેક સુધારો કર્યાં છે એના કારણે આ ઉદ્યોગ આપણે ટકાવવામાં સફળ રહ્યા છીએ. એનો જો કોઇને જશ આપવાનો હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : આખા દેશની અંદર સૌથી વધારે રોજગારી આપતું આ ગુજરાત રાજય છે. એવી રીતે ભાવનગરની અંદર સૌથી વધારે રોજગારી આપતું જો કોઇ હોય તો એ આ અલંગનું શીપ બ્રેકીંગ યાર્ડ છે. એમાં કામદારો કામ કરે છે એની સલામતી માટે સરકારે શું શું પગલાં લીધા છે, એમની કલ્યાણકારી પ્રવૃત્તિ માટે કયા કયા પગલાં લે છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કામદારોમાં સ્કીલ ડેવલપમેન્ટ થાય અને કામદારોની કામદાર કલ્યાણકારી પ્રવૃત્તિઓની નિયમિત પ્રક્રિયા તેનો ભાગ બને તેના માટે આ રાજય સરકારે અનેક પગલાં લીધા છે. ત્યાં ૪૦૭ લાખ રૂપિયાના ખર્ચે તાલીમ સહ કલ્યાણ સંકૂલ કાર્યરત છે અને તેના ઉપરાંત ૧૦૦૦ની કેપેસિટીનું એમ્ફીથિયેટર છે. ૫૦૦ની કેપેસિટીનું ઓડિટોરિયમ છે. ૧૦૦ની કેપેસિટીનો સેમિનાર હોલ છે. ૨૦ની કેપેસિટીનો કોન્ફરન્સ રૂમ છે. કામદારોની ટ્રેનીંગ માટે બે રૂમ છે. લાયબ્રેરી છે અને સલામતી અને પર્યાવરણ જેવા વિષયોથી અત્યાર સુધીમાં ૧,૧૫,૪૮૦ કામદારોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૫મી ઓગસ્ટ હોય, ૨૬મી જાન્યુઆરી હોય તેની ઉજવણી કરવામાં આવે છે. મેડિકલ કેમ્પના માધ્યમથી તેમનું સ્વાસ્થ્ય સારું રહે તેના માટે પણ કામદાર કલ્યાણની પ્રવૃત્તિ કરવામાં આવે છે. દર શનિવારે ત્યાં ફિલ્મનો શો રાખવામાં આવે છે અને પતંગોત્સવ, ક્રિકેટ ટુર્નામેન્ટ આ પ્રમાણેની અનેકવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ અને સમગ્ર ભારતભરના જુદા જુદા રાજયોમાંથી રોજગારી માટે કામદારો આવે છે તેમની કલ્યાણકારી પ્રવૃત્તિ માટે રાજય સરકારે અનેકવિધ પગલાંઓ હાથ ઉપર લીધાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય અરવિંદભાઇ.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એશિયા ખંડનો સૌથી મોટો અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ મારા તળાજા મત વિસ્તારમાં આવેલ છે. ગયા વર્ષે સમગ્ર દુનિયામાં ઓઇલ અને લોખંડમાં મંદી આવવાથી આ ઉદ્યોગમાં ખૂબ જ તકલીફો ઉભી થઇ હતી. ત્યારે અમારા સાંસદશ્રી મનસુખભાઇ, અમારા ધારાસભ્ય જીતુભાઇ વાઘાણીએ એસોશિએશનને દિલ્હી ખાતે લઇ જઇ અને એકસાઇઝમાં ઘટાડો કરાવીને આ ઉદ્યોગને બેઠો કર્યો છે. જીતુભાઇએ કહ્યું તેમ અત્યારે ૧૨૫થી વધારે જહાજો આવ્યા છે. જે નવી નીતિ ગુજરાત સરકારે, મેરીટાઇમ બોર્ડે જાહેર કરી છે તેમાં ખાસ મહત્વની આ ઉદ્યોગને મદદરૂપ થાય એવી જે જોગવાઇઓ છે એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવી છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે મતવિસ્તારમાંથી આવે છે તે અલંગ શીપ બ્રેકીંગ યાર્ડની તેમણે પોતે અનેક વખત રાજય સરકાર સમક્ષ ચિંતા વ્યક્ત કરી છે અને તેમણે જેમનો ઉલ્લેખ કર્યો મનસુખભાઇ. તેમના રેફરન્સથી આ ઉદ્યોગને ટકાવી રાખવા માટે આપણે અનેકવિધ પગલાં લીધાં છે. તેમાં બે-ત્રણ મુખ્ય પગલાં લીધાં છે તેમાંનો એક પ્લોટના ઉપયોગની પરવાનગીનો સમયગાળો એ પાંચ જ વર્ષનો હતો. આ પ્લોટના ઉપયોગની પરવાનગીનો સમયગાળો એ પ્લોટધારકને ઉદ્યોગ માટે ઉપયોગી રહે તેના માટે હવે પાંચ વર્ષથી વધારીને ૧૦ વર્ષનો કરવામાં આવ્યો છે. ૨૦૦૬માં જે પ્લોટ ડેવલપમેન્ટનો પ્રિમિયમ ચાર્જીસ ૨૦૦ રૂપિયા હતો તેમાં માત્ર નજીવો વધારો કરીને ૨૭૦ કરવામાં આવ્યો. પ્લોટનું ભાડું ૬૦ રૂપિયા હતું તે ૨૦૦૬ પછી પહેલીવાર ૮૦ રૂપિયા કરવામાં આવ્યું તેનો લાઇટ ડીસ્પ્લેસમેન્ટ ચાર્જીસ એ ૧૦૦ રૂપિયા હતો તેનો ૧૩૫ રૂપિયા કરવામાં આવ્યો અને તેના કરતાં આ કંપની એકટની જોગવાઇઓના પાલન માટે સ્ટોક હોલ્ડીંગ ડિરેકટર્સ અને પાર્ટનર્સ બદલવા અંગે ફકત ફેમિલી મેમ્બર માટે છૂટ હતી પરંતુ હવે આ પ્લોટના વપરાશની બાબતમાં કોમન પાર્ટનર અને ડિરેકટરની સંખ્યા વધારવા અંગે પણ છૂટછાટ આપવામાં આવી અને ત્યાં કોઇ અકસ્માત થાય અને અકસ્માતમાં કોઇ કામદાર મૃત્યુ પામે તો તેને બે લાખ રૂપિયાનું વળતર હતું. આ બે લાખ રૂપિયાના વળતરની જગ્યાએ હવે પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાની આ નવી પોલીસીમાં જાહેરાત કરવામાં આવી છે.

### બનાસકાંઠા જિલ્લામાં દારૂ પકડાયા બાબત

* ૨૩૭૦૯ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં દેશી, ઇંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલો પકડવામાં આવી, | (૧) |
| (૨) ઉક્ત જિલ્લાવાર પકડવામાં આવેલ દારૂની કેટલી કિંમત છે, | (૨) રૂ. ૧૧,૩૦,૨૩,૧૫૭/-. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેશી, ઇંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલોનો નાશ કરવામાં | (૩) |

| વર્ષ | દેશી દારૂનો જથ્થો (લિટરમાં) | ઇંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) | બીયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૪૧૪૫ | ૩૦૭૬૭૬ | ૩૩૬૯૯ |
| ૨૦૧૫ | ૧૪૮૫૬ | ૩૧૦૪૪૩ | ૬૬૮૯૪ |

આવ્યો, અને

| વર્ષ | દેશી દારૂનો જથ્થો (લિટરમાં) | ઇંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) | બીયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૪૧૪૫ | ૨૫૦૧૨૧ | ૨૧૭૯૨ |
| ૨૦૧૫ | ૧૪૮૫૬ | ૧૫૫૧૮૯ | ૩૪૭૫૪ |

(૪) તેની કિંમત કેટલી છે? (૪) રૂ. ૬,૦૧,૨૭,૫૪૦/-.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : મારો પ્રશ્ન ક્રમાંક–૭.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના ધ્યાન પર મૂકવાનું કે માનનીય ધારાસભ્યશ્રી ધારશીભાઇ ખાનપુરાના ગત તા. ૯–૩–૨૦૧૬ના વારામાં આ જ પ્રકારનો તારાંકિત પ્રશ્ન પૂછાયો હતો. પ્રશ્ન ક્રમાંક ૨૪૦૯૩. ખંડ–૩ના જવાબમાં સન ૨૦૧૪માં બિયરની નાશ કરેલ બોટલોની સંખ્યા ૩૧,૭૯૨ દર્શાવી હતી. તેમાં સુધારો કરી બોટલોની સંખ્યા ૨૧૭૯૨, બાકી છાપ્યા મુજબ.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાની વાત કરું ત્યારે આ બે વર્ષની અંદર રૂ.૧૧/– કરોડનો દારૂ પકડાયો છે. એ લોકો કહે છે કે ગાંધીનગર સુધી જેમનો હપ્તો મોકલવામાં આવે છે એમનો દારૂ પકડાતો નથી અને જે લોકો હપ્તાઓ મોકલતા નથી એમનો જ દારૂ પકડવામાં આવે છે. આ જે દારૂ પકડાયો છે એમાંથી ૫૦ ટકા દારૂનો નાશ કરવામાં આવ્યો છે અને *(xxx )

અધ્યક્ષશ્રી : આપ સીધો પ્રશ્ન પૂછો, કોઇ પૂર્વભૂમિકા ન બાંધો. (અંતરાય) હું એમનું પ્રવચન જોઇ લઇશ. તમે સલાહ ન આપો, એમને પ્રશ્ન પૂછવા દો.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એમાં ચોખ્ખુ જણાવ્યું છે કે બે વર્ષમાં રૂ.૧૧/– કરોડનો દારૂ પકડાયો છે અને એમાંથી ૫૦ ટકા દારૂનો નાશ કરવામાં આવ્યો છે અને *(xxx)

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે રૂ.૧૧/– કરોડનો દારૂ પકડાયો છે એ જ બતાવે છે કે પોલીસની સક્રિયતા અને રાજ્ય સરકાર કોઇપણ સંજોગોમાં નશાબંધી વ્યવસ્થા છે એમાં કોઇપણ પ્રકારની બાંધછોડ કરવા માગતી નથી. મારે એમને પૂછવું છે કે *(xxx ) એ પ્રકારની સ્થિતિ છે અને મોરબીમાં *(xxx ) એ પહેલા નક્કી કરો. દારૂનો નાશ કરવા માટે કોર્ટ સાથે પરામર્શ કરવો પડે છે અને એમની પરવાનગીની આવશ્યકતા હોય છે એટલે એ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : શ્રી બલવંતસિંહ આપ પ્રશ્ન પૂછવાના છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે જવાબ આપતા હતા એની હું વાત કરું છું.

અધ્યક્ષશ્રી : નહીં, શ્રી કેશાજી ચૌહાણ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર દારૂનો ધંધો કરતા ઇસમો સામે ક્યા અટકાયતી પગલા લેવામાં આવ્યા છે?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું તેમ આ રાજ્ય સરકાર દારૂબંધીના કડક અમલ માટે હંમેશાં કાર્યરત છે અને એટલા માટે પાલનપુરમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૪૧૫, હદપારીના ૬૩ અને પાસાના ૧૧ કેસો કરવામાં આવ્યા છે. વડગામમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૫૫, હદપારીના ૧૧, પાસાના ૧૪ કેસો કરવામાં આવ્યા છે. દાંતામાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૧૩૨, હદપારીના ૧૪, પાસાના ૧૪ કેસો કરવામાં આવ્યા છે. ડીસામાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૨૭૮, હદપારીના ૪૭, પાસાના ૩૫ કેસો કરવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે કેવા પ્રકારના એકશન લીધા છે એનો આ જવાબ છે. અમીરગઢમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૭૨, હદપારીના ૮, પાસાના ૧૫ કેસો કરવામાં આવ્યા છે. લાખણીમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૧૭, હદપારીના ૧૩, પાસાના ૧૭ કેસો કરવામાં આવ્યા છે. આ કેસ કર્યા છે એની વાત સાંભળવા તૈયાર નથી. દારૂબંધીના અમલ માટે તો આ કેસ કર્યા છે. દાંતીવાડામાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૫૯, હદપારીના ૯, પાસાના ૩૧ કેસો કરવામાં આવ્યા છે. ધાનેરામાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૧૮૪, હદપારીના ૧૧, પાસાના ૩૫ કેસો કરવામાં આવ્યા છે. થરાદમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૩૫, હદપારીના ૧૪, પાસાના ૧૨ કેસો કરવામાં આવ્યા છે. વાવમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૨૮, હદપારીના ૫, પાસાના ૩ કેસો કરવામાં આવ્યા છે. સૂઇગામમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૭, હદપારીના ૨, પાસાના ૩ કેસો કરવામાં આવ્યા છે. દીયોદરમાં પ્રોહિબિશન એક્ટ ૯૩ના ૧૪૫, હદપારીના ૧૮, પાસાના ૨૬ કેસો કરવામાં આવ્યા છે. ભાભરમાં ૨૬, ૮ અને ૯. કાંકરેજમાં

*માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

# તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

પોહિ.૯૩ના ૧૪૮, હદપારીના ૧૦ અને પાસાના ૧૨ એમ કુલ પોહિ.૯૩ના ૧૬૧, હદપારીના ૨૩૩ અને પાસાના ૨૩૬ કેસો આ રાજ્ય સરકારે કર્યા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકીય મુદ્દો છે જ નહીં. કોંગ્રેસ અને ભારતીય જનતા પક્ષ એ રીતે આને લેવો જોઇએ નહીં. રાજ્ય સરકાર ગાંધી અને સરદારના ગુજરાતમાં દારૂબંધીમાં નિષ્ફળ નીવડી છે એ પ્રમાણિકપણે સ્વીકારવું જોઇએ અને પોલીસના ગણવેશની મર્યાદા પણ ન રહે, દારૂ ભરેલી જીપ પોલીસ ખાતા ઉપર ચડી જાય, માણસ મરી જાય, ગૃહ રાજ્ય મંત્રીના વિસ્તારમાં પી.એસ.આઇ. મહિલાને પકડીને દારૂના અડ્ડાવાળા પૂરી રાખે અને ખુલ્લેઆમ રીતે ૩૨૦ કરોડનો દારૂ પકડાય, ૯ કરોડનો દેશી દારૂ પકડાય આ પ્રક્રિયા વર્ષોથી રોજની છે. પ્રમાણિકપણે દારૂબંધી સફળ થાય એનો પ્રયત્ન તમે કરવાના હોય તો લોકોને લાગવું જોઇએ. જનતા રેડ કરે છે, લોકોએ મુખ્યમંત્રીને યાદી આપી છે, મને પણ યાદી આપી છે. યાદી પ્રમાણે પોલીસ ખાતાને કહીને આપ જો રેડ પડાવો અને આ દારૂબંધીની નીતિ સફળ થાય એવો પ્રયત્ન થાય તો વધારે સારું. પરંતુ સરકારની દાનત ટાઇમ પાસ કરવાની છે આ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે એના વિરોધમાં આ પ્રશ્ન કલાક પૂરતો અમે બહિષ્કાર કરીએ છીએ.

(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)

### દાહોદ જિલ્લામાં પશુ વંધ્યત્વ નિદાન/સારવાર કેમ્પ

* ૨૩૬૫૩ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમિયાન દાહોદ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૦૮ કેમ્પ. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૧૦૨૪૭–પશુઓને સારવાર આપવામાં આવી. |

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૫ દરમિયાન ઘનિષ્ઠ પશુ સારવાર હેઠળ દાહોદ જિલ્લામાં આ યોજનામાં આવેલા પશુ સારવાર કેમ્પમાં તાલુકાવાર કેટલા પશુઓની સારવાર કરવામાં આવી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં કૃત્રિમ બીજદાનના ૪, જાતિ સારવારમાં ૯૫, કૃમિનાશક સારવારના ૧૨૦ અને કુલ ૨૨૯, પ્રાથમિક સારવારમાં ૨૫, ખસીકરણમાં ૯, શસ્ત્રક્રિયામાં ૮ અને રસીકરણમાં ૩૧૦ આમ, કુલ ૩૫૨. આમ, બન્ને સારવાર અને વંધ્યત્વમાં ૫૭૧. ફતેપુરા તાલુકામાં કૃત્રિમ બીજદાનના ૨, જાતિ સારવારના ૬૩, કૃમિનાશક ૫૫ કુલ ૧૨૦, પ્રાથમિક સારવારના ૧૨૮, ખસીકરણના ૧, શસ્ત્રક્રિયાના ૨, રસીકરણના ૬૮૯, કુલ ૮૨૦, બન્ને સારવાર અને વંધ્યત્વ સારવારના ૯૪૦. ઝાલોદમાં કૃત્રિમ બીજદાનના ૯, જાતિ સારવારના ૧૬૪, કૃમિનાશકના ૩૨, પ્રાથમિક સારવારના ૮૫, ખસીકરણના ૧૧, શસ્ત્રક્રિયાના ૩, રસીકરણના ૩૮૩, કુલ ૩૮૭. ધાનપુર તાલુકામાં કૃત્રિમ બીજદાનના ૮, જાતિ સારવારના ૬૮, કૃમિનાશક સારવારના ૨૪૦, પ્રાથમિક સારવારના ૧૪૫, ખસીકરણના ૩૨, શસ્ત્રક્રિયાના ૨, રસીકરણના ૭૮૫, કુલ ૧૨૮૦. દેવગઢ બારિયાની અંદર કૃત્રિમ બીજદાનના ૧૫, જાતિ સારવારના ૩૦૧, કૃમિનાશક સારવારના ૫૦૮, પ્રાથમિક સારવારના ૬૪૦, ખસીકરણના ૩૫, શસ્ત્રક્રિયાના ૪૪, રસીકરણના ૨૧૫૦, કુલ ૩૬૯૩, ગરબાડા તાલુકામાં કૃત્રિમ બીજદાનના ૫, જાતિ સારવારના ૧૦૪, કૃમિનાશકના ૮૩, પ્રાથમિક સારવારના ૫૩, ખસીકરણના ૮, શસ્ત્રક્રિયાના ૧, રસીકરણના ૩૭૨, કુલ ૬૨૬. લીમખેડાની અંદર કૃત્રિમ બીજદાનના ૬, જાતિ સારવારના ૧૨૨, કૃમિનાશક ૨૫૨, પ્રાથમિક સારવારના ૨૮૫, ખસીકરણના ૧૫, શસ્ત્રક્રિયાના ૧૫ અને રસીકરણના ૩૫૦, કુલ ૮૪૫.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### મહીસાગર જિલ્લામાં સરકારી જમીન મેળવવા અરજીઓ

* ૨૫૧૦૭ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જીલ્લામાં સરકારી કેટલી જમીનો મેળવવા કેટલી માંગણી મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર જીલ્લામાં વર્ષ–૨૦૧૪માં કુલ ૧૭ અરજીઓ, જ્યારે વર્ષ–૨૦૧૫માં કુલ ૧૬૦ અરજીઓ મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી સરકારી જમીન, કોને કયા હેતુ માટે ફાળવવામાં આવી, | (૨) વર્ષ – ૨૦૧૪ :– |

| | | |
|---|---|---|
| (૧) | ૧૦૦૦ ચો.મી. | ૧(એક) મહિસાગર મોક્ષધામ ચેરીટેબલ ટ્રસ્ટને જમીન |

| | | |
|---|---|---|
| | | ફાળવવામાં આવેલ છે. |
| (૨) | ૧,૦૦,૪૦૦ ચો.મી. | ૧(એક) પોલીસ પરેડ ગ્રાઉન્ડ માટે જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૩) | ૧,૧૫,૦૦૦ ચો.મી. | જીલ્લાની ૬ (છ) સરકારી કચેરીઓને વહીવટી હુકમ–૩ હેઠળ ફાળવવામાં આવેલ છે. |
| (૪) | ૫,૫૦૦ ચો.મી. | ૨ (બે) શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવવામાં આવેલ છે. |

વર્ષ – ૨૦૧૫ :–

| | | |
|---|---|---|
| (૧) | ૮૦૦ ચો.મી. | ૪ (ચાર) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી માટે ફાળવવામાં આવી. |
| (૨) | ૪૧,૯૮૦ ચો.મી. | જીલ્લાની ૬ (છ) સરકારી કચેરીઓને વહીવટી હુકમ–૩ હેઠળ ફાળવવામાં આવી. |
| (૩) | ૫,૨૨,૮૩૯ ચો.મી. | ૬૮ ઈસમોને ખેતીના હેતુ માટે સાંથણીથી ફાળવવામાં આવી. |

(૩) ઉક્ત ફાળવેલ જમીન કેટલા ભાવથી ફાળવવામાં આવી, અને

(૩) વર્ષ – ૨૦૧૪ :–

| | | |
|---|---|---|
| (૧) | ૨,૨૧,૯૦૦ ચો.મી. | ૧૦ (દસ) સરકારી કચેરીઓ માટે વહીવટી હુકમ–૩ હેઠળ વિના મુલ્યે ફાળવવામાં આવી. |

વર્ષ – ૨૦૧૫ :–

| | | |
|---|---|---|
| (૧) | ૪૧,૯૮૦ ચો.મી. | ૬ (છ) સરકારી કચેરીઓ માટે વહીવટી હુકમ–૩ હેઠળ વિના મુલ્યે ફાળવવામાં આવી. |
| (૨) | ૨૦૦ ચો.મી. | ૧ (એક) દૂધ ઉત્પાદક સહકારી મંડળીને પ્રતિ ચો.મી. રૂ. ૨૨૦/– થી ફાળવવામાં આવી. |
| (૩) | ૬૦૦ ચો.મી. | ૩ (ત્રણ) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને વાર્ષિક રૂ. ૧/– ના ટોકન દરે ૧૫ વર્ષ માટે ફાળવવામાં આવી. |
| (૪) | ૫,૨૨,૮૩૯ ચો.મી. | ૬૮ ઈસમોને ખેતીના હેતુ માટે સાંથણીથી આકારના ૨૪ પટ્ટથી આપવામાં આવી. |

(૪)કેટલી માંગણીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૪) બાકીની માંગણીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

## ખેડા જિલ્લામાં ભૂમાફિયાઓ સામે પગલાં

* ૨૩૬૯૮ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાનુની રીતે જમીનો પચાવી પાડવાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ભુમાફિયાઓ સામે સરકારે શા પગલા લીધા અને તે અન્વયે કેટલી જમીનો મુક્ત કરવામાં આવી ?

જવાબ

(૧) ભુમાફિયાઓ સામે કોઈ કેસ નોંધાયેલ નથી પરંતુ ખાનગી માલિકીની જમીનો પચાવી પાડવા, છેતરપીંડી વિગેરે બાબતો અંગે જિલ્લા જમીન તકેદારી સમિતિ સમક્ષ ૪૦– અરજીઓ આવેલ છે.

(૨) ઉક્ત પૈકી એક કેસમાં એક વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં તથા એક કેસમાં મહેસુલી રાહે કાર્યવાહી કરવામાં આવેલ છે. જ્યારે સીવીલ કોર્ટમાં વિચારણા

હેઠળ–૮ અરજીઓ, રેવન્યુ કોર્ટમાં અપીલ પરત્વે વિચારણા હેઠળ–૯ અરજીઓ,
ખાનગી તકરાર હોવાના કારણે – ૧ અરજી,
પક્ષકારો વચ્ચે સમાધાન થવાથી – ૨ અરજીઓ,
અન્ય કારણોસર–૧૧ અરજીઓ એમ કુલ ૩૧–અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ ૭–અરજીઓ તપાસ હેઠળ છે.
આ જમીનો ખાનગી માલિકીની હોય, મુક્ત કરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં જંત્રીના દરમાં વધારા બાબત.

* ૨૪૪૭૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ સ્થિતિએ રાજ્યમાં છેલ્લે કયા વર્ષમાં જંત્રીના દરમાં કેટલી રકમનો વધારો કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ સુધારેલ જંત્રીનો અમલ થયેલ નથી તેના કારણો શા છે અને તેનો અમલ સરકાર ક્યારે કરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧–૨૦૧૬ સ્થિતિએ રાજ્યમાં તા.૩૧–૦૩–૨૦૧૧ ના ઠરાવથી સમગ્ર રાજ્યની જમીન સ્થાવર મિલકતોની બજાર કિંમત નક્કી કરવા માટેની જંત્રી (A.S.R.-Annual Statement of Rates) ૨૦૧૧ તા.૦૧–૦૪–૨૦૧૧ થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ નવી જંત્રી ૨૦૧૧માં પ્રજાના વિવિધ વર્ગોની રજૂઆતોના આધારે મહેસૂલ વિભાગના તા.૧૮–૦૪–૨૦૧૧ ના ઠરાવથી ૫૦ટકા ઘટાડાથી રાહત આપવામાં આવેલ છે જે હાલમાં અમલી છે.

## સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૫ શ્રી જનકભાઈ કાછડિયા (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરની પસંદગી થયેલ છે. કે કેમ, અને

(૨) જો હા, તો તે અન્વયે સુરત શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે.

## માંગરોળ અને માળીયા તાલુકામાં નદીઓ પરનાં ચેકડેમ રીપેર કરવા બાબત

* ૨૪૧૦૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકાના નદીઓ પર આવેલા ચેકડેમો ભારે પુરના કારણે તુટી જવાની કેટલી દરખાસ્તો સરકારને તા.૩૧–૧૨–૨૦૧૫ સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મળી,

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તે અન્વયે કેટલા ચેકડેમો રીપેર કરવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | વર્ષવાર મળેલ દરખાસ્તની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | માંગરોળ | માળીયા | કુલ |
| ૧ | ૨૦૧૪ | ૫ | ૩ | ૮ |
| ૨ | ૨૦૧૫ | ૭ | ૪૧ | ૪૮ |

(૨)

| ક્રમ | વર્ષ | વર્ષવાર રીપેર કરવામાં આવેલ ચેકડેમ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | માંગરોળ | | માળીયા | | કુલ | |
| ૧ | ૨૦૧૪ | ૧ | રૂ.૨.૪૯ લાખ | ૨ | રૂ.૬.૫૦ લાખ | ૩ | રૂ.૮.૯૯ લાખ |
| ૨ | ૨૦૧૫ | ૩ | રૂ.૧.૧૮ લાખ | ૦ | ૦ | ૩ | રૂ.૧.૧૮ લાખ |
| કુલ | | ૪ | રૂ.૩.૬૭ | ૨ | રૂ.૬.૫૦ | ૬ | રૂ.૧૦.૧૭ |

| | | લાખ | | લાખ | | લાખ |
|---|---|---|---|---|---|---|

(૩) ઉકત સ્થિતિએ બાકી ચેકડેમો કયાં સુધીમાં રીપેર કરવામાં આવશે ?

(૩) નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર કામગીરી હાથ ધરવામાં આવશે.

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ચિંતન શિબિર

* ૨૪૩૬૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વહીવટી સુધારણા અને તાલીમ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા/તાલુકા કક્ષાએ ચિંતન શિબિર કયારે કયારે યોજવામાં આવી, અને

જવાબ

(૧) વડોદરા

| | | |
|---|---|---|
| જિલ્લા કક્ષાની ચિંતન શિબિર શેરખી, તા. જિ. વડોદરા ખાતે તા.૨૧–૦૬–૨૦૧૫ ના રોજ યોજાયેલ | | |
| તાલુકા કક્ષાની ચિંતન શિબિર | | |
| ૧ | પાદરા | ૧૮–૦૭–૨૦૧૪<br>૦૪–૦૪–૨૦૧૫ |
| ૨ | ડભોઈ | ૧૮–૦૭–૨૦૧૪ |
| ૩ | સાવલી | ૧૬–૦૭–૨૦૧૪ |
| ૪ | શિનોર | ૦૮–૦૮–૨૦૧૪ |
| ૫ | વાઘોડિયા | ૧૫–૦૭–૨૦૧૪ |
| ૬ | ડેસર | ૨૦–૦૭–૨૦૧૪ |
| ૭ | કરજણ | ૦૮–૦૮–૨૦૧૪ |
| ૮ | વડોદરા | ૦૪–૦૮–૨૦૧૪ |

છોટા ઉદેપુર

| | | |
|---|---|---|
| જિલ્લા કક્ષાની ચિંતન શિબિર જાંબુગોડા, જિ. છોટાઉદેપુર ખાતે તા.૦૫–૦૭–૨૦૧૪ ના રોજ યોજાયેલ. | | |
| તાલુકા કક્ષાની ચિંતન શિબિર | | |
| ૧ | છોટા ઉદેપુર | ૦૩,૦૪/૦૯/૨૦૧૪ |
| ૨ | જેતપુર–પાવી | ૦૪,૦૫/૦૯/૨૦૧૪ |
| ૩ | કવાંટ | ૧૧,૧૨/૦૯/૨૦૧૪ |
| ૪ | સંખેડા | ૧૫,૧૬/૦૯/૨૦૧૪ |
| ૫ | નસવાડી | ૨૦/૦૯/૨૦૧૪ |
| ૬ | બોડેલી | ૧૭,૧૮/૦૯/૨૦૧૪ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) વડોદરા (જિલ્લા કક્ષા)

| | | |
|---|---|---|
| ૧ | શેરખી, જિ. વડોદરા | કોઈ સરકારી ખર્ચ થયેલ નથી. |

વડોદરા (તાલુકા કક્ષા)

| | | |
|---|---|---|
| ૧ | ડભોઈ | કોઈ સરકારી ખર્ચ થયેલ નથી. |
| ૨ | ડેસર | |
| ૩ | કરજણ | |
| ૪ | પાદરા | |
| ૫ | સાવલી | |
| ૬ | શિનોર | |

| | | |
|---|---|---|
| ૭ | વડોદરા | |
| ૮ | વાઘોડિયા | |

છોટા ઉદેપુર (જિલ્લા કક્ષા)

| | | |
|---|---|---|
| ૧ | જાંબુઘોડા જિ. છોટા ઉદેપુર | રૂ. ૯૦,૦૦૦ |

છોટા ઉદેપુર (તાલુકા કક્ષા)

| | | |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | રૂ. ૮૨,૭૯૦ |
| ૨ | જેતપુર–પાવી | રૂ. ૯૦,૫૦૦ |
| ૩ | કવાંટ | રૂ. ૯૮,૩૫૦ |
| ૪ | સંખેડા | રૂ. ૯૫,૭૪૧ |
| ૫ | નસવાડી | રૂ. ૬૫,૦૦૦ |
| ૬ | બોડેલી | રૂ. ૮૮,૧૪૦ |

### રાજ્યની નગરપાલિકા–મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોને રાહત દરે જમીન

* ૨૩૬૬૧ શ્રીમતી મનીષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યમાં પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થાના કામો માટે નગરપાલિકા, મહાનગરપાલિકાઓને અને શહેરી વિકાસ સત્તા મંડળોને રાહત દરે સરકારી પડતર જમીન ફાળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગેની શી જોગવાઈ છે, અને | (૨) આ વિભાગના તા.૫–૧–૨૦૧૫ ના ઠરાવથી નગરપાલિકા, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળો ને પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થાના કામો માટે જમીનની જંત્રી કિંમતના ૧૦ ટકા રકમ વસુલ લઈને ફાળવવાની તથા આવી જમીનનો આગોતરો કબજો સોંપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી જમીન ફાળવવામાં આવશે? | (૩) નગરપાલિકા,મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોની પ્રોજેકટની જરૂરીયાત મુજબ. |

### એસ.આર.પી. જૂથ–૧૫, ઓ.એન.જી.સી. મહેસાણામાં પોલીસની આરોગ્ય તપાસણી

* ૨૩૬૧૮ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૧૫, ઓ.એન.જી.સી., મહેસાણાની કચેરીમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) વર્ષ ૨૦૧૪ માં ૧૧૧૦.<br>વર્ષ ૨૦૧૫ માં ૧૦૨૬. |

### ભરૂચ જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૨૩૬૩૮ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અતર્ગત તા.૩૧–૧૨– | (૨) ૭૪ લાભાર્થીઓ |

અતારાંકિત પ્રશ્નો

૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

કુલ રૂ. ૧૨,૭૩,૩૬૦/-(અંકે રૂપિયા બાર લાખ તોંતેર હજાર ત્રણસો સાઈઠ પુરા)

કચ્છ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત

* ૨૩૬૩૦ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્રારા વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ પાક દરમિયાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કિટ પુરી પાડવામાં આવી છે?

જવાબ

વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઘાસચારાની મિની બિયારણ કિટ નીચેની વિગતે પુરી પાડવામાં આવી.

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કિટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૯૪ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૬૫૮ |
| | અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૫૭૫ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૪૦૨૫ |
| રવિ ઋતુ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૩૯ | ઓટ કેન્ટ | ૧૦ | ૩૯૦ |

અરવલ્લી જિલ્લામાં કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સહાય બાબત

* ૨૪૩૧૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાકીય સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો અરવલ્લી જીલ્લામાં કેવા પ્રકારની કેટલી સહાય ચુકવવામાં આવે છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લામાં એક પણ કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાંકીય સહાય આપવામાં આવેલ નથી તે હકીકત સાચી છે. અને જો હા તો તેના શા કારણો છે?

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) તા. ૦૨-૦૧-૨૦૦૧ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ નવી કૃષી ઉદ્યોગ નીતિ-૨૦૦૦ અંતર્ગત માળખાકીય સુવિધાઓ માટે કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાના હેતુસર મળવાપાત્ર સહાય ચુકવવામાં આવે છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાકીય સહાય મેળવવા કોઈ અરજી મળેલ ન હોય સહાય ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૨૪૦૯૦ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખુન, લુંટ, બળાત્કાર, ધાડ, ચોરી, અપહરણ અને આપઘાતના કેટલા બનાવો નોંધાયા,

(૨) આ ગુનાઓ બનતા અટકાવવા સરકારે મુખ્યત્વે શા પગલાં લીધાં, અને

જવાબ

(૧) પત્રક મુજબ

(૨) આ પ્રકારનાં બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેકીંગ હેઠળ નાઈટ પેટ્રોલિંગ, મોબાઈલ પેટ્રાલિંગ કોમ્બીંગ નાઈટ, મોટર સાયકલ તથા પી.સી.આર

વાનનું ક્રોસ પેટ્રોલિંગ તેમજ નાઈટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રી સીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્રારા આવા ગુના કરવાવાળા તથા બહારથી મજૂરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઇસમો ઉપર વોચ રાખવામાં આવે છે તેમજ આંગડીયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કુલ, કોલેજ, એસ.ટી.સ્ટેન્ડ જેવી ભીડભાડ વાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલીગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લિક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. મહિલાઓને થતી મુશ્કેલી નિવારવા સરકારશ્રી દ્રારા ૧૦૯૧ તથા ૧૮૧ અભયમ્ નામની હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉકત વર્ષવાર કેટલા ગુનાઓ ડીટિકટ થયા અને કેટલા ગુનાઓ અનડીટિકટ છે?

(૩)

| વર્ષ | ડીકેકટ થયા | અનડીકેકટ થયા |
|---|---|---|
| ૨૦૧૪ | ૪૪૬ | ૨૭૭ |
| ૨૦૧૫ | ૩૮૭ | ૩૦૭ |

પત્રક

તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૭ | ૧૭ | ૫ | ૫ | ૧૩૯ | ૩૨ | ૪ |
| વડગામ | ૧ | ૬ | ૦ | ૬ | ૨૦ | ૮ | ૦ |
| દાંતા | ૭ | ૫ | ૪ | ૧ | ૩૬ | ૧૧ | ૦ |
| ડીસા | ૫ | ૧૫ | ૧૩ | ૨ | ૭૬ | ૧૨ | ૨ |
| અમીરગઢ | ૪ | ૩ | ૦ | ૦ | ૧૧ | ૧ | ૪ |
| લાખણી | ૧ | ૩ | ૫ | ૨ | ૬ | ૩ | ૧ |
| દાંતીવાડા | ૦ | ૪ | ૨ | ૧ | ૮ | ૪ | ૧ |
| ધાનેરા | ૬ | ૫ | ૫ | ૦ | ૧૪ | ૪ | ૧ |
| થરાદ | ૫ | ૪ | ૮ | ૧ | ૨૬ | ૩ | ૩ |
| વાવ | ૧ | ૪ | ૧ | ૦ | ૩ | ૭ | ૦ |
| સુઈગામ | ૨ | ૨ | ૨ | ૦ | ૨ | ૬ | ૦ |
| દિયોદર | ૫ | ૨ | ૫ | ૦ | ૧૬ | ૯ | ૧ |
| ભાભર | ૧ | ૨ | ૪ | ૦ | ૬ | ૪ | ૧ |
| કાંકરેજ | ૬ | ૭ | ૨ | ૦ | ૨૫ | ૮ | ૧ |

તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૭ | ૧૩ | ૫ | ૦ | ૧૦૫ | ૧૫ | ૨ |
| વડગામ | ૨ | ૨ | ૬ | ૦ | ૨૩ | ૪ | ૩ |
| દાંતા | ૪ | ૩ | ૨ | ૦ | ૪૫ | ૮ | ૨ |
| ડીસા | ૭ | ૮ | ૬ | ૨ | ૧૦૪ | ૧૩ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અમીરગઢ | ૩ | ૪ | ૦ | ૦ | ૧૪ | ૬ | ૧ |
| લાખણી | ૦ | ૨ | ૪ | ૩ | ૫ | ૩ | ૧ |
| દાંતીવાડા | ૩ | ૧ | ૪ | ૦ | ૧૩ | ૮ | ૧ |
| ધાનેરા | ૨ | ૫ | ૫ | ૦ | ૩૪ | ૪ | ૧ |
| થરાદ | ૬ | ૪ | ૧૧ | ૧ | ૧૭ | ૫ | ૦ |
| વાવ | ૧ | ૧ | ૦ | ૩ | ૯ | ૪ | ૧ |
| સુઈગામ | ૪ | ૨ | ૪ | ૨ | ૧ | ૩ | ૦ |
| દિયોદર | ૧ | ૩ | ૨ | ૦ | ૨૩ | ૧૧ | ૨ |
| ભાભર | ૪ | ૦ | ૩ | ૦ | ૧૩ | ૪ | ૦ |
| કાંકરેજ | ૩ | ૪ | ૨ | ૧ | ૧૬ | ૫ | ૦ |

સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાયમાં કસુરવારો

* ૨૫૩૬૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૧૪–૧૫માં ટ્રેક્ટર સહાયના કેટલા કેસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી આર.ટી.ઓ. કચેરી દ્વારા આપેલ અહેવાલમાં ખોટા સ્ક્રીન રીપોર્ટ હોવા અંગે કરેલ જાણ સંબંધમાં કસુરવારો સામે તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં શું કાર્યવાહી કરવામાં આવી,

(૩) ખોટા સ્ક્રીન રીપોર્ટ બાબતે ખેડુતોને જાણ કરવામાં આવી છે કે કેમ, અને

(૪) ઉક્ત કસુરવારો સામે કયાં સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે ?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૧૪–૧૫માં ટ્રેક્ટર સહાયના કુલ ૪૯૯૩ કેસો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી આર.ટી.ઓ. કચેરી દ્વારા આપેલ અહેવાલમાં ખોટા સ્ક્રીન રીપોર્ટ હોવા અંગે કરેલ જાણ સંબંધમાં ૨૨૫ કસુરવારો સામે તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં સબસીડી ના મંજૂરીની કાર્યવાહી કરવામાં આવી.

(૩) હા, જી.

(૪) ઉક્ત કસુરવારો સામે નિયમો અનુસાર કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારીને જણાવેલ છે.

રાજ્યમાં ડીસ્કોથેકને મનોરંજન કરની માફી

* ૨૨૪૧૮ શ્રી શકિતસિંહજી ગોહિલ(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તારીખ ૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ડીસ્કોથેક મનોરંજન કરની માફીની છૂટ લઈ રહ્યા છે તે ગુજરાત મનોરંજન કર અધિનિયમની અનુસૂચિ(૩) સાથે સુસંગત નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) હા, જી.

(૨) માહિતિ અને પ્રસારણ વિભાગના તારીખ ૧૮–૦૨–૨૦૧૬ના પત્રથી તમામ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટને તેઓના ક્ષેત્રાધિકારમાં ડીસ્કોથેક કે તેના જેવી કોઈપણ મનોરંજન પ્રવૃત્તિઓ/કાર્યક્રમો જ્યારથી આયોજિત થતા હોય ત્યારથી આવી પ્રવૃત્તિઓ/ કાર્યક્રમો ઉપર લાગુ પડતો મનોરંજન કર વસૂલ કરવાની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૯ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરની પસંદગી થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અન્વયે અમદાવાદ શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે.

ખેડા અને આણંદ જિલ્લામાં પોલીસ મહેકમ

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

* ૨૩૭૧૨ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧), (૨) અને (૩)
*પત્રક મુજબ

(૪) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલઃ૧૨૫ ઉમેદવારોની ખેડા જિલ્લામાં અને કુલ : ૮૨ ઉમેદવારોની આણંદ જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ./ પી.એસ. આઈ.ની ભરતી પ્રક્રીયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે.

પત્રક

ખેડા જિલ્લાની વિગતો

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૧૩ | ૦૯ | ૦૪ | ૦૨ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૪૪ | ૪૩ | ૦૧ | ૦૦ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૨ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૧૪ | ૧૧૨ | ૦૨ | ૦૦ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૬૭ | ૬૭ | ૦૦ | ૦૦ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૬ | ૧૪ | ૦૨ | ૦૦ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૮૬ | ૧૮૬ | ૦૦ | ૦૦ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૧૨ | ૧૦૬ | ૦૬ | ૦૦ |
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૪૧ | ૨૪ | ૧૭ | ૦૦ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૩૮ | ૪૦૫ | ૨૩૩ | ૨૩૩ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૪૬ | ૪૦૨ | ૧૪૪ | ૧૪૪ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૧૪ | ૪૧ | ૭૩ | ૭૩ |
| ૧૩ | આઉટ સોર્સ ડ્રાઈવર | ૧૦ | ૦૦ | ૧૦ | ૦૦ |

આણંદ જિલ્લાની વિગતો

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૧૩ | ૦૯ | ૦૪ | ૦૨ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૫૩ | ૩૯ | ૧૪ | ૦૩ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૦૬ | ૦૩ | ૦૩ | ૦૧ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૩૬ | ૧૩૩ | ૦૩ | ૦૦ |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૫૩ | ૫૧ | ૦૨ | ૦૦ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૦૭ | ૦૬ | ૦૧ | ૦૦ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૦૭ | ૧૫૩ | ૫૪ | ૦૦ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૯૨ | ૬૪ | ૨૮ | ૦૦ |
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૨૮ | ૧૪ | ૧૪ | ૧૩ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૩૮ | ૩૭૭ | ૧૬૧ | ૧૦૮ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૭૭ | ૨૬૦ | ૧૧૭ | ૯૮ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૬૬ | ૨૪ | ૪૨ | ૩૮ |

અમરેલી જિલ્લામાં પશુ વંધ્યત્વ નિદાન/સારવાર કેમ્પ

* ૨૩૬૫૧ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમિયાન અમરેલી જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૧ કેમ્પ. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૨૨૨૯૭–પશુઓને સારવાર આપવામાં આવી. |

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૬૧૨ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૩ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત–પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરની પસંદગી થયેલ છે. કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે સુરત શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે ? | (૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે. |

ખેડા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ

* ૨૩૬૩૨ શ્રી કેસરિસિંહ સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ કુલ કેટલા સ્થળે યોજવામાં આવેલ, અને | (૧) કુલ ૧૦ સ્થળે. |
| (૨) તેમાં કેટલા સહાય ચેક–મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવેલ ? | (૨) કુલ ૪૧૦ સહાય ચેક/મંજૂરી પત્રો. |

અમરેલી જિલ્લામાં જેટકોને જમીન બાબત

* ૨૩૬૫૮ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ૬૬ કે.વી સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે? | (૨) કુલ ૮ સબ સ્ટેશનો માટે ૩૯૨૦૦ ચો.મી. જમીન. |

### કચ્છ જિલ્લામાં પશુ વંધ્યત્વ નિદાન/સારવાર કેમ્પ

* ૨૩૬૫૨ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ દરમિયાન કચ્છ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૦ કેમ્પ. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૬૨૦૬ પશુઓને સારવાર આપવામાં આવી. |

### દાહોદ જિલ્લામાં નવા તળાવો બનાવવા બાબત

* ૨૪૧૯૧ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા તળાવો બનાવ્યા અને કેટલા હયાત તળાવોને ઉંડા કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ નીચે મુજબ ૮ નવીન તળાવો બનાવ્યા અને ૬ હયાત તળાવોને ઉંડા ઉતારવામાં આવ્યા છે.

| વર્ષ | નવીન બનાવેલ તળાવની સંખ્યા | ઉંડા કરાવેલ તળાવની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૪ | ૦ | ૦ |
| ૨૦૧૫ | ૭ | ૦ |
| ૨૦૧૬ (જાન્યુ) | ૧ | ૬ |
| કુલ | ૮ | ૬ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૯૮.૮૬ લાખ

### રાજકોટ અને મોરબી શહેર અને તાલુકામાં ગુનાહિત કૃત્યો

* ૨૪૧૪૮ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને મોરબી શહેર તથા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, લુંટ, ખુન, ધાડ, બળાત્કાર અને દારૂના કેટલા ગુન્હા નોંધાયા,

જવાબ

(૧)

| શહેર/ તાલુકાનું નામ | ચોરી | લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર | દારૂ |
|---|---|---|---|---|---|---|
| રાજકોટ શહેર | ૧૫૨૬ | ૧૦૫ | ૬૮ | ૦૬ | ૪૬ | ૪૨૪૭ |
| રાજકોટ તાલુકો | ૯૧ | ૧૧ | ૧૩ | ૦૨ | ૦૧ | ૯૫૮ |
| મોરબી શહેર | ૧૪૧ | ૦૯ | ૨૦ | ૦૧ | ૦૮ | ૩૦૮૧ |
| મોરબી તાલુકો | ૩૯ | ૦૧ | ૦૬ | ૦૧ | ૦૬ | ૧૦૧૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ગુનાઓમાં ગુન્હેગારોને પકડવામાં આવ્યા અને કેટલા ગુન્હેગારોને પકડવાના બાકી છે, અને

(૨) ૧૦૧૭૭ ગુનાઓમાં ગુન્હેગારોને પકડવામાં આવ્યા છે, અને ૪૦ ગુન્હેગારોને પકડવાના બાકી છે.

(૩) ઉક્ત ગુન્હાખોરી અટકાવવા સરકારે શા

(૩) બાતમીદારો સાથે સઘન સંપર્ક, સરપ્રાઈઝ વાહન ચેકીંગ

પગલાઓ લીધા?

તથા નાકાબંધી સાથે સઘન નાઈટ પેટ્રોલીંગ, કોમ્બીંગ નાઈટ, મોટર સાઈકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પટ્રોલિંગ તેમજ નાઈટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રીશીટરોને ચેક કરવા, ગુન્હાની તલસ્પર્શી તપાસ તથા ગુન્હેગારોને સજા થાય તે હેતુથી સરકારી વકીલો/સાહેદો સાથે સીધો સંપર્ક, ફુટ પેટ્રોલીંગ, શાળા–કોલેજના વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ, પોલીસ કંટ્રોલ રૂમ પરના ટેલીફોન કોલ્સ પ્રતિ ત્વરિત પ્રતિક્રિયા, જાહેર જનતાની અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ, યોગ્ય અટકાયતી પગલાં, શહેર/જિલ્લામાં દારૂ વેચાણની પ્રવૃત્તિ કરનારા ઉપર રેઈડો કરી, લોક દરબાર યોજી આ બદી નાબૂદ કરવા નાગરિકોનો સહકાર મેળવી જરૂર જણાયે પ્રોહિબીશનની કલમ ૯૩, પાસા, તડીપારની કાર્યવાહી કરાય છે.

### ભાવનગર જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૩૬૫૭ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૧૯૪ કેમ્પનું |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૪૬૯૬૨ પશુઓને સારવાર આપવામાં આવી. |

### રાજ્યમાં પોલીસ ખાતાની તાલીમ સંસ્થાઓ

* ૨૩૬૦૭ શ્રી સુરેશ પેટલ (મણિનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ કેટલી અને કઈ તાલીમ સંસ્થાઓ આવેલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટે નીચે મુજબની ચાર તાલીમ સંથાઓ આવેલી છે.<br>(૧) ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ<br>(૨) પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ<br>(૩) પોલીસ તાલીમ શાળા, વડોદરા<br>(૪) રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ) |
| (૨) આ સંસ્થાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારી/કર્મચારીઓને કયા પ્રકારની તાલીમ આપવામાં આવી? | (૨) કુલ–૧૦,૯૪૫ અધિકારીઓ/કર્મચારીઓને બેઝિક તાલીમ/રીફ્રેશર તાલીમ/કમાન્ડો તાલીમ વિગેરે પ્રકારની તાલીમ આપવામાં આવી. |

### અમદાવાદ શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૩૬૨૨ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે? | (૨) કુલ ૨૬૧૦૪ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

### વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય

* ૨૩૬૪૨ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોની વ્યાજ સહાય માટેની કેટલી અરજીઓ મળી હતી, | (૧) ૨૬૭. |

(૨) તે પૈકી કેટલા એકમોની વ્યાજ સહાય મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯૪.

(૩) ઉક્ત સમય ગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૦૮૮ એકમોને રૂ. ૨૮.૫૨ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

રાજકોટ જિલ્લામાં જેટકોને જમીન

* ૨૩૬૬૪ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે? | (૨) ૨૬૯૨૧ ચો.મી. |

પાલનપુર તાલુકામાં અતિવૃષ્ટિથી જમીન ધોવાણ સામે સહાય

* ૨૪૭૫૪ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જુલાઈ–૨૦૧૫માં થયેલ અતિવૃષ્ટિથી ખેતીની કેટલા હેકટરની જમીનનું ધોવાણ થયેલ છે. | (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં જુલાઈ–૨૦૧૫માં અતિવૃષ્ટિથી ખેતીની જમીનનું ધોવાણ થયેલ નથી. |
| (૨) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલા હેકટર જમીન માટે કેટલી સહાય ચુકવવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા હેકટર જમીનની સહાય ચુકવવાની બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કચ્છ જિલ્લામાં ૧૩મા નાણાપંચ અન્વયે સિંચાઈનાં કામ

* ૨૪૪૯૫ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧૩માં નાણાપંચ અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કચ્છ જિલ્લામાં સિંચાઈના કુલ કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, | (૧) નાના–મોટા ચેકડેમો, રેડીયલ ચેનલ, રીચાર્જ વેલ, રીચાર્જ ટેન્ક મળીને કુલ ૧૫૨૨ કામો. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૯૮૬૨.૪૪ લાખ |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને ફાયદો થવા પામેલ છે ? | (૩) ૧૬૫૩૧ હેક્ટર |

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જાતિઓનાં ખૂન બાબત

* ૨૩૬૯૦ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાં જિલ્લાવાર અનુસૂચિત જાતિની વ્યક્તિઓના ખૂનના કેટલા બનાવો નોંધાયા,

જવાબ

(૧)

| | |
|---|---|
| મહીસાગર | ૦૦ |
| પંચમહાલ | ૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) ૦૧ આરોપી પકડવામાં આવ્યા તથા ૦૧ ગુનો ઉકેલવામાં આવ્યો. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવાના બાકી છે અને કેટલા ગુનાઓ ઉકેલવાના બાકી છે? | (૩) કોઈ આરોપી પકડવાના બાકી નથી અને કોઈ ગુનાઓ ઉકેલવાના બાકી નથી. |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખરીફ મગફળી અને કપાસ પાકનો પાક વિમો

* ૨૪૯૨૪ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૪ના ખરીફ | (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની |

મગફળી તથા કપાસ પાકનો પાક વિમો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પાકવાર તાલુકાવાર કેટલા ટકા ચુકવવામાં આવ્યો, અને

સ્થિતિએ સન ૨૦૧૪ના ખરીફ મગફળીના પાક માટે માત્ર ઓખામંડળ તાલુકામાં ૮૮.૬૩ ટકા પાક વીમો ચુકવવામાં આવ્યો. જ્યારે કપાસ પાક માટે યોજનાની ગાઈડલાઈન મુજબ પાક વિમાના દાવા ચૂકવવાપાત્ર થયેલ નથી.

(૨) સન ૨૦૧૪માં અછતની પરિસ્થિતિ હોવા છતાં પાક વિમો ખેડૂતોને ન ચુકવવાના શા કારણો છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈ કેનાલોની સફાઈ

* ૨૩૯૨૬ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કઈ સિંચાઈની કેનાલોમાં કાંપ/માટી ભરાયેલી છે,

જવાબ

(૧)

| તાલુકો | સિંચાઈ યોજનાની કેનાલો | |
|---|---|---|
| | મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓની કેનાલો | નાની સિંચાઈ યોજનાઓ |
| ડીસા | દાંતીવાડા જળાશય યોજના. | -- |
| પાલનપુર | દાંતીવાડા જળાશય યોજના. | ૧ |
| દાંતીવાડા | દાંતીવાડા જળાશય યોજના, સીપુ યોજના | ૧ |
| દાંતા | -- | ૧૦ |
| વડગામ | મુક્તેશ્વર સિંચાઈ યોજના | -- |
| અમીરગઢ | -- | ૧૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કઈ કેનાલોમાંથી કાંપ/માટીની સફાઈ કરવામાં આવી, અને ઉક્ત સ્થિતિએ કેટલી કેનાલોની સફાઈ બાકી છે,

(૨) ઉપર્યુક્ત બધી જ કેનાલોમાંથી કાંપ/માટીની સફાઈ કરવામાં આવી છે. ઉક્ત સ્થિતિએ કોઈ કેનાલની સફાઈ બાકી નથી.

(૩) બાકી કેનાલોની સફાઈ કેટલા સમયમાં સરકાર પૂર્ણ કરવા માંગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ સફાઈ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) કુલ ખર્ચ રૂ. ૧૫૫.૬૬ લાખ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જામનગર હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૩૬૨૦ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, જામનગરની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) પોલીસ અધિક્ષકશ્રી, જામનગરની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

પંચમહાલ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત

* ૨૩૬૫૬ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ ઋતુ દરમિયાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કિટ પુરા પાડવામાં આવી છે ?

જવાબ

વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં મિની બિયારણ કિટ નીચેની વિગતે પુરી પાડવામાં આવી.

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કિટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ | એકીકૃત | ૬૪ | મકાઈ | ૭ | ૪૪૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઋતુ | ઘાસચારા વિકાસ યોજના | | આફ્રિકન ટોલ | | |
| | આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૧૦૯ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૭૬૩ |
| | અનુસૂચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૧૨૦ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૮૪૦ |
| રવિ ઋતુ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૨૭ | ઓટ કેન્ટ | ૧૦ | ૨૭૦ |
| | આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૪૬ | ઓટ કેન્ટ | ૧૦ | ૪૬૦ |

વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડળનાં લાભાર્થી

* ૨૩૬૩૪ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિે વર્ષ ૨૦૧૫-૧૬માં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) ૨૯૮ લાભાર્થીઓ

કુલ રૂ. ૭૨,૮૮,૦૬૦/– (અંકે રૂપિયા બોતેર લાખ અઠ્ઠાસી હજાર સાઈઠ પુરા)

અમદાવાદ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત

* ૨૩૬૫૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ પાક દરમિયાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કિટ પુરા પાડવામાં આવી છે ?

જવાબ

વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં મિની બિયારણ કિટ નીચેની વિગતે પુરી પાડવામાં આવી.

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કિટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૨૮૧ | ગુજરાત ગુવાર ૧ | ૩ | ૮૪૩ |
| | અનુસૂચિત જાતિ પેટા વિકાસ | ૧૩૮૦ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૯૬૬૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | યોજના (હેલ્થ પેકેજ) | | | | |
| રવિ ઋતુ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૧૧૭ | ઓટ કેન્ટ | ૧૦ | ૧૧૭૦ |

કલોલ તાલુકામાં ગામોની જમીન ગામતળ માટેની દરખાસ્ત

* ૨૨૪૦૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કલોલ તાલુકામાં કેટલા ગામોની કેટલી જમીન ગામતળ માટે ઉપલબ્ધ છે,

(૨) તે અન્વયે કેટલા અને કયા ગામો નવીન ગામતળ નિમ કરવા માટેની દરખાસ્ત ઉક્ત સ્થિતિએ સરકાર સમક્ષ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ પડતર દરખાસ્તોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

જવાબ

(૧) કલોલ તાલુકામાં કુલ–૬૭ ગામોની હે. ૭૪૬–૯૯–૦૪ ચો.મી. જમીન ગામતળ માટે ઉપલબ્ધ છે.

(૨) સઈજ ગામની ૧ દરખાસ્ત પડતર છે.

(૩) બનતી ત્વરાએ.

અમદાવાદ જિલ્લામાં વીલના આધારે ખેડૂતોની નોંધો

* ૨૩૬૯૬ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ એક વર્ષમાં અમદાવાદ જીલ્લામાં તાલુકાવાર વીલના આધારે કેટલા ખેડૂતોની ૭/૧૨માં નોંધ કરવામાં આવી ?

જવાબ

| તાલુકા | વીલના આધારે ખેડૂતોની ૭/૧૨ માં કરવામાં આવેલ નોંધોની સંખ્યા |
|---|---|
| સાબરમતી | ૦૪ |
| દસક્રોઈ | ૦૫ |
| સાણંદ | ૦૯ |
| ધોળકા | ૦૪ |
| વેજલપુર | ૧૫ |
| વિરમગામ | ૧૦ |
| ઘાટલોડીયા | ૧૬ |
| ધંધુકા | ૦૩ |
| માંડલ | ૦૨ |
| દેત્રોજ | ૦૩ |

સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૪ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ મિશન અંતર્ગત સુરત શહેરની પસંદગી થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અન્વયે સુરત શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે.

મહેસાણા જિલ્લામાં મહિલાઓ ગુમ થયા બાબત

* ૨૩૬૯૪ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ ગુમ થયાના બનાવો નોંધાયા, અને

(૧)

| તાલુકાનું નામ | ૨૦૧૪ | ૨૦૧૫ |
|---|---|---|
| મહેસાણા | ૧૧૬ | ૧૨૪ |
| કડી | ૬૯ | ૬૦ |
| જોટાણા | ૧૨ | ૧૦ |
| બહુચરાજી | ૧૧ | ૧૧ |
| વિસનગર | ૭૫ | ૮૫ |
| વિજાપુર | ૪૮ | ૫૩ |
| ઉંઝા | ૪૦ | ૫૬ |
| ખેરાલુ | ૧૮ | ૧૦ |
| વડનગર | ૧૯ | ૧૮ |
| સતલાસણા | ૧૫ | ૦૯ |

(૨) તે પૈકી કેટલી મહિલાઓની ભાળ મળી અને બાકીની મહિલાઓની ભાળ મેળવવા સરકારે શા પગલા લીધા ?

(૨) ૬૬૬ની ભાળ મળેલ છે. બાકી મહિલાઓને શોધી કાઢવા માટે જિલ્લામાં તમામ પો.સ્ટે. તેમજ રાજ્યના તમામ જિલ્લાઓમાં ગુમ થનારની તપાસ થવા ફોટા સાથેની યાદી મોકલવામાં આવે છે. ગુમ થનારની વિગતો દૂરદર્શનમાં તેમજ સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા વેબ સાઈટમાં અપલોડ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જિલ્લામાં અવારનવાર સ્પેશ્યલ ડ્રાઈવ રખાવી ગુમ થનારના વાલીવારસોને મળી શોધી કાઢવા સઘન પ્રયત્નો કરવામાં આવે છે. ક્રાઈમ કોન્ફરન્સમાં શોધવાની બાકી મહિલાઓને શોધી કાઢવા અંગે થાણા ઈન્ચાર્જશ્રીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચના આપવામાં આવે છે.

### ઉમરગામ તાલુકાનાં નારગોલ ખાતે બંદર બનાવવા બાબત

* ૨૫૪૨૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિેએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નારગોલ મુકામે બંદર બનાવવાનું આયોજન છે તે, તે વાત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તે કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨)
- ❖ મે. કાર્ગો મોટર્સ અને આમરેલીઝ લી. ના કોન્સોટીયમને તા. ૩૦-૦૮-૨૦૧૨ના રોજ ઈરાદાપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે.
- ❖ વિકાસકાર દ્વારા ગુજરાત મેરીટાઇમ બોર્ડને ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ આપેલ છે, જેની ચકાસણી પ્રક્રિયામાં પ્રગતિમાં છે.
- ❖ બંદર યોજના માટે પર્યાવરણની મંજૂરી માટે ભારત સરકારના પર્યાવરણ મંત્રાલયને પર્યાવરણ અને સી.આર.ઝેડની મંજૂરી માટે વિકાસકાર કંપનીએ રજુઆત કરેલ છે.

(૩) તે માટે અંદાજીત કુલ કેટલો ખર્ચ થનાર છે ?

(૩) કંપની દ્વારા અપાયેલ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ પ્રમાણે પ્રથમ તબક્કામાં આશરે રૂપિયા ૪૩૨૫/- કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

### સાબરકાંઠા જિલ્લામાં મોટા ચેકડેમ

* ૨૪૫૪૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા

(૧) ૬ (છ)

જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) કેટલા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે ? (૨) શૂન્ય

બાયડ–મેઘરજ અને માલપુર તાલુકામાં સિંચાઈના કામો

* ૨૫૪૩૩ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટે તાલુકાવાર કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવવામાં આવેલ છે, અને

(૧) તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી.

| જિલ્લો | તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | તા. ૧–૨–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| અરવલ્લી | ૮૯૩૪.૨૩ | ૨૮૭૯.૬૭ |

(૨) તે અન્વયે બાયડ, મેઘરજ અને માલપુર તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયાં કામો મંજુર કર્યા અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) પત્રક મુજબ.

પત્રક

તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ બાયડ, મેઘરજ અને માલપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ કામો અને થયેલ ખર્ચની વિગત

| અ.નં. | કામનું નામ | તાલુકાવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | બાયડ | મેઘરજ | માલપુર |
| ૧ | નર્મદા પાઈપલાઈન | ૧૦૪૨.૨૭ | – | – |
| ૨ | લાંક સિંચાઈ યોજના | ૨૪.૫૪ | – | – |
| ૩ | ૮૦.૨૦ ચેક ડેમ | ૨૬.૫૦ | ૩૧.૮૨ | ૭.૫૯ |
| ૪ | બૃહદ ચેકડેમો | ૮૦૪.૩૬ | – | – |
| ૫ | તળાવો ઉંડા કરવાની કામગીરી | ૧૨.૨૯ | ૫.૦૦ | – |
| ૬ | ૧૩મા નાણાપંચન હેઠળ ચેકડેમ તથા તળાવો ઉંડા કરવાની કામગીરી | ૧૧.૩૯ | – | – |
| ૭ | અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ચેકડેમના કામ | ૮૯.૪૮ | ૧૫.૦૨ | ૧૪.૮૦ |
| ૮ | નહેર સુધારણા | ૧૨૯.૦૬ | ૨૦.૯૯ | ૪૫.૭૬ |
| ૯ | સહભાગી સિંચાઈ વ્યવસ્થા | ૬.૮૪ | ૨.૩૨ | ૯.૬૦ |
| ૧૦ | બંધ સલામતી | ૩.૯૩ | ૭.૧૧ | ૨૬.૬૧ |
| ૧૧ | નિર્મળ ગુજરાત | ૧૭.૮૫ | ૧.૩૩ | ૩.૯૪ |
| ૧૨ | નાની સિંચાઈના કામો | ૮૩.૬૯ | ૧૬૦.૯૮ | ૩૦.૯૫ |
| ૧૩ | ઉદવહન સિંચાઈ યોજના | ૨૧.૦૭ | – | ૨૩.૬૪ |
| | કુલ | ૨૨૭૩.૨૭ | ૨૪૪.૫૭ | ૧૬૨.૮૯ |

સુરત શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૩૬૦૮ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરમાં કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે?

(૨) કુલ ૧૬૬૬૬ મહિલાઓને સ્વ-રક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

ભાવનગર/પોરબંદર તાલુકા દીઠ ખેત ઉત્પન્ન બજાર સમિતિ

* ૨૩૯૩૪ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

ભાવનગર અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અને કઈ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓની રચના કરવામાં આવેલ છે ?

જવાબ

એકપણ નહીં.

અમદાવાદ શહેરમાં પકડાયેલા દેશી/વિદેશી દારૂ

* ૨૫૩૭૩ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં કેટલો વિદેશી દારૂ અને દેશી દારૂ પકડાયો,

(૨) ઉપરોક્ત વર્ષવાર પકડાયેલ દારૂની શું કિંમત થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેરના કયા પોલીસ સ્ટેશનમાંથી સૌથી વધારે દારૂ પકડાયો ?

જવાબ

(૧)

| વર્ષ | વિદેશી દારૂ (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
|---|---|---|
| ૨૦૧૪ | ૭૨૭૭૯ | ૭૭૫૫૭ |
| ૨૦૧૫ | ૯૩૮૬૧ | ૮૯૭૭૯ |

(૨)

| વર્ષ | પકડાયેલ દારૂની કિંમત |
|---|---|
| ૨૦૧૪ | ૨૩૧૨૫૨૦૦ |
| ૨૦૧૫ | ૩૦૮૮૩૮૨૦ |

(૩) સરદારનગર પોલીસ સ્ટેશન

રાજ્યના ખેડૂતો પાસેથી ૭/૧૨, ૮-અ અને નમૂના-૬ની નકલો વિનામૂલ્યે આપવા બાબત

* ૨૩૬૮૮ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ૭/૧૨, ૮-અ અને નમૂના-૬ હક્ક પત્રકની નકલો આપવા માટે ચાર્જ વસુલવામાં આવે છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ખેડૂતોને વિના મૂલ્યે આવા ઉતારા આપવા સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યમાં તમામ ખેડૂત ખાતેદારોને ગામ નમૂના નં. ૭ અને ૮-અની નકલો દર વરસે એક વખત વિના મૂલ્યે આપવામાં આવે છે. પરંતુ આ નમૂનાની વધારાની નકલ માટે તેમજ ગામ નમૂના નં. ૬ માટે નકલ દીઠ રૂ. ૫.૦૦ નો ચાર્જ વસૂલ કરવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય

* ૨૩૬૪૪ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોની વ્યાજ સહાય માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા એકમોની વ્યાજ સહાય મંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સમય ગાળા દરમ્યાન કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) ૧૬૦૭.

(૨) ૧૫૮૪.

(૩) ૨૯૯૪ એકમોને રૂ. ૯૯૮૫.૯૭ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

દાહોદ જિલ્લામાં નવી પોલીસ ચોકીઓ બાબત

* ૨૫૪૪૬ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

જવાબ

તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ

અતારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અને કયા સ્થળે નવી પોલીસ ચોકીઓ બનાવવામાં આવી ?

જિલ્લાના દેવગઢબારીયા તાલુકાના સાગતાળા ખાતે પોલીસ ચોકી (આઉટ પોસ્ટ)નું કામ હાથ પર લીધેલ છે, જે કામ હાલમાં પ્રગતિમાં છે. જ્યારે અન્ય તાલુકામાં આવી કામગીરી હાથ પર લેવામાં આવેલ નથી.

ગુજરાતી ફિલ્મોને ગ્રેડીંગ આપવાની કમિટી બાબત

* ૨૩૬૭૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા. ૩૧—૦૧—૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ફિલ્મોને ગ્રેડીંગ આપવા માટે બનાવવામાં આવેલ કમિટીની બેઠક છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે મળી, અને

(૨) તે અન્વયે કેટલી ફિલ્મોને ગ્રેડીંગ આપવામાં આવ્યા ?

જવાબ

(૧) તા. ૩૧—૦૧—૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ફિલ્મોને ગ્રેડીંગ આપવા માટે કોઈ કમીટી બનાવવામાં આવેલ ન હોઈ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કમીટીની બેઠક મળ્યાની વિગતો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શહેરા તાલુકામાં તળાવો, પાનમ હાઈ લેવલ કેનાલ દ્વારા ભરવા બાબત

* ૨૫૩૮૬ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા.૩૧—૧૨—૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં મોટા, મધ્યમ અને નાના કેટલા તળાવો છે,

(૨) આ તળાવો પાનમ હાઈ લેવલ કેનાલ દ્વારા પાણીથી ભરવાનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં તળાવો ભરવામાં આવનાર છે ?

જવાબ

(૧) મોટા તળાવ—૭૩
મધ્યમ તળાવ—૧૦
નાના તળાવ—૪૧

(૨) ગ્રેવીટીથી ભરી શકાય તેવા ત્રણ તળાવો ભરવાનું આયોજન છે.

(૩) શક્ય તેટલા વહેલા.

આણંદ જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભગટર યોજના

* ૨૩૬૦૩ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧—૧૨—૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

જવાબ

(૧) તા.૩૧—૧૨—૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લાની આણંદ, પેટલાદ, ખંભાત, બોરસદ, કરમસદ (સ્યુઅર કલેકટીંગ સિસ્ટમ ભાગ—૧), વલ્લભ વિદ્યાનગર, સોજીત્રા, ઉમરેઠ અને આંકલાવ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાઓ બે વર્ષ અગાઉ મંજૂર કરવામાં આવેલ છે. જ્યારે ઓડ, બોરીયાવી, કરમસદ (સ્યુઅર કલેકટીંગ સિસ્ટમ ભાગ—૨) નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાઓને વર્ષ ૨૦૧૪—૧૫ માં અનુક્રમે રૂ.૧૨.૯૪ કરોડ, રૂ.૧૨.૩૨ કરોડ અને રૂ.૦.૭૧ કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે.

(૨) અને (૩) : હાલની સ્થિતિએ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

(૧) આણંદ—સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પ્રગતિમાં, ૭૫ ટકા કામ પૂર્ણ, એસ.ટી.પી.ના કામો ટેન્ડર તબક્કે.

(૨) પેટલાદ—સ્યુઅર કલેકટીંગ સિસ્ટમ અને એસ.ટી.પી. ના કામ પૂર્ણ.

(૩) ખંભાત— સ્યુઅર કલેકટીંગ સિસ્ટમ અને એસ.ટી.પી. ના કામ પ્રગતિ હેઠળ, ૭૫ ટકા કામ પૂર્ણ.

(૪) બોરસદ— સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પૂર્ણ અને એસ.ટી.પી. ના કામ ટેન્ડર તબક્કે.

(૫) કરમસદ— સ્યુઅર કલેકટીંગ સિસ્ટમ ભાગ—૧ અને ૨ નું કામ પૂર્ણ.

(૬) વલ્લભવિદ્યાનગર—સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ

પૂર્ણ.

(૭) સોજીત્રા– સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પૂર્ણ.
(૮) ઉમરેઠ– સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પૂર્ણ.
(૯) આંકલાવ– સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પૂર્ણ.
(૧૦) ઓડ– સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પૂર્ણ.
(૧૧) બોરીયાવી– સ્યુઅર કલેકટીંગ સિસ્ટમનું કામ પૂર્ણ.

### અમરેલી જિલ્લામાં ખેતીલાયક જમીન

* ૨૫૬૧૬ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા હેકટર જમીન ખેતી લાયક છે ? | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) ૫૬૪૨૮૬–૯૩–૫૫ |

### આણંદ જિલ્લામાં નગરપાલિકામાં ૭/૧૨ ની નકલો બાબત

* ૨૪૪૨૮ શ્રી જયંતભાઈ પટેલ (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલી નગરપાલિકાઓમાં સરકારનું ઈ–ધરા કેન્દ્ર શરૂ કરવાનું શું આયોજન છે ? | ઈ–ધરા કેન્દ્રો રાજયની દરેક મામલતદાર કચેરીઓમાં શરૂ કરવામાં આવેલ છે અને તે મુજબ તાલુકા કક્ષાએ દરેક મામલતદાર કચેરીઓમાં ઈ–ધરા કેન્દ્રો કાર્યરત છે. નગરપાલિકાઓમાં ઈ–ધરા કેન્દ્રો શરૂ કરવાનું કોઈ આયોજન નથી. જો કે, આણંદ જિલ્લાની ૭ (સાત) નગરપાલિકાઓ તાલુકા મથક હોઈ તે વિસ્તારમાં મામલતદાર કચેરીમાં ઈ–ધરા કેન્દ્રો કાર્યરત છે. |

### બી.ટી. કપાસ બિયારણનો ભાવ નિયંત્રિત રાખવા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

* ૨૫૩૬૧ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બી.ટી.કપાસ બિયારણના ભાવોના નિયંત્રણ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે શી દરખાસ્ત કે રજૂઆત કરી, અને | (૧) બી.ટી.કપાસ બિયારણના ભાવોના નિયંત્રણ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ દરખાસ્ત કે રજૂઆત કરેલ નથી. |
| (૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### મોરબી અને રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ/મહાનગરપાલિકાને ઓકટ્રોય સામે ચૂકવવાની બાકી રકમ

* ૨૫૨૭૬ શ્રી મહંમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લાની કેટલી નગરપાલિકા અને મહાનગરપાલિકાને ઓકટ્રોય નાબુદી અંતર્ગત ગ્રાન્ટની કેટલી રકમ ચૂકવવાની થતી હતી, અને તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાની ૪ નગરપાલિકાઓને કુલ ૩૩,૨૬,૬૦,૧૯૭ ની રકમ અને રાજકોટ જિલ્લાની ૬ નગરપાલિકાઓને કુલ રૂ.૪૬,૭૭,૪૦,૯૯૭/– ની રકમ અને રાજકોટ મહાનગરપાલિકાને કુલ રૂ.૨૩૯,૮૭,૭૫,૦૦૦/– ની રકમ ઓકટ્રોય નાબુદી અંતર્ગત ચૂકવવાની થતી હતી, અને તે પૂરેપૂરી રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલી રકમ ક્યારથી ચૂકવવાની છે તથા આ ગ્રાન્ટ તફાવતની રકમના ચૂકવવાના કારણો શા છે, અને | (૨) ખંડ–૧ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ આ તફાવતની બાકી રકમ ક્યારે ચૂકવવામાં આવશે ? | (૩) ખંડ–૧ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૬ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરની પસંદગી થયેલ છે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તે અન્વયે સુરત શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે ?

(૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે.

જામનગર મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક બાબત

* ૨૪૨૦૮ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૯૮-ધારા-૧૬-પી, તા.૮-૯-૯૮ ના અનુસંધાને મહાનગરપાલિકામાં સબંધિત મ્યુનિસિપલ કમિશનરશ્રીના અધ્યક્ષપદે સંકલન સમિતિની રચના કરી અને બેઠક દર માસે મળવી જોઈએ તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો જામનગર મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે મળી, અને

(૨) જામનગર મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તા.૫-૩-૧૫, તા.૯-૪-૧૫, તા.૧૮-૫-૧૫, તા.૪-૬-૧૫, તા.૨-૭-૧૫, તા.૬-૮-૧૫, તા.૧૦-૯-૧૫, તા.૧-૧૦-૧૫ ના રોજ મળેલ છે.

(૩) ઉકત બેઠકમાં સંબંધિત જવાબદાર અધિકારીઓ હાજર રહે તે માટે સરકારે શાં પગલા લીધા ?

(૩) તમામ મહાનગરપાલિકાઓમાં નિયમિત રીતે બેઠકો બોલાવવા અને સંબંધિત અધિકારીઓને ઉપસ્થિત રહેવા સરકારશ્રી કક્ષાએ સ્થાયી સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ સહકારી મંડળીઓ

* ૨૩૭૪૧ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ક્યા પ્રકારની કેટલી સહકારી મંડળીઓ નોંધાયેલ છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જિલ્લામાં અલગ- અલગ પ્રકારની કુલ-૨૩૭૭ સહકારી મંડળીઓ નોંધાયેલ છે.

| અ.નં. | મંડળીઓનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧ | પેકસ મંડળીઓ | ૧૭૬ |
| ૨ | દૂધ મંડળીઓ | ૩૬૭ |
| ૩ | કર્મચારી ધિરાણ મંડળીઓ | ૧૦૬ |
| ૪ | અન્ય ધિરાણ મંડળીઓ | ૬૪ |
| ૫ | માર્કેટીંગ/પ્રોસેસીંગ મંડળીઓ | ૮૬ |
| ૬ | લાઈવ સ્ટોકમંડળીઓ | ૦૧ |
| ૭ | ખેતી મંડળીઓ | ૨૯ |
| ૮ | કન્ઝયુમર્સ મંડળીઓ | ૫૧ |
| ૯ | સિંચાઈ મંડળીઓ | ૯૩ |
| ૧૦ | હાઉસીંગ/સર્વિસ મંડળીઓ | ૧૨૬૪ |
| ૧૧ | મજૂર મંડળીઓ | ૧૩૨ |
| ૧૨ | જિલ્લાકક્ષાની સહકારી મંડળીઓ (સંઘ) | ૦૪ |
| ૧૩ | તાલુકા કક્ષાની સહકારી મંડળીઓ (સંઘ) | ૦૪ |

| | | |
|---|---|---|
| | કુલ મંડળીઓની સંખ્યા | ૨૩૭૭ |

(૨) તેમાં સભ્ય સંખ્યા કેટલી છે ?

(૨) સભ્ય સંખ્યા – ૩૪૧૩૦૩

રાજ્યમાં સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત

* ૨૩૫૯૨ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી કેટલા શહેરો માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે,

(૨) તે અન્વયે રાજ્યના ક્યા શહેરો માટે દરખાસ્ત મોકલવામાં આવી, અને

(૩) આ દરખાસ્ત પૈકી કેટલા શહેરોની પસંદગી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી ?

જવાબ

(૧) ૬ શહેરો.

(૨) ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર તેમજ દાહોદ શહેરની દરખાસ્ત મોકલવામાં આવેલ.

(૩) આ દરખાસ્ત પૈકી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૫–૧૬ માં પસંદ કરાયેલા ૨૦ શહેરોમાં અમદાવાદ અને સુરત શહેરની પસંદગી કરવામાં આવેલ છે.

દાહોદ જિલ્લામાં પશુ દવાખાના

* ૨૪૬૪૮ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા પશુ દવાખાના આવેલા છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આવેલા પશુ દવાખાનાઓની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | પશુ દવાખાનાઓની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૨ |
| ગરબાડા | ૨ |
| દેવગઢ બારીયા | ૨ |
| ઝાલોદ | ૩ |
| સંજેલી | ૧ |
| લીમખેડા | ૨ |
| ધાનપુર | ૨ |
| ફતેપુરા | ૫ |
| કુલ | ૧૯ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને સંવર્ગવાર મંજુર મહેકમની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | ડ્રેસર, વર્ગ–૪ | એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર/પટાવાળા, વર્ગ–૪ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧ | ૧ | ૧ |
| ૨ | ગરબાડા | ૨ | ૦ | ૧ |
| ૩ | દેવગઢબારીયા | ૧ | ૧ | ૧ |
| ૪ | ઝાલોદ | ૨ | ૧ | ૨ |
| ૫ | સંજેલી | ૧ | ૧ | ૧ |
| ૬ | લીમખેડા | ૧ | ૨ | ૨ |
| ૭ | ધાનપુર | ૧ | ૦ | ૦ |
| ૮ | ફતેપુરા | ૪ | ૧ | ૧ |
| | કુલ | ૧૩ | ૭ | ૯ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | | ડ્રેસર, વર્ગ–૪ | | એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર/પટાવાળા, વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | દાહોદ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૨ | ગરબાડા | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩ | દેવગઢ બારીયા | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | ઝાલોદ | ૧ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૫ | સંજેલી | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૬ | લીમખેડા | ૧ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૭ | ધાનપુર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ફતેપુરા | ૨ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| | કુલ | ૯ | ૪ | ૭ | ૦ | ૯ | ૦ |

પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપેલછે. જે પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપી શકાશે.

એટેન્ડન્ટ/પટાવાળા/ડ્રેસર, વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે.

### પેટલાદ બજાર સમિતિને આધુનિક સવલતો યોજના હેઠળ રકમ

* ૨૩૬૨૫ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની પેટલાદ બજાર સમિતિને આધુનિક સવલતોની યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૪૭.૨૫ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) બજાર સમિતિ અને જિલ્લા રજીસ્ટ્રારશ્રીના સંયુક્ત ખાતામાં રૂ.૪૭.૨૫ લાખ જમા કરાવેલ છે. |

### વડોદરા જિલ્લામાં ડાંગર બિયારણમાં સહાય

* ૨૩૬૫૦ શ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન હેઠળ ડાંગરનું કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૬૯ કિવન્ટલ. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ? | (૨) રૂ.૨.૬૩ લાખ. |

### આણંદ અને વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા

* ૨૫૩૩૮ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા સંદર્ભનો પરિપત્ર કઇ તારીખે કરવામાં આવેલ છે, | (૧) રાજ્યમાં પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા અંગે કોઇ પરિપત્ર કરાયેલ નથી, પરંતુ ગૃહ વિભાગના તા.૨–૭–૨૦૧૫ ના પત્રથી રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાડવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલા પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટીવી કેમેરા લગાડવામાં આવેલ છે અને કેટલામાં સી.સી.ટીવી કેમેરા લગાડવાનું આયોજન કરેલ છે, અને | (૨) આણંદ જિલ્લાના તમામ ૨૦ (વીસ) તથા વડોદરા ગ્રામ્ય જિલ્લાના તમામ ૧૩ (તેર) પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટીવી કેમેરા લગાડવાનું આયોજન કરાયેલ, તથા તે પ્રમાણે સી.સી.ટીવી કેમેરા લગાડવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટીવી કેમેરા બંધ હાલતમાં છે ? | (૩) આણંદ જિલ્લાના ૧(એક) પોલીસ સ્ટેશન તથા વડોદરા જિલ્લાના ૧(એક) પોલીસ સ્ટેશનમાં સી.સી.ટીવી |

## અતારાંકિત પ્રશ્નો

કેમેરા બંધ હતા. જે હાલ ચાલુ હાલતમાં છે.

### અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૬૦૬ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર–ખાડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરની પસંદગી થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે અમદાવાદ શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે ? | (૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે. |

### રાજ્યની ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિને જમીન

* ૨૩૬૫૯ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેત ઉત્પાદન સાથે સંકળાયેલ પાંચ વર્ષથી ઓછા સમયથી કાર્યરત હોય અને તેમની પાસે પોતાની જમીન ન હોય, તેવી ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિઓને સરકારી જમીન રાહત દરે ફાળવવા સરકારે કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ભાવે કેટલી જમીન ફાળવવામાં આવશે ? | (૨) ૧૦ એકર જમીન પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૫% ટકા રકમ વસુલ લઈને રાહત દરે ફાળવવામાં આવશે. |

### ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌમાંસ પરિક્ષણ માટે મોબાઈલ વાન ફાળવવા બાબત

* ૨૪૯૨૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગૌમાંસ પરિક્ષણ માટેની એફ.એસ.એલ. મોબાઇલ વાન ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) આ બન્ને જિલ્લાઓમાં હાલમાં ગૌ માંસના સ્થળ પરિક્ષણ માટે રાજકોટ ખાતેની ઉપલબ્ધ મોબાઇલ વાનની સેવા લેવામાં આવે છે. |
| (૩) ઉક્ત જિલ્લાઓમાં ગૌમાંસ પરિક્ષણની એફ.એસ.એલ. વાન ક્યારે ઉપલબ્ધ થશે ? | (૩) આ બન્ને જિલ્લાઓમાં ગૌ માંસ સંદર્ભે નોંધાયેલ ગુન્હાઓની સંખ્યાને ધ્યાને લેતાં, અલગથી આવી મોબાઇલ વાન ઉપલબ્ધ કરવાની જરૂરિયાત જણાતી નથી. |

### અમરેલી જિલ્લામાં નગરપાલિકાઓમાં બી.પી.એલ. કુટુંબો

* ૨૫૧૨૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કઇ નગરપાલિકામાં ગરીબી રેખા નીચે જીવન નિર્વાહ કરતા કુલ કેટલા કુટુંબો નોંધાયેલા છે, | (૧) તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં નગરપાલિકાઓમાં ગરીબી રેખાની નીચે જીવન નિર્વાહ કરતા કુલ ૨૩૮૭૫ કુટુંબો નોંધાયેલા છે, જે નીચે મુજબ છે. |

| નગરપાલિકાનું નામ | નોંધાયેલ બી.પી.એલ. કુટુંબની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૫૬૨૬ |
| લાઠી | ૧૧૧૧ |
| બાબરા | ૫૪૧ |
| બગસરા | ૫૦૧૫ |
| દામનગર | ૧૮૫ |
| ચલાલા | ૨૪૩૫ |

| | |
|---|---|
| જાફરાબાદ | ૩૭૪૧ |
| રાજુલા | ૨૩૧૪ |
| સાવરકુંડલા | ૨૯૦૭ |

(૨) ઉપરોક્ત બી.પી.એલ. કુટુંબોનો સર્વે છેલ્લે ક્યા વર્ષમાં કરવામાં આવેલ હતો,

(૨)

| નગરપાલિકાનું નામ | નોંધાયેલ બી.પી.એલ. કુટુંબોનો સર્વે છેલ્લે નીચે જણાવેલ વર્ષમાં કરવામાં આવેલ હતો |
|---|---|
| અમરેલી | ૨૦૦૦-૨૦૦૧ |
| લાઠી | ૨૦૦૫ |
| બાબરા | ૨૦૦૨ |
| બગસરા | ૨૦૧૨-૨૦૧૩ |
| દામનગર | ૨૦૧૦ |
| ચલાલા | ૨૦૦૦-૨૦૦૧ |
| જાફરાબાદ | ૨૦૦૦-૨૦૦૧ |
| રાજુલા | ૨૦૦૦-૨૦૦૧ |
| સાવરકુંડલા | ૨૦૦૦-૨૦૦૧ |

(૩) ઉપરોક્ત સર્વે કોના મારફતે કરવામાં આવેલ હતો, અને

(૩)

| નગરપાલિકાનું નામ | ઉપરોક્ત નોંધાયેલ બી.પી.એલ. કુટુંબોનો સર્વે નીચેની વિગતે કરવામાં આવેલ હતો |
|---|---|
| અમરેલી | જી.એમ.એફ.બી. ગાંધીનગર તરફથી નીમાયેલ મેઘાવી સંસ્થા-અમદાવાદ મારફતે સર્વે કરવામાં આવેલ હતો. |
| લાઠી | નગરપાલિકા દ્વારા સર્વે કરવામાં આવેલ હતો. |
| બાબરા | તાલુકા પંચાયત બાબરા દ્વારા સર્વે કરવામાં આવેલ હતો. |
| બગસરા | નગરપાલિકા મારફતે સર્વે કરવામાં આવેલ હતો. |
| દામનગર | ડી.આર.ડી.એ. અમરેલી મારફત સર્વે કરવામાં આવેલ હતો. |
| ચલાલા | જી.એમ.એફ.બી. ગાંધીનગર તરફ થી નીમાયેલ મેઘાવી સંસ્થા-અમદાવાદ મારફત સર્વે કરવામાં આવેલ હતો. |
| જાફરાબાદ | જાફરાબાદ નગરપાલિકા દ્વારા સર્વે કરવામાં આવેલ હતો. |
| રાજુલા | જી.એમ.એફ.બી. ગાંધીનગર તરફથી નીમાયેલ મેઘાવી સંસ્થા-અમદાવાદ મારફત સર્વે કરવામાં આવેલ હતો. |
| સાવરકુંડલા | જી.એમ.એફ.બી. ગાંધીનગર તરફથી નીમાયેલ મેઘાવી સંસ્થા-અમદાવાદ મારફત સર્વે કરવામાં આવેલ હતો. |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત નગરપાલિકાના નવીન બી.પી.એલ. કુટુંબોનો સર્વે કરાવવા માટે સરકારશ્રીનું શું આયોજન છે ?

(૪) ભારત સરકારશ્રી દ્વારા સામાજિક, આર્થિક અને જાતિ આધારિત-૨૦૧૧ નો સર્વે કરવામાં આવેલ છે અને તેની કામગીરી અંતિમ તબક્કામાં છે.

મહીસાગર જિલ્લામાં જેલ બનાવવા બાબત

* ૨૩૬૭૧ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ક્યા સ્થળે કેટલી જેલો કાર્યરત છે, અને

(૧) લુણાવાડા ખાતે એક તાલુકા સબ જેલ કાર્યરત છે.

(૨) તે અન્વયે મહીસાગર જિલ્લામાં નવી કેટલી જેલો બનાવવાનું આયોજન છે અને તે કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

(૨) સંતરામપુર ખાતેની તાલુકા સબ જેલ પુનઃ કાર્યરત કરવામાં આવી રહેલ છે. જ્યારે અન્ય તાલુકાઓનાં કેદીઓની સંખ્યા નહીવત હોઇ, નવી જેલ બનાવવાનું કોઇ આયોજન નથી.

### રાજ્યના સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત

* ૨૩૫૯૧ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરીવિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી કેટલા શહેરો માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી ૬ શહેરોની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે રાજ્યના ક્યા શહેરો માટે દરખાસ્ત મોકલવામાં આવી, અને | (૨) ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર તેમજ દાહોદ શહેરની દરખાસ્ત મોકલવામાં આવેલ. |
| (૩) આ દરખાસ્ત પૈકી કેટલા શહેરોની પસંદગી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી ? | (૩) આ દરખાસ્ત પૈકી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં પસંદ કરાયેલા ૨૦ શહેરોમાં અમદાવાદ અને સુરત શહેરની પસંદગી કરવામાં આવેલ છે. |

### અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૮ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમા સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરની પસંદગી થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે અમદાવાદ શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે ? | (૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરને પાંચ વર્ષમાં કેનદ્ર સરકાર તરફથી કુલ રૂ.૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે. |

### નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

*૨૩૬૦૯ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) કુલ ૭૯૯૪ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

### ડાંગ જિલ્લામાં ટ્રેલીજ મંડપનાં લાભાર્થી

* ૨૩૬૪૧ શ્રી રમણલાલ પાટકર (ઉંમરગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં ડાંગ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૧૦૯ લાભાર્થીઓ કુલ રૂ.૧૧,૮૪,૪૦૦/- (અંકે રૂપિયા અગિયાર લાખ ચોર્યાસી હજાર ચારસો પુરા). |

### વડોદરા ગ્રામ્યમાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૩૬૧૯ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા | (૧) હા, જી. |

તમામ પોલીસ કર્માચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્યમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૪માં ૫૫૭, વર્ષ ૨૦૧૫માં ૧૦૦૫

### રાજ્યની એફ. એસ. એલ. દ્વારા ન્યાયાધીશો/સરકારી વકીલોને તાલીમ

* ૨૩૬૨૩ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો/સરકારી વકીલો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ન્યાયાધિશો/સરકારી વકીલોને તાલીમ આપવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં કુલ–૨૧૭ ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવી. |

### અમદાવાદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ બાકી કેસ

* ૨૩૬૬૨ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૬૭૬૭. |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે ? | (૨) સત્વરે. |

### પંચમહાલ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૩૬૧૦ શ્રીમતિ નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) કુલ ૧૫૩૭૦ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

### ચીમનાબાઈ સરોવરમાં નર્મદા/ધરોઈનું વધારાનુ પાણી નાખવા બાબત

* ૨૪૫૪૯ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ચીમનાબાઈ સરોવરમાં રીચાર્જ હેતુ માટે નર્મદા અને ધરોઈનું વધારાનું પાણી નાખવાની કાર્યવાહી સંબંધમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલુ પાણી નાખવામાં આવ્યુ ? | ૧૯૯૫.૨૯ મિલિયન ઘનફુટ. |

### જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગ્રાન્ટ

* ૨૩૬૦૫ શ્રી ચીમનભાઈ સાપરીયા (જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, | (૧) ફાળવેલ અને ચુકવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે. |

(રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | ચુકવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૧૫.૮૨ | ૧૧૫.૮૨ |
| ૨૦૧૫–૧૬ | ૧૮૦.૫૨ | ૧૮૦.૫૨ |
| કુલ | ૨૯૬.૩૪ | ૨૯૬.૩૪ |

(૨) તે અન્વયે કેટલા કામો મંજુર થયેલ છે, અને
(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

(૨) અને (૩) ૧૧૯૮ કામો મંજૂર કરવામાં આવેલ છે અને તે પૈકી ૧૦૦૪ કામો પુર્ણ થયેલ છે.

રાજ્યમાં ખેત ઉત્પાદન બજાર સમિતિને વિસ્તરણ માટે જમીન

* ૨૩૬૬૦ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેત ઉત્પાદન સાથે સંકળાયેલ ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિઓને તેમના વિસ્તરણ માટે સરકારી જમીન રાહત દરે ફાળવવા સરકારશ્રીએ કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા ભાવે કેટલી જમીન ફાળવવામાં આવી ?

જવાબ

(૧) હા જી,

૧૦ એકર સુધીની જમીન પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦% રકમ અને ૧૦ એકરથી વધારે અને ૩૦ એકરની મર્યાદામાં જમીન પ્રવર્તમાન જંત્રી કિંમતના ૩૫% રકમ વસુલ રાહત દરે લઈને ફાળવવામાં આવશે.

(૨) તાજેતરમાં તા.૧૭–૧૨–૧૫ના રોજ ઠરાવ થયેલ હોઈ, દરખાસ્તો મળવાની બાકી છે.

વેરાવળ મત્સ્યબંદરનું નવીનીકરણ

* ૨૩૬૩૯ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વેરાવળ મત્સ્યબંદરના નવીનીકરણ માટેની કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો કયા પ્રકારના નવીનીકરણના કામો હાથ ધરવામાં આવનાર છે, અને

(૩) આ નવીનીકરણ પાછળ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે?

જવાબ

(૧) હા, જી.

(૨) હયાત મત્સ્યબંદરમાં ઓકશન હોલ, પાણી પુરવઠો, રસ્તા, ગટરવ્વસ્થા, બોટના ઉતરાણ અને લાંગરવાના ભાગની સપાટીના મરામત વિગેરે નવીનીકરણના કામો હાથ ધરવામાં આવનાર છે.

(૩) રૂ. ૧૩૯૮ લાખનો ખર્ચ કરવાનું આયોજન છે.

વલસાડ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિર

* ૨૪૧૬૮ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી ખેડુત તાલીમ શિબિરો યોજવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલા ખેડૂતોએ લાભ લીધો અને તે પાછળ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર યોજવામાં આવેલ ખેડુત તાલીમ શિબિરોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ખેડૂત તાલીમ શિબિરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૦ |
| ૨ | પારડી | ૩૪ |
| ૩ | વાપી | ૪ |
| ૪ | ઉમરગામ | ૨૬ |
| ૫ | ધરમપુર | ૩૦ |
| ૬ | કપરાડા | ૨૫ |
| | કુલઃ– | ૧૪૯ |

(૨) તે અન્વયે લાભ લીધેલ ખેડૂતો અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે

| ક્રમ | તાલુકો | લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા | થયેલ ખર્ચ રૂ./–માં |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૮૭૩ | ૯૯૬૪૧૨ |
| ૨ | પારડી | ૧૫૮૭ | ૧૧૨૮૦૭૫ |
| ૩ | વાપી | ૧૨૦ | ૮૧૨૯૯ |
| ૪ | ઉમરગામ | ૧૨૩૯ | ૯૫૨૫૮૪ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ધરમપુર | ૧૫૨૮ | ૧૦૧૩૭૮૫ |
| ૬ | કપરાડા | ૧૩૨૫ | ૬૬૪૪૫૫ |
| | કુલઃ- | ૭૬૭૨ | ૪૮૩૬૬૧૦ |

સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૨૩૬૩૬ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨) ૮૩૯ લાભાર્થીઓ

કુલ ` ૮૮,૫૧,૫૧૦/- (અંકે રૂપિયા અઠયાસી લાખ એકાવન હજાર પાંચસો દશ પુરા)

નર્મદા જિલ્લામાં મોટા ચેકડેમ

* ૨૪૪૯૮ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૧) ૧૪

(૨) તે પાછળ કેટલો ખર્ચ થવા પામેલ છે?

(૨) રૂ. ૯૫૫.૭૧ લાખ

અમદાવાદ અને ગાંધીનગર શહેર તથા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૩૭૨૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર તથા જિલ્લામાં દેશી, ઈંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલો પકડવામાં આવી,

(૧)

| જિલ્લાનું નામ | પકડાયેલ દેશી દારૂનો જથ્થો (લીટરમાં) | પકડાયેલ ઈંગ્લીશ (વિદેશિ) દારૂનો જથ્થો (બોટલમાં) | પકડાયેલ બીયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૧૬૭૩૩૬ | ૧૬૬૬૪૦ | ૭૨૬૬૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૬૫૧૭૧ | ૭૫૩૩૩ | ૩૬૩૬૩ |
| ગાંધીનગર શહેર | ૧૪૩૦ | ૧૨૦૪ | ૩૬૬ |
| ગાંધીનગર જિલ્લો | ૩૮૫૬૩ | ૮૮૮૧૯ | ૪૧૬૬૪ |

(૨) ઉક્ત પકડવામાં આવેલ દારૂની કેટલી કિંમત છે, અને

(૨) રૂ. ૧૧,૦૪,૦૦,૩૧૪

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી દેશી, ઈંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલોનો નાશ કરવામાં આવ્યો, અને તેની કિંમત કેટલી છે?

(૩)

| નાશ કરવામાં આવેલ દેશી દારૂનો જથ્થો (લીટરમાં) | નાશ કરવામાં આવેલ ઈંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો | નાશ કરવામાં આવેલ બીયરનો જથ્થો (બોટલમાં) | કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

| | (બોટલમાં) | | |
|---|---|---|---|
| ૨૩૧૮૮૫ | ૧૧૭૫૦૫ | ૭૧૯૬૬ | ૫૪૩૫૬૮૨૧ |

સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૨૩૬૩૭ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૮૩૯ લાભાર્થીઓ<br>કુલ ` ૮૮,૫૧,૫૧૦/– (અંકે રૂપિયા અઠયાસી લાખ એકાવન હજાર પાંચસો દશ પુરા) |

રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ન્યાયાધીશો/સરકારી વકીલોને તાલીમ

* ૨૩૬૨૪ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો/સરકારી વકીલો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ન્યાયાધીશો/સરકારી વકીલોને તાલીમ આપવામાં આવી? | (૨) છેલ્લા બે વર્ષમાં કુલ–૨૧૭ ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવી. |

ઓલપાડ તાલુકામાં સરકારી પડતર જમીન ઉપર ઝીંગાના તળાવ બાબતે

* ૨૩૭૭૪ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં સરકારી પડતર જમીનમાં ઝીંગાના ગેરકાયદેસર તળાવો કેટલા છે, અને | (૧) ઓલપાડ તાલુકાના કુલ ૧૨ ગામોમાં ૩૬૪ લાભાર્થીઓને ૧૪૮૭ હેકટર સરકારી પડતર જમીન ઝીંગાના તળાવો બનાવવા માટે ફાળવવામાં આવેલ છે તે સિવાય કેટલીક સરકારી પડતર જમીન પર ઝીંગાના ગેરકાયદેસર તળાવો હોવાનું પ્રાથમિક રીતે જણાયેલ છે, સંખ્યા અંગેની ચકાસણી કરવામાં આવી રહી છે. |
| (૨) ઉક્ત ગેરકાયદેસર તળાવો અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી તપાસ કરી અને જવાબદારો સામે શા પગલા લીધા? | (૨) ગેરકાયદેસર તળાવોની ચકાસણી માટે નાયબ કલેકટરશ્રી, ઓલપાડના અધ્યક્ષ સ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ છે.<br>માપણીની કાર્યવાહી પૂર્ણ થયેથી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

નવસારી જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ

* ૨૫૬૦૭ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) કુલ ૧૭૨૬ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે. |

એમએસએમઈ એકટ ૨૦૦૬ અંતર્ગત નોંધાયેલ એકમો

* ૨૩૬૪૩ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માઈક્રો, સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ | (૧) તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ, |

(એમએસએમઈ) એક્ટ ૨૦૦૬ અમલમાં આવ્યા બાદ તા. ૩૧-૩-૨૦૧૫ અંતીત છેલ્લા બે વર્ષમાં કેટલા એકમો નોંધાયા છે, અને

(૧) માઈક્રો કેટેગરીમાં ૧૧૩૭૧૪
(૨) સ્મોલ કેટેગરીમાં ૮૫૮૪
(૩) મીડીયમ કેટેગરીમાં ૪૮૭ એકમો નોંધાયા છે.

(૨) આ પૈકી કયા જિલ્લામાં સૌથી વધુ એકમો નોંધાયા છે?

(૨) આ પૈકી સુરત જિલ્લામાં સૌથી વધુ એકમો નોંધાયા છે.

રાજ્યના સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત

* ૨૩૫૯૩ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી કેટલા શહેરો માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી ૬ શહેરોની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે રાજ્યના કયા શહેરો માટે દરખાસ્ત મોકલવામાં આવી, અને | (૨) ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર તેમજ દાહોદ શહેરની દરખાસ્ત મોકલવામાં આવેલ. |
| (૩) આ દરખાસ્ત પૈકી કેટલા શહેરોની પસંદગી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી? | (૩) આ દરખાસ્ત પૈકી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૫-૧૬માં પસંદ કરાયેલા ૨૦ શહેરોમાં અમદાવાદ અને સુરત શહેરની પસંદગી કરવામાં આવેલ છે. |

ભાવનગર જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૩૬૨૬ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૯૪-કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૪૬૯૬૨- પશુઓને સારવાર આપવામાં આવી. |

આણંદ/ખેડા જિલ્લાની મહી સિંચાઈ યોજનાની નહેરો પાકી બનાવવા બાબત

* ૨૪૨૩૫ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લાની મહી સિંચાઈ યોજના હેઠળની નહેરો પાકી બનાવવા કેટલી રકમની બજેટ જોગવાઈ કરેલ છે, અને | (૧) રૂ. ૧૩૫.૬૨ કરોડ. |
| (૨) આ કામના ટેન્ડરો ક્યારે બહાર પડશે અને આ કામ ક્યારે પૂર્ણ થશે? | (૨) જાન્યુઆરી-૨૦૧૬ સુધીમાં રૂ. ૧૦૨.૭૬ કરોડના કામો પૂર્ણ કરેલ છે. બાકી કામો શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. |

ભરૂચ જિલ્લામાં કાંસોની સફાઈ

* ૨૪૪૫૨ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કાંસોની સફાઈની કામગીરી કરવામાં આવી, અને | (૧) ૧૦૨ કાંસો. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૧૪૬.૫૦ લાખ. |

અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય

* ૨૩૫૮૭ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરની પસંદગી થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

અતારાંકિત પ્રશ્નો

(૨) જો હા, તો તે અન્વયે અમદાવાદ શહેરને કેન્દ્ર સરકાર તરફથી કેટલી નાણાકીય સહાય મળશે?

(૨) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂ. ૫૦૦ કરોડની નાણાકીય સહાય મળશે.

અમદાવાદ જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ

* ૨૩૬૩૧ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ કુલ કેટલા સ્થળે યોજવામાં આવેલ, અને

(૨) તેમાં કેટલા સહાય ચેક/મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવેલ?

જવાબ

(૧) કુલ ૯ સ્થળે

(૨) કુલ ૮૨૯ સહાય ચેક/મંજૂરી પત્રો

રાપર તાલુકાના ફતેહગઢ ગામે જમીન રીગ્રાંટ કરવા બાબત

* ૨૫૨૧૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને ૧૯૭૧ના પાકિસ્તાનના શરણાર્થીઓને ૧૯૭૯માં કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ફતેગઢ ગામે રાજ્ય સરકારે આપેલી જમીનને રીગ્રાંટ કરવાની કાર્યવાહી તા. ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે પડતર છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉપરોક્ત જમીનને રીગ્રાંટ કરવાની કાર્યવાહી પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

જવાબ

(૧) હા,

(૨) માંગણીવાળી જમીન ઘુડખર અભ્યારણમાં આવતી હોવાથી અરજદારને ફાળવી શકાય તેમ નથી.

(૩) અન્ય વૈકલ્પિક જગ્યાની માંગણી થયે નિયમોનુસાર વિચારણા કરવામાં આવશે.

દાહોદ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત

* ૨૩૬૫૫ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પશુપાલન ખાતા દ્વારા વર્ષ–૨૦૧૫–૧૬ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ પાક દરમિયાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કિટ પુરા પાડવામાં આવી છે?

જવાબ

વર્ષ–૨૦૧૫–૧૬ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઘાસચારાની મિની બિયારણ કિટ નીચેની વિગતે પુરી પાડવામાં આવી.

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કિટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૯૭ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૬૭૯ |
| | આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૪૪૪ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૩૧૦૮ |
| | અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૯૨ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ | ૬૪૪ |
| રવિ ઋતુ | એકીકૃત ઘાસચારા | ૪૦ | ઓટ કેન્ટ | ૧૦ | ૪૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | વિકાસ યોજના | | | | |
| | આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૧૮૫ | ઓટ કેન્ટ | ૧૦ | ૧૮૫૦ |

પાટણ અને મહેસાણા જિલ્લામાં બિન હથિયારી/હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ

* ૨૩૯૧૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં બિન હથીયારી પોલીસ કોન્સ્ટેબલ અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલની કુલઃ૨૪૨ અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલની કુલઃ૯૬ જગ્યાઓ ખાલી છે. જ્યારે મહેસાણા જિલ્લામાં બિન હથીયારી પોલીસ કોન્સ્ટેબલની કુલઃ૩૫૬ અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલની કુલઃ૮૫ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલઃ૧૦૯ ઉમેદવારોની પાટણ જિલ્લામાં તેમજ કુલઃ૧૮૧ ઉમેદવારોની મહેસાણા જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. |

રાજ્યના સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત

* ૨૩૫૯૦ શ્રી નરોતમભાઈ પટેલ (ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી કેટલા શહેરો માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી માટે રાજ્યમાંથી ૬ શહેરોની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે રાજ્યના કયા શહેરો માટે દરખાસ્ત મોકલવામાં આવી, અને | (૨) ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર તેમજ દાહોદ શહેરની દરખાસ્ત મોકલવામાં આવેલ. |
| (૩) આ દરખાસ્ત પૈકી કેટલા શહેરોની પસંદગી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી? | (૩) આ દરખાસ્ત પૈકી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૫–૧૬માં પસંદ કરાયેલા ૨૦ શહેરોમાં અમદાવાદ અને સુરત શહેરની પસંદગી કરવામાં આવેલ છે. |

ડાંગ જિલ્લામાં ફળપાકો માટે સહાય

* ૨૩૬૨૭ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં ડાંગ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ ` ૭,૪૩,૯૦૦/– (અંકે રૂપિયા સાત લાખ તેંતાલીસ હજાર નવસો પુરા). |

રાજકોટ શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૩૬૧૨ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના | (૧) હા, જી. |

બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે?

(૨) કુલ ૭૮૧ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે.

### તલોદ શહેરમાં ભૂગર્ભ ગટરના દૂષિત પાણીનું શુદ્ધિકરણ

* ૨૪૨૯૫ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાનાં તલોદ શહેરમાં બનાવવામાં આવેલ ભૂગર્ભ ગટરનું દૂષિત પાણી ઉક્ત સ્થિતિએ ક્યાં છોડવામાં આવે છે, અને

(૨) આ દૂષિત પાણીને શુધ્ધ કરવાની યોજનાની કામગિરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે અને તે પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે અને તે અંગે ઉક્ત સ્થિતીએ વહીવટી મંજૂરી મળેલ છે કે કેમ?

જવાબ

(૧) હાલમાં તલોદ શહેરનાં જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ જૂના ઓક્સિડેશન પોન્ડમાં ભૂગર્ભ ગટરનું દૂષિત પાણી છોડવામાં આવે છે.

(૨) દૂષિત પાણીને શુધ્ધ કરવા માટે નવીન ૪.૩૩ MLD ક્ષમતાના ઓક્સિડેશન પોન્ડ રૂ.૬૫ લાખના ખર્ચે બનાવવામાં આવનાર છે, ભાવપત્રકો મંગાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

### રાજ્યમાં કૃષિ પાક વિમાની મંજૂર રકમ બાબત

* ૨૩૬૭૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેડૂતોને કૃષિ પાક વિમા યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ જો પાક વિમાની રકમ મંજુર ન થઈ હોય તો રાજ્ય સરકારે આ રકમ સત્વરે મંજુર થાય તે માટે શા પગલાં લીધા?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેડુતોને કૃષિ પાક વિમા યોજના હેઠળ રૂ. ૫૦૩.૨૪ કરોડની રકમ મંજૂર કરવામાં આવી.

(૨) મંજુર થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજના લાભાર્થી

* ૨૩૬૪૯ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

૧૦ લાભાર્થી

કુલ ` ૧૬,૨૮,૮૮,૦૦૦/-(અંકે રૂપિયા સોળ કરોડ અઠ્ઠાવીસ લાખ અઠ્ઠાસી હજાર પુરા)

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિ વિસ્તારમાં તળાવો ઉંડા કરવા અને ચેકડેમો બનાવવા

* ૨૪૨૬૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિ વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા, અને

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | ઉંડા કરેલ તળાવની સંખ્યા | બાંધવામાં આવેલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ભિલોડા | ૦૬ | ૨૩ |
| | | મેઘરજ | ૦૨ | ૦૦ |
| ૨. | ૧-૨-૧૫ થી ૩૧- | ભિલોડા | ૦૨ | ૧૧ |
| | | મેઘરજ | ૦૧ | ૦૪ |

(૨) તે અન્વયે વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| ક્રમ | વર્ષ | તાલુકાનું | તળાવમાં | ચેકડેમ |
|---|---|---|---|---|

| | | નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | માટે થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧. | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ભિલોડા | ૧૯.૫૫ | ૧૩૮.૯૬ |
| | | મેઘરજ | ૧૧.૨૪ | ૦.૦૦ |
| ૨. | ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ | ભિલોડા | ૭.૦૪ | ૫૮.૦૬ |
| | | મેઘરજ | ૯.૦૦ | ૨૦.૦૫ |

## થરાદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલયો માટે ગ્રાન્ટ

* ૨૩૫૭૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જીલ્લાની થરાદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલયો યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલય માટે કેટલી ગ્રાંટ મંજુર કરવામાં આવેલ છે,

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થરાદ નગરપાલિકાને કુલ ૧૫૭૨ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ-રૂ. ૨૧૨.૪૮ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૧૯૨ | ૯૫.૩૬ |
| ૨૦૧૫ | ૩૮૦ | ૧૧૭.૧૨ |
| કુલ | ૧૫૭૨ | ૨૧૨.૪૮ |

(૨) તે પેટે રૂ. ૧૪૫.૯૨ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૬૩.૮૬ |
| ૨૦૧૫ | ૮૨.૦૬ |
| કુલ | ૧૪૫.૯૨ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ ૧૫૭૨ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ થયેલ છે.

## બોડેલી તાલુકાના લઢોદ ખાતેની સુગર ફેકટરીમાં ખેડૂતોના બાકી નાણા

* ૨૫૩૦૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકામાં લઢોદ ખાતેની સહકારી સુગર ફેકટરી સરકાર દ્વારા વેચી દેવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી કિંમતમાં તેનું વેચાણ કરવામાં આવ્યું અને ઉક્ત સ્થિતિએ ઉક્ત સુગર ફેકટરીમાં ખેડૂતોને શેરડીના નાણા ચૂકવવાના બાકી છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો કેટલા નાણાં ચૂકવવાના બાકી છે, અને તે ક્યારે ચૂકવવામાં આવશે?

જવાબ

(૧) સરકારશ્રી દ્વારા વેચાણ કરવામાં આવેલ નથી પરંતુ સ્પે.સી.એ.નં. ૯૭૩૯/૨૦૧૩ ના નામદાર હાઈકોર્ટના તા. ૫-૧૨-૨૦૧૩ના ઓરલ ઓર્ડરથી રચાયેલ કમિટી દ્વારા વેચાણ કરવામાં આવેલ છે.

(૨) રૂ. ૩૧,૬૭,૯૧,૦૦૦/-વેચાણ કિંમત ઉપજેલ છે.
હા, જી.

(૩) રૂ. ૧૧.૬૨ કરોડ ચૂકવવાના બાકી છે. મેટર સબજ્યુડીસ હોવાથી ચુકવણુ થઈ શકેલ નથી.

## મહીસાગર જિલ્લામાં, મહેસૂલી કચેરીઓનું મહેકમ

* ૨૫૧૦૮ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં મહેસુલ વિભાગની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

જવાબ

(૧), (૨) અને (૩) સામેલ પત્રક મુજબ

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધારે સમયથી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) નીચે પ્રમાણે જણાવ્યા મુજબ

(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડર પ્રમાણે વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીના માગણા પત્રક મોકલી આપવામાં આવેલ છે જે અન્વયે જગાઓ ઉપલબ્ધ થયેથી.

(૨) અધિકારી ઉપલબ્ધ થયેથી.

(૩) બઢતીથી જગ્યા ભરવા માટે મંજુરી મળેલ છે જે અન્વયે કાર્યવાહી કરી ભરવામાં આવશે.

(૪) આઉટસોર્સીંગથી જગા ઉપલબ્ધ થયેથી.

પત્રક

| અનુક્રમ | તારીખ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં મહેસૂલ વિભાગની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | | ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ | ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી રહેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કલેકટર | ૦૧ | ૦૧ | ૦ | ૦ |
| ૨ | અધિક કલેકટર | ૦૧ | ૦૧ | ૦ | ૦ |
| ૩ | નાયબ કલેકટર | ૦૯ | ૦૪ | ૫ | ૫ |
| ૪ | નાયબ કાર્યપાલક ઈજનેર (ATVT) | ૦૬ | ૦૨ | ૪ | ૪ |
| ૫ | મામલતદાર | ૦૮ | ૦૭ | ૧ | ૧ |
| ૬ | અધિક મદદનીશ ઈજનેર (ATVT) | ૦૬ | ૦૦ | ૬ | ૬ |
| ૭ | નાયબ મામલતદાર | ૮૯ | ૩૩ | ૫૬ | ૫૬ |
| ૮ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | ૦૧ | ૦૦ | ૧ | ૧ |
| ૯ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ | ૦૧ | ૦૦ | ૧ | ૧ |
| ૧૦ | કારકૂન | ૮૧ | ૬૬ | ૧૫ | ૧૫ |
| ૧૧ | પેટા હિસાબનીશ | ૦૬ | ૦૦ | ૬ | ૬ |
| ૧૨ | મહેસૂલી તલાટી | ૭૩ | ૧૮ | ૫૫ | ૫૫ |
| ૧૩ | ડ્રાઈવર | ૦૩ | ૦૧ | ૨ | ૨ |
| ૧૪ | પટાવાળા | ૩૯ | ૨૩ | ૧૬ | ૧૬ |
| ૧૫ | કચેરી અધિક્ષક (વર્ગ-૩) | ૧ | ૧ | ૦૦ | ૦૦ |
| ૧૬ | સ્ટેમ્પ નિરીક્ષક (વર્ગ-૩) | ૧ | ૧ | ૦૦ | ૦૦ |
| ૧૭ | નોંધણી નિરીક્ષક (વર્ગ-૨) | ૧ | ૦૦ | ૧ | ૧ |
| ૧૮ | સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ (વર્ગ-૩) | ૧ | ૧ | ૦૦ | ૦૦ |
| ૧૯ | સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨ (વર્ગ-૩) | ૫ | ૫ | ૦૦ | ૦૦ |
| ૨૦ | સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ (વર્ગ-૧) | ૧ | ૦૦ | ૧ | ૧ |
| ૨૧ | સિનિયર સર્વેયર (વર્ગ-૩) | ૨ | ૨ | ૦૦ | ૦૦ |
| ૨૨ | સર્વેયર (વર્ગ-૩) | ૧૬ | ૧૬ | ૦૦ | ૦૦ |
| ૨૩ | ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર, લેન્ડ રેકર્ડઝ (વર્ગ-૨) | ૧ | ૧ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૩૫૩ | ૧૮૩ | ૧૭૦ | ૧૭૦ |

જૂનાગઢ જિલ્લામાં પકડાયેલ દારૂ

ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૨૪૧૦૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ઇંગ્લીશ (વિદેશી) દારૂની કેટલી બોટલો પકડવામાં આવી, | (૧) |

| તાલુકાનું નામ | ઇંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) |
|---|---|
| જુનાગઢ શહેર | ૮૦૪૨ |
| જુનાગઢ તાલુકા | ૩૯૦૦૫ |
| વિસાવદર | ૧૫૮ |
| ભેંસાણ | ૧૬૮ |
| મેંદરડા | ૪૨૬૭ |
| કેશોદ | ૧૩૧૨ |
| વંથલી | ૧૬૦૦ |
| માણાવદર | ૧૩૩૩ |
| માંગરોળ | ૨૫૨૬ |
| માળીયા | ૧૬૫૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત તાલુકાવાર પકડવામાં આવેલ દારૂની કેટલી કિંમત છે અને તે અન્વયે કેટલા ઇસમોને પકડવામાં આવ્યા, | (૨) રૂ. ૧૦૮૪૮૯૯૦/-ની કિંમતનો દારૂ પકડવામાં આવેલ અને ૮૧૯ ઇસમોને પકડવામાં આવ્યા, |
| (૩) ઉક્ત પકડવામાં આવેલ ઇસમો પૈકી એકથી વધુ વખત પકડાયા હોય તેવા કેટલા ઇસમો છે, અને | (૩) ૨૮. |
| (૪) આ ઇસમો સામે શા પગલાં ભરવામાં આવ્યા? | (૪) પ્રોહીબીશન-૯૩ અને તડીપાર જેવા અટકાયતી પગલાં ભરવામાં આવેલ છે. |

બોડેલી તાલુકાનાં રાજવાસણા ગામે હેરણ આડબંધમાં સિલ્ટીંગની કામગીરી બાબત

* ૨૪૩૬૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકાના રાજવાસણા ગામે હેરણ આડબંધના રેતી માટી સીલ્ટીંગ કાઢવા માટેની માંગણી કે રજુઆત સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી મળી, | (૧) ૩ (ત્રણ). |
| (૨) ઉકત કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને | (૨) રૂ. ૨૫૭.૦૦ લાખ. |
| (૩) ઉકત કામગીરી કયારે શરૂ થશે ? | (૩) પ્રથમ તબક્કે જાન્યુઆરી-૨૦૧૬ના બીજા અઠવાડીયાથી મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ કામગીરી શરૂ કરેલ છે. |

વડોદરા શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૪૬૧૮ શ્રીમતી મનીષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે. કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે? | (૨) કુલ ૨૭૨૮ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે. |

કચ્છ જિલ્લામાં મોટી નદી પરના ચેકડેમ

* ૨૪૪૯૬ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં મોટી નદી પરના કેટલા ચેકડેમો પુર્ણ કરવામાં આવ્યા, | (૧) ૧૧૦ ચેકડેમો. |
| (૨) તેનાથી કેટલી જમીનને સિંચાઈની સગવડો મળી, અને | (૨) ૮૫૦૨ હેક્ટર. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૩) રૂ. ૫૬૦૯.૭૪ લાખ. |

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પડતર તુમારો

* ૨૪૩૧૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં કેટલા તુમારો પડતર છે.

(૧)

| જિલ્લો | પડતર તુમારોની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૧૩૯૦ |
| સાબરકાંઠા | ૨૬૧૧ |

(૨) ઉકત પડતર તુમારો પૈકી છ માસ કરતાં વધુ સમયથી કેટલા તુમારો પડતર છે, અને

(૨)

| જિલ્લો | પડતર તુમારોની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૨૯૭ |
| સાબરકાંઠા | ૩૮૦ |

(૩) ઉકત તુમારોના ઝડપી નિકાલ માટે સરકારે શું કાર્યવાહી કરી છે?

(૩) તુમારોના ઝડપી નિકાલ માટે દર માસે યોજવામાં આવતી મહેસૂલી અધિકારીઓની બેઠકોમાં ચર્ચા તેમજ સમીક્ષા કરવામાં આવે છે તથા ઝુંબેશના સ્વરૂપે પ્રયત્નો કરવામાં આવે છે.

### બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી તલાટીનું મહેકમ

* ૨૪૦૯૧શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર મહેસૂલી તલાટીનું મંજૂર થયેલ મહેકમ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલું છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| પાલનપુર | ૧૯ |
| દાંતીવાડા | ૦૫ |
| વડગામ | ૧૧ |
| અમીરગઢ | ૦૭ |
| દાંતા | ૧૯ |
| ડીસા | ૧૭ |
| કાંકરેજ | ૧૧ |
| ધાનેરા | ૧૦ |
| થરાદ | ૧૬ |
| વાવ | ૧૨ |
| દિયોદર | ૦૭ |
| ભાભર | ૦૬ |
| લાખણી | ૦૦ |
| સૂઈગામ | ૦૦ |
| તા.૨૩-૨-૨૦૧૫ના રોજ મંજુર | ૧૨૧ |

| | |
|---|---|
| કરેલ મહેકમ (તાલુકાના સેજાવાર ફાળવણી બાકી) | |
| કુલ | ૨૬૧ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| પાલનપુર | ૧૩ | ૦૬ |
| દાંતીવાડા | ૦૪ | ૦૧ |
| વડગામ | ૦૮ | ૦૩ |
| અમીરગઢ | ૦૪ | ૦૩ |
| દાંતા | ૧૨ | ૦૭ |
| ડીસા | ૦૮ | ૦૯ |
| કાંકરેજ | ૦૮ | ૦૩ |
| ધાનેરા | ૦૬ | ૦૪ |
| થરાદ | ૦૯ | ૦૭ |
| વાવ | ૦૮ | ૦૪ |
| દિયોદર | ૦૩ | ૦૪ |
| ભાભર | ૦૨ | ૦૪ |
| લાખણી | ૦૦ | ૦૦ |
| સૂઇગામ | ૦૦ | ૦૦ |
| કુલ | ૮૫ | ૫૫ |
| તા.૨૩-૨-૨૦૧૫ના રોજ મંજુર કરેલ મહેકમ ૧૨૧ (એકસો એકવીસ) ની તાલુકાની સેજાવાર ફાળવણી બાકી હોવાથી કુલ ખાલી જગ્યા ૧૨૧+૧૫૫=૧૭૬ | | |

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી ૫૪ (ચોપન) જગ્યાઓ એક વર્ષથી વધુ સમયથી ખાલી છે.

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે ?

(૪) ૨૫૬૦ મહેસૂલી તલાટીઓની ભરતી કરવા અંગેનું માંગણાપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવામાં આવેલ છે. જે અન્વયે મંડળ દ્રારા પરીક્ષા લઈને ઉમેદવારોની ભલામણ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે.

### સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવમાં મંડપ પાછળ ખર્ચ

* ૨૫૩૬૮ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫માં મંડપની વ્યવસ્થા પાછળ સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં કેટલો ખર્ચ થયો, અને

(૨) ઉપરોકત જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪માં મંડપની વ્યવસ્થા પાછળ કેટલો ખર્ચ થયો હતો?

જવાબ

(૧) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫માં મંડપની વ્યવસ્થા પાછળ સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૩૪,૩૬,૦૭૯ -(અંકે રૂપિયા ચોત્રીસ લાખ છત્રીસ હજાર ઓગણએંશી પૂરા) ના બિલો રજૂ થયેલ છે અને અમદાવાદ જિલ્લામાં રૂ.૩૩,૭૪,૮૧૩- (અંકે રૂપિયા તેત્રીસ લાખ ચુંમોતેર હજાર આઠસો તેર પૂરા) નો ખર્ચ થયેલ છે.

(૨) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪માં મંડપની વ્યવસ્થા પાછળ સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૩,૦૦,૦૦૦ -(અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) ના અને અમદાવાદ જિલ્લામાં રૂ. ૪,૪૦,૮૯૫- (અંકે રૂપિયા ચાર લાખ ચાળીસ હજાર આઠસો પંચાણુ)નો ખર્ચ થયેલ છે.

### કચ્છ જિલ્લાનાં તેરા ગામે તળાવ બનાવવા બાબત

* ૨૩૭૦૬ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) કચ્છ જિલ્લાના તેરા ગામમાં જળસંચય માટે તળાવ બનાવવાની તા.૩૧-૧-૨૦૧૬ સ્થિતિએ એક વર્ષમાં કેટલી માગણી/દરખાસ્ત મળી, અને

(૧) તેરા ગામે ખારો તથા સાંગો નામે (૦૨) બે નવા તળાવના બાંધકામ માટેની રજુઆત મળેલ છે.

(૨) તે અન્વયે શા પગલા લેવાયા ?

(૨) આ પૈકી સાંગો નવા તળાવ માટે સર્વેક્ષણ અને ઈન્વેસ્ટીગેશનની કામગીરી પ્રગતિમાં છે જ્યારે ખારો નવા તળાવ અંગેની સર્વેક્ષણ અને ઈન્વેસ્ટીગેશનની કામગીરી હવે હાથ ધરવામાં આવશે.

### ખેડા અને આણંદ જિલ્લામાં દારૂ પકડાયા બાબત

* ૨૩૭૧૩ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં દેશી, ઈંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયર ની કેટલી બોટલો પકડવામાં આવી,

(૧)

| જિલ્લાનું નામ | પકડાયેલ દેશી દારૂનો જથ્થો (લીટરમાં) | પકડાયેલ ઈંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) | પકડાયેલ બિયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| ખેડા | ૮૦૩૩૬ | ૫૮૮૨૪ | ૨૭૦૨૨ |
| આણંદ | ૪૨૫૬૯ | ૬૭૫૯૪ | ૨૯૦૮૨ |

(૨) ઉકત જિલ્લાવાર પકડવામાં આવેલ દારૂની કેટલી કિંમત છે,

(૨)

| જિલ્લાનું નામ | પકડવામાં આવેલ દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|
| ખેડા | ૧,૯૨,૭૮,૧૪૦ |
| આણંદ | ૧,૬૩,૩૨,૩૦૦ |

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેશી, ઈંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયર ની કેટલી બોટલો નો નાશ કરવામાં આવ્યો, અને

(૩)

| નાશ કરવામાં આવેલ દેશી દારૂનો જથ્થો (લીટરમાં) | નાશ કરવામાં આવેલ ઈંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો (બોટલમાં) | નાશ કરવામાં આવેલ બિયરનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|
| ૧૦૬૦૬૯ | ૯૯૫૬૬ | ૨૬૯૯૨ |

(૪) તેની કિંમત કેટલી છે?

(૪) રૂ. ૨,૦૫,૨૭,૧૫૩.

### ઈન્ડસ્ટ્રીયલ પાર્કની મંજૂરી બાબત

* ૨૪૬૧૪ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત-પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત રાજ્યમાં ઔદ્યોગિક નીતિ -૨૦૧૫ અન્વયે નવી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સહાય યોજના હેઠળ કેટલા ઈન્ડસ્ટ્રીયલ પાર્કની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૧) ૧૨ (બાર).

(૨) આ મંજુરી કયા સ્થળે પાર્ક માટે આપવામાં આવી?

(૨) - અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના મોજે, ભીમાસરમાં-૨, બગોદરામાં-૧ અને મેમરમાં-૧
સાણંદ તાલુકામાં મોજે. કલાણામાં-૧
માંડલ તાલુકામાં મોજે. હાંસલપુરમાં-૧ સીતાપુરમાં-૧
-સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં મોજે. જનસાલીમાં-૧,
દસાડા તાલુકાના મોજે. નાવીયાણીમાં-૧
- મહેસાણા જિલ્લાના કડી તાલુકાના મોજે.

જાદવપુરામાં–૧
– રાજકોટ જિલ્લાના કુવાડવા તાલુકાના મોજે. ધમાલપુરામાં–૧
– કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના મોજે. વરસામેડીમાં–૧

ખેડા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ

* ૨૫૬૧૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) કુલ ૫૭૦૪ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

કચ્છ જિલ્લામાં બંધારાના કામ

* ૨૪૪૯૭ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા બંધારા પુર્ણ થયા, | (૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના સાંઘણ (અકરી) ૧ (એક) બંધારાનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) તેનાથી કેટલી જમીનને સિંચાઈની સગવડો મળી, અને | (૨) ૪૧૦ હેક્ટર. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૩૫૧.૩૦ લાખ. |

દાહોદ જિલ્લામાં યુરીયાની ફાળવણી

* ૨૪૧૯૨ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર યુરીયા ખાતરની વાર્ષિક જરૂરીયાત કેટલી છે, અને | (૧) તાલુકાવાર રાસાયણિક ખાતરોની જરૂરીયાત અંદાજવામાં આવતી નથી. તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાની યુરીયા ખાતરની વાર્ષિક અંદાજિત જરૂરીયાત ૩૯,૩૦૦ મે.ટન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખરેખર કેટલું ખાતર ફાળવવામાં આવ્યું ? | (૨) ઉક્ત સ્થિતિએ વર્ષ : ૨૦૧૪–૧૫માં ૩૧,૧૫૨ મે.ટન તથા વર્ષ : ૨૦૧૫–૧૬માં ૩૩,૮૩૪ મે.ટન યુરીયા ખાતર ફાળવવામાં આવ્યું. |

રાજકોટ અને મોરબી શહેર અને તાલુકામાં પોલીસનું સંખ્યાબળ

* ૨૪૧૪૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ અને મોરબી શહેર અને તાલુકામાં વસ્તીના પ્રમાણમાં કેટલા પોલીસની જરૂરીયાત છે અને ઉક્ત સ્થિતિએ કેટલા પોલીસ ઉપલબ્ધ છે,

(૨) વસ્તીના પ્રમાણમાં પોલીસનું સંખ્યાબળ ઓછું હોય તો તેના કારણો શા છે, અને

(૩) સરકાર આ બાબતે શી કાર્યવાહી કરવા માંગે છે ?

જવાબ

(૧) અને (૨) : પોલીસનું મહેકમ જે તે વિસ્તારની વસ્તી ઉપરાંત પોલીસ સ્ટેશનનો વિસ્તાર, ગુન્હાઓનું પ્રમાણ, જે તે વિસ્તારનો વિકાસ, ટ્રાફિક નિયમન, શૈક્ષણિક વિસ્તાર વિગેરે પરિબળોને ધ્યાને રાખીને મંજૂર કરવામાં આવે છે. જે મુજબ રાજકોટ અને મોરબી શહેર તથા મોરબી તાલુકામાં પોલીસ મહેકમની વિગતો નીચે મુજબ છે :–

| ક્રમ | જિલ્લા/શહેર | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧. | રાજકોટ શહેર | ૨૦૫૨ | ૧૪૩૬ | ૬૧૬ |
| ૨. | મોરબી શહેર | ૫૮૫ | ૩૪૯ | ૨૩૬ |
| ૩. | મોરબી તાલુકા | ૬૨ | ૫૫ | ૦૭ |

(૩) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી

લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ : ૧૩૨ ઉમેદવારોની રાજકોટ જિલ્લામાં અને કુલ : ૧૧૫ ઉમેદવારોની મોરબી જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ./પી.એસ.આઈ.ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

### ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ

* ૨૪૪૯૪ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ક્ષાર નિવારણ યોજના હેઠળ કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે, અને | (૧) (૧) અલંગ ટી.આર., (૨) જશપરા બંધારા તથા (૩) તવેડા આર.આર.ની ક્ષાર નિવારણની કામગીરી પુર્ણ થયેલ છે. |
| (૨) તેનાથી કેટલી જમીનને લાભ થયેલ છે ? | (૨) ૧૨૦૦ હેક્ટર. |

### કચ્છ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ

* ૨૫૬૦૯ ડૉ. નિમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) કુલ ૧૩૯૦૨ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

### મહીસાગર જિલ્લામાં વારસાઈ એન્ટ્રી બાબત

* ૨૩૬૯૧ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખેતીની જમીનની વારસાઈ એન્ટ્રીની કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૯૬૮ |
| ખાનપુર | ૬૧૪ |
| સંતરામપુર | ૧૩૬૫ |
| કડાણા | ૬૬૦ |
| બાલાસિનોર | ૧૧૬૭ |
| વીરપુર | ૯૧૪ |
| કુલ | ૬૬૮૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૨)

| તાલુકાનું નામ | અરજીઓનો નિકાલ કરી પાડેલ એન્ટ્રીઓ | નિકાલ કરેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| લુણાવાડા | ૧૯૬૮ | ૧૯૫૧ |
| ખાનપુર | ૬૧૪ | ૬૧૪ |
| સંતરામપુર | ૧૩૬૫ | ૧૩૬૫ |
| કડાણા | ૬૬૦ | ૬૫૦ |
| બાલાસિનોર | ૧૧૬૭ | ૧૧૬૭ |
| વીરપુર | ૯૧૪ | ૮૯૯ |
| કુલ | ૬૬૮૮ | ૬૬૪૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) કોઈ અરજીઓ પડતર નથી. પરંતુ એન્ટ્રીઓ પડતર છે. જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પડતર એન્ટ્રીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૭ |
| ખાનપુર | – |
| સંતરામપુર | – |
| કડાણા | ૧૦ |
| બાલાસિનોર | – |
| વીરપુર | ૧૫ |
| કુલ | ૪૨ |

(૪) ઉક્ત બાકી અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) પડતર એન્ટ્રીઓનો નિકાલ સત્વરે કરવામાં આવશે.

### ખંભાલિયા તાલુકાના નાનામાંઢા ગામે તળાવનું એસ્સાર કંપની દ્વારા પુરાણ બાબત

* ૨૪૯૨૫ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના મહેસૂલ વિભાગ હસ્તક સરોવરો, તલાવડી, જળાશયની જમીન નિકાલ કરવા પર તા. ૨૭–૦૮–૨૦૦૧ના ઠરાવથી પ્રતિબંધ મુકેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા તાલુકાના નાનામાંઢા ગામે આવેલા તળાવને એસ્સાર કંપની દ્વારા તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ગેરકાયદેસર પુરાણ કરી તેનો નિકાલ કરી રહ્યા છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત તળાવનું સંરક્ષણ કરવા તથા મૂળ સ્થિતિમાં જાળવી રાખવા શી કાર્યવાહી કરવામાં આવી અને જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બનાસકાંઠા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૩૯૨૭ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી/વિદેશી દારૂ પકડાયો,

(૧)

| તાલુકાનું નામ | દેશી દારૂના જથ્થાની કિંમત (રૂપિયા) | વિદેશી દારૂના જથ્થાની કિંમત (રૂપિયા) |
|---|---|---|
| પાલનપુર | ૨૬૯૨૨૦ | ૫૩૦૨૮૯૧ |
| વડગામ | ૫૩૫૬૦ | ૨૯૬૭૭૬૯ |
| દાંતા | ૪૪૩૦૦ | ૩૫૯૨૩૫૦ |
| ડીસા | ૬૪૯૦૦ | ૧૬૪૪૬૮૩૦ |
| અમીરગઢ | ૧૫૧૦૦ | ૧૨૧૬૮૩૬૦ |
| લાખણી | ૧૩૬૦૦ | ૧૪૯૦૯૩૦ |
| દાંતીવાડા | ૧૭૩૮૦ | ૧૬૯૮૬૮૨૦ |
| ધાનેરા | ૨૦૮૪૦ | ૧૫૫૪૧૯૦૭ |
| થરાદ | ૨૦૯૪૦ | ૧૦૫૦૦૧૦૦ |
| વાવ | ૭૫૨૦ | ૪૩૮૬૬૫૦ |
| સુઇગામ | ૧૪૬૦ | ૨૩૩૯૩૦૦ |
| દિયોદર | ૧૪૯૨૦ | ૨૬૬૪૧૩૦ |
| ભાભર | ૮૭૬૦ | ૧૧૭૩૧૫૫ |
| કાંકરેજ | ૨૭૫૨૦ | ૮૯૪૭૩૫૦ |

(૨) તે અન્વયે કયા પોલીસ સ્ટેશનની હદમાંથી

(૨)

સૌથી વધુ દારૂ પકડાયો, અને

| કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ દારૂ પકડાયો | |
|---|---|
| દેશી | વિદેશી |
| પાલનપુર તાલુકા | ધાનેરા |

(૩) ઉક્ત જિલ્લામાં દારૂનું વેચાણ અટકાવવા સરકારે શા પગલાં લીધા ?

(૩) જિલ્લામાં દારૂ વેચાણની પ્રવૃત્તિ અટકે તે માટે તાબાના અધિકારીઓ/કર્મચારીઓ દ્બારા પેટ્રોલીંગ, નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ તથા પ્રોહિબીશન અંતર્ગત નિયમિત ડ્રાઈવનું આયોજન કરી તેમજ ખાનગી રાહે બાતમી હકિકતો મેળવી ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિ કરનારાઓ ઉપર સફળ રેઈડો કરી કેસ કરવામાં આવે છે. લોક–દરબાર વિગેરે યોજી આવી બદી નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરિકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે. તેમજ અવારનવાર આ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પકડાયેલા આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિબીશન ધારા કલમ ૯૩, તડીપાર, પાસા જેવા કેસ મૂકી જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

જામનગર જિલ્લામાં ખરીફ કૃષિ મહોત્સવ

* ૨૩૬૩૩ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ કૃષિ મહોત્સવ–૨૦૧૫ જામનગર જિલ્લામાં કુલ કેટલા સ્થળે યોજવામાં આવેલ, અને | (૧) કુલ ૧૭ સ્થળે. |
| (૨) તેમાં કેટલા સહાય ચેક/મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવેલ ? | (૨) કુલ ૧૨,૫૫૨ સહાય ચેક/મંજૂરી પત્રો. |

વિરમગામ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

* ૨૪૬૧૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ જિલ્લાની વિરમગામ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સને–૨૦૧૫–૧૬મા તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કુલ કેટલી રકમ ચુકવવામાં આવેલ છે ? | રૂ. ૨૩.૨૫/– લાખ. |

કલોલ તાલુકામાં સબ જેલ બનાવવા બાબત

* ૨૪૪૧૩ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સબ જેલ બનાવવા માટે સરકારમાં કોઈ આયોજન કે વિચારણા કરવામાં આવેલ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કલોલમાં સબ જેલ ક્યારે કઈ જગ્યાએ બનાવવામાં આવશે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સબ જેલ બનાવવા કેટલો ખર્ચનો અંદાજ છે ? | |

રાજ્યમાં પશુધન વસ્તી ગણતરી

* ૨૩૬૯૭ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પશુધનની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લે પશુધન વસ્તી ગણતરી તા.૧૫–૧૦–૨૦૧૨ નાં રોજ કરવામાં આવી. |

(૨) ઉક્ત પશુ વસ્તી ગણતરી અન્વયે રાજ્યમાં ગાય, ભેંસ, બકરા, ઉંટની કુલ કેટલી સંખ્યા છે ?

(૨) ગુજરાત રાજ્યમાં ગાય, ભેંસ, બકરાં અને ઉંટની કુલ સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ગાય | – | ૯૯,૮૩,૯૫૩ |
| ભેંસ | – | ૧૦૩,૮૫,૫૭૪ |
| બકરાં | – | ૪૯,૫૮,૯૭૨ |
| ઉંટ | – | ૩૦,૪૧૫ |

વિજાપુર તાલુકામાં સરકારી જમીન પર દબાણ બાબત

* ૨૪૩૯૨ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી જમીનો ઉપરના કેટલા દબાણો દુર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા દબાણો દુર કરવાના બાકી છે તથા તે કેટલા સમયમાં દુર થશે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી જમીનો ઉપરના દબાણો નીચે મુજબ દુર કરવામાં આવેલ છે.

વર્ષ–૨૦૧૪–૧૫ – ૧૫
વર્ષ–૨૦૧૫–૧૬ – ૧૨
------------------
દુર કરેલ કુલ દબાણો – ૨૭

(૨) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ૩૯ દબાણો દુર કરવાના બાકી છે જે માટે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

વલસાડ જિલ્લામાં માવઠાથી ફળાઉ ઝાડને નુકશાન સામે સહાય

* ૨૫૪૨૨ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર ફળાઉ ઝાડને વરસાદના માવઠાના કારણે થયેલ નુકશાન પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

| | તાલુકો | વર્ષ–૨૦૧૪ (તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪) રૂ. | વર્ષ–૨૦૧૫ (તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫) રૂ. |
|---|---|---|---|
| ૧ | વલસાડ | શૂન્ય | ૪,૮૩,૩૪,૮૦૦ |
| ૨ | પારડી/વાપી | | ૩,૫૮,૯૮,૬૮૦ |
| ૩ | ઉંમરગામ | | ૧,૪૩,૦૫,૮૬૦ |
| ૪ | ધરમપુર | | ૭૩,૨૮,૦૮૦ |
| ૫ | કપરાડા | | ૨૫,૮૯,૬૨૦ |

સૌની યોજના બાબત

*૨૫૩૭૬ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ''સૌની યોજના'' નો અમલ કયા વર્ષમાં થયો અને આ યોજના કયા વર્ષમાં પૂર્ણ કરવાનો અંદાજ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ''સૌની યોજના'' નો અમલ વર્ષ ૨૦૧૩–૧૪ માં થયો. આ યોજના બજેટ જોગવાઈ અનુસાર તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) રૂ. ૧૨,૧૬૬ કરોડ

(૩) વર્ષ ૨૦૧૪ રૂ. ૧૩૮૬.૧૪ કરોડ
વર્ષ ૨૦૧૫ રૂ. ૩૨૦૦.૭૯ કરોડ

જુનાગઢ જિલ્લામાં ખરાબાની જમીન ઉપર દબાણ બાબત

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૩૬૮૯ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખરાબાની જમીનો પર કેટલા દબાણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જમીન પરના દબાણ દૂર કરવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પ્રયત્ન કર્યા છે, અને

(૩) કેટલા સમયમાં આ જમીન પરના દબાણ દૂર કરવામાં આવશે ?

જવાબ

(૧)

| તાલુકો | દબાણોની સંખ્યા |
|---|---|
| જુનાગઢ–શહેર | ૧૨ |
| જુનાગઢ–ગ્રામ્ય | ૬ |
| વંથલી | ૧૫ |
| માણાવદર | ૪ |
| વિસાવદર | ૩ |
| ભેંસાણ | ૦ |
| મેંદરડા | ૩ |
| માળીયાહાટીના | ૦ |
| કેશોદ | ૨૨ |
| માંગરોળ | ૮ |
| કુલ | ૭૩ |

(૨) કુલ–૭૩ દબાણો પૈકી લેન્ડ રેવન્યુ કોડ–૬૧ તળે કેસ દાખલ કરી ૫૫ દબાણ કેસોમાં દંડ વસુલ કરી દબાણ ખુલ્લું કરવાના હુકમો કરવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ ૧૮ કેસોમાં લે.રે. કો.–૬૧ તળે કાર્યવાહી ગતિમાં છે. જે પૂર્ણ થયેથી નિયમોનુસાર દબાણ દુર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

### દાહોદ જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

* ૨૫૪૪૭ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ શહેર અને જિલ્લામાં પોલીસ ખાતાનાં મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| ક્રમ | શહેર–જિલ્લા | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | દાહોદ શહેર | ૫૭૩ | ૨૨૧ |
| ૨ | દાહોદ જિલ્લો | ૧૩૩૦ | ૪૪૪ |

(૨) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ– ૭૦ ઉમેદવારોની દાહોદ જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ./ પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

### મલ્ટીપ્લેકસમાં પ્રાઈમટાઈમમાં ગુજરાતી ફિલ્મો બતાવવા બાબત

* ૨૩૬૭૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૦૪–૦૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે જાહેર કરેલ ગુજરાતી ફિલ્મોની નીતી અન્વયે મલ્ટિપ્લેક્સમાં પ્રાઈમ ટાઈમમાં ગુજરાતી ફીલ્મો બતાવવી એવી જોગવાઈ

જવાબ

(૧) હા, જી.

કરેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે ?

(૨) રાજ્ય સરકારે જાહેર કરેલ ગુજરાતી ફીલ્મોની નીતીમાં ગુજરાતી ચલચિત્રોની ગુણવત્તા ઉંચી આવે તે મુખ્ય આશય હોવાથી નવી નીતિમાં ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓને આર્થિક સહાયની રકમ અને કલાકાર કસબીઓને રોકડ પુરસ્કારની રકમમાં વધારો કરીને ઉત્તેજન પૂરૂ પાડવાનો હેતુ હોવાથી તે નિતિમાં મલ્ટિપ્લેક્સમાં પ્રાઇમ ટાઇમમાં ગુજરાતી ફીલ્મો બતાવવાની જોગવાઈનો સમાવેશ કરવામાં આવેલ નથી.

## શહેરા તાલુકામાં ઉદવહન સિંચાઈ યોજના

* ૨૫૩૮૭ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ શહેરા તાલુકામાં કેટલી ઉદવહન સિંચાઈ યોજનાઓ બનાવવામાં આવી, | (૧) ૪૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાઓ ક્યારથી બનાવેલ છે, | (૨) ૧૯૮૦ થી ૨૦૧૪ ના સમય ગાળામાં. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ છે અને કેટલી અધુરી છે, | (૩) ૪૬–પૂર્ણ<br>૦૩–અધુરી. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ યોજનાથી કેટલી જમીનમાં સિંચાઈ થાય છે, અને | (૪) ૧૩૧૩ હેક્ટર. |
| (૫) જો સિંચાઈ ન થતી હોય તો તેના કારણો શું છે ? | (૫) ખેડુતો/મંડળીઓ સિંચાઈ વ્યવસ્થાપન માટે આગળ આવતી ન હોવાથી વીજળીબીલના નાણાં સમયસર ભરપાઈ ન કરવાથી, હાલમાં પાણીના સોર્સમાં પાણી ઉપલબ્ધ ન હોવાથી વગેરે કારણોસર |

## ઉના તાલુકાનાં નવાબંદર પોર્ટ ડેવલપમેન્ટ માટે કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત

* ૨૫૩૫૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવાબંદર પોર્ટ ડેવલપમેન્ટ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ દરખાસ્ત મોકલેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવાબંદર પોર્ટના ડેવલપમેન્ટ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે દરખાસ્ત કે રજુઆત કરી, અને | (૨) નવાબંદર ખાતે મત્સ્યબંદર વિકસાવવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને અદ્યતન દરખાસ્ત તા.૧૫–૧૨–૨૦૧૫ના પત્ર અને અદ્યતન ડીપીઆર સાથે કરેલ છે. |
| (૩) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૩) ડીપીઆર સ્ક્રુટીનીમાં છે. |

## મોરબી અને રાજકોટ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની રકમમાં વિલંબ બાબત

* ૨૫૨૭૭ શ્રી મહંમદ જાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ખાતેદાર ખેડૂતોને અકસ્માત વીમા યોજના હેઠળ મળવાપાત્ર વીમાની રકમ પોલીસ અને પ્રાંત કચેરી (મહેસૂલ) ના સમયસર આખરી અહેવાલ ન આપવાથી આ વીમા રકમ મળતી નથી તે હકીકત સાચી છે, | (૧) અંશત: |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી તથા રાજકોટ જિલ્લામાં તે અન્વયે કેટલા ખેડૂત ખાતેદારોના વારસદારોને વર્ષવાર કયા કારણે વીમા રકમથી વંચિત રહેવુ પડ્યું, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ૧૨ અને રાજકોટ જિલ્લામાં ૨૯ ખેડૂતોના વારસદારોના કેસો પડતર છે. વર્ષવાર કારણોની વિગત *પત્રક–૧ મુજબ સામેલ છે. |

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ વીમાની રકમ ખેડૂત ખાતેદારના વારસોને મળતી અટકે નહિ તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ? | (૩) ઉક્ત સ્થિતિએ ખેડૂત ખાતેદારના વારસદારોને સમયસર વીમા સહાય મળી રહે તે માટે વીમા નિયામકની કચેરીને અરજી મળ્યેથી જરૂરી ચકાસણી કરી ખુટતા સાધનિક આધારો રજુ કરવા માટે વીમા નિયામકની કચેરી દ્વારા નિયમિત આ સંબંધે જરૂરી પત્ર વ્યવહાર કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએથી પણ અરજદારશ્રીનો સંપર્ક કરી બાકી સાધનિક આધારો મેળવવા પુરતા પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત ખાતા કક્ષાએ યોજવામાં આવતી સમીક્ષા બેઠકમાં પણ આ બાબતે સમીક્ષા કરી ખેડૂત ખાતેદારના વારસદારોને વીમા સહાય મળી રહે તે માટે પુરતા પ્રયત્ન કરવામાં આવે છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### જામનગર શહેરની મંજુરી માટે પડતર ટી.પી. સ્કીમ

* ૨૪૨૦૯ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જામનગર શહેરની કેટલી ટાઉન પ્લાનીંગ (ટી.પી.) સ્કીમો સરકારમાં મંજુરી માટે પડતર છે, | (૧) ૧ (એક) |
| (૨) ઉક્ત ટાઉન પ્લાનીંગ (ટી.પી.) સ્કીમો પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર હોય તેવી કેટલી છે, અને | (૨) એક પણ નહીં |
| (૩) આ પડતર ટી.પી. સ્કીમોનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે? | (૩) શક્ય તેટલી ઝડપથી. |

### ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ

* ૨૫૬૦૮ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) કુલ ૮૪૬૯ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

### નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓને કરાર આધારિત નિમણૂંકમાં ઉપલી વયમર્યાદા

* ૨૪૬૪૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩–૧૨–૧૯૯૬ના અને તા. ૧૫–૩–૨૦૧૨ના ઠરાવ અન્વયે નિવૃત્ત સરકારી અધિકારીઓ/કર્માચારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાની મંજૂરી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગની લેવાની થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ઠરાવો અન્વયે મજૂરી આપતી વખતે અધિકારી/કર્મચારીઓની ઉપલી વયમર્યાદા કેટલી નક્કી કરવામાં આવેલ છે કે કેટલી વયમર્યાદા સુધીના કર્મચારીઓને કરાર આધારીત નિમણૂંક આપવામાં આવે છે, અને | (૨) ૬૨ વર્ષ. |
| (૩) જો ઉપલી વયમર્યાદા ચોક્કસ નક્કી કરેલ ન હોય તો સરકાર કરાર આધારીત નિમણૂંકો આપવા શી ઉપલી વયમર્યાદા નક્કી કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### આણંદ અને વડોદરા જિલ્લામાં ગૌચર બાબત

* ૨૫૩૪૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લી પશુધન વસ્તી ગણતરી અનુસાર કેટલા ગામોમાં કેટલું ગૌચર નિયત ધોરણ કરતાં ઓછું છે,

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લી પશુધન વસ્તી ગણતરી અનુસાર નીચે મુજબ નિયત ધોરણ કરતાં ગૌચર ઓછું છે.

| જિલ્લો | ગામોની સંખ્યા | ગૌચરની ઘટ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| આણંદ | ૩૩૦ | ૭૪૧૭૨-૬૭-૭૪ |
| વડોદરા | ૩૦૮ | ૩૨૪૧૮-૦૨-૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં ગૌચર ઓછું હોવાના કારણો શા છે, અને

(૨) વર્ષ ૨૦૧૨ની પશુધન ગણતરી અનુસાર આણંદ જીલ્લામાં ૧,૨૮,૯૧૨ તથા વડોદરા જીલ્લામાં ૧,૦૯,૮૬૧ નો વધારો થવાથી.

(૩) ઉક્ત ગામોમાં ખૂટતાં ગૌચરની ક્યાં સુધીમાં પૂર્તતા કરવામાં આવનાર છે ?

(૩) ગૌચર નીમ કરવા અંગેની દરખાસ્ત મળેથી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

માણાવદર, વંથલી અને મેંદરડા નગરપાલિકામાં સફાઈ કામદારોના મહેકમની મંજુરી

* ૨૪૯૨૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં આવેલી નગરપાલિકામાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ સફાઈ કામદારોનું કેટલું મહેકમ નગરપાલિકા નિયામક દ્વારા મંજુર કરવામાં આવ્યું છે,

જવાબ

(૧) નગરપાલિકા નિયામક દ્વારા તા.૩૧-ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ માણાવદર તાલુકાની માણાવદર નગરપાલિકામાં ૫૫ સફાઈ કામદાર તથા વંથલી તાલુકાની વંથલી નગરપાલિકામાં ૨૧ સફાઈ કામદારોનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે. મેંદરડા તાલુકામાં એક પણ નગરપાલિકા આવેલ ન હોઈ મહેકમ મંજુર કરવાનું થતું નથી.

(૨) ઉપરોક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓની કેટલી દરખાસ્ત નગરપાલિકા નિયામક પાસે પડતર છે, અને

(૨) ઉપરોક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓની એક પણ દરખાસ્ત નગરપાલિકા નિયામક પાસે પડતર નથી.

(૩) તે ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવનાર છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ માટે લોકફાળાના લોખંડ બાબત

* ૨૫૧૨૭ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ અન્વયે કુલ કેટલું લોખંડ લોકફાળા પેટે એકત્ર કરવામાં આવ્યું,

જવાબ

(૧) ૧૩૪.૧૪૫ મે.ટન.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ લોખંડ કયા સ્થળે રાખવામાં આવેલ છે, અને

(૨) આ લોખંડ આ કામના ઈજારદાર મે. લાર્સન એન્ડ ટુબ્રો લી.ને સોંપવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટ અંતર્ગતની કામગીરી કોના મારફતે, ક્યારે અને કેટલા ખર્ચે, કેટલા સમયમાં પૂર્ણ કરાવવા માટે શું આયોજન કરેલ છે ?

(૩) આ પ્રોજેક્ટ મેસર્સ લાર્સન એન્ડ ટુબ્રોને તા.૨૭-૧૦-૨૦૧૪ના રોજ રૂ. ૨૯૮૯ કરોડના ખર્ચે આપવામાં આવેલ છે. આ કામની સમયમર્યાદા ૪૨ માસ રાખેલ છે.

ધરમપુર તાલુકામાં ચેકડેમ

* ૨૪૪૯૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં કુલ કેટલા ચેકડેમો બનાવ્યા છે, અને

જવાબ

(૧) કુલ ૧૯ ચેકડેમો બનાવવામાં આવ્યા.

(૨) આ કામોની કુલ અંદાજીત કિંમત કેટલી છે ?

(૨) રૂ. ૨૮૩.૫૪ લાખ.

મહેસાણા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૪૬૧૫ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૪માં ૧૩૭૦<br>વર્ષ ૨૦૧૫માં ૮૭૫. |

### પોલીસ અધિક્ષકશ્રી જૂનાગઢ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૪૬૧૬ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢની કચેરી હસ્તક એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

### અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોનું આઈ.જી.પી. કક્ષાના અધિકારી દ્વારા નિરીક્ષણ

* ૨૩૭૨૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ દરમ્યાન અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોમાં, જેલ મેન્યુઅલ મુજબ રાજ્યના આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ વર્ષમાં એક પણ વખત જેલોના વોર્ડ, યાર્ડ કે બેરેકનું નિરીક્ષણ કરેલ નથી તે હકીકત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ નિરીક્ષણ ન કરવાના કારણો શા છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આ નિરીક્ષણ નિયમિત થાય તે માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યું? | |

### અમદાવાદ જિલ્લામાં ગણોતધારા અન્વયે જમીનની ખરીદ કિંમત ભરાયાના કેસ

* ૨૩૬૬૩ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૫૮૩૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? | (૨) ૭૨. |

### જામનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમાની બાકી રકમ

* ૨૫૩૨૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે, | (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૪ અને સને ૨૦૧૫ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા માટેની તાલુકાવાર પત્રક–૧ મુજબ અરજીઓ મળેલ છે. |

પત્રક–૧

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪માં | વર્ષ ૨૦૧૫માં | કુલ |
|---|---|---|---|---|

| | | મળેલ અરજીઓની સંખ્યા | મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૦ | ૧૭ | ૪૭ |
| ૨ | ધ્રોલ | ૯ | ૪ | ૧૩ |
| ૩ | જોડીયા | ૫ | ૩ | ૮ |
| ૪ | કાલાવાડ | ૧૦ | ૧૨ | ૨૨ |
| ૫ | જામજોધપુર | ૧૩ | ૧૦ | ૨૩ |
| ૬ | લાલપુર | ૧૨ | ૧૩ | ૨૫ |
| | કુલ | ૭૯ | ૫૯ | ૧૩૮ |

(૨) તે પૈકી કેટલા ખેડૂતના વારસદારોને સહાય ચૂકવવામાં આવી,

(૨) જામનગર જિલ્લામાં સને ૨૦૧૪ અને સને ૨૦૧૫ના વર્ષમાં સહાય ચુકવવામાં આવેલ ખેડૂતોના વારસદારોની સંખ્યાની વિગતો પત્રક-૨ મુજબ છે.

પત્રક-૨

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪માં વીમા સહાય ચુકવવામાં આવેલ ખેડૂતોના વારસદારોની સંખ્યા | વર્ષ ૨૦૧૫માં વીમા સહાય ચુકવવામાં આવેલ ખેડૂતોના વારસદારોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૩ | ૧૧ | ૩૪ |
| ૨ | ધ્રોલ | ૭ | ૩ | ૧૦ |
| ૩ | જોડીયા | ૧ | ૦ | ૧ |
| ૪ | કાલાવાડ | ૬ | ૮ | ૧૪ |
| ૫ | જામજોધપુર | ૬ | ૬ | ૧૨ |
| ૬ | લાલપુર | ૧૦ | ૯ | ૧૯ |
| | કુલ | ૫૩ | ૩૭ | ૯૦ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) જામનગર જિલ્લામાં સને ૨૦૧૪ અને સને ૨૦૧૫ના વર્ષમાં નામંજૂર થયેલ અરજીઓની વિગત પત્રક-૩ મુજબ છે.

પત્રક-૩

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪માં નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા | વર્ષ ૨૦૧૫માં નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૩ | ૦ | ૩ |
| ૨ | ધ્રોલ | ૦ | ૦ | ૦ |
| ૩ | જોડીયા | ૦ | ૦ | ૦ |
| ૪ | કાલાવાડ | ૧ | ૦ | ૧ |
| ૫ | જામજોધપુર | ૪ | ૦ | ૪ |
| ૬ | લાલપુર | ૦ | ૧ | ૧ |
| | કુલ | ૮ | ૧ | ૯ |

(૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો નિકાલ કરી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

(૪) લાભાર્થી અરજદાર પાસેથી માંગવામાં આવેલ સાધનિક કાગળો મળ્યેથી પડતર રહેલ અરજીઓ અંગેનો

આખરી નિર્ણય લઈ સત્વરે સહાય ચુકવવામાં આવશે.

રાજ્યમાં કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સહાય બાબત

* ૨૩૯૨૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્યમાં કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેવા પ્રકારની કેટલી સહાય ચુકવવામાં આવે છે, અને, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક પણ કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાંકીય સહાય આપવામાં આવેલ નથી તે હકીકત સાચી છે અને જો હા તો તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડાંગ જિલ્લામાં મોટા ચેકડેમ

* ૨૪૪૯૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં બનાવેલ ચેકડેમોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | બનાવેલ ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | આહવા | ૦૪ |
| ૨ | વઘઈ | ૦૧ |
| | કુલ | ૦૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની કુલ સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) ૧૮.૫૭ મીલીયન ઘન ફૂટ. |
| (૩) કુલ લાભિત વિસ્તાર કેટલો છે? | (૩) ૧૪૮.૦૦ હેક્ટર. |

રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

* ૨૪૬૦૭ શ્રીમતી ભાનુબેન બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જીલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ માટે રેલ્વે અન્ડરબ્રીજ માટે રૂ. ૧૮.૭૫ કરોડની, પાણી પુરવઠા યોજનાઓ માટે રૂ. ૬૦.૦૩ કરોડનો અને આંતરમાળખાકીય વિકાસના કામો માટે રૂ. ૫૪.૨૮ કરોડના કામો માટે મંજુરીઓ/ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને તે પરત્વે કેટલા કામો મંજુર થયેલ છે, અને | (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં જુદી જુદી નગરપાલિકાઓને નીચે મુજબની રકમ ચુકવવામાં આવેલ છે. |

(રૂ. કરોડમાં)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં ચુકવવામાં આવેલ રકમ | | | કુલ ચુકવવામાં આવેલ રકમ |
|---|---|---|---|---|---|
| | | પાણી પુરવઠાના કામો માટે | રેલ્વે ઓવરબ્રીજ /અન્ડર બ્રીજના કામો માટે | આંતર માળખાકીય વિકાસના કામો માટે | |
| ૧. | ઉપલેટા | ૦.૦૦ | ૦.૦૦ | ૬.૨૫ | ૬.૨૫ |
| ૨. | જસદણ | ૦.૦૦ | ૦.૦૦ | ૪.૭૫ | ૪.૭૫ |
| ૩. | જેતપુર–નવાગઢ | ૬.૯૬ | ૬.૦૦ | ૯.૨૫ | ૨૨.૨૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪. | ધોરાજી | ૧૦.૭૦ | ૦.૦૦ | ૬.૨૫ | ૧૬.૯૫ |
| ૫. | ગોંડલ | ૧૦.૬૪ | ૩.૩૭ | ૧૨.૫૩ | ૨૬.૫૪ |
| ૬. | ભાયાવદર | ૧.૮૩ | ૦.૦ | ૨.૨૫ | ૪.૦૮ |
| | કુલ | ૩૦.૧૩ | ૯.૩૭ | ૪૧.૨૮ | ૮૦.૭૮ |
| આ પરત્વે કુલ ૧૯૬ કામો મંજુર થયેલ છે. | | | | | |

(૩) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મંજુર કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયેલ છે?

(૩) ઉપરોક્ત કામો પૈકી તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૩૫ કામો પૂર્ણ થયેલ છે.

### સાબરકાંઠા જિલ્લામાં જમીનના રી-સર્વે બાબત

* ૨૪૨૯૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનની રી-સરવે માપણી બાદ થયેલ પ્રમોલગેશન દરમિયાન થયેલ ક્ષેત્રફળ ફેરફાર અંગેની કેટલી વાંધા અરજીઓ સરકારને મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને ક્યાં સુધીમાં તેનો નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનની રી-સર્વે માપણી બાદ થયેલ ક્ષેત્રફળ ફેરફાર અંગે મળેલ વાંધા અરજીઓ અંગેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ વાંધા અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ | નિકાલ બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૩૧૫૦ | ૨૫૨૮ | ૬૨૨ |
| ૨ | પ્રાંતિજ | ૧૭૮૨ | ૧૭૧૮ | ૬૪ |
| ૩ | તલોદ | ૧૧૭૬ | ૧૧૭૬ | ૦૦ |
| ૪ | ઈડર | ૧૩૬૨ | ૧૨૪૩ | ૧૧૯ |
| ૫ | વડાલી | ૧૧૬૮ | ૧૧૬૮ | ૦૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૬૨૯ | ૫૭૯ | ૫૦ |
| ૭ | વિજયનગર | ૩૬૭ | ૩૬૭ | ૦૦ |
| ૮ | પોશીના | ૩૫ | ૩૫ | ૦૦ |
| | કુલ | ૯૬૬૯ | ૮૮૧૪ | ૮૫૫ |

ઉક્ત ૯૬૬૯ અરજીઓ પૈકી ૮૮૧૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકીની ૮૫૫ અરજીઓના નિકાલની કાર્યવાહી ચાલુ છે.

### એફ.એસ.એલ.માં અધિકારીઓને પુનઃ નિયુક્તિ

* ૨૫૪૪૫ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ફૉરેન્સીક સાયન્સ લેબૉરેટરીમાં કેટલા અધિકારીઓને નિવૃત્તિ બાદ પુનઃનિયુક્તિ કરવામાં આવેલ છે,

(૨) આ અધિકારીઓ નિવૃત્ત થયા બાદ કેટલા સમયથી પુનઃ નિયુક્તિથી ફરજ બજાવે છે,

(૩) ઉક્ત અધિકારીઓને પુનઃ નિયુક્તિથી નિમણૂંક આપવાના કારણે ફિડર કેડરના અધિકારીઓને બઢતી મળવામાં વિલંબ ન થાય તે માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?

જવાબ

(૧) વર્ગ-૧ના ૪ (ચાર) તથા વર્ગ-૨ના ૪ (ચાર) એમ કુલ-૮ (આઠ) અધિકારીઓને કરાર આધારિત નિમણુંક આપવામાં આવેલ છે.

(૨) આ અધિકારીઓ નિવૃત્ત થયા બાદ સાત માસથી લઈ આઠ વર્ષ નવ માસ સુધીના સમયથી ફરજ બજાવે છે.

(૩) જે સંવર્ગમાં બઢતી માટે ફીડર કેડરમાં લાયકાત ધરાવતાં અધિકારીઓ ઉપલબ્ધ નથી, તે સંવર્ગમાં આ અધિકારીઓને તેમની કામગીરી ધ્યાને લઈ, નિયત મુદત માટે અથવા આ જગ્યા નિયમ અનુસાર ભરાય, તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી કરારના ધોરણે નિમણુક આપવામાં આવેલ છે. જેને કારણે ફીડર કેડરના અધિકારીઓને બઢતી મળવામાં વિલંબ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### નાસકાંઠા જિલ્લામાં પોલીસની આરોગ્ય તપાસણી

* ૨૫૬૧૦ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠાની કચેરીમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) ૧૬૨૯. |

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગોમાં મૂડી રોકાણ

* ૨૪૩૧૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં જીલ્લાવાર કેટલા મોટા, મધ્યમ અને લઘુ ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શરૂ કરવામાં આવેલ મોટા, મધ્યમ અને લઘુ ઉદ્યોગોની વિગત નીચે મુજબ છે.

સને ૨૦૧૪

| ક્રમ | જિલ્લો | મોટા | મધ્યમ | લઘુ |
|---|---|---|---|---|
| ૧. | અરવલ્લી | ૦ | ૩ | ૧૩ |
| ૨. | સાબરકાંઠા | ૪ | ૫ | ૩૦ |

સને ૨૦૧૫

| ક્રમ | જિલ્લો | મોટા | મધ્યમ | લઘુ |
|---|---|---|---|---|
| ૧. | અરવલ્લી | ૦ | ૩ | ૧૩ |
| ૨. | સાબરકાંઠા | ૦ | ૨ | ૩૦ |

(૨) ઉક્ત ઉદ્યોગોમાં કેટલું મૂડી રોકાણ જીલ્લાવાર થયું?

(૨) ઉક્ત ઉદ્યોગોમાં જિલ્લાવાર થયેલ મૂડી રોકાણની વિગત નીચે મુજબ છે. (રકમ રૂ. કરોડમાં)

| ક્રમ | જિલ્લો | મોટા | મધ્યમ | લઘુ |
|---|---|---|---|---|
| ૧. | અરવલ્લી | ૦ | ૬૩.૨૧ | ૭૫.૫૭ |
| ૨. | સાબરકાંઠા | ૨૩૧.૦૦ | ૭૨.૦૮ | ૧૩૧.૯૦ |

### બનાસકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૪૦૯૨ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વારસાઈ હક્કની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી,

જવાબ

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ વર્ષ–૨૦૧૪ | મળેલ અરજીઓ વર્ષ–૨૦૧૫ | કુલ |
|---|---|---|---|
| વડગામ | ૧૧૧૮ | ૬૩૮ | ૧૭૫૬ |
| પાલનપુર | ૨૨૨૭ | ૬૫૩ | ૨૮૮૦ |
| સૂઈગામ | ૪૭૪ | ૨૧૧ | ૬૮૫ |
| દાંતા | ૮૯૪ | ૨૧૮ | ૧૧૧૨ |
| અમીરગઢ | ૫૧૮ | ૧૪૪ | ૬૬૨ |
| દાંતીવાડા | ૭૩૪ | ૨૬૨ | ૯૯૬ |
| વાવ | ૧૨૪૪ | ૨૬૩ | ૧૫૦૭ |
| ડીસા | ૨૦૧૫ | ૮૩૬ | ૨૮૫૧ |
| ભાભર | ૯૧૩ | ૨૨૪ | ૧૧૩૭ |
| દિયોદર | ૫૦૮ | ૩૭૦ | ૮૭૮ |
| ધાનેરા | ૯૦૭ | ૪૯૩ | ૧૪૦૦ |

| | | | |
|---|---|---|---|
| લાખણી | ૭૩૩ | ૨૨૯ | ૯૬૨ |
| થરાદ | ૧૧૯૪ | ૪૦૮ | ૧૬૦૨ |
| કાંકરેજ | ૭૦૯ | ૭૭૮ | ૧૪૮૭ |
| કુલ | ૧૪૧૮૮ | ૫૭૨૭ | ૧૯૯૧૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી અને એન્ટ્રીઓ પાડવામાં આવી અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | અરજીઓ મંજુર કરી પાડવામાં આવેલ એન્ટ્રીઓ | મંજુર કરેલ એન્ટ્રીઓ | નામંજુર કરેલ એન્ટ્રીઓ |
|---|---|---|---|
| વડગામ | ૧૭૫૬ | ૧૬૩૬ | ૮૨ |
| પાલનપુર | ૨૮૮૦ | ૨૭૧૦ | ૧૩૦ |
| સૂઈગામ | ૬૮૫ | ૬૩૩ | ૪૩ |
| દાંતા | ૧૧૧૨ | ૧૦૪૨ | ૪૯ |
| અમીરગઢ | ૬૬૨ | ૫૭૭ | ૬૭ |
| દાંતીવાડા | ૯૯૬ | ૯૧૫ | ૭૮ |
| વાવ | ૧૫૦૭ | ૧૩૯૭ | ૧૦૨ |
| ડીસા | ૨૮૫૧ | ૨૬૩૬ | ૧૩૨ |
| ભાભર | ૧૧૩૭ | ૧૦૯૭ | ૨૦ |
| દિયોદર | ૮૭૮ | ૮૨૫ | ૧૬ |
| ધાનેરા | ૧૪૦૦ | ૧૨૭૧ | ૮૭ |
| લાખણી | ૯૬૨ | ૯૦૪ | ૩૯ |
| થરાદ | ૧૬૦૨ | ૧૪૫૩ | ૧૦૩ |
| કાંકરેજ | ૧૪૮૭ | ૧૩૨૮ | ૮૪ |
| કુલ | ૧૯૯૧૫ | ૧૮૪૨૪ | ૧૦૩૨ |

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) અરજીઓ પડતર નથી. પરંતુ ૩૫૫ એન્ટ્રીઓ પડતર છે. જેનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

### સાબરકાંઠા જિલ્લામાં મલ્ટીક્રોપ થ્રેસર

* ૨૫૩૬૯ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં પોસ્ટ હાર્વવેસ્ટ ટેકનોલોજી યોજના હેઠળ મલ્ટીક્રોપ થ્રેસરની ખરીદી માટે કેટલા ખેડૂતોને પ્રાથમિક મંજુરી આપવામાં આવેલ,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોએ ખરીદી કરી,

(૩) તા. ૩૧–૧–૨૦૧૬ સુધીમાં કેટલા ખેડૂતોને સહાય ચુકવવામાં આવી અને કેટલા બાકી છે, અને

(૪) બાકી સહાય કયાં સુધીમાં ચુકવી આપવામાં આવશે?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં પોસ્ટ હાર્વવેસ્ટ ટેકનોલોજી યોજના હેઠળ મલ્ટીક્રોપ થ્રેસરની ખરીદી માટે કોઈ પણ ખેડૂતોની અરજી મળેલ ન હોઈ, પ્રાથમિક મંજુરી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

### સાવરકુંડલા નગરપાલિકાના વોટર વર્કસના વિજબીલ, ઓકટ્રોય વળતર ગ્રાંટમાંથી કપાત ન કરવા બાબત

* ૨૩૭૦૮ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ નગરપાલિકાના વોટર વર્કસ વીજ બીલની બાકી રકમ ઓકટ્રોય વળતર ગ્રાન્ટમાંથી કપાત ન કરવા ૨૦૧૬ ના વર્ષમાં સાવરકુંડલા નગરપાલિકાએ કોઈ દરખાસ્ત કે રજુઆત કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) હા,

(૨) રાજ્યની નગરપાલિકાઓના વોટર વર્કસ અને સ્ટ્રીટ

લાઈટના તા. ૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ બાકી વીજ બીલની મુદ્દલ રકમ એકીસાથે સબંધિત વીજ કંપનીને ચુકવી શકાય તે હેતુથી શહેરી વિકાસ અને શહેરી ગૃ.નિ.વિભાગના તા.૬–૧–૨૦૧૫ના ઠરાવ ક્રઃનપલ–૪૫૨૦૧૪–યુઓઆર–૪૦–મ થી યોજના અમલમાં મુકેલ છે. ઠરાવની જોગવાઈ મુજબ બાકી વીજ બીલની મુદ્દલ રકમનું ચુકવણું સબંધિત વીજ કંપનીને કરતાં પહેલા નગરપાલિકાએ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ સાથે સમજુતી કરાર કરવાનો થાય છે. અને સમજુતી કરાર કર્યાબાદ વીજ કંપનીને બાકી વિજબીલની ચુકવણી કર્યાબાદ આ રકમની વસુલાત નગપાલિકાને ચુકવવામાં આવતી ઓકટ્રોય વળતર ગ્રાન્ટમાંથી કરવાની થાય છે. પરંતુ સાવરકુંડલા નગરપાલિકાએ આ બાબતે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ સાથે સમજુતિ કરાર કરેલ ન હોવાથી ઓકટ્રોય વળતર ગ્રાન્ટમાંથી કપાત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ઉનાવા (મીરાંદાતાર) ખાતે પોલીસ કાફલો વધારવા બાબત

* ૨૪૩૭૨ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉંઝા તાલુકાના પવિત્ર યાત્રાધામ ઉનાવા (મીરાંદાતાર) ખાતે રાખવામાં આવતો પોલીસ કાફલો ખૂબ જ મર્યાદિત સંખ્યામાં હોઈ રોજબરોજની વ્યવસ્થા માટે પોલીસ કુમક વધારવા માટે તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજી કે ફરીયાદ મળેલ છે, અને | (૧) એક પણ અરજી કે ફરીયાદ મળેલ નથી. |
| (૨) તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેનના ખર્ચ બાબત

* ૨૩૬૯૨ પ્રો.હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેન માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેન માટે કુલ રૂ. ૧૦૧૩.૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) ઈસ્ટ–વેસ્ટ કોરીડોરની વસ્ત્રાલ ગામથી અપેરલ પાર્ક વચ્ચેની બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. નોર્થ–સાઉથ કોરીડોરનું જીઓ. ટેકનિકલ ઈન્વેસ્ટીગેશનનું ૮૦ ટકા કામ પુરૂ કરેલ છે. ઉપરાંત ગ્યાસપુર ડેપોમાં બાઉન્ડ્રી વોલ,અર્થવર્ક અને લેન્ડગ્રેડિંગની કામગીરી ચાલુ છે. |
| (૩) ઉકત સ્થિતિએ આ મેટ્રો ટ્રેનની કામગીરી માટે કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી ? | (૩) રૂ. ૧૦૦ કરોડ |

### દેવભૂમિ દ્વારકા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવા બાબત

* ૨૪૯૨૬ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫ના ચોમાસામાં અનિયમિત અને અપૂરતો વરસાદ પડવાથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પીવાના પાણી તથા ઘાસચારાની ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, | (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પીવાના પાણી તથા ઘાસચારાની ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ નથી. |
| (૨) જા હા, તો આ સમસ્યાનાં નિરાકરણ માટે તાત્કાલિક આનાવારી કરી અછતગ્રસ્ત જાહેર કરવાની કામગીરી ઉકત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) આનાવારીની પ્રક્રીયા પૂર્ણ થયેલ છે. બાબત સરકારની વિચારણા હેઠળ છે. |

(૩) તે ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવનાર છે? (૩) બનતી ત્વરાએ.

બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૩૯૨૮ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખુન, લુંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને અપહરણના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | અપહરણ |
|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૧૪ | ૩૦ | ૫ | ૧૦ | ૨૪૪ | ૪૭ |
| વડગામ | ૩ | ૮ | ૬ | ૬ | ૪૩ | ૧૨ |
| દાંતા | ૧૧ | ૮ | ૧ | ૬ | ૮૧ | ૧૯ |
| ડીસા | ૧૨ | ૨૩ | ૪ | ૧૯ | ૧૮૦ | ૨૫ |
| અમીરગઢ | ૭ | ૭ | ૦ | ૦ | ૨૫ | ૭ |
| લાખણી | ૧ | ૫ | ૫ | ૯ | ૧૧ | ૬ |
| દાંતીવાડા | ૩ | ૫ | ૧ | ૬ | ૨૧ | ૧૨ |
| ધાનેરા | ૮ | ૧૦ | ૦ | ૧૦ | ૪૮ | ૮ |
| થરાદ | ૧૧ | ૮ | ૨ | ૧૯ | ૪૩ | ૮ |
| વાવ | ૨ | ૫ | ૩ | ૧ | ૧૨ | ૧૧ |
| સુઇગામ | ૬ | ૪ | ૨ | ૬ | ૩ | ૯ |
| દિયોદર | ૬ | ૫ | ૦ | ૭ | ૩૯ | ૨૦ |
| ભાભર | ૫ | ૨ | ૦ | ૭ | ૧૯ | ૮ |
| કાંકરેજ | ૯ | ૧૧ | ૧ | ૪ | ૪૧ | ૧૩ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી, અને

(૨) ૧૭૯૩.

(૩) ઉકત ગુનાખોરી અટકાવવા શા પગલા લેવામાં આવ્યા ?

(૩) આ પ્રકારના બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેંકીંગ હેઠળ નાઈટ પેટ્રોલીંગ, મોબાઈલ પેટ્રોલીંગ, કોમ્બીંગ નાઈટ, મોટર સાઈકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પેટ્રોલીંગ તેમજ નાઈટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રી સીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા ગુના કરવાવાળા તથા બહારથી મજુરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઈસમો ઉપર વોચ રાખવામાં આવે છે. તેમજ આંગડીયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કુલ, કોલેજ, એસ.ટી.સ્ટેન્ડ જેવી ભીડ-ભાડ વાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલીંગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લીક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાં લેવામાં આવે છે. મહિલાઓને થતી મુશ્કેલી નિવારવા સરકારશ્રી દ્વારા ૧૦૯૧ તથા ૧૮૧ અભયમ્ નામની હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં મામલતદાર કચેરીઓનું મહેકમ

* ૨૫૨૦૮ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર મામલતદાર કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે. અને

(૧) અને (૨) સામેલ *પત્રક-૧ મુજબ

(૨) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે?

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

(*પત્રક સચિવશ્રી ની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

વિસાવદર શહેરમાં પીવાના પાણીની નવી લાઇનો

* ૨૩૮૯૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર શહેરમાં પીવાના પાણીની જુની લાઇનો બદલી નવી લાઇનો નાખવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી લાઇનો બદલવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થતી હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી અને મળેલ ફરીયાદો અન્વયે ઉકત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂ. ૨.૯૨. કરોડ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ. ૨.૯૨ કરોડ એમ મળીને કુલ રૂ. ૫.૮૪ કરોડ ફાળવવામાં આવી,

(૨) મંજૂર થયેલ ૪૨.૦૩ કી.મી. પાઇપ લાઇન પૈકી ૩૪.૭૦ કી.મી. પાઇપ લાઇન નાખવામાં આવેલ છે અને અત્યાર સુધીમાં કુલ રૂ. ૫.૭૬ કરોડનો ૯૮.૬૩ ટકા ખર્ચ થયેલ છે.

(૩) નબળી ગુણવત્તા માટેની કોઈ ફરીયાદ મળેલ નથી.

દાહોદ જિલ્લામાં ગુનાહિત કેસ

* ૨૫૪૪૮ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર લૂંટ–ખૂન–ધાડ –બળાત્કાર અને અપહરણના કેટલા બનાવો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નોંધવામાં આવ્યા, અને

જવાબ

(૧)

| | તા.૦૧–૦૨–૨૦૧૪ થી તા.૩૧–૦૧–૨૦૧૫ | | | | | તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | લુંટ | ખૂન | ધાડ | બળાત્કાર | અપહરણ | લુંટ | ખૂન | ધાડ | બળાત્કાર | અપહરણ |
| દાહોદ | ૧૮ | ૦૮ | ૦૪ | ૦૭ | ૨૪ | ૧૧ | ૦૫ | ૦૦ | ૧૭ | ૨૯ |
| ગરબાડા | ૦૨ | ૦૭ | ૦૩ | ૦૨ | ૧૦ | ૦૨ | ૦૪ | ૦૬ | ૦૩ | ૨૦ |
| ધાનપુર | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૪ |
| દે. બારીયા | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૪ | ૧૭ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૬ | ૧૦ |
| લીમખેડા | ૦૪ | ૦૬ | ૦૧ | ૦૭ | ૧૬ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૪ | ૧૭ |
| ઝાલોદ | ૦૨ | ૦૯ | ૦૮ | ૦૧ | ૧૦ | ૦૫ | ૦૪ | ૦૪ | ૦૭ | ૧૯ |
| સંજેલી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૭ |
| ફતેપુરા | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૨ | ૧૧ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૨ | ૧૧ |

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી અને કેટલા કેસ ઉકેલાયા ?

(૨)

| | તા.૦૧–૦૨–૨૦૧૪ થી તા.૩૧–૦૧–૨૦૧૫ | તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ |
|---|---|---|
| ધરપકડ કરી | ૪૪૩ | ૩૫૩ |
| કેસ ઉકેલાયા | ૧૮૮ | ૨૦૭ |

બોરસદ તાલુકામાં બદલપુર થી તીથોર આડબંધ બનાવવા બાબત

* ૨૪૩૭૯ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બોરસદ

જવાબ

(૧) તા. ૨૭–૧૨–૨૦૧૧ ના રોજ.

તાલુકામાં મહીકાંઠાના ગામોમાં દરીયાની ભરતીથી જમીનો ખારાશવાળી થઈ છે અને આ ભરતી અટકાવવવા બદલપુરથી તીથોર આડબંધ બનાવવા ફીઝીબીલીટી રીપોર્ટ સરકારને છેલ્લા બે વર્ષમાં ક્યારે મળ્યો, અને

(૨) ઉક્ત રીપોર્ટ મળ્યા બાદ સરકાર દ્વારા આડબંધ બનાવવા શી કાર્યવાહી કરી ?

(૨) કલ્પસર યોજનાના ડૂબાણ વિસ્તારમાં બદલપુર વિયરનું સ્થળ હોવાથી, તેનું બાંધકામ હાલમાં કરવું યોગ્ય જણાયેલ નથી.

પંચમહાલ જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા સહાય

* ૨૫૩૮૮ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત યોજના હેઠળ તે અન્વયે કેટલી સહાય ચુકવી?

જવાબ

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓની વિગતો પત્રક–૧ મુજબ છે.

(૨) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂર અને નામંજૂર કરવામાં આવેલ અરજીઓની વિગતો પત્રક–૨ મુજબ છે.

(૩) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવવામાં આવેલ સહાયની વિગતો પત્રક–૩ મુજબ છે.

પત્રક–૧

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૪થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં મળેલ અરજીઓની સંખ્યા | તા. ૦૧–૦૧–૨૦૧૫થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં મળેલ અરજીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૩૧ | ૪૦ | ૭૧ |
| ૨ | મોરવા હડફ | ૧૬ | ૧૭ | ૩૩ |
| ૩ | હાલોલ | ૮ | ૮ | ૧૬ |
| ૪ | કાલોલ | ૨૯ | ૨૫ | ૫૪ |
| ૫ | ઘોઘંબા | ૨૦ | ૧૬ | ૩૬ |
| ૬ | જાંબુઘોડા | ૨ | ૧ | ૩ |
| ૭ | શહેરા | ૨૯ | ૨૩ | ૫૨ |
| | કુલ | ૧૩૫ | ૧૩૦ | ૨૬૫ |

પત્રક–૨

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૪થી તા. ૩૧–૧૨–૨૦૧૪ | | તા. ૦૧–૦૧–૨૦૧૫થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર અરજીઓની સંખ્યા | નામંજુર અરજીઓની સંખ્યા | મંજુર અરજીઓની સંખ્યા | નામંજુર અરજીઓની સંખ્યા | મંજુર અરજીઓની સંખ્યા | નામંજુર અરજીઓની સંખ્યા |
| ૧ | ગોધરા | ૯ | ૩ | ૭ | ૧ | ૧૬ | ૪ |
| ૨ | મોરવા હડફ | ૬ | ૧ | ૩ | ૦ | ૯ | ૧ |
| ૩ | હાલોલ | ૩ | ૦ | ૨ | ૦ | ૫ | ૦ |
| ૪ | કાલોલ | ૧૪ | ૩ | ૬ | ૦ | ૨૦ | ૩ |
| ૫ | ઘોઘંબા | ૮ | ૧ | ૭ | ૦ | ૧૫ | ૧ |
| ૬ | જાંબુઘોડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | શહેરા | ૧૨ | ૬ | ૭ | ૦ | ૧૯ | ૬ |
| | કુલ | ૫૩ | ૧૫ | ૩૨ | ૧ | ૮૫ | ૧૬ |

પત્રક–૩

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૪થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં ચૂકવેલ સહાય (રૂ. લાખમાં) | તા. ૦૧–૦૧–૨૦૧૫થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ચૂકવેલ સહાય (રૂ. લાખમાં) | કુલ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૯.૦૦ | ૭.૦૦ | ૧૬.૦૦ |
| ૨ | મોરવા હડફ | ૬.૦૦ | ૩.૦૦ | ૯.૦૦ |
| ૩ | હાલોલ | ૩.૦૦ | ૨.૦૦ | ૫.૦૦ |
| ૪ | કાલોલ | ૧૪.૦૦ | ૬.૦૦ | ૨૦.૦૦ |
| ૫ | ઘોઘંબા | ૮.૦૦ | ૭.૦૦ | ૧૫.૦૦ |
| ૬ | જાંબુઘોડા | ૧.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ |
| ૭ | શહેરા | ૧૨.૦૦ | ૭.૦૦ | ૧૯.૦૦ |
| | કુલ | ૫૩.૦૦ | ૩૨.૦૦ | ૮૫.૦૦ |

## દાહોદ અને અમદાવાદમાં જેલોમાંથી મળેલ પ્રતિબંધિત સામગ્રી

* ૨૪૬૫૦ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ અને અમદાવાદમાં આવેલ જેલોમાંથી કઈ પ્રતિબંધિત વસ્તુઓ અને સામગ્રી કેટલી સંખ્યામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી આવેલ છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ અને અમદાવાદની જેલમાંથી છેલ્લા બે વર્ષમાં મળી આવેલ પ્રતિબંધિત વસ્તુઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| જેલનું નામ | મળી આવેલ પ્રતિબંધિત વસ્તુ |
|---|---|
| વર્ષ ૨૦૧૪ | |
| દાહોદ | મોબાઈલ ફોન–૩, ચાર્જર નંગ–૧, સીમકાર્ડ નંગ–૧ |
| અમદાવાદ | મોબાઈલ ફોન–૨૯, પ્લાસ્ટીકની બોટલ–૨૪, પેપર પસ્તી–૭૦૦ ગ્રામ, બીડી બંડલ ૨૭૬ નંગ, લાકડાની ચલમ–૧, બુધાલાલ તમાકુની પડીકી–૩૫૮, કાપણા–૧૪, સ્ટીલના ચમચા–૨, સીગારેટ પેકેટ–૧૦, બ્લેડ–૬, ચમચી–૨, ભાતીયુ–૧, કાતર–૧, લોખંડનો સળીયો–૨, થર્મોસ–૨, નીલકટર–૪, ચલમ–૫, મોબાઈલ બેટરી–૨, લસણની ચટણી–૫ પેકેટ, ખાંડ–૫૦૦ ગ્રામ, ચા પત્તી–૫૦૦ ગ્રામ, મરચુ ૫૦૦ ગ્રામ, રૂપિયા ૮૮,૮૫૦/–ની ચલણી નોટ, ધાતુના પાના–૦૨, રૂપિયા ૪૩૨૫/–ની રકમની કેન્ટીન કુપન, ચુનાની ટોટી–૧૧, રેઝર–૧, સ્ટીલની પટ્ટી–૨, વિમલ પાન મસાલા–૧૦ |
| વર્ષ ૨૦૧૫ | |
| દાહોદ | એકપણ નહીં. |
| અમદાવાદ | મોબાઈલ ફોન–૩૨, રૂ. ૬૯,૫૦૦/–ની રકમની ચલણી નોટ, બીડીના બંડલ–૧૨૧, બુધાલાલ તમાકુની પડીકી–૧૭૬, વિમલ પાન મસાલા–૧૧, છરી–૧, મોબાઈલ બેટરી–૩, ચાર્જર–૯, બ્લેડ– |

| | |
|---|---|
| | ૧૬, રેઝર–૫, કાતર–૨, કાપણાં–૧૮, ચૂનાની ટોટી–૧૦, તમાકુના બાંધા ૨–નંગ, સ્ટીલની ચમચી–૭, અરીસો–૩, પોસ્ટકાર્ડ–૫૦, છત્રી તુટેલી–૨, ચા પતી–૧૦૦ ગ્રામ, ખાંડ–૨૦૦ ગ્રામ, સ્ટીલના વાટકા–૫, પ્લાસ્ટીક બોટલ–૧૩, અસ્ત્રો–૧, બટાકા–ડુંગળી–૨૦૦ ગ્રામ, તેલ ૫૦૦ ગ્રામ, ટાંકણું–૧, લોખંડનો સળીયો–૧, ચલમ–૨, ગંજીપાનાનો સેટ–૧ |

(૨) ઉક્ત પ્રતિબંધિત વસ્તુઓ અને સામગ્રી ગેરકાયદેસર રાખવા બદલ કેટલા કેદીઓ અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લીધા ?

(૨) ૨૩૬ કેદીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી તથા જેલ મેન્યુઅલ મુજબ જેલ શિક્ષા કરવામાં આવેલ છે. જ્યારે જવાબદાર ૮૮ અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ ખાતારાહે કાર્યવાહી કરવામાં આવેલ છે.

## જૂનાગઢ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૨૪૯૨૩ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) જુનાગઢ શહેરમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં ખુન, લુંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

(૧)

| વર્ષ | ખૂન | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૨૦૧૪ | ૦૬ | ૦૭ | ૦૨ | ૧૫ | ૦૫ |
| ૨૦૧૫ | ૦૫ | ૦૭ | ૦૦ | ૨૬ | ૦૧ |

(૨) તે અન્વયે કેટલા કિસ્સામાં આરોપીની ધરપકડ થવાની બાકી છે અને કેટલા આરોપીઓ ભાગેડું જાહેર થયા છે ?

(૨) ૧૦ કિસ્સામાં આરોપીની ધરપકડ થવાની બાકી છે. કોઈ આરોપી ભાગેડુ જાહેર થયેલ નથી.

## જૂનાગઢ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ

* ૨૫૬૧૧ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) કુલ ૭૨૫૫ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

## જામનગર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય

* ૨૫૩૨૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે,

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની અનુક્રમે કુલ ૨૮૧ અને ૧૦૯૬ અરજીઓ સરકારને મળેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખેડુતો તરફથી મળેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | |
| ૧ | કાલાવાડ | ૬૯ | ૨૭૫ | ૩૪૪ |
| ૨ | જામજોધપુર | ૨૩ | ૧૪૨ | ૧૬૫ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૬૦ | ૨૩૧ | ૨૯૧ |
| ૪ | જામનગર સીટી | ૧ | ૮ | ૯ |
| ૫ | જોડીયા | ૪૩ | ૧૩૯ | ૧૮૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ધ્રોલ | ૬૦ | ૧૭૭ | ૨૩૭ |
| ૭ | લાલપુર | ૨૫ | ૧૨૪ | ૧૪૯ |
| કુલ | | ૨૮૧ | ૧૦૯૬ | ૧૩૭૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા ખેડૂતોને તાલુકાવાર વર્ષવાર કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨) તે પૈકી કુલ ૩૯૧ અરજીઓ મંજુર કરી અને રૂ. ૧,૮૫,૮૫,૦૦૦/– ની સહાય ખેડુતોને ચુકવવામાં આવી. જેની તાલુકાવાર વર્ષવાર વિગત નીચે મુજબ છે.

વર્ષ –૨૦૧૪

| અ. નં. | તાલુકાનું નામ | પૂર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કાલાવાડ | ૬૮ | ૫૩ | ૫૧ |
| ૨ | જામજોધપુર | ૨૧ | ૧૬ | ૧૪ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૬૦ | ૫૫ | ૪૯ |
| ૪ | જામનગર સીટી | ૧ | ૧ | ૧ |
| ૫ | જોડીયા | ૪૨ | ૩૩ | ૨૧ |
| ૬ | ધ્રોલ | ૫૭ | ૪૪ | ૩૬ |
| ૭ | લાલપુર | ૨૩ | ૧૭ | ૧૪ |
| કુલ | | ૨૭૨ | ૨૧૯ | ૧૮૬ |

વર્ષ–૨૦૧૫

| અ. નં. | તાલુકાનું નામ | પૂર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કાલાવાડ | ૧૩૩ | ૭૦ | ૬૪ |
| ૨ | જામજોધપુર | ૭૪ | ૩૦ | ૨૫ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૧૨૫ | ૫૯ | ૪૯ |
| ૪ | જામનગર સીટી | ૧ | ૧ | ૧ |
| ૫ | જોડીયા | ૭૯ | ૧૫ | ૧૨ |
| ૬ | ધ્રોલ | ૯૫ | ૪૦ | ૩૭ |
| ૭ | લાલપુર | ૭૭ | ૨૬ | ૧૭ |
| કુલ | | ૫૮૪ | ૨૪૧ | ૨૦૫ |

વર્ષવાર, તાલુકાવાર ચુકવેલ સહાય :

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કાલાવાડ | ૨૬૧૦૦૦૦ | ૨૯૧૦૦૦૦ | ૫૫૨૦૦૦૦ |
| ૨ | જામજોધપુર | ૭૨૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૧૯૨૦૦૦૦ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૨૨૯૫૦૦૦ | ૨૨૫૦૦૦૦ | ૪૫૪૫૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | જામનગર સીટી | ૪૫૦૦૦ | ૪૫૦૦૦ | ૯૦૦૦૦ |
| ૫ | જોડીયા | ૧૧૨૫૦૦૦ | ૫૮૫૦૦૦ | ૧૭૧૦૦૦૦ |
| ૬ | ધ્રોલ | ૧૬૩૫૦૦૦ | ૧૬૯૫૦૦૦ | ૩૩૩૦૦૦૦ |
| ૭ | લાલપુર | ૬૯૦૦૦૦ | ૭૮૦૦૦૦ | ૧૪૭૦૦૦૦ |
| | કુલ | ૯૧૨૦૦૦૦ | ૯૪૬૫૦૦૦ | ૧૮૫૮૫૦૦૦ |

(૩) સહાય ચૂકવવાની કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૩) સહાય ચુકવવાની કુલ ૬૯ અરજીઓ ના મંજુર કરવામાં આવી. જેની તાલુકાવાર વર્ષવાર વિગત અને નામંજુરીના કારણો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ના મંજુર કરેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | |
| ૧ | કાલાવાડ | ૨ | ૬ | ૮ |
| ૨ | જામજોધપુર | ૨ | ૫ | ૭ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૬ | ૧૦ | ૧૬ |
| ૪ | જામનગર સીટી | ૦ | ૦ | ૦ |
| ૫ | જોડીયા | ૧૨ | ૩ | ૧૫ |
| ૬ | ધ્રોલ | ૮ | ૩ | ૧૧ |
| ૭ | લાલપુર | ૩ | ૯ | ૧૨ |
| | કુલ | ૩૩ | ૩૬ | ૬૯ |

ના મંજુરીના કારણોઃ

(૪) ઉક્ત સ્થિતિએ બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૪) પૂર્વ મંજૂર કરેલ અરજીઓની નિયત સમય મર્યાદામાં ખરીદી કરી ખેડૂત દ્વારા સહાય માટે રજૂ કર્યેથી ચુકવણું કરવામાં આવશે.

## રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના

* ૨૪૨૬૮ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના તા. ૩૦–૧૧–૧૩નાં રોજ કરવામાં આવ્યા બાદ તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી બેઠકો મળી,

(૧) એક પણ બેઠક મળેલ નથી.

(૨) જો બેઠકો મળી ન હોય તો તેના કારણો શા છે, અને

(૨) નેશનલ એનિમલ વેલ્ફેર બોર્ડના બંધારણને આધીન હાલમાં રચિત સ્ટેટ એનિમલ વેલ્ફેર બોર્ડની પુન: ગઠન કામગીરી ચાલુ હોવાથી

(૩) ઉક્ત સ્થિતિએ બોર્ડનાં ચેરમેન અને સભ્યો કોણ છે ?

(૩)

| | | |
|---|---|---|
| ૧ | માન કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી | ચેરમેનશ્રી |
| ૨ | માન રાજ્યકક્ષાના મંત્રીશ્રી પશુપાલન | વાઇસ ચેરમેનશ્રી |
| ૩ | માન ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| ૪ | માન ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| ૫ | નિયામકશ્રી (પશુપાલન), ગુજરાત રાજ્ય | સચિવશ્રી |
| ૬ | મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણીઓ), ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| ૭–૮ | મ્યુનીસીપલ કમિશ્નરશ્રી મહાનગર (કોઇપણ બે) પાલિકા | સભ્યશ્રી |
| ૯ | પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત | સભ્યશ્રી |

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

| | રાજ્ય | |
|---|---|---|
| ૧૦ | જીલ્લા કલેક્ટરશ્રી (કોઈપણ એક) | સભ્યશ્રી |
| ૧૧ | ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૨– ૧૯ | પ્રાણી કલ્યાણ સંસ્થાઓના આઠ બિનસરકારી પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૨૦– ૩૦ | પ્રમાણિત સંસ્થાઓનાં ચેરમેનશ્રી જેઈકે ગૌસેવા આયોગ, ગૌશાળા, જીવદયા મંડળી સભ્યો રહેશે ૧૧ પાંજરાપોળ વિગેરેમાંથી | સભ્યશ્રી |

તલોદ તાલુકામાં પુંસરી નદી પર હયાત કોઝવેનું નવીનીકરણ

* ૨૪૨૮૫ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રણાસરથી પુંસરી તરફ જતા રસ્તા ઉપર મેશ્વો નદી ઉપર હયાત કોઝવેને (ડીપ) નવીન બનાવવા માટે સરકાર દ્વારા કોઈ આયોજન થયેલ છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કોઝવે (ડીપ) ક્યારે બનાવવામાં આવેલ ?

જવાબ

(૧) હાલની સ્થિતિએ સદર કોઝવે (ડીપ) પર ડાયવર્ઝનના વિકલ્પના અભાવે વાહનવ્યવહાર બંધ રાખવો શક્ય ન હોવાથી છેલ્લા એક વર્ષમાં તેને નવીન બનાવવા માટે સરકાર દ્વારા કોઈ આયોજન થયેલ નથી.

(૨) વર્ષ ૧૯૭૬.

---------

પોઈન્ટ ઓફ ઓર્ડર

વિધાનસભા પરિસરમાં સૂત્રોચ્ચાર રોકવા અંગે માર્ગદર્શન આપવા સારુ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, ગઈકાલે આપના દ્વારા આ સન્માનનીય સભાગૃહને માનનીય વિપક્ષના સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલ દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો એના સંદર્ભમાં માર્ગદર્શન માગવામાં આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, એમના દ્વારા મુદ્દો એ હતો કે, આ વિધાનસભા સંકુલની મુલાકાતે મોટી સંખ્યામાં લોકો આવે છે અને એમાં સૂત્રોચ્ચાર કરે છે. એ સૂત્રોચ્ચાર કરવાના કારણે હાઉસની કામગીરીમાં તકલીફ ઊભી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે, આજે પ્રશ્નોત્તરીના કાળ દરમ્યાન જ્યારે આપના દ્વારા એલાઉ કરવામાં ના આવ્યાં ત્યારે બહારના ભાગમાં જઈને લોબીમાં એ જે પ્રમાણે સૂત્રોચ્ચાર કરતા હતા એ સૂત્રોચ્ચારના કારણે આ સભાગૃહના કામમાં વિક્ષેપ ઊભો થતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા સંકુલની મુલાકાતે આવવાવાળો વ્યક્તિ આ વિધાનસભા પ્રત્યે એક આસ્થા અને શ્રદ્ધાથી આવતો હોય છે. આ વિધાનસભા જોવા માટે આવતો હોય છે. આ લોકપ્રિય સરકારની કામગીરી નિહાળવા માટે આવતો હોય છે અને એવા સંજોગોમાં કોઈ સામાન્ય નાગરિકથી સૂત્રોચ્ચાર એકાદ વખત કર્યા હોય ‘‘ભારત માતા કી જય‘‘ નો નારો બોલ્યાં હોય અને એના કારણે આપણને જો વિક્ષેપ પડતો હોય તો આ સન્માનનીય સભાગૃહમાં જ્યારે પ્રશ્નોત્તરી જેવો કાળ હોય અને પ્રશ્નોત્તરીના કાળમાં આપની હકુમતનો વિસ્તાર હોય, આપ જ્યાં બેઠાં છો એના પાછળના ભાગમાં જઈને (જે જગ્યાએ આપે એલાઉ નથી કર્યા એવા

ભાગમાં જઇને) જો આવા સૂત્રોચ્ચાર કરતા હોય તો આ અયોગ્ય છે. આ પ્રક્રિયા રોકવી પડે અને આ વિધાનસભા ગૃહનું કામ સુચારું રીતે થાય એના માટે આપના માર્ગદર્શનની હું અપેક્ષા રાખું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બહુ વિગતે ચર્ચા કરતાં હતાં. માનનીય અધ્યક્ષશ્રી, એમણે પહેલો મુદ્દો કાલે શક્તિસિંહ ગોહિલ સાહેબે જે પ્રશ્ન ઉપાડ્યો હતો એની વાત થઇ. અહીંયા કેટલાય લોકો આવે છે અને વિધાનસભા જુએ અને વિધાનસભાની કાર્યવાહી જોઇને બધું કરે એમાં અમારો હંમેશા સાથ–સહકાર હોય પણ અહીંયા આવીને કોઇ પાર્ટી પ્રચાર કરતી હોય અને એના જય જય કાર થતા હોય તો આ કોઇ સંજોગોમાં ચલાવી ના લેવાય અને માનનીય અધ્યક્ષશ્રી, એનો અવાજ અહીંયા છેક બેઠેલા ધારાસભ્યોને સંભળાય એ તો કોઇ સંજોગોમાં વાજબી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વાત થઇ હું તો આપને વાત કહેતો હતો (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાલો હવે ટૂંકમાં ચર્ચા કરો બલવંતસિંહ..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અને આજનો જે પ્રશ્ન ઉપસ્થિત થયો. માનનીય મંત્રીશ્રીને જે પ્રશ્ન પૂછાતાં હોય એના બદલામાં આખો ઓકવર્ડ જ્યારે જવાબ આપવામાં આવે તો સ્વાભાવિક દ્રષ્ટિએ સભ્યશ્રીઓને સંતોષ ના હોઇ શકે માટે સભ્યશ્રીઓએ, અમે તો બિલકૂલ કશું કર્યા વગર ત્યાગ કરીને ગયા છીએ. માનનીય સરકારને જ્યારે કાંઇક કહેવાનું આવે તો પણ સાંભળે નહિ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાલો હવે હું આપની વાત સમજી ગયો. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે. ગઇકાલે શ્રી શક્તિસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો હતો કે, મુલાકાતીઓ વિધાનસભામાં આવે છે અને એના દ્વારા જે અવાજ થાય છે એના કારણે ગૃહમાં સભ્યોને ચર્ચામાં વિક્ષેપ ઊભો થાય છે અને એજ વખતે મેં સાર્જન્ટોને પણ આદેશ આપ્યો હતો કે– ભાઇ, ગૃહમાં શાંતિથી કાર્ય ચાલે એ પણ આપણા માટે ખૂબ જરૂરી છે અને ગુજરાતની પ્રજા વિધાનસભા જોવા આવે, લોકશાહીમાં વિશ્વાસ કરે, આ લોકશાહીનું મંદિર છે એ પણ ખૂબ જરૂરી છે. એટલે બંને વ્યવસ્થાઓ ખૂબ સારી રીતે જળવાય એ આપણાં માટે અગત્યની છે અને આજનો એમનો એના સંદર્ભે પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે– માનનીય સભ્યશ્રીઓ ગૃહનો ત્યાગ કરી, દરવાજાની પાછળ ઊભા રહીને સૂત્રોચ્ચાર પોકારે. અન્ય સભ્યશ્રીઓ જે પ્રશ્ન પૂછતા હતા એમને વિક્ષેપ ઉભો કર્યો છે, આ પ્રકારનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એના અનુસંધાને શ્રી બલવંતસિંહજીએ પણ આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ભાગ લીધો છે. પણ અત્યારે આનો આપણે કોઇ નિર્ણય કરતા નથી, પછી નિર્ણય કરીશું. કારણ કે, ઘણું બધું કાર્ય આપણું બાકી છે, એટલે પછી નિર્ણય આપીશું. નેકસ્ટ

## તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

### શિવરાત્રીના તહેવાર નિમિત્તે વહેંચાયેલો પ્રસાદ આરોગ્યા બાદ થયેલા મૃત્યું અંગે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં શિવરાત્રીના તહેવાર નિમિત્તે કડી તાલુકાના બુડાસણ ગામના મંદિર દ્વારા વહેંચાયેલો પ્રસાદ આરોગ્યા બાદ ૧૫૦થી વધુ લોકોને ખોરાકી ઝેરની અસર થઇ છે અને તેના લીધે એક યુવકનું મૃત્યુ પણ થયેલ છે, જેના કારણે ગામના લોકોમાં ફેલાયેલ ભય અને ગભરાટ દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.’’

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી,

બનાવની વિગત :–

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બુડાસણ ખાતે નિલકંઠ મહાદેવ મંદિર દ્વારા શિવરાત્રી નિમિત્તે તા.૦૭–૦૩–૨૦૧૬ ના રોજ મંદિરેથી ભાંગનો પ્રસાદ વહેંચવામાં આવતાં, સમગ્ર દિવસ દરમિયાન અંદાજે ૨,૫૦૦ વ્યક્તિઓએ આ પ્રસાદ લીધેલ.

બનાવની જાણ :–

તા.૦૮–૦૩–૨૦૧૬ સવારે ૧૦ કલાકથી અડધા કલાકમાં ૭ દર્દીઓ પેટના દુખાવા, ઝાડા કે ઝાડા–ઉલ્ટીના લક્ષણો સાથે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કડી ખાતે સારવાર માટે આવેલ. એક જ સમયગાળામાં, એક ગામના, એક સરખા લક્ષણો સાથે દર્દીઓ આવતાં ફરજ ઉપરના તબીબે, તાત્કાલિક સારવાર શરૂ કરી તુર્ત જ તાલુકા હેલ્થ ઓફિસર કડીને બનાવની ટેલિફોનિક જાણ કરેલ.

તાત્કાલિક કાર્યવાહી :–

૧. તાલુકા હેલ્થ ઓફિસર, કડી તા.૮–૩–૧૬ સવારે ૧૦–૪૫ કલાકે મેડિકલ ઓફિસર, પેરા મેડિકલ સ્ટાફ, દવાઓ, જરૂરી સામગ્રીઓ, એમ્બ્યુલનસ વાહન સાથે બુડાસણ ગામે પહોંચેલ.

૨. સ્થળ મુલાકાત કરી વધુ અસરગ્રસ્ત દર્દીઓ જણાઇ આવતાં ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્રમાં ઓ.પી.ડી. શરૂ કરી. સ્થાનિક કેમ્પ આયોજિત કરી ૧૬૩ અસરગ્રસ્ત દર્દીઓને પ્રાથમિક સારવાર આપેલ.

૩. વધુ બીમારીવાળા ૬૨ દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલનસ વાનમાં તથા સરકારી વાહનોમાં કડી ખાતે મોકલી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવેલ.

૪. પેરા મેડિકલ સ્ટાફની ટીમો બનાવી ઘરે ઘરે ફરી સઘન સર્વેલન્સ કરવામાં આવ્યું. ૭૫૦ ઘરો અને ૩૧૭૫ વ્યક્તિઓ આવરી લેવામાં આવેલ છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

૫. ૧૦૦૦ થી વધુ ક્લોરીન ટેબ્લેટ, ૧૫૦ ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ.

૬. અસર થયેલ દર્દીઓના કુટુંબના સભ્યોને કોન્ટેક સારવાર પૂરી પાડી.

૭. પીવાના પાણીના તમામ સોર્સનું સુપર ક્લોરિનેશન કરાવ્યું.

૮. પ્રજાજનોમાં આ બનાવના કારણે ભય ન ફેલાય તે માટે ગૃહ મુલાકાત દરમિયાન રોગચારા અંગેની જાણકારી અને તે બાદ ૧૫ જેટલી જગ્યાએ જૂથ ચર્ચા અને ફળિયા મિટિંગ દ્વારા આરોગ્ય શિક્ષણ દ્વારા લેવાની થતી કાળજી વિષે સઘન જાણકારી આપી.

તા. ૮–૩–૨૦૧૬ અન્ય કાર્યવાહી :– (માનવ સંસાધન)

૧. ટેલિફોનીક જાણ જાણ થતાં જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી, વિભાગના રાજ્ય કક્ષાના અધિકારીઓ તથા કડી તાલુકાના આરોગ્ય કેન્દ્રોના ૨૫ પેરા મેડિકલ સ્ટાફની ટીમ બુડાસણ પહોંચી.

૨. ધારપુર મેડિકલ કોલેજના તજજ્ઞોની રેપીડ રિસ્પોન્સ ટીમ ,ડી પહોંચી સારવાર અને અટકાયતી–નિયંત્રણ કામગીરી અંગે માર્ગદર્શન કર્યું.

૩. કડી તાલુકાઆ આરોગ્ય અધિકારી–કર્મચારીની રજાઓ રદ કરી, સામૂહિક આરોગ્ય કેન્દ્ર કડી તેમજ નંદાસણ ખાતે દર્દીઓ માટે રાઉન્ડ–ધ–ક્લોક તાત્કાલિકા સારવાર અને આસપાસના ગામોમાં આરોગ્ય વિષયક સર્વેલન્સની કામગીરી સુનિશ્ચિત કરાવી.

સારવાર કાર્યવાહી :–

૧. બુડાસણ કેમ્પ સાથે સામૂહિક આરોગ્ય કેન્દ્રો કડી, નંદાસણ તેમજ ખાનગી હોસ્પિટલમાં ૧૬૩ દર્દીઓને ઓ.પી.ડી. સારવાર અને ૧૭૪ ને ઈન્ડોર દર્દી તરીકે સારવાર આપવામાં આવી.

૨. ૧૦૮ એમ્બ્યુલન્સ વાહન દ્વારા ગંભીર દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ તથા કિડની હોસ્પિટલમાં રિફર કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

૩. ૦૬ દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા.

૪. વધુ દર્દીઓને તાત્કાલિક ઈન્ડોર સારવાર મળી રહે તે માટે ભાગ્યોદય હોસ્પિટલ, કડી ખાતે પણ ટ્રસ્ટીઓ, તબીબી અધિકારીશ્રીઓને રુબરુ મળી અસરગ્રસ્ત દર્દીઓને દાખલ કરી વિના મૂલ્યે સારવાર તેમજ બ્લડ – સીરમ પરિક્ષણની વ્યવસ્થા કરી.

૫. વધુ અસરગ્રસ્ત દર્દીઓના સેમ્પલોની માયક્રોબાયોલોજીકલ, બેકટેરિયોલોજીકલ અને પેથોલોજીકલ તપાસ માટે સ્ટુલ, બ્લડ – સીરમ સેમ્પલ મેડિકલ કોલેજ સોલા (અમદાવાદ) ખાતે મોકલ્યા.

અન્ય કાર્યવાહી:– (સાધનો અને દવાઓ )

નિદાન માટેના વધારાના ઉપકરણો, સાધનો, રિએજન્ટ કીટ તથા વધારાની દવાઓ, ઈન્જેકશનોનો જથ્થો રાજ્ય કક્ષાએથી ઉપલબ્ધ કરાવ્યો.

અન્ય વિભાગોનો સહયોગ :

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પોલીસ વિભાગ તથા નશાબંધી અને આબકારી વિભાગના જવાબદાર અધિકારીઓને રૂબરૂ મળી આ બનાવની જાણ કરી. પ્રસાદના નમુના સંબંધિત પરિક્ષણ માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા પુના લેબૉરેટરી ખાતે અને પોલીસ વિભાગ દ્વારા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફ.એસ.એલ.) ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા.

સારવાર કાર્યવાહી. – તા. ૯–૩–૨૦૧૬ થી તા.૧૩–૩–૨૦૧૬

૧. સા.આ.કેન્દ્ર થોળ, બેચરાજી, કલોલ, દહેગામ, ચરાડા, ઉદલપુર ખાતેથી રોટેશનમાં કુલ ૦૬ તબીબી અધિકારીઓ, ૦૬ નર્સીંગ સ્ટાફ પ્રતિનિયુક્તિથી મુક્યા.

૨. ધારપુર મેડિકલ કોલેજ અને ગાંધીનગર મેડિકલ કોલેજમાંથી ફિઝીશિયન અને પિડિયાટ્રીશિયન સ્પેશ્યિલીસ્ટની ટીમ સતત સેવા માટે ઉપલબ્ધ કરી.

૩. ૧૦૮ એમ્બ્યુલન્સ વાહન દ્વારા ગંભીર દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ તથા કિડની હોસ્પિટલમાં રિફર કરવાની વ્યવસ્થા કરવામાં આવી. ૦૩ દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને ૦૫ દર્દીઓને કિડની ઈન્સ્ટિટયૂટ અમદાવાદ ખાતે દાખલ કર્યા.

સુપરવીઝન અને મોનીટરીંગ :–

નાયબ નિયામક (એપેડેમિક ), સ્ટેટ સર્વેલન્સ ઓફિસર, મદદનીશ નિયામક, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રીએ રૂબરૂ મુલાકાતોથી પરિસ્થિતિનું સતત મોનીટરીંગ અને કામગીરીમાં માર્ગદર્શન આપેલ.

માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ તા. ૧૧–૩–૨૦૧૬એ બુડાસણ, તાલુકો કડી ગામની અને સી.એચ.સી. કડી, ભાગ્યોદય હોસ્પિટલ કડી અને સી.એચ.સી. નંદાસણમાં રૂબરૂ મુલાકાત લીધી હતી. દાખલ કરેલ દર્દીઓ અને તેમના પરિવારજનોને મળી તબિયત અને સારવાર અંગે માહિતી મેળવેલ. બુડાસણ ગામે તેઓની હાજરીમાં યોજાયેલ ગ્રામ સભામાં પણ બિનજરૂરી ભય ના ફેલાય તે માટે સાચી સમજ, વ્યસનો દૂર કરવાની બાબતો, આરોગ્યપ્રદ ખોરાક લેવા અને વ્યક્તિગત સ્વચ્છતાની ટેવો જેવી કે હેન્ડ વોશની પદ્ધતિની ચર્ચા કરવામાં આવી તેમજ નિદર્શન દ્વારા સમજ આપવામાં આવી.

| ક્રમ | કામગીરી | ૮ માર્ચ | ૯ માર્ચ | ૧૦ માર્ચ | ૧૧ માર્ચ |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત સંપર્ક | ૩૧૭૫ | ૩૩૮૨ | ૨૯૪૨ | ૩૪૨૬ |
| ૨ | જૂથ ચર્ચા | ૧૫ | ૨૭ | ૧૬ | ૩૦ |
| ૩ | ક્લોરીન ટેબ્લેટ વિતરણ | ૧૦૦૦ | ૧૮૦૦ | ૧૩૦૦ | ૧૩૬૧ |
| ૪ | ઓ. આર. એસ. વિતરણ | ૧૫૦ | ૨૫૦ | ૧૫૦ | ૩૬ |
| ૫ | ક્લોરિન ટેસ્ટ | ૮ | ૩૦ | ૪૨ | ૬૧ |
| ૬ | સફાઇ કામગીરી | ૨ | ૨ | ૩ | ૫ |

સારવાર કામગીરી :

| ક્રમ | તારીખ | ઓ.પી.ડી | | દાખલ દર્દી | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નવા કેસ | પ્રોગ્રેસીવ | નવા કેસ | સાજા થયા | મૃત્યુ | સારવાર હેઠળ |
| ૧ | ૮ માર્ચ | ૧૬૩ | ૧૬૩ | ૧૭૪ | ૫૦ | ૦૧ | ૧૨૩ |
| ૨ | ૯ માર્ચ | ૮૪ | ૨૪૭ | ૩૪ | ૦ | ૦૨ | ૧૫૫ |
| ૩ | ૧૦ માર્ચ | ૧૭ | ૨૬૪ | ૪૭ | ૬૫ | ૦૦ | ૧૩૭ |
| ૪ | ૧૧ માર્ચ | ૧૯ | ૨૮૩ | ૦૭ | ૩૪ | ૦૦ | ૧૧૦ |
| ૫ | ૧૨ માર્ચ | ૦૦ | ૨૮૩ | ૦૦ | ૩૪ | ૦૦ | ૭૬ |
| કુલ | | | ૨૮૩ | ૨૬૨ | ૧૮૩ | ૦૩ | ૭૬ |

આમ આ બનાવના કારણે અત્યાર સુધીમાં કુલ ૫૪૫ દર્દીઓ નોંધાયા છે. ૨૮૩ દર્દીઓને ઓ.પી.ડી. અને ૨૬૨ લોકોને હોસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવેલ છે. આ બનાવમાં કમનસીબે ૦૩ ઇસમોના મૃત્યુ થયા છે.

તારીખ ૧૩–૩–૨૦૧૬ની સ્થિતિએ :

કુલ ૭૬ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ૦૬ દર્દીઓ અને કિડની ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ખાતે ૦૫ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આપ હવે પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં ભોળાનાથ માટે ખૂબ જ પ્રચલિત મંદિરો છે. દરેક જગ્યાએ લગભગ ગુજરાતમાં ભાંગ વેચાતી હશે. દારૂ વેચાય છે પણ ભાંગ વેચાતી હશે. આ જે પ્રસાદ વહેંચાયો એ પ્રસાદમાં ઓછામાં ઓછા ૫૭૦ લોકો અસરગ્રસ્ત છે અને ૫૭૦ લોકો પથારીવશ હોસ્પિટલમાં દાખલ થયેલા છે. આ બાબતે કડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ દાખલ થયેલી છે. ગુના રજીસ્ટર નંબર ૫૭/૧૬ ઇ.પી.કો. કલમ ૩૦૪ તથા ૩૦૮. આની સાથે સાથે ૧૯૯૧ની કલમ ૬ તથા પ્રોહિબીશન એકટની કલમ ૬૬ (૧)(બી), ૬૫ ( એ)(એફ)(જી) મુજબ ગુનો દાખલ થયેલ છે. આમાં ત્રણ યુવાનોના મરણ થયેલા છે જેમાં ઠાકોર વિપુલજી વજાજી, મારવાડી મુકેશજી ભીખાજી અને ઠાકોર નટુજી વકાજી

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી આ તો બધું નિવેદનમાં આવ્યું જ છે. આપ ખાલી પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના ધ્યાન ઉપર એ લાવવા માગુ છું કે, આ જે બનાવ બન્યો એ ૭ તારીખે બન્યો. ૭મી તારીખે શિવરાત્રીના દિવસે લોકોએ ભાંગનો પ્રસાદ લીધો. ૮ વાગ્યે વિપુલજી વજાજી હોસ્પિટલમાં ગયા, હોસ્પિટલમાં ગયા પછી એમને ડોકટરે પ્રાથમિક સારવાર આપીને ઘરે જવાની રજા આપી દીધી. બે કલાકમાં જ એમનું મરણ થઇ ગયું. જો આને સારવાર આપી હોત અને ઇન્ડોર પેશન્ટ તરીકે દાખલ કર્યા હોત તો એ વ્યક્તિ જીવીત હોત. એ જ રીતે હોસ્પિટલમાં ૫ ડોકટરોનું સ્ટ્રેન્થ છે પણ ત્યાં ૩ જ ડોકટર કામ કરે છે. ૩ ડોકટરમાં ૧ ડોકટર ૨૪ કલાકની નોકરી કરે છે. રાત્રે ૮ વાગ્યા પછી ડોકટર મળતા જ નથી. હું જ્યારે ત્યાં મુલાકાતે ગયો ત્યારે કલોલ તાલુકામાંથી બે ડોકટર ત્યાં હાજર હતા અને તેઓ ઓ.પી.ડી.ની કાર્યવાહી કરતા હતા. જે તે વખતે હોસ્પિટલમાં એક પલંગમાં બે વ્યક્તિને સુવડાવતા હતા. એક આ બાજુ અને બીજો પેલી બાજુ.

અધ્યક્ષશ્રી : હવે માનનીય સભ્યશ્રી, આપણે આમાં ચર્ચા કરવાની નથી. આપ પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું ધ્યાન ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : એ તો આખું નિવેદન છપાઇને ચાર પાનાનું છે એમાં આ બધી વિગતો છે જ.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : એમ નહીં, ત્યાં પરિસ્થિતિ શું હતી ?

અધ્યક્ષશ્રી : હવે આપ મંત્રીશ્રીને પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : અને ચાર લોકો કેમ મરણ ગયા એનું હું નિવેદન એ કરું છું.

અધ્યક્ષશ્રી : નહીં, તમારે નિવેદન નથી કરવાનું આપ પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભાસદોના અને ગૃહના ધ્યાન ઉપર મૂકું છું કે પરિસ્થિતિ શું હતી. ગાયકવાડ સરકાર વખતે આ હોસ્પિટલ ૩૦ બેડની હતી. આજે પણ ૩૦ બેડની છે. અમારી બાજુમાં બહુચરાજી હોસ્પિટલ

૫૦ બેડની છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન વધારે ચર્ચાય એમાં આપને રસ છે? તો આપ પ્રશ્ન પૂછો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અસરગ્રસ્ત લોકો છે, અકસ્માતમાં બસ પડી જતી હોય અને લોકોનું મરણ થયું હોય તો એવા અકસ્માતનો ભોગ બનેલા લોકોને આપણે રાહત આપીએ છીએ અને સરકારશ્રી તરફથી એમને પૈસા આપવામાં આવે છે તો આ પણ એક અકસ્માત જ છે. ભગવાનની પ્રસાદી સમજીને લીધી છે ત્યારે આપણે એમને રાહત આપવા માગીએ છીએ કે કેમ? અને આ અસરગ્રસ્ત લોકોના સગાઓને સહાય કરવા માગીએ છીએ કે કેમ? અને કરવા માગીએ છીએ તો કેટલી સહાય કરવા માગીએ છીએ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા જુદા જુદા અકસ્માતના કિસ્સાઓમાં મુખ્યમંત્રીશ્રીના ફંડમાંથી અને અન્ય ફંડમાંથી સહાય આપવામાં આવે છે. આ કિસ્સો કેફી પીણું પીવાથી બન્યો છે. ભાંગને આપણે પ્રસાદી ભલે કહીએ પણ એ કેફી પીણું જ ગણાય અને એ પીવાથી મૃત્યુ થયું છે. એમને સહાય આપવાની કોઇ યોજના અમલમાં નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મહા શિવરાત્રીના દિવસે સ્વાભાવિક રીતે શિવ મંદિરની અંદર ભાંગ બનાવવામાં આવે છે અને પીવામાં આવે છે. રાજયની અંદર ભાંગ પીવાથી.

અધ્યક્ષશ્રી : પૂંજાભાઇ, આપને હું પછી તક આપું છું. પહેલા આ પ્રશ્ન પૂછનાર સભ્યો બાકી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આમાં જે નિવેદન કર્યું છે એમાં ત્રણ વ્યકિતના મૃત્યુ થયા છે વાસ્તવમાં ત્યાં ચાર વ્યકિતઓના મૃત્યુ થયા છે. પી.આઇ.એ પોતે પણ આ ભાંગ પીધેલી છે. પી.આઇ શ્રી આર.આર. પટેલે પણ ભાંગ પીધી છે અને એ ભાંગ પીવાને કારણે એમનું મૃત્યુ થયું છે. કયા કારણોસર એ છુપાવવામાં આવ્યું છે એ મંત્રીશ્રી ધ્યાન દોરે અને બીજું, જે ત્રણ માણસો મરી ગયા છે વિપુલજી ઠાકોર, નટુજી ઠાકોર અને મુકેશભાઇ મારવાડી, હું મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે મૃતક પરિવારના મૃત્યુ પામનાર વ્યકિતને અકસ્માતે ગુનો નોંધવામાં આવે તો એને એનો લાભ મળી શકે તો સરકારશ્રી અકસ્માતે મૃત્યુ નોંધી, ગુનો નોંધી અને આ સહાય આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મેં અગાઉ જવાબ આપી દીધો છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પી.આઇ. આર.આર. પટેલે પણ ભાંગ પીધી છે અને ભાંગ પીને એમનું મૃત્યુ થયું છે તો આ બાબત સરકાર જાણે છે કે ઇરાદાપૂર્વક એને બાજુમાં રાખવામાં આવી છે? એ મને કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શિવરાત્રીના દિવસે રમેશભાઇએ અને બળદેવજીએ કહ્યું એ પ્રમાણે મંદિરે દર્શન કરવા જાય ત્યારે થોડું થોડું આચમન બધા લેતા હોય છે.(અંતરાય) મારી વાત તો સાંભળો. કુલ સાડા પાંચ હજાર ભકતોએ આખો દિવસ દરમિયાન આ મંદિરેથી નાનુ મંદિર છે, ગાયકવાડ વખતનું , જુના જમાનાનું મંદિર છે ત્યાં મહંતે આ પ્રસાદ બનાવેલો. દર વર્ષે બનાવે છે. આખા ગુજરાતના શિવ મંદિરોમાં બનાવે છે અને હું માનું છું અહીં બેઠેલા ઘણા લોકોએ આ પ્રકારની પ્રસાદી એ દિવસે લીધેલી હશે પણ પી.એસ.આઇ. કે પી.આઇ. એમના મૃત્યુનું કારણ મેડિકલ રિપોર્ટમાં આવ્યું છે એ કીડની ફેઇલ થઇ જવાના કારણે આવ્યું છે, ભાંગ પીવાના કારણે આવ્યું નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જવાબમાં કીડનીને પણ અસર કરે છે એવો જવાબ આપવામાં આવ્યો છે અને એફ.આઇ.આર.માં પણ પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧) લગાડવામાં આવી છે ત્યારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ભાંગ પીનાર ઉપર પ્રોહિબિશન એક્ટ ૬૬(૧) લગાવી તો તેનો અર્થ એવો થયો કે દારૂ પણ પીધેલ હોય તેવું માનવામાં આવે છે. આ બંનેના મિશ્રણના કારણે મોત થયા હોય તેવું એફ.એસ.એલ. માં આવે છે કે કેમ? રમેશભાઇએ વાત કરી તેમ આ લોકોને કોઇ વળતર ચુકવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં કહ્યું તે પ્રમાણે આ પ્રસાદ તરીકે કેટલાક લોકોએ વધારે પીધી હોય, પ્રસાદ મળતો હોય અને મજા આવતી હોય તો બે–ત્રણ ગ્લાસ પી ગયા હોય. એમાં જે વધારે પી ગયા અને ગંભીર થયા એમને કીડની ઉપર અસર થઇ છે એ વાત સાચી છે. અત્યારે કીડની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હવે બધાની તબિયત સારી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને મંત્રીશ્રી પાસેથી પી.એમ. રિપોર્ટનો અને અવેજનો બંનેનો જવાબ મળી ગયો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મંત્રીશ્રીએ કહ્યું તેમ મહાશિવરાત્રીએ સમગ્ર રાજયના મંદિરોમાં આ પ્રકારે પ્રસાદ બને છે. ભાંગના ઓઠા નીચે મૃત્યુ થયા હોય તેવો આ પ્રથમવાર ગંભીર પ્રકારનો બનાવ બન્યો હોય તેવું છે. ત્યારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એકબાજુ મંદિરોમાં ભાંગ બનાવવામાં આવી છે અને પીવામાં આવી છે તેવી વાત છે. ખરેખર શેના કારણે આવું થયું છે. કયો એવો પદાર્થ છે. ઝેરી પદાર્થના કારણે મૃત્યુ થયું છે અને એની ચોક્કસ તપાસ કરી એમાં જે કોઇ જવાબદારો હોય તેની સામે કડક પગલાં લેવા માટે સરકાર કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમાં જે મંદિરના પૂજારીએ પૂજારી તરીકે આ ભાંગ બનાવી તેમની સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. અત્યારે પોલીસ કસ્ટડીમાં છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સોમનાથ મંદિર ઉપર હુમલા માટે આવેલા ૩ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર શેનો છે?

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એના અનુસંધાને સરકારને વિનંતી કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : તમે કોઇ નોટિસ આપી નથી. આપ બેસી જાવ. માઇક બંધ કરો. આ પ્રકારની કોઇ નોટિસ નથી આપી. કોઇ મંત્રીશ્રીએ માહિતી નથી આપી, એટલે ચર્ચા ઊભી ન કરી શકાય. નેકસ્ટ.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પંદરમાં અહેવાલની રજૂઆત

શ્રી ભરતભાઇ કી. પટેલ : ( બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભરતભાઇ કી. પટેલ : ( બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પંદરમાં અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

વન અને પર્યાવરણ વિભાગ

માગણી ક્રમાંક.૨૬

શ્રી મંગુભાઇ છ.પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૮૩,૯૮,૩૯,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૧૭,૦૫,૩૨,૦૦૦/–ની માગણી ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

વન અને પર્યાવરણ વિભાગ

માગણી ક્રમાંક ૨૭

શ્રી મંગુભાઇ છ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૭,૯૦,૦૦,૦૦૦/– માગણી ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

### આદિજાતિ વિકાસ વિભાગ

### માગણી ક્રમાંક ૯૩

શ્રી મંગુભાઇ છ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ અંગેની સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૧૯,૪૭,૫૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૦,૦૮,૯૩,૦૦૦/– માગણી ક્રમાંક–૯૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી

### આદિજાતિ વિકાસ વિભાગ

### માગણી ક્રમાંક ૯૬

શ્રી મંગુભાઇ છ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૯,૯૮,૦૧,૭૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૭,૨૮,૦૮,૧૧,૦૦૦/– માગણી ક્રમાંક–૯૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૬ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી

### પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

### માગણી ક્રમાંક ૭૦

શ્રી જયંતિભાઇ રા.કવાડિયા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમુહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૪૧,૧૩,૬૧,૦૦૦/– ની માગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી

શ્રી રાજેન્દ્રસિંહજી ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી

ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૧૨જૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦૨જૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી

ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૭૧

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રા.ક.ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૬,૪૪,૧૨,૯૧,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૭૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૬-૨૦૧૭**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધ**વાર, તા. ૧૬-૩-૨૦૧૬ (છઠ્ઠો દિવસ)** ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં ૨૬** | |
| ૧ | ૨૪૦૬– વન... પ્રાણી જીવન<br>૦૧– વન નિર્માણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૨–પ્રભાગીય કચેરીઓ<br>રૂ. ૨,૩૦,૨૧,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં.૧૩અને ૧૪ | ૧૦૦ | જંગલમાં વસતા માલધારીઓને જીવન જરૂરીયાતની સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૨ | —— " —— | ૧૦૦ | વન વિભાગના અધિકારીઓ દ્વારા સ્થાનિક રહીશોને કરાતી બિનજરૂરી કનડગતો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મેરામણભાઇ ગોરીયા |
| ૩ | ૨૪૦૬– વન .....પ્રાણી જીવન<br>૦૧– વન નિર્માણ<br>૧૦૧– વન સંરક્ષણ....નિર્માણ<br>રૂ. ૧૫,૯૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં.૧૩ થી ૨૧ | ૧૦૦ | કરોડો રૂપિયાના રોપાનું વાવેતર કરવા છતાં વન નિર્માણ વધતુ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૪ | —— " —— | ૧૦૦ | ગેરકાયદેસર વૃક્ષોનું છેદન થતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનમભાઇ પરમાર |
| ૫ | ૨૪૦૬–વન........જીવન<br>૦૨– પર્યાવરણલક્ષી<br>.... પ્રાણી જીવન<br>૧૧૦– વન્ય પ્રાણી સંરક્ષણ<br>રૂ. ૧,૮૫,૯૬,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં.૨૬ થી ૩૧ | ૧૦૦ | ગીરમાંથી પસાર થતારસ્તાઓ પર વાહનોની અડફેટે વન્યપ્રાણીઓ ન આવે તેવી વ્યવસ્થા ગોઠવવા તંત્રની ઉદાસીનતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૬ | —— " —— | ૧૦૦ | જંગલોની આસપાસ આવેલા ખેતરોની ફરતે ઉભી કરેલી જીવંત વીજ કરંટની વાડમાં ફસાઇને મૃત્યુ પામતા વન્ય પ્રાણીઓને બચાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીધારશીભાઇખાનપુરા |
| ૭ | —— " —— | ૧૦૦ | કુદરતી આફતો સમયે વન્ય પ્રાણીઓને બચાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહમદજાવીદપીરઝાદા |
| ૮ | ૨૪૦૬ –વન........જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી....પ્રાણી જીવન<br>૧૧૦– વન્ય પ્રાણી સંરક્ષણ<br>રૂ. ૧,૮૫,૯૬,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં.૨૬ થી ૩૧ | ૧૦૦ | ગીરનાજંગલોમાં ખુલ્લા કુવાઓને ઢાંકવાના પ્રોજેક્ટનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૯ | —— " —— | ૧૦૦ | ગેરકાયદેસર થતા લાયન શોના કાર્યક્રમો બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| | | | **માગણી નં ૨૭** | |
| ૧૦ | ૨૨૧૫– પાણી... સ્વચ્છતા<br>૦૨– ગટર... સ્વચ્છતા<br>૧૦૬– વાયુ... નિવારણ | ૧૦૦ | જાહેરમાં ખુલ્લી જગ્યામાં ઝેરી કેમિકલ્સ ઠાલવતી અમદાવાદની કેમિકલ્સ ફેક્ટરીઓ સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત (ગ્યાસુદ્દીન શેખ) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧૦,૯૮,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૮<br>પા.નં. નં. ૯ અને ૧૦ | | | |
| ૧૧ | -- " -- | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી સંગીન અને અસરકારક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં ૯૩** | | | | |
| ૧૨ | ૨૨૧૫- પાણી .....સ્વચ્છતા<br>૦૧- પાણી પુરવઠો<br>૮૦૦- અન્ય ખર્ચ<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૩ અને ૪)<br>પા.ન- ૧૦ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠાની કામગીરી વધારી પાણી પુરુ પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૧૩ | -- " -- | ૧૦૦ | આદિજાતિ ગ્રામ્ય વિસ્તારોમાં નવા બોર બનાવવા તથા હયાત હેન્ડ પંપોની મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૪ | -- " -- | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પાઇપલાઇન દ્વારા પાણી પુરુ પાડવાની કામગીરીને વેગવંતી બનાવી સત્વરે કામો પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૫ | ૨૨૨૫ -અનુસૂચિત...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૩ અને ૪)<br>પા.નં- ૧૨ અને ૧૩ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ વિકાસ વિભાગને ફાળવવામાં આવતી ગ્રાન્ટો અન્યત્ર ન વાપરતાં આદિજાતિઓનાં હિતાર્થે વપરાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષીયારા |
| ૧૬ | -- " -- | ૧૦૦ | જંગલ જમીન અધિનિયમ હેઠળના આદિવાસીઓના કેસોનો સત્વરે નિકાલ લાવી તેઓને જમીન હક્કો અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. મિતેશ ગરાસીયા |
| ૧૭ | ૨૨૨૫ -અનુસૂચિત...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૩ અને ૪)<br>પા.નં- ૧૨ અને ૧૩ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ માટે ફાળવવામાં આવતી રાજ્યની અને કેન્દ્રની રકમ કયા કયા કામો પાછળ ખર્ચવામાં આવી તેની વિગતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| **માગણી નં. ૯૬** | | | | |
| ૧૮ | ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬- આદિજાતિ .... યોજના<br>૦૧-EDN-૧ વધારાના... શિક્ષકો<br>રૂ. ૨ ,૩૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૩ અને ૪)<br>પા.નં.- ૨૧ (ભાગ-૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના અંતરીયાળ વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડો તેમજ શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | -- " -- | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં પુરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો.હીરાભાઇ પટેલ |
| ૨૦ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૩– યુનિવર્સિટી .....શિક્ષણ<br>૭૯૬– આદિજાતિ .... યોજના<br>૦૪–EDN-૨૮ સરકારી... વિકાસ<br>રૂ. ૨૮,૬૧,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩ અને ૪)<br>પા.નં.– ૩૫ અને ૩૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી કોલેજોનો વ્યાપ વધારી વિદ્યાર્થીઓને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨૧ | ૨૨૧૬ – આવાસન<br>૦૨– શહેરી આવાસન<br>૭૯૬– આદિજાતિ .... યોજના<br>રૂ. ૭૧,૨૩,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩ અને ૪)<br>પા.ન– ૧૦૯ થી ૧૧૫ (ભાગ–૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ પરિવારોને શહેરી આવાસોનો વધુ લાભ અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૨૨ | ૨૨૧૬ – આવાસન<br>૦૩– ગ્રામીણ આવાસન<br>૭૯૬– આદિજાતિ .... યોજના<br>રૂ. ૨,૧૧, ૩૧,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩ અને ૪)<br>પા.ન– ૧૧૬ થી ૧૨૦ (ભાગ–૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના આદિજાતિઓને તેઓની વાજબી માંગણી મુજબ ગ્રામીણ મળવાપાત્ર આવાસોની ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૩ | -- " -- | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં અંતરીયાળ રહેતા આદિજાતિઓને આવાસનના લાભ સત્વરે મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૪ | ૨૨૨૫ – અનુસૂચિત... કલ્યાણ<br>૦૨– અનુસૂચિત... કલ્યાણ<br>૭૯૬– આદિજાતિ .... યોજના<br>૧૦–VKY - ૧૭૬ આશ્રમશાળાઓ<br>રૂ. ૨,૩૪,૨૨,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩ અને ૪)<br>પા.નં.– ૧૩૨ થી ૧૩૭ (ભાગ–૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં વધુ આશ્રમશાળાઓ ખોલવામાં તથા હયાત આશ્રમશાળાઓમાં જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |

**પંચાયત, ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી નં. ૭૦**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ | ૨૫૧૫– અન્ય ..... કાર્યક્રમો<br>૧૦૧– પંચાયતી રાજ<br>રૂ. ૬,૨૬,૪૫,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. – ૫૧ થી ૫૫ | ૧૦૦ | પંચાયતોની જમીનો ઉપરના દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચૌધરી |
| ૨૬ | -- " -- | ૧૦૦ | પંચાયતોના વહીવટમાં થતો રાજકીય હસ્તક્ષેપ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૭ | -- " -- | ૧૦૦ | પંચાયતોને મળેલા હક્કો સરકાર હસ્તક જતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮ | -- " -- | ૧૦૦ | પંચાયતી રાજ સંસ્થાને ફાળવેલ ભંડોળ પૂરેપૂરૂં વાપરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ |
| ૨૯ | -- " -- | ૧૦૦ | પંચાયતી રાજ સંસ્થાઓ તેનું સ્વભંડોળ ઉભુ કરી શકે તેવી સત્તાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૦ | -- " -- | ૧૦૦ | પંચાયતો પોતાના જરૂરી વિકાસ કાર્યો પોતે હાથ ધરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૩૧ | -- " -- | ૧૦૦ | બંધારણીય જોગવાઈ મુજબ પંચાયતી રાજ સંસ્થાને સોંપવાની કુલ-૨૯ જેટલી પ્રવૃતિઓમાંથી બાકી રહેલી ૧૦ જેટલી પ્રવૃતિઓ પંચાયતી રાજ સંસ્થાઓને સોંપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૩૨ | ૨૫૧૫ -અન્ય ........ કાર્યક્રમો<br>૧૦૨ - સમૂહ વિકાસ<br>૦૧-CDP - વિકાસ આયુક્ત<br>રૂ. ૬,૦૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.- ૫૬ થી ૫૭ | ૧૦૦ | ખાલી પડેલ તલાટીઓની જગ્યાઓ પૂરા પગારે સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ ખરાડી |
| ૩૩ | -- " -- | ૧૦૦ | જિલ્લા પંચાયતોના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રમેશભાઈ ચાવડા |
| ૩૪ | -- " -- | ૧૦૦ | ગ્રામ વિકાસના કામોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૩૫ | -- " -- | ૧૦૦ | ગ્રામ વિકાસના કામોને સત્વરે મંજુરી આપી તેને શરુ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ |
| ૩૬ | ૨૫૧૫ -અન્ય...... કાર્યક્રમો<br>૮૦૦ -અન્ય ખર્ચ<br>૦૧-CDP- ૧૧ પંચાયતોની ચૂંટણી<br>રૂ. ૨૨,૩૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.- ૬૩ | ૧૦૦ | રાજ્ય ચૂંટણીપંચ નિષ્પક્ષ પણે સ્વતંત્ર રીતે કામગીરી કરે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૩૭ | -- " -- | ૧૦૦ | પંચાયતોની ચૂંટણીઓ સમયસર અને નિષ્પક્ષ રીતે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઈ ગોહેલ |
| ૩૮ | ૨૫૧૫ -અન્ય...... કાર્યક્રમો<br>૮૦૦ -અન્ય ખર્ચ<br>૦૧-CDP- ૧૧ પંચાયતોની ચૂંટણી<br>રૂ. ૨૨,૩૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.- ૬૩ | ૧૦૦ | પંચાયતોની ચૂંટણીઓ સ્વતંત્ર રીતે ન કરાવી શકેલ ચૂંટણીપંચમાં પ્રજાનો વિશ્વાસ પુન: સ્થાપિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જવાહરભાઈ ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯ | -- " -- | ૧૦૦ | ઈ-વોટીંગ સુવિધાને પ્રજામાં પ્રચલિત બનાવી તેનો વધુ ઉપયોગ થાય તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૪૦ | ૩૦૫૪ -માર્ગ અને પુલ<br>૦૪ -જિલ્લા ...... માર્ગો<br>૮૦૦ - અન્ય ખર્ચ<br>૦૧- માર્ગોની....અનુદાન<br>રૂ.૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. - ૬૮ | ૧૦૦ | જિલ્લા પંચાયતોને માર્ગોની સુધારણા માટે પૂરતી રકમ ફાળવી અધૂરા કામો સત્વરે કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૪૧ | -- " -- | ૧૦૦ | જિલ્લા-તાલુકાને જોડતા રસ્તાના કામો સત્વરે પુર્ણ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| | | **માગણી નં. ૭૧** | | |
| ૪૨ | ૨૨૧૬ - આવાસન<br>૦૩-ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨ -ભૂમિહીન...... જોગવાઈ<br>રૂ.૧,૧૩,૦૧,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા નં. ૧૯ થી ૨૧ | ૧૦૦ | ઘરથાળના પ્લોટો અને સરદાર આવાસ યોજનામાં લાભાર્થીઓને પૂરેપૂરી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઈ પટેલ |
| ૪૩ | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ભૂમિહીન મજુરોને ઘરથાળની જમીન ઉપર મકાન બાંધવા માટે પૂરતી રકમ સત્વરે ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૪૪ | ૨૫૦૧ -ગ્રામીણ...... કાર્યક્રમો<br>૦૬- સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧ -નિર્દેશ અને વહીવટ<br>૦૨ - CDP- ૧ગ્રામ .... આયુક્ત<br>રૂ. ૫,૮૮,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૩૮ અને ૩૯ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોના સંપૂર્ણ કાચા રસ્તાઓને પાકા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૪૫ | -- " -- | ૧૦૦ | નદી તટના ગામોમાં સંરક્ષણદિવાલો બનાવી પૂરના પાણીથી રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૪૬ | -- " -- | ૧૦૦ | ગ્રામસભામાં રજૂ થયેલા પ્રશ્નોનો સ્થળ ઉપર જ અધિકારીઓ દ્વારા ઉકેલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઈતાભાઇ પટેલ |
| ૪૭ | ૨૫૦૫ -ગ્રામીણ રોજગાર<br>૦૨- ખાસ રોજગાર કાર્યક્રમ<br>૧૦૧ - રાષ્ટ્રીય.... કાર્યક્રમ<br>રૂ. ૪,૮૩,૦૦.૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા. નં. ૪૫ અને ૪૬ | ૧૦૦ | મનરેગાકામો સમયસર હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૪૮ | ૨૫૦૫ -ગ્રામીણ રોજગાર<br>૦૨- ખાસ રોજગાર કાર્યક્રમ<br>૧૦૧ - રાષ્ટ્રીય.... કાર્યક્રમ<br>રૂ. ૪,૮૩,૦૦.૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા. નં. ૪૫ અને ૪૬ | ૧૦૦ | મનરેગામાં થતી ગેરરીતિઓ અંગેની ધારાસભ્યોની ફરિયાદ અન્વયે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કરમશીભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૯ | -- " -- | ૧૦૦ | સ્થાનિક કક્ષાએ રોજગારી આપી આદિજાતિ વિસ્તારોમાંથી રોજગારી માટે થતું સ્થળાંતર રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |

(માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને)

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી નંબર ૨૬ અને ૨૭, આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૯૩ અને ૯૬, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો અને મારા સૂચનો રજૂ કરવા ઉપસ્થિત થયેલ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના લગભગ ૪૯ તાલુકા અને ૫૮૮૪ જેટલા ગામો, ૧૬ પોકેટ અને ૪ કલસ્ટર પોકેટ, આ પ્રાયોજના વિસ્તાર અને આદિજાતિ કલ્યાણ હેઠળનું જે બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આ ગૃહમાં આવ્યા છે. મારી લાગણી એટલી જ છે કે, આદિજાતિ કલ્યાણ અને પ્રાયોજના વિસ્તારનું બજેટ ૨૦૦૭-૦૮થી અત્યાર સુધી આ ગૃહમાં રજૂ થતું આવ્યું છે, પણ સવાલ એટલો જ છે કે જે આ રકમ વપરાવી જોઇએ એ રકમ આજ સુધી આદિજાતિ વિસ્તાર માટે બજેટ ફળવાય છે એ બજેટની રકમ પૂરેપૂરી ગુજરાતના ૫૮૮૪ જેટલા ગામોમાં વપરાતી નથી. આદિવાસી વિસ્તારના રસ્તા માટે પણ જે ખર્ચ કરવો જોઇએ એ ખર્ચ થતો નથી. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને માધ્યમિક શિક્ષણ પાછળ જે બજેટમાં રકમ મંજૂર કરવામાં આવે છે એ મંજૂર થયેલી રકમ પણ વપરાતી નથી. સિંચાઇ હેઠળ જે કામો મંજૂરી મળેલા છે એ કામો પણ થતા નથી. હું એક દાખલો આપું, ગુજરાત પેટર્ન હેઠળ માહે ડિસેમ્બર, ૨૦૧૫-૧૬ અંતિત જે ખર્ચ થયો છે એ નાની સિંચાઇ, પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા, સામાજિક સેવાઓ (અ) અને (બ) અને આર્થિક સેવાઓ, ૭ પ્રકારની ગ્રામ વિકાસ સિંચાઇ (બ) વિભાગ અને સામાજિક સેવાઓ ૧ થી ૧૦ એમાં ટોટલ રકમ ૩૯૮.૯૯ લાખ ૨૩ હજારની જોગવાઇ ૨૦૧૫-૧૬માં હતી. આ જોગવાઇની સામે જે થયેલો ખર્ચ છે ૧૬૪.૮૬ લાખ ૫૮ હજારનો થયો છે. એટલે આજ સુધી ૨૩૪.૧૨ લાખ ૬૫ હજારની બચત છે એટલે ખર્ચ ૪૧ ટકા જ થયો અને બચત ૫૮.૮૦ ટકા જેટલી થઇ છે. એ જ રીતે ૨૦૧૪-૧૫ના વર્ષમાં જે પૈસા ફાળવેલા તે પણ આજસુધી પૂરેપૂરાં વપરાયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલનું જે આયોજન કરવામાં આવે છે તે ૨૦૧૫-૧૬માં ૯૬૯૦.૫૩ કરોડ અને ડિસેમ્બર અંતિત જે ખર્ચ થયો તે ૪૧૧૩.૮૫ કરોડ એટલે ૫૫૭૬.૬૮ જેટલો ખર્ચ થયો નથી. ખાસ કરીને આદિવાસી જે જૂથ છે કોલચા, કોટવાળીયા, કાથોડી, સીદી, પઢાર તે જૂથની ટોટલ વસ્તી ૧ લાખ ૪૪ હજાર ૫૯૩ જેટલી છે તેના માટે ૨૨.૪૪ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. પણ ડિસેમ્બર અંતિત જે ખર્ચ થયો તે ખાલી ૩ કરોડ ૩૮ લાખ ૭૭ હજારનો કર્યો છે. એટલે ૨૯ હજાર ૫ લાખ ૮૭ હજારની બચત રહી છે અને ૨૦૧૬-૧૭માં જે રકમ ફાળવી તે ૪ કરોડ બજેટમાં ઓછી રકમ ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી છે કે, આદિજાતિ કલ્યાણ વિભાગમાં જે પૈસા ફળવાય છે તે પૈસા આદિજાતિ વિસ્તારના ગામોમાં વપરાતા નથી અને છેલ્લા ૨૦૦૭-૦૮થી જે નર્મદા નિગમને શેરમૂડી તરીકે રકમો ફાળવી છે તે ૨૦૦૭-૦૮થી ૨૦૧૫-૧૬ સુધી ૨૪૯૭ કરોડ રૂપિયા છે. હવે નર્મદામાં આ પૈસા ટ્રાયબલ વિભાગને ફાળવેલા પૈસા નર્મદા યોજનામાં વપરાતા હોય તો નર્મદા યોજનાની આજુબાજુ જે લોકોએ જમીનોનો ભોગ આપ્યો છે તેવા લોકોને સિંચાઇની કે પીવાના પાણીની આજસુધી કોઇ સુવિધા થતી નથી. ભલે, એ કચ્છમાં, જામનગર, જુનાગઢ, ભાવનગર, કચ્છ બાડમેર સુધી આનું પાણી ભલે જતું હોય, ઉદ્યોગને જ આનું પાણી મળે અને તે વિસ્તારના ગરીબ ગામડામાં જે લોકોએ પોતાની જમીનોનો ભોગ આપ્યો છે તેમને આ પીવાનું પાણી પણ મળતું નથી. જે તે વખતના મુખ્યમંત્રીશ્રીએ ૧૦મો મુદ્દો શહેરી વિકાસ માટેની જે જોગવાઇ કરી હતી તે જોગવાઇમાં પણ ૨૦૦૮થી અત્યાર સુધી ૨૦૧૬-૧૭ સુધી ટોટલ ૨૨૪૮ કરોડ ૪૭ લાખ અને ૩૮ હજાર આ શહેરી વિકાસ માટે રકમ ફળવાઇ છે. આદિવાસી વિસ્તાર માટે જે રકમ ફાળવવી જોઇએ તે ફળવાતી નથી. હમણાં એમ કહેવાય છે કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના હેઠળ આયર્ન, કેલ્શીયમ, કાર્બોહાઇડ્રેટ અને વિટામીન્સ પૂરાં પાડવા ૨૭ કરોડ રૂપિયાની જોગવાઇ આ વખતના બજેટમાં કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ કહેવું છે કે, છોટા ઉદેપુર અને કવાંટ તાલુકામાં ૪૩ હજાર જેટલા છોકરા-છોકરીઓને અત્યાર સુધી સંજીવની દૂધ પૂરું પાડવામાં આવતુ હતું પરંતુ છેલ્લા એક વર્ષથી ૭૫ લાખ રૂપિયા જેવી ભાડાની રકમ બાકી રહેવાના કારણે આજે છોટાઉદેપુર અને કવાંટના ૪૭૦૦૦ છોકરા-છોકરીઓને જે સંજીવની દૂધ પૂરું પડાતું હતું એ દૂધ પણ બંધ છે. મારી એટલી જ વિનંતી છે કે, છોટાઉદેપુર જેવા જિલ્લામાં લગભગ ૧૨૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ છે, એમાં ૫૫૮ જેટલા શિક્ષકોની ઘટ છે. તો આ ઘટને પૂરવા માટે સરકારે તાત્કાલિક નિર્ણય કરીને આ પ્રાથમિક શાળાના શિક્ષકોની પૂરી કરવી જોઇએ, એ એટલા માટે કે પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ, આશ્રમશાળા આ શિક્ષકોના ઘટના કારણે ધોરણ દસનું પરિણામ છોટાઉદેપુર જિલ્લામાં દસ ટકા જ આવ્યું છે અને ધોરણ ૧૧ અને ૧૨નું પરિણામ વીસ ટકા, છોટાઉદેપુર જિલ્લામાં સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછું પરિણામ મળ્યું છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એમાં મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચની બંન્ને વિભાગની કુલ ૧૧૦૮૫ કરોડ ૬૬ લાખ ૩૨ હજાર રૂપિયાની માગણી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર આપણે આ હાઉસમાં સાંભળીએ છીએ, ગરીબીની વાત કરવામાં આવે અને ગરીબીની વાત આવે એટલે સ્વાભાવિક છે કે, છેલ્લે છેવાડાનો માનવી આદિવાસી વિસ્તાર જ યાદ આવે, એ જ સમાજ વધારે ગરીબીમાં રહેતો હોય છે. છેલ્લા કેટલાય વર્ષોથી દેશ આઝાદ થયા પછી કોંગ્રેસ પાર્ટીએ રાજ કર્યું છે, અને ગરીબી હટાવવા માટે ૧૯૭૧ થી ૧૯૯૦ સુધી ઇન્દીરાજીએ જે નારો આપ્યો હતો અને પાંચ પાંચ કમિશનો ગરીબી હટાવવા માટે બનાવવામાં આવ્યાં હતાં, પણ પરિણામ શું મળ્યું? આખરે કોંગ્રેસને હટી જવું પડ્યું પ્રજાએ એમને હટાવી દીધા કે તમારાથી ગરીબી દૂર નહીં થાય, પણ છેલ્લે છેલ્લે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે, મનરેગા જેવી યોજના લાવવી પડી, સરકાર કોઇ પણ જાતના રોજગાર ગરીબી હટાવવા માટે આપી ન શકી, અને મનરેગા જેવી યોજના લાવવામાં આવી પણ એની સાથે સાથે અન્ન સુરક્ષા બિલ પણ ૨૦૧૩માં લાવ્યા, આપણને કેટલો અફસોસ થાય કે, લોકોને અનાજ આપવા માટે, અરે, તમે રોજગારી માટેની વ્યવસ્થિત રીતે એમના જીવન નિર્વાહ માટે યોજનાઓ બનાવી હોત તો આ કાયદાની આજે જરૂર ન હતી, તેમ છતાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની અંદર બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા આપે છે અને આજે પણ આપે છે. અને છતાં પણ આ બિલને અમારી સરકારે સ્વીકાર્યું છે, એટલું જ નહીં પણ આદિવાસી વિસ્તારની જે દીકરીઓ ભણતી હોય એમને વર્ષે બે દીકરીઓ, એક દીકરીને ૬૦ કિલો એમ કરીને બે દીકરીને ૧૨૦ કિલો ઘઉં પણ મફત આપવામાં આવે છે. આજે આપણે જોઇએ તો આદિવાસી વિસ્તારના કોઇ ગામથી મુખ્ય રસ્તા ઉપર તમે જઇને ઉભા રહો, બધા મિત્રોને વિનંતી કરું છું કે, જયારે ગામડાંમાંથી વાહનો નીકળતા હોયને, તો કોઇ વાહનની અંદર આદિવાસી વિસ્તારમાંથી દૂધના કેનો ભરેલો ટેમ્પો પસાર થતો હોય, શાકભાજી ભરેલા ટેમ્પા પસાર થતા હોય છે, એટલે છેલ્લા દસ પંદર વર્ષમાં આ વનબંધુ કલ્યાણ યોજના દાખલ થવાથી આદિવાસી વિસ્તારનો વિકાસ થયો છે એ માનનીય સભ્યશ્રીઓને જોવા વિનંતી કરું છું. આદિવાસી વિસ્તારના ઉંડાણના ગામડાં હોય જયાં વર્ષો પહેલા કોઇ સામાજીક પ્રસંગ કે લગ્ન પ્રસંગે ગયા હોઇએ ત્યારે વાહન કયાં પાર્ક કરવું એની તકલીફ પડતી હતી. એ જ ગામોમાં આજે તમે જાવ તો રીતસરના બોર્ડો મારવામાં આવ્યા છે કે અહીંયા ટુ વ્હીલર પાર્કીંગ, અહીંયા, ફોર વ્હીલર પર્કીંગ, અહીંયા ટેમ્પાનું પાર્કીંગ કે અહીંયા ટ્રેકટરનું પાર્કીંગ આ જ વિકાસ બતાવે છે. એટલે માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે આપ એકવાર ગામડાંમાં જાવ અને આદિવાસીભાઇઓ તથા ખેડૂતોની પરિસ્થિતિ જૂઓ.

હમણાં માનનીય મોહનસિંહભાઇ વાત કરતા હતાં એ હું સાંભળતો હતો. ઘણીવાર વાત કરવામાં આવી કે બેકલોગ ભરવામાં આવતો નથી. ગુજરાતમાં ઘણી જગ્યાઓ ખાલી છે એ ભરાતી નથી. ૧૯૯૦ થી ૧૯૯૪ દરમિયાન તમે મંત્રીશ્રી હતા ત્યારે આપણે સાક્ષી છીએ કે જગ્યાઓ નહિ ભરવા માટે બાન હતો એમાં બેકલોગની જગ્યાઓ ભરવા માટે છૂટ આપવામાં આવી હતી. તે વખતે આદિવાસીઓ માટે ૨૦ હજાર જેટલી જગ્યાઓ ખાલી હતી અને એમાં પણ ખાસ કરીને વર્ગ-૪ની ૨૫૦૦ જગ્યાઓ ભરવાની હતી. અમે વારંવાર સરકારને કહ્યું કે આ જગ્યાઓ ભરવા ઉપર પ્રતિબંધ નથી, અમે અનેક વિનંતીઓ કરી પરંતુ તે વખતે •(xxx) ચાલતું હતું. જે શૈક્ષણિક સંસ્થાઓ ચાલતી હતી. ૧૯૯૪મા માનનીય શકિતસિંહભાઇ શિક્ષણમંત્રી હતા તેઓ પણ મારી વાત સાથે સહમત થયા હતા. ગુજરાતમાં હજારોની સંખ્યામાં શૈક્ષણિક સંસ્થાઓ, આશ્રમશાળાઓ અને છાત્રાલયો ચાલે છે. એમાં કોઇ એસ.ટી.ના શિક્ષકથી ભરવાની હોય એટલે બી.એ. બી.એડ આદિવાસી યુવાન અરજી કરે એને પસંદ પણ કરવામાં આવે પછી એને કહેવામાં આવે કે પાંચ લાખ કે દસ લાખ રૂપિયા ડોનેશન આપવું પડશે એટલે પેલો ભાઇ ના પાડે એટલે પછી પ્રથમ પ્રયત્ન એમ કરીને જાહેરાત આપે એટલે પેલો ભાઇ જૂએ કે અહીંયા તો ડોનેશન માગે છે એટલે અરજી ન કરે એટલે પછી બીજો પ્રયત્ન અને પછી ત્રીજો પ્રયત્ન એ રીતે ત્રણ ત્રણ પ્રયત્ન કરીને એક પ્રકારનું *( x x ) ચાલતું હતું. ત્રણ પ્રયત્ન પછી એ જગ્યા ન ભરાય એટલે બિન અનામતથી એ જગ્યાઓ ભરી દેવામાં આવતી હતી. એટલે કોંગ્રેસની સરકાર વખતે આદિવાસી યુવાનોના હક્ક આ રીતે છીનવી લેવામાં આવતા હતા. માનનીય શકિતસિંહભાઇ શિક્ષણ મંત્રી હતા. અમે વારંવાર રજૂઆતો કરતા હતાં કે આ બધી જગ્યાઓ લઇ લે અને સરકાર પોતે એ ભરે અને પછી જે તે સંસ્થાઓને ફાળવણી કરે. હું આ સરકારને અભિનંદન આપીશ કે તેણે આશ્રમશાળા હોય કે છાત્રાલયો હોય કે બીજી કોઇ શૈક્ષણિક સંસ્થા હોય એની બધી જ જગ્યાઓ આ સરકાર ભરશે જે સંસ્થાને જરૂર પડે એને ફાળવણી કરવામાં આવશે. એટલે કેટલાક લોકોને આ ન ગમ્યું એટલે એ કોર્ટમાં ગયા એના લીધે નવ યુવાનોને ૩-૪ વર્ષ નોકરીથી વંચિત રહેવું પડ્યું પછી કોર્ટ કેસ ચાલ્યો અને સમાધાન થયું. આ વર્ષે સરકારે ૬૬ હજાર જેટલી જગ્યાઓ ભરવાની બજેટમાં જાહેરાત કરી છે. એમાં દસ હજાર જેટલા શિક્ષકો પણ આવી જાય છે. શિક્ષણની અંદર છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ૫૩૦૩ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. આજે પણ રોજગાર વિનિમય કચેરીમાં તપાસ કરીએ તો જેટલી પણ જગ્યાઓ ભરવાની છે એની જાહેરાત આપવામાં આવશે. પહેલા આ જગ્યાઓ નહિ ભરવા માટેનું •( x x )કરવામાં આવ્યું હતું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મોતીભાઇ, વારંવાર *( x x ) શબ્દનો ઉલ્લેખ ન કરો, એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

---

• આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

( x x ) • આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા : આ વખતે પણ આ જગ્યાઓ આમાં ફેરવાય જાય અને બાકીના લોકોને તક મળે એના માટે વારંવાર દબાણ કરે છે. કે કેમ જગ્યાઓ નથી ભરતા? હવે બી.એસ.સી., બી.એડ, એમ.એસ.સી., બી. એડ. આદિવાસી દિકરાઓ તૈયાર થઇ ગયા છે. જે કંઇ જગ્યાઓ હવે ભરાવાની છે, મેં પહેલાં વાત કરી હતી તેમ ૬૬,૦૦૦ જગ્યાઓ આ સરકારે ભરવાની છે તેમાં ૨૦,૪૦૦ જેટલા શિક્ષકોની જગ્યા આ એક જ વર્ષમાં ભરવાની છે. એટલે આવનારા દિવસોમાં જે કોંગ્રેસના મિત્રો કહે છે કે ખાલી જગ્યાઓનો બેકલોગ છે એ બધો જ ભરાઇ જવાનો છે. ગામડાંઓમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કે આશ્રમશાળા હોય તેમાં બાળકોને સારું શિક્ષણ મળવાનું છે. આશ્રમશાળાઓ હોય, ગ્રાન્ટેડ છાત્રાલય હોય છેલ્લા ૧૦–૧૫ વર્ષથી આપેલી હતી. તેમાં શું ચાલતું હતું? કેવા લોકોની સંસ્થા હતી, કેટલાય માણસની વચ્ચે પણ હું કહી ચૂક્યો છું. સાહેબ, તેમાં ભરતી કરવાની હોય તો પછી ઘરનો જ બધો પરિવાર હોય. એક આશ્રમશાળા હોય, જે સંસ્થાનો માલિક હોય એના ઘરના જ બધા હોય. સ્કૂલમાં ન આવે તો આપણાંથી કહેવા પણ ન જવાય.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મોતીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ડો. જોષીયારા.

ડો. અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ વિભાગ અને ગ્રામપંચાયત તેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ જે અદિવાસીઓની જરૂરિયાત, તેમના વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બજેટ બનાવતી હોય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી જોવામાં આવ્યું છે કે આ જે બજેટ બને છે તેમાં સરકાર આદિવાસીના વિકાસ માટે ગંભીર નથી એવું દેખાઇ રહ્યું છે. આ મારે એટલા માટે કહેવું પડે કે છેલ્લા ઘણાં સમયથી હું બજેટ જોઇ રહ્યો છું. આ બજેટમાં મારા વિસ્તારની એકની એક વાત આવે છે. બે જ બાબત આવે છે અને એની એ જ બાબત આવતી હોય છે. એટલે બજેટ બનાવવા માટે સરકાર આ બાબતમાં ગંભીર નથી એમ લાગે છે. જે કંઇ બજેટ બને છે એમાં લમ્પસમ રકમ મૂકવામાં આવે છે અથવા તો કોઇ યોજના હોય, યોજનાની સામે ખાનું ખાલી રાખવામાં આવે છે. અગાઉના બજેટો જૂઓ. અગાઉના બજેટમાં કોઇ પણ કામ હોય તેની સામે તેનો અંદાજ મૂકવામાં આવતો હતો. આજે કોઇ અંદાજ મૂકવામાં આવતો નથી. આ જે પૈસા છે એ પૈસા જુદા જુદા ૨૩ વિભાગમાં વહેંચાઇ જાય છે. એ વિભાગો બજેટ બનાવે છે. કોંગ્રેસના શાસનમાં બજેટ પણ કોંગ્રેસની સરકાર બનાવતી, વિભાગ બનાવતો અને તેનું અમલીકરણ જુદા વિભાગોને મોકલવામાં આવતું. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આજે જુદા જુદા વિભાગો બનાવે છે. તેના લીધે આદિવાસીઓની શું જરૂરિયાત છે એનો ખ્યાલ નથી. તેના લીધે પરિસ્થિતિ એ થાય છે કે આ બજેટનું ડાયવર્ઝન થઇ જાય છે. મેં હમણાં ૧૪મી તારીખના પ્રશ્નમાં કહ્યું હતું કે કેન્દ્રીય આયોજન પંચ કહે છે કે આપણું જે ટોટલ બજેટ છે એ ટોટલ બજેટના ૧૭.૫૭ ટકા બજેટ હોવું જોઇએ આપે તે દિવસે જવાબ નહીં આપ્યો પણ મને આજે વિશ્વાસ છે કે આજે કદાચ આપ જવાબ આપો કે એનું ઓડિટ થાય. આ એટલા માટે કે આપણો જે ભૌગોલિક વિસ્તાર છે એ ટોટલ વિસ્તારના ૧૬.૧૪ ટકા છે. એટલા માટે આ વિસ્તારને ૧૭.૫૭ ટકા રકમ મળવી જોઇએ. કેન્દ્રીય સ્તરે અને રાજય સ્તરે આ જે બજેટ હોય છે તેની ફાળવણી જુદી પાડીને આપવામાં આવે છે છતાં પણ તેના અમલીકરણમાં તકલીફ પડે છે અને તેનો કોઇ હિસાબ રાખતું નથી. કોઇ વિભાગ તેનો રેકોર્ડ રાખતો નથી. તેના લીધે બજેટ છે એ ગમે ત્યાં વપરાઇ જાય છે અને આપણે ઠેરના ઠેર રહીએ છીએ. આ મારે એટલા માટે કહેવું પડે છે કે આપે જયારે ૨૦૦૭માં ૧૧મી પંચવર્ષીય યોજનામાં કહ્યું હતું કે ૧૫ હજાર કરોડ તમારા માટે આપીએ છીએ, પછી તમે કહો કે ૧૭,૮૭૦ કરોડ ફાળવ્યા. ફરી તમે કહ્યું કે ૪૦,૦૦૦ કરોડ આપીએ છીએ. સાહેબ, આટલા બધા પૈસા જો ખરેખર આપ્યા હોત તો ૪૩ તાલુકામાં એક એક તાલુકામાં ૧૩૪૫ કરોડ રૂપિયા મળ્યા હોત અને એ તાલુકાઓના તમામ વિકાસના કામો પૂર્ણ થઇ ગયા હોત. પણ સાહેબ, થયું શું? આ પેસા બીજે વપરાઇ ગયા, લોકોને કશું મળ્યું નહીં અને પરિસ્થિતિ બગડતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને મકાન વિભાગની વાત કરું. ૨૦૦૭માં કહ્યું હતું, તમામ ગામ, ફળીયાને પાકા બારમાસી રસ્તાઓ આપવામાં આવે છે. થયા ખરા? સાહેબ, સરકારે તો ઉંધુ કર્યું. પ્લાન રસ્તાઓને ડામર કરવાનું નક્કી કર્યું. નોન પ્લાન રસ્તાઓ નહીં. આદિવાસી વિસ્તારમાં તો મોટા ભાગના રસ્તાઓ નોન પ્લાન રસ્તાઓ છે. મારી તો મંત્રીશ્રીને વિનંતી છે કે છેલ્લા છ વર્ષમાં ૩,૯૩૧ કરોડ રૂપિયા વપરાઇ ગયા. આ પૈસા વપરાઇ ગયા પણ આદિવાસીઓના વિસ્તારમાં નહીં વપરાયા. મારી મંત્રીશ્રીને વિનંતી છે. એક તો તમે આનો હિસાબ રાખો. તમે જુદા વિભાગોની સાથે બેઠક કરો અને સમીક્ષા કરો કે આ બજેટ અમારા વિસ્તારમાં વપરાવું જોઇએ. બીજું, અમારા વિસ્તારમાં અમુક ગામો એવા છે કે જેમને હજુ સુધી રસ્તો મળ્યો નથી. એવા ગામોને રસ્તા આપો. સિંચાઇ માટે છેલ્લા છ વર્ષમાં જે પૈસા વપરાયા. તમને એમ લાગશે આટલા બધા પૈસા! તમે હિસાબ નહીં રાખતા હો. પરંતુ છેલ્લા આઠ વર્ષમાં રૂ.૪૪૬૯/– કરોડ આપ્યા છે. સરકાર તો એમ કહે છે કે અમે સિંચાઇ માટે આદિવાસી વિસ્તારને પ્રાયોરીટી આપીએ છીએ. પણ આજની તારીખમાં જોઇએ તો આ વિસ્તારોમાં તળાવો માટે પૈસા મળતા નથી. મેં સંકલનમાં પ્રશ્ન પૂછ્યો હતો. આખા અમારા અરવલ્લી જિલ્લાના વિસ્તાર માટે, આદિવાસી વિસ્તાર માટે માત્ર સાત લાખ રૂપિયા જ. તો આ પૈસા જાય છે ક્યાં? તમે ક્યાં એનો ઉપયોગ કરો છો? ઘણા એવા તળાવો છે એનું અને જે ડેમો છે એનું પાણી લિફ્ટ કરીને આદિવાસી વિસ્તારમાં આપો તો એ વિસ્તારના ખેડૂતો સદ્ધર થશે. આ સિંચાઇના પૈસા ક્યાં જાય છે? હમણાં અમારા સાહેબ વાત કરતા હતા. આ પૈસા નર્મદા નિગમની શેર મૂડી માટે જાય છે. અમારા આદિવાસી વિસ્તારને મળતા નથી. છેલ્લા આઠ વર્ષમાં જ્યારથી વનબંધુ યોજના ચાલુ કરી ત્યારથી આ બજેટનું ડાયવર્ઝન ચાલુ થયું છે. છેલ્લા સાત વર્ષમાં રૂ.૨૪૯૭/– કરોડ વપરાઇ ગયા છે. ગરૂડેશ્વર અને ત્યાંના આદિવાસીઓનો આજુબાજુનો વિસ્તાર છે એમને સિંચાઇનો કોઇ લાભ મળતો નથી. આપણા આદિવાસીઓના પૈસા શહેરી વિકાસમાં જાય છે. આદિવાસીઓનો વિકાસ પૂરો થઇ ગયો છે. હવે શહેરોનો વિકાસ કરવાનો છે. મહાનગરપાલિકાનો વિકાસ

કરવાનો છે. આ તમે શાના માટે પૈસા ફાળવો છો? બે વર્ષ પહેલાં આ ગૃહમાં મેં વિરોધ કર્યો હતો. શાના માટે આ પૈસા ફાળવો છો? ક્યા આદિવાસીનું ભલુ કરવા આ પૈસા ફાળવો છો? મારી વિનંતી છે કે આ બંધ કરો. આ સમાજ ક્યારેય માફ નહીં કરે. આટલી બધી મોટી રકમ અને એની પ્લાન સાઇઝ દર વખતે વધતી જાય છે. બીજા આપણા પાણીના પ્રશ્નો છે, આરોગ્યના છે એમાં પ્લાન સાઇઝ ઘટતી જાય છે અને આમાં પ્લાન સાઇઝ વધતી જાય છે. ગયા વખતે રૂ.૨૬૩/– કરોડ અને આ વખતે રૂ.૫૨૦/– કરોડ, ડબલ સાહેબ, આટલી બધી પ્લાન સાઇઝ વધે તો પણ આદિવાસીઓને કોઇ લાભ થવાનો નથી. તમે પીવાના પાણીની તકલીફ હોય ત્યાં આપતા નથી. બાળકો કુપોષણથી મરી રહ્યા છે. એના માટે આ સરકાર પાસે પૈસા નથી. પીવાના પાણી માટે જે પૈસા હોવા જોઇએ એ પૈસા ગયા વખતે ફાળવ્યા હતા રૂ.૪૩/– કરોડ અને આજે રૂ.૨૦/– કરોડ જ ફાળવ્યા છે. આમાં કેમ બજેટ ફાળવતા નથી? તમે કહ્યું હતું કે ઘરે ઘરે રસોડા સુધી પાણી આપી દઇશું. કાગળ ઉપર આપી દીધું. ગામડામાં તપાસ કરો આજે કેવી રીતે લોકો પાણી મેળવે છે? માનનીય નીતિનભાઇ આદિવાસીના આરોગ્ય બજેટમાં આ વખતે રૂ.૧૯૪/– કરોડ ઓછા ફાળવ્યા છે. બજેટ વધવું જોઇએ. પ્લાન સાઇઝ વધતી હોય તો આ પૈસા કેમ વધતા નથી? મારે શિક્ષણની વાત કરવી છે. દર વર્ષે આપણે રૂ.૧૧૦૦/– કરોડ આદિવાસી બાળકોના શિક્ષણ માટે વાપરીએ છીએ. ગામડાંમાં પ્રાથમિક શાળામાં શિક્ષકો અને ઓરડાઓ નથી. આજે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો નથી. આપણે ગુણોત્સવ કરીએ છીએ, પ્રવેશોત્સવ કરીએ છીએ અને બાળકોને કોઇ દિવસ પૂછીએ છીએ કે તમારી પાસે પુસ્તકો છે? પુસ્તકો તો પસ્તીમાં વેચાય છે. અને આપણે એમ કહીએ છીએ કે બાળકોને વાંચતા આવડતું નથી. કેવી રીતે આવડે? એમને પુસ્તકો તો આપણે આપતા નથી. મારી વિનંતી છે કે સ્કોલરશીપ વધારવાથી શિક્ષણ નહીં સુધરે. શ્રી મંગુભાઇ, આદિવાસી વિસ્તારમાં શિક્ષકો ભરો. આદિવાસીઓનું શિક્ષણ સુધરશે. ધોરણ ૧૨નું રિઝલ્ટ આવ્યું. હમણાં રાઠવા સાહેબે કહ્યું કે ઘણી સ્કૂલોમાં ઝીરો રિઝલ્ટ આવ્યું છે. દસ ટકા અને વીસ ટકા રિઝલ્ટ છે. આદિવાસીઓની બધી શાળાઓમાં ત્રીસ ટકા કરતાં ઓછું રિઝલ્ટ છે. શ્રી મોતીભાઇ કહેતા હતા કે કેમ આદિવાસી વિસ્તારમાં રિઝલ્ટ ઓછું આવ્યું છે? આની પાછળનું કારણ શું છે એ તો કહો ? કેમ આટલું બધુ રિઝલ્ટ ઓછું છે? મારી વિનંતી છે કે તમે શિક્ષકો ભરતા નથી અને તમે મોટી મોટી જાહેરાતો કરો છો. મેં ભિલોડામાં એક કોલેજ માગી હતી. આ વિસ્તારમાં સરકારી કોઇ કોલેજ નથી. ગ્રાન્ટેડ એક કોલેજ છે અને એમાં બે વિષયો જ ભણાવે છે અને તેથી વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડી રહ્યું છે. આપે દરેક તાલુકા મથકે એક કોલેજ આપીશું એવી જાહેરાત કરી હતી પણ તમે કોઇ કોલેજ આપતા નથી. આપણે બેટી બચાવોની વાત કરીએ છીએ. આ બેટી બચાવો એટલે તમે બીજું નહીં સમજતા. બેટી બચાવવાની અને બેટી ભણાવવાની વાત કરી છે. પણ આ વખતે મારા વિસ્તારમાં એક છોકરી બીએસસીમાં યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવી એને ગોલ્ડ મેડલ નહીં મળ્યો એના પછીનાને ૧૩ માર્કસ ઓછા હતા છતાં એને ગોલ્ડ મેડલ આપ્યો. આ છોકરી આદિવાસી હોવાથી તેને ગોલ્ડ મેડલ આપ્યો નહીં. તમે આ બાબતે તપાસ કરાવો એવી મારી તમને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોસ્ટર એક્ટ લાવો, અનામતની પ્રથા વ્યવસ્થિત રીતે દાખલ કરો. બેકલોગ રફેદફે થઇ ગયો છે. ૫૦૦૦૦નો બેકલોગ ક્યાં ગયો? ઘણી કોલેજોમાં આજે જગ્યાઓ ખાલી છે. આપને વિનંતી છે કે રોસ્ટર એક્ટ લાવો પેશા કાયદાનો અમલ કરો એનો નિયમ બનાવો. એની સંપૂર્ણ કામગીરી આદિવાસી વિભાગને આપી દો અને વનબંધુ શબ્દ છે એ તમામ દફતરમાંથી બંધ કરો. અમને અપમાનિત કરવાનું બંધ કરો. મારી આ તમને વિનંતી છે. અને વન અધિકાર કાયદો છે એનો સંપૂર્ણ અમલ કરો. મંત્રીશ્રીને વિનંતી છે કે તમે આ વિસ્તારમાં જાઓ. આ કામગીરી અત્યારે ઘણી ઓછી છે. આપણે ગુજરાતને ગ્રોથ એન્જિન કહીએ છીએ પણ આ કામગીરીમાં કેમ આપણે સૌથી છેલ્લા છીએ? કારણ કે આ આદિવાસીઓ માટે છે એટલા માટે આપણે આ કામગીરી કરતા નથી. એના લીધે ૭૩ હજાર જેટલાને જ આપણે અધિકારપત્ર આપી શક્યા છીએ. ૧ લાખ ૯૨ હજાર જેટલા સામૂહિક અને વ્યક્તિગત દાવાઓ હતા. આટલા બધા દાવાઓ એમને એમ પડી રહ્યા છે. જે જમીન આપી છે એ મશ્કરી સમાન જમીન આપી છે. ૧૦–૨૦ ગુંઠા જમીન આપી છે. તમે તપાસ તો કરો. લોકોને ઐતિહાસિક અન્યાય થયેલ હતો અને આ અન્યાય માટે આ કાયદો બન્યો હતો. આવા સંજોગોમાં તમે આ જે જમીનો આપી છે એની ફેરતપાસ કરો અને એમને ફરી આ જમીન મળે એવા પ્રયત્ન કરો. મારે તો આ મંત્રીશ્રી, તમારા વિભાગની જે કમિશ્નર ઓફિસ અને ટ્રાયબલ વિભાગ છે એની વાત કરવી છે. તમે એમને સમય આપો. તમે ઉત્સવો બંધ કરો તો અધિકારીઓ ફ્રી રહે અને કોઇ કામ કરી શકે. આજે એ લોકો કામ કરી શકતા નથી. એના લીધે આ ગ્રાન્ટ એમને એમ પડી રહે છે, લેપ્સ જાય છે. મારું તો કહેવું છે કે બિન જરૂરી ઉત્સવો છે એ બંધ કરી દો.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટની માગણી ઉપર રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી, આદિજાતિ કલ્યાણ અને પંચાયત, ગૃહ નિર્માણની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું અને કેટલાક સૂચનો પણ હું કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ કોઇપણ સરકાર હોય એ બનાવતી હોય છે અને સરકારની જવાબદારી પણ નક્કી હોય છે કે, સર્વ ક્ષેત્રે એક વિકાસના માળખા સાથે અને એમના માળખાકીય વિકાસની સાથે ભૌગોલિક ઉપયોગિતા છે એ પૂરી કરવી. હું એક તાજનો સાક્ષી છું કે જ્યારે ૧૯૯૫માં વિકાસલક્ષી બજેટ રાજકીય પરિવર્તન થકી ભારતીય જનતા પાર્ટી આવી ત્યારે ૯૩૫ કરોડ રૂપિયાનું બજેટ મૂકાયેલ અને આ વખતનું બજેટ છે એ વિકાસલક્ષી બજેટ ૮૫ હજાર ૫૨૭ કરોડનું મૂકાયું છે. એનો સીધો અર્થ એ થાય છે કે સરકાર આર્થિક દ્રષ્ટિએ પગભર થઇ છે અને એમણે વ્યવસ્થિત રીતે તંત્ર ઉપર કાબુ મેળવ્યો છે. હું મારા વિચારો ટ્રાયબલ વિભાગ માટે આપવા માગું છું. આપણા સૌના ખૂબ જૂના મોહનસિંહભાઇએ એક ચિંતા વ્યક્ત કરી કે ગામડાંની અંદર ટ્રાયબલ બજેટ બરાબર વપરાતું નથી. પણ હું તો એ વાત કરવા માગું છું કે આજે તાલુકા કક્ષાએ ટ્રાયબલ કમિટિ છે, જિલ્લા કક્ષાએ ટ્રાયબલ કમિટિ

છે તેમ છતાં વર્ષમાં બે વાર આદિવાસી પરિષદની પણ મિટિંગ થતી હોય છે અને એમાં સરકારની કુલ ફાળવણી હોય એની સમીક્ષા થતી હોય છે. ત્યારે કેટલાક મુદ્દા આપવાની જવાબદારી આપણી પણ થતી હોય છે કે આપણે મુદ્દા તાલુકા કક્ષાએ કે જિલ્લા કક્ષાએ કેમ રજૂ ન કર્યા? એના માટે જો જવાબદારી હોય તો આપણી એ જવાબદારી છે. આદિવાસી વિભાગની અંદર અમારે કાયાપલટ, આમ તો મારે માગણી પર ચર્ચા કરી ત્યારે મેં વાત મૂકી છે કે ટ્રાયબલના જે ૧૪ જિલ્લાઓ છે એમાં આવતા ૪૩ તાલુકા છે. ૫૮૮૪ જેટલા ગામો છે એમાં માળખાકીય વિકાસની અંદર પીવાનું પાણી, આવાસો એ તમામ સુવિધા હવે પ્રાપ્ત થઇ ગઇ છે. મારો વિચાર તો એ છે કે હવે સરકારી જે બજેટ બને છે એમાં એક તાલુકાનું ક્લસ્ટર નક્કી થાય, ડેપ્યુટી કલેકટરની જવાબદારી નક્કી થાય અને કયા તાલુકાની અંદર લોકોને વધારે રોજગારી આપણે આપી શકીએ એવા એકમો પડેલા છે એમાં પણ ચિંતા કરીને બજેટનો એમાં વધારે ઉપયોગ કરવો જોઇએ. દા.ત. અમારો ઉમરગામ તાલુકો ૪૩ તાલુકા પૈકીનો એક ટ્રાયબલ તાલુકો છે. અહીંયા ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે કમ સે કમ ૨૦૦૦ જેટલા નીરાના ઝાડો છે કે જેને અમે ખજૂરી કહીએ છીએ. એમાંથી નીરો કાઢવા માટે ખાદી ગ્રામ ઉદ્યોગ બોર્ડ દ્વારા એની પરવાનગી આપવામાં આવે છે. પણ એ પરવાનગી આપ્યા પછી એમાંથી ત્રણ જગ્યા પર એની વ્યવસ્થા હોય છે. મંડળીને એને નંબર આપવા માટેના અધિકારો આપ્યા છે. મંડળી નીરાનો સંગ્રહ કરે છે પછી માર્કેટીંગમાં વેચવા માટે વ્યવસ્થા હોય એમાં પણ બે-ત્રણ રૂપિયા કમિશન હોય છે. ઉત્પાદકોને કમિશન ઘણું ઓછું મળે છે. જો એમાં આ રીતની વ્યવસ્થા કરે અને નીરાને શ્રીફળ તરીકે જાહેર કરી દેવામાં આવે અને ખેડૂતોને સીધી સત્તા આપવામાં આવે તો આર્થિક દ્રષ્ટિએ સારુ રહેશે. આજે ૨ લાખ ૯૭ હજારની વસતિ છે

અને દરેક ખેડૂતો પાસે આ ઝાડો છે તો તરત જ એમનો આર્થિક બેઇઝ વધશે અને સરકારની જે રોજી-રોટી આપવાની ચિંતા છે એમાં ઘણો બધો એનો ફાયદો પણ થાય. એજ રીતે ઉદ્યોગો જે ટેકનિકલ કારીગર હોય એને રોજગારી આપે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી રમણલાલ ના. પાટકર : પરંતુ મારું એમાં પણ સૂચન એ છે કે, આ જે અનપઢ ઇસમો છે, જે ભણી શકેલા નથી એને પણ રોજગારી આપવા માટેનો મોટો ગૃહ ઉદ્યોગ જો ચાલતો હોય તો એ માટી ઉદ્યોગ છે, ઇંટ ઉદ્યોગ છે. ઇંટ ઉદ્યોગને માટે બજેટની અંદર સારી જોગવાઇ કરવામાં આવી છે તો એમાં પણ એને એક ગ્રુપ બનાવી અને ક્લસ્ટર બનાવીને જે તે તાલુકાની અંદર આ જ્યાં વધારે ઉદ્યોગ હોય ત્યાં ઇંટની ઉત્પાદકતા પણ વધારે છે તો એમાં કમ સે કમ દસ થી પંદર હજાર લોકો રોજગારી મેળવી શકે છે તો એમાં જો ક્લસ્ટર પ્રમાણે તાલુકાની ચિંતા કરવામાં આવે તો સ્વાભાવિક રીતે પાંચ વર્ષની અંદર સરકાર સારી રીતે રોજગારી આપવા માટેનું કામ કરી શકે છે. મેં અગાઉ પણ કહ્યું છે કે, આ જે જે યોજનાઓ સરકાર દ્વારા મૂકવામાં આવી છે એમાં અમારાં ઉંમરગામ તાલુકાની અંદર રસ્તા. રસ્તાની અંદર આ ટ્રાયબલ વિસ્તાર હોવા છતાં વિવિધ યોજના અને ટ્રાયબલ વિભાગમાંથી ૨૮૮ જેટલા રસ્તાઓ તૈયાર કર્યા છે એમાં કરોડો રૂપિયા આ તાલુકાની અંદર ખર્ચાયા છે. એ જ રીતે બ્રીજ. અમારાં જે તે તાલુકાની અંદર નાના મોટા લો-લેવલના બ્રીજ હતા, અગર તો બે રસ્તાને જોડતાં મોટા બ્રીજ હતાં એ તમામ પૂર્ણ થયાં છે અને એના હેડમાં કમ સે કમ ૮૮ કરોડ રૂપિયા નો ખર્ચો આ ટ્રાયબલ વિભાગમાંથી થયો છે. એ જ રીતે અત્યારે જે વનબંધુ કલ્યાણ યોજનાની વાતો છે એમાં શરૂઆતમાં ૨૦૦૭-૨૦૦૮ની અંદર જ્યારે આ યોજના અમલમાં મૂકવામાં આવી તો એ વખતે સારું એવું પરિણામ આવ્યું. ૧૫૦૦૦ કરોડની જોગવાઇની સામે ૧૭૦૦૦ કરોડ રૂપિયા આપણે ખર્ચ્યાં. અત્યારે ૪૦૦૦૦ કરોડ રૂપિયા મૂક્યાં છે.

ઉપાધ્યક્ષશ્રી : રમણભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી આનંદભાઇ ચૌધરી. આપની પાસે સાત મિનિટ છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગની જે માગણીઓ રજૂ થઇ છે એમાં મારાં વિચારો રજૂ કરું છું.

પ્રાથમિક શાળામાં ભણતાં હતાં ત્યારે એક એકલવ્યનો પાઠ દરેક પ્રકરણમાં આવતો હતો. ઘણાં બધાં મિત્રોએ જોયો હશે. એને ધનુર વિદ્યા શીખવા માટે ગુરુદ્રોણ પાસે જવું હતું. એને ના પાડે છે. આખી વાર્તા આપણને બધાને ખબર છે. એ માત્ર આદિવાસી વિદ્યાર્થી હોઇ અને રાજવી પરિવારથી ચઢિયાતી વિદ્યા નહિ શીખે એમ કહીને ગુરુદ્રોણ એમનો અંગૂઠો ગુરુ દક્ષિણામાં કાપી લે છે. •( x x x) ત્યારે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : * (x x x) આ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આજે વર્ણ વ્યવસ્થાના નામે દરેક ક્ષેત્રે શિક્ષણની વાત હોય, જળ-જંગલની વાત હોય, પૈસાની વાત હોય, આરોગ્યની વાત હોય, એના અધિકારોની વાત હોય, એની નોકરીની વાત હોય પણ આજે દરરોજ અને દર ક્ષણે આદિવાસીઓના સરકાર દ્વારા * ( x x x) છે. એટલે હું કહું છું કે સરકાર ગુરુદ્રોણની ભૂમિકા ભજવી રહી છે. ઘણી વખત એવું થાય છે કે સિંચાઇની વ્યવસ્થા હોય. અમે અહીંયાથી ઉકાઇ ડેમ હોય, સરદાર સરોવર હોય (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : * (x x x ) એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : કચ્છ સુધી અને રાજસ્થાન સુધી જાય એમાં અમને વાંધો નથી પણ અમારે ૫૦ કિલો મીટરની અંદર તાલુકાઓ છે. એ મોતીભાઇનો ડેડિયાપાડા હોય, ગણપતભાઇનો ઉંમરપાડા હોય કે માંડવી, માંગરોળ, નેત્રંગ એ સૂકાંભઠ છે. કાલે બધા ‘‘નેવાના પાણી મોંભે ચઢાવવા‘‘ની વાત કરતા હતા તો અહીંયા પણ એવા છે તો ચઢાવો કોણ ના પાડે છે?

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

આખો વિસ્તાર સૂકો છે અને બેય કાંઠે પાણીથી ભરેલા સમૃદ્ધ છે છતાં આજે ગુજરાતના વિકાસમાં સૌથી વધારે ફાળો અને ભોગ આદિવાસીઓએ આપ્યો હોય છે. એમના માટે પાણીની વાત, એના શ્રમની વાત હોય આદિવાસી હંમેશા આગળ રહ્યો છે. એ ભોગ આપવા માટે તૈયાર છે પણ મીઠી નજર એમના પર પણ નાંખો. હમણાં અમારાં સિનિયર સાથી ડો.જોષીયારા સાહેબ અને મોહનસિંહભાઇ કહેતા હતાં કે, ગ્રાન્ટની વાત હોય, એના શિક્ષણની વાત હોય, એના અધિકારની વાત હોય તો બીજે ગ્રાન્ટ ડાયવર્ટ થાય છે. જ્યાં જરૂરિયાત છે, જે લોકો જરૂરિયાતવાળા છે એ લોકોને આપો. ૯૦ લાખ આદિવાસી લોકો છે. એક ટકો જમીન દેશમાં આ લોકો પાસે છે અને આપણા રાજ્યમાં પણ એ જ પરિસ્થિતિ છે. એક એકરથી ઓછી જમીન ધરાવતા ૮૦ ટકા ખેડૂતો છે, તો એને પણ પાણી મળે, નાની સિંચાઇ યોજના બધી બંધ કરી દીધી. એને જે સાધનો આપવાના હતા એ બંધ કરી દીધા. શિક્ષણમાં ધોરણ ૧ થી ૮માં ફરજીયાત પાસ કરવાનું લાવી દીધું. અમારા વાલીઓ પણ ખુશ થઇ ગયા અને છોકરા પણ ખુશ કે, હવે તો નાપાસ જ નથી થવાનું, આઠમા સુધી ભણવાનું. પણ સરકારની જે દાનત છે કે આ ભણેલા મજૂરો ક્યાંથી લાવવાના? તો આદિવાસીઓને ભણેલા મજૂરો પેદા કરવા માટે આ સરકાર યોજના લાવી છે એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુની વાત કરતા હતા. વનબંધુ શબ્દ સામે અમને વાંધો છે. વનબંધુ લાવવાની શું જરૂર પડી ? વનમાં રહેતા હતા વનબંધુ ? અને બીજા લોકો પણ વનમાં રહે છે એને શું કહેશો, અને આદિવાસી જે શહેરમાં રહે છે એને શું કહેશો ? ભાજપની થીન્ક ટેન્ક ગણાતી આર.એસ.એસ. એમનું આ •(x x x) છે કે, આદિવાસીઓને પોતાના અધિકારો (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આનંદભાઇ આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ બેસી જાવ મંગુભાઇ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : *(x x x)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : *(x x x) વનબંધુ શાના માટે ? વન પર્યાવરણની વાત હોય, ગયા શુક્રવારે, અમારે ત્યાં કાકરાપાળ એટમિક પાવર સ્ટેશન છે. શુક્રવારે એવી ઘટના બની કે આખો વિસ્તાર અને આખું રાજ્ય દોડતું થઇ ગયું. જાપાનમાં ચેર્નોવીલમાં ઘટના બનેલી એવી આપણા ગુજરાતમાં બનતા બનતા રહી ગઇ. એમાં ભોગ પણ બને આદિવાસી. પાણીની વાત હોય તો આદિવાસી, જંગલ-જમીનના કાયદાની વાત હોય તો આદિવાસી. દર વખતે હું પ્રશ્ન પૂછું છું, જંગલ જમીનના જે અધિકારો આપ્યા છે, એને સનદ આપો એને ૭ x ૧૨માં દાખલ કરો. તો એ એમાં સિંચાઇ કરશે તો એ ફરી પાછો ઉભો થશે નહીં તો જંગલમાં ફરી લાકડા લેવા જવાનો જ છે. અહીંથી રસ્તા પરથી અમે આવીએ છીએ, મોતીભાઇ પણ કહેતા હતા, રાજપીપળાથી આપણા લોકો હજુ સવારના ૫ વાગ્યે ૬ વાગ્યેથી માથા પર લાકડાના ભારા લઇ રોજીરોટી માટે આવે છે, ક્યાં તમારે પાર્કીંગની વ્યવસ્થા કરવાની છે એમાં ?

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાની જે વાત હતી, પેશા એકટની વાત એમાં સૌથી વધારે જો તાકાત આપી હોય તો એ દિલીપસિંહ ભૂરિયા સમિતિએ એ પેશા એકટમાં આપી છે એનો પણ ગુજરાતમાં અમલ થતો નથી એને ગમે તે રીતે હળવા નિયમો કરીને એને ઉપયોગ થતો નથી અને ગ્રામ સભામાં જે ચર્ચાઓ થાય છે તે સરકાર સુધી પહોંચાડવા માટે કોઇ કાર્યક્રમ નથી અને આ જે માગણીઓ છે એમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી નારાયણભાઇ પટેલ. આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રો એમ કહેતા હતા કે, અમારી વખતે વિકાસ થયો ત્યારે ભા.જ.પ.ની સરકાર અને કોંગ્રેસની સરકારની તુલના કરીએ તો કોંગ્રેસની સરકાર વખતે બળદ ગાડામાં જઇએ એ જાતનો વિકાસ હતો. ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એક્સપ્રેસ ટ્રેનમાં જઇએ એવો વિકાસ ઝડપથી થઇ રહ્યો છે. હું તો એ કહું છું કે, એમની વખતે આંગણવાડીઓ માટે મકાનો નહોતા, ભાડાના મકાનો શોધતા હતા અને પ્રાથમિક શાળા, આંગણવાડી, પશુઓના પીવાના હવાડા પણ નહતા. એમની વખતે તો જ્યારે હું ૧૯૯૫માં ચૂંટાયો અને ગામડાઓમાં જતો ત્યારે ગટરના પાણી, નળના પાણી અને ગટરની વ્યવસ્થા નહતી એવો એમનો વિકાસ હતો. કોઇ ગામમાં આરોગ્ય કેન્દ્રો જ નહતા, પંચાયત ઘરના પાકા મકાનો નહતા, અંગ્રેજી શાળાઓ નહતી. ફાનસ અને દિવડાના ટમટમિયામાં જીવતા હતા. અમારી સરકાર આવી ત્યારે ગામડાંઓને સ્માર્ટ વિલેજ બનાવવાની કલ્પના થઇ. અમારી સરકાર આ કામ કરી રહી છે. તમે ગામડાંમાંથી આવો છો ત્યારે એ વિકાસ તમે જુઓ તો એ ભા.જ.પ.ની સરકારની દેન છે. તમે ગામડાંમાં પંચાયતની ચૂંટણીમાં વેરઝેર કરાવ્યું હતું. અમે સમરસ યોજના લાવ્યા, વેરઝેર ઓછું કર્યું અને બિનહરીફ સમરસતાથી પંચાયતો ચલાવવા લાગ્યા અને સમરસ પંચાયત થાય તેને ત્રણ લાખ રૂપિયા સરકાર મદદ કરે. ૨૦૧૫ સુધીમાં ૧૧૦૮૩ સમરસ પંચાયતો થઇ. ગામડાંઓની જરૂરિયાતો પૂર્ણ થયેલ છે અને ગામડાંઓનો વિકાસ રોકેટ ગતિથી ભારતીય જનતા પાર્ટીએ કર્યો છે. ગરીબોના આવાસ બાંધવાનું કામ ચાલુ છે. ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળા કર્યા. ૧૩૪૮ મેળા કર્યા, ૧,૦૩,૮૮,૦૦૦ લોકોને સહાય આપી અને ૧૬૩૯૬ કરોડ રૂપિયા સહાયકોને આપ્યા. મહિલા આર્થિક અને સશકિતકરણમાં ગુજરાત અગ્રેસર છે. ગુજરાતની મિશન મંગલમ યોજનામાં અને અઢી લાખ સખી મંડળો દ્વારા ૩૫ લાખ મહિલાઓને રોજીરોટી આપવા રૂ. ૩૪૫ કરોડ સ્વરોકાણ કર્યું, ૩૨૩૬ કરોડનું બેંક ધિરાણ આમ સખી મંડળોની યોજનાને લીધે સખી મંડળની બહેનોને

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સ્વનિર્ભર કરી. તમારે તો બગાસું ખાતાં પતાસું આવ્યું. જિલ્લા પંચાયતોના પરિણામોથી તમે ફુલાઇ ગયા. આ બાબતે તમારે હવામાં ઉડવાની જરૂર નથી. ભલભલી એકસપ્રેસ ટ્રેન પણ પાટા ઉપર ચાલે અને ફીશ પ્લેટ નીકળી જાય તો ગાડીની ઝડપ ઓછી થાય પણ ફરીથી ફીશ પ્લેટ અમે મજબૂત કરી અને ફરીથી અમારી ગતિ વધારીશું. નાની ઉમેદ આવી છે પરંતુ તેમાં તમારે ફુલાઇ જવાની જરૂર નથી. ૨૦૧૭ તો અમારી જ છે એમ કહું તો ખોટું નથી. ભારતીય જનતા પાર્ટીની સરકાર શાસનમા આવ્યા બાદ ગામડાંઓમાં સુખાકારી વધી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત માગણી નં. ૭૦ અને ૭૧ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય બળવંતરાય મહેતાએ ત્રિસ્તરીય પંચાયતી રાજની સ્થાપના ખૂબ ઉમદા આશયથી કરી હતી. ગામની વ્યકિત ગામમાં જ રાજ કરે અને વહીવટ કરે તે માટે આ પંચાયતી રાજની સ્થાપના કરી હતી. આજે આ દેશના સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીને હું યાદ કરું છું કે તેમણે પંચાયતી રાજ આપીને સત્તાનું વિકેન્દ્રીકરણ કરી આ દેશના પંચાયતી રાજને સુદ્રઢ બનાવવાની હાકલ કરી હતી અને સાથે પંચાયતી રાજમાં તેમણે ૩૩ ટકા મહિલાઓને અનામત આપવાની જોગવાઇ પણ કરેલી હતી. આજે પંચાયતી રાજમાં કંઇક અલગ જ છે. આજે તાલુકા, જિલ્લા પંચાયતના પ્રમુખો, ઉપપ્રમુખો તેમજ કારોબારી તેમજ વિવિધ સમિતિઓની સત્તા આજે રાજય સરકારે છીનવી લીધી છે તે પરત આપવી જોઇએ જેથી પંચાયતી રાજની જે આશયથી સ્થાપના કરેલ છે તે ખરા અર્થમાં સાર્થક થાય. આજે પંચાયતી રાજમાં સમગ્ર ગુજરાતમાં તમે જુઓ તો મોટા ભાગના મંજૂર મહેકમ સામે વર્ગ–૧, ૨ , ૩ અને ૪ ની જગ્યાઓ મોટેભાગે ૫૦ ટકાથી વધુ ખાલી છે. હું મારા અરવલ્લી જિલ્લાની વાત કરું તો વર્ગ–૧ના મંજૂર મહેકમ ૧૩ સામે ફકત સાત જગ્યાઓ જ ભરેલી છે અને ૬ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૨માં ૧૪ જગ્યાઓ સામે ૬ જગ્યાઓ ભરેલી છે અને ૮ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૩ની ૮૯ જગ્યાઓ સામે ફકત ૩૩ જ જગ્યાઓ ભરેલી છે. ૫૬ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૪ ની ૧૬ ની સામે ૬ જગ્યાઓ ભરાયેલી અને ૧૦ જગ્યાઓ ખાલી છે. જેથી પ્રજાનાં કામો કરવામાં ખૂબ જ મુશ્કેલી ઊભી થાય છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં જયારે ગામડાંના લોકો જાય છે, ત્યારે ધક્કા ખાઇને પાછા આવતા હોય છે. તે જ રીતે ગતિશીલ ગુજરાતમાં ગ્રામસેવકોની જગ્યાની વાત કરીએ તો અમારા અરવલ્લી જિલ્લામાં કુલ મંજૂર મહેકમ ૯૪ સામે ફક્ત ૨૮ જગ્યાઓ ભરેલી છે અને ૬૬ જગ્યાઓ ખાલી છે. સમગ્ર ગુજરાતમાં ગ્રામસેવકોનું મંજૂર મહેકમ ૪,૧૧૪ ની સામે ભરેલી જગ્યા ૧,૬૮૦ અને ૨,૪૩૪ જગ્યાઓ ખાલી છે. ગામડાંના છેવાડાના ગરીબ અને મધ્યમ વર્ગોના લોકોને ખેતીવિષયક યોજનાઓ પહોંચાડવાનું કામ કરતા ગ્રામસેવકોની જગ્યા ઘણા લાંબા સમયથી ખાલી છે. સરકાર આ જગ્યા ભરતી નથી. આજે તલાટી કમ મંત્રીની વાત કરું તો ગામડાંમાં આવકોનો દાખલો, ખેતીવિષયક ધિરાણ, વિવિધ વિકાસની યોજના કે જન્મ મરણનો દાખલો લેવામાં તલાટીની જરૂર પડતી હોય છે. આ ગતિશીલ ગુજરાતમાં એક તલાટી પાસે બે–ત્રણ ચાર્જ હોય છે. લોકો ધરમ ધક્કા ખાઇને પંચાયતથી પાછા જાય છે. આ જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી હોય સરકાર કેમ ભરતી નથી. સમગ્ર ગુજરાતની અંદર આજે તમે જુઓ તલાટી કમ મંત્રીની જગ્યાઓ ૨૬ જિલ્લામાં ૩૧–૮–૨૦૧૪ ની સ્થીતિએ મંજૂર મહેકમ ૧૧,૮૯૫ સામે ૮,૨૨૦ જ જગ્યાઓ ભરેલી અને ૩,૬૭૫ જગ્યાઓ ખાલી છે. એક કરતા વધારે ચાર્જ હોય તેવી ૩,૫૯૮ તલાટી કમ મંત્રી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ ૬૧ જગ્યાઓ પૈકી ૪૧ ભરેલી અને ૨૦ જગ્યાઓ ખાલી છે. આજે તાલુકાઓના હાર્દ સમા તાલુકા પંચાયતોમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ૨૧૧ પૈકી ૧૪૦ ભરેલી અને ૭૧ જગ્યા ખાલી છે. આ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરવા સરકારશ્રીને વિનંતી છે. આજે ગુજરાતની મોટા ભાગની પંચાયતોમાં આવકનો સ્ત્રોત ન હોવાના કારણે ગામડાંમાં સ્ટ્રીટ લાઇટનું બિલ ભરી શકતા ન હોવાના કારણે રાત્રે અંધારપટ હોય છે. શંકરસિંહ બાપુની સરકારમાં પંચાયતોનાં વોટર વર્કસના બિલ એક જ ઝાટકે માફ કરી ઐતિહાસિક નિર્ણય લીધો હતો. તેમ આ સરકારે પંચાયતના સ્ટ્રીટ લાઇટ બિલો માફ કરવા જોઇએ. જિલ્લા વિકાસ અધિકારીશ્રી સમક્ષ ધારાસભ્યશ્રીએ કરેલી રજૂઆતોનો સમયસર નિકાલ કરવામાં આવતો નથી અને અરજીઓના ઢગલા થાય છે. આથી જિલ્લા વિકાસ અધિકારીની કામગીરીને સંગીન બનાવવાની જરૂરિયાત છે. ભૂમિહીન ગરીબોને વિનામૂલ્યે જમીન આપવામાં ખૂબ જ વિલંબ કરવામાં આવે છે. ગ્રામ ગૃહ નિર્માણની પૂરતા બજેટની ફાળવણી કરી વિકાસનાં કામોમાં થતાં વિલંબ નીવારવામાં તંત્ર નિષ્ફળ ગયેલ છે. ગ્રામીણ વિકાસનાં કામો અંગેના બિલોની સમયસર ચુકવણી કરવામાં આવતી નથી. ગ્રામીણ વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શૌચાલયો બનાવવામાં આવતા નથી. શૈચાલયો એ હલકી ગુણવત્તાના કારણે લગભગ મોટા ભાગના શૌચાલયો જર્જરિત હાલતમાં છે. આ સરકારશ્રીનું ધ્યાન દોરું છું. સરકારશ્રી દ્વારા સરદાર આવાસની યોજના ગરીબ માણસોની મશ્કરી સમાન થયેલ છે. માત્ર ૪૨૦૦૦ માં મકાન પૂરું ન થવાના કારણે ફક્ત એક જ હપ્તો લઇ અને બીજો હપ્તો ફાઇનલ લેવા આવી શકતા નથી. કારણ કે યોજનામાં જે ૧૦,૦૦૦ નો હપ્તો આપવામાં આવ્યો છે. તેનાથી પાયા ભરી શકાતા નથી અને બીજા હપ્તાની ગ્રાન્ટ માટે જાય ત્યારે એમની પાસે સંડાસ–બાથરૂમ અને લિન્ટલ મુજબનું મકાન માગવામાં આવે છે. એટલે આમાં પણ સુધારો કરવો જોઇએ. મનરેગાના કામોની ચકાસણી કરી તેની ગુણવત્તા સુધારવા તંત્ર નિષ્ફળ ગયેલ છે. રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં થતી ગેરરીતિઓ દૂર કરવામાં આવતી નથી. આ જ સ્થિતિ ખૂબ જ વધવા પામેલ છે. આ યોજના નીચે જોબકાર્ડ સમયસર આપવામાં આવતા નથી. તા. ૩૧–૮–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ઇન્દિરા અને સરદાર આવાસ યોજના હેઠળ ૨૦૧૪–૧૫ માં ૩૦૭૮ લાભાર્થીઓને સહાય આપવામાં આવી હતી. ૨૦૧૫–૧૬ માં ઘટીને ૧૫૦૭ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. આમ, ૧૫૭૧ લાભાર્થીઓનો ઘટાડો કરવામાં આવેલ છે. આમ, બે વર્ષમાં લાભાર્થીઓનો ઘટાડો જોવા મળેલ છે. અરવલ્લી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રાજીવ ગાંધી ભવનો બનાવવામાં આવેલ છે, તે હજુ ૪–૫ વર્ષનો સમય થવા

આવ્યો હોવા છતા આજે પણ ૫૦ ટકાથી વધુ રાજીવ ગાંધી ભવનો પૂર્ણ કરેલ નથી. આ બાબતે વારંવાર લેખિત રજૂઆત કરવા છતા કોઇ ઉકેલ થયો નથી. બીજા બનાવેલ છે તેની ગુણવત્તા હલકી હોવાના કારણે આજે જર્જરિત હાલતમાં છે. ૧૪મા નાણા પંચની ગ્રાન્ટ ડાયરેકટ ગ્રામ પંચાયતોને આપવામાં આવી છે. તે ગ્રાન્ટ આજે પંચાયતના સરપંચ વાપરી શકતા નથી. આ ગ્રાન્ટ તાત્કાલિક વાપરવા માટેની મંજૂરી આપવી જોઇએ. સ્માર્ટ સિટી અને સ્માર્ટ વિલેજની વાત કરી છે. કેન્દ્ર સરકારની સ્માર્ટ સિટી અને સ્માર્ટ વિલેજની યોજના જાહેર કરી છે ત્યારે રાજય સરકારે બજેટમાં મોટી જાહેરાતો કરી છે. પરંતુ હું કહેવા માગુ છું કે ગુજરાતમાં ઇ–ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ છે, હું માનનીય કેશુભાઇના સમયથી સાંભળું છું કે પંચાયતો સ્માર્ટ વિલેજ ઇ–ગ્રામ બનશે. આજની સ્થિતિએ ૫ હજાર ગામડાંઓમાં કોમ્પ્યુટરની સાધનસામગ્રી અને જી.સેટ આધારિત ઇ.કનેક્ટિવિટી નથી. ૧૮ હજાર કરતાં વધારે ગામડાંઓ પૈકી માત્ર ૪૦ ગામો વાઇફાઇ બન્યા છે. ૭૪૬ ગ્રામ પંચાયતો વાઇફાઇ સુવિધાથી સજજ બની છે. બાકીના ગામોમાં ઇ–કનેક્ટિવિટીના પ્રશ્નો ઠેર ઠેર દેખાય છે. રાજય સરકાર ૩૦૦ કરોડના ખર્ચે સ્માર્ટ શહેરો અને સ્માર્ટ ગામડાંઓનું સંચાલન કેવી રીતે કરવા માગે છે તે સ્પષ્ટ કરે. કારણ કે આના બજેટમાં કોઇ જ વધારો કરાયો નથી. ૪૫૦૦ કરતાં વધારે ગામડાંઓની જમીન માપણી બાકી છે. તે ગામડાંઓમાં ગરીબોને ૨૫ ચો.મી. ઘરથાળના પ્લોટો મળતા નથી. આપના મારફત સરકારશ્રીને જણાવવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા મોડાસા તાલુકામાં કૃષિ મેળાનું આયોજન કરેલ ત્યારે આવેલા અને કહેલું કે તમારું મોડાસા વાઇફાઇ સિટી હું જાહેર કરું છું. આજદિન સુધી બે વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં આજદિન સુધી વાઇફાઇ સિટી જાહેર કરેલ નથી ત્યારે સરકારશ્રીને વિનંતી કરું છું કે મુખ્યમંત્રીશ્રીની જાહેરાત છે ત્યારે આ મોડાસાને વાઇફાઇ સિટી જાહેર કરવામાં આવે. આભાર.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી આદરણીય મંગુભાઇ પટેલ સાહેબ આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત ૬૯૯૮ કરોડની મહેસૂલી ખર્ચ અને ૩૭૨૮ કરોડ મૂડી ખર્ચની માગણી લઇને આવ્યા છે ત્યારે હું તેમની માગણીને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ આપની સરકારમાં ઉંડાણનો આદિવાસી પછાત સમાજ જે વર્ષોથી શોષિત છે તેને સામાજિક ન્યાય મળે તે માટેની ઉત્તમ કામગીરી હાલ આ વિભાગ કરી રહ્યો છે. હમણાં ગૃહમાં ખૂબ વાતો થઇ. વર્ષોથી સરકાર નાણાં ફાળવે છે અને બજેટમાં જોગવાઇ કર્યા પ્રમાણે વાપરતી નથી. આ કામગીરી અંદાજપત્ર ૨૦૧૬–૧૭ના પાના નં.૨૩ ઉપર જયારે ખર્ચની વિગતો આપેલી છે. ૧૯૯૭ થી સરકારશ્રી દ્વારા ૯૭ ટકા ખર્ચ કર્યો છે. ૨૦૦૧–૦૨માં ૯૯.૯૩ એમ છેલ્લે ૨૦૧૫–૧૬માં ડિસેમ્બર ૨૦૧૫ અંતિત ૪૧.૭૨ ટકા ખર્ચ કર્યો છે ત્યારે આ સરકારને હું ધન્યવાદ આપું છું. *( x x x ) તેની સાચી વાતની જાણ થાય તેના માટે હું અપીલ કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, *( x x x ) એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : *( x x x ) તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસનું શાસન હતું ત્યારે તે કોંગ્રેસે વર્ષોથી આદિવાસીઓના મત લીધા, તેમની નિરક્ષરતા અને અભણતાનો લાભ લીધો. ખોટી વાતો કરી મત લઇને ફરી પાછા પાંચ વર્ષ આવે. ત્યારે ગામડામાં ૫૦૦–૫૦૦ ગામ માથામાં ધૂળ લઇને જીપમાં પ્રચાર માટે ફરતા હોય, પાંચ વર્ષ થાય ત્યારે આવે આવા દિવસો અમે જોયા છે. હમણાં આનંદભાઇ એકલવ્યની વાત કરતા હતા. એકલવ્યની વિદ્યા બહાર ન પડે અને આદિવાસી આગળ ન આવે તેના માટે અંગૂઠો કાપ્યો હતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ફરીથી એ અંગૂઠો ચોંટાડવાનું કામ કર્યું છે. આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ થાય અને તેના માટે એક પ્રકારની યોજના ન બને, ખૂબ વર્ષો પહેલાં આદિવાસી વિસ્તારમાં એક મરઘાં કેન્દ્રની યોજના હતી. મારે એ વાત કરવી છે. એ મરઘાં કેન્દ્રની યોજનામાં ૫–૨૫ મરઘાંનું કેન્દ્ર આપવામાં આવે. મરઘા કેન્દ્રની, ૫–૨૫ મરઘાનું કેન્દ્ર આપવામાં આવે, એની તાલિમ આપવામાં આવે કે મરઘાનો કેવી રીતે ઉછેર કરવો અને આ મરઘા કેન્દ્રને મરઘાની સહાય આપ્યા પછી એક એક અધિકારી અને એક એક નેતા એ મરઘા કેન્દ્રની મુલાકાત લેવા જાય દર મુલાકાતે એક એક મરઘું કપાઇ જાય એટલે ૫–૨૫ મરઘા કેન્દ્રમાં આવા અધિકારી અને નેતાઓની ૫–૨૫ મુલાકાતમાં તો આખું મરઘા કેન્દ્ર ખાલી થઇ જાય. આવા પ્રકારની વર્ષો પહેલા યોજનાઓ હતી. માનનીય નરેન્દ્રભાઇ મોદી ૨૦૦૧માં શાસનમાં આવ્યા પછી આદિવાસી લોકોને શું ખૂટે છે? આદિવાસી લોકોને શાની જરૂર છે? આદિવાસી લોકોનો સર્વાંગી વિકાસ કેવી રીતે થઇ શકે? એ એમણે જોયું. લોકોને શિક્ષણની જરૂર છે, વર્ષોથી શિક્ષણની કોઇ સુવિધા નહોતી આપી, માંડ એકાદ બે તાલુકામાં બે–ત્રણ શાળાઓ હોય એમાં જે સારા કુટુંબના વિદ્યાર્થીઓ હોય, સમૃદ્ધ લોકોના બાળકો હોય એ જ ભણવા જઇ શકતા હતા, બાકીના લોકો નિરક્ષર જ રહેતા હતા. ૨૦૦૧–૨૦૦૨ થી અત્યાર સુધીની ભાજપની સરકાર વખતના અને અગાઉની કોંગ્રેસની સરકાર વખતના જે આંકડાઓ છે એ જોઇ શકો છો કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ કેટલું વધ્યું છે? આ સિવાય આદિવાસી વિસ્તારના રસ્તાઓ છે એ બારમાસી ન હતા આજે બારમાસી રસ્તાઓ થયા છે. સરકારે હમણાં છેલ્લે પેટા પરા અને ગામડાંઓ જોડવાની નવી જોગવાઇ કરી છે, સિંચાઇ માટેની જોગવાઇ કરી છે, આદિવાસી વિસ્તારમાં બહુ વર્ષો પહેલા ડેમ બનેલા છે અમે કબૂલ કરીએ છીએ આ કોંગ્રેસના શાસનમાં ડેમો બનેલા છે પણ આદિવાસીઓને પાણી નથી મળતું. શા માટે એવી જોગવાઇ ન કરી શક્યા? જો ધાર્યું હોત તો આદિવાસી વિસ્તારને પાણી પૂરું પાડી શક્યા હોત. આજે સરદાર સરોવરમાંથી લિફ્ટ ઇરિગેશન કરી પાણી લઇને હજારો એકરમાં સિંચાઇની સુવિધા આ સરકારે આપી છે. અમારા વિસ્તારના શહેરોનો વિકાસ થાય એના માટે સરકારે ખૂબ જ સારું કામ કર્યું છે ત્યારે આપના પક્ષના સભ્યો

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

તરફથી એવી વાતો થાય છે કે, આદિવાસી ગ્રાન્ટ બીજા હેડ ઉપર વપરાય છે. આદિવાસી ગ્રાન્ટ પાણી પૂરવઠામાં પણ વપરાવી જોઇએ કારણ કે, અમારે પાણીની અને અન્ય સગવડની જરૂર છે, રસ્તાઓ માટેની ગ્રાન્ટ છે એ માર્ગ અને મકાનમાં વપરાવી જોઇએ, શિક્ષણ માટે વપરાવી જોઇએ એ હું કબૂલ કરું છું. આદિવાસી વિસ્તારમાં આજે મેડિકલ કોલેજો, હાઇસ્કૂલો, વિજ્ઞાન કોલેજો, ઇજનેરી કોલેજો, નર્સીંગ કોલેજો, ફિઝિયોથેરાપી કોલેજો અને એકલવ્ય મૉડેલ શાળાઓ આ બધું જોઇ શકાય છે અને ખૂબ મોટા પ્રમાણમાં શિક્ષણનો વ્યાપ આદિવાસી વિસ્તારમાં વધ્યો છે માટે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જે એમનું બજેટ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દ્વારા આ ગતિશીલ ગુજરાતમાં રોઝ અને ભૂંડની વસતિ અને ગતિ એટલી બધી વધારી છે કે એનાથી ગીર બોર્ડર અને સમગ્ર ગુજરાતના ખેડૂતો ત્રાહીમામ થઇ ગયા છે. ખેડૂતો બિચાર રાત-દિવસ મહેનત કરી પોતાની મોલાતનો ઉછેર કરતા હોય ત્યારે ધરતી પુત્ર ખેડૂતને પૂછજો આખી રાત રાતવાહુ કરી ધ્યાન રાખતો હોય ત્યારે આ રોઝડા અને ભૂંડનો ત્રાસ એવો છે કે, ખેડૂતોના મોલાતનો એ કચ્ચરઘાણ કરી નાંખે છે. મંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એ બજેટ મેં વાંચ્યું છે તો એમાં રોઝડા અને ભૂંડના ત્રાસથી બચવા માટે ખેડૂતોના ખેતરને ફેન્સીંગ કરવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું એ કહેવા માગુ છું કે, આ ૧૦૦ કરોડ રૂપિયાથી બે-ત્રણ ગામમાં પણ ફેન્સીંગ ન થઇ શકે, ત્યારે તમારે જો ખરેખર ફેન્સીંગ કરવી જ હોય તો આ બજેટમાં કંઇક વધારો કરો અને બે-પાંચ હજાર કરોડ રૂપિયા આમાં નાંખો. આ ફેન્સીંગ જે તમે કરો છો એ ખેડૂતને પૂછજો કે ફેન્સીંગ માટે તમે જે તાર આપો છો એમાં ભુંડ તો નીચેથી નીકળી જાય છે અને રોઝડુ ઉપરથી ટપી જાય છે. આ ફેન્સીંગ કાંઇ કામની નથી માટે જો તમારે ખરેખર ખેડૂતના હિતની વાત કરવી હોય તો ફેન્સીંગ જાળી આપો જેથી ખેડૂત એનો લાભ લઇ શકે અને આ રોઝડા અને ભુંડનો ત્રાસ એટલો બધો વધી ગયો છે કે એ ચિંતાનો વિષય છે ખેડૂતો માટે અને આખા ગુજરાત માટે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, ગૃહ બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળશે. માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે.

( વિ રા મ ૨.૩૦ થી ૩.૧૫ )

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ, આપની પાસે ચાર મિનિટ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, રોઝ-ભૂંડની વાત કરી ત્યાર પછી આ ગતિશીલ ગુજરાતમાં દીપડાની પણ ગતિથી વસતિ વધી છે. આ દીપડાનો એટલો અમારે ત્યાં ત્રાસ છે હમણાં અમારા એક માર્કેટીંગ યાર્ડના સભ્ય કે જેનું ઘર ગામની વચ્ચે આવેલુ છે છતાં તેના ઘરમાં આવીને દીપડો તેને થપ્પડ મારી ગયો. એ થપ્પડ તેને ૧ લાખ અને ૭૫ હજારની પડી અને સરકારમાં વળતર કેટલુ આવ્યું ? ૩૫૦૦ રૂપિયા. માનનીય અધ્યક્ષશ્રી, દીપડાઓનો એટલો બધો ત્રાસ છે કે વાડીએ અમારો મજદૂર, અમારો કિસાન તેને રાખવા પણ મુશ્કેલ છે અને તેના બાળકને ઉપાડી જાતો હોય અને અમારો ખેડૂત તેની પાછળ કંઇ વાર કરે તો વન વિભાગ દ્વારા એવું કહેવામાં આવે કે દીપડાને કંઇ કરવાનું નથી. તેમાં કલમ ૨,૧૬,૯,૫૧માં આ ખેડૂતને ફીટ કરી દેવામાં આવે છે. આ કલમની અંદર ૭ વર્ષની જેલની જોગવાઇ અને ૨૫ હજારના દંડની જોગવાઇ છે. આ દીપડાઓનું તમે નિયંત્રણ કરો તો સારું છે. ઇકો સેન્સેટીવ ઝોનની માનનીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો તેમાં વાત કરી હતી. હું એમ નથી કહેવા માગતો ઇકો સેન્સેટીવ ઝોન તે અમારે ત્યાં કાયદો ભલે આપશ્રી એમ કહો છો કે આ સુપ્રીમ કોર્ટની વાત છે. પણ આ ૦ થી ૧૦ કિલોમીટરનો જે ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કર્યો છે તેમાં ખેડૂત વાડીએ કુંડી બનાવી નથી શકતો. મેં અગાઉ વાત કરી તેમ તે ખેતરે ટ્રેક્ટર લઇને ના જઇ શકે અવાજ આવે છે અને ઉદ્યોગની પરમિશન પણ નહીં આપે અને જી.ઇ.બી.નું કનેકશન લેવું હોય તો તેની પણ પરમિશન આપવામાં આવતી નથી ત્યારે સરકારને હું એ કહેવા માગું છું કે ભલે સુપ્રીમ કોર્ટ હોય કે હાઇકોર્ટ હોય પણ સરકાર આમાં કંઇક ઇન્વોલ્વ થાય અને આ ૦ થી ૧૦ કિલોમીટરના કાયદામાંથી ખેડૂતોને અને આમ પ્રજાને બચાવે તો સારુ છે. અમારે ત્યાં બન્ને જિલ્લાને જોડતો એક રસ્તો છે અને તે જંગલની વચ્ચેથી પસાર થાય છે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લો. સોમનાથથી કે દીવથી કોઇ પ્રવાસીને સત્તાધાર અથવા પરબ આવવું હોય કે ગીરનારમાં જવું હોય તો આ ૧૩ કિલોમીટરનો રસ્તો. અત્યારે ૫૦ કિલોમીટર ફરીને આવવું પડે છે. અગાઉ અમો જયારે જયારે રજૂઆત કરતા ત્યારે માનનીય મંત્રીશ્રીઓને અમે પત્રો લખ્યા ત્યારે એમ કહેતાં કે કેન્દ્રમાં સરકાર અમારી નથી, આ કેન્દ્ર કરે તો થાય તો આજે કેન્દ્રમાં તમારી જ સરકાર છે. અગાઉ માટી નાંખીને આ રસ્તો રિપેર કરતા પણ બે વર્ષથી તો આ રસ્તો રિપેર નથી કર્યો. આ રસ્તા ઉપર યાત્રિકો આવે છે, પબ્લિક છે, બે જિલ્લાના લોકો આ રસ્તા ઉપરથી ચાલવામાં સંકળાયેલા છે. આજે તેની હાલત એટલી બધી ખરાબ છે ત્યારે અંદરના, ઇન્ટીરીયલ રસ્તા જે કહેવાય કે જે વી.વી.આઇ.પી.ઓ. અહીંયાથી ફરવા જાય છે તેને ફરવા માટેના જે જંગલ ફોરેસ્ટના અંદરના ઇન્ટીરીયલ રસ્તા છે તે રિપેર છે. પણ જેમાં પબ્લિકને ચાલવુ છે, યાત્રિકોને ચાલવુ છે તે રસ્તા રિપેર નથી થતાં. હું હમણાં ટી.વી.માં જોતો હતો તો પેલા અમિતાભભાઇ ગુજરાતમાં આવ્યા.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૨૬ અને ૨૭ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઇ છું.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને ધ્યાને મૂકતાં મને આનંદ થાય છે કે, વન અને પર્યાવરણ માટે પ્લાન અને નોનપ્લાન હેઠળ કુલ રૂપિયા ૧૨૯૨.૮૬ કરોડની જોગવાઇ આ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. આજે વન અને પર્યાવરણનો વિષય અને માગણી છે ત્યારે મારા આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓમાંથી પણ એક બે સભ્યશ્રીઓએ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા ઉપર વાત કરી હતી. માનનીય સભ્યશ્રી આનંદભાઇ હસીને વાત કરી રહ્યા છે કે મેં જ વાત કરી હતી તો મારે એમને કહેવું છે કે, ભારતીય જનતા પાર્ટી જેવી તેવી પાર્ટી નથી, એની વિચારધારામાં આજે રાષ્ટ્ર પ્રેમ રહેલો છે અને એ વિચારધારામાં હું એક પંક્તિ કહેવા માગું છું કે,

તુમ અપને ઘર પે દીપ જલાકે મત રૂક જાના, તુમ દીપ ચોરાહે પર ભી મત રખ આના,
જો લોગ ભટકતે હૈ અંધેરી રાહોં પે, ઉનકે પથ પર ભી, ઉજાલા કર આના.

આ વિચારધારા છે અમારી ભારતીય જનતા પાર્ટીની અને એને લઇને ચાલી રહ્યા છીએ ત્યારે અમારા છેવાડાના માનવી હોય કે વનબંધુ ભાઇઓ હોય કે આદિવાસી ભાઇઓ હોય, એમના ઘર સુધી અમારી ગુજરાત સરકારની કલ્યાણકારી યોજનાઓ ઘર ઘર સુધી પહોંચે, તેના પ્રયત્નો અમારા ધારાસભ્યશ્રીઓ અને દરેક માનનીય મંત્રીશ્રીના વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિના પૌરાણિક ગ્રંથો જેવા કે, વેદો, પુરાણો, ઉપનિષદો વગેરેમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધોનો નિર્દેશ જોવા મળ્યો છે. વૃક્ષોની માનવ સમાજ પર સીધી અસર છે. આપણે જે પ્રાણવાયુ લઇએ છીએ એટલે કે ઓક્સીજન શ્વાસ મારફતે લઇએ છીએ એ પણ વૃક્ષોમાંથી આપણને મળી રહે છે. માનનીય સભ્યશ્રીઓ અને માનનીય સચિવશ્રી પણ આજે જે ખુરશી પર બિરાજમાન છે એ ખુરશી પણ લાકડાની છે. વૃક્ષોમાંથી એ બનેલી છે. મારો કહેવાનો મતલબ એટલો જ છે કે, જન્મથી માંડીને મૃત્યુ સુધી વૃક્ષો આપણને અત્યંત લાભદાયી છે. જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારે વૃક્ષો માટે ખૂબ મહેનત અને અથાગ પ્રયત્ન મારી સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે, 'છોડમાં રણછોડ વસેલો છે' ત્યારે વૃક્ષોમાં એક પીપળાનું વૃક્ષ એવું છે કે જે ચોવીસ કલાક ઓકસીજન આપે છે એવી જ રીતે મારી ભારતીય જનતા પાર્ટીની સરકાર જે છેવાડાનો માનવી છે ત્યાં સુધી યોજનાકીય ઓક્સીજન પૂરું પાડી રહી છે. આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક હોય, એલોપથીક હોય, હોમીયોપેથીક હોય, બાયોલોજીક હોય બધી જ દવાઓ બને છે ત્યારે એમાં વૃક્ષો, વેલા અને વનસ્પતિના મૂળ, પાન, ફળ બધુ જ આપણને ઉપયોગી છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં પણ અમારો પંચમહાલ જિલ્લો હોય કે મહીસાગર જિલ્લો હોય ત્યાં આજે સામાજિક વનીકરણની મદદથી રાજય સરકારે જે વિકાસના કામો કર્યા છે એના માટે અમારા જંગલો આજે હરિત ક્રાંતિથી હરિયાળાં બન્યાં છે. સામાજિક વનીકરણ એટલે નાનામાં નાના સમાજનું ઉત્થાન, અને જે લોકોની આજીવિકા છે એ અપાવવાનું ઉપયોગી બને એ આપણા સામજિક વનીકરણના કાર્યક્રમો થકી અમારી રાજય સરકાર કરી રહી છે. ગુજરાત સરકાર દ્વારા જુદી જુદી સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને સાંસ્કૃતિક વનો આપ્યાં છે. એમાં ગાંધીનગરનું પુનિત વન હોય માંગલ્ય વન હોય, હરીહર વન હોય, ભક્તિવન હોય, પાવક વન હોય, વિરાસત વન અમારું જૂનાગઢનું હોય. પંચમહાલ જિલ્લાનું અને મહીસાગર જિલ્લાનું મને કહેતાં આનંદ થાય છે કે ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન, માનગઢ ખાતે સંતરામપુર તાલુકામાં એનું નિર્માણ કરવામાં આવ્યું છે. એની પાછળનો હાર્દ બહુ મોટો રહેલો છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ તથા પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

દેશમાં અને આપણા રાજયમાં શાંતિ છે. પરંતુ અશાંતિ ફેલાય તેવા વ્હોટસ-એપ બધે ચાલી રહ્યા છે. આદિવાસીઓ વિરોધ કરે તો નકસલવાદમાં ખપાવી દેવામાં આવે છે, પાટીદારો વિરોધ કરે તો એને દેશદ્રોહ ગણવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિરોધ કરે તો એને પણ દેશદ્રોહમાં ખપાવી દેવામાં આવે છે.

માનનીય મંત્રીશ્રી અમારા વલસાડ જિલ્લાના પ્રભારી છે એટલે એમનો અમારા પ્રત્યે અને અમારો એમના પ્રત્યે પ્રેમ હોય જ. પરંતુ આ તકે હું એમનું ધ્યાન દોરવા માગું છું કે વલસાડ જિલ્લાના આદિવાસી ભાઇઓને આગળ લઇ જવાની વાત કરીએ છીએ. આદિવાસીઓ આગળ કયારે આવે કે જયારે એને સારુ શિક્ષણ આપવામાં આવે. સારુ શિક્ષણ કયારે મળે કે જયારે પૂરતા શિક્ષકો ભરવામાં આવે. હમણાં જ મેં એક પ્રશ્ન પૂછ્યો હતો એમાં અમારે ત્યાં ૧૦૦ ટકામાંથી ૬૦ ટકા શિક્ષકોની જગ્યાઓ તો ખાલી જ હતી. કપરાડા તાલુકામાં સરકારી માધ્યમિક શાળાઓમાં આચાર્યની, મદદનીશ શિક્ષકોની, કારકુન, પટાવાળા વગેરેની જગ્યાઓ ખાલી છે. ફકત એક મદદનીશ શિક્ષક હોય, એણે ધોરણ ૯,૧૦,૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને ભણાવવાના આવી દશા આદિવાસી ભાઇઓની છે.

મારા કપરાડા શહેરની વાત કરું તો ત્યાં સરકારી સાયન્સની શાળા ચાલે છે એમાં ફકત એક જ શિક્ષક છે એ બાયોલોજી, કેમીસ્ટ્રી, ફિઝિકસ વગેરે ભણાવે છે. કદાચ વિદ્યાર્થીઓ પોતાની મહેનતથી કે પ્રાઇવેટ ટયુશન કરતા હશે જેના લીધે રીઝલ્ટ સારું આવતું હશે. અમારા કાપરાડા તાલુકાની બે લાખ ૫૮ હજારની વસતિ છે એમાં કપરાડા એ મુખ્ય મથક છે એટલે અધિકારીઓ પણ ત્યાં રહેતા હોય તેથી એના બાળકો પણ ત્યાં જ અભ્યાસ કરતા હોય તેથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવા જે મુખ્ય મથકો હોય ત્યાંની શાળાઓમાં તો પૂરેપૂરા શિક્ષકોની ભરતી થવી જોઇએ.

આ તબક્કે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીશ કે હાલના વડાપ્રધાન અને સન ૨૦૦૨ના માનનીય મુખ્યમંત્રી શ્રી

## ફાલ્ગુન ૨૬, ૧૯૩૭ શાકે
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

નરેન્દ્રભાઇ મોદી સાહેબ નાના પોંઢામાં આવ્યા ત્યારે કહેતા હતા કે મારે ત્રણ ગામ વચ્ચે એક પાયલોટ બનાવવો છે. અમારા આદિવાસી ભાઇઓને એમ હતું કે ત્રણ ગામો વચ્ચે એક પાયલોટ બનાવશે પરંતુ ૩૦ ગામ વચ્ચે પણ એક બને તો પણ અમને આનંદ થશે. અમારે ત્યાં પૂરતુ શિક્ષણ જ મળતું નથી તો પાયલોટ કેવી રીતે બની શકવાના એ હું માનનીય મંત્રીશ્રીના ધ્યાને લાવવા માગું છું.

અમારા વલસાડ જિલ્લાને મેડીકલ કોલેજ આપવામાં આવી છે અમને આનંદ છે. પરંતુ એમાં ટ્રાયબલના ૫૦૦ કરોડ રૂપિયા વપરાયા છે એટલે એમાંથી આદિવાસીભાઇઓને શું ફાયદો થવાનો છે? આ સેલ્ફ ફાઇનાન્સ કોલેજ છે એટલે આદિવાસીઓને એડમિશન મળવાનું નથી. અમારા ૫૦૦ કરોડ વાપરાયા છે અને હજી બીજા કરોડો રૂપિયા વપરાવાના છે એનાથી અમારા આદિવાસી ભાઇઓને કશો ફાયદો મળવાનો નથી. ફી ભરીને અડમિશન મેળવવાનું છે. તેથી મારી વિનંતી છે કે ટ્રાયબલમાંથી પૈસા વપરાતા હોય તો અમારા ભાઇઓને ફાયદો મળવો જોઇએ એવી મારી વિનંતી છે.

વન અને પર્યાવરણ વિભાગની વાત કરવા માગું છું. વાપી એ ઔદ્યોગિક વિસ્તાર છે. સન ૨૦૦૮માં તત્કાલિન વન અને પર્યાવરણ અગ્ર સચિવે તે વખતે મિટિંગ બોલાવી હતી અને દેશના જે ૮૮ જેટલા સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતા શહેરો છે એની જાહેરાત કરવામાં આવી હતી એમાં વાપીનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો. માનનીય એસ.કે. નંદા સાહેબ હતા ત્યારે હવાનું પ્રદૂષણ માપવા માટેનું રીફલેકટર લગાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ એ પછી આઠ વર્ષ જેટલો સમય ગયો પરંતુ એ આપણે લગાવી શકયા નથી. આ વિસ્તારમાં હવાના પ્રદૂષણના કારણે ચામડીના રોગો મોટા પ્રમાણમાં થાય છે. ઉદ્યોગો વગર રાજય કે દેશ ચાલી શકવાનો નથી પરંતુ એની સાથે સુવિધાઓ પણ મળવી જોઇએ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક–૭૦ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ વિકાસના ઘણાં કાર્યક્રમો હેઠળ સમૂહ વિકાસ અને પંચાયતના સદર હેઠળ વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે. ગુજરાત રાજયમાં ૧૩,૯૯૬ જેટલી ગ્રામ પંચાયતો છે. ગ્રામ પંચાયતો પંચાયતી રાજ પદ્ધતિનો પાયો છે. પંચાયતના આધુનિકીકરણ માટે સરકારે ૧૪૩ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે. જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી સરકારે નક્કી કર્યું, ગુજરાતનો વિકાસ કરવો હોય તો ગામડાંનો વિકાસ કરવો જરૂરી છે. જેમાં ગામડાંને સમૃદ્ધ કરવાનું અને દરેક ગ્રામ પંચાયતને ટેકનોલોજીથી જોડવાનું કામ શરૂ કર્યું છે. ગુજરાત સરકારે ઇન્ફર્મેશન ટેકનોલોજીમાં ઈ–ગ્રામ વિશ્વગ્રામનો આદર્શ પૂર્ણ કરવા રાજય સરકાર દ્વારા પંચાયતી રાજની સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોનો કોમ્પ્યુટરાઇઝેશન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. ઈ–ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ અંતર્ગત તમામ ગ્રામ પંચાયતમાં પ્રાથમિક પરંતુ મહત્વની સેવાઓ જેવી કે જન્મ મરણના દાખલાઓ, આવકના દાખલાઓ, જાતિનું પ્રમાણપત્ર, ચારિત્ર્યનું પ્રમાણપત્ર, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા વિગેરે ફોર્મ્સ પૂરા પાડવા માટે જે તે ગ્રામ પંચાયતને કનેકટીવીટી ઉપલબ્ધ કરાવી સજ્જ કરી છે. ગુજરાત રાજયના અંતરિયાળ ગામો સુધી ઇન્ટરનેટ સુવિધાઓ પહોંચાડીને ગામડાં અને શહેર વચ્ચેની ડિજીટલ ગેપ ઘટાડી શહેરો જેવી સુવિધા ગામડાંમાં મળતી થાય તે હેતુસર વાઇ–ફાઇ ઇન્ટરનેટ કનેકટીવીટીની સુવિધા પૂરી પાડવાનું આયોજન કરેલ છે. ગ્રામ્ય પ્રજાની સુખાકારી માટે ગ્રામ્ય વિસ્તારમાં આનંદ પ્રમોદના સાધનો ઉપલબ્ધ થાય એ હેતુને ધ્યાનમાં રાખીને પંચવટી યોજના દાખલ કરી ગામેગામ સુંદર બગીચાઓનું આયોજન કરેલ છે. અત્યાર સુધીમાં ૫,૭૦૯ ગામમાં પંચવટી યોજના હેઠળ સુંદર બાગ બનાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતભરમાં ચૂંટણી સર્વ સંમતિ અને વિના વિરોધે થાય, પંચાયતો હકારાત્મક વાતાવરણમાં સંપ, સહકાર અને સુમેળભર્યું વાતાવરણ રહે તે હેતુસર સમરસ ગામની યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના હેઠળ ૫,૦૦૦ની વસતિવાળી ગ્રામ પંચાયતને બે લાખ રૂપિયા, તેથી વધુ વસતિવાળી ગ્રામ પંચાયતને ૩ લાખ રૂપિયા અને મહિલા સરપંચ ગ્રામ પંચાયતને ૩ લાખ રૂપિયા તથા બીજી વાર મહિલા સરપંચ સમરસ ગ્રામ પંચાયત થાય તો તેને પાંચ લાખ રૂપિયાનું અનુદાન સરકાર આપે છે. અત્યાર સુધીમાં ૧૧,૦૮૩ ગ્રામ પંચાયત સમરસ થયેલ છે અને ચૂંટણીનો કરોડો રૂપિયાનો સરકારે ખર્ચ બચાવેલ છે અને સમરસ ગામ પંચાયત પૈકી ૩૯૨ મહિલા સરપંચ ગામમાં સંચાલન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે સ્વચ્છ ગ્રામ અને સ્વસ્થ ગ્રામ યોજના હેઠળ જાગૃતિ લાવી ગ્રામ્ય સ્તર ઉંચું લઇ જવાનું કાર્ય કરેલ છે. તે અંગે નિર્મળ ગ્રામ હેઠળ અનેક કામગીરી હાથ ધરેલ છે. ગુજરાત સરકારે દરેક ગામડાંને સદ્ધર કરવાનું કાર્ય પણ કરેલ છે. ભૂતકાળની વાત કરીએ તો આજથી ૨૦–૨૫ વર્ષ પહેલાં હું પણ એક ગામનો સરપંચ હતો ત્યારે કોંગ્રેસનું શાસન હતું અને તે વર્ષ દરમ્યાન ૨૫,૦૦૦ કે ૫૦,૦૦૦ રૂપિયા ગ્રાન્ટ મળે તો અમે ખુશ થઇ જતા, પણ આજે દરેક પંચાયત, નાની હોય કે મોટી હોય ૨૦ થી ૨૫ લાખ રૂપિયાના વિકાસના કામો દરેક ગ્રામ પંચાયતને મળે છે અને પાંચ લાખ રૂપિયા સુધીના કામો સરપંચશ્રી આજે કરી રહ્યા છે. ગુજરાત સરકારે ૧૪મા નાણાપંચમાં કરોડો રૂપિયા સીધા ગ્રામ પંચાયતને જમા કરાવેલ છે. દરેક ગામને વસતિના ધોરણે ઓછામાં ઓછા આઠ લાખથી ત્રીસ લાખ રૂપિયા સીધા ગ્રામ પંચાયતને મળે છે.

ઉપાધ્યક્ષશ્રી : ભરતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની ૨૬ અને ૨૭ નંબરની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા કહેવામાં આવે છે કે આપણું ગુજરાત હરિયાળું ગુજરાત, આપણું ગુજરાત વિકાસશીલ ગુજરાત, આપણું ગુજરાત ગતિશીલ ગુજરાત. પરંતુ રાજ્યમાં એનાથી વિપરીત પરિસ્થિતિ છે. જંગલ વિહોણું ગુજરાત બન્યું છે, વિકાસ વિહોણું ગુજરાત બન્યું છે, ગતિ વિનાનું ગુજરાત બન્યું છે. એ ભાજપની સરકારમાં ખરા અર્થમાં સાબિત થઇ રહ્યું છે. રાષ્ટ્રીય વન નીતિ પ્રમાણે રાજ્યમાં ૩૩ ટકા વન વિસ્તાર હોવો જોઇએ. ત્યારે આપણા ગુજરાતમાં સરેરાશ ૭.૫ ટકા જ વન વિસ્તાર બચ્યો છે. પહેલા દક્ષિણ ગુજરાત જંગલોનો પ્રદેશ ગણાતો ત્યાં પણ આજે ૧૯ ટકા કરતાં ઓછો જંગલ વિસ્તાર બચ્યો છે. એક સમયે સહ્યાદ્રીની ડુંગરમાળા જંગલોથી ભરેલી હતી. જંગલમાં અસંખ્ય જંગલી પશુઓ, પક્ષીઓ ખૂબ મોટા પ્રમાણમાં વસતા હતા. આજે જંગલોનો નાશ થયો છે, ડુંગરો બોડા થયા છે અને પશુ પક્ષીઓ નાશ પામ્યા છે અને આ જંગલો વેરાન બન્યા છે. આજે ભાજપના રાજમાં નથી બચ્યા જંગલો, નથી બચ્યા પ્રાણીઓ. વાઘ, વરુ, શિયાળ, ઝરખ, ચિત્તા, સિંહ જેવા અસંખ્ય પ્રાણીઓ નાશ પામ્યા છે ત્યારે એના માટે જવાબદાર કોણ છે? વનનો નાશ થતાં વનમાં વસતા આદિવાસીઓ રોજી વિનાના બન્યા છે. જંગલમાંથી મળતી વન ઔષધિઓથી ગમે તેવા રોગમાં અકસીર ઇલાજ થતો એવી ઔષધિઓનો નાશ થયો છે. આ ઔષધિઓથી ગમે તેવો રોગ મટી જતો હતો. એ ઔષધિઓ લુપ્ત થઇ રહી છે એને અટકાવવી જોઇએ. આજે વનીકરણના નામે *( x x x) થઇ રહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. બધા સભ્યો પોત પોતાનું સ્થાન લે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રોપાઓની વાવણીના નામે દર વર્ષે રૂ.૨૦૦/- કરોડ કરતાં વધારે ખર્ચ કરવામાં આવે છે. છતાં વન વિસ્તાર વધવાની જગ્યાએ ઘટી રહ્યો છે. ગૌણ વન પેદાશો ભેગી કરવા માટે હાલ આશ્રમશાળાઓ, સહકારી સંસ્થાઓ અને આદિવાસી એજન્ટોની સંખ્યા ૩૧૯ જેટલી થવા પામે છે. જ્યારે વન આદિવાસી એજન્ટો ૮૭૪ આદિવાસી કેન્દ્રો નિગમો થઇને ૧૫ જેટલા એકત્રીકરણ કેન્દ્રો શરૂ કરીને એકત્રીકરણની વ્યવસ્થા ગોઠવાયેલી છે. પરંતુ ટીમરું પાન વિણતી ૧,૦૦,૦૦૦ બહેનોને આજ દિન સુધી એનું પૂરેપૂરું વળતર મળી શક્યું નથી ત્યારે આ રાજ્યમાં મહિલા મુખ્યમંત્રીશ્રીનું શાસન છે એમાં મહિલાઓનું શોષણ થઇ રહ્યું છે ત્યારે એ મહિલાઓને પૂરેપૂરું વળતર ક્યારે ચૂકવવામાં આવશે? વનના અંતરિયાળ વિસ્તારોમાં થયેલા રસ્તાઓની સુવિધા નથી અને વન ખાતાના કર્મચારીઓને એમને રહેવા માટે નિવાસો પૂરા પાડવામાં આવતા નથી. ત્યાં ખાનગી મકાનો ઉપલબ્ધ હોતા નથી ત્યારે આવા વન વિસ્તારમાં વન ખાતાના કર્મચારીઓને રહેવા માટે ખૂબ અગવડતા પડે છે. આવા કર્મચારીઓ માટે રહેઠાણના મકાનો બનાવી કાયમી નિવાસ બનાવવા માગો છો કે કેમ? રાજ્યના વન મજૂરોને કાયમી કરવામાં આવતા નથી અને એમને આરોગ્યની સુવિધાઓ મળતી નથી. ત્યારે આવા વન મજૂરોને કાયમી કરવા માગો છો કે કેમ? અમારા દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં આવેલા સાગ વલસાડી સાગના નામે દેશ-વિદેશમાં વખણાય છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી લાકડાના ચોરો વલસાડી સાગનું નિકંદન કાઢી રહ્યા છે. ત્યારે આ સરકારને વિનંતી કરું છું કે આ ચોરી અટકાવવી જોઇએ. ડુંગરો બોડા થઇ રહ્યા છે. વલસાડી સાગનું વાવેતર કરીને વલસાડી સાગ દેશ વિદેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે તેવી આશા રાખું છું. દર વર્ષે વનીકરણ વિભાગમાં એક લાખ હેકટર કરતા વધારે વન વિસ્તારમાં વનીકરણ થાય છે અને ૭૦૦ કરોડ કરતાં વધુ રકમ વનીકરણમાં ખર્ચાય છે. છતાં ગુજરાતમાં ૨૦ હજાર હેકટર વન વિસ્તાર ઘટ્યો છે. એનું કારણ શું છે? આજે જે રીતે ગુજરાતમાં વન વિસ્તાર ઘટતો જાય છે એ જોતાં એક દિવસ આપણા ગુજરાતમાંથી જંગલ નામશેષ થઇ જશે અને ગુજરાતના પર્યાવરણની સમતુલા જળવાશે નહીં. આજે પર્યાવર્ણના લીધે ગુજરાતમાં અનેક મુશ્કેલીઓ ઉભી થઇ છે. દર વર્ષે દુષ્કાળના ડાકલા વાગે છે અને વરસાદ પણ ઓછો પડે છે. જેના લીધે આખા ગુજરાતમાં પાણીની સમસ્યા ઘેરી બની છે. આવા સંજોગોમાં ગુજરાતમાં પર્યાવરણ જળવાય, જંગલ વધે એ રીતનું આયોજન કરવું જોઇએ. જંગલ, જમીન અને જળ વગર આપણું જીવન મુશ્કેલ બન્યું છે ત્યારે જંગલ ઘટવાથી વન્ય પ્રાણીઓ લુપ્ત થયા છે અને આપણું પર્યાવરણ ખોરવાયું છે. એની અસર આપણા રાજ્યમાં વર્તાઇ છે ત્યારે રાજ્યને કુદરતી આપત્તિઓમાંથી બચાવીને પર્યાવરણનું રક્ષણ કરીએ, જંગલનું જતન કરીએ અને ગુજરાતને ફરીથી હરિયાળું બનાવીએ. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું સંમત થતો નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિભાગ માગણી ક્રમાંક- ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને આ સન્માનનીય સભાગૃહને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૭માં તે સમયના તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ નારા સાથે ૧૫ હજાર કરોડ રૂપિયાની ૧૦ મુદ્દાના કાર્યક્રમ સાથે જોગવાઇ કરી હતી. આ સન્માનનીય સભાગૃહમાં તે સમયે હું પણ ધારાસભ્ય તરીકે હતો. સામેના કોંગ્રેસના ધારાસભ્યો તે સમયે એમ કહેતા હતા કે આ ૧૫ હજાર કરોડ રૂપિયા ક્યાંથી આવશે? પરંતુ મને આજે કહેતા આનંદ થાય છે કે ૧૫ હજાર કરોડના બદલે ૧૭,૫૦૦ કરોડ જેટલી માતબર રકમ આ આદિવાસી વિસ્તારમાં ૧૦ મુદ્દાના વિકાસના કાર્યમાં વાપરવામાં આવી છે. આજે આ સન્માનનીય સભાગૃહમાં માનનીય જોષીયારા સાહેબ એમ કહેતા હતા કે પૈસા વપરાતા નથી અને વળી એમ કહેતા હતા કે ૧૫ હજાર કરોડ રૂપિયા લાવશો ક્યાંથી? આ ૧૫ હજારના બદલે ૧૭,૫૦૦ કરોડ જેટલા વિકાસના કાર્યોમાં વાપરવામાં આવ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારને ઓછા પડ્યા ત્યારે ૨૦૧૨માં પાછા ૪૦ હજાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમનું આયોજન કરવામાં આવ્યું અને આ ૧૦ મુદ્દાના કાર્યક્રમમાં આ સમગ્ર વિસ્તારમાં વિકાસની જે ગાથા અને વિકાસના જે કાર્યો કર્યા છે એના કારણે આજે આદિવાસી સમાજ ઉન્નત મસ્તકે પોતાનું જીવન

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જીવે એ દિશા તરફ લઇ જવાનું આ કાર્ય કરવામાં આવ્યું છે. જ્યાં જોઇએ ત્યાં રસ્તા દેખાય, પીવાના પાણીની સુવિધા દેખાય એ પ્રકારની આ ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી રહી છે. મને આ સન્માનનીય સભાગૃહમાં કહેતા દુઃખ થાય છે કે આ સન્માનનીય સભાગૃહમાં *( x x x ) પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાણીની સુવિધા કરી દીધી છે. આ સરકારની અંદર અમારા માનનીય સભ્યશ્રી આનંદભાઇ એમ કહેતા હતા કે આદિવાસી સમાજને વનબંધુ તરીકે સબોધન કરશો નહીં.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : આનંદભાઇ ૨૧મી સદીની વાત કરે છે. આ ૨૧મી સદીની બહાર કાઢવા માગતાં જ નથી. એ પોતે એવું સમજે છે કે, આ આદિવાસી સમાજ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નાગરજીભાઇ, કરમશીભાઇ પ્લીઝ આપને બંનેને ઝઘડવું હોય તો હાઉસની બહાર જઇ આવો.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : આદિવાસી જ રહે એ પ્રકારની માનસિકતા, ભાગલાવાદી, ભાગલા પાડો અને રાજ કરવાના કારણે વિકાસથી વંચિત રહેલા આદિવાસી સમાજને ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પેકેજ આપીને જે વિકાસ કર્યો છે. એ વિકાસની જ્યારે હું વાત કરું છું ત્યારે આ પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી સમાજમાં મહિલાઓ માટેનું જે એક સતત પેકેજ મૂક્યું છે. મહિલાઓને જે પશુપાલન ક્ષેત્રે અત્યારે જે વાછરડી આપવામાં આવે છે અને વાછરડીનો ઉછેર કરવા માટે અત્યારે જે સહાય આપવામાં આવે છે પણ એની સામે પહેલા જે કોંગ્રેસના રાજમાં મરઘાં-બતકાં અપાતાં હતાં.

ઉપાધ્યક્ષશ્રી : મોહનભાઇ, હવે આપની પાસે એક મિનિટ છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પશુપાલન ક્ષેત્રે એક સારી ઓલાદની ગાય મળે, વાછરડી ઉછેરની સહાય અને આર્થિક રીતે મજબૂત બને એ પ્રકારનું કાર્ય કરતી હોય ત્યારે એમની સરકારમાં એ સમયે મરઘાં-બતકાં ઉછેરીને પછી ક્યાં જતાં હતાં? એ બધાને ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આરોગ્ય ક્ષેત્રે એક ગતિશીલ ગુજરાતના પ્રથમ પ્રણેતા મહિલા મુખ્યમંત્રીશ્રીએ ખૂબ મહત્વનો નિર્ણય કર્યો છે અને તે મહદઅંશે આદિવાસી સમાજ માટે ખૂબ ઉપયોગી છે. મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના, અમૃત્તમ યોજના હોય અને વાત્સલ્ય કાર્ડ હોય તમામ આદિવાસી વિસ્તારના લોકોને અને આમ તો સમગ્ર ગુજરાતના લોકોની સ્કિનિંગ તપાસ કરીને, પ્રેશર હોય, ડાયાબીટીસ હોય એમને મફત દવા આપવાનો પણ આ રાજ્ય સરકારે અભિગમ અપનાવ્યો છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનુ પ્રવચન પૂરું થાય છે. પુનાભાઇ ગામીત.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, વન, પર્યાવરણ અને આદિજાતિ વિભાગની માગણી નં.૨૬, ૨૭, ૯૩, ૯૬, ૭૦ અને ૭૧ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે એના પર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર વાહ વાહ કરે છે અને તેના સભ્યો પણ વાહ વાહ કરે છે. પરંતુ એ યાદ દેવડાવવા માગું છું કે, ઉમરગામથી અંબાજી સુધી આદિવાસીનો વિસ્તાર છે અને આજે એ આદિવાસીઓની જે હાલત છે એ જોવા જેવી છે. એમને ખેતીની સિંચાઇ કરવા માટે ખેડૂતો આજે તલપાપડ થઇ રહ્યા છે. હું મારા ઉકાઇ ડેમની વાત કરું તો એ જે તાપી મને અડીને જાય છે. તેમ છતા પણ આજે મારા મત-વિસ્તારના ડોલવણ અને વ્યારાનાં ૩૯ ગામડાં એવાં છે કે એમને પાણી નથી મળતું. મેં ઘણીવાર વાત કરી હતી અને ૨૦૦૭માં પણ વાત કરી હતી અને આજે પણ વાત કરું છું. મોહનભાઇ તમે તો અમારી કોંગ્રેસની સરકારમાં જે ડેમ બનેલા છે એનું પાણી લો છો, એટલે તમે તો સુખી અને સમૃદ્ધ માણસ છો. તમને ગરીબ માણસો દેખાતા નથી. આજે પરિસ્થિતિ એવી છે કે, મોતીભાઇ વસાવા સાહેબ મંત્રી તરીકે હતા, તે વખતે થોડી કામગીરી સારી કરેલી. પરંતુ આજે હું એમને યાદ દેવડાવવા માગુ છું કે, આજે જે વખાણ કરે છે અને તે વખતની કામગીરી, અમારા જમાનામાં, કોંગ્રેસના રાજમાં જે બસો ચાલતી હતી. એ હું તમને રૂટો સાથે કહેવા માગુ છું, તમને જ રજૂઆત કરેલી. દામણદેવી અને ઢોગીયાની બસો છે એ આજે બંધ થઇ ગઇ છે. ફરીવાર ચાલુ કરાવો તો તમારો આભાર માનું પણ આ સરકારમાં જ્યાં બેઠા છો ત્યાં આજે આ રૂટો બંધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીય વખત મેં રજૂઆતો પણ કરી છે. એ રૂટોમાં પણ આજે પરિસ્થિતિ જે ઉભી છે એ માનનીય મંત્રીશ્રી મંગુભાઇને કહેવા માગુ છું કે, આ ત્રેવીસ કિલો મીટરનો જે રસ્તો છે, એ હું આવ્યા પછી કંઇ કેટલીય રજૂઆતો કરી અને શ્રી નીતિનભાઇ અને શ્રીમતી આનંદીબેનનો થોડો આભાર હું માની લઉં છું પરંતુ માનનીય મંગુભાઇ જે ખાતુ લઇને બેઠા છે માનનીય મંત્રીશ્રીએ હમણાં સાડા ત્રણ કિલો મીટર આ રસ્તા પર સડક દેવડી-દમણ દેવડી એ રસ્તાનું ખાતમુહૂર્ત કરેલું અને દોઢ કિલો મીટર પછી સાડા ત્રણ કિલો મીટર આ જે રહે છે, તો એ વન વિભાગના મંત્રીશ્રી છે, એમની ફરજમાં આવે છે કે, બાકી રહેલો રસ્તો એમણે કરવો જોઇતો હતો. આજે એ રૂટ પણ બંધ છે. આજની જે પરિસ્થતિ છે અને આજે હું એમને બતાવવા પણ તૈયાર છું. એમના અધિકારમાં ન આવતું હોય તો ના પાડી દે. આજે લોકોની પરિસ્થિતિ એ છે કે, ડોલવણ અને વ્યારા એ બે તાલુકા છૂટા કર્યા પણ આજે પરિસ્થિતિ એવી થઇ કે, સાડા ત્રણ કિલો મીટરના લીધે વન વિભાગના લીધે તૂટી જાય છે અને લોકોને પચાસ કિલો મીટર ફરીને ડોલવણ તાલુકામાં જવું પડે, આજે ગામડામાં આવી પરિસ્થિતિ છે. મેં રજૂઆતો કરી છે, એટલે માનનીય મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે કે, આના પર ધ્યાન આપીને આ રસ્તાની સુવિધા કરે અને એના ઉપર બસ ચાલતી થાય એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે હરિયાળી ક્રાંતિ કરી દીધી. હરિયાળી ક્રાંતિ એ રીતે કરી છે તમે કે અત્યારે લોકો દુઃખી થઇ ગયા છે. આજે જે ડેમોમાં પાણી છે એ અમે નજરે જોઇએ છીએ. જે અમારા વિસ્તારમાં અને શબ્દશરણભાઇના વિસ્તારમાં કે મોતીભાઇના

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિસ્તારમાં જે બોલી રહ્યા હતા, મારે દુઃખ સાથે કહેવું પડે કે, એ લોકો પણ આજે આપઘાત કરે છે, એ વિસ્તારના આદિવાસીઓ આપઘાત કરે છે કે જેમને આજે ખેતી માટે પાણી નથી મળતું એટલે મારી ખાસ વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : પુનાભાઇ હવે આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી અરવિંદસિંહ રાઠોડ

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મંગુભાઇ પટેલ સાહેબ વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક : ૨૬ અને ૨૭ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિના વસંત નહીં, વન વિના વરસાદ નહીં. વૃક્ષોથી વરસાદ આવે છે. વૃક્ષ એટલે પાણી અને પાણી એટલે અન્ન અને અન્ન એટલે જીવન. વૃક્ષો એ જીવન છે, વૃક્ષો એ આ ધરતીનું ઘરેણું છે. વનીકરણની વાત કરીએ તો સામાજિક વનીકરણ કાર્યક્રમને એંશીના દાયકામાં જવલંત સફળતા મળી છે. તેના પરિણામ સ્વરૂપે ગુજરાતને સામાજિક વનીકરણની પ્રવૃત્તિના વિશ્વ પ્રણેતા તરીકે ઓળખવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલની બહારના વિસ્તારોમાં વનીકરણ દ્વારા ગુજરાત રાજ્યમાં વૃક્ષોનું પ્રમાણ વધારે થાય અને લોકો અને સંસ્થાઓને વનીકરણની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી તેના દ્વારા વન પેદાશોમાં વધારો કરવામાં આવ્યો છે. બિન–ઉત્પાદક જમીનનો ઉપયોગ કરવા અને વૃક્ષારોપણ દ્વારા લોકોને રોજીરોટી મળે એની તકો વધારી તેમની આવકમાં વધારો કરવા માટે સામાજિક વનીકરણની યોજના સરકારે ચાલુ કરી છે. રાજ્યના વન વિસ્તારમાં સને ૨૦૦૩માં પચીસ કરોડ વૃક્ષો હતા, આજે ૨૦૧૫માં ત્રીસ કરોડ વક્ષો એટલે કે, છેલ્લા દસકામાં વૃક્ષોમાં વીસ ટકાનો વધારો થયેલો છે.

(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અછતની પરિસ્થિતિમાં પશુ ધનને બચાવવા માટે વન વિસ્તારની અનામત વાડીઓમાં ઘાસ એકત્ર કરી ગોડાઉનોમાં સંગ્રહ કરવામાં આવે છે. વન વિભાગની ૧૪૫ અનામત વાડીઓનો વિસ્તાર ૬૭૮૧૮ હેકટર છે. આ પ્રોજેકટ હેઠળ ઘાસનું વાર્ષિક ઉત્પાદન ૧,૬૦,૦૦,૦૦૦ કિલોગ્રામ જેટલું થાય છે. આ ઘાસ ખેડૂતોને અને પશુપાલકોને નજીવી કિંમતે આપવામાં આવે છે. હમણા નિમિષાબેને વાત કરી આ દેશના વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાત રાજયમાં ૧૨ જેટલા વનોની રચના કરી હતી. બહેને અધૂરું મૂક્યું છે એ હું પૂર્ણ કરું છું. ગાંધીનગર ખાતે પુનિત વન, અંબાજી ખાતે માંગલ્ય વન, તારંગા મુકામે તીર્થંકર વન, સોમનાથ ખાતે હરિહર વન, ચોટીલા મુકામે ભકિત વન, શામળાજી ખાતે શામળ વન, પાલિતાણા ખાતે પાવક વન, અમારા પાવાગઢ મહાકાલીના મંદિર પાસે વિરાસત વન, માનગઢ મુકામે ગુરુ ગોવિંદસિંહના નામે ગુરુ ગોવિંદ સ્મૃતિ વન, નાગેશ્વર ખાતે નાગેશ્વર વન, જેતપુર ખાતે શકિત વન આમ અગિયાર અને બારમું આપણા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ અને અમારા મંગુભાઇ પટેલસાહેબ વન મંત્રી છે ત્યારે એમના માર્ગદર્શન હેઠળ ૨૦૧૫માં વાંસદા મુકામે જાનકી વન બનાવવામાં આવ્યું છે. આમ રાજયમાં ૧૨ સાંસ્કૃતિક વનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી, ગાંધીનગર ખાતે ૨૫ મી જુન, ૨૦૧૫ ના રોજ વિશ્વ બેંકની સહાયથી રાજયમાં સૌ પ્રથમ આધુનિક સાધનોથી સજજ એવી ચેક અપ લેબોરેટરીની શરૂઆત કરવામાં આવી છે. જંગલોની વાત છે ત્યારે, વનોની વાત છે ત્યારે, આ સૃષ્ટિ ઉપર ભગવાને દરેક જીવોને આ પર્યાવરણના સમતુલન માટે બનાવેલા છે. ઇશ્વરની આ રચનામાં જીવ સૃષ્ટિમાં આપણે કોઇની પણ ઉપેક્ષા કરીશું તો જીવવું દુષ્કર બનશે. સંતોના કથન મુજબ જો પૂંછ નહીં હોય તો મૂછ પણ નહીં હોય. ગૌમાતા, કુતરા, માછલી, કબૂતર, ચકલી, કાબર, સાપ, દેડકા વગેરે બધા જ જીવો આ પર્યાવરણનું બેલેન્સ કરે છે. પર્યાવરણના જતન માટે સારા વિચારોથી કામ કરવું જોઇએ. આ ધરતીના દરેક બનાવેલા વૃક્ષો, જીવજંતુઓ અને પશુપંખીઓનું જતન કરી અને આપણે પર્યાવરણનું માન રાખવું જોઇએ. બહેને અધૂરું મૂકેલું અને અમારા મંગુભાઇ પટેલ સાહેબ ઘણી વખત કહે છે એમના પ્રવચનમાં કે જીતે ભી લકડી, મરતે ભી લકડી, દેખ તમાશા લકડી કા તો બાળકનો જન્મ થાય છે ત્યારે એનું ઘોડિયું પણ લાકડાનું હોય છે, નિશાળે જાય છે એની પાટી પણ લાકડાની હોય છે, ભણીગણીને જયારે મોટા થાય છે અને લગન થાય છે ત્યારે એનો માંડવો અને ચોરી પણ લાકડાની હોય છે. સુવાનો પલંગ પણ લાકડાનો હોય છે. મનુષ્યનું મૃત્યુ થાય ત્યારે એની પાલખી અને ઠાઠડી બનાવવામાં આવે છે એ પણ લાકડાની હોય છે અને છેલ્લે ચિતા ઉપર જયારે આગ આપવામાં આવે છે ત્યારે પણ લાકડું એની સાથે આવે છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન મંત્રી, આદિજાતિ વિભાગ અને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણની અલગ અલગ માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સવારથી અહીં માગણીઓ પર ચર્ચા થઇ એ સાંભળી, ઘણી વાતમાં દુઃખ પણ થાય છે. આ પાર્ટી કે તે પાર્ટી હોય. અમારા મંત્રી પણ આદિવાસી હોય અને આદિવાસીઓને જયારે અન્યાય થાય તો એ કેવી રીતે ચાલે? હું માનનીય મંત્રીશ્રી પાસે એ આશા રાખું છું કે આદિવાસી વિસ્તારની જે કાયાપલટ કરવાની વાત હતી. ૪૦,૦૦૦ કરોડ આપી દીધા એટલે કાયાપલટ નથી થવાની. આદિવાસી વિસ્તારમાં સિંચાઇની કેટલી સગવડો છે. આપણે કોઇ સરવે કર્યો છે ખરો? આજે આદિવાસી વિસ્તારમાં સિંચાઇ કે પીવાના પાણી કે શિક્ષણ આ બધા જ વિષયોમાં જો કાળજી રાખી હોત તો આવતા દિવસોમાં કંઇક કર્યુ એવું દેખાત. હમણા ઘણા બધા મિત્રોએ વાત કરી. એમાં મારે પડવું નથી. જ્યારે આપણા મંત્રીશ્રીના માથા ઉપર જવાબદારી આવી છે, ત્યારે ચોક્કસ કહીશ કે કૅાલેજ કક્ષાની વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ૪૪ ચાલે છે, એમાં ૨૦૧૫–૧૬ માં ૯૫૦ લાખની જોગવાઇ કરેલી. આ જાન્યુઆરી એન્ડ સુધીમાં ફકત ૪૦૯ લાખ એટલે ૫૦ ટકા કરતા ઓછા પૈસા વપરાયા છે. આપણે શિક્ષણમાં આવી રીતે ઓછા કરીશું તો કેવી રીતે ચાલશે? ભારત સરકારે ૨૦૦૮ માં જે મૉડેલ

સ્કૂલો, ઇ.સી.આર. સ્કૂલો આપી. આજે ૨૦૧૬ એટલે ૮ વર્ષમાં એક પણ શિક્ષકની નિમણૂક થઇ નથી. એક પણ કલાર્કની નિમણૂક નથી થઇ. એમાં મંત્રીશ્રી સાહેબ કંઇક વિચારો. એનાથી આગળ જઇને કહું છું કે કૅાર્પોરેશનની સ્થાપના ૧૯૭૨ માં કોંગ્રેસે કરી હતી. શું કરવા કરી હતી? આદિવાસીઓના વિકાસ માટે કરી હતી. આજે શું હાલત છે? એમાં કુલ મહેકમ ૧૬૨ છે. આજે જગ્યા ભરાયેલી ૭ જ છે. આપ બેઠા છો ત્યારે આવી કૅાર્પોરેશનની હાલત? આપણા કૅાર્પોરેશનની આજે આપણે કાળજી નથી લઇ શકતા. આપે વાત કરી કે પાયલોટ માટે લોન આપીશું, એન્જિનિયર બનવા માટે લોન આપીશું, ડૅાક્ટર બનવા માટે લોન આપીશું. આવી કૅાર્પોરેશનની હાલત હોય તો લોન કયાંથી મળવાની? આવી ઘણી બધી વાત છે. વન અધિકારનો કાયદો ભારત સરકારે ૨૦૦૬ માં કર્યો. કેટલી અરજીઓ આવેલી અને કેટલાને જમીન આપી? આજે પણ ૭મો ક્રમ છે. આને ગતિશીલ ગુજરાત કહીશું? પીવાના શુદ્ધ પાણી માટે ઘણા બધાએ ચિંતા કરી. કુલ ૧૮,૩૭,૦૪૪ કુટુંબો પૈકીના આપણે ૨ લાખ કુટુંબોને શુદ્ધ પીવાનું પાણી આપ્યું છે. હજું ૧૬ લાખ કુટુંબોને શુદ્ધ પીવાનું પાણી આપી શકતા નથી. શરમ સાથે વાત કરું કે મંત્રીશ્રી આ બાબતે વધારે ધ્યાન આપે. હમણા ૨૦૧૫ માં વીસ મુદા કાર્યક્રમ હેઠળ આદિવાસીઓને જે પ્રયોજના વહીવટદાર દ્વારા કીટ આપવાની હતી. એમાં ફકત ૩૦ ટકા કામગીરી થઇ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં સમર્થ વિલેજના સંકલ્પ સાથે જયંતિભાઇ જે ગ્રામ્ય ગૃહ નિર્માણ ગામના વિકાસ માટેની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવી સમર્થન આપું છું.

મારે મંત્રીશ્રીને કહેવું છે કે આપણે બધા ગામડાંમાંથી આવીએ છીએ. *( x x x) આપણે પાછા ગામડાંમાં જવાનું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ શબ્દો દૂર કરીએ છીએ.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ: આપણા સર્વેના લોકલાડીલા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે તેઓની દીર્ઘદ્રષ્ટિ અને ગામડા માટેનું સ્વપ્ન હતું. ગામડાઓની ગતિ શહેર તરફ હતી અને ગામડાં તૂટી જતા હતા જેના માટે આત્મા ગામડાનો અને સુવિધા શહેરની સંકલ્પ સાથે આદર્શ ગામ,, ઇ–ગ્રામ વિશ્વગ્રામ, સમરસ ગામ, તીર્થગામ, પાવનગામ, સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ, સ્માર્ટ ગામના સંકલ્પ સાથેના મોડલ ગામનો આપણે ગુજરાતમાં અનુભવ કર્યો છે. આ ભાજપની સરકારની દેણ છે. ભગીરથ પ્રયાસ બાદ ગામડાંઓમાં કરોડો રૂપિયાની વિકાસની ગ્રાન્ટો વપરાઇ રહી છે તેનો આપણને ગામડાંમાં અનુભવ થઇ રહ્યો છે. આ સભાગૃહમાં મોટા ભાગના સભ્યોને ગામડાંનો અનુભવ ખૂબ જ સારો છે. ભાજપની સરકાર પહેલાં ગામડાંની સ્થિતિ કેવી હતી? આંતરિક રોડ રસ્તા ન મળે, બાહ્ય રોડ રસ્તાના ઠેકાણા ન હતા, ચોમાસામાં ચાર મહિના બહાર જવાય નહીં કે અવાય પણ નહીં. શૌચાલય જવા ભાગોળે જવું હોય તો જે મુશ્કેલીઓ હતી તેનો બધાને અનુભવ છે. ગતિશીલ ગુજરાતમાં વોર્ડ ટુ વોર્ડ સી.સી. રોડ, બ્લોક પેવરના રસ્તા, આંતરિક રસ્તા સજજ ગામડાંઓને મુખ્ય રસ્તા સાથે જોડાણ કરેલ છે. અનેક સુવિધાઓ આ ગામડાંઓમાં થઇ ચૂકી છે. ભાજપની સરકાર પહેલાં વીજ પાવરના ઠેકાણા ન હતા. કયારે આવશે અને કયારે જશે તેના કોઇ સમાચાર ન હતા. અંધકારમાં રહેવું પડતું હતું. આ ગતિશીલ ગુજરાતમાં ચોવીસ કલાક થ્રી ફેઇઝ પાવર મળે, એલઇડી સ્ટ્રીટ લાઇટ મળે, સી.સી.ટીવી, વાઇફાઇ, ઇન્ટરનેટ, સી.સી. કેમેરા, વગેરે અદ્યતન સુવિધાઓ સાથેના શહેર કરતાં સારા ગામડાં ગુજરાતમાં બન્યા છે. ગામડાં પહેલાં ગંદકીથી ખદબદતા હતા. શૌચાલયની કોઇ વ્યવસ્થા ન હતી. મચ્છરો અને ગંદકીથી ભરપૂર રોગચાળો ફેલાતો હતો. માંદગી અને મૃત્યુના પડાવ ગામડાંમાં હતા. આ ગતિશીલ ગુજરાતમાં ઘરે ઘરે શૌચાલય છે. આરોગ્ય કેન્દ્રોની વ્યવસ્થા, ૧૦૮ની વ્યવસ્થા, મા વાત્સલ્ય યોજના, મેડિકલ કેમ્પ, બી.પી.એલ. પરિવારને મેડિકલ સુવિધા મફત, ડાયાબીટીશ અને બી.પી.ના દર્દીને મફત આજીવન દવા, અકસ્માત વીમો, જીવન વીમા સાથે સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામના નારા સાથે ગામડાં બનાવ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર પહેલાં ગ્રામ પંચાયતની ઓફિસ ન મળે, તલાટી સાહેબને શોધવા પડે. શાળાના ઓરડા ન મળે, શિક્ષકોના કોઇ ઠેકાણા નહી. સ્કૂલ કોલેજ જવા માટે વ્યવસ્થા ન હોય. જેના કારણે બધા અભણ ને અભણ રહ્યા. આ ગતિશીલ ગુજરાતમાં ભાજપની સરકારમાં અદ્યતન પંચાયતની ઓફિસો બની.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેન પટેલની સરકારની અંદર અમારા પંચાયત મંત્રી શ્રી કવાડીયા સાહેબ જે ૭૦ નંબરની માગણી લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા મને આનંદ થાય છે, પછાત વર્ગના એક માણસ તરીકે મને આનંદ થાય છે. સરકાર તરફથી પંચાયત અને સમૂહ વિકાસ માટે રજૂ કરેલ માગણીઓ અને તેના દ્વારા રજૂ કરેલ નાણાંકીય જોગવાઇઓ ગુજરાતના છેવાડાના પરિવારો કે જે આર્થિક રીતે પછાત હતા તેમના જીવન નિર્વાહ માટે પછી તે પરિવારના સભ્યો ગમે તે વ્યવસાય કરતા હોય તો પણ રોજિંદી આવક વધારી શકે તે માટે તમામ ક્ષેત્રમાં પૂરતી તકો આ સરકારે ઉપલબ્ધ કરાવી છે. રાજયના હજારો ગામડાંઓમાં ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોના સામૂહિક વિકાસ માટે સરકારે વીતેલા તમામ વર્ષોમાં પૂરેપૂરું ધ્યાન આપ્યું તેથી ગુજરાતનો જે વિકાસ થયો છે તે ભારત દેશમાં અને વિદેશમાં જોવા મળી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રહ્યો છે. પૂરતું પોષણ મળે, સારા સંસ્કારો મળે અને સામૂહિક જીવન જીવતાં આવડે તે માટે શરૂઆતથી આંગણવાડી અને તે પછી પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ ગામડાં સ્તરે આપવામાં સફળ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર માતાઓ, બહેનોની તંદૂરસ્તી માટે તમામ સગવડો અને સહાય આપે છે. ગ્રામ કારીગરો હોય, ખેડૂતો હોય કે તમામ તબક્કે વિવિધ પ્રકારની સહાય છે એ ગ્રામ પંચાયતોના માધ્યમથી એ વિસ્તારમાં સરકારની લોકહિતની યોજનાઓ બનાવીને જે તે ગામની સમૃદ્ધિ વધે તે માટે સ્થાનિક સમિતિ બનાવીને તેમાં જે તે ગામના સ્થાનિક પ્રતિનિધિઓને સમાવી લઇ શિક્ષણ, પાણી પૂરવઠા, ગ્રામ વિકાસ જેવા કામો દ્વારા સામૂહિક વિકાસ થાય તે માટે સરકાર યોજનાઓ બનાવીને ગામડાંઓને પૂરેપૂરું સમર્થન આપે છે અને તેના વડે બાળકના જન્મથી લઇ પરસ્પરના સહકારથી સામૂહિક વિકાસની પૂરતી તક મળેલ હોય વિતેલા વર્ષોમાં ગામડાંમાં વસતા પરિવારોનો નોંધપાત્ર વિકાસ થયો છે. આજની તારીખમાં જે કાંઇ ગુજરાતનો વિકાસ થયો છે એમાં સરકારના આ વિભાગની જાગૃતિ અને કાળજીપૂર્વકના અમલીકરણની નિષ્ઠા દેખાય આવે છે. આજે ગામડાંઓમાં વસતા પરિવારોનું જીવન ધોરણ ઉંચું આવેલ છે અને તેના કારણે ગામડાંના ખેડૂતો, કારીગરો, દૂધ મંડળીઓ, ખેત મંડળીઓ અને સખી મંડળો દ્વારા ઘણો સામૂહિક વિકાસ થયેલ છે અને તેના કારણે ગામડાંઓમાં આ પ્રકારની પ્રાથમિક જરૂરિયાત જેવી કે, સારા આંતરિક રસ્તાઓ, પીવાના પાણીની વ્યવસ્થા અને સ્વચ્છતા જળવાય રહે તે માટે જાગૃતિ આવેલ છે. ગામડાંના ઘણાં યુવાનો શિક્ષણ મેળવી વધુ અભ્યાસ દ્વારા તેમની વિશિષ્ટ કારકિર્દી પણ બનાવી શક્યા છે. આપણી સરકાર તરફથી મારા મત વિસ્તાર ધંધુકામાં સ્વચ્છતા મિશન યોજના હેઠળ ૧૦૦ ટકા શૌચાલય બન્યા છે, આ સામૂહિક વિકાસનો તાજો દાખલો છે. સ્વચ્છતા જાળવવા માટે સમાજના તમામ લોકોમાં જાગૃતિ આવી છે. મિશન મંગલમ યોજના હેઠળ ૨.૫૦ લાખ જેટલા સ્વચ્છતા સહાય જૂથો બનાવવામાં આવ્યા છે અને તેમાં ૨૬ લાખ જેટલા લોકોને ફંડ આપવામાં આવેલ છે. સમૂહ વિકાસ માટે વિતેલા વર્ષોની પ્રશંસા કરવી પડે એવી વાસ્તવિક જોગવાઇઓ કરી તેના અમલ દ્વારા વિકાસના કામો કરેલ છે અને હું એક પછાત સમાજમાંથી આવું છું ત્યારે મને આનંદ થાય છે કે, પછાત વિસ્તારની માગણીઓ અને લાગણીઓ આ સરકાર સમજે છે. મારે જીવતો જાગતો એક દાખલો આપવો છે અને પંક્તિ દ્વારા આ સન્માનનીય ગૃહને કહેવું છે કે, "હિરા મા ને હિરો જડ્યો સમય આવ્યો ત્યારે ગુજરાતની ગાદીએ ચડ્યો, હિરા મા ને હિરો જડ્યો સૌનો સાથ સૌનો વિકાસ લઇ આ દેશની ગાદીએ ચડ્યો અને પંચાયતથી પાર્લામેન્ટ સુધી ઝળહળ્યો." આનું નામ વિકાસ કહેવાય, ભારત માતા કી જય.

શ્રી પ્રવીણભાઇ મો. માકડિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય મંત્રીશ્રી મંગુભાઇ પટેલ વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે વન અને પર્યાવરણ એ રાજયના વિકાસની એક સિક્કાની બે બાજુ જેવા બે વિષયો છે. જો પર્યાવરણની સમતૂલા ન રહે તો એના પણ વિપરીત પરિણામો આવે અને વન સંરક્ષણ જો બરાબર જતન ન કરવામાં આવે તો એનાથી પણ વિપરીત પરિસ્થિતિ ઉભી થાય અને એટલા માટે આપણા ભારતના એક મહાપુરુષ પૂજ્ય પાંડુરંગ દાદાએ કહ્યું છે કે, "છોડમાં રણછોડના દર્શન કરશો તો વન અને પર્યાવરણ બંને વસ્તુ જળવાઇ રહેશે." એને કારણે આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા હાલના પ્રધાન મંત્રીશ્રી જ્યારે અહીંયા મુખ્ય મંત્રી હતા ત્યારે જે એમણે વન સંરક્ષણ ઉપર કામ કરીને બધા જ જિલ્લામાં વન સંરક્ષણ માટે વન કુટિર દ્વારા વન ઉભા કરવામાં આવ્યા છે એ રીતે અને વૃક્ષોના જતન માટે વૃક્ષોને શાસ્ત્રો સાથે જોડી અને રાજયનું પર્યાવરણ સુધરે અને વધારે સારી રીતે વન ખાતું કેવી રીતે કામ કરી શકે તે માટેની કાળજી લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણને લગતા અનેક પ્રશ્નો સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અત્યંત અગત્યના બની ગયેલ છે. ક્યાંક જંગલોના બિન ઉપજાવ ઉજ્જડ બનવાની સમસ્યા, તો ક્યાંક દુર્લભ વન્ય પ્રાણીઓ અને પક્ષીઓના અસ્તિત્વ સામે ખતરો ઉભો થયો છે. આ રીતે અમારે સૌરાષ્ટ્રની અંદર જે ગીરનું જંગલ છે, જે એશિયાનું નંબર વન કહી શકાય એવા લાયનનો જે વસવાટ છે તે છેલ્લા કેટલાક સમયથી રાજય સરકારના ખૂબ જ સારા એવા પ્રયાસોને કારણે આજે લાયનની વસતિ પણ ખૂબ વધવામાં આવી છે. તેની સાથે સાથે વન્ય પ્રાણીઓની વસતિ પણ એટલી જ વધવા પામી છે અને તેની સાથે વન્ય સંપત્તિમાં પણ એટલો વધારો થયો છે કે પૃથ્વીનું તાપમાન વધવાની સમસ્યા જે ભયજનક થતી જાય છે આ બધી સમસ્યાનો એક માત્ર ઉકેલ તરીકે યોગદાન આપી શકે તેવી સરળ કરવા યોગ્ય કામગીરી અને વનોનું સંરક્ષણ કરી જયાં પણ જગ્યા હોય ત્યાં રોપા વાવેતર કરી અને તેનું રક્ષણ કરીને ધરતીને લીલીછમ કરવાની કામગીરી ગુજરાત રાજયના વન વિભાગે એવી સરસ કામગીરી કરી છે કે સામાન્ય લોકોને તેની સાથે જોડી અને વૃક્ષે ાની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દુર્લભ જાતિઓના સંરક્ષણની કામગીરી પર ભાર મૂકેલ છે. વનીકરણની પ્રવૃત્તિઓથી વન વિસ્તાર નજીક વસવાટ કરતાં વનવાસીઓને રોજગારીનો લાભ મળે, સઘન અને લોકભાગીદારીના પ્રયત્નોથી વનીકરણ કાર્યક્રમને સફળતા મળે. આવી જ રીતે સામાજીક વનીકરણ એ ખેડૂત ભાઇઓ દ્વારા મુખ્યત્વે જે પરંપરાગત પાક હતા તેને બદલે નવા સંશોધિત રીતે નીલગીરી, દેશી બાવળ, અરડુસીનું વાવેતર કરવામાં આવેલ છે. પરંતુ ખેડૂતભાઇઓ આર્થિક રીતે સદ્ધર થાય અને વૃક્ષ ખેતીનો વ્યાપ વધે તે માટે અરડુસી, સાગ, નીલગીરી જેવા વૃક્ષોના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા રોપા તૈયાર કરવા હાઇટેક નર્સરી, ટીસ્યુ કલ્ચર, કલોનલ, જેવી આધુનિક પદ્ધતિઓ અપનાવવામાં આવેલ છે. જે અન્વયે વધુ પ્રમાણમાં કલોનલ તથા ટીસ્યુ કલ્ચરના રોપાઓ લોકોને મળે છે, જેના વાવેતર અને ઉછેરથી ગ્રામ્ય વિસ્તારની આર્થિક સમૃદ્ધિમાં ઘણો વધારો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે હેરીટેજ વૃક્ષો કે જેમાં રાજયના કેટલાક પ્રાચિન વૃક્ષો છે તેમાં રાજયમાં સદીઓ જુનાં ઐતિહાસિક, પ્રવાસન અને પરિસરીય રીતે અગત્યનાં સ્થળોએ ૫૦ જેટલાં હેરીટેજ વૃક્ષોની પસંદગી વન વિભાગ તરફથી કરવામાં

આવેલ છે. ભરૂચ જિલ્લાનું એ કબીર વડ હોય કે ગાંધીનગર જિલ્લાનું કંથારપુર વડ મુખ્ય છે. આવા વૃક્ષોના પ્રચાર અને પ્રસારથી લોકોમાં વૃક્ષ ઉછેર અંગે પ્રેરણા મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનો વિકાસ કરવામાં આવ્યો છે તે રીતે અમારા સાંસ્કૃતિક રીતે જે જીલ્લાનું વન છે શકિતવન, કાગવડ જેતપુર મુકામે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખોડલધામ કે જયાં માતાજીનું મંદિર છે તે વિસ્તારની અંદર કાગવડ ખાતે ૨૦૧૪માં ૬૫મા વન મહોત્સવની રાજયકક્ષાની ઉજવણી કરી આશરે ૭.૫ હેકટરની અંદર આવેલ આ શકિતવનમાં છાયાદાર, ઘટાદાર, ઔષધિય અને જયોતિશાસ્ત્ર અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્વ ધરાવતાં ૮૩,૭૦૦ રોપાનું વાવેતર કરવામાં આવેલ હતું.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની આ વિભાગની માગણી ઉપર ૧૯ સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. આ ગૃહના ૧૯ સભ્યશ્રીઓમાંથી કોઇએ સૂચનો કર્યા છે, કોઇએ વિભાગની કામગીરીને બિરદાવી છે, કોઇએ ટીકા પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણેય જે સૂચનો કે ટીકા કરી તેને ૧૦૦ ટકા એક વિભાગના મંત્રી તરીકે હું આવકારુ છું. ૧૯૬૩થી આ પંચાયતી રાજની સ્થાપના કરવામાં આવી. આજે રાજયની વસતિની ૫૮ ટકા વસતિ ગામડાની અંદર વસે છે. ૩૩ જિલ્લા પંચાયતો અને ૨૪૭ તાલુકા પંચાયતો અને ૧૪૦૨૯ ગ્રામ પંચાયતો આ વિભાગ નીચે કામગીરીમાં આવે છે. ૧ લાખ અને ૨૦ હજાર પંચાયતના સભ્યથી કરીને અહીંયા સુધીના જિલ્લા પંચાયતના સભ્ય સુધીમાં પદાધિકારી ધરાવતો આ વિભાગ છે. અઢી લાખથી વધારે કર્મચારી, કર્મયોગીની સાથે અને કામ કરતો આ વિભાગ છે. રાજયના એક મહિલા મુખ્યમંત્રી જેને મહિલાઓને ૫૦ ટકા પદાધિકારીનો હિસ્સો આપીને રાજયની અંદર મહિલાનું માન જળવાય, મહિલાનું સન્માન જળવાય અને મહિલાઓને દિશા મળે. ગાંધીજીએ સાચા વિચાર સાથે કહ્યું હતું કે, 'સાચા અર્થમાં ભારતના દર્શન કરવા હોય તો પ્રજાનો પ્રતિનિધિ ગામડાંમાં જાય.' આ દેશના વડાપ્રધાન બાર વર્ષ સુધી આ ગુજરાતની ધરતી ઉપર અને એક મુખ્ય મંત્રીશ્રી તરીકે શાસન કરીને આ રાજયના પંચાયતી માળખાની પંચાયત રાજને મજબૂત કરવા એમણે પાયો નાખ્યો છે. આજે પણ એમને યાદ કરવા જોઇએ કે, આ રાજયના મુખ્ય મંત્રીશ્રી હતા ત્યારે જ એમણે પંચાયતને મજબૂત કરવા માટે જે વિચારો અને જે દિશા આપી છે એ દિશાને આપણે આજે યાદ કરીએ છીએ. આજના રાજયના પ્રથમ મહિલા માનનીય મુખ્ય મંત્રી ગતિશીલ ગુજરાતના પ્રણેતા, જેણે ગુજરાતના માધ્યમને આગળ ધપાવ્યું, ગુજરાત મોડલ તરીકે વૈશ્વિક ઓળખ અપાવી છે. એ હું આજે એક વિભાગના મંત્રી તરીકે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

આજે હું જે વિભાગની માગણીઓ લઇને આવ્યો છું, ૨૦૧૫-૧૬ની અંદર આ વિભાગની માગણી ૫૬૭૪ કરોડ રૂપિયાની હતી, આજે ૨૦૧૬-૧૭માં જે માગણી લઇને હું આવ્યો છું એ ૬૭૨૯ કરોડ રૂપિયાની છે એટલે ૧૮ ટકાના વધારા સાથે આવ્યો છું અને એવા વિચારો સાથે આજે મારે સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને ધ્યાન દોરવું છે કે, પંચાયત વિભાગ કે જે જુદા જુદા જિલ્લા પંચાયતોમાં તબદીલ થયેલી સેવાઓ, અન્ય વિભાગોની સેવા આ જિલ્લા પંચાયતોને તબદીલ થયેલી હોય છે અને એનું સળંગ જો હું બજેટ ગણું તો ૧૮૨૮૭ કરોડ રૂપિયા જિલ્લા પંચાયતના માધ્યમથી આ ગુજરાતના ગામડાંમાં જવાના છે. એક પંચાયત દીઠ એક કરોડ ત્રીસ લાખ રૂપિયા આવશે, પછી એમાં લાભાર્થી હશે, કે પ્લાન કે નોન પ્લાન હશે, પણ ગામડાની અંદર જે રીતે ફાળવણી થઇ છે અને જે મારા વિભાગની ફાળવણી થઇ છે એ માટે આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને રાજયના નાણા મંત્રીશ્રી સૌરભભાઇનો પણ આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી,'સૌનો સાથ સૌનો વિકાસ' સાથે આજે રાજય ગતિ કરી રહ્યું છે અને એક વિચારની ગતિમાં જઇ રહ્યું છે. મારે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે કે, સને ૨૦૧૪ના રોજ એક યોજના અમલમાં આવી હતી. પ્રોત્સાહક જોગવાઇ, અને એ જોગવાઇ લાવવાનો આશય આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીનો એ હતો કે, પંચાયતો પંચાયતોમાં કામ કરવાની હરિફાઇ થાય અને સફાઇ વેરો પંચાયત ઉઘરાવે, ૫૦ ટકાથી ઉપર ઉઘરાવે તો એણે ઉઘરાવેલો વેરો ડબલ આપવાનો, ૭૫ ટકા ઉઘરાવે તો સોના દોઢસો આપવાના, ૯૦ ટકાથી ઉપર ઉઘરાવે તો સોના ત્રણસો આપવાના, એવી રીતે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે, આપના વિસ્તારમાં આવતી પંચાયતો એની ૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે, અને મારે અભિનંદન દેવા છે કે, સુરતને કે સુરતની પંચાયતોની અંદર વધારેમાં વધારે વીસ લાખ રૂપિયા કીમ ગ્રામ પંચાયતને આપ્યા છે. બહુ સારી રીતે કામગીરી કરી સારી રીતે વેરો ઉઘરાવી રહી છે. પ્રોત્સાહક જોગવાઇ તરીકે સોના રૂપિયાના બસો રૂપિયા પંચાયતને અમે આપી રહ્યા છીએ.

એવી જ બીજી એક યોજના છે કે, સન ૨૦૧૪-૧૫ની અંદર પાંચ હજારથી વધારે વસતિ ધરાવતી કોઇપણ ગ્રામ પંચાયત વ્યકિતદીઠ પર મહિને બે રૂપિયા આપવાની જોગવાઇ હતી. પાંચ હજારથી ઉપરની વસતિ ધરાવતી ગ્રામ પંચાયતો અને સન ૨૦૧૫-૧૬ના વર્ષથી તો બે હજારની વસતિ ધરાવતી ગ્રામ પંચાયતોને પણ જોડી દીધી છે. અને આજે હું જણાવીશ કે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક સારા વિચાર સાથે એવો વિચાર કર્યો કે બધી જ પંચાયતોને આપો. આજે હું જાહેર કરું છું કે સોએ સો ટકા પંચાયતોને વ્યકિત દીઠ બે રૂપિયા સફાઇ વેરા પેટે ગામોને સાફ અને સ્વચ્છ રાખવા માટે ૩ કરો ૩૭ હજારની જન સંખ્યાને સાત કરોડ રૂપિયા મહિને રાજય સરકાર ચૂકવશે.

અત્યાર સુધી નાણા પંચો બન્યા છે પણ એણે વિચાર કર્યો નહોતો. જે નાણા પંચના પૈસા આવતા હતા એમાં જિલ્લા પંચાયતોનો હિસ્સો હતો, તાલુકા પંચાયતોનો હિસ્સો હતો. પરંતુ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બન્યા પછી એણે વિચાર

કર્યો કે મારે ગામડાંને સમૃદ્ધ બનાવવું છે. આજે સો એ સો ટકા ગ્રામ પંચાયતોને ૧૪માં નાણા પંચના પૈસા મળી ગયા છે. હું સો ટકા કહીશ કારણ કે ૭૭૭૧ કરોડ રૂપિયા પાંચ વર્ષની અંદર ગ્રામ પંચાયતોને મળવાના છે. એટલે કે વ્યકિત દીઠ ૨૪૩૦ રૂપિયા પાંચ વર્ષની અંદર દરેક ગ્રામ પંચાયતને મળશે. આ પંચાયતોને અમે સૂચના આપી છે કે તમે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવી દો કે અમે પાંચ વર્ષની અંદર આ પૈસા કેવી રીતે વાપરીશું. આજે મને કહેતા આનંદ થાય છે કે ૧૩૯૨૪ ગ્રામ પંચાયતોએ તો વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવી પણ દીધા છે એ પંચાયતોએ આયોજન પણ કરી લીધું છે અને આવતા પાંચ વર્ષમાં આટલા આટલા પૈસા આ જગ્યાએ વાપરવાના છે. આ રૂર્બન યોજના છે એ સમગ્ર દેશની અંદર આપણું એક રાજય એવું છે કે જેણે એનો અમલ કર્યો છે અને એ પણ હાલના વડાપ્રધાને જે તે વખતે ચાલુ કરી હતી. આની પાછળનો આશય હતો કે ગામડાંમાં રહેતો માણસ શહેર જેવું જીવન જીવે. આત્મા ગામડાંનો જીવન શહેર જેવું જીવવાનો આ વિચાર હતો. એવા વિચાર સાથે આજે હું સ્પષ્ટપણે કહીશ કે આ યોજના ૭૯ જેટલા ગામોમાં ચાલે છે એમાંથી ૫૭ ગામોમાં પૂરી કરી દીધી છે. ૧૯ ગામોની અંદર ચાલુ છે. ૧૭૧ ગામોની પી.ટી.આર. પણ બની ગયા છે. પાણી પુરવઠા બોર્ડને કામગીરી સોંપી દીધી છે અને આવતા દિવસોમાં આ ગામોની કામગીરી પણ ચાલુ થવાની છે.

ભારત સરકારની અંદર શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન મિશન યોજના આ દેશના વડાપ્રધાને ગુજરાતના મોડેલને લઇને દેશના બજેટમાં જોગવાઇ કરી છે. આ જોગવાઇ સાથે સમગ્ર રાજયમાંથી ચાર ગામોની પસંદગી પણ થઇ છે. જામનગર જિલ્લાનું વાડીનાર, શામળાજી, અંબાજી અને મોરબી તાલુકાનું રવાપર ગામની પસંદગી કરવામાં આવી છે. આ ચાર ગામોની અંદર પ્રોજેકટ બનાવવામાં આવશે. શહેર જેવી સુવિધાઓ આપવામાં આવશે અને તેની સાથે તેનો બ્લોક બનાવવામાં આવશે. પાંચ, આઠ, નવ કે દસ ગામ હશે. પણ ૩૦ કરોડ રૂપિયા ત્યાં વાપરવાના છે. આ ભારત સરકારે ચાર ગામો પસંદ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ યોજના. હમણાં મારા સાથી સભ્યો પણ વાત કરતા હતા. સરદાર આવાસ યોજના ૧૦૦ ટકા રાજય સરકાર આધારિત ફંડ છે. અત્યાર સુધીમાં ૬,૫૮,૦૦૦ મકાન બનાવીને ૩,૪૭૬ કરોડનો ખર્ચ રાજય સરકારે કર્યો છે. આજે હું સ્પષ્ટપણે કહી રહ્યો છું કે આખા રાજયમાંથી ૧૪,૦૦૦ મકાનોના અધૂરા કામો કરવાના બાકી છે. સ્માર્ટ વિલેજ. આપણે આજે વાત કરતા હતા. સ્માર્ટ વિલેજની યોજનાનો રાજયના મુખ્યમંત્રીશ્રીનો જે વિચાર હતો, ગામડાંને સુંદર બનાવવું છે, ગામડાંને સારું બનાવવું છે, ગામડાંને સરસ બનાવવું છે. એ વિચાર સાથે ૧૮૫ કરોડની જોગવાઇ સાથે ૩૦૦ ગામોની પસંદગી કરવામાં આવશે. તેમાં મારું ગામ હોય તો પણ નહીં આવે. એ પસંદગીના નોર્મ્સ કરેલા છે. તે પસંદગીમાં નીતિ બનાવેલી છે. એ પસંદગીની કમિટી બનાવી છે. રાજકીય રીતથી પર ઉઠીને કમિટી બનાવેલી છે. તજજ્ઞો નિર્ણય કરશે. તેમાં જે નિયમો નક્કી કર્યા છે તેના પોઇન્ટ અપાશે. પોઇન્ટ આપ્યા પછી જો એ ગામ પસંદ થતું હશે તો જ થશે. એ ગામને ત્રણ ભાગમાં વહેંચાશે. એક A નંબરનું ગામ હોય તેને પહેલાં વર્ષે એક કરોડ રૂપિયા, બીજાં વર્ષે ૫૦ લાખ રૂપિયા અને ત્રીજા વર્ષે ૫૦ લાખ રૂપિયા. B નંબરનું ગામ હોય તેને પહેલાં વર્ષે ૭૫ લાખ રૂપિયા, બીજાં વર્ષે ૩૭ લાખ રૂપિયા અને ત્રીજા વર્ષે ૩૭ લાખ રૂપિયા. C નંબરનું ગામ હશે તેને પહેલાં વર્ષે ૫૦ લાખ રૂપિયા, બીજાં વર્ષે ૨૫ લાખ રૂપિયા અને ત્રીજા વર્ષે ૨૫ લાખ રૂપિયા. પણ આ ગામો જે રાજય લેવલની કમિટી હશે તેમાંથી નક્કી કર્યા હશે તેમાંથી વધારાના ગામો હશે એ કોઇ દાતા તરીકે જો પસંદ કરવા માગતા હશે, પહેલાં વર્ષનું ફંડ જો દાતા આપશે તો બીજાં બન્ને વર્ષના ફંડ રાજય સરકાર આપશે. એવા વિચારો સાથે અમે આપની વચ્ચે આ યોજના લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સભ્યોની પણ મને રજૂઆત હતી કે ગામડાંમાં ગ્રામ પંચાયત બનાવવાની છે. રાજયના મુખ્યમંત્રીને મેં વિચાર મૂકયો કે બધા લોકોની લાગણી છે. પહેલી વખત ગામડાંની પંચાયત માટે ૯૨ કરોડની જોગવાઇ કરી છે અને તેમાં ત્રણ ભાગમાં પંચાયતોને અમે વહેંચી છે. ૫,૦૦૦થી ઓછી વસતિ, ૫,૦૦૦થી ઉપરની વસતિ અને ૧૦,૦૦૦થી ઉપરની. ૧૪ લાખ રૂપિયા ૫,૦૦૦થી ઓછી વસતિની પંચાયતને, ૫,૦૦૦થી ઉપરની વસતિની પંચાયતને ૧૮ લાખ રૂપિયા અને ૧૦,૦૦૦થી ઉપરની વસતિની પંચાયતને ૨૨ લાખ રૂપિયા. પણ જૂથ ગ્રામપંચાયત હશે અને સામેનું ગામ મોટું કયાંય હોય. તલાટી જાય, સરપંચ જાય અને બેસવાની જગ્યા નથી. એવા ગામોની અંદર ૬,૫૦,૦૦૦ના ખર્ચે એક મીની પંચાયત બનાવવામાં આવશે. બીજો વિચાર એ કર્યો છે કે ગામડાંમાં પંચાયત જયાં જર્જરિત થઇ છે, કયાંયને કયાંય પંચાયતમાં પાણીની વ્યવસ્થા

નથી. ટોઇલેટની વ્યવસ્થા નથી. આવી પંચાયતો માટે રૂ.૫૦/- કરોડની જોગવાઇ કરી છે અને રૂ.૫/- લાખ સુધી આવી પંચાયતોને રિપેર કરવા માટે આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આપની વચ્ચે એક વિષય મૂકવો છે. આજે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ચિંતા કરી રહ્યા છે કે ગામડાંની અંદર ઘરે ઘરે શૌચાલય હોવા જોઇએ. આજે આપની વચ્ચે આ વિષય મૂકી રહ્યો છું. આ વર્ષની અંદર નવ લાખ શૌચાલય બનાવવાના ટાર્ગેટ સાથે જઇ રહ્યા છીએ. શ્રી ગોવાભાઇએ એક પ્રશ્નમાં રજૂઆત કરી કે જે લોકો સીમમાં રહેતા હોય તેમના માટે શું? શ્રી ગોવાભાઇએ અહીંયાં વિચાર કર્યો પરંતુ મુખ્યમંત્રીશ્રી ફાઇલમાં સહી કરીને આ ગૃહમાં આવ્યા. એમના વિચાર પહેલાં જ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને વિચાર આવ્યો કે ગામડાંમાં રહેતા હોય અને સીમમાં રહેતા હોય એ બધા માટે શૌચાલય તો હોવા જ જોઇએ. એ માટે એ લોકો પસંદ કરે એવી એક જગ્યાએ શૌચાલય આપવાનો નિર્ણય લીધો એ આજે આ ગૃહમાં હું કહી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ બે દિવસ પહેલા જ ભારત સરકારે એક વિચાર જાહેર કર્યો છે કે ગામડાંના સરપંચો છે એ તાલુકા પંચાયત સાથે એમ.ઓ.યુ. કરશે. સરપંચોને શૌચાલયોના કામ માટે સીધી જ કામગીરી સોંપવાની અમે તૈયારી બતાવી છે. ગામડાંઓમાં સખી મંડળો બન્યા છે, આવી સંસ્થાઓ હોય તેમની સાથે આ કામગીરી માટે સરપંચો એમ.ઓ.યુ. કરશે. એ રીતે આ કામગીરી આગળ વધી રહી છે. આવતા દિવસોમાં આ કામગીરીમાં ૧૦૦ ટકા ગતિ લાવવા માટે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. મિશન મંગલમના માધ્યમથી ૨,૫૦,૦૦૦ સખી મંડળો બન્યા એમાં ૩૫,૦૦,૦૦૦ લાખ બહેનોને જોડવામાં આવી. હું એમ કહું છું કે ૨૦૦૨ પછી ગુજરાતની અંદર મહિલાઓમાં એક વિચાર, એક દિશા અને એક ગતિ આવી રહી છે. એનું કારણ હોય તો આજના દેશના વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રીશ્રીના કારણે સખી મંડળો કામ કરી રહ્યા છે. ૨,૫૦,૦૦૦ સખી મંડળોમાં ૩૫,૦૦,૦૦૦ બહેનોને સભ્ય બનાવી દીધી. હું એવો દાવો કરતો નથી કે બધી જ બહેનોને દિશા મળી ગઇ હશે. પણ વાવીએ તો ઉગે. ચપટી દાણા નાખીએ તો બધા જ દાણા ઉગવાના નથી. પણ જે દાણા ઉગશે એના હજારો દાણા થશે. એવા વિચાર સાથે મિશન મંગલમ યોજના કામ કરી રહી છે. I WMP વોટર શેડનો પ્રોગ્રામ છે. જેમાં અમારો વિભાગ કામ કરી રહ્યો છે. વિશ્વ બેંક નિર્મળ જળ પ્રોજેક્ટ હેઠળ ભારત સરકારે ૯ રાજ્યોમાં ૧૮ જિલ્લા પસંદ કર્યા. એમાં ગુજરાતમાંથી કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાને પસંદ કરવામાં આવ્યા છે. આ બન્ને રણકાંઠાના જિલ્લા છે. આ બન્ને જિલ્લાઓમાં રૂ.૩૦૦/- કરોડના પ્રોજેક્ટ થવાના છે એ આપને કહી રહ્યો છું. હમણાં શ્રી ધીરુભાઇએ વાત કરી હતી. શ્રી ધીરુભાઇની વેદનાનો આપણા બધાએ વિચાર કરવાની જરૂર છે. આ ગૃહની અંદર આપણે ૧૮૨ લોકો આવીએ છીએ. એક વિચાર સાથે આવ્યા છીએ, એક દિશા સાથે આપણે આવ્યા છીએ. પણ આજે હું કહું છું કે ગુજરાતમાં સ્કોડા ગાડી લઇને જતા હોય તો એણે પાછું વળીને જોવાની જરૂર છે. પાછળ ફ્રન્ટી ગાડી આવે છે. ફ્રન્ટીવાળો પાછળ જોશે તો ટુ-વ્હીલર આવે છે. ટુ-વ્હીલરવાળો પાછું વળીને જોશે તો સાઇકલ વાળો આવે છે અને સાઇકલ વાળો પાછું વળીને જોશે તો એક ગામડાંનો ગરીબ માણસ ચાલતો આવે છે. એનો વિચાર કરવા માટે આપણે અહીંયા બેઠા છીએ. આવા વિચારો સાથે મારા ગ્રામ વિકાસ વિભાગ, પંચાયત વિભાગમાં કામગીરી થઇ રહી છે. મારા સાથી સભ્યોને મારે એટલું જ કહેવું છે કે જે કામગીરી અમારો વિભાગ કરી રહ્યું છે એમાં તમને કોઇ ફરિયાદ હશે તો તમે આવશો તો તમને સાંભળીશું અને સાથે મળીને વિકાસના કામો કરીશું. જે મિત્રોએ કાપ દરખાસ્ત મૂકી છે એમને વિનંતી છે કે તેઓ પોતાની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી માગણીઓ મંજૂર કરે.

શ્રી મંગુભાઇ છ. પટેલ (વન અને પર્યાવરણ તથા આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ વિકાસ અને વન વિભાગની આજની આ ચર્ચામાં માનનીય મંત્રીશ્રી જયંતિભાઇએ કહ્યું તે પ્રમાણે ૧૯ લોકોએ ચર્ચાઓ કરી છે. મારા વિભાગ માટેની વધારે લાગણી મને જણાઇ એવા ૧૫ જેટલા સભ્યોએ મારા આદિજાતિ અને વન અને પર્યાવરણ વિભાગ પર ચર્ચાઓ કરી છે. કેટલાક લોકોએ ખૂબ સારા સૂચનો પણ કર્યા છે. સરકારના વખાણ પણ કર્યા છે. સામે બેઠેલા મિત્રોએ પણ પોતાને જે કાંઇ ખામીઓ લાગી છે તેમાં મને એવું ઘણીવાર લાગે છે કે પૂરી માહિતી નહીં હોવાના લીધે એમણે કેટલીક વાતો કરી છે. મારે કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીના મુરબ્બી કેશુભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે એમ કહેવાયું કે જિલ્લામાં કેટલું ફંડ જાય છે, તાલુકામાં કેટલું ફંડ જાય છે એ કોઇ જોવાવાળું નથી. પણ મહારાષ્ટ્ર પેટર્નના આધારે ગુજરાત પેટર્ન બની એમાં

તાલુકાના ચૂંટાયેલા લોકો, તજજ્ઞ લોકો એ પોતાના તાલુકાનું વ્યવસ્થિત આયોજન કરે અને એ જ રીતે જિલ્લાના લોકો જિલ્લાની જે કાંઇ ત્રુટીઓ છે, કામો છે એના માટે જિલ્લાની કમિટિ બને અને તે જે આયોજન ગુજરાત પેટર્નમાં કરે. ૧૯૯૯થી શરૂ થયેલ આ યોજનામાં અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારના જે ૧૪ જિલ્લાઓ અને ૪૯ તાલુકાઓ છે એમાં ૯૧ હજાર જેટલા કામો પૂર્ણ થયેલ છે અને ૪૬૫૭ જેટલા કામો અત્યારે પ્રગતિમાં છે. બે–ત્રણ દિવસ પહેલાં અહીંયા પ્રશ્નોત્તરીમાં ચર્ચા થઇ હતી કે બજેટ ઓછું ફાળવાય છે. કેન્દ્રએ જે નક્કી કરેલું તેટલું બજેટ નથી ફાળવાતું. મેં તે વખતે પણ કહેલું કે કેન્દ્ર સરકારે વસતિના પ્રમાણમાં બજેટ ફાળવવાની વાત કરેલ છે અને એ પ્રમાણે અમે વધુને વધુ બજેટ ફાળવતા ગયા છીએ અને એ બજેટ ગુજરાતની ૯૦ લાખની જે વસતિ છે તેના માટે ખૂબ સારી રીતે આ સરકારે એનો ખર્ચ કરેલ છે. મને બરાબર ખ્યાલ છે ત્યાં સુધી ૧૯૯૦થી હું આ વિધાનસભામાં બેસુ છું. મેં ચીમનભાઇ પટેલની સરકાર જોઇ છે, છબિલદાસની સરકાર જોઇ છે, કેશુભાઇની સરકાર જોઇ છે, સુરેશભાઇની સરકાર જોઇ છે, શંકરસિંહજીની સરકાર પણ જોઇ છે, દિલીપ પરીખની સરકાર જોઇ છે. આ બધાનું બજેટ તમે જુઓ તો ટોટલ બજેટ ૪૭ વર્ષની વાત કરું તો કુલ બજેટ ૬૫૦૦ કરોડનું હતું. હું બરાબર અભ્યાસ કરીને વાત કરું છું. જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા ત્યારે ૫ વર્ષમાં ૬ હજાર કરોડનું બજેટ ફાળવ્યું. આ રેકર્ડ ઉપર બોલું છું. ૫૨ વર્ષના બજેટ કુલ તમે જુઓ તો ૧૨૫૦૦ કરોડ. આટલા વાપર્યા પછી પણ માનનીય મુખ્યમંત્રી તે વખતના નરેન્દ્રભાઇએ જોયું કે ૧૨૫૦૦ કરોડ રૂપિયા આદિવાસી વિસ્તારમાં વપરાયા છે પણ હજુ આદિવાસી વિસ્તારમાં જોઇએ તેટલું કામ કેમ નથી થયું? અને તે વખતે તેમણે નિયમ ૪૪નું નિવેદન લાવીને વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરી છે. આજે તમને ''વનબંધુ કલ્યાણ'' નામ પસંદ નથી પડતું. મારે મોટાભાગના મિત્રોએ અહીંયા જે જે વાત કરી છે એના બધાના જવાબ મારી પાસે છે પણ જે ૧૦ મુદ્દા છે એ ૧૦ મુદ્દાની કામગીરી મારે તમારી સમક્ષ મૂકવી છે અને તેમાંથી તમને કેટલાય જવાબ મળી જવાના છે. ઓડિટની વાત કરો છો એ ઓડિટની પણ હું વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૧૫૦૦૦ કરોડની પાંચ વર્ષની જે યોજના હતી. એમાં પાંચ વર્ષના અંતે ૧૭૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો થયેલો છે. આ રેકર્ડ પર પડેલો છે. ફેઇઝ–વન–માં જ્યારે સકસેસ થયા ત્યારે ફેઇઝ–ટુ –માં ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનું ફરીથી આયોજન થયું અને આ વર્ષે જે પ્રોવિઝન કરવામાં આવ્યું છે એ પ્રોવિઝન પ્રમાણે ૧૦,૨૪૭ કરોડનું આયોજન થયું છે. એને લઇને લાગે છે કે, ૪૨૭૦૦ કરોડનું ટોટલ બજેટ આ પાંચ વર્ષમાં એટલે ૪૦,૦૦૦ કરતાં પણ ૨૭૦કરોડ રૂપિયા વધારે વપરાવાના છે. મારે જોષીયારાજીને કહેવું છે, જોષીયારાજીને હવે એવું થતું હશે કે, આપણાં વખતમાં આટલું બજેટ હતું જ નહિ. કારણ કે, એમના વખતે એ જ્યારે મંત્રી હતા ત્યારે ૪૪૪ કરોડનું બજેટ હતું. હવે આજે ૧૦,૨૪૭ કરોડનું છે. એટલે ૨૦ ગણું, પણ આજે જોષીયારાજીને પસ્તાવાનો સમય થતો હશે. ''અબ પછતાયે હોત ક્યા, જબ ચિડિયાં ચૂગ ગઇ ખેત!'' હવે તો પસ્તાવો. હજુ પણ ૨૦–૨૫ વર્ષ જોષીયારાજી તમારે ત્યાં બેસવાનું છે. વનબંધુમાં ૧૦ મુદ્દામાં જે કામ કર્યું છે એની વાત કરવી છે. મારે એકે એક વિષયની વાત કરવી છે. આમ તો સમય દંડકે ૩૫ મિનિટ આપ્યો છે અને મારે બધાના જવાબ પણ આપવાના છે પણ એ જવાબમાં કદાચ રહી જાય, પછી લાગે તો દંડક સમય વધારશે. મારે જોષીયારાજીને કહેવું છે કે તમે ઓડિટ, ઓડિટની વાત કરો છો. મેં આગળ પણ પરમ દિવસે કહ્યું હતું કે, મુખ્યમંત્રી લેવલે પણ સમીક્ષા થાય છે. મંત્રીશ્રી લેવલે પણ સમીક્ષા થાય છે અને જિલ્લામાં જે છે કલેકટર અને પ્રાયોજનાના વહિવટદાર પણ એની સમીક્ષા કરે છે. જે જિલ્લાની વાત છે. એ લોકલફંડને ત્યાં ઓડિટ થાય છે. બોર્ડ–કોર્પોરેશન હોય તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમીક્ષા કરે છે અને સરકારનું જે ઓડિટ છે એ એકાઉન્ટન્ટ જનરલ છે એ પોતે પણ આ ઓડિટ કરે છે. એટલે તમારી જે ઓડિટની મનમાં શંકા હતી એ તમે કાઢી નાખજો. ઓડિટ થાય છે અને એકાઉન્ટન્ટ જનરલ તો તમે ખાલી પૈસાનું જ નહિ કામનું પણ એકાઉન્ટ કરે છે. એટલે તમે સરકાર પર વિશ્વાસ તો રાખો. આ તો તમે તપાસ કરી શકો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણની વાત કરવી છે. મને બરોબર ખ્યાલ છે કે ૧૯૯૦માં જ્યારે પહેલી વખત હું ચૂંટાયો તે વખતે કરસનદાસ સોનેરી શિક્ષણ મંત્રી હતા ત્યારે મારાં મનમાં એક પ્રશ્ન હતો કે – આદિવાસીમાં ગુજરાતમાં શિક્ષણ કેટલું છે? ત્યારે મને જવાબ મળેલો ૨૯%. એ રેકર્ડ પર છે અને બહેનોમાં ખાલી ૧૭% અને દાંતા અને અમીરગઢમાં માત્ર બહેનો ૭%. શિક્ષણ હતું. એટલે ૯૩% બહેનો અભણ હતા. આજે

કેટલું છે? જ્યારથી કેશુભાઇ હતા ત્યારથી અત્યાર સુધી આનંદીબેન છે ત્યાં સુધીની, આજે આદિવાસીમાં ૨૯% થી વધીને ૭૧% પુરુષોમાં અક્ષરજ્ઞાન છે અને બહેનોમાં ૫૩% છે. એનો અર્થ ઓવરઓલ ૬૨% જેટલું આજે આદિવાસીમાં શિક્ષણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે આજે તમે ગામડાંમાં પ્રવેશોત્સવમાં જાવ તો દીકરીનું મહત્વ છે, કન્યા કેળવણીનું મહત્વ છે. તે વખતના માનનીય મુખ્યમંત્રીએ જે વધારે મહત્વ આપ્યું છે એના કારણે આજે છોકરાં કરતા છોકરી વધારે એડમિશન લે છે અને એ આવતા દિવસોમાં દેખાશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એકલવ્ય સ્કુલની (અંતરાય) ભાઇ હું તમારા વખતે એક શબ્દ નથી બોલ્યો, કમ સે કમ સાંભળો તો ખરા. તમને નહીં ગમે પણ વનબંધુમાં જે કાર્ય થયું છે એ તમે સમજશો તો તમને ચોક્કસ એમ થશે કે આદિવાસીમાં આ કામ થયું છે. અને એ છતાં પણ તમને કાંઇ વાંધો વચકો હોય, તમને કોઇ ખામી લાગતી હોય તો આવજો. આપણે સાથે મળીને આદિવાસીઓનો વિકાસ કરવો છે, એની તમને હું ખાતરી આપું છું. મારે કોઇ મામા-માસીનું કરવું નથી પણ તમે સાથે આવો કે આ જગ્યાએ આ વસ્તુ છે, મારી કરવાની તૈયારી છે.

અહીંયા કપરાડાની વાત થઇ, જીતુભાઇએ વાત કરી. કપરાડામાં મારે આજે એ કહેવું છે કે, જે એકલવ્ય મૉડેલ સ્કૂલ ચાલે છે, કપરાડાની બાજુમાં બે કિલો મીટર ઉપર ત્યાં ૪૯૦ જેટલી દીકરીઓ , ૧૮૦ છોકરાઓ પણ ૪૯૦ દીકરીઓ. તમે દીકરીઓ જુઓ તો ફૂલ જેવી દીકરી જ્યારે આદિવાસી વિસ્તારમાં આ રીતે ભણતી હોય ત્યારે મંત્રીની ગજ ગજ છાતી ફૂલે કે, મારો આદિવાસી સમાજ આજે બીજા સમાજની હરોળમાં જાય છે. એકલવ્ય મૉડેલ સ્કૂલો તમે જુઓ. એક એક સ્કૂલ એવી બની છે, ૪૦ કરોડ રૂપિયાની સ્કૂલ એકલવ્ય મોડેલ. ૪૬ કરોડની છોટા ઉદેપુરમાં મોહનસિંહભાઇને ત્યાં જ છે. સાહેબ આપણે જોઇએ ને તો કોલેજનું બિલ્ડિંગો સાઇડ પર નીકળી જાય એ રીતની બિલ્ડિંગ બની છે અને છોકરાઓને પણ તમે જુઓ હજાર-હજારની સંખ્યામાં અમે છોકરાઓને જોયા છે. ગણવેશ પહેરીને જે બેઠા હોય તો તમે કોઇ જાણી ન શકો કે આ આદિવાસીના છોકરા-છોકરીઓ છે. એવો આદિવાસી સમાજ અત્યારે આગળ વધ્યો છે. અત્યારે ગુજકેટની પરીક્ષા ગઇ, અત્યાર સુધીના ઇતિહાસમાં મને ખબર છે, નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે હું અને જસવંતસિંહ ભાભોર ગયા હતા, ગુજકેટમાં અમારા આદિવાસી વિદ્યાર્થીઓ ખૂબ પાછળ છે. અમે એમ કહ્યું કે, સાહેબ આમાં કાંઇક થોડી સહાય કરો તો સારું. તો કહે કે, તમારે આદિવાસીને ત્યાં જ રાખવા છે? નહીં, અમારે આદિવાસીને આગળ વધારવા છે. ત્યારે એમ કહ્યું કે, તમે આખા ગુજરાતમાં ગુજકેટની તાલીમ આપો, જે.ઇ.ઇ.ની તાલીમ આપો કે, જેથી છોકરાઓ આગળ વધી શકે. અને આપણા બધા જ આદિવાસી લોકોએ ગૌરવ લેવું જોઇએ કે, આ વખતે ૫૫૮ છોકરાઓ ગુજકેટમાં પાસ થયા અને ક્વોટા પ્રમાણે મેડિકલનો ક્વોટા ૩૯૦ છે એમાં ૩૮૪ જેટલા છોકરાએ મેડિકલમાં પ્રવેશ્યા છે, ચાર વર્ષ પછી આપણને એ આખો જથ્થો મળવાનો છે અને એ આદિવાસીનું ગૌરવ હોવું જોઇએ.

અહીંયા એમ કહ્યું કે તમે હેલિકોપ્ટરમાં આપો છો. અરે ભાઇ હેલિકોપ્ટરમાં પણ આજે તમને વિદ્યાર્થી એટલા નથી મળતા. કારણ કે, એને નોકરીની શક્તિ નથી એટલે આજે નથી આવતા પણ એની સાથે આજે ૧૫૮ જેટલા છોકરાઓ વિદેશ ભણવા ગયા છે. આજે એ કાંઇ ઓછું છે? મને બતાવો તો ખરા, તમારા સમયમાં એક પણ વિદ્યાર્થીને વિદેશ મોકલેલો ? આજે ૧૫૮ જેટલા છોકરાઓ વિદેશમાં ભણે છે. આ આદિવાસીઓની પ્રગતિ નથી તો શું છે ?

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજનાની વાત થઇ. મારે મોહનસિંહભાઇને કહેવું છે કે, તમારા બંને જે છે એ બંનેમાં તમારા દૂધ સંજીવની યોજના જે આદિજાતી તરફથી આવે છે એમાં એક પણ દિવસની ગેપ નથી પડી. તમે બરાબર તપાસ કરીને કહેજો, મારી પાસે જવાબ છે ચોખ્ખો કે એક પણ દિવસે બંધ નથી રહી. બીજું કાંઇ કારણ હશે તો મને ચોક્કસ મળજો હું ચોક્કસ કહીશ.

આ દૂધ સંજીવની યોજના જ્યારે ચાલુ થઇ ત્યારે બનાસકાંઠામાં દાંતા અને અમીરગઢમાં ૫૫,૦૦૦ બાળકો હતા તે વખતે, આની સગવડ તે વખતે થયેલી. રોજનું છ રૂપિયાનું દૂધ આપતા હતા, પાંચ દિવસ સુધી એ દૂધ આપ્યા પછી ચારેક મહિના પછી હું પાછો ત્યાં કાર્યક્રમમાં ગયો. વાલીઓને ભેગા કરેલા, પૂછ્યું કે ભાઇ, તમારા છોકરા-છોકરીઓ છે એને આ દૂધ પીવાથી શું ફેર પડ્યો ? ત્યારે વાલીઓએ અમને કહ્યું કે, અમારા છોકરા હવે દેખતા થયા છે, આ શબ્દપ્રયોગ હતો. એનો અર્થ બાળકોમાં રતાંધળાપણાનો જે રોગ હતો, એના કારણે બાળકોને દૂધ પીવાથી તેજ એમની આંખોમાં આવ્યું, શરીરમાં તેજ, ચહેરા પર તેજ અને હાજરીમાં મોટો સુધારો થયો. આના કારણે આખા ગુજરાતમાં કેવી રીતે આ દૂધ સંજીવની યોજના શરૂ કરી છે, મુરબ્બી આપણા આનંદીબેને. ઘણાં કહે છે કે, માતૃ વાત્સલ્ય. માતૃ વાત્સલ્ય શબ્દ કહેવાનો બરાબર છે પણ પુત્રવ્રત પ્રેમ કરનાર જે માતા છે એને વાત્સલ્ય કહીએ અને એની માતા તરીકે આજે ગુજરાતમાં ૭.૫ લાખ જેટલા આદિવાસી બાળકોને રોજનું ૮ રૂપિયાનું દૂધ મળે છે. ખર્ચો ગણો તમે, ૭.૫ લાખ જેટલા બાળકોને દૂધ અપાય છે.

અહીં શિક્ષકોની પણ વાત થઇ છે કે શિક્ષકો ઓછા છે. શિક્ષકોની ભરતી પણ થઇ છે વિદ્યા સહાયકના રૂપમાં. અહીંયા એકલવ્યનો અંગૂઠો કાપવાની વાત થઇ. આનંદભાઇ વાત કરતા હતા ધનુરર્વિદ્યામાં દ્રોણગુરુએ એકલવ્યનો અંગૂઠો કાપી લીધેલો. દ્રોણ ગુરુ તો બહુ ઉંચા પદ પર છે. એમને આપણે કોઇ બીજી રીતે નહીં જોઇએ પણ આદિવાસીમાં ધનુરર્વિદ્યા પહેલેથી જ, જન્મથી જ હોય છે એને વધારે પ્રોત્સાહન આપવા માટે વારસાગત આવડત અને કૌશલ્યને આધુનિક તાલીમ દ્વારા સજ્જ કરવા માટે

છોટાઉદેપુર ખાતે રાજયની એકલવ્ય આર્ચરી એકેડેમીની સ્થાપના પણ કરવામાં આવેલી છે. આમેય આદિવાસી રમતગમતમાં ખૂબ હોંશિયાર હોય છે પણ એની મૂળ  બાણ વિદ્યામાં પણ એ પારંગત થાય એના માટે પણ સરકારે મહત્વનું કામ કર્યું છે. આદિવાસી આરોગ્યની વાત કરું વિષય છે નીતિનભાઇ સાહેબનો. આપને બધાને એ પણ થાય કે મેં સમીક્ષાની વાત કરી. દર વર્ષે લગભગ હું જાન્યુઆરી માસ પહેલા ડિસેમ્બરના એન્ડમાં એકેએક વિભાગની સમીક્ષા કરું છું. અહીંયા વાત થઇને કે બીજે વપરાઇ જાય છે, એકેએક અધિકારીને કહ્યું છે કે આખું બજેટ સરકારનું તો એક જ તિજોરીમાંથી આવે છે. આ બજેટ આદિવાસીનું છે તો આદિવાસીમાં જ કેવી રીતે વપરાય એની તમારે પૂરેપૂરી કાળજી લેવી જોઇએ અને એ રીતે બધા જ અધિકારીઓ સાથે ડિસેમ્બરના એન્ડમાં મેં કહ્યું કે જેટલો ખર્ચ થયો છે, ફેબ્રુઆરીના એન્ડમાં કેવી રીતે પૂરો ખર્ચ થાય એ રીતની તમારી તૈયારી હોવી જોઇએ અને એ રીતે અધિકારીઓએ પણ અમને ખાતરી આપી છે કે એક પણ પૈસો આદિજાતી બજેટનો લેપ્સ ન જાય તેનું અમે બરાબર ધ્યાન રાખીશું. દસેદસ મુદ્દાની જે વાત છે. અહીંયા કેટલીક વાત સિંચાઇની પણ થઇ છે. વન બંધુ કલ્યાણ યોજના હેઠળ નહેર સુધારણાના કામ માટે ૯૮૫૯૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ પૂરો પાડવામાં આવ્યો છે. (અંતરાય) આખા ગુજરાતની વાત છે. ડિટેલમાં જોઇતું હોય તો તમે આવજો મારી ઓફિસમાં ચોકકસ બતાવીશ. નવા ૧૦૦૨૨ ચેકડેમોનું નિર્માણ કરી વધુ ૩૧૪૮૭ હેકટર જમીનને સિંચાઇ પૂરી પાડવામાં આવેલ છે. રાજયના આદિજાતી વિસ્તારમાં ૨૨૪૫ નવા તળાવો બાંધીને ૧૦૦૦ હેકટર જમીનને વધુ સિંચાઇનો લાભ પૂરો પાડવામાં આવે છે. આદિજાતી ખેડૂતના ખેતર સુધી ઉદ્વહન સિંચાઇ યોજના સિંચાઇનો સીધો લાભ પૂરો પાડવા માટે ઉદ્વહન સિંચાઇ યોજનાનો પ્રોજેકટ બનાવીને ૧૦૨૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ પૂરો પાડવામાં આવ્યો છે. આમ રાજયમાં ૧૩૦૦૦ થી વધારે સિંચાઇ પ્રોજેકટ અમલમાં મૂકી ૧,૫૦,૬૬૬ હેકટર વધારાની જમીનને નવી સિંચિત કરી રાજયના વન બંધુને સીધો લાભ પૂરો પાડવામાં આવ્યો છે. એની સાથે એક વાત આવી જંગલની જમીનની વાત. મારે એવું કહેવું છે ગૃહમાં કે ગુજરાત આખા દેશમાં પહેલું એવું રાજય છે, મધ્યપ્રદેશમાં એક બસ્તર કરીને વિસ્તાર હતો જયારે બલિરામ કશ્યપ મિનિસ્ટર હતા તે વખતે મધ્યપ્રદેશમાં બસ્તરના જંગલના આદિવાસીઓને જમીન આપવામાં આવેલી ત્યારપછી ૧૯૬૭ પહેલા ૧૯૮૦ પહેલાની જંગલની જમીન ૪૫૫૫૨ જેટલા ખેડૂતોને આ ગુજરાત રાજયે અને નરેન્દ્રભાઇ મોદીસાહેબે જમીન આપેલી છે અને અત્યારે ટ્રાયબલ એકટ બન્યો ૨૦૦૬માં અને ૨૦૦૮માં એના નિયમો બન્યા. ત્યારપછીની વાત કરું ૧૮૨૦૦૦ અરજીઓ હતી. તમને પણ ખબર હશે કે કેટલીક અરજી ડુપ્લીકેટ ઇરાદાપૂર્વક થયેલી હતી પણ તેમાં પણ પૂરી ચકાસણી કરીને ૭૫૪૭૫ જેટલા ઇસમોને લગભગ ૧૦૦૦૦ હેકટર જેટલી જમીન ફાળવવામાં આવી છે અને ૪૦૭૫ જેટલા સામૂહિક કામો છે એને માટે પણ જંગલની જમીન આપી છે. હવે તો કેન્દ્ર પણ કહે છે કે જલદી તમે પૂરું કરો. ફરીથી અત્યારે બધા જ પ્રાયોજના વહીવટદાર, કલેકટર અને અમારા ડી.એફ.ઓ.ને બધાને ભેગા કરીને સૂચના આપી. હજુ પણ ચકાસો. હજુ સાચો ખેડૂત હશે તો તેને આપવાની છે.  ખોટી માગણીઓ હશે તો કોઇને આપવાની નથી. સાચો માણસ રહી ન જાય તેને માટેની ચોક્કસ ચકાસણી કરવાની છે. એ ધ્યાનમાં રાખીને કરીએ છીએ. મારે વન વિભાગની વાત કરવાની છે, તે પહેલાં ડાંગ જિલ્લાની વાત કરવાની છે. ફોરેસ્ટને લાગે છે અને આદિવાસીઓને લાગે છે. આજસુધી મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ હતા. રિવોલ્વિંગ ફંડનું એક કરોડ રૂપિયાનું આયોજન કર્યુ. મૂળ માલિકીના સાગો હતા, એને કાપવા માટેની મંજૂરી ફોરેસ્ટ વિભાગે પૂરા સમયથી તે વખતથી નરેન્દ્રભાઇ સાહેબ હતા, ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૧૧,૦૨૨ આદિવાસીઓને ૧૭૯ કરોડ રૂપિયા આપ્યા છે. કોઇ આદિવાસીને આટલી મોટી રકમ મળી હોય તેવું ભારતમાં કોઇ રાજય નહિ હોય તે ગુજરાત છે.  સામાજિક વનીકરણની વાતો થઇ. ૨૦૧૨ માં સરવે ઓફ ઇન્ડિયાનો સરવે હતો. તે વખતે વન વિસ્તારની બહાર લગભગ ૨૫ કરોડ ઝાડ હતા. સામાજિક વનીકરણ સમિતિ છે એમાં લગભગ ૩,૩૪૯ સમિતિઓ છે. એમાં ૫,૧૦,૦૦૦ બહેનો કામ કરે છે. એના થકી અને કેટલાક સામાજિક વનીકરણ તરફથી આ પ્રયત્ન કરવામાં આવેલ છે.  અમે આખા ગુજરાતમાં ચોક્કસ ઘણીવાર એમ થાય કે આટલા બધા વૃક્ષ રોપીએ અને એ મરી કેમ જાય છે? મરણના આંકડા છે. દક્ષિણ ગુજરાતમાં જાવ તો ૩ વર્ષમાં ૭ ટકા જેટલો,  સૌરાષ્ટ્રમાં સૂકો પ્રદેશ એટલે વધારે મૃત્યુ થાય. સ્વાભાવિક એમ થાય કે આમાં કઇક ચાલે છે. પણ આમાં અમારું પૂરેપૂરું ધ્યાન છે.  અમારો કોઇ માણસ ખોટું કરતો હશે તો ચલાવી નહિ લેવાય. ગ્લોબલ વોર્મિંગ, કલાઇમેટ ચેઇન્જ જે અત્યારે આવ્યું છે.  કેવી રીતે આવ્યું? આપણી બેદરકારી છે એના કારણે આવ્યું છે.  એના માટે આખા ગુજરાતમાં લીલોતરી કેવી રીતે થાય. ફરીથી ૨૦૧૪ માં સરવે ઓફ ઇન્ડિયાએ તાગ કાઢ્યો. તે વખતે એવું આવ્યું કે હવે વન વિસ્તારની બહાર ૩૦ કરોડ ઝાડ છે. એનો અર્થ એ થાય કે આટલા ટકા છે, ૨ ટકા છે અને જંગલ કપાઇ ગયા. હા, ભૂતકાળમાં જે વખતે થયેલ હશે તે મુબારક.  પણ અત્યારે અમે પૂરી ફોરેસ્ટની કાળજી રાખી છે. આજે દેશનું વન આવરણ ૨.૭૩ છે અને ગુજરાતનું ૧૧ ટકા છે. આપણે બધાએ થઇને લીલોતરી જાળવવી જોઇએ. પર્યાવરણની સમતુલા જાળવવી હશે તો બધાએ સાથે રહીને કેવી રીતે વન વિસ્તાર વધે તેના માટે પ્રયત્ન કરવો જોઇએ. એમાં તમારા બધાનો સહકાર મળી રહેશે તેવી મારી લાગણી છે.  મારે પર્યાવરણની એક–બે વાત કરીને મારી વાત પૂરી કરવી છે. પર્યાવરણમાં દિવસે દિવસે નવાં સંશોધન થઇને જે પ્રોગ્રામ આવે છે એનો બરાબર અમલ કરીએ છીએ. નૅશનલ એર મોનિટરિંગ પ્રોગ્રામ. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નૅશનલ એર મોનિટરિંગ પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદ, રાજકોટ, જામનગર,ભરૂચ,  સુરત, વાપી, વડોદરા વિસ્તારોનાં કુલ ૩૮ સ્ટેશનો ઉપર અઠવાડિયામાં બે દિવસ ૨૪ કલાકના ધોરણે પ્રદૂષણ ફેલાવતા ઘટકોનું સેમ્પલિંગ કરવામાં આવે છે અને એનાલીસીસ કરવામાં આવે છે.  એમાં જીતુભાઇનો જવાબ આવી જાય છે. મારી પાસે પૂરો જવાબ છે.   આ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સેમ્પલિંગ માટે એનાલીસીસના ૩૦ ટકા જેટલો ખર્ચ રાજય સરકારને આપે છે. સ્ટેટ એર મોનિટરિંગ પ્રોગ્રામ બોર્ડ દ્વારા રાજયમાં હવાના ગુણવત્તાના મોનિટરિંગ કરવાના હેતુસર રાજયમાં સ્ટેટ એર મોનિટરિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત કુલ ૨૪ સ્થળોએ અઠવાડિયામાં બે વખત ૨૪ કલાકના ધોરણે સેમ્પલિંગ

તેમજ એનાલીસીસ કરવામાં આવે છે. વોલેટાઇલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ મોનિટરિંગ પ્રોગ્રામ. ઘણીવાર એવા પદાર્થો છે કે હવામાં ઉડી જાય છે, એવા પદાર્થો ઝેરી અસર એની લોકો ઉપર ન થાય તે માટેની વાત છે. વોલેટાઇલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ તેની હાઇટ વેપર પ્રેશરની લાક્ષણિકતાને કારણે સામાન્ય તાપમાનમાં ખૂબ જ નોંધપાત્ર જથ્થામાં બાષ્પીભવન થઇ વાતાવરણમાં ભળીને હવા, જમીન અને પાણીને નુકસાન પહોંચાડી શકે છે. આવા વોલેટાઇલ ઓર્ગેનિક કમ્પાઉન્ડમાં મોનિટરિંગ માટે બોર્ડ દ્વારા સદર યોજના હાથ ધરવામાં આવેલ છે. આ યોજનાનો ઉદ્ધેશ હવાની ગુણવત્તા સુધારવા માટે અને જરૂર પડયે વ્યૂહાત્મક આયોજન કરીને કાર્યયોજના ઘડી શકાય અને નવા વિકાસ માટે યોજના નકકી કરતી વખતે સરકારશ્રીનું જરૂર પડયે માર્ગદર્શન આપીને તે હેતુથી રાજયમાં કુલ ૨૫ સ્ટેશન પર વીઓસીનું સેમ્પલીંગ તેમજ એનાલીસીસ શરૂ કરવામાં આવેલ છે. આ જ મારા જીપીસીબીના કામમાં જયાં પણ વધારે પડતું પ્રદૂષણ હોય, જયાં વીઓસી, સીઓસીની વાત હોય અને કોઇ કંપની કોઇ ગુનો કરતી હોય તો તેને કારણદર્શક નોટિસ આપવામાં આવે છે. તેને કલોઝર સુધી પગલાં લેવામાં આવે છે અને પંદર દિવસ સુધી રિવોક કરવામાં નથી આવતું તેવા કાયદાનો અમલ કરીને પર્યાવરણની સમતુલા માટે જીપીસીબી કામ કરે છે. મને લાગે છે કે ઘણાબધા આદિવાસી ધારાસભ્યોની લાગણી હશે કે મારે આદિવાસીઓનું વધારે સારી રીતે કામ કરવું છે, વન વિભાગનું સારી રીતે કામ સરકાર સાથે રહીને કરવું છે તો તેવા લોકો જયારે મનમાં આવે ત્યારે તે પ્રશ્નોની ચર્ચા કરીને આપણે આખા સમાજની સેવા કેવી રીતે કરી શકીએ અને ગ્લોબલ વોર્મિંગ જે આવેલ છે તેનું નિવારણ કેવી રીતે કરી શકીએ તેના માટેની વાત છે ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે તમારી કાપ દરખાસ્ત પાછી ખેંચો તેવી વાત કરીને મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ૨૦૦૮માં નિર્ણય લેવાયો અને રીફલેકટર હવાના પ્રદૂષણ માટે મૂકવાના હતા તે આઠ વર્ષ સુધી લગાવ્યા નથી તો હવે પછી કેટલા દિવસમાં લગાવશો એટલી મારી વિનંતી છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ બને તેમ જલદી. મને તો સમાચાર છે કે આ રીફલેકટર લગાવી દીધા છે. તમારી માહિતી મુજબ હશે તો તાત્કાલિક મૂકાય તેવી વ્યવસ્થા કરાવીશું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગયા વર્ષના બજેટમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના જે કામો શરૂ કરવામાં આવેલા તેને પૂર્ણ કરવા માટે ૬૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી હતી. તે કામો આજે કયાંક લીન્ટલ લેવલે, પ્લીન્થ લેવલે છે, કયાંક સ્લેબ બાકી છે. રકમ ન મળવાને કારણે પંચાયતો આ કામ પૂરા કરી શકતી નથી. એટલે આ રકમ તાત્કાલિક અસરથી ફાળવવામાં આવે તેવી અપેક્ષા રાખું છું. બીજો સવાલ એ છે કે તા.૮–૨–૨૦૧૬ના રોજ કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરને એક પરિપત્ર કરીને જાણ કરવામાં આવી છે કે મટીરીયલ કામોનું પેમેન્ટ કરવું નહીં. રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને મનરેગાના બીજા હપ્તાની ગ્રાન્ટ માટે અરજી કરેલ છે. તે ગ્રાન્ટ આવ્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે. તો કેન્દ્ર સરકાર દ્વારા આ ગ્રાન્ટ વહેલામાં વહેલી તકે આવે તેના માટે રાજય સરકાર શું કરવા માગે છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન છે કે જે ગામડામાં પંચાયત ભવન બન્યા હતા તેની અંદર ગયા બજેટની અંદર રાજયના મુખ્યમંત્રીને રાજયમાંથી ફરિયાદો આવી તેના આધારે અને દેશમાં આ રાજય પહેલું એવું છે આ કામની અંદર મનરેગામાં જ કામ કરવાનું હોય છે. એટલે રાજયના મુખ્યમંત્રીએ ૬૦ કરોડ રૂપિયા બજેટ જોગવાઇ કરીને ૩૦ કરોડ રૂપિયા ચુકવી દીધા છે. બાકીના ૩૦ કરોડનો હપ્તો પાંચ–દસ દિવસમાં રીલીઝ કરવાના છીએ. આની અંદર આવેલી યાદી મુજબ, નિયામક પાસે યાદી માગી હતી અને જેટલા કામ અધૂરા છે તે કામની અંદર છ લાખ સુધી આપવાની છૂટ છે પણ તે મટીરીયલમાં જ. છ લાખને મટીરીયલના ગણીએ તો જ રેશીયો જળવાશે. તમારી યાદીમાં હશે તો મળી જશે. બીજો વિષય મૂકયો છે કે નિયામકશ્રીને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્ર મારી પાસે પણ આવ્યો છે. સો ટકા કહું છું કે મટીરીયલનું પેમેન્ટ એટલા માટે રોકયું છે કે ભારત સરકારે ૩૪૩ કરોડનો હપ્તો છૂટો કર્યો તેમાં પંદર દિવસનો સમય જાય તેમ હતો એટલે અમે નિયામકશ્રીને એટલું જ કહ્યું હતું કે મટીરીયલના પેમેન્ટ દસ પંદર દિવસ મોડા કરશો તો ચાલશે. આમાં જે શ્રમિક ગરીબ માણસ કામ કરી રહ્યો છે તેની રોજગારી એક દિવસ રોકી શકાય નહીં, મટીરીયલમાં દસ દિવસ લેઇટ કરવું હોય તો કરી શકાય, હવે મટીરીયલના પૈસા આવી ગયા છે એટલે મનરેગામાં કોઇ તકલીફ છે જ નહીં.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકોને આ મટિરિયલ્સનું પેમેન્ટ ચૂકવવા માટેની સૂચના આપવામાં આવી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પેમેન્ટની સૂચના જ નહીં પણ હવે એને ટૂંક સમયમાં એના પૈસા પણ મળી જશે.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તો બહુ જ સિનિયર મંત્રીશ્રી છે. આપણું બજેટ જુદા જુદા વિભાગો બનાવે છે, આપણે નથી બનાવતા અને જુદા જુદા ૨૩ વિભાગો બનાવતા હોય ત્યારે એનું અલગ ઓડિટ કરાવવા માટે અલગ કોડની જરૂર પડે છે અને એ અલગ ઓડિટ માટે એ.જી.નો કોડ તમારે માગવો પડે. એ અલગ કોડ તમે માગો તો જ અલગ ઓડિટ થાય એવું હોય છે અને સેક્રેટરી સાથે પણ આ બધી ચર્ચા હું કરી ચૂક્યો છું. આ બહુ મોટું બજેટ છે ત્યારે આ કરવા માગો છો કે કેમ? અને હવે તમે જે કહ્યું કે, ૪૨,૭૦૦ કરોડ રૂપિયાનું બજેટ છે તો એના માટેનું ઓડિટ થવું જરૂરી છે અને તો જ એની ખબર પડે

કે આ ટ્રાયબલ વિસ્તારમાં વપરાય છે કે કેમ? અને બીજી બાબત એ છે કે પેશા એકટના નિયમો નથી બન્યા એ તમે બનાવવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેશા એકટ બનાવવા માટે સરકારની કાર્યવાહી ચાલુ છે. બીજી વાત છે એમાં મને માહિતી છે એ પ્રમાણે જે કાંઇ બજેટનું આયોજન થાય છે ત્યારે વિભાગ દ્વારા જે તે બજેટની ફાળવણી થાય એ ડાયરેકટ બધા વિભાગોને ફાળવી દે છે અને મને માહિતી છે તે પ્રમાણે એનું ઓડિટ એકાઉન્ટન્ટ જનરલ તપાસે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પર્યાવરણ મંત્રીશ્રીને પૂછવું છે કે મારા વિસ્તારમાં આવેલી ૧૪ ફેકટરીઓ છે જેનું લખિતમાં મેં ડિપાર્ટમેન્ટને લખીને આપ્યું છે, ગુજરાત પ્રદૂષણ બોર્ડને લખીને આપ્યું છે, અમદાવાદ કલેકટરશ્રી અને અમદાવાદ કમિશનરશ્રીને પણ આપેલ છે. આમ ચાર જગ્યાએ મેં ફોટોગ્રાફ સાથે લખીને આપ્યું છે. આ ૧૪ ફેકટરીઓવાળાઓએ કોર્પોરેશનના નાળા ઉપર ગેરકાયદેસર બાંધકામ કરેલું છે જેના લીધે નદીનું વહેણ છે એને મુશ્કેલી છે અને આ વિસ્તારમાં આ ૧૪ ફેકટરીઓ દ્વારા ગટરમાં ઝેરી ગેસ છોડવામાં આવે છે અને અવાર–નવાર આપણે છાપાઓમાં વાંચીએ છીએ કે આ ગેસ છોડવાના કારણે ગરીબ માણસ પોતાના ઘરમાં નીચે સૂતા હોય એનું મૃત્યુ થાય છે. આ બાબતમાં મેં કલેકટરશ્રીને અને અમદાવાદ કમિશનરશ્રીને પણ કહ્યું છે કે જો કોઇ મોટી ઘટના બનશે તો ના–છૂટકે મારે તમારી સામે પોલીસ ફરિયાદ કરવી પડશે. આપનું પોલ્યુશન બોર્ડ હોય, આપનું ડિપાર્ટમેન્ટ હોય, કલેકટર કક્ષાના અધિકારી હોય, કમિશનર કક્ષાના અધિકારી હોય પણ આ ૧૪ ફેકટરીઓના માલિકો એવા તે કેવા મજબૂત લોકો છે કે, ગરીબ માણસ મરે છે, ગેસ છોડે છે, ગંદુ પાણી નદીમાં છોડે છે પણ એની સામે કોઇ પગલાં લઇ શકતા નથી. તો મારી આપને વિનંતી છે કે, માનવતાના ધોરણે આ ૧૪ ફેકટરીઓ સામે કડક પગલાં લેવામાં આવે.

સભાગૃહનો સમય લંબાવવા બાબત

શ્રી પંકજ દેસાઇ ( દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? ( થોડી વાર બાદ) માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોર્પોરેશન વિસ્તારમાં આવતા બધા યુનિટો છે એની જે કાંઇ જવાબદારી છે એ કોર્પોરેશનની છે. તમે મારા કરતા વધારે જાણતા હશો. કોર્પોરેશનની જવાબદારી છે છતાં પણ અમે જી.પી.સી.બી.દ્વારા કમિશનરશ્રીને કહીને એના પર એકશન લેવામાં આવશે અને એમાં કોઇ પણ ચમરબંધી હશે એને છોડવામાં આવશે નહી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત મંત્રીશ્રીને સાંભળતો હતો એમણે બહુ જાહેરાતો કરી પણ સાહેબ, માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવા માગુ છું કે, આપણે ત્યાં આટલા બધા ગામડાંઓ છે ૧૫ હજાર કે ૧૬ હજાર તો ત્યાંના સરપંચોની ચિંતા કરીને તેઓ વધારે સેવાભાવી બને એ માટે એ લોકોને પગાર કે ભથ્થાની જોગવાઇ કરીને કંઇ ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બધી વાત કરી કે, જે ટ્રાયબલ વિકાસના પૈસા છે તે બધા વપરાય જાય છે. પ્રાયોજના વહીવટદાર છોટા ઉદેપુર ૨૦૧૪–૧૫ અને ૨૦૧૬ના ૧૪.૫૨ કરોડ રૂપિયા પી.એલ.એ.ડી.ડી.ઓ.છોટા ઉદેપુર અને પી.એલ.એ. ડી.ડી.ઓ. બરોડા ૩૨ વિભાગના પૈસા આજ સુધી વપરાયા નથી. અનેક વખત આ રજૂઆતો સંકલન સમિતિમાં બધામાં કરી પણ છતાં હજુ આ પૈસા ટ્રાયબલ વિભાગના જે તે ૩૨ જેટલા વિભાગોના આ પૈસા વપરાયા નથી તો એ પૈસા પૂરેપૂરા વપરાય તે માટે આપ સૂચના આપીને આ કામો ઝડપથી પૂરાં થાય તેમ કરવા માગો છો કે કેમ ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી મોહનભાઇની જે વાત છે તેમાં મને એવુ લાગે છે કે, ગુજરાત પેટર્નના પૈસા હોવા જોઇએ. જેમ આયોજનના ૩ વર્ષની મુદત સુધી વાપરવાના હોય વચ્ચે પણ તેમનો પ્રશ્ન હતો ત્યારે પણ ઉલ્લેખ કર્યો અને તેના માટે મેં પૃચ્છા પણ કરાવી છે કે આ કામો પ્રગતિમાં છે કે શું છે અને તે હું જોવડાવીને તાત્કાલિક તે વપરાય તેના માટેનો પ્રયત્ન કરીશ.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છેલ્લો છે અને હું તારાપુર મારી ગ્રામ પંચાયતની વાત કરું તો જયારથી હું આ ગૃહની અંદર ચૂંટાઇને આવ્યો ત્યારથી તે ૨૦૧૨ મારા તારાપુર ગામની અંદર રૂર્બન યોજનામાં અન્ડર ગ્રાઉન્ડ ગટરનું કામ ચાલતુ હતું. ૨૦૧૨, ૨૦૧૨–૧૩, ૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ પ્રશ્નોત્તરીની અંદર જયારે જયારે આ ગૃહ મળ્યું ત્યારે મારો આ પ્રશ્ન પંચાયતનો મૂકુ છું. રૂર્બન યોજનાનું અન્ડર ગ્રાઉન્ડ ગટરનું કામ મંત્રીશ્રીને હું દર વર્ષે પ્રશ્ન પૂછયે રાખું અને તેઓ દર વર્ષે જવાબ આપ્યે રાખે છે. છેલ્લો મેં પ્રશ્ન તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મારો પ્રશ્ન ૧૩૭૧૯ નંબરનો હતો અને ત્યારે મેં મંત્રીશ્રીને પૂછેલું કે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રૂર્બન યોજનામાં અન્ડર ગ્રાઉન્ડ ગટરનું કામ સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે ? જે કામ ૨૦૧૨માં પૂર્ણ કરવાનું હતું તો મંત્રીશ્રીએ મને જવાબ આપેલો કે તા.૩૦–૯–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. સાહેબ આજે એની એ જ પરિસ્થિતિ છે ત્યારે આજે રૂર્બન ડેવલપમેન્ટનો છેલ્લો પ્રશ્ન આ ગૃહની અંદર પૂછુ છું અને હવે હું સોગંદ લઇને

કહું છું કે હવે હું ફરી આ પ્રશ્ન નહીં પૂછુ. માનનીય મંત્રીશ્રીને હું પૂછુ છું કે આનો સાચો સમય આપે કારણ કે ૨૦૧૨ થી આ ૨૦૧૫ સુધી હજુ સુધી કોઇ કોન્ટ્રાકટરો સામે કોઇ એકશન લેવામાં આવ્યા નથી તો હવે આ મારું કામ પૂર્ણ કરવા માગે છે કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કામની અંદર ઘણી બધી બાબતો સભ્યશ્રી પણ જાણે છે અને તેની સાથે મેં ડીડીઓને બોલાવીને મિટિંગ પણ કરી હતી કે આ કામ તાત્કાલિક થાય તેના કરતા વિશેષ ચિંતા હું પણ કરું છું. પણ જે એજન્સીને કામ આપેલુ હતું એ એજન્સીને ઘણી વખત બોલાવી તો લેખિત ખાતરી આપે કે હવે હું આટલા ટાઇમમાં કરી લઇશ. આવા બે-ત્રણ વખત એજન્સીને ચાન્સ આપવામાં આવ્યા છેવટે રાજય લેવલની પાંચ સચિવોની જે કમિટી છે તે કમિટીએ નિર્ણય લીધો અને એજન્સીને અમે છૂટ્ટી કરી દીધી છે. હવે ૪૧ ટકા જેવી કામગીરી થઇ છે પણ હવે જે કામગીરી છે તે અમે પાણી પુરવઠા બોર્ડને સોંપવા માટેનો નિર્ણય લઇ રહ્યાં છીએ. વહેલામાં વહેલી તકે જે સભ્યશ્રીની ચિંતા છે તેના કરતા વિશેષ ચિંતા એક વિભાગના મંત્રી તરીકે હું કરી રહ્યો છું. જલ્દીમાં જલ્દી તે કામગીરી થાય તેની સો ટકા ચિંતા કરીશ અને સભ્યને સંતોષ થાય એવા અમે પગલાં લઇને કામ કરાવીશું.

કાપદરખાસ્ત ક્રમાંક -૧, ૨, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, અને ૪૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૨૬, ૨૭, ૬૩, ૬૬, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૨૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તારીખ ૧૭મી માર્ચ ૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો

ખેડા જિલ્લામાં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રોડ મંજૂરની દરખાસ્તો

* ૨૩૭૫૫ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કેટલા રોડ મંજૂર કરવા માટેની દરખાસ્તો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને<br>(૨) તે અન્વયે સરકારે કેટલી દરખાસ્તો ક્યારે મંજૂર કરી? | (૧) અને (૨) : પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની ભારત સરકારની નિયત માર્ગદર્શિકા મુજબ ખેડા જિલ્લાના ૧૩૫ પરા જોડાણ તથા માર્ગ સુધારણાની મેળવવા પાત્ર મંજૂરીઓ તા.૯–૧–૨૦૧૪ સુધીમાં મેળવી લેવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ખેડા જિલ્લાના ૧૩૫ પરા જોડાણ તથા માર્ગ સુધારણા જાહેર કરવા માગો છો? જાહેર કરવા માગતા હોય તો ટેબલ પર મૂકજો. આ રોડની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે? અંદાજે કેટલો ખર્ચ કરવામાં આવશે? તા. ૯–૧–૨૦૧૪ પછી રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી ? બીજું સાહેબ, આ અમારી મનમોહનસિંહની સરકાર હતી ત્યારથી શરૂ થયું છે પણ હજુ બે, ત્રણ કે પાંચ વર્ષ આ લોકોએ કશું કર્યું નથી, તો કરવા માગો છો ? આ ૫૦૦ થી હજારના પરાઓ છે એને તમે જોડવા માગો છો કે કેમ ? કારણ કે, અમારો ખેડા જિલ્લો ચાર નદીઓ વચ્ચેનો વિસ્તાર છે. બધા કોતર વિસ્તારો છે, કોતરમાં રસ્તા હજુ થયા નથી તો કરવા માગો છો કે કેમ ? મહિસાગર, વાત્રક, શેઢી અને બીજી મોણ નદી એમ કરીને ચાર નદીઓ છે. હવે લોકો બધા પરાઓમાં રહે છે. એક ગામને આઠ–આઠ, દસ–દસ પરાઓ છે તો ઘણા પરા વિસ્તારો અમારા રહી ગયા છે તો એ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહજી તો બહુ સિનિયર અનુભવી ધારાસભ્યશ્રી છે. એમણે આ પ્રશ્ન પૂછ્યો અને એમણે એમ કહ્યું કે, અમારી સરકાર વખતે આ બધુ કરેલું. તો હું આ સન્માનનીય ગૃહને કહેવા માગુ છું કે, માનનીય અટલબિહારી બાજપાઇજી જ્યારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે દેશના ગામડાંઓને પાકા ડામર રસ્તાથી જોડવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, બાજપાઇજીની સરકાર વખતે શરૂ કરેલી અને મારું સદભાગ્ય છે કે, એ વખતે પણ હું માર્ગ અને મકાન મંત્રી હતો. એટલે ગુજરાત સરકારે સતત આ બાબતની કેન્દ્ર સરકારની યોજનાનો લાભ લઇ ગુજરાતમાં તમામ ગામડાંઓને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં આવરી લઇ અને કામ પૂર્ણ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહજીએ જે પ્રશ્ન પૂછ્યો, એમાં ૨૦૧૪ સુધીમાં આપણે આ ખેડા જિલ્લાના જે ૧૩૫ ગામો છે, જેને આ યોજનાનો લાભ મળવાપાત્ર હતો એ તમામની આપણે ભારત સરકારમાં ગુજરાત સરકારે દરખાસ્ત મોકલી માર્ગ અને મકાન વિભાગે, એની મંજૂરી આવી ગઇ અને ૧૩૫ કામો આપણે પૂર્ણ કરી દીધા છે. એટલે કોઇ રસ્તાનું કામ બાકી નથી.

બીજું, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી, જ્યારે તત્કાલિન માર્ગ અને મકાન વિભાગના મંત્રી હતા ત્યારે ગુજરાત સરકાર તરફથી આપણે ભારત સરકારને દરખાસ્ત કરેલી કે, ગુજરાતમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની નીતિ અન્વયે સામાન્ય ગામ હોય તો ૫૦૦થી મોટી વસતિ ધરાવતા ગામ અને ટ્રાયબલ, આદિવાસી ગામ હોય તો ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા એવા તમામ ગામોને અમે પૂર્ણ રીતે જોડી દીધા છે, તો ભારત સરકારની ગ્રાન્ટ મેળવવા અમને વધારાનો લાભ ભારત સરકાર આપે. એટલે આપણે સાહેબ, આગ્રહ કરી, મિટિંગો કરી વડાપ્રધાનશ્રીને એ વખતના મુખ્યમંત્રીશ્રી તરફથી પત્ર લખાવી, આપણે ગુજરાત માટે એક નવી યોજના મંજૂર કરાવી. કારણ કે, ગુજરાતમાં પછી જો નવું ના લઇએ તો ભારત સરકારની ગ્રાન્ટ આપણને તો કામ આવે એવી નહતી. કારણ કે, આપણે તો બધું કામ પુરું કર્યું હતું. એટલે પછી ભારત સરકારે ફેઇઝ–વન એ વખતે આપણને એવો આપ્યો કે, જે રસ્તાઓ બન્યા છે એને હવે જરૂરિયાત પ્રમાણે ગ્રામ્ય માર્ગોને પહોળા કરવા પણ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઇઝ–વન એ આપણને મંજૂર કર્યો અને મને આનંદ થાય છે કે, અમારા માર્ગ અને મકાન વિભાગે, ગુજરાત સરકારે આખું કામ બધું પૂર્ણ કર્યું છે. હવે ભારત સરકારને આપણે નવી નીતિ બનાવવા અને ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા આદિવાસી ગામો હોય કે ૫૦૦ની ઓછી વસ્તી ધરાવતા નોર્મલ ગામ હોય એને પણ આ યોજનાનો લાભ મળે એ માટે માગણી કરી છે. એટલે શ્રી નટવરસિંહજીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ તમામ ૧૩૫ ગામો પાકા ડામર રસ્તાથી જોડાઇ ચૂક્યા છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે ખેડા જિલ્લાના મોટાભાગના પરાનો ગ્રામ સડક યોજનાની અંદર સમાવેશ થઇ ગયો છે. માનનીય મંત્રીશ્રી પાસે હું મારા મહેમદાવાદ અને ખેડાની વાત કરું, છેલ્લા ત્રણ વર્ષથી મોદત નવરંગપુરા, ઉમાજીની મુવાળી, મારા બીજા જે રસ્તાઓ છે એવા ઘણા રસ્તાઓ લઇને જઉં છું મારા મહેમદાવાદ– ખેડાની અંદર આદિવાસીઓના પરા છે, છુટાછવાયા આદિવાસીઓ વર્ષોથી ડાંગરના વ્યવસાય માટે આવેલા. ખેડા

તાલુકાની અંદર આદિવાસી વિસ્તારના પરાના પણ રસ્તા થયા નહીં અને અમારા મહેમદાવાદમાં લગભગ ૧૫ પેટા પરા હજુ બાકી છે જે આ યોજનાથી વંચિત છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કે આપ વહેલી તકે આ યોજના કરવા માગો છો કે કેમ? અને બીજું, કે ગઇ વખતે જે પરા થઇ ગયા અને એના સાત વર્ષ કરતા વધુ રીકાર્પેટીંગની  અને બધી દરખાસ્ત માગી હતી અમે એ દરખાસ્તો આપી પણ જે સાત વર્ષથી વધારે આ યોજનાની અંદર જોડાઇ ગયા પણ રીકાર્પેટ થયા નથી તો આપ આ પણ વહેલી તકે કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૌતમભાઇ ચૌહાણે જે મહેમદાવાદની વાત કરી તો આ ૧૩૫ રસ્તા જે બની ચૂકયા છે એમાં ૧૮ રસ્તા તમારા વિસ્તારમાં હતા. ૨૩.૪૫ કિલોમીટરની લંબાઇ હતી.  લગભગ ચાર કરોડ રૂપિયાનું કામ એમાં મંજૂર થયું હતું અને એ કામ પૂરા થયા છે. બીજું આપે જે કહ્યું એ પ્રમાણે આ ગૃહને જણાવતા મને એ પણ આનંદ થાય છે કે અમે સતત વિકાસ અને વ્યવસ્થાઓ, સગવડો વધારતા રહીએ છીએ. આ સરકારનો પ્રજાને વધુમાં વધુ લાભ આપવાનો ધ્યેય છે એટલે આ થઇ ગયું એટલે સંતોષથી અમે બેસીએ એ સરકાર ભા.જ.પ.ની સરકાર નથી. આ ગૃહમાં આપણે જાણીએ છીએ કે બજેટમાં જેમ પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હતી એ રીતે આપે જ પ્રશ્ન પૂછયો અથવા બધા ધારાસભ્યશ્રીઓની જે લાગણી છે કે આવા નોન પ્લાન રસ્તા, નાળીયાના રસ્તાએ પણ આપણે નાના નાના વસતિના ધોરણે ઉપરના પાકા રસ્તાથી જોડીએ એટલે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના આ વખતે ૨૫૦૦ કરોડ રૂપિયા અને આવનારા ત્રણ વર્ષમાં કુલ ૧૦૦૦૦ કરોડ રૂપિયા આપણે બજેટમાં ફાળવ્યા છે અને મેં અગાઉ પણ એક જવાબમાં કહ્યું હતું આજે પણ કહું કે જેમ વસતિ વધારે હશે, જરૂરિયાત વધારે હશે એવા તમામ નોન પ્લાન રસ્તાઓને આપણે જોડી દઇશું એટલે આખા ગુજરાતને બધી જ રીતે રોડ ટ્રાન્સપોર્ટેશનથી સાંકળી લઇ મોટું નેટવર્ક આપણે પૂરું કરીશું અને મને જે માહિતી છે એ પ્રમાણે આખા ભારતની અંદર નોન પ્લાન રસ્તાને પાકા ડામર રસ્તા બનાવવા માટે આવડી મોટી રકમની જોગવાઇ પહેલીવાર કોઇ રાજયે કરી હોય તો આનંદીબેન પટેલની ભા.જ.પ.ની આ સરકારે કરી છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની નિયત માર્ગદર્શિકા શું છે? અને બીજો મારો પ્રશ્ન છે કે ખેડા જિલ્લામાં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં નિયમ મુજબ મંજૂર કરવા પાત્ર રસ્તાઓની મંજૂરી ન મળી હોય તો એના કારણો કયા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય તો ભારત સરકારની ગાઇડલાઇન જે છે એ આખા દેશ માટે લાગુ પડે છે. એમાં મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૨૫૦ થી ૫૦૦ ની વચ્ચેની ટ્રાયબલ હોય કારણ કે આદિવાસી વિસ્તારો છુટાછવાયા હોય, ઓછી હોય તો પણ એ પરાઓને, ગામને આપણે આવરી લેવાના અને સામાન્ય હોય તો ૫૦૦ થી ઉપરની વાળા ગામને આપણે આવરી લેવાના. એવી રીતે આપણે તમામ રસ્તાઓને અત્યાર સુધી આવરી લીધા છે. બીજું માનનીય સંજયભાઇએ પૂછયું કે ખાસ કરીને વન વિસ્તારમાં ૧૮-૨૦ જેવા ગામ બાકી છે કે જેને રસ્તો બનાવવા માટે વન વિભાગની મંજૂરી મેળવવી પડે. ઘનિષ્ઠ વન હોય તો મંજૂરી મેળવવામાં પ્રક્રિયા થાય છે. એ પ્રક્રિયા આપણે લાંબા સમયથી વન વિભાગની મંજૂરી માટે કરતા હતા. એ મંજૂરી હવે મળી ગઇ છે. એની દરખાસ્ત પણ આપણે ભારત સરકારમાં મોકલી આપી છે એટલે એ મંજૂરી ભારત સરકારમાંથી આવ્યેથી આપણે બાકીના ગામોને પણ પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં જે બાકી રહી ગયા છે અને વન વિભાગ હોવાને કારણે નથી થયા એ પૂર્ણ કરીશું. બીજા કેટલાક કોતરોવાળા, નદી નાળા વાળા થોડા ગામ છે એના માટે પણ વૈકલ્પિક ટેકનીકલી અમે અભ્યાસ કરી રહ્યાં છીએ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગ્રામ્ય લેવલના ૧૩૫ રસ્તાઓની મંજૂરી મળી ગઇ છે.  મારે જાણવું છે કે ઠાસરા તાલુકો અને ગલતેશ્વર તાલુકામાં કેટલા રસ્તાની મંજૂરી મળી ગઇ? બીજો પ્રશ્ન જે રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે અને જે ટેન્ડર આવે છે તે ૩૦-૩૫-૪૦ ટકા સુધી ઓછા ભાવે ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

(આ તબક્કે પ્રેક્ષક ગેલેરીમાંથી અવાજ આવતા અને એક પ્રેક્ષક બેભાન થઇને પડી જતા )

અધ્યક્ષશ્રી : સાર્જન્ટ મિત્રો, તેમને બહાર લઇ જાવ. એમને ઉપર ડૅાક્ટર મિત્રોની ચકાસણી ચાલુ છે, તો તેમને ઝડપથી ચોથા માળે લઇ જાવ. એમને આરોગ્યની સેવા તાત્કાલિક આપો. અન્ય સાર્જન્ટ મિત્રો સેવા આપે. સભ્યશ્રી રામસિંહભાઇ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર :બીજો પ્રશ્ન એ છે કે જે રસ્તાઓ મંજૂર થાય એ ટેન્ડર બહુ ઓછા ભાવે એટલે ૩૦-૪૦ ટકા બીલો ટેન્ડર આપવામાં આવે છે. મંત્રીશ્રી મારફતે જાણવું છે કે રસ્તાઓની ગેરંટી કેટલી? બે વર્ષ, પાંચ વર્ષ કે સાત વર્ષની ગેરંટી હોય છે. ઓછા ભાવે ટેન્ડર લે છે એના કારણે કવૅાલિટી જળવાતી નથી. દોઢ-બે વર્ષે રસ્તાઓ ખલાસ થઇ જાય છે. એ બાબતમાં સુધારો કરીને રસ્તાઓની લાઇફ લાંબી બને એવું કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રામસિંહભાઇએ પૂછ્યું તે પ્રમાણે અગાઉ ગલતેશ્વર તાલુકો નહોતો. મારી પાસે જે માહિતી છે તે ઠાસરા તાલુકાની છે. આપને ત્યાં ૪ કરોડ ૬૬ લાખ ૭૪ હજારના ખર્ચે ૧૨ રસ્તાઓ મંજૂર થયા હતા. એનાં ૧૨-૧૨ રસ્તાઓનાં કામ પૂર્ણ થયાં છે. રામસિંહભાઇએ બીજી વાત કરી. નીતિવિષયક બાબત છે. ટેન્ડર નીચા આવે છે. અમારી દેખરેખ અને ખાસ કરીને નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે બધા વિભાગો માટે એક અગત્યનો નિર્ણય રાજ્ય સરકારમાં આપણે કર્યો હતો. એ નિર્ણય એ પ્રમાણે હતો કે સરકારની કામગીરી માટેના ટેન્ડરો પહેલાં હાથોહાથ આપવાના થતા હતા. એટલે માથાભારે લોકો કેટલાક વિસ્તારમાં બીજા લોકોને ટેન્ડર આપવા દેતા નહોતા. કેટલાક વિસ્તારોમાં રીગ થઇ જતી હતી. કોન્ટ્રાક્ટરોની સિન્ડિકેટ થઇ જતી હતી. તમે આ ૫ કામ લો અને હું આ ૫ કામ લઉં. હરીફાઇ ન થાય અને ભાવ ઊંચા આવતા હતા.  અમે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓનલાઇન ટેન્ડર લેવાના ગુજરાતમાં શરૂ કર્યા.  આજે કોઇપણ વ્યકિત પોતાને ત્યાંથી ઓનલાઇન ટેન્ડર ભરી શકે. એટલે

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

મેળાપીપણામાં સિન્ડિકેટ કે ધાકધમકીથી બીજાને ટેન્ડર ન ભરવા દેવાનું વર્ષોથી ચાલતું હતું, ગમે ન ગમે ચાલતું હતું, એ બંધ થઇ ગયું. કોન્ટ્રાક્ટરો વચ્ચે કામ મેળવવા માટેની હરીફાઇ ચાલુ થઇ અને હરીફાઇના કારણે અત્યારે લગભગ ૩૦ થી ૪૦ ટકા ટેન્ડરો બીલો આવે છે. બીજું કારણ એ છે કે સ્ટીલના ભાવ અને ડામરના ભાવ ઘટ્યા હોય એનું રિફ્લેકશન આમાં મળ્યું છે. અમારી સરકારની દેખરેખ કોઇપણ જગ્યાએ ટેન્ડર ખોટી રીતે સ્વીકારાય નહિ. આ બધાનો સરવાળો ભેગો કરો,એટલે કરોડો, અબજો રૂપિયા છેલ્લાં ૧૦ વર્ષમાં અમારા નિર્ણયથી, મુખ્યમંત્રી આનંદીબેનના અને નરેન્દ્રભાઇના નિર્ણયથી અબજો રૂપિયા સરકારના ખોટી રીતે જતા હતા તે બચ્યા છે. કામ પ્રજાનાં હિત માટે કરીએ છીએ. બીજું કહ્યું ગેરંટી. દરેક કામની અંદર ૩ વર્ષની ગેરંટી હોય છે. એ ગેરંટી પિરિયડ દરમ્યાન રોડને કોઇપણ પ્રકારનું નુકસાન થાય તો એનું મેઇન્ટેનન્સ કરવાની જવાબદારી એમની હોય છે. એ માટે ડિપોઝિટ જમા રાખીએ છીએ. આપણાં કામ સારાં થાય, ઉચ્ચ ગુણવત્તાવાળાં થાય, ખોટી રકમો અગાઉ જતી રહેતી હતી એ બંધ થઇ, એટલે વધુ કામ આપણે કરી શક્યા છીએ.

### મહિસાગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૫૧૧૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

એચબી–૭૫૫–૧

(૩) ઉકત સ્થિતિએ કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે અને ઉકત ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની ડીમાન્ડ કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, તે કહી શકાય નહીં.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૧૨૯૮ આંગણવાડીઓ કાર્યરત છે જે તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૩૧૪ |
| ૨ | સંતરામપુર | ૩૭૯ |
| ૩ | ખાનપુર | ૧૪૪ |
| ૪ | કડાણા | ૨૦૩ |
| ૫ | વીરપુર | ૯૮ |
| ૬ | બાલસિનોર | ૧૬૦ |

(૩) આંગણવાડી કેન્દ્રોની ઘટ વસ્તીની જરૂરીયાતનો સર્વે કર્યા બાદ જ નક્કી કરી શકાય.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર: માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મને જણાવ્યું છે કે આંગણવાડી કેન્દ્રની ઘટ વસતિની જરૂરિયાતનો સરવે કર્યા બાદ જ નક્કી કરી શકાય. મેં પ્રશ્ન પૂછેલ છે કે મહિસાગર જિલ્લામાં કેટલી આંગણવાડીની જરૂરિયાત છે? હાલમાં કેટલી છે અને કેટલી ઘટ છે. એના સંદર્ભમાં જે જવાબ આપ્યો છે. વસતિની જરૂરિયાતને ધ્યાને લઇને સરવે કર્યા બાદ નક્કી થશે. આ સરવે વસતિનો ૨૦૧૧ માં થઇ ચૂક્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં આ કયો સરવે કરવામાં આવ્યો છે તે ખબર પડતી નથી. તેમ છતાં જો સરવે કરવાનું થતું હોય તો પણ આંગણવાડીને લગતું સરવે કયારે કરવામાં આવ્યું તે મારો મુદ્દો છે. આ સરવેમાં કેટલી આંગણવાડીઓની જરૂરિયાત જણાઇ અને તે પૈકીની કેટલી મંજૂર કરવામાં આવી. બીજું ફેબ્રુઆરી ૨૦૧૫માં ગુજરાત સરકારે ભારત સરકારને પડતર પ્રશ્નોને લગતી એક માહિતી મોકલી હતી. તેમાં અલગ અલગ ત્રણ દરખાસ્તોમાં ૨૬ જિલ્લાની ૧૪૬૪ આંગણવાડીની મંજૂરી માટે રજૂઆત કરવામાં આવી હતી. તે પૈકી માત્ર ૨૬ આંગણવાડી મંજૂર કરવામાં આવી છે તો બાકીની આંગણવાડીનું શું થયું અને તે મંજૂર કરવા માટે સરકારશ્રી કક્ષાએથી માટે શું કાર્યવારી કરવામાં આવી?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મહિસાગર જિલ્લા માટે ૪૦ નવી આંગણવાડીની દરખાસ્ત ભારત સરકારને ૩૦-૯-૨૦૧૪ના રોજ પત્રથી મોકલવામાં આવી હતી. મારે કહેવું છે કે, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં ભારત સરકાર તરફથી

આપણને એકપણ આંગણવાડીની મંજૂરી મળી ન હતી. ગયા વર્ષે ૮૯૨ આંગણવાડીની મંજૂરી આપણને મળી છે. તેનો જે સરવે કરવાનો છે તે સરવે કરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ છે. જેમ જરૂરિયાત જણાય તે પ્રમાણે આપણે સરકારને મોકલીએ છીએ. આપણને પહેલી વખત ૮૯૨ આંગણવાડીઓ નવી મળી છે, હવેની જરૂરિયાતનું માંગણીપત્રક મોકલાઇ ગયું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણા કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્નો ૨૦૧૫માં મારી પાસે કાગળ છે ૧૪૬૪ આંગણવાડીઓ બતાવી છે. તેમાં ૨૬ મંજૂર થઇ છે. કહેવાય છે કે આપણી કેન્દ્ર સરકાર છે તો આ જે અન્યાય થઇ રહ્યો છે અને ૨૬ જ મંજૂર થઇ છે તો તેના માટે હવે વધારે પ્રયત્ન કરીને બાકીની આંગણવાડીઓ કેન્દ્ર સરકાર પાસેથી આ સરકાર કેટલા ચોકકસ સમયમાં લાવવા માગે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૨૬ આંગણવાડી મંજૂર થઇ તે વાત સત્ય નથી. ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં આપણે વારંવાર આંગણવાડીઓની માગણીઓ મૂકી હતી. ૨૦૧૫–૧૬માં ૮૯૨ આંગણવાડીની મંજૂરી મળી છે. આમાં મહિસાગર જિલ્લાની ૪૦ આંગણવાડીઓ મંજૂર થઇ ગઇ છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, નવી કોઇ આંગણવાડી શરૂ કરવાની થતી હોય તો તે કેન્દ્રની મંજૂરી કયા ધોરણ અનુસાર આપવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નવા આંગણવાડી કેન્દ્રોની મંજૂરી માટે ગ્રામ અને શહેરી વિસ્તારો માટેના અલગ અલગ ધોરણો હોય છે. ૪૦૦ થી ૮૦૦ની વસ્તી હોય તો એક આંગણવાડીનું કેન્દ્ર, ૮૦૦ થી ૧૬૦૦ની વસ્તીએ બે આંગણવાડીના કેન્દ્ર તથા ૧૬૦૦ થી ૨૪૦૦ની વસ્તીએ ત્રણ આંગણવાડી કેન્દ્રો, આદિજાતિ વિસ્તાર, કોતર અને ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ જયાં માણસ ન જઇ શકે તેવો વિસ્તાર હોય ત્યાં ૩૦૦ થી ૮૦૦ની વસ્તીએ એક આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું. એક તો આપે પડતર પ્રશ્નોમાં જે આંકડો આપ્યો છે તે અને આપનો અત્યારનો જવાબ તેના વચ્ચે વિસંગતતાનું શું કારણ છે અને બીજું જે મંજૂર થઇ છે તે આપણે કોઇ ચોકકસ સમય મર્યાદા, મહત્તમ મર્યાદામાં આંગણવાડીઓ શરૂ કરી દઇશું?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપણને જયારે આંગણવાડીઓ મળે અને મેં કહ્યું તેમ મહિસાગર જિલ્લા માટે ૪૦ મળી છે. કુલ ૮૯૨ આંગણવાડીઓની મંજૂરી મળી છે. પડતર પ્રશ્નોમાં તે રહેતું નથી. વધારાની ૨૦૧ આંગણવાડી છે, આપણે ૧૦૦૦ આંગણવાડી માગી હતી અને ૮૯૨ આંગણવાડી મળી છે એટલે આ ૮૯૨ને તબકકાવાર આપણે જગ્યાઓ શોધીને ચાલુ કરી દેવાની પ્રક્રિયા ચાલુ છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આંગણવાડી કાર્યકરો અને તેડાગરોને કેટલું માનદવેતન આપવાની જોગવાઇ કરવામાં આવી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના કાર્યકરોને ૪૭૫૦ રૂપિયા, જયાં મીની આંગણવાડી હોય ત્યાં ૨૮૦૦ રૂપિયા અને તેડાગરોને ૨૪૦૦ રૂપિયા આપવાની જોગવાઇ કરેલી છે.

ડો. મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડી વર્કરની જે જવાબદારી છે એ ઘણી મોટી હોય છે. જેમ કે પૂર્વગ્રાફિક શિક્ષણ આપવું ૦ થી ૬ના બાળકોને સ્કૂલનું પ્રિ–શિક્ષણ આપવું, કુપોષણ દૂર કરવા માટે કામગીરી કરવી, રસોઇ બનાવવી, નાસ્તો બનાવવો, ૦ થી ૬ના બાળકોને માનસિક જે નબળાઇ છે એ ડિટેક્ટ કરીને સારવાર આપવાની આ બધી જવાબદારી છે. આટલી મોટી જવાબદારી આંગણવાડી વર્કરને સોંપેલી છે એનું માસિક વેતન ૪૭૫૦ આપવામાં આવે છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસથી એ જાણવા માગુ છું કે, સરકારશ્રી આ વેતનમાં વધારો કરવા માગે છે કે કેમ?

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં જે વેતન હતું એનાથી ઘણું વેતન વધાર્યું છે અને બીજી મારે વાત કરવી છે કે તમામ પ્રકારની કામગીરી એકલા વર્કર નથી કરતા હોતા. એની સાથે મેડિકલની બાબત હોય તો સહાયક ટીમો મૂકવામાં આવી હોય છે એમણે ખાલી આંગણવાડીમાં આવતા બાળકોને શોધીને મદદ કરવાની હોય છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ નવી આંગણવાડીઓનો સર્વે કર્યો એ ૨૦૧૧માં જે વસતિ ગણતરી થયેલી એના આધારે થયેલો છે પણ આજે આ વસતિ ગણતરીને ચાર વર્ષ થઇ ગયા છે અને આ પાંચમું વર્ષ ચાલુ થશે અને બીજા પાંચ વર્ષ પછી બીજી વસતિ ગણતરી આવશે તો આટલો વિલંબ ન થવો જોઇએ અને વહેલામાં વહેલી તકે સરવે કરીને જે ખોલવાની થતી હોય એ ખોલવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન છે કે જ્યાં આંગણવાડી મંજૂર થયેલી હોય, એનું મકાન હોય ત્યાં એ આંગણવાડી ન ચાલતી હોય અને બીજા સ્થળે ચાલતી હોય અને ત્યાં બાળકોને બેસાડવામાં આવે છે એવું મારે ત્યાં એક કેન્દ્ર છે લુણાવાડા તાલુકામાં મેથાણા ચાકડિયાનું કેન્દ્ર છે એની તપાસ કરી અને જે ગેરરીતિઓ છે એ દૂર કરવા માગો છો કે કેમ?

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો મેં કહ્યું તેમ છેલ્લા બે વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં એક પણ આંગણવાડી મંજૂર થઇ ન હતી ત્યારે રજૂઆત કરતા વારંવાર અમે કહ્યું હતું. એક પણ આંગણવાડી મંજૂર ન થઇ પછી ૨૦૧૫–૧૬માં ૧૦૦૦ આંગણવાડીઓ મંજૂર થઇ છે. મેં કહ્યું તેમ આ આંગણવાડીઓ જ્યાં સ્થાન મળે ત્યાં તબક્કાવાર આપણે ચાલુ કરી દેવાની પ્રક્રિયાઓ ચાલુ કરી દીધી છે. લુણાવાડા તાલુકામાં જગ્યા નહીં હોય તો ભાડાનું મકાન રાખીને પણ ચાલુ કરવાનું કામ સત્વરે કર્યું છે. છતાં મને માહિતી આપશે તો હું તપાસ કરી લઇશ.

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૩૮૪૬ ડૉ. નિમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૦૫ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) ઉકત સ્થિતિએ સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) ઉકત સ્થિતિએ સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૨૦ સીટોનો વધારો થયેલ છે. |

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, ફિઝિયોથેરાપીની ૫ સરકારી કોલેજો છે એવું મને જણાવ્યું છે ત્યારે હું એ જાણવા માગુ છું કે, આ ૫ કોલેજો ક્યાં ક્યાં છે? અને એના માટેની સીટો વધારવાની જે વાત છે એમાં મને જણાવ્યું છે કે, ૨૦ સીટો આપણે વધારી છે. તો કઇ કઇ કોલેજોમાં વધારી છે? અને બીજું એ જાણવા માગુ છું કે ફિઝિયોથેરાપીની ડિમાન્ડ ઘણી બધી વધી છે ત્યારે ફિઝિયોથેરાપીમાં કોઇ પી.જી.ની ડિમાન્ડ આવી છે કે કેમ? અને પી.જી.ની સીટોનું કોઇ આયોજન આપણે કર્યુ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ફિઝિયોથેરાપી કોલેજ અમદાવાદમાં સ્નાતકની ૧૦૦ સીટો, વડોદરામાં ૧૦૦ સીટો, સરકારી ફિઝિયોથેરાપી કોલેજ સુરતમાં ૫૦ સીટો, સરકારી ફિઝિયોથેરાપી કોલેજ જામનગરમાં ૧૦૦ સીટો અને દાહોદમાં ૩૦ સીટો હતી એની સામે સુરતની અંદર ૨૦ સીટોનો વધારો કરવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ બીજી જે વાત કરી કે, પી.જી.ની સીટો કેટલી છે? તો ૨૪ જેટલી પી.જી.ની સીટો પણ અત્યારે કાર્યરત છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, રાજયમાં ફિઝિયોથેરાપીનો કોર્સ કઇ કઇ યુનિવર્સિટીમાં ચલાવવામાં આવે છે, અને તે પૈકી કઇ યુનિવર્સિટીમાં કેટલી કોલેજો સંલગ્ન છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષોમાં અલગ અલગ ડોકટરોની અને બાકી પેરા મેડિકલ કોર્સીસ અલગ અલગ ચાલુ થયા એમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની એક પ્રતિબદ્ધતા એ હતી કે, ફિઝિયોથેરાપીમાં આપણા ગુજરાતના કોઇ પણ વિદ્યાર્થીને ગુજરાતની બહાર અભ્યાસ કરવા માટે ન જવું પડે એટલા માટે રાજયમાં નવી અલગ અલગ સરકારી સિવાય પણ ખાનગી જે સંસ્થાઓ હતી તેને પણ મોટા પ્રમાણમાં સીટોની મંજૂરી આપી અને અત્યારે ૨૭૫૦ જેટલી સીટો ફીઝીયોથેરાપીની ચાલુ થઇ ગઇ છે. જેમાં માનનીય સભ્યશ્રીએ યુનિવર્સિટીની વાત કરી તો ગુજરાત યુનિવર્સિટીની અંદર અમદાવાદ સંલગ્ન ૨૬ જેટલી કોલેજો છે તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૭, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૬, એમ.એસ.યુનિવર્સિટીની અંદર ૧, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર ૪, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર સંલગ્ન ૩, આર.કે.યુનિવર્સિટી રાજકોટ ૧, ચરોતર યુનિવર્સિટી, ઓકાતર ચાડીયા યુનિવર્સિટી બારડોલી, કડી સર્વ વિદ્યાલય યુનિવર્સિટી, કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર અને સુમનદીપ વિદ્યાપીઠ ડિમ્ડ યુનિવર્સિટી આ બધામાં મેં છેલ્લે કહ્યું તેમ એક એક કોલેજ આ યુનિવર્સિટી સંલગ્ન છે. તે સિવાય ગુજરાત યુનિવર્સિટીમાં જે સરકારી કોલેજો છે તેમાંની બે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એમ.એસ.યુનિવર્સિટીની અંદર સરકારી કોલેજ તે ત્યાં આગળ સંલગ્ન છે અને વીર નર્મદ યુનિવર્સિટીની અંદર સુરતની જે સરકારી કોલેજ છે તે સંલગ્ન છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અંદર એક રાજકોટ તે પણ તેની સંલગ્નતા ધરાવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ફીઝીયોથેરાપીમાં ઓપોર્ચ્યુનીટી ખૂબ સારી છે. આપણે અહીંયા પણ કોર્ષ કરીને બહાર જાય તો તેમને પણ મળે છે. તો એવા સંજોગોમાં આપણાં યુવાનોને જે ફિલ્ડમાં ઓપોર્ચ્યુનીટી છે ત્યાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો વધે, આપે બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૨૦ સીટો જ માત્ર વધારી છે. તો આમાં સુધારો કરીને આપ વધારે સીટો વધે અને ખાસ કરીને આપે જે યુનિવર્સિટી ગણાવી તેમાં કચ્છનો કયાંય ઉલ્લેખ નથી તો કમસે કમ એક સરકારી ફિઝીયોથેરાપી કોલેજ કચ્છમાં સરકાર આપવા માગે છે કે કેમ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષોની અંદર બહુ મોટા પ્રમાણની અંદર કોલેજોની સીટો વધી. જો એક જ દિશાની અંદર, એક જ સિલેબસની અંદર બધા આગળ વધે તો પછી પી.ટી.સી.જેવુ થતું હોય છે કે કોલેજો બહુ મોટા પ્રમાણમાં થઇ જાય અને તેના સ્ટુડન્ટને જોઇએ એટલા પ્રમાણમાં જોબ મળતી હોતી નથી. તેમણે જયારે કચ્છની વાત કરી છે તો તેમાં પોઝિટીવ સૂચન છે.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, સમાજની હાડમારી ઓછી થાય અને સમાજ જીવન વધુ સરળ બને તેના માટે જયારે આ સરકાર કટિબદ્ધ છે ત્યારે ઘણાં સમયનો જે પેન્ડીંગ પ્રશ્ન હતો કે રાજયના ફિઝીયોથેરાપીસ્ટ મિત્રો મોટી સંખ્યામાં છે તે લોકોને કોઇ એવો આધાર નહોતો કે જેને કાઉન્સિલનો આધાર કહી શકાય. જેવી રીતે મેડિકલ કાઉન્સિલ હોય છે તેવી રીતે State Council for Physiotherapist જે રાજય સરકારે હમણાં જાહેર કર્યું છે તેના માટે હું આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ

ખૂબ અભિનંદન આપુ છું અને આપના માધ્યમથી જાણવા માગુ છું કે, સરકારી હોસ્પિટલોમાં ફીઝીયોથેરાપીસ્ટની જગ્યાઓ ભરવા માટે શું આયોજન કર્યુ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલી જે વાત કરી કાઉન્સિલની તો એક આનંદનો વિષય છે. પહેલાં એક એસોસીએશનથી સંલગ્ન આપણે હતા કોઇ કાઉન્સિલની કે એવી કોઇ વ્યવસ્થા નહોતી. રાજય સરકારે તેની કાઉન્સિલ ઉભી કરવા માટેની પ્રતિબદ્ધતા ઉભી કરી અને હવે તેને કાર્યરત પણ કરી રહ્યા છીએ. હવે તેને માન્યતા મળશે તે પણ ફીઝીયોથેરાપી કાઉન્સિલના માધ્યમથી થશે. બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ કહ્યું કે જગ્યાઓ ભરવા માટે શું ? જિલ્લા કક્ષાની હોસ્પિટલ હોય ત્યાં એક ફીઝીયોથેરાપીસ્ટની જગ્યા હતી આ વખતે અમારા આરોગ્ય વિભાગે એ નિર્ણય કર્યો છે કે સીએચસી કક્ષાએ પણ એક એક ફીઝીયોથેરાપીસ્ટની નિમણૂક કરવી અને જેના આધારે આ વખતે રાજયની અંદર રાજયના ૨૯૬ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો જે સીએચસી છે તેની અંદર જગ્યાઓ ભરવા માટે અને કેટલાક ટયુટર માટે તેમ ટોટલ મળીને ૩૪૩ જેટલી સીટો નવી આ વખતે અમે ભરવા માટે આગળ વધી રહ્યા છીએ.

રાજયમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૩૮૦૬ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૦૫ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) ઉકત સ્થિતિએ સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) ઉકત સ્થિતિએ સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૨૦ સીટોનો વધારો થયેલ છે. |

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ફીઝીયોથેરાપી એ ક્ષેત્રના વિકાસ માટે સરકારે કોઇ કાઉન્સિલની રચના કરી છે કે કેમ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના પ્રશ્નના જવાબમાં કહ્યું છે છતાં માનનીય સભ્યશ્રીની ઇચ્છા છે તો વિગત આપું કે ૨૦૧૧માં ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફીજીયોથેરાપી એક્ટ અમલમાં આવેલ, અને ૨૦૧૩ની અંદર ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફીજીયોથેરાપી ચાલુ કરેલ એના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવ્યા, અને સરકારશ્રીએ તા. ૨૬-૨-૨૦૧૬ના જાહેરાનામાથી ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફીજીયોથેરાપીની રચના કરી અને ૧૮ જેટલા સભ્યશ્રીઓની ઓલરેડી નિમણૂક પણ કરી નાખી છે એટલે હવે નવી કોઇ ફીજીયોથેરાપી કોલેજ શરૂ કરવાની હશે ત્યારે કાઉન્સીલ છે એને સંલગ્ન એની કાર્યવાહી પણ હવેથી ચાલુ કરી દઇશું.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કાઉન્સીલના સભ્યો કોણ કોણ હશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર એના તજજ્ઞો, કેટલાક ડોક્ટર મિત્રો અને વિશેષ એની અંદર અનુભવ ધરાવતા આમ કરીને એની નિમણૂક એના નિયમો પ્રમાણે કરવામાં આવશે.

શ્રી રોહિતભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવાની અપેક્ષા છે કે, રાજયમાં ફીજીયોથેરાપી કોર્સમાં ઇન્ટરશીપની જોગવાઇ છે કે કેમ, જો હોય તો એમાં કેટલું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે, અને આ માટે સરકારી કોલેજોના વિદ્યાર્થીઓને કઇ હોસ્પિટલમાં જવાનું હોય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓએ છ મહિના ઇન્ટરશીપ કરવા માટે જવાનું હોય છે અને સ્ટાઇપેન્ડ તરીકે ૫,૮૨૪ રૂપિયા પ્રમાણે માસિક સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, સરકારી કોલેજોના જે વિદ્યાર્થીઓ છે એમને કયાં કયાં જવું પડે? તો અમદાવાદની જે કોલેજ છે એમને સિવિલ હોસ્પિટલ અમદાવાદ, વડોદરાની જે કોલેજ છે એમને એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા, ફીજીયોથેરાપી કોલેજ સુરત છે તેમને નવી સિવિલ હોસ્પિટલ, સુરત, ફીજીયોથેરાપી કોલેજ જામનગર છે એમને જી. જી. હોસ્પિટલ, જામનગર અને દાહોદની ફીજીયોથેરાપી કોલેજ છે તેમને જનરલ હોસ્પિટલ દાહોદની અંદર છ મહિનાની ઇન્ટરશીપ કરવાની હોય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગું છું કે, આ જે ફીજીયોથેરાપીની કોલેજો આવેલી છે, એની અંદર વિદ્યાર્થીઓને શું ફી ભરવી પડે છે અને એમને રહેવા માટે હોસ્ટેલની વ્યવસ્થા છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કોલેજોની વાત માનનીય સભ્યશ્રીએ કરી તો, ત્રણ હજાર રૂપિયાની ફી વાર્ષિક એમને ચૂકવવાની હોય છે અને ત્યાં સંલગ્ન જે જે જગ્યા ઉપર હોસ્ટેલની વ્યવસ્થા છે ત્યાં પણ વિદ્યાર્થીઓ રહેતા હોય છે.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં નિસહાય કલાકારોને આર્થિક સહાય

* ૨૪૧૬૫ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં નિસહાય કલાકારોને આર્થિક સહાય યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા કલાકારોને કેટલી રકમ ચૂકવાઈ, અને | (૧) વલસાડ જિલ્લામાંથી નિસહાય કલાકારોને આર્થિક સહાય યોજના અંતર્ગત કોઈ અરજી મળેલ ન હોઈ છેલ્લા બે વર્ષમાં કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલા કલાકારોને આ સહાય ચૂકવવાની બાકી છે તથા તે કેટલા સમયમાં ચૂકવાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારો પ્રશ્ન નિસહાય કલાકારોની જગ્યાએ નિસહાય રમતવીરોનો હતો, ત્યારે મારા મત વિસ્તાર ધરમપુરમાં અમારા બ્લાઈન્ડ ક્રિકેટરો આ દેશ માટે રમે છે, ત્યારે ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયામાં વર્લ્ડ કપ રમાયો, તેમાં મારા વિસ્તારના બે ક્રિકેટરો કેતન પટેલ અને ગણેશ વણકર રમેલા, અને એ ફાઇનલ મેચ વર્લ્ડ કપ જીતીને આવેલા, અને એમાં કેતન પટેલ મેન ઓફ ધી સીરીઝ બનેલો, અને ફાઇનલ મેચ ઓફ ધી મેચ એ બનેલો, એ જ રીતે ૨૦૧૫માં દક્ષિણ આફ્રિકામાં આ બે ક્રિકેટરો રમવા ગયેલા, અને તેમાં પણ વર્લ્ડ કપ જીતીને આવેલા અને કેતન પટેલ ફાઇનલ મેચ ઓફ ધી મેચ બનેલા બનેલા, ત્યારે આ રમતવીરો હાલ ખેત મજૂરીનું કામ કરે છે એમને આવવા જવાનો પણ ખર્ચ નથી, ત્યારે માતૃભૂમિ નામની સંસ્થા છે એ એમને વિદેશ આવવા જવાનો ખર્ચો ઉપાડે છે. ત્યારે આ રમતવીરોને આ સરકાર સહાય આપવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ વાત કરી કે, મેં ખેલાડીઓના સંદર્ભમાં પ્રશ્ન પૂછ્યો હતો, તો હું એમનો પ્રશ્ન જે છે એ વાંચી જાઉં છું. બહુ સ્વયં સ્પષ્ટ છે કે, નિસહાય કલાકારોને આર્થિક સહાય, પણ એમણે અત્યારે જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ મોકલી આપીશ, અત્યારે એનો જવાબ મારી પાસે નથી.

શ્રી જિતુભાઈ હ. ચૌધરી : માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી કરવા માગું છું કે બ્લાઈન્ડ ક્રિકેટરોને કોઈ સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : પેરા ઓલમ્પિકના જે ખેલાડીઓ છે એને સહાય આપવાની જે નીતિ છે એમાં સરકાર સુધારો કરી રહી છે. અત્યારે હાલમાં એમને સહાય આપવામાં આવે છે એમાં સુધારો ટૂંક સમયમાં કરીને એમાં ખૂબ મોટો વધારો થવાનો છે.

શ્રી રમણલાલ ના. પાટકર : નિસહાય કલાકારોને વિવિધ ગ્રેડ પ્રમાણે સહાય મંજૂર કરવા માટેની સત્તા કોના હસ્તક છે અને આ જે સત્તા આપવામાં આવી હોય એ કમિટીની પુનઃરચના કયારે કરવામાં આવી છે, એમાં કયા કયા સભ્યો લેવામાં આવે છે?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : રાજયની અંદર લલિતકલાના ક્ષેત્રમાં જે કલાકારો નિસહાય છે એમને સહાય આપવાની રાજય સરકારની યોજના છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે કોના હસ્તક સત્તા છે, તો રાજયના માનનીય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આવતી એક ઉચ્ચ સમિતિ બનાવાવમાં આવેલી છે. એને જે અરજીઓ મળે એ ગુણદોષના આધારે સમિતિના વિવેક અનુસાર સહાયની રકમ બજેટની જોગવાઇને આધિન આપવામાં આવે છે. એમાં સભ્યોમાં માનનીય મંત્રીશ્રી સ્વંય અધ્યક્ષ છે, અને ગુજરાત લલિતકલા અકાદમી, અધ્યક્ષ ગુજરાત સંગીત નૃત્ય નાટક અકાદમી, સચિવ શ્રી રમતગમત, યુવક અને સાંસ્કૃતિક વિભાગ, નાણા સલાહકાર રમત ગમત, યુવક અને સાંસ્કૃતિક વિભાગ એમ કુલ આઠ અને બીજા આઠ નામાંકિત કલાકારોનો આમાં સમાવેશ થાય છે.

શ્રી ભરતભાઈ કી. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નિસહાય કલાકારોને આર્થિક સહાય આપવાની યોજના સરકારશ્રી તરફથી કયારથી અમલમાં છે, નિસહાય કલાકારોને આર્થિક સહાય ચૂકવવાનો મુખ્ય ઉદ્ધેશ શું છે, આ યોજનાની પાત્રતા માટે આવક અને ઉંમરની મર્યાદા શું છે?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : તા. ૪–૪–૧૯૮૫ થી આ યોજના અમલમાં આવેલી છે. અને જે કલાકારે કલાના ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કર્યું હોય અને જેઓ શારીરિક રીતે અશકત હોય અને આર્થિક રીતે નિસહાય હોય તેવા કલાકારોને આર્થિક સહાય આપવાનો સરકારનો ઉદ્ધેશ છે. આ યોજના માટે માસિક રૂપિયા ૬૦૦ કે તેથી ઓછી આવક ધરાવતા કલાકારો એના લાભાર્થી છે અને જેઓની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય અને શરીરે અશકત હોય એને લાભ આપવામાં આવે છે.

શ્રી નિરંજનભાઈ પ. પટેલ : માનનય મંત્રીશ્રીએ જણાવ્યું કે છેલ્લા બે વર્ષેથી કોઈ અરજી મળેલ નથી. કલાકારો ઘણા સ્વમાની હોય છે એ અરજીઓ ન કરતાં હોય તો વિભાગ આવા કલાકારોને સહાય આપવા માટે સ્વમાનભેર સહાય આપવા માંગે છે કે કેમ?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

### ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૩૭૫૦ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કાર્યકર્તા અને તેડાગર બહેનોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કાર્યકર્તાઓની અને તેડાગર બહેનોની ખાલી જગ્યાની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

ગાંધીનગર

| કાર્યકર | ક્યારથી જગ્યાઓ ખાલી છે | તેડાગર | ક્યારથી જગ્યાઓ ખાલી છે |
|---|---|---|---|
| ૨ | જુલાઈ-૨૦૧૫ | ૨ | ફેબ્રુઆરી-૨૦૧૫ |
| ૧ | ઓગષ્ટ-૨૦૧૫ | ૨ | જુલાઈ-૨૦૧૫ |
| ૧ | સપ્ટેમ્બર-૨૦૧૫ | ૨ | ઓગષ્ટ-૨૦૧૫ |
| ૨ | નવેમ્બર-૨૦૧૫ | ૧ | સપ્ટેમ્બર-૨૦૧૫ |
| ૨ | ફેબ્રુઆરી-૨૦૧૬ | ૧ | ઓકટોબર-૨૦૧૫ |
| | | ૨ | જાન્યુઆરી-૨૦૧૬ |
| | | ૧ | ફેબ્રુઆરી-૨૦૧૬ |

દહેગામ

| કાર્યકર | ક્યારથી જગ્યાઓ ખાલી છે | તેડાગર | ક્યારથી જગ્યાઓ ખાલી છે |
|---|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૨૦૧૪ | ૧ | માર્ચ-૨૦૧૪ |
| | | ૧ | જુલાઈ-૨૦૧૪ |
| | | ૧ | સપ્ટેમ્બર-૨૦૧૪ |
| | | ૧ | માર્ચ-૨૦૧૫ |
| | | ૧ | એપ્રિલ-૨૦૧૫ |
| | | ૨ | મે-૨૦૧૫ |
| | | ૧ | ઓકટોબર-૨૦૧૫ |
| | | ૧ | ડીસેમ્બર-૨૦૧૫ |

કલોલ

| કાર્યકર | ક્યારથી જગ્યાઓ ખાલી છે | તેડાગર | ક્યારથી જગ્યાઓ ખાલી છે |
|---|---|---|---|
| ૧૩ | નવેમ્બર-૨૦૧૫ | ૧૭ | નવેમ્બર-૨૦૧૫ |

માણસા

| કાર્યકર | ક્યારથી જગ્યાઓ ખાલી છે | તેડાગર | ક્યારથી જગ્યાઓ ખાલી છે |
|---|---|---|---|
| ૧ | ડીસેમ્બર-૨૦૧૫ | ૧ | નવેમ્બર-૨૦૧૫ |
| ૨ | જાન્યુઆરી-૧૦૧૬ | ૨ | જાન્યુઆરી-૨૦૧૬ |

(૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) નિયમોનુસાર ભરતી પ્રક્રિયા કર્યા બાદ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : હું આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સમગ્ર ગુજરાતની અંદર કુપોષણ એક જટીલ પ્રશ્ન છે. કુપોષણ માટે સરકાર અભિયાન ચલાવી રહી છે ત્યારે આ જિલ્લાની વાત કરીએ તો ૨૫ જેટલા કાર્યકર બહેનો અને ૪૦ જેટલી તેડાગર બહેનોની ઘટ છે તો આ ઘટ સરકારશ્રી કેટલા સમયમાં પૂરી પાડવા માગે છે ? બીજો મારો પ્રશ્ન છે કે એકબાજુ આંગણવાડી કાર્યકર બહેનોની ઘટ હોય અને એકબાજુ તેડાગર બહેનોની ઘટ હોય તો આવા સરકારી કાર્યક્રમમાં બહેનોને હાજર રહેવાની ફરજ પાડવામાં આવે છે કે કેમ? સન ૨૦૦૪-૦૫ની સાલમાં પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ એવી જાહેરાત કરી હતી કે કાર્યકર બહેનોને નિવૃત સમયે પોણા બે લાખની સહાય આપવામાં આવશે તો શું એ સહાય આપવામાં આવશે કે કેમ?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાઓ ખાલી છે તેના સંદર્ભમાં વાત કરું તો કાર્યકર્તા અને તેડાગર બહેનોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે એ જોશો તો ધ્યાનમાં આવશે કેમ કે નિયમ પ્રમાણે ગામમાં રહેતી હોય એવી બહેનો, ક્યાંક રીટાયર્ડ થતી હોય તો તેની જગ્યાએ, માંદી હોય અને રજા ઉપર ઉતરી ગઇ હોય, જોબ ન કરતી હોય. ત્યારે એવી બહેનોને તાત્કાલિક શોધીને નિયમ પ્રમાણે ભરતી કરી લેવાની પ્રક્રિયા નિરંતર પ્રક્રિયાના ભાગ રૂપે ચાલુ હોય છે. એટલે તેડાગર અને વર્કર

બહેનો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ વિષયને ખૂબ સંવેદનાપૂર્વક લઇને આ જગ્યાઓ ખાલી ન રાખવા માટેની પ્રક્રિયાઓ શરૂ કરવા માટે વિભાગને જણાવેલું છે અને અમે એ કરી રહ્યા છીએ. જયાં આંગણવાડીની તેડાગર અને વર્કર બહેનો સમાજ જીવનના ઘરોમાં જતી હોય છે અને જયારે એવા કાર્યક્રમો હોય કે જયાંથી એમને માર્ગદર્શન મળવાનું હોય, જયાંથી પરિવારોને સુદ્રઢ બનાવવા માટેની વાત એ બહેનો જઇને કરી શકતી હોય એવા કાર્યક્રમોમાં, એમને એવોર્ડ આપવાના હોય એવા કાર્યક્રમોમાં અને પોષણના સંદર્ભમાં કોઇ માહિતી આપીને તેમને ઇનડાયરેકટ ટ્રેનીંગ આપી શકાતી હોય એવા કાર્યક્રમોમાં આ બહેનોને મોકલવામાં આવે છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના મકાનો કેટલા છે અને બાકી રહેતા આંગણવાડી કેન્દ્રો માટે ભારત સરકારને દરખાસ્ત મોકલી છે કે કેમ?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૦૬૧ આંગણવાડી મંજૂર છે. તેમાંથી ૮૯૯ આંગણવાડી પોતાના મકાનમાં બેસે છે. ૧૩૭ ભાડાના મકાનમાં બેસે છે. ૪ પંચાયતના મકાનમાં બેસે છે. ૭ પ્રાથમિક શાળાના મકાનમાં બેસે છે. ૬ દાનમાં મળેલા મકાનમાં બેસે છે અને અન્ય જગ્યાએ ૧૧ આંગણવાડી બેસે છે. તે રીતે કુલ ૧૦૬૧ આંગણવાડીઓની વ્યવસ્થા કરેલ છે. ગાંધીનગર જિલ્લા માટે ૨૨ નવા આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત ભારત સરકારને તા. ૩૦-૯-૨૦૧૪ના પત્રથી મોકલવામાં આવી છે. જે મંજૂર થયેલી આંગણવાડીઓ છે તેમાં દરખાસ્તને જે અનુરૂપ હશે તેને આંગણવાડી આપી દઇશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું જાણવા માગું છું કે દરેક આંગણવાડી કેન્દ્રો ઉપર સરકાર દ્વારા તિજોરી-કબાટ ખરીદ કરીને આપવામાં આવેલા છે. આ તિજોરી-કબાટ એટલા હલકી ગુણવત્તાના છે કે સામાન્ય પવનમાં પણ તિજોરી-કબાટ પડી જતા હોય છે. આ જે તિજોરી-કબાટની ખરીદી થઇ છે તેની ગુણવત્તાની ચકાસણી કરવા માગો છો કે કેમ અને જો આ ચકાસણી થાય તો આવા કોન્ટ્રાકટરો સામે પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો પ્રશ્ન છે કાર્યકર્તાઓ અને તેડાગરોની ભરતીનો, છતાં એમણે જયારે કહ્યું છે ત્યારે જે કબાટોની ખરીદી થાય છે તેમાં કેટલીક ખરીદી આપણે કરતાં નથી. દાતાઓ દ્વારા મળ્યું હોય છે. સરકાર દ્વારા ખરીદી કરી હોય તેની ગુણવત્તા ચકાસીને જ આપણે ખરીદી કરતા હોઇએ છીએ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાના ઘટકોમાં આઇ.સી.ડી.એસ.ના કુલ કેટલા લાભાર્થીઓ છે?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : દરેક ઘટકોમાં અલગ અલગ પ્રકારના લાભાર્થીઓ હોય છે. ત્રણ માસથી છ માસ સુધીના, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓ એમ કુલ મળીને આ ચાર પ્રકારના લાભાર્થીઓ હોય છે. દહેગામ-૧માં ૧૯,૪૫૫ લાભાર્થી છે. દહેગામ-૨માં ૧૪,૬૦૫ લાભાર્થી છે. ગાંધીનગર-૧માં ૨૨,૦૯૬ લાભાર્થી અને ગાંધીનગર-૨માં ૨૧,૭૦૦ લાભાર્થી, કલોલમાં ૩૫,૩૬૪ લાભાર્થી, માણસામાં ૧૯,૬૧૩ લાભાર્થી કુલ મળીને ૧,૩૨,૮૩૩ લાભાર્થી છે. જે કિશોરીઓ છે એ ભવિષ્યમાં માં બનવાની છે. 'સમર્થ માં, સમર્થ ગુજરાત'ના નારા સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક અલગ વ્યવસ્થા કરી અને આ રાજયની તમામ કુપોષિત કિશોરીઓ હોય. શાળા-કોલેજોમાં જતી હોય કે ન જતી હોય, ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતી હોય. એ બધા જ માટે આ વ્યવસ્થા ઉભી કરીને કુલ ૪૨૩૨૧ એવી કિશોરીઓને આઇસીડીએસ યોજનાનો લાભ આપીએ છીએ.

ચોર્યાસી તાલુકાનો લાજપોર-કનસાડ-સચીન રોડ પહોળો કરવા બાબત

* ૨૩૭૯૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનો લાજપોર-કનસાડ-સચીન રોડ પહોળો કરવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬ માં મંજૂર થયેલ છે કેમ, | (૧) અને (૨) : હા, જી. રૂ.૫૪૫ લાખ. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, લાજપોર-કનસાડ- સચીન રસ્તાને પહોળો કરવાની કામગીરીના નકશા-અંદાજો માટે શું જોગવાઇ કરવામાં આવી છે અને આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા મારે એક પ્રસંગ યાદ કરવો છે. આ પ્રસંગ એટલા માટે યાદ કરું છું કે આપણા જ ગૃહના સ્વ.સભ્યશ્રી રાજેન્દ્રભાઇ ધારાસભ્ય હતા ત્યારે એમની ખૂબ લાગણી હતી કે મારા ગ્રામ્ય વિસ્તારનો આ રસ્તો સુરત અને બધાને લાગુ પડે છે. લાજપોર-કનસાડ- સચીન સુરત રોડ મંજૂર કરવામાં આવે. મેં એ રસ્તાને પહોળો કરવાના કામને મંજૂરી આપેલી. એટલે એમને એટલો બધો આનંદ થયો કે તેઓ ગામના ૨૫-૩૦ કાર્યકરો, આગેવાનો અને સરપંચને લઇને અહીંયાં આભાર માનવા માટે આવેલા. તેવું સુંદર કામ આ રાજેન્દ્રભાઇએ એમના વિસ્તારમાં કરાવેલું. આ રસ્તાને પહોળો કરવાનું કામ આપણે મંજૂર કર્યું છે. એના ટેન્ડર પ્રક્રિયા વગેરે પૂર્ણ થવા ઉપર છે અને સમગ્ર કામ વહેલી તકે ચાલુ કરી પૂર્ણ કરીશું.

ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લાજપોર–કનસાડ– સચીન રસ્તાને પહોળો કરવાના કારણે કેટલા ગામોને અને કેટલી વસતિને તેનો લાભ થશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો પહોળો કરવાના કારણે લાજપોર ગામની ૭૯૨૦ની વસતિ છે, કનસાડ નગરપાલિકાની ૨૮૩૨૭ ની વસતિ છે, સચિન સુરત પાસે નવી નગરપાલિકા બની છે એની ૨૮૧૦૨ ની વસતિ છે, તલનપુરની ૧૧૩૧૭ની વસતિ છે, ઉમેર ગામ ૧૭૦૪ ની વસતિ છે, પાલીગામની ૭૩૨૫ ની વસતિ છે. આમ કુલ લગભગ ૮૫,૦૦૦ લોકોને લાભ થશે. સુરત સાથે જોડવાથી લાખો લોકોને લાભ થવાનો છે. વળી આ ઔદ્યોગિક વિસ્તાર છે એને પણ એનો લાભ મળશે.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાની દરખાસ્ત વિભાગને ક્યારે અને કોના દ્વારા કરવામાં આવી હતી અને કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૫.૮૧ કિ.મી. રસ્તો આપણે પહોળો કરીએ છીએ. આ રસ્તાની કામગીરીના ખર્ચના અંદાજો છે એ પ્રમાણે રૂ.૩૫૪/– લાખ મંજૂર કર્યા છે. અગાઉ રી–સરફેસીંગની મંજૂરી આપવામાં આવેલ. પરંતુ શ્રી રાજેન્દ્રભાઇએ ભલામણ કરી કે ફક્ત રી–સરફેસીંગ નહીં પરંતુ આ રસ્તાને પહોળો કરવો જોઇએ. એટલે આપણે તા.૨૬–૫–૨૦૧૫ના રોજ રસ્તાને પહોળો કરવાની મંજૂરી આપી છે. એની પાછળ રૂ.૨,૧૭,૪૭,૯૦૦/– નો ખર્ચ કરવામાં આવશે.

### આશા હેલ્થ વર્કરોને પગારમાં વધારો

* ૨૪૬૪૫ ડૉ. મિતેશભાઈ ગરાસિયા (ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થ વર્કરને માસિક પગાર કેટલો આપવામાં આવે છે, અને | (૧) આશા વર્કર સ્વૈચ્છિક કાર્યકર્તા છે. તેમને માસિક પગાર નહી પ્રોત્સાહક રકમ (ઈન્સેન્ટીવ) આપવામાં આવે છે. |
| (૨) ઉકત પગાર ધોરણમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ હતો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. મિતેશભાઈ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, આશા હેલ્થ વર્કરના વેતનને લગતો આ પ્રશ્ન છે. એમના પગાર ધોરણમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો છે? એવા પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ આશા હેલ્થ વર્કરને પ્રોત્સાહક રકમ ઈન્સેન્ટીવ એમાઉન્ટ આપવામાં આવે છે એ ઘણી જ ઓછી છે. જેમ કે એચ.બી.એન.સી. માટે ૨૫૦ રૂપિયા પ્રતિ ૭ વિઝિટ માટે આપવામાં આવે છે એટલે ૩૩ રૂપિયા પ્રતિ વિઝિટ પડે છે. એવી રીતે મેલેરિયાના દર્દીને જો આશા વર્કર હોસ્પિટલ લઇને જાય તો ૫ રૂપિયા આપવામાં આવે છે. આ જે રકમ છે એ ગતિશીલ ગુજરાતમાં મશ્કરી સમાન છે અને આ મેલેરિયાના દર્દીને જો મેલેરિયા ડિટેક્ટ થાય અને ૧૪ દિવસ વિઝિટ માટે જાય તો ૭૫ રૂપિયા આપવામાં આવે છે. પ્રતિ વિઝિટ ૧૦ રૂપિયા પડે છે. એ ઉપરાંત ઇન્સેન્ટિવ રકમ આપવામાં આવે છે એ ૧૦૦૦ની વસતિ ગ્રામ્ય વિસ્તાર માટે નક્કી કરવામાં આવી છે અને ૨૦૦૦ની વસતિ અર્બન માટે નક્કી કરવામાં આવી છે. આ પ્રકારની રકમના કારણે ખાસ કરીને ટ્રાયબલ બેલ્ટમાં કુપોષણનો પ્રશ્ન આ સરકાર હલ કરી શકી નથી તો આ રકમ વધારવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આ આશા વર્કર છે એ કોઇ સરકારી કર્મચારી નથી પરંતુ એક કાર્યકર્તા છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે ઇન્સેન્ટિવ આપવામાં આવે છે. એમણે વાત કરી અને આંકડા આપ્યા એ બધા આંકડા તથ્યથી થોડા અલગ છે. સાચા આંકડા આ ગૃહના માધ્યમથી આપવા માગું છું. ૧ હજારની જનસંખ્યાએ એક આશા વર્કર હોય છે એટલે ૨૫૦ જેટલા પરિવારો એમાં અંદાજિત આવતા હોય છે. એમનું કામ શું છે? પબ્લિક અને ખાસ કરીને સરકારી આરોગ્યના કર્મચારીઓ છે અથવા સંસ્થાઓ છે એ વચ્ચેની એક લિન્કરૂપ બનવાનું કામ છે. અવેરનેસ વધે એ માટે સતત ઘર ઘર સુધી જઇને પરિવારોને મળતા હોય છે. એમણે એક જ કામ કરવાનું હોય છે એવું પણ નથી. રોજ એક–બે કલાકનો સમય કાઢીને તેઓ કામ કરી શકે છે અને એમાં માતૃ કલ્યાણ માટે ૨૦૦ થી ૩૦૦ રૂપિયા પ્રતિ લાભાર્થી આપવામાં આવે છે. બાળ આરોગ્યની વાત કરું તો એમાં ૨૦૦ થી ૨૫૦, કિશોરીઓના સ્વાસ્થ્ય માટે ૧૦૦ થી ૨૦૦ રૂપિયા, પરિવાર કલ્યાણ માટે પ્રતિ ફોલો–અપ, જેટલી વાર જાય એટલી વખત ૫૦ રૂપિયા, કુટુંબ કલ્યાણની કામગીરી માટે ૧૫૦, ૫૦૦ અને એક હજાર સુધીના આપવામાં આવે છે. ક્ષય નિયંત્રણ માટે ૧ હજાર, ૧૫૦૦, ૨ હજાર અને ૩ હજાર આપવામાં આવે છે. મેલેરિયા–ફાઇલેરિયા માટે જે એમણે વાત કરી કે માત્ર ૧૫ રૂપિયા આપવામાં આવે છે પણ એમાં ૧૫, ૭૫, ૨૦૦ અને ૩૦૦ સુધીના આપવામાં આવે છે. મોતિયાના ઓપરેશન માટે દર્દીને લઇ જવામાં આવે તો ૨૫૦ રૂપિયા, રસીકરણનું કામ કરે તો ૫૦, ૧૦૦ અને ૧૫૦ કામગીરી મુજબ અને મા અમૃતમ્ કાર્ડ એમના માધ્યમથી કઢાવવામાં આવે તો એમને ૧૦૦ રૂપિયા પ્રતિ કાર્ડ આપવામાં આવે છે. આ તમામ ધારા–ધોરણો ભારત સરકારે પહેલાં નક્કી કરેલા હતા એ પ્રમાણે છે. એ વખતે તો આશા ન હતી પણ મને લાગે છે કે હવે નવી સરકાર આવી છે એટલે પોઝિટિવ પ્રજાલક્ષી વિચારે છે તો આવનારા દિવસોમાં પોઝિટિવ બની શકે. આ જે ધારા–ધોરણો છે એ અગાઉની સરકારે બનાવેલ છે અને એ ધારા–ધોરણો મુજબ ચૂકવવામાં આવે છે. આપણે મા કાર્ડ અને બીજું એડ કરીને એક સશક્ત માળખું બને તેના માટે આ પ્રયત્નો કર્યા છે. મારે આ સન્માનનીય સભાગૃહને એ પણ જણાવવું છે કે ગ્રામ્ય કક્ષાએ ઘર ઘર સુધી જઇને લોકોનો સંપર્ક કરવાનું કામ આ આશા બહેનો આજે ખૂબ સારી રીતે કરી રહી છે.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આશા વર્કર બહેનોની જે યોજના છે એ ક્યારે શરૂ કરવામાં આવી અને બીજું, આંગણવાડી બહેનોને જે રીતે ડ્રેસ આપવામાં આવે છે એવી રીતે આશા વર્કર બહેનોને ડ્રેસ આપવા માગો છો કે કેમ? ક્યારે અને કયા રંગના આપવા માગો છો?

અધ્યક્ષશ્રી : ચંદ્રિકાબેન, તમારું કોઇ સૂચન હોય તો કહો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : બેન કેસરી કલર પણ શૌર્યનો કલર છે. ભારતના ત્રિરંગાની અંદરનો એક કલર છે અને આપે જ્યારે લગ્ન કર્યા હશે ત્યારે ચોરીની અંદર યજ્ઞની વેદી આવે એ વેદીની અંદરથી પ્રગટતો કલર છે. એટલે મને લાગે છે કે ભગવા કલરથી કોઇ અરૂચિ રાખવાનું કારણ નથી.

અધ્યક્ષશ્રી : હવે તમે ચંદ્રિકાબેનને લગ્ન ના યાદ કરાવો ભાઇ. પ્રશ્ન ઉપર આવો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે આ કલરથી કોઇ દૂર રહેવાનું કારણ નથી. આપણી ભારતીય સંસ્કૃત્તિનો કલર છે એટલા માટે એમાંથી કોઇ ચિંતા કરવા જેવો પ્રશ્ન નથી. ભારત સરકાર એ પણ વિચારી રહી છે કે, આશાબહેનોને આવનારા સમયમાં એક લેપટોપ આપીને એમને કનેક્ટિવિટીથી ડાયરેક્ટ સરકાર સાથે જોડી શકાય તેવું પણ ભારત સરકાર આવનારા સમયમાં વિચારી રહી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઇએ લેપટોપની વાત કરી. એ ભારત સરકાર વિચારણા કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં મેં કહ્યુંને કે, અમે કરીએ જ છીએ. આ વખતે અમે સરકારમાં જ્યારે બજેટ બનાવતા હતા. મુખ્યમંત્રીશ્રી સાથે મિટિંગ હતી. એ વખતે નિર્ણય કર્યો કે, જેમ આંગણવાડીની બહેનોને દેશમાં નથી કોઇ નિયમ કે ભારત સરકારની કોઇ જોગવાઇ નથી. ગુજરાત સરકારના બજેટમાંથી જેમ આંગણવાડી બહેનોને આપણે સાડી અને ડ્રેસ આપીએ છીએ. એ રીતે અમે આ વખતે નક્કી કર્યું છે. બજેટમાં જોગવાઇ પણ કરી દીધી છે કે આશાવર્કર બહેનોને જેમને સાડી જોઇએ એમને સાડી અને જે બહેનને ડ્રેસ જોઇએ એમને ડ્રેસ આપવામાં આવશે અને એની ડિઝાઇન, કલર, બધું નક્કી કરવાની જવાબદારી અમે માનનીય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીને સોંપી છે એટલે તમે એમને ભલામણ કરી દેજો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ વેતનનો છે. એમને કંઇ સાડી, ડ્રેસનો નથી પણ જ્યારે આશાબેન તરીકે નિમણૂક કરવામાં આવે છે.(અંતરાય) ભાઇ, કલરથી મતલબ નથી. ગમે તે કલર હોય. કોઇ ભગવાથી કે લીલા કલરથી કોઇ મતલબ નથી.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ, તમારું ધ્યાન આ તરફ રાખો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : જી, સાહેબ. એટલે આશા વર્કર તરીકે નિમણૂક કરી છે એટલે ગામડાંમાં એને એમ થાય છે કે મને નોકરી જ મળી ગઇ છે એને ખબર નથી. મંત્રીશ્રીએ કહ્યું કે રોજના બે–ત્રણ કલાક કામ કરે છે તો સરકારના ધારા–ધોરણ મુજબ પાર્ટ ટાઇમમાં કલાકનું વેતન આપવાનું નક્કી કરેલું છે. એમાં પણ ત્રણ કલાકનું વેતન થાય છે એટલુંય આપવા માગો છો કે કેમ? અને બેન બીજું કાંઇ કામ નથી કરતા. વળતર તરીકે આખો દહાડો બેન ફર્યા કરે. તમારાં પણ ગુણ ગાય છે તો એને કમસેકમ રોટલો ખાય એટલું તો કરી આપો. બીજું નહીં તો એને ઘરે ખાવા જોઇએ છે અને એનો પણ પરિવાર છે. એટલે એના માટે વેતનમાં કાંઇ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ગુણ–ગાનની વાત છે તો એ અમારાં નહિ સરકારના કહે તો ચોક્કસ સારી વાત છે અને એ આપણાં બધાંના ગુણ–ગાન કહેવાય. રાજ્યની પ્રજાના ગુણ–ગાન કહેવાય. સારું કામ થાતું હોય એના જ ગુણ–ગાન થાય. બાકી તો આવી અપેક્ષાઓ ના રખાય. ફરી પણ હું માનનીય ગોવાભાઇને જણાવું કે, આ તમે વેતન કહ્યું. એ આ કોઇ કર્મચારી નથી. આને કહીએ તો એક સર્વ માન્ય સામાજિક આરોગ્ય કર્તા ગુજરાતી ભાષામાં કહી શકાય તે પ્રમાણેનું છે. અગાઉથી નક્કી કરેલા માપદંડો હતા તે મુજબનો વિષય હતો. હવે નવા નિયમની અંદર અમે વધારામાં, હમણાં જ કલરનો પ્રશ્ન ન આવે તો ડ્રેસ અને સાથે સાથે લેપટોપ આપવાની પણ વાત કરી છે અને આવનારા સમયમાં હજુ સરકારની જે અલગ અલગ યોજનાઓ આવે છે. એમાં વધારે કામની અંદર જોડીને અને એમને એના કારણે વધારે ફાયદો પણ થશે. હમણાં અમે એક એવું પણ સાથે સાથે કર્યું છે કે, ૧૦૦૦ લોકોએ જે પ્રમાણે એક આશાવર્કર હોય છે તે પ્રમાણે ૧૦,૦૦૦ એટલે કે ૧૦ આશાએ એક આશાફેસિલેટેટરની નિમણૂક આપીએ છીએ. તેમને પણ ૨૪ જેટલી વખત કોઇ મિટિંગમાં કે કોઇ બીજી–ત્રીજી વખત અગર જતા હોય તો એમાં પણ ૨૦૦ રૂપિયા પ્રમાણે આપીએ છીએ. એટલે લગભગ માસિક ૪૦૦૦ જેટલો લાભ મળતો હોય છે. એટલે એક આખું માળખું અમે ગૂંથીને શિબિર જિલ્લા કક્ષાએ, એનાથી નીચે સી.એચ.સી., પી.એચ.સી., પેટાસેન્ટર અને પેટાસેન્ટરથી નીચે છેક પબ્લિક સુધી સાથે રહીને કામ કરે. આરોગ્ય દ્રાષ્ટિથી બાળ કલ્યાણ માટે, કિશારીઓના સ્વાસ્થ્ય માટે સુચારુ ઢંગથી આખું માળખું બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને એની કડીરૂપ આ આશાવર્કર છે. રાજ્ય સરકાર હજુ આને વધારે મજબૂત કરવા માગે છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

શ્રી ગેંદાલભાઈ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, આટલું જાણવું છે કે, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તેમ આ આશા વર્કરો સ્વૈચ્છિક કાર્યકર્તાઓ છે. તેમ છતા સરકારના બધા જ મેળાવડા..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ભરૂચ જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૩૮૪૧ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે ? | ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૭ (સાડત્રીસ) નવા પેટા કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. |

શહેરા અને ગોધરા તાલુકામાં ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયર

* ૨૫૩૮૯ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શહેરા અને ગોધરા તાલુકામાં ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયરની યોજના ક્યારથી અમલમાં છે, | (૧) શહેરા અને ગોધરા તાલુકા, જિ.પંચમહાલમાં ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયરની જગ્યાઓ તા.૧૫–૭–૨૦૧૩ થી મંજૂર થઈને અમલમાં આવેલી છે. |
| (૨) ઉકત યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકામાં કેટલી અરજીઓ આવી, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ શહેરા તાલુકામાં ૮૧૦ અને ગોધરા તાલુકામાં ૧૧૩૨ અરજીઓ આવેલી છે. |
| (૩) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) (૧) શહેરા તાલુકો<br>શહેરા તાલુકામાં આવેલી ૮૧૦ અરજીઓ પૈકી જે આંગણવાડી કેન્દ્રો માટે જે તે ગામનાં ગ્રામ પંચાયતનાં ઠરાવ દ્વારા (૩) ત્રણ ઉમેદવારની અરજી મોકલવામાં આવેલી હતી તેવા જ ૧૪૩ આંગણવાડી કેન્દ્રો માટે ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયરની નિમણૂંક આપવામાં આવેલ છે જે આંગણવાડી કેન્દ્રોની ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયરની ભરતી માટે ત્રણથી ઓછી કે વધારે ઉમેદવારની અરજીઓ ગ્રામ પંચાયત દ્વારા મોકલવામાં આવેલ છે તે નિયમ વિરૂધ્ધ હોઈ ફકત ૩ (ત્રણ) ઉમેદવારની દરખાસ્ત ગ્રામ પંચાયત પાસેથી મેળવી કાર્યવાહી કરવામાં આવશે.<br>(૨) ગોધરા તાલુકો<br>ગોધરા તાલુકામાં આવેલી ૧૧૩૨ અરજીઓ પૈકી આંગણવાડી કેન્દ્રો માટે ગ્રામ પંચાયત તરફથી ૩ (ત્રણ) ઉમેદવારોની ભલામણ સાથેની અરજીઓ મોકલાવેલ છે તેવા આંગણવાડી કેન્દ્રો પર ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયરની ભરતીની પ્રક્રિયા ચાલુમાં છે. અને જે આંગણવાડી માટે ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયરની ભરતી માટે અરજીઓ આવેલી નથી અથવા જે આંગણવાડી કેન્દ્રો માટે ૩ (ત્રણ) થી ઓછી કે વધારે અરજીઓ ગ્રામ પંચાયત દ્વારા મોકલવામાં આવેલ છે તે નિયમ વિરૂધ્ધ હોય ફકત ૩ (ત્રણ) ઉમેદવારની ભલામણવાળી અરજી ગ્રામ પંચાયત પાસેથી મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

વડોદરા જિલ્લાની મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના

* ૨૩૮૫૦ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ, અને

(૧) હા

(૨) જો હા, તો વડોદરા જિલ્લાના કેટલા મહિલા ખેલાડીઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાનો લાભ મળેલ છે?

(૨)

| ક્રમ | યોજનાનું નામ | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૬ સુધી યોજનાનો લાભ લેનાર મહિલા ખેલાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જિલ્લાકક્ષા મહિલા રમતોત્સવ | ૨૪૩૬ |
| ૨ | રાજ્યકક્ષાએ ભાગ લીધેલ ખેલાડીઓ | ૨૨૩ |
| ૩ | રાજ્યકક્ષાની મહિલા જીમ્નાસ્ટીક સ્પર્ધા ખેલાડીઓ | ૮૦ |
| ૪ | મહિલા પુરસ્કાર યોજના | ૧૭૫ |
| | કુલ | ૨૯૧૪ |

---------

કેન્સર, હૃદય, કીડનીની બીમારીઓમાંથી બી.પી.એલ. સિવાયના દર્દીઓને સારવારમાં સંપુર્ણ રાહત

* ૨૫૮૦૮ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેન્સર, હૃદય, કીડનીની ગંભીર બિમારીઓમાંથી બી.પી.એલ. સિવાયના દર્દીઓને સારવારમાં સંપુર્ણ રાહત આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી તે વાત સાચી છે, અને

જવાબ

(૧) ના, જી.

તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેન્સર, હૃદય, કીડનીની ગંભીર બિમારીઓમાંથી બી.પી.એલ. સિવાયના વાર્ષિક રૂા. ૧,૨૦,૦૦૦/-કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોને રૂા. ૨,૦૦,૦૦૦/-સુધીની કેશલેસ સારવાર મા વાત્સલ્ય યોજના હેઠળ આપવામાં આવે છે.

તેમજ

ગુજરાત કેન્સર રીચર્સ ઈન્સ્ટીટયુટ, યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી અને ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીચર્સ સેન્ટર, અમદાવાદ ખાતે નીચે જણાવેલ દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવે છે.

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ અંતગર્ત ૧૮ વર્ષથી નીચેની ઉંમરના દર્દીઓ

(૨) અનુસુચિત જનજાતિના દર્દીઓ

(૩) અનુસુચિત જાતિના વાર્ષિક રૂા. ૬૮,૦૦૦/- થી ઓછી આવક ધરાવનાર દર્દીઓ.

(૪) સરકાર માન્ય પત્રકાર

(૫) રાજ્યની જેલના કેદીઓ

(૬) ગુજરાત વિધાનસભાના ધારાસભ્યશ્રીઓ

(૭) સ્વાતંત્ર્ય સેનાનીઓ

તથા

એલઆઈજી યોજના હેઠળ વાર્ષિક રૂા. ૨.૦૦ લાખ સુધીની આવક ધરાવતાં કુટુંબના દર્દીઓને અને વાર્ષિક રૂા.

૬૮,૦૦૦/થી વધારે આવક ધરાવતાં અનુસુચિત જાતિના દર્દીઓને ૫૦ ટકા રાહત દરે સારવાર આપવામાં આવે છે.

(૨) જો હા, તો તેના અંતિમ નિર્ણયની વિગતો શું છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કડી-કલ્યાણપુર રોડને ફોરલેન કરવા બાબત

* ૨૩૮૫૯ શ્રી રૂષિકેશ પટેલ (વિસનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કડી-કલ્યાણપુર રોડને ચારમાર્ગીય કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૭૯૪૩.૦૦ લાખ

(૩) કિ.મી. ૦/૦ થી ૧/૧૦૦-કામ પ્રગતિમાં
કિ.મી. ૧/૧૦૦ થી ૨૭/૪૫૦-નકશા અંદાજોને તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે.

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ

* ૨૫૬૬૯ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યાના કેટલા કિસ્સાઓ તાલુકાવાર નોંધાયા, અને

(૨) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) કૂલ ૧૯૭ કિસ્સાઓ નોંધાયેલ છે. જેની વિગતો નીચે પત્રક મુજબ છે.

| ક્રમ | વડોદરા જિલ્લો | | આણંદ જિલ્લો | |
|---|---|---|---|---|
| | તાલુકો | કેસ | તાલુકો | કેસ |
| ૧ | વડોદરા | ૧૩૯ | આણંદ | ૨૫ |
| ૨ | ડભોઈ | ૦૦ | ખંભાત | ૦૬ |
| ૩ | પાદરા | ૦૬ | બોરસદ | ૦૬ |
| ૪ | સાવલી | ૦૪ | પેટલાદ | ૦૧ |
| ૫ | શિનોર | ૦૧ | સોજીત્રા | ૦૧ |
| ૬ | વાઘોડીયા | ૦૦ | તારાપુર | ૦૨ |
| ૭ | કરજણ | ૦૨ | આંકલાવ | ૦૨ |
| ૮ | -- | -- | ઉમરેઠ | ૦૨ |
| | કુલ | ૧૫૨ | | ૪૫ |

(૨) આવી પેઢીઓના પરવાનાઓ વડોદરા જિલ્લામાં ૦૧ થી ૦૭ દિવસ માટે અને આણંદ જિલ્લામાં ૦૨ થી ૨૧ દિવસ માટે સ્થગિત કરવામાં આવેલ હતા.

---------

અમદાવાદ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૩૮૦૯ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) અમદાવાદ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને

જવાબ

(૧)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૧૦,૯૧૦ | ૫૯,૯૪૩ |

(૨) ૪૬ (છેતાલીસ)

(૩)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૬,૪૩૫ | ૬,૩૧૧ |

(૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી?

(૪)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| રૂ. ૧૨,૦૫,૮૩,૯૯૯/- | રૂ. ૧૧,૩૨,૯૧,૬૩૨/- |

---------

ખેડા જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૩૮૧૪ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

ખેડા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે?

જવાબ

ખેડા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૨ (બત્રીસ) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

---------

હારીજ–ઓરૂમાણા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૮૫૮ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં હારીજ–ઓરૂમાણા રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૯૩૭.૦૦ લાખ

(૩) ટેન્ડર મંજુર કરેલ છે. ઈજારદારશ્રીને ડીપોઝીટ ભરવા જણાવવામાં આવેલ છે.

---------

નિઝર–દેવલા–વ્યાવલ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૮૬૩ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લાનાં નિઝર–દેવલા–વ્યાવલ રસ્તાને પહોળો કરવા માટેનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂા. ૧૩૦૦.૦૦ લાખ.

(૩) પ્રગતિમાં.

---------

લીમડી–કરંબા સંજેલી રોડ પહોળો કરવા બાબત

* ૨૩૭૯૬ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમડી–કરંબા–સંજેલી રોડ પહોળો કરવા વર્ષ ૨૦૧૫–૧૬માં સરકારનું કોઈ આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) અને (૨) હા, જી. કરંબા થી સંજેલી રોડ પહોળો કરવા રૂા. ૫૦૦ લાખ મંજુર કરેલ છે.

(૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ.

---------

ધંધુકા તાલુકાના જુના બિસ્માર રસ્તાનું ડામરકામ

* ૨૩૮૦૦ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬માં અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના જુના બિસ્માર રસ્તાને ડામર કામ કરવાનું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ કેટલા

જવાબ

(૧) અને (૨) ના, જી., રસ્તાઓ વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે. ૪ રસ્તાઓની ૭૮૩.૦૦ લાખની મંજૂરી ૧–૦૬–૧૫ થી ૨૧–૧૦–૧૫ સુધીમાં આપવામાં આવી.

રસ્તાઓ માટે કેટલી રકમ ક્યારે મંજુર કરવામાં આવી છે?

---------

અમરેલી –ગાવડકા રસ્તો પહોળો કરવા બાબત

* ૨૩૮૧૭ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ અમરેલી થી જુનાગઢ જિલ્લાને જોડતાં અમરેલી–ગાવડકા રસ્તાને ૧૦ મી. પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૫૪૯.૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

---------

બારડોલી તાલુકાના ઉતારા–વધાવા–કરચકા રોડનું પેવરથી રીસરફેસ

* ૨૩૭૯૨ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ઉતારા વધાવા કરચકા રોડને પેવરથી રીસરફેસ કરવા વર્ષ ૨૦૧૫–૧૬માં મંજુરી આપેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂ. ૩૫૧ લાખ તા. ૩૧–૦૮–૨૦૧૫ના રોજ મંજૂર કરેલ છે. |
| (૨) જો હા, તો કેટલી રકમ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

---------

અરવલ્લી જિલ્લામાં આંગણવાડીઓમાં પીવાના પાણી અને શૌચાલયની સગવડ

* ૨૫૪૨૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવેલ આંગણવાડીઓ પૈકી કેટલી આંગણવાડીઓમાં પીવાના પાણી તથા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કુલ–૧૪૩૭ આંગણવાડી કેન્દ્રો પૈકી ૩૩૩ આંગણવાડી કેન્દ્રમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી. (આંગણવાડી કેન્દ્રમાં નજીકમાંથી પીવાનું પાણી ઉપલબ્ધ થાય છે) ૧૯૦ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા નથી. |
| (૨) ઉક્ત બાકી આંગણવાડીઓમાં ઉક્ત સુવિધાઓ કેટલા સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે ? | (૨) પીવાના પાણીમાં ૩૩૩ કેન્દ્રો પૈકી<br>• ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૧૫–૧૬ તથા વર્ષ ૨૦૧૬–૧૭ ની નાણાકીય જોગવાઈમાંથી ૫૨ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.<br>• જે પૈકી ૨૨ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી શરૂ થઈ ગયેલ છે, અને<br>• ૩૦ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી વર્ષ ૨૦૧૬–૧૭ ની નાણાંકીય જોગવાઈમાંથી શરૂ થનાર છે.<br>• ૨૦૧ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વાસ્મો દ્વારા કામગીરી પ્રગતિમાં છે.<br>• ૮૦ આંગણવાડી કેન્દ્રો માટે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા જિલ્લા આયોજન મંડળ |

દ્વારા ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

- ૧૯૦ આંગણવાડી કેન્દ્રોમાંના શૌચાલય બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

---------

રોલાઆંબાથી મોટી પંડુલી ઢેકવા રસ્તાને ડામર કામ

* ૨૫૪૫૭ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાનો રોલાઆંબાથી મોટી પંડુલી ઢેકવા રસ્તાને છેલ્લે ક્યારે ડામર કામ કરવામાં આવ્યું હતુ, | (૧) વર્ષ ૨૦૦૮–૦૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તો વાહનવ્યવહાર લાયક રહ્યો નથી, એ હકીકત સાચી છે, અને | (૨) રસ્તાને મરામત કરી વાહનવ્યવહાર લાયક રાખવામાં આવે છે. |
| (૩) જો હા, તો ઉકત રસ્તો ક્યારે ડામર કામ કરવામાં આવશે ? | (૩) તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવે છે. |

---------

ખડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનના બાંધકામની મંજૂરી

* ૨૪૨૩૪ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તારાપુર તાલુકાના ખડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનના બાંધકામની ક્યારે મંજૂરી આપવામાં આવી તથા કેટલી રકમની દરખાસ્ત મંજૂર કરવામાં આવી અને | (૧) તારાપુર તાલુકાના ખડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનના બાંધકામની મંજૂરી વર્ષ ૨૦૧૧–૧૨ માં આપવામાં આવેલ હતી, જેમાં રૂ. ૫૦.૦૦ લાખની દરખાસ્ત મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ બાંધકામમાં વિલંબ માટે જવાબદાર સામે સરકારે શાં પગલાં લીધા ? | (૨) ઉક્કત સ્થિતિએ મૂળભૂત જોગવાઈ અનુસાર મુળ વહીવટી મંજૂરી રૂ. ૬૨.૨૭ લાખની હતી, પરંતુ બાંધકામની જગ્યા પસાર થતાં ડામર માર્ગથી નોંધપાત્ર નીચી હોઈ તેમજ દરિયાકાંઠાના વિસ્તારના કારણે બાંધકામનું લોખંડ કાટ વિરોધક લેવાની જરૂરિયાત હોઈ સુધારેલ વહીવટી મંજૂરી રૂ. ૯૭.૧૯ લાખની મેળવવી પડેલ હતી. ત્યાર બાદ ખોદકામ દરમ્યાન જે તે માટી પાયા માટે યોગ્ય ન હોઈ તેમજ તાંત્રિક રીતે ગણનાપાત્ર ઉંડાઈમાં ફ્રેમ સ્ટ્રકચર કરવું જરૂરી હોઈ ફરીથી સુધારેલ વહીવટી મંજૂરી રૂ. ૧૨૫.૦૦ લાખની મેળવવી પડેલ હતી, આમ જે તે જગ્યાએ આજુબાજુના રહીશોના જાહેર હિતમાં મંજૂર થયેલ કામ બે વખત સુધારેલ વહીવટી મંજૂરી મેળવીને કરવું પડેલ છે. વહીવટી કારણોસર કામગીરી વિલંબિત થયેલ હોઈ જવાબદાર સામે પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહેસાણા જિલ્લામાં રસ્તાઓના જોબ નંબર

* ૨૫૮૪૦ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નોન પ્લાન–રસ્તાઓ માટે છેલ્લા બે વર્ષમાં કેટલા જોબ નંબરો આપવામાં આવ્યા,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | નોન પ્લાન રસ્તાઓ માટે આપેલ જોબ નંબરો |
| --- | --- | --- |
| ૧ | મહેસાણા | ૫૭ |
| ૨ | સતલાસણા | ૪ |
| ૩ | બેચરાજી | ૧૧ |

| | | |
|---|---|---|
| ૪ | ખેરાલુ | ૫ |
| ૫ | વડનગર | ૨૦ |
| ૬ | વિસનગર | ૩૭ |
| ૭ | વિજાપુર | ૨૧ |
| ૮ | ઉંઝા | ૨૦ |
| ૯ | કડી | ૩૫ |
| | કુલ | ૨૧૦ |

(૨) તે અન્વયે કેટલી રકમ ફાળવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો શરૂ કરવામાં આવ્યા તથા બાકી રહેલા કામો ક્યારે શરૂ થશે ?

(૨) રૂ. ૧૯૧૫૧.૩૦ લાખ

(૩) ૧૧૩ કામો શરૂ કરવામાં આવ્યા, બાકી રહેલા કામો બનતી ત્વરાએ.

ઢસા થી ઢસા જંકશન સુધીના રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૮૧૯ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઢસા થી ઢસા જંકશનના રસ્તાને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત્ત કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૩૦૫.૦૦ લાખ.

(૩) ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ.

અમરેલી અને કુંકાવાવ–વડીયા તાલુકામાં રસ્તાઓનું પેવર કામ

* ૨૫૧૨૮ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧, જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી, કુંકાવાવ અને વડીયા તાલુકામાં છેલ્લા સાત વર્ષથી પેવર ન થયા હોય તેવા કયા રસ્તા છે, અને

(૨) ઉપરોક્ત સ્થિતિએ આ રસ્તાઓનું ક્યારે પેવરકામ થયું હતું ?

જવાબ

(૧) અને (૨) પરિશિષ્ટ–૧ મુજબ

પરિશિષ્ટ–૧

| રસ્તાનું નામ | છેલ્લું પેવરકામ પૂર્ણ થયાનું વર્ષ |
|---|---|
| બાબપુરથી થોરડી રોડ | ૨૦–૦૭–૨૦૦૮ |
| ગીરીયાપરા એપ્રોચ રોડ | ૩૧–૦૩–૨૦૦૫ |
| સદગુરૂનગર અપ્રોચ રોડ | ૧૫–૦૩–૨૦૦૮ |
| બક્ષીપુર એપ્રોચ રોડ | ૨૫–૦૪–૨૦૦૮ |
| દેવળીયા એપ્રોચ રોડ | ૧૦–૦૭–૨૦૦૮ |
| મોટા ભંડોરીયા સણોસરા રોડ | ૧૫–૦૬–૨૦૦૮ |
| રાંઢીયા કાઠમા રોડ | ૨૦–૦૭–૨૦૦૮ |
| ટીંબલા એપ્રોચ રોડ | ૨૦–૦૭–૨૦૦૮ |
| ખાખરીયા ખડખડ ભુંખલી સાંથલી રોડ | ૩૦–૦૬–૨૦૦૬ |
| દેવળકી (એપ્રોચ) દેવળા રોડ | ૩૦–૧૨–૨૦૦૬ |
| મેઘાપીપરીયા તરઘરી રોડ | ૧૨–૧૨–૨૦૦૭ |
| લુણીધાર જીથુડી રોડ | ૨૫–૦૫–૨૦૦૬ |
| અમરાપુર બરવાળા બાવીશી રોડ | ૦૮–૧૧–૨૦૦૬ |
| મોટા ઉજળા તાલાળી સનાળી રોડ જિલ્લા હદ સુધી (સેકશન સનાળી થી જિલ્લા હદ સુધી) | ૧૪–૦૨–૨૦૦૪ |
| વાવડી ચૌકી લાખાપાદર ઈશ્વરીયા રોડ | ૧૫–૦૬–૨૦૦૬ |
| સણોસરા બરવાળા બાવીશી રોડ | ૩૦–૦૬–૨૦૦૫ |
| રામપુર એપ્રોચ રોડ | ૧૨–૦૩–૨૦૦૬ |

| | |
|---|---|
| નવા ઉજળા નાની કુંકાવાવ રોડ | ૨૧-૦૬-૨૦૦૭ |
| રામપુર સરધારપુર રોડ | ૨૫-૦૯-૨૦૦૬ |
| ઢુંઢીયા પીપરીયા એપ્રોચ રોડ | ૧૫-૦૨-૨૦૦૬ |
| હનુમાન ખીજડીયા હડમતીયા રોડ | ૨૫-૦૨-૨૦૦૧ |
| લુણીધાર માયાપાદર બાંભણિયા રોડ | ૧૭-૧૨-૨૦૦૮ |
| અમરેલી-ધારી-કોડીનાર રોડ (અંશતઃ) | ૨૦-૧૧-૨૦૦૬ |
| અમરેલી ફતેપુર રોડ | ૦૪-૦૧-૨૦૦૮ |
| વડીયા ચોકી કુકાવાવ રોડ (અંશતઃ) | ૨૦-૦૪-૨૦૦૭ |
| બાબરા-ચિતલ અમરેલી રોડ (અંશતઃ) | ૨૮-૧૧-૨૦૦૮ |

### રાજ્યમાં સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો

* ૨૩૮૨૭ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વ-નિર્ભર ડેન્ટલ કોલેજો કાર્યરત છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૧ સ્વ-નિર્ભર ડેન્ટલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વ-નિર્ભર ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સ્વ-નિર્ભર ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સ્વ-નિર્ભર ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજ્યમાં અનુસૂચિત જાતિના યુવકો માટે કાર્યક્રમો

* ૨૩૮૩૮ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં અનુસૂચિત જાતિના યુવકો માટે કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૧૨૦. |
| (૨) ઉક્ત કાર્યક્રમ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) રૂ. ૧,૮૬,૨૮,૦૦૦/-. |
| (૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧,૪૬,૭૬,૬૮૪/-. |

### મહેસાણા જિલ્લામાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ

* ૨૫૭૯૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યાનાં કેટલા કિસ્સાઓ નોંધાયા, અને | (૧) કુલ ૮૦કિસ્સાઓ નોંધાયેલ છે. જેની વિગતો નીચે પત્રક મુજબ છે. |

| ક્રમ | મહેસાણા જિલ્લો | |
|---|---|---|
| | તાલુકો | કેસ |
| ૧ | મહેસાણા | ૪૬ |
| ૨ | વિસનગર | ૮ |
| ૩ | વિજાપુર | ૧૨ |
| ૪ | સતલાસણા | ૦૦ |
| ૫ | બેચરાજી | ૪ |
| ૬ | ઉંઝા | ૬ |
| ૭ | વડનગર | ૧ |
| ૮ | કડી | ૩ |
| ૯ | ખેરાલુ | ૦૦ |

| | |
|---|---|
| કુલ | ૮૦ |

(૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) આવી પેઢીઓના પરવાનાઓ ૧ થી ૭ દિવસ માટે સ્થગિત કરવામાં આવેલ હતા.

વ્યારા ખાતેની જનરલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરની સુવિધા

* ૨૪૪૦૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં વ્યારા ખાતેની જનરલ હોસ્પીટલમાં ટ્રોમાં સેન્ટરની વ્યવસ્થા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ટ્રોમા સેન્ટર ઉપલબ્ધ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) હા જી.

(૨) વ્યારા ખાતે ટ્રોમાની સારવાર માટે જરૂરી તમામ ઈમરજન્સી સારવાર મળી રહે તે પ્રમાણેની સુવિધા ઉપલબ્ધ છે. તેથી હાલ નવું ટ્રોમા સેન્ટર ઉભું કરવાની જરૂરીયાત જણાતી નથી.

ફીમેલ હેલ્થ વર્કરના વેતનમાં વધારો

* ૨૪૪૬૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ફીમેલ હેલ્થ વર્કરને માસિક કેટલી રકમ ચુકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં છેલ્લે કેટલી રકમનો ક્યારે વધારો કરવામાં આવ્યો ?

જવાબ

(૧) – ફીક્સ પગારદારને માસિક રૂ. ૧૦૦૦૦/–
– નિયમિત પગાર ધોરણમાં પે બેન્ડ રૂ. ૫૨૦૦–૨૦૨૦૦માં ગ્રેડ પે રૂ. ૧૯૦૦/–

(૨) – ફીક્સ પગાર રૂ઼ા. ૭૮૦૦/–માં રૂ. ૨૨૦૦/– માસિક ખાસ ભથ્થું તા. ૧–૧૦–૨૦૧૫ થી મળે છે.
– ખાસ ભથ્થા પર રૂ. ૧૫૦૦નો વાર્ષિક વધારો ના.વિ.ના તા. ૧–૧–૨૦૧૬ના ઠરાવ અન્વયે તા. ૧–૧૦–૨૦૧૬થી મળવાપાત્ર થશે.

ખાનપુર તાલુકા મથક બાકોરના સી.એચ.સી. પર મંજુર મહેકમ

* ૨૩૭૬૦ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના મથક બાકોરના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ મહેકમ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) બાકોરના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ મહેકમ સામે સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત પત્રકમાં દર્શાવ્યા મુજબ છે.

(૨) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક

બાકોર સા.આ.કેન્દ્ર ખાતે મંજુર, ભરેલી અને ખાલી જગ્યાની માહિતી દર્શાવતું પત્રક.

તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | સંવર્ગનું નામ | સા.આ.કેન્દ્ર, બાકોર, તા. ખાનપુર | | |
|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | તજજ્ઞ વર્ગ–૧ | ૪ | ૦ | ૪ |
| ૩ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૪ | ૦ | ૪ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૧ | ૦ | ૧ |
| ૫ | એક્સ રે ટેકનીશીયન વર્ગ–૩ | ૧ | ૦ | ૧ |
| ૬ | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |
| ૭ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | સીસ્ટર ઈન્ચાર્જ વર્ગ–૩ | ૦ | ૦ | ૦ |
| ૯ | સ્ટાફ નર્સ વર્ગ–૩ | ૭ | ૫ | ૨ |
| ૧૦ | હેડ કલાર્ક વર્ગ–૩ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | એક્સ–રે આસીસ્ટન્ટ વર્ગ–૩ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | સીનીયર કલાર્ક વર્ગ–૩ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | જુનિયર કલાર્ક વર્ગ–૩ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | ડ્રાઈવર વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |
| ૧૬ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૦ | ૧ |
| ૧૭ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૧ | ૦ |
| ૧૮ | વોર્ડ બોય વર્ગ–૪ | ૨ | ૨ | ૦ |
| ૧૯ | ધોબી વર્ગ–૪ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | માળી વર્ગ–૪ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | આયા વર્ગ–૪ | ૧ | ૧ | ૦ |
| ૨૨ | સ્વીપર વર્ગ–૪ | ૧ | ૧ | ૦ |
| ૨૩ | વોચમેન વર્ગ–૪ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | રસોઈયા વર્ગ–૪ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | સ્વીપર (પાર્ટ ટાઈમ) | ૨ | ૧ | ૧ |
| ૨૬ | વોચમેન (પાર્ટ ટાઈમ) | ૨ | ૧ | ૧ |
| | કુલ | ૩૩ | ૧૫ | ૧૮ |

નોંધ :– તા. ૧૭–૦૨–૨૦૧૬ના હુકમથી સામુહિક આરોગ્ય કેન્દ્ર, બાકોર ખાતે ૨ (બે) તબીબી અધિકારીઓની બદલીથી મુકવાના આદેશ કરવામાં આવેલ છે. જે પૈકી ૧ (એક) તબીબી અધિકારી ફરજ પર હાજર થયેલ છે.

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રસ્તાઓના કામમાં આયાતી ડામરનો ઉપયોગ

* ૨૫૮૧૨ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા અને કયા ડામર રસ્તાઓના કામોમાં આયાતી ડામરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાનો માલ સામાન વાપરવાને કારણે કામ ખરાબ થયેલ હોવાની કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૩) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

જવાબ

(૧) *પરિશિષ્ટ–૧ મુજબ

(૨)

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૩ |
| ૨૦૧૫–૧૬ | ૦ |

(૩) ૨ ફરિયાદો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને લગતી હોઈ તેઓને તબદીલ કરેલ છે અને ૧ ફરિયાદની પ્રાથમિક તપાસમાં રજુઆતને સમર્થન ન મળતાં અરજી દફ્તરે કરેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અમરેલી ગાવડકા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૮૬૧ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ અમરેલી થી જુનાગઢ જિલ્લાને જોડતાં અમરેલી–ગાવડકા રસ્તાને ૧૦મી. પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂા. ૫૪૯.૦૦ લાખ.

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

અતારાંકિત પ્રશ્નોત્તરી

વડાલી-ખેડબ્રહ્મા-ખેરોજ રસ્તાને ફોરલેન કરવા બાબત

* ૨૩૮૫૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વડાલી-ખેડબ્રહ્મા-ખેરોજ રસ્તાને ચારમાર્ગીય કરવાનું કોઈ આયોજન છે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૧૫૭૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) રસ્તાનું ચારમાર્ગીયનું ટેન્ડર મંજુરીની પ્રક્રિયામાં અને ૨ મોટા પુલના કામનાં નકશા અંદાજોને તાંત્રિક મંજુરી આપેલ છે. |

ધોલેરા તાલુકા ખાતે સેવા સદનનું બાંધકામ

* ૨૩૮૫૬ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ નવરચિત ધોલેરા તાલુકા ખાતે તાલુકા સેવા સદનના બાંધકામનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૧૦૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

ગીર ગઢડા તાલુકાના ખાપટ-ઝુડવડલી-ફાટસર-ઈટવાયા-ખીલાવડ-ધોકડવા રોડનું કામ

* ૨૩૮૭૦ શ્રી અરવિંદભાઈ લાડાણી(કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના ખાપટ-ઝુડવડલી-ફાટસર-ઈટવાયા-ખીલાવડ-ધોકડવા રોડના કામને રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૪૮૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ તબક્કે. |

સુરત જિલ્લામાં ખેલે ગુજરાત કાર્યક્રમ હેઠળ શિબિરો

* ૨૩૮૫૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રમતગમત વિભાગ હેઠળ 'ખેલે ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં તાલુકા કક્ષાની શિબિરો યોજવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ શિબિરોમાં મુખ્યત્વે કઈ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) કબડ્ડી, ખો-ખો. વોલીબોલ અને એથ્લેટીક્સ. |
| (૩) ઉક્ત શિબિરો પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૯,૭૮,૯૪૦/-. |

પાલનપુર સીવીલ હોસ્પીટલનું નવું બિલ્ડીંગ તૈયાર કરવા બાબત

* ૨૫૨૨૬ શ્રી મહેશુકમાર પટેલ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેનું સીવીલ હોસ્પીટલનું આધુનિક નવુ બિલ્ડીંગ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તૈયાર થઈ ગયેલ છે તે હકીકત સાચી છે કે કેમ ? | (૧) હા, જી. |

(૨) જો હા તો આ નવા બિલ્ડીંગમાં હોસ્પીટલ કાર્યરત ન કરવાના શા કારણો છે, અને

(૨) નવા બિલ્ડીંગ માટે જરૂરી સાધન સામગ્રીની ખરીદ પ્રક્રિયા ચાલુ છે.

નવા બિલ્ડીંગમાં પેથોલોજી, માઈક્રોબાયોલોજી વિભાગ માટે પ્લેટફોર્મ અને પાર્ટીશન બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) ઉક્ત આધુનિક નવા બિલ્ડીંગમાં સરકાર દર્દીઓને ક્યાં સુધીમાં સારવાર આપવા માગે છે?

(૩) હાલમાં નવા બિલ્ડીંગ ખાતે ૧૫ હેમોડાયાલીસીસ મશીન સાથેનું ડાયાલીસીસ યુનિટ કાર્યરત છે.

નવા બિલ્ડીંગના લેબોરેટરી વિભાગમાં તમામ કલ્ચર (બ્લડ સિવાય) ની કામગીરી, ડેંગ્યુ વિગેરે માટેના રીપોર્ટસ તેમજ બ્લડ રીપોર્ટસની કામગીરી કરવામાં આવે છે.

નવા બિલ્ડીંગમાં સ્વાઈન ફ્લ્યુ માટે આઈશોલેશન ઓપીડી કાર્યરત છે.

નવા બિલ્ડીંગ ખાતે ઉપરોક્ત આરોગ્ય વિષયક સેવાઓ કાર્યરત છે. અનુક્રમ ૨ ના જવાબમાં જણાવ્યા મુજબની કાર્યવાહી પુર્ણ થયેથી તમામ દર્દીઓને નવા બિલ્ડીંગમાં સારવાર આપવામાં આવશે.

### આણંદ જનરલ હોસ્પીટલમાં મંજુર મહેકમ

* ૨૪૩૮૦ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને

(૧) આણંદ જિલ્લાની જનરલ હોસ્પિટલ પેટલાદ ખાતે સંવર્ગવાર મંજુર મહેકમની સામે ખાલી જગ્યાઓની વિગત

| સંવર્ગ | મંજુર | ખાલી |
|---|---|---|
| વર્ગ–૧ | ૧૪ | ૭ |
| વર્ગ–૨ | ૦૮ | ૦૩ |
| વર્ગ–૩ | ૫૫ | ૧૬ |
| વર્ગ–૪ | ૩૬ | ૧૮ |
| કુલ | ૧૧૩ | ૪૪ |

વિગત વાર પત્રક સામેલ છે.

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) વર્ગ–૧માં તજજ્ઞોના દર સોમવારે અને વર્ગ–૨ના તબીબી અધિકારીઓના દર મંગળવારે વોક ઈન–ઈન્ટવ્યુ રાખવામાં આવે છે, જેમાં યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

નિયમિત ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક સમયાંતરે મોકલવામાં આવે છે. જે અન્વયે યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

વર્ગ–૩ની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે.

વર્ગ–૪ની ખાલી જગ્યાઓ ઉપર આઉટ સોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે.

વિગતવાર પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | ૨૪/૦૬/૧૧ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | તા.૧/૬/૧૩ |
| ૩ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ | તા.૨૦/૫/૦૮ |
| ૪ | ફીઝીશીયન | ૧ | ૦ | ૧ | તા.૨૨/૭/૦૪ |
| ૫ | ઓપ્થલ્મિક સર્જન | ૧ | ૧ | ૦ | – |
| ૬ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૨/૮/૦૩ |
| ૭ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | તા.૦૯/૧૦/૦૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | – |
| ૯ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૧ | ૦ | – |
| ૧૦ | ઈ.એન.ટી. સર્જન | ૧ | ૦ | ૧ | તા.૫/૧૧/૧૦ |
| ૧૧ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૧ | ૦ | – |
| ૧૨ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | – |
| ૧૩ | એમ.ડી.એસ.ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | – |
| ૧૪ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | – |
| | વર્ગ–૧ કુલઃ– | ૧૪ | ૭ | ૭ | – |
| ૧૫ | કલીનીકલ સાયકોલોજીસ્ટ વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | તા.૧૧/૫/૧૦ |
| ૧૬ | વહીવટી અધિકારી | ૧ | ૦ | ૧ | તા.૧/૩/૧૪ |
| ૧૭ | તબીબી અધિકારી | ૬ | ૫ | ૧ | તા.૩૦/૮/૧૩ |
| | વર્ગ–૨ કુલઃ– | ૮ | ૫ | ૩ | |
| ૧૮ | કચેરી અધિક્ષક | ૧ | ૧ | ૦ | – |
| ૧૯ | હેડ કલાર્ક | ૨ | ૧ | ૧ | તા.૨૮/૨/૧૪ |
| ૨૦ | સીનીયર કલાર્ક | ૨ | ૦ | ૨ | તા.૨૫/૯/૧૨, તા.૧૬/૧/૧૩ |
| ૨૧ | જુનીયર કલાર્ક | ૨ | ૦ | ૨ | તા.૧૭/૯/૧૩, તા.૩૦/૯/૧૩ |
| ૨૨ | સીનીયર ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૦ | – |
| ૨૩ | જુનીયર ફાર્માસીસ્ટ | ૪ | ૪ | ૦ | – |
| ૨૪ | સ્ટાફનર્સ | ૨૮ | ૨૩ | ૫ | ૩૦/૮/૧૩–૫ |
| ૨૫ | હેડનર્સ | ૫ | ૫ | ૦ | – |
| ૨૬ | આસી.ન.સુપ્રિ. | ૧ | ૦ | ૧ | તા.૪/૭/૧૩ |
| ૨૭ | એકસ–રે ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | – |
| ૨૮ | એકસ–રે આસીસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | તા.૩/૧/૧૧ |
| ૨૯ | લેબ.ટેકનીશીયન | ૨ | ૧ | ૧ | તા.૬/૮/૨૦૧૦ |
| ૩૦ | લેબ.આસીસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | તા.૧૨/૬/૦૮ |
| ૩૧ | ડ્રાયવર | ૨ | ૦ | ૨ | તા.૧/૧૧/૦૭, તા.૯/૮/૧૨ |
| ૩૨ | પંપમેન કમ વાયરમેન | ૧ | ૧ | ૦ | |
| ૩૩ | ઓપ્થલમીક આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | |
| | વર્ગ–૩ કુલઃ– | ૫૫ | ૩૯ | ૧૬ | |
| ૩૪ | વર્ગ–૪ | ૩૬ | ૧૮ | ૧૮ | વર્ગ–૪ની ખાલી જગ્યાઓ સામે આઉટ સોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે. |
| | વર્ગ–૧ થી ૪ કુલઃ– | ૧૧૩ | ૬૯ | ૪૪ | |
| | સમરી | | | | |
| | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી | |
| | વર્ગ–૧ | ૧૪ | ૭ | ૭ | |
| | વર્ગ–૨ | ૮ | ૫ | ૩ | |
| | વર્ગ–૩ | ૫૫ | ૩૯ | ૧૬ | |
| | વર્ગ–૪ | ૩૬ | ૧૮ | ૧૮ | |
| | કુલ | ૧૧૩ | ૬૯ | ૪૪ | |

છોટા ઉદેપુર જિલ્લામાં તેજગઢ–રાયસીંગપુરા વચ્ચે ઓરસંગ નદી પર પુલ

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૩૭૯૯ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તેજગઢ – રાયસીંગપુરા વચ્ચે ઓરસંગ નદી પર પુલ બાંધવાનું કામ ૨૦૧૫–૧૬ના વર્ષમાં મંજુર થયેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૧) અને (૨) હા, જી. ૩૩૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) નક્શા અંદાજ તબક્કે. |

### બાલાશિનોર સી.એચ.સી.માં પથારી(બેડ)માં વધારો કરવા બાબત

* ૨૩૭૫૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બાલાશિનોર ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ કેટલી પથારીની વ્યવસ્થા છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બાલાશિનોર ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ–૩૦ પથારીની વ્યવસ્થા છે. |
| (૨) તે અન્વયે દર્દીઓની સંખ્યા ધ્યાને લઈ આ કેન્દ્રમાં પથારીની (બેડ) સંખ્યમાં વધારો કરવા સરકારે શા પગલાં લીધા ? | (૨) સામુહીક આરોગ્ય કેન્દ્ર બાલાશિનોરની છેલ્લા ૨ (બે) વર્ષના ઈન્ડોર દર્દીઓની માહીતી જોતા દૈનિક સરેરાશ ૧૯ થી ૨૧ રહેલ છે. જેથી સા.આ.કેન્દ્ર બાલાશીનોરમાં પથારી વધારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### હરસોલ અને મોહનપુર ગામે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

* ૨૫૮૨૫ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ અને મોહનપુર ગામે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે માંગણી કે રજુઆત મળેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા તો તે અન્વયે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) સર્વગ્રાહી વિચારણા કરી તાલુકામાં કયા સ્થળે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવું તે નક્કી કરવામાં આવશે. |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા કયાં સુધીમાં આ નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવશે ? | (૩) સર્વગ્રાહી વિચારણાને અંતે તાત્કાલિક. |

### કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૩૮૨૯ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.30–૧૧–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાં બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૧–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ બાળકોની વિગત નીચે મુજબની છે.

| જિલ્લો | વર્ષ | ચકાસેલ બાળકો |
|---|---|---|
| કચ્છ | ૨૦૧૩–૧૪ | ૫,૬૦,૩૭૩ |
| | ૨૦૧૪–૧૫ | ૫,૯૪,૭૧૩ |

પ્રશ્ન

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી ગંભીર રોગની બિમારી ધરાવતા કેટલા બાળકો જણાયા, અને કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવેલ છે ?

જવાબ

(૨) તે પૈકી ગંભીર રોગની બિમારી ધરાવતા બાળકો તથા ચશ્મા આપેલ બાળકોની વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | વર્ષ | ગંભીર બિમારી ધરાવતા બાળકો | ચશ્મા આપેલ બાળકો |
|---|---|---|---|
| કચ્છ | ૨૦૧૩–૧૪ | ૮૧ | ૧૧૫૧ |
| | ૨૦૧૪– | ૧૪૧ | ૨૦૬૬ |

| | ૧૫ | | |
|---|---|---|---|

અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર

* ૨૩૮૩૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાં નવુ ટ્રોમા સેન્ટર કયારથી કાર્યરત કરવામાં આવ્યું,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટરની પાછળ કુલ કેટલો ખર્ચ થયો અને

(૩) તેનાથી દર્દીઓની સારવારની સેવાઓમાં શુ વધારો થયો ?

જવાબ

(૧) સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાં નવુ ટ્રોમા સેન્ટર તા.૨૨–૧૨–૨૦૧૫ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સીવીલ હોસ્પિટલ, અમદાવાદના નવા ટ્રોમા સેન્ટરની પાછળ કુલ ૬૯.૫૭ કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) નવા કાર્યરત થયેલ ટ્રોમા સેન્ટરમાં વિભાગવાર વેઈટીંગ એરીયા સાથે સેવાઓમાં નીચે મુજબ વધારો થયેલ છે.
(૧) પથારીની સંખ્યા–૯૦ થી ૧૪૦
(૨) આઈ.સી.યુ. અને પી.આઈ.સી.યુ.બેડ ૩૭ થી ૫૦
(૩) ઓ.ટી. ટેબલ–૪ થી ૬

અમદાવાદ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજુર રસ્તાઓ

* ૨૩૭૫૪ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વિકાસ પથ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રસ્તાઓના નિર્માણને મંજુરી આપવામાં આવી

(૨) તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા અને કેટલા કામ અધુરા છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) તાલુકા મથકોએથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવાની યોજના વર્ષ ૨૦૦૬થી શરૂ કરવામાં આવેલ તે અન્વયે વર્ષ ૨૦૦૫–૦૬ થી ૨૦૧૦ –૧૧ દરમ્યાન અમદાવાદ જિલ્લાના લાભ આપવાપાત્ર થતા બધાજ તાલુકા મથકોને આ યોજનાનો લાભ આપી કામો પૂર્ણ કરેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉના સામુહિક આરોગ્ય કેન્દ્રને હોસ્પીટલમાં અપગ્રેડ કરવા બાબત

* ૨૫૩૬૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિ ઉના સામુહિક આરોગ્ય કેન્દ્ર ૧૦૦ બેડની હોસ્પીટલમાં અપગ્રેડ કરવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો, હા તો ઉક્ત આરોગ્ય કેન્દ્રને હોસ્પીટલમાં અપગ્રેડ કરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોની કેટલી રજુઆતો કે માંગણી મળી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત આરોગ્ય કેન્દ્ર ને કેટલા સમયમાં હોસ્પીટલમાં અપગ્રેડ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૪૩૬૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડી આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબની આંગણવાડી આવેલ છે.

છોટા ઉદેપુર

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ આંગણવાડી |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૩૧૪ |
| ૨ | કવાંટ | ૧૮૮ |
| ૩ | નસવાડી | ૨૧૩ |

| | | |
|---|---|---|
| ૪ | જેતપુર પાવી | ૨૨૦ |
| ૫ | સંખેડા | ૧૨૩ |

દાહોદ

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ આંગણવાડી |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૬૭ |
| ૨ | ગરબાડા | ૨૮૫ |
| ૩ | ઝાલોદ-(સંજેલી) | ૬૬૧ |
| ૪ | લીમખેડા | ૫૩૦ |
| ૫ | દેવગઢ બારીયા | ૩૭૬ |
| ૬ | ધાનપુર | ૨૫૬ |
| ૭ | ફતેપુરા | ૨૮૫ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પિડિત છે, અને

(૧) છોટા ઉદેપુર

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૩૧૦૪ | ૨૯૧ |
| ૨ | કવાંટ | ૨૧૫૮ | ૨૮૪ |
| ૩ | નસવાડી | ૭૭૮ | ૧૦૩ |
| ૪ | જેતપુર પાવી | ૨૩૩૨ | ૧૮૫ |
| ૫ | સંખેડા | ૧૩૦૪ | ૩૭ |

દાહોદ

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૪૨૪૯ | ૩૭૭ |
| ૨ | ગરબાડા | ૮૪૦ | ૧૧૨ |
| ૩ | ઝાલોદ-(સંજેલી) | ૩૫૩૪ | ૨૭૦ |
| ૪ | લીમખેડા | ૨૯૧૪ | ૨૩૦ |
| ૫ | દેવગઢ બારીયા | ૧૪૫૭ | ૨૬૬ |
| ૬ | ધાનપુર | ૧૨૩૬ | ૧૮૮ |
| ૭ | ફતેપુરા | ૯૬૨ | ૧૧૮ |

(૩) ઉક્ત જિલ્લાઓમાં કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલો ખર્ચ કર્યો ?

(૩) ઉક્ત જિલ્લાઓમાં કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

છોટા ઉદેપુર

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ તા.૩૧-૧-૨૦૧૬ અંતિત |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | રૂ.૧૪,૫૦,૪૫,૧૧૦/- | રૂ.૧૧,૧૭,૭૬,૧૬૨/- |
| ૨ | કવાંટ | રૂ.૧૫,૩૪,૪૫,૬૯૦/- | રૂ.૮,૪૦,૦૧,૦૪૧/- |
| ૩ | નસવાડી | રૂ.૯,૨૦,૬૯,૩૩૮/- | રૂ.૪,૩૬,૪૧,૭૦૨/- |
| ૪ | જેતપુર પાવી | રૂ.૧૨,૨૨,૪૩,૬૪૬/- | રૂ.૮,૪૬,૨૨,૪૭૩/- |
| ૫ | સંખેડા | રૂ.૮,૧૨,૪૦,૯૩૧/- | રૂ.૪,૩૬,૦૧,૩૯૯/- |

દાહોદ

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧–૧–૨૦૧૬ અંતિત |
|---|---|---|---|
| ૧ | દાહોદ | રૂ.૬૮,૭૨,૭૨૦/- | રૂ.૧,૮૦,૩૬,૬૬૭/- |
| ૨ | ગરબાડા | રૂ.૩૪,૩૬,૩૬૦/- | રૂ.૪૬,૨૬,૪૧૯/- |
| ૩ | ઝાલોદ–(સંજેલી) | રૂ.૬૮,૭૨,૭૨૦/- | રૂ.૫,૨૦,૭૨,૮૯૯/- |
| ૪ | લીમખેડા | રૂ.૬૦,૧૩,૬૩૦/- | રૂ.૪,૨૬,૪૧,૩૩૯/- |
| ૫ | દેવગઢ બારીયા | રૂ.૩૨,૨૧,૫૮૫/- | રૂ.૧,૧૯,૪૧,૨૦૪/- |
| ૬ | ધાનપુર | રૂ.૧૯,૩૨,૯૪૯/- | રૂ.૭૭,૧૫,૫૭૪/- |
| ૭ | ફતેપુરા | રૂ.૪૨,૯૫,૪૫૦/- | રૂ.૯૭,૬૦,૫૦૧/- |

ભાવનગર જિલ્લામાં વરતેજ ગામતળમાં સી.સી. રોડ

* ૨૩૮૨૦ શ્રી શીવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના વરતેજ ફરીયાદીકા રોડમાં આવતા વરતેજ ગામતળમાં સી.સી. રોડના કામનું રાજ્ય સરકાર દ્વારા કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ.૨૯.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) કામગીરી પૂર્ણ. |

રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૩૮૧૫ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ૦૫ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) ઉક્ત સ્થિતિએ સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૨૦ સીટોનો વધારો થયેલ છે. |

ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૩૮૩૫ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૪ – રૂ.૮,૭૨,૨૩૮/–<br>વર્ષ ૨૦૧૫ – રૂ.૧૩,૬૮,૩૨૬/–. |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪ – રૂ.૮,૭૨,૨૩૮/–<br>વર્ષ ૨૦૧૫ – રૂ.૧૩,૬૮,૩૨૬/–. |
| (૩) તેમાં વર્ષવાર કેટલા યુવકો અને યુવતીઓએ ભાગ લીધો હતો ? | (૩) |

| વર્ષ | યુવકો | યુવતીઓ |
|---|---|---|
| ૨૦૧૪ | ૭૯૦ | ૨૦૪ |
| ૨૦૧૫ | ૨૨૪૩ | ૫૧૫ |

બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૩૮૧૧ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ કેટલા બાળકોની આરોગ્ય અંગેની તપાસણી કરેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર રોગથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૩) આ અંગે આરોગ્ય વિભાગ દ્વારા સારવાર માટે શાં પગલા લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ–૯,૮૩,૫૩૮ બાળકોની આરોગ્ય તપાસણી કરેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર રોગથી પીડાતા બાળકોની સંખ્યા કુલ–૬૬ છે.

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

### અમરેલી જિલ્લામાં કુપોષણથી પીડિત બાળકો

* ૨૫૬૨૦ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડિત છે ?

જવાબ

તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના બાળકો કુપોષણથી પીડિત છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી–૧ | ૫૬૫ | ૯૯ |
| ૨ | બાબરા | ૨૭૭ | ૬૮ |
| ૩ | બગસરા | ૩૩૫ | ૫૮ |
| ૪ | ધારી | ૩૩૦ | ૫૬ |
| ૫ | જાફરાબાદ | ૪૬૨ | ૭૮ |
| ૬ | ખાંભા | ૨૮૩ | ૩૫ |
| ૭ | કુકાવાવ | ૨૯૬ | ૩૯ |
| ૮ | લાઠી | ૩૬૮ | ૭૩ |
| ૯ | લીલીયા | ૨૮૮ | ૧૯ |
| ૧૦ | રાજુલા | ૧૪૮૪ | ૫૩ |
| ૧૧ | સાવરકુંડલા | ૮૦૭ | ૯૧ |

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર

* ૨૩૮૩૩ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવુ ટ્રોમા સેન્ટર ક્યારથી કાર્યરત કરવામાં આવ્યુ, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટરની

જવાબ

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવુ ટ્રોમા સેન્ટર તા.૨૨–૧૨–૨૦૧૫ ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટરની પાછળ

| | |
|---|---|
| પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | કુલ રૂ.૬૯.૫૭ કરોડનો ખર્ચ થયેલ છે. |

જોડિયા તાલુકાના પીઠળ–રસનાળ–ટીંબડી રસ્તાનું રીકાર્પેટીંગ

* ૨૩૮૬૬ શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના પીઠળ રસનાળ ટીંબડી રસ્તાનું રી–કાર્પેટીંગનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ.૧૬૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડરની પ્રક્રિયામાં. |

વાડીનાર થી દ્વારકા રસ્તાને નેશનલ હાઇવેમાં સમાવેશ કરવા બાબત

* ૨૪૨૦૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જામનગર જિલ્લાના વાડીનાર થી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા યાત્રાધામને જોડતાં રસ્તાને નેશનલ હાઇવેમાં સમાવેશ કરવા માટે છેલ્લા બે વર્ષમાં ક્યારે સરકારે શી કાર્યવાહી કરી ? | ભારત સરકારને આ રસ્તો રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરવા તા.૧૮–૬–૨૦૧૫ ના પત્રથી રજૂઆત કરેલ છે. |

ડાંગ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૩૮૪૩ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ? | ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨(બે) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.<br>(૧) સુબીર તા.સુબીર<br>(૨) સાપુતારા તા.આહવા. |

પલસાણા તાલુકાના વાંઝ–વકતાના–વડદલા–એરથાણ રોડનું રીસરફેસ

* ૨૩૮૧૬ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં પલસાણા તાલુકામાં વાંઝ વકતાના વડદલા એરથાણ રોડને રીસરફેસ કરવા વર્ષ ૨૦૧૫–૧૬ માં મંજુરી આપેલ છે કે કેમ, | (૧) અને (૨)<br>હા, જી. રૂ.૧૮૩.૬૦ લાખ. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કમ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજુરી પ્રક્રિયા હેઠળ. |

રાજ્યના ગ્રંથાલયોની સેવાઓનું કોમ્પ્યુટરાઈઝ

* ૨૩૮૩૯ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારના ''ગતિશીલ ગુજરાત'' કાર્યક્રમ હેઠળ ગ્રંથાલય ખાતા દ્વારા ક્યા તાલુકાના સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવે છે, અને | (૧) ગ્રંથાલય ખાતા દ્વારા ૧૦ તાલુકાના સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે.<br>૧. સરકારી તાલુકા પુસ્તકાલય, ડભોઈ, જિ.વડોદરા.<br>૨. સરકારી તાલુકા પુસ્તકાલય, અંકલેશ્વર જિ.ભરૂચ.<br>૩. સરકારી તાલુકા પુસ્તકાલય, દેવગઢ બારીયા, જિ.પંચમહાલ.<br>૪. સરકારી તાલુકા પુસ્તકાલય, પ્રાંતિજ, જિ.સાબરકાંઠા.<br>૫. સરકારી તાલુકા પુસ્તકાલય, મેઘરજ, જિ.અરવલ્લી. |

૬. સરકારી તાલુકા પુસ્તકાલય, સાણંદ, જિ.અમદાવાદ.
૭. સરકારી તાલુકા પુસ્તકાલય, દાંતા, જિ.બનાસકાંઠા.
૮. સરકારી તાલુકા પુસ્તકાલય, બોરસદ, જિ.આણંદ.
૯. સરકારી તાલુકા પુસ્તકાલય, ભચાઉ, જિ.કચ્છ.
૧૦. સરકારી તાલુકા પુસ્તકાલય, ચોટીલા, જિ.સુરેન્દ્રનગર.

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) રૂ.૨૯.૧૨ લાખ.

જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં આઈ.સી.ડી.એસ. યોજનાના લાભાર્થીઓ

* ૨૩૯૩૫ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં કેટલી સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રીબહેનોને શા લાભ મળેલ છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે.

- ભાવનગર જિલ્લાની વર્ષ ૨૦૧૪ માં કુલ–૩૭૦૨૩ તથા વર્ષ ૨૦૧૫ માં ૪૨૦૩૫ સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી બહેનોને લાભ મળેલ છે.
- જામનગર જિલ્લાની વર્ષ ૨૦૧૪માં કુલ ૨૨૪૦૦૩ તથા વર્ષ ૨૦૧૫ માં ૧૭૫૭૨૪ સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી બહેનોને લાભ મળેલ છે.
- સગર્ભામાતા અને ધાત્રી માતાઓને રાજ્ય સરકાર તરફથી દર માસે ટેક હોમ રેશન તરીકે પ્રિમીક્ષના સુખડી ૧ કિ.ગ્રામનું એક પેકેટ, ઉપમા ૫૦૦ ગ્રામના–૨ પેકેટ અને શીરા ૫૦૦ ગ્રામના ૩ પેકેટ આપવામાં આવે છે.
- માતૃ મંડળ દ્વારા અઠવાડીયામાં બે દિવસ સગર્ભા માતા અને ધાત્રીમાતાઓને રોસ્ટેડ પધ્ધતિથી સુખડી બનાવીને ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે. જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બર માસના કોઈપણ ગુરુવારે સગર્ભા અને ધાત્રી બહેનો માટે વાત્સલ્ય દિવસ ઉજવવામાં આવે છે જેમાં સગર્ભાને શ્રીફળ અને સાકર આપી શ્રીમંતની વિધી કરવામાં આવે છે. અને ધાત્રીમાતાને નેપકીન તેમજ બાળકને રમકડું આપવામાં આવે છે. આ દિવસે સગર્ભા મહિલાઓને અને ધાત્રી બહેનોને બોલાવી દાળ, ભાત અને લાપસીનું જમણ આપવામાં આવે છે.

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાઓમાં જિલ્લાવાર ઉકત યોજના હેઠળ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨) ઉકત સ્થિતિએ જામનગર જિલ્લામાં આ યોજના હેઠળ વર્ષવાર નીચે દર્શાવ્યા પ્રમાણેની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ.

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ અંતિત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ | વર્ષ ૨૦૧૫–૧૬ અંતિત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ભાવનગર | રૂ.૨,૫૪,૬૩,૦૦૦ | રૂ.૧,૪૬,૧૪,૪૦૦ |
| જામનગર | રૂ.૮૮,૮૭,૫૦૦ | રૂ.૫૩,૬૨,૮૦૦ |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### વાઘોડિયા–ગોરજ–રૂસ્તમપુરા રોડનું વાઈડનીંગ

* ૨૩૭૯૭ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં વાઘોડિયા–ગોરજ–રૂસ્તમપુરા રસ્તાને વાઈડનીંગ કરવા માટે વર્ષ ૨૦૧૫–૧૬ માં સરકારનું કોઈ આયોજન છે તે હકીકત સાચી છે, | (૧) અને (૨) : હા, જી. રૂ.૭૦૦ લાખ. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ડીપોઝીટ ભરવાના તબક્કે. |

### ખંભાલિયા ખાતે અદ્યતન લાયબ્રેરીની સગવડ

* ૨૪૯૩૮ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાલિયા ખાતે અદ્યતન સુવિધાથી સજ્જ લાયબ્રેરીની સગવડ ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે, | (૧) ના, દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાલિયા ખાતે અદ્યતન સુવિધાથી સજ્જ સરકારી પુસ્તકાલય કાર્યરત છે. |
| (૨) જો હા, તો આ સુવિધા ઉભી કરવા માટે સરકારનું શું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### વલસાડ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત ફાળવેલ રકમ

* ૨૫૪૧૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧) નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | પારડી | ૧,૫૫,૪૮,૧૯૧ |
| ૨ | વાપી | ૮૧,૫૦,૪૧૪ |
| ૩ | વલસાડ | ૩,૫૪,૦૮,૬૩૯ |
| ૪ | ઉમરગામ | ૧,૯૮,૯૨,૭૮૮ |
| ૫ | ધરમપુર | ૨,૦૨,૬૨,૪૬૪ |
| ૬ | કપરાડા | ૧,૭૯,૨૩,૭૯૪ |
| | કુલ | ૧૧,૭૧,૮૬,૨૯૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ફાળવેલ રકમનો ક્યા હેતુસર અને કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) જિલ્લામાં આરોગ્ય સેવાઓના માળખામાં ફેરફાર કરી, ખાસ કરીને સમાજના ગરીબ વર્ગોને ઉત્તમ પ્રકારની આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવા અને તેનો વ્યાપ વિસ્તારવાના હેતુસર રૂ.૧૦,૦૨,૪૨,૯૨૫ નો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) જો રકમ વણવપરાયેલ રહી હોય તો તેના શું કારણો છે, અને | (૩) ચાલુ નાણાંકીય વર્ષ હજી પૂર્ણ થયું નથી, તથા કેટલીક વહીવટી પ્રક્રિયા કરવાની બાકી હોવાથી હાલના તબક્કે અમુક રકમ વણ વપરાયેલ છે. |
| (૪) તે રકમ ક્યારે વાપરવામાં આવશે ? | (૪) આગામી સમયમાં ઘટતી કાર્યવાહી કરીને જરૂરીયાત મુજબ રકમ વાપરવામાં આવશે. |

### ઈટાવડી–નળીચાવાડા રસ્તા ઉપર ડીપ બનાવવા બાબત

* ૨૫૮૨૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના | (૧), (૨) અને (૩) : જુલાઈ–૨૦૧૫માં નુકશાન |

વિજયનગર તાલુકામાં ઈટાવડી, ચિઠોડા, ચામઠણ, નળીયાવાડા રસ્તા ઉપરનો ડીપ ક્યારે તૂટી ગયેલ છે,

(૨) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આ ડીપ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) આ ડીપ બનાવવાની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે ?

પામેલ છે, અને મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરા જિલ્લાની મહિલા ખેલાડીઓને પ્રોસ્તાહન માટે યોજના

* ૨૩૮૩૬ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો વડોદરા જિલ્લાના કેટલા મહિલા ખેલાડીઓને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાનો લાભ મળેલ છે ?

જવાબ

(૧) હા.

(૨)

| ક્રમ | યોજનાનું નામ | તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૬ સુધી યોજનાનો લાભ લેનાર મહિલા ખેલાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જિલ્લાકક્ષા મહિલા રમતોત્સવ | ૨૪૩૬ |
| ૨ | રાજ્યકક્ષાએ ભાગ લીધેલ ખેલાડીઓ | ૨૨૩ |
| ૩ | રાજ્યકક્ષાની મહિલા જીમ્નાસ્ટીક સ્પર્ધા ખેલાડીઓ | ૮૦ |
| ૪ | મહિલા પુરસ્કાર યોજના | ૧૭૫ |
| | કુલ | ૨૯૧૪ |

ભાવનગર જિલ્લાના વરતેજ ગામતળમાં સી.સી. રોડ

* ૨૩૮૯૮ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના વરતેજ ફરીયાદીકા રોડમાં આવતા વરતેજ ગામતળમાં સી.સી. રોડના કામનું રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત કામ માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૨૯.૦૦ લાખ.

(૩) કામગીરી પૂર્ણ.

જૂનાગઢ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૫૨૯૩ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

જવાબ

(૧) ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવાનું થાય છે. શહેરી વિસ્તારના અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે, જે અનુસાર આંગણવાડીની ડીમાન્ડ કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને

પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, તે કહી શકાય નહીં.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ૧૪૨૮ આંગણવાડીઓ કાર્યરત છે. જે તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૯૪ |
| ૨ | માણાવદર | ૧૩૭ |
| ૩ | વંથલી | ૧૨૩ |
| ૪ | માંગરોળ | ૧૭૪ |
| ૫ | ભેંસાણ | ૭૯ |
| ૬ | જૂનાગઢ | ૩૧૪ |
| ૭ | માળિયા હાટીના | ૧૭૬ |
| ૮ | મેંદરડા | ૮૯ |
| ૯ | વિસાવદર | ૧૪૨ |

(૩) ઉકત સ્થિતિએ કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે અને ઉકત ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) ૩૯ નવા આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત તા.૧૯-૧૨-૨૦૧૫ના પત્રથી મંજૂરી અર્થે ભારત સરકારમાં મોકલાવેલ છે. જે મંજૂર થયેથી આંગણવાડીઓ બનાવવા માટેની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર

* ૨૩૮૩૨ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવુ ટ્રોમા સેન્ટર ક્યારથી કાર્યરત કરવામાં આવ્યું,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટરની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) તેનાથી દર્દીઓની સારવારની સેવાઓમાં શું વધારો થયો ?

જવાબ

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવું ટ્રોમા સેન્ટર તા.૨૨-૧૨-૨૦૧૫ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદના નવા ટ્રોમા સેન્ટરની પાછળ કુલ રૂ.૬૯.૫૭ કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) નવા કાર્યરત થયેલ ટ્રોમા સેન્ટરમાં વિભાગવાર વેઈટીંગ એરીયા સાથે સેવાઓમાં નીચે મુજબ વધારો થયેલ છે.

(૧) પથારીની સંખ્યા-૯૦ થી ૧૪૦
(૨) આઈ.સી.યુ. અને પી.આઈ.સી.યુ. બેડ-૩૭ થી ૫૦
(૩) ઓ.ટી. ટેબલ - ૪ થી ૬

### ગાંધીનગર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૩૮૧૨ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે?

જવાબ

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨(બે) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

(૧) ડીંગુચા તા. કલોલ
(૨) કલોલ તા. કલોલ

### પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના

* ૨૩૯૨૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં ૫(પાંચ) ગામો વન

અને પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા પાકા ડામર રસ્તાથી ન જોડાયેલા ૫૦૦ કરતા વધારે વસ્તીવાળા ગામોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી જોડવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

વિસ્તારમાં હોઈ વન વિભાગની મંજૂરી આવશ્યક હોઈ ડામર રસ્તાથી જોડાયેલા નથી. જયારે પાટણ જિલ્લામાં એકપણ નહિ.

(૨) બનાસકાંઠા જિલ્લામાં ૩(ત્રણ) ગામોના રસ્તાઓને ડામર સપાટી કરવાના ડી.પી.આર. બનાવી કેન્દ્ર સરકારમાં મંજુરી અર્થે સાદર કરેલ છે, જે મંજુર થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે. જયારે ૨(બે) ગામોને કોરનેટવર્કમાં સમાવેશ કરવા જરૂરી દરખાસ્ત કેન્દ્ર સરકારમાં સાદર કરવામાં આવી રહેલ છે, જે મંજુર થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

ચોટીલા તાલુકાના થાન-મનડાસર રોડને પહોળો કરવા બાબત.

* ૨૩૮૨૫ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાન મનડાસર રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજૂર કરેલ છે, અને | (૨) રૂ. ૭૨૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડરની પ્રક્રિયામાં. |

નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ

* ૨૩૮૪૪ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૮,૫૭૭. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૪,૧૧,૭૩,૩૦૦/- |

ઝાલોદ-ગામડી રોડ પહોળો કરવા બાબત

* ૨૩૭૯૫ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાનો ઝાલોદ-ગામડી રોડ વર્ષ ૨૦૧૫-૧૬માં પહોળો કરવા માંગે છે તે હકીકત સાચી છે, | (૧) અને (૨) હા, જી. રૂા. ૫૦૦ લાખ તા. ૨૯-૫-૨૦૧૫ના રોજ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ. |

વલસાડ તાલુકાનો ડુંગરી-રોલા-વાસણ રોડનું કામ

* ૨૩૭૯૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના ડુંગરી રોલા વાસણ રોડનું કામ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજુર કરેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂા. ૩૨૦ લાખ તા. ૨૧-૧૦-૨૦૧૫ના રોજ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો આ કામ માટે કયારે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજો તબક્કે. |

૧૦૮ એમ્બ્યુલન્સો ખરીદવા ગ્રાન્ટ ફાળવણી બાબત

* ૨૪૯૩૦ શ્રી ગ્યાસુદીન શેખ (દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) |

વર્ષવાર રાજ્યમાં ૧૦૮ ઇમરજન્સી સેવા માટે કેટલી નવી એમ્બ્યુલન્સો ખરીદવા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

| વર્ષ | એમ્બ્યુલન્સની સંખ્યા | ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૦૦ | ૧૩૧૪.૭૮ |
| ૨૦૧૫-૧૬ (તા. ૩૧-૧-૧૬ સુધી) | ૧૦૦ | ૧૫૦૦.૦૦ |

(૨) તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કેટલી રકમનો ફાળો છે?

(૨) ફાળવેલ ગ્રાન્ટમાં હિસ્સો (રૂા. લાખમાં)

| વર્ષ | રાજ્ય સરકાર | કેન્દ્ર સરકાર |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૩૧૪.૭૮ | -- |
| ૨૦૧૫-૧૬ (તા. ૩૧-૧-૧૬ સુધી) | ૧૫૦૦.૦૦ | -- |

### સાવલી તાલુકાના સમલાયા-ટૂંડાવ-અંજેસર-રાણીયા રોડનું વાઈડનીંગ

* ૨૩૭૯૮ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના સમલાયા ટુંડાવ, અંજેસર રાણીયા રોડને વાઈડનીંગ કરવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજૂર થયેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂા. ૯૦૦ લાખ. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રગતિ હેઠળ. |

### કપરાડા તાલુકાનો નાનાપૌઢાથી વારોલી રસ્તો પહોળો કરવા બાબત

* ૨૩૭૯૧ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપૌઢાથી વારોલી રસ્તો ૫.૫૦ મીટર પહોળો કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામ મંજુર કરેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂા. ૪૫૦ લાખ. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) નકશા-અંદાજ તબક્કે. |

### ગોધરા-મહેલોલ-કાનોડ રોડ પહોળો કરવા બાબત

* ૨૩૮૪૦ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ગોધરા મહેલોલ કાનોડ રોડ પહોળો કરવાનું કામ ૨૦૧૫-૧૬ના વર્ષમાં કેટલી રકમનું મંજુર કરેલ છે, | (૧) અને (૨) ૧૮.૪૦ કિ.મી. લંબાઈ માટે રૂા. ૧૨૦૦ લાખ. |
| (૨) કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રગતિ હેઠળ. |

### છોટાઉદેપુર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૩૮૪૨ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩(ત્રણ) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.<br>(૧) તેજગઢ તા. છોટાઉદેપુર |

(૨) કડવાલ તા. જેતપુર પાવી
(૩) પાનવડ તા. કવાંટ

### સુરેન્દ્રનગર જિલ્લામાં પાણશીણા રસ્તા ઉપર ઉંચો પુલ બનાવવા બાબત

* ૨૩૮૬૫ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના નેશનલ હાઈવેથી પાણશીણા રસ્તા પરના બેઠા પુલની જગ્યાએ ઉંચો પુલ બનાવવા રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ પુલનું કામ કઈ યોજનામાં કયારે અને કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ, અને | (૨) પંચાયત હસ્તકના રસ્તા પર હયાત કોઝવે તથા નાળા પર નવા પુલ/નવા સીડીવર્ક બનાવવાની યોજના<br>તા. ૧૪–૮–૨૦૧૫<br>રૂા. ૫૨૦.૦૦ લાખ |
| (૩) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) નકશા–અંદાજો તબક્કે |

### મોરબી જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૩૮૩૦ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મોરબી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | મોરબી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૭૮ (ઈઠયોત્તેર) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

### ઢસા થી ઢસા જંકશન સુધીના રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૮૭૧ શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર–પશ્ચિમ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઢસા થી ઢસા જંકશનના રસ્તાને પહોળા કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૨) રૂ. ૩૦૫.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ |

### સતાપર–અજાપર–મોડવદર–મીઠીરોહર રોડને પહોળો કરવા બાબત

* ૨૩૮૨૨ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સતાપર અજાપર મોડવદર મીઠીરોહર રસ્તો પહોળો કરવાનું કામ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું અને કયારે મંજુર કરવામાં આવ્યું, અને | (૨) રૂા. ૯૦૦.૦૦ લાખનું, તા. ૦૧–૦૬–૨૦૧૫ના રોજ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) કામ પ્રગતિમાં છે. |

### વઢવાણ તાલુકાના સાંકળી ગામ પાસે પુલનું કામ

* ૨૩૮૬૪ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના સાંકળી ગામને હાઈવે સાથે જોડતા રસ્તામાં ખૂટતા પુલનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ પુલનું આ કામ કેટલી રકમનું કયારે અને કઈ યોજનામાં મંજુર કરવામાં આવ્યું, અને | (૨) રૂ. ૨૦૦. લાખ<br>તા. ૧૬–૯–૨૦૧૫ |

| | |
|---|---|
| | થી પંચાયત હસ્તકના રસ્તા પર હયાત કોઝવે તથા નાળા પર નવા પુલ/નવા સીડીવર્ક બનાવવાની યોજનામાં |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડરની પ્રક્રિયામાં |

રાજકોટ જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૩૮૦૫ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૯૭ (સત્તાણું) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

બનાસકાંઠા જિલ્લામાં સરકારી દવાખાના, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૨૪૦૮૪ શ્રી ધારશીભાઈ ખાનપુર (કાંકરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,<br>(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨)<br>બનાસકાંઠા જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ, પાલનપુર, જનરલ હોસ્પિટલ ડીસા અને જનરલ હોસ્પિટલ થરાદની મહેકમની વિગતો અનુક્રમે * પત્રક–અ–૧, *પત્રક–અ–૨ અને * પત્રક–અ–૩માં દર્શાવ્યા મુજબ છે. સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગતો અનુક્રમે *પત્રક–બ અને * પત્રક–કમાં દર્શાવ્યા મુજબ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી બનાસકાંઠા જિલ્લામાં જનરલ હોસ્પિટલ પાલનપુરમાં ૨૦ જગ્યાઓ, જનરલ હોસ્પિટલ ડીસામાં ૨૭ જગ્યાઓ, સરકારી હોસ્પિટલ થરાદમાં ૦૬ જગ્યાઓ, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ૧૯૧ જગ્યાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૮૯ જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) સરકારી હોસ્પિટલો/સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી, વર્ગ–૨ની જગ્યાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ–૨ની જગ્યાઓ ભરવા વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે તેમજ પેરા મેડીકલ, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.<br>વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓ

* ૨૩૯૦૪ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની | (૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી |

જરૂરિયાત છે,

અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની ડીમાંડ કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે. તે કહી શકાય નહીં.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ૧૪૨૮ આંગણવાડીઓ કાર્યરત છે. જે તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૯૪ |
| ૨ | માણાવદર | ૧૩૭ |
| ૩ | વંથલી | ૧૨૩ |
| ૪ | માંગરોળ | ૧૭૪ |
| ૫ | ભેંસાણ | ૭૯ |
| ૬ | જુનાગઢ | ૩૧૪ |
| ૭ | માળિયા હાટીના | ૧૭૬ |
| ૮ | મેંદરડા | ૮૯ |
| ૯ | વિસાવદર | ૧૪૨ |
| | કુલઃ– | ૧૪૨૮ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે, અને આ ઘટતી આંગણવાડીઓ કયાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) વસ્તીની આંગણવાડી કેન્દ્રોની જરૂરિયાત અનુસાર જિલ્લાએ ૩૯ નવા આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત તા. ૧૯–૧૨–૨૦૧૫ના પત્ર થી મંજુરી અર્થે ભારત સરકારશ્રીમાં મોકલાવેલ છે. જે મંજુર થયેથી આંગણવાડીઓ બનાવવા માટેની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નવસારી જિલ્લાના વાંસી–બોરસી–માછીવાડ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૩૮૬૨ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લાનાં વાંસી–બોરસી–માછીવાડ રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ઼ા. ૨૨૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રગતિમાં. |

દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ રજીસ્ટર થયેલ હોસ્પિટલ

* ૨૫૬૮૩ શ્રી વજેશિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કઇ હોસ્પિટલ રજીસ્ટર થયેલ છે, | (૧) અને (૨) પત્રક–અ મુજબ. |
| (૨) તે અન્વયે ખાનગી અને સરકારી હોસ્પિટલો કઇ કઇ છે, અને | |
| (૩) તે અન્વયે કેટલો ખર્ચ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો ? | (૩) રૂ.૪,૫૨,૯૯,૯૩૦/–. |

પત્રક–અ

| | સરકારી હોસ્પિટલો | | ખાનગી હોસ્પિટલો |
|---|---|---|---|
| ૧ | સી.એચ.સી. કટવારા | ૧૮ | અમરદીપ હોસ્પિટલ |
| ૨ | જિલ્લા હોસ્પિટલ, જનરલ હોસ્પિટલ | ૧૯ | અંકિત હોસ્પિટલ |
| ૩ | પી.એચ.સી. બોરડી | ૨૦ | દ્રષ્ટિ નેત્રાલય |
| ૪ | સી.એચ.સી. દેવગઢબારીયા | ૨૧ | હડા ઓર્થોપેડિક હોસ્પિટલ |
| ૫ | સી.એચ.સી. પિપલોદ | ૨૨ | હામિલ્ટન મેકલેરી હોસ્પિટલ દાહોદ |
| ૬ | સી.એચ.સી. ધાનપુર | ૨૩ | જાનકી આઇ હોસ્પિટલ |
| ૭ | પી.એચ.સી.અગસ્વાની | ૨૪ | કે.કે. સર્જિકલ હોસ્પિટલ |
| ૮ | સી.એચ.સી. ફતેપુરા | ૨૫ | મહેર હોસ્પિટલ |
| ૯ | સી.એચ.સી. સુખસર | ૨૬ | મહ્લાવ ઓર્થોપેડિક જોઇન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર |
| ૧૦ | સી.એચ.સી. ગરબડા | ૨૭ | મહેતા કિલનિક આઇ નેન્ટ હોસ્પિટલ |
| ૧૧ | પી.એચ.સી. ગંગરડી | ૨૮ | સમીર ઓર્થોપેડિક હોસ્પિટલ અને ટ્રુમા સેન્ટર |
| ૧૨ | સી.એચ.સી. લીમડી | ૨૯ | સંતોકભાઈ હોસ્પિટલ |
| ૧૩ | સી.એચ.સી. પેથાપુર | ૩૦ | શૈલેષ સર્જીકલ અને લેપ્રોસ્કોપી હોસ્પિટલ |
| ૧૪ | સી.એચ.સી. ઝાલોદ | ૩૧ | સોની હોસ્પિટલ |
| ૧૫ | પી.એચ.સી. સાંજેલી | ૩૨ | વાસુદેવ સર્જીકલ હોસ્પિટલ |
| ૧૬ | સી.એચ.સી. લિમખેડા | ૩૩ | જૈનાબ નર્સીંગ હોમ |
| ૧૭ | સી.એચ.સી. સિંગ્વાડ | ૩૪ | પ્રમુખ હોસ્પિટલ |
| | | ૩૫ | સંજીવની હોસ્પિટલ |
| | | ૩૬ | વરદાન જનરલ હોસ્પિટલ, પ્રસુતિ ગૃહ |
| | | ૩૭ | રાધે સર્જીકલ મેટરનીટી હોમ |
| | | ૩૮ | સુંદરમ સર્જીકલ હોસ્પિટલ |
| | | ૩૯ | નૈલ જનરલ હોસ્પિટલ મેટરનીટી હોમ |
| | | ૪૦ | પૂજા મેટરનીટી હોમ જનરલ હોસ્પિટલ |

જામનગર જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૩૮૧૩ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે?

જવાબ

જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૬૦ (સાઇઠ) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ ફાળવેલ રકમ

* ૨૫૩૭૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમની દરખાસ્ત અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી ?

જવાબ

| ક્રમ | નાણાકીય વર્ષ | દરખાસ્તની કુલ રકમ (રૂ.કરોડમાં) | કેન્દ્રએ ફાળવેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૧૧૭૩.૧૫ | ૮૩૨.૮૭ (૭૫% કેન્દ્રના ફાળા પૈકી) |
| ૨ | ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ) | ૧૧૪૦.૯૧ | ૫૯૩.૬૩ (૬૦% કેન્દ્રના ફાળા પૈકી) |

દહેગામ તાલુકાના રાજાજીના મુવાડા–ઝડકીયાના નવા રસ્તાનું કામ

* ૨૩૮૦૩ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં ગાંધીનગર જિલ્લાના દહેગામ

જવાબ

(૧) અને (૨)

તાલુકાના રાજાજીના મુવાડા થઇ ઝડકીયા સુધીના નવા રસ્તાનું કામ સરકારના આયોજનમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ આ કામ કઇ યોજનામાં કેટલી રકમનું ક્યારે મંજુર કરવામાં આવેલ છે ?

હા, જી. બજેટ ઉચ્ચક જોગવાઇ હેઠળ રૂ.૧૨૦.૦૦ લાખનું તા.૨૧–૧૦–૨૦૧૫ ના રોજ મંજુર કરવામાં આવેલ છે.

ખેડા અને આણંદ તાલુકામાં વિધવા સહાયની અરજીઓ

* ૨૩૭૬૩ શ્રી ગૌતમભાઈ ચૌહણ (મહેમદાવાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | નડીઆદ (શહેર) | ૧૩૯ | ૧૪૦ |
| ૨ | નડીઆદ (ગ્રામ્ય) | ૧૨૧ | ૨૦૪ |
| ૩ | મહુધા | ૭૨ | ૭૧ |
| ૪ | વસો | ૭૫ | ૫૩ |
| ૫ | ખેડા | ૧૦૬ | ૯૧ |
| ૬ | માતર | ૧૧૪ | ૧૦૬ |
| ૭ | મહેમદાવાદ | ૨૯૭ | ૨૦૫ |
| ૮ | કઠલાલ | ૧૮૧ | ૧૨૧ |
| ૯ | કપડવંજ | ૨૨૪ | ૧૮૩ |
| ૧૦ | ઠાસરા | ૨૨૦ | ૧૮૨ |
| ૧૧ | ગળતેશ્વર | ૯૫ | ૫૮ |
| | કુલ | ૧૬૪૪ | ૧૪૧૪ |

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | આણંદ (ગ્રામ્ય) | ૪૫૪ | ૪૨૪ |
| ૨ | આણંદ (શહેર) | ૭૫ | ૬૫ |
| ૩ | ઉમરેઠ | ૧૦૫ | ૧૪૯ |
| ૪ | આંકલાવ | ૭૭ | ૧૬૬ |
| ૫ | પેટલાદ | ૨૦૮ | ૨૦૪ |
| ૬ | બોરસદ | ૧૫૧ | ૨૬૦ |
| ૭ | સોજીત્રા | ૭૪ | ૪૫ |
| ૮ | ખંભાત | ૫૪ | ૧૩૬ |
| ૯ | તારાપુર | ૯૭ | ૩૪ |
| | કુલ | ૧૨૯૫ | ૧૪૮૩ |

(૨) તે પૈકી તાલુકાવાર વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૨) ખેડા જિલ્લાના તાલુકાવાર વર્ષવાર નીચે મુજબ મંજુર/નામંજુર કરવામાં આવી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | | વર્ષ–૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | નડીઆદ (શહેર) | ૧૨૮ | ૧૧ | ૨૩ | ૧૪ |
| ૨ | નડીઆદ (ગ્રામ્ય) | ૯૭ | ૨૪ | ૧૪૩ | ૫૨ |
| ૩ | મહુધા | ૬૮ | ૪ | ૬૧ | ૮ |
| ૪ | વસો | ૩૯ | ૩૬ | ૪૭ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ખેડા | ૭૬ | ૩૦ | ૮૯ | ૨ |
| ૬ | માતર | ૯૬ | ૧૮ | ૮૪ | ૨૨ |
| ૭ | મહેમદાવાદ | ૧૫૯ | ૧૩૦ | ૧૧૭ | ૭૯ |
| ૮ | કઠલાલ | ૧૫૬ | ૨૫ | ૧૦૨ | ૧૯ |
| ૯ | કપડવંજ | ૧૮૦ | ૪૪ | ૧૫૮ | ૨૧ |
| ૧૦ | ઠાસરા | ૧૭૬ | ૪૪ | ૯૬ | ૨૧ |
| ૧૧ | ગળતેશ્વર | ૭૭ | ૫ | ૧૧ | ૩ |
| | કુલ | ૧૨૫૨ | ૩૭૧ | ૧૦૩૧ | ૨૪૭ |

આણંદ જિલ્લાના તાલુકાવાર વર્ષવાર નીચે મુજબ મંજુર/નામંજુર કરવામાં આવી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | | વર્ષ–૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | આણંદ (ગ્રામ્ય) | ૨૪૨ | ૨૧૨ | ૩૩૫ | ૮૯ |
| ૨ | આણંદ (શહેર) | ૬૮ | ૭ | ૫૭ | ૮ |
| ૩ | ઉમરેઠ | ૧૦૩ | ૨ | ૧૪૬ | ૩ |
| ૪ | આંકલાવ | ૭૫ | ૨ | ૧૨૭ | ૩૯ |
| ૫ | પેટલાદ | ૧૬૪ | ૪૪ | ૧૭૦ | ૩૪ |
| ૬ | બોરસદ | ૧૧૭ | ૩૪ | ૧૩૭ | ૪૫ |
| ૭ | સોજીત્રા | ૩૧ | ૨૪ | ૧૭ | ૮ |
| ૮ | ખંભાત | ૪૬ | ૮ | ૧૧૬ | ૨૦ |
| ૯ | તારાપુર | ૮૭ | ૧૦ | ૩૦ | ૦ |
| | કુલ | ૯૩૩ | ૩૪૩ | ૧૧૩૫ | ૨૪૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ખેડા જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ ની પડતર અરજી | વર્ષ–૨૦૧૫ ની પડતર અરજી |
|---|---|---|---|
| ૧ | નડીઆદ (શહેર) | ૦ | ૩ |
| ૨ | નડીઆદ (ગ્રામ્ય) | ૦ | ૯ |
| ૩ | મહુધા | ૦ | ૨ |
| ૪ | વસો | ૦ | ૦ |
| ૫ | ખેડા | ૦ | ૦ |
| ૬ | માતર | ૦ | ૦ |
| ૭ | મહેમદાવાદ | ૮ | ૯ |
| ૮ | કઠલાલ | ૦ | ૦ |
| ૯ | કપડવંજ | ૦ | ૪ |
| ૧૦ | ઠાસરા | ૦ | ૬૫ |
| ૧૧ | ગળતેશ્વર | ૧૩ | ૪૪ |
| | કુલ | ૨૧ | ૧૩૬ |

ખેડા જિલ્લાની ૨૧+૧૩૬=૧૫૭ પડતર અરજીઓનો ત્વરીત નિકાલ કરવામાં આવશે.

આણંદ જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ ની પડતર અરજી | વર્ષ–૨૦૧૫ ની પડતર અરજી |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૦ | ૦ |

| | (ગ્રામ્ય) | | |
|---|---|---|---|
| ૨ | આણંદ (શહેર) | ૦ | ૦ |
| ૩ | ઉમરેઠ | ૦ | ૦ |
| ૪ | આંકલાવ | ૦ | ૦ |
| ૫ | પેટલાદ | ૦ | ૦ |
| ૬ | બોરસદ | ૦ | ૭૮ |
| ૭ | સોજીત્રા | ૧૯ | ૨૦ |
| ૮ | ખંભાત | ૦ | ૦ |
| ૯ | તારાપુર | ૦ | ૪ |
| | કુલ | ૧૯ | ૧૦૨ |

આણંદ જિલ્લાની ૧૯+૧૦૨=૧૨૧ પડતર અરજીઓનો ત્વરીત નિકાલ કરવામાં આવશે.

### રાજકોટ જિલ્લાના સમઢીયાળા–તલંગાણા–કુઢેચ–લાઠ ભિમોરા રોડને પહોળો કરવા બાબત

* ૨૩૮૧૮ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના સમઢીયાળા તલંગાણા કુઢેચ લાઠ ભિમોરા રોડને ટ્રાફિકની જરૂરિયાત મુજબ પહોળો કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે કેટલી રકમને મંજૂરી આપેલ છે અને ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૨) રૂ.૧૧૦૦.૦૦ લાખની રકમનું કામ પ્રગતિમાં. |

### ખેડા–માતર–તારાપુર રોડને પહોળો કરવા બાબત

* ૨૩૮૬૦ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ખેડા–માતર–તારાપુર રસ્તાને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૩૬૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) વર્ક ઓર્ડર આપવાની પ્રક્રિયા હેઠળ. |

### મહેસાણા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ

* ૨૪૯૩૩ શ્રી નારાયણભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૩૯૬૯૯ (સરેરાશ પ્રતિ માસ). |
| (૨) ઉક્ત યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી ? | (૨) ૧૯૦૯૦ (સરેરાશ પ્રતિ માસ). |

### રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૩૮૧૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા બાળકોનું હૃદય, કીડની અને કેન્સરના દર્દી | (૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં નીચે મુજબ હૃદય, કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું. |

તરીકે નિદાન થયું, અને

| અ.નં. | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૨૪૮ | ૫૬ | ૬૮ |
| ૨ | ૨૦૧૫ | ૧૮૫ | ૪૨ | ૧૨ |
| | કુલ | ૪૩૩ | ૯૮ | ૮૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે શું આયોજન છે ?

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સરની બીમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

પાટણ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૩૯૨૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સમી/શંખેશ્વર | ૩૦૭૯ | ૩૯૯ | ૩૪૭૮ |
| ૨ | હારીજ | ૯૨૧ | ૧૩૦ | ૧૦૫૧ |
| ૩ | ચાણસ્મા | ૧૯૩ | ૩૦ | ૨૨૩ |
| ૪ | સિધ્ધપુર | ૫૦૧ | ૬૦ | ૫૬૧ |
| ૫ | પાટણ–૧ | ૯૩૬ | ૭૨ | ૧૦૦૮ |
| ૬ | પાટણ–૨ | ૫૩૧ | ૬૦ | ૫૯૧ |
| ૭ | રાધનપુર | ૧૦૨૯ | ૯૬ | ૧૧૨૫ |
| ૮ | સાંતલપુર | ૨૫૦૧ | ૨૦૭ | ૨૭૦૮ |
| | કુલ | ૯૬૯૧ | ૧૦૫૪ | ૧૦૭૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કુપોષણ દૂર કરવા પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો છે ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષણ દૂર કરવા પાછળ સરકારે નીચે મુજબ ખર્ચ કરેલ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | રૂ.૨,૩૩,૭૫,૪૧૭/– |
| ૨ | ૨૦૧૫ (ડીસે. અંતિત) | રૂ.૧,૫૯,૨૩,૭૩૩/– |

સુરત જિલ્લામાં ખેલે ગુજરાત કાર્યક્રમ હેઠળ શિબિરો

* ૨૩૮૫૫ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રમતગમત વિભાગ હેઠળ ‘ખેલે ગુજરાત’ કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં તાલુકા કક્ષાની શિબિરો યોજવામાં આવેલ કે કેમ,

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો આ શિબિરોમાં મુખ્યત્વે કઈ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને — (૨) કબડ્ડી, ખો–ખો, વોલીબોલ અને એથ્લેટીકસ.

(૩) ઉકત શિબિરો પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? — (૩) રૂ.૯,૭૮,૯૪૦/–

### કુંકાવાવ તાલુકાના ખાખરીયા–ખડખડ–ભુખલી સાંથળી રોડને પહોળો કરવા બાબત

* ૨૩૮૬૯ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના ખાખરીયા ખડખડ ભુખલી સાંથળી રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત કામ માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૫૬૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ટર પ્રક્રિયા હેઠળ. |

### પાલીતાણાથી મોટી–વાવડી રોડને પહોળો કરવા બાબત

* ૨૩૮૨૬ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણાથી મોટી વાવડી રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ.૧૦૫૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

### છોટાઉદેપુર જિલ્લાના નર્મદા યોજનાના અસરગ્રસ્તોની વસાહત માટે નર્મદા નિગમે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૫૩૧૩ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, બોડેલી અને સંખેડા તાલુકાઓના નર્મદા યોજનાના અસરગ્રસ્તોની વસાહતોમાં રસ્તા બનાવવા માટે નર્મદા નિગમે રાજ્યના માર્ગ મકાન (પંચાયત) વિભાગને કેટલી ગ્રાન્ટ ક્યા રસ્તાઓ માટે ફાળવવામાં આવી, | (૧) પરિશિષ્ટ મુજબ ૩૪ રસ્તા માટે રૂ.૧૦૦૯.૪૩ લાખ. |

પરિશિષ્ટ

| તાલુકો | વસાહતના રસ્તાનું નામ |
|---|---|
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ છઠીઆમલી વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ ભાખા વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ રાયસીંગપુરા વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ ખોખરા–૧ વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ બરોલી–૨ વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ કડીકુવા વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ પાણીમહુડા વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ કાળીડોળી વસાહત રોડ |
| નસવાડી | ઈમ્પ્રુ.ટુ ખોખરા–૨ વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ લોટીયા વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ નુરપુરી વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ ઈન્દ્રાલ (ખાનપુર) વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ સરસીંડા (કા) વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ બહાદરપુર–૨ વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ ફાંટા વસાહત રોડ |
| સંખેડા | ઈમ્પ્રુ.ટુ ઉડી વસાહત રોડ |

| | |
|---|---|
| સંખેડા | ઇમ્પ્રુ.ટુ વડદલી વસાહત રોડ |
| સંખેડા | ઇમ્પ્રુ.ટુ કછાટા વસાહત રોડ |
| સંખેડા | ઇમ્પ્રુ.ટુ ખંડુપુરા વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ માંકણી વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ કુંડી ઉચાકલમ વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ કુંડી ટપે બાહદરપુર વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ રાજબોડેલી વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ ઉટકોઈ વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ ધારોલીયા (કોઠીયા) વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ વડીવાડી વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ વડદલા વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ તાંદલજા ગોવિંદપુરા વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ ઘેલપુર વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ ઝાંખરપુર વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ બોડેલી વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ ડોરમાર વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ જોઝ વસાહત રોડ |
| બોડેલી | ઇમ્પ્રુ.ટુ સીમલીઘોડા વસાહત રોડ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલું ખર્ચ કરવામાં આવ્યું છે, અને

(૨) કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ રસ્તાઓને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર

* ૨૩૮૩૪ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવુ ટ્રોમા સેન્ટર ક્યારથી કાર્યરત કરવામાં આવ્યું, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટરની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવું ટ્રોમા સેન્ટર તા.૨૨–૧૨–૨૦૧૫ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમાં સેન્ટરની પાછળ કુલ રૂ.૬૯.૫૭ કરોડનો ખર્ચ થયેલ છે.

### જૂનાગઢ મેડીકલ કોલેજમાં ડૉકટરોની ઘટ

* ૨૫૨૪૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢની મેડીકલ કોલેજમાં ક્યા ડૉકટરોની કેટલા સમયથી ઘટ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ મેડીકલ કોલેજમાં નીચે પ્રમાણે કુલ ૮ ડૉકટરોની ઘટ હતી.

| ક્રમ | જગ્યાનું નામ | ઘટ | તારીખ |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક, મેડીસીન | ૧ | ૩૦–૫–૧૫ |
| ૨ | સહ પ્રાધ્યાપક, ફીઝીયોલોજી | ૨ | ૩૦–૫–૧૫ |
| ૩ | સહ પ્રાધ્યાપક, ફાર્માકોલોજી | ૧ | ૨૮–૧૨–૧૫ |
| ૪ | મદદનીશ પ્રાધ્યાપક, ટીબી એન્ડ ચેસ્ટ | ૧ | ૨૧–૧૨–૧૫ |
| ૫ | મદદનીશ પ્રાધ્યાપક, રેડીયોલોજી | ૧ | ૩૦–૫–૧૫ |
| ૬ | મદદનીશ પ્રાધ્યાપક, ડેન્ટીસ્ટ્રી | ૧ | ૧૮–૯–૧૦ |
| ૭ | ટ્યુટર, (પીએસએમ–સ્ટેટેટીકસ) | ૧ | ૧૮–૯–૧૦ |

(૨) આ ઘટ પૂરી કરવા માટે સરકારે શા પગલાં લીધા છે, અને

(૨) આ ઘટ પૂરી કરવા માટે જીએમઈઆરએસ કચેરી, ગાંધીનગર દ્વારા તા.૨૦–૭–૧૫ અને તા.૧–૧૨–૧૫ના

રોજ જાહેરાત આપી જગ્યા ભરવા વોક-ઈન-ઈન્ટરવ્યુ કરવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

ટંકારા તાલુકાના થોરીયાળી થી બંગાવડી રસ્તાનું ડામરકામ

* ૨૩૮૬૭ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના થોરીયાળી થી બંગાવડી રસ્તામાં ડામર કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ.૧૨૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડરની પ્રક્રિયામાં. |

ધોળકા તાલુકાના ગ્રામ્ય રસ્તાઓનું રીકાર્પેટીંગ

* ૨૩૮૨૧ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ધોળકા તાલુકાના કેટલા ગ્રામ્ય રસ્તાઓ ઉકત સ્થિતિએ છેલ્લા સાત વર્ષથી રીકાર્પેટીંગ ન થયું હોવાના કારણે બિસ્માર હાલતમાં છે, અને | (૧) ના, જી. કુલ ૧૫ રસ્તાઓ મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે. |
| (૨) તે અન્વયે સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવેલ છે ? | (૨) કુલ ૧૫ રસ્તાઓ પૈકી ૮ રસ્તાઓના રીકાર્પેટ માટે રૂ.૮૪૦.૦૦ લાખ મંજૂર કરેલ છે. અને બાકીના રસ્તા માટે તાંત્રિક જરૂરીયાત અને અગ્રતા અનુસાર વિચારવામાં આવે છે. |

રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજો

* ૨૩૮૨૮ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી મેડીકલ કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૨૧ મેડીકલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ નવી મેડીકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉકત સ્થિતિએ મેડીકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) ઉકત સ્થિતિએ મેડીકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૩૦૦ સીટોનો વધારો થયેલ છે. |

રાજ્યમાં સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૩૮૦૭ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૪૮ સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૬ નવી સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) ઉકત સ્થિતિએ સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૧૨૪૦ સીટોનો વધારો થયેલ છે. |

તાપી જિલ્લાના બેડચીત-મઢી-અનુભાગનું મજબુતીકરણ

* ૨૩૮૨૩ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫- | (૧) હા જી. |

૧૬માં તાપી જિલ્લાનાં ઉનાઈ–બુહારી–મઢી–માંડવી રસ્તાના બેડચીત–મઢી અનુભાગનાં મજબુતીકરણ માટે કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) રૂા. ૨૪૦૦ લાખ.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ.

## ભાવનગર અને જામનગરમાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજોમાં મંજુર મહેકમ

* ૨૩૭૭૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ભાવનગર અને જામનગરમાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજોમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) ભાવનગર અને જામનગરમાં આવેલ આયુર્વેદિક કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ,

| ક્રમ | સંવર્ગ | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર મંજુર મહેકમ | ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજ, જામનગર મંજૂર મહેકમ |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨૩ | ૨૫ |
| ૨ | વર્ગ–૨ | ૨૮ | ૩૭ |
| ૩ | વર્ગ–૩ | ૧૫ | ૧૦૧ |
| ૪ | વર્ગ–૪ | ૧૮ | ૧૧૧ |
| | કુલ | ૮૪ | ૨૭૪ |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે તથા ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે,

(૨) સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર સીધી ભરતીથી ભરાયેલ જગ્યાઓની માહિતી.

| ક્રમ | સંવર્ગ | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર | | ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજ, જામનગર | |
|---|---|---|---|---|---|
| | | ભરેલ જગ્યા | સીધી ભરતીથી ભરેલ જગ્યા | ભરેલ જગ્યા | સીધી ભરતીથી ભરેલ જગ્યા |
| ૧ | વર્ગ–૧ | ૧૪ | ૧ | ૧૪ | ૯ |
| ૨ | વર્ગ–૨ | ૧૨ | ૦ | ૧૪ | ૧૧ |
| ૩ | વર્ગ–૩ | ૭ | ૩ | ૫૫ | ૪૩ |
| ૪ | વર્ગ–૪ | ૧૪ | ૨ | ૭૦ | ૭૦ |
| | કુલ | ૪૭ | ૬ | ૧૫૩ | ૧૩૩ |

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) એક વર્ષ કરતાં વધુ સમયથી સંવર્ગવાર ખાલી જગ્યાની માહિતી.

| ક્રમ | સંવર્ગ | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર | | ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજ, જામનગર | |
|---|---|---|---|---|---|
| | | ખાલી જગ્યા | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા | ખાલી જગ્યા | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૯ | ૯ | ૧૧ | ૧૦ |
| ૨ | વર્ગ-૨ | ૧૬ | ૧૬ | ૨૩ | ૨૧ |
| ૩ | વર્ગ-૩ | ૮ | ૮ | ૪૬ | ૪૩ |
| ૪ | વર્ગ-૪ | ૪ | ૪ | ૪૧ | ૩૭ |
| | કુલ | ૩૭ | ૩૭ | ૧૨૧ | ૧૧૧ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) આ ખાલી જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે.

તાપી જિલ્લાના બાલ્દા-લોટરવા રસ્તાનું મજબુતીકરણ

* ૨૩૮૨૪ શ્રી નરોતમભાઈ પટેલ (ઉધના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬માં તાપી જિલ્લાના બાલ્દા-લોટરવા રસ્તાના મજબુતીકરણ માટે કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

જવાબ

(૧) હા જી.

(૨) રૂા. ૫૦૦.૦૦ લાખ.

(૩) ટેન્ડર મંજુરી હેઠળ.

વડોદરા જિલ્લાની મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના

* ૨૩૮૪૯ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો વડોદરા જિલ્લાના કેટલા મહિલા ખેલાડીઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાનો લાભ મળેલ છે?

જવાબ

(૧) હા.

(૨)

| ક્રમ | યોજનાનું નામ | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૬ સુધી યોજનાનો લાભ લેનાર મહિલા ખેલાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જિલ્લાકક્ષા મહિલા રમતોત્સવ | ૨૪૩૬ |
| ૨ | રાજ્યકક્ષાએ ભાગ લીધેલ ખેલાડીઓ | ૨૨૩ |
| ૩ | રાજ્યકક્ષાની મહિલા જીમ્નાસ્ટીક સ્પર્ધા ખેલાડીઓ | ૮૦ |
| ૪ | મહિલા પુરસ્કાર યોજના | ૧૭૫ |
| | કુલ | ૨૯૧૪ |

નર્મદા જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૩૮૦૪ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૫૮ (અઠ્ઠાવન) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

રાજ્યમાં સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૩૮૦૮ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વનિર્ભર ફીઝોયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૪૮ સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૬ નવી સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) ઉકત સ્થિતિએ સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૧૨૪૦ સીટોનો વધારો થયેલ છે. |

### વાવડી થી લીબુંડા થઈ કોસ્ટલ હાઈવે નં. ૬ને જોડતા રસ્તાનું રીકાર્પેટીંગ

* ૨૫૨૧૮ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જોડીયા તાલુકાના વાવડી થી લીબુંડા થઈ કોસ્ટલ હાઈવે નં. ૬ને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે હકિકત સાચી છે, | (૧), (૨) અને (૩) : રસ્તો વાહન વ્યવહાર લાયક રાખેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ રસ્તાની ડામર સપાટી રીકાર્પેટીંગ કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | |

### ગોધરા ખાતે રમત સંકુલ

* ૨૩૮૪૮ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા રમત સંકુલો બાંધવા અંગેની કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ, | (૧) હા જી. રાજ્યના વિવિધ જીલ્લાઓમાં સરદાર પટેલ રમત સંકુલ યોજના અંતર્ગત જીલ્લા રમત સંકુલોનું નિર્માણ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ગોધરા ખાતે તે અન્વયે ઉક્ત સ્થિતિએ શી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને | (૨) ૪૦૦ મી. સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, ખેલાડીઓને નિવાસ માટે સ્પોર્ટસ હોસ્ટેલ, બાસ્કેટબોલ કોર્ટ જેવી રમતગમતની સુવિધા ઉપલબ્ધ કરેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ સ્પોર્ટસ હોસ્ટેલ માટે રૂા. ૫૮૬.૧૮ લાખ તથા સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, અને બાસ્કેટબોલ માટે રૂા. ૭૪૬.૮૯ લાખ મળી કુલ રૂા. ૧૩૩૩.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. |

### આંગણવાડી કાર્યકરોને વેતનમાં વધારો

* ૨૪૩૦૨ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોને માસિક કેટલું વેતન અપાય છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકરોને માસિક રૂ. ૪૭૫૦/– મીની આંગણવાડી કાર્યકરોને માસિક રૂ. ૨૮૦૦/– અને હેલ્પરોને માસિક રૂ. ૨૪૦૦/– માનદવેતન અપાય છે. |
| (૨) ઉક્ત વેતનમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ? | (૨)<br>➢ ઉક્ત વતેનમાં છેલ્લે તા. ૧–૮–૨૦૧૪થી રાજ્ય સરકાર દ્વારા વધારો કરવામાં આવેલ છે.<br>➢ જેમાં આગણવાડી કાર્યકરોને માસિક રૂા. ૫૦૦/– મીની આંગણવાડી કાર્યકરોને માસિક રૂ. ૩૦૦/– અને હેલ્પરોને માસિક રૂ. |

૩૦૦/- મુજબનો વધારો કરવામાં આવેલ છે.

મહિસાગર જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓનું રીકાર્પેટીંગ

* ૨૫૧૧૧ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્લાન અને નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલાને જોબ નંબર આપવામાં આવ્યા અને તેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાના કામો અધુરા કે બાકી છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧)

| તાલુકો | ૨૦૧૪ | | ૨૦૧૫ | |
|---|---|---|---|---|
| | પ્લાન | નોન પ્લાન | પ્લાન | નોન પ્લાન |
| લુણાવાડા | ૨ | ૧ | ૨૦ | ૧ |
| ખાનપુર | ૧ | ૦ | ૪ | ૦ |
| સંતરામપુર | ૩ | ૦ | ૧૧ | ૧ |
| કડાણા | ૧ | ૦ | ૩ | ૦ |
| બાલાશિનોર | ૬ | ૦ | ૩ | ૦ |

(૨) તમામ ૬૦ કામોને જોબ નંબર આપવામાં આવ્યા જેની કામગીરી તા. ૨-૧૨-૧૩થી શરૂ કરેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કામોની સ્થિતિ

| તાલુકો | પ્રગતિ હેઠળના કામો | હવે શરૂ થનાર કામો |
|---|---|---|
| લુણાવાડા | ૧૧ | ૪ |
| ખાનપુર | ૧ | ૦ |
| સંતરામપુર | ૦ | ૦ |
| કડાણા | ૩ | ૦ |
| બાલાશિનોર | ૦ | ૩ |
| વિરપુર | ૦ | ૦ |

પ્રગતિ હેઠળના કામો તેમજ હવે શરૂ થનાર કામો બનતી ત્વરાથી પુર્ણ કરવાનું આયોજન છે.

દહેગામ તાલુકાના નોન પ્લાન રસ્તાઓનું ડામર કામ

* ૨૩૭૫૧ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં કેટલા અને કયા નોન પ્લાન માર્ગોને ડામર રોડ વાળા બનાવવા માટે જોબ નંબરો આપવામાં આવ્યા ?

જવાબ

૮ (આઠ) પરિશિષ્ટ મુજબ

પરિશિષ્ટ

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | દહેગામ બાયડ રોડથી લવાડ ફાર્મ સુધીના રસ્તાનું કામ |
| ૨ | ઠાકોરના મોસમપુર થી બારોટના મોસમપુર થઈ સુજાના મુવાડા રસ્તાનું કામ |
| ૩ | જીંડવાથી ખાપરેશ્વર રોડ |
| ૪ | નવા નગરથી નજુપુરા રોડ, કી.મી. ૦-૦ થી ૨-૫૦ |
| ૫ | શિલોતીયા થી તાલુકા લીમીટ સુધી રોડ, |
| ૬ | ભકતોના મુવાડા (બારડોલી) એપ્રોચ રોડ |
| ૭ | નંદાજીની મુવાડી એપ્રોચ રોડ |
| ૮ | રાજાજીના મુવાડાથી દાનાજીના મુવાડા થઈ ઝડકીયા સુધીના રોડ |

દાહોદ જિલ્લામાં ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા પરા/પેટા પરાઓને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૨૪૬૪૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે

જવાબ

(૧) આવા પરાને જોડતા તમામ રસ્તા બે વર્ષ અગાઉ

વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા પરા/પેટા પરાઓના કેટલા કાચા રસ્તાઓ પાકા બનાવવામાં આવ્યા,

પાકા બનાવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા પરા/પેટા પરાઓને પાકા રસ્તાથી જોડવાના બાકી છે, અને

(૩) ઉકત પરા/પેટા પરાઓને કયાં સુધીમાં પાકા રસ્તાથી જોડવામાં આવશે?

(૨) અને (૩) ફતેપુરા તાલુકામાં બે પરા જોડવાના બાકી છે જે જમીનનો પ્રશ્ન હલ થયેથી.

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૫૮૦૯ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને ૨૦૧૩–૧૪ તથા ૨૦૧૪–૧૫ ના વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઉકત વર્ષવાર કેટલા બાળકોનું હૃદય, પોલીયો,કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું, અને

(૨) ઉકત બાળકોને તાત્કાલિક સારવાર મળે તે માટે શું આયોજન કરાયેલ છે?

જવાબ

(૧) સને ૨૦૧૩–૧૪ તથા ૨૦૧૪–૧૫ ના વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબ હૃદય, પોલીયો, કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું.

| બનાસકાંઠા જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં | વર્ષ | હૃદય | પોલીયો | કિડની | કેન્સર |
| ૧ | ૨૦૧૩–૧૪ | ૫૩ | ૦ | ૧૨ | ૪ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૪૭ | ૦ | ૧૬ | ૩ |
| કુલ | | ૧૦૦ | ૦ | ૨૮ | ૭ |

| સાબરકાંઠા જિલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં | વર્ષ | હૃદય | પોલીયો | કિડની | કેન્સર |
| ૧ | ૨૦૧૩–૧૪ | ૨૩૯ | ૦ | ૭૨ | ૫૩ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૨૪૭ | ૦ | ૪૦ | ૧૯ |
| કુલ | | ૪૮૬ | ૦ | ૧૧૨ | ૭૨ |

(૨) ઉકત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સરની બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કેન્સર | એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

આણંદ અને વડોદરા જિલ્લામાં આંગણવાડીઓના જિલ્લા કક્ષાના અધિકારીઓએ લીધેલ મુલાકાત

* ૨૫૬૭૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળના આંગણવાડી કેન્દ્રોની છેલ્લા બે વર્ષમાં જિલ્લા કક્ષાના અધિકારીઓએ તાલુકાવાર કેટલી મુલાકાતો લીધી,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળના આંગણવાડી કેન્દ્રોની છેલ્લા બે વર્ષમાં જિલ્લા કક્ષાના અધિકારીઓએ તાલુકાવાર મુલાકાતો લીધી તેનું પત્રક નીચે પ્રમાણે છે.

આણંદ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | ખંભાત | ૧ | ૨૮ |
| ૨ | પેટલાદ | ૧૦ | ૩૩ |
| ૩ | બોરસદ | ૧૮ | ૨૫ |
| ૪ | સોજીત્રા | ૦૪ | ૨૧ |
| ૫ | આંકલાવ | ૦ | ૧૫ |
| ૬ | આણંદ | ૬૬ | ૪૬ |
| ૭ | ઉમરેઠ | ૨૩ | ૨૩ |
| ૮ | તારાપુર | ૦૬ | ૨૭ |

વડોદરા

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | ડભોઈ | ૧૧ | ૨૭ |
| ૨ | કરજણ | ૧૩ | ૧૪ |
| ૩ | પાદરા | ૧૫ | ૩૪ |
| ૪ | સાવલી | ૨૯ | ૨૩ |
| ૫ | શિનોર | ૧ | ૨ |
| ૬ | વડોદરા | ૧૩ | ૬૪ |
| ૭ | વાઘોડિયા | ૧૮ | ૭૦ |

(૨) સદર મુલાકાતમાં મુખ્યત્વે કયા પ્રકારની ક્ષતી કે અનિયમિતતા ધ્યાને આવી, અને

(૨) આણંદ
સદર મુલાકાતમાં એકંદરે આંગણવાડીમાં સ્વચ્છતા અંગેની ક્ષતી જોવામાં મળેલ છે.
વડોદરા
મુલાકાત દરમ્યાન ધ્યાન પર આંગણવાડી કેન્દ્રમાં સમયસર હાજર ન રહેવા બાબત રજીસ્ટરો અધુરા હોવા બાબત, સ્વચ્છતા ન હોવા બાબત વિગેરે ક્ષતીઓ ધ્યાન પર આવેલ છે.

(૩) તે સબંધમાં શુ કાર્યવાહી કરવામાં આવી ?

(૩) આણંદ
તે સબંધમાં જે તે સમયે હાજર તેડાગર પાસે આંગણવાડી કેન્દ્રની સફાઈ કરાવવામાં આવેલ છે.
વડોદરા
તે સબંધમાં સ્થળ પર માર્ગદર્શન આપી જરૂરી સુધારા કરવા અંગે જણાવવામાં આવે છે. અને જરૂર પડે ત્યારે નોટીસ આપી ભવિષ્યમાં ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

## પાટણ જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ

* ૨૪૯૩૪ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) પાટણ જિલ્લામાં તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને

(૧)

| માસનું નામ | કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| જાન્યુઆરી–૧૫ | ૩૨૬૮૧ |
| ફેબ્રુઆરી–૧૫ | ૩૨૨૭૩ |
| માર્ચ–૧૫ | ૨૯૬૨૭ |
| એપ્રિલ–૧૫ | ૨૮૯૨૭ |
| મે–૧૫ | ૨૮૯૧૨ |
| જુન–૧૫ | ૨૮૯૩૭ |
| જુલાઈ–૧૫ | ૨૮૯૫૯ |

| | |
|---|---|
| ઓગષ્ટ–૧૫ | ૨૮૯૭૭ |
| સપ્ટેમ્બર–૧૫ | ૨૮૯૭૭ |
| ઓકટોબર–૧૫ | ૨૮૯૫૦ |
| નવેમ્બર–૧૫ | ૨૯૬૪૭ |
| ડીસેમ્બર–૧૫ | ૨૯૬૪૭ |

(૨) ઉકત યોજના હેઠળ ઉકત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી ?

(૨)

| માસનું નામ | કિશોરી શક્તિ યોજના હેઠળ તાલીમાર્થીઓની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|
| જાન્યુઆરી–૧૫ | ૬૦ | આઈ.ટી.આઈ. કે.વી.સી. તેમજ અન્ય સંસ્થા મારફતે કિશોરીઓને તાલીમ આપેલ છે. |
| ફેબ્રુઆરી–૧૫ | ૬૦ | |
| માર્ચ–૧૫ | ૧૨૦ | |
| એપ્રિલ–૧૫ | ૧૨૦ | |
| મે–૧૫ | ૭૯ | |
| જુન–૧૫ | ૭૯ | |
| જુલાઈ–૧૫ | ૭૯ | |
| ઓગષ્ટ–૧૫ | ૭૯ | |
| સપ્ટેમ્બર–૧૫ | ૭૯ | |
| ઓકટોબર–૧૫ | ૭૫ | |
| નવેમ્બર–૧૫ | ૦ | |

તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાનો અમલ

* ૨૪૯૩૨ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજના કયારથી અમલમાં છે, અને

(૨) તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ દરમ્યાન કિશોરી શક્તિ યોજના હેઠળ તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે?

જવાબ

(૧) તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજના વર્ષ ૨૦૦૮ થી અમલમાં છે.

(૨) તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ કુલ ૯૫૧૬૩ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

ધંધુકા તાલુકા ગામોમાં સી.સી. રોડ

* ૨૩૮૦૧ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં ગામો માટે સી.સી. રોડ મંજુર કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા ગામોમાં અને કેટલી રકમના ઉકત કામો મંજુર કરેલ છે ?

જવાબ

(૧) અને (૨) હા, જી. ૫ (પાંચ) ગામોમાં રૂા. ૭૯.૯૬ લાખના કામો મંજુર કરેલ છે.

અરવલ્લી જિલ્લામાં મંજુર થયેલ સ્ટેટ અને પંચાયત હસ્તકના મંજુર રસ્તાઓ

*૨૫૪૩૦ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જીલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકનાં કુલ કેટલા અને કયાં રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ સાત વર્ષ કરતા વધુ સમયથી ડામર કામ ન થયેલ હોય તેવા બાયડ અને માલપુર તાલુકાના

જવાબ

(૧) *પરિશિષ્ટ–૧ મુજબ

(૨) *પરિશિષ્ટ–૨ મુજબ

પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા અને કયાં રસ્તાઓ છે, અને

(૩) આ રસ્તાઓનાં કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) જરૂરિયાતવાળા રસ્તાનાં ૫ કામો મંજુર થયેલ છે, જે બનતી ત્વરાએ પુર્ણ કરવાનું આયોજન છે. બાકી કામો માટે રસ્તાની સપાટી, ટ્રાફીકનું ભારણ, આંતરીક અગ્રતા તથા નાણાકીય ઉપલબ્ધતા ધ્યાને લઈ વિચારવામાં આવશે.

(*પરિશિષ્ટ સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ભિલોડા અને મેઘરજ તાલુકાના ફોરેસ્ટ હદમાં આવેલ રસ્તાને ડામર કામ

* ૨૫૪૫૬ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના કયા રસ્તાઓ વન ખાતા હેઠળ આવતા હોઈ ડામર કામ થઈ શકેલ નથી,

(૨) ઉકત રસ્તાઓ ક્યારે મંજુર થયેલ છે, અને

(૩) વન વિભાગની મંજુરી મેળવવા વિભાગે ઉકત સ્થિતિએ શા પગલા લીધા ?

જવાબ

(૧) (૨) અને (૩) *પરિશિષ્ટ-૧ મુજબ

પરિશિષ્ટ-૧

તાલુકોઃ ભિલોડા જિઃઅરવલ્લી

| અં.નં. | રસ્તાનું નામ | જોબ નંબર મળ્યા તારીખ | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| ૧ | ઓડ બોરનાલા ખાખલઘરો રોડ | ૧૯-૦૯-૨૦૧૧ | વન વિભાગની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. જરૂરી પુર્તતા તા. ૦૫-૦૨-૨૦૧૬ થી કરેલ છે. વન વિભાગની આખરી મંજુરી મળેથી ટેન્ડર અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ બાબતે તા. ૧૯-૦૨-૨૦૧૬ થી નાયબ વન સંરક્ષણશ્રી અરવલ્લી ને મંજુરી આપવા માટે રીમાઈન્ડર પાઠવેલ છે. |
| ૨ | ધંધાસણ તબીચાર ફળી રોડ | ૧૯-૦૯-૨૦૧૧ | વન વિભાગ હેઠળની જમીન માટે ભોપાલ ખાતે મંજુરી હેઠળ છે. જરૂરી રીમાર્કની પૂર્તતા કરી તા. ૧૪-૧૦-૨૦૧૫ થી પરિક્ષેત્ર વન અધિકારીશ્રી શામળાજી ને મોકલેલ છે. તા. ૧૯-૦૨-૨૦૧૬ થી અરવલ્લી ને રીમાઈન્ડર મોકલાવેલ છે. |
| ૩ | ધનસોર તળાવ ભેસદરી રોડ | ૨૮-૦૮-૨૦૧૨ | વન વિભાગને વળતર પેટે આપવાની થતી જમીન, રેવન્યુ વિભાગમાંથી મળેથી ઓનલાઈન દરખાસ્તમાં જરૂરી સુધારા કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.તા. ૨૦-૦૨-૨૦૧૬ થી મામલતદારશ્રી મેઘરજ/ભિલોડા ને જમીન ફાળવવા માટે પત્ર પાઠવેલ છે. |
| ૪ | ઈન્દ્રપુરા સરાણી રોડ | ૨૮-૦૮-૨૦૧૨ | વન વિભાગની મંજુરી તા.૧૬-૦૧-૨૦૧૬ થી મળેલ છે. જેથી આ રસ્તાના બાંધકામ અંગેના ટેન્ડરની પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. |
| ૫ | અભાપુર મહેરુ તળાવ ફળિયા રોડ | ૨૬-૦૨-૨૦૧૪ | વન વિભાગ અરવલ્લી દ્વારા સૂચવવામાં આવેલ મુદ્દાઓની જરૂરી પૂર્તતા કરી તા.૧૪-૦૮-૨૦૧૫ થી પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ભિલોડાને મંજુરી માટે મોકલાવેલ છે. |
| | કુલ ૫ રસ્તા | | |

તાલુકો મેઘરજ જિ. અરવલ્લી

| | | | |
|---|---|---|---|
| ૧ | પંચાલ કદવાડી જામગઢ રોડથી | મંજુર થયેલ | વન વિભાગને વળતર પેટે આપવાની થતી જમીન, રેવન્યુ |

| | | | |
|---|---|---|---|
| | રાણીઝુલા રોડ | નથી | વિભાગમાંથી મળેથી ઓનલાઈન દરખાસ્તમાં જરૂરી સુધારા કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.<br>તા. ૨૦-૦૨-૨૦૧૬ થી મામલતદારશ્રી મેઘરજ/ભિલોડા ને જમીન ફાળવવા માટે પત્ર પાઠવેલ છે. |
| ૨ | વડથલી મોટીમોરી રોડથી રમાડ નાડમેલા એપ્રોચ | મંજુર થયેલ નથી | |
| ૩ | નવાગામ કસાણા રોડથી | મંજુર થયેલ | |
| ૪ | મેઘરજ ગોઢા મોટી પંડુલી રોડથી ચમાનાડા એપ્રોચ | મંજુર થયેલ નથી | |
| ૫ | પંચાલ કદવાડી જામગઢથી ખરાડી ફળી રોડ | ૨૬-૦૨-૨૦૧૪ | |
| ૬ | પંચાલ કદવાડી જામગઢ રોડથી પીપળીયા રોડ | ૨૬-૦૨-૨૦૧૪ | |
| | કુલ ૬ રસ્તા | | |

અમરેલી સરકીટ હાઉસનું વિસ્તૃતિકરણ

* ૨૫૧૨૯ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી શહેરમાં આવેલ સરકીટ હાઉસનું વિસ્તૃતિકરણ અને આધુનિકરણ કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ઉપરોકત કામ અંગે કેટલી રકમના ખર્ચ સૈધ્ધાંતિક-તાંત્રિક અને વહીવટી મંજુરી કેટલાં સમયમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) અમરેલી સરકીટ હાઉસના વિસ્તરણ માટે રૂ. ૬૪૨.૯૫ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. તાંત્રિક મંજુરી ટુંક સમયમાં આપવામાં આવશે.

મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓના મકાનો

* ૨૫૭૯૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી,

જવાબ

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત આં.વા કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડી | ૨૮૫ |
| ૨ | ખેરાલુ | ૧૨૮ |
| ૩ | મહેસાણા | ૨૩૧ |
| ૪ | વિસનગર | ૨૪૬ |
| ૫ | જોટાણા | ૧૮૫ |
| ૬ | વડનગર | ૧૬૪ |
| ૭ | વિજાપુર | ૨૮૭ |
| ૮ | સતલાસણા | ૯૮ |
| ૯ | ઉંઝા | ૧૭૦ |
| ૧૦ | બેચરાજી | ૧૧૭ |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | પોતાના મકાનો નથી તેવા આં.વા કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડી | ૯ |
| ૨ | ખેરાલુ | ૭ |
| ૩ | મહેસાણા | ૪૦ |
| ૪ | વિસનગર | ૩૪ |
| ૫ | જોટાણા | ૧૬ |
| ૬ | વડનગર | ૧૭ |

| | | |
|---|---|---|
| ૭ | વિજાપુર | ૪૪ |
| ૮ | સતલાસણા | ૫ |
| ૯ | ઉંઝા | ૮ |
| ૧૦ | બેચરાજી | ૪ |

(૩) ઉક્ત આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનો ન હોવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનો ન હોવાના કારણોમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે જમીન મેળવવાની બાકી છે.

શહેરી વિસ્તારમાં ૭૯ આંગણવાડી કેન્દ્રોમાં જમીન મેળવવાની બાકી છે.

૨૭ મીની આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ માં છે.

૬૨ આંગણવાડી કેન્દ્રો માટે બાંધકામ પ્રગતિમાં છે.

(૪) સન ૨૦૧૫-૨૦૧૬માં ઉક્ત જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવાનું શું આયોજન છે?

(૪) ગ્રામ્ય વિસ્તાર

- ૮ આંગણવાડી કેન્દ્રના બાંધકામ પ્રગતિમાં છે.
- ૧૬ આંગણવાડી કેન્દ્રોના બાંધકામને જિલ્લા પંચાયત દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે.
- ૫ આંગણવાડી કેન્દ્રોના બાંધકામની તાંત્રિત મંજુરી મેળવવાની બાકી માં છે.

શહેરી વિસ્તાર

- ૩૩ આંગણવાડી કેન્દ્રનું બાંધકામ પૂર્ણતાની આરે છે.
- ૬ આંગણવાડી કેન્દ્રમાં જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

### ડોલવણ-નવસારીને જોડતો ધામણાદેવી સરકેવડી રસ્તાને ડામર કામ

* ૨૪૪૦૯ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લાના ડોલવણ-નવસારીને જોડતો ધામણાદેવી સરકેવડી રસ્તો મુખ્ય જિલ્લા માર્ગ ૨૩ કિમી પૈકી શરૂઆતના ૫.૫૦ કિ.મી.નો રસ્તો ડામર કામ સાથે પુર્ણ થયેલ નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી કેટલા સમયમાં શરૂ કરી પુર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) મુખ્ય જિલ્લા માર્ગ ૨૨/૬૭ કિ.મી. પૈકી શરૂઆતની ૫.૫૦ કિ.મી. પૈકી ૨.૫૦ કિ.મી. ડામર સપાટી અને ૩.૦૦ કિ.મી. મેટલ સપાટી વાળો રસ્તો છે.

(૨) આરક્ષીત વન વિસ્તારમાંથી પસાર થતો હોય ડામર કામ થઈ શકેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### આણંદ જિલ્લામાં ખેલ મહાકુંભ હેઠળ રજીસ્ટ્રેશન

* ૨૪૪૬૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેલ મહાકુંભ અન્વયે કેટલા યુવાનોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ, અને

(૨) તે અન્વયે કેટલા યુવાનોએ રમત ગમતમાં ભાગ લીધો?

જવાબ

(૧) ૪,૩૪,૮૭૦

(૨) ૩,૫૮,૬૭૪

### સાબરકાંઠા જિલ્લામાં મહિલા કલ્યાણ યોજના હેઠળ અપાતા લાભો

* ૨૪૯૩૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ

જવાબ

(૧) કાયદાકીય હેતુસર, સામાજિક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને અન્ય હેતુસરના લાભ આપવામાં આવે છે.

મહિલાઓને કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે, અને

(૨) ૯ (નવ) સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે?

(૩) ૧૭૨૫૫ લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે.

મહેસાણાથી અમદાવાદ ધોરી માર્ગ બિસ્માર હોવાની ફરીયાદ

* ૨૫૨૨૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણાથી અમદાવાદ ચાર માર્ગીય રાજ્ય ધોરી માર્ગ તથા સર્વીસ રોડ બિસ્માર હાલતમાં હોવા છતાં ટોલટેક્ષ ઉઘરાવાય રહ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે સરકારે શા પગલા લીધા, (૩) ઉક્ત સ્થિતિએ પગલા ન લીધા હોય તો તેના શા કારણો છે? | (૨) અને (૩) રસ્તો વાહનવ્યવહાર માટે યોગ્ય હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહિસાગર જિલ્લાના પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ

* ૨૩૭૫૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક સામેલ છે. |
| (૨) તે જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સાબર ડેરીથી ઉજેડીયા રસ્તાનું વાઈડનીંગ

* ૨૫૮૨૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના સાબર ડેરીથી તલોદ થઈ ઉજેડીયા તરફ જતો રસ્તો કેટલા કિ.મી. લંબાઈનો છે, | (૧) ૩૦.૮૦ કી.મી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ રસ્તાના અંતર પૈકી કેટલા કિ.મી.માં ૫.૫. મીટરનું વાઈડનીંગ કામ થયેલ છે અને કેટલા કિ.મી.માં બાકી છે, | (૨) સંપુર્ણ રસ્તો ૫.૫ મીટર કે તેથી વધુ પહોળાઈ ધરાવે છે. |
| (૩) વાઈડનીંગનું બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ સંપૂર્ણ રસ્તો વાઈડનીંગ ન થવાના કારણો શું છે? | |

ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં આંગણવાડી મિત્રની નિમણૂક

* ૨૫૩૬૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુપોષિત બાળકોને પોષિત કરવા માટે સરકારી અધિકારીઓ–કર્મચારીઓને કામગીરી જવાબદારી સોંપી એક–એક આંગણવાડી દત્તક લઈ આંગણવાડીમિત્ર તરીકે નિમણૂંક કરવાની છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં કેટલા અધિકારી/કર્મચારીઓની આંગણવાડી મિત્ર તરીકે નિમણૂંક કરાઈ?

(૨)

| તાલુકાનું નામ | અધિકારી/કર્મચારીઓની આંગણવાડી મિત્ર તરીકે નિમણુંક |
|---|---|
| ઉના | ૭૨ |
| ગીર ગઢડા | ૨૧ |

છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

* ૨૪૩૬૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ક્યારથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ અન્વયે કેટલા ડૉક્ટરોને એકથી વધારે કેન્દ્રના ચાર્જ સોંપવામાં આવેલ છે?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ સામેલ છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–બ સામેલ છે

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૦ ડૉક્ટરોને અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૯ ડૉક્ટરોને એકથી વધારે કેન્દ્રનો ચાર્જ સોંપવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ધારી સબડીવીઝન હેઠળના માર્ગોને પહોળો કરવા બાબત

* ૨૫૬૨૬ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ધારી તાલુકામાં હીરાવા–પાતળા–રાજસ્થળીના હયાત માર્ગને પહોળો કરવાની અને હયાત પુલ તોડી નવા પુલ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે?

જવાબ

ઉક્ત સ્થિતિએ માર્ગને પહોળો કરવાની કામગીરી ડામર તબક્કે તથા ત્રણ હયાત પુલ પૈકી ત્રણેય પુલ તોડી, બે નવા પુલનું કામ પુર્ણ અને એક પુલનું કામ પ્રગતિમાં.

એસ્સાર કંપનીની હદમાંથી નીકળતા રસ્તાઓમાં કંપની દ્વારા કનવેટર બેલ્ટ પાડવા બાબત

* ૨૫૮૦૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ એસ્સાર કંપનીને હદમાંથી નીકળતા (૧) તરઘડી–દેવડીયા (૨) કજુરડા–વાડીનાર અને (૩) નાનામાંઢા–મોટામાંઢા રસ્તાઓમાં કંપની દ્વારા કનવેટર બેલ્ટ પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ અંગે એસ્સાર કંપની દ્વારા સરકારમાં ક્યારે મંજુરી લીધેલ છે, અને

(૩) ઉક્ત મંજુરી કયા શરતો અને નિયમોને આધીન મંજૂરી આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રીના તા. ૩૧–૧૨–૨૦૦૯ તથા ૦૧–૧૧–૨૦૧૦ના પત્રોથી.

(૩) પરિશિષ્ટ–૧ મુજબ

પરિશિષ્ટ–૧

એસ્સાર કંપનીની હદમાંથી નીકળતા રસ્તાઓમાં કંપની દ્વારા કનવેટર બેલ્ટ પાડવા અંગે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી મા.મ. વિભાગ જામનગરના પત્ર નં. જિ.પં.જામ–બાંધ–સીબી–ક્રોસીંગ–વર્ક–૧૪૯૨–૦૯ તા. ૩૧–૧૨–૨૦૦૯ તથા પત્ર નં. જિ.પં. જામ–બાંધ–સીબી–ક્રોસીંગ–વર્ક–૭૦૫–૧૦ તા. ૦૧–૧૧–૨૦૧૦ થી અપાયેલ મંજુરી અન્વયે રાખવામાં આવેલ શરતો

૧. કોરીડોર પસાર કરવા માટે પરવાનગી આપવા માટે જે કાંઈ શરતો રાખવામાં આવે તેનું પાલન કરવા તથા કરવામાં આવેલ કરારની શરતોનું પાલન કરવા માટે જરૂરી બાંહેધરી આપવાની રહેશે.

૨. આ સાથે સામેલ પત્રકની વિગતે કંપનીએ નિયત કરવામાં આવેલ અનામતની રકમ, મરામત ખર્ચ અંગેની અનામતની રકમ જમા કરાવાવની રહેશે. આ ઉપરાંત પત્રકમાં જણાવાવમાં આવેલ વિગતે દશ વર્ષના ભાડાની રકમ એડવાન્સમાં ભરપાઈ કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા વખતો વખત અનામતના દરમાં તથા ભાડાના દરમાં જે કાંઈ સુધારો કરવામાં આવે

તે કંપનીને બંધનકર્તા રહેશે. આ સાથેના પત્રકમાં જણાવેલ વિગતેની રકમ''૮૪૪૮ પી.એલ.એ. ટુ.ડી.ઓ.જામનગર'' ના સદરે જમા કરાવાવના રહેશે.

૩. રોડના મરામત અંગેની જવાબદારી કંપનીની રહેશે તથા કોરીડોર પસાર કરવાની કામગીરી પૂરી થઈ ગયે રોડને મુળ સ્થિતિમાં લાવવાનો રહેશે. રોડને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવામાં આવે નહી તેની કાળજી લેવાની રહેશે. તેમજ કામગીરી શરૂ કરતા પહેલાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી મા. અને મ. પેટા વિભાગ ખંભાળીયાની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી તેઓની સુચના અનુસાર કામગીરી કરવાની રહેશે.

૪. કોરીડોર માટેની કામગીરી કરવામાં આવે તે દરમિાયન રોડ ઉપર અવરોધ ઉભો થાય નહી તેની કાળજી રાખવાની રહેશે.

૫. કંપનીએ રીબન ડેવલપમેન્ટના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૬. રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં જણાવવામાં આવેલ ગાડાં માર્ગ માટે અત્રેથી પરવાનગી આપવાની નથી જેની નોંધ લે.

૭. નિયત નુમનામાં રૂ. ૧૦૦ નોન જ્યુડીશીયલ સેટમ્પ ઉપર કરાર કરી આપવાનો રહેશે. તેમજ હુકમથી નક્કી કરવામાં આવેલ શરતો તથા કરારખતમાં નક્કી કરવામાં આવે તે શરતોનું પાલન કરવા કંપનીને બંધનકર્તા રહેશે. કરારનામું થઈ ગયા બાદ મંજુરી અમલમાં આવશે.

૮. કંપનીએ મુખ્ય જિલ્લા માર્ગના સેન્ટર પોઈન્ટથી ૧૨ મીટર બંન્ને તરફ છોડીને બાંધકામ કરવાનું રહેશે.

૯. કન્વેયર બેલ્ટનું બાંધકામ ઓવર હેડ ક્રોસીંગ માટે રોડના રીસરફેસથી ૮ મીટરની ઉંચાઈ ઉપર કરવાનું રહેશે.

૧૦. રોડ ઉપર ક્રોસીંગ કરવા જમીન નીચે પ્રેસીંગ મેથડ રસ્તાને કટ કરીને જમીનના તળથી લઘુત્તમ ૧.૫૦ મીટરની ઉંડાઈએ રહે તેવી રીતે લઈ જવાની રહેશે.

૧૧. ક્રોસીંગનું કામ ચાલુ હોય ત્યારે કોસન બોર્ડ તથા રાત્રી દરમિયાન લાલબત્તી મુકવાની રહેશે.

૧૨. કામગીરીના સમયગાળા દરમિયાન ક્રોસીંગ માટે ટ્રાફીક સુવિધા અને સલામતી માટે ટ્રાફીક પોઈન્ટ અને ગોઠવણ કરવાની રહેશે.

૧૩. રોડ ક્રોસીંગ તથા ઓવર હેડ ક્રોસીંગ નીચેથી પસાર થતાં વાહનો લે અન્ય કોઈપણ જાનમાલને આકસ્માતથી કોઈપણ જાતની નુકશાની થશે તો તે માટેની તમામ પ્રકારની જવાબદારી કંપનીની રહેશે.

૧૪. રોડ ક્રોસીંગની કામગીરી દરમિયાન જરૂર પડે તો માર્ગની પહોળાઈના અડધા ભાગમાં ખોદકામ કરી કામ પુરૂ થતાં બીજી બાજુનું ખોદકામ કરી વધુ અવર જવરવાળા રસ્તા પર સારૂ પાકુ ડાયવર્ઝન આપવાનું રહેશે તથા વાહનવ્યવહાર ના અવર જવર માટે અવરોધ ઉભો થાય નહી તેની કાળજી રાખવાની રહેશે.

૧૫. રોડ ક્રોસીંગ તથા ઓવર હેડ ક્રોસીંગ કામગીરી ચાલુ હોય તે દરમિયાન ટ્રાફીકના અવર જવરને અવરોધ ઉભો થાય નહી તથા કોઈપણ પ્રકારેના કોઈપણ અકસ્માત અંગેની તમામ જવાબદારી કંપનીની રહેશે.

૧૬. રોડ ક્રોસીંગ તથા ઓવર હેડ ક્રોસીંગની કામગીરી પૂર્ણ થયા બાદ રોડને જેમની તેને મુળ સ્થિતિમાં લાવવાનો રહેશે તથા મુળ સ્થિતિ પ્રમાણેના માર્ગ તેમજ સ્થળ સ્થિતિમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત મા.અને મ. વિભાગ ખંભાળીયાને સોંપવાનો રહેશે. તેમાં કોઈ ચુક થયેથી કંપનીએ ભરેલ અનામતની રકમમાંથી કામ પુરૂ કરાવવામાં આવશે. ભરવામાં આવેલ અનામતની રકમ કરતાં વધુ ખર્ચ થશે તો આવી વધારાની રકમ ભરપાઈ કરવાની જવાબદારી કંપનીની રહેશે. તથા વધારાનો ખર્ચ સમયસર ભરપાઈ કરવામાં ચૂક થશે તો જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૭. રોડ ક્રોસ કરવા તથા ઓવર હેડ ક્રોસીંગ કામ પૂર્ણ થઈ ગયા બાદ પાઈપ લાઈન રીપેરીંગ કે અન્ય કોઈપણ પ્રકારેના સમારકામ કરવાનો પ્રસંગ ઉભો થાય તેવા પ્રસંગે કાર્યપાલક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ પંચાયત દેવભૂમિ દ્વારકા ની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ કામગીરી કરવાની રહેશે.

૧૮. પાણી લીકેજ કે ઓવર હેડ ક્રોસીંગના કારણે રોડને કોઈ નુકશાન થાય નહી તેની જવાબદારી કંપનીની રહેશે તથા નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કંપનીની રહેશે.

૧૯. કામ પૂર્ણ થતાં અનામતની રકમ પરત મેળવવા માટે સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત અને મા. અને મ. પેટા વિભાગ ખંભાળીયા પાસેથી નિયમોનુસાર જરૂરી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

૨૦. રોડ ક્રોસ કરવા તથા ઓવર હેડ ક્રોસીંગ વચ્ચે વૃક્ષ આવતા હોય અને તે કાપવાની જરૂરિયાત ઉપસ્થિતિ થતી હોય તો તે અંગેની સક્ષમ સત્તાધિકારીશ્રીની પરવાનગી જવાબદાર કંપનીની રહેશે.

૨૧. રોડ ક્રોસીંગ તથા ઓવર હેડ ક્રોસીંગ માટે સરકારશ્રીના અન્ય કોઈપણ વિભાગની પરવાનગી મેળવવાની થતી હશે તો તે મેળવવાની જવાબદારી કંપનીની રહેશે.

ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૨૯૩૭ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા પાકા ડામર રસ્તાથી ન જોડાયેલા ૫૦૦ કરતાં વધારે વસ્તીવાળા ગામોની સંખ્યા કેટલી છે, અને | (૧) અને (૨) ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતું કોઈપણ ગામ બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી જોડવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નારી અદાલતો સ્થાપવા બાબત

* ૨૪૯૩૯ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કયા તાલુકામાં નારી અદાલતો સ્થાપવાની બાકી છે, અને | (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ –૪ (ચાર) તાલુકા પૈકી દ્વારકા તથા ખંભાળીયા તાલુકાઓમાં નારી અદાલતો કાર્યરત છે જ્યારે કલ્યાણપુર અને ભાણવડ તાલુકાઓમાં નારી અદલાતો શરૂ કરવા સમતા કમિટીની રચના કરવાની કાર્યવાહી આખરી તબક્કામાં છે. |
| (૨) ઉક્ત જિલ્લાના તમામ તાલુકામાં ક્યાં સુધીમાં નારી અદાલતો સ્થાપવામાં આવનાર છે ? | (૨) કલ્યાણપુર અને ભાણવડ તાલુકાઓમાં ટૂંક સમયમાં નારી અદાલતો કાર્યરત થનાર છે. |

### ધરમપુર સ્ટેટ હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો

* ૨૫૪૧૯ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર સ્ટેટ હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો સરકાર ક્યારે આપવા માંગે છે ? | સ્ટેટ હોસ્પિટલ ધરમપુરએ જીલ્લા મથક ખાતે આવેલ ન હોઈ સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### જુનાગઢ જિલ્લાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનનું સમારકામ

* ૨૫૨૯૪ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માળિયા તથા માંગરોળ તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો ખરાબ કે બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કેન્દ્રોમાં બિસ્માર કે ખરાબ મકાનો ક્યાં સુધીમાં સમારકામ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બનાસકાંઠા જિલ્લાની આંગણવાડીઓમાં આઈ.સી.ડી.એસ. યોજનાના લાભાર્થીઓ

* ૨૩૯૩૦ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાની તાલુકાવાર આંગણવાડીઓમાં કેટલી સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી બહેનોને શા લાભ મળેલ છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત | |
|---|---|---|---|
| | | સ્થિતિએ લાભ લીધેલ સગર્ભા બહેનો | સ્થિતિએ લાભ લીધેલ ધાત્રી બહેનો |
| ૧ | દાંતા | ૧૬૩૧ | ૧૫૯૬ |
| ૨ | વાવ | ૧૯૦૧ | ૧૯૧૧ |
| ૩ | થરાદ | ૨૮૫૯ | ૩૧૪૯ |
| ૪ | દિયોદર | ૧૨૦૩ | ૧૧૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૫ | શિહોરી | ૨૦૨૮ | ૨૦૦૪ |
| ૬ | ધાનેરા | ૧૫૨૦ | ૧૩૮૯ |
| ૭ | ડીસા | ૩૧૬૧ | ૩૨૪૬ |
| ૮ | પાલનપુર | ૨૪૮૦ | ૨૩૭૧ |
| ૯ | વડગામ | ૨૦૧૭ | ૨૦૮૫ |
| ૧૦ | અમીરગઢ | ૧૧૫૬ | ૧૨૨૮ |
| ૧૧ | ભાભર | ૯૯૮ | ૯૩૭ |
| ૧૨ | દાંતીવાડા | ૭૩૮ | ૮૨૨ |
| | કુલ | ૨૧૬૯૨ | ૨૧૮૯૪ |
| | | તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત | |
| | | સ્થિતિએ લાભ લીધેલ સગર્ભા મહિલાઓ | સ્થિતિએ લાભ લીધેલ ધાત્રી બહેનો |
| ૧ | દાંતા | ૧૯૯૪ | ૨૦૮૩ |
| ૨ | વાવ | ૨૩૯૬ | ૨૫૭૪ |
| ૩ | થરાદ | ૩૨૮૩ | ૩૪૯૩ |
| ૪ | દિયોદર | ૧૩૧૬ | ૧૩૪૧ |
| ૫ | શિહોરી | ૨૩૬૧ | ૨૪૫૦ |
| ૬ | ધાનેરા | ૧૭૦૭ | ૧૭૩૬ |
| ૭ | ડીસા | ૪૪૦૩ | ૪૮૧૬ |
| ૮ | પાલનપુર | ૨૯૬૯ | ૩૧૧૨ |
| ૯ | વડગામ | ૨૧૬૭ | ૨૨૦૬ |
| ૧૦ | અમીરગઢ | ૧૮૦૦ | ૧૯૦૯ |
| ૧૧ | ભાભર | ૧૦૨૮ | ૧૦૮૦ |
| ૧૨ | દાંતીવાડા | ૮૦૮ | ૮૮૩ |
| | કુલ | ૨૬૨૩૨ | ૨૭૬૮૩ |

- સગર્ભા માતા અને ધાત્રી માતાઓને દર માસે ટેક હોમ રેશન તરીકે પ્રિમીક્ષના સુખડી ૧ કિ.ગ્રામનું એક પેકેટ, ઉપમા ૫૦૦ ગ્રામના-૨ પેકેટ અને શીરા ૫૦૦ ગ્રામના ૩ પેકેટ આપવામાં આવે છે.
- માતૃ મંડળ દ્બારા અઠવાડીયામાં બે દિવસ સગર્ભા માતા અને ધાત્રી માતાઓને રોસ્ટેડ પદ્ધતિથી સુખડી બનાવીને ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે. જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બર માસના કોઈપણ ગુરુવારે સગર્ભા અને ધાત્રી બહેનો માટે વાત્સલ્ય દિવસ ઉજવવામાં આવે છે જેમાં સગર્ભાને શ્રીફળ અને સાકર આપી શ્રીમંતની વિધી કરવામાં આવે છે. અને ધાત્રીમાતાને નેપકીન તેમજ બાળકને રમકડું આપવામાં આવે છે. આ દિવસે સગર્ભા મહિલાઓને અને ધાત્રી બહેનોને બોલાવી દાળ, ભાત અને લાપસીનું જમણ આપવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ઉક્ત યોજના હેઠળ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આ યોજના હેઠળ વર્ષવાર નીચે દર્શાવ્યા પ્રમાણેની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ.

| વિગત | વર્ષ ૨૦૧૪ અંતિત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ | વર્ષ ૨૦૧૫ અંતિત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ |
|---|---|---|

| | | |
|---|---|---|
| માતૃ મંડળ (સુખડી) વાત્સલ્ય દિવસ | ૩.૨,૧૬,૬૮,૬૦૦/- | ૩.૨,૩૨,૪૭,૮૦૦/- |

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પથારીમાં વધારો કરવા બાબત

* ૨૫૨૦૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ સીવીલ હોસ્પિટલમાં દર્દીઓ માટે કુલ કેટલી પથારીની વ્યવસ્થા છે, અને

(૨) તે અન્વયે દર્દીઓની સંખ્યાને ધ્યાને લઈ પથારીની સંખ્યામાં વધારો કરવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે દર્દીઓ માટે કુલ ૨૦૦૦ પથારીની વ્યવસ્થા છે.

(૨) સરકાર દ્વારા સીવીલ હોસ્પિટલ, અમદાવાદ માટે માસ્ટર પ્લાન મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે નવું ટ્રોમા સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ ૧૨૦૦ પથારીઓ ધરાવતા નવા મકાનનું બાંધકામ પ્રગતિમાં છે.

બનાસકાંઠા જિલ્લામાં બાળકોને કુપોષણથી મુકિત

* ૨૪૦૮૫ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત બાળકોને કુપોષણથી મુક્તી મળે તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૦૫૯૬ અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૨૪૩ છે.

(૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજ અને અમીરગઢ તાલુકામાં દુધ સંજીવની યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં બે દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેકહોમ રેશન (THR) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી

પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.

- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

બનાસકાંઠા–

- કુપોષિત બાળકોને જિલ્લાના સંકલન અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ દ્વારા દત્તક લેવામાં આવે છે અને તેની વિશેષ કાળજી લેવામાં આવે છે.
- અંબાજી દેવસ્થાનમાં આવતા કોપરામાંથી અંબાજી ખાતે કોપરાપાક સખી મંડળ/મીશન મંગલમના સહયોગથી કાંકરેજ તાલુકાની ૨૮૫ આંગણવાડી કેન્દ્રમાં વિતરણ કરવામાં આવે છે.

## જૂનાગઢ જિલ્લાનો કાસીયા–સાસણ રસ્તાનું રીપેરીંગ

* ૨૩૯૦૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના કાસીયા–સાસણ રસ્તો છેલ્લે ક્યારે રીપેર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત રસ્તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયથી રીપેર કરવામાં ન આવેલ હોય તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત રસ્તો કયાં સુધીમાં રીપેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

ગીર અભ્યારણ્યમાંથી પસાર થતા કાચી સપાટીના આ રસ્તાને વર્ષ ૨૦૧૧–૧૨ માં રીપેર કરવામાં આવેલ. વન્ય પ્રાણીઓની સુરક્ષાને ધ્યાને લઈને રસ્તા પરની અવરજવરને વન વિભાગ દ્વારા પ્રતિબંધિત હુકમોથી મર્યાદિત કરેલ છે. વૈકલ્પિક રસ્તાની ઉપલબ્ધતા તથા આ રસ્તાના મર્યાદિત ઉપયોગને ધ્યાને લેતાં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ તેમજ વન સંરક્ષણ ધારા–૧૯૮૦ અન્વયે વન વિભાગની મંજુરી બાદ આ કામગીરી હાથ ધરી શકાય તેમ છે.

## દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ અને સ્વાઈન ફલુના નોંધાયેલા કેસો

* ૨૫૬૮૪ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા દાહોદ જિલ્લામાં તાલુકાવાર ડેન્ગ્યુ અને સ્વાઈન ફલુના કેટલા કેસો નોંધાયા અને કેટલાના મૃત્યુ થયા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ડેન્ગ્યુ અને સ્વાઈન ફલુના નોંધાયેલ કેસો અને મૃત્યુની વિગત નીચે મુજબ છે,

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | ડેન્ગ્યુના કુલ કેસો | ડેન્ગ્યુથી થયેલ મૃત્યુ | સ્વાઈન ફલુના કેસો | સ્વાઈન ફલુથી થયેલ મૃત્યુ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ફતેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | | ઝાલોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | | ગરબાડા | ૧ | ૦ | ૦ | ૦ |
| ૪ | | દાહોદ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૫ | | લીમખેડા | ૧ | ૦ | ૦ | ૦ |
| ૬ | | ધાનપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | | દે. બારીયા | ૧ | ૦ | ૦ | ૦ |
| | | કુલ | ૫ | ૦ | ૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ફતેપુર | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨ | | ઝાલોદ | ૨ | ૦ | ૪ | ૨ |
| ૩ | | ગરબાડા | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | | દાહોદ | ૧૧ | ૦ | ૨૧ | ૫ |
| ૫ | | લીમખેડા | ૨ | ૦ | ૨ | ૧ |
| ૬ | | ધાનપુર | ૩ | ૦ | ૧ | ૧ |
| ૭ | | દે. બારીયા | ૧ | ૦ | ૨ | ૦ |
| | | કુલ | ૨૨ | ૦ | ૩૧ | ૯ |
| ૧ | વર્ષ ૨૦૧૬, તા. ૩૧-૦૧-૨૦૧૬ અંતિત | ફતેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | | ઝાલોદ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩ | | ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | | દાહોદ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | | લીમખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | | ધાનપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | | દે. બારીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | કુલ | ૧ | ૦ | ૧ | ૦ |

(૨) ઉક્ત રોગોને અટકાવવા સરકારે કેવા પ્રકારના પગલાંઓ લીધા ?

(૨) ડેન્ગ્યુ રોગને અટકાવવા લેવામાં આવેલ પગલાંની વિગત

- ડેન્ગ્યુના રોગ અટકાવવા માટે અઠવાડિક ઘરે જઈને પોરા નાશક કામગીરી અને સાથે સાથે લોકજાગૃતિ કામગીરી.
- પુખ્ત મચ્છરોનો નાશ કરવા માટે ડેન્ગ્યુ કેસ વાળા વિસ્તારમાં ફોગીંગ કામગીરી
- જે તે વિસ્તારમાંથી શંકાસ્પદ દર્દીઓને હોસ્પિટલ ખાતે ફીવર સારવાર કરાવવામાં આવી.
- મફત નિદાન અને સારવારની વ્યવસ્થા
- તબીબી અધિકારીશ્રી અને આરોગ્ય કર્મચારીની તાલીમ

સ્વાઈન ફલુના રોગને અટકાવવા લેવામાં આવેલ પગલાંની વિગત

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઈન્ફલ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે અલાયદા આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને દાખલ દર્દીઓ માટે વેન્ટીલેટરલ, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં ૬ (છ) સરકારી લેબોરેટરીઓ ખાતે ઉચ્ચસ્તરની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફલ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ થતું અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય

સરળ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. અને સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે નિયમિત રીતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરવામાં આવી.
- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી., ટ્રીટમેન્ટ ગાઈડ અંગે સવિસ્તાર ચર્ચા કરી.
- આ રોગ વિષે લોકોમાં જન–જાગૃતિ માટે પ્રિન્ટ મીડિયા, ઈલેકટ્રોનિકમીડિયા તેમજ પ્રચાર–પ્રસારના જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરી આઈ.ઈ.સી. પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. હાઉસ–ટુ–હાઉસ સર્વે દ્વારા જાણકારી તેમજ સર્વેલન્સ કરવામાં આવેલ છે.

  રાજ્યના મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોના મેડીસીન એનેસ્થેસિયા વિભાગના ડોકટરોને સ્વાઈન ફલુના દર્દીઓની ક્રીટીકલ કેર અંગેની તાલીમ આપવામાં આવેલ છે. અને સ્વાઈન ફલુ અંગે રાજ્ય કક્ષાના વર્કશોપ યોજવામાં આવેલ છે.

### રાજ્યમાં નવી સરકારી મેડીકલ કોલેજો સ્થાપવા બાબત

* ૨૫૩૭૮ શ્રી શૈલેશ પરમાર (દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાંચ જિલ્લાઓમાં નવી સરકારી મેડીકલ કોલેજો સ્થાપવા કેન્દ્ર સરકારમાં ક્યારે દરખાસ્ત કરવામાં આવી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાંચ જીલ્લાઓમાં કેન્દ્ર સરકારની યોજના "સ્કીમ ફોર એસ્ટાબ્લિશમેન્ટ ઓફ ન્યુ મેડીકલ કોલેજીસ અટેચ્ડ વિથ એક્ઝીસ્ટીંગ ડિસ્ટ્રીકટ/રેફરલ હોસ્પિટલ્સ" અંતર્ગત જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરીને નવી મેડિકલ કલેજ સ્થાપવા તા.૭–૧૧–૨૦૧૪થી કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત દરખાસ્ત અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર ધ્વારા કેટલી મેડીકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી અને બાકી રહેલ કોલેજો માટે શું પ્રત્યુત્તર આપવામાં આવ્યો, અને | (૨) ઉક્ત દરખાસ્ત અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારની મંજૂરી રાહમાં છે. |
| (૩) જો કોલેજોની મંજૂરી મળી ન હોય તો આ અંગે | (૩) આ અંગે તા. ૩–૩–૨૦૧૫ના પત્રથી પુન: |

સરકારે શું કાર્યવાહી કરી ? દરખાસ્ત કરેલ છે.

ખેડા અને આણંદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૩૭૬૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૯૬૭૬ | ૧૧૦૨ |
| ૨ | આણંદ | ૩૬૨૨ | ૪૭૦ |

(૨) ઉક્ત બાળકોને કુપોષણથી મુક્તી મળે તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના નિર્દેશન ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિત કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

પાટણ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ અરજીઓ

* ૨૩૯૨૫ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે

જવાબ

(૧) વર્ષ દરમ્યાન મળેલ અરજીઓ પૈકી મંજૂર/નામંજૂર અને પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું | વર્ષ દરમ્યાન | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|

તથા તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

| | નામ | મળેલ અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૫૨ | ૧૧૩ | ૩૯ | ૦ |
| ૨ | સિધ્ધપુર | ૯૨ | ૭૮ | ૧૪ | ૦ |
| ૩ | ચાણસ્મા | ૧૦૧ | ૭૬ | ૨૧ | ૪ |
| ૪ | હારીજ | ૪૨ | ૩૬ | ૬ | ૦ |
| ૫ | સમી | ૨૪ | ૧૯ | ૫ | ૦ |
| ૬ | રાધનપુર | ૩૨ | ૩૧ | ૧ | ૦ |
| ૭ | સાંતલપુર | ૪૮ | ૩૮ | ૩ | ૭ |
| ૮ | સરસ્વતી | ૧૬૪ | ૧૬૨ | ૨ | ૦ |
| ૯ | શંખેશ્વર | ૧૪ | ૧૩ | ૧ | ૦ |
| કુલ | | ૬૬૯ | ૫૬૬ | ૯૨ | ૧૧ |

વર્ષ ૨૦૧૫ દરમ્યાન મળેલ અરજીઓ પૈકી મંજૂર/નામંજૂર અને પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ દરમ્યાન મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૪૮ | ૧૪૨ | ૬ | ૦ |
| ૨ | સિધ્ધપુર | ૯૩ | ૭૭ | ૭ | ૯ |
| ૩ | ચાણસ્મા | ૮૭ | ૮૦ | ૬ | ૫ |
| ૪ | હારીજ | ૬૩ | ૫૪ | ૯ | ૦ |
| ૫ | સમી | ૩૨ | ૩૦ | ૨ | ૦ |
| ૬ | રાધનપુર | ૨૩ | ૨૨ | ૧ | ૦ |
| ૭ | સાંતલપુર | ૫૯ | ૬૧ | ૫ | ૦ |
| ૮ | સરસ્વતી | ૧૦૫ | ૯૮ | ૭ | ૦ |
| ૯ | શંખેશ્વર | ૨૬ | ૨૬ | ૦ | ૦ |
| કુલ | | ૬૩૬ | ૫૯૦ | ૪૩ | ૧૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર કેટલી કેટલી રકમ ચૂકવવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

(૨) નીચે મુજબ વર્ષવાર રકમ ચૂકવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | ચૂકવેલ રકમ રૂા.માં | મંજૂર | ચૂકવેલ રકમ રૂા.માં |
| ૧ | પાટણ | ૧૧૩ | ૧૨૧૨૬૦૦ | ૧૪૨ | ૧૦૩૦૨૦૦ |
| ૨ | સિધ્ધપુર | ૭૮ | ૪૩૫૭૫૦ | ૭૭ | ૪૯૧૯૫૦ |
| ૩ | ચાણસ્મા | ૭૬ | ૭૭૫૨૦૦ | ૮૦ | ૮૨૦૮૦૦ |
| ૪ | હારીજ | ૩૬ | ૪૧૦૪૦૦ | ૫૪ | ૪૮૬૦૦૦ |
| ૫ | સમી | ૧૯ | ૧૨૮૯૫૦ | ૩૦ | ૮૫૦૫૦ |
| ૬ | રાધનપુર | ૩૧ | ૩૫૩૪૦૦ | ૨૨ | ૨૧૬૬૦૦ |
| ૭ | સાંતલપુર | ૩૮ | ૫૨૦૫૦૦ | ૬૧ | ૩૨૨૭૫૦ |
| ૮ | સરસ્વતી | ૧૬૨ | ૧૪૨૮૭૫૦ | ૯૮ | ૭૮૬૬૫૦ |
| ૯ | શંખેશ્વર | ૧૩ | ૧૧૪૦૫૦ | ૨૬ | ૧૨૨૫૦૦ |
| કુલ | | ૫૬૬ | ૫૩૭૯૬૦૦ | ૫૯૦ | ૪૩૬૨૫૦૦ |

વર્ષ ૨૦૧૪માં લાભાર્થીઓને ચુકવણી કરવાની બાકી નથી.

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નીચે મુજબના લાભાર્થીઓને ચુકવણી કરવાની બાકી રહે છે.

| અનુ. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૫ થી |
|---|---|---|

| | | તા. ૩૧-૧૨-૨૦૧૫ | |
|---|---|---|---|
| | | બાકી લાભાર્થીઓની સંખ્યા | ચૂકવવાની બાકી રકમ |
| ૧ | પાટણ | ૧૫ | ૧૪૦૪૫૦ |
| ૨ | સિધ્ધપુર | ૦ | ૦ |
| ૩ | ચાણસ્મા | ૪ | ૩૭૦૦ |
| ૪ | હારીજ | ૪ | ૩૭૦૦ |
| ૫ | સમી | ૧૦ | ૫૫૧૦૦ |
| ૬ | રાધનપુર | ૩ | ૨૮૫૦ |
| ૭ | સાંતલપુર | ૧૧ | ૩૩૨૫૦ |
| ૮ | સરસ્વતી | ૩ | ૨૫૫૦ |
| ૯ | શંખેશ્વર | ૧૧ | ૪૧૬૫૦ |
| કુલ સરવાળો:- | | ૬૧ | ૨૮૩૨૫૦ |

છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આંગણવાડીઓમાં ગણવેશ આપવા બાબત

* ૨૫૩૧૪ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આંગણવાડી વર્કરને ગણવેશ આપવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

છોટા ઉદેપુર -- રૂ. ૫૩,૭૪,૬૦૦/-
વડોદરા -- રૂા. ૯૦,૫૯,૮૨૦/-

જુનાગઢ જિલ્લામાં આઈ.સી.યુ. ઓન વ્હીલ

* ૨૫૨૪૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ કેટલી આઈ.સી.યુ. ઓન વ્હીલ ઉપલબ્ધ છે ?

જવાબ

૧ (એક).

અમદાવાદ અને જામનગરની સરકારી ડેન્ટલ કોલેજોમાં મંજૂર મહેકમ

* ૨૩૭૭૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ અને જામનગરમાં આવેલ સરકારી ડેન્ટલ કોલેજોમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે,

જવાબ

(૧) અમદાવાદ અને જામનગરમાં આવેલ સરકારી ડેન્ટલ કોલેજોમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ | સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૮૭ | ૩૭ |
| ૨ | વર્ગ-૨ | ૫૦ | ૪૫ |
| ૩ | વર્ગ-૩ વહીવટી | ૨૨ | ૨૨ |
| ૪ | વર્ગ-૩ પેરામેડીકલ | ૩૪ | ૨૧ |
| ૫ | વર્ગ-૩ નર્સિંગ | ૧૯ | ૧૦ |
| ૬ | વર્ગ-૪ | ૭૧ | ૦૧ |
| કુલ :- | | ૨૮૩ | ૧૩૬ |

(૨) તે અન્વયે સંવર્ગવાર ભરાયેલ અને તે પૈકી સંવર્ગવાર સીધી ભરતીથી ભરાયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ | સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર |
|---|---|---|---|

| | | ભરાયેલ જગ્યા | તે પૈકી સીધી ભરતીથી ભરાયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | તે પૈકી સીધી ભરતીથી ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૩૧ | ૦૯ | ૨૦ | ૦૭ |
| ૨ | વર્ગ–૨ | ૩૧ | ૨૬ | ૩૮ | ૩૧ |
| ૩ | વર્ગ–૩ વહીવટી | ૧૦ | ૦૨ | ૧૦ | ૦૦ |
| ૪ | વર્ગ–૩ પેરામેડીકલ | ૨૭ | ૧૭ | ૦૫ | ૦૪ |
| ૫ | વર્ગ–૩ નર્સિંગ | ૧૫ | ૧૨ | ૦૭ | ૦૬ |
| ૬ | વર્ગ–૪ | ૭૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| કુલ | | ૧૮૫ | ૬૬ | ૮૧ | ૪૮ |

(૩) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) તે અન્વયે એક વર્ષ કરતાં વધુ સમયથી સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ | સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૫૨ | ૧૭ |
| ૨ | વર્ગ–૨ | ૧૫ | ૦૬ |
| ૩ | વહીવટી વર્ગ–૩ | ૧૧ | ૧૦ |
| ૪ | પેરામેડીકલ વર્ગ–૩ | ૦૫ | ૧૬ |
| ૫ | નર્સિંગ વર્ગ–૩ | ૦૧ | ૦૧ |
| કુલ :– | | ૮૪ | ૫૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

બેરાજાથી બારાડીને જોડતા રસ્તાનું રીકાર્પેટીંગ

* ૨૫૨૧૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જોડીયા તાલુકાના બેરાજા થી બારાડીને જોડતો ડામર સપાટી માર્ગ બિસ્માર હાલતમાં છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ રોડને ડામર સપાટીને રીકાર્પેટીંગ કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

જવાબ

(૧), (૨) અને (૩) : રસ્તો વાહન વ્યવહાર લાયક રાખેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મહીસાગર જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજુર રસ્તાઓ

* ૨૫૧૧૨ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર

જવાબ

(૧), (૨) અને (૩) : તાલુકા મથકોએથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવાની યોજના

કેટલા રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પુર્ણ થયા અને કેટલા કામ અધુરા છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ?

વર્ષ ૨૦૦૬થી શરૂ કરવામાં આવેલ તે અન્વયે વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૨-૧૩ દરમ્યાન હાલના મહીસાગર જિલ્લાના લાભ આપવાપાત્ર થતા બધા જ તાલુકા મથકોએ આ યોજનાનો લાભ આપી કામો પુર્ણ કરેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ જિલ્લામાં ખેલમહાકુંભ હેઠળ રજીસ્ટ્રેશન

* ૨૪૬૪૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ખેલમહાકુંભ-૨૦૧૬ અન્વયે દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું ,અને

(૨) તે પૈકી કેટલા ખેલાડીઓએ જિલ્લાવાર ભાગ લીધો ?

જવાબ

(૧)

| | | |
|---|---|---|
| ૧. | ફતેપુરા | ૧૦૧૮૬ |
| ૨. | દાહોદ | ૧૦૫૧૯ |
| ૩. | ધાનપુરા | ૦૪૬૨૩ |
| ૪. | ઝાલોદ | ૧૨૩૯૩ |
| ૫. | ગરબાડા | ૦૫૧૪૬ |
| ૬. | સંજેલી | ૦૩૯૯૬ |
| ૭. | લીમખેડા | ૦૯૮૪૩ |
| ૮. | દેવગઢ-બારીયા | ૧૧૩૯૩ |
| કુલ | | ૬૮૦૯૯ |

(૨) ૪૫,૨૭૮

પાટણ જિલ્લામાં મહિલા કલ્યાણ યોજના હેઠળ અપાતા લાભો

* ૨૪૯૩૫ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) કાયદાકીય હેતુસર, સામાજીક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને અન્ય હેતુસરના લાભ આપવામાં આવે છે.

(૨) ૧૦ (દસ) સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે.

(૩) ૩૮૯૦ લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે.

તાપી જિલ્લામાં મહિલા કલ્યાણ યોજના હેઠળ અપાતા લાભો

* ૨૪૯૩૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે?

જવાબ

(૧) કાયદાકીય હેતુસર, સામાજિક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને અન્ય હેતુસરના લાભ આપવામાં આવે છે.

(૨) છ (૬) સ્વૈ. સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે.

(૩) ૧૮૧૨૧ લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે.

ધંધુકા તાલુકાના ફેદરા-પચ્છમ-ગાંફ-ભડીયાદ-બાવળીયારી રોડનું રીપેરીંગ

* ૨૩૮૦૨ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ફેદરા, પચ્છમ, ગાંફ, ભડીયાદ, બાવળીયારી રસ્તો બિસ્માર હાલતમાં છે તેના

જવાબ

(૧) અને (૨) ના, જી. હયાત રસ્તાને ૩.૭૫ મી.થી ૫.૫૦ મી. પહોળો કરવાનું રૂા. ૧૫૮.૦૦ લાખનું કામ મંજૂર કરેલ છે.

રીપેરીંગ માટે આ રસ્તાનું કામ સરકારે મંજુર કર્યુ છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે?

અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પીડિત બાળકોની સંખ્યા અને ખર્ચ

* ૨૫૪૫૫ ડૉ. અનિલભાઈ જોષીયારા (ભિલોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુપોષણ દૂર કરવા સરકારે તાલુકાવાર, વર્ષવાર કેટલો ખર્ચ કર્યો?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા વર્ષવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | બાયડ | ૩૭૮૦ | ૨૨૮ |
| ૨ | મોડાસા | ૨૬૪૪ | ૨૨૭ |
| ૩ | મેઘરજ | ૩૦૬૮ | ૧૬૮ |
| ૪ | ધનસુરા | ૨૦૬૭ | ૬૧ |
| ૫ | માલપુર | ૨૪૫૦ | ૧૧૪ |
| ૬ | ભીલોડા | ૬૩૮૦ | ૪૬૮ |
| | | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | |
| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | બાયડ | ૩૫૬૧ | ૪૪૭ |
| ૨ | મોડાસા | ૩૦૪૨ | ૨૪૫ |
| ૩ | મેઘરજ | ૧૦૯૮ | ૯૦ |
| ૪ | ધનસુરા | ૫૩૦ | ૬૫ |
| ૫ | માલપુર | ૯૪૨ | ૨૩ |
| ૬ | ભીલોડા | ૧૪૯૧ | ૮૦ |
| | | તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ | |
| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | બાયડ | ૩૭૫૫ | ૪૮૭ |
| ૨ | મોડાસા | ૪૫૮૮ | ૩૭૧ |
| ૩ | મેઘરજ | ૩૦૭૩ | ૨૩૨ |
| ૪ | ધનસુરા | ૮૯૮ | ૧૦૦ |
| ૫ | માલપુર | ૧૧૫૬ | ૩૮ |

(૨) ઉક્ત બાળકોના સ્વાસ્થ્ય માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

અરવલ્લી

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪નો કુલ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૧૫ અને (જાન્યુઆરી–૨૦૧૬ અંતિત) કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|
| ૧ | બાયડ | ૧૧૨૮૪૭૦ | ૭૩૦૯૧૧ |
| ૨ | મોડાસા | ૩૧૨૩૫૩ | ૪૬૧૦૫૬૫ |
| ૩ | મેઘરજ | ૩૭૯૨૧૮૭ | ૨૫૪૨૧૨૦ |
| ૪ | ધનસુરા | ૧૮૨૫૫૪ | ૮૩૬૪૩૨ |
| ૫ | માલપુર | ૮૭૭૩૨૦ | ૧૦૩૨૫૦ |

| ૬ | ભીલોડા | ૨૬૬૫૫૦ | ૩૦૬૩૨ |
|---|---|---|---|

મહેસાણા જિલ્લામાં વિધવા બહેનોને તાલીમ

* ૨૫૮૦૦ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નિરાધાર, વિધવા મહિલાઓને આર્થિક સ્વનિર્ભર બને તે માટે કઈ સંસ્થાઓ દ્વારા કયા ટ્રેડની તાલીમ આપવામાં આવી,

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં વિધવા મહિલાઓને આર્થિક સ્વનિર્ભર બને તે માટે સ્વૈ. સંસ્થા ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા દ્વારા નીચે મુજબના ટ્રેડોમાં તાલીમ આપવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ટ્રેડનું નામ (તા. ૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિવણ | શાકભાજીનો વેપાર લારી | પશુપાલન | ગોળી, બિસ્કીટનો વેપાર | દૂધ–દહી વેચાણ | ચા–નાસ્તાની લારી |
| ૧ | મહેસાણા | ૩૯ | ૧ | ૨૨ | ૧ | ૬ | ૩ |
| ૨ | વિસનગર | ૨૦ | ૦ | ૨૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | વિજાપુર | ૩૭ | ૫ | ૩૧ | ૦ | ૨ | ૦ |
| ૪ | કડી | ૪૧ | ૩ | ૨૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | બેચરાજી | ૧૯ | ૨ | ૧૮ | ૦ | ૦ | ૦ |
| ૬ | ઉંઝા | ૭ | ૫ | ૧૨ | ૦ | ૦ | ૧ |
| ૭ | વડનગર | ૩૦ | ૧ | ૧૦ | ૦ | ૩ | ૦ |
| | કુલ | ૧૯૩ | ૧૭ | ૧૩૫ | ૧ | ૧૧ | ૪ |

| ક્રમ | તાલુકાનું નામ | ટ્રેડનું નામ (તા. ૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ટીફીન સેવા | કટલરી કામ | બ્યુટી પાર્લર | ડેરી ઉદ્યોગ | કુલ |
| ૧ | મહેસાણા | ૭ | ૦ | ૩ | ૦ | ૮૨ |
| ૨ | વિસનગર | ૦ | ૦ | ૨ | ૦ | ૪૩ |
| ૩ | વિજાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૭૫ |
| ૪ | કડી | ૦ | ૦ | ૦ | ૦ | ૬૫ |
| ૫ | બેચરાજી | ૦ | ૦ | ૦ | ૧ | ૪૦ |
| ૬ | ઉંઝા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫ |
| ૭ | વડનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૪૫ |
| | કુલ | ૭ | ૧ | ૫ | ૧ | ૩૭૫ |

તા. ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ની દરમ્યાન કોઈ જ તાલીમ થયેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર તાલુકાવાર કેટલી બહેનોએ ઉક્ત તાલીમમાં ભાગ લીધો, અને

(૨) તા. ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫ સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ બહેનોએ ઉક્ત તાલીમમાં ભાગ લીધો.

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૮૨ |
| ૨ | વિસનગર | ૪૩ |
| ૩ | વિજાપુર | ૭૫ |
| ૪ | કડી | ૬૫ |
| ૫ | બેચરાજી | ૪૦ |
| ૬ | ઉંઝા | ૨૫ |
| ૭ | વડનગર | ૪૫ |
| | કુલ | ૩૭૫ |

તા. ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ની દરમ્યાન કોઈ જ તાલીમ થયેલ નથી.

(૩) ઉક્ત તાલીમ લીધા બાદ ઉક્ત બહેનોને કયા

(૩) તાલીમ લીધા બાદ બહેનોને લીધેલ તાલીમને લગતા

| | |
|---|---|
| સાધનો પુરા પાડવામાં આવ્યા? | આનુષાંગિક સાધનો પુરા પાડવામાં આવ્યા. |

પાલનપુર સીવીલ હોસ્પિટલમાં થેલેસેમીયા ગ્રસ્ત પરિવારોને સુવિધા આપવા બાબત

* ૨૫૨૨૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાલનપુર ખાતેની સીવીલ હોસ્પિટલમાં થેલેસેમીયાગ્રસ્ત બાળકોને વારંવાર લોહી ચડાવવા માટે આવવું પડે છે તે હકીકત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો આ બાળકોને હોસ્પિટલમાં રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો ના, તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ બાળકોને આ સુવિધા ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહીસાગર અને ખેડા જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ મંજૂર કરવા રજૂઆતો

* ૨૪૧૯૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ મંજૂર કરવા કેટલી દરખાસ્તો મળી, અને | (૧) પ્લાન રસ્તાઓ માટે ૪૫૦ તેમજ નોન પ્લાન રસ્તાઓ માટે ૪૧૫ દરખાસ્તો મળી. |
| (૨) તે અન્વયે કેટલા રસ્તાઓને જોબ નંબર અપાયા, અને આપેલ રસ્તાના જોબ નંબરનાં કામો ક્યારે પૂર્ણ થશે, અને કેટલા ખર્ચનો અંદાજ છે ? | (૨) રૂ.૫૭૮૮૯.૯૯ લાખની અંદાજીત કિંમતના ૪૧૯ જોબ નંબર આપ્યા, જે પૈકી ૧૩૫ કામો પૂર્ણ, ૨૮૪ કામો પ્રગતિમાં/હવે શરૂ થનાર છે. જે બનતી ત્વરાથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

પ્રાંતિજ તાલુકામાં વ્યાયામ શાળાને સહાય

* ૨૫૮૨૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં ચાલતી વ્યાયામ શાળાની સંસ્થાને છેલ્લા બે વર્ષમાં નાણાંકીય સહાય ચૂકવવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) વ્યાયામ શાળાઓની દરખાસ્ત તા.૩૧–૧૨–૧૫ સુધી ન મળવાને કારણે છેલ્લા બે વર્ષમાં નાણાંકીય સહાય ચૂકવવામાં આવેલ નથી. |
| (૩) ઉકત સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૩) દરખાસ્તની ચકાસણી તથા પૂર્તતા થયા બાદ નાણાંકીય સહાય ચૂકવવામાં આવશે. |

ગીર સોમનાથ જિલ્લામાં સરકારી દવાખાનામાં, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ

* ૨૫૩૬૪ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, સામૂહીક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કટેલું છે,<br>(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વેરાવળ ડીસ્ટ્રીકટ હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ, સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–બ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–ક સામેલ છે. |
| (૩) તે પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને | (૩) તે પૈકી વેરાવળ ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં ૧૦૪ જગ્યાઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૬૭ જગ્યાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૧૧૧ જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે. |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

(૪) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્રની સહાય

* ૨૩૯૩૧ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમની સહાય મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ક્યા કામોમાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

જવાબ

(૧)

| વર્ષ | મળેલ સહાય (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૩.૮૩૨.૮૭ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ) | ૩.૫૯૩.૬૩ |

(૨) સામેલ પત્રક મુજબ.

પ ત્ર ક

| ક્રમ | કામની વિગત | ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧ | જનની સુરક્ષા કાર્યક્રમ, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (માતા), મમતા ઘર, આશા ઈન્સેન્ટીવ આઉટ રીચ કેમ્પ વગેરે. | ૬૧૦૦૫૭૬૯ |
| ૨ | બાલ સેવા કેન્દ્ર, બાલ સંજીવની કેન્દ્ર, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (બાળક), આઈ.એમ.એન.સી.આઈ. કાર્યક્રમ, આઈ.વાય.સી.એફ. કાર્યક્રમ ન્યુટ્રીશન સેલ, એચ.બી.એન.સી. વગેરે | ૧૦૦૩૪૩૦૨ |
| ૩ | કુટુંબ કલ્યાણ કાર્યક્રમ વગેરે | ૩૯૫૮૬૮૭૮ |
| ૪ | મમતા તરુણી, એડોલેશન ફ્રેન્ડલી હેલ્થ કલીનીક, વગેરે | ૯૭૧૮૭૮ |
| ૫ | આર.બી.એસ.કે. કાર્યક્રમ | ૧૨૬૪૭૭૮૮ |
| ૬ | મમતા ડોલી અને મોબાઈલ મમતા દિવસ | ૧૧૨૦૦ |
| ૭ | ફીમેલ હેલ્થ વર્કર, સ્ટાફ નર્સ, લેબોરેટરી ટેકનીશીયન, ફાર્માસિસ્ટ, મેડીકલ ઓફીસર, ન્યુટ્રીશન આસિસ્ટન્ટ, કુક કમ હેલ્પર, આયા, સિક્યોરિટી વગેરે કેડરનો પગાર ખર્. | ૫૪૬૧૩૨૭૩ |
| ૮ | તાલીમ ખર્ચ | ૧૩૭૬૬૨ |
| ૯ | જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, તાલુકા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટનો પગાર ભથ્થા તથા વહીવટી ખર્ચ, પ્રા.આ.કે. કક્ષાના એકાઉન્ટ કમ ઓપરેટરનો ખર્ચ, ઓડીટ ખર્ચ, વાહન ખર્ચ વગેરે | ૩૭૮૩૦૯૫૭ |
| ૧૦ | આશા ઈન્સેન્ટીવ, આશા ફેશીલીટેટર, ટ્રેનીંગ, આશા કીટ તથા એચ.બી.એન.સી.કીટ, આશા વર્કશોપ, આશા રિસોર્સનો પગાર ભથ્થા તથા વહીવટી ખર્ચ | ૧૨૦૩૪૦૩૦૧ |

| | | |
|---|---|---|
| ૧૧ | રોગી કલ્યાણ સમિતિ, સબ સેન્ટર અને ગ્રામ સંજીવની સમિતિનું અનટાઈડ ફંડનો ખર્ચ | ૮૮૧૫૯૨૫૯ |
| ૧૨ | પી.આર.આઈ. મેમ્બર્સનો વર્કશોપ તથા ગ્રામ સંજીવની સમિતિ તથા ગ્રામ પંચાયતના સભ્યોનો વર્કશોપ | ૧૦૮૩૮૨૨ |
| ૧૩ | આયુષ મેડીકલ ઓફીસરનો પગાર ભથ્થા ખર્ચ | ૨૦૪૭૧૬૯૫ |
| ૧૪ | પ્રચાર અને પ્રસાર કામગીરીનો ખર્ચ | ૩૫૫૫૯૦ |
| ૧૫ | મોબાઈલ મેડીકલ યુનિટ અને મોબાઈલ હેલ્થ યુનિટનો પી.ઓ.એલ. તથા મેન્ટેનન્સનો ખર્ચ તથા મેડીકલ ઓફિસર, ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેકનીશીયન, સ્ટાફ નર્સ, ડ્રાઈવરનો પગાર ભથ્થા ખર્ચ વગેરે | ૭૬૩૬૦૪૪ |
| ૧૬ | કવોલિટી સેલ, સી.યુ.જી.બીલ, આઈ.ટી.સેલ, સપોર્ટ તથા મોબીલીટી વગેરે | ૪૫૫૬૯૮૬ |
| ૧૭ | વેકસીન કુરિયર, મોબીલાઈઝેશન, આશા ઈન્સેન્ટીવ, પલ્સ પોલીયો, કોલ્ડ ચેઈન, ટ્રેઈનીંગ, મોબીલીટી સપોર્ટ વગેરે | ૪૫૬૪૩૨૬૧ |
| | કુલ | ૫૦૫૦૮૬૬૬૫ |

બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૨૪૦૮૬ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૪૬૦ | ૨૮૩ |
| ૨ | વડગામ | ૧૫૦ | ૧૨૯ |
| ૩ | ડીસા | ૨૦૫ | ૧૮૮ |
| ૪ | કાંકરેજ | ૨૦૨ | ૧૯૯ |
| ૫ | દાંતા | ૮૭ | ૭૮ |
| ૬ | અમીરગઢ | ૬૨ | ૪૮ |
| ૭ | ધાનેરા | ૧૬૯ | ૫૨ |
| ૮ | દાંતીવાડા | ૬૪ | ૩૯ |
| ૯ | દિયોદર | ૮૯ | ૬૫ |
| ૧૦ | લાખાણી | ૪૨ | ૩૭ |
| ૧૧ | ભાભર | ૧૨૯ | ૬૭ |
| ૧૨ | સૂઈગામ | ૧૫ | ૨૩ |
| ૧૩ | થરાદ | ૧૬૧ | ૧૪૧ |
| ૧૪ | વાવ | ૯૫ | ૪૧ |
| | કુલ | ૧૯૩૦ | ૧૩૯૦ |

(૨) તે પૈકી તાલુકાવાર વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર

(૨) વર્ષવાર અને તાલુકાવાર અરજીઓ નીચે મુજબ

કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

અરજીઓ મંજૂર/નામંજૂર કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | પાલનપુર | ૩૧૪ | ૬૭ | ૨૨૫ | ૪૬ |
| ૨ | વડગામ | ૧૧૦ | ૪૦ | ૧૦૪ | ૨૫ |
| ૩ | ડીસા | ૧૭૦ | ૩૫ | ૧૫૩ | ૩૫ |
| ૪ | કાંકરેજ | ૧૬૮ | ૩૪ | ૧૭૫ | ૧૫ |
| ૫ | દાંતા | ૭૮ | ૯ | ૭૪ | ૪ |
| ૬ | અમીરગઢ | ૫૦ | ૧૨ | ૩૯ | ૫ |
| ૭ | ધાનેરા | ૧૧૦ | ૫૪ | ૨૨ | ૧૯ |
| ૮ | દાંતીવાડા | ૫૨ | ૧૨ | ૩૨ | ૨ |
| ૯ | દિયોદર | ૭૭ | ૧૨ | ૬૩ | ૨ |
| ૧૦ | લાખાણી | ૧૯ | ૨૩ | ૨૭ | ૧૦ |
| ૧૧ | ભાભર | ૧૧૬ | ૧૩ | ૫૮ | ૯ |
| ૧૨ | સૂઈગામ | ૧૫ | ૦ | ૨૨ | ૧ |
| ૧૩ | થરાદ | ૧૫૭ | ૪ | ૧૧૭ | ૧૨ |
| ૧૪ | વાવ | ૮૫ | ૧૦ | ૩૨ | ૨ |

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) વર્ષવાર અને તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ ની પડતર અરજી | વર્ષ ૨૦૧૫ ની પડતર અરજી |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૯ | ૧૨ |
| ૨ | વડગામ | ૦ | ૦ |
| ૩ | ડીસા | ૦ | ૦ |
| ૪ | કાંકરેજ | ૦ | ૯ |
| ૫ | દાંતા | ૦ | ૦ |
| ૬ | અમીરગઢ | ૦ | ૪ |
| ૭ | ધાનેરા | ૫ | ૧૧ |
| ૮ | દાંતીવાડા | ૦ | ૫ |
| ૯ | દિયોદર | ૦ | ૦ |
| ૧૦ | લાખાણી | ૦ | ૦ |
| ૧૧ | ભાભર | ૦ | ૦ |
| ૧૨ | સૂઈગામ | ૦ | ૦ |
| ૧૩ | થરાદ | ૦ | ૧૨ |
| ૧૪ | વાવ | ૦ | ૭ |
| | કુલ | ૮૪ | ૬૦ |

વર્ષ ૨૦૧૪ ની ૮૪ પડતર અરજીઓનો નિકાલ થયેલ છે અને વર્ષ ૨૦૧૫ ની ૬૦ પડતર અરજીઓનો ત્વરીત નિકાલ કરવામાં આવશે.

## જૂનાગઢ જિલ્લામાં આવેલ સરકારી ડામર પ્લાન્ટ

* ૨૩૯૦૬ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલા સરકારી ડામર પ્લાન્ટ આવેલા છે, | (૧) ૨ (બે). |
| (૨) ઉકત ડામર પ્લાન્ટ, ઉકત સ્થિતિએ છેલ્લાં બે | (૨) અને (૩) : સરકારી પ્લાન્ટમાં ડામર બનાવવામાં |

વર્ષમાં વર્ષવાર કેટલા દિવસ કાર્યરત રહેલ છે અને ઉકત વર્ષવાર ડામરનો કેટલો જથ્થો બનાવવામાં આવ્યો, અને

(૩) ઉકત બનાવવામાં આવેલ ડામર કામના જથ્થાની વર્ષવાર પ્રતિ ટન કેટલી પડતર કિંમત થાય છે ?

આવતો નથી. ડામર રીફાઈનરીમાંથી ખરીદવામાં આવતો હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ શહેર અને જિલ્લામાં કાર્યરત રમતગમતના મેદાનો

* ૨૫૬૮૫ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૧–૧૬ની સ્થિતિએ દાહોદ શહેરમાં અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર રમતગમતના કેટલા મેદાનો આવેલા છે ?

જવાબ

દાહોદ શહેરમાં રમતગમતનું મેદાન નથી. દાહોદ જિલ્લામાં દેવગઢ બારીયા તાલુકામાં દેવગઢ બારીયા ખાતે નીચે મુજબના રમતગમતના મેદાનો આવેલા છે.

૧. ૪૦૦ મી.નો. સિન્થેટીક એથ્લેટીક ટ્રેક–૧
૨. ઈન્ડોર હોલ જૂડો/બેડમિન્ટન/કુસ્તી
૩. સ્વિમીંગ પુલ
૪. આર્ચરી મેદાન

રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં મંજૂર થયેલ બેઠકો

* ૨૫૩૭૯ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી અને સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ કોલેજોમાં કેટલી બેઠકો મંજૂર થયેલ છે, અને

(૨) ઉકત ખાનગી અને સરકારી કોલેજમાં વર્ષવાર તે પૈકી કેટલી બેઠકો સામાન્ય અને કેટલી બેઠકો ક્યા પ્રકારના અનામત વર્ગ માટે અનામત રાખેલ ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી અને સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની કોલેજોમાં બેઠકો મંજૂર થયેલ છે.

| વર્ષ | મેડીકલ કોલેજનું નામ | મંજૂર બેઠકો |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | – | ૦૦ |
| ૨૦૧૫–૧૬ | જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, જૂનાગઢ. | ૧૫૦ |
| ૨૦૧૫–૧૬ | જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, હિંમતનગર | ૧૫૦ |
| | કુલ | ૩૦૦ |

(૨) વર્ષ ૨૦૧૫–૧૬ માં મંજૂર થયેલ ઉકત મેડીકલ કોલેજોમાં સરકારી કવોટાની ૨૫૪ બેઠકો પૈકી ૧૩૦ બેઠકો સામાન્ય ૧૮ બેઠકો એસ.સી. ૩૮ બેઠકો એસ.ટી. ૬૮ બેઠકો એસ.ઈ.બી.સી. માટે અનામત રાખવામાં આવેલ.

પાટણ જિલ્લામાં ગ્રામ્ય માર્ગો મંજૂર કરવા બાબત

* ૨૪૨૭૧ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી રકમના ક્યા ગ્રામ્ય માર્ગોના કામ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) *પરિશિષ્ટ મુજબ.
૩૦૪ કામો ૨૭૮૦૬.૬૪ લાખના મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૧૦૯ પૂર્ણ, ૧૭ પ્રગતિ હેઠળ, ૧૭૪ ટેન્ડર પ્રક્રિયા હેઠળ, ૨ સુધારેલ વહીવટી મંજૂરીની પ્રક્રિયામાં, ૧ ડીપોઝીટ ભરવાની પ્રક્રિયા હેઠળ તથા ૧ કામ રદ કરેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના

* ૨૫૩૧૫ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા લોકોને મુખ્યમંત્રીશ્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના

જવાબ

(૧)

| તાલુકો | આપેલ કાર્ડની સંખ્યા | |
|---|---|---|
| | મુખ્યમંત્રી અમૃતમ | મા વાત્સલ્ય |

અંતર્ગત કાર્ડ વિતરણ કરવામાં આવ્યા, અને

| | | |
|---|---|---|
| બોડેલી | ૫ | ૯૦૧ |
| છોટાઉદેપુર | ૩૫ | ૧૦૭૧ |
| જેતપુરપાવી | ૮ | ૮૮૭ |
| કવાંટ | ૮૩ | ૧૦૯૯ |
| નસવાડી | ૪૭ | ૬૧૪ |
| સંખેડા | ૪ | ૧૭૦૭ |
| કુલ | ૧૮૨ | ૬૨૭૯ |

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા લોકોને ઉકત યોજના હેઠળ કાર્ડ વિતરણ કરવાના બાકી છે ?

(૨) નોંધણી કરાવવા આવેલ તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે. આમ, કોઈ લાભાર્થીને કાર્ડ આપવાના બાકી રહેતા નથી.

### અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજોમાં મંજૂર મહેકમ

* ૨૩૭૭૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજોમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) અમદાવાદ અને વડોદરામાં આવેલ આયુર્વેદિક કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ.

| ક્રમ | સંવર્ગ | સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ મંજૂર મહેકમ | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા મંજૂર મહેકમ |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૩૫ | ૨૩ |
| ૨ | વર્ગ–૨ | ૪૧ | ૨૭ |
| ૩ | વર્ગ–૩ | ૨૮ | ૧૭ |
| ૪ | વર્ગ–૪ | ૨૧ | ૧૮ |
| | કુલ | ૧૨૫ | ૮૫ |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે,

(૨) સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર સીધી ભરતીથી ભરાયેલ જગ્યાઓની માહિતી.

| ક્રમ | સંવર્ગ | સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ | | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા | |
|---|---|---|---|---|---|
| | | ભરેલ જગ્યા | સીધી ભરતીથી ભરેલ જગ્યા | ભરેલ જગ્યા | સીધી ભરતીથી ભરેલ જગ્યા |
| ૧ | વર્ગ–૧ | ૧૯ | ૦ | ૧૧ | ૧ |
| ૨ | વર્ગ–૨ | ૩૧ | ૧ | ૧૬ | ૦ |
| ૩ | વર્ગ–૩ | ૧૨ | ૫ | ૪ | ૦ |
| ૪ | વર્ગ–૪ | ૧૨ | ૧૧ | ૧૧ | ૦ |

(૩) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૩) એક વર્ષ કરતાં વધુ સમયથી સંવર્ગવાર ખાલી જગ્યાની માહિતી.

| ક્રમ | સંવર્ગ | સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ | | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા | |
|---|---|---|---|---|---|
| | | ખાલી જગ્યા | એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યા | ખાલી જગ્યા | એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યા |
| ૧ | વર્ગ–૧ | ૧૬ | ૧૬ | ૧૨ | ૧૨ |
| ૨ | વર્ગ–૨ | ૧૦ | ૧૦ | ૧૧ | ૧૧ |
| ૩ | વર્ગ–૩ | ૧૬ | ૧૬ | ૧૩ | ૧૨ |
| ૪ | વર્ગ–૪ | ૯ | ૯ | ૭ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૫૧ | ૫૧ | ૪૩ | ૪૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) આ ખાલી જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે.

જામનગર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ કાર્ય

* ૨૫૩૨૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર, જોડીયા, ધ્રોલ અને કાલાવાડ તાલુકાના તાલુકાવાર કેટલા બી.પી.એલ. પરિવારોને ''મુખ્યમંત્રી અમૃતમ યોજના'' હેઠળ કાર્ડ અપાયા છે,

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા બી.પી.એલ. પરિવારોને કાર્ડ આપવાના બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) ઉકત બાકી તમામ પરિવારોને આ કાર્ડ ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવનાર છે ?

જવાબ

(૧)

| તાલુકો | આપેલ કાર્ડની સંખ્યા |
|---|---|
| જામનગર | ૨૬,૮૩૯ |
| જોડીયા | ૨,૨૪૫ |
| ધ્રોલ | ૩,૦૯૭ |
| કાલાવાડ | ૩,૪૩૪ |
| કુલ | ૩૫,૬૧૫ |

(૨) ઉકત સ્થિતિએ નોંધણી કરાવવા આવેલ તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે. આમ, લાભાર્થીને કાર્ડ આપવાના બાકી રહેતા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ નક્કી થયા મુજબ માગણીઓ પરની ચર્ચાનો સમય એક કલાક અને દસ મિનિટ વધારવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત( વિરોધપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય દંડકશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એને હું ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) આજની માગણીઓમાં આપણે એક કલાક અને દસ મિનિટનો સમય વધારીએ છીએ.

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભાગૃહની પ્રેક્ષક ગેલેરીમાં બેઠેલા પ્રેક્ષકને ખેંચ આવવા અંગે

અધ્યક્ષશ્રી : ગૃહના સભ્યોને જણાવવાનું કે, પ્રશ્નોત્તરી દરમિયાન એક વડીલને જે ખેંચ આવવાનો પ્રસંગ બન્યો હતો, એમનું નામ છે સોનારા મનુભાઇ ભુરાભાઇ, ૫૩ વર્ષની ઉંમરના છે. એમના ગામનું નામ છે સાંગરસોલા, તાલુકો કેશોદ અને જિલ્લો જુનાગઢ. હાલ એમની સારવાર અહીંયા વિધાનસભામાં ચાલી રહી છે અને તબિયતમાં સુધારો પણ છે. તો આ વિસ્તારના ધારાસભ્યશ્રી થોડી કેર કરીને ગામ સુધી તેઓ સલામત પહોંચે એવી વ્યવસ્થા કરે. નેકસ્ટ.

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

ગૃહ વિભાગ

માગણી ક્રમાંક. ૪૨

શ્રી રજનીકાંત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૪,૯૯,૧૧,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

ગૃહ વિભાગ

માગણી ક્રમાંક.૪૩

શ્રી રજનીકાંત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૫,૯૯,૪૯,૮૪,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૪૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

## ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૪૪

શ્રી રજનીકાંત સો. પટેલ (રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની ૧,૧૪,૯૧,૬૨,૦૦૦/–ની માગણી ક્રમાંક –૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહજી ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૪ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૧૭ –૩-૨૦૧૬ (સાતમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | ગૃહ વિભાગ<br>માગણી નં ૪૨ | |
| ૧ | ૨૦૫૨– સચિવાલય....સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>રૂ.૧૨,૭૯,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા નં. ૧૫ થી ૧૬ | ૧૦૦ | પૂર્વ વડાપ્રધાનશ્રીની તાજેતરની ગાંધીનગર ખાતેની મુલાકાત અન્વયે પૂરતો પોલીસ બંદોબસ્ત/સલામતીની વ્યવસ્થા ન અપાતા કાર્યકમ રદ કરવો પડયો તે બાબતે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૨ | --,,-- | ૧૦૦ | અનામત આંદોલનોમાં પોલીસે સામાન્ય નાગરીકો ઉપર ગુજારેલ અત્યાચાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | ડાં. તેજશ્રીબેન પટેલ |
| ૩ | --,,-- | ૧૦૦ | નિર્દોષ વ્યકિતઓને ખોટી રીતે પકડી તેઓ સામે પાસાના હુકમો કરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૪ | --,,-- | ૧૦૦ | પોલીસ કર્મીઓ પાસે ઘરના કામો કરાવી અને કામ ન કરે તો બંધક બનાવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૫ | --,,-- | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી પોલીસ દળના આધુનિકીકરણ અર્થે ફાળવવામાં આવતી રકમનો યોગ્ય રીતે ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૬ | --,,-- | ૧૦૦ | ગુજરાતમાં જેલ મેન્યુઅલ તૈયાર કરવાની કામગીરી છેલ્લા દસ વર્ષથી ચાલતી હોવા છતાં સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | --,,-- | ૧૦૦ | રાજ્યમાં ૭૦ જેટલી પોલીસ ચોકીઓ અને ૨૫ જેટલા પોલીસ સ્ટેશનો ભાડાના મકાનમાં કાર્યરત છે તો તેને પોતાના મકાનો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૮ | --,,-- | ૧૦૦ | પાસાના મોટા ભાગના કેસો ખોટી રીતે કરવામાં આવે છે જેમાં કોઇ સજાઓ થતી નથી. આથી પુરાવા વિના પાસાના કેસો ન થાય તેવી તકેદારી રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |
| ૯ | --,,-- | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચાર માટે રચાયેલ મહિલા સુરક્ષા સમિતિની બેઠકો લાંબા સમયથી મળતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર |
| ૧૦ | ૨૦૫૨- સચિવાલય....સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>રૂ.૧૨,૭૯,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પાના નં. ૧૫ થી ૧૬ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નો સત્વરે ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૧૧ | --,,-- | ૧૦૦ | દરેક પોલીસ સ્ટેશનોમાં ચોવીસ કલાક ચાલુ રહે તેવા સી.સી.ટી.વી કેમેરાઓ સત્વરે લગાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૨ | --,,-- | ૧૦૦ | હાઇટેક ગુનાખોરી સામે પોલીસ તંત્રની નબળાઇ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૩ | --,,-- | ૧૦૦ | પોલીસ કર્મચારીઓની ભરતી સમયસર અને પુરા પગારથી ન કરાતા કાયદો અને વ્યવસ્થા જોખમાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૧૪ | --,,-- | ૧૦૦ | સત્તાધારીઓ પોતાની સત્તાનો દૂરૂપયોગ કરી પોતાના માનીતા કે અંગત પોલીસ અધિકારીઓની પસંદગીના સ્થળોએ પોસ્ટીંગ કરાવતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| ૧૫ | --,,-- | ૧૦૦ | પોલીસ તંત્રને રાજનીતિથી દૂર રાખી સ્વતંત્ર રીતે કામગીરી કરે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૬ | --,,-- | ૧૦૦ | પોલીસ ભરતીઓમાં થતી વ્યાપક ગેરરીતિઓની તપાસ કરી જરૂરી પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| | | માગણી નં. ૪૩ | | |
| ૧૭ | ૨૦૫૫- પોલીસ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP-૩૦ પોલીસ<br>....મહાનિરીક્ષક<br>રૂ. ૧૯,૪૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા નં.૨૩ અને ૨૪ | ૧૦૦ | કરોડો રૂપિયાના સટ્ટાકાંડમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે ઝડપથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૧૮ | --,,-- | ૧૦૦ | પોલીસ આવાસોની મરામત કામગીરી સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | --,,-- | ૧૦૦ | પોલીસ વેલ્ફેર ફંડનો સદ્ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશ ગરાસીયા |
| ૨૦ | --,,-- | ૧૦૦ | પોલીસ અકસ્માત વિમો અને જીવન વિમો સરકાર પોતે જ ઉતારે અને તેનુ પ્રિમયમ પણ સરકાર જ ભરે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૨૧ | ૨૦૫૫- પોલીસ<br>૧૦૧- ગુના....તકેદારી<br>૦૧-છુપી પોલીસ ખાતુ<br>રૂ. ૪૭,૦૯,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પાનં.૩૦ અને ૩૧ | ૧૦૦ | છૂપી પોલીસની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૨૨ | ૨૦૫૫- પોલીસ<br>૧૦૯- જિલ્લા પોલીસ<br>૦૧-MEP-૬ જિલ્લા પોલીસ ખુદ<br>રૂ. ૧૯,૦૮,૯૧,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા નં.૪૦ અને ૪૧ | ૧૦૦ | પોલીસ કર્મીઓના કામના કલાકો મર્યાદિત- વ્યાજબી રીતે નકકી કરી તેઓની કાર્યક્ષમતામાં વધારો થઇ શકે તેવી રીતે ડ્યુટી ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૩ | --,,-- | ૧૦૦ | પોલીસ કર્મીઓને સત્વરે પ્રમોશન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ |
| ૨૪ | --,,-- | ૧૦૦ | પોલીસ કર્મીઓ દ્વારા થતી ગુંડાગીરીની ફરિયાદો થયા બાદ તેના પર તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (રાઘવજીભાઇ પટેલ) |
| ૨૫ | --,,-- | ૧૦૦ | બુટલેગરો તથા માથાભારે તત્વોને કાબૂમાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૨૬ | --,,-- | ૧૦૦ | ડાન્સરો સાથે અશ્લીલ ડાન્સ કરી રૂપિયા ઉછાળતા પકડાયેલા પોલીસો સામે કડક પગલા લેવામાં અને તેમાં થતાં આર્થિક વ્યવહારોની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૭ | --,,-- | ૧૦૦ | બુટલેગરો દ્વારા પોલીસ કર્મીઓ પર થતા હુમલાઓ બાબતે કડક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૨૮ | --,,-- | ૧૦૦ | ગૌ હત્યાઓ અને ગૌમાંસના ગુનાઓ સામે પગલાં લઇ તેના પર કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૨૯ | --,,-- | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા ચાર્જશીટ દાખલ કર્યા બાદ કેસોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૩૦ | --,,-- | ૧૦૦ | દારૂ- જુગારના અડ્ડાઓ ઉપર જનતા દ્વારા રેડ પાડી દારૂનો નાશ કરાય છે તે બાબતમાં જે તે પોલીસ સ્ટેશનની ગંભીર બેજવાબદારી સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩૧ | --,,-- | ૧૦૦ | બુટલેગરોને ત્યાં યોજાતા પ્રસંગોમાં હાજરી આપી બુટલેગરોને પ્રોત્સાહિત કરતા પોલીસ કર્મીઓ અને અધિકારીઓ સામે પગલા | ડૉ. અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૨ | --,,-- | ૧૦૦ | પોલીસ તંત્ર ધ્વારા અસરકારક પેટ્રોલિંગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૩૩ | --,,-- | ૧૦૦ | દાહોદ જિલ્લામાં ચોરીઓ, લૂંટ અને ઠેર ઠેર દારૂ-જૂગારના અડ્ડાઓ ચલાવવાની કામગીરી સામે કડક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૩૪ | --,,-- | ૧૦૦ | ગુનાહીત માનસિકતાથી નબળા પડતાં પોલીસ તંત્રને સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૩૫ | --,,-- | ૧૦૦ | પોલીસ તંત્રમાં ખાલી જગ્યાઓ ફિક્સ પગારથી ભરાતા ગેરરીતિઓને મળતો અવકાશ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૩૬ | ૨૦૫૫- પોલીસ<br>૧૦૯- જિલ્લા પોલીસ<br>૦૧-MEP-૬ જિલ્લા પોલીસ ખુદ<br>રૂ. ૧૯,૦૮,૯૧,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પાના નં.૪૦ અને ૪૧ | ૧૦૦ | પોલીસ દ્વારા જે તે વિસ્તારોમાં સમયાંતરે પેટ્રોલીંગ ન થવાથી સર્જાતી અઘટીત ઘટનાઓને રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૩૭ | --,,-- | ૧૦૦ | પોલીસ તંત્રને સતત સરકારી તથા અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત રાખવાથી રાજ્યનો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને કથળતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૩૮ | --,,-- | ૧૦૦ | વગદાર યુવાનો હીટ એન્ડ રનના કેસમાં સહેલાઇથી જામીન મેળવી છૂટી જાય છે તો તે માટે જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૩૯ | --,,-- | ૧૦૦ | અસામાજિક તત્વો બાબતે સ્થાનિકો ધ્વારા ફરિયાદો કરવા છતાં પોલીસ દ્વારા કોઇ પગલા ન લેવાતા પ્રજા દ્વારા બંધના એલાન કરવા પડે છે તો તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતીભાઇ ખરાડી |
| ૪૦ | --,,-- | ૧૦૦ | સાઇબર ક્રાઇમના ગુનાઓ ઉકેલવા બાબતે તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૪૧ | --,,-- | ૧૦૦ | રાજ્યમાં યુવાનો અને અન્ય લોકોના આપઘાતના પ્રયાસો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઇ ગોરીયા |
| ૪૨ | --,,-- | ૧૦૦ | રાજ્યમાં બાળકોના અપહરણ અને ગુમ થવાના બનાવો રોકવા માટે જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૪૩ | --,,-- | ૧૦૦ | જપ્ત કરાયેલ ચોરીનો મુદ્દામાલ મૂળ માલિકને પાછો ન આપતા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે છે અને ત્યાંથી તે ગુમ થાય છે ત્યારે તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૪ | --,,-- | ૧૦૦ | જે તે વિસ્તારમાંથી તડીપાર કરાયેલ ગુનેગારોને તે જ વિસ્તારમાં ફરતા રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૪૫ | --,,-- | ૧૦૦ | ભાગેડુ જાહેર કરેલ વ્યકિતઓને પકડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૪૬ | --,,-- | ૧૦૦ | પોલીસ દ્વારા વાહન ચાલકો પાસે ગુનાઓ માટે ઉઘરાવતા દંડની રકમ માટે પાવતી અપાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| | | માગણી નં. ૪૪ | | |
| ૪૭ | ૨૦૫૬- જેલ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP- ૨૨ જેલ મહાનીરિક્ષક<br>રૂ. ૧૨,૭૪,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પાનં. ૭૨ અને ૭૩ | ૧૦૦ | જેલ મેન્યુઅલ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ વર્ષમાં એકવાર જેલોનું તેમજ તેની આસપાસની જગ્યાનું નિરિક્ષણ કરવાની જોગવાઇ હોવા છતા નિરિક્ષણ કરવામાં આવતુ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૪૮ | ૨૦૫૬- જેલ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP- ૨૨ જેલ મહાનીરિક્ષક<br>રૂ. ૧૨,૭૪,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા નં. ૭૨ અને ૭૩ | ૧૦૦ | જેલોમાં સિપાઇઓ અને જાપ્તા પોલીસ અધિકારીઓની રહેમનજર હેઠળ ગેરકાનુની કામો થતા રહે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૪૯ | --,,-- | ૧૦૦ | જેલોમાં રાખવામાં આવતા ટેલીફોનોની દર માસે પ્રીન્ટ કઢાવી, તેની તપાસ કરીને થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૫૦ | --,,-- | ૧૦૦ | જેલોની સુરક્ષા માટે જેલોમાં રખાયેલ પોલીસ દળને બદલે એસ.આર.પી.ના જવાનોને મુકી જેલોમાં થતી ગેરરીતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૫૧ | --,,-- | ૧૦૦ | જેલમાં રખાયેલ જામરો વારંવાર બંધ કરનારની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા |
| ૫૨ | --,,-- | ૧૦૦ | જેલોમાં કેદીઓને અપાતા ઇંડા-દુધ અને ફળોની ખરીદીમાં થતી વ્યાપક ગેરરીતિઓની તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૫૩ | --,,-- | ૧૦૦ | જેલોમાં વારંવાર ચેકીંગ કરવા છતાં કેદીઓ પાસેથી મોબાઇલ તેમજ તેના જેવી અન્ય પ્રતિબંધિત વસ્તુઓને જેલમાં આવતી રોકવામાં અને તેની સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઇ પટેલ |
| ૫૪ | --,,-- | ૧૦૦ | સાબરમતી જેલમાં સજા ભોગવતા કેદીઓ સરકારી કોમ્પ્યુટરોનો ઉપયોગ કરી સંદેશાની આપ-લે કરતા હોય છે તેની તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચૌધરી |

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સરકાર એક બાજુ વધારાની રકમ માટેની માગણીઓ લઇને આવે છે અને બીજી બાજુ આ જ રાજય સરકાર દ્વારા ૨૦૧૧-૧૨ થી ૨૦૧૩-૧૪ ની અંદર અને ૨૦૧૪-૧૫માં આમ કુલ ચાર વર્ષની અંદર જે ૧૩૮૨૫.૭૮ કરોડ રૂપિયાની જે જોગવાઇ લઇને આવ્યા હતા, જે બજેટ ફાળવવામાં આવ્યું હતું એ બજેટમાં ૫૯૦.૨૯ કરોડ રૂપિયા છેલ્લા ચાર વર્ષમાં વણવાપરેલી રકમ ગૃહ વિભાગમાં પડી રહી છે. કેન્દ્ર સરકાર તરફથી હરહંમેશ આ રાજયને સક્ષમ બનાવવા માટે, પોલીસને

સક્ષમ બનાવવા માટે, એને સાધનસામગ્રી આપવા માટે અને પોલીસ આધુનિકરણ માટે એમને ગ્રાન્ટ મળતી હોય છે. વર્ષ ૨૦૧૨–૧૩ થી વર્ષ ૨૦૧૪–૧૫ સુધી છેલ્લા ત્રણ વર્ષની અંદર કેન્દ્ર સરકાર દ્વારા ૧૬૪.૭ કરોડ રૂપિયાની જે ગ્રાન્ટ મળી એ ગ્રાન્ટના ભાગરૂપે ૩૪.૯૨ કરોડ રૂપિયા વણવપરાયેલા આ ડિપાર્ટમેન્ટની અંદર પડયા રહ્યાં એટલે ક્રાઇમ માટે આ સરકાર કેટલી ચિંતિત છે એ સ્પષ્ટપણે દેખાઇ આવે છે. આ સભાગૃહની અંદર છેલ્લા ઘણા વખતથી આ સેશનમાં નવો એક ટ્રેન્ડ ચાલુ થયો છે કે ૧૯૯૫, ૧૯૯૫ નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યૂરો એના આધારે હું કહેવા માગું છું. આ રાજ્ય સરકારની અંદર ૧૯૯૫ અને ૨૦૧૪ ની સરખામણી કરીએ તો ૧૯૯૫ માં બળાત્કારના ૩૦૯ કિસ્સાઓ બન્યા હતા અને આજે ૨૦૧૪ માં ૮૪૧ કિસ્સાઓ બન્યા છે. મતલબ કે ૫૩૨ બનાવોનો વધારો થયો છે. ૧૯૯૫માં આ રાજયમાં અપહરણના ૧૧૨૦ બનાવો બન્યા હતા. ૨૦૧૪ માં ૨૭૧૨ બનાવો બન્યા છે. મતલબ કે ૧૫૯૩ અપહરણોના કિસ્સામાં વધારો થયો છે.

આમ ગતિશીલ ગુજરાતનો ગતિશીલ ક્રાઇમ આ સભાગૃહ સમક્ષ હું મૂકવા માગું છું. ૨૦૧૪ની અંદર આ રાજ્યમાં બનેલ બનાવની થોડીક જાણકારી સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. ખૂનના ૧૧૨૪ બનાવો બન્યા એટલે દરરોજના ૩ ખૂન આ રાજ્યમાં થાય છે. બળાત્કારના ૮૪૧ કિસ્સા બન્યા એટલે રોજના ૭ થી ૮ બળાત્કાર આ રાજયમાં થાય છે. અપહરણના ૨૭૨૨ કિસ્સાઓ બન્યા એટલે રોજના ૭ થી ૮ કિસ્સાઓ અપહરણના આ રાજયમાં થાય છે. લૂંટના ૧૨૦૯ કિસ્સાઓ બન્યા એટલે રોજની ૩ થી ૪ લૂંટ આ રાજ્યની અંદર થાય છે. ઘરફોડ ચોરીના ૪૪૭૭ કિસ્સાઓ બન્યા, એટલે રોજના ૧૨ કિસ્સાઓ આ રાજ્યની અંદર બને છે. ચોરીના ૧૪,૩૩૭ કિસ્સાઓ એટલે રોજની ૩૯ ચોરીઓ આ રાજ્યમાં થાય છે અને એમાં મુખ્યમંત્રીશ્રીનું ઘર પણ બાકાત રહેતું નથી. આ સ્પષ્ટપણે દેખાય છે. કર્ફ્યુ પહેલાં નહોતા, રાયોટિંગ થતા ન હતા. શાંત છે. હમણા જોયું છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પરિસ્થિતિ પેદા થઇ એના ભાગરુપે કહું છું કે ૧૩૫૪ કિસ્સા રાયોટિંગના આ રાજ્યમાં બન્યા છે. ત્યારે રોજ પ્રમાણે ૩ થી ૪ કિસ્સા આ રાજયમાં બનેલ છે. થોડી તુલના કરવા માગું છું. આપણે બીજા રાજ્યોની તુલના અલગ અલગ રીતે કરતા હોઇએ છીએ.એ તુલના રેશિયોના માધ્યમથી કરવી છે. ખૂન અને અપહરણની અંદર ગુજરાતના ૭૨.૮ ટકા, ઉત્તરપ્રદેશમાં ૩૨.૪, બિહારમાં ૪૧.૨. આમ બિહાર અને ઉત્તરપ્રદેશની અંદર ખૂનના, અપહરણના ગુના ઓછા બન્યા છે. ગુજરાતમાં ખૂન અને અપહરણ સૌથી વધારે કિસ્સા બન્યા છે જે દેખાઇ આવે છે. મહિલા સશક્તિકરણની વાતો થતી હતી. રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી મહિલા હોય ત્યારે આ સભાગૃહમાં દુઃખ સાથે કહેવું પડે છે કે આજે બળાત્કારની અંદર ગુજરાતનો રેશિયો ૯૦.૬ ટકા છે. બિહારમાં ૪૭.૨, પશ્ચિમ બંગાળમાં ૪૧.૧ નો રેશિયો છે. આમ આ રાજયમાં બળાત્કાર બિહાર કરતા પણ ગુજરાતમાં સૌથી વધારે થાય છે. ૨૦૧૩ નો રેશિયો જોઇએ તો એમાં ૫૪.૮ ટકા ગુજરાતમાં બળાત્કારનો રેશિયો હતો. આજે ગુજરાતમાં ૯૦.૬ ટકા થયો છે. આમ વધારો થયો છે એ સ્પષ્ટપણે દેખાઇ આવે છે. લૂંટ, ધાડ અને ચોરીની વાત કરી ત્યારે ગુજરાતની અંદર ૩૩ ટકાનો રેશિયો ૨૦૧૪ પ્રમાણે નોંધાયો છે. લૂંટ, ધાડની વાત આવે ત્યારે આપણને બિહાર અને ઉત્તર પ્રદેશ યાદ આવે. મારે આંકડા આપવા છે. બિહારની અંદર લૂંટ, ધાડ, ચોરીનો ૨૯.૨ ટકાનો રેશિયો છે. ઉત્તરપ્રદેશનો ૨૮.૧ નો રેશિયો. ગુજરાત બિહાર, ઉત્તરપ્રદેશ તરફ જઇ રહ્યું છે. આ આંકડાના આધારે સ્પષ્ટપણે દેખાઇ આવે છે. મહિલા સામેના ક્રાઇમની અંદર ગુજરાતનો રેશિયો ૩૭.૨ છે. એની સામે બિહારનો ૩૧.૩ છે. બળાત્કારની ચિંતા કરતા હોઇએ ત્યારે બળાત્કારનો રેશિયો ગુજરાતમાં ૧૫.૬ એની સામે બિહારમાં ફક્ત ૫ પોઇન્ટનો રેશિયો નોંધવામાં આવ્યો છે. આ રાજયની અંદર અનુસૂચિત જાતિની જે વસતિ રહે છે તેની સામેનો ક્રાઇમ રેશિયો કહું છું ત્યારે ભારતની અંદર અનુસૂચિત જાતિના લોકો સામે થતા બનાવોનો રેશિયો ૨૩.૪ ટકા છે જયારે ગુજરાતમાં ૨૭.૩ ટકા છે. ભારત કરતાં ગુજરાતમાં આ રેશિયો વધારે છે. દુઃખ સાથે કહેવું પડે કે ઉત્તરપ્રદેશમાં ફક્ત ૧૯.૫ નો રેશિયો રહેલો છે. જયારે કેસો થતા હોય, પોલીસતંત્ર આગમચેતી રાખીને કેસો કરતી હોય ત્યારે તેની ચાર્જશીટ થવી જોઇએ અને તે કોર્ટમાં રજૂ થવી જોઇએ. આ રેશિયો હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું.

કેસની સામે ચાર્જશીટની વાત કરું તો ગુજરાતમાં ૮૬.૬ ટકા છે તેની સામે મધ્યપ્રદેશમાં ૯૨.૫ ટકા અને આંધ્રપ્રદેશમાં ૯૧.૯ ટકાનો રેશિયો નોંધાયેલો છે. આ ગતિશીલ ગુજરાતના ગતિશીલ ક્રાઇમમાં એક પરિવારની ચાર વ્યક્તિઓ મંદિરમાં ગઇ, માતા–પિતા, પુત્ર અને દીકરી. ભગવાનને કહ્યું કે હે, ભગવાન હું આંગણવાડીમાં નોકરી કરું છું અને હું રોડ ઉપર નીકળું તો મારી લૂંટ ના થઇ જાય, મારું ખૂન ના થઇ જાય એટલે મારી રક્ષા કરજે. મહિલા નીકળી અને કહ્યું કે હું ઘરનું કામ સંભાળું છું અને શાકભાજી લેવા જાઉં કે ખરીદી કરવા જાઉં ત્યારે મારું મંગળસૂત્ર કોઇ ચોરી ના જાય, કોઇ છીનવી ન જાય એટલે ભગવાન તું મારી રક્ષા કરજે. દીકરી નીકળી અને કહ્યું હે, ભગવાન મને ભારતીય જનતા પાર્ટીએ કેસરી કલરની સાઇકલ આપી છે, રાત્રે મારું એકસીડન્ટ ન થાય એટલા માટે આ કલર પણ કેસરી પસંદ કર્યો છે પણ મને કોઇ ઉપાડી ન જાય અને મારી સાથે કોઇ બળાત્કાર ન કરે એટલા માટે મારી તું રક્ષા કરજે. તેવી રીતે દીકરાએ કહ્યું કે મારે ભણીને મારા ઘરનું નામ રોશન કરવું છે, હું જયારે અભ્યાસ કરીને સ્કૂલમાંથી પાછો આવું ત્યારે મારું અપહરણ ન થઇ જાય. આ વાત ભગવાન સમક્ષ મૂકી ત્યારે ભગવાન બિચારો જોતો રહી ગયો અને કહ્યું કે મને માફ કરજો હું તમારી રક્ષા કરી શકું તેમ નથી. કારણ કે આ રાજયમાં મારા મંદિરો જો લૂંટાતા હોય, મારા ઘરેણાં જો ચોરાઇ જતા હોય, મારી પેટીઓ જો ચોરાઇ જતી હોય તો હું મારી રક્ષા ન કરી શકું, તમારી રક્ષા કરી શકવા માટે અસક્ષમ છું એટલે આ વાત આ સભાગૃહ સમક્ષ મૂકું છું. ગુજરાત એટલે ગાંધી અને સરદારનું ગુજરાત. ગુજરાત એટલે નરેન્દ્રભાઇ અને આનંદીબેનનું ગુજરાત. આજે બાવીસ બાવીસ વર્ષ થયા. આજે કહેવાય કે ગુજરાતમાં દારૂબંધી છે. હમણાં સોશ્યિલ મિડિયામાં વોટસએપ પર એક મેસેજ ફરે છે. તમે મહારાષ્ટ્ર જાઓ, રાજસ્થાન જાઓ કે મધ્યપ્રદેશ જાઓ અને તમારે જો દારૂ પીવો હોય તો તમારે દુકાન પર લેવા

જવું પડે જયારે ગુજરાત એક એવું રાજય છે જયાં દારૂ તમારે જોઇતો હોય તો ઘેર ડીલીવરી મળે છે. આવો સોશ્યિલ મિડિયામાં મેસેજ ફરી રહ્યો છે.

મારે કહેવું છે કે ગાંધી અને સરદારના આ ગુજરાતની અંદર, વાઇબ્રન્ટ ગુજરાતના વાઇબ્રન્ટ દારૂબંધી માટે આ સભાગૃહ સમક્ષ કહેવું છે. ૨૦૦૯ થી ૨૦૧૫ જુન સુધી સાડા પાંચ વર્ષમાં દેશી દારૂ ૩ કરોડ ૫૯ લાખ ૮૭ હજારનો પકડાયો છે. ૨ કરોડ ૯૩ લાખ ૭૫ હજારની વિદેશી દારૂની બોટલો પકડાઇ. આ પકડાયેલા દેશી અને વિદેશી દારૂની કિંમત જો આપણે ગણીએ તો ૩૪૫ કરોડ ૭૪ લાખ અને ૩૪ હજાર રૂપિયા થાય. તેની સામે નાશ કેટલો કર્યો તો ૨૨૭ કરોડ ૨૨ લાખ ૧૩ હજારનો નાશ કરવામાં આવ્યો. ૩૪૫ કરોડ અને ૨૨૭ જોઇએ તો ૧૧૮ કરોડ ૫૨ લાખ ૨૧ હજાર રૂપિયાનો દારૂ ગાયબ કયાં થઇ ગયો, તેને કોણ પી ગયું, તે કોણે વેચી માર્યો અને કોના ખિસ્સામાં પૈસા ગયા આ સ્પષ્ટપણે દેખાઇ આવે છે. ગઇકાલે જયંતિભાઇ પંચાયતની વાતમાં સ્વચ્છતા અભિયાનની વાત કરતા હતા. બે-બે રૂપિયા આપવાની વાત કરી. મારે આજે જયંતિભાઇ હાજર નથી પણ કહેવું છે આ જે દારૂ ૧૧૮ કરોડ અને ૫૨ લાખનો પકડાયો હતો તે જો પોલીસતંત્ર લઇ આવે અને કોઇકને વેચી મારી તેના પૈસા આવશે તો તમે કાલે ૭ કરોડની જાહેરાત કરી હતી આ તો ૧૧૮ કરોડ રૂપિયા થાય છે. હમે તો અપનોને લૂંટા ગૈરોમેં કહાં દમ થા, ભાજપ તેરી કસ્તી ભી ડૂબેગી વહાં જહાં પાની કમ હોગા.

આ આંકડા જે રજૂ કર્યા ત્યારે પોલીસ ડિપાર્ટમેન્ટનું મોરલ તોડવા માગતો નથી. પોલીસ ડિપાર્ટમેન્ટ પોતાના અધિકારીઓ માટે, પોતાના પોલીસ જવાન માટે પૂરતી રક્ષા અને પૂરતો પગાર માગે છે. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, રાજયસભામાં જે આંકડાઓ રજૂ થયા ૩૧-૯-૨૦૧૪ના રોજ કે, આ રાજયમાં ડાયરેકટરથી માંડીને પોલીસ કોન્સ્ટેબલ સુધીની ૨૧,૭૦૭ જગ્યાઓ ખાલી છે અને એની સામે સરકાર નોકરી આપવાની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે, આજે પોલીસ ઇન્સ્પેકટરોની ૩૦૩ જગ્યાઓ ખાલી છે, પોલીસ સબ ઇન્સ્પેકટરોની ૧૨૨૩ જગ્યાઓ ખાલી છે આવી જગ્યાઓની પોલીસ ડિપાર્ટમેન્ટમાં તાત્કાલિક ભરતી થવી જોઇએ. ભરતી માટેનું સરકારે જે કેલેન્ડર બહાર પડ્યું છે કે, પોલીસ સબ ઇન્સ્પેકટરોની ૫૦૦ જગ્યાઓ ભરીશું પણ ૧૨૨૩ જગ્યાઓ ખાલી છે, આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેકટરોની ૮૦૦ જગ્યાઓ ભરીશું પણ ૧૮૭૦ જગ્યાઓ ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે, જે રીતે આઇ.બી. દ્વારા રિપોર્ટ આવ્યો કે ૧૦ આતંકવાદીઓ ઘૂસી ગયા છે. પોલીસ ડિપાર્ટમેન્ટે અને હોમ સેક્રેટરીએ પણ સ્વીકાર્યું છે કે, કોઇ ૩ આતંકવાદીઓ આવા મર્યા નથી ત્યારે આ રાજય સરકાર એનો ખૂલાસો કરે કે આવા કોઇ ૧૦ આતંકવાદીઓ હતા કે નહીં? સરકાર આતંકવાદીઓને પકડવાની વાત કરે છે ત્યારે મારી સરકારને ખૂલ્લી ચેલેન્જ છે કે, જે *(xxx). માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, *(xxx) તમે વાત કરો છો તમે ખેડૂતોને ગોળીઓ મારી ત્યારે મારે કહેવું છે કે, ગોધરા કાંડ વખતે તમે શું કર્યું હતું? એના પછીના તોફાનોમાં તમે શું કર્યું હતું? ગોળીઓ તમે મારી છે ત્યારે મહિલા સશક્તિકરણની વાત કરવાનો તમને નૈતિક અધિકાર નથી કેમ કે, તમે *(xxx) . અહીંયા વાત થાય છે કે અમદાવાદની રથયાત્રા બુલેટપ્રુફમાં કાઢવામાં આવી કોંગ્રેસ પાર્ટીએ ભગવાનને રથયાત્રામાં કાઢ્યા તો ખરાં તમે એક આતંકવાદીના ડરથી સોમનાથનો તમારો સ્થાનિક કાર્યક્રમ રદ કરી દીધો ત્યારે *(xxx) પોલ ખૂલ્લી પડી જાય છે. મારે કહેવું છે કે, અમદાવાદ શહેરમાં પોલીસનું મહેકમ જોઇએ, બરોડા શહેરમાં જોઇએ કે અલગ અલગ શહેરનું પોલીસનું મહેકમ જોઇએ તો ખૂબ મોટું પોલીસનું મહેકમ છે. આ રાજયમાં ૬૫૬ વ્યક્તિએ એક પોલીસ છે જ્યારે અમદાવાદ શહેરમાં ૩૭૭ વ્યક્તિએ એક પોલીસ છે.

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

પોઇન્ટ ઓફ ઓર્ડર/B

માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારના ઉચ્ચારણો દૂર કરવા બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા.ક. વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, એમનું પ્રવચન ચાલતું હતું એટલે હું વચ્ચે ખલેલ પાડવા નહોતો માગતો, પરંતુ એમણે છેલ્લા ત્રણેક ભાગમાં જે કોર્ટમાં કેસીસ ચાલી રહ્યા છે, નામદાર હાઇકોર્ટ દ્વારા કમિશનની નિમણૂક કરીને એના દ્વારા આંદોલન દરમ્યાન થયેલા બનાવોની તપાસ ચાલે છે એટલે એ પ્રમાણેના જે એમના ઉલ્લેખો છે એ ચકાસીને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ચકાસી લઇશ. (અંતરાય) આપે કંઇ કહેવું છે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮ થી ૨૦૧૨ પાના નંબર ૧૦૮, આપના કાર્યકાળ દરમ્યાન જ સરકારનો જે આગ્રહ હતો કે ન્યાયાધિન બાબતમાં, મારો આગ્રહ હતો કે ન કરવું પણ આપનો આગ્રહ હતો કે આની ચર્ચા કરવી. પાના ૧૦૮, તા.૧૯ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઇ વાઘેલાએ ગુજરાત વિધાનસભાના નિયમ ૧૨૦ હેઠળ ધર્માન્તર કરેલ દલિતોને અનામતનો લાભ નહીં આપવા અંગેનો સરકારી સંકલ્પ રજૂ કરવા ઉભા થયા તે તબક્કે વિરોધ પક્ષના નેતા શકિતસિંહ ગોહિલે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે સરકારી સંકલ્પની વિષય વસ્તુ નામદાર સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ હોય, આ બાબત સબ જ્યુડિશ હોવાથી તેને ગૃહ સમક્ષ રજૂ કરી શકાય નહીં. આમ કહીને તેમણે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. ઉપરોક્ત પોઇન્ટ ઓફ ઓર્ડર બાબતે સંસદીય બાબતોના મંત્રીશ્રી રા. ક. અમિત શાહનું મંતવ્ય જાણ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રી અશોક ભટ્ટે નીચે મુજબ નિર્ણય આપ્યો. જયાં સુધી કોઇ પણ મુદ્દો ન્યાયીક સંસ્થા પાસે એપેલેટ કોર્ટ એટલે કે હાઇકોર્ટમાં ચર્ચામાં નહીં લેવાય ત્યાં સુધી સબજયુડીસ બનતો નથી. આ પ્રશ્ન ઉપર સુપ્રીમ કોર્ટે નોટિસ કાઢી હોય અને ચર્ચામાં લીધો હોય, સુનાવણી થઇ હોય, બન્ને પક્ષોને સાંભળ્યા હોય, સભાગૃહમાં ચર્ચા કરે તો સબજયુડીસ ગણાય. વળી, કોઇ પણ બાબત સબજયુડીસ બનતી હોય તો પણ માનનીય અધ્યક્ષશ્રી, આપ આ જરા નોટ કરજો માનનીય અશોકભાઇ ભટ્ટનું કે, કોઇ પણ બાબત સબજયુડીસ બનતી હોય તો પણ ગૃહ એ સર્વોપરી સંસ્થા છે. સબજયુડીસ તેના માટે લક્ષ્મણ રેખા છે આ લક્ષ્મણ રેખા તેણે જાતે દોરલી છે તેથી તેની ચર્ચા ન જ કરી શકાય એવુ નથી. આપણે ચર્ચા ચોક્કસ કરી શકીએ એમ છીએ. વળી, ન્યાયીક કમિશનનો અહેવાલ સંસદમાં રજૂ થઇ ગયો છે અને હવે લોકસભામાં તેની ચર્ચા કરવાની છે, એકશન ટેકન રિપોર્ટ પણ આવવાનો છે. કેન્દ્ર સરકારનો સવાલ છે કારણ કે રિપોર્ટ તેમની પાસે કયારે રજૂ થયો, કેવી રીતે થયો, તેના ઉપર કેન્દ્ર સરકારે એકશન ટેકન રિપોર્ટ આપવો કે નહીં તે કેન્દ્ર સરકારની બાબત છે આપણે ગૃહ તેની ફરજ પાડી શકે નહીં. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૦ના પ્રસ્તાવ બાબતે આ રાજયના મંત્રીશ્રીના અધિકારને હું રોકી શકુ નહીં આમ કહીને માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે સબજયુડીસ એ શબ્દના આધારે આ સભાગૃહની અંદર એ ગંભીર વિષય ઉપરના મંતવ્યો આ સભાગૃહના સભ્યોને રજૂ કરવા માટે, વ્યકત કરવા માટે રોકી ના શકુ અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને આ પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપુ છું. સબજયુડીસની બાબતમાં ભૂતકાળના નિર્ણયોને પલટાવીને માનનીય અશોકભાઇ ભટ્ટે આ જ પક્ષ સામે હતો અને આ બાજુથી અમારો વિરોધ હોવા છતાં એવુ નક્કી થયુ કે સબજયુડીશ એ ગૃહનો પોતે દોરાયેલી બાબત છે પરંતુ સભ્યોએ માત્ર મેટર સબજયુડીશ છે એટલે ગૃહમાં ચર્ચા ના કરવી એ અધિકાર રોકી શકાય નહીં. આ નિર્ણય એ છે અને એ નિર્ણય મુજબ આના પહેલાંના નિર્ણયો જે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીના હાથમાં જે પુસ્તક છે તે જ ટાંકીને મેં ત્યારે કહ્યું હતું પરંતુ માનનીય અશોકભાઇ ભટ્ટનો છેલ્લો નિર્ણય છે અને આપણે છેલ્લા નિર્ણયને બંધનકર્તા માનીને આ ગૃહમાં ચાલવાની પરંપરા છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તેની પાછળનો મારો આશય બહુ સ્પષ્ટ છે કે આ સન્નમાનીય સભાગૃહની અંદર જે ચર્ચા થાય છે તે ચર્ચાનો આખા ગુજરાતની અંદર પડઘો પડતો હોય છે. કેટલાક લોકો દ્વારા (અંતરાય) પોતાની રાજકીય ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે જે પ્રમાણે પાછળના દરવાજે રહીને આંદોલન કરાવ્યા અને આંદોલનને કારણે ગુજરાતનું વાતાવરણ, ગુજરાતની પરિસ્થિતિને અશાંત કરવા માટેનો તેમણે જે પ્રયાસ કર્યો હતો ક્રમશઃ આજે ગુજરાતમાં શાંતિ છે અને બનેલી ઘટના લોકો દુઃસ્વપ્નની જેમ ભૂલી જવા માટે ગુજરાતની પ્રજા આજે જયારે તૈયાર છે, નામદાર હાઇકોર્ટ દ્વારા જો આ પ્રમાણેના બનાવો બન્યા હોય, તેના માટેની ક્રાઇમ બ્રાન્ચને તેની તપાસ સોંપી અને ક્રાઇમ બ્રાન્ચ સમક્ષ જેણે જે રજૂઆત કરવી હોય તેને રજૂઆત કરવા માટેના જયારે દ્વાર ખૂલ્યાં છે ત્યારે માત્ર અને માત્ર પોતાની રાજકીય ઇચ્છાઓ પરિપૂર્ણ કરવા માટે આ સભાગૃહનો ઉપયોગ ના થાય (અંતરાય) ( આ તબક્કે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ તેમની જગ્યા ઉપર ઉભા થયા )

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત ચાલુ છે.

અધ્યક્ષશ્રી : મેં તેમને એલાઉ કર્યા છે તો તેમની વાત પૂરી કરવા દઇએ માનનીય મંત્રીશ્રી આપ ટૂંકમાં વાત કરો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જૂના અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે અને તેમણે પણ જે નિર્ણયોનો અહીંયા ઉલ્લેખ કર્યો ત્યારે આ સભાગૃહની અંદર અધ્યક્ષશ્રીના નિર્ણયો અને પ્રણાલીઓ પણ અગત્યની હોય છે અને આ પ્રમાણેની પ્રણાલી અને આ પ્રમાણેના ઉલ્લેખો ફરીથી ગુજરાતની અંદર શાંતિની જે પરિસ્થિતિ થઇ છે. એ પરિસ્થિતિને ડહોળવા માટેનો એમનો જે પ્રયાસ છે એના કારણે માનનીય અધ્યક્ષશ્રી, મારી આપ સમક્ષ રજૂઆત છે કે...

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, આપ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આવી જાઓ, બીજાં અવલોકનો ના કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેના એમણે પ્રવચનમાં કરેલાં ઉલ્લેખોને રેકર્ડ ઉપરથી રદ કરવામાં આવે એવી આપશ્રીને મારી વિનંતી છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જ નિયમોથી બંધાયેલા છીએ, ભૂતકાળમાં પણ આ ચર્ચા નથી કરી, આજેય આપણે નથી કરવા માગતા. માનનીય શક્તિસિંહજીએ જે કહ્યું તે, જે તે વખતે માનનીય મંત્રીશ્રીએ પોતે મૂકેલા બિલ અંગે (અંતરાય) પણ મને સાંભળશો કે નહીં? માનનીય અધ્યક્ષશ્રી, જયારે સ્વર્ગસ્થ ફકીરભાઇ વાઘેલાએ ધર્મ પરિવર્તન અંગેનો જે સંકલ્પ કર્યો, અને એ સંકલ્પના વિષય અંગે માનનીય અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપેલું છે, જનરલ બાબતમાં કોઇ રૂલિંગ આપેલું નથી અને જયારે એ સંકલ્પ રજૂ કર્યો હોય ત્યારે પહેલાં પણ માનનીય અધ્યક્ષશ્રીએ એના માટેની અનુમતિ આપી હોય, એ અનુમતિ આપ્યા પછી એમણે ફરીથી એ સંકલ્પ રજૂ કરવાની જયારે વાત આવી તો એ વાતને અને આ વાતને એક સાથે સાંકળી શકાય નહીં અને એટલા માટે માનનીય પ્રદીપસિંહજીએ કહી એ વાતને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંઘ, ચર્ચા લાંબી ચાલશે તો બંન્ને પક્ષે સમય કપાશે, આપે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કઇ વાત કરવી છે? શું છે કહો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહજી ગોહિલ સાહેબે જે વાત કરી છે અને ભૂતકાળમાં અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટ્ટ સાહેબે જે રૂલિંગ આપ્યું છે એનું મહત્વનું કારણ એટલું જ હતું કે, સબજયુડીશના નામે કોઇ સારી ચર્ચા બંધ ન થઇ જાય, અને એના ઉપરનું જે મહત્વ હોય એટલે વિધાનસભામાં એક માત્ર સબજયુડીશ ચાલે છે એમ કરીને આ ચર્ચા બંધ ના રહે એટલો મહત્વનો હેતુ હતો અને માટે આ જજમેન્ટ આપેલું છે, અને માટે અમે ઇચ્છીએ છીએ કે, આની ચર્ચા ગૃહમાં થવી જોઇએ.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય બલવંતસિંહે સમર્થન આપ્યું છે, મેં જે વાત કરી એ જ વાતને જયારે માનનીય બલવંતસિંહે સમર્થન આપ્યું છે, એટલા માટે જે તે વખતે એ વાત મહત્વની હતી, એ વખતે આદરણીય સ્વ. અધ્યક્ષશ્રીએ અનુમતિ આપી હતી અને અનુમતિ આપ્યા પછી એમણે પોઇન્ટ ઓફ ઓર્ડર માટે એમણે રૂલિંગ આપ્યું હતું એટલે એ સ્પેશિયલ કેસ છે, એ કેસને સમગ્ર વિધાનસભા ગૃહમાં લાગુ પાડી શકાય નહીં.

અધ્યક્ષશ્રી :ચાલો, હવે બન્ને પક્ષે ચર્ચા ટૂંકાવો. આપ પણ બેસો પ્લીઝ, હવે નહીં, માનનીય શૈલેષભાઇ ઘણી ચર્ચાઓ થઇ ગઇ છે. પછી સામે તક માગશે, સામે આપવું પડશે, મને કોઇ વાંધો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પણ મારા નામથી જયારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે ત્યારે મેં જે વાત કરી છે તેઓશ્રી સબજયુડીશની વાત કરે છે. સરકાર એક તરફ ઘણા લોકોના કેસો પાછા ખેંચ્યા છે, તો જે લોકોના કેસો પાછા ખેંચેલા છે એ બાબતમાં પણ ચર્ચા થઇ શકે છે. સરકાર એક બાજુ પાટીદારોના ઘૂંટણીયે પડીને સમાધાનની વાત કરે છે એ સબજયુડીસ નહોતી? તો પછી એમને કેમ બોલવવામાં આવ્યા હતા?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા એ નિયમોના નિયમ પ્રમાણે ચાલે, અને આ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમો, એમાં ૩૪ અને ૩૪(૨)માં, જે કોઇ બાબત ભારતના કોઇપણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા ન્યાયાલય સમક્ષ નિર્ણાયાધિન હોય તે બાબત વિશે ઉલ્લેખ કરવો નહીં. એ આ વિધાનસભાના નિયમોના નિયમમાં સ્પષ્ટ લખેલું છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે કે, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે માનનીય પરેશભાઇ રહેવા દો. મને તો કંઇ વાંધો નથી હું તો બેઠો છું બે પક્ષ તૈયાર હોય તો રાતના બે વાગ્યા સુધી ચલાવજો પણ જે સમય છે એ જોતાં હવે ટૂંકાવીએ તો સારું. પ્લીઝ, હવે રહેવા દો, પ્લીઝ, હવે નહીં. માનનીય પરેશભાઇ, આપ બેસી જાવ, હવે નહિ. હું આપને બોલવા માટે એલાઉ કરતો નથી. આપ ચર્ચામાં ભાગ લેજો મને વાંધો નથી.

આજે ગૃહ વિભાગની માગણી છે અને પ્રશ્નોત્તરી કાળ પછી માનનીય શૈલેષભાઇ પરમારે પોતાના પ્રવચન દરમિયાન પાટીદાર આંદોલનનો ઉલ્લેખ કર્યો છે અને ગોધરા કાંડનો પણ ઉલ્લેખ કર્યો છે. આ બાબતમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે આ બાબત સબજયુડીસ હોય તેથી એટલા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા માટેનું અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

આ બાબતમાં માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પણ સન ૨૦૦૮ થી ૨૦૧૨ના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો નંબર ૬૬ ટાંકીને અહીંયા ચર્ચા કરી છે. માનનીય મંત્રીશ્રી રમણભાઇએ તથા સભ્યશ્રી બલવંતસિંહભાઇ, સભ્યશ્રી શૈલેષભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ખૂબ ઉંડાણથી ચર્ચાઓ કરી છે. અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો પણ છે અને વિધાનસભાના નિયમોથી આપણે બંધાયેલા પણ છીએ પરંતુ આ સમગ્ર બાબત સબજયુડીશ છે કે કેમ એની માહિતી મારી પાસે ઉપલબ્ધ નથી. તેથી ગૃહ વિભાગ કે અન્ય જે વિભાગ હોય એની પાસેથી માહિતી મંગાવીને આવો ગંભીર પ્રશ્ન ઉભો થાયો છે ત્યારે પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયોનો અભ્યાસ કરીને હું મારો નિર્ણય આપીશ જેથી લાંબા ગાળા સુધી એ અસરકારક રહેશે. અત્યારે આપણે આ અંગે કોઇ નિર્ણય કરતા નથી.

### માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:)

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી લઇને આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય શકિતસિંહભાઇ અને માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ વાત કરી એના અંગે ચાર લીટી અત્યારે જ મેં બનાવી છે એ કહેવા માગું છું.

'' સાવ અમારી જાત અલગ છે ને કરવી છે તે વાત અલગ છે,

સુતેલાના સ્વપ્ન અલગ છે અને જાગે તેની રાત અલગ છે.

મારે પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં માનનીય પ્રદિપસિંહજીની તરફેણમાં ખૂબ સારી વાત કરવી છે. આજે ગૃહ વિભાગની માગણી વખતે ગુજરાતની પોલીસની વાત કરવી છે. નરસિંહ મહેતાએ વર્ષો પહેલા માનવ જીવનનો, સમાજ જીવનનો અને રાષ્ટ્રીય જીવનનો મંત્ર આપતા લખ્યું છે કે

'' વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે. ''

ભારતીય જનતા પાર્ટીની વર્તમાન સરકાર સંવેદનાથી છલકાતી સરકાર છે. ગુજરાતના કોઇપણ માણસની પીડા એ આ સરકારની પીડા છે એ રીતે કાર્ય કરી રહી છે. વર્ષો પહેલા આપણા દેશમાં ખાદી અને ખાખીનું મહત્વ પહેલેથી સ્વીકારવામાં આવ્યું છે. ખાદી જેમ સેવાનું પ્રતિક છે એમ ખાખી પણ સેવાનું પ્રતિક છે. ગુજરાતની પોલીસ જાગે છે એટલે તો આપણી ગુજરાતની ૬.૫ કરોડની જનતા નિરાંતે સૂઇ રહી છે. આપણી દીકરી રાત્રે ૧૨ વાગ્યે ગરબા રમીને ઘેર એકલી આવી શકે છે કારણ કે આ ગુજરાત છે. દુનિયાનો કોઇપણ ઉદ્યોગપતિ હોય એ પોતાનો ઉદ્યોગ અહીંયા નાખવા માગે છે કારણ કે આ ગુજરાત છે. ઉત્સવો હોય કે રમતો હોય કે પછી ઉદ્યોગો હોય અહીંયા આ બધું એટલા માટે પાંગર્યું છે કે અહીંયા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે અભિનંદન આપવા છે આ ગુજરાતના પોલીસ તંત્ર અને ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને. જેનું નેશનલ અને ઇન્ટરનેશનલ ક્ષેત્રે recognition થવાથી આપણાં સૌના માટે, ગુજરાતે ગૌરવ લેવા જેવી વાત છે. કેન્દ્ર સરકાર દ્વારા તેને Centre for Excellence તરીકે કન્સીડર કરવામાં આવ્યું છે. આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં ડી.એન.એ. ટેસ્ટ હોય, બ્રેઇન મેપીંગ ટેસ્ટ હોય, automatic finger print system હોય કે વોઇસ આઇડેન્ટીફીકેશન હોય આવા અનેક મોર્ડન ઇક્વીપમેન્ટના આધારે ગુનાનું પરિક્ષણ કરી રહી છે અને ગુનેગારોને સજા આપવાનું કામ પણ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોહી હત્યાકાંડનો ટેસ્ટ હોય કે માજી મુખ્યમંત્રી અને ચુસ્ત કોંગ્રેસી, મારે કહેવું જોઇએ. જે ડી.એન.એ.નો ટેસ્ટ હતો એ તિવારીજીનો ટેસ્ટ પણ એ ફાધર બનવા માગે છે કે નહીં, એ જુઠું બોલતા હતા. આ તો ઓન રેકોર્ડ છે. તેનો ટેસ્ટ પણ આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં કર્યો છે અને એમને ફાધર બનાવ્યા છે. બદાયું ટેસ્ટ હોય, શશી થરૂર કેસ હોય એ તમામ ટેસ્ટ આ લેબોરેટરીમાં થયા છે.

અધ્યક્ષશ્રી : પીયુષભાઇ, આપણે રાજકીય અવલોકનોમાં ન પડીએ તો સારું.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : રાજકીય વાત નથી કરતો. ઓન રેકોર્ડ જે ટેસ્ટ થયા છે તેની વાત છે. તે જ રીતે ગુજરાત માટે ગૌરવ લેવા જેવી વાત એ છે કે તમામ રાજયોની કેન્દ્રશાસિત અધિકારીઓની કોન્ફરન્સ એ રાષ્ટ્રીય ડી.જી.પી., આઇ.જી.પી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષે બેઠાં બેઠાં ચર્ચા ન કરીએ પ્લીઝ.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આ પહેલી વાર એવું બન્યું છે કે તમામ રાજયોની કેન્દ્રશાસિત પ્રદેશોની અધિકારીઓની કોન્ફરન્સ, રાષ્ટ્રીય ડી.જી.પી., આઇ.જી.પી.ની બેઠકો માનનીય પ્રધાનમંત્રીની હાજરીમાં કચ્છ ખાતે ત્રણ દિવસ માટે મળી હતી એ આપણાં બધાને માટે ગૌરવની વાત છે.

રાજયના પોલીસ સ્ટેશનને હાઇટેક બનાવવા માટે પી.સી.આર. વાનોના લાખોના ખર્ચે એ.વી. એસ.એલ. સિસ્ટમ પહેલીવાર નખાઇ છે. પોલીસ વિભાગમાં E-Guj. Corpn. મારફત ટી.સી.એસ. કંપની મારફત સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે એ પણ પહેલીવાર આ ગુજરાતની અંદર અદ્યતન પોલીસ સ્ટેશન કેવી રીતે બને એ જો વાત કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક પોલીસ સ્ટેશનમાં સ્માર્ટ હેન્ડ હેલ્ડ ડીવાઇસની પણ અલગ જોગવાઇ કરી છે. આપણે દેશમાં ૨૧મી સદીમાં જયારે પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે હું એમ માનું છું કે સાઇબર ક્રાઇમ એ સમગ્ર દેશ માટે નહીં પણ સમગ્ર વિશ્વ માટે, આપણાં માટે સંશોધનનો સવાલ આવીને ઉભો છે. સમગ્ર દેશમાં, સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ સાઇબર ક્રાઇમ હેલ્પ લાઇનની શરૂઆત વડોદરાથી થઇ છે. તેના માટે ગુજરાતની પોલીસને અને ગૃહ વિભાગને અભિનંદન આપવાનું મન થાય છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત કરવા માગું છું કે આ સાઇબર ક્રાઇમની અંદર જયારે બરોડાની હેલ્પલાઇન ચાલુ થઇ તો પહેલાં જ દિવસે ફાયરબ્રિગેડના એક કર્મચારીના એ.ટી.એમ. કાર્ડમાંથી જયારે ૨૭,૦૦૦ રૂપિયા ઉપડી ગયા. આ સાઇબર ક્રાઇમ હેલ્પ લાઇનના લીધે આરોપીને પકડવાનું કામ કર્યું હોય તો એ વડોદરાની પોલીસે પહેલીવાર કર્યું છે. તેના એ.ટી.એમ.માંથી પૈસા ઉપડી ગયા તેનો જયારે આ સાઇબર ક્રાઇમ હેલ્પ લાઇન ઉપર ફોન આવ્યો તેના ૨૪ કલાકમાં આરોપીને પકડી શકી છે. આ જેવી તેવી વાત નથી. અત્યારે શૈલેષભાઇ કહેતા હતા, કયાંથી કાગળ લાવ્યા, મને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, કોમર્શીયલ દેશમાં ૧૫મું સ્થાન, ખૂન કેસમાં ૨૯મું સ્થાન અને બળાત્કાર કેસમાં ૨૯મું સ્થાન આ ગુજરાતનું છે એ ઓન રેકર્ડ વાત છે.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી નથી. એક જમાનો એવો હતો કે આ ગુજરાત અલગ અલગ પાર્ટીઓ, એ લતીફ ગેંગ હોય, એ રસૂલ પાર્ટી હોય, મહંમદ સુરતી હોય, ઇજ્જુ શેખ હોય એના નામથી દરેક શહેરો ઓળખાતા હતા. આજે એવો કોઇ માઇનો લાલ બચ્યો નથી. દારુની જયારે વાત કરે છે એ રાજસ્થાનથી અમદાવાદ દારુની હેરાફેરી કોણ કરતું હતું? ઓન રેકર્ડ વાત હોય તો એમાં લતીફનું નામ અંકિત થયું છે. એને નેસ્તનાબૂદ કરવામાં આવ્યા છે. મહાત્મા ગાંધીએ કહ્યું કે કોઇપણ નીતિ બનાવો એ ઢીલી નીતિ નહીં હોવી જોઇએ, એ અસરકારક હોવી જોઇએ. દેશમાં પનીસ ટુ ડેથનો કાયદો કોણ લાવ્યું? મને જણાવતા આનંદ થાય છે અને હું અભિનંદન આપું છું કે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ આ કાયદો લાવ્યા છે. આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારના  શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીશ્રી હતા તે વખતે આ કાયદાનો અમલ કરવામાં આવ્યો છે. વાતો મોટી મોટી કરવામાં આવે છે. સમગ્ર દેશ સાથે ગુજરાતની સરખામણી કરવામાં આવે છે. સમગ્ર દેશમાં જોવામાં આવે તો ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ છે એ ૨૦૧૪માં ફક્ત ૨૨૯.૨ છે. અત્યારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૧૩.૨ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પોલીસ ક્વાર્ટરની વાત કરવી છે. ૧૯૮૮થી પોલીસ ક્વાર્ટર બનાવવાની શરૂઆત થઇ હતી. પરંતુ સારામાં સારી શરૂઆત કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીએ કરી છે. આજે તમે સુરત જઇ આવો અને જુઓ અમારા પ્રદેશના ત્યાંના મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમાર તે વખતે ચેરમેન હતા ત્યારે સારામાં સારા ક્વાર્ટર બન્યા છે. ખૂબ ઓછો સમય આપ્યો છે. પોઇન્ટ ઓફ ઓર્ડર ખોટા છે એમ કહેવાય નહીં. હું પણ એડવોકેટ છું. એમાં સમય બગડ્યો છે. ત્યારે મારી છેલ્લી શાયરી સાથે આ વાત પૂરી કરવા માગું છું.

ઉપાધ્યક્ષશ્રી : બન્ને દંડકશ્રીઓ શાયરી માટે સમય નક્કી કરી દે એટલે આ વિષય પૂરો થઇ જાય.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : ''ખુદા મેરી નજર કો ઐસી ખુદાઇ દે, જીધર ભી દેખું મેરા વતન દિખાઇ દે. હવા કી હો કુછ ઐસી મહેરબાનીયાં બોલું  જો જય હિંદ, તો સારે દેશ મેં સુનાઇ દે.''

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ગૃહમંત્રીશ્રી  જયારે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મહાશિવરાત્રીનું પર્વ ગયું. એ પહેલાં મેસેજ આવ્યા કે ગુજરાતમાં ૧૦ આતંકવાદીઓએ પ્રવેશ કર્યો છે. જ્યારે અમે ગાંધીનગરમાં પ્રવેશ કરીએ ત્યારે તમામે તમામ ગાડીઓની પોલીસ તપાસ કરે છે એટલે અમે પૂછીએ કે શું શોધો છો? તો કહે કે આતંકવાદીઓને શોધીએ છીએ. આતંકવાદીઓ ડેકીમાં હોય? મારે વાત બીજી કરવી છે. જેવું મહાશિવરાત્રીનું પર્વ પૂરું થયું અને આતંકવાદીઓ જતા રહ્યા. એ પાછા પાકિસ્તાન ગયા કે ક્યાં ગયા છે એ શોધજો. કોક તહેવાર આવે એટલે આતંકવાદીઓના નામે આ રાજ્યની પ્રજાને ભયભીત રાખવાની? હવે તો દેશની પ્રજા ભયભીત રહે છે. તમે જુઓ તો ખરા! કોકના કોક બહાના નીચે તમામે તમામ આ રાજ્યની વસતિને કઇ રીતે ભયભીત રાખવી અને અમે જ તમને બચાવી રાખીએ છીએ એવું વાતાવરણ પેદા કરે છે ત્યારે મારે આ રાજ્યના ગૃહ મંત્રીશ્રીને પૂછવું છે કે આ આતંકવાદીઓ ક્યાં ગયા એની જરા ખબર રાખજો. એક રાજા હતા, અંધેરી નગરીમાં ગંડુ રાજા ટકે શેર ભાજી ટકે શેર ખાજા. તમે વિચાર તો કરો. આ દેશના દસ–દસ વર્ષ સુધી વડાપ્રધાન રહેલા માનનીય મનમોહનસિંહ જ્યારે ગુજરાતની મુલાકાતે આવવાના હોય ત્યારે અમે તમારી રક્ષા કરી શકીશું નહીં. તમે આ દિવસે ન આવશો. એવું કહેવામાં આવે છે. એક બાજુ છપ્પનની છાતી કરીને વાત મોટી મોટી કરવાની. અમે આમ કરીએ છીએ અમે તેમ કરીએ છીએ. આ દેશના દસ વર્ષ સુધી વડાપ્રધાન રહ્યા હોય, સારા અર્થશાસ્ત્રી હોય તેઓ આપણા ગુજરાતમાં આવે ત્યારે તમે રક્ષા કરી શકતા નથી? આ તમારું ગુજરાત છે? આ તમારી પોલીસ છે? મારે તમને પૂછવું છે કે અત્યાર સુધી તમે કરો છો શું? મારે કહેવું છે કે સમગ્ર ગુજરાત રાજ્યની અંદર અમારા *( xxx) એને કોઇ સારી જગ્યા તો આપો. અહીં ન આપો તો કંઇ નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારી એની કોઇ જ્ઞાતિ કે જાતિ હોતી નથી. સરકારના કર્મચારીઓની સેવા ૬ કરોડની જનતા અને દેશમાં કહીએ તો સવાસો કરોડની જનતા માટે હોય છે. સરકારી કર્મચારીઓમાં *( xxx ) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, રેકર્ડ ઉપરથી દૂર થાય એ પૂરતું નથી. કોંગ્રેસની નીતિ છે કે સમાજમાં ભાગલા પાડવા, *( xxx ) *( xxx ) એ સિવાય તમારું બીજું કોઇ કામ નથી. આ રીતે ન ચાલે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા જઇ રહ્યો હતો કે કેવા અધિકારીઓની ક્યાં નિમણૂંક કરવી, સારા સારા મોટા હપતા આપે, કેટલા હપતા આપે, કેટલું ભરણ આપશે એવી જગ્યાએ આવા લોકોને મૂકવામાં આવે છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી દ્વારા પોતાના પ્રવચનમાં કેટલા હપતા આપે, કયા હપતા આપે, કોને હપતા આપે એ સભાગૃહ નિયમોના નિયમ પ્રમાણે ચાલે છે અને કોઇની સામે આક્ષેપો કરતા હોય તો એ આક્ષેપોના પુરાવા સાથે માનનીય અધ્યક્ષશ્રીને આપવા જોઇએ અને આ પ્રમાણે હપતા શબ્દનો ઉલ્લેખ કરીને ગુજરાતના પોલીસનું મોરલ તોડવાનો પ્રયાસ કર્યો છે એ ચલાવી લેવાય નહીં.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી બળદેવજી ચં. ઠાકોર : જાડેજા સાહેબ, અમદાવાદની આજુબાજુમાં અમારા ગરીબ ખેડૂતોની જમીનો કબજા લેવાય છે. ભૂમાફિયા દ્વારા આ જમીનો લેવાય છે એમાં કયા પોલીસ અધિકારીઓ સામેલ છે એ તપાસ કરજો. એની કેટલી મિલકતો અમદાવાદની આજુબાજુમાં છે, એણે કેટલા રૂપિયા અમદાવાદની આજુબાજુની જમીનોમાં ઘાલેલા છે એની તપાસ કરજો. આ રાજ્યની અંદર ગૃહમંત્રી રહેલા આપણા હરેનભાઇ પંડ્યા સાહેબની ધોળે દહાડે હત્યા અને ખૂન થાય, બીજા ગૃહમંત્રી જેલમાં જાય અને હાલના તાજા અમારા ગૃહમંત્રી છે એમનું ઘર સળગે અને એ એમનું ઘર જો ન બચાવી શકતા હોય તો ગુજરાતને કેવી રીતે બચાવી શકશે? એમના વિસ્તારમાં પોલીસ અધિકારીઓ દારૂના અડ્ડાઓ ઉપર રેડ પાડવા જાય તો એને બાંધી દેવામાં આવે. આ રાજ્યના ગૃહમંત્રીને અડીને આવેલા મારા વિસ્તાર નંદાસણ ગામે કેટલીય ગાયો કપાય છે. પૂછો મારા ગૃહમંત્રીને જ્યારે ગાયો કપાતી હોય ત્યારે ત્યાં અમારે આંદોલન કરવા પડતા હોય છે. નંદાસણ, કલોલ અને કડીની વચ્ચે આ વિસ્તારમાં આ ચાલે છે. મારા કલોલની અંદર એક પી.એસ.આઇ. છે એ દબંગગીરી કરે છે. ગમે તે સમાજના લોકોને પકડીને મારવાની વાત કરે અને કહીએ કે આવું કેમ કરો છો? તો કહે છે કે * (xxx ) મને કોઇ કશું કહી શકે તેમ નથી. નગરપાલિકામાં ભ્રષ્ટાચારની એક આદમીએ ફરિયાદ કરી. * (xxx )નામના માણસે, કાલે ઉપરથી કહેવામાં આવ્યું.

ઉપાધ્યક્ષશ્રી : જે સભ્ય ગૃહમાં હાજર ન હોય એમના નામનો ઉલ્લેખ ન કરો. (અંતરાય) એ બચાવ કરી શકવાના નથી એટલે નામ નહીં આપો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એણે ભ્રષ્ટાચારની ફરિયાદ કરી તો સરકારમાંથી દબાણ લાવ્યા અને સરકારમાંથી દબાણ લાવીને ૨૪ કલાકથી એને અત્યારે પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખ્યો છે. ફોન કર્યો તો કહે કોનો ફોન આવ્યો છે? તો કહે * ( xxx ) અને નહીં છોડવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : જે સભ્ય ગૃહમાં હાજર ન હોય એમના નામનો ઉલ્લેખ ન કરી શકો. આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારે બીજી વાત કરવી છે, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય મંત્રીશ્રી આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ જાણવા દોને (અંતરાય) બોલો.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### સભાગૃહમાં જે સભ્ય હાજર ના હોય તેનો ઉલ્લેખ ના કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં અત્યાર સુધીમાં ત્રણ વખત એમના દ્વારા ઉલ્લેખ્ કરવામાં આવેલા શબ્દો કાઢી નાખવા માટેની આપના દ્વારા એમને સૂચના આપવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, સતત એ પ્રક્રિયા આગળ રહીને ચોથી વખત પણ (અંતરાય, વચ્ચે શક્તિસિંહ બોલવા જતાં ) આઇ એમ ઓન લેગ. આ પધ્ધતિ નહિ ચાલે.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એમને પૂરું કરવા દો. (અંતરાય) પોઇન્ટ ઓફ ઓર્ડર બોલો ને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, આપના દ્વારા વખતો વખત જેમના સભ્યશ્રી દ્વારા ઉલ્લેખ કરેલા શબ્દો રદ કરવામાં આવે અને છતા પણ એમના પ્રવચનમાં આ પ્રમાણેના જ પ્રવચનો ચાલુ રહે તો માનનીય અધ્યક્ષશ્રી, એમનું પ્રવચન ટૂંકાવડાવી દેવું જોઇએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમારી વાત સાચી છે. તમારી વાત સાથે સંમત થાવ છું. માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ, બાવકુભાઇ. (અંતરાય) આપ બીજા સભ્યોને બેસાડી દો. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલવું છે.

ઉપાધ્યક્ષશ્રી : તમને કોણ ના પાડે છે. (કોંગ્રેસના સભ્યો ઊભા થઇ જતાં) આપ આપના સભ્યોને બેસાડી દો તો હું આપને સાંભળીશ. પ્લીઝ, સીટ ડાઉન. (અંતરાય) શક્તિસિંહજીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. રામસિંહભાઇ પ્લીઝ, આપ સિનિયર સભ્ય છો. શક્તિસિંહભાઇ બોલે છે પછી એમને સાંભળવા દેવા છે કે નથી સાંભળવા દેવા? બોલો તમે નક્કી કરો?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો આપના રક્ષણ માટેનો છે કે સભ્યોના અધિકારનું રક્ષણ એ માનનીય અધ્યક્ષશ્રીની ખુરશી પાસેથી જ અપેક્ષિત હોય. માનનીય અધ્યક્ષશ્રી, આ પક્ષના જુનિયર સભ્યશ્રી એક વ્યક્તિનું નામ લઇને ડી.એન.એ. સહિત બોલતા હતા છતા એ જુનિયર સભ્ય છે એમને ડિસ્ટર્બ નથી કરવા. હું પોઇન્ટ ઓફ ઓર્ડર કરી શકત. મેં નહોતું કર્યું. અહીં જે રીતે કાયદા વિભાગના મંત્રીશ્રી (અંતરાય) કાં તો આ ગૃહ સારી રીતે ચાલે નહિ.

ઉપાધ્યક્ષશ્રી : તમે નામનો ઉપયોગ ના કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નહિ, નહિ. હું કાયદા મંત્રીશ્રી કહું છું એમાં નામ ક્યાં આવ્યું?

ઉપાધ્યક્ષશ્રી : નહિ, નહિ. એટલે પ્રવચનમાં જે નામનો ઉલ્લેખ થયો છે એનો ના કરશો, પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ના, એનો તો હું નથી જ કરતો સાહેબ. હું બરાબર કાળજી રાખતો હોઉં છું. હું ટેવાયેલો છું.

ઉપાધ્યક્ષશ્રી : કેરી ઓન. પ્લીઝ ભાઇ.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના અનેક નિર્ણયો છે કે એક વખત અધ્યક્ષશ્રી જે શબ્દો દૂર કરે. એ પછી એ શબ્દ પર પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોઇ શકે, એની ચર્ચા ના હોઇ શકે. આપના નિર્ણય પછી કાં તો માનનીય કાયદા મંત્રીશ્રીને, આપના મારફત હું જાણવા માગુ છું. કાં તો એમને જે ભાજપની જૂથબંધીમાં આ ગૃહ સારું ના ચાલે અને આનંદીબેનને ડિસ્ટર્બ કરવાનો પ્રયાસ ચાલે છે અને જેને રસ છે અને એટલા માટે જ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નહિ, નહિ, શકિતસિંહજી તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. પ્લીઝ બેસી જાવ. (અંતરાય) નો, નો. ગૃહ ચાલવા દોને. મેં એમને બેસાડી દીધા છે. માનનીય બાવકુભાઇ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (બેઠાં બેઠાં) : એમને ગૃહ નથી ચાલવા દેવું.

ઉપાધ્યક્ષશ્રી : મેં એમને બેસાડી દીધા છે. બાવકુભાઇ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી ૪૨, ૪૩ અને ૪૪ માગણીઓ લઇને આવ્યાં છે એમાં મારા વિચારો અને સમર્થન વ્યક્ત કરું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ચાલુ રાખો.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલા સમગ્ર રાજ્યની અંદર (અંતરાય, બળદેવજી ઠાકોર ઊભા થઇને એમને બોલવા માટેની માગણી કરતાં)

ઉપાધ્યક્ષશ્રી : નો, નો. સીટ ડાઉન. (અંતરાય) નો, સીટ ડાઉન. આપનું પ્રવચન પૂરું થયું ત્યાર પછી આપના સભ્યને સાંભળી લીધા છે. આપ ચાલુ રાખો. (અંતરાય) એ તો આપણે નક્કી કર્યું છે ભાઇ, કે જેનામાંથી સમય જાય એનામાંથી જાય. સીધી વાત છે પછી મજરે આપવાનો કોઇ વિષય આવતો નથી. ચાલુ રાખો.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલા સમગ્ર રાજ્યમાં (અંતરાય, બળદેવજી ઠાકોર ઊભા થઇને બોલવા માટેની માગણી કરતાં)

ઉપાધ્યક્ષશ્રી : આપને એકવાર કહું છું બેસી જાવ પ્લીઝ. (અંતરાય, બળદેવજી ઠાકોર ઊભા થઇને બોલવા માટેની માગણી કરતાં) આપ બેસી જાવ પ્લીઝ. બીજીવાર કીધું છે. આપ બેસી જાવ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલા સમગ્ર રાજ્યમાં જ્યારે ગુંડાઓની મૂછે લીંબું લટકતાં હતાં અને લીંબુંનો ભાર વધી ગયો. એ ભાર ૧૯૯૫માં ભાજપની સરકાર આવ્યા પછી આ રાજ્યની અંદરથી આ ગુંડાઓનો ભાર ઉતર્યો હતો. જ્યારે સમગ્ર રાજ્યમાં, (અંતરાય) સમગ્ર ભારત દેશની અંદર (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, ઓર્ડર, ઓર્ડર. ચંદ્રિકાબેન પ્લીઝ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, સલામત રાજ્ય તરીકે ગુજરાત આગળ વધી રહ્યું છે ત્યારે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપણે સાંભળવા પડે ભાઇ, તમને સાંભળે છે કે નહીં સામેના પક્ષો ? એમને સાંભળવા પડે ભાઇ. આપણે શું કામ ડિસ્ટર્બ કરીએ ભાઇ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : આગળ વધી રહ્યું છે ત્યારે ગુજરાત અત્યારે આ ભારત દેશનું એક ગ્રોથ એન્જિન બની રહ્યું છે. ચાણક્યએ પણ કહ્યું છે કે, જે જગ્યાએ સલામતી ના હોય ત્યાં રહેવું જોઇએ નહીં. ત્યારે માનનીય વિપક્ષના મિત્રોને ખબર નહીં હોય કે, સમગ્ર દેશમાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે જ્યાં સમગ્ર દેશના તમામે તમામ રાજ્યના લોકો આ ગુજરાતની અંદર નોકરી, ધંધો અને વેપાર કરવા માટે આજે આવે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નટવરસિંહભાઇ આપને બીજીવાર સૂચના આપું છું. આપ બેસીને ના બોલો, ઉભા થઇને બોલો. પ્લીઝ ભાઇ બારૈયાજી.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : સમગ્ર ગુજરાતમાં જ્યારે ઉદ્યોગો વિકસી રહ્યા છે અને આ ઉદ્યોગો એટલા માટે વિકસી રહ્યા છે કે, ગુજરાતની અંદર સલામતી છે. જ્યાં પાણીની વ્યવસ્થા હોય, જ્યાં શિક્ષણની વ્યવસ્થા હોય, જ્યાં આરોગ્યની વ્યવસ્થા હોય, જ્યાં પૂરું ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય અને જ્યાં કાયદો-વ્યવસ્થા સારા હોય ત્યાં જ લોકો કામ-ધંધો કરવા માટે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાંથી આજે સુરત, અમદાવાદ, રાજકોટ કે જામનગર આ તમામે તમામ શહેરોની અંદર દેશના એક પણ રાજ્યનો માણસ એવો નહીં હોય કે જે અહીંયા નોકરી ધંધો કે વેપાર કરવા રોકાતાં નહીં હોય અને રોકાણાં નહીં હોય. આ બધા મિત્રોને ખ્યાલ છે કે, એમના લોકોની જ્યાં સરકાર છે જ્યાં આસામ, એમના લોકોની અગાઉ જ્યાં સરકાર હતી જ્યાં કાશ્મીર ત્યાં આ દેશના કોઇ વેપારી કે ઉદ્યોગપતિઓ જતા નહીં. આજે સમગ્ર વિશ્વમાં કોઇ લોકો એવા નથી કે, અમારે અફઘાનિસ્તાન ફરવા જવું છે, પાકિસ્તાન ફરવા જવું છે. આ દેશની કે સમગ્ર વિશ્વની કોઇ એવી મલ્ટીનેશનલ કંપનીઓ પણ નથી કે, જે આવા દેશની અંદર જાય. ત્યારે સમગ્ર દેશની અંદર ગુજરાત રાજ્ય એક માત્ર એવું રાજ્ય છે કે, જ્યાં જે માઓવાદ અને નક્સલવાદ મુક્ત રાજ્ય છે અને અહીંયા ઉદ્યોગ-ધંધા ખૂબ વિકાસી રહ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમારા બધા જુના સંબંધો હાઉસની બહાર રાખજો, પ્લીઝ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : આ બધા મિત્રો વાત કરે છે પણ ૧૯૯૫ પહેલાં પોરબંદરમાં રાત્રીના નવ ના શોમાં કોઇ મહિલાઓ જઇ શકતી નહીં. આજે ગુજરાત રાજ્યનું કોઇ પણ એવું સ્થળ નથી કે જ્યાં રાત્રીના નવ ના શોમાં મહિલાઓ જઇ ના શકે. એવું એક પણ ગામ બતાવો આ રાજ્યની અંદર કે જ્યાં નવ ના શોમાં મહિલાઓ ના જઇ શકતી હોય ? આ જ બતાવે છે કે, આ

રાજ્યની કાયદો અને વ્યવસ્થા કેવી છે. અમદાવાદની અંદર પણ દસ વિસ્તારો એવા હતા કે, જ્યાં સાત વાગ્યા પછી કોઇ મહિલા જઇ શકતી નહતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની અંદર ૧૯૯૫ પહેલાં જ્યારે લીમખેડાથી અને અલીરાજપુર જે ઉદેપુરથી અલીરાજપુર આપણો જે એમ.પી.ના વિસ્તારો હતા ત્યાં એસ્કોર્ટ ગાડીઓ પોલીસની રાખીને જવું પડતું હતું. આજે આખા રાજ્યની અંદર ક્યાંય પણ બતાવો, એક પણ સ્થળ બતાવો કે જ્યાં ગાડીઓને પોલીસ કાફલા સાથે જવું પડતું હોય. આ રાજ્યની અંદર પહેલાં એવી પરિસ્થિતિ ખરાબ હતી ત્યારે આ રાજ્યની અંદર જ્યારે કોંગ્રેસના શાસનમાં આ ઝેરી જીવાતો આ ગુંડાઓ બેફામ થયા હતા. એ ઝેરી જીવાતો રાજ્યના લોકોને હેરાન કરતા હતા, આ રાજ્યની પ્રજા જાણે છે કે, આ રાજ્યના લોકો જાણે છે. અને મને ખબર છે કે આ બધા અત્યારે કેમ બળ કરે છે. તા. ૨૪-૧૦-૨૦૦૦ની સાલમાં જ્યારે જિલ્લા-તાલુકાના પરિણામો આવ્યા ત્યારે અત્યારે જે આ બધા કોંગ્રેસના મિત્રો બળમાં છે ને એવી જ રીતે બળમાં હતા પણ ૨૦૦૨ની સાલમાં પાછા હતા એવા ને એવા થઇ ગયા હતા. અત્યારે એને ૨૦૧૭ દેખાય છે. કોંગ્રેસના જે ત્રણ ગૃપો છે ત્રણેય ગૃપોએ મુખ્યમંત્રી, એમનું મંત્રીમંડળ બધું અત્યારથી જ રચી નાખ્યું છે પણ તમે કાંઇ આવી વાટે રહેતા નહીં આવું કાંઇ થવાનું નથી. આ રાજયની અંદર જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ રાજયની અંદર આપણને બધાને ખબર છે કે ભાવનગરની અંદર જે માનગઢ હત્યાકાંડ થયો, આ રાજયની અંદર શીલાણા હત્યા કાંડ થયો, આ રાજયના ખેડૂતો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ કોઇ સલામત નહોતા. આ રાજયની અંદર કોઇ ઉદ્યોગો નાખવા તૈયાર નહોતા આજે સમગ્ર દેશમાંથી અને સમગ્ર વિશ્વમાંથી મલ્ટીનેશનલ કંપનીઓ સહિતની અનેક કંપનીઓ ધંધો કરવા માટે આવી રહી છે. જયારે હું પ્રથમ વખત ચૂંટાયો ત્યારે મારા વિસ્તારના અમુક લોકોએ મને વાત કરી કે આ ભારત દેશ ૧૯૪૭માં આઝાદ થયો પણ અમારા વિસ્તારના અમુક ગામડાંઓ તો ૧૯૯૫ અને ૧૯૯૮ પછી આઝાદ થયા. ૧૯૯૫, ૧૯૯૮ સુધી અમુક ગામના લોકો મતદાન જ નહોતું કર્યું , કાયમ સ્ટેમ્પીંગ થઇ જતા હતા આવી પરિસ્થિતિ આ રાજયની અંદર હતી અને આ બધા મિત્રો જયારે વાત કરે છે ત્યારે મને ખબર છે અહીંયા દારુની વાત થઇ, ગુંડાઓની વાત થઇ. ભૂતકાળમાં આ ગુંડાઓને કોણ સાચવતા? દારુના અડ્ડાઓ કોણ ચલાવતું? ૧૮૨ ધારાસભ્ય પોતાની રીતે નકકી કરી લે. હું એક દાખલો આપવા માગું છું કે મારા મત વિસ્તારમાં દરેક ગામની અંદર ગણેશ દાદા, શંકર દાદા, હનુમાન દાદા ત્રણ દાદા રાખ્યા છે. ચોથો દાદો મારા વિસ્તારના એક પણ ગામમાં નથી અને એને માટે આ રાજયની પોલીસ એની કાયદો વ્યવસ્થા જાળવવા માટે અને એની આગવી સરભરા કરવા માટે સક્ષમ છે. ૨૦ વર્ષની અંદર મારા વિસ્તારની અંદર અમે એક પણ એવા દાદાને ઉભો થવા દીધો નથી. આ રાજયની સરકારે આ રાજયની કાયદો અને વ્યવસ્થા જાળવી છે. અગાઉ ૫૬ ની ફાંદવાળી સરકાર હતી, આ ૫૬ ની છાતીવાળી સરકાર છે. અગાઉ ભૂતકાળમાં ૧૯૯૫ પહેલા ૫૬ ની ફાંદવાળા હતા એણે આ રાજયની અંદર કાયદો અને વ્યવસ્થા કેવી જાળવી છે એ મને ખબર છે. આ રાજયની અંદર જયારે આ લોકો ગુંડાઓની સાથે હતા તો મને ખ્યાલ છે ગુંડાઓ કોલસા જેવા હોય છે. કોલસાને અડો તો હાથ કાળા થાય, કોલસો ગરમ હોય તો હાથ દાઝે. જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગુંડાઓના સમર્થનથી સરકાર ચાલતી હતી એટલે મને ખબર છે કે આ રાજયની સરકાર કઇ રીતે ચાલતી હતી. વિપક્ષના મિત્રોને ટેવ છે કે મેલી મથરાવટી ચીંધતી વખતે અરીસામાં જોવાનું અમુક લોકો ભૂલી જાય છે અને બીજાને ભ્રષ્ટ કહી પોતાને ઇમાનદાર દેખાવું છે. સમગ્ર દેશમાં ગુજરાતમાં જે પોલીસની વ્યવસ્થા છે, યુવા પોલીસ છે. ઘણા મિત્રો ભ્રષ્ટાચારની વાત કરે છે. આ રાજયમાં જે પોલીસની ભરતી થઇ છે એમાં પારદર્શક પ્રમાણિકતા સાથે ભરતી થઇ છે. પોલીસ કોન્સ્ટેબલ, પી.આઇ. પી.એસ.આઇ.ની ભરતીમાં એક પણ જગ્યાએ કયાંય ભ્રષ્ટાચાર થયો હોય તો તમે બતાવો.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬-૧૭ની ગૃહ વિભાગની માગણી પર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. હું બહુ ધ્યાનથી સાંભળતો હતો મારા મિત્ર બાવકુભાઇને, પણ બાવકુભાઇને મારે એટલું જ કહેવું છે કે " સજન રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ, ન હાથી હૈ ન ઘોડા હૈ, વહાં પૈદલ હી જાના હૈ" બાવકુભાઇ, ૨૦૦૭ થી ૨૦૧૪ સુધી આ ભારતીય જનતા પાર્ટીના શાસનથી કંટાળીને તમે અમારી ભેગા આવ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની વાત કરનાર બાવકુભાઇ તમને કહું છું સલામતીની વાત જો તમે કરતા હોય તો સન્નમાનીય ધારાસભ્ય તમે શું કામ સિક્યોરિટી લઇને ફરો છો? આ રાજયમાં જેલો સલામત નથી. ૧૦-૨-૨૦૧૩ ના રોજ સાબરમતી જેલમાં ઓન ડ્યૂટી ગાર્ડે છોટા ચક્કર યાર્ડમાં જ મોટી સુરંગ પકડી હતી. આ સુરંગકાંડ આનો આખો અહેવાલ એના માટે સરકારે સમિતિ રચી હતી અને કેગે અહેવાલ આપી દીધો છે. અહેવાલમાં કહ્યું છે કે આ સાબરમતી જેલમાં ૧૫ જેટલા કેદીઓ જે સિરિયલ બૅાામ્બ બ્લાસ્ટના હતા, એણે ૨૧૮ ફૂટ લાંબી ટનલ ખોદી હતી. બૅરેક નં. ૪ થઇને લગભગ ૩૦ ફૂટ સુધીની ખોદી હતી. આ બાબતની એફ.આઇ.આર. સાબરમતી પોલીસ સ્ટેશનમાં થઇ છે. કેસ ક્રાઇમ બ્રાન્ચને ટ્રાન્સફર થયેલ છે. એના માટે હાઇપાવર કમિટી રચાઇ, પણ આ જેલમાં જે પરિસ્થિતિ હતી, એની અંદર ૨૬ સી.સી.ટી.વી. કેમેરા હતા. મોટા ભાગના બંધ હતા. કેગનો અહેવાલ કહે છે. એના વૅાાચ ટાવર મેઇન દીવાલ ફરતે એકેય ચાલુ ન હતા. ગંભીર અપરાધી અને આતંકવાદી કેદી માટે પોલીસ હાઉસિંગ કોર્પોરેશને ૨૦૦ નવા સેલ બાંધી આપ્યા હતા. જેનો જેલ ઓથોરિટીએ કબજો નહોતો લીધો. આ ગંભીર કેદીઓને ઓર્ડિનરી બૅરેકમાં રાખવામાં આવ્યા હતા. સિક્યોરિટી સ્ટાફની ૫૦ ટકા ઘટ હતી. સુરંગ કાંડ બન્યા પછી આ હાર્ડ કોર કેદીઓને પછી બૅરેકમાં મોકલવામાં આવ્યા હતા. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ગૃહ વિભાગ કામ કરતું હોય છે. ગુનો ન બને અને એને અટકાવવાનું કામ કરવાનું હોય છે. ગુના બન્યા હોય તો આરોપીને કન્ટ્રોલ કરીને સખત સજા થાય એના માટે કામ કરવાનું હોય જે મહત્વની બાબતમાં આ સરકાર કેવી બેદરકારી રાખે છે, એનો મેં નમૂનો આપ્યો છે. આના માટે કોઇ જવાબદાર ઠર્યા નથી. આના માટે આજની તારીખ સુધી કોઇ કાર્યવાહી થઇ નથી. આના માટે ચોક્કસ

ગુનેગારો શોધી શક્યા નથી. એના ઉપરથી બાવકુભાઇ અંદાજ કરે કે સલામતી માટે આ સરકાર કેવી વ્યવસ્થા કરી રહી છે. માનવ અધિકાર પંચનો દર વર્ષે અહેવાલ આવતો હોય છે. ૨૦૧૦–૧૧ પછી આજસુધી આ માનવ અધિકાર પંચનો રિપોર્ટ આ વિધાનસભામાં રજૂ થયો નથી. ગૃહ વિભાગને ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ સુધીનો અહેવાલનો રિપોર્ટ માનવ અધિકાર પંચે આપી દીધો છે. વિધાનસભામાં રજૂ થયો નથી. માનવ અધિકાર આયોગને મળેલ ફરિયાદમાં ૩૩ ટકા જેટલી ફરિયાદો પોલીસ ખાતા, ગૃહ વિભાગને લગતી છે. ૨૦૧૦–૧૧ માં ૩૦૭૬ ફરિયાદો માનવ અધિકાર પંચને લગતી હતી હતી. જેમાં ૧૦૦૨ ફરિયાદો પોલીસ વિભાગની હતી. ૨૦૧૧–૧૨ માં ૨૯૮૯ ફરિયાદો મળી હતી. ૯૮૬ ફરિયાદો પોલીસ વિભાગની હતી. ૨૦૧૨–૧૩ માં ૩૩૬૧ ફરિયાદો મળી હતી જેમાં ૯૧૧ ફરિયાદો પોલીસ વિભાગની હતી. ૨૦૧૪–૧૫ માં ૩૩૭૮ જેટલી ફરિયાદો મળી હતી જેમાં ૮૨૩ જેટલી પોલીસ વિભાગની હતી. આના ઉપરથી અંદાજ આવી જાય કે આ રાજયમાં પોલીસ તંત્ર કેવું કામ કરે છે. આ સિવાય બળાત્કારની વાત કરી. આ રાજયમાં મહિલા ઉપર જે અત્યાચારો નોંધાયા છે. આ રાજયમાં એમ કહેવાય છે કે ગતિશીલ ગુજરાતના મહિલા મુખ્યમંત્રી જયાં છે તે ગુજરાતમાં મહિલા ઉપર જે ગુના નોંધાયા છે તેની હું તમને વિગત આપું છું. ૨૦૧૪માં ૪૨૪ બળાત્કારના ગુના થયા. ૨૦૧૫માં ૪૨૮ ગુના થયા. મહિલા અપહરણના ગુના ૨૦૧૪માં ૮૩૦ થયા અને ૨૦૧૫માં ૩૩૫ થયા. દહેજના કારણે જે મોત થયા તેવા ૧૯૩ કિસ્સા ૨૦૧૪માં બન્યા છે અને ૧૬૨ કિસ્સા ૨૦૧૫માં બન્યા હતા. આવા અત્યાચારોને અટકાવવા માટે આ રાજય સરકાર પાસે કોઇ આયોજન પણ નથી. માત્ર બાવકુભાઇ જેમ વાત કરે છે કે અમારા રાજયમાં તો સલામત છે. આ રાજયમાં સ્થિતિ એવી છે કે કોઇ શાંતિથી પોતાની માગણી પણ રજૂ કરી શકતું નથી. આ રાજયમાં કોઇ આવેદનપત્ર આપવા માગતું હોય,

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે રાઘવજીભાઇ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : કોઇ રેલી કાઢવા માગતું હોય, કોઇ સરઘસ કાઢવા માગતું હોય તો તેને પરવાનગી પણ સરકાર આપતી નથી અને બાવકુભાઇ એમ કહે છે કે આ રાજયમાં સલામતિ છે, આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે, તો મારે બાવકુભાઇને કહેવું છે કે આ ગુજરાતના પાટીદારોને પૂછો કે આતંકવાદ જેવી સ્થિતિ આ સરકાર પાટીદારો સામે કરી રહી છે. પાટીદાર સમાજને આજે જાહેરમાં બોલવાનો કોઇ અધિકાર નથી. તેના ઉપર આ સરકાર અત્યાચાર કરે છે. તેની લોકશાહી છીનવી લેવામાં આવી છે. કયાં છે સલામતિ સાહેબ? મારા મિત્રોને હું પૂછવા માગુ છું કે તમે પાટીદાર સમાજને પૂછજો કે આ રાજયમાં તમારી સલામતિ છે? તમારા ઉપર પાટીદાર સમાજ ઉપર ગોરીબાર થાય, બહેનો ઉપર અત્યાચાર થાય. તેના ઉપર લાઠીચાર્જ થાય. દસ દસ પાટીદારો..

ઉપાધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી વિભાવરીબેન દવે. માનનીય વિભાવરીબેન. રાઘવજીભાઇ બેસી જાઓ આપનો સમય પૂરો થઇ ગયો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત કરું છું. મારા બે સાથી સભ્યોએ જે વાત કરી તેનો જવાબ આપીને હું મારી વાત ઉપર આવીશ. એક મહિલા તરીકે આ વિધાનસભાગૃહમાં જયારે હું બોલું છું

ઉપાધ્યક્ષશ્રી : આપનો પ્રવચનનો સમય પૂરો થયો બેસી જાઓ પ્લીઝ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : અમારા મહિલા મુખ્યમંત્રી જયારે આ રાજયનું સુશાસન સંભાળે છે (અંતરાય) સાહેબ મને રક્ષણ આપો.

ઉપાધ્યક્ષશ્રી : તમે ચાલુ રાખો. તમે ચાલુ રાખો વિભાવરીબેન.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ આ બંધ કરાવો.

ઉપાધ્યક્ષશ્રી :પ્લીઝ બેસી જાઓ રાઘવજીભાઇ, પ્લીઝ તમે ચાલુ રાખો વિભાવરીબેન. પ્લીઝ બેસી જાઓ રાઘવજીભાઇ. તમે બેસી જાઓ. પ્લીઝ પ્લીઝ. માનનીય મંત્રીશ્રી બેસો, બેહેનો તમે બેસી જાઓ. આપ બેસી જાઓ. હાઉસ ઓર્ડરમાં આવી ગયું છે. બેસી જાઓ. વિભાવરીબેન. પ્લીઝ પ્લીઝ સીટ ડાઉન.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, મારી મૂળ વાત ઉપર આવું અને માગણીઓના સમર્થનમાં બોલવા ઉભી થઇ છું અને મારી મૂળ વાત ઉપર આવું તે પહેલાં મારા બે સાથી સભ્યોએ જે વાત કરી છે, શૈલેષભાઇએ અને રાઘવજીભાઇએ જે ગુજરાતમાં બળાત્કારની વાત કરી છે. મિત્રો મારે યાદ કરાવવું છે કે દિલ્હીની અંદર *(xxx) તેમના શાસનમાં દિલ્હીની અંદર દેશની રાજધાની ગણાતું દિલ્હી

શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી,

ઉપાધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર મારા ધ્યાનમાં છે. વિભાવરીબેન. આપ બેસી જાઓ. હું કહું છું તે વિષય છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : *(xxx) એવું કહેલ છે કે સૌથી સારુ સુરક્ષિત રાજય હોય તો તે ગુજરાત છે. મારી દીકરીને પણ હું કયાંય મોકલું.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વિભાવરીબેન પ્લીઝ બેસી જાઓ. હવે શકિતસિંહજી આપ શરૂ કરો.

---

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ ડીસ્ટર્બ કરે તો કયાંથી શરૂ કરું.

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ પ્લીઝ બળદેવજી. આપણે અહીં ઝગડવા નથી આવ્યા પ્લીઝ. જે સભ્યોનો સમય જાય તે જાય.

શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ શબ્દો જોઇ લેજો અને આપના કહેવા પછી પણ..

ઉપાધ્યક્ષશ્રી : હું આપને એ જ કહેતો હતો કે તે શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. આપ બેસો એટલે તો મેં ના પાડી હતી આપને.

શકિતસિંહ હ. ગોહિલ : તો મારે નથી કહેવું .

ઉપાધ્યક્ષશ્રી : આપ શરૂ કરો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતના મુખ્યમંત્રીએ પણ એવું કહ્યું હતું કે મારી દીકરી.

ઉપાધ્યક્ષશ્રી : કહ્યું હતું તેનો ઉલ્લેખ કરે છે. તમે સાંભળો તો ખરા પણ પહેલાં.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું નામ નથી બોલી. હું કોઇનું નામ નથી બોલી. કોઇનું નામ નથી બોલી અધ્યક્ષશ્રી.

ઉપાધ્યક્ષશ્રી : નામ નથી લીધું એમણે. નામ નથી લીધું. ટીકા નથી કરી,

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : એમને પોતાના પક્ષના હોય અને કદાચ દુઃખ લાગતું હશે, પોતાની પાર્ટીના વ્યક્તિનું દુઃખ લાગતું હોય તો હું નામ નથી બોલી.

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ પ્લીઝ. વિભાવરીબેન ચાલુ રાખે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : હું નામ નથી બોલી. અહીં સભ્યશ્રી બેઠા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અહીંયા બેઠાં છે ત્યારે કહેવું છે કે, ભાવનગરમાં ભરતનગરમાં બનેલા બનાવની અંદર ભાવનગરમાં પોલીસના જાંબાઝ અધિકારીઓએ કેટલા સરસ પગલાં લીધા છે એ અમારા સાથી સભ્યશ્રીઓ બધા જાણે છે. બાવકુભાઇની જ્યારે વાત કરી ત્યારે મારે કહેવું છે કે, ઇશરત જહાંને કોણે મદદ કરી? શાહબુદ્દીન અને બાટલા હાઉસના કિસ્સામાં કોંગ્રેસના લોકોએ આતંકવાદીઓને સમર્થન આપ્યું એટલા માટે થઇને બાવકુભાઇ ત્યાંથી અહીં આવ્યા છે, આતંકવાદીઓને સમર્થન આપતા કોંગ્રેસ પક્ષમાં અમારા બાવકુભાઇ રહી શકે તેમ ન હતા એટલા માટે અહીં આવ્યા છે. ગુજરાત સરકારે સી.એસ.આઇ.ટી.એમ.એસ. એટલે કે સીટી સર્વેલન્સ એન્ડ ઇન્ટેલિજન્સ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ એટલે કે ગુજરાતની અંદર સમૃદ્ધિ વધી, વધારે સારા ઉંચા વાહનો આવ્યા, કિંમતી વાહનો લોકોએ ખરીદ્યા, સારા રસ્તાઓ બન્યા એના કારણે અકસ્માતો વધ્યા આ અકસ્માતમાં હિટ એન્ડ રન કેસીસ થયા આ બધા કેસમાં સારી રીતે ગુનેગારો પકડાય એના માટે થઇ સી.સી.ટી.વી. કેમેરાઓ લગાડ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : હું આપને સૌને છેલ્લી વોર્નિંગ આપું છું. માનનીય દંડકશ્રી, માનનીય બળદેવજીભાઇને હું છેલ્લી વોર્નિંગ આપું છું મારે નછૂટકે આપને ગૃહમાંથી બહાર કાઢવા પડશે. તમે જુઓ, તમે જુઓ બેઠાં બેઠાં આમ કરે છે. પ્લીઝ બેસી જાવ બળદેવજી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ સી.સી.ટી.વી. કેમેરાને કારણે ઘણાં ગુનાઓ થતા અટક્યા છે. મારા ભાવનગરની અંદર સાંસદ શ્રી શંભુનાથ ટુંડિયાસાહેબની ૫૦ લાખની ગ્રાન્ટ અને ૫૧ લાખની કોરપોરેટરની ગ્રાન્ટ દ્વારા આજે ભાવનગરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વઘાસિયાજી, દુષ્યંતભાઇ, બેસી જાવ પ્લીઝ. ભૂષણભાઇ, મુકેશભાઇ, પ્લીઝ બેસી જાવ. શકિતસિંહજી હવે આપ બેસો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ક્યાં પોઇન્ટ ઓફ ઓર્ડર છે? સાહેબ, ભાવનગરમાં ૧૫૬ કેમેરા ૨.૭૫ કરોડના ખર્ચે જેમાં અમારા સાંસદ શંભુનાથ ટૂંડિયાજીની ગ્રાન્ટના ૫૦ લાખ અને ૫૧ લાખ કોર્પોરેટરની ગ્રાન્ટ સમાયેલી છે એવા આ કેમેરાનું લોકાર્પણ ૨૧મી તારીખે માનનીય મુખ્ય મંત્રીશ્રીના હસ્તે થનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકાર કાયદો અને વ્યવસ્થા માટે ખૂબ જ ધ્યાન રાખે છે. ૨૦૧૧ થી ૨૦૧૬ની વચ્ચે નવા પોલીસ સ્ટેશનો જે બનાવવામાં આવ્યા એ ૮૧ અને નવી જે આજના બજેટમાં જોગવાઇ છે એવા ૧૭ એટલે ટોટલ ૯૮ નવા પોલીસ સ્ટેશનો, નવી પોલીસ ચોકીઓ એટલે કે ૨૦૧૧ થી ૨૦૧૬ની વચ્ચે ૩૫ અને ૨૦૧૬-૧૭ના બજેટમાં ૧૦ એટલે કે કુલ ૪૫ નવી પોલીસ ચોકીઓ, પી.એસ.આઇ. માંથી પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનો બનાવવા માટે ૨૦૧૧ થી ૨૦૧૫માં ૨૬ અને નવા સૂચિત વર્ષમાં ૧૦ એટલે કે ટોટલ ૩૬ અને આવી રીતે મંજૂર કરેલ જગ્યાઓ ૨૦૧૧ થી ૨૦૧૬ની વચ્ચે ૫૬૮૭ અને નવા વર્ષ માટે ૧૩૩૯ એટલે કુલ ૭૦૨૬.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગમાં ૩૩ ટકા મહિલા અનામત આપી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને ગુજરાતની બહાર સૌથી વધારે સારી શાસન વ્યવસ્થા છે અને એમાં પણ આજે દેશના લોકો મહિલાની સુરક્ષા માટે એવું વિચારી રહ્યા છે કે સૌથી વધુ મહિલાઓની સુરક્ષા ક્યાં છે? લોકો મહિલાઓની સુરક્ષા માટે વિચારે કરે છે ત્યારે આપણા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેને મહિલાઓના હાથમાં જ સુરક્ષા આપી દીધી છે, મહિલાઓ ભાઇઓની સુરક્ષા કરશે અને આવી જાંબાઝ મહિલાઓ આપણી પાસે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૫ પી.એસ.આઇ., ૨૬૪ એ.એસ.આઇ. અને ૧૦૦૫ લોક રક્ષક મહિલાઓ આજે ગુજરાતની અંદર સુશાસન કરી રહી છે. આઇ.પી.એસ. અને એસ.પી.એસ.માં પણ અત્યારે ૨૧ જેટલી બહેનો પોતાની સેવા બજાવી રહી છે. ડી.વાય.એસ.પી.ની ૨૨૭ની સંખ્યા ભરવામાં આવી એમાં ૬૭ મહિલાઓને સમાવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા

બધા સભ્યશ્રીઓએ ઘણી બધી વાત કરી ત્યારે હું એક વાત કરવા માગુ છું કે, રાહુલ ગાંધી ઉનકે મહાત્મા ગાંધી હમારે, મહિસાસૂર ઉનકા દુર્ગા હમારી, આતંકવાદી ઉનકે સેના હમારી, ગદ્દારી ઉનકી રાષ્ટ્રભકિત હમારી, અફઝલ ઉનકા હનુમાન દાદા હમારા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિભાવરીબહેન આપનું પ્રવચન પૂરૂં થાય છે. માનનીય ગ્યાસુદ્દીનભાઇ. ગ્યાસુદીનભાઇ, આપની પાસે આઠ મિનિટ છે જેમાંથી પાંચ મિનિટ આપને વિરામ પહેલાંની મળશે. જીતુભાઇ વાઘાણી, પ્લીઝ. (અંતરાય) બંધ કરો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ગૃહ વિભાગની માગણીઓમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગની ચર્ચા જયારે રાજય સરકારની નિષ્ક્રિયતા સામે આવી રહી છે, ગુજરાતની અંદર રાજયનો ગૃહ વિભાગ નિષ્ફળ ગયો છે તે વાત પ્રજા સમક્ષ ના જાય તેના માટે આ ભારતીય જનતા પાર્ટીના આ ધારાસભ્યો આજે ચર્ચા કરવા દેતા નથી. બહુ મોટા પાયે શાંતિ અને સલામતીની વાતો કરવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે, આજે સમગ્ર ગુજરાતની અંદર તમે જુઓ તો ગૃહ મંત્રાલય બિલકુલ ખાડે ગયુ છે. આજે બહેનો રણચંડી બનીને દારૂના, જુગારના અડ્ડાઓ બંધ કરાવવા રોડ ઉપર નીકળી પડે છે. ત્રણ ત્રણ લાખ લોકો વ્યસન મુકિતના નામે એ કુંભના મેળાઓ કરી અને વ્યસન મુકિતના કાર્યક્રમો આપી રહ્યા છે. જે જવાબદારી સરકારની છે તે જવાબદારી સરકાર પોતાની નિભાવી શકતી નથી ત્યારે પ્રજાએ આજે જાતે બહાર આવીને આ ધંધા બંધ કરાવવા પડતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે, બિલકુલ આ નિષ્ઠુર સરકાર, બિલકુલ સંવેદનહીન સરકાર આજે પણ તમે અમદાવાદની અંદર આવીને જુઓ કે ગોમતીપુર પોલીસ સ્ટેશન હોય, ભૂલેશ્વર પોલીસ સ્ટેશન હોય, માધુપુરા હોય કે શાહીબાગ હોય દરેક જગ્યાઓ ઉપર દારૂ અને જુગારના અડ્ડાઓ આજે પણ ખુલ્લેઆમ ચાલી રહ્યાં છે. સૌથી દુઃખદ બાબત તો એ છે કે, જયાં પોલીસ કમિશ્નરશ્રીની કચેરી આવેલી છે, મારો મત વિસ્તાર છે તે પોલીસ કમિશ્નરની કચેરીની પાછળ દારૂનો અને જુગારનો અડ્ડો ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. આટલા બધા લોકો વાચા આપતા હોય, વિધાનસભામાં પ્રશ્નો ઉઠાવતાં હોય, તેની ઉપર વોકઆઉટ થતાં હોય, મહિલાઓ રણચંડી બનીને બહાર આવતી હોય તો પણ આ નિષ્ઠુર સરકાર અને આ ગૃહમંત્રી બિલકુલ નિષ્ફળ રહ્યા છે ત્યારે હું તેમના રાજીનામાની માગણી કરું છું. જે પરિસ્થિતિ સમગ્ર ગુજરાતની અંદર થઇ છે આજે ગુજરાતની અંદર તમે જયાં જાવ ત્યાં તમને દેખાશે કે આ સલામત ગુજરાત છે ? અધિકારીઓને ટાર્ગેટ સોંપવામાં આવે છે. *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ભ્રષ્ટાચારી જે અધિકારીઓ છે તેને રક્ષણ આપવાનું કામ આ સરકાર કરી રહી છે. આટલી બધી વાત થતી હોય, જયારે આટલા બધા લોકો પોતાના પ્રશ્નોની વાચા આપતા હોય, તો સરકારમાં જરા પણ શરમ હોય તો તાત્કાલિક દારૂ અને જુગારના અડ્ડાઓ બંધ કરાવે.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા સત્રમાં પણ અમે કહતા હતા અને આજે પણ અમો કહીએ છીએ અને આગામી દિવસોમાં અમે આના માટે આંદોલન પણ કરવાના છીએ. વાત થાય છે લતીફની, વાત થાય છે ઇભલા શેઠની અરે, અમારા સમયમાં ચાર હશે પણ તમે ચારસો પેદા કર્યા છે ચારસો. ગુનેગારોને કોઇ નાત, જાત કે ધર્મ હોતો નથી બીજા લતીફ, કે બીજા દાઉદ કે બીજા છોટા રાજન પેદા ના થાય એટલા માટે અમે કહીએ છીએ કે દારૂ અને જુગારના અડ્ડાઓ બંધ કરાવો. (અંતરાય) જયારે સાચું હોય તો સાંભળવાની તૈયારી રાખો.

ઉપાધ્યક્ષશ્રી : ગૃહ ફરીથી બપોરે ૩-૧૫ વાગ્યે મળશે આપનું પ્રવચન ચાલુ છે, આપની ત્રણ મિનિટ બાકી છે.

( વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫ સુધી )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગ્યાસુદીન હ. શેખ (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહ વિભાગની માગણી ઉપર હું મારા વિચારો આગળ વ્યકત કરું છું. જે ગુનેગારો હોય એમને સજા થાય એમાં કોઇ મીનમેખ ના હોઇ શકે પરંતુ કેટલાક આજીવન કેસના કેદીઓ કે જે આજે વીસ વીસ વર્ષથી જેલોમાં છે, પણ સરકાર એ બાબતે હજી નિર્ણય લેતી નથી. સરકારે જે કમિટી બનાવી છે એ કમિટી પણ કોઇ નિર્ણય લેતી નથી. ગુનેગાર હોય એને પૂરતી સજા થવી જોઇએ, પણ જેમની સજા પૂરી થઇ ગઇ છે, જે લોકો આજે ઘડપણના દ્વારે પહોંચ્યા છે, એવા લોકોને પણ એમનો જે અધિકાર છે એ અધિકાર મળવો જોઇએ એટલે સરકારને હું વિનંતી કરવા માગું છું કે, જે પણ આજીવન કેસના કેદીઓ હોય, એ લોકોની વર્તણૂક સારી હોય અને એમણે સજા પૂરી કહી હોય. એમણે જે કુકર્મો કર્યા છે એની સજા એને મળી ગઇ હોય તો એમના માટે પણ સરકારે કોઇ નિર્ણય લેવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાઇબર ક્રાઇમની વાત કરું તો, સાઇબર ક્રાઇમના ગુનાઓ વધતા જાય છે. છેલ્લા વર્ષની અંદર વડોદરા, વલસાડ, ભાવનગર અને કચ્છની અંદર પણ આપણે જોયું કે, જે પોસ્ટો મૂકવામાં આવે, ધાર્મિક પોસ્ટોની અંદર છેડખાની કરીને મૂકવામાં આવે છે, એ ગુજરાતના શાંતિભર્યા સંવાદભર્યા વાતાવરણને ડહોળવાનું કામ કરે છે. આવી કોઇપણ ઘટનાઓ બનતી હોય એની સામે કડક હાથે કામ લેવું જોઇએ અને સાઇબર ક્રાઇમના જે કોઇ ગુનાઓ બનતા હોય એ લોકોની અંદર કંઇક સુધારો વધારો કરીને પણ સરકાર વધુ કડક થાય એના માટે સરકારે પ્રયત્નો કરવા જોઇએ.

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ટ્રાફિકની સમસ્યા આપ જૂઓ તો, અત્યારે ટ્રાફિકની સમસ્યાએ માઝા મૂકી છે. આજે ફિક્સ પગારથી કર્મચારીઓ મૂકવામાં આવે છે. તો એમના નાના પગારની અંદર એ લોકો શું ગુજરાન ચલાવે ? બાઇકનું પેટ્રોલ કાઢે કે પોતાના ચા-પાણીના ખર્ચા કાઢે? એ લોકોને મૂકવામાં આવે છે ત્યારે આજે આપણે જોઇએ તો દરેક પોઇન્ટની અંદર દરેક જગ્યાએ જુઓ તો રોકડી સિવાય કોઇ કામ થતું નથી એટલે હું આ સરકારને કહેવા માગું છું કે, સાઇબર ક્રાઇમની અંદર પૂરતી પકડ કરે, ટ્રાફિકના નિયમોનું કડક રીતે પાલન થાય અને લોકો સહેલાઇથી અવરજવર કરી શકે એ માટેના પ્રયત્નો રાજય સરકારે કરવા જોઇએ અને ફિક્સ પગારની જગ્યાએ કાયમી ધોરણે પોલીસમાં ભરતી કરવી જોઇએ. આ જે આંકડાઓ છે એ આપણે જોઇએ તો, લગભગ ૩૦ થી ૩૫ ટકા ઘટ પોલીસની જગ્યાઓ ઉપર છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની ૪૪ નંબરની માગણી જે જેલના સંદર્ભમાં છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે જેલની વાત આવે છે ત્યારે ભલભલાના પગ ધ્રુજે છે, પણ જેલ એ સુધારા ગૃહ પણ છે. જેમ આરામગૃહ હોય છે, પ્રસુતિ ગૃહ હોય છે, આ આપણું સભાગૃહ હોય છે એવી રીતે આ કારાવાસ ગૃહ છે અને કારાવાસ ગૃહ છે ત્યારે સર્વત્ર જગતની અંદર એમાં સુધારો લાવવાનો એક મહાન પ્રયાસ અનેક વિચારકો દ્વારા કરવામાં આવ્યો છે. નેલશન મંડેલાએ વર્ષો સુધી જીવન જેલમાં વીતાવ્યું, એમણે કહ્યું, " As I walked out the doors towards the gate that would lead to my freedom, I know if I didn't leave my bitterness and hatred behind I'd still be in prison." માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે વીલ રોગર્સ "there is no more independence in the politics. " ખૂબ વિચારવાની વાત કહી છે. there is no more independence in politics, than there is in jail. માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રોને થોડુંક સમજવામાં વાર લાગશે પણ મારા મિત્રોને હું જેલમાં લઇ જવા માગું છું, મારા મિત્રોને હું જેલમાં લઇ જવા માગું છું, જેલના વિષયમાં લઇ જવા માગું છું. આપને સગવડો વધારે મળે એટલા માટે જયોર્જ બૂશે કહ્યું છે કે, "America is the land of the second chance and when the gates of the prison opened, the path ahead should lead to a better life." જયોર્જ બુશે કહેલી આ વાત બેટર લાઇફ માટે આ સરકાર તત્પર છે. જેલ સુધારણાનો અમલ ચાલુ છે. જેલ સલામતી વહીવટી સુધારણામાં પણ ભરપૂર પ્રયાસ ચાલુ છે. કેદીભાઇઓની સાક્ષરતા માટેના પ્રયાસો ચાલુ છે એના મારે આંકડા આપવાની જરૂર નથી. પરંતુ એની સાક્ષરતા માટેનો ભરપૂર પ્રયાસ ચાલે છે. રાજયની જેલોમાં લાઇબ્રેરી, સારા પુસ્તકો, મેગેઝીન, કેદીભાઇઓના કૌશલ્ય વર્ધન માટે મોટર સાઇકલ રિપેરીંગ, ઇલેક્ટ્રિક વાયરીંગ, દરજી કામ, કોમ્પ્યુટર, હેર કટીંગ, બ્યુટી પાર્લર, મીના કારીગરી, ખેતીવાડી વગેરે વિષયોની તાલીમ આપવામાં આવે છે કારણ કે જયારે એની સજા પૂરી થાય અને જેલની બહાર જાય ત્યારે એ સમાજની અંદર આસાનીથી ભળી શકે તે માટેના આ સરકારના પ્રયાસો ચાલુ છે અને તેના ભાગરૂપે આ માગણી લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની નવી જેલ બનાવવા માટે ૨૦૧૬-૧૭માં રૂપિયા ૮૦૦ લાખની નવી બાબત રજૂ કરવામાં આવી છે. માનનીય જીતુભાઇ વાઘાણી સાહેબનું ઘ્યાન દોરું તો ભાવનગર જિલ્લા જેલ જે સો વર્ષ જૂની થઇ એનો ઓવર ક્રાઉન્ડીંગનો પ્રશ્ન હલ કરવા માટે ૧૫૦૦ લાખની નવી બાબતની માગણી આ બજેટમાં લાવવામાં આવી છે. રાજયોની જેલોનું મજબૂતીકરણ સલામતીકરણ અને એના માટે રાજકોટ મધ્યસ્થ જેલ, હિંમતનગર સબ જેલ, પાટણ સબ જેલ ખાતે બાંધકામ માટે ૧૮૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કેદી સાથે તેના સગાવહાલા વાતચીત કરી શકે મોબાઇલની જરૂર ન પડે, વિડિયો કોન્ફરન્સની સુવિધા ઉભી કરવા માટેની માગણી લઇને સરકાર આવી છે. એક જેલમાં કૃષ્ણ કનૈયા પણ અવતર્યા હતા. જેલમાંથી બહાર ગયા પછી, આપણને મુકિત અપાવવા માટે, એ બંધનમાંથી મુકિત કારણ કે જેલ એ બંધન છે, આપણે સૌ જાણીએ છીએ. એ બંધનની મુકિત માટે ગીતાનો ઉપદેશ આપ્યો. શાંતિ અને પ્રેમનો સંદેશો આપ્યો, સાથે સાથે કૃષ્ણ કનૈયાએ સ્વતંત્રતા ત્યાંના લોકોને અપાવી. એ સ્વતંત્રતાને કોઇ કનૈયો હણવા જાય તો આ પ્રજા સાંખી લેશે નહિ અને એવી પ્રજા સાથે બેસવા જશે તો શું થાય? જે.એન.યુની અંદર જે લોકો બેસવા જાય છે એના માટે ખૂબ દર્દ ઉભું થાય છે. સ્વતંત્રતાથી સ્વચ્છંદતા તરફ આ ભેદ ઓળંગશો નહિ, નહિ તો જલદી જેલ જોવાનો વારો આવશે. સારું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ સારી જેલો બનાવવાનો પ્રયાસ કર્યો છે.

હમણાં મારા મિત્રએ કહ્યું કે જેલમાં સુરંગ. જેલમાં સુરંગની વાત કરી તો મારા મિત્રોને યાદ દેવડાવું છે કે તિહાર જેલની અંદર ખાલી ચોકલેટ અને મીઠાઇ આપીને ચાર્લ્સ શોભરાજ ભાગી ગયેલો. અહીં તો ખૂબ મહેનત કરી, અહીંયા તો ભાગવા જનારાઓએ પ્રયત્ન ખૂબ કર્યો પણ ભાગી શકયા નહિ. બાળક ઘરમાં બેઠો હોય, તમારી જેમ જીદ કરતો હોય તો માતા એને વોશરૂમમાં પૂરી દે. બાળક રડે, બાળક કહે કે હું હવે ફરી ધમાલ નહિ કરું મને બહાર કાઢો. જેલ એ માટે બનાવેલી છે, આ મનોવિજ્ઞાન છે, મનુષ્ય એ સામાજીક પ્રાણી છે અને તે સમાજમાં રહેવા ટેવાયેલો છે. એ સંજોગોની અંદર કન્ફાઇન્મેન્ટની જયારે વાત આવે છે ત્યારે કન્ફાઇન્મેન્ટમાં જેલની અંદર એટલા બધા સુધારા કરવામાં આવ્યા છે. ખુલ્લી જેલો બનાવવામાં આવેલી છે. જેલની અંદર પુસ્તકો આપવામાં આવે છે. દર અઠવાડિયે મીઠાઇ આપવામાં આવે છે. જેને પસંદ હોય એ જઇ શકે છે. મારે એટલું જ કહેવું છે કે, આ વ્યવસ્થા કોને માટે કરી છે? આ જેલની અંદર સુવિધા કેમ વધારીએ છીએ. બોફોર્સમાં ૬૯૦ કરોડ, શેર્સની અંદર ૫ હજાર કરોડ, ખાંડ કૌભાંડમાં ૬૫૦ કરોડ , કસ્ટમમાં ૪૩ કરોડ, કોબ્લરમાં એક હજાર, યુરિયાકાંડમાં ૧૩૩ કરોડ, સુખરામ ટેલીકોમની અંદર ૧૨૦૦ કરોડ, મ્યુચ્યલ ફંડમાં ૧૨૦૦ કરોડ યુ.ટી.આઇ. ૩૨ કરોડ, કેતન પારેખ એક હજાર કરોડ, સ્ટેમ્પ ગોટાળો ૨૦ હજાર કરોડ, સત્યમ ગોટાળો આઠ હજાર કરોડ, આદર્શ નવ હજાર કરોડ, કોલસા કૌભાંડ ૩૫ હજાર કરોડ.

સ્પેક્ટ્રમ બે લાખ કરોડ અને કોમન વેલ્થમાં ૭૦ હજાર કરોડનો ગોટાળો કરવામાં આવેલ છે ત્યારે આ લોકો માટે આ વ્યવસ્થા કરી છે. સરકારે સારી વ્યવસ્થા કરી છે. હું આપનું ધ્યાન દોરવા માગું છું. આ દેશનું દુર્ભાગ્ય તો જુઓ કે પરાણે આખા દેશમાં સાગમટે હજારો માણસોને, હજારો નેતાઓને કટોકટીકાળની અંદર એક રાતમાં જેલમાં ધકેલી દીધા. જેલની અંદરથી વિચારોના જે વમળ પેદા થાય છે એ કોઇ પણ સરકારની સત્તાને રોંદી નાખે. એ અનુભવ આપણે સૌએ કર્યો છે. અમે તો તમારા માટે સારી વ્યવસ્થા કરી છે. જેલ એ સારા વિચારો કરવા માટેનો સમય છે. જેલની અંદર જમવાનો સમય નક્કી, ઉઠવાનો સમય નક્કી, જાગવાનો સમય નક્કી, સૂવાનો સમય નક્કી. આ સંજોગોમાં જેલની અંદરના જે સુધારા અમે લઇને આવ્યા છીએ. ગુજરાતમાં ૨૭ જેલો છે. આપણે જાણવું જોઇએ. ૪ મધ્યસ્થ જેલ છે. ૭ જિલ્લા જેલ છે. ૧૧ સબ જેલ છે. ૨ ખાસ જેલ છે. ૨ ઓપન જેલ છે, આપણાં માટે. વડોદરા ખાતે મહિલા કેદીઓ માટે એક અલાયદી જેલ બનાવવામાં આવેલી છે. આને કહેવાય સ્ત્રીઓ માટેની ભાવના. બહેનો માટેની ભાવના. સ્વતંત્રતા પછી ૨,૯૬૭ કેદીના સમાવેશની ક્ષમતા વાળી પ્રથમ હાઇટેક મધ્યસ્થ જેલ સુરતના લાજપોર ખાતે અર્પણ કરી છે. ઓવરક્રાઉડીંગની જે સમસ્યા હતી એ આજે આપણે હલ કરી શકયા છીએ. જેલોમાં રહેલા કેદીની સંખ્યા ૧૨,૩૯૨ની સામે ૧૧,૬૫૬ કેદી રહેલા છે. એટલે ઓવરક્રાઉડીંગની સમસ્યા આપણે પૂરી કરી છે. રોજગારલક્ષી તાલીમ આપવા માટે વણાટકામ, બેકરી, સુથારીકામ, પ્રિન્ટીંગ, કેમિકલ, ચર્મ ઉદ્યોગ, પશુપાલન. કેદીઓને નિયત દરે માનદ્ વેતન પણ આપવામાં આવે છે. આપણે હમણાં જ જોયું કે સંજુબાબા છૂટીને આવ્યા. જેલમાંથી એમને માનદ વેતન ૪૪ રૂપિયા બાકી રહી ગયું હતું તે પણ આપવામાં આવ્યું અને બહાર નીકળીને મગજ કેવું ઠેકાણે આવે છે એ પણ આપણે જોયું. બહાર નીકળીને રાષ્ટ્રધ્વજને એમણે સલામી આપી. એમણે રાષ્ટ્રપ્રેમનો સંદેશો આપ્યો. આ ભૂલવું નહીં જોઇએ. જેલની અંદર જે ઉત્પાદન કરવામાં આવે છે તેને ઉદય બ્રાન્ડ નામ આપવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાક્ષરતા અભિયાનની અંદર ૧૭,૦૦૦ કેદીઓને સાક્ષર કરવામાં આવ્યા છે. ૮૦,૦૦૦ પુસ્તકો જેલની અંદર છે. આપણને જેલમાં જે સમય મળે છે તેનો સદુપયોગ કરવા માટે છે. યોગ શીખવાડવામાં આવે છે. વિપશ્યના કરાવવામાં આવે છે. હું આ તબક્કે ડો. કિરણ બેદીનું નામ ન લઉં તો આ વાત અધૂરી રહી જશે. કિરણ બેદીએ દિલ્હીની તિહાર જેલમાં જે આ બધા કરપ્શનવાળા મિત્રો આવે છે એ સુધરે એટલા માટે વિપશ્યનાની સાધના કરાવવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મોબાઇલ ફોનની વાત કરી. આ મોબાઇલ ફોનનું દૂષણ છે, પરંતુ આટલા મોબાઇલ ફોન પકડ્યા છે એ દર્શાવે છે કે તંત્ર પૂરેપૂરી તાકાતથી કામે લાગે છે. એ સમસ્યાને..(અંતરાય) ઉંટ કરે ઢેકા તો માણસ કરે કાઠલા. એ રીતે આ સરકારે પણ આ સમસ્યાને હલ કરવા માટે ટેલિફોન બુથ સેવા દરેક જેલમાં શરૂ કરવાનો પ્રયાસ કર્યો છે જેથી એ પોતાના પરિજનો સાથે વાત–ચીત પણ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રીની જનધન યોજના, જીવનજયોતિ વીમા યોજના, જીવન સુરક્ષા વીમા યોજના સમગ્ર જેલ તંત્રના સ્ટાફ તથા તમામ કેદીઓને એમાં આવરી લેવામાં આવ્યા છે. આવો વિચાર કદી કોઇ બીજી સરકારને આવ્યો નથી. કોમ્પ્યુટર દ્વારા તેમને શિક્ષણ આપવામાં આવે છે. ગૌમૂત્રમાંથી અર્ક, જંતુનાશક ફિનાઇલ જેલ સેલ રૂમ મારફતે વેચાણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરમ ગરમ વાતાવરણમાંથી આપણે હવે જેલમાં જઇ રહ્યા છીએ, ત્યારે થોડી શાંતિ પણ રાખીએ. જેલની અંદર સી.સી. ટી.વી., વિડિયો સર્વેલન્સ સમગ્ર જેલોને આવરી લીધી છે. અદ્યતન સગવડ આપવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. એ માટે આ માગણી લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનદ્ મહેનતાણું ચુકવવા માટે બિન–કુશળ કેદીઓ માટે રોજના ૩૦ રૂપિયા, અર્ધ કુશળ કેદીઓ માટે રોજના ૩૬ રૂપિયા અને કુશળ કેદીઓ માટે રોજના ૪૨ રૂપિયા. આમ કરીને રૂ.૮,૯૪,૦૦,૦૦૦નું કેદીભાઇઓએ ઉત્પાદન કર્યું અને ૬૧,૫૩,૦૦૦ રૂપિયાનો નફો કર્યો છે. સરકારની આ કાર્યવાહી સમાજને સુધારવા માટે, જેમનાથી કંઇક ભૂલ થઇ ગઇ છે, કાં તો જાણી જોઇને કર્યું છે અથવા તો વારંવાર કરે છે એ તમામને માટે આ જેલ એ ખૂબ ઉપયોગી છે.જેલમાં જવું તો કોઇને ગમતું નથી. પરંતુ આળસુ કામ કરવા માંડે, બેકાર કારીગર બની જાય અને કમાતો થઇ જાય એવા વિચારો સાથે આ સરકાર માગણીઓ લઇને આવી છે એટલે એમાં વાંધો પાડવા જેવું નથી. કોંગ્રેસના મિત્રોને હું વિનંતી કરીશ કે આમાં જવાનું થાય તો સગવડ મળી રહે એટલા માટે આ માગણીઓને ટેકો આપવા વિનંતી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી માગણી ક્રમાંક ૪૨, ૪૩ અને ૪૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ ખાતુ ખૂબ અગત્યનું ખાતુ છે. માનનીય કેશુભાઇ પટેલ મંત્રીશ્રી હતા અને મુખ્યમંત્રીશ્રી હતા તેમને મેં સાંભળ્યા છે. મુખ્યમંત્રીશ્રી તરીકે એમણે સૌથી પ્રથમ વાત કરી કે ગુજરાતને રક્ષણ આપો, કાયદાનું રક્ષણ આપો. ગુજરાત પોતાની રીતે આખું જીવન બનાવી લેશે અને ગુજરાત પોતાનો વિકાસ કરશે. પણ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા બરાબર હોવી જોઇએ. હું માનવા તૈયાર છું કે છેલ્લા ૧૫ વર્ષમાં ગુન્હાઓનું પ્રમાણ વધ્યું છે. બળાત્કારના કેસ હોય, ઘરફોડીના કેસ હોય, અપહરણના કેસ હોય, ચોરીના કેસ હોય, લૂંટના કેસ હોય. આ તમામ પ્રકારના કેસોનું પ્રમાણ વધ્યું છે. હું આંકડાઓની માયાજાળમાં પડવા માગતો નથી. હું ચોક્કસપણે કહીશ કે ગુજરાતમાં દિવસેને દિવસે ગુન્હાઓનું પ્રમાણ વધતું જાય છે. મારા બે

પ્રશ્નો છે એની રજૂઆત કરવા માટે હું ઉભો થયો છું. મને લાગે છે કે આ બન્ને પ્રશ્નો અહીં બેઠેલા તમામને એ લાગુ પડે છે. મારી નમ્ર વિનંતી છે કે * (xxx)

અધ્યક્ષશ્રી : શ્રી રામસિંહભાઇ, ગેલેરીમાં બેઠેલા અધિકારીઓની ઓળખાણ આપી આપણે વાત કરી શકતા નથી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે જે મુદ્દો મને લાગુ પડે છે એ બધાને લાગુ પડતો હોય છે. આ હાઉસમાં બેઠેલા તમામને આ મુદ્દો લાગુ પડે છે. મકાનો કેટલા બનાવ્યા કેટલા બાકી છે કે ખાલી જગ્યાઓ આટલી બધી છે એ બાબતોમાં હું પડવા માગતો નથી. દરેક ધારાસભ્યોના સ્થાનિક પ્રશ્નો હોય છે. દા.ત. બોરસદમાં દસમી તારીખે નિસરાયા ગામે તોફાન થયું, ઝઘડો થયો. એ ઝઘડાની અંદર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખે સામેના માણસને ધારીયું માર્યું. ધાર્યું માર્યા પછી એફ.આઇ.આર.માં એનું નામ આવ્યું. પરંતુ એ સ્કૂલમાં શિક્ષક હોવાના કારણે એણે સ્કૂલમાં હાજરી બતાવી અને આજની તારીખે એ ગુનેગારને પકડવામાં આવ્યો નથી. કાયદો અને વ્યવસ્થા આને કહેવાય? કાયદો અને વ્યવસ્થા ઉપર કોઇને વિશ્વાસ રહ્યો નથી. આજે રાજ્યમાં ગુન્હાઓનું પ્રમાણ દિવસે અને દિવસે વધતું હોય ત્યારે મારે કહેવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આણંદની અંદર, અમૂલ ડેરીના ચેરમેન અને ધારાસભ્ય તરીકે આ વાત એટલા માટે કહું છું કે, આણંદમાં ગોપાલ દરબાર હોસ્પિટલ હતી એમાં માનનીય દોશી કાકાએ હજારો અને લાખો ઓપરેશન કર્યા હતા અને એમણે એક સંસ્થાની રચના કરી. એ સંસ્થાની મોટામાં મોટી જમીન હતી. તેની કિંમત રૂ.૫૦/– કરોડ જેટલી થાય છે. આજે દોશી કાકા નથી. એમની જગ્યાએ મને ચેરમેન તરીકે મૂકીને ગયા અને મને કહ્યું કે આ તમારે સાચવવાનું છે. અત્યાર સુધી મેં એને સાચવવાનો પ્રયત્ન કર્યો. આજુબાજુના એક માણસે હું માનું છું કે એ બુટલેગર છે. એ બુટલેગર માણસે એ જમીનમાં રાત્રે રસ્તો પાડ્યો અને રાત્રે જ આરસીસીનો રસ્તો બનાવી દીધો. અમે કહેવા ગયા તો અમને ધારીયું અને ડાંગો લઇને મારવા પાછળ પડ્યા. અમે કશુ ન કરી શક્યા. શરૂઆતમાં જ મેં કહ્યું. હું અરજી લઇને જાતે પોલીસ સ્ટેશનમાં ગયો અને પી.એસ.આઇ.ને મળ્યો. મેં એમની પાસે રક્ષણ માગ્યું અને કહ્યું કે અમારી પાસે મોંઘા ભાવની જમીન છે. આ માણસ અંદર પેસી ગયો છે. એને બોલાવીને આ બાબતનો મને નિકાલ કરી આપો એવી વિનંતી કરી. જિંદગીમાં પહેલીવાર હું પોલીસ સ્ટેશનમાં ગયો. પી.એસ.આઇ.ને અરજી આપી પણ તેણે કાંઇ ન કર્યું. બીજી વખત ડી.એસ.પી. પાસે ગયો અને વિનંતી કરી કે મારી આ પરિસ્થિતિ છે, મને મદદ કરો. અને એ માણસે જે રસ્તો પાડીને દબાણ કરેલ છે એ દૂર કરવામાં મને મદદ કરો. મારી રૂબરૂ ડી.એસ.પી.એ પી.એસ.આઇ.ને ફોન કર્યો તો પી.એસ.આઇ.એ કહ્યું કે હું અઠવાડિયામાં પતાવી દઇશ. આજે આઠ મહિના થયા છતાં પણ આ ગતિશીલ સરકારની પોલીસે એને બોલાવીને કોઇ કામ નથી કર્યું. એટલે સુધી નહી, છેવટે મેં આ જમીનને બચાવવા માટે મેં ડી.એસ.પી.ને જાતે પોલીસનું રક્ષણ માગ્યું એને પણ બે મહિના થયા, પૈસા ભરીને રક્ષણ માગ્યું તો પણ મને રક્ષણ નથી મળતું. આ ગતિશીલ સરકારને મારે શું કહેવું એ મને ખબર પડતી નથી. શા માટે આ ગુંડાગીરી? આ રીતે ચાલશે તો કોઇની પણ સલામતી રહેવાની નથી. આ સંસ્થાની જમીન છે, ગરીબ માણસોની સંસ્થા છે એમાં દાદાગીરી કરીને પેસી જાય અને પોલીસ જો ધારાસભ્ય તરીકે મને સાથ અને સહકાર ન આપે તો ધારાસભ્ય રહેવાની કોઇ જરૂર નથી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણીને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના પ્રત્યેક ૨૦ કિલોમિટરના અંતરે વિકાસના કામો છેલ્લા ૧૫ વર્ષથી સતત ચાલી રહ્યા છે. આ ગતિશીલ ગુજરાત છે, કર્મશીલ ગુજરાત છે, વિકસિત ગુજરાત છે. આ પ્રગતિશીલ ગુજરાત છે. રાત્રિના બે વાગ્યે બેરોકટોક મહિલાઓ પણ ફરી શકે તેવું આ ગુજરાત છે. સમગ્ર દેશને ગરબાની ભેટ આપનાર આ ગુજરાત છે. ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો ધરાવનાર આ ગુજરાત છે. ક્લીન સિટી અને સેઇફ સિટીનો એવોર્ડ પ્રાપ્ત કરનાર શહેરોવાળું આ ગુજરાત છે. આવનાર દિવસોમાં સ્માર્ટ સિટી અને મેટ્રો ટ્રેઇન અને બુલેટ ટ્રેઇન દ્વારા સમગ્ર ગુજરાતની કાયાપલટ થવાની છે ત્યારે હિન્દુસ્તાનમાં સૌથી વધુ ગુજરાત અને ગુજરાતમાં જ્યાં જુઓ ત્યાં વિકાસ જ વિકાસ નજરે પડે છે. ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત. મિત્રો, જ્યારે વિકાસની આ વાત કરવામાં આવે છે ત્યારે વિકાસના ફળો પણ અંતિમ છેવાડાના માનવીને ચાખવા મળે, અંતિમ પંક્તિમાં ઉભેલા વ્યક્તિને મળે, ગરીબમાં ગરીબ વ્યક્તિને મળે, દલિત, શોષિત, પિડિત, આદિવાસીને ફળ મળે, ખેડૂતને ફળ મળે, એવા સર્વાંગી વિકાસ માટે આ ગુજરાત સરકાર કટિબદ્ધ છે ત્યારે આ તબક્કે ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે તેમને યાદ કરું છું અને એવી જ રીતે હર હાથ કો કામ, કામ કા સહી દામ, હર ખેત કો પાની, અંત્યોદય, છેવાડાના માનવીનું ઉત્થાન, એકાત્મ માનવતા વાદના પ્રણેતા પરમપૂજ્ય દીનદયાળ ઉપાધ્યાયના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે આ બન્ને મહાનુભાવોએ પોતાનું સમગ્ર જીવન અને શરીરના કણકણ છેવાડાના માનવીના ઉત્થાન માટે જીવી ગયા ત્યારે આ જ રસ્તે ભારતીય જનતા પાર્ટીની સરકાર આગળ વધી રહી છે. એમાં મુખ્યત્વે કાયદો અને વ્યવસ્થાની સતર્કતાના કારણે આપણે આગળ વધી રહ્યા છીએ. જ્યારે માંગ અને પુરવઠાની વાત આવે ત્યારે ભાવ નક્કી થતો હોય છે તેમ વિકાસની વાત આવે ત્યારે શાંતિ, સલામતી અને સદભાવનાની વાત આવે. શાંતિ, સલામતી અને સદભાવના પ્રસ્થાપિત કરવા માટે ગૃહ વિભાગની અગત્યની કામગીરી રહી છે. કાયદો અને વ્યવસ્થાની કામગીરીમાં આજે પણ સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત સર્વશ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું.

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

એકાદ બે ઘટનાઓને બાદ કરતાં આખા હિન્દુસ્તાનમાં ક્યાંય કરફ્યુ લગાવવામાં આવ્યો નથી. આજના નવી પેઢીના યુવાન કરફ્યુ શું છે એ જાણતો નથી. એ જ આ રાજ્યમાં પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાનું સર્વશ્રેષ્ઠ પરિણામ છે અને સર્વશ્રેષ્ઠ માપદંડ પણ છે. સમગ્ર રાજ્યમાં ગુનાખોરી કાબૂમાં છે. પોલીસની કાર્યક્ષમતામાં ગુણાત્મક વધારો થયો છે. આધુનિક ટેકનોલોજી દ્વારા ગુનાઓની તપાસ અને તેમાં પણ સમગ્ર હિન્દુસ્તાનમાં સર્વશ્રેષ્ઠ ફોરેન્સિક લેબોરેટરી ગુજરાતના આંગણે કાર્યરત છે અને આખો દેશ તેનો ઉપયોગ કરે છે. આ સમગ્ર ગુજરાતે ગર્વ લેવા જેવી બાબત છે. ગુનો બનતો અટકાવવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે. માદક પદાર્થોની હેરફેરી અટકાવવા માટે, કોમી રમખાણ ડામવા માટે, સાઇબર ગુનાને ડામવા માટે આ ફોરેન્સિક લેબોરેટરી ઉપયોગી છે. આંતકવાદી તત્વોને ડામવામાં ગુજરાત સરકાર સફળ રહી છે. સમગ્ર ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં ગુજરાત નંબર વન છે. ગુજરાત એ પાકિસ્તાન સાથેનું સરહદી રાજ્ય છે. હાલની અમારી કેન્દ્રની સરકાર ગુજકોકનો કાયદો નજીકના ભવિષ્યમાં મંજૂર કરવાની છે ત્યારે મારે કહેવું છે કે ભૂતકાળમાં ગુજકોકનો કાયદો મંજૂર કરવામાં કેન્દ્રએ આપણને કેટલો અન્યાય કર્યો? કેન્દ્રે સમયસર આ કાયદો લાવવામાં ગુજરાત જાણે કે દુશ્મન દેશ હોય એવું વર્તન કર્યું અને એના પરિણામે કોંગ્રેસે જે એક તરફ વ્યવહાર કર્યો અને બીજી તરફ ગુજરાતમાં વધતી જતી વસતિ. સમગ્ર ભારતમાંથી હજારો અને લાખો લોકો વેપાર–ધંધા–ઉદ્યોગ માટે ગુજરાત આવે છે અને એમાં આ બેસ્ટ કાયદો અને વ્યવસ્થાના કારણે વસતિના પ્રમાણમાં ગુનાખોરીની ટકાવારી પણ ઘટી છે. એ જ બતાવે છે કે રાજ્યમાં ગૃહ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થાનો ચુસ્ત અમલ થાય છે. ગુજરાતની ધરતી પર આતંકવાદી તત્વોનો કાળો પડછાયો પડ્યો ત્યારે એક પણ આતંકવાદી ગુજરાતની બહાર જીવતો પાછો ગયો નથી. આજ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને મુખ્યમંત્રી આનંદીબેનની મજબૂત સરકારની મજબૂત લીડરશીપ રહી છે. મિત્રો મારે પોલીસ બાબતે પણ કહેવું છે. રાજ્યમાંથી આતંકવાદીઓનો ખાત્મો બોલાવતી પોલીસની ભૂમિકા લાજવાબ રહી છે. પોલીસની ભૂમિકા પણ દેશભક્તોની રહી છે. ઇશરત જહાં જે ગુજરાતની ધરતી પર આવી હતી ત્યારે ગુજરાતની સલામતી માટે રક્ષક એવા પોલીસ ડિપાર્ટમેન્ટે આવા તત્વોને જેર કરી હતી. આ મામલે કોંગ્રેસની સરકાર *(xxx). ખોટી એફિડેવીટો કરે. *(xxx) (અંતરાય) ( બેઠા બેઠા, શક્તિસિંહે વિરોધ કરવા માટે કાંઇ બોલતા)

અધ્યક્ષશ્રી : આપણે આવા અવલોકનોમાં ના પડીએ પ્લીઝ. હું જોઇ લઇશ. મેં એટલે એમને રોક્યા હતા.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : સાહેબ, ૧૯૬૫નું યુદ્ધ થયું. ૧૯૭૧ નું યુદ્ધ થયું. આ દેશમાં તમામ પોલિટિકલ પાર્ટી એક થઇને લડી. દેશભક્તિનો પરિચય આપ્યો. આ દેશની જનતા પણ એક થઇને લડી. આજે જ્યારે આતંકવાદના મુદ્દે આ દુશ્મન દેશો પ્રોક્સી યુદ્ધ ખેલી રહ્યાં છે ત્યારે પણ આખા દેશની તમામ પોલિટિકલ પાર્ટીએ એક રહેવું જોઇએ પણ આજે કારણ શું બને છે? અફઝલને ફાંસી આપવામાં આટલો વિલંબ કેમ? જેએનયુમાં દેશ વિરોધી નારા લાગે અને ત્યારે પણ કોંગ્રેસના લોકો સમર્થન કરે. આ ક્યા પ્રકારની રાજનીતિ?

અધ્યક્ષશ્રી : શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે કહો.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના સહિત આ ખુરશી પરથી અનેક વખત ચુકાદા અપાયા છે. ફાંસી આપવાનો નિર્ણય કેન્દ્રની સરકારે જ કર્યો. કઇ સરકારે કર્યો એ બધા જાણે છે. એમાં વિલંબ થયો, શું થયું? કેન્દ્ર સરકારની ટીકા આપણે આ ગૃહમાં નથી કરી શકતા. હું માનનીય સભ્યશ્રી ઓછું બોલવા ઊભા થાય છે, વારંવાર નથી બોલતા માટે ડિસ્ટર્બ કરવા નહોતો માગતો પણ પરંપરા રહે છે, આ પ્રકારની કેન્દ્ર સરકારની ટીકાઓની. જે આપના પોતાના નિર્ણય મુજબ પણ સાહેબ આ હાઉસમાં નથી કરી શકાતી. મારો કહેવાનો ભાવાર્થ એ છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ઘટના બની હતી. આ આખી ડીલે થઇ રહી છે એનો માત્ર ઉલ્લેખ્ કર્યો છે. ટીકા નથી કરી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શક્તિસિંહજી આપ બેસો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ દેશની અંદર કોઇ આતંકવાદીને ફાંસી આપવાનું મોડુ થાય એ ઘટનાનો સભાગૃહની અંદર ઉલ્લેખ્ થઇ શકે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમાં કાંઇ ખોટું નથી. એ ઉલ્લેખ્ થઇ જ શકે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, માનનીય પૂર્ણેશભાઇ.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : સાહેબ, મારો કહેવાનો આશય છે કે, આના કારણે પોલીસ અધિકારીનું મોરલ તૂટે છે. મારો કહેવાનો આશય છે કે, જે રીતે પોલીસનું મોરલ તૂટવાના કારણે આતંકવાદી તત્વોનું મોરલ વધે છે. આ નહિ થવું જોઇએ. દેશભક્તિનો પરિચય આપવો જોઇએ. ગુજરાત એવું રાજ્ય છે કે, જ્યાં અમદાવાદ, સુરત, રાજકોટ વગેરે શહેરોમાં સી.સી. કેમેરા લગાડવામાં આવ્યા છે. આ સી.સી. કેમેરા દ્વારા ચોરી ઉપર લૂંટ ઉપર, ગંભીર ગૂના ઉપર, આતંકી ઘટના ઉપર બાજ નજર રાખે છે. જેને કારણે લોકોની સલામતી વધી છે. એક જમાનો હતો કે આખા વિશ્વમાં ઇંગ્લેન્ડની સ્કોટલેન્ડ યાર્ડની પોલીસ ગુનેગારની સામે હાક અને ધાક હતી. આ હાક અને ધાક ગુજરાતના પોલીસની હતી. પરંતુ જે તે સમયે કોંગ્રેસ દ્વારા સી.બી.આઇ.નો દુરુપયોગ થયો. જે તે દ્વારા (અંતરાય)

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ફરી વખત બોલ્યાં.

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય પૂર્ણેશભાઇ આપણે આ અવલોકનોમાં ના પડીએ પ્લીઝ. આપનો સમય પણ પૂરો થાય છે. માનનીય મિતેષભાઇ. આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી લઇને આવ્યાં છે તેના પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થા એ રાજ્યનો ખૂબ જ અગત્યનો વિભાગ છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સારી રીતે જળવાય અને કાયદાનું ચુસ્તપણે પાલન થાય તો જ રાજ્યની પ્રજા સલામતી અનુભવે અને સુખ–શાંતિ જળવાય. આ વિભાગ જેટલો સૃદઢ અને જેટલો નિયંત્રણમાં હોય એટલો જ સલામતીનો અનુભવ પ્રજા કરી શકે. આ વિભાગ સાથે ઘણાં બધા અન્ય વિભાગો જોડાયેલા છે અને આ જોડાયેલા વિભાગ પણ એટલા જ મહત્વના અને સંવેદનશીલ છે. અમારાં પક્ષના સિનિયર સભ્યશ્રીઓએ આ વિભાગ વિષે મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું છે. છતાં આ વિભાગ સાથે સંકળાયેલી કેટલીક બાબતો આ સભાગૃહને હું જણાવવા માગુ છું. આજે આ વિભાગની નબળાઇઓના લીધે નાગરિકોમાં અસલામતીનો અહેસાસ થાય છે. એટલે જો આ વિભાગની કામગીરી પૂરેપૂરી સમર્થતાથી લેવી હોય તો પૂરતું મહેકમ જરૂરી છે અને જરૂરી મહેકમની જગ્યાઓ ભરાયેલી હોવી જોઇએ. કમનસીબી એ છે કે, આ ગતિશીલ ગુજરાતમાં સરકાર આ નથી કરી શકી. દરેક કેટેગરીમાં જગ્યાઓ ખાલી હોવાથી કામગીરી સુદ્રઢ બનાવી શક્યા નથી એટલે રાજ્યમાં આજે અસલામતી છે. જેલોમાં સુરંગકાંડ જેવી ઘટનાઓ બને છે. જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓ ઘુસાડાય છે. રાજ્યમાં દારૂનું બેફામ વેચાણ થાય છે, ગલીએ ગલીએ, ફળિયે ફળિયે દારૂ મળે છે. એમાંય રાજકીય માણસોની સંડોવણી હોય છે અને બુટલેગરોને રક્ષણ પુરું પાડવામાં આવે છે. ગરીબોનું કોઇ સાંભળતું નથી અને રાજકીય ઓથા હેઠળ બેઠેલા તત્વો મનમાની કરી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની બાબતમાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલી સરકારથી પ્રજા અસલામતી અનુભવે છે.

આ સરકારના મંત્રીશ્રીઓ સરકારના વખાણ કરતા થાકતાં નથી. ગુજરાત નંબર વન, નંબર વનમાં જ સરકાર ચાલી રહી છે. મારા સિનિયર સભ્યશ્રીઓએ કહ્યું એમ, ગુજરાતમાં બળાત્કારના કેસનો રેશિયો બિહાર, યુ.પી. કરતાં વધારે છે. ગુજરાત અપહરણના ગુનાઓમાં યુ.પી. જેવા રાજ્ય કરતા પણ આગળ છે. ગુજરાત લૂંટના બનાવોમાં પણ નંબર વન છે. આપણા ભારત દેશનો ક્રાઇમ રેશિયો જોઇએ તો ૪૭.૫૦ ટકા, તેની સામે ગુજરાત રાજ્યનો ક્રાઇમ રેશિયો ૩૩.૪૨ ટકા છે. આ રેશિયો ઉત્તર પ્રદેશ અને બિહાર કરતાં પણ આગળ છે. એટલે જ સરકાર પોતાને નંબર વન માને છે. આઇ.પી.સી. ગુનાઓના ક્રાઇમ રેશિયોમાં ગુજરાત ૨૧ ટકા સાથે ત્રીજા નંબરે છે. યુ.પી., બિહાર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો અનુક્રમે દસમા, અગિયારમા અને બારમા ક્રમે આવે છે અને એટલે જ ગુજરાત નંબર વન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેવી છે, એ માટે મારા વિસ્તાર દાહોદ અને ઝાલોદ જિલ્લાની હું વાત કરવા માગુ છું. તાજેતરમાં થયેલી તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં દાહોદ જિલ્લામાં અમારી કોંગ્રેસ પાર્ટીના સભ્યોની બહુમતી બની એટલે જિલ્લા પંચાયતનું બોર્ડ કોંગ્રેસનું જ બને. દાહોદ જિલ્લાના મતદારોએ આ ચૂંટણીમાં આ ચુકાદો આપેલો. છતાં પ્રમુખ – ઉપપ્રમુખની ચૂંટણીમાં રાજ્યના સત્તાધારી પક્ષના આગેવાનો અને નેતાઓએ ધમપછાડા કરેલા, આ ઘટના સમગ્ર ગુજરાત જાણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેટલી દયાજનક છે, એની પ્રતિતી કરાવતી ઘટના બની હતી. એસ.આર.પી. મૂકવી પડી અને ધારા ૧૪૪ની કલમ લગાવવી પડી. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને સ્થાનિક નેતાઓએ આખા જિલ્લા પંચાયતના પ્રાંગણને બનામાં લીધું હતું. *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપણે જે કાંઇ ઉલ્લેખ કરીએ છીએ એના માટે સંપૂર્ણ જવાબદારી આપણી હોય છે એટલે..

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : સાહેબ એના માટે જ બોલું છું. સાહેબ, આ સત્ય ઘટના છે. *(xxx)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે ગરાસિયાજી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શાંતિ રાખો ડોક્ટર. માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો એનું વર્ણન કરવાનો એમનો અધિકાર છે, એમાં મારે કોઇ વિક્ષેપ કરવો નથી. પણ *(xxx) વગેરે કર્યું (અંતરાય) એ સાહેબ ચાલે નહીં રેકર્ડ ઉપર (અંતરાય) ના ચાલે. *(xxx) આ મારો આક્ષેપ છે તો તમે સાંભળી લેશો? સાહેબ, હું એમ કહું કે *(xxx) તો એ સાંભળી લેશે? એ ચાલશે સાહેબ ? આવા શબ્દો કેવી રીતે મૂકે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, ઓર્ડર , ઓર્ડર . પ્લીઝ (અંતરાય)

---

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના થાય ભાઇ. ના ચાલે સાહેબ. સાહેબ એ શબ્દો દૂર કરાવો. સાહેબ હું એમને કહું કે, *(xxx) *(xxx) તો તમે ચલાવી લેશો ? તમે ચલાવી લેશો ? અમે કેમ ચલાવીએ ? સાહેબ, હકીકતની જ વાત કરે. વધારાની વાત નહીં ચાલે સાહેબ.

અધ્યક્ષશ્રી : આ ગૃહમાં આપણને બધાને ખ્યાલ છે, કોઇ પણ સભ્યશ્રીએ બોલવું હોય તો એની સંપૂર્ણ જવાબદારી સભ્યશ્રીની હોય છે. એટલે આપણી પાસે આધારભૂત પુરાવા હોય તો જ આપણે વાત કરીએ છીએ. માનનીય સભ્યશ્રીનો સમય પૂરો થાય છે. હું રેકોર્ડ જોઇ લઇશ. માનનીય પૂંજાભાઇ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. આ ગૃહની અંદર ભૂતકાળની પ્રણાલિકા રહી છે કે ગૃહ વિભાગની માગણી હોય અને જે મંત્રીશ્રી પાસે એમનો વિભાગ હોય ત્યારે આ વિભાગ મુખ્યમંત્રીશ્રી પાસે છે. મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળની અંદર પોતાના વિભાગની માગણીઓ રજૂ કરી છે, મુખ્યમંત્રીશ્રી હાજર રહ્યાં છે અને જવાબ આપ્યો છે ત્યારે સરકાર પાસેથી હું અપેક્ષા રાખું છું કે માનનીય અધ્યક્ષશ્રી, પ્રણાલિકા રહી છે.

અધ્યક્ષશ્રી : પૂંજાભાઇ, આપને એક કલેરીફીકેશન કરી દઉં છું કે સમગ્ર મંત્રીમંડળ એ વિધાનસભાને સામૂહિક રીતે જવાબદાર છે અને જયારે વિધાનસભા શરૂ થતી હોય ત્યારે મુખ્યમંત્રીશ્રી જે તે મંત્રીઓને બેલેટથી આપણે એને અધિકાર આપીએ છીએ અને રજનીભાઇ બેઠા છે. પ્લીઝ. એટલે એ અવલોકનોમાં ન પડીએ આપણે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અપેક્ષા રાખીએ ગૃહ વિભાગની માગણીનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી આપે. વિપક્ષ તરીકે અમારો અધિકાર છે. સરકાર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ રાજયમાં સારી અને અસરકારક છે, જડબેસલાક છે એવી વાતો કરે છે ત્યારે મારે સરકારને પૂછવું છે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જો એટલી બધી સારી અને અસરકારક હોય તો દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંઘનો કાર્યક્રમ રદ શા માટે કરવામાં આવ્યો એની સ્પષ્ટતા કરવામાં આવે તો મને ગમશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી બધી અસરકારક છે, જડબેસલાક છે ત્યારે રાજયના મંત્રીશ્રીઓને સરકારી કાર્યક્રમોમાં થાળી વેલણના ડરથી ભાગી છુટવું પડે આ પ્રકારની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી બધી અસરકારક અને જડબેસલાક છે કે રાજયની જેલોમાં પણ મારામારી થાય છે અને ખૂનો થાય છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી બધી અસરકારક છે કે રાજયના પૂર્વ ગૃહ મંત્રી હરેનભાઇ પંડયાના સાચા હત્યારાઓને પણ આજ સુધી સરકાર શોધી શકી નથી. તાજેતરમાં હિંમતનગરની અંદર નકલી ડી.વાય.એસ.પી.ના નામે એક અમદાવાદની ઠગ ટોળકી પકડાઇ અને આ ટોળકીની અંદર *(xxx) રેકર્ડ ઉપર છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી જેનો ઉલ્લેખ કરી રહ્યાં છે એ પહેલા હાઉસના રેકર્ડ ઉપર મૂકે. હું એ વિધાનસભા વિસ્તારમાંથી આવું છું, એ વસ્ત્રાલ વોર્ડમાંથી આવું છું અને જે નકલી ડી.વાય.એસ.પી. તરીકે પકડાયા છે એ ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્ય પણ નથી. આ પ્રમાણેના ઉલ્લેખો કરીને સભાગૃહને ગેરમાર્ગે દોરવા માટેનું કામ છે. આ પ્રમાણેના શબ્દોનો ઉલ્લેખ ન કરવો જોઇએ. હું ઓથેન્ટીક રીતે કહું છું એમણે એ શબ્દો પાછા ખેંચવા જોઇએ. અખબારના અહેવાલ ઉપર કોઇપણ ઉલ્લેખો ન કરી શકાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપની પાસે કોઇ પુરાવા હોય તો અહીંયા આપે પછી પુરાવા મૂકવા પડશે. (અંતરાય) માનનીય પૂંજાભાઇ, કોઇપણ સભ્યે કોઇપણ આક્ષેપો કરવા હોય તો એની સંપૂર્ણ જવાબદારી માનનીય સભ્યશ્રીની હોય છે તો આપ સ્વીકારો છોને કે આપ પૂરાવા મૂકશો ટેબલ ઉપર?

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : હા, હું મૂકીશ.

અધ્યક્ષશ્રી : બરાબર છે ચાલો.(અંતરાય) નહીં મૂકે તો આપણે એમના ઉપર પગલાં લઇશું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અફઝલગુરુની વાત કરવામાં આવી આ ગૃહની અંદર. જે પાર્ટીએ અફઝલગુરુને શહીદ ગણવામાં આવ્યા છે એ પાર્ટીની સાથે જમ્મુ કાશ્મીરની અંદર સરકાર ચલાવે છે ત્યારે સરકાર એની સ્પષ્ટતા કરે. આતંકવાદીઓની વાતો કરવામાં આવે છે. ભારત સલામત નથી, રાજય સલામત નથી રહ્યું. સલામત છીએ ત્યારે એન.ડી.એ.ની સરકાર વખતે એ વખતના મંત્રીશ્રી જશવંતસિંઘે અઝહર મસૂદને એક આતંકવાદીને છોડી અને કંદહારની જેલમાં મૂકી આવ્યા અને એના કારણે આજે એ પાકિસ્તાનમાં બેઠો બેઠો આખા હિન્દુસ્તાનને નુકસાન પહોંચાડે છે. સરકાર એની સ્પષ્ટતા કરે તો ખબર પડશે. રાજય સરકારે હમણા એક જાહેરાત કરી કે લશ્કરની અંદર જે જવાનો આપણા લડે છે, શહીદ થાય છે એના માટે એક લાખ રૂપિયાની જાહેરાત કરી છે. આ શરમજનક બાબત છે, મશ્કરી સમાન છે. કોઇ અકસ્માત થાય તો ચાર લાખ રૂપિયા.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી રજનીકાંત સો. પટેલ ( ગૃહ – પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ) મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ મારા વિભાગની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું. આ માગણીઓના સમર્થનમાં પ જેટલા

---

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અમારા સાથી સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા. સાથે સાથે વિરોધ પક્ષના ૭ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો એમાં રજૂ કર્યા. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતના નારા સાથે ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય એ માટે આ સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના લોકોની સુખાકારી, આર્થિક વિકાસની જાળવણી માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદૃઢ બને તે અત્યંત જરૂરી છે. ગુજરાત રાજ્યનું પોલીસ તંત્ર નાગરિકોના અધિકાર અને તેમના જાનમાલની સુરક્ષા માટે હરહંમેશ કટિબદ્ધ છે અને ગુજરાતની વિકાસગાથામાં એનું મહત્વનું યોગદાન રહેલ છે. વર્ષ ૨૦૦૧ માં આ રાજયની વસતિ ૫ કરોડની હતી. આજે ૬.૫૦ કરોડ જેટલી વસતિ થઇ છે. મજબૂત આર્થિકીકરણ અને વધતી જતી વસતિ છતા ગુનામાં ઘટાડો એ આ રાજયની મજબૂત લીડરશીપ અને પોલીસ જવાનોની દરેક પરિસ્થિતિ અને સંજોગોમાં સતર્ક રહેવાના કારણે શક્ય બન્યું છે. હમણા જ માનનીય શૈલેષભાઇ આંકડા સાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની વાત કરી રહ્યા હતા. વિરોધ પક્ષના લગભગ બધા સભ્યોએ આક્ષેપ કર્યો કે રાજ્યમાં ગુનાખોરી વધી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું મૂલ્યાંકન એમણે જે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આંકડા આપ્યા, એ જ આંકડાના આધારે હું કહેવા માગું છું. માનનીય શૈલેષભાઇએ ગુજરાતમાં જે લૂંટના ૧૨૦૯ કેસ બન્યા એની વિગતો આપી. દેશના સંદર્ભમાં વિચારીએ તો સમગ્ર દેશનો ક્રાઇમ રેટ લૂંટમાં ૩.૧ છે અને ગુજરાતનો ક્રાઇમ રેટ ૨ છે. આખા દેશમાં ૧૩ મું સ્થાન છે. બળાત્કાર માટે ૮૪૧ નો ફિગર કહ્યો. સમગ્ર દેશનો ક્રાઇમ રેટ એમાં ૬.૧ છે અને ગુજરાતનો ૨.૯ છે અને ૨૯ માં સ્થાને આપણે છીએ. અપહરણની વાત કરી. ૨૭૨૨ નો આંકડો આપ્યો. દેશનો ક્રાઇમ રેટ અપહરણનો ૬.૨ છે અને ગુજરાતનો ૪.૪ છે અને ૧૯ માં ક્રમે છે. ખૂનનો પ્રયાસ એમાં દેશનો ક્રાઇમ રેટ ૩.૪ ટકા છે અને ગુજરાતનો ૧.૨ છે. ૩૨ માં સ્થાને ગુજરાત છે. આ આપેલા આંકડાઓ દેશના પરિપ્રેક્ષ્યનો વિચાર કરવામાં આવે તો ગુજરાતમાં જે પ્રકારની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે તેમાં ગુજરાત આ દેશનું સેફેસ્ટ રાજ્ય છે. ૧૯૭૦ માં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૨૧.૧ હતો, જે વધીને ૧૯૯૦ માં ૨૮૩.૩ થયો. ૧૯૯૨ માં ૩૦૨.૮ સુધી પહોંચ્યો છે.

પોઇન્ટ ઓફ કલેરીફીકેશન.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય મંત્રીશ્રી કહે છે ત્યારે ૧૯૯૦ થી ૧૯૯૨માં સો ટકા જેટલો વધ્યો તે વખતે ભારતીય જનતા પાર્ટી અને જનતાદળની સરકાર હતી તે કલેરીફીકેશન છે.

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાઓના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો એનસીઆરબીના ક્રાઇમ ઇન ઇન્ડિયા ૨૦૧૪ના આંકડા મુજબ ૨૦૧૩ના વર્ષ કરતાં ૨૦૧૪ના વર્ષમાં ગુજરાતના ક્રાઇમમાં ઘટાડો થયો છે. ૨૦૧૩માં ૨૫૮.૮ જે ૨૦૧૪માં ૨૧૩.૩ થયો છે. વસતિ વધી, આર્થિક સમૃદ્ધિ વધી અને આ બધુ વધવા પછી ૨૦૧૪માં જે પ્રકારે ક્રાઇમનો રેટ છે તે બતાવે છે કે ગુજરાત સલામત રાજ્ય છે. ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી આ બધામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૩૩ છે. ૨૦૦૧ની પરિસ્થિતિ જોઇએ તો તેમાં મેં કહ્યું તે પ્રકારે આજે ૧૯૮૦ અને ૨૦૦૧નો તુલનાત્મક અભ્યાસ કરીએ તો આજની સ્થિતિમાં આપણે ત્યાં ગુનાઓમાં ઘટાડો થયેલો છે. મહિલા સંબંધી ગુનાઓની માનનીય સભ્યશ્રીઓએ વાત કરી. આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેનના નેતૃત્વમાં રાજયમાં મહિલાઓની સુરક્ષા માટે અનેકવિધ પગલાં લેવાયા છે. ગુજરાત રાજય મહિલાઓ માટે આખા દેશમાં સૌથી વધારે સુરક્ષિત રાજય ગણવામાં આવે છે. ગુજરાતના મહાનગરો, જિલ્લા, શહેરો આ બધા સ્થાનો ઉપર આજે ગુજરાતની બહેન દીકરી રાત્રે કોઇપણ ભય વગર બહાર જઇ શકે તે પ્રકારની પરિસ્થિતિ સમગ્ર ગુજરાતમાં છે. ૨૦૧૪માં રાષ્ટ્રીય કક્ષાએ મહિલાઓ વિરુદ્ધના અપરાધોનો ક્રાઇમરેટ ૫૬.૩ છે. તેની સામે ૨૫મું સ્થાન ધરાવતા ગુજરાતનો ક્રાઇમ રેટ માત્ર ૩૭.૦૨ છે. મહિલાઓ વિરુદ્ધ ગુનાઓની તપાસ કરવા માટે અત્યારે રાજયમાં ૩૦ જેટલા મહિલા પોલીસ સ્ટેશનો કાર્યરત છે. રાજયમાં મહિલાઓની સુરક્ષા માટે દરેક જિલ્લા શહેર પોલીસ કંટ્રોલરૂમમાં મહિલા હેલ્પલાઇન ૧૦૯૧ કાર્યરત છે. રાજયમાં અભયમ વિમેન હેલ્પલાઇન ૧૮૧ તે પણ કાર્યરત છે. મહિલા સુરક્ષા અર્થે રાજય જિલ્લા અને તાલુકા કક્ષાએ મહિલા સુરક્ષા સમિતિઓની રચના કરવામાં આવી છે. રાજયમાં ચાર પોલીસ કમિશનર વિસ્તાર અને ૩૩ જેટલા જિલ્લાઓમાં મહિલા સુરક્ષા સમિતિની રચના કરવામાં આવી છે. કુલ ૨૨૨ તાલુકામાં તાલુકા મહિલા સુરક્ષા સમિતિની તેમજ ૧૬૩૦૮ ગ્રામ્ય મહિલા સુરક્ષા સમિતિની રચના માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અને તેમના માર્ગદર્શનમાં કરવામાં આવી છે. જયારે મહિલાઓની વાત છે ત્યારે સુરક્ષા સેતુ સોસાયટી યોજના હેઠળ ૫.૪૦ લાખ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે. જેના કારણે ગુજરાતની બહેનો તે હિંમતવાન અને આત્મવિશ્વાસથી ભરપૂર થયા છે. કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ બન્યા છે. કયાંક કોઇ અણધારી મુસીબત આવે તો ૧૮૧ જેવી હેલ્પલાઇનની મદદથી તાત્કાલિક તે મદદ મેળવી શકે તેવી સુંદર સુચારુ વ્યવસ્થા આજે ગુજરાત રાજયમાં ઉપલબ્ધ છે. આજે બદલાતી જતી સામાજિક , આર્થિક અને વૈજ્ઞાનિક પરિસ્થિતિને ધ્યાને રાખી આધુનિક યુગના પડકારોનો સામનો કરવા માટે ગુજરાત પોલીસને સુસજ્જ કરવા માટે આ રાજય સરકાર કટિબદ્ધ છે. એટલા માટે ગુજરાત પોલીસના આધુનિકીકરણની દિશામાં છેલ્લા દસ વર્ષમાં ઘણાબધા પ્રયત્નો રાજય સરકારે કર્યા છે. પોલીસતંત્રના આધુનિકરણ માટે જરૂરી આધુનિક હથિયારો, સંદેશા વ્યવહારના સંશાધનો અને વાહનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ઉપરાંત સિટી સર્વેલન્સ એન્ડ ઇન્ટેલીજન્સ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, ગુજકોક, પોલીસ સ્ટેશનમાં સી.સી.ટીવી કેમેરા લગાવવાની વાત હોય, કોમ્યુનિકેશન અપગ્રેડેશન પ્રોજેકટની વાત હોય, સાયબર સુરક્ષા કવચ જેવા નવિન કાર્યક્રમોને અમલમાં મૂકીને પોલીસ આધુનિકીકરણની દિશામાં આપણે ખૂબ મહત્વપૂર્ણ કામગીરી કરી છે. ઇન્સાસ રાઇફલ, ઇન્સાસ એલ.એમ.જી., ઇન્સાસ કાર્બાઇન, આવા બધા આધુનિક હથિયારો પણ આપણે પોલીસ માટે ખરીદ્યા છે. બૂલેટપ્રુફ જેકેટ, બૂલેટપ્રુફ હેલ્મેટ આ બધાની વ્યવસ્થા પણ રાજયની પોલીસ માટે

કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ અહીંયા મહેકમના સંદર્ભમાં પણ વાત કરી ત્યારે મારે કહેવું છે કે, રાજયની વસતિમાં થઇ રહેલો વધારો તેમજ વધી રહેલા ઉદ્યોગ ધંધાને કારણે અન્ય રાજયોમાંથી પણ ગુજરાતમાં સ્થાયી થઇ રહેલા વ્યક્તિઓની સુરક્ષાની જવાબદારી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે તેમજ પોલીસ તંત્રને સુદ્દઢ બનાવવા રાજય સરકાર સતત ચિંતિત છે અને એટલા માટે પોલીસ તંત્રની વિવિધ જગ્યાઓ ભરવા માટેનો પૂરો પ્રયત્ન આ રાજયની સરકારે કર્યો છે. પોલીસ તંત્રમાં છેલ્લા ૬ વર્ષમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર, લોક રક્ષક, એસ.આર.પી.લોક રક્ષક, ઇન્ટેલિજન્સ ઓફિસર વગેરે સંવર્ગમાં કુલ ૩૨,૧૯૫ નવી નિમણૂકો રાજય સરકારે કરી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મહિલા સશક્તિકરણના ભાગરૂપે આ વિવિધ સંવર્ગોમાં ૩૩ ટકા બહેનો પણ હવે પોલીસ ખાતામાં આવે એ પ્રકારની વ્યવસ્થા કરેલી છે એના કારણે આ ભરતીમાં ૪૭૯૨ જેટલી બહેનોની ભરતી પણ થઇ છે. આ ઉપરાંત ૨૦૧૬-૧૭માં જેલ સિપાઇ તથા એસ.આર.પી.એફ. અને ટ્રાફિકની નવી જગ્યાઓ સહિત ગૃહ વિભાગ હેઠળની કુલ ૧૭૨૨૫ જગ્યાઓ ભરવા માટેનું અમે આયોજન કર્યું છે. આમ, ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ નવી ૧૭૨૨૫ જગ્યાઓ અમે ભરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગુનાખોરી અટકાવવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એ વધારે સંગીન અને મજબૂત બને એ પોલીસ વિભાગની જવાબદારી છે, પરંતુ એમાં લોકોનો સહયોગ પ્રાપ્ત થાય, પોલીસ અને પ્રજા વચ્ચે સુમેળભર્યું વાતાવરણ ઉભું થાય અને પોલીસને જનતાની મદદ મળી રહે એ પણ એટલું જ ઇચ્છનીય છે. અસામાજિક પ્રવૃત્તિ તથા ગુનાખોરી વિરુધ્ધ અસરકારક કાર્યવાહી કરવાના હેતુથી રાજય સરકાર દ્વારા ૨૬-૯-૨૦૧૨થી સુરક્ષા સેતુ સોસાયટીની શરુઆત કરવામાં આવી. ૫.૪૦લાખ મહિલાઓને આ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી. એક સ્ટુડન્ટ પોલીસ કેડેટ આ સુરક્ષા સેતુ સોસાયટીના માધ્યમથી ચલાવવામાં આવે છે. બાળકોમાં કાયદા પ્રત્યે સન્માન જાગે, શિસ્ત અને અનુશાસન એ પોતે શીખે, દેશદાઝ એમના મનમાં ઉભી થાય, એક શ્રેષ્ઠ સર્વાંગી નાગરિક તરીકેનો વિકાસ થાય આ તમામ પ્રકારના ગુણો ઉમેરાય એટલા માટે સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાની શરૂઆત કરવામાં આવી અને દરેક સ્કૂલમાં ધોરણ ૮ અને ૯ માં ભણતા બાળકોમાં જે સ્કૂલ પસંદ થઇ હોય એમાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓ અને ૨૨ જેટલી વિદ્યાર્થિનીઓને ૪ ઇનડોર અને ૪ આઉટડોર એ પ્રકારના વર્ગોમાં તાલિમ એમને આપવામાં આવે છે અને આ બાળકોનો શારીરિક રીતે, માનસિક રીતે એમનો સર્વાંગી રીતે વિકાસ થાય એ દિશામાં તૈયાર કરવામાં આવે છે. ભવિષ્યનો શ્રેષ્ઠ નાગરિક આ દેશને મળે એ પ્રકારની વ્યવસ્થા આ સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના અંતર્ગત કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૮-૯ ધોરણમાં ભણતો બાળક એ મતદાર નથી પરંતુ આવતી કાલનો શ્રષ્ઠ નાગરિક બને એ માટેના પૂરાં પ્રયત્નો કરવા એ રાજય સરકારની કટિબદ્ધતા છે ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી સ્વંય પણ આ કાર્યક્રમોમાં સંપૂર્ણ રસ લઇને કચ્છ હોય કે દક્ષિણ ગુજરાતના કાર્યક્રમો હોય તેમાં સ્વયં ૪-૪ કલાક બાળકો વચ્ચે ઉપસ્થિત રહીને એમની સાથે સંવાદ કરીને આ બાળકો વધારે સારી રીતે પોતાની કારકિર્દી બનાવે અને દેશ અને રાજયને ઉપયોગી થાય, સમાજને ઉપયોગી થાય એ પ્રકારની વ્યવસ્થાઓમાં આગળ વધે એટલા માટે એમાં સતત રસ લઇ રહ્યા છે. આ યોજના હેઠળ ગુજરાતમાં કુલ ૭૫૮ શાળાઓમાં ૫૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી રહી છે. આગળ પણ આ પ્રકારની વ્યવસ્થામાં વધારો થાય તે દિશામાં અમે આગળ વધવા માગીએ છીએ. સાથે સાથે સરહદી બાળ સૈનિક SVS project પણ એની સાથે આગળ વધે એવી વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. સરહદી બાળ સૈનિક પ્રોજેકટનો ૧૦-૭-૨૦૧૫ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે કચ્છ જિલ્લાના સરહદી વિસ્તારના કુલ-૮ પોલીસ સ્ટેશનોમાં નવ શાળાઓમાં શુભારંભ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય સરહદો સાથે જયારે આપણું કચ્છ જોડાયેલું છે ત્યારે કચ્છના છેવાડાના ગામડાંમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિઓથી તે વિસ્તારના લોકોમાં, તે વિસ્તારના બાળકોમાં દેશભકિત ઉભી થાય અને સ્વયં પણ આ બધી બાબતોની અવગત થાય એવી સુંદર વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉભી કરી છે. અને એમાં ધોરણ ૬-૭-૮ના કુલ ૧૨૦૩ વિદ્યાર્થીઓને સરહદી બાળ સૈનિક તરીકે પ્રથમ તબક્કામાં પસંદગી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સતત પોતાની કાર્યવાહી અને અસરકારક પેટ્રોલિંગ કરે એ ખૂબ જરૂરી છે. Automatic vehicle locator system, GPS, beacon light અને wireless communication જેવા સાધનોથી સજ્જ પીસીઆર વેનમાં પોલીસ અધિકારી, કર્મચારીઓની ટુકડીઓ સતત પેટ્રોલિંગ કરે અને સમગ્રતઃ કયાંય કોઇ અનિચ્છનીય બનાવ ના બને તે પ્રકારની સંપૂર્ણ કાળજી આ રાજયની પોલીસ રાખી રહી છે. આપણે જોઇએ તો ભૂતકાળમાં પોલીસ સ્ટેશનોની સ્થિતિ શું હતી અને આજે પોલીસ સ્ટેશનોની સ્થિતિ શું છે ? ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા આજે અત્યાધુનિક અને સંપૂર્ણ સુવિધાઓથી પોલીસ સ્ટેશનોનું આપણે નિર્માણ કરી રહ્યા છીએ. અને એટલે પોલીસ માટે કામ કરવાની જગ્યા હોય કે રહેણાંકની વાત હોય આ તમામ સ્થાનો ખૂબ સુંદર રીતે બને તેના માટેનો સતત પ્રયત્ન આ રાજય સરકાર કરી રહી છે. આધુનિક પોલીસ સ્ટેશનોના માધ્યમથી તે વિસ્તારના લોકો વધારે સારી સેવાઓ મેળવી શકે તે પ્રકારનો સુંદર પ્રયત્ન અમે સતત કરી રહ્યાં છીએ. વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ ૬૦૫૪ જેટલા રહેણાંકના મકાનો રૂપિયા ૫૯૩ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ જેમાંથી કુલ ૧૩૨૨ રહેણાંકના મકાનો રૂપિયા ૧૩૫ કરોડના ખર્ચે પૂર્ણ કરીને તેનો વપરાશ પણ શરૂ થઇ ગયો છે. અને એ જ રીતે વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૩૨ કરોડના ખર્ચે કુલ ૨૧૧ કામો બિન રહેણાંક મકાનો માટે, પોલીસ સ્ટેશનો માટે અને વિવિધ અન્ય ભવનો માટેની શરૂઆત કરવામાં આવી છે. એમાં અમદાવાદ ખાતે એસીબી ભવન, હોમગાર્ડ ભવન તથા ગાંધીનગર ખાતે કમાન્ડો ટ્રેનિંગ સેન્ટરનો પણ સમાવેશ થાય છે. આ બધાજ ગુણવત્તાયુકત અને સુંદર મકાનો બને તે દિશામાં રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફોરેન્સીક સાયન્સની વાત આવે ત્યારે સ્વભાવિક ગુજરાતનો પ્રત્યેક વ્યકિત તેના માટે ગર્વ લઇ શકે. ગુજરાતમાં જે પ્રકારે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની ગણના આખા દેશમાં થઇ રહી છે અન્ય રાજયોમાંથી કોઇ તપાસની બાબત

હોય, કેન્દ્ર સરકારની એફએસએલમાં ન હોય તેવી અદ્યતન ટેકનોલોજી ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં વિકસાવવામાં આવી છે. અને તેના કારણે દેશ આખામાંથી વિવિધ સંસ્થાઓ હોય કે અન્ય સેન્ટ્રલની એજન્સીઓ હોય આ તમામ તે ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં જે પરીક્ષણ કરવામાં આવે તેને ખૂબ વિશ્વાસથી જોઇ રહ્યા છે. સી.સી.ટી.વી. કેમેરા તથા અન્ય વિડિયો કેમેરા દ્વારા રેકોર્ડ થયેલ વિડિયોની ગુણવત્તા સુધારી વ્યકિતની ઓળખ નક્કી કરવી, વાહનોના નંબરો ઓળખવા આ બધા માટેની અદ્યતન વિડિયો ઇમેજ ટેકનોલોજી અહીંયા ઉપલબ્ધ છે. તાજેતરમાં એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે યોજાયેલ બે દિવસીય આંતરરાષ્ટ્રીય સાયબર સિકયુરીટી સેમિનારમાં દેશ-વિદેશના નિષ્ણાતો હાજર રહ્યા અને તેણે પોતાના વિચારો શેર કર્યા અને અહીંયા જે પ્રકારની વ્યવસ્થાઓ આપણે ઉપલબ્ધ કરી છે તેના વખાણ પણ કર્યા અને સાથે સાથે આપણે તેમાં નવુ શું ઉમેરી શકીએ એ બાબતની ચિંતા પણ આ કાર્યક્રમમાં કરવામાં આવી. સાઇબર ક્રાઇમના ઝડપી અને સ્થળ ઉપર પરિક્ષણ કરવા માટે સાયબર ટ્રીએટ સિસ્ટમ એ પણ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં ઉપલબ્ધ છે. ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર એ પણ ગુજરાત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી વિશ્વની એક માત્ર ફોરેન્સીક યુનિવર્સિટી છે. તા.૧૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ એશિયાની સૌ પ્રથમ અત્યંત આધુનિક ફોરેન્સીક બેલેસ્ટીક રિસર્ચ સેન્ટર અને ટેસ્ટિંગ લેબોરેટરીની શરૂઆત કરવામાં આવી છે. એમાં બૂલેટ પ્રુફ જેકેટ, હેલ્મેટ,પેનલ તેમજ વાહનો અને તેના ટાયરોનું પરિક્ષણ કરવા માટેની જરૂરી સુવિધા ઉભી કરવામાં આવી છે. એશિયામાં સૌ પ્રથમ એવી થ્રેટ શિલ્ડ લેબોરીટરીની સ્થાપના અહીંયાં કરવામાં આવી છે. એકેડેમીક રિસર્ચ અને ડેવલપમેન્ટ માટે આ યુનિવર્સિટી દ્વારા ૧૪ જેટલી વિદેશી અને ૨૩ જેટલી રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે આપણે એમ.ઓ.યુ. કરેલા છે. સંશોધન ક્ષેત્રમાં પણ યુનિવર્સિટીએ ટૂંકા ગાળામાં મહત્વનું પ્રદાન કરેલું છે. કુલ ૨૦૦થી વધારે સંશોધનપત્રો અને ત્રણ બૂક્સ પ્રસિધ્ધ કરેલા છે અને બે પેટન્ટ લેવામાં આવેલ છે, આમ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી એ આપણા બધા માટે ગૌરવ છે. લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા પણ સુંદર કામગીરી ગુજરાતમાં થઇ રહી છે. ફરિયાદી તથા બાતમીદારો બ્યુરોમાં સીધો સંપર્ક કરી શકે એ માટે ટોલ ફ્રી નંબરની શરૂઆત કરવામાં આવી છે અને આ ટોલ ફ્રી નંબરને કારણે આ ટોલ ફ્રી નંબર દ્વારા અનેક લોકો નાની મોટી ફરિયાદો કરી શકે એ પ્રકારની વ્યવસ્થા ઉભી થઇ, અને એના કારણે ટોલ ફ્રી નંબર પર વર્ષ ૨૦૧૩માં ૯, ૨૦૧૪માં ૫૩ અને ૨૦૧૫માં ૮૮ કેસો નોંધાયેલા છે. ગુજરાત એ.સી.બી. દ્વારા અસરકારક કામગીરી કરી સોશિયલ મીડીયા, ફેસબુક, યુ ટ્યુબ જેવા માધ્યમોથી બહોળી પ્રસિધ્ધિ કરી અને આ બાબતથી બધા જ લોકો અવગત થાય એ પ્રકારનો સુંદર પ્રયત્ન કર્યો છે અને એના કારણે ૨૦૧૩માં ૨૨૪ જેટલા કેસોમાં ૨૭૯ જેટલા આરોપીઓને આપણે પકડ્યા છે, ૨૦૧૪માં ૨૧૫ જેટલા કેસોમાં ૩૯૫ આરોપીઓને પકડયા છે, ૨૦૧૫ માં ૩૦૫ જેટલા કેસોમાં ૪૪૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને આમાં અનેક કવોલિટી કેસ પણ કરવામાં આવે છે, ભૂતકાળમાં સામાન્ય કેસો થતા હતા પણ આજે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ક્વોલિટી કેસીસનું પ્રમાણ ઘણુ બધુ વધ્યું છે અને સાથે સાથે અપ્રમાણસર મિલકતો તથા સત્તાના દુરૂપયોગના કેસોના બાતમીદારોને પ્રોત્સાહિત કરવા માટે કેસની રકમના દસ ટકા સુધી ઈનામ આપવાની જોગવાઇ સરકાર દ્વારા કરવામાં આવી છે એ બતાવે છે કે એન્ટી કરપ્શન બ્યુરોમાં આપણે ખૂબ મજબૂતાઇથી આગળ વધી શકીએ અને આવા પ્રકારના કોઇ ભ્રષ્ટ લોકો હોય તો એમને પકડીએ એ પ્રકારની વ્યવસ્થામાં રાજય સરકાર સતત આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જેલોની પણ વાત કરવામાં આવી છે. મારે કોઇ રાજકીય અવલોકન કરવું નથી પરંતુ ભૂતકાળમાં પોરબંદરની જેલને આપણે બંધ કરવી પડી હતી. આ પ્રકારની પરિસ્થિતિ થઇ હતી. કોંગ્રેસના શાસનમાં પોરબંદરની જેલ બંધ કરવી પડી હતી એટલું જ નહીં પણ માર્ગ મકાન વિભાગ દ્વારા જયાં બોર્ડ લગાવવામાં આવ્યું હોય કે અહીંથી પોરબંદરની હદ શરૂ થાય છે, ત્યાં એવા બોર્ડ મારેલા હોય કે, અહીંયાં કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે. એ પ્રકારની પધ્ધતિ એ વખતે ડેવલપ હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર જ નથી, આપનું પ્રવચન ચાલુ રાખો, પ્લીઝ, આ રાઇટ ટુ ક્વેશ્ચનમાં આપ પૂછી લેજો.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### મંત્રીશ્રી દ્વારા ખોટો આક્ષેપ કરવા અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપ આપના લેવલે જોઇ લેજો. મંત્રી એમ કહેતા હોય કે અહીંયા બોર્ડ હતું એવું કોંગ્રેસના શાસનમાં સ્પષ્ટ કહેવાયું છે. એ સરકાર વખતે ભૂતકાળમાં કાયદો અને વ્યવસ્થાની અહીંયા હદ પૂરી થાય છે એવી એક જગ્યા તો બતાવે અથવા તો આ ગૃહની માનનીય મંત્રીશ્રીએ માફી માગવી જોઇએ.

અધ્યક્ષશ્રી : પોરબંદર જેલની બાબતની ચર્ચા આ હાઉસમાં અનેક વખત ચર્ચાઇ છે, અને આ બોર્ડ લગાવવાની વાત છે એ હાઉસમાં અગાઉના વર્ષોમાં અનેક વખત થઇ છે. એટલે હું આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : અહીંયા એવી વાત કરવામાં આવી કે મોરવા હડફની પેટા ચૂંટણીમાં મધ્યપ્રદેશમાંથી ગુંડાઓ લાવવામાં આવ્યા હતા. મોરવા હડફની ચૂંટણી વખતે અમારા બે ધારાસભ્યો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો એ કોંગ્રેસના મિત્રો બતાવે કે એ ગુંડાઓ કયાંથી લાવ્યા હતા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, આપ પ્રશ્નોત્તરી વખતે આ પ્રશ્ન પૂછી લેજો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નહિ સાહેબ, માનનીય મંત્રીશ્રીએ આક્ષેપ કર્યો છે.

અધ્યક્ષશ્રી : ગૃહના રેકર્ડમાં અનેક વખત આવી ગયેલો આ પ્રશ્ન છે. એટલે તમે પ્રશ્ન પૂછી લેજો. અત્યારે આપ બેસી જાવ. મેં આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો છે.

(આ તબક્કે સભાગૃહમાં હાજર કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ વોકઆઉટ કર્યો)

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના એક ધારાસભ્યશ્રીએ આક્ષેપ કર્યો હતો કે મોરવા હડફની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે મધ્યપ્રદેશમાંથી ગુંડાઓ બોલાવ્યા હતા. મારે કહેવું છે કે મોરવા હડફની પેટા ચૂંટણીમાં અમારા ભાજપના બે ધારાસભ્યો ઉપર હુમલો થયો હતો તો મારે કોંગ્રેસના મિત્રોને પૂછવું છેકે તમે આ ગુંડાઓ કયાંથી લાવ્યા હતા એ આપણે સૌ જાણીએ છીએ, આખી દુનિયા અને જગત પણ જાણે છે અને સ્વીકારે છે. એક સૂત્ર છે ''સત્ય મેવ જયતે'' કોઇએ કહ્યું છે કે સત્ય હજુ પગરખા પહેરે ત્યાં સુધીમાં અસત્ય અડધુ જગત ફરી વળે છે પરંતુ આખરે વિજય સત્યનો જ થાય છે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ભૂતકાળની કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએની સરકારમાં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ અને ગૃહમંત્રી માનનીય અમિતભાઇને હેરાન પરેશાન કરવાના અનેક કારસા કર્યા. સત્યથી વેગળી વાતો ચલાવીને સી.બી.આઇ જાણે કે કોંગ્રેસ બ્યુઓ ઓફ ઇન્વેસ્ટીગેશન હોય એ પ્રકારે એનો દુરપયોગ કર્યો અને એમને જેલના હવાલે કર્યા, અનેક યાતનાઓ આપી પરંતુ મેં કહ્યું એમ વિજય સત્યનો થયો. ' સત્ય પરેશાન હો સકતા હૈ, પરાસ્ત નહીં, '

માનનીય અધ્યક્ષશ્રી, ઇશરત કેસ અંગેની મેટર સબજ્યુડીશ મેટર છે. તેના અંગે હું કંઇ કહેવા માગતો નથી. પરંતુ નિવૃત્ત ગૃહ સચિવશ્રી પિલ્લાઇ અને નિવૃત્ત અન્ડર સેક્રેટરી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપણે ૪–૩૦ વાગ્યે મતદાન લેવાનું છે એટલે આપને જે કંઇ કહેવાનું હોય એ પાંચ મિનિટમાં પૂરું કરો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : જી સાહેબ, નિવૃત્ત અન્ડર સેક્રેટરી શ્રી મણીના કહેવા પ્રમાણે મૂળ એફિડેવીટમાં સુધારાઓ કરીને માનનીય નરેન્દ્રભાઇ મોદી અને માનનીય અમિતભાઇ શાહને ફસાવવાનું ષડયંત્ર ઉભું કરવામાં આવ્યું હતું. પરંતુ મેં કહ્યું એમ પરમાત્મા સત્યની સાથે હોય છે અને હું કહીશ કે ' ફાનૂસ બન કર હિફાજત જીસકી હવા કરે, વો શમા કયાં બૂજે, જીસે રોશન ખુદા કરે. '

માનનીય અધ્યક્ષશ્રી, પરમાત્મા હંમેશા સત્યની સાથે હોય છે. સાહેબ, અમારા બન્ને નેતાઓની પડખે ગુજરાત અને દેશની જનતા મજબુતાઇથી ઉભી છે અને એમાંના એક આજે દેશના વડાપ્રધાનપદે આ દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવી રહ્યા છે. દેશના સામાન્ય માણસના ઉત્થાનની ચિંતા કરી રહ્યા છે તો બીજા વિશ્વની સૌથી મોટી પાર્ટી ૧૧ કરોડ કરતા વધુ સભ્યો ધરાવતી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નેશન ફર્સ્ટની વિચારધારા સાથે અમારા કરોડો કાર્યકર્તાઓનું માર્ગદર્શન કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાંતિ, સલામતી, કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિશ્ચિતપણે રાજય સરકારની છે અને આ દિશામાં આદરણીય માનનીય શ્રીમતી આનંદીબેન પટેલના કુશળ નેતૃત્વ હેઠળ આ રાજય સરકારે દઢ સંકલ્પ સાથે આયોજનબદ્ધ કામગીરી કરીને ગુજરાતને વિકાસના માર્ગ પર મૂક્યું છે. ગુજરાત રાજ્યને સદભાવના અને વિકાસના માર્ગ પર વધુ પ્રગતિશીલ બનાવવાના સંકલ્પ સાથે આ સરકાર સતત કાર્યરત છે. આપણાં ગુજરાત રાજ્યમાં શાંતિ અને સદભાવનાનું વાતાવરણ કાયમ રહે તેમજ રાજ્યના નાગરિકો નિર્ભિકપણે પોતાનો આર્થિક અને સામાજીક વિકાસ કરી શકે એવી કાયદો અને વ્યસ્થાની ઉત્તમ

સ્થિતિ જળવાય તે માટેના તમામ પ્રયત્નો આ રાજયની સરકાર માનનીય આનંદીબેનના નેતૃત્વમાં કરી રહી છે. આ પ્રયાસમાં રાજયનું વહીવટી તંત્ર, મારા વિભાગના તમામ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓએ ખૂબ જ નિષ્ઠાપૂર્વકની પોતાની જવાબદારી નિભાવી છે. જ્યારે આ પોલીસ અહીંયા મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહી હોય ત્યારે કોંગ્રેસના એક સભ્ય પોલીસના મોરલની વાત કરતા હતા. મારે તેમને પૂછવું છે કે જે પોલીસના મિત્રો જેલમાં ગયા તેની પાછળ કોણ હતું? ગુજરાતના પોલીસના મિત્રો જેલમાં ગયા અને તેમને હેરાન પરેશાન કરીને તેમના પરિવારને છિન્નભિન્ન કરવામાં આવ્યો. તેમાં જવાબદાર લોકો પોલીસના મોરલની વાત કઇ રીતે કરી શકે? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનું વહીવટી તંત્ર, મારા વિભાગના તમામ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓએ (અંતરાય) નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારી નિભાવીને યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવામાં સિંહફાળો આપ્યો છે તે તમામને હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. સમાજની ત્રુટિઓ અને બદીઓને દૂર કરવા માટે આપણે સૌ કટિબદ્ધ છીએ. ( આ તબક્કે વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહજી ઉભા થતાં)

અધ્યક્ષશ્રી : આપ બહાર ગયા ત્યારે દંડકશ્રીએ કહ્યું કે મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવીએ છીએ. ૪–૩૦ વાગ્યે મંત્રીશ્રીને પુરું કરવાનું કહ્યું છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ગુજરાતની આ વિકાસ યાત્રાને શાંત યાત્રા, સલામત યાત્રા અને તેના વિકાસ માટે આપણે સૌ સતત પ્રયત્નશીલ રહીએ. આ સન્માનનીય ગૃહના સૌ સાથી મિત્રો જે પોતાની કાપ દરખાસ્ત લઇને આવ્યા છે તેમને પોતાની કાપ દરખાસ્ત પરત ખેંચવા માટે, કારણ કે રાજયમાં સંપૂર્ણ શાંતિ અને સલામતીનું યોગ્ય વાતાવરણ છે, રાજય યોગ્ય પ્રગતિ કરી રહ્યું છે ત્યારે આપ સૌ આપ સૌની કાપ દરખાસ્ત પાછી ખેંચો તેવી વિનંતી સાથે અપીલ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ગૃહ આપે ચલાવવાનું છે કે મંત્રીએ ચલાવવાનું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આપની સમક્ષ આ સભાગૃહનો બહિષ્કાર કરીને બહાર ગયા અને પછી પોતાની રીતે પાછા આવ્યા અને પછી પ્રશ્નોત્તરી કરે. આવી ભૂતકાળમાં કોઇ સંસદીય પ્રણાલિકા અમે જોઇ નથી. જે માગણીઓનો બહિષ્કાર કર્યો છે એમને કોઇપણ રીતે આ પ્રશ્નોત્તરીમાં એલાઉ કરવામાં આવે નહીં.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેસો. હું કહું છું. આ ગૃહમાં સભ્યશ્રીઓએ ક્યારે આવવું અને ક્યારે જવું એ એમનો પોતાનો અંગત વિષય છે. માનનીય મંત્રીશ્રી એમણે ગૃહનો બહિષ્કાર કર્યો એ આપની વાત સાચી છે. પરંતુ એમણે વિધાનસભાના કોઇ નિયમનો ભંગ કર્યો નથી અને અત્યારે એમને મેં સસ્પેન્ડ પણ કર્યા નહોતા. એટલે તેઓ વૉકઆઉટ કરીને પોતાની રીતે પાછા આવી ગયો છે. એટલે આપણે એમને રોકી શકતા નથી. શ્રી શક્તિસિંહજી. આપ સીધા પ્રશ્ન પર આવો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ ડિસ્ટર્બ કરે છે. મારે આપનું રક્ષણ જોઇએ છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા મત વિસ્તાર નલિયામાં જેલનું બિલ્ડીંગ સંપૂર્ણપણે તૈયાર થઇ ગયું છે. એ જેલ ઓપરેશનલ નથી. એ જો એમને એમ પડી રહેશે તો બિલ્ડીંગને નુકસાન થશે. એટલે નલિયા ખાતેની જેલ કેટલા સમયમાં શરૂ કરવા માગો છો?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેલનું બિલ્ડીંગ તૈયાર થઇ ગયું હશે તો એની તપાસ કરાવીને ઝડપથી શરૂ થાય એ દિશામાં પ્રયત્ન કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે આંકડા આપ્યા છે એ નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના જ હતા. આપે સરખામણી કરી ભારત સાથે અને મેં ઉત્તર પ્રદેશ અને બિહાર સાથે સરખામણી કરી. સરકારને મારી એટલી વિનંતી છે કે, થાનગઢમાં પોલીસ ફાયરીંગ થયા પછી અને દલિતોની હત્યા થયા બાદ પણ એ હત્યાના આરોપીઓની સરકાર ધરપકડ કરતી નથી. તો એ આરોપીઓની કેટલા સમયમાં ધરપકડ કરવા માગો છો? જે તે સમયના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે વિપક્ષ જ્યારે વાત કરે ત્યારે એ વાતને સાચી સમજીને તેના ઉપર અમલ કરવો જોઇએ. પોલીસનું મનોબળ મજબૂત કરવા માટે અને તેમના પગારમાં વધારો કરીને અત્યારે જે ફિક્સ પગાર ઉપર રાખો છો એમને કાયમી કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થાનગઢના આરોપીઓને પોલીસે પકડ્યા છે અને તે જેલમાં છે. બીજું એમનું સૂચન છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તાજેતરમાં પાટીદારો ઉપરના ઘણા કેસો આપે પાછા ખેંચ્યા છે અને તે પ્રમાણે બીજા કેસો જે બાકી છે એ પાછા ખેંચવા માગો છો કે કેમ અને તેમને જેમ બને તેમ જલદીથી જે લોકો અંદર છે એમના કેસો પાછા ખેંચવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટીદાર આગેવાનોની માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ જે રજૂઆતો થઇ છે અને એના આધારે સરકારે કેટલાક કેસો પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે. કેટલાક કેસોમાં પાટીદાર આગેવાનો સાથે પરામર્શ થશે અને એ દિશામાં આગળ વધીશું.

અધ્યક્ષશ્રી : આપ બહાર નીકળી ગયા તો હું શું કરું? આભાર માનો કે તમને પ્રશ્ન પૂછવાની તક આપી.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## બિન સરકારી સંકલ્પો

શ્રી પૂનમભાઈ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જેલમાં બેઠા બેઠા એક કુખ્યાત આરોપીએ ખંડણી માગી હતી એ વાત સાચી છે? એવા કેટલા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવો કોઈ કિસ્સો પ્રકાશમાં આવ્યો નથી.

અધ્યક્ષશ્રી : ચર્ચામાં ભાગ લીધો હોય એટલે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવી એ ફરજિયાત નથી. પ્લીઝ.

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી હદે કથળી ગઈ છે કે આજે મારા ઉના શહેર ભા.જ.પે. બંધનું એલાન આપ્યું છે અને ઉના જડબેસલાક બંધ છે ત્યારે દીવથી બેરોકટોક વિદેશી દારૂ ગુજરાતમાં ઠલવાય છે. દરેક વિધાનસભા વખતે હું અહીંયા રજૂઆત કરું છું છતાં પણ આ બેરોકટોક વિદેશી દારૂ ગુજરાતમાં ઠલવાય છે તો એની કડક રીતે અમલવારી કરીને સંપૂર્ણપણે જડબેસલાક બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : જડબેસલાક બંધ કરવા માગીએ છીએ.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૧, ૧૩ થી ૩૯, ૪૧ થી ૪૩, ૪૫ થી ૫૧, ૫૩ થી ૫૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક : ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.

## બિન સરકારી સંકલ્પો

### વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા બાબત

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે:–

રાજ્યમાં આવેલ ખાનગી વીજ કંપનીઓ વારંવાર વીજ દરમાં વધારો કરી આમજનતાને મોંઘી વીજળી વેચી તગડો નફો કરતી હોય છે. વીજ કંપનીઓની વારંવારની ભાવ વધારાની માગણી સામે જુદા–જુદા ગ્રાહક મંડળો કે અન્ય સંસ્થાઓ ભાવ વધારાનો વિરોધ નોંધાવતા હોય છે ત્યારે દરેક વખતે તેઓના સૂચનો ધ્યાને લેવામાં આવતા નથી અને વીજ ભાવ વધારો માન્ય રાખવામાં આવતો હોય છે. તેથી આમજનતામાં વીજ નિયમન પંચની કામગીરી પર શંકાઓ ઉપજે છે. ઉપરાંત ખાનગી વીજ કંપનીઓના એક કરતાં વધારે યુનિટો અનેક જગ્યાએ હોય છે જેમાં બીજા યુનિટો બંધ રહેતા હોય છે, તો તેનો નિભાવ ખર્ચ પણ ચાલુ વીજ ઉત્પાદન યુનિટમાં ગણી ગ્રાહકો પર વીજ ભાવ વધારા રૂપે બોજો નાંખવામાં આવે છે. રાજ્યમાં વીજ ઉત્પન્ન કરતી ખાનગી કંપનીઓ રાજ્ય સરકાર દ્વારા અપાતી સુવિધાઓનો ઉપયોગ જેમ કે, વીજ ઉત્પાદન પ્રોજેક્ટ સ્થાપિત કરવા સસ્તા દરની જમીન અને અન્ય સરકારી કરમાં રાહતો મેળવીને તગડો નફો કરતી હોય છે. દિલ્હી સરકારે સન ૨૦૧૪માં વિદ્યુત વિતરણ કંપનીઓનુ ઓડિટ કેગ દ્વારા કરાવવાનું નક્કી કરતા કેગના રિપોર્ટથી ખાનગી વીજ કંપનીઓની કેટલીક અનિયમિતતા અને ગેરરીતિઓ સામે આવેલી છે, જેના કારણે સામાન્ય પ્રજાને વીજળીના ભાવ વધારાનો બોજો સહન કરવો પડે છે. આમ, રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ સરકારી મિલકતો વાપરી અને કર રાહતો મેળવી રાજ્યની પ્રજાને સસ્તા ભાવે ઉત્પન્ન થતી વીજળી મોંઘા ભાવે વીજ ગ્રાહકોને પૂરી પાડી નફો કરતી હોય છે. આમ, આવી ખાનગી કંપનીઓનું ઓડિટ પણ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (*Comptroller and Auditor General of India[CAG])* પાસે કરાવવું જોઈએ.

રાજ્ય સરકારે બહારના રાજ્યોને વીજ વેચાણ કરવાને બદલે રાજ્યના વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરી રાજ્યના ખેડૂતોને દિવસે જ વીજળી આપવી જોઈએ. આથી રાજ્યમાં વીજ ગ્રાહકોને વીજ પૂરી પાડતી તમામ ખાનગી કંપનીઓનું ઓડિટ કેગ દ્વારા થાય અને ખેડૂતોને દિવસે જ મહત્તમ વીજળી મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ લાવવાનો મારો હેતુ રાજ્યના ખેડૂતો અને વીજ વપરાશકારો માટેનો આ સંકલ્પ છે. આ ઉદ્યોગપતિઓ કે માલેતૂજારો માટેનો સંકલ્પ નથી. અગાઉ ઉર્જા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વધારાનું વીજ ઉત્પાદન અમે બીજા રાજ્યોને આપી દઈએ છીએ. આજે ગુજરાત રાજ્યમાં ખેડૂતોની લગભગ ૫ લાખ અરજીઓ ખેતીના વીજ જોડાણ માટેની બાકી છે અને બીજા રાજ્યને વીજળી આપવાની વાત આ સરકાર કરે છે ત્યારે મારે કહેવું પડે છે કે, *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો બિન સંસદીય હોવાથી રેકર્ડ પરથી દૂર કરું છું. સી.કે. આપના જેવા સિનિયર ધારાસભ્ય આવા શબ્દોનો ઉપયોગ કરે એ બરાબર નથી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની દશા છે એ કહેવા માગું છું. આ ખેતી વિષયક વીજ જોડાણની વાત કરી ત્યારે આજે લગભગ ૫ લાખ ખેડૂતોની અરજીઓ પેન્ડીંગ છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે વીજ ચોરી થતી હતી એના અનુસંધાનમાં હોર્સ પાવર દીઠ વીજ જોડાણ નક્કી કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડશે કે, આ સરકાર હવે ખેડૂતોને વીજ જોડાણ મિટરથી આપે છે. આ મિટરથી આપવા પાછળનો આશય અને એમાંય ૧૬ કલાકની વીજળી આપવાના ચૂંટણીઓમાં ભાષણો કર્યાં હતા. આજે ૮ કલાક પણ વીજળી મળતી નથી. એમાંય ૮ કલાકથી ઓછી વીજળી મળે છે.

---

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

બિન સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, આ ચોમાસાના ઓછા વરસાદના કારણે ઊર્જા વિભાગ તરફથી એક પરિપત્ર કરવામાં આવ્યો હતો કે, ૮ કલાકની જગ્યાએ ૧૦ કલાક વીજળી આપવામાં આવશે. બે માસ પછી આજે આખા ગુજરાત રાજ્યમાં ઓછો વરસાદ છે પણ બે કલાકનો પરિપત્ર હતો એ આજે ક્યાં ખોવાઇ ગયો? એ પણ આજે અમે ખેડૂતના દીકરા હોવાથી જાણતા નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રીનું અવલોકન

ગેલેરીમાં શીસ્તમાં બેસવા અંગે

ઉપાધ્યક્ષશ્રી : મારે સૂચના આપવાની છે કે ગેલેરીમાં બેઠેલા અધિકારીઓ વ્યવસ્થિત રીતે બેસે. નામ આપતો નથી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવાનો આશય એ છે કે આ સરકારની મેલી મુરાદ હોય એવું લાગે છે. એનું કારણ બહુ દીવા જેવું છે કે આ સરકાર વેપારી બની ગઇ છે. આજે ખેતી વિષયક માટે ૫૦ પૈસા એક યુનિટના હોય છે એ મિટર દીઠ લગાવ્યાં છે. હવે કલાક ઓછા કરવા પાછળનો આશય વેપારી સરકારને મારે કહેવું છે કે, ઘર વપરાશનું વીજ જોડાણ હોય એનો એક યુનિટ દીઠ ૪ રૂપિયાથી ૬ રૂપિયા હોય છે અને કોમર્શિયલના બેઇઝ પર બીજા અગિયાર રૂપિયા હોય ત્યારે આ ૫૦ પૈસા એક યુનિટના ભાગરૂપે સરકારને વધારે વીજના અનુસંધાનમાં આ ખાધ ના પડે એટલા માટે કલાકો ઓછા કરવામાં આવે છે. મારે સ્પષ્ટ સરકારને કહેવું છે કે, આ વીજ મિટરો બંધ કરી હોર્સ પાવર દીઠ ખેડૂતોને ભવિષ્યમાં વીજ જોડાણ આપે એવી મારી આ સંકલ્પ દ્વારા લાગણી છે. ઘર વપરાશના બિલોની હું વાત કરીશ તો ઘર વપરાશના બિલો છે એ વીજળીના યુનિટો વપરાયેલા હોય તેની ઉપર જ વીજ શૂલ્ક વસૂલ કરવાનો હોય છે પણ આ સરકાર વીજ બિલનો તમામ ફ્યુઅલ ચાર્જ, સરચાર્જ અને અન્ય ચાર્જ એ બધી રકમો ગણીને એની ઉપર વીજ શૂલ્ક વસૂલ કરે છે એ નિયમોમાં ખરેખર સુધારો કરવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કહેવું પડશે કે, વીજ નિયમન પંચને જર્ક કહેવામાં આવે છે. અમારાં ગ્રામ્ય વિસ્તારમાં જર્ક એટલે કરંટ લાગ્યો એમ કહે છે, એનો આખો ગુજરાતી અને અંગ્રેજી શબ્દ છે GERC - Gujarat Electricity Regulatory Commission વીજ નિયમન પંચ. આ વીજ નિયમન પંચ છે એ ગુજરાત સરકાર તરફથી બે કે ત્રણ સભ્યોનું બનાવવામાં આવે છે. આ સભ્યો રિટાયર્ડ આઇ.એ.એસ. અધિકારીઓ હોય છે અને આઇ.એ.એસ. અધિકારીઓ હોવાના નાતે આ વીજ કંપનીઓ જ્યારે ભાવ વધારાની દરખાસ્તો વીજ કંપનીઓ મૂકે છે ત્યારે તેઓની સામે ગ્રાહક સુરક્ષા વતી આ ભાવ વધારાના કારણો સામે યોગ્ય વિરોધ નોંધાવેલ હોવા છતા કોઇ પણ ચકાસણી કર્યા વગર વીજ નિયમન પંચ વીજ કંપનીઓનો ભાવ વધારો મંજૂર કરે છે. અત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા, ગેસ અને ક્રુડ ઓઇલ જેવા ઇંધણના દામ ઘટ્યાં છે, તેમ છતા આજે આ વીજ નિયમન પંચ વીજ કંપનીઓની જે દરખાસ્ત આવે છે એનો ગુજરાત સમાચારની અંદર તારીખ ૧૮/૧૧/૨૦૧૫ ના રોજ આ વીજ નિયમન પંચના ૨૦૧૫-૧૬ ના વર્ષની વાર્ષિક આવક રેવન્યુ રીક્વાયરમેન્ટ ઇંધણ ખર્ચ નીચો જતા ઘટવી જોઇએ. તેમ છતા ઊંચો દર મંજૂર કરવા માટે સક્રિય છે. એમાં ઘણી રિટપિટિશનો થઇ છે અને રિટપિટિશનોના કારણે પણ ઘણી વખત આ ગુજરાતની પ્રજા ઉપર ભાવ વધારો મૂકવામાં આવે છે અને આજે હું કહીશ કે, ગુજરાતની અંદર વીજ વપરાશકારો છે એ વીજ વપરાશકારોમાં આપણાં ગુજરાતમાં લગભગ ૫ રૂપિયા ૮૯ પૈસા પ્રતિ યુનિટનો ભાવ છે. જ્યારે બીજા રાજ્યોમાં ૧ રૂપિયો ૩ પૈસા, ઝારખંડમાં ૧ રૂપિયો ૩ પૈસા, છત્તીસગઢમાં ૧ રૂપિયો ૧ પૈસો, બિહારમાં ૨ રૂપિયા ૩૦ પૈસા યુનિટના ભાવ ચાલે છે. આ જોતાં આ ગુજરાતના માથે વીજ વપરાશકારો માટે કેટલો વીજ વધારો છે એ સ્વાભાવિક દેખાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બારમી પંચવર્ષિય યોજનાની જોગવાઇઓ છે એ જોગવાઇઓમાં પણ હું કહીશ કે, રાજસ્થાનમાં ૫૬ ટકા ઉર્જા વિકાસ ફાળવેલી રકમનો ૫૬ ટકા ભાગ, જમ્મુ-પંજાબમાં ૨૫ ટકા, દાદરા નગર હવેલીમાં ૨૦ ટકા, તમિલનાડુ-ઉત્તરપ્રદેશમાં ૧૩ ટકા અને ગુજરાતની અંદર ૧૨ ટકા જેટલી જ રકમ એટલે કે, બજેટની ફાળવણીમાં ગુજરાત આજે ૮મા ક્રમમાં છે. આ વિકાસ ઉર્જાની વાતો કરતી સરકારને આજે મારે કહેવું પડશે કે, સરકાર થકી જે યુનિટો ચાલે છે એમાં મોટાભાગના યુનિટો ઇરાદાપૂર્વક બંધ કરવામાં આવે છે અને ખાનગી કંપનીઓના જે કાંઇ યુનિટો છે, માનનીય અધ્યક્ષશ્રી, પણ ખાનગી કંપનીઓને રાજ્ય સરકાર સસ્તી જમીન આપે, એને ફૂલ સગવડો આપે, કરવેરામાં પણ રાહત આપે અને એ વધુ ઉત્પાદન કરીને વધુ નફો લે છે, તગડો નફો લે છે. આવી કંપનીઓના અનુસંધાનમાં પણ ભૂતકાળની અંદર પ્રેસનોટો મારફત આ બાબતમાં વીજ કંપની માટે લખ્યું હતું એના અનુસંધાનમાં હું કહીશ કે, આજે ગુજરાતની અંદર મીટર ભાડુ, આ મીટર ભાડુ આ કંપનીઓ જે મૂકે છે એ ખરેખર છે તે મીટર ભાડું એનું રિડિંગ કરીને કેટલા એના યુનિટ વપરાયા એના માટે મૂકે છે. હવે એ મીટરની કિંમત સાથે દર મહિને એનું ભાડુ વસુલ કરે છે. આ ભાડુ વસૂલ કરે છે ચાર કંપનીઓ. ૨૦૦૫થી ચાર કંપનીઓ અમલમાં આવી છે એમાં મારે કહેવું પડશે કે, દર વર્ષે ૪૨૭ કરોડ જેટલી માતબર રકમ આ ભાડા પેટે વસુલ કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે સી.કે. રાઉલજી. માનનીય સભ્યશ્રી રણજીતભાઇ ગિલિટવાલા.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સી. કે. રાઉલજી ખાનગી વીજ કંપનીઓનું સી.એ.જી. દ્વારા ઓડિટ કરવા માટેનો બિન-સરકારી સંકલ્પ લાવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમનો આ જે સંકલ્પ છે તેમાં રાજ્યમાં આવેલ ખાનગી વીજ કંપનીઓ વારંવાર વીજ દરમાં વધારો કરી આમ જનતાને મોંઘી વીજળી વેચાણ કરે છે એવો આ સંકલપની અંદર ઉલ્લેખ છે. સાથે સાથે સંકલપમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આમ જનતામાં વીજ નિયમન પંચની કામગીરી ઉપર શંકાઓ ઉભી કરે છે.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬
## બિન સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, જે દરો નક્કી થાય છે એની આખી સિસ્ટમ છે, પ્રક્રિયા છે. કાયદામાં એની જોગવાઇ છે, એ જોગવાઇ પ્રમાણે આ વીજ પંચ ભાવો નક્કી કરતી હોય છે. હું સાહેબ, કેટલીક જોગવાઇઓ આ હાઉસમાં મુકવા માગું છું. વીજ વિતરણ કંપનીઓએ ગ્રાહકો પાસેથી વસુલ લેવાના થતા ભાવ, ટેરિફ નક્કી કરવાની સત્તા જે તે રાજ્યના વીજ નિયમન આયોગને છે. કેન્દ્ર સરકાર દ્વારા ઘડાયેલા વીજ નિયમન-૨૦૦૩માં વીજળીનો રીટેઇલ ભાવ નક્કી કરવાની પ્રક્રિયા નક્કી કરવામાં આવેલી છે. વીજ વિતરણ કંપનીઓએ, જો કોઇ કંપનીને ભાવ વધારવા હોય તો આ કંપનીઓએ વીજ દર નિયત કરતી વખતે વીજ અધિનિયમ-૨૦૦૩ની જોગવાઇ અનુસાર પ્રક્રિયા નામદાર આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે. સંબંધિત કંપનીઓ દ્વારા આ પ્રોસીજરમાં નંબર વન જે કામ કરવાનું છે એ આ કંપનીઓ દ્વારા પિટિશન નામદાર આયોગ ખાતે દાખલ કરવામાં આવે છે. નામદાર આયોગે પ્રસિદ્ધ કરેલા નિયમો, વિનયમો અનુસાર પિટિશન દાખલ કરવામાં આવે છે કે કેમ તે પણ ચકાસવામાં આવે છે. જો કોઇ સ્થિતિએ કોઇ ક્ષતિ કે પૂર્તતા આ પિટિશનમાં રહી ગઇ હોય, જરૂરિયાત જણાય તો પૂર્તતા કરવા માટે આ વીજ કંપનીઓને પંચ સમય આપે છે અને એ પૂર્તતા થયા બાદ પિટિશન દાખલ કરવામાં આવે છે, નોંધવામાં આવે છે. પિટિશન દાખલ કરનારને જાહેર નોટિસ બહાર પાડવા, આ ઓબ્લીગેટરી છે, પિટિશન દાખલ કરનારને જાહેર નોટિસ બહાર પાડવા, આમ જનતા, સંસ્થાઓ, ઉપભોક્તાની ટિપ્પણ તથા સુચનાઓ મંગાવવા માટેનો પણ આદેશ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પિટિશન આયોગની તેમજ જે તે કંપનીની વેબસાઇટ ઉપર ફરજિયાતપણે ચાર સપ્તાહ માટે પ્રદર્શિત કરવામાં આવે છે કે આ વીજ કંપની ભાવ વધારા માટે પંચમાં આવી છે એવી જાહેર જનતાને જાણ કરતી જાહેરાત વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે. ગ્રાહકો, ગ્રાહકોના સંગઠનો અને અન્ય વ્યકિતના વાંધા સૂચનો સામે અરજી દાખલ કરનાર પક્ષને પ્રતિભાવ આપવા માટે પંચ દ્વારા નિર્દેશ આપવામાં આવે છે. વીજ નિયમન પંચ દ્વારા દાખલ કરેલી અરજી ઉપર જાહેર સુનાવણી કરી દરેક સંબંધિત પક્ષને જાહેર સુનાવણીમાં હાજર રહેવા માટેની જાણ કરવામાં આવે છે. જાહેર સુનાવણી બાદ પંચ પિટિશનની અરજી સાથે સંકળાયેલી માહિતી અને ગ્રાહકોના સૂચનો, વાંધાઓની ચકાસણી કરી અને તેના ઉપર પિટિશનર પક્ષના પ્રતિભાવ ચકાસણી કરી વિનિમયો અને વીજ અધિનિયમ ૨૦૦૩ની જોગવાઇઓને લક્ષમાં રાખી પિટિશનર પક્ષે કરેલા ખર્ચના દાવાની પૂર્ણ ચકાસણી કરી તેને જરૂર જણાય તો નામંજૂર કે મંજૂર રાખી વીજ દર નિયત કરવામાં આવે છે. This is the process laid under the law, electricity act 2003, આ કરવું પડે છે. ખાલી આક્ષેપ કરી દેવામાં આવે છે કે વીજ નિયમન ગમે તે ભાવો આપી દે છે એ ખોટી વાત છે. This is a process which is required to be followed. આયોગ દ્વારા અનુસરવામાં આવતી પ્રસ્તુત પ્રક્રિયા પરથી સ્પષ્ટ થાય છે કે વીજ નિયમન ૨૦૦૩ની જોગવાઇઓ અને તેને અંતર્ગત ઘડાયેલા વીજ નિયમોને અનુસરીને આયોગ એક પારદર્શક પ્રક્રિયા દ્વારા તમામ સહભાગીઓની સક્રિય ભાગીદારીથી ટેરીફ નકકી કરે છે. ગ્રાહક, ગ્રાહક સંગઠનો દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા વાંધાઓ, સૂચનો અને તે સ્વીકાર, અસ્વીકાર કરવા માટેના કારણોનો સમાવેશ કરીને ટેરીફ ઓર્ડર પ્રસિદ્ધ કરવામાં આવે છે. See the transparency, તમારા ઓબ્જેકશન જે કંઇ હતા તે ઓબ્જેકશનને પણ આ ટેરીફમાં એવોર્ડ જયારે જાહેર કરવામાં આવે છે ત્યારે એની અંદર એના રીઝન સાથે આ શું કામ સ્વીકારવામાં આવ્યું?, આ શું કામ નથી સ્વીકારવામાં આવ્યું. એના રીઝન સાથે જ ટેરીફ દર પ્રસિદ્ધ કરવામાં આવે છે એટલે ગ્રાહક કે ગ્રાહક સંગઠનોના વાંધા આયોગ દ્વારા વિચારણામાં લેવામાં આવતા નથી એવું કહેવું નિરર્થક છે. આ પ્રમાણેનો ઉલ્લેખ આમાં છે. આયોગ દ્વારા આ પ્રમાણે અત્યંત પારદર્શક કામગીરી કરવામાં આવે છે ત્યારે આયોગની કામગીરી અને સત્યનિષ્ઠા અંગે શંકા કરવાનું કોઇ કારણ નથી. આમ છતાં જો કોઇ ગ્રાહક કે વીજ કંપનીને અન્યાય થતો લાગતો હોય તો ગુજરાત વીજ નિયમન પંચના નિર્ણયને માનનીય એપેલેટ ટ્રીબ્યૂનલ ફોર ઇલેકટ્રીસીટી સમક્ષ પડકારવા માટે જે તે ગ્રાહક કે કંપનીને કહે છે કે ગો ટુ ધ ટ્રીબ્યૂનલ. સંકલ્પમાં વીજ ગ્રાહકોને વીજ પૂરી પાડતી તમામ ખાનગી કંપનીઓનું ઓડિટ સી.એ.જી. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડીયા પાસે કરાવવાનો ઉલ્લેખ પણ છે. વીજ દર નકકી કરવાની કામગીરી ફકત ને ફકત ગુજરાત વીજ નિયમન કમિશન જર્કના અધિકાર ક્ષેત્રમાં આવે છે ત્યારે ખાનગી વીજ કંપનીઓનું ઓડિટ સી.એ.જી. દ્વારા કરવાની જરૂર નથી. સી.એ.જી. દ્વારા એક દિલ્હીનો કેસ થયો હતો એનો ઉલ્લેખ કરવામાં આવે છે કે દિલ્હી સરકારે સી.એ.જી. પાસે પ્રાઇવેટ કંપનીઓનું ઓડિટ કરાવવું એવા નિર્દેશ આપ્યા હતા પણ આ ખાનગી વીજ કંપનીઓએ દિલ્હી સરકારના આ નિર્દેશને નામદાર દિલ્હી હાઇકોર્ટમાં ચેલેન્જ કરેલો અને આ બંને પક્ષકારોને સાંભળ્યા પછી દિલ્હી હાઇકોર્ટે દિલ્હી સરકારનો નિર્દેશ અમાન્ય ઠરાવ્યો હતો. એમાં પણ સરકારના નિર્દેશને પડકારવામાં આવ્યો. એમાં જજમેન્ટમાં પણ એવું કહેવામાં આવ્યું છે કે વીજ દર નકકી કરવાની સત્તા એ ફકત ને ફકત જે તે રાજયના જે તે વીજ કમિશનના કાર્યક્ષેત્રમાં જ આવે છે અને આ જે દિલ્હી સરકારનો નિર્દેશ હતો ઓડિટ કરાવવા માટેનો એ હાઇકોર્ટે અમાન્ય કર્યો. આ દિલ્હી હાઇકોર્ટનો ચુકાદો સ્પષ્ટ કરે છે કે ટેરિફ ડિટરમીનેશન ફકત ને ફકત જે તે રાજયની ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના અધિકાર ક્ષેત્રમાં આવે છે, એટલે સી.એ.જી. દ્વારા ઓડિટ કરવાની જરૂર આમાં ઉપસ્થિત થતી નથી. સાથી મિત્ર સી.કે.રાઉલજીને સંકલ્પ પરત ખેંચવા માટે અનુરોધ કરું છું.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સિનિયર સાથી સભ્ય માનનીય સી.કે.રાઉલજી બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

રાજ્યમાં ગરીબ, છેવાડાનો માણસ હોય, ખેડૂત હોય કે મધ્યમ વર્ગનો પરિવાર હોય એ રાજય સરકારને પોતાના માઇ-બાપ સમાન માનતો હોય છે, ત્યારે રાજ્ય સરકારની ફરજ બને છે કે તે પણ આ રાજ્યના ગરીબ, મધ્યમવર્ગના લોકો, ખેડૂતો હોય એના માટે એવો વહીવટ અને વર્તન કરે કે તેમને લાગે કે ખરેખર આ રાજય સરકાર અમારી માઇ-બાપ છે. 'અચ્છે દિન આએંગે' એવા સૂત્રો સાથે સત્તા ઉપર બેઠેલી આ સરકારે આજે પેપરમાં આવ્યું કે પેટ્રોલ, ડીઝલમાં ખૂબ મોટો ભાવ વધારો કર્યો, ત્યારે આજે

## ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે
## બિન સરકારી સંકલ્પો

સવારે જ એક સામાન્ય માણસે સૂત્ર આપ્યું 'બહુત હુઇ મહગાઇ કી માર. અબ તો બસ કરો મોદી સરકાર'. ત્યારે મારે રાજ્ય સરકારને કહેવું છે કે ગુજરાતની પ્રજાની હાલત દેશના અન્ય રાજ્યની પ્રજા કરતા ખૂબ કફોડી છે. રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ અને * (xxx )

ઉપાધ્યક્ષશ્રી : * (xxx ) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. અમીતભાઇ આપણે કાળજી રાખીએ કે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર ન કરવા પડે.

શ્રી અમિત અ. ચાવડા : મેળાપીપણાના કારણે ખાનગી વીજ કંપની દ્વારા વીજ દરોમાં વધારો કરવામાં આવે અને ગુજરાતની જનતાની કમર તોડી નાખે તેવો આર્થિક બોજ આ ગુજરાતની જનતા ઉપર નાખવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની ગરીબ, મધ્યમવર્ગ અને ખેડૂત વિરુદ્ધ જે માનસિકતા છે એનો એક જ દાખલો આપવા માગું છું. છેલ્લાં ૫ વર્ષમાં એટલે ૨૦૧૦ થી ૨૦૧૫ સુધીમાં રાજ્યમાં ઘરવપરાશના વીજ દરોમાં જે વધારો કરવામાં આવ્યો. જી.યુ.વી.એન.એલ. એટલે રાજ્ય સરકારની કંપની છે, એના દ્વારા ૫ વર્ષમાં ૧-૩૪ પૈ. પ્રતિ યુનિટનો વધારો કરવામાં આવ્યો. ટી.પી.એલ. ખાનગી કંપની છે. ટી.પી.એલ. અમદાવાદ હોય તો ૧-૦૪ પૈ.નો વધારો કરવામાં આવ્યો. ટી.પી.એલ. સુરત હોય તો ૯૦ પૈ.નો વધારો કરવામાં આવ્યો. છેલ્લાં ૫ વર્ષનો હિસાબ કરીએ તો આ ૫ વર્ષમાં ગુજરાતની પ્રજા ઉપર ખાનગી કંપનીઓ અને સરકારી કંપનીઓ દ્વારા વીજ દરમાં વધારો કર્યો, એના કારણે ગુજરાતની ગરીબ અને મધ્યમવર્ગની પ્રજાના ખિસ્સામાંથી ૨૪૭.૩૫ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આ * (xxx ) અહીયા મંત્રીશ્રી બોલવા ઉભા થશે તો કહેશે કે વિકાસ કરવો હોય તો દેવું કરવું પડે.

ઉપાધ્યક્ષશ્રી : સરકારે ખિસ્સા કાપીને શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : સરકારે નહિ, ખાનગી કંપનીએ કાપ્યું. વિકાસ કરવો હોય તો દેવુ કરવું પડે. વીજળી જોઇતી હોય તો મોંઘા દર આપવા પડે એવી વાત કરે. ગુજરાતની ૬ કરોડની જનતાને સસ્તી, નિયમિત અને પૂરતા દબાણથી વીજ મળે એમાં અમે પણ સંમત હોઇએ. એના માટે પ્રજાની સુવિધા માટે પ્રજાના ખિસ્સામાંથી પૈસા મળે તે વાત સાથે અમે સંમત નથી. ખાનગી કંપનીઓને જો આપણે લાભ કરાવવા માગતા હોઇએ તો એના બદલે પ્રજાને લૂંટવાની વાતમાં ના આવીએ અને આપણી જ રાજ્ય સરકારના જેની સાથે કરાર છે. ચાઇના લાઇટ પાવર જેવી કંપનીઓને છેલ્લાં બે વર્ષમાં વીજ ઉત્પાદન ન કરવા છતા ઓછી વીજળી આપવા છતા ફિક્સ કોસ્ટ પેટે ૮૬૮ કરોડ જેવી રકમ ચૂકવી છે. હું માનું છું કે આવી ખાનગી કંપનીઓને લાભ કરાવવાનું બંધ કરીએ અને પાસેથી જે પૈસા લઇએ છીએ તેમાં પ્રજાને રાહત આપીએ. રાજ્ય સરકારનો વહીવટ અને વર્તનની વાત કરી તેમાં આગળ કહું તો કોઇપણ મા-બાપ હોય તે પેટે પાટા બાંધી પોતાના પરિવારને સુવિધાઓ આપતા હોય છે. ત્યારે રાજ્ય સરકારની ફરજ બને કે પોતાના પ્રજાજનોને સસ્તી અને સારી વીજળી મળે એટલા માટેના જે પણ પ્રયત્નો કરવા પડે તે રાજ્ય સરકારની ફરજનો એક ભાગ છે. અહીં રાજ્ય સરકારના પોતાના પાવર પ્લાન્ટો છે અને ખાનગી વીજ કંપનીઓ છે તેમની વચ્ચેના ઉત્પાદનના આંકડા જોઇએ તો હું માનું છું કે રાજ્ય સરકાર કયાંક ને કયાં જાણીબુઝીને પોતાના પાવર પ્લાન્ટો બંધ રાખે છે અને કઇ રીતે ખાનગી વીજ કંપનીઓ વધારે વીજ ઉત્પાદન કરે, ત્યારપછી તેમના પાસેથી મોંઘા ભાવે વીજળી ખરીદીએ તેવું વ્યવસ્થિત એક આયોજન ચાલી રહ્યું છે. છેલ્લા છ વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના પાવર પ્લાન્ટ છે તેનું વીજ ઉત્પાદન થાય છે તેના આંકડા જોઇએ તો તેમાં વધારો થવાને બદલે ૪૬ ટકા જેટલો ઘટાડો થયો છે. તેની સામે ખાનગી કંપનીઓના પાવર પ્લાન્ટ ચાલે છે તે જોઇએ તો ઉત્પાદનમાં ૩૨૧.૮૧ ટકાનો વધારો થયો છે. આ જ બતાવે છે કે રાજ્ય સરકારના સંપૂર્ણ સુવિદ્યાવાળા પાવર પ્લાન્ટ હોય, તમામ જાતની સગવડ હોય, સ્ટાફ હોય તેમ છતાં આપણે ઉત્પાદન ઓછું કરીએ છીએ અને ખાનગી કંપનીઓને વધારે ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. કોઇપણ ખાનગી કંપની નવો પ્લાન્ટ નાંખે અને ઉત્પાદન વધારે તેની સામે વાંધો ન હોય. તે સરકારની જે રાહતો મેળવતી હોય છે જેમાં સસ્તા દરે જમીન મળે અને ટેકસની રાહત મળે તથા અનેક જાતની સરકારી સગવડો ભોગવતી હોય છે ત્યારે તેની ફરજ બને છે કે તે પણ રાજ્યની પ્રજાને સસ્તી અને નિયમિત વીજળી આપે. તે કંપની ન આપતી હોય તો વીજ નિયમન પંચ હોય કે રાજ્ય સરકારે તેમાં ઇન્ટરવીન થવું જોઇએ. અહીં અલગ અલગ કંપનીઓના ઓડિટ રિપોર્ટ જોઇએ તો અનેક હેડે અલગ અલગ ખર્ચ કરી પોતાનો નફો ઓછો બતાવવાના પ્રયાસો કરે છે. અનેક કંપનીઓ પોતાના વિભાગોને જુદી જુદી કંપનીઓના નામ આપી પોતાને ઉત્પાદન કોસ્ટ વધારે પડે છે તેવું વીજ નિયમન પંચમાં એક પ્રેઝન્ટેશન કરવામાં આવે છે. તેના કારણે જયારે વીજ નિયમન પંચમાં ગ્રાહકો હોય, વિવિધ સંસ્થાઓ તેના ભાવ વધારા સામે રજૂઆત કરવા જાય ત્યારે તેમની વાત સાંભળવામાં આવતી નથી. તેની સામે ખાનગી કંપનીઓ પોતાની આંકડાકીય માયાજાળ રચી જર્ક પાસેથી ભાવ વધારો મંજૂર કરાવીને લાવે છે. તેના કારણે ગુજરાતની પ્રજાને જર્ક પ્રત્યે પણ શંકાની નજરે જોવાનો મૉકો મળ્યો છે. મારે તો આ સરકારને વિનંતી કરવી છે કે પ્રજા જર્કમાં જાય એવું નહીં પણ કોઇ ખાનગી કંપની વર્ષમાં બે-ત્રણવાર ભાવ વધારો મંજૂર કરાવીને લાવતી હોય ત્યારે તેનું ઓડિટ કરાવીને ખોટી રીતે તેના હિસાબોમાં નફો ઓછો બતાવવાની દાનત રાખતા હોય તો તેને કડક રીતે ડામવી જોઇએ તથા ગુજરાતની પ્રજાને સારી અને સસ્તી વીજળી મળે તેવો પ્રયત્ન કરવો જોઇએ. અહીં સંકલ્પમાં દિલ્હી સરકારનો ઉલ્લેખ કર્યો છે. દિલ્હીની રાજ્ય સરકારે ૨૦૧૪માં વિદ્યુત વિતરણ કંપનીઓનું કેગ દ્વારા ઓડિટ થાય તેવો વિધાનસભામાં એક પ્રસ્તાવ લાવ્યા. તેના આધારે ઘણીબધી કંપનીઓના ઓડિટ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરવામાં આવ્યા. ત્યારે આ કેગ દ્વારા ઓડિટ કરવામાં આવ્યા તેમાં દિલ્હી રાજયમાં અનેક ખાનગી કંપનીઓમાં અનિયિમતતા અને ગેરરીતિઓ બહાર આવી. આવું એક વર્ષ ઓડિટ કરવાને કારણે અનેક ખાનગી કંપનીઓએ સામે ચાલીને કહ્યું અમારું ઓડિટ ન થાય, તેની સામે અમે આટલી રકમ ઓછી કરવા માટે સંમત છીએ. ત્યારપછી તે લોકો કોર્ટમાં ગયા અને જે નિર્ણય થયા હોય તે. કેગ દ્વારા ઓડિટની જે શરૂઆત થઇ હોય તેના કારણે ખાનગી કંપનીઓ પોતાના એકાઉન્ટમાં સેટીંગ કરીને જર્કની પાસે જઇને વધારે ભાવ વધારો મંજૂર કરાવી લાવતા હતા તે અટકાવવામાં આવ્યું. મારી રાજય સરકારને વિનંતી છે કે આપણે ગુજરાતની પ્રજાને લાભ આપવા માગતા હોય તો આપણા રાજયમાં આ ખાનગી કંપનીઓનું ઓડિટ કેગ દ્વારા કરાવવું જોઇએ. સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર સાથે આપણે જયારે સત્તામાં બેઠા છીએ ત્યારે આ રાજયમાં ઉદ્યોગપતિ પોતાના માનીતા અને ખેડૂતો અળખામણા તેવું ન હોવું જોઇએ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સી.કે.રાઉલજી ખાનગી વીજ કંપનીઓનું સી.એ.જી. દ્વારા ઓડિટ થવું જોઇએ તે બાબતનો જે સંકલ્પ લાવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ૨૦૦ વરસથી વધારે બ્રિટિશ શાસન હેઠળ હતો અને દેશની અંદર પહેલી વીજળી દાર્જીલીંગમાં ૧૮૯૭માં આવેલી છે. જ્યારે આપણો દેશ આઝાદ થયો ત્યારે ફકત ૧૪ યુનિટ માથાદીઠ વપરાશ વીજળીનો હતો. એટલે ખૂબ નબળી શરૂઆતથી આપણે પ્રગતિ કરીને આજે દેશની અંદર ૨,૩૩,૯૨૯ મેગાવોટ ક્ષમતા સ્થાપિત કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારે ૧૯૬૧માં ગુજરાતમાં ફકત ૩૦૦ મેગાવોટની ક્ષમતા હતી જેમાં ૧૪૩ મેગાવોટ વિદ્યુત બોર્ડની અને ૧૫૭ મેગાવોટ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીની ક્ષમતા હતી. માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભારતીય જનતા પાર્ટી સત્તા ઉપર આવી ૧૯૯૫માં ત્યારે ગુજરાત રાજયની ૪૮૯૫ મેગાવોટની ક્ષમતા હતી અને મને કહેતા આનંદ થાય છે કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનના કારણે આજે આ ક્ષમતા વધીને ૧૯૨૧૨ મેગાવોટ થઇ છે. એટલે ખૂબ મોટી હરણફાળ વીજળી ક્ષેત્રે કરવામાં આવી છે. દેશની અંદર આજે સરેરાશ વીજ વપરાશ છે એ ૧૦૧૦ યુનિટનો છે જ્યારે એની સામે ગુજરાતની અંદર સરેરાશ પર કેપિટા કન્ઝમ્સન જે છે એ ૧૮૩૭ યુનિટ છે. રાજયની વસતિ દેશના હિસ્સામાં એનો ૪.૯૯ ટકા હિસ્સો છે પરંતુ સ્થાપિત ક્ષમતામાં ૯.૭૯ ટકા અને વીજ નિર્માણમાં ૭.૯૧ ટકા છે. આજે જે સંકલ્પ લાવ્યા છે એ સંકલ્પ રજૂ કરતા પહેલા માનનીય સભ્યશ્રીએ જો ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની જોગવાઇઓ છે એ ધ્યાને લીધી હોત તો મને લાગે છે કે આ સંકલ્પ મૂકવાની જરૂરિયાત ન રહેત. કારણ કે, પાર્લામેન્ટે ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ પસાર કર્યો છે અને એમાં કલમ ૮૨ નીચે દરેક રાજયની અંદર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનની રચના કરવાની જોગવાઇ કરેલી છે. કલમ ૮૬ નીચે આ કમિશનોએ જે કાર્યવાહી કરવાની છે એને માટેના નિર્દેશનો આપવામાં આવ્યા છે અને કલમ ૮૧ નીચે જે કોઇ રેગ્યુલેશન બહાર પાડવામાં આવે એની સત્તા કમિશનને આપવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, વીજ ઉત્પાદન કંપનીઓ હોય, વીજ ટ્રાન્સમિશન કંપનીઓ હોય કે વીજ વિતરણ કંપનીઓ હોય એ તમામના વીજ દરો કલમ ૬૨ અને કલમ ૮૬-૧-એ નીચે કમિશન નક્કી કરતું હોય છે. આ વીજ દરો નક્કી કરવા માટે કલમ ૬૩ નીચે દરેક કંપનીએ સ્પર્ધાત્મક બીડીંગ આપવું પડતું હોય છે અને આજે ઇલેક્ટ્રિસિટી એકટ નીચેના કમિશનો રચવામાં આવ્યા છે એમાં ગુજરાતની અંદર પણ આપણે ગુજરાત ઇલેક્ટ્રિસિટી ઇન્ડસ્ટ્રીઝ રીઓર્ગેનાઇઝેશન એન્ડ રેગ્યુલેશન એક્ટ ૨૦૦૩ નીચે કમિશન નીમેલું છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, આઇ.એ.એસ. ઓફિસરો જે નિવૃત્ત થાય છે એ એના ચેરમેન હોય છે, પણ આ કાયદો મેં જે કહ્યો ગુજરાત ઇલેક્ટ્રિસિટી ઇન્ડસ્ટ્રીઝ રીઓર્ગેનાઇઝેશન એન્ડ રેગ્યુલેશન એક્ટ ૨૦૦૩ની જોગવાઇ મુજબ આ કમિશનમાં એક ચેરમેન અને બે સભ્યો હોય છે. એક સભ્ય એવા હોવા જોઇએ કે જેને ઇલેક્ટ્રિસિટી સપ્લાઇનું અને એન્જિનિયરીંગનું એ પછી જનરેશનનું હોય, ટ્રાન્સમિશનનું હોય કે ડિસ્ટ્રિબ્યુશનનું હોય એનું જ્ઞાન હોવું જરૂરી છે. બીજા જે સભ્યો હોય તેને finance, commerce, economics, law and regulation of industries નું જ્ઞાન હોવુ ખૂબ જરૂરી છે. અને આમાં ચેરમેન અને જે બે સભ્યો નીમવામાં આવે છે તેના માટે કાયદાની અંદર પસંદગી સમિતિની જોગવાઇ કરવામાં આવી છે. અને તે પસંદગી સમિતિની અંદર હાઇકોર્ટના ચીફ જસ્ટીસ અથવા તો જે નિયુકત કરે એવા જજ, ચીફ સેક્રેટરી અને કમિશનના ચેરમેન અથવા સભ્ય આ ત્રણ માણસોની જે સમિતિ હોય તે પોતે પસંદગી કરીને સભ્યો અને ચેરમેન નીમતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા સાથી સભ્ય રણજીતભાઇએ જે વાત કરી કે જે ભાવો નક્કી કરવામાં આવે છે તે નક્કી કરવા માટે કલમ-૬૩ નીચેની આખી પ્રક્રિયા આપેલી છે. જે રજૂઆતો આવતી હોય છે તેના અંગે ન્યૂઝ પેપરમાં પબ્લિક નોટિસ આપવામાં આવતી હોય છે, એના અંગે વેબસાઇટ ઉપર પણ વિગતો મૂકવામાં આવતી હોય છે, તેના અંગેના વાંધા મંગાવવામાં આવતા હોય છે, તેની જાહેર સુનાવણી થતી હોય છે અને જાહેર સુનાવણી થયા પછી તેનો નિર્ણય કરવામાં આવતો હોય છે. આજે વીજ કંપની અંગે આપણે જે વાતો અહીંયા ગૃહમાં રજૂ કરવામાં આવી તે સાચી નથી. કારણ કે..

ઉપાધ્યક્ષશ્રી :આપની પાસે બે મિનિટ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : કારણ કે જે કોઇ tariffની રકમ નક્કી કરવામાં આવે છે માની લો કે કોઇ સભ્યને તેની સામે વાંધો હોય તો તેને માટે પણ appellate tribunal ની જોગવાઇ કરવામાં આવી છે. આપણે તેમને કહ્યું કે સી.એ.જી.ને સત્તા સોંપો. પણ દિલ્હી હાઇકોર્ટે નક્કી કર્યુ છે કે જે હુકમ દિલ્હી સરકારે કર્યો તે લિગલ હુકમ નથી કારણ કે ભાવો નક્કી કરવાની સત્તા ફકત અને ફકત વીજ કંપનીને છે સી.એ.જી.નું કામ ઓડિટ કરવાનું છે ભાવો કે tariff નક્કી કરવાનું નથી. આ સત્તા Electricity Tariff Act ૨૦૦૩ નીચે આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સી.એ.જી.ની નિમણૂક ભારતના બંધારણના આર્ટીકલ ૧૪૮ નીચે કરવામાં આવેલ છે. તેના પાવર છે તેના માટે પણ આર્ટીકલ ૧૪૯ની અંદર જોગવાઇ કરવામાં આવી છે. કારણ કે કોઇ પણ વસતિને જ્યારે Constitutional body ને કામ સોંપો તો તેની સાથે પરામર્શ કરવો ખૂબ જરૂરી છે. દિલ્હી સરકારે કોઇ પણ જાતનો પરામર્શ કર્યો નહોતો અને બીજુ કે જે અધિકારો ઇલેક્ટ્રિસિટી કમિશનને છે તે કામગીરી સી.એ.જી.ને સોંપી ના શકાય એટલા માટે આ પ્રસ્તાવ લાવ્યા છે તે ગેરકાનૂની હોય, બંધારણ વિરૂદ્ધનો હોય તેનો હું વિરોધ કરું છું અને તેમને પાછો ખેંચવા માટે વિનંતી કરું છું.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહના ખૂબ જ અભ્યાસુ અને જાગૃત સભ્ય તરીકે જેમની ગણતરી છે આદરણીય રાઉલજીની મારા માનસ પટ પર પણ ખૂબ સારી છાપ છે. અને આદરણીય રાઉલજી આ બિલ ખાસ કરીને જેને કોર્પોરેટ સત્તા મંડળ આપી છે એ સંકલ્પ જે લાવ્યા છે તેમાં CAG નું ઓડિટ થવું જોઇએ અને બીજી વાત છે રાજ્ય સરકારે બહારના રાજ્યોને વીજ વેચાણ કરવાના બદલે રાજ્યના વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરી રાજ્યના ખેડૂતોને ફક્ત દિવસે વીજળી આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એ માટે કહેવું છે કે એ મારા માનસ પટ ઉપર છાપ જે રાઉલજી માટે હતી તે આ સંકલ્પ લાવ્યા પછી અભ્યાસુ તરીકેની જે છાપ હતી મને દુઃખ એ વાતનું થાય છે કે રાઉલજી આવો સંકલ્પ લાવે ? બીજા કોઇ લાવે તો સમજ્યા પણ રાઉલજી જ્યારે આ સંકલ્પ લાવ્યા છે, કારણ કે આજે ગુજરાત વીજ નિયમન પંચ એ ૨૦૦૩માં નક્કી થયુ અને આજે ૨૦૧૬માં આપણે કેજરીવાલને જોયા તેમણે ૫૦ ટકા બિલમાં રાહત આપી દીધી અને જે પરિસ્થિતિ થઇ એટલે આપને આ બિલ લાવવાનું મન થયુ. માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે આપને કહેવા માગુ છું કે, એ સંકલ્પને કે, Gujarat is one of the few States of the country which has surplus electricity and this has been made possible due to long term policy of the BJP government. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વીજ નિયમન પંચ ૨૦૦૩માં, મારા બંન્ને ખૂબ અભ્યાસુ સભ્યશ્રીઓ આદરણીય ગીલીટવાળાજી તો એ વિભાગનું મંત્રીપદ પણ ભોગવી ચૂક્યા છે અને બીજા શ્રી આર. એમ. પટેલ સાહેબે ખૂબ સારી વાત કરી. આને જે બંધારણીય સત્તા આપી છે. એના વીજ નિયમન ૨૦૦૩થી કલમ ૮૨ હેઠળ રચાયેલી એક બોડી કોર્પોરેટ સત્તા મંડળ છે. જ્યારે ન્યાયિક સત્તાઓ એને આપી છે ત્યારે આપણે એના ઉપર શંકા કરીએ છીએ એમ મને લાગે છે કે એના ઉપર આપણે શંકા કરીએ? અને અત્યાર સુધીમાં એક પણ ફરિયાદ ગુજરાત વીજ નિયમન પંચની ઓન પેપર પર આવી નથી અને એના માટે એમ કહેવામાં આવે કે, કેગનું ઓડિટ કરીએ કાલે કોઇ સ્વતંત્ર સંસ્થા હોય અને જેમાં હાઇકોર્ટના રિટાર્યડ જજ, એના અનેક કોન્સ્ટીટ્યુશનલ બોડીઓ એના જ્યારે સભ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રજાનો અવાજ રજૂ કરવામાં આવે છે, વર્ષોથી વીજ નિયમન પંચોએ આ રીતે અને દરેકને સાંભળે છે. એવું નથી કે એક તરફી વાત છે, બંન્ને બાજુએથી સરખા સાંભળે છે, ધારો કે ગ્રાહકોને પણ સાંભળે છે, અને કંપનીઓને પણ સાંભળે છે. અને એમને એમ લાગે કે ભાવો વધારવા હોય તો જ વધારે છે. એવું નથી કે એક તરફી વાત થાય છે. વર્ષોથી આ પ્રણાલી રહી છે.

મારે આપને બીજી એક વાત કરવી છે કે, એમણે દિવસે વીજળી આપવાની વાત કરી, પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૪૦-૪૫ વર્ષ શાસનમાં રહ્યાં ત્યારે એનો નજીકથી સાક્ષી પણ રહ્યો છું કે, આઠ કલાક વીજળીની વાત નહીં, પણ બે કલાક વીજળી નથી આપી. સવારથી એ ખેડૂત એના ખેતરમાં બેસી રહે, એક કલાક વીજળી આવે પાછી ચાલી જાય, પાછી એક કલાક આવે પછી રાત્રે વીજળી આવે, તો સાહેબ, સળંગ આઠ કલાક કોઇએ વીજળી નથી આપી પણ ઇતિહાસ જો કર્યો હોય તો ભારતીય જનતા પાર્ટીએ કર્યો છે આઠ કલાક વીજળી આપવાનો અને એક લાખ વીજ કનેકશનનો પણ જો ઇતિહાસ કોઇએ કર્યો હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે.

મારે એક વાત કરવી છે કે આ વીજળી પેદા થાય પછી એનો સંગ્રહ કોઇ સંજોગોમાં થઇ શકતો નથી અને એને વાપરી જ નાખવી પડે છે અને જેથી આપણે ગુજરાતમાં જે શીડ્યુલ ગોઠવીએ છીએ એ પાવર પ્લાન્ટ ચાલુ કરતાં વાર લાગે, એનો ખર્ચો કરવો પડે, એને સતત ચાલુ રાખવા પડે, અને એ પ્રમાણે એનું શીડ્યુલ ગોઠવવું પડે છે ત્યારે દિવસ અને રાત અને ડીમાન્ડ અને સપ્લાય ઉપર આખો ભાર એટલા માટે રહ્યો છે. ડીમાન્ડ અને સપ્લાય ઉપર, બરોડામાં આખા ગુજરાતનું મોનિટરીંગ થાય છે અને લોડ disburse સેન્ટર એનું મોનિટરીંગ કરે છે. માનનીય રાઉલજી ગુજરાતને અંધારપટમાં લઇ જવા માગે છે? મારે આ વાત એટલા માટે કરવાનું મન થાય કે, જ્યારે યુ.પી.એ.ની સરકાર હતી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના આ શબ્દો બરાબર નથી.

ઉપાધ્યક્ષશ્રી : એ ઇન ડાયરેકટ લો. ચાલો.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : સાહેબ, મેં એટલા માટે કહ્યું કે, યુ.પી.એ.ની જ્યારે સરકાર હતી, ત્યારે આ ડીમાન્ડ આપણા જે ગ્રીડ ગુજરાત રાજ્ય સાથે, પાંચ રાજ્યોની ગ્રીડ સમાયેલી છે અને તે વખતે આપણે જ્યારે ૭૨ કલાકની અંદર અંધારપટ થયોને, ત્યારે મહારાષ્ટ્ર સરકારમાંથી વીજ કાપી લેવામાં આવેલી અને એટલા માટે ...

ઉપાધ્યક્ષશ્રી : પાંચ મિનિટનો સમય માગેલો એ પૂરો થયો, હવે વધારે જોઇએ તો આપીએ મને વાંધો નથી.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું અંધારપટની વાત એટલા માટે કરી રહ્યો છું કે, કોઇપણ સંજોગોની અંદર આ ગ્રીડને આપણે તે વખતે સળંગ ડીમાન્ડ અને સપ્લાય એ પાવર કટની અંદર એ જે dispatch થતું હતું. એના લીધે આપણે ગુજરાતની અંદર ૨૪ કલાક વીજળી જાળવી રાખી હતી. આપણે ત્યાં ગુજરાતમાં ડિમાન્ડ અને સપ્લાય જાળવી રાખી હતી. જ્યારે દેશના અનેક રાજ્યોમાં અંધારપટ છવાઇ ગયો હતો જ્યારે દેશના ૩ થી ૪ રાજ્યોના અનેક શહેરોમાં ૭૨ કલાક

સુધી વીજળી ગઇ ત્યારે આપણું ગુજરાત પહેલુ રાજય હતું કે ત્યાં એક પણ કલાક વીજળી ગઇ નહોતી એનો આ દાખલો છે. અને જો રાઉલજીના ભરોસે આપણે આઠ કલાક દિવસે આપવાની વાત થાય તો ડિમાન્ડ અને સપ્લાય નહિ જળવાય, એ નહિ જળવાય તો આપણે અંધારપટમાં ચાલી જઇએ તો શું રાઉલજી ગુજરાતમાં અંધારપટ લાવવા માગે છે?

મારે બીજી કોઇ વાત નહોતી કરવી, મારો એમને કહેવાનો આશય આ જ હતો. હું આ વાત કરવા માગું છું. સતત ૮ કલાકની વાત કરે છે. કોંગ્રેસના ૩૦-૩૫ વર્ષના શાસનમાં એક પણ દિવસ એવો બતાવો કે જે દિવસે વીજળી સળંગ આઠ કલાક આપી હોય. ખેતી વિષયક જોડાણોની વાત થઇ. ખેતી વિષયક જોડાણોમાં આવશ્યક વીજ પ્રવાહ સબ સ્ટેશન સ્થાપવા માટે એની ક્ષમતા વધારવાની હોય છે. રેસાઓ સ્થાપિત કરવાની વાત છે. તારીખ ૨૭-૩-૨૦૧૫ પછી જેમણે ડ્રીપ ઇરિગેશન કરવાની વાત છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સિનિયર સભ્યશ્રી સી.કે. રાઉલજી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં સામી બાજુએથી બે સભ્યશ્રીઓએ ભાગ લીધો જયારે અમારા પક્ષેથી ત્રણ સભ્યશ્રીઓએ ભાગ લીધો છે અને તેઓએ દરેક પાસા ઉપર પ્રકાશ પાડ્યો છે.

અહીંયા મીટર ભાડાની વાત કરી. ભારતીય વીજ નિગમ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૪૫(૩-બી)ની જોગવાઇ અનુસાર કેન્દ્ર સરકારના બનાવેલા નિયમ પ્રમાણે મીટર ભાડું લેવાનું હોય છે એ તમારા શાસન વખતનું છે એમાં રાજય સરકારનો કોઇ હિસ્સો નથી. બીજી વાત એ કરવામાં આવી કે જર્કમાં આઇ.એ.એસ. અધિકારીઓ છે. એમાં એક પણ આઇ.એ.એસ. અધિકારી નથી. ૩-૩ અધિકારીઓ બિન આઇ.એ.એસ. છે અને જે પ્રમાણે માનનીય સભ્યશ્રી આર.એમ. પટેલ અને સભ્યશ્રી ગિલીટવાલાએ કહ્યું એ પ્રકારના અનુભવ ધરાવતા અધિકારીઓનું બનેલું છે.

બીજી વાત એમ કરવામાં આવી કે એનું ઓડિટ કેગ દ્વારા થવું જોઇએ. ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીએ છીએ અને એ જ પ્રકારે દિલ્હીની અંદર ત્યાંની સરકારે કેગ દ્વારા એનું ઓડિટ કરવાનો નિર્ણય કર્યો એ નિર્ણયની સામે હાઇકોર્ટમાં રીટ પીટિશન થઇ અને હાઇકોર્ટે એવો નિર્ણય કર્યો છે કે સી.એ.જી. એકટની કલમ-૨૦ (૩) અંતર્ગત સી.એ.જી. દ્વારા ઓડિટ કરાવવાની બાબતે દિલ્હી સરકારનું ખાનગી કંપનીઓનું ઓડિટ સી.એ.જી. દ્વારા કરાવવાના નિર્દેશને નામદાર દિલ્હી હાઇકોર્ટમાં પડકારવામાં આવેલ અને કોર્ટે આપેલ ચૂકાદા મુજબ વીજ દરો નક્કી કરવાની સંપૂર્ણ સત્તા દિલ્હી વીજ નિયમન આયોગને છે. અહીંયા કહેવામાં આવ્યું કે વર્ષમાં ૩-૩ વખત વીજળીના ભાવો વધારવામાં આવે છે. આ વાત સત્યથી વેગળી છે. વર્ષમાં એક જ વાર ભાવ વધારવાનું હોય ત્યારે દરેક પ્રકારની પ્રક્રિયા કરવાની હોય છે. જેમ માનનીય ગિલીટવાલાએ કહ્યું એમ દરેક પ્રક્રિયામાં કોઇપણ નાગરિક એનો વિરોધ કરી શકે છે અને આપણા વાંધા સૂચનો લખાવી શકીએ છીએ. એ સાંભળ્યા પછી આયોગ એના દર નક્કી કરતું હોય છે એનો ફકત આપણે અમલ કરવાનો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના પત્ર ક્રમાંક, આ પ્રકારે અમારી પાસે જે ફરિયાદો આવી છે, સરકારમાં પણ રજૂઆતો આવે, કોઇ ફરિયાદો આવે તો આ ફરિયાદોના અનુસંધાને આ આયોગને આપણે આદેશ ન કરી શકીએ પણ આયોગને પત્રના સ્વરૂપમાં વિનંતી સ્વરૂપે મોકલી શકીએ છીએ અને એ આપણે આયોગને રજૂઆત કરી ચૂકયા છીએ. ભૂતકાળમાં ૨૦૧૦-૧૧માં પણ આયોગે ત્રણ વર્ષ સુધીનું ક્રોસ ચેકીંગ કરવા માટે થર્ડ પાર્ટી ઇન્સપેક્શન કરીને ઓડિટ કરેલું છે અને અત્યારે પણ આપણને આયોગે કહેલું છે કે જરૂર લાગશે તો અમે આ ત્રણ વર્ષના ફરીથી ક્રોસ થર્ડ પાર્ટી ઇન્સપેક્શન કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી માનનીય સભ્યશ્રીની આઠ કલાકની વીજળીની વાત છે. સભ્યશ્રી સતીષભાઇ હમણાં જે પ્રમાણે કહેતા હતા, મેં મારા બજેટના પ્રવચન દરમ્યાન વાત કરી હતી કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૨,૬૭,૦૬૦ ખેડૂતોના વીજળીના કનેકશનો અપાયેલા છે. જે ૧૯૯૫ સુધી એટલે કે ૪૫ વર્ષના શાસનમાં ૪,૮૮,૨૪૭ કનેકશનો હતા. તેની સામે આજે ૧૨,૬૭,૦૬૦ કનેકશનો છે. ત્યારે ૩૩૩૦ મેગાવોટ જેટલી વીજળીનો વપરાશ હતો. આજે લગભગ આઠ કલાકનો વીજળીનો વપરાશ ૫૫૦૦ મેગાવોટ જેટલો છે. ૫૫૦૦ મેગાવોટ વીજળીનું આપણે વિભાજન કર્યું છે, નહીં તો લગભગ ખેડૂતની રોજની વીજળીનો વપરાશ ૧૬,૫૩૦ મેગાવોટ જેટલો થાય છે. આજે આપણે આઠ કલાક પૂરતા દબાણથી વીજળી આપી શકીએ છીએ. પહેલાંના વખતમાં જેમ સતીષભાઇએ કહ્યું તેમ મારો તો અનુભવ છે, અમે એક છોકરાને બેસાડતા કે આ લેમ્પ થાય એટલે અવાજ મારજે. લેમ્પ થાય એટલે છોકરો એમ કહે કે લાઇટ આવી. એટલે પેલો દોડતો દોડતો ખેતરમાં કામ કરતો હોય એ સ્વીચ દબાવવા આવે અને જ્યાં ક્યારામાં ન પહોંચ્યો હોય ત્યાં લાઇટ જતી રહેતી હતી. મોટરો બળી જતી હતી અને રાઉલજી, તેના જ કારણે ઉત્તર ગુજરાતમાં આંદોલન થયા. લોકો પોતાના ખેતરનો પાક બચાવવા રસ્તા ઉપર આવ્યા અને એ વખતે જે ગોળીઓ મારી તેના કારણે આજે ૨૦ વર્ષથી અમે અહીં બેઠાં છીએ અને આપ ત્યાં બેઠાં છો. તે વખતે જો આપે ખેડૂતો ઉપર ધ્યાન આપ્યું હોત તો આજે કદાચ સ્થિતિ જુદી હોત. છેલ્લા ત્રણ વર્ષથી લાગલગાટ ૧,૦૦,૦૦૦ જેટલા કનેકશનો આપણે આપીએ છીએ. જે પ્રમાણે આવતા દિવસોમાં વીજળીનો વપરાશ વધવાનો છે તેને ધ્યાનમાં લઇને વણાંકબોરી ખાતે નવો ૮૦૦ મેગાવોટનો સુપર ક્રિટીકલ પાવર પ્લાન્ટ આપણે શરૂ કરવા જઇ રહ્યા છીએ. આવતા દિવસોમાં ૮૦૦ મેગાવોટનો પ્લાન્ટ શરૂ થશે, ૫૦૦ મેગાવોટનો ભાવનગર એનર્જી લિમિટેડનો પ્લાન્ટ પણ શરૂ થવાની તૈયારીમાં છે. જેમ જેમ વીજળીની ડિમાન્ડ વધશે તેમ તેમ આ પ્લાન્ટો કાર્યરત થવાના છે.

એક ચાઇના પાવરની વાત થઇ, અગાઉ પણ વાત થઇ હતી પણ એ વખતે સમયના અભાવે હું જવાબ આપી શકયો નહોતો. આણાંમાં કેટલીક ચીજો આવે તેના વખાણ કરવાના હોય. ટીકા કરવાની ન હોય. ટીકા કરીએ તો ઘરસંસાર બગડે. એમ

કહીએ કે તારા બાપે આવો માલ દીધો તો તરત જ ઝઘડા થાય. ૧૯૯૪માં ચાઇના વીજ કરાર થયા હતા. ચીમનભાઇ પટેલની તમારા ટેકાની સરકાર હતી. એ ૨૦ વર્ષનો કરાર કરેલો તમારા વખતનો છે. એ કરાર જયારથી અમલમાં આવે એ તારીખથી એની શરૂઆત થાય છે. ૨૦૧૮ સુધી તમારે અને મારે સૌએ આ કરણી ભોગવવાની થાય છે. આ કરેલું તમારું અને વારંવાર આપ ચાઇના પાવર, ચાઇના પાવર કરો છો. આ ચાઇના પાવર તમારી દેન છે. આ સરકાર જે રીતે વીજળીની વ્યવસ્થા કરી રહી છે. પૂરતા વોલ્ટેજથી આઠ કલાક વીજળી મળે છે, જેના કારણે મોટરો બળતી નથી. ખેડૂતો હેરાન થતાં નથી. અને કાયદેસર રીતે અને સારી રીતે મોટર ચલાવી શકે છે. ઉપરોક્ત આ બધી બાબતો જોતાં અને વીજ દરો નક્કી કરવા માટેની સક્ષમ સત્તા વીજ નિયમન આયોગની હોઇ આ બાબતે રાજ્ય સરકાર દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવતી હોઇ તથા નામદાર દિલ્હી હાઇકોર્ટે ખાનગી વીજ કંપનીઓના ઓડિટ સીએજી દ્વારા કરાવવાના આપેલ ચૂકાદાને ધ્યાને લેતાં તેમજ રાજ્યના ખેડૂતોને હાલમાં માગ આધારિત વીજળી પાવર સિસ્ટમની ટેકનીકલ સ્ટેબીલીટી જાળવવા માટે રોટેશન મુજબ વીજળી પૂરી પાડવામાં આવી રહેલ હોઇ ખાનગી કંપનીઓનું સીએજી દ્વારા ઓડિટ કરાવવું જરૂરી જણાતું નથી. બીજું રાજયની વીજળી બીજા રાજ્યોને વેચવાની વાત થઇ છે. આ વીજળી એવી વસ્તુ છે કે એનું સ્ટોરેજ કરી શકાતું નથી અને એના ગોડાઉન ભરાતા નથી એને વાપરી જ નાખવી પડે છે. એટલે આપણી પાસે વીજળી સરપ્લસ હોય અને બીજા રાજ્યોમાં પાવર ઓછો હોય ત્યારે તેઓ આઠ-દસ દિવસ પાવર માગતા હોય ત્યારે એમને પાવર આપવામાં આવે છે. મારી માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે આપ આ સંકલ્પ પાછો ખેંચો. ધન્યવાદ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ બાબતે માનનીય મંત્રીશ્રીએ મારા સૂચનો ધ્યાને લીધા હોત તો આનંદ થાય. ભાજપની સરકાર અને * (xxx ) રાત્રે ખેડૂતોને ચશ્મા પહેર્યા વગર પાણી વાળવું હોય ત્યારે ખૂબ તકલીફ પડતી હોય છે. રાત્રે ચશ્મા પહેરીને પાણી ન વાળી શકાય. રાત્રે સાડા દસ વાગ્યાથી સવારે સાડા સાત વાગ્યા સુધી આ લાઇટ આવે છે. એક વર્ષના ૩૬૫ દિવસ બાકી એક માસના બે અઠવાડીયા એમ આખા વર્ષના સાડી બ્યાસી દિવસ આ ગુજરાતના તમામ ખેડૂતોને રાત્રે પાણી લેવું પડે છે. મારી ચિંતા એ છે કે આ સરકાર ખેડૂતોને દિવસે વીજળી આપતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી રાજપાની સરકાર હતી ત્યારે ખેડૂતોને ૧૬ કલાક વીજળી આપી હતી. આજે ઉદ્યોગોને ૨૪ કલાક વીજળી મળતી હોય તો ખેડૂતોને દિવસે ૧૪ કલાક વીજળી આપવાનું માનનીય મંત્રીશ્રી કહે એવી મારી વિનંતી છે. બીજું ૧૦૦ યુનિટના દર ઓછા હોય છે એમાં ૨૦૦ યુનિટ કરવા જોઇએ. કોઇપણ વ્યક્તિ પોતાનું ઘર હોય એમાં ફ્રિજ ટીવી રાખે છે, એક રૂમનું ઘર હોય તો એમાં પણ આ વસ્તુઓ તો હોય છે. એટલે એમને અપાતી વીજળીના દરમાં ૨૦૦ યુનિટના દર ઓછા રાખવા માગો છો કે કેમ? આ કંપનીઓ મિટર ભાડુ વસૂલ કરે છે. એના અત્યાર સુધીમાં રૂ.૧૭૧૦/- કરોડ જેટલું ભાડુ વસૂલ થયું છે. એટલે કે મિટરની કિંમત કરતાં દસ ગણું ભાડુ વસૂલ કર્યું છે તો આ મિટર ભાડુ ઓછું કરવા માગો છો કે કેમ? આ મારા ત્રણ સવાલ છે એ આપ સ્વીકારી લો તો હું મારો સંકલ્પ પાછો ખેંચવા તૈયાર છું. નહીંતર મારો સંકલ્પ ચાલુ રહેશે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સી.કે.રાઉલજીએ ત્રણ વાતો કરી છે. હું પણ ખેડૂત છું અને રાત્રે અને દિવસે પાણી વાળ્યા છે. ખેડૂતોને રાત્રે વીજળી આપવામાં આવે છે. એમાં આઠ-આઠ કલાકના ભાગ પાડવામાં આવે છે. અને એનો ટાઇમ બદલાતો રહે છે. ક્યારેક સવારે છ થી બે હોય, બીજી વખત બપોરે બેથી દસ હોય અને ત્રીજી વખત રાત્રે દસથી સવારના છ સુધી વીજળીનું વિતરણ કરવામાં આવે છે. આ બધી ટેકનીકલ બાબતો ધ્યાને લઇને વીજળીનું વિતરણ કરવામાં આવે છે. બીજી બાબત એમણે વીજ દરની કરી છે. સરકાર વીજ દર નક્કી કરતી નથી. એ વીજ નિયમન પંચ નક્કી કરે છે. એ પ્રમાણે દર લેવામાં આવે છે. ત્રીજી બાબત એમણે મિટરના ભાડાની કરી છે. એ પણ પંચને બનાવવાનો અધિકાર છે. એનો હુકમ કરવાનો આપણને અધિકાર નથી.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, * (xxx ) એવા શબ્દો પાછા ખેંચાવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ. સરકાર હતી ત્યારે ગુજરાતને કોલસો દૂરથી મળતો હતો અને આજે જ્યારે વેસ્ટર્ન કોલ ફિલ્ડથી ગુણવત્તાસભર કોલસો રાજ્યને મળે છે તો આ રાજ્ય સરકારને કેટલો ફાયદો થયો છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : અમે પત્રો લખી લખીને થાકી ગયા ત્યાં સુધી કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો ન હતો ત્યારે આ સરકારે આવ્યા પછી નજીકની ખાણમાંથી, વેસ્ટર્ન ફિલ્ડમાંથી કોલસો આપવાનો નિર્ણય થઇ ગયો છે. એના કારણે ૩૦ પૈસા પ્રતિ યુનિટ વીજળીના દર પણ આપણે ઘટાડ્યા છે.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે છે.

દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે,

ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે. આરોગ્યને હાનિકર્તા દારૂના વ્યસનથી લોકો દૂર રહે તે સમાજ અને પરિવારના હિતમાં છે. રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ કરાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે તેમ છતાં તા.૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬
## બિન સરકારી સંકલ્પો

પાંચ વર્ષમાં રાજ્યમાંથી ગેરકાયદેસર રૂ. ૮,૫૨,૬૧,૭૨૫/– નો ૪૩,૭૦,૩૧૧ લીટર દેશી દારૂ તથા રૂ.૨૪૬,૦૮,૩૩,૯૨૯/– ની ૨,૪૨,૫૦,૧૪૬ જેટલી વિદેશી દારૂની બોટલ પકડાયેલ છે. રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં જિલ્લાવાર દેશી, ઇંગ્લીશ (વિદેશી) અને બીયરનો રૂ.૨,૦૬,૪૮,૪૮,૨૭૨/– ની કિંમતનો પકડાયેલ જથ્થો નાશ કરવામાં આવેલ છે.

બીજી બાજુ રાજયમાં દર વર્ષે ગેરકાયદેસર રીતે હજારો ગાય માતાની કતલ કરવામાં આવે છે અને ગૌમાંસ પકડવામાં આવે છે. ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જ અમદાવાદમાંથી ૧,૬૨,૫૪૮ કિ.ગ્રા. ગૌમાંસ પકડવામાં આવેલ છે. આમ, રાજયમાંથી દર વર્ષે હજારો ગાયોની કતલ થાય છે, ત્યારે ગાયોની કતલ અટકાવવી એ સરકારની ફરજ છે.

રાજ્યમાં કરોડોની કિંમતનો દારૂ પકડાય છે અને તેનો નાશ કરવામાં આવે છે ત્યારે રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ જરૂરી બને છે. ગુજરાતમાં પ્રવેશતા રસ્તાઓથી જ આ દૂષણ ડામવામાં આવે અને સમાજ આ દૂષણનો ભોગ ન બને તે માટે રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય અને ગાયોની કતલ થતી રોકવા માટે જરૂરી કાર્યવાહી કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગની ચર્ચાઓ હતી અને આજે સવારથી જ આ ગૃહમાં દારૂબંધી અંગેની બધા જ સભ્યોએ વિગતવાર છણાવટ કરી છે. ગુજરાતમાં દારૂબંધી અને ગૌવંશ હત્યા પર પ્રતિબંધનો અસરકારક કાયદો હોવા છતાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કાયદાનો અસરકારક અમલ કરતી નથી. આમાં રાજ્યના અસામાજિક તત્વો, દારૂના અડ્ડાવાળાઓ, જુગારની ક્લબોવાળા, ગાયોની હત્યા કરવાવાળા, ઢોરોની ચોરી કરનારાઓને લીલા લહેર છે. આ બધા માટે અચ્છે દિન આયે પણ ગુજરાતના સામાન્ય નાગરિકના અચ્છે દિન આવ્યા નથી. * (xxx ) ભારતીય જનતા પાર્ટીને મત આપનારા આજે પસ્તાય છે. યુવાનો બેકારીના ખપ્પરમાં હોમાતા હોવાથી દારૂના રવાડે ચડે છે. (અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા એવો આક્ષેપ કરવામાં આવે છે કે, * (xxx ) માનનીય અધ્યક્ષશ્રી, આવા શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, યુવાનો બેકારીના ખપ્પરમાં હોમાતા હોવાથી દારૂના રવાડે ચઢી યુવાધન બરબાદ થઇ રહ્યું છે. બેકારીના ગમને ભૂલવા યુવાનો નશાનો આશરો લે છે. આમ ગુજરાતનું યુવાધન દારૂરૂપી રાક્ષસના જડબામાં હોમાઇ રહ્યું છે. નાના બાળકો અને બહેનોના માધ્યમથી દારૂની હેરાફેરી ચાલે છે. ખૂલ્લે આમ હપતા રાજ ચાલે છે. રાજ્યના ગૃહમંત્રીશ્રીના વિસ્તારમાં પોલીસ અધિકારી રેડ પાડવા જાય તો તેમને બાંધી દેવામાં આવે છે – આથી વધારે દુઃખદ અને શરમજનક કિસ્સો બીજો ક્યો હોઇ શકે? બુટલેગર અને દારૂના અડ્ડાવાળાઓને રાજ્યાશ્રય મળી રહ્યો છે. દારૂના અડ્ડા બંધ કરાવવા માટે જનતા રેડ કરે છે તેમાં પણ મહિલાઓ રેડ કરે છે. એ ભાજપના ગૃહમંત્રી અને ભાજપ સરકાર માટે શરમજનક બાબત છે. દારૂના અડ્ડા પર જે જનતા રેડ કરે છે હકીકતે તે કામ સરકારે કરવું જોઇએ. પરંતુ સરકાર અને અધિકારીઓ હપતા લેવામાંથી ઊંચા આવે તોને? એટલે દારૂના અડ્ડા બંધ કરાવી શકતા નથી. દારૂબંધીને વધુ મજબૂત બનાવવાનું કામ એન.જી.ઓ. અને નાગરિકો દ્વારા થાય તે આવકાર્ય છે. અમદાવાદમાં આજે પણ સાબરમતી રિવરફ્રન્ટ પાછળ માટલાફ્રન્ટ અને પીપડાફ્રન્ટ જોવા મળશે. દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમે છે. ભૂતકાળમાં શામળાજી ચેક પોસ્ટ ઉપર પોલીસ અધિકારી એને રોકવા માટે જાય તો તેના પર ટ્રક ચઢાવી દે છે– આ શું બતાવે છે? રાજ્યના ગૃહમંત્રી કે ભાજપ સરકારનો ગુનેગારોને ભય રહ્યો નથી. આવા અનિચ્છનીય બનાવો બન્યાં પછી પણ સરકાર અને પોલીસતંત્રની આંખ ખુલતી નથી. ગુજરાત સરકારની કહેવાતી દારૂબંધીના લીરેલીરા ઊડી રહ્યાં છે. ગાય અમારી માતા છે, પવિત્ર છે એવી લોકોની * (xxx ) રાજ્ય અને કેન્દ્રમાં સત્તા હાંસલ કરનાર ભાજપના રાજમાં ગાયો અને વાછરડાં ભરેલી ટ્રકો દિનપ્રતિદિન પકડાય છે.

ઉપાધ્યક્ષશ્રી : મણીભાઇ, * (xxx ) એ બધા શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરુ છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા : ભાજપના કમળવાળા વાહનોમાં હજારો કિલો ગૌમાંસ અને ગાય–વાછરડાંની હેરાફેરી થાય છે. ગાયોની બેરહેમીથી ક્રૂર કત્લ થાય છે. આવા તત્વો ખૂલ્લે આમ ઢોરોની રાત્રે નહિ પણ ધોળા દિવસે ચોરી થઇ રહી છે. ભાજપ સરકારમાં આવા તત્વોને રાજ્યાશ્રય અને છૂટોદોર મળ્યો છે. ગુજરાતમાં નશાબંધી અને ગૌ હત્યા પ્રતિબંધ માટેનો કાયદો અમલમાં હોવા છતા ભાજપ સરકારની નીશ્રામાં અને બેરહેમીથી રોકટોક વગર ગૌ હત્યા થાય છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : મણીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીયશ્રી ભૂષણભાઇ ભટ્ટ. બસ બધુ આવી ગયું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી મણીભાઇ વાઘેલા જે દારૂબંધીનો કડક અમલ અને ગાયની કત્લ થતી રોકવા માટે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

## બિન સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં થઇ ત્યારથી ગુજરાતની અંદર દારૂબંધીનો કાયદો અમલમાં છે અને ગુજરાતે તેનો ચુસ્ત અમલ નીતિ અને નિયમો પ્રમાણે રાજ્યના ગૃહ વિભાગના પોલીસ જવાનો કરી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેવાનું મન એટલા માટે થાય કે ગુજરાતની શાંતિ, સલામતી અને સમૃદ્ધિ જો કોઇના આધારે હોય તો ગુજરાતની અંદર દારૂબંધીના કારણે છે. યુ.પી., બિહાર, દિલ્હી, મહારાષ્ટ્ર હોય કે બાકીના રાજ્ય હોય રાત્રે બેન, દીકરી સાંજના ૭–૦૦ વાગ્યા પછી એકલી ઘરેથી નીકળી બહાર જઇ શકતી નથી. સ્કૂટર ઉપર આવી શકે નહિ. આ દેશની અંદર ગુજરાત એક એવું રાજ્ય છે કે રાત્રે ૧૨–૦૦ વાગ્યે ગરબા હોય કે ધાર્મિક પ્રસંગ હોય કે ટ્યુશનેથી ઘરે આવવું હોય તો વિના સંકોચે એ ગુજરાતની અંદર એ બેરોકટોક આવી જઇ શકે છે. મુક્ત મને, ભય મુક્ત ગુજરાતની અંદર લોકો જીવી શકે છે એનું જો કોઇ કારણ હોય તો એ ગુજરાતની દારૂબંધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરી સંકલ્પની અંદર કે ગુજરાતની અંદર દારૂબંધી અને દારૂબંધીના આંકડાની એમણે વાત કરી કે, છેલ્લા પાંચ વર્ષમાં ૮,૫૨,૬૧,૭૨૫/– નો અને ૪૩,૭૦,૩૧૧ લીટર જે દારૂ પકડવાની વાત કરી, આ નવજવાન પોલીસ અધિકારીઓને આપણે શાબાશી આપવી જોઇએ, એનું મોરલ તોડવાની વાત ના કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જો દારૂબંધીની વાત કરી હોય, આનંદ તો એ બાબતે થાય કે, આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર ગુજરાતમાં ઉદ્યોગ લાવવાની વાત હોય. પણ મારે કહેવું પડે કે, ૧૯૮૪–૮૫ની સાલની અંદર ગુજરાતની અંદર એ વખતે જે શાસનકર્તાઓ હતા એણે ગુજરાતમાં દારૂ બને એની ફેક્ટરી માટે જમીન, આજનો આણંદ જિલ્લો અને તે વખતના ખેડા જિલ્લાની અંદર જમીન આપવાનું દુષ્કર્મ અને દુષ્કૃત્ય તો આપની સરકાર વખતે, આપના શાસનમાં થયું હતું. તે વખતે ભા.જ.પ.ના માત્ર ૧૨ કે ૧૪ ધારાસભ્યો હતા અને એ દિવસે હું આ લોબીમાં બેઠો હતો અને જનતા મોરચાના ૧૩ થી ૧૪ ધારાસભ્યો હતા. પણ મારે કહેવું પડે કે, કયા મોંઢે તમે દારૂબંધીની વાત કરો છો ? દારૂબંધીની વાત તમારા મોં માં શોભતી નથી.

આ રાજ્ય સરકારે જે પ્રયત્નો કર્યા છે એના કારણે ૩૪૬ કરોડનો પાંચ વર્ષની અંદર માતબર રકમનો દારૂનો જથ્થો પકડવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ આ રાજ્ય સરકારની અંદર થયું છે. આજે અત્રે કહેવાનું મન એટલા માટે થાય કે, ગુજરાતની અંદર જે હમણાં કહેતા હતા કે, * (xxx ) બૂરી નજર વાલે તેના મૂંહ કાલા, એ લખેલી ટ્રક જ્યારે પંચમહાલથી આવતી હોય ત્યારે એને લેવા કોણ જતું હતું ? ભૂતકાળની વાત કરવા જઇએ તો આ પોલીસ અધિકારીઓ જે આજે જે કામ કરી રહ્યા છે એ પોલીસ અધિકારીઓને સરકિટ હાઉસમાં બોલાવીને આપણે શું કહેતા હતા, કે આજની શું વ્યવસ્થા છે? અમારા માટે શું વ્યવસ્થા તમે કરી છે? આ દિવસો તમે ભૂલી ગયા છો. આ દિવસો તમે યાદ કરો માનનીય રાઉલજી મારે કહેવું પડે કે, ગુજરાતની વાત નહીં, માત્ર ગોધરાની વાત કરીએ તો ગોધરાની અંદર પણ ( આ તકે કોંગ્રેસના સભ્યશ્રી સી.કે.રાઉલજી તેમના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલતાં) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભૂષણભાઇ, ભૂષણભાઇ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભૂષણભાઇ. હું કહું છું આપ બેસો. મેં કહ્યું છે ભૂષણભાઇને, આપ બેસો. ભૂષણભાઇ આપ બેસો. બોલો, બોલો, રાઉલજી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂષણભાઇએ પંચમહાલ જિલ્લાની વાત કરી એટલે હું પંચમહાલ જિલ્લાનો છું. તો પંચમહાલ જિલ્લામાંથી દારૂની ટ્રકો આવે તો એ કોણ લાવે છે અત્યારે અને કોણ ધંધો કરે છે ? તો માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાનું જો નામ દીધું હોય અને એમની પાસે પુરાવો હોય તો અહીં રજૂ કરે, નહીં તો એમના શબ્દો પાછા ખેંચે.

ઉપાધ્યક્ષશ્રી : એમણે પહેલાંની વાત કરી છે.(અંતરાય)

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ પૂંજાભાઇએ પણ..

શ્રી સી. કે. રાઉલજી : અત્યારે પંચમહાલ જિલ્લાની (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એક જ મિનિટ ખુલાસો થઇ જાય. હા, નહીં તો ખેંચી લેશે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : નહીં, મારો સમય બગાડે છે અને આ રીતે સમય નહીં બગાડવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : નહીં, નહીં.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : તમારે કહેવું જોઇએ કે, મધ્યપ્રદેશની સરહદ ઉપરથી આવતો દારૂ હોય તો એ કોણ લાવવાવાળું છે એ બધાને ખબર છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, નટવરસિંહજી, પ્લીઝ. એ શબ્દો ભૂષણભાઇના હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : મારે કહેવું પડે કે, છેલ્લા પાંચ વર્ષની અંદર આ રાજ્યના ગૃહ વિભાગે જે કામગીરી કરી છે, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નટવરસિંહજી આપ બેસો ને. પ્લીઝ

શ્રી ભૂષણ અ. ભટ્ટ : જે કામગીરી કરી છે, જે નશાબંધી અને આબકારી વિભાગે કામગીરી કરી છે એને બિરદાવવાની કામગીરી કરવી જોઇએ. અને ભાઇ બાપુ, આ દારૂબંધીની વાત છે, રાત્રે ઘરે ગયા પછીની વાત છે. અહીંયા બે એચ.પી.ની વાત હોય

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને આ ઘરે ગયા પછીની વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ સીધા ભાઇ, સભ્યો સાથે ચર્ચામાં ઉતરશો નહીં, ભૂષણભાઇ. જે કહેવું હોય એ સીધું અધ્યક્ષશ્રીને સંબોધીને કહો.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : ઓ.કે. સાહેબ. મારે કહેવું પડે કે, આ રાજ્યની અંદર રાજ્ય સરકારે જે કામગીરી કરી છે એ છેલ્લા પાંચ વર્ષની વાત કરીએ તો ૨૦૧૧ની અંદર પાસા હેઠળ ૧૦,૮૪૨ લોકોની અટકાયત કરી છે. ૨૦૧૨ની અંદર તડીપાર થયેલા હોય તે, દારૂ વેચવાવાળા લોકોની ૬૧૪૫ લોકોની અટકાયત કરી છે. પ્રોહીબીશન એકટ હેઠળ આ રાજયની અંદર ૧૬૦૦૦૦ જેટલા પાંચ વર્ષની અંદર કેસ કર્યા છે. ગુજરાતની અંદર દારૂબંધી માટે કડક રીતે કામ રહ્યાં હોય એ નવજુવાનનું આપણે મોરલ તોડવાની વાત કરીએ તો એ કહેવું પડે. મણીભાઇએ કીધું કે ગુજરાતની અંદર ગૌવંશ થાય છે તો ગુજરાતની અંદર ગૌવંશની વાત કરવાનો તમને કે મને કોઇને અધિકાર નથી. યુ.પી.એ. સરકાર વખતે કેન્દ્રની અંદરથી ગૌમાંસની સબસીડી આપવાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ યુ.પી.એ. સરકારે કરેલું છે. મારે એટલા માટે કહેવું પડે ગુજરાતની અંદર, આખા દેશની અંદર ગૌવંશ હત્યાનો કાયદો સાત જજની સુપ્રિમ કોર્ટની અંદર સૌ પ્રથમ જો કોઇ રાજ્ય લાવ્યું હોય તો એ વખતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇના નેતૃત્વની અંદર આખા દેશની અંદર પહેલો ગૌવંશનો કાયદો લાવવાનું કામ ગુજરાતની સરકારે કર્યું છે અને ગુજરાતનું જોઇ અને રાજસ્થાન કે મધ્યપ્રદેશે એ કાયદાને અનુસરવાનું કામ કર્યું છે. મારે આજે એટલા માટે કહેવું પડે કે દારૂબંધીની વાત હોય કે ગૌવંશની વાત કરવી હોય, કે ગૌવંશની વાત કરવાવાળા, એક લાખ કિલો ગૌમાંસ પકડાયું હોય પણ આ ગૌવંશ હત્યામાં કે ગૌમાંસ સાથે પકડાયેલાને અટકાયત કરવાનું કામ અને છ મહિના સુધી જેલ કરવાનું કામ, જેલમાં તગેડી મૂકવાનું કામ આ રાજ્ય સરકારે બેરોકટોક કર્યું છે ત્યારે માનનીય મણીભાઇ વાઘેલા જે સંકલ્પ લઇને આવ્યા છે એની સાથે હું સંમત થતો નથી અને વિનંતી કરું છું કે એમનો સંકલ્પ પાછો ખેંચી લે.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. અહીં ઘણુંબધું કહેવામાં આવ્યું કે આ ગુજરાત રાજયની અંદર દારૂનો પ્રતિબંધ હોય, ગૌ હત્યાનો પ્રતિબંધ હોય અને ત્યારે આ રાજયની અંદર જેને કહી શકાય બેફામ રીતે દારૂ આ ગુજરાતની અંદર વેચાય છે એના આપણે સૌ સાક્ષી છીએ. કોઇપણ જગ્યાએ જઇએ હમણા ભૂષણભાઇ વાત કરતા હતા, હું ચેલેન્જ સાથે ભૂષણભાઇને કહું છું કે તમારા મત વિસ્તારની અંદર હું આવું અને ૧૫ મિનિટમાં ફોન કરું અને દારૂની બોટલ આવે તો એ દારૂ કેમ પકડી શકતા નથી? ભૂષણભાઇ, તમારામાં તાકાત હોય તો પકડો. એક પણ વિધાનસભાના સભ્યોના મત વિસ્તારની અંદર દારૂ નહીં વેચાતો હોય? દારૂનો અડ્ડો નહીં ચાલતો હોય?એવો એક પણ વિસ્તાર નથી.

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્રવિણસિંહભાઇ, આપણી છાપ ન બગાડીએ.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : કોઇપણ જગ્યાએ ગુજરાત રાજયની અંદર શહેરોની અંદર, ગામડાંની અંદર અને વાડી વિસ્તારની અંદર રહેતા લોકોને પણ દારૂ બેફામ રીતે મળે છે. જાહેરમાં વેચે છે અને હું તો ત્યાં સુધી કહીશ કે આ ગુજરાત રાજયની અંદર દારૂના અડ્ડાઓ નામથી પ્રસિદ્ધ છે. દારૂનો અડ્ડો કયાં ચાલે છે તો કહે, પોલીસ સ્ટેશનની પાછળ, દારૂનો અડ્ડો કયાં ચાલે છે? તો કહે, તાલુકા પંચાયતની પાછળ. દારૂનો અડ્ડો કયાં ચાલે છે તો મામલતદાર કચેરીની પાછળ. આવી રીતે પકડાતા હોય છે દારૂ અને છાપા અને ટી.વી.ના માધ્યમથી આપણે સૌ જોતા હોઇએ છીએ. આ ગુજરાત રાજયની અંદર દારૂ ઉપર પ્રતિબંધ છે આપણે સૌ જાણીએ છીએ કે પ્રતિબંધ હોવા છતાં લાખો, કરોડો રૂપિયાનો દારૂ પકડાય અને આ સરકાર આ બાબતમાં ચિંતિત નથી એવું મને લાગે છે. હું અભિનંદન આપીશ અમારા અલ્પેશ ઠાકોરને કે અલ્પેશ ઠાકોરે આ ગુજરાત રાજયની અંદર એક મહા યજ્ઞ કર્યો. મહાકુંભ કર્યો અને વ્યસનમુકિતનો કાર્યક્રમ આપ્યો. અમારી ઠાકોરની બહેનોએ પણ ગામડે ગામડે જઇને રેડ પાડવાનું કામ કર્યું છે. એ આ સરકારમાં અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં તાકાત નથી એ તાકાત ઠાકોર સમાજમાં છે અને એમણે પણ ગામડે ગામડે જઇને આ રેડ કરી છે અને એની યાદી પણ આ સરકારને આપવામાં આવી છે તો સરકાર એ બાબતે ચિંતિત નથી. બીજી મારે વાત કરવી છે કે ગૌમાંસની વાત કરવામાં આવે. અહીંથી ઘણી બધી યોજનાઓની વાત કરવામાં આવે કે અમે વાછરડી ઉછેર માટે પૈસા આપીએ છીએ, ગૌઉછેર માટે પૈસા આપીએ છીએ. ગૌ રક્ષણ માટે પૈસા આપીએ છીએ અને ગૌ હત્યા થતી હોય એને અટકાવવા માટે આ સરકાર ચિંતિત નથી એવો સંકલ્પ લઇને મણીભાઇ વાઘેલા આવ્યા છે, ત્યારે સભાગૃહને વિનંતી કરું છું કે આ સંકલ્પને સભાગૃહ વતી સરકાર સંમતિ આપે. બીજી વાત કરવી છે કે જ્યારે ગૌચર સુધારણાનો કાર્યક્રમ આપ્યો છે અને ગ્રામ પંચાયતોની અંદર ગૌચર સુધારાની વાત આવી. ત્યારે અમારા વિસ્તારની અંદર ૧૦-૧૫ ગ્રામ પંચાયતોની અંદર ગૌચર સુધારણા આવ્યું.

ઉપાધ્યક્ષશ્રી : પ્રવિણસિંહ, આમાં ગૌચર સુધારણા કયાં આવ્યું?

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : આ ગૌ સુધારણાની વાત છે. ગૌ હત્યા કેવી રીતે થાય તેની વાત કરું છું. આ ગૌ સુધારણામાં ખુલ્લેઆમ કહીશ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે, કારણ કે કોઇને પૂછવામાં આવ્યું નથી અને કોન્ટ્રાકટરો કામ કરતા હતા ત્યારે કહેવામાં આવ્યું આ ગૌચરની બાબત છે. આ ગૌચર સુધારણાની વાત છે. જ્યારે ગાયોની વાત હોય ત્યારે આની અંદર ભ્રષ્ટાચાર ન થવો જોઇએ અને સંપૂર્ણપણે આ ગૌચર સુધારણા થવી જોઇએ. આ ગાયોને છોડવાનું કામ નથી કરતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારને વિનંતી કરું છું સિનિયર નેતા મણીભાઇ વાઘેલા જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સંપૂર્ણપણે ટેકો આપું છું અને આ સભાગૃહ આ સરકાર એને મંજૂરી આપે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી મણીલાલ વાઘેલાજી બિન-સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યક્ત કરું છું. સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર સંપૂર્ણ નશાબંધીની નીતિને

વરેલું રાજ્ય છે.  નશાબંધી એ ગુજરાતની આગવી ઓળખ છે. સમગ્ર દેશમાં ગુજરાત નશાબંધી માટે તેની નિષ્ઠાના કારણે અલગ તરી આવતું રાજ્ય છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ એ તેની નશાબંધીને આભારી છે.  ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંતિ, સલામતી અને સંસ્કારિતા એ ગુજરાતની નશાબંધીની નીતિને આભારી છે. અન્ય રાજ્યની સરખામણીમાં દર વર્ષે કરોડો રૂપિયાની ખોટ ખાઇને પણ  ગુજરાત રાજ્ય આ નશાબંધીનું અમલ કરતું રાજ્ય છે.  દારૂબંધી બાબતે સરકારનાં અસરકારક પગલાના કારણે અગાઉની સરકારોમાં જે વારંવાર લઠ્ઠાકાંડ થતા હતા તે લઠ્ઠાકાંડ આપણે બંધ કરી શક્યા છીએ. દારૂની બદી બાબતે લોકજાગૃતિ લાવવા માટે રાજ્ય સરકાર અનેક કાર્યક્રમો ચલાવી રહી છે. આપણી સંસ્કૃતિમાં ગાયને માતા તરીકેનું બિરૂદ આપવામાં આવ્યું છે. ધર્મશાસ્ત્રો પ્રમાણે ગાય માતામાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે.  આ ગાય માતાની રક્ષા કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગૌ રક્ષકો અને જીવદયા પ્રેમીઓ સાથે સંકલન કરી રાજ્ય સરકાર ગાયની રક્ષા માટેનાં અનેક પગલાં લઇ રહી છે. આપણે ત્યાં દારૂ, અફીણ અને બીડી જેવા વ્યસનો છે, તે આપણા સમાજોના કુરિવાજ અને સામાજિક વ્યવહારોના કારણે આ વ્યસનો આપણે ત્યાં આવ્યા છે.  આ વ્યસનો એ સામાજિક બદી છે.  આપણે ત્યાં કોઇ મહેમાન આવે એટલે પહેલો આપણે ખાટલો ઢાળીએ. પછી એના ઉપર ચાદર પાથરીએ. અને જેવા મહેમાન ખાટલા ઉપર બેસે એટલે આપણે દુકાને જઇ બીડીની ગડી લાવીએ અને મહેમાનોના ઓશિકે મૂકીએ આ બીડી પીઓ. એટલે બીડીની શરૂઆત થઇ. જો એ મહેમાન બીડી ના પીતા હોય તો આપણે પાછા દુકાને જઇ બ્રિસ્ટોલ લાવીએ અને મહેમાનને કહીએ કે આ ખાખી ના પીતા હોય તો આ ધોળી પીઓ. આ રીતે આપણે ત્યાં બીડીનું ચલણ આવ્યું છે.ગામમાં વાસમાં ખબર પડે કે મહેમાન આવ્યા છે એટલે ૫–૨૫ જણાં ભેગા થાય, ૫–૨૫ જણાં ભેગા થાય એટલે કહે કે મહેમાન માટે કહુંબો કરવો પડશે. એટલે કહે કે લાવો અફીણ એટલે આપણે અફીણ લાવીએ અને કસુંબો કરીએ. એટલે અફીણની શરૂઆત આ રીતે થઇ. જો મહેમાન રોકાવાના હોય અથવા વાળુ કરીને જવાના હોય તો ખોરાક સારો ભાવે તે બહાના નીચે આપણે બીજું લાવીએ, પીએ અને પાઇએ એટલે આપણે ત્યાં બાટલી અને પોટલીની શરૂઆત થઇ. એટલે આપણા સમાજોના કુરિવાજોના કારણે, વ્યવહારોના કારણે આપણે ત્યાં વ્યસનો આવ્યા છે. આ બદીને જો નાથવી હોય તો ગુજરાતના દરેક સમાજોને આ ગૃહના માધ્યમથી વિનંતી કરું છું કે આપણા આ સમાજના કુરિવાજો છે, વ્યવહારો છે તેમાં આપણે પરિવર્તન લાવીએ તે આ સમયની માંગ છે. ગુજરાતની અંદર જે સામાજિક સંગઠનો ઠાકોર સેના સહિત જે આ વ્યસનમુક્તિનું અભિયાન ચલાવે છે તે સૌ સંગઠનોને હું અભિનંદન આપું છું અને સલામ કરું છું. આદરણીય અધ્યક્ષશ્રી, અમારા બનાસકાંઠા જિલ્લાની અંદર સમાજ વ્યસનમુક્ત બને અને શિક્ષણયુકત બને તે માટે અમે તમામ સમાજો, તમામ ધાર્મિક સંગઠનો, તમામ સામાજિક સંગઠનો, તમામ રાજકીય પક્ષો સાથે રાખીને વ્યસનમુક્તિનું અભિયાન ચલાવેલ. તે વ્યસનમુક્તિના અભિયાનની અંદર દરેક સમાજના, દરેક ગામના લાખો લોકો મંદિરમાં એકત્ર થઇ વ્યસનમાંથી મુક્તિ મેળવવા માટેનો સંકલ્પ કરેલ છે. આ સૌ બનાસવાસીઓને હું આપના માધ્યમથી અભિનંદન આપું છું અને તેમને સલામ કરું છું. આ વ્યસનમુક્તિના અભિયાનની અંદર અહીં જે વાત કરે છે તે કોંગ્રેસ પાર્ટીનો એકપણ આગેવાન ન્હોતો જોડાયો તે આપના ધ્યાને મૂકવા માગુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બીશ્રી કેશાજીને બનાસકાંઠાનો ખ્યાલ જ હશે. હું, ભુપેન્દ્રસિંહજી અને શક્તિસિંહ ત્રણેય એ ૪૦ હજાર લોકો વચ્ચે વ્યસનમુક્તિની શરૂઆત કરી હોય તો અમે કરી હતી. તે કહે છે કે કોઇ કોંગ્રેસના આગેવાન ન હતા.

ઉપાધ્યક્ષશ્રી : તમે બધા સાથે જ છે એમ કહે છે. ચલો આગળ શરૂ કરો.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર દારૂબંધીની ખૂબ ચર્ચા થાય છે. દારૂબંધી અંગે સૂત્રોચ્ચાર થાય છે અને વોકઆઉટ થાય છે. મારે સૌને પૂછવું છે કે આપણે આપણી છાતી ઉપર હાથ રાખીને આપણા આત્માને પૂછીએ કે આ દારૂની બદી માટે આપણે તો જવાબદાર નથી ને? આપણે તો ચૂંટણીની અંદર વોટ લેવા માટે લોકોને દારૂ નથી પાતા ને? ગઇ વિધાનસભાની ચૂંટણીમાં મારા મત વિસ્તાર દિયોદર રાજસ્થાનની નજીક આવેલો વિસ્તાર છે તે વિસ્તારમાં ચૂંટણી જીતવા મારી સામેના ઉમેદવારોએ વોટ લેવા માટે રાજસ્થાનથી ટ્રકો ભરી ભરીને દારૂ લાવીને લોકોને પાયો,

ઉપાધ્યક્ષશ્રી : તમે  ગોવાભાઇ બેસી જાઓ. બે જણા કેવી રીતે  એક જ વિસ્તારમાંથી જીતે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇનું નામ નથી લીધું. મારી સામે તો ઘણા બધા ઉમેદવારો હતા એટલે મેં ઉમેદવારોની વાત કરી છે. મેં કોઇનું નામ નથી લીધું. તેમ છતાં ચૂંટણી હાર્યા અને હાર્યા પછી એમણે લોકોને પૂછ્યું કે તમે પીધો અમારો અને વોટ અમને ન આપ્યા. એટલે લોકોએ કહ્યું કે એમાં અમારો વાંક નથી, વાંક તમારો છે. તમે અમને એટલું બધું પાયું..

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ હું આપને સાંભળીશ. બેસી જાઓ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અમે વોટ આપવા ગયા તો અમારા નિશાન..

ઉપાધ્યક્ષશ્રી : ગોવાભાઇ આપ બેસી જાઓ. નાગરજીભાઇ આપ બેસી જાઓ. પ્લીઝ ગોવાભાઇ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કયાં તમારું નામ લીધું છે. મેં તમારું નામ નથી લીધું.

ઉપાધ્યક્ષશ્રી : નાગરજીભાઇ તમે બેસી જાઓ. ભાઇ આપને બોલવું હોય તો આપના સભ્યોને બેસાડો. હું આપને સાંભળવા તૈયાર છું. બેસી જાઓ ભાઇ, નાગરજીભાઇ પ્લીઝ. બરાબર છે. નામ નથી લીધું. બેસી જાઓ. વઘાસીયાજી બેસી જાઓ. એ બોર્ડર લાઇનનો પ્રોમ્બેલેમ છે બેસી જાઓ. ચાલો શરૂ કરો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો પાછા ખેંચાવવા બાબત

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## બિન સરકારી સંકલ્પો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, હમણા જ અને આના પહેલા પણ માનનીય કેશાજી આ જ ભાષામાં બોલ્યા હતા ત્યારે પણ મેં કહ્યું હતું અને આજે ફરીથી રિપિટ એમણે કર્યું છે કે, "એમની સામે જે ઉમેદવાર લડ્યા હતા એ દારુની ગાડીઓ લાવ્યા હતા અને છતાં હારી ગયા." મારે આજે ફરીથી કહેવું છે કે, કેશાજી પાસે કોઇ પૂરાવો હોય તો ગૃહમાં મૂકે નહીં તો આ સભાગૃહની માફી માગે અને એમના શબ્દો પાછા ખેંચે. (અંતરાય) આક્ષેપ કરવા હોય તો પૂરાવા આપવા પડે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇનું નામ નથી લીધું. મારી સામેના ઉમેદવાર એમ કહ્યું છે. મારી સામે તમે એકલા જ ઉમેદવાર ન હતા ૮ ઉમેદવાર હતા. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલવું છે આપે શંકરભાઇ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કેશાજીભાઇએ ક્યાંય એવું નથી કહ્યું કે, આ ઉમેદવાર હતા કે આ ઉમેદવાર હતા. તો પછી એવો વિષય આપણે શા માટે માથે લઇ લઇએ? તમે હતા અને બીજા પણ ઉમેદવાર હશે ત્યારે તમે શા માટે માથે લઇ લો છો? મને લાગે છે કે, આ વિષયને અહીં પૂરો કરીને આગળ ચાલીએ, આ વિવાદમાં ન પડીએ.

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના બધા માનનીય સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો)

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં મારી સામેના ઉમેદવારો ચૂંટણી હાર્યા, હાર્યા પછી એમણે લોકોને પૂછ્યું કે, તમે અમારું પીધું અને છતાં તમે અમને મત ન આપ્યા? તો લોકોએ કહ્યું નહીં આમાં અમારો વાંક નથી વાંક તમારો છે, તમે અમને એટલું બધું પાયું કે અમે મત આપવા ગયા તો તમારા નિશાન બે દેખાયા અને કમળ અમને એક દેખાયું એટલે અમે મત કમળને આપ્યા. ભવિષ્યમાં પણ જો આવું કરશો તો લોકસભામાં જે દશા થઇ એ વિધાનસભામાં થશે. આ રાજય સરકાર દારૂબંધીનો કડક રીતે અમલ કરી રહી છે. ગાયોની કતલ રોકવા માટે પણ અસરકારક પગલાં લઇ રહી છે ત્યારે આ સંકલ્પ લાવવાની કોઇ જરૂર નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીલાલ વાઘેલા જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પને સમર્થન નહીં આપવાની બાબતે હું મારી વાત મૂકુ છું. ૧૯૬૦થી ગુજરાત જયારથી અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી જ મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી હોય જ એ સ્વભાવિક છે.

### પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

### સંકલ્પની ચર્ચા નહીં કરવાના મુદ્દે માર્ગદર્શન અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પની ચર્ચા નહીં કરવાના મુદ્દે હું આપનું માર્ગદર્શન માગુ છું કે વિપક્ષના સભ્યો કે જેમનું ડ્રોમાં નામ આવ્યુ હતું, જેમણે સબ્જેક્ટ આપ્યો અને અહીંયા સંકલ્પ લાવ્યા અને એ સંકલ્પની ચર્ચા ચાલુ હતી અને આ સંકલ્પની ચર્ચાની અંદર સભ્યશ્રીઓ અસરકારક રીતે પોતાની વાત રજૂ કરતા હતા ત્યારે સંકલ્પને અધવચ્ચે છોડી જઇને આ જે નવી પદ્ધતિ શરૂ કરી છે આજે સવારની બેઠકમાં પણ આ પ્રમાણેનું થયુ અને અત્યારે પણ આ પ્રમાણેનું થયુ તો આમાં આપના દ્વારા નિર્ણયો લેવાય છે તો આપના દ્વારા હું માર્ગદર્શન માગુ છું કે, જે સભ્યો આ પ્રમાણેના બિન સરકારી સંકલ્પો લાવે તો તેમણે સંકલ્પ પૂર્ણ થાય ત્યાં સુધી રોકાવું જોઇએ એ દિશામાં આપનું માર્ગદર્શન મળે એવી આપની પાસેથી અપેક્ષા.

ઉપાધ્યક્ષશ્રી : સવારનો માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે કે સભ્યને આપણે કમ્પેલ કરી શકીએ નહીં ગૃહમાં કેટલો સમય બેસવું, કયારે જવુ, કયારે આવવું એટલે એ જજમેન્ટ સવારનું જ છે તેને સ્વીકારી લઇએ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ જે લાવ્યા છે દારૂબંધીની બાબતમાં આ બિન સરકારી સંકલ્પ છે તે ચર્ચા કરી અને અટકાવી શકાય ખરું ? દારૂબંધી આ માત્ર સંકલ્પ લાવવાથી અટકાવી શકાશે ? કાયદો કાયદાનું કામ કરે છે. કડક રીતે હાથમાં કાયદો લઇ અને જયારે સરકાર સારી રીતે કામ કરી રહી હોય ત્યારે અહીંયા બેઠેલાં તમામ પ્રતિનિધિઓની કોઇ જવાબદારી નથી ? આપણી બધાની જવાબદારી છે અને આ સંકલ્પ લઇ આવનાર વ્યકિતની પણ જવાબદારી છે કે એમણે એમના મત વિસ્તારની અંદર જયારે પોતે જન પ્રતિનિધિ તરીકે અહીંયા આગળ બિરાજતા હોય ત્યારે તેણે પ◌ાતાના મત વિસ્તારની અંદર આ દારૂ પીનાર લોકોને એવી સમજ આપવી જોઇએ, જાગૃતિ લાવવી જોઇએ કે દારૂ પીવાથી પોતાની જાન ઉપર તો જોખમ ઉભું કરે છે પણ સૌથી વધારે તેમની પત્ની ઉપર, એમને માર મારવામાં આવે છે અને તેમના પત્નીને સહન કરવાનું હોય છે, તેમનો પરિવાર છિન્ન ભિન્ન થઇ જાય છે, તેમની આવકમાં મોટી ખોટ ઉભી થાય છે. એટલે આ બધી બાબતો લોકો સુધી પહોંચાડે અને જાગૃતિ લાવે, આ સભાગૃહના તમામ સભ્યો આ બાબતમાં જાગૃત બને એવુ જો કંઇક લઇને આવ્યા હોત તો મને એવુ લાગે છે કે બહુ જ સારું આ સભાગૃહની અંદર એક નવી પ્રણાલિ અને જાગૃતિ લાવવાના કાર્યની અંદર પ્રણાલિ શરૂ થઇ હોત. આ જયારે કાયદાની વાત છે ત્યારે છેલ્લા પાંચ વર્ષની અંદર અનેક દેશી દારૂ અને વિલાયતી દારૂ પકડાયો છે તેની કિંમતની બધી મારા સભ્યોએ વાત કરી છે. પરંતુ પ્રોહિબિશન એકટની કલમ–૯૩ મુજબ ૧ લાખ ૫૬ હજાર લોકોની અટકાયત કરવામાં આવી છે અને અનેક ઉપર પાસા પણ કરવામાં આવ્યા છે પણ મારે દુઃખ સાથે એ કહેવુ છે કે આ જે સંકલ્પ લઇને આવ્યા છે તે પાર્ટીના અનેક આગેવાનો અત્યાર સુધીમાં જે કોઇ પણ દારૂ સાથે પીધેલાં એવા પકડાયા હોય તો એ રાજકોટના ડેપ્યુટી મેયર.

ઉપાધ્યક્ષશ્રી : રહેવા દો, જેઓ ગેરહાજર છે તેમની ચર્ચા ના થઇ શકે.

ફાલ્ગુન ૨૭, ૧૯૩૭ શાકે

બિન સરકારી સંકલ્પો

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : હું નામ નથી બોલતી સાહેબ. આ કોંગ્રેસના સમયમાં મિત્રો મારે યાદ કરાવવુ છે કે આ દારૂબંધીની વાત કરનારા આજે એમને યાદ એટલા માટે કરાવવુ પડે છે કે કોંગ્રેસના શાસનમાં ટોટલ ૨૫ જેટલાં લઠ્ઠાકાંડ થયા છે. ૧૯૭૬માં માધવસિંહ સોલંકીના શાસનમાં અમદાવાદમાં લઠ્ઠાકાંડ થયો હતો, ૧૯૭૭માં બાબુભાઇ જશભાઇ પટેલના સમયમાં, ૧૯૮૧માં માધવસિંહ સોલંકીના સમયમાં અમદાવાદમાં, ૧૯૮૨માં માધવસિંહ સોલંકીના શાસનમાં ગોંડલમાં, ૧૯૮૫માં માધવસિંહ સોલંકીના શાસનમાં અમદાવાદમાં, ૧૯૮૬માં અમરસિંહ ચૌધરીના શાસનમાં ખંભાતમાં, ૧૯૮૭માં અમરસિંહ ચૌધરીના શાસનમાં અંકલેશ્વરમાં, ૧૯૮૯માં અમરસિંહ ચૌધરીના શાસનમાં વડોદરામાં, ૧૯૯૦માં ચીમનભાઇ પટેલના શાસનમાં સૂત્રાપાડામાં, ૧૯૯૧માં ચીમનભાઇ પટેલના શાસનમાં રાજકોટમાં આમ ૨૫–૨૫ વખત લઠ્ઠાકાંડ થયા. એ લઠ્ઠાકાંડથી પીધેલાં જે લોકો હતા તેના મૃત્યુ પછી તેમને સહાય આપવાની આ લોકોએ એક યોજના બનાવી અને આ રીતે લઠ્ઠાકાંડથી મૃત્યુ થાય તેને પ્રોત્સાહન આપવાનું કામ પણ કોંગ્રેસના શાસનમાં થયુ હતું. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં લઠ્ઠાકાંડમાં કોઇ પણ વ્યકિતના મૃત્યુ થયા જ નથી અને થયા હોય તો તેને કયારેય પ્રોત્સાહન આપવામાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એમના સમયમાં જે લઠ્ઠાકાંડ થયા તેમાં ૫૭૬ લોકોના મૃત્યુ થયા અને એમણે એ વખતે ખોટા ખોટા નાના મોટા કમિશનો ઉભાં કરી અને આ કડક અમલ કરવાથી દૂર રહી અને લઠ્ઠાકાંડોને પ્રોત્સાહન આપ્યું. આજે જે સંકલ્પ લઇને આવ્યા છે તેની અંદર ગૌવંશની પણ વાત છે. મારા સાથી સભ્યશ્રીએ કહ્યું કે, ૩૩ કરોડ દેવતા અને આપણે ગાયને માતા ગણીએ છીએ, વિશ્વમાં કોઇ દેશની અંદર કોઇ પશુને માતા ગણવામાં આવતું હોય તો એ માત્ર ભારતની અંદર આપણે ગાયને માતા તરીકે જોઇએ છીએ, કારણે કે એની અંદર ૩૩ કરોડ દેવતા છે. ગૌમુત્ર પણ પવિત્ર ગણવામાં આવે છે એની પણ સ્વાસ્થ્ય માટે ઉપયોગીતા ગણવામાં આવી છે. આ ગૌ માતાના રક્ષણ માટે અગાઉની અંદર ૧૯૫૪ અને ૬૦માં ભલે કાયદાઓ હોય પરંતુ સુપ્રીમ કોર્ટની બાબતની અંદર ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ, ૨૦૧૧ આપણા માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં લાવ્યા અને એના કડક અમલ ગુજરાતની અંદર કરવામાં આવ્યો છે અને આ કલમની અંદર બે કલમ ૬ એ અને ૬ બીમાં સુધારો કરવામાં આવ્યો, અગાઉ જયારે આ કલમમાં સુધારો ન હતો ત્યારે ગૌવંશની હેરાફેરી માટે કોઇ જપ્તીની સગવડ ન હતી પણ હવે એના નવા નિયમ મુજબ છ માસ સુધીની જે પણ ગૌવંશની હેરાફેરી કરે અથવા તો ગૌવંશ માટેનું કંઇ પણ કરે ત્યારે એ બધાને એની જપ્તી કરવામાં આવે છે અને કડક કાયદાનો અમલ કરવામાં આવે છે.

શ્રી રજનીકાંત સો. પટેલ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણમાં આ રાજયના માર્ગદર્શક સિધ્ધાંતોમાં લોકોની સુખાકારી માટે નશાબંધીનો અમલ કરવાનું સ્પષ્ટપણે સૂચવવામાં આવ્યું છે અને ગુજરાત રાજય એ સંપૂર્ણ નશાબંધીને વરેલું રાજય છે. કોઇ પણ પ્રકારનું વ્યસન હોય એ જયારે વ્યક્તિ વ્યસન કરે ત્યારે સૌથી પહેલાં એ પોતાના શરીરને નુકસાન કરે છે. આર્થિક રીતે પોતાના પરિવારને એ નુકસાન કરે છે અને પોતાના પરિવારના સભ્યોને ત્રાસ આપીને હેરાનગતિ પણ કરતા હોય છે. આ પ્રકારની સ્થિતિ જયારે હોય ત્યારે નશાબંધીનો આ રાજયમાં કડકાઇથી અમલ થાય એ માટે રાજય સરકાર સંપૂર્ણપણે પ્રયત્ન કરે છે. અલ્પેશ ઠાકોર પણ નશાબંધીના વિષયને લઇને રાજયમાં નશા કે કોઇપણ પ્રકારના વ્યસનથી મુકત થવા માટે સમાજને આહવાન કરતા હોય ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને મળ્યા તો એમના કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ લાઇવ સંદેશો આપ્યો અને કહ્યું કે, સરકારની તો વ્યવસ્થાઓ છે જ, પણ સમાજ, સ્વૈચ્છીક સંસ્થાઓ અને વ્યક્તિઓ એ પોતે આગળ આવીને આ કામમાં લાગે ત્યારે અસરકારક પરિણામો જોવા મળતા હોય છે અને છેવટે એ સંપૂર્ણ સમાજના હિતમાં હોય છે. ત્યારે આ બધી વ્યવસ્થાઓ સાથે સરકારી તંત્ર, કાયદો વ્યવસ્થા, દંડ આ બધુ તો છે જ, પણ સમજણપૂર્વક જયારે કોઇ એક વ્યક્તિ વ્યસનમાંથી મુક્ત થવા માટે સંકલ્પિત થાય એ પ્રકારનું વાતાવરણ ઉભુ થાય, તો એનો ખૂબ મોટો લાભ સમાજને થતો હોય છે. કોંગ્રેસના કેટલામ સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા અને એક ધારાસભ્યશ્રીએ પણ કહ્યું ભૂષણભાઇને કે, હું તમારા વિસ્તારમાં આવું, ફોન કરું, પંદર મિનિટમાં મળી જાય, હવે ખબર નથી પડતી કે એમનો ફોન નંબર ક્યાંથી મળ્યો, પંદર મિનિટમાં મળી જાય એવી વ્યવસ્થા કેવી રીતે ઉભી થઇ? એટલે આ જરૂરિયાતો કોને પડે છે અને શું થાય છે, એમાં કંઇ સમજાતું નથી પરંતુ સાચા અર્થમાં જયારે આપણે વ્યસનમાંથી મુક્ત થવા માટે સમાજને લીડ કરવાનું નકકી કરીએ ત્યારે એના પરિણામો ચોકકસ મળતા હોય છે. ગુજરાત ઔદ્યોગિક તરીકે પણ આગળ વધેલું રાજય છે અને જયારે સમૃધ્ધિ હોય ત્યારે વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંત, સલામત અને સંસ્કારી રાજયનો દરજ્જો એ એટલા માટે મેળવી શક્યું છે કે અહીંયાં નશાબંધીનો કડકાઇથી અમલ થાય છે. પડોશી રાજયોની આવકની સરખામણીમાં દર વર્ષે આપણે કરોડો રૂપિયાની ખોટ કરીને પણ ગુજરાત નશાબંધીની નીતિને કડકાઇથી લઇ રહ્યું છે, ત્યારે સમગ્ર રાજયની જનતા પણ આ નશાબંધી નીતિ સાથે એક મત થઇને ગુજરાતની સાથે ઉભી છે. રાજયમાં દારૂબંધીનો કાયદો ૧૯૬૦થી જ અમલમાં છે અને આજે પણ એજ કડકાઇથી આ વ્યવસ્થા જાળવી રાખવા પૂરેપૂરો પ્રયત્ન કરીએ છીએ. ગુજરાતની સરહદને સ્પર્શતા એવા કેટલાય રાજયો છે એમાં મહારાષ્ટ્ર હોય કે રાજસ્થાન હોય કે મધ્યપ્રદેશ હોય એના આંતરિક રસ્તાઓ હોય ત્યાંથી કંઇક નાની મોટી હેરાફેરી ગેરકાયદેસર રીતે થતી હોય તો આ બધાને માટે પણ આપણે ખૂબ કડકાઇથી કામ કરી રહ્યા છીએ એના ઉપર કડકાઇથી પગલાં પણ લઇએ છીએ. વારંવાર પ્રોહિબિશનની પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકો હોય તો એમને પાસા, તડીપાર, પ્રોહિબિશનની એકટ ૯૩ વગેરે કામગીરી કરીએ છીએ. છેલ્લા પાંચ વર્ષમાં પ્રોહિબિશન એકટ ૯૩ મુજબ કુલ ૧૫,૦૬૯૦૯ અટકાયતી પગલાં લીધા છે. ગુજરાત પોલીસ એકટ ૫૬–૫૭ મુજબ ૬૧૪૫ જેટલા તડીપારના કેસો આ પ્રકારની પ્રવૃતિ સાથે સંકળાયેલા લોકોને હદપારી કરવાનું કામ સરકારે કર્યું છે. અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા માટે પાસા જેવા મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે. એમાં ૧૦૮૪૨ જેટલા લોકોને પાસા દ્વારા અટકાયત

કરવામાં આવી છે. પોલીસ અને પ્રજા વચ્ચે સમન્વય રહે એવા પ્રકારની વ્યવસ્થા દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા નશાબંધીનો કડક અમલ થાય, માહિતી મળે માર્ગદર્શન મળે તેવા પ્રકારના કાર્યક્રમો પણ રાજયની સરકાર સતત કરી રહી છે. આમ આ બધી હકીકતોને ધ્યાનમાં લેતા રાજયનો દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકાર અને પોલીસ તમામ પ્રયાસો કરીને આ પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ થાય તેવો અમારી સરકારનો બહુ સ્પષ્ટ અને દ્રઢ અભિગમ રહ્યો છે.

રાજયમાં ગેરકાયદેસર રીતે ગાય માતાની કતલ કરવામાં આવે છે એવી માનનીય ધારાસભ્યશ્રીની ચિંતા બાબતે પણ દ્રઢપણે મારે જણાવવું છે કે ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે ગાયોની સુરક્ષા માટે ખૂબ જ ચિંતા કરી છે. ગાયોની રક્ષા એ અમારી પ્રયોરિટી છે. અહીંયા સભ્યશ્રીએ પણ જણાવ્યું કે આ પ્રકારના કાયદાઓ લાવવાની પહેલ એ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે જ કરી છે. ગાયોને બચાવવા માટે આ રાજય સરકાર ગંભીરતાથી પગલાં લેતી હોય ત્યારે આ પ્રકારની પ્રવૃતિમાં બે વર્ષમાં અસંખ્ય ઇસમો ઉપર ગુના દાખલ કરવામાં આવ્યા છે. એમાં ૩૧૬ જેટલા ગુનાઓ દાખલ કરીને ૬૬૯ જેટલા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. તેમજ પકડાયેલા આરોપીઓ પૈકી કુલ ૨૪૮ આરોપીઓ વિરુદ્ધ પાસા જેવા સખત અટકાયતી પગલાં લીધા છે. આને અમારી સરકાર સરળતાથી લેતી નથી અને લેવા માગતી પણ નથી અને આગામી સમયમાં પણ ગાયની હેરાફેરી ગેરકાયદેસર થતી હોય કે ગૌમાંસના મુદ્દાની વાત હોય તો રાજય સરકાર એને ખૂબ જ કડકાઇથી લઇ રહી છે અને લેશે. આવા પ્રકારની ગુનાહિત ઘટનાઓ અટકે અને રાજયમાંથી કોઇ આ પ્રકારની ગેરકાયદેસર હેરાફેરી થતી હોય તો પણ એ અટકે એના માટે જીવદયા પ્રેમીઓ કે આવા ગાય પ્રેમી લોકો એમના સંકલનમાં રહીને પોલીસ કામગીરી કરતી હોય છે. કાયદામાં પણ આના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે સમયાંતરે સુધારાઓ કર્યા છે. રાજય સરકાર દ્વારા મુંબઇ પશુ અધિનિયમ, ૧૯૫૪ના કાયદામાં સુધારો કરીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧માં કલમ ૬ (એ) અને ૬(બી)નો ઉમેરો કરીને એને વધુ કડક કરવાનો પ્રયત્ન કર્યો છે. એમાં કલમ ૬(એ) ગૌવંશની હેરાફેરી તથા કલમ ૬(બી)માં ગૌમાંસની હેરાફેરી સાથે સંકળાયેલા વાહનને છ મહિના માટે જપ્ત કરી દેવું એ પ્રકારનો કાયદો પણ આપણે એમાં કર્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૮૦૩ જેટલા ગુના નોંધાયા છે. ૧૯૨૮ જેટલા આરોપીઓ પકડાયા છે અને ૫૫૯ જેટલા વાહનો આપણે જપ્ત કર્યા છે અને એમાંથી ૬૪૯ જેટલા લોકોને પાસા પણ કરેલા છે ત્યારે રાજ્ય સરકાર અને રાજ્યની પોલીસ એ ગૌવંશ કતલ તથા હેરાફેરીના ગુનાઓ બાબતે ખૂબ જ સંવેદનશીલ છે અને પોલીસની સતર્કતાને કારણે આટલી સંખ્યામાં આપણે ગુનાઓ શોધી પણ શક્યા છીએ. આ વિગતોને ધ્યાનમાં લેતાં રાજ્ય સરકાર અને રાજયની પોલીસ રાજયમાં દારુબંધીના ચુસ્તપણે અમલ માટે અને ગૌવંશ કતલ તથા હેરાફેરી અટકાવવા માટે કૃતનિશ્ચયી છે અને તે માટેના તમામ પગલાંઓ લેવામાં આવે જ છે ત્યારે સદરહુ સંકલ્પનો અસ્વીકાર કરવા માટે મારો અનુરોધ છે.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ સાંજના ૬-૨૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

ફાલ્ગુન ૨૮, ૧૯૩૭ શાકે

સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

### વણાકબોરી ખાતે સુપર ક્રિટીકલ પાવર પ્રોજેક્ટ

* ૨૪૦૦૫ શ્રી કેસરીસિંહ સોલંકી(માતર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વણાકબોરી ખાતે સ્થપાનાર રાજ્યનાં સૌ પ્રથમ ''સુપર ક્રિટીકલ'' પાવર પ્રોજેક્ટની વિશેષતા શું છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ દ્રારા વણાકબોરી ખાતે સૌ પ્રથમ'સુપર ક્રિટીકલ' પાવર પ્રોજેક્ટ સ્થપાનાર છે. પ્રોજેક્ટની વિશેષતા નીચે મુજબ છે.<br>– અદ્યતન ટેકનોલોજી આધારિત<br>– ઓછો વીજ ઉત્પાદન ખર્ચ<br>– ઉચ્ચ કાર્યદક્ષતા<br>– નિમ્ન બળતણ વપરાશ<br>– મેગાવોટ દીઠ માળખાકીય સુવિધા માટે નિમ્ન રોકાણ<br>– નિમ્ન નિષ્કાસન<br>– નિમ્ન આનુષંગિક વીજ વપરાશ<br>– નિમ્ન જળ વપરાશ<br>– ઉચ્ચ પર્યાવરણ જાળવણી અને સંતુલન |
| (૨) તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે? | (૨) તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૮૦૦ મેગાવોટ છે. |

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વણાકબોરી ખાતે કોલસા આધારીત વીજળી મથકની પર્યાવરણ મંજૂરી માટે ભારત સરકારને કયારે દરખાસ્ત મોકલવામાં આવી છે, તેની મંજૂરી કયારે મળેલી છે અને સુપર ક્રિટીકલ ટેકનોલોજી શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : સુપર ક્રિટીકલ પાવર સ્ટેશન એ લેટેસ્ટ ટેકનોલોજીનું એક નવતર બનવા જઇ રહ્યું છે. હાલની આ ટેકનોલોજીની સરખામણીએ સુપર ક્રિટીકલ ટેકનોલોજી આધારિત બોઇલરમાં અનેકગણું વધુ દબાણ અને તાપમાન હોવાને કારણે પાણીનું બાષ્પીભવન તરત થઇ જાય છે આથી નીચે જણાવેલ ફાયદાઓ મળે છે. પ્લાન્ટની વધુ કાર્યક્ષમતાને કારણે ઓછો બળતણ ખર્ચ, ઓછું કાર્બન, નિષ્કારણના કારણે પ્રદૂષણ રહિત પર્યાવરણની નોંધપાત્ર જાળવણીનું સંતુલન હાલમાં વપરાતી સબ ક્રિટીકલ ટેકનોલોજીની સરખામણીમાં એકમનું મેગાવોટદીઠ ખર્ચ ૫.૫૮ કરોડ છે. જે ઘણું સસ્તુ છે અને પ્રદૂષિત તત્વોનું ઓછું નિષ્કારણ આ એની ખાસિયતો છે. બીજો માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે પર્યાવરણની મંજૂરીની કયારે અરજી કરી અને કયારે મંજૂરી મળી? વણાકબોરી ખાતેના કોલસા આધારિત વીજ મથકની પર્યાવરણની મંજૂરી માટે ભારત સરકારના પર્યાવરણ અને વન ખાતાને તા. ૧૪–૭–૨૦૦૮ના રોજ અરજી કરવામાં આવી જેના અનુસંધાને વન અને પર્યાવરણ મંત્રાલયે તા. ૨–૧૨–૨૦૧૩ના રોજ સદર ૮૦૦ મેગાવોટ ક્ષમતાના વિસ્તૃતીકરણ એકમની સ્થાપના માટે વણાકબોરી ખાતે ૨૧૦ મેગાવોટની ક્ષમતા ત્રણ એકમો જો તમે બંધ કરો તો તમને મંજૂરી આપીએ એવું ૨૦૧૩માં જણાવ્યું અને ૨૦૧૪માં જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા ત્યારપછી મંજૂરી મળી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોજેક્ટ મારા મત વિસ્તારની અંદર નાખવામાં આવેલો છે પણ મારે કહેવું પડે છે કે આની જયારે ખાતમૂહુર્તની વિધિ થઇ ત્યારે મને ધારાસભ્ય તરીકે આમંત્રણ નહોતું મળ્યું એટલે એમાં હું હાજર નહોતો રહ્યો એટલે પૂરેપૂરી મને ખબર નથી પણ મારા વિસ્તારમાં છે એટલે મારે જાણવું છે કે આ પ્રોજેક્ટમાં કેન્દ્રનું કોઇ યોગદાન છે? અંદાજીત રોકાણ કેટલું છે અને કેટલા સમયમાં પૂર્ણ થવાનું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર લગભગ ૩૬ કરોડ જેટલી લોન છે બાકીના લગભગ ૭૦૦–૮૦૦ કરોડ રૂપિયા રાજય સરકારના જે તે વિભાગે ભરી દીધેલા છે અને કુલ લગભગ ૪૫૦૦૦ કરોડનું રોકાણ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વણાકબોરી ખાતે આ એકમ જુનું થઇ ગયું છે તો તે બાબતમાં જી.એસ.ઇ.સી.એલે. શું આયોજન કર્યું છે?

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનીનીય અધ્યક્ષશ્રી, વણાકબોરી વીજ મથકના એકમો જુના થઇ ગયા છે જેથી એકમોની વીજ ઉત્પાદન ક્ષમતામાં થોડો ઘટાડો થયો છે. જી.એસ.ઇ.સી.એલ. આ એકમોની વીજ ક્ષમતા વધારવાની સાથેસાથે આધુનિકરણ કરી રહેલ છે જેમાં ટર્બાઇન અને ઇ.એસ.પી. બદલવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આધુનિક તકનીકી ધરાવતી સી.એન્ડ આઇ.ની કાર્યપ્રણાલિ લગાડવાનું કાર્ય પૂર્ણ થવાના આરે છે. આ પ્રણાલિ થકી એકમમાં સર્જાતી કોઇપણ ખામીની માહિતી તરત જ મળી રહેશે અને એકમ બહુ જ ઓછા સમયમાં ફરી કાર્યરત થઇ શકશે. એકમ ફરજિયાત જાળવણી માટે બંધ કરવામાં આવે છે ત્યારે આ કાર્યો પૂર્ણ કરવામાં આવે છે. આ પ્રકારના આયોજનના લીધે રાજયની વીજ માંગમાં બીન અવરોધ સાથે પહોંચી વળી શકાય છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુપર ક્રિટીકલ પાવર કયારે શરૂ કરવામાં આવશે? આ પાવરની અંદર જે ખરીદી કરવામાં આવશે તે રાજયમાંથી થશે કે અન્ય જગ્યાએથી? અને ૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન થયા પછી આ વીજળી કોને સપ્લાય કરવામાં આવશે? અમારા જિલ્લામાં આ પ્રોજેક્ટ કર્યો છે ત્યારે ખેડા જિલ્લાને સવિશેષ લાભ સરકારશ્રી આપવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : વીજળી ઉત્પાદન કરવાનું કામ જીસેકનું છે. વીજળી ઉત્પાદન કર્યા પછી રાજય સરકારની આવશ્યકતા પ્રમાણે વીજળી ખરીદવાનું કામ વીજળી વિતરણ કરતી કંપનીઓ નક્કી કરતી હોય છે. જે પ્રમાણે માંગ હોય અને ભવિષ્યમાં ઊભી થનાર માંગને પહોંચી વળવા માટે આ પ્લાન્ટ એડવાન્સ પ્લાનિંગ કરીને નાખવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : જૂના પાવર પ્લાન્ટ હયાત છે એનું આધુનિકરણ કરવાની મંત્રીશ્રીએ વાત કરી. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ હયાત પ્લાન્ટ છે એની ઉત્પાદન ક્ષમતા કેટલી છે અને અત્યારે આપણે કેટલું ઉત્પાદન લઇએ છીએ? આધુનિકીકરણ ક્યારે શરૂ કરવામાં આવ્યું અને અત્યારે પ્લાન્ટ કેટલા ચાલુ છે અને કેટલા ચાલુ નથી? નવો પ્લાન્ટ શરૂ થશે તો એમાં પ્રતિ યુનિટ દીઠ કયા દરથી ઉત્પાદન થશે અને કયા દરથી વેચવાનું પ્લાનિંગ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : હાલ ૩૦૦ મેગાવોટનો પ્લાન્ટ વણાકબોરી ખાતે ચાલુ છે. જૂની મશીનરીના કારણે પ્રમાણમાં કયારેક કયારેક ઓછું ઉત્પાદન થાય છે.(અંતરાય) ટોટલ ૩૦૦ મેગાવોટની કૅપેસિટી છે. અત્યારે ૩૦૦ મેગાવોટનું ઉત્પાદન કરીએ છીએ અને ભવિષ્યમાં પૂરેપૂરી ક્ષમતાનું ઉત્પાદન થાય એના માટેની જૂની મશીનરી શિફ્ટ કરીને નવું ઉત્પાદન શરૂ થશે.

### તલોદ તાલુકામાં મેશ્વો નદીમાં કાર્યરત લીઝો

* ૨૫૮૨૨ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય ખાણ– ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાઠાં જીલ્લાના તલોદ તાલુકામાંથી પસાર થતી મેશ્વો નદીના પટની જમીનોમાં માઈનીંગ સારુ કેટલી લીઝ કાર્યરત છે અને કેટલી લીઝ બંધ હાલતમાં છે, | (૧) ૧૩ લીઝ કાર્યરત છે અને ૦૨ લીઝ બંધ છે. |
| (૨) ઉકત કાર્યરત લીઝો પૈકી કેટલા લીઝ ધારકોએ ઉકત સ્થિતિ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર/નિયમ વિરૂદ્ધ ખોદકામ કરેલ છે, | (૨) ૧ (એક). |
| એચબી–૭૫૭–૧ ...ર થતા ખોદકામ અંગે ઉકત સ્થિતિએ ... કોના દ્વારા ચકાસણી કરવામાં આવી, અને | (૩) તા.૧૯–૧૨–૨૦૧૫ ના રોજ જીલ્લા કચેરીના રોયલ્ટી ઈન્સ્પેકટર, માઈન્સ સુપરવાઈઝર અને સર્વેયરની સયુંકત ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવેલ છે. |
| (૪) ઉકત ચકાસણી દરમ્યાન કેટલી ગેરકાયદેસર લીઝમાં ગેરકાયદેસર ખનન ધ્યાને આવેલ છે? | (૪) ઉકત ચકાસણી દરમ્યાન કોઈ ગેરકાયદેસર લીઝ ધ્યાને આવેલ નથી. |

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ખાણ ખનીજ વિભાગ એ ભ્રષ્ટાચારનું હબ બની ગયું છે, ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જેમ ભૂકંપનું કોઇ એપી સેન્ટર હોય અને વૈજ્ઞાનિકો દ્વારા સ્થળ શોધવામાં આવે છે એ રીતે રાજયમાં ખાણ ખનીજનું ભ્રષ્ટાચારનું સેન્ટર સ્વર્ણિમ સંકુલ હોય(અંતરાય)ત્યારે આખી ગુજરાતની પ્રજા જાણે છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મારા મત વિસ્તારના તલોદ તાલુકાના મેશ્વો નદીમાં ગેરકાયદેસર ખનન થાય છે એ માટે ગાંધીનગરની ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા કેટલી વાર ચકાસણી કરવામાં આવી? બીજું, ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા ગેરકાયદેસર ખનન થાય એના કેસો ચલાવવાના હોય એ કયા અધિકારી દ્વારા ચલાવવામાં આવે છે? એ અધિકારીને પાવર ડેલિગેશન થયેલ છે કે કેમ? ત્રીજો પ્રશ્ન કે આ ૧૩ લીઝ કાર્યરત છે અને તેને પર્યાવરણ વિભાગે મંજૂરી આપેલ છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય સભ્યશ્રીએ જે પ્રકારનો પ્રશ્ન પૂછ્યો તેમાં લગભગ ૨૨ વખત તપાસ થઇ છે અને એની અંદર ૧૯–૧૨–૨૦૧૫ ના રોજ જિલ્લા કચેરીના રોયલ્ટી ઇન્સ્પેકટર, માઇન્સ સુપરવાઇઝર તથા સર્વેયર દ્વારા ફેરણી દરમ્યાન સદર લીઝની મુલાકાત લેતા સભ્યશ્રીએ જેમ પ્રશ્ન કર્યો કે ખોદાણ ઓછું અને લીઝની પહોંચો વધારે ફાડી હતી, તો તે અંગે સ્પષ્ટતા કરું કે બીજેથી ખનન કરી માલ વેચ્યો હતો એના અંગેનો કેસ ચાલે છે. કલેક્ટર કેસ ચલાવી રહ્યા છે. આવતા દિવસોમાં નિર્ણય કરશે. એફ.એસ. દ્વારા નહિ, પણ જિલ્લા કચેરી દ્વારા તપાસ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં જણાવતા આનંદ થાય છે કે ભૂતકાળની ખનીજની નીતિ હતી એની સાપેક્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પારદર્શક નીતિ બનાવી છે. એના કારણે ગુજરાતની રોયલ્ટીની આવકમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયેલ છે માટે ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેન અને સમગ્ર ટીમને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એવો છે કે તલોદ તાલુકામાં રોયલ્ટીની આવક કેટલી થઇ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તલોદ તાલુકામાં છેલ્લા બે વર્ષની આવક જોઇએ તો ૨૦૧૪માં બ્લેકટ્રીપમાં ૯૨૨.૭૩ લાખ, રેતીમાં ૧૦૨૪.૯૫ લાખ આમ કુલ ૧૯૪૭.૬૮ લાખ આવક અને ૨૦૧૫માં બ્લેકટ્રીપમાં ૪.૯૧ લાખ અને રેતીમાં ૯.૯૮ લાખ એમ કુલ ૧૪.૮૯ લાખની આવક થઇ છે. આમ બે વર્ષની મળીને ૧૯૬૨.૫૭ લાખની આવક થઇ છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખાણનું અનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહ અટકાવવા તંત્રએ શું પગલાં લીધા છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌની ચિંતા છે કે ખનીજ ચોરી ઘટે અને રાજયની તિજોરીમાં આવક વધે. કયાંય કોઇ પ્રકારના છીંડા રહી ગયા હોય તો તે પૂરવાનું કામ રાજય સરકારનું છે અને તે અંગેના કેટલાંક આનુષાંગિક પગલાં લીધા છે. જેમાં ખનીજ ચોરીનું ઓવરલોડ ટ્રાન્સપોર્ટેશન રોકવા આરટીઓના ડેટાબેઝ સાથે આ ખાતાના ડેટાબેઝને સંકલિત કરેલ છે. જેથી વાહનની ક્ષમતા જેટલાજ જથ્થા સાથેના રોયલ્ટી પાસ ઇસ્યુ કરી શકાય. બીજું ખાતા દ્વારા જીઓ માઇન મોબાઇલ બેઝ એપ્લીકેશન વિકસાવવામાં આવેલ છે, જેના ઉપયોગથી લીઝ પરમીટ, સ્ટોક ઇન્સ્પેકશન કરી શકાય છે. તેમજ ખનન વહન કરતા વાહનોનું ચેકીંગ કરી સ્થળ પર વાહનના રોયલ્ટી પાસની ખરાઇ કરી શકાય છે. બોગસ રોયલ્ટી પાસ અટકાવવા ખાતા દ્વારા ખાસ પ્રકારના હોલોગ્રામ સાથેના સ્પેશ્યલ રોયલ્ટી પેપર પર રોયલ્ટી પાસ ઇસ્યુ કરવાનું પણ આયોજન થઇ ગયું છે. તેનું ઉદ્‌ઘાટન થઇ ગયું છે અને ગયા શનિવારે માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચ પણ થઇ ગયું છે. રાજયના બિનઅધિકૃત ખનીજ વહનને અંકુશમાં લાવવા સાત જગ્યાએ ચોવીસ કલાક કાર્યરત હોય તેવી ચેકપોસ્ટનું પણ આયોજન કર્યુ છે. આમ કરીને ચોવીસ કલાક ફરિયાદ થઇ શકે તેવો કંટ્રોલરૂમ તથા ટોલ ફ્રી નંબરની શરૂઆત કરવાનું આયોજન થયેલ છે. જેના કારણે ભવિષ્યમાં આ પ્રકારની ચોરીઓની કોઇ ફરિયાદ આવે તો તે અંગે તાત્કાલિક પગલાં લઇ શકાય અને રાજયને ફાયદો થઇ શકે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને તેમણે જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષની અંદર રોયલ્ટી ઇન્સ્પેકટર, માઇન્સ સુપરવાઇઝર અને સર્વેયરની સંયુકત ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવેલ નથી. લીઝ લેનાર લીઝ લેવા આવે છે ત્યારે પોતાની ઓફિસમાં, આપની ઓફિસમાં આવે છે અને પછી આપણે તેને લીઝ આપતા હોઇએ છીએ. બે-બે વર્ષ સુધી જેને લીઝ આપી છે તેવી ૧૩ લીઝમાંથી બે રદ કરી છે એટલે ૧૧ લીઝ હોલ્ડરો છે. તો આપના વિભાગનો કયો નિયમ છે કે જે બ્લોક આપેલ હોય તે બ્લોકની તે નિયમને આધીન ચકાસણી કરવા બંધાયેલો છે કે નહીં? આપ જે રીતે કહી રહ્યા છો કે ચકાસણી કરવામાં આવી જ નથી તો કયા કારણોસર આ ચકાસણી કરવામાં આવી નથી?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચકાસણી કર્યા બાદ બ્લોકની ફાળવણી થતી હોય છે. અહીં નથી લખેલ છે તે ભૂલ છે તે હું સ્વીકારું છું. ચકાસણી કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : શુદ્ધિપત્રકમાં આપ્યું છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શુદ્ધિપત્રકમાં આપેલ છે. જાહેરાત કરવી જોઇએ તે મારાથી રહી ગઇ છે.

### જુનાગઢ જિલ્લામાં ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની પડતર અરજીઓ

* ૨૪૨૧૯ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ભેંસાણ | ૩૧૩૩ |
| જુનાગઢ | ૧૬૩૨ |
| જુનાગઢ સિટિ | ૪૪ |
| કેશોદ | ૩૮૭૩ |
| માળિયા હાટીના | ૨૯૦૩ |
| માણાવદર | ૪૭૦૭ |
| માંગરોળ | ૩૨૩૯ |
| મેંદરડા | ૧૬૪૦ |
| વંથલી | ૨૯૭૫ |
| વિસાવદર | ૩૩૫૪ |

(૨) ઉકત સ્થિતિએ પડતર તમામ અરજીઓ નિકાલ કરી બાકી અરજદારો ને કયાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ઘ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલા વઘુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વીજ જોડાણની કેટલીક બાબતોના પ્રશ્નો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવા છે. અમારો જુનાગઢ જિલ્લો તે બોર આધારિત પિયત કરતો જિલ્લો છે. ત્યાં ૧૦૦૦ થી ૧૨૦૦ ફૂટ ઉંડેથી પાણી ખેંચીને ખેડૂતો પિયત કરતા હોય છે. આમાં પડતર અરજીઓનો જવાબ મળ્યો તો ૨૭૫૦૦ પડતર અરજીઓ છે એમ જણાવેલ છે. મારા વિસાવદર વિસ્તારમાં ૩૩૫૪ અરજી પડતર છે. જી.ઇ.બી. એવું કરે છે કે સબ ડિવિઝનવાઇસ ટાર્ગેટ આપે છે એમાં અમારે ત્યાં ડિવિઝનમાં મેં થોડી જાણકારી મેળવી તો એમાં જાણવા મળ્યું કે વર્ષે ૧૦૦ થી ૧૫૦ કનેકશન આપવાનું ટાર્ગેટ આપવામાં આવે છે. આ ૩૩૫૪ પેન્ડીંગ અરજી છે એને ભાગ્યા ૧૦૦ કરો એટલે ૩૩ વર્ષે વારો આવે. બાપાએ અરજી કરી હોય એ દીકરાને કનેકશન કામ આવે. આ મારી વ્યથા છે અને જી.ઇ.બી.ના કનેકશન માટે ઘણાં ખેડૂતો રાહ જોઇને બેઠાં છે. પહેલા A ટાઇપનું કનેકશન આપતા જે સીધી સર્વિસ આવતી હોય એને પ્રાયોરીટી મળતી હતી. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, અત્યારે ૬ લાખ અરજીઓ છે એમાંથી જૂનાગઢ જિલ્લામાં ૨૭,૫૦૦ અરજીઓ છે એમાં એવી કાંઇક પ્રયોરીટી બનાવો કે A ટાઇપનું કનેકશન સીઘુ ખેડૂતને મળી જાય જી.ઇ.બી.ને લાઇન ખર્ચ ન કરવો પડે અને એમાં એક C ટાઇપની કેટેગરી પણ થઇ શકે છે. C ટાઇપમાં એવું હોય છે કે C મોટું કરીને કનેકશન આપી શકાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ, આ કોઇ ઉર્જા વિભાગની માગણી ઉપરની ચર્ચા નથી. આ પ્રશ્નોતરી છે

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જી.ઇ.બી.નો જ પ્રશ્ન છે, જી.ઇ.બી.ના કનેકશન સાથે જોડાયેલો જ પ્રશ્ન છે બીજી કોઇ ચર્ચા જ નથી કરતો હું આ ગૃહમાં.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ, નહીં નહીં. બે મિનિટ થઇ ગઇ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સેટલમેન્ટના ગામડાંઓ છે અમારા ગીર બોર્ડરના અમારા જૂનાગઢ જિલ્લાના, સેટલમેન્ટના ગામડાંઓની અંદર ખેડૂત બિચારો આજે વર્ષોથી વીજ કનેકશન માગે છે એની અરજી પણ આજે સ્વીકારવામાં આવતી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનું માઇક બંધ કરો. હર્ષદભાઇ, આ પ્રશ્નોતરી છે કોઇ ઉર્જા વિભાગ ઉપરની માગણી પરની ચર્ચા નથી. આપને બે થી અઢી મિનિટ થઇ ગઇ છે એટલે આપ સીધા પ્રશ્નો ઉપર આવી જાવ, પ્લીઝ. માઇક ચાલુ કરો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વીજ કનેકશન ખેતી સાથે જોડાયેલા છે એ સિવાયની હું કોઇ ચર્ચા કરતો નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, ચર્ચા નથી કરવાની પ્રશ્ન પૂછો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આવા વધારે અરજીવાળા ડિવિઝનમાં કનેકશનનું ટાર્ગેટ વધારવા માગો છો કે કેમ? A ટાઇપ અને C ટાઇપ પ્રાયોરીટી અલગ કરવા માગો છો કે કેમ? સેટલમેન્ટના ગામોમાં વીજ કનેકશન આપતા નથી તો આપણે સોલાર સિસ્ટમ જે કરી છે એ સોલાર સિસ્ટમ આપવા માગો છો કે કેમ? જી.એસ.ઓ. ૬૯ એ સેટઅપ પરિપત્ર તમે કરવા માગા છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પાણીના તળ નીચા જવાને કારણે કેટલાક તાલુકાઓને આપણે ડાર્ક ઝોનમાં મૂકવા પડ્યા હતા એ સ્થિતિ ફરીથી ન સર્જાય એની પણ આપણે સૌએ પર્યાવરણની દ્રષ્ટિએ કાળજી લેવી પડે. બીજું માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે, તેઓ જે ચિંતા કરે છે એ ચિંતા રાજય સરકાર છેલ્લા ત્રણ વર્ષથી કરે છે. માનનીય હર્ષદભાઇ ભૂતકાળમાં તમારા સમયમાં એક વર્ષે કેટલા કનેકશનો મળતા હતા એની ગણતરી કરજો તો તમને ખ્યાલ આવશે. આજે એક વર્ષમાં એક લાખ કનેકશનો આ રાજય સરકાર ખેડૂતોને આપે છે. ભૂતકાળના તમારા આપેલ કનેકશનો સાથે એની સરખામણી કરીને જુઓ ૪.૮૮ લાખ કનેકશનો તમારા ૪૫ વર્ષના શાસનમાં આપેલા છે અને ૧૩ લાખ કરતા પણ વધારે કનેકશનો ૧૫ વર્ષમાં અમારી સરકારે આપેલા છે. એનો તમે તાળો મેળવો એટલે ખ્યાલ આવે કે ખેડૂતોની ચિંતા કોણ કરે છે? માત્ર ખેડૂત ખેડૂતની માળા જપવાથી ખેડૂતોનો ઉદ્ધાર થવાનો નથી, એને આનુષાંગિક પગલાં લઇને એને મદદરૂપ થઇ એની પડખે ઉભા રહીએ ત્યારે ખેડૂતને એનો ફાયદો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર આ રીતે ઝડપી કામો કરે છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને મારે અભિનંદન આપવા છે કે, મારા કેશોદમાં હેલ્થની હોસ્પિટલ જે ૩૦ બેડની હતી એ ૭૫

બેડની કરી આપી છે એ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સબ ડિસ્ટ્રીકટ કક્ષાની હોસ્પિટલ થશે (અંતરાય ) સાહેબ, હું ચાર મિનિટ નહીં બગાડું ફકત એક મિનિટ થશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન કયા વિષયનો છે આપને ખ્યાલ છે ? આ ઉર્જા વિભાગનો પ્રશ્ન ચાલી રહ્યો છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની અંદર વર્ષ વાઇઝ ૨૦૧૫ની સ્થિતિએ વીજ જોડાણ કેટલા આપવામાં આવ્યા ? એક એક વર્ષની મને તાલુકા વાઇઝ વિગત આપવામાં આવે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે જુનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ભેંસાણમાં ૨૦૧૩-૧૪માં ૩૭૫, ૨૦૧૪-૧૫માં ૪૦૨ અને ૨૦૧૫-૧૬માં ડિસેમ્બરની અંતિત તારીખે ૩૧૯, જુનાગઢમાં ૫૦૩, ૨૦૧૪માં ૫૫૧ અને ૨૦૧૫-૧૬માં ૪૪૩, જુનાગઢ સીટીમાં ૧૦ અને ૨૦૧૪-૧૫માં ૧૭, અને ૨૦૧૫-૧૬માં ૨૦, કેશોદમાં ૨૦૧૩-૧૪માં ૬૮૩, ૨૦૧૪-૧૫માં ૪૪૨, ૨૦૧૫-૧૬માં ૩૮૨, માળીયા હાટીના ૨૦૧૩-૧૪માં ૫૮૮, ૨૦૧૩-૧૪ અને ૧૫માં ૩૧૫, ૨૦૧૫-૧૬માં ૪૭૪. માણાવદરમાં ૨૦૧૩-૧૪માં ૮૯૭, ૨૦૧૪-૧૫માં ૧૦૦૦ અને ૨૦૧૫-૧૬માં ૮૭૮, માંગરોળ ૨૦૧૩-૧૪માં ૭૮૬, ૨૦૧૪-૧૫માં ૮૯૨, ૨૦૧૫-૧૬માં ૮૧૮, મેંદરડામાં ૨૦૧૩-૧૪માં ૩૨૪, ૨૦૧૪-૧૫માં ૩૫૪ અને ૨૦૧૫-૧૬માં ૩૧૬, વંથલીમાં ૬૧૯, ૨૦૧૪-૧૫માં ૬૪૯ અને ૨૦૧૫-૧૬માં ૬૦૩, વિસાવદરમાં ૬૦૭, ૨૦૧૪-૧૫માં ૬૩૮ અને ૨૦૧૫-૧૬માં ૫૮૩ આમ, કુલ મળીને ૨૦૧૩-૧૪માં ૫૩૯૨, ૨૦૧૪-૧૫માં ૫૨૬૦ અને ડિસેમ્બર સુધીમાં ૨૦૧૫-૧૬માં ૪૮૩૬ કનેકશનો જુનાગઢ જિલ્લામાં આપવામાં આવ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મેં એક પ્રશ્ન પૂછયો હતો ઉર્જા નિગમ, રાજયમાં ઓછી માગ હોવાના સમયે બહારના રાજયમાં આપણે વીજળી વેચીએ છીએ. એકબાજુ ખેડૂતોની ૨૭,૫૦૦ અરજીઓ હોય અને ગુજરાત સરકાર તેમ કહેતી હોય કે અમારી પાસે માગ નથી માટે અમે રાજયની બહાર વેચીએ છીએ ત્યારે મારે આ સરકારને કહેવું છે કે પહેલા ખેડૂતોને વીજળી આપ્યા પછી આપ બહાર વેચવા માગો છો કે કેમ ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અનેક વખત કહી ચૂકયો છું કે ભૂતકાળમાં તમે જો ખેડૂતની ચિંતા કરી હોત તો આજે આપ ત્યાં ના હોત (અંતરાય) જવાબ જ આપુ છું ૧૯૮૫-૮૬માં જયારે ખેડૂતોનો પોતાના ખેતરમાં પાક સૂકાતો હતો ત્યારે રસ્તા ઉપર આવ્યા એ વખતે તમે જો ગોળીઓ ના મારી હોત અને વીજળી આપી હોત તો આ પ્રશ્ન ઉપસ્થિત ના થાત.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે, ખેડૂતને જે વીજળી આપવામાં આવે છે તે સાયન્ટીફિકલી ત્રણ પાળીની અંદર આઠ આઠ કલાક આપવામાં આવે છે. જેના કારણે લગભગ ૧૬ હજાર મેગાવોટ પર ડે વીજળી આજે અપાય છે. સાડા પાંચ હજાર મેગાવોટ આઠ કલાકમાં અપાય છે. એ વીજળીમાં જો તમે કંઇ ડિસ્ટર્બ કરો તો આઠ કલાક જે પૂરા હોલ્ટથી અમે વીજળી આપીએ છીએ તે આપી શકાય નહીં. એના કારણે જયારે સરપ્લસ હોય માનો કે ચોમાસું થયુ અને વીજળીનો વપરાશ નથી અને વીજળી સરપ્લસ છે અને બીજા રાજયોમાં પાડોશી રાજયોમાં વીજળીની ખાધ હોય તો આપણે વીજળી વેંચવા માટે બેઠા છીએ. વીજળી ઉત્પન્ન થાય અને તરતજ જો જતી રહે તો એની નુકસાની આપણને સૌને જવાની છે. એટલા માટે સમયમાં દસ દિવસ, પંદર દિવસનો આ ગાળો હોય અને આવશ્યકતા બીજા રાજયોમાં હોય ત્યારે આપણે વીજળી વેંચીએ છીએ.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માળીયા તાલુકામાં ૨૯૦૩ અરજીઓ બાકી છે અને માંગરોળમાં ૩૨૩૯ છે. હવે આ સંયુકત કૂવામાં જયારે બે કનેકશન માગવામાં આવે ત્યારે બીજા કનેકશનમાં ગમે તે વાંધા કરે અને બીજુ કનેકશન આપતાં નથી તો આ કનેકશન આપવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન મારો એ છે કે, જયારે સંમતિ પત્રક લેવાનું હોય તો એ સમયે ભાઇઓએ સંમતિપત્રક આપી દીધેલું હોય પણ આપણા સમયમાં વીસ વર્ષમાં પાંચ દસ વર્ષે કનેકશન મળે છે તો ત્યારે પાણીના હિસાબે ભાઇઓભાઇઓમાં પણ મનદુઃખ થયું હોય તો બીજી વખત સંમતિ આપતા નથી, એટલે આ સંમતિ ના આપે અને ખોટી રીતે ખેડૂતોને હેરાન કરે તો આ માટે પણ સંમતિપત્રકની જરૂર ન હોય એવું આપ કરવા માગો છો કે કેમ? અને આ પ્રશ્ન માટે ખબર ન પડી હોય તો આપ તો ખેડૂત છો અને આપે પાણી વાળેલું છે, તો મારા પ્રશ્નને થોડીક દાદ આપીને કામ કરજો એવી વિંનતી સાથે આપને પ્રશ્ન પૂછું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક કૂવામાં કે એક સરવે નંબરમાં બે કનેકશનની જે વાત છે, એમાં ભાઇઓ ભાગ થઇ ગયા હોય, એ અલગ થઇ ગયા હોય, બેના નંબર અલગ હોય, ૭(૧૨)માં નામ અલગ હોય તો એવા કનેકશનો અલગથી આપવામાં આવે છે. બીજું એક કૂવામાં જયારે બે કનેકશનની વાત હોય ત્યારે બોર ખાતેદાર છે, જેનું કૂવામાં કનેકશન ચાલુ છે, એનો વાંધો ના હોય તો આપણે આપી શકીએ, એનો વાંધો હોય તો એ બે ભાઇઓ હોય તો એ બે ભાઇઓની જવાબદારી છે. એમાં જીઇબી કંઇ કરી શકે નહીં એના માટે સંમતિપત્રક આવશ્યક છે.

બનાસકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન કામો માટે રકમ ફાળવવા બાબત

* ૨૪૨૨૮ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નિર્મળ ભારત અભિયાન અંતર્ગત કયા કામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નિર્મળ ભારત અભિયાન અંતર્ગત વ્યક્તિગત શૌચાલયના કામો માટે નીચે જણાવ્યા મુજબ રકમ ફાળવવામાં આવી તા.૩-૧૦-૨૦૧૪ |

થી સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અમલમાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | નિર્મળ ભારત અભિયાન–વર્ષ ૨૦૧૪ તા.૧–૧–૧૪ થી તા.૨–૧૦–૧૪ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૨૦.૦૦ |
| ૨ | ભાભર | ૦.૦૦ |
| ૩ | દાંતા | ૧૦.૦૦ |
| ૪ | દાંતીવાડા | ૨૫.૦૦ |
| ૫ | ડીસા | ૧૬૦.૦૦ |
| ૬ | દિયોદર | ૦.૦૦ |
| ૭ | ધાનેરા | ૧૪૦.૦૦ |
| ૮ | કાંકરેજ | ૫૦.૦૦ |
| ૯ | પાલનપુર | ૦.૦૦ |
| ૧૦ | થરાદ | ૦.૦૦ |
| ૧૧ | વડગામ | ૫૦.૦૦ |
| ૧૨ | વાવ | ૫૦.૦૦ |
| | કુલ | ૫૦૫.૦૦ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર કયા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર વ્યક્તિગત શૌચાલયના કામો માટે નીચે જણાવ્યા મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકો | નિર્મળ ભારત અભિયાન–વર્ષ ૨૦૧૪ તા.૧–૧–૧૪ થી તા.૨–૧૦–૧૪ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૩.૯૭ |
| ૨ | ભાભર | ૬.૪૨ |
| ૩ | દાંતા | ૧૨.૪૧ |
| ૪ | દાંતીવાડા | ૨૦.૮૮ |
| ૫ | ડીસા | ૬૪.૩૦ |
| ૬ | દિયોદર | ૮.૦૮ |
| ૭ | ધાનેરા | ૧૯.૩૨ |
| ૮ | કાંકરેજ | ૪૧.૨૩ |
| ૯ | પાલનપુર | ૨૭.૭૧ |
| ૧૦ | થરાદ | ૨૪.૨૨ |
| ૧૧ | વડગામ | ૫૩.૮૨ |
| ૧૨ | વાવ | ૮.૨૮ |
| | કુલ | ૨૯૦.૬૪ |

(૩) ઉકત કામો કઈ એજન્સી મારફતે કરવામાં આવ્યા અને એજન્સીવાર કેટલી રકમ ચુકવવામાં આવી ?

(૩) ઉકત કામો જે એજન્સી મારફતે કરવામાં આવ્યા અને એજન્સીવાર જે રકમ ચુકવવામાં આવી તે અંગેનું પરિશિષ્ટ–અ સામેલ છે.

પરિશિષ્ટ–અ

સંસ્થાઓને ચૂકવેલ રકમની વિગત

| ક્રમ | તાલુકો | વર્ષ | સંસ્થાનું નામ | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ધાનેરા | ૨૦૧૩–૧૪ | શ્રી ખોડીયાર વિકાસ ટ્રસ્ટ માંડવી | ૧૧,૫૪,૬૦૦.૦૦ |
| ૨ | ધાનેરા | ૨૦૧૩–૧૪ | પ્રમુખ, સ્વામી વિવેકાનંદ સેવા ટ્રસ્ટ, માંડવી, તા. સમી | ૪,૧૪,૦૦૦.૦૦ |

| ક્રમ | તાલુકો | વર્ષ | સંસ્થાનું નામ | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| ૩ | ડીસા | ૨૦૧૪–૧૫ | શ્રી ખોડીયાર વિકાસ ટ્રસ્ટ માંડવી | ૯,૮૮,૨૦૦.૦૦ |
| ૪ | ડીસા | ૨૦૧૪–૧૫ | શ્રી ખોડીયાર વિકાસ ટ્રસ્ટ માંડવી | ૭,૪૫,૨૦૦.૦૦ |
| ૫ | ડીસા | ૨૦૧૪–૧૫ | શ્રી ખોડીયાર વિકાસ ટ્રસ્ટ માંડવી | ૧૧,૩૧,૬૦૦.૦૦ |
| | | | કુલ | ૪૪,૩૩,૬૦૦.૦૦ |

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની અંદર વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નિર્મળ ભારતી અભિયાન અંતર્ગત કયા કામો કરવામાં આવ્યા, બીજું મારે એ જાણવું છે કે, દિયોદર અને ભાભર તાલુકાની અંદર આ ગ્રાન્ટ ફાળવવામાં નથી આવી તો કયા કારણસર આ ખર્ચો બતાવવામાં આવ્યો છે અને જો ખર્ચો પડયો હોય તો બનાસકાંઠા જિલ્લાની અંદર ગેરરીતિની સરકારને ખબર હોય અને જો ના ખબર હોય તો ગેરરીતિ કરી હોય એમના સામે કાયદેસરનાં પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં છેલ્લા બે વર્ષમાં ૫ કરોડ ૫ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને એમાંથી ૨ કરોડ ૯૦ લાખ રૂપિયાનું ચૂકવણુ થયું છે, એમાંથી માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, જે ચૂકવણુ થયું છે એમાં કોઇ સંસ્થાએ કામગરી કરી હોય અને ચૂકવણું કર્યું છે કે કેમ, તો બે સંસ્થાએ આ કામગીરી કરી છે અને એ બે સંસ્થા ઉપર કાયદેસરનો પોલીસ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને આજે એ તપાસ ચાલે છે અને હજી એ સંસ્થાની અંદર ગેરરીતિ જણાશે તો રાજય સરકાર આ બાબતમાં કોઇ પણ બાંધછોડ કરવામાં સહમત નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે બાબત મારે જાણવી છે, મુદ્દા નંબર એક કે હમણાં જ ડિઝલનો ભાવ વધ્યો અને મોંઘવારી વધી તો આની અંદર વ્યકિતગત શૌચાલયમાં કોઇ વધારો આપ કરવા માગો છો કે કેમ? બીજો મુદ્દો એ છે કે, આ સુંદર કામગીરીની અંદર જે ખરાબ એજન્સી આવી અને એને કામ આપ્યું તો એ રદ કરીને નવી એજન્સીને કામ આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે, ડીઝલ અને પેટ્રોલના ભાવ વધ્યા તો આમાં કંઇ વધારો કરવા માગો છો કે કેમ? આ સન્માનનીય ગૃહનું મારે ધ્યાન દોરવું છે કે, ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં ૬૨૫ રૂપિયા હતા, ૨૦૦૭થી ૨૦૧૦ સુધીમાં ૧૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા, ૨૦૧૨ થી ૨૦૧૩ સુધીમાં ૪૬૦૦ રૂપિયા કરવામાં આવ્યા. આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ દેશના વડાપ્રધાનને શૌચાલયમાં વધારો કરવા માટે, હું તો એમ કહું છું કે, આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીના પત્ર આધારે સમગ્ર દેશને ફાયદો થયો છે. આજે ૨૦૧૪ની અંદર તા. ૨–૧૦–૨૦૧૪ની અંદર ૧૨૦૦૦ રૂપિયાનો વધારો કરીને આ કામગીરી થઇ રહી છે. મેં અગાઉના જવાબમાં કહ્યું કે ભૂતકાળના બધા લોકો બેઠા છે કયાંકને કયાંક કામગીરી થતી હતી પણ આજે હું ચોક્કસપણે કહીશ કે એકે એક જિલ્લાની કામગીરી ઉપર કલાસ–૧ના અધિકારીઓને સાથે રાખીને મોનિટરીંગ કરી રહ્યા છીએ. કોઇપણ સંસ્થા સારી કામગીરી કરતી હોય તો એને રાજય સરકાર બિરદાવે પણ છે. પરંતુ તેમ છતાં કોઇપણ સંસ્થા શૌચાલયો બનાવવામાં ખોટું કરશે તો અમે એને કયાંક છોડવાના મતના નથી.

શ્રી પરબતભાઇ સ. પટેલ : બનાસકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અંતર્ગત શૌચાલયો બનાવવા પાછળ કેટલો ખર્ચ થયો છે ? મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ શૌચાલયો બનાવવામાં આવે છે એમાં એ.પી.એલ. શૌચાલયો અને બી.પી.એલ. શૌચાલયો સન ૨૦૧૪માં તાલુકા દીઠ કેટલા બનાવવામાં આવ્યા?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : બી.પી.એલ અને એ.પી.એલ.ની વાત કરું તો અમીરગઢમાં બી.પી.એલ. ૧૦૮, એ. પી.એલ. ૮૦૭ એમ કુલ ૯૧૪, ભાભરની અંદર બી.પી.એલ. ૭૮, એ.પી.એલ. ૯૪૫ એમ કુલ ૧૦૨૩, દાંતાની અંદર બી.પી.એલ. ૧૨૧, એ.પી.એલ. ૧૧૮૦ કુલ ૧૩૦૧, દાંતીવાડામાં બી.પી.એલ. ૭૫,એ.પી.એલ. ૧૧૩૦, કુલ ૧૨૦૫, ડીસામાં બી.પી.એલ. ૬૨, એ.પી.એલ. ૨૧૭૦, કુલ ૨૨૩૨, દીઓદરમાં બી.પી.એલ. ૫૩, એ.પી.એલ. ૧૨૬, અને કુલ ૧૫૭૯, ધાનેરામાં બી.પી.એલ.૧૦૪, એ.પી.એલ.૧૪૦૧ અને કુલ ૧૫૦૫, કાંકરેજમાં બી.પી.એલ. ૮૮, એ.પી.એલ. ૮૮૯, કુલ ૮૮૬, પાલનપુરમાં બી.પી.એલ. ૧૧૦, એ.પી.એલ. ૧૪૧૦, કુલ ૧૫૨૦, થરાદમાં બી.પી.એલ. ૯૭, એ.પી.એલ. ૧૧૮૯, કુલ ૧૨૮૬, વડગામની અંદર બી.પી.એલ.૧૧૧, એ.પી.એલ. ૧૮૪૫, કુલ ૧૯૫૬, વાવની અંદર બી.પી.એલ. ૧૧૫, એ.પી.એલ. ૧૫૮૮, કુલ ૧૭૦૩ એમ કુલ ૧૧૨૨, ૧૫૯૮૮ ટોટલ ૧૭૦૧૦.

શ્રી ગોવાભાઇ હ. રબારી : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ટ્રસ્ટોએ કામ કર્યું છે એને શૌચાલય સિવાયની કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે અને બીજું આ શૌચાલય પોતે માલિક જ બનાવે તો આ ટ્રસ્ટોને કેમ આપવા પડ્યા? ચાર તાલુકામાં ગ્રાન્ટ ઝીરો બતાવવામાં આવેલ છે જયારે ખર્ચ બતાવેલ છે. તો આ નિર્મળ ભારતની ગ્રાન્ટ છે કે બીજી કોઇ ગ્રાન્ટમાંથી બનાવ્યા છે? આ જે ગ્રાન્ટ વાપરી છે એમાં શૌચાલય વાઇઝ કેટલી ગ્રાન્ટ વાપરી છે. કામો અધુરા કર્યા છે કે નથી કર્યા અને પૈસા અપાઇ ગયા છે તો કયાં સુધી તપાસ ચાલશે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : બે ટ્રસ્ટો છે. એણે કામગીરી કરી છે અને લગભગ ૧૫૦૦ જેટલા શૌચાલયો છે. ૪૪ લાખ રૂપિયાનું પેમેન્ટ છે. પોલીસ તપાસ કરી રહી છે. ૧૫૦૦ ઘર સુધી પહોંચવું પડે છે કાલેજ મેં એસ.પી. સાથે વાત કરી હતી, એમાં સો ટકા ગતિ છે જે લાભાર્થીઓની યાદી આપી છે એનો જવાબ ન આવે અને સ્થળ તપાસ ન થાય, એમના નિવેદનો

ન લેવાય ત્યાં સુધી તપાસ પૂરી ન થાય. તેમ છતાં આ બે સંસ્થાઓ ઉપર એફ. આઇ.આર. દાખલ કરવામાં આવેલ છે. ચાર તાલુકામાં ઝીરો બતાવેલ છે અમે ટી.ડી.ઓ.ને સ્પષ્ટપણે કહીએ છીએ કે કામગીરીની જરૂર હોય તો ડિમાન્ડ મોકલો, જો ડિમાન્ડ આવે તો જિલ્લા મથકેથી તાલુકા મથકે પૈસા મોકલવામાં આવતા હોય છે.

વલસાડ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રોજેક્ટ મંજુર કરવા બાબત

* ૨૫૪૨૬ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રોજેક્ટ મંજુર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૩ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૬૦૫૩.૦૦ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકા | વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૧૦૨૪૩.૪૦ |
| ૨ | કપરાડા | ૫૮૦૯.૬૦ |
| | કુલ | ૧૬૦૫૩.૦૦ |

(૩) તે પાછળ વર્ષવાર તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જિલ્લા સંકલિત જળસ્ત્રાવ કાર્યક્રમ હેઠળ ૧૬૦૫૩ હેક્ટર આવરી લેવામાં આવેલ હતો. પરંતુ સરકારે આ બે વર્ષમાં એક પણ રૂપિયાનો ખર્ચ કરેલ નથી. આમાં કેન્દ્ર સરકારનો ફાળો કેટલો અને રાજય સરકારનો ફાળો કેટલો, આ બે વર્ષ સુધી ખર્ચ ન કરવાના કારણો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : આ સાત વર્ષની યોજના છે. ૧૬ હજાર હેકટરમાં ત્રણ પ્રોજેકટ આવરી લીધા છે. આના ડી.પી.આર. બને. આની મંજૂરી મળે. આની કામગીરી થાય. પહેલાં બે વર્ષ સુધી તો એન્ટ્રી પોઇન્ટ અને કાયદેસર તેના ડી.પી.આર. બનતા હોય છે. ભારત સરકારમાંથી તેની મંજૂરી મળતી હોય છે. મંજૂરી મળ્યા પછી જે ત્રણ પ્રોજેકટ અપાઇ ગયા છે. ૧૬૦૦ હેકટર જમીનનો સમાવેશ કર્યો છે તેને ૧૦૦ ટકા લાભ મળશે પણ આ સાત વર્ષનો પ્રોજેકટ છે. સાત વર્ષની અંદર કામગીરી થતી હોય છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વોટરશેડ યોજનામાં ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓની વિશેષ ભાગીદારી રાખવામાં આવેલ છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : આ પ્રોજેકટની અંદર જે ૧૦ ટકા ખેતી સમથળ કરવા માટે ખેડૂતો પોતાના વ્યક્તિગત ખેતરોમાં કામ કરવા માટેની યોજના છે તેમાં સામાન્ય લોકોના ૧૦ ટકા લેવાતા હોય છે. અનુસૂચિત જાતિના ૫ ટકા લેવાતા હોય છે. પાણી રોકવા માટેના પોતાના વ્યક્તિગત આયોજન કરે તેમાં સામાન્ય માણસ પાસેથી ૨૦ ટકા લેવાતા હોય છે અને અનુસૂચિત જાતિના ૧૦ ટકા લઇએ છીએ.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારમાંથી ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં કોઇ ગ્રાન્ટ મળી કે નહીં?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : આ પ્રશ્ન છે તે ગ્રાન્ટનો નથી. આ પ્રશ્ન પ્રોજેકટનો છે. જનરલ ગ્રાન્ટ આવે છે. કોઇ પ્રોજેકટવાઇઝ કે જિલ્લાવાઇઝ ગ્રાન્ટ આવતી નથી. અમે કહીએ છીએ કે છેલ્લા બે વર્ષમાં જે ટોટલ ૧૯ પ્રોજેકટ ચાલે છે. આગળના જે પ્રોજેકટ ચાલે છે તેમાં છેલ્લા બે વર્ષમાં ખર્ચ કર્યો છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે સંકલિત જળ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત કામોને પારદર્શક બનાવવા સરકારે કયા કયા પગલાં લીધા અને આ યોજનાથી કયા કયા લાભો થાય છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય નરેન્દ્રભાઇ દેશના વડાપ્રધાન બન્યા પછી આ યોજનામાં ૨૦૧૫માં તેનો હેતુ સુધારવામાં આવ્યો છે. આ યોજનાને કૃષિ સાથે જોડવામાં આવી છે. આ યોજનાને ૬૦ ટકા કૃષિ સાથે જોડીને કામ લેવાથી ખેડૂતોને ફાયદો થાય અને ખેડૂતોને પાણી માટેનો કમાન્ડ એરિયા વધે, ખેડૂતોની પ્રગતિ થાય અને આ યોજનાનો મૂળ હેતુ એવો છે કે ગામડાંમાં જે લોકોનું સ્તર નીચું છે એ ઉંચુ લાવવા માટે ભારત સરકારનો અને રાજય સરકારનો ઉદ્દેશ છે.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં આ પ્રોજેકટ મંજૂર થયા છે તો શરૂઆતમાં એન્ટ્રી પોઇન્ટ એકટીવીટી માટે કામગીરી ચાલતી હોય છે તો આ કામગીરી માટે કોઇ ખર્ચો કરવામાં આવે છે કે કેમ**?**

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : જે પ્રોજેકટ મંજૂર થયો છે તેમાં એન્ટ્રી પોઇન્ટના કામ હવે પછી શરૂ થવાના છે. છેલ્લા બે વર્ષમાં આ ત્રણ પ્રોજેકટ પાછળ ખર્ચો થયો નથી. તેના ડી.પી.આર. બની ગયા, તેનું આયોજન થઇ ગયું, આ યોજનામાં ૫,૦૦૦ હેકટર જમીન સાથેની લેવા દેવા છે. ૫,૦૦૦ હેકટર જમીનનો કાયદેસર સરવે કરવો પડે છે. આ એક પ્રોજેકટમાં છ લોકો કામ

કરતા હોય છે. આની કાયદેસર ગાઇડ લાઇનમાં જ જોગવાઇ છે કે પહેલાં બે વર્ષની અંદર આ કામગીરી કરવાની રહેતી હોય છે. હવે આમાં એન્ટ્રી પોઇન્ટના કામ શરૂ કરવામાં આવશે.

મહીસાગર જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૨૫૧૧૩ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૨ |
| વર્ગ–૨ | ૯૧ |
| વર્ગ–૩ | ૧૨૦૯ |
| વર્ગ–૪ | ૨૧૪ |
| કુલ | ૧૫૨૬ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૮ | ૪ |
| વર્ગ–૨ | ૫૫ | ૩૬ |
| વર્ગ–૩ | ૭૮૬ | ૪૨૩ |
| વર્ગ–૪ | ૩૨ | ૧૮૨ |
| કુલ | ૮૮૧ | ૬૪૫ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ–૧ | ૪ |
| વર્ગ–૨ | ૩૬ |
| વર્ગ–૩ | ૩૮૭ |
| વર્ગ–૪ | ૧૮૨ |
| કુલ | ૬૦૯ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લો નવો બનેલો જિલ્લો છે અને મોટા ભાગનો વિસ્તાર આદિવાસી વિસ્તાર છે. વિકાસના મોટા ભાગના કામો જિલ્લા પંચાયત અને એના તાબાની કચેરીઓ મારફતે થાય છે. એવા સંજોગોમાં જિલ્લા પંચાયતનું મહેકમ મહત્તમ અથવા પૂરેપૂરું ભરાયેલ હોય એ જરૂરી છે. આ જવાબમાં ૬૪૫ જગ્યાઓ ખાલી છે અને એમાંથી ૬૦૯ જગ્યાઓ તો એક વર્ષ ઉપરથી ખાલી છે. આ જગ્યાઓ ભરવા માટેના જવાબમાં જણાવ્યું છે કે દસ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવામાં આવશે. કોઇપણ કેડરની જગ્યાઓ બે રીતે ભરવાની થાય છે. એક પ્રમોશનથી અને સીધી ભરતીથી જગ્યાઓ ભરાય છે. આમાં પ્રમોશનથી જગ્યાઓ ભરવાનો કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અમારો જિલ્લો મહીસાગર બે જિલ્લામાંથી અમુક ભાગ છૂટો પાડીને બનાવવામાં આવેલ છે. આ બે જિલ્લામાંથી કેટલી કેડર છૂટી પાડવાની થાય છે? કેટલી કેડરના અલગ સિનિયોરીટી લિસ્ટ બનાવવાના થતા હતા એ લિસ્ટ બનાવવામાં આવ્યા છે? એની સામે જે તે કેડરમાં કેટલી બઢતી આપવામાં આવી? આવી કેડર છૂટી પાડવામાં ન આવી હોય તો જે તે જિલ્લાના અધિકારીઓને પ્રમોશન આપીને આ જગ્યાઓ ભરવા માગો છો કે કેમ? દસ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવવામાં આવ્યું છે તો એ જિલ્લાની યોજનાઓનો અમલ પણ દસ વર્ષ સુધી ચાલુ રહેશે? આ યોજનાઓને અસર થશે કે કેમ એ કાંઇ ખબર પડતી નથી. મારે મંત્રીશ્રીને સ્પષ્ટ પૂછવું છે કે વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ રાજ્ય કક્ષાએથી ભરવાની થાય છે. રાજ્ય કક્ષાએ માત્ર પંચાયત વિભાગ નહીં પણ અલગ અલગ વિભાગમાંથી ભરવાની થતી હોય છે. આવી જગ્યાઓ ભરવા માટે પંચાયત વિભાગે શું કાર્યવાહી કરી?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૬૪૫ જગ્યાઓ ખાલી છે. આ જિલ્લો નવો બનેલો છે. એની અંદર ક્લાસ–૪ની જગ્યાઓ ગણીએ તો વધારે ભરાયેલ છે. રાજ્ય સરકારનો ઉદ્દેશ છે કે ક્લાસ–૪ની જે કામગીરી લેવામાં આવતી હોય છે એ કરાર આધારિત અને આઉટ સોર્સીંગથી ભરી લેતા હોઇએ છીએ. નવો જિલ્લો બન્યો છે એટલે વહેલામાં વહેલી તકે આ જગ્યાઓ ઉપર ભરતી કરીશું. આ અગાઉ પણ ગૃહમાં મેં જણાવેલ છે કે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ભરતી કેલેન્ડર પ્રમાણે જે ભરતી થાય છે એમાં

એક સાથે ત્રણ વર્ષની જગ્યાઓ ભરવાનો મહત્ત્વનો મોટો નિર્ણય લીધો છે. આ બે જિલ્લામાંથી વિભાજીત થયેલો જિલ્લો છે. ખેડા જિલ્લામાંથી વર્ગ–૨ની ૧૪ જગ્યાઓ, વર્ગ–૩ની ૨૨૭ જગ્યાઓ અને વર્ગ–૪ની ૬૨ જગ્યાઓ મળી કુલ ૩૦૩ જગ્યાઓ આવી છે. પંચમહાલ જિલ્લામાંથી વર્ગ–૨ની ૬૩, વર્ગ–૩ની ૯૪૬ અને વર્ગ–૪ની ૧૫૨ જગ્યાઓ મળી કુલ ૧૧૬૧ જગ્યાઓ ફાળવવામાં આવી છે. પરંતુ ક્યાંકને ક્યાંક સેટઅપ મુજબની જગ્યાઓ ઘટે છે. એ ઘટેલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે નવું મહેકમ મંજૂર કર્યું છે. વર્ગ–૧ની ૧૨ જગ્યાઓ, વર્ગ–૨ની ૧૪ જગ્યાઓ અને વર્ગ–૩ ની ૩૬ જગ્યાઓ મંજૂર કરી છે અને એ રીતે સભ્યશ્રીની ચિંતા છે એમાં જિલ્લા પંચાયતની અંદર ૧૦૦ ટકા જગ્યાઓ ભરવા માટેની ૩ વર્ષની મંજૂરી આપી છે. આપણા બધાનો આશય છે કે જિલ્લા પંચાયતનું માળખું ગામડાં સાથે જોડાયેલ છે. ગામડાંની પ્રગતિ કરવા માટે અને ગામડાંના વિકાસને દિશા મળે એ માટેની રાજ્ય સરકારની ચિંતા છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૩ ની ૩૮૭ જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે. વર્ગ–૪ની ૧૮૨ જગ્યાઓ એટલે લગભગ ૩૫ થી ૪૫ ટકા સુધી આ જગ્યાઓ ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જ સરકારે ભૂતકાળમાં વર્ગ–૩ની જગ્યાઓ મેરીટના આધારે પણ ભરી. અત્યારે ત્રીજા વર્ગમાં પરીક્ષા લઇને જયારે ભરતી કરવાની વાત આવે છે ત્યારે કેટલાક પ્રશ્નો એવા ઉભા થાય છે કે આખી પરીક્ષા રદ કરવી પડે છે. આ રાજયની અંદર શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ એટલું બધું છે એ સંજોગોમાં ભૂતકાળમાં સરકારે જે રીતે ત્રીજા વર્ગની ભરતી કરી હતી એ રીતે કરવા માગે છે કે કેમ? અને બીજું ચોથા વર્ગની ભરતી કરવા માટે તો સામાન્ય રીતે જેટલા માણસો જોઇએ એટલા મળે છે અને આ જગ્યાઓ ખાલી રાખવી જોઇએ નહીં. પંચાયતના કામોને આનાથી ઘણી માઠી અસર પડે છે. કામની ગુણવત્તા જળવાતી નથી. ગેરરીતિઓ પણ મોટા પ્રમાણમાં થતી હોય છે ત્યારે ભૂતકાળમાં આ જ સરકારે જે રીતે ત્રીજા વર્ગના કર્મચારીઓની ભરતી કરી હતી એ રીતે કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પૂછયું કે અન્ય વિભાગોની જગ્યાઓ કેટલી ખાલી છે, મેં મારા બજેટ પ્રવચનમાં પણ કહ્યું હતું કે પંચાયત વિભાગ એવો વિભાગ છે કે જે અન્ય વિભાગોની સેવા સાથે જોડાયેલો વિભાગ છે. મેં એ વખતે એમ પણ કહ્યું હતું કે ૧૮,૨૮૭ કરોડની પંચાયત વિભાગને અન્ય વિભાગોની સેવામાંથી મળેલી કામગીરી પંચાયતે કરવાની છે. જે બીજા વિભાગોની વર્ગ–૧ની ૯ જગ્યાઓ ખાલી છે, વર્ગ–૨ની ૮૪ જગ્યાઓ ખાલી છે. વહેલામાં વહેલી તકે આ જગ્યાઓ ભરવા માટે જી.પી.એસ.સી.માં તમામ વિભાગની માગણીઓ છે અને આ કામગીરી ચાલુ છે અને છતાં મારા જિલ્લાકક્ષાએથી મેં તમામ મંત્રીઓને પત્ર લખ્યા છે કે આપના વિભાગની આ જગ્યાઓ ભરી દો. બીજો એમનો વિષય છે કે કલાસ–૩ની જગ્યા જેમ ભરો છો એમ વર્ગ–૪ની જગ્યા ભરવા માગો છો એ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહીસાગર જિલ્લામાં તલાટી–કમ–મંત્રીની કેટલી જગ્યા મંજૂર મહેકમ સામે ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓની ટકાવારી શું છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિધાનસભામાં તમામ સન્માનનીયશ્રીઓનું ઘ્યાન દોરવા માગુ છું. આપણે ઘણી વખત ચર્ચા કરતા હોઇએ છીએ કે રાજયમાં તલાટીઓની જગ્યા ખાલી છે. એક તલાટી ચાર ગામનો ચાર્જ સંભાળે છે, એક તલાટી ત્રણ ગામનો ચાર્જ સંભાળે છે આ વાત અહીંયા થઇ રહી છે, આ સન્માનનીય ગૃહના સભ્યોનું મારે ઘ્યાન દોરવું છે કે આજે આખા રાજયનો જે તલાટીનો સેટઅપ છે એ સેટઅપની અંદર ૨૦.૫૦ની જ ઘટ છે. જે ચાર–ચાર ગામનો ચાર્જ આપવાની વાતો થાય છે આજે કોઇપણ માનનીય સભ્ય એમના જિલ્લા પંચાયતની અંદર તપાસ કરી લે (અંતરાય) આ જિલ્લાનો જવાબ આપી રહ્યો છું આ જિલ્લામાં તલાટીના મહેકમની જગ્યા ૨૩૫ છે એમાં ૧૯૩ જગ્યા ભરાયેલી છે. સ્પષ્ટપણે કહુ છું અમે જિલ્લામાં ડી.ડી.ઓ.શ્રીને સૂચના આપી છે તમામ તાલુકામાં સમાંતર જગ્યા રહે. આજે કોઇપણ ધારાસભ્ય મને જો આવી ફરિયાદ કરશે કે મારા તાલુકામાં વધારે ઘટ છે તો એનો તરત નિકાલ કરીશું. તમારા વખતમાં આ જગ્યા ભરવાની ચિંતા નથી કરી. બે વર્ષમાં ૩૬૦૦ તલાટીની ભરતી કરવામાં આવેલ છે. ભૂતકાળમાં કયારેય આવો ઇતિહાસ નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહું કે વાસ્તવિક પરિસ્થિતિનો જો સ્વીકાર કરીએ તો કલાસ–૧માં કે જયાં તમે આઉટ સોર્સીંગ નથી કરતા, કલાસ–૧માં ૮ ભરાયેલા સામે ૪ ખાલી એટલે ભરાયેલાના પ્રમાણમાં ૫૦ ટકા થાય, કલાસ–૨માં ૫૫ સામે ૩૬ ખાલી, કલાસ–૩માં ૭૮૬ સામે ૪૨૩ ખાલી, અને કલાસ–૪માં માત્ર ૩૨ ભરાયેલી અને ૧૮૨ ખાલી, આઉટ સોર્સીંગ એ શોષણ છે. આ આદિવાસી જિલ્લો છે, આદિવાસી યુવાનને ડાયરેક એના પૈસા આપોને કલાસ–૪માં રેગ્યુલર જગ્યા છે આપને રેગ્યુલર ભરવામાં મુશ્કેલી શું છે? વચેટિયા પેલા આઉટ સોર્સવાળા યુવાનોનું શોષણ કરે છે. મેં એમને આંકડાઓ સાથે કહ્યું છે કે કેટલા ટકા આઉટ સોર્સ એજન્સી લઇ જાય છે. આ પ્રથા બંધ કરીને યુવાનોને ડાયરેક્ટ મળે. વર્ષોથી આ જગ્યાઓ ખાલી છે અને વર્ગ–૪માં આદિવાસી યુવાનો મળે એમ છે તો આ બંધ કરીને કરવામાં આપને શું મુશ્કેલી છે? જે જગ્યાઓ તમામ સંવર્ગમાં આદિવાસી જિલ્લામાં ખાલી છે એની ભરતી કેલેન્ડરના આંકડા આપ્યા છે પણ આની આ સ્થિતિ ૧૦ વર્ષે રહેવાની છે ત્યારે ભરતી કેલેન્ડરના બદલે કમસે કમ આદિવાસી જિલ્લામાં ૧૦૦ ટકા ભરાય એના માટે શું કરવા માગો છો?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય સભ્યશ્રીએ વર્ગ–૧ અને ૨ ની વાત કરી છે. મારા પહેલા જવાબમાં મેં કહ્યું છે કે તમામ વિભાગોની ભરતી પ્રક્રિયા અત્યારે જી.પી.એસ.સી.માં ચાલુ છે અને જે રીતે સ્પષ્ટપણે મેં કહ્યું છે કે અમે પણ જિલ્લા પંચાયતમાં સારી કામગીરી થાય અને ઝડપી કામગીરી થાય એ માટે જિલ્લા પંચાયતની કામગીરીની ચિંતા કરી રહ્યા છીએ. વર્ગ–

૩માં હજી ત્રણ વર્ષનું કેલેન્ડર મેં પહેલા જવાબ આપેલો છે કે ૮ હજાર જગ્યાઓ ભરવા માટેની કામગીરી અત્યારે થઇ રહી છે અને એ તાત્કાલિક ભરી દેવામાં આવશે અને વર્ગ–૪ અંગે એમનું સૂચન છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : મહિસાગર જિલ્લો નવો જિલ્લો છે અને ખેડા જિલ્લામાંથી બાલાસિનોર અને વિરપુર એ બે તાલુકા નવા જિલ્લામાં મૂકવામાં આવ્યા છે. વિકાસના કામો માટે હાલમાં પણ પંચમહાલ ગોધરા અમારે જવું પડે છે. અહીંયા ૧૫૨૬ જગ્યાનું મંજૂર મહેકમ છે એમાંથી ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. વર્ગ–૩ની મેરિટના આધારે ભરતી કરવા માગો છો કે કેમ અને ૧૦ વર્ષીય કેલેન્ડરની બાબત છે તો નવો જિલ્લો છે અને વર્ગ–જની જગ્યાઓ ઘણી બધી જગ્યાઓ આદિવાસી જિલ્લો હોઇ મળી રહે તેમ હોઇ આ જગ્યાઓની ભરતી કરવા માટે સત્વરેના બદલે ચોક્કસ સમય મર્યાદા માનનીય મંત્રી આપવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : મારા પહેલા જવાબમાં મેં કહ્યું કે ૮૦૮૦ જગ્યાઓ ભરવા માટેનું આયોજન થયેલ છે અને એમાં સભ્યશ્રીની જે ચિંતા છે એ આ ભરતીથી એમની ચિંતા દૂર થવાની છે. વિષય એટલો છે કે એમણે કહ્યું કે અમારા બે તાલુકા છે. તમામ જિલ્લાનું કેડરવાઇઝ મહેકમ છે એ તમામ તાલુકા ઉપર સમાંતર ભરેલ હોવું જોઇએ એની અમે ચિંતા કરી રહ્યા છીએ. જો સભ્યશ્રીના પોતાના બે તાલુકામાં ક્યાંય એવી કોઇ મુશ્કેલી હોય તો મારું ધ્યાન દોરશે તો સમાંતર ભરતી કરવા માટેની અમે સૂચના આપી દઇશું.

ગરબાડા, ધાનપુર અને દાહોદ તાલુકામાં મનરેગા યોજનામાં સંરક્ષણ દિવાલોના કામો

* ૨૪૪૫૭ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા, ધાનપુર અને દાહોદ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ કેટલી સંરક્ષણ દિવાલો મંજુર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી સંરક્ષણ દિવાલોના કામો પૂર્ણ થયા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ ગરબાડા તાલુકામાં ૧૪, ધાનપુર તાલુકામાં ૯ અને દાહોદ તાલુકામાં ૧૦૫ સંરક્ષણ દિવાલો મંજુર કરેલ છે.

(૨) તે અન્વયે વર્ષવાર પૂર્ણ કરેલ સંરક્ષણ દિવાલોના કામો તથા થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૨–૨૦૧૪ થી તા.૩૧–૦૧–૨૦૧૫ | | તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | પૂર્ણ કરેલ સંરક્ષણ દિવાલોના કામોની સંખ્યા | થયેલ ખર્ચ રકમ (રૂ.લાખમાં) | પૂર્ણ કરેલ સંરક્ષણ દિવાલોના કામોની સંખ્યા | થયેલ ખર્ચ રકમ (રૂ.લાખમાં) |
| ૧ | ગરબાડા | ૦ | ૭.૬૩ | ૦ | ૨.૪૦ |
| ૨ | ધાનપુર | ૦ | ૫.૬૬ | ૦ | ૦.૦૦ |
| ૩ | દાહોદ | ૦ | ૭૪.૧૫ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૦ | ૮૭.૪૪ | ૦ | ૨.૪૦ |

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા ગરબાડા તાલુકામાં ૧૪ કામો મંજૂર કરેલ છે પણ બીજા પ્રશ્નના જવાબમાં પૂર્ણ કરેલ કામો શૂન્ય દર્શાવેલ છે તો આ ખર્ચ ૭ લાખ ૬૩ હજાર અને ૨ લાખ ૪૦ હજાર દર્શાવેલ છે એ ખર્ચ કયા હેતુ માટે કરવામાં આવ્યો છે? મારો બીજો પ્રશ્ન છે કે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી અને તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ત્રીજું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી હતી અને તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : સભ્યશ્રીએ પોતાના તાલુકાની વાત કરી એમાં ગરબાડામાં ૧૪ મંજૂર કરવામાં આવ્યા છે, ધાનપુરમાં ૯ અને દાહોદમાં ૧૦૫ એમ કુલ ૧૨૮ કામો ચાલુ છે એમાંથી ૬ કામો ગરબાડા તાલુકાના ચાલુ જ નથી થયા. બાકીના તમામ કામો ચાલુ છે અને બીજો પ્રશ્ન છે, આની અંદર ૫૭ લાખ ૯૪ હજાર રૂપિયા વેતન ચૂકવણીમાં ખર્ચ થયો છે. ૩૧ લાખ રૂપિયા માલ સામાનની ચૂકવણીમાં થયો છે. કુલ ૮૯ લાખ રૂપિયાની ચૂકવણી થઇ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન મહાત્મા ગાંધી મનરેગા યોજના હેઠળ તાલુકાવાર કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા છે અને કેટલા માનવદિન અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના શ્રમિકો દ્વારા ઉત્પન્ન થયા છે?

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫ની અંદર ૧૪ લાખ ૯૦ હજાર માનવ દિન ઉત્પન્ન થયા છે. અનુસૂચિત જનજાતિની અંદર ૧૫,૬૦૦ અને અનુસૂચિત જાતિની અંદર ૮,૨૪,૦૦૦ માનવ દિન ઉત્પન્ન થયા છે. સભ્યશ્રીનો પ્રશ્ન છે કે – તાલુકાવાઇઝ કેટલા થયા છે? દાહોદની અંદર ૧૪૦૦ અને ૧,૧૫,૦૦૦, દેવગઢબારિયાની અંદર ૧૪૦૦ અને ૩૪૦૦૦, ધાનપુરની અંદર ૨.૫ અને ૧,૧૬,૦૦૦, ફતેહપુરની અંદર ૪,૦૦૦ અને ૬૭,૦૦૦, ગરબાડાની અંદર ૧૮ અને ૯૬, ઝાલોદની અંદર ૧૫ અને ૧.૯૫, લીમખેડાની અંદર ૬૫ અને ૧.૨૮ અને સજેલીની અંદર ૧ અને ૩૦,૦૦૦ ટોટલ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દાહોદ જિલ્લામાં દાહોદ તાલુકામાં અને ગરબાડા તાલુકામાં કુલ કેટલા જોબકાર્ડ ધારક લોકોએ સંરક્ષણ દિવાલની માગણી કરી હતી, કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી ના મંજૂર કરવામાં આવી? બીજો પ્રશ્ન એ છે કે, છેલ્લા પાંચ વર્ષથી કુવાઓ અને સંરક્ષણ મટિરિયલના પેમેન્ટ બાકી છે અને ચુકવણું થતું નથી એના કારણે કામો અધુરા પડ્યાં છે તો એ ચુકવણું કરવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જેટલી સંરક્ષણ દિવાલની જે તે વખતે તાલુકાની માગણી આવી હતી એ ત્રણેય તાલુકાની ૧૦૦% મંજૂર કરેલી છે અને સભ્યશ્રીનો બીજો પ્રશ્ન એ છે કે છેલ્લા ચાર–પાંચ વર્ષના પેમેન્ટની વાત છે. અમારા રેકર્ડ ઉપર એક પણ રૂપિયો ચાર–પાંચ વર્ષ પહેલાનો બાકી છે જ નહિ અને આજે હું સ્પષ્ટ સભ્યશ્રીને કહું છું, અને મેં પહેલા પણ કીધું છે કે શ્રમિકોનું ચુકવણું અમે કાયદેસર ૧૫ દિવસ પહેલા કરી દઇએ છીએ. સભ્યશ્રીની વાત છે એ ચાર–પાંચ વર્ષ પહેલાનું ચુકવણું કોઇ બાકી છે જ નહિ. છતાંય સભ્યશ્રી ધ્યાન દોરશે તો અમે સ્પષ્ટપણે એમાં તપાસ કરીશું.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિકોને મદદરૂપ બનવાની મહાત્મા ગાંધી મનરેગા યોજના હોય કે શ્રમિકો માટેની કોઇપણ યોજના હોય રાજ્ય સરકાર લઘુતમ વેતન ધારાનો ચોક્કસાઇથી અમલ કરી રહી છે અને તમામ જિલ્લામાં શ્રમિકો માટેના કલ્યાણ મેળા થયા અને શ્રમિકોને લાખોની સંખ્યામાં ''યુ વીન કાર્ડ''સરકારે આપ્યાં છે એ માટે માનનીય મુખ્યમંત્રી અને શ્રમ–રોજગાર મંત્રીશ્રીને લાખ લાખ ધન્યવાદ પાઠવું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પૂનમભાઇ, પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે– મહાત્મા ગાંધી મનરેગા યોજનામાં ૨૦૧૩–૧૪થી દૈનિક વેતન દરમાં કોઇ વધારો કરવામાં આવ્યો છે કે કેમ? અને હાલમાં દૈનિક વેતન મેળવવાની પાત્રતા માટે શ્રમિકને કેટલું કામ કરવું પડે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં ૨૦૧૪ની અંદર ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને અત્યારે પણ રાજ્યના મુખ્યમંત્રી અને મંત્રી તરીકે અમે ભારત સરકારને પત્ર પણ લખ્યો છે કે, શ્રમિકોને વેતન ચુકવણામાં વધારો કરવામાં આવે. ૧૦૦% આ રાજ્ય સરકાર શ્રમિકો અને ગરીબ માણસની ચિંતા કરી રહી છે. અમે સ્પષ્ટપણે એને ક્યાંયને ક્યાંય વેતન ચુકવણામાં વધારો મળે એવા પ્રયત્ન કરી રહ્યા છીએ.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ મનરેગા યોજનામાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ફાળવેલ રકમમાંથી ઝાલોદ તાલુકામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કયા કયા કામો કરવામાં આવ્યા?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૭૪૭ ટોટલ કામોનો સમાવેશ થયો હતો. એની અંદર ૬૦૦ કામ ચાલુ નથી થયા, બાકીના કામો ચાલુ છે અને પેમેન્ટ માટેનો પ્રશ્ન પૂછ્યો છે. ૧૦૦% એ જિલ્લાને પેમેન્ટ દેવાયેલું છે.

### અમરેલી તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૫ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૫૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૫૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી, કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૯ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન તો નહિ આવે પણ મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ. એમાં તો આપણે સિસ્ટમથી જ ચાલવું પડે. (અંતરાય)

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : સાહેબ, સાતમા પ્રશ્ન (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી ઓવરડ્રાફ્ટ લેવા બાબત

* ૨૪૦૧૪ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

રાજ્ય સરકારે તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો ?

જવાબ

તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કોઇ ઓવરડ્રાફ્ટ લીધેલ નથી.

---------

દાહોદ જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણ માટેની પડતર અરજીઓ

* ૨૫૬૩૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જીલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વિજ જોડાણ માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વિજ જોડાણ તે અન્વયે અપાયા, અને

જવાબ

(૧) અને (૨) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓ અને છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વિજ જોડાણની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | કુલ પડતર અરજીઓ | છેલ્લા એક વર્ષમાં અપાયેલ વીજ જોડાણ |
|---|---|---|
| દાહોદ | ४८३ | ૨૬૦ |
| લીમખેડા | ૧૧૯૧ | ૬૩૭ |
| ઝાલોદ | ૯૫૨ | ૯૦૧ |
| ફતેપુરા | ૬૪૯ | ૩૨૨ |
| ગરબાડા | ૧૫૧ | ૧૫૫ |
| ધાનપુરા | ૪૬૭ | ૧૧૪ |
| દે. બારીયા | ૭૮૩ | ૩૩૭ |
| સંજેલી | ૨૧૯ | ૧૮૮ |

(૩) ઉકત સ્થિતિએ પડતર અરજીઓનો નિકાલ કરી કેટલા સમયમાં બાકી વિજ જોડાણો આપવામાં આવશે?

(૨) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં કીટોનું વિતરણ

* ૨૩૯૩૨ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત માનવ કલ્યાણ યોજના અંતર્ગત કેવા પ્રકારની અને કેટલી કીટોનું વિતરણ કરવામાં આવ્યું,

જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ માનવ કલ્યાણ યોજના અંતર્ગત નીચે મુજબના પ્રકારની કિટોનું વિતરણ કરવામાં આવ્યું.

| અ. નં. | કિટોનો પ્રકાર | તા. ૧–૨–૧૪ થી તા. ૩૧– | તા.૧–૨–૧૫ થી તા. ૩૧– |
|---|---|---|---|

| | | ૧-૧૫ | ૧-૧૬ |
|---|---|---|---|
| ૧ | દરજી કામ/સીવણ કામ/ભરત કામ | ૪૭૪ | ૩૮૦ |
| ૨ | ધોબીકામ/ઈસ્ત્રી કામ | ૬ | ૧ |
| ૩ | સાવરણી સુપડા અને ટોપલી બનાવનાર | ૧ | ૨ |
| ૪ | બ્યુટીપાર્લર | ૯૪ | ૫૯ |
| ૫ | પાપડ ઉદ્યોગ | ૧૧૧ | ૮૭ |
| ૬ | શાકભાજી ફળ વેચનાર | ૧૦૪ | ૩૪૨ |
| ૭ | હાથ લારીમાં વિવિધ પ્રકારની ફેરી દ્વારા સ્વરોજગાર | ૬૩ | ૧૬૦ |
| ૮ | મીઠું ગોળ કરીયાણા વેચનાર | ૧ | -- |
| ૯ | ઈંડાની લારી | ૧ | -- |
| ૧૦ | મસાલા યુનિટ | ૪ | -- |
| ૧૧ | સાયકલ દ્વારા વિવિધ ફેરી દ્વારા સ્વરોજગાર | ૧૨૯ | ૮૦ |
| ૧૨ | સાયકલ દ્વારા મરીમસાલાની ફેરી | ૭ | ૨ |
| ૧૩ | સાયકલ દ્વારા બેકરી આઈટમની ફેરી | ૧ | ૧ |
| ૧૪ | આઈસ કેન્ડીની ફેરી | ૨ | ૪ |
| ૧૫ | વાયરમેન | ૩ | ૨ |
| ૧૬ | પ્લમ્બીંગ કામ | ૭ | ૨ |
| ૧૭ | કડીયાકામ | ૯૯ | ૬૫ |
| ૧૮ | ઈલેક્ટ્રોનીક્સ અને કન્ઝયુમર્સ રીપેરીંગ | ૮ | ૮ |
| ૧૯ | પેઈન્ટીંગ/રંગકામ/સાઈનબોર્ડ | ૪ | -- |
| ૨૦ | મોચીકામ | ૨ | ૫ |
| ૨૧ | ઓટો રીપેરીંગ | ૫ | ૩ |
| ૨૨ | આર્મેચેર અને મોટર રીવાઈન્ડીંગ | ૩ | ૧ |
| ૨૩ | ચાના સાધનો | ૧૩ | ૧૫ |
| ૨૪ | દૂધ-દહીં વેચાણ | ૧૦૫ | ૪૩ |
| ૨૫ | ઠંડાપીણા વેચાણ | ૩ | -- |
| ૨૬ | બરફના ગોળા/શરબત વેચાણ | ૬ | ૭ |
| ૨૭ | અલ્પાહાર વેચાણ (મર્જ કર્યા બાદ) | ૩૬ | ૬૪ |
| ૨૮ | કેટરર્સ (રસોઈ કામ) | ૧૧૮ | ૧૫૨ |
| ૨૯ | ફરસાણ વેચાણ | ૧૩ | ૫૮ |
| ૩૦ | ફ્રુટજ્યુસ વેચાણ | ૧ | -- |
| ૩૧ | પાન, બીડીનું વેચાણ | ૧ | -- |
| ૩૨ | વાળંદકામ | ૧૨ | ૭ |
| ૩૩ | ભવાઈનો ધંધો | ૩ | -- |
| ૩૪ | ઢોલ ત્રાંસાના સાધનો | ૨ | ૪ |
| ૩૫ | લાઈટ ડેકોરેટર | ૧ | ૧ |
| ૩૬ | લુહારી કામ | ૫ | -- |

| | | | |
|---|---|---|---|
| ૩૭ | સુથારી કામ | ૨૧ | ૧૩ |
| ૩૮ | રંગ છાપકામ | ૧ | -- |
| ૩૯ | સ્ટીલ ફેબ્રીકેશન/વેલ્ડીંગ કામ (મર્જ કર્યા બાદ) | ૬ | ૩ |
| ૪૦ | સ્ક્રીન પ્રીંટીંગ એન્ડ ફોટો લેમીનેશન (મર્જ કર્યા બાદ) | ૧ | -- |
| ૪૧ | અગરબત્તી બનાવવી | ૩ | ૩ |
| ૪૨ | કુંભારી કામ | ૧ | -- |
| ૪૩ | કાથી રેષામાંથી વિવિધ ચીજ વસ્તુઓની બનાવટ | ૨૧૩ | -- |
| ૪૪ | મોબાઈલ ફોન રીપેરીંગ | ૩ | ૧ |
| ૪૫ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૨ | -- |
| ૪૬ | ઢીંગલી રમકડાની બનાવટ | ૨૦૧ | ૩૨૦ |
| ૪૭ | ફીશ વેચનાર | -- | ૧ |
| ૪૮ | સાયકલ રીપેરીંગ | -- | ૨ |
| ૪૯ | વણાટકામ | -- | ૨ |
| | કુલ | ૧૯૦૦ | ૧૯૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ અરજદારોની માંગણી મુજબની બાકી રહેતી કીટો ક્યારે આપવામાં આવશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કિટ વિતરણ કોના મારફતે કરવામાં આવે છે ?

(૨) અરજદારોની માંગણી મુજબની વિતરણ માટેની કોઈ કિટ બાકી રહેલ નથી.

(૩) અરજદારોની માંગણી મુજબની મંજુર કરેલ કિટોનું વિતરણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભાવનગર મારફત કરવામાં આવે છે.

---------

વડોદરા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૩૯૬૨ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૮ લોક અદાલતો યોજી કુલ ૨૮૮૫ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૧૪૫.૭૯ લાખની રકમ પૈકી રૂ. ૮૧.૯૭ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ. ૬૩.૮૨ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૪૦૦૪ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન

જવાબ

(૧) અને (૨)

વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૫

કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૬૫૮.૬૮ લાખનાં ખર્ચે કુલ ૫૬ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

---------

બનાસકાંઠા જિલ્લામાં ખેતી માટેના વીજ કનેક્શનોની પડતર અરજીઓ

* ૨૪૦૭૫ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| અમીરગઢ | ૨૩૬૫ |
| ભાભર | ૪૨૩ |
| દાંતીવાડા | ૩૩૨૫ |
| ડીસા | ૪૭૨૩ |
| દીઓદર | ૧૨૯૫ |
| ધાનેરા | ૩૬૭૨ |
| કાંકરેજ | ૧૭૯૫ |
| લાખાણી | ૨૧૭૮ |
| પાલનપુર | ૪૫૦૨ |
| સુઈગામ | ૮૦ |
| થરાદ | ૬૨૯૫ |
| વડગામ | ૩૨૦૬ |
| વાવ | ૮૪૬ |
| દાંતા | ૭૫૫ |

(૨) ઉકત પડતર તમામ અરજીઓનો નિકાલ કરી બાકી અજદારોને કયાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે?

(૨) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

મોરબી જિલ્લામાં પંચાયત કચેરીના મકાન બાંધકામની વહીવટી મંજુરી

* ૨૩૯૮૧ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ નવરચિત મોરબી જિલ્લા પંચાયત કચેરીના મકાન માટે જમીન મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ મકાનના બાંધકામ માટે વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) મંજૂરી આપ્યા તા. ૩૦–૭–૨૦૧૫.

(૩) ટેન્ડરીંગની કાર્યવાહી પૂર્ણ થયેથી સત્વરે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### વાલોડ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૩૯૭૩ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી, કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૮૨ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૮૨ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૨૭ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

### અમદાવાદ જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૩૯૬૮ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૪૯૨.૮૫ લાખનાં ખર્ચે ૩૦ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

---------

### દહેગામ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૩૦ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૫૭ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૫૭ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૫૨ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

### રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેરો

* ૨૩૯૫૫ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણ ગેસ ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત વસ્તુઓ પર વેટની કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| વિગત | વેટના દરો |
|---|---|
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૨૫% + ૨.૫૦% વધારાનો વેરો |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા. ૧–૧૦–૨૦૧૪થી) | ૪% + ૧% વધારાનો વેરો |

(૨)

(રકમ રૂ.કરોડમાં)

| વિગત | ૧/૧/૨૦૧૪ થી | ૧/૧/૨૦૧૫થી |
|---|---|---|

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

| | ૩૧/૧૨/૨૦૧૪ | ૩૧/૧૨/૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૧.૨૧ | ૨.૬૪ |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા. ૧-૧૦-૨૦૧૪થી) | ૨૬.૪૨ | ૧૪૫.૩૫ |

---------

ડાંગ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી

* ૨૩૯૭૬ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે બેઝલાઈન સર્વે ૨૦૧૨ મુજબ કોઈપણ વહીવટી મંજુરી આપવાની બાકી ન હોવાથી આપવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહીસાગર જિલ્લામાં વીજ સબસ્ટેશનો

* ૨૪૧૩૫ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહીસાગર જીલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબ-સ્ટેશનો કાર્યરત થયા ? | મહીસાગર જીલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩ (ત્રણ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યરત થયા. |

---------

જામનગર જિલ્લામાં તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મહેકમ

* ૨૫૨૨૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાની તાલુકા પંચાયતોમાં તાલુકાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજુર થયેલી છે,

જવાબ

(૧)

| તાલુકો | સંવર્ગ | મંજુર જગ્યાઓ |
|---|---|---|
| જામનગર | વર્ગ-૧ | ૦ |
| | વર્ગ-૨ | ૨ |
| | વર્ગ-૩ | ૪૧ |
| | વર્ગ-૪ | ૪ |
| | કુલ | ૪૭ |
| ધ્રોળ | વર્ગ-૧ | ૦ |
| | વર્ગ-૨ | ૨ |
| | વર્ગ-૩ | ૨૪ |
| | વર્ગ-૪ | ૪ |
| | કુલ | ૩૦ |
| જોડીયા | વર્ગ-૧ | ૦ |

| | | |
|---|---|---|
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૨૮ |
| | વર્ગ–૪ | ૩ |
| | કુલ | ૩૩ |
| કાલાવડ | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૩૬ |
| | વર્ગ–૪ | ૪ |
| | કુલ | ૪૨ |
| લાલપુર | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૨૮ |
| | વર્ગ–૪ | ૩ |
| | કુલ | ૩૩ |
| જામજોધપુર | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૩૪ |
| | વર્ગ–૪ | ૩ |
| | કુલ | ૩૯ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, (૨)

| તાલુકો | સંવર્ગ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| જામનગર | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૧ |
| | વર્ગ–૩ | ૨૫ |
| | વર્ગ–૪ | ૦ |
| | કુલ | ૨૬ |
| ધ્રોળ | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૧ |
| | વર્ગ–૩ | ૧૪ |
| | વર્ગ–૪ | ૧ |
| | કુલ | ૧૬ |
| જોડીયા | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૧ |
| | વર્ગ–૩ | ૧૪ |
| | વર્ગ–૪ | ૦ |
| | કુલ | ૧૫ |
| કાલાવડ | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૨૨ |
| | વર્ગ–૪ | ૦ |
| | કુલ | ૨૪ |
| લાલપુર | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૧૬ |
| | વર્ગ–૪ | ૦ |
| | કુલ | ૧૮ |

| | | |
|---|---|---|
| જામજોધપુર | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૨ |
| | વર્ગ–૩ | ૨૨ |
| | વર્ગ–૪ | ૧ |
| | કુલ | ૨૫ |

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના મુખ્યત્વે શાં કારણો છે, અને

(૩) વયનિવૃત્તિ, બઢતી, અવસાન, સ્વૈચ્છિક નિવૃતિ તેમજ રાજીનામા વગેરે કારણોસર ખાલી રહેલ છે.

(૪) તે ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૪) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

---------

બનાસકાંઠા જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજનાનો અમલ

* ૨૪૦૩૨ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના કયા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૫,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૫.૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામોને આ યોજના હેઠળ નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૧૧૩ |
| ૨ | ૨૦૧૫ | ૧૩૯ |

---------

માંડવી તાલુકાના ઝાબ ગામે રિવર સ્ટોન ક્વોરીમાં બ્લાસ્ટ

* ૨૪૨૨૨ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં માંડવી તાલુકાના ઝાબ ગામે બ્લોક નં. ૨૮૯/એ.જી. ૨૨૮ અને ૨૩૬–૨૬૬ ખાતે રિવર સ્ટોન ક્વોરીમાં બ્લાસ્ટ કરવાથી અંદાજે ૧૦૦ મીટરના દાયરામાં પથ્થરો ઉડીને ગામના આમ નાગરિકો ઉપર પડવાથી ગંભીર ઈજાઓ થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ બ્લાસ્ટને રોકવા અને ગામના આમનાગરિકોને થતું નુકશાન રોકવા માટે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

જવાબ

(૧) કોઈ નાગરિકને ઈજા થયાનો બનાવ ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કપડવંજ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૩૯૭૨ શ્રી ભુષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૫૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૧૫૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૧૪૯ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

રાજ્યમાં વીજ કંપનીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે કોલસાની અદલા બદલીના કરાર બાબત

## અતારાંકિત પ્રશ્નો

* ૨૪૧૪૩ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ના સ્થિતિએ રાજ્યની વીજ કંપનીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે કોલસાની આંતરિક અદલાબદલીના કરાર અન્વયે છેલ્લાં એક વર્ષમાં કેટલો કોલસો શા ભાવે ખરીદવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની અદલા–બદલી કરવા માટેની દરખાસ્તને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ અન્વયે એનટીપીસી દ્વારા ગુજરાતના બંદરો થકી લાવવામાં આવતો આયાતી કોલસો જીએસઈસીએલના વીજ મથકોમાં વાપરવામાં આવશે તેમજ છત્તીસગઢ ખાતેની ઈસ્ટર્ન કોલ ફીલ્ડ્સ લીમીટેડની ખાણોમાંથી જીએસઈસીએલ માટે ગુજરાતના વીજ મથકો માટે લાવવામાં આવતો કોલસો એનટીપીસી દ્વારા તેમના છત્તીસગઢ ખાતેના વીજ મથકો દ્વારા વાપરવામાં આવશે. કુલ ૧૦ લાખ મે.ટન કોલસાની અદલા–બદલી માટેનો કરાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ એનટીપીસી દ્વારા જીએસઈસીએલને ૪.૫૦ લાખ મેટ્રીક ટન આયાતી કોલસો મુન્દ્રા તથા દહેજ બંદરેથી સપ્લાય કરવામાં આવેલ છે અને કરારની શરતોને આધિન કોલસાના જથ્થામાં રહેલ સમકક્ષ ઉષ્ણતાના પ્રમાણમાં મે. સાઉથ ઈસ્ટર્ન કોલફીલ્ડ લીમીટેડ (એસઈસીએલ) ની કોરીયા રેવા ખાણમાંથી જીએસઈસીએલને ફાળવવામાં આવેલ ૭.૪૦ લાખ મેટ્રીક ટન દેશી કોલસો જીએસઈસીએલ દ્વારા એનટીપીસીનના સીપત વીજ મથકને સપ્લાય કરવામાં આવેલ છે.

ઉક્ત કરારની શરતો અનુસાર, કોલસાની ઉક્ત આંતરીક અદલા–બદલીમાં કોલસાની કોઈ કિંમત આપવાની રહેતી નથી જેથી કોલસાની ખરીદ કિંમતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન**

(૨) આ કોલસો ખરીદવાથી કેટલી રકમની બચત થશે અને આ બચતનો લાભ વીજ ગ્રાહકોને ક્યારથી મળશે?

**જવાબ**

(૨) એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા–બદલી કરવાના લીધે કોલસાનું આંતર રાજ્ય પરિવહન ઘટશે. આમ, એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા–બદલી કરવાને લીધે આંતર રાજ્ય પરિવહન ખર્ચમાં જીએસઈસીએલને અંદાજે રૂ. ૧૩૧ કરોડ (ઓકટોબર–૨૦૧૪ થી ડિસેમ્બર–૨૦૧૫) ની બચત થયેલ છે.

ગુજરાત વીજ નિયમન આયોગ (જીઈઆરસી) ની ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ (FPPPA) ની ફોમ્યુલા (સિધ્ધાંત) મુજબ બળતણ ખર્ચમાં થયેલ બચત રાજ્યના વીજ ગ્રાહકોને વીજ બિલમાં ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડાના સ્વરૂપે પાસ ઓન કરવામાં આવેલ છે.

### પોરબંદર જિલ્લામાં સિમેન્ટ કંપની પાસેથી બાકી વેચાણવેરો/વેટ વસુલવા બાબત

* ૨૪૧૦૯ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાણામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં આવેલ સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ. અને એચ એમ. પી. સિમેન્ટ કંપની પાસેથી કેટલી રકમનો વેચાણવેરો/વેટ વસુલ

**જવાબ**

(૧)

| સિમેન્ટ કંપની | વેટ/વેચાણવેરાની બાકી (રકમ રૂ. કરોડમાં) |
|---|---|

કરવાનો બાકી છે, અને

| | |
|---|---|
| સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. | રૂ. ૧૧.૧૭ |
| એચ.એમ.પી. સિમેન્ટ | રૂ. ૪૪.૫૯ |

(૨) આ બાકી રકમ વસુલવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લીધા?

(૨) (૧) સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમી. ના કેસમાં નામદાર પંચ/વિવાદ અધિકારી દ્વારા અપીલના નિકાલ સુધી મનાઈ હુકમ આપવામાં આવેલ છે.

(૨) એચ.એમ.પી. સિમેન્ટના કેસમાં

- મિલ્કત ટાંચ કરવા માટે તા. ૧૫-૦૬-૨૦૧૫ના રોજ મામલતદાર તથા કલેકટરશ્રીએ પત્ર લખેલ છે.
- સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ દ્વારા તા. ૨૩-૦૭-૨૦૧૫ના રોજ સીટી સર્વે નં. ૪૮૧૭, ૪૮૧૮, ૪૮૨૧ પર બોજાનોંધ કરવામાં આવેલ છે.

### જૂનાગઢ જિલ્લામાં બાંધકામ કોન્ટ્રાકટરોને પરવાના

* ૨૫૨૫૦ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં જરૂરીયાત મુજબની ખનીજ-રેતી-કપચી ગ્રીટના ઉપયોગ માટે કેટલા કોન્ટ્રાકટરોને પરવાના અપાયા છે, અને | (૧) શૂન્ય |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી દ્વારા કેટલા કોન્ટ્રાકટરોને છેલ્લા બે વર્ષમાં નો ડ્યુ સર્ટીફીકેટ આપવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ઉના તાલુકામાં સરદાર આવાસના બાકી કામો

* ૨૫૨૯૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) :તા. ૨૮-૦૮-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજુ થયેલ *૧૯૬૭૩ (અગ્રતાક્રમ-૨૧૮)ના અનુસંધાને માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં ૧૧૪૨ સરદાર આવાસોના મકાનો મંજૂર કરવામાં આવેલ અને તા. ૯-૯-૨૦૧૨ના રોજ ગરીબ કલ્યાણ મેળામાં મકાન સહાય પેટે રૂ. ૨૧,૦૦૦/-ના ચેકોનું વિતરણ કરવામાં આવેલ તે પૈકી ૬૦૪ અપૂર્ણ આવાસોને ૩૨૩ આવાસોનું કામ શરૂ નહિ થયેલ તે આવાસો પૈકી તા. ૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા આવાસોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, | (૧) તા. ૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં ૧૧૪૨ મંજૂર સરદાર આવાસો પૈકી ૨૧૫ આવાસોનું કામ પુર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોનું કામ પ્રગતિમાં છે અને કેટલા આવાસોનું કામ ઉક્ત સ્થિતિએ શરૂ થયેલ નથી, અને | (૨) ૬૦૪ આવાસોનું કામ પ્રગતિમાં ૩૨૩ આવાસોનું કામ શરૂ થયેલ નથી. |
| (૩) ઉક્ત તમામ આવાસોનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રગતિમાં છે તેવા કામોનું બાંધકામ બનતી ત્વરાએ પૂર્ણ કરાવવામાં આવશે. |

### સુરત જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો

* ૨૩૯૭૭ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) સુરત જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા. (સંખ્યા) |

| વર્ષ (કેલેન્ડર) | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૪૨૮ | ૧૧૧૨૬ | ૧૨૫૫૪ |
| ૨૦૧૫ | ૬૮૬૩ | ૨૧૭૬૬ | ૨૮૬૨૯ |
| કુલ | ૮૨૯૧ | ૩૨૮૯૨ | ૪૧૧૮૩ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૪૧.૭૬ | ૪૮૪.૭૪ | ૬૨૬.૫૦ |
| ૨૦૧૫ | ૮૨૩.૫૬ | ૧૫૯૦.૫૪ | ૨૪૧૪.૧૦ |
| કુલ | ૯૬૫.૩૨ | ૨૦૭૫.૨૮ | ૩૦૪૦.૬૦ |

જિલ્લા પંચાયતના સદસ્યોને માસિક પગાર અને સગવડ આપવા બાબત

* ૨૫૪૧૩ શ્રી મહમદ જાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને માસિક પગાર અને સગવડ માટે ક્યારે કેટલી માંગણી કે રજુઆતો સરકાર ને મળી, અને

(૨) તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) ના, જી કોઈ રજુઆત મળેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

આણંદ અને વડોદરા જિલ્લામાં વેચાણવેરા વેટની આવક

* ૨૫૮૫૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેચાણવેરા અને વેટની કેટલી આવક મળી ?

જવાબ

(રકમ રૂ. કરોડમાં)

| નાણાકીય વર્ષ | આણંદ | | વડોદરા | |
|---|---|---|---|---|
| | વેચાણવેરો | વેટ | વેચાણવેરો | વેટ |
| ૨૦૧૪–૧૫ | શૂન્ય | ૨૮૯.૧૭ | ૩.૨૦ | ૨૩૫૫.૩૭ |
| ૨૦૧૫–૧૬(તા.૩૧–૧–૨૦૧૬ | શૂન્ય | ૨૬૨.૦૭ | ૧.૫૬ | ૨૨૨૮.૫૩ |

અમદાવાદ જિલ્લામાં ઝુપડપટ્ટી વીજકરણ યોજનાની અરજીઓ

* ૨૪૨૨૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા વિજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરી, અને

જવાબ

(૧) ‘‘ઝુંપડા વીજળીકરણ યોજના’’ અંતર્ગત વીજ જોડાણ મેળવવા અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૯૨૩૧ અરજીઓ મળી.

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં ૮૯૨૧ અરજીઓ મંજૂર કરી ૮૫૦૭ વિજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) તે પૈકી ૩૧૦ અરજીઓ મુખ્યત્વે નીચેના કારણોસર નામંજૂર થયેલ છે.

(૧) ૧૪૯ અરજીઓ રહેણાંકના પુરાવા રજૂ ન કેરલ હોવાથી

(૨) ૨૯ અરજીઓ સ્થળ પર રહેઠાણ માટે ઝુંપડા ન હોવાથી

(૩) ૪૫ અરજીઓ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા પાકા મકાનો ધરાવતા હોવાથી

(૪) ૧૫ અરજીઓ અરજદાર હયાત ન હોવાથી
(૫) ૪૭ અરજીઓ બે વખત અરજી કરેલ હોવાથી
(૬) ૨૫ અરજીઓ અરજદારની વીજ જોડાણ મેળવવાની નામરજી હોવાથી

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તે તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) ઉક્ત સ્થિતિએ ૪૧૪ અરજીઓ પડતર છે, તે તમામને વીજ જોડાણ આપવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ હોઈ તમામને શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

ખેડા જિલ્લામાં તલાટી મંત્રી(પંચાયત)ની ખાલી જગ્યાઓ

* ૨૪૧૩૯ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત)ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યાઓ | સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |
| ૧ | નડીયાદ | ૮ | ૨ | ૩ | ૩ |
| ૨ | વસો | ૪ | ૨ | ૦ | ૨ |
| ૩ | મહુધા | ૬ | ૧ | ૩ | ૨ |
| ૪ | મહેમદાવાદ | ૭ | ૩ | ૧ | ૩ |
| ૫ | ખેડા | ૬ | ૨ | ૪ | ૦ |
| ૬ | માતર | ૭ | ૧ | ૨ | ૪ |
| ૭ | કપડવંજ | ૧૧ | ૬ | ૫ | ૦ |
| ૮ | કઠલાલ | ૧૧ | ૬ | ૧ | ૪ |
| ૯ | ઠાસરા | ૧૬ | ૭ | ૫ | ૪ |
| ૧૦ | ગલતેશ્વર | ૧૦ | ૩ | ૪ | ૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી ખાલી જગ્યાઓ અન્વયે કેટલા તલાટી કમ–મંત્રી (પંચાયત)ને વધારાનો ચાર્જ સોપંવામાં આવેલ છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ તેવી સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૮ | ૫ |
| ૨ | વસો | ૪ | ૪ |
| ૩ | મહુધા | ૬ | ૬ |
| ૪ | મહેમદાવાદ | ૭ | ૪ |
| ૫ | ખેડા | ૬ | ૬ |
| ૬ | માતર | ૭ | ૪ |
| ૭ | કપડવંજ | ૧૧ | ૧૦ |
| ૮ | કઠલાલ | ૧૧ | ૧૧ |
| ૯ | ઠાસરા | ૧૬ | ૧૩ |
| ૧૦ | ગલતેશ્વર | ૧૦ | ૧૦ |
| | કુલ | ૮૬ | ૭૩ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ખાલી

(૩)

જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

| ક્રમ | તાલુકો | ૨૦૧૪ની ભરતીમાં આપેલ નિમણૂંક | ૨૦૧૫ની ભરતીમાં આપેલ નિમણૂંક |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૫ | ૧૦ |
| ૨ | વસો | ૦ | ૪ |
| ૩ | મહુધા | ૧૦ | ૧૦ |
| ૪ | મહેમદાવાદ | ૪ | ૧૦ |
| ૫ | ખેડા | ૫ | ૯ |
| ૬ | માતર | ૯ | ૧૨ |
| ૭ | કપડવંજ | ૭ | ૧૩ |
| ૮ | કઠલાલ | ૭ | ૭ |
| ૯ | ઠાસરા | ૧૧ | ૧૫ |
| ૧૦ | ગલતેશ્વર | ૦ | ૮ |
| | કુલ | ૫૮ | ૯૮ |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખુલ્લા વીજવાયરથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૫૨૪૧ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સને ૨૦૧૪ તથા ૨૦૧૫ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઘાયલ થયેલ નોંધાયા,

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

દેવભૂમિ દ્વારકા જીલ્લામાં, સને ૨૦૧૪ તથા ૨૦૧૫ના વર્ષમાં નાગરિકોના ૯(નવ) પ્રાણઘાતક તથા ૯ (નવ) બીન–પ્રાણઘાતક અને પ્રાણીઓના ૮(આઠ) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા.

(૨) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જવાબદારી નક્કી થયેલ ૩(ત્રણ) કર્મચારીઓ સામે ખાતાકીય શિક્ષાત્મક કાર્યવાહી કરી પગલાં લીધેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે અને તમામ અસરગ્રસ્તોને કયા સુધીમાં વળતર ચુકવી આપવામાં આવનાર છે ?

(૩) ઉક્ત સ્થિતિએ અસરગ્રસ્તોને વળતર ચુકવવાપાત્ર હોય તેવા નાગરિકના ૬(છ) કિસ્સામાં, પ્રાથમિક નાણાકિય સહાયરૂપે રૂ.૩,૦૦,૦૦૦/- અને પ્રાણીઓના ૭(સાત) કિસ્સાઓમાં ૫૦ ટકા લેખે રૂ.૩૫,૦૦૦/-ની ચુકવણી કરી દેવામાં આવેલ છે. બાકી રહેતું વળતર જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ થયેથી ચૂકવવામાં આવશે.

બાકી રહેતા, નાગરિકોના ૨ કિસ્સામાં અસરગ્રસ્ત વ્યક્તિ બિનવારસી હોઈ, વળતરની ચૂકવણી થઈ શકેલ નથી અને પ્રાણીના બાકી રહેતા એક કિસ્સામાં વારસદાર દ્વારા વળતર સ્વીકારવાની ના પાડેલ છે.

જુનાગઢ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૪૦૧૯ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ યોજના તા.૨–૧૦–૨૦૧૪ થી અમલમાં આવેલ છે જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં (તા.૨–૧૦–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ દરમ્યાન) કુલ ૧૫૪૩ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ કુલ રૂ.૧૮૫.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

### શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાનો અમલ

* ૨૩૯૬૦ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ શ્રી વાજપાઈ બેંકેબલ યોજના કયારથી અમલમાં આવેલ છે,

(૨) આ યોજનામાં ધિરાણ તથા સહાય મર્યાદામાં છેલ્લા એક વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કોઈ સુધારા કરવામાં આવેલ છે કે કેમ,

(૩) જો હા, તો આ યોજનામાં મહત્તમ કેટલી લોનની ભલામણ કરવામાં આવે છે અને આ યોજનામાં સરકાર તરફથી લાભાર્થીઓને કેટલી સબસીડી ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર વ્યકિતઓને સ્વરોજગારી પુરી પાડવા શ્રી વાજપાઈ બેંકેબલ યોજના તા.૦૧–૦૪–૨૦૦૧ થી અમલમાં આવેલ છે.

(૨) હા, શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં તા.૧૪–૦૮–૨૦૧૫ના ઠરાવથી સુધારા કરવામાં આવેલ છે.

(૩) આ યોજનામાં હાલમાં નીચે મુજબ લોનની ભલામણ કરવામાં આવે છે તથા સબસીડી ચૂકવવામાં આવે છે.

બેંક મારફત લોન ધિરાણની મહત્તમ મર્યાદાઃ

(૧) ઉદ્યોગ ક્ષેત્ર માટે મહત્તમ રૂ. ૮.૦૦ લાખ.

(૨) સેવા ક્ષેત્ર માટે મહત્તમ રૂ. ૬.૦૦ લાખ.

(૩) વેપાર ક્ષેત્ર માટે મહત્તમ રૂ. ૩.૦૦ લાખ.

ધિરાણની રકમ ઉપર સબસીડીના દરઃ

આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્ર માટે સબસીડીના દર નીચે મુજબ છે.

| વિસ્તાર | જનરલ કેટેગરી | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જન જાતિ/ માજી સૈનિક/મહિલા/૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫% | ૪૦% |
| શહેરી | ૨૦% | ૩૦% |

સબસીડીની મહત્તમ મર્યાદાઃ

| ક્રમ | ક્ષેત્ર | સબસીડીની રકમની મર્યાદા (રકમ રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | ઉદ્યોગ | ૧,૨૫,૦૦૦ |
| ૨ | સેવા | ૧,૦૦,૦૦૦ |
| ૩ | વેપાર | ૮૦,૦૦૦ |

નોંધઃ અંધ કે અપંગ લાભાર્થીના કિસ્સામાં કોઈ પણ ક્ષેત્ર માટે મહત્તમ સબસીડી રૂ.૧,૨૫,૦૦૦/- રહેશે.

### ભાવનગર જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૩૯૮૯ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતનાં આયોજન

**જવાબ**

(૧) અને (૨) રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે ભાવનગર જિલ્લામાં તા.૩૧–

દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક આદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યુ, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૫૩ લોક આદાલતો યોજી કુલ ૩૬૨૧ કેસોમાં સમાધાન કરવામાં આવ્યુ.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૨૬૫.૫૨ લાખની રકમ પૈકી રૂ.૧૮૦.૬૮ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ.૮૪.૮૪ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઓવરડ્રાફ્ટ લેવા બાબત

* ૨૪૦૧૫ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

રાજ્ય સરકારે તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો ?

જવાબ

તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કોઈ ઓવરડ્રાફ્ટ લીધેલ નથી.

### બનાસકાંઠા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૩૯૮૮ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતનાં આયોજન દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક આદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યુ, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨૯ લોક આદાલતો યોજી કુલ ૩૧૧૮ કેસોમાં સમાધાન કરવામાં આવ્યુ.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૧૭૧.૮૧ લાખની રકમ પૈકી રૂ.૫૫.૧૮ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ.૧૧૬.૬૩ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### પેટલાદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૭ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦૯ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૧૦૯ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી ૧૧ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

### બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત

* ૨૫૨૩૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૨૦-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૨૩૫ (અગ્રતા-૧૩૩) ના અનુસંધાને માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે તા.૧૫-૨-૧૫ની સ્થિતિએ પાર્કીંગ, પાથ-વે, ટોયલેટ બ્લોક, વોટરહટ વગેરે જનસુવિધા ઉભી કરવાના પ્લાન મંજૂર કરવાની કાર્યવાહી પ્રગતિમાં હતી તે તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે વાઈલ્ડ બોર્ડ, ભોપાલની મંજૂરી મેળવવાની રહે છે. સદરહું મંજૂરી મળ્યા બાદ ઉપર્યુકત સુવિધા ઉભી કરવાનો નિર્ણય લઈ શકાશે.

(૨) પ્લાન મંજૂર થવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ, અને

(૨) મંજૂરી મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૩) ઉકત કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૩૯૬૬ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ ૧૦૫ સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૯(નવ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૨ (બાર) એમ કુલ ૨૧(એકવીસ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૯ (નવ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૯(નવ) એમ કુલ ૧૮ (અઢાર) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

બાકી રહેલ ૩ (ત્રણ) સબસ્ટેશનોનું સીવીલ વર્ક તથા સંલગ્ન વીજ રેષાઓનું કાર્ય પ્રગતિ હેઠળ છે. જે માર્ચ–૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૪) વર્ષ ૨૦૧૪ માં રૂ.૪૦૪૯.૪૭ લાખ અને વર્ષ ૨૦૧૫માં રૂ.૩૩૩૪.૯૪ લાખ ખર્ચ થયેલ છે.

હળવદ તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવાની દરખાસ્ત

* ૨૩૯૮૩ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ હળવદ તાલુકામાં પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવા ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ તા.૨૯–૪–૧૫ થી દરખાસ્ત કરવામાં આવી.

(૨) આ દરખાસ્ત ક્યારે મંજૂર કરવામાં આવી અને તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) દરખાસ્ત મંજૂર કર્યા તા.૧૭–૭–૨૦૧૫ મંજૂર કરવામાં આવેલ રકમ રૂ.૨૮૫.૦૦ લાખ.

(૩) ઉકત સ્થિતિએ આ બાંધકામ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે ?

(૩) તા.૨૧–૧૨–૨૦૧૫ થી ઈજારદારના ટેન્ડરને સ્વીકૃતિ આપેલ હોઈ કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વ્યકિતગત શૌચાલયો

* ૨૩૯૮૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યકિતગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યકિતગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ | બીપીએલ | એપીએલ | કુલ કુટુંબો |
|---|---|---|---|

| (કેલેન્ડર) | કુટુંબો | કુટુંબો | |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨૭૧ | ૨૮૭૦ | ૩૧૪૧ |
| ૨૦૧૫ | ૩૫૨ | ૩૯૪૧ | ૪૨૯૩ |
| કુલ | ૬૨૩ | ૬૮૧૧ | ૭૪૩૪ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ.લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો | એપીએલ કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૨.૬૮ | ૧૩૧.૧૧ | ૧૪૩.૭૯ |
| ૨૦૧૫ | ૪૧.૦૮ | ૪૫૫.૭૦ | ૪૯૬.૭૮ |
| કુલ | ૫૩.૭૬ | ૫૮૬.૮૧ | ૬૪૦.૫૭ |

## વડોદરા જિલ્લા કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૩૯૭૦ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી. નામ.ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ.આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહતના દરો મુજબ જ વીજ બિલની ચૂકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા.૯–૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજ બીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પ ત્ર ક

(રૂ.કરોડમાં)

| અ. નં. | વિગત | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર–૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૨૨.૩૨ | ૧૯.૦૯ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૧૬.૨૩ | ૨૦.૯૫ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૩૦.૧૨ | ૨૯.૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦% રાહત | ૧૧.૫૨ | – |
| | કુલ | ૮૦.૧૯ | ૬૯.૫૫ |

કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૨૩૯૭૪ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી ગ્રામ પંચાયતોને સહાય ચૂકવવાની બાકી છે ?

જવાબ

(૧) ૧ (એક)

(૨) ૧ (એક)

(૩) કોઈ બાકી નથી.

મોરબી જિલ્લામાં વ્યકિતગત શૌચાલય

* ૨૩૯૮૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યકિતગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) મોરબી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યકિતગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ | એપીએલ કુટુંબો |
|---|---|
| ૨૦૧૪ | ૨૮૧૧ |
| ૨૦૧૫ | ૨૮૦૨ |
| કુલ | ૫૬૧૩ |

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ.લાખમાં)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪ | ૧૨૯.૩૧ |
| ૨૦૧૫ | ૨૮૬.૨૭ |
| કુલ | ૪૧૫.૫૮ |

આણંદ અને ખેડા જિલ્લામાં ખેતી માટે વીજ કનેકશનો માટેની પડતર અરજીઓ

* ૨૪૩૮૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ કનેકશનો માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| આણંદ જિલ્લો | | ખેડા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | પડતર અરજીઓ | તાલુકો | પડતર અરજીઓ |
| આણંદ | ૧૧૯ | ગલતેશ્વર | ૫૧ |
| બોરસદ | ૬૦ | ખેડા | ૧૬૪ |
| આંકલાવ | ૫૯ | મહુધા | ૧૨૧ |
| ઉમરેઠ | ૧૦૮ | માતર | ૫૯ |

| | | | |
|---|---|---|---|
| પેટલાદ | ૮૫ | નડીયાદ | ૧૪૦ |
| ખંભાત | ૪૨ | ઠાસરા | ૩૦૫ |
| સોજીત્રા | ૧૦૪ | વસો | ૪૮ |
| તારાપુર | ૧૧૪ | મહેમદાવાદ | ૫૫૨ |
| | | કઠલાલ | ૬૨૨ |
| | | કપડવંજ | ૨૮૨૪ |

(૨) ઉકત સ્થિતિએ આ પડતર અરજીઓ અન્વયે કેટલા સમયમાં ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શકય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

### અમદાવાદ શહેરમાં વેટની બાકી રકમ વસુલવા બાબત

* ૨૪૮૮૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં વેટની કેટલી રકમ વસુલવાની બાકી છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે જે રકમો બાકી છે તે મહેસૂલી રાહે વસૂલવા છેલ્લા બે વર્ષમાં કેટલા કિસ્સાઓમાં કાર્યવાહી કરી ?

જવાબ

(૧) રૂ.૭૪૧૩.૧૫ કરોડ.

(૨) ૬૧૦ કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

### ખેડા જિલ્લામાં સૌર ઉર્જા સંચાલિત વીજ કનેકશન મેળવવાની અરજીઓ

* ૨૪૦૫૦ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષ દરમિયાન ખેતીવાડી માટે સૌર ઉર્જા સંચાલિત વીજ કનેકશન મેળવવા માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને અરજીઓ નામંજુર કરવાના મુખ્ય કારણો શાં છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ૨ વર્ષ દરમિયાન ખેતીવાડી માટે સૌર ઉર્જા સંચાલિત વીજ કનેકશન મેળવવા કુલ ૬૮ અરજીઓ નોંધાયેલ છે. તાલુકાવાર અને વર્ષવાર માહિતી આ સાથેના જોડેલ પત્રક–અ માં દર્શાવેલ છે.

(૨) કુલ નોંધાયેલ ૬૮ અરજીઓ પૈકી ૩૬ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૩) કુલ ૩૨ અરજીઓ ના મંજુર કરવામાં આવી. અરજીઓ ના મંજુર કરવાના મુખ્ય કારણો આ સાથેના જોડેલ પત્રક–બ માં દર્શાવેલ છે.

પત્રક–અ

| અ. નં. | જિલ્લા | તાલુકા | વર્ષ–૨૦૧૪ | | | | વર્ષ–૨૦૧૫ | | | | છેલ્લા બે વર્ષની કુલ અરજી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | આવેલ અરજી | મંજૂર થયેલ અરજી | નામંજૂર થયેલ અરજી | પમ્પ કાર્યવિન્ત કર્યા | આવેલ અરજી | મંજૂર થયેલ અરજી | નામંજૂર થયેલ અરજી | પમ્પ કાર્યવિન્ત કર્યા | આવેલ અરજી | મંજૂર થયેલ અરજી | નામંજૂર થયેલ અરજી | પમ્પ કાર્યવિન્ત કર્યા |
| ૧ | ખેડા | માતર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | ખેડા | મહેમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૬ | ૩ | ૧ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૩ | ખેડા | કઠલાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૪ | ખેડા | કપડવંજ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૭ | ૨૮ | ૨૯ | ૭ | ૫૭ | ૨૮ | ૨૯ | ૭ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખેડા કુલ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૮ | ૩૬ | ૩૨ | ૯ | ૬૮ | ૩૬ | ૩૨ | ૯ |

પત્રક–બ

| વર્ષ–૨૦૧૪ અને ૨૦૧૫ની ના મંજૂર થયેલ ૩૨ અરજીઓના મુખ્ય કારણો નીચે મુજબ છે. | | |
|---|---|---|
| બોર બનાવેલ ન હોય | : | મહેમદાવાદ–૧, કપડવંજ–૩, |
| જમીન ૧ એકર થી ઓછી હોય | : | મહેમદાવાદ–૨, કપડવંજ–૯, |
| પહેલાથી જ વીજ જોડાણ મેળવેલ હોય | : | કપડવંજ–૧ |
| દસ્તાવેજ રજૂ ન કરવાના કારણો | : | કપડવંજ–૧ |
| અરજદાર દ્વારા અરજી રદ્દ કરાવવાના કારણે | : | કપડવંજ–૧૫ |

અમરેલી, કુકાવાવ અને વડીયા તાલુકાના ગામોમાં ભુગર્ભ ગટર બનાવવાના કામો

* ૨૫૧૩૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી, કુકાવાવ અને વડીયા તાલુકાના કેટલા ગામોમાં ભુગર્ભ ગટર બનાવવાના કામો ને અંદાજીત કેટલી રકમના ખર્ચ અંગે જરૂરી સૈધ્ધાંતિંક મંજુરી આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા ગામે ઉક્ત કામો અંગે કેટલી રકમના ખર્ચ અંગે જરૂરી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગામની દરખાસ્ત કે માંગણીઓ મુખ્યત્વે કયાં કારણોસર પડતર છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ વહીવટી મંજુરી મેળવેલ કામોની ભૌતિક અના નાણાકીય પ્રગતિની શું સ્થિતિ છે?

જવાબ

(૧) તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી, કુકાવાવ અને વડીયા તાલુકાના ગામોમાં ભુગર્ભ ગટર બનાવવાના કામોને ખર્ચ અંગે જરૂરી સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ નથી.

(૨) ઉક્ત ગામોમાં કામો અંગે જરૂરી સૈધ્ધાંતિક મંજૂરી અપાયેલ ન હોઈ વહીવટી મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ અમરેલી, કુકાવાવ અને વડીયા તાલુકાના કુલ ૨૫ ગામોની દરખાસ્તો પડતર છે. કારણ કે સમગ્ર રાજ્યમાં ભુગર્ભ ગટરના કામોમાં એક સૂત્રતા જાળવવા અને ગટર બનાવવાના કામ માટે ટેકનિકલ મેન પાવર, ટેકનિકલ નોલેજ અને કામની ગુણવત્તાની જાળવણી બાબતે નીતિવિષયક નિર્ણય હાલ પ્રક્રિયા હેઠળ હોવાથી માંગણીઓ પડતર છે.

(૪) ઉક્ત સ્થિતિએ વહીવટી મંજુરી આપેલ ન હોઈ, કામોની ભૌતિક અને નાણાંકીય પ્રગતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં આણંદ જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસોના બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં આણંદ જિલ્લામાં ૩૦૦ ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સ્પિલ ઓવર સાથે ૨૬૧ ઈન્દિરા આવાસોના બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા.

અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૨૪૦૨૧ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમરસ યોજના હેઠળ કેટલી ગ્રામ પંચાયતો તાલુકાવાર સમરસ થઈ,

જવાબ

(૧) ૭ (સાત)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧ |
| ૨ | લાઠી | ૧ |
| ૩ | ધારી | ૩ |

## અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| ૪ | સાવરકુંડલા | ૨ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પ્રથમવાર સમરસ થઈ,

(૨) ૩ (ત્રણ)

(૩) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સતત બીજીવાર સમરસ થઈ,

(૩) ૧ (એક)

(૪) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થઈ, અને

(૪) ૩ (ત્રણ)

(૫) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૫) રૂ. ૨૩,૮૭,૫૦૦/- (રૂપિયા ત્રેવીસ લાખ સત્યાસી હજાર પાંચસો પૂરા)

### રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં સી.એન.જી. પેટ્રોલ પંપની સુવિધા

* ૨૩૦૪૩ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કયા તાલુકાઓમાં સી.એન.જી. પેટ્રોલ પંપની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે તાલુકાઓમાં કેટલા સમયમાં આ સુવિધાઓ આપવામાં આવશે તથા તે અન્વયે સરકારને આ બાબતે છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે રજુઆતો મળી?

જવાબ

(૧) રાજકોટ અને જુનાગઢ જિલ્લાના તાલુકાઓમાં સી.એન.જી. પંપ ઉપલબ્ધ ના હોય તેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકા (સી.એન.જી. પંપ ઉપલબ્ધ નથી) |
|---|---|
| રાજકોટ | રાજકોટ જિલ્લાના ધોરાજી, ગોંડલ, જામકંડોરણા, જેતપુર અને ઉપલેટા તાલુકામાં સી.એન.જી. સ્ટેશન હજુ સુધી ઉપલબ્ધ થયેલ નથી. |
| જુનાગઢ | હાલની પરિસ્થિતિ અનુસાર જુનાગઢ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવા માટે કોઈ પણ સીજીડી કંપનીને પી.એન.જી.આર.બી. દ્વારા ઓથોરાઈઝેશન આપવામાં આવેલું નથી.<br>તદઅનુસાર હાલમાં જુનાગઢ જિલ્લાના કોઈપણ તાલુકામાં સી.એન.જી. સ્ટેશન ઉપલબ્ધ નથી. |

(૨) રાજકોટ જિલ્લા માટે

રાજકોટ જિલ્લાના ઉક્ત તાલુકાઓમાં સી.એન.જી. સ્ટેશનોની સુવિધા પુરી પાડવા માટે ગેસ પાઈપલાઈનના વિસ્તરણ માટે વિવિધ વિભાગો (જેમ કે નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, રેલ્વે, ફોરેસ્ટ, માર્ગ અને મકાન, પંચાયત, સિંચાઈ વિભાગ વગેરે)ની મંજુરીઓ મેળવવી વિગેરે કાર્યવાહી ગતિમાન છે, જે મળ્યા બાદ પાઈપલાઈન વિસ્તરણ કામગીરી પૂર્ણ થયેથી સી.એન.જી. સ્ટેશન સ્થાપવા કાર્યવાહી કરવામાં આવશે.

જુનાગઢ જિલ્લા માટે

જુનાગઢ જિલ્લામાં સી.એન.જી. અને પી.એન.જી. માટે ગેસ નેટવર્કની સ્થાપના કરવા માટે પી.એન.જી.આર.બી.નું ઓથોરાઈઝેશન જરૂરી છે.

હાલમાં કોઈ પણ સીજીડી કંપનીને જુનાગઢ જિલ્લામાં ગેસ નેટવર્કની સ્થાપના કરવા માટે પી.એન.જી.આર.બી.નું ઓથોરાઈઝેશન મળેલ નથી.

ભવિષ્યમાં જુનાગઢ જિલ્લા માટે પી.એન.જી.આર.બી.ની સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા બાદ જે તે સફળ બિડર (સીજીડી)

કંપનીને જુનાગઢ જિલ્લો સોંપવામાં આવશે તે સીજીડી કંપની દ્ધારા જુનાગઢ જિલ્લામાં ગેસ નેટવર્ક (સી.એન.જી.અને પી.એન.જી.) સ્થાપવાની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી શકે.

જુનાગઢ જિલ્લામાં પી.એન.જી/સી.એન.જી. પુરો પાડવા માટે ૪ અરજીઓ મળેલ છે અને રાજકોટ જિલ્લા માટે પણ ૪ અરજીઓ મળેલ છે.

## રાજ્યમાં સ્વચ્છતા અભિયાનમાં જિલ્લાવાર બજેટની રકમ ફાળવવા બાબત

* ૨૫૩૮૦ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પંચાયત વિભાગ અન્વયે ‘‘સ્વચ્છતા અભિયાન’’ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર કેટલી રકમ કયા હેતુસર ફાળવવામાં આવી?

જવાબ

તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ અન્વયે સ્વચ્છતા અભિયાન માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર નીચે જણાવ્યા મુજબની રકમ વ્યક્તિગત શૌચાલયના બાંધકામ તેમજ વહીવટી ખર્ચ, પ્રચાર−પ્રસાર તેમજ ઘન કચરાના સાધનો માટે ફાળવવામાં આવી જેની જિલ્લાવાર વર્ષવાર માહિતિ અંગેનું પરિશિષ્ટ−અ આ સાથે સામેલ છે.

| વર્ષ | કુલ ફાળવેલ ગ્રાન્ટ (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪ | ૧૫૭.૧૨૩૮ |
| ૨૦૧૫ | ૩૦૭.૩૯૯૩ |

પરિશિષ્ટ−અ

(રકમ રૂ. કરોડમાં)

| ક્રમ | જિલ્લો | ફાળવેલ ફંડ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | | | | ૨૦૧૫ | | | | |
| | | વ્યક્તિગત શૌચાલય માટે | પ્રચાર પ્રસાર ખર્ચ માટે | વહીવટી ખર્ચ માટે | કુલ | વ્યક્તિગત શૌચાલય માટે | પ્રચાર પ્રસાર ખર્ચ માટે | વહીવટી ખર્ચ માટે | SWM માટે | કુલ |
| ૧ | અમદાવાદ | ૦.૫૧૦૩ | ૦.૦૨૪૫ | ૦.૦૦૯૮ | ૦.૫૪૪૬ | ૪.૬૨૫૭ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૨૨૪૦ | ૪.૮૪૯૭ |
| ૨ | અમરેલી | ૬.૮૭૩૬ | ૦.૧૪૩૨ | ૦.૧૪૩૨ | ૭.૧૬૦૦ | ૮.૮૧૭૦ | ૦.૦૮૦૦ | ૦.૦૮૦૦ | ૦.૦૦૦૦ | ૮.૯૭૭૦ |
| ૩ | આણંદ | ૭.૦૩૬૯ | ૦.૩૩૮૦ | ૦.૧૩૫૨ | ૭.૫૧૦૦ | ૯.૯૭૯૧ | ૦.૪૭૯૩ | ૦.૧૯૧૭ | ૦.૦૦૦૦ | ૧૦.૬૫૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૬.૨૮૩૧ | ૧.૧૩૫૫ | ૦.૧૫૧૪ | ૭.૫૭૦૦ | ૧.૪૮૩૧ | ૦.૦૭૧૨ | ૦.૦૨૮૫ | ૦.૦૦૦૦ | ૧.૫૮૨૮ |
| ૫ | ભરૂચ | ૯.૨૦૪૦ | ૦.૬૦૪૮ | ૦.૧૫૧૨ | ૯.૯૬૦૦ | ૧૬.૬૭૧૮ | ૦.૭૮૪૦ | ૦.૧૯૬૦ | ૦.૦૦૦૦ | ૧૭.૬૫૧૮ |
| ૬ | ભાવનગર | ૧.૫૩૪૧ | ૦.૦૫૬૭ | ૦.૦૨૯૨ | ૧.૬૨૦૦ | ૬.૦૭૫૨ | ૦.૨૨૪૫ | ૦.૧૧૫૫ | ૦.૦૦૦૦ | ૬.૪૧૫૨ |
| ૭ | બોટાદ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ |
| ૮ | દાહોદ | ૧.૩૧૧૮ | ૦.૦૬૩૦ | ૦.૦૨૫૨ | ૧.૪૦૦૦ | ૪૩.૫૯૨૮ | ૦.૨૮૮૦ | ૦.૭૨૦૦ | ૦.૦૦૦૦ | ૪૪.૬૦૦૮ |
| ૯ | ડાંગ−આહવા | ૧.૩૨૭૮ | ૦.૦૬૩૮ | ૦.૦૨૫૫ | ૧.૪૧૭૧ | ૦.૯૦૦૦ | ૦.૦૪૩૨ | ૦.૦૧૭૩ | ૦.૦૦૦૦ | ૦.૯૬૦૫ |
| ૧૦ | ગાંધીનગર | ૫.૫૦૦૦ | ૦.૨૬૪૨ | ૦.૧૦૫૮ | ૫.૮૭૦૦ | ૩.૮૨૦૪ | ૦.૦૨૨૫ | ૦.૦૦૯૦ | ૦.૦૦૦૦ | ૩.૮૫૧૯ |
| ૧૧ | જામનગર | ૧.૭૩૩૪ | ૦.૨૯૯૬ | ૦.૧૦૭૦ | ૨.૧૪૦૦ | ૭.૬૫૨૧ | ૦.૦૪૫૦ | ૦.૦૧૮૦ | ૦.૦૫૬૪ | ૭.૭૭૧૫ |
| ૧૨ | દેવભૂમિ દ્ધારકા | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ |
| ૧૩ | જુનાગઢ | ૭.૬૫૭૦ | ૦.૦૬૦૫ | ૦.૩૪૨૫ | ૮.૦૬૦૦ | ૩.૨૬૪૯ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૩.૨૬૪૯ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૨.૩૫૭૫ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૨.૩૫૭૫ |

| ક્રમ | જિલ્લો | ફાળવેલ ફંડ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | | | | ૨૦૧૫ | | | | |
| | | વ્યક્તિગત શૌચાલય માટે | પ્રચાર પ્રસાર ખર્ચ માટે | વહીવટી ખર્ચ માટે | કુલ | વ્યક્તિગત શૌચાલય માટે | પ્રચાર પ્રસાર ખર્ચ માટે | વહીવટી ખર્ચ માટે | SWM માટે | કુલ |
| ૧૫ | કચ્છ–ભૂજ | ૦.૯૦૯૧ | ૦.૦૧૭૩ | ૦.૦૩૩૬ | ૦.૯૬૦૦ | ૨.૩૨૦૧ | ૦.૦૪૪૧ | ૦.૦૮૫૮ | ૦.૦૦૦૦ | ૨.૪૫૦૦ |
| ૧૬ | ખેડા–નડિયાદ | ૧.૯૨૯૧ | ૦.૧૧૯૧ | ૦.૩૩૩૪ | ૨.૩૮૧૬ | ૧૧.૩૧૮૦ | ૦.૭૨૩૨ | ૦.૨૮૯૩ | ૦.૦૦૦૦ | ૧૨.૩૩૦૫ |
| ૧૭ | મહેસાણા | ૩.૩૦૦૯ | ૦.૦૭૯૫ | ૦.૫૯૬૬ | ૩.૯૭૭૦ | ૮.૮૫૬૫ | ૦.૧૬૮૪ | ૦.૩૨૭૨ | ૨.૫૯૧૪ | ૧૧.૯૪૩૫ |
| ૧૮ | નર્મદા | ૩.૭૭૧૪ | ૦.૧૮૧૧ | ૦.૦૭૨૫ | ૪.૦૨૫૦ | ૧૨.૭૭૬૫ | ૦.૨૨૫૦ | ૦.૦૯૦૦ | ૦.૦૦૦૦ | ૧૩.૦૯૧૫ |
| ૧૯ | નવસારી | ૮.૪૭૯૯ | ૦.૪૦૭૩ | ૦.૧૬૨૯ | ૯.૦૫૦૦ | ૭.૫૯૩૨ | ૦.૩૬૪૭ | ૦.૧૪૫૯ | ૦.૦૦૦૦ | ૮.૧૦૩૭ |
| ૨૦ | પંચમહાલ | ૧૨.૫૦૦૩ | ૨.૩૧૫૦ | ૦.૬૧૭૩ | ૧૫.૪૩૨૬ | ૩૦.૮૩૧૧ | ૨.૭૪૦૫ | ૦.૬૮૫૨ | ૦.૧૮૩૩ | ૩૪.૪૪૦૧ |
| ૨૧ | મહીસાગર | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૩.૯૭૧૬ | ૦.૧૯૦૭ | ૦.૦૭૬૩ | ૦.૦૦૦૦ | ૪.૨૩૮૬ |
| ૨૨ | પાટણ | ૭.૧૪૪૨ | ૧.૩૨૩૦ | ૦.૩૫૨૮ | ૮.૮૨૦૦ | ૧૬.૬૧૫૧ | ૦.૭૯૭૯ | ૦.૩૧૯૨ | ૦.૦૦૦૦ | ૧૭.૭૩૨૨ |
| ૨૩ | પોરબંદર | ૩.૫૦૯૧ | ૦.૦૬૨૭ | ૦.૦૨૭૯ | ૩.૫૯૯૭ | ૬.૧૭૧૦ | ૦.૨૯૭૦ | ૦.૦૦૧૩ | ૦.૦૦૦૦ | ૬.૪૬૯૩ |
| ૨૪ | રાજકોટ | ૧૧.૭૧૨૨ | ૨.૧૬૮૯ | ૦.૫૭૮૪ | ૧૪.૪૫૯૫ | ૭.૩૦૨૬ | ૦.૦૯૦૦ | ૦.૦૩૬૦ | ૦.૦૦૦૦ | ૭.૪૨૮૬ |
| ૨૫ | મોરબી | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૩.૩૮૮૮ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૩.૩૮૮૮ |
| ૨૬ | સાબરકાંઠા | ૭.૫૧૪૨ | ૧.૬૭૧૮ | ૦.૧૯૦૨ | ૯.૩૭૬૨ | ૬.૦૪૯૭ | ૦.૨૭૯૩ | ૦.૧૩૯૭ | ૦.૦૦૦૦ | ૬.૪૬૮૭ |
| ૨૭ | અરવલ્લી | ૨.૨૩૦૦ | ૦.૦૮૯૨ | ૦.૦૪૪૬ | ૨.૩૬૩૮ | ૮.૫૮૨૩ | ૦.૩૪૩૩ | ૦.૧૭૧૬ | ૦.૦૦૦૦ | ૯.૦૯૭૨ |
| ૨૮ | સુરત | ૧૩.૨૨૪૬ | ૦.૫૨૫૦ | ૦.૨૫૨૦ | ૧૪.૦૦૧૬ | ૧૪.૭૮૩૦ | ૦.૬૫૩૦ | ૦.૦૦૦૦ | ૧.૬૬૪૪ | ૧૭.૧૦૦૪ |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૦.૪૭૩૫ | ૦.૦૧૭૫ | ૦.૦૦૯૦ | ૦.૫૦૦૦ | ૪.૬૫૯૧ | ૦.૦૮૮૬ | ૦.૦૪૫૫ | ૦.૦૪૨૮ | ૪.૮૩૬૦ |
| ૩૦ | તાપી | ૭.૫૬૫૪ | ૦.૩૬૩૩ | ૦.૧૪૫૩ | ૮.૦૭૪૦ | ૧૨.૩૯૯૪ | ૦.૫૯૫૫ | ૦.૨૩૮૨ | ૩.૪૬૦૦ | ૧૬.૬૯૩૧ |
| ૩૧ | વડોદરા | ૪.૨૦૪૦ | ૦.૦૯૩૪ | ૦.૩૭૩૭ | ૪.૬૭૧૧ | ૭.૦૪૯૮ | ૦.૦૧૨૪ | ૦.૭૭૦૯ | ૦.૦૦૦૦ | ૭.૮૩૩૧ |
| ૩૨ | છોટાઉદેપુર | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૦.૦૦૦૦ | ૨.૧૬૩૬ | ૦.૧૯૨૩ | ૦.૦૪૮૧ | ૦.૦૦૦૦ | ૨.૪૦૪૦ |
| ૩૩ | વલસાડ | ૨.૦૪૨૭ | ૦.૦૯૮૧ | ૦.૦૩૯૨ | ૨.૧૮૦૦ | ૭.૮૮૬૨ | ૦.૩૭૮૭ | ૦.૧૫૧૫ | ૦.૦૦૦૦ | ૮.૪૧૬૪ |
| | કુલ | ૧૩૯.૪૮૨૫ | ૧૨.૫૮૫૯ | ૫.૦૫૫૩ | ૧૫૭.૧૨૩૮ | ૨૮૩.૯૫૭૧ | ૧૦.૨૨૨૩ | ૪.૯૯૭૭ | ૮.૨૨૨૩ | ૩૦૭.૩૯૯૩ |

### નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ થયેલ ખર્ચ

* ૨૪૦૦૯ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ નવસારી જિલ્લાને વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજુર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન નવસારી જિલ્લાને ફાળવેલ રૂ. ૨૪૭૫.૦૦ લાખની ગ્રાન્ટ સામે તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રૂ. ૨૨૨૧.૩૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) મંજૂર થયેલ કુલ–૧૩૬૦ કામો સામે કુલ–૧૨૯૧ કામો પૂર્ણ થયેલ છે.

### વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૩૯૬૯ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા જી, નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગ નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહતના દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ

ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત તા. ૦૯–૦૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબીલની ૫૦ટકા રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાનાં ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક (રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર–૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૨૨.૩૨ | ૧૯.૦૯ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૧૬.૨૩ | ૨૦.૯૫ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૩૦.૧૨ | ૨૯.૫૧ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦% રાહત | ૧૧.૫૨ | – |
| | કુલ | ૮૦.૧૯ | ૬૯.૫૫ |

## રાજ્ય પંચાયત પરિષદની બેઠક

* ૨૫૯૧૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની બેઠક કયારે કયારે મળેલ છે, | (૧) ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની રચના થયેલ ના હોઈ, બેઠક મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં ચેરમેન અને સભ્યો કોણ છે, અને | (૨) પ્રશ્ન નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પરિષદની છેલ્લી બેઠક કયારે મળેલ છે. અને તે બેઠકની અમલીકરણ નોંધ અને કાર્યવાહી નોંધ પરિષદના સર્વે સદસ્યોને કયારે મોકલવામાં આવે છે? | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બેઠક મળેલ ન હોઈ અમલીકરણનો અને કાર્યવાહી નોંધ મોકલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજનાના આવાસો

* ૨૫૨૯૮ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના અન્વયે કેટલા આવાસ મંજુર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના અન્વયે અરવલ્લી જિલ્લામાં ૪૭૯૫ અને સાબરકાંઠા જિલ્લામાં ૫૪૭૦ આવાસ મંજૂર કરવામાં આવ્યા, જેની જિલ્લાવાર, વર્ષવાર અને તાલુકાવાર વિગત નીચે પ્રમાણે છે.

| સાબરકાંઠા | | | | અરવલ્લી | | | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ | તાલુકાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ |
| હિંમતનગર | ૧૨૯ | ૧૭૮ | ૩૦૭ | મોડાસા | ૩૧૦ | ૧૯૫ | ૫૦૫ |
| ઈડર | ૨૦૦ | ૧૮૯ | ૩૮૯ | ભિલોડા | ૧૭૦૪ | ૯૯૯ | ૨૭૦૩ |
| ખેડબ્રહ્મા | ૧૮૩૮ | ૬૨૬ | ૨૪૬૪ | બાયડ | ૨૯૬ | ૨૫ | ૩૨૧ |
| પોશીના | ૦ | ૭૦૯ | ૭૦૯ | ધનસુરા | ૧૧૮ | ૨૦ | ૧૩૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તલોદ | ૨૧૧ | ૯૫ | ૩૦૬ | માલપુર | ૭૯ | ૨૯ | ૧૦૮ |
| વડાલી | ૨૦૦ | ૯૬ | ૨૯૬ | કુલ | ૩૦૭૮ | ૧૭૧૭ | ૪૭૯૫ |
| વિજયનગર | ૫૧૧ | ૨૪૩ | ૭૫૪ | | | | |
| કુલ | ૩૨૮૧ | ૨૧૮૯ | ૫૪૭૦ | | | | |

- તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના અન્વયે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કોઈ આવાસ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી બાયડ અને માલપુર તાલુકામાં કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડ અને માલપુર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાની ૭૬૩ અરજીઓ પડતર છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાયડ | ૩૮ |
| ૨ | માલપુર | ૭૨૫ |
| | કુલ | ૭૬૩ |

- ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડ અને માલપુર તાલુકામાં સરદાર આવાસ યોજનાની કોઈ અરજી પડતર નથી.

(૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

(૩) ઉક્ત સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ પડતર અરજીઓનો નિકાલ ભારત સરકારશ્રીનાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવતા લક્ષ્યાંકની ફાળવણીને ધ્યાને રાખીને કરવામાં આવશે.

- ઉક્ત સ્થિતિએ સરદાર આવાસ યોજનાની કોઈ અરજીઓ પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત નથી.

ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૪૦૦૧ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે, કેમ અને

જવાબ

(૧) હા, જી. નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે. પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચૂકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા.૦૯-૦૨-૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટેની સહાયકી | ૨૯.૨૯ | ૨૩.૦૧ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૨૯.૯૯ | ૨૫.૨૪ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૩૯.૬૯ | ૩૫.૫૬ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ ટકા રાહત | ૧૫.૩૫ | – |
| | કુલ | ૧૧૪.૩૨ | ૮૩.૮૧ |

### રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ પર વેટ/સેસ

* ૨૪૦૧૮ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર કેટલો સેસ/વેરો લેવામાં આવે છે, અને

(૨) સેસ/વેરો અન્વયે રાજ્ય સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઇ ?

જવાબ

(૧)

| વિગત | વેટનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૩% | ૨% |
| ડીઝલ | ૨૧% | ૩% |

(૨) (રકમ રૂ.કરોડમાં)

| વિગત | તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| સેસ | ૧૨૧૩.૦૭ | ૧૧૪૦.૯૨ |

### ભાવનગર જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૩૯૭૧ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૪૦૯ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ સેટ ફાળવવામાં આવેલ છે.

### વલસાડ જિલ્લામાં ઇન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૩ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં વલસાડ જિલ્લામાં કેટલા ઇન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ઇન્દિરા આવાસોનાં બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા ?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં વલસાડ જિલ્લામાં ૭૮૦ ઇન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સ્પીલ ઓવર સાથે ૭૮૧ આવાસના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

### પાટણ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામિણ વીજળીકરણ યોજના

* ૨૪૨૭૨ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામિણ વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા ગામોમાંથી કુલ કેટલી અરજીઓ આવી, અને

જવાબ

(૧) અને (૨)

કેન્દ્ર સરકારની આર.જી.જી.વી.વાય. હેઠળ અરજીઓ નોંધવામાં આવતી ન હતી. પરંતુ ભારત સરકારનાં ગ્રામ્ય વીજળીકરણ નિગમ (આર.ઇ.સી.) દ્વારા સંબંધિત જિલ્લાનાં

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલા વીજ કનેકશનો આપવામાં આવ્યા, અને ઉક્ત સ્થિતિએ બાકી રહેતા વીજ કનેકશનો ક્યારે આપવાનું સરકારનું આયોજન છે ?

મંજૂર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબનાં બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓને ગૃહ વપરાશનાં વીજ જોડાણ આપવામાં આવતા હતા. તદ્અનુસાર પાટણ જિલ્લાનો મંજૂર થયેલ પ્રોજેક્ટ નવેમ્બર–૨૦૧૧માં પૂર્ણ થઇ ગયેલ છે. અને ૨૪૦૩૫ લાભાર્થીઓને વીજળીકરણથી આવરી લેવામાં આવ્યા છે જેની તાલુકાવાર/ગામવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | ગામની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ચાણસ્મા | ૫૯ | ૨૦૫૭ |
| હારીજ | ૩૯ | ૩૪૬૦ |
| પાટણ | ૧૩૮ | ૪૫૨૪ |
| રાધનપુર | ૫૬ | ૩૬૦૬ |
| સમી | ૯૮ | ૬૧૪૪ |
| સાંતલપુર | ૭૩ | ૨૭૨૧ |
| સિધ્ધપુર | ૫૪ | ૧૫૨૩ |
| કુલ | ૫૧૭ | ૨૪૦૩૫ |

આણંદ જિલ્લામાં ખનીજની રોયલ્ટી પેટે મળેલ રકમ

* ૨૪૪૬૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાંથી ખનીજની રોયલ્ટી પેટે રાજ્ય સરકારને કેટલી રકમ મળી, અને | (૧) રૂ.૧૩૮૯.૮૩ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાંથી ખનીજ ચોરી કરતા પકડાયેલ ઇસમો પાસેથી દંડ પેટે કેટલી રકમ વસુલ કરી ? | (૨) રૂ.૧૨૮.૯૯ લાખ. |

વડોદરા જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૩૯૬૪ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૬૯ સબ સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૧૧ (અગીયાર) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૪ (ચાર) એમ કુલ ૧૫ (પંદર) નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ નવીન વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૩ (ત્રણ) નવીન વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.<br>• બાકી રહેતા ૬૬ કેવી શેરખી સબસ્ટેશનને માર્ચ ૨૦૧૬માં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) વર્ષ ૨૦૧૪ માં રૂ.૭૯૭૫.૧૭ લાખ અને વર્ષ ૨૦૧૫ માં રૂ.૧૭૧૧.૧૯ લાખ ખર્ચ થયેલ છે. |

રાજકોટ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૩૯૭૮ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

(૧) અને (૨)

રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૬૫ લોક અદાલતો યોજી કુલ ૫૧૪૨ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૪૧૨.૧૧ લાખની રકમ પૈકી રૂ.૨૯૨.૩૦ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ.૧૧૯.૮૧ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૩૯૮૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં વલસાડ જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા ?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં વલસાડ જિલ્લામાં ૭૮૦ ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સ્પીલ ઓવર સાથે ૭૮૧ ઈન્દિરા આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

### મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સના ઘરભાડા ભથ્થા સંબંધના ઓફીસ મેમોરેન્ડમ અંગે

* ૨૪૬૬૩ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓના ઘરભાડા ભથ્થું (એચ.આર.એ.) ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારને ક્યારે મળેલ છે,અને

(૨) તે અન્વયે સરકારે ક્યારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) આ બાબતમાં મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ ખર્ચ વિભાગ ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧-૦૭-૨૦૧૫ના રોજ અત્રે મળેલ છે.

(૨) કેન્દ્ર સરકારનું ઉપર્યુક્ત મેમોરેન્ડમ (સુધારો) રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓને સીધેસીધું લાગુ પડતું નથી. છતાં પણ, રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરી યોગ્ય સમયે નિર્ણય લેશે.

### અમદાવાદ જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૪૦૦૩ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૪૯૨.૮૫ લાખનાં ખર્ચે ૩૦ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

### મહેસાણા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૨૪૦૧૨ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં મહેસાણા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૨) મહેસાણા જિલ્લામાંથી સૌથી વધુ આવક આપતી ૫

જવાબ

(૧) રૂ.૩૩૧.૭૦ કરોડ.

(૨) (૧) ઓટો મોબાઈલ્સ

## અતારાંકિત પ્રશ્નો

(પાંચ) કોમોડીટીઓ કઈ છે ?

(૨) ઓઈલ એન્ડ ઓઈલ સીડ્સ
(૩) કોટન/કોટન જીનીંગ
(૪) ડેરી પ્રોડકટ
(૫) સીરામીક ટાઈલ્સ

### હળવદ તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવાની દરખાસ્ત

* ૨૪૦૩૩ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ હળવદ તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવા ક્યારે દરખાસ્ત કરવામાં આવી, | (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ તા.૨૯–૪–૧૫ થી દરખાસ્ત કરવામાં આવી. |
| (૨) આ દરખાસ્ત ક્યારે મંજૂર કરવામાં આવી અને તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૨) દરખાસ્ત મંજૂર કર્યા તા.૧૭–૭–૨૦૧૫ મંજૂર કરવામાં આવેલ રકમ રૂ.૨૮૫.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ આ બાંધકામ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે ? | (૩) તા.૨૧–૧૨–૨૦૧૫ થી ઈજારદારના ટેન્ડરને સ્વીકૃતિ આપેલ હોઈ કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રોયલ્ટીની આવક

* ૨૫૮૧૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનીજ ઉત્ખનન દ્વારા રોયલ્ટીની વર્ષવાર કેટલી આવક થઈ,

જવાબ

(૧)

| સમયગાળો | ગાંધીનગર | મહેસાણા |
|---|---|---|
| તા.૧/૨/૧૪ થી તા.૩૧/૧/૧૫ | રૂ.૭૭૭.૬૭ લાખ | રૂ.૭૬૮.૪૩ લાખ |
| તા.૧/૨/૧૫ થી તા.૩૧/૧/૧૬ | રૂ.૬૭૮.૮૨ લાખ | રૂ.૬૭૮.૩૩ લાખ. |

(૨) ઉકત સ્થિતિએ, રોયલ્ટીની ચોરી કરતા કેટલા ઈસમો સામે ફરીયાદો મળી અને કેટલા ઈસમો પકડાયા, અને

(૨) ૧૫૬ ઈસમો સામે ફરીયાદો મળી અને ૧૯૬ ઈસમો પકડાયા.

(૩) પકડાયેલ ઈસમો પાસેથી કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો ?

(૩) રૂ.૧૪૯.૦૮ લાખ.

### બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સેવકોનું મંજૂર મહેકમ

* ૨૫૯૪૪ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૬ |
| ૨ | વડગામ | ૨૧ |
| ૩ | દાંતા | ૨૪ |
| ૪ | ડીસા | ૩૨ |
| ૫ | દાંતીવાડા | ૯ |
| ૬ | ધાનેરા | ૧૬ |
| ૭ | થરાદ | ૧૬ |
| ૮ | વાવ | ૧૪ |
| ૯ | દિયોદર | ૯ |
| ૧૦ | ભાભર | ૬ |
| ૧૧ | કાંકરેજ | ૨૩ |
| ૧૨ | અમીરગઢ | ૧૦ |
| | કુલ | ૧૯૬ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૫ | ૧૧ |
| ૨ | વડગામ | ૫ | ૧૬ |
| ૩ | દાંતા | ૬ | ૧૮ |
| ૪ | ડીસા | ૯ | ૨૩ |
| ૫ | દાંતીવાડા | ૧ | ૮ |
| ૬ | ધાનેરા | ૩ | ૧૩ |
| ૭ | થરાદ | ૫ | ૧૧ |
| ૮ | વાવ | ૪ | ૧૦ |
| ૯ | દિયોદર | ૨ | ૭ |
| ૧૦ | ભાભર | ૧ | ૫ |
| ૧૧ | કાંકરેજ | ૩ | ૨૦ |
| ૧૨ | અમીરગઢ | ૧ | ૯ |
| | કુલ | ૪૫ | ૧૫૧ |

(૩) ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે?

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પસાર થતી નદીમાં ગેરકાયદેસર રેતી ખનનની ફરીયાદ

* ૨૪૨૭૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં રેતીના ગેરકાયદેસર ખનન અંગેની કેટલી ફરીયાદો મળી,

(૧) બનાસકાંઠા જિલ્લામાં ૦૮ અને પાટણ જિલ્લામાં ૧૫.

(૨) મળેલ ફરીયાદ અન્વયે કઈ તારીખોએ તપાસ કરવામાં આવી,

(૨)

| અ. નં. | જિલ્લાનું નામ | તપાસની તારીખો |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | તા.૨૫–૨–૧૪,તા.૧૬–૪–૧૪, તા.૧૯–૪–૧૪, તા.૨૩–૬–૧૪, તા.૧૯–૯–૧૪, તા.૭–૧૧–૧૪, તા.૨–૬–૧૫, તા.૧૫–૬–૧૫, તા.૯–૧૦–૧૫ |
| ૨ | પાટણ | તા.૬–૫–૧૪, તા.૯–૯–૧૪, તા.૬–૧૨–૧૪, તા.૯–૧–૧૫, તા.૪–૨–૧૫, તા.૨૦–૨–૧૫, તા.૬–૪–૧૫, તા.૮–૪–૧૫, તા.૯–૪–૧૫, તા.૨૦–૪–૧૫, તા.૨૨–૫–૧૫– તા.૨૩–૫–૧૫, તા.૨૭–૫–૧૫, તા.૩૦–૫–૧૫, તા.૪–૬–૧૫, તા.૧૦–૭–૧૫, તા.૧૦–૮–૧૫, તા.૧૦–૯–૧૫, તા.૧૭–૯–૧૫, તા.૨૦–૯–૧૫, તા.૧૪–૧૦–૧૫, તા.૨૧–૧૧–૧૫, તા.૪–૧૨–૧૫. |

(૩) તે અન્વયે કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૩) ૬૨

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) ૬૨ ઈસમો પાસેથી બિન અધિકૃત વહન બદલ રૂ.૬.૬૦ લાખ વસૂલવામાં આવેલ છે. બિન અધિકૃત ખનન

કરતા ૦૩ ઈસમો પાસેથી રૂ.૮.૩૪ લાખ વસૂલેલ છે અને ૦૬ ઈસમોને રૂ.૬૬.૭૯ લાખ ભરપાઈ કરવા નોટીસ આપેલ છે.

તાપી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૨ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૫૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ૩૨૯ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી ૪૦ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

રાજ્યમાં રાસાયણિક ખાતરો, પેટ્રોલ અને ડીઝલ પર વેટમાં વધારો

* ૨૪૩૬૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રાસાયણિક ખાતરો, પેટ્રોલ અને ડીઝલ ઉપર વેટમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રાસાયણિક ખાતર ઉપર વેટના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. જ્યારે તા.૬–૧–૨૦૧૬ થી પેટ્રોલ ઉપર ૧ ટકા તેમજ ડીઝલ ઉપર ૩ ટકાનો વેટમાં વધારો કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ રાજ્ય સરકારને વેટમાં વધારો થવાથી ઉકત વર્ષવાર કેટલી રકમ મળી ? | (૨) રાસાયણિક ખાતર પરના વેરાના દરમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી તેથી તે અંગેની આવકમાં વધારો થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે પેટ્રોલ અને ડીઝલ ઉપર તા.૬–૧–૨૦૧૬ થી વેટમાં વધારો કરવાથી તા.૬–૧–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૬ સુધી રૂ.૭૧.૭૪ કરોડની વધારાની આવક થયેલ છે. |

પાટણ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી

* ૨૪૦૨૦ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કેટલા વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કુલ ૯૪૧૧૩ વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે ? | (૨) તે પૈકી ૩૦૧૫૮ શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |

‘‘છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લા ગ્રામવિકાસ એજન્સીનું સંવર્ગવાર મહેકમ’’

* ૨૫૩૦૩ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ગ્રામવિકાસ એજન્સીનું નીચેની વિગતે સંવર્ગવાર મહેકમ મંજૂર થયેલ છે. |

જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, છોટાઉદેપુર/વડોદરા જિલ્લાકક્ષાનું મંજૂર થયેલ મહેકમ.

| વર્ગ | વડોદરા જિલ્લાનું મંજૂર થયેલ મહેકમ | છોટાઉદેપુર જિલ્લાનું મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| વર્ગ–૧ | ૨ | ૨ |

| | | |
|---|---|---|
| વર્ગ–૨ | ૩ | ૩ |
| વર્ગ–૩ | ૨૭ | ૨૩ |
| વર્ગ–૪ | ૩ | ૩ |
| કુલ | ૩૫ | ૩૧ |

વડોદરા/છોટાઉદેપુર જિલ્લાનું તાલુકા કક્ષાનું મંજૂર થયેલ મહેકમ.

| વર્ગ | વડોદરા જિલ્લાનું મંજૂર થયેલ મહેકમ | છોટાઉદેપુર જિલ્લાનું મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| વર્ગ–૩ | ૭૪ | ૫૪ |

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, વડોદરાની જિલ્લાકક્ષાની ભરાયેલ/ખાલી જગ્યાઓ.

| વર્ગ | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| વર્ગ–૧ | ૧ | ૦ |
| વર્ગ–૨ | ૧ | ૩ |
| વર્ગ–૩ | ૧૭ | ૧૦ |
| વર્ગ–૪ | ૩ | ૦ |
| કુલ | ૨૨ | ૧૩ |

વડોદરાની તાલુકા કક્ષાની ભરાયેલ/ખાલી જગ્યાઓ.

| વર્ગ | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| વર્ગ–૩ | ૫૩ | ૨૧ |

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી છોટાઉદેપુરની જિલ્લા કક્ષાની ભરાયેલ/ખાલી જગ્યાઓ.

| વર્ગ | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| વર્ગ–૧ | ૧ | ૦ |
| વર્ગ–૨ | ૩ | ૧ |
| વર્ગ–૩ | ૧૩ | ૧૦ |
| વર્ગ–૪ | ૧ | ૨ |
| કુલ | ૧૮ | ૧૩ |

છોટાઉદેપુરની તાલુકા કક્ષાની ભરાયેલ/ખાલી જગ્યાઓ.

| વર્ગ | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| વર્ગ–૩ | ૨૮ | ૨૬ |

(૩) ઉકત સ્થિતિએ જો જગ્યાઓ ખાલી હોય તો તે ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ભારત સરકારની ડીઆરડીએ એડમિનીસ્ટ્રેશનની ગાઈડલાઈન મુજબ રાજ્ય/જિલ્લા/તાલુકાકક્ષાની મંજૂર થયેલ તમામ જગ્યાઓ પર ફકત પ્રતિનિયુકિતના ધોરણે નિમણૂંક કરવામાં આવે છે. પ્રતિનિયુકિતથી કર્મચારીઓની સેવાઓ ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરી દેવામાં આવશે.

ગ્રામ વિકાસ વિભાગના તા.૩–૧–૨૦૧૫ના ઠરાવથી જે જગ્યાઓને કરારથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે તે તમામ જગ્યાઓ કરારથી ભરવાની કાર્યવાહી ચાલુ છે જે એપ્રિલ–૨૦૧૬ સુધીમાં ભરી દેવા ગ્રામ વિકાસ કમિશ્નર

## અતારાંકિત પ્રશ્નો

કચેરી અને જિલ્લાઓ (ડીઆરડીએ) કાર્યવાહી કરશે.

### તિલકવાડા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૯ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૭૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૭૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૭૦ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

### વાલીયા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૮ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૨૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી ? | (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૨૦૦ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

### રાજકોટ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૪૦૦૨ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત આપવામાં આવે છે, કેમ અને | (૧) હા, જી. નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે. પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.<br>આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.<br>આ ઉપરાંત, તા.૦૯–૦૨–૨૦૧૫ ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ? | (૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે. |

પત્રક (રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | | (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટેની સહાયકી | ૪૭.૩૯ | ૩૮.૮૮ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૪૮.૫૨ | ૪૨.૬૫ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૬૪.૨૧ | ૬૦.૦૯ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ ટકા રાહત | ૨૫.૭૩ | – |
| | કુલ | ૧૮૫.૮૫ | ૧૪૧.૬૨ |

અરવલ્લી જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૩૯૭૯ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૬ (છ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૦ (દસ) એમ કુલ ૧૬ (સોળ) નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ નવીન વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૯ (નવ) નવીન વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

- બાકી રહેતા ૬૬ કેવી લીમોદરા સબ સ્ટેશનને માર્ચ ૨૦૧૬ માં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

(૩) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૪) વર્ષ ૨૦૧૪ માં રૂ.૨૬૪૦.૦૧ લાખ અને વર્ષ ૨૦૧૫ માં રૂ.૭૦૬૫.૮૭ લાખ ખર્ચ થયેલ છે.

લખતર તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવાની દરખાસ્ત

* ૨૩૯૮૪ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ લખતર તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવા ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ લખતર તાલુકા પંચાયતની તા.૧૦–૮–૨૦૧૫ ના રોજ દરખાસ્ત કરવામાં આવી.

(૨) આ દરખાસ્ત ક્યારે મંજૂર કરવામાં આવી અને તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) દરખાસ્ત મંજૂર કર્યા તા.૧૪–૧૦–૨૦૧૫
મંજૂર કરવામાં આવેલ રકમ રૂ.૨,૮૧,૭૬,૬૦૦/-

(૩) ઉક્ત સ્થિતિએ આ બાંધકામ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે ?

(૩) ટેન્ડરની કાર્યવાહી પ્રગતિમાં છે. વર્ક ઓર્ડર અપાયેથી સત્વરે.

શહેરા અને ગોધરા તાલુકામાં ગ્રામ પંચાયતોના વિભાજન માટેની દરખાસ્ત

* ૨૫૩૯૧ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકામાંથી છેલ્લા બે વર્ષમાં કેટલી જૂથ ગ્રામ પંચાયતોના વિભાજન માટેની સરકારને દરખાસ્ત મળી,

(૧) ૦ (શૂન્ય).

(૨) તે પૈકી ક્યા તાલુકાની કઇ ગ્રામ પંચાયતો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેરો

* ૨૪૦૧૭ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત વસ્તુઓ પર વેટની કેટલી આવક થઇ ?

જવાબ

(૧)

| વિગત | વેટના દરો |
|---|---|
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| કેરોસીન (ઇન્ડસ્ટ્રીયલ) | ૨૫%+ ૨.૫૦% વધારાનો વેરો |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા.૧-૧૦-૨૦૧૪ થી) | ૪% + ૧% વધારાનો વેરો |

(૨) રકમ (રૂ.કરોડમાં)

| વિગત | ૧-૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | ૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| કેરોસીન (ઇન્ડસ્ટ્રીયલ) | ૧.૨૧ | ૨.૬૪ |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા.૧-૧૦-૨૦૧૪ થી) | ૨૬.૪૨ | ૧૪૫.૩૫ |

### ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ

* ૨૪૨૧૧ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર થયેલ કામો અન્વયે રકમ ચુકવવાની બાકી છે ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં) | | |
|---|---|---|
| તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫ | તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ | કુલ |
| ૬૨૦.૫૪ | ૨૧૮.૪૩ | ૮૩૮.૯૭ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર થયેલ કામો અન્વયે ચુકવવાની બાકી રકમ નીચેની વિગતે છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ કામોની ચુકવવાની બાકી રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫ | તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ |
| ૧ | દહેગામ | ૪.૭૨ | ૨૦.૧૯ |
| ૨ | ગાંધીનગર | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | કલોલ | ૨૫.૪૧ | ૩.૮૬ |
| ૪ | માણસા | ૦.૦૦ | ૧૧.૫૦ |

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સના ઘરભાડા ભથ્થા સંબંધના ઓફીસ મેમોરેન્ડમ અંગે

* ૨૪૬૫૭ ડૉ. મિતેશભાઈ ગરાસિયા (ઝાલોદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓના ઘરભાડા ભથ્થું (એચ.આર.એ.) ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકારને ક્યારે મળેલ છે, અને | (૧) આ બાબતમાં મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ ખર્ચ વિભાગ ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧–૦૭–૨૦૧૫ ના રોજ અત્રે મળેલ છે. |
| (૨) તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) કેન્દ્ર સરકારનું ઉપર્યુક્ત મેમોરેન્ડમ (સુધારો) રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓને સીધેસીધું લાગુ પડતું નથી. છતાં પણ, રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરી યોગ્ય સમયે નિર્ણય લેશે. |

ખેડા જિલ્લામાં મનરેગા યોજના

* ૨૪૩૦૧ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાં કેટલાને ચૂકવવાના બાકી છે, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ૫૨૭૫ શ્રમિકોને વેતનના રૂ.૫૧.૦૩ લાખ તથા ૧૨ એજન્સીઓને માલસામાનના રૂ.૧૩.૩૮ લાખ ચૂકવવાના બાકી હતા. |
| (૨) તેના કારણો શા છે ? | (૨) ઉપરોક્ત બાકી ચુકવણા પૈકી ૪૭૦૦ શ્રમિકોને વેતનના રૂ.૪૪.૯૮ લાખ તથા ૧૨ એજન્સીઓ પૈકી માલસામાનના રૂ.૮.૦૦ લાખનું ચુકવણું તા.૩૧–૧–૨૦૧૬ બાદ નિયત સમયમાં થઇ ગયેલ છે. જ્યારે બાકીના ૫૭૫ શ્રમિકોને વેતનના રૂ.૬.૦૫ લાખ તથા ૧૨ એજન્સીઓ પૈકી માલસામાનના રૂ.૫.૩૮ લાખ મળી કુલ રૂ.૧૧.૪૩ લાખ મહાત્મા ગાંધી નરેગા સોફ્ટની ટેકનીકલ ક્ષતિના કારણે ચૂકવવાના બાકી રહેલ છે. જે ક્ષતિ દૂર કરી સત્વરે ચૂકવવા આયોજન છે. |

ડાંગ જિલ્લામાં પંચાયતનું ખાલી મહેકમ

* ૨૪૨૫૫ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લા પંચાયત અને જિલ્લાની તાલુકા પંચાયતોમાં મંજૂર મહેકમ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લા પંચાયત | મંજુર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | ડાંગ | ૮ | ૬૫ | ૪૦૯ | ૧૦૯ | ૫૯૧ |

| ક્રમ | જિલ્લા પંચાયત | ખાલી જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | ડાંગ | ૨ | ૩૭ | ૧૩૫ | ૨૯ | ૨૦૩ |

| ક્રમ | તાલુકા પંચાયત | મંજુર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | આહવા | ૧ | ૦ | ૨૦ | ૩ | ૨૪ |
| ૨ | વઘઈ | ૦ | ૧ | ૧૨ | ૦ | ૧૩ |
| ૩ | સુબીર | ૦ | ૧ | ૧૨ | ૦ | ૧૩ |

| ક્રમ | તાલુકા | ખાલી જગ્યાઓ |
|---|---|---|

| | પંચાયત | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | આહવા | ૧ | ૦ | ૭ | ૨ | ૧૦ |
| ૨ | વઘઈ | ૦ | ૦ | ૭ | ૦ | ૭ |
| ૩ | સુબીર | ૦ | ૦ | ૬ | ૦ | ૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યારે ભરાશે?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૨૩૯૭૫ શ્રીમતિ ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમરસ યોજના હેઠળ કેટલી ગ્રામ પંચાયતો તાલુકાવાર સમરસ થઈ,

(૧) ૩ (ત્રણ)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | તળાજા | ૧ |
| ૨ | પાલીતાણા | ૧ |
| ૩ | વલ્લભીપુર | ૧ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પ્રથમવાર સમરસ થઈ,

(૨) ૨ (બે)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલીતાણા | ૧ |
| ૨ | વલ્લભીપુર | ૧ |

(૩) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સતત બીજીવાર સમરસ થઈ,

(૩) ૧ (એક)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | તળાજા | ૧ |

(૪) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થઈ, અને

(૪) કોઈ નહિ.

(૫) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૫) રૂ. ૮,૫૦,૦૦૦/–
(રૂપિયા આઠ લાખ પચાસ હજાર પૂરા)

કલોલ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૩૧ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૫૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૫૬ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૧૦ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

કચ્છ જિલ્લામાં વ્હાઈટ કલે/ચાઈના કલે ખનિજની માઈનીંગ લીઝ

* ૨૪૧૪૨ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) પોતાની માલિકીના સર્વે નંબરમાં વ્હાઈટ કલે/ચાઈના કલે ખનિજની માઈનીંગ લીઝ મેળવવા માટે તા. ૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાની કેટલી અરજીઓ મળી, અને

(૧) ૩૮.

(૨) આ પૈકી તા. ૧–૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર, કેટલી અરજીઓ નામંજુર અને કેટલી પડતર છે?

(૨) માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ના સેકશન ૧૦એ(૧) મુજબ તારીખ ૧૨–૦૧–૨૦૧૫ પહેલાંની તમામ પડતર

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

અરજીઓ અપાત્ર ઠરેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણ

* ૨૩૯૯૦ શ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા? | ‘‘કુટિર જ્યોતિ યોજના’’ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૭૬૫ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા. |

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેટ

* ૨૪૦૧૬ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં, પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણ ગેસ ઉપર કેટલો વેટ લેવામાં આવે છે, અને

જવાબ

(૧)

| વિગત | વેટના દરો |
|---|---|
| પેટ્રોલ | ૨૩ % |
| ડીઝલ | ૨૧% |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૨૫ %+૨.૫૦% વધારાનો વેરો |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા. ૧–૧૦–૨૦૧૪થી) | ૪ %+૧% વધારાનો વેરો |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત વસ્તુઓ પર વેટની કેટલી આવક થઈ?

(૨) રકમ (રૂ. કરોડમાં)

| વિગત | ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | ૧–૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૧.૨૧ | ૨.૬૪ |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા. ૧–૧૦–૨૦૧૪થી) | ૨૬.૪૨ | ૧૪૫.૩૫ |

વલસાડ જિલ્લામાં ઓકટ્રોયની અવેજીમાં ગ્રામ પંચાયતોને રકમ આપવા બાબત

* ૨૪૧૫૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ઓકટ્રોયની અવેજીમાં દર માસે ગ્રામ પંચાયતોને કેટલી રકમ આપવામાં આવે છે, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ દર માસે નહીં પરંતુ ત્રિ–માસિક ફાળવવામાં આવે છે તે મુજબ તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વલસાડ જિલ્લા પંચાયતને ચાર હપ્તામાં કુલ રૂ. ૪૬,૮૦,૦૦૦/– રકમ ફાળવેલ છે |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રકમ સમયસર નહી મળવાના કારણો શા છે? | (૨) વહીવટી કારણોસર. |

ફિક્સ પગારના કર્મચારીઓને માંદગીના કિસ્સામાં મેડિકલ રિએમ્બર્સમેન્ટ કે એકસીડેન્ટ વિમાની સુવિધા

અતારાંકિત પ્રશ્નો

* ૨૩૭૩૯ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારના નિયમિત ભરતી પ્રક્રિયા અંતર્ગત નિમણૂંક પામેલા ફિક્સ પગારના કર્મચારીઓને માંદગીના કિસ્સામાં મેડિકલ રિએમ્બર્સમેન્ટ કે એક્સીડેન્ટ વિમાની સુવિધા આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે અન્વયે મંજુર થયેલ કેસોની સંખ્યા કેટલી છે? | (૨) નીલ |

વડોદરા જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૩૯૬૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૬૯ સબ સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૧૧ (અગીયાર) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૪ (ચાર) એમ કુલ ૧૫ (પંદર) નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ નવીન વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૩ (ત્રણ) નવીન વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.<br>• બાકી રહેતા ૬૬ કેવી શેરખી સબસ્ટેશનને માર્ચ ૨૦૧૬માં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) વર્ષ ૨૦૧૪ માં રૂ.૭૯૭૫.૧૭ લાખ અને વર્ષ ૨૦૧૫ માં રૂ.૧૭૧૧.૧૯ લાખ ખર્ચ થયેલ છે. |

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઓવરડ્રાફ્ટ પર વ્યાજ

* ૨૪૦૧૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| રાજ્ય સરકારે તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી મેળવેલ ઓવરડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચુકવ્યુ છે? | તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કોઈ ઓવરડ્રાફ્ટ લીધેલ ન હોવાથી વ્યાજ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જંબુસર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૪૦૨૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૫૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૨૪૧ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી, કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૨૪૧ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેરો

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૩૯૫૬ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણ ગેસ ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત વસ્તુઓ પર વેટની કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| વિગત | વેરાના દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૨૫% + ૨.૫૦% વધારાનો વેરો |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા. ૧–૧૦–૨૦૧૪થી) | ૪% + ૧% વધારાનો વેરો |

(૨)

રકમ (રૂ.કરોડમાં)

| વિગત | ૧/૧/૨૦૧૪ થી ૩૧/૧૨/૨૦૧૪ | ૧/૧/૨૦૧૫થી ૩૧/૧૨/૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૧.૨૧ | ૨.૬૪ |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી | માફી |
| રાંધણગેસ સીલીન્ડર (તા.૧–૧૦–૨૦૧૪થી) | ૨૬.૪૨ | ૧૪૫.૩૫ |

### ભિલોડા તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની દરખાસ્ત

* ૨૩૯૮૬ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવા ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૨) આ દરખાસ્ત ક્યારે મંજૂર કરવામાં આવી અને તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ આ બાંધકામ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ભિલોડા તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવા તા. ૮–૯–૧૫ થી દરખાસ્ત કરવામાં આવી.

(૨) દરખાસ્ત મંજૂર કર્યા તા. ૨૩–૧૦–૨૦૧૫
મંજૂર કરાયેલ રકમ રૂ.૨,૮૪,૯૦,૦૦૦/–

(૩) ટેન્ડરની કાર્યવાહી પ્રગતિમાં છે. તે અન્વયે વર્ક ઓર્ડર અપાયેથી સત્વરે.

### કચ્છ જિલ્લામાં નવા સબ સ્ટેશનોનું કાર્યાન્વિત

* ૨૩૯૬૫ શ્રી રમેશભાઈ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ ૧૦૫ સબ સ્ટેશનો કાર્યરત છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૯ (નવ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૨ (બાર) એમ કુલ ૨૧ (એકવીસ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૯ (નવ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૯ (નવ) એમ કુલ ૧૮

(અઢાર) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

- બાકી રહેલ ૩ (ત્રણ) સબસ્ટેશનોનું સીવીલ વર્ક તથા સંલગ્ન વીજ રેષાઓનું કાર્ય પ્રગતિ હેઠળ છે. જે માર્ચ ૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૪) વર્ષ ૨૦૧૪ માં રૂ.૪૦૪૯.૪૭ લાખ અને વર્ષ ૨૦૧૫ માં રૂ.૩૩૩૪.૯૪ લાખ ખર્ચ થયેલ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અધૂરા રાજીવ ગાંધી ભવન કેન્દ્રો

* ૨૫૮૨૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અધૂરા રાજીવ ગાંધી ભવન કેન્દ્રોને પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા કેટલી નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અધૂરા રાજીવ ગાંધી ભવન કેન્દ્રોને પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | અધૂરા રાજીવ ગાંધી ભવન કેન્દ્રોને પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલ સહાય રકમ રૂ. (લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | સાબરકાંઠા | ૦ | ૧૪૬.૪૯ |
| ૨ | અરવલ્લી | ૦ | ૫૧.૨૭ |
| કુલ | | ૦ | ૧૯૭.૭૬ |

(૨) તે પૈકી કેટલા કેન્દ્રોના કામ પૂર્ણ કરવામાં આવ્યા અને ઉક્ત સ્થિતિએ કેટલા કામ બાકી છે, અને

(૨) તે પૈકી પૂર્ણ કરવામાં આવેલ કેન્દ્રોના કામ અને ઉક્ત સ્થિતિએ બાકી કામની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | પૂર્ણ કરવામાં આવેલ કેન્દ્રોની સંખ્યા | બાકી કેન્દ્રોની સંખ્યા | પૂર્ણ કરવામાં આવેલ કેન્દ્રોની સંખ્યા | બાકી કેન્દ્રોની સંખ્યા |
| ૧ | સાબરકાંઠા | ૦ | ૦ | ૧૧ | ૩૭ |
| ૨ | અરવલ્લી | ૦ | ૦ | ૯ | ૧૪ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કામ સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

જુનાગઢ જિલ્લામાં તલાટી કમ મંત્રી (પંચાયત) મંજૂર થયેલ મહેકમ

* ૨૪૨૨૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત)નું મંજૂર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૬૬ |
| ૨ | વંથલી | ૪૪ |
| ૩ | કેશોદ | ૪૯ |
| ૪ | માંગરોળ | ૪૩ |
| ૫ | માણાવદર | ૬૬ |
| ૬ | માળીયા હાટીના | ૫૨ |

| | | |
|---|---|---|
| ૭ | મેંદરડા | ૪૧ |
| ૮ | વિસાવદર | ૫૨ |
| ૯ | ભેંસાણ | ૩૫ |
| | કુલ | ૪૪૮ |

(૨) તે પેકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૫૮ | ૮ |
| ૨ | વંથલી | ૩૩ | ૧૧ |
| ૩ | કેશોદ | ૩૩ | ૧૬ |
| ૪ | માંગરોળ | ૨૯ | ૧૪ |
| ૫ | માણાવદર | ૫૧ | ૧૫ |
| ૬ | માળીયા હાટીના | ૨૯ | ૨૩ |
| ૭ | મેંદરડા | ૨૯ | ૧૨ |
| ૮ | વિસાવદર | ૩૭ | ૧૫ |
| ૯ | ભેંસાણ | ૨૫ | ૧૦ |
| | કુલ | ૩૨૪ | ૧૨૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ૧ વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૩ |
| ૨ | વંથલી | ૦ |
| ૩ | કેશોદ | ૨ |
| ૪ | માંગરોળ | ૪ |
| ૫ | માણાવદર | ૫ |
| ૬ | માળીયા હાટીના | ૧૩ |
| ૭ | મેંદરડા | ૧ |
| ૮ | વિસાવદર | ૬ |
| ૯ | ભેંસાણ | ૩ |
| | કુલ | ૪૩ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સેવકોનું મંજૂર મહેકમ

* ૨૫૯૩૬ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે,

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૬ |
| ૨ | વડગામ | ૨૧ |
| ૩ | દાંતા | ૨૪ |
| ૪ | ડીસા | ૩૨ |
| ૫ | દાંતીવાડા | ૯ |
| ૬ | ધાનેરા | ૧૬ |
| ૭ | થરાદ | ૧૬ |
| ૮ | વાવ | ૧૪ |
| ૯ | દિયોદર | ૯ |
| ૧૦ | ભાભર | ૬ |

| | | |
|---|---|---|
| ૧૧ | કાંકરેજ | ૨૩ |
| ૧૨ | અમીરગઢ | ૧૦ |
| | કુલ | ૧૯૬ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૧ |
| ૨ | વડગામ | ૧૬ |
| ૩ | દાંતા | ૧૮ |
| ૪ | ડીસા | ૨૩ |
| ૫ | દાંતીવાડા | ૮ |
| ૬ | ધાનેરા | ૧૩ |
| ૭ | થરાદ | ૧૧ |
| ૮ | વાવ | ૧૦ |
| ૯ | દિયોદર | ૭ |
| ૧૦ | ભાભર | ૫ |
| ૧૧ | કાંકરેજ | ૨૦ |
| ૧૨ | અમીરગઢ | ૯ |
| | કુલ | ૧૫૧ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

કપરાડા અને ધરમપુર તાલુકાઓમાં ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ કનેક્ટીવીટી આપવા બાબત

* ૨૫૪૨૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકાઓની કેટલી અને કઈ–કઈ ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ કનેક્ટીવીટી આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી કાર્યરત છે, અને કેટલી ગ્રામ પંચાયતોમાં કનેક્ટીવીટી બંધ છે, અને

(૩) ઉક્ત બંધ પડેલ ઈન્ટરનેટ કનેક્ટીવીટી ક્યારે ચાલુ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની ૭૦ અને ધરમપુર તાલુકાની ૫૧ ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી ઉપલબ્ધ છે. (યાદી સામેલ છે. *પત્રક ૧ અને ૨)

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા કપરાડા તાલુકાની ૬૧ અને ધરમપુર તાલુકાની ૫૧ ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી કાર્યરત છે. અને કપરાડા તાલુકાની ૯ ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી બંધ છે.

(૩) બનતી ત્વરાએ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં મટીરીયલ માટે ચૂકવેલ રકમ

* ૨૫૧૧૪ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનામાં મટીરીયલ માટે કેટલી રકમ ચુકવવામાં આવી,

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર મનરેગા યોજનામાં મટીરીયલ માટે ચુકવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | મટીરીયલ માટે ચુકવવામાં આવેલ રકમ રૂ. (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૨/૨૦૧૪થી તા. ૩૧/૦૧/૨૦૧૫ | તા. ૦૧/૦૨/૨૦૧૫થી તા. ૩૧/૦૧/૨૦૧૬ |
| ૧ | પંચમહાલ | ૧૨૨૦.૯૨ | ૧૨૮.૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૨ | દાહોદ | ૧૯૧૫.૯૬ | ૧૧૩૨.૮૬ |
| કુલ | | ૩૧૩૬.૮૮ | ૧૨૬૧.૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ચુકવવાની બાકી રકમ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | મટીરીયલની ચુકવવાની બાકી રકમ રૂ. (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૨/૨૦૧૪થી તા. ૩૧/૦૧/૨૦૧૫ | તા. ૦૧/૦૨/૨૦૧૫થી તા. ૩૧/૦૧/૨૦૧૬ |
| ૧ | પંચમહાલ | ૭.૮૯ | ૧૦૧.૭૯ |
| ૨ | દાહોદ | ૧૪.૭૯ | ૮.૬૫ |
| કુલ | | ૨૨.૬૮ | ૧૧૦.૪૪ |

(૩) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૩) મહાત્મા ગાંધી નરેગા યોજનાની ગાઈડલાઈનની જોગવાઈઓ મુજબ શ્રમિકોને દિન-૧૫માં વેતનનું ચુકવણું કરવાનું થાય છે. તેથી પહેલાં શ્રમિકોના વેતનના ચુકવણાને અગ્રતા આપવી જરૂરી છે. વિશેષ બાકી માલસામાનના ચુકવણા માટે ગ્રામ પંચાયતવાર વેતન અને માલસામાનનું ૬૦:૪૦નું પ્રમાણ જાળવી રાખવાનું થાય છે, જે જળવાયેથી સદરહુ બાકી ચુકવણા ચાલુ નાણાંકીય વર્ષમાં ચુકવી દેવા આયોજન છે.

## દાહોદ જિલ્લામાં મનરેગા યોજના

* ૨૫૬૩૨ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા કામો છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવ્યા, અને

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ કામોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૦૧/૦૨/૨૦૧૪થી તા. ૩૧/૦૧/૨૦૧૫ | તા. ૦૧/૦૨/૨૦૧૫થી તા. ૩૧/૦૧/૨૦૧૬ |
| ૧ | દાહોદ | ૮૨૩ | ૧૫૫૧ |
| ૨ | દેવગઢબારીયા | ૯૦૧ | ૧૧૯૫ |
| ૩ | ધાનપુર | ૮૫૧ | ૧૧૪૭ |
| ૪ | ફતેપુરા | ૧૪૨ | ૫૧૯ |
| ૫ | ગરબાડા | ૮૫૬ | ૧૧૮૩ |
| ૬ | ઝાલોદ | ૭૯૫ | ૧૫૦૭ |
| ૭ | લીમખેડા | ૬૬૯ | ૧૨૫૭ |
| ૮ | સંજેલી | ૧૧૧ | ૩૧૦ |

(૨) તે અન્વયે કેટલા ઇસમોને રોજગારી આપવામાં આવી અને કેટલો ખર્ચ થયો ?

(૨) તે અન્વયે રોજગારી આપવામાં આવેલ કુટુંબો તથા થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૦૧/૦૨/૨૦૧૪થી તા. ૩૧/૦૧/૨૦૧૫ | | તા. ૦૧/૦૨/૨૦૧૫થી તા. ૩૧/૦૧/૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | રોજગારી આપવામાં આવેલ કુટુંબોની | થયેલ ખર્ચ રકમ રૂ. (લાખમાં) | રોજગારી આપવામાં આવેલ કુટુંબોની | થયેલ ખર્ચ રકમ રૂ. (લાખમાં) |

| | | સંખ્યા | | સંખ્યા | |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૯૯૪૨ | ૪૩૯.૪૨ | ૭૨૭૮ | ૧૩૦.૦૬ |
| ૨ | દેવગઢબારીયા | ૧૯૮૪૫ | ૬૧૬.૮૭ | ૨૩૧૨૩ | ૬૩૬.૨૯ |
| ૩ | ધાનપુર | ૯૪૬૪ | ૩૩૨.૧૪ | ૧૬૯૦૪ | ૩૭૩.૫૧ |
| ૪ | ફતેપુરા | ૩૨૨૨ | ૬૫.૮૮ | ૨૨૯૮ | ૩૬.૬૨ |
| ૫ | ગરબાડા | ૧૮૫૬૩ | ૫૪૪.૦૪ | ૬૬૧૫ | ૪૦.૩૧ |
| ૬ | ઝાલોદ | ૧૦૬૯૧ | ૪૬૫.૯૫ | ૭૮૯૨ | ૬૭.૧૫ |
| ૭ | લીમખેડા | ૨૨૧૦૦ | ૧૦૨૬.૫૧ | ૧૩૫૪૦ | ૮૪.૯૮ |
| ૮ | સંજેલી | ૧૮૪૨ | ૫૩.૪૧ | ૧૨૧૫ | ૬.૯૩ |
| | કુલ | ૯૫૬૬૯ | ૩૫૪૪.૨૨ | ૭૮૮૬૫ | ૧૩૭૫.૮૫ |

ભાવનગર જિલ્લામાં પસાર થતી નદીમાં રેતીના ગેરકાયદેસર ખનનની ફરિયાદ

* ૨૪૨૭૬ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં રેતીના ગેરકાયદેસર ખનન અંગેની કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદ અન્વયે કઈ તારીખોએ તપાસ કરવામાં આવી,

જવાબ

(૧) ૫૨

(૨)

| | |
|---|---|
| તા.૦૫–૦૧–૨૦૧૪, | તા.૦૩–૦૨–૨૦૧૫, |
| ૨૩–૦૧–૨૦૧૪, | ૦૮–૦૪–૨૦૧૫, |
| ૧૨–૦૮–૨૦૧૪, | ૧૮–૦૪–૨૦૧૫, |
| ૧૫–૦૯–૨૦૧૪, | ૧૨–૦૫–૨૦૧૫, |
| ૦૧–૧૧––૨૦૧૪, | ૨૦–૦૬–૨૦૧૫, |
| ૨૫–૧૨–૨૦૧૪, | ૨૯–૦૬–૨૦૧૫, |
| | ૧૬–૦૭—૨૦૧૫, |
| | ૧૯–૦૭–૨૦૧૫, |
| | ૨૯–૦૭–૨૦૧૫, |
| | ૦૧–૦૮–૨૦૧૫, |
| | ૦૫–૦૮–૨૦૧૫, |
| | ૧૨–૦૮–૨૦૧૫, |
| | ૧૫–૦૮–૨૦૧૫, |
| | ૦૮–૦૯–૨૦૧૫, |
| | ૧૦–૦૯–૨૦૧૫, |
| | ૨૫–૦૯–૨૦૧૫, |
| | ૨૭–૦૯–૨૦૧૫, |
| | ૦૪–૧૦–૨૦૧૫, |
| | ૦૯–૧૦–૨૦૧૫, |
| | ૧૩–૧૦–૨૦૧૫, |
| | ૧૯–૧૦–૨૦૧૫, |
| | ૦૨–૧૧–૨૦૧૫, |
| | ૦૩–૧૧–૨૦૧૫, |
| | ૦૪–૧૧–૨૦૧૫, |
| | ૧૨–૧૧–૨૦૧૫, |
| | ૧૭–૧૧–૨૦૧૫, |
| | ૨૫–૧૧–૨૦૧૫, |
| | ૨૮–૧૧–૨૦૧૫, |
| | ૨૫–૧૨–૨૦૧૫, |

| | |
|---|---|
| | ૨૮-૧૨-૨૦૧૫. |

(૩) તે અન્વયે કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૩) ૧૩

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) ૧૩ ઈસમો પાસેથી રૂ. ૨.૫૪ લાખ વસૂલવામાં આવ્યા, ૧૭ ઈસમોને રૂ.૩૨.૫૯ લાખની વસુલાત અર્થે નોટીસ આપવામાં આવી, ૧૦ ઈસમોને રૂ.૧૨.૮૬ લાખ ભરપાઈ કરવા હુકમ કરવામાં આવેલ છે તથા ૧૮ ઈસમો સામે પોલીસ ફરીયાદ નોંધાવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રી (પંચાયત) નું મંજૂર થયેલ મહેકમ

* ૨૪૦૭૭ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત)નું મંજૂર થયેલ મહેકમ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૧)

| ક્રમ | તાલુકો મંજૂર મહેકમ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૯૨ |
| ૨ | અમીરગઢ | ૨૬ |
| ૩ | વડગામ | ૮૨ |
| ૪ | દાંતા | ૬૭ |
| ૫ | ડીસા | ૭૫ |
| ૬ | ધાનેરા | ૪૬ |
| ૭ | દાંતીવાડા | ૩૦ |
| ૮ | કાંકરેજ | ૭૦ |
| ૯ | દિયોદર | ૩૮ |
| ૧૦ | ભાભર | ૩૧ |
| ૧૧ | થરાદ | ૬૩ |
| ૧૨ | વાવ | ૪૧ |
| ૧૩ | લાખણી | ૪૨ |
| ૧૪ | સૂઈગામ | ૩૦ |
| કુલ | | ૭૩૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૯ | ૧૩ |
| ૨ | અમીરગઢ | ૧૯ | ૭ |
| ૩ | વડગામ | ૭૦ | ૧૨ |
| ૪ | દાંતા | ૫૩ | ૧૪ |
| ૫ | ડીસા | ૬૩ | ૧૨ |
| ૬ | ધાનેરા | ૩૪ | ૧૨ |
| ૭ | દાંતીવાડા | ૧૭ | ૧૩ |
| ૮ | કાંકરેજ | ૪૭ | ૨૩ |
| ૯ | દિયોદર | ૨૬ | ૧૨ |
| ૧૦ | ભાભર | ૨૬ | ૫ |
| ૧૧ | થરાદ | ૪૬ | ૧૭ |
| ૧૨ | વાવ | ૨૨ | ૧૯ |
| ૧૩ | લાખણી | ૨૭ | ૧૫ |
| ૧૪ | સૂઈગામ | ૧૭ | ૧૩ |

| | | |
|---|---|---|
| કુલ | ૫૪૬ | ૧૮૭ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ક્રમ | તાલુકો | ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૧ |
| ૨ | અમીરગઢ | ૫ |
| ૩ | વડગામ | ૮ |
| ૪ | દાંતા | ૧૩ |
| ૫ | ડીસા | ૭ |
| ૬ | ધાનેરા | ૯ |
| ૭ | દાંતીવાડા | ૫ |
| ૮ | કાંકરેજ | ૧૨ |
| ૯ | દિયોદર | ૪ |
| ૧૦ | ભાભર | ૩ |
| ૧૧ | થરાદ | ૧૧ |
| ૧૨ | વાવ | ૧૦ |
| ૧૩ | લાખણી | ૫ |
| ૧૪ | સૂઈગામ | ૭ |
| | કુલ | ૧૧૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

બાલાશિનોરના રૈયોલી ગામે ડાયનોસોર પાર્ક બનાવવાની કાર્યવાહી

* ૨૪૧૩૬ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાશિનોરના રૈયાલી ગામે ડાયનોસોર પાર્ક બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉકત સ્થિતિએ સુધીમાં તે અન્વયે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો છે?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાશિનોરના રૈયોલી ગામે ડાયનોસોર પાર્ક બનાવવા અને જાળવણી માટે ‘‘ડોયનાસોર ફોસીલ પાર્ક વિકાસ સોસાયટી, રૈયોલી ’’ ની રચના તા.૧૦–૦૫–૨૦૧૩ ના ઠરાવથી કરવામાં આવેલ છે. ઈન્ટરપ્રીટિશન સેન્ટરના બાંધકામ, વન કુટીર, આંતરિક રસ્તાઓ, ચેઈનલીંક ફેન્સીંગ ૬૪૪૦ રનીંગ મીટર, કલાત્મક પ્રવેશ દ્વાર અને ટોઈલેટની કાર્યવાહી પુર્ણ થયેલ છે. સીકયુરીટીની વ્યવસ્થા કરી છે. ફેઝ–૨ ની કામગીરી આયોજન હેઠળ છે.

(૨) રૂપિયા ૮.૫૬ કરોડ.

માંડવી તાલુકાના અરેઠ ગામે સ્ટોન કવોરીથી બ્લાસ્ટ કરી લેવાતા ખનીજથી ગામના રહીશોના મકાનોની દિવાલોમાં તીરાડ પડવા બાબત

* ૨૪૨૨૪ શ્રી આનંદભાઈ ચૌધરી(માંડવી) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના મોજે અરેઠ ગામે સર્વે નં. ૩૦૧ માં બે સ્ટોન કવોરી કાર્યરત છે તેમાં જે બ્લાસ્ટ કરી ખનીજ લેવાય છે તેના કારણે આ ગામના રહીશોની મકાનોની દિવાલમાં તીરાડ પડે છે અને નુકશાનો થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ મુશ્કેલી નિવારવા સરકારે શું પગલા

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

લીધા છે?

મહીસાગર જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમ ફાળવણી

* ૨૪૧૪૪ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉકત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન રૂ.૬૪૩૯.૬૦ લાખની રકમની ફાળવણી કરવામાં આવી.

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૩૪૦૦.૦૦ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૩૦૩૯.૬૦ |
| | કુલ | રૂ.૬૪૩૯.૬૦ |

(૨) ઉકત ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર થયેલ રકમનો ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | રૂ.૨૫૩૦.૬૪ |
| ૨ | ૨૦૧૫–૧૬ | રૂ.૬૦૪.૦૫ |
| | કુલ | રૂ.૩૧૩૪.૬૯ |

ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખનીજચોરીના નોંધાયેલ કિસ્સા

* ૨૪૧૧૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જીલ્લામાં માટી, રેતી, કપચી, લિગ્નાઈટ, બોકસાઈટની ચોરી થઈ રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર તે અન્વયે કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનન કરતા કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને ઉકત સ્થિતિએ ગેરકાયદેસર ખનન અટકે તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

જવાબ

(૧) રાજ્ય સરકાર ખાણ–ખનીજની ચોરી અટકાવવા કટિબધ્ધ છે. તે માટે સમયાંતરે તેમજ જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) ગાંધીનગર જીલ્લામાં ૩૩૨ અને અમદાવાદ જિલ્લામાં ૪૩૯

(૩)

| વર્ષ | કરેલ કાર્યવાહી |
|---|---|
| ૨૦૧૪ | ૨૮ ઈસમો પાસેથી રૂ.૬૦.૬૮ લાખની વસુલાત કરેલ છે. |
| ૨૦૧૫ | ૩૮ ઈસમો પાસેથી રૂ.૧૦૯.૭૭ લાખની વસુલાત, ૧ ઈસમ પાસેથી રૂ.૧૮.૨૭ લાખ વસુલવા હુકમ તથા ૩૯ ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરેલ છે. |

ગેરકાયદેસર ખનન અટકે તે માટ જીલ્લા કચેરી દ્વારા લીઝ નિરીક્ષણ તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખાણકામ /વહન/સંગ્રહની ચકાસણી કરી અન અધિકૃતતા જણાતાં કસુરદારો સામે કાર્યવાહી કરવામાં આવે છે. તથા ફલાઈંગ સ્કવોડ દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવે છે. ઉપરાંત

જીલ્લા કક્ષાએ ટાસ્કફોર્સ તેમજ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિ રચવામાં આવેલ છે.

## જુનાગઢ જિલ્લામાં તીર્થગામ પાવનગામ યોજના

* ૨૫૨૫૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ તીર્થગામ પાવનગામ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કયા ગામો જાહેર થયેલા છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ તીર્થગામ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર જાહેર થયેલ ગામોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તીર્થગામનું નામ |
|---|---|
| માળીયા હાટીના | ૧. સુખપુર, ૨. શાંતિપુરા, ૩.જાનડી, ૪. નાની ઘણેજ, ૫. ધુંધટી |
| વિસાવદર | ૧. કાનાવડલ્લા, ૨. મીયાવડલા, ૩. નાનાહડમતીયા, ૪. ભટવાવડી, ૫. જાંબુડા, ૬. ભલગામ |
| વંથલી | ૧. સેંદરડા, ૨. ધુડવદર |
| વેરાવળ | ૧. બાદલપરા |
| ઉના | ૧. લુવારી મોલી, ૨. ઓરાલીમોલી, ૩. શાણાવાકીયા, ૪. આંબાવડ, ૫. ધ્રાબાવડ, ૬. ઉમેદપરા |
| કેશોદ | ૧. ચીત્ર, ૨. મુળીયાસા, ૩. ઈન્દ્રાણા |
| ભેંસાણ | ૧. મોટા ગુજરીયા |
| માંગરોળ | ૧. થલ્લી, ૨. સુલતાનપુર |
| માણાવદર | ૧. વડગામ, ૨. ગણા |
| કોડિનાર | ૧. કડસલા |
| જુનાગઢ | ૧. નાના–મોટા અવતડીયા ૨. ડમરાળા |

પાવનગામ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર જાહેર થયેલ ગામોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પાવનગામનું નામ |
|---|---|
| ઉના | ૧. ઓરાલીમોલી ૨. લુવારીમોલી |
| કેશોદ | ૧. ચીત્રી, ૨. મઢડા |
| વિસાવદર | ૧. મીયાવડલા, ૨. મહુડી, ૩. ખંભાળીયા, ૪. વાજડી, ૫. ઘંટીયાળ, ૬. જુનીચાવડ, ૭. લીલીયા, ૮. ખીજડીયા |
| માળીયા હાટીના | ૧. ધુમલી |
| માણાવદર | ૧. દગડ, ૨. સણોસર, ૩. વડા, ૪. આંબલીયા, ૫. નાંદરખા, ૬. ખખાવી, ૭. મીતડી, ૮. એકલેરા, ૯. મીતાણા |
| જુનાગઢ | ૧. વિરપુર, ૨. ઈટાળા, ૩. તલીયાધર |
| માંગરોળ | ૧. ચોકલીવિરડી, ૨. ભાટગામ, ૩. વિરપુર |
| મેંદરડા | ૧. નાતડીયા |

(૨) ઉકત યોજનામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત જિલ્લામાં કેટલી રકમનું અનુદાન આપવામાં આવ્યું છે?

(૨)

| વર્ષ | ફાળવેલ અનુદાન રૂ. |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭,૦૦,૦૦૦/– |
| ૨૦૧૫–૧૬ | શૂન્ય |

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### ગીર સોમનાથ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડાયેલા પરા

* ૨૫૩૦૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લામાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડાયેલ પરા વિસ્તારો કેટલા છે.

(૨) ઉકત સ્થિતિએ આ પરા વિસ્તારોને ખેતી વિષયક ફીડરમાં જોડવા અંગે સરકારે પરિપત્ર/સુચનાઓ કયારે બહાર પાડેલ છે, અને

(૩) સદર પરિપત્ર અનુસંધાને ઉપરોકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પરા વિસ્તારોને જ્યોતિગ્રામ યોજના હેઠળ ખેતી વિષયક ફીડરમાં જોડાણ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડાયેલા પરા વિસ્તારો ની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડાયેલ પરા વિસ્તારની સંખ્યા |
|---|---|
| વેરાવળ | ૧ |
| તાલાલા | ૮ |
| સુત્રાપાડા | ૪ |
| ઉના | ૮ |
| ગીર ગઢડા | ૬ |
| કોડીનાર | ૭ |
| કુલ | ૩૪ |

(૨) અને (૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ના તા. ૨૩–૦૩–૨૦૦૫ ના પરિપત્રથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પુસ્તિકામાં સમાવિષ્ટ વીજળીકરણ થયેલ પેટાપરાનો જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરવા તેમજ જિલ્લા વિકાસ અધિકારીની પુસ્તિકામાં સમાવેશ ના પણ થયો હોય પણ જો તે પેટાપરાઓમાં ૫૦ કરતાં વધુ વીજ જોડાણ હોય તેવા પેટા પરાઓને પણ જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવા વીજ કંપનીઓને સૂચના પાઠવેલ છે. આ સૂચનાઓ અતર્ગત ગીર સોમનાથ જિલ્લાના ૩૪ પેટાપરા/પરા વિસ્તારને ઘર વપરાશના હેતુ માટે જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

જ્યારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. નાં તા.૨૭–૦૭–૨૦૦૫ ના પરિપત્ર અન્વયે ગામતળ બહાર વાડી/ ખેતરોમાં વસવાટ કરતાં ખેતી વિષયક હેતુ સિવાયના વીજ ગ્રાહકોને આઠ કલાક માટે થ્રી ફેઈઝ વીજ પુરવઠો અને બાકીના સમય માટે ખેતીવાડી ફીડર ઉપર સ્પેશીયલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર સ્થાપિત કરી તે દ્વારા સીંગલ ફેઈઝ વીજ પુરવઠો એમ ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તેવી સૂચનાઓ અન્વયે ગીર સોમનાથ જિલ્લાના વાડી/ખેતરોમાં વસવાટ કરતા ૩૧૯ કુટુંબોને ઘર વપરાશના સીંગલ ફેઈઝ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

### આણંદ અને વડોદરા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીની અરજીઓ

* ૨૫૮૫૪ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર બી.પી.એલ લાભાર્થી થવા માટેની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર બી.પી.એલ લાભાર્થી થવા માટેની નીચેની વિગતે અરજીઓ મળેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓની સખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫ | ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | કુલ |
| ૧ | આણંદ | ૧૨૨ | ૧૮૧ | ૩૦૩ |
| ૨ | વડોદરા | ૧૫ | ૬૫ | ૮૦ |
| કુલ | | ૧૩૭ | ૨૪૬ | ૩૮૩ |

(૨) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલાને ૦ થી ૧૬ અને કેટલાને ૧૭ થી ૨૦ માં બી.પી.એલ. તરીકે નોંધવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર મંજૂર કરેલ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંકમાં નોંધવામાં આવેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | | | ૧૭ થી ૨૦ | | | ૦ થી ૨૦ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧–૨–૧૪ થી ૩૧–૧–૧૫ | ૧–૨–૧૫ થી ૩૧–૧–૧૬ | કુલ | ૧–૨–૧૪ થી ૩૧–૧–૧૫ | ૧–૨–૧૫ થી ૩૧–૧–૧૬ | કુલ | |
| ૧ | આણંદ | ૫૯ | ૦ | ૫૯ | ૧૧ | ૦ | ૧૧ | ૭૦ |
| ૨ | વડોદરા | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |

(૩) ઉકત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજુર કરી અને ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેના શા કારણો છે, અને

(૩)

| જિલ્લાનું નામ | વર્ષ–૨૦૧૪–૧૫ | | વર્ષ–૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|
| | નામંજૂર | પડતર | નામંજૂર | પડતર |
| આણંદ | ૫૨ | ૦ | ૦ | ૧૮૧ |
| વડોદરા | ૧૨ | ૦ | ૦ | ૬૪ |
| કુલ | ૬૪ | ૦ | ૦ | ૨૪૫ |

આણંદ જિલ્લો– વર્ષ ૨૦૧૪–૧૫:– ૫૨ અરજીઓમાં ગુણાંકો ૨૦ થી વધુ હોઈ બીપીએલ યાદીમાં દાખલ કરવા ના મંજૂર કરેલ છે.
વર્ષ–૨૦૧૫–૧૬:–કુલ ૧૮૧ અરજીઓ આવેલ હતી જે ચકાસણી તેમજ પુર્તતા અર્થે તાલુકાકક્ષાએ મોકલવામાં આવેલ છે.

વડોદરા જિલ્લો–વર્ષ–૨૦૧૪–૧૫:– ૧૨ અરજીઓમાં ગુણાંકો ૨૦ થી વધુ હોઈ બીપીએલ યાદીમાં દાખલ કરવા ના મંજૂર કરેલ છે.
વર્ષ–૨૦૧૫–૧૬:– ૬૪ અરજીઓ તાલુકાકક્ષાએ અરજદારની સ્થિતિ અંગેની તપાસ માટે તાલુકાકક્ષાએ મોકલવામાં આવેલ

(૪) ઉકત પડતર અરજીઓનો કયારે નિકાલ થશે?

(૪) પડતર ૨૪૫ અરજીઓનો માહે– જૂન–૨૦૧૬ ના અંત સુધીમાં નિકાલ કરવામાં આવશે.

### અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રી(પંચાયત)નું મંજુર થયેલ મહેકમ

* ૨૪૨૨૬ શ્રી કરમશીભાઈ પટેલ(સાણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત)નું મંજુર મહેકમ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલું છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૬૨ |
| ૨ | સાણંદ | ૫૩ |
| ૩ | ધોળકા | ૭૬ |
| ૪ | બાવળા | ૪૮ |
| ૫ | વિરમગામ | ૪૬ |
| ૬ | દેત્રોજ | ૩૮ |
| ૭ | માંડલ | ૨૫ |
| ૮ | ધંધુકા | ૪૭ |
| ૯ | ધોલેરા | ૩૩ |
| | કુલ | ૪૨૮ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૪૮ | ૧૪ |
| ૨ | સાણંદ | ૪૧ | ૧૨ |
| ૩ | ધોળકા | ૫૫ | ૨૧ |
| ૪ | બાવળા | ૩૮ | ૧૦ |
| ૫ | વિરમગામ | ૩૫ | ૧૧ |
| ૬ | દેત્રોજ | ૨૯ | ૯ |
| ૭ | માંડલ | ૨૧ | ૪ |
| ૮ | ધંધુકા | ૩૩ | ૧૪ |
| ૯ | ધોલેરા | ૨૧ | ૧૨ |
| | કુલ | ૩૨૧ | ૧૦૭ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટ કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ | એક વર્ષ કરતા વધારે સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૧૪ | ૫ |
| ૨ | સાણંદ | ૧૨ | ૮ |
| ૩ | ધોળકા | ૨૧ | ૧૫ |
| ૪ | બાવળા | ૧૦ | ૭ |
| ૫ | વિરમગામ | ૧૧ | ૮ |
| ૬ | દેત્રોજ | ૯ | ૪ |
| ૭ | માંડલ | ૪ | ૩ |
| ૮ | ધંધુકા | ૧૪ | ૭ |
| ૯ | ધોલેરા | ૧૨ | ૪ |
| | કુલ | ૧૦૭ | ૬૧ |

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશાપુરા માઈન્સ કેમ કંપની દ્વારા લીઝ એરિયા બહાર ગેરકાયદે ખનન બાબત

* ૨૫૨૪૨ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ

(૧) ના, જી. તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ

દ્વારકા જિલ્લામાં આવેલ આશાપુરા માઈન્સ કેમ કંપની દ્વારા ગેરકાયદેસર રીતે ખનીજનું વ્યાપક ખનન કરાવી ખનીજ ચોરીઓ થાય છે તે હકીકત સાચી છે કે કેમ,

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશાપુરા માઈન્સ કેમ કંપનીની કોઈ લીઝ આવેલ નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત કંપની દ્વારા લીઝ એરિયા બહાર ગેરકાયદેસર ખનન અંગે કેટલી રકમના ખનીજની ચોરી પકડાઈ, અને

(૩) તે અન્વયે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લા વીજવાયરથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૫૨૩૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જીલ્લામાં સને ૨૦૧૪ તથા ૨૦૧૫ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા તથા કેટલા ગંભીર રીતે ઘાયલ થયેલ નોંધાયા.

(૨) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ આ અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે અને તમામ અસરગ્રસ્તોને કયા સુધીમાં વળતર ચુકવી આપવામાં આવનાર છે ?

જવાબ

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

બનાસકાંઠા જીલ્લામાં, સને ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં નાગરિકોના ૬(છ) પ્રાણઘાતક તથા ૧ (એક) બીન–પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૭(સત્તર) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા.

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સાઓમાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ, કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ આ અસરગ્રસ્તોને વળતર ચુકવવાપાત્ર હોય તેવા નાગરિકના ૨(બે) કિસ્સામાં, પ્રાથમિક નાણાકીય સહાયરૂપે રૂ.૧,૦૦,૦૦૦/- ની અને પ્રાણીઓના ૧૫(પંદર) કિસ્સાઓમાં ૫૦ ટકા લેખે રૂ.૨,૧૦,૦૦૦/-ની ચુકવણી કરી દેવામાં આવેલ છે. નાગરિકોના બાકી રહેતા ૪(ચાર) કિસ્સાઓ પૈકી ૨ કિસ્સામાં કોર્ટ કેસ પડતર હોઈ, અને ૨ કિસ્સામાં અસરગ્રસ્ત વ્યક્તિ બિનવારસી હોઈ, વળતરની ચૂકવણી થઈ શકેલ નથી અને પ્રાણીઓના બાકી રહેતા બે કિસ્સામાં વારસદાર દ્વારા વળતર સ્વીકારવાની ના પાડેલ છે.

બાકી રહેતું વળતર નામ. કોર્ટના ચુકાદાને અધીન અને જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ થયેથી ચૂકવવામાં આવશે.

### આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા

* ૨૪૬૪૦ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં

જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

૮ તાલુકા પૈકી ફક્ત ૧ તાલુકા વિકાસ અધિકારી, બોરસદની જગ્યા ખાલી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ક્યારથી જગ્યા ખાલી છે. |
|---|---|---|
| ૧ | બોરસદ | તા. ૧–૧૦–૨૦૧૪ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) આ ખાલી જગ્યા વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે.

રાજ્યમાં માથાદીઠ આવક

* ૨૪૮૮૧ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી છે ?

જવાબ

રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ સમયે અંદાજવામાં આવતી નથી. જેથી તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી છે તે કહી શકાય નહીં. તેમ છતાં, માથાદીઠ આવક છેલ્લામાં છેલ્લા નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે ઉપલબ્ધ થયેલ છે. જે ચાલુ ભાવે રૂ. ૧,૨૪,૩૫૮ અંદાજવામાં આવેલ છે.

ખેડા અને આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજનાની અરજીઓ

* ૨૪૩૬૯ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા વિજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરી, અને

જવાબ

(૧) "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૪૭૭૨ અને આણંદ જિલ્લામાં ૩૮૭૨ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૩૧૯૩ અરજીઓ મંજૂર કરી ૩૧૭૦ વીજ જોડાણ , જ્યારે આણંદ જિલ્લામાં ૨૯૯૪ અરજીઓ મંજૂર કરી ૨૯૬૭ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૩) ખેડા જિલ્લામાં ૧૫૭૯ અરજીઓ નામંજુર થયેલ, જેના કારણો નીચે મુજબ છે.

(૧) ૧૧૩૦ અરજીઓ પુરતા દસ્તાવેજો રજૂ ન કરેલ હોવાથી
(૨) ૩ અરજીઓમાં સ્થળ પર વીજ જોડાણ હયાત હોવાથી
(૩) ૪૪૧ અરજીઓ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા પાકા મકાનો ધરાવતા હોવાથી
(૪) ૩ અરજીઓ અગાઉના વીજબીલની રકમ ભરપાઈ કરવાની બાકી હોવાથી
(૫) ૨ અરજીઓ વીજ જોડાણનો હેતુ રહેણાંકને બદલે વાણિજ્યિક દર્શાવેલ હોવાથી

આણંદ જિલ્લામાં ૮૭૮ અરજીઓ નામંજુર થયેલ, જેના કારણો નીચે મુજબ છે.

(૧) ૩૭૩ અરજીઓ પુરતા દસ્તાવેજો રજૂ ન કરેલ હોવાથી
(૨) ૩૭ અરજીઓમાં સ્થળ પર વીજ જોડાણ હયાત હોવાથી
(૩) ૪૪૬ અરજીઓ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા પાકા મકાનો ધરાવતા હોવાથી
(૪) ૬ અરજીઓ અરજદાર હયાત ન હોવાથી
(૫) ૩ અરજીઓ અગાઉના વીજ બીલની રકમ

ભરપાઈ કરવાની બાકી હોવાથી
(૬) ૫ અરજીઓ વીજ જોડાણનો હેતુ રહેણાંકને બદલે વાણિજ્યિક દર્શાવેલ હોવાથી
(૭) ૨ અરજીઓ અરજદારની વીજ જોડાણ મેળવવાની નામરજી હોવાથી
(૮) ૬ અરજીઓ જમીનના અન્ય સહભાગીદારોના વાંધાના કારણે

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં ૨૩ અરજીઓ અને આણંદ જિલ્લામાં ૨૭ અરજીઓ પડતર હતી, જે તમામને જાન્યુઆરી–૨૦૧૬ અંતિત વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે.

અમરેલી શહેરમાં એરસ્ટ્રીપના રનવેને લાંબો અને પહોળો કરવાનું આયોજન

* ૨૫૧૩૨ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧ મી જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ અમરેલી શહેરમાં આવેલ એરસ્ટ્રીપના રનવેને લાંબો અને પહોળો કરવા, રનવેની સપાટીનું મજબુતીકરણ કરવા એરસ્ટ્રીપની ફરતે મજબુત કમ્પાઉન્ડ દિવાલનું સમારકામ કરવા અને એરસ્ટ્રીપને નાગરિક આવાગમનની સુવિધાને લાયક બનાવવા માટે સરકારશ્રી દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) ઉપરોક્ત કામોને કેટલા સમયમાં પૂર્ણ કરાવવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧ મી જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ અમરેલી હવાઈપટ્ટીની લંબાઈ ૨૦૦ મીટર વધારવા રનવેની સપાટીનું મજબુતીકરણ કરવા અને કમ્પાઉન્ડ વોલનું સમારકામ કરવા માટે સરકારશ્રી દ્વારા જરૂરી કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરાવવાનું આયોજન છે.

રાજકોટ જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ

* ૨૪૧૩૩ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| સંવર્ગ | મંજુર મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર |
| વર્ગ–૧ | ૧૫ | ૯ | ૬ | ૨ | ૨ | ૨ |
| વર્ગ–૨ | ૧૬૫ | ૯૫ | ૭૦ | ૧૭ | ૧૩ | ૪૦ |
| વર્ગ–૩ | ૨૪૩૧ | ૧૩૫૫ | ૧૦૭૬ | ૪૩૫ | ૧૮૧ | ૪૬૦ |
| વર્ગ–૪ | ૩૧૭ | ૧૨૨ | ૧૯૫ | ૧ | ૧૨ | ૧૮૨ |

(૨) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

રાજ્યના સરકારી અને ખાનગી વીજમથકોમાં વીજ ઉત્પાદન

* ૨૫૩૮૧ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ માં રાજ્યના

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષ

## અતારાંકિત પ્રશ્નો

સરકારી અને ખાનગી વીજ મથકોમાં કેટલું વીજ ઉત્પાદન થયું,

દરમ્યાન રાજ્યની ૪ વીજ વીતરણ કંપનીઓ દ્વારા ગ્રાહકોની વીજ માંગ પુરી કરવા હેતુ મેળવવામાં આવેલ વિજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન (મીલીયન યુનિટસ) | | | |
|---|---|---|---|---|
| | સરકારી વીજ મથકો (કેન્દ્રિય સાહસો સહિત) | ખાનગી વિજ મથકો | બિન પરંપરાગત સ્ત્રોત | કુલ |
| ૨૦૧૪ | ૪૨૭૬૯ | ૩૨૫૯૦ | ૫૧૯૫ | ૮૦૫૫૪ |
| ૨૦૧૫ | ૪૨૬૫૬ | ૩૨૦૦૯ | ૫૭૦૯ | ૮૦૩૭૪ |

(૨) તે અન્વયે, કૃષિ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે વર્ષવાર કેટલી વીજળી પૂરી પાડવામાં આવી, અને

(૨) તે અન્વયે રાજ્યની ૪ વીજ વીતરણ કંપનીઓ દ્વારા કૃષિ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે પૂરી પાડવામાં આવેલ વીજળીની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

(મીલીયન યુનીટસ)

| કેટેગરી | ૨૦૧૪ | ૨૦૧૫ |
|---|---|---|
| ઘરેલુ, વાણિજ્યિક અને અન્ય (કૃષિ વિષયક સિવાય)-કોમન ફીડર્સ દ્વારા | ૨૪૦૫૩ | ૨૫૧૪૭ |
| કૃષિ વિષયક (પૂર્ણતઃ) | ૨૧૨૩૭ | ૨૨૯૫૨ |
| ઔદ્યોગિક (પૂર્ણતઃ) | ૨૬૬૪૨ | ૨૮૬૧૯ |

-ઉપરોક્ત વિગત ફીડર લેવલ પરની છે. જેના પર ટી એન્ડ ડી લોસીસ લાગુ પડે છે.

(૩) તે પૈકી ઉદ્યોગો માટે વર્ષવાર કેટલી વીજળી સરકારી વીજ મથકોએથી પૂરી પાડવામાં આવી ?

(૩) દરેક વીજ મથકોમાંથી ઉત્પન્ન થયેલ વીજળી, આગળ પ્રવહન માટે જે તે વીજ મથક સાથે જોડાયેલ ગ્રીડ નેટવર્કમાં ઈન્જેક્ટ કરવામાં આવતી હોય છે, અને તેથી ગ્રીડ નેટવર્કમાં દરેક વીજ મથકોએ ઉત્પન્ન કરેલ વીજળી એકત્રિત થતી હોય, કયા ઉદ્યોગને કયા વીજ મથક માંથી કયા સરકારી વીજ મથકોમાંથી કેટલી વીજળી પૂરી પાડી તે નિર્ધારિત થઈ શકતું નથી.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણની અરજીઓ

* ૨૫૯૫૩ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ અરજીઓ પૈકી જિલ્લાવાર કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવાના કયા કારણોસર બાકી છે ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યમાં કૃષિ વીજ જોડાણની ''તત્કાલ યોજના-૨૦૧૫'' તા.૧-૪-૨૦૧૫ થી અમલમાં આવેલ છે, તદઅનુસાર તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં મળેલ ૬૦ અરજીઓ પૈકી ૨૮ વીજ જોડાણ જ્યારે સાબરકાંઠા જિલ્લામાં મળેલ ૮૬ અરજીઓ પૈકી ૪૧ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) તા. ૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં વીજ જોડાણ આપવાની બાકી ૨૨ અરજીઓ પૈકી

- ૩ અરજીઓમાં અરજદાર દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ થવાની બાકી હોવાથી
- ૧૯ અરજીઓમાં અરજદારો દ્વારા સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેનાં ફોર પાર્ટી એગ્રીમેન્ટ

થયેલ ન હોવાથી

જ્યારે સાબરકાંઠા જિલ્લામાં વીજ જોડાણ આપવાની બાકી ૩૩ અરજીઓ પૈકી

- ૨ અરજીઓમાં અરજદાર દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ થવાની બાકી હોવાથી
- ૩ અરજીઓમાં સર્વેની કામગીરી પ્રગતિમાં છે.
- ૨૮ અરજીઓમાં અરજદારો દ્વારા સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેનાં ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયેલ ન હોવાથી

### રાજ્યમાં ગેસ આધારિત વીજ મથકોને ગેસનો પૂરો જથ્થો ન મળવા બાબત

* ૨૪૨૭૩ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના કેટલા ગેસ આધારિત વીજ મથકોને ગેસનો જથ્થો ના મળવાને કારણે બંધ કરવામાં આવેલા છે, | (૧) એકપણ નહીં |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યના વીજ મથકો માટે ગેસનો જથ્થો મેળવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે માંગણી કરવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યના વીજ મથકો માટે ગેસનો જથ્થો મેળવવા માટે રાજ્યના ઉર્જામંત્રીશ્રી દ્વારા કેન્દ્રના ઉર્જામંત્રીશ્રીને તા. ૦૭–૦૮–૨૦૧૪ તથા તા. ૧૩–૦૮–૨૦૧૪ ના રોજ રજુઆત કરવામાં આવેલ.<br>આ ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ કેન્દ્રના ઉર્જામંત્રીશ્રીને તા. ૧૧–૦૯–૨૦૧૪ના રોજ પત્ર લખીને રજુઆત કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૧૫–૨–૨૦૧૫ ના રોજ માન. કેન્દ્રીય ઉર્જામંત્રીશ્રી સાથે બેઠક યોજી રૂબરૂ રજુઆત કરવામાં આવેલ. આ ઉપરાંત તા. ૯, ૧૦ એપ્રિલ, ૨૦૧૫માં મળેલ રાજ્યોના ઉર્જા મંત્રીશ્રીઓની કોન્ફરન્સમાં પણ આ અંગે ભારપૂર્વક રજુઆત કરવામાં આવેલ. |
| (૩) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શું પ્રતિસાદ મળેલ છે ? | (૩) કેન્દ્ર સરકાર દ્વારા ગેસ આધારિત વીજ મથકો ચલાવવા માટે એક સ્કિમ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રથમ ભાગમાં –જુન–૨૦૧૫ થી સપ્ટેમ્બર–૨૦૧૫ના ચાર માસના ગાળા પેટે ગુજરાત રાજ્યનાં જીયુવીએનએલને વિજ પુરવઠો પુરો પાડતાં ત્રણ વીજ મથકો જેવા કે ધુવારણ–૧, ઉતરાણ–૨ અને સીએલપીને કુલ ૧.૦૨ એમએમએસસીએમડી એટલ કે આશરે ૨૦૦ મે. વો. વિજ ઉત્પાદન થઈ શકે તેટલો ઈ–બીડઆરએલએલએનજીનો પુરવઠો ફાળવવામાં આવેલ. આ ઈ–બીડઆરએલએલએનજી પોષણક્ષમ બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા આશરે ૯૪.૧૯ કરોડ રૂપિયાની સબસીડી મંજુર કરવામાં આવેલ છે, જેના કારણે પ્રતિ યુનિટ વિજ ઉત્પાદન ખર્ચ નીચો જતાં વિજમથકો દ્વારા ઈ–બીડઆરએલએલએનજી વાપરીને વિજ ઉત્પાદન કરવામાં આવેલ.<br>કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ ઉપરોક્ત સ્કિમના બીજા ભાગમાં એટલે કે ઓક્ટોબર–૨૦૧૫ થી માર્ચ–૨૦૧૬ના સમયગાળા માટે જીયુવીએનએલને વિજ પુરવઠો પુરો પાડતાં વિજ મથકો જેવા કે સીએલપીઆઈ, જીઆઈપીસીએલ, જીપીપીસી, ધુવારણ–૨, ઉતરાણ–૨ અને કુલ ૨.૧૮ |

એમએમએસસીએમડી એટલે કે આશરે ૪૩૫ મે. વો. વિજ ઉત્પાદન થઈ શકે તેટલો ગેસનો પુરવઠો ફાળવવામાં આવેલ છે. આ બીજા ભાગમાં પણ ઈ–બીડઆરએલએલએનજી પોષણક્ષમ બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા આશરે ૩૦૪.૫૩ કરોડ રૂપિયાની સબસીડી મંજુર કરવામાં આવેલ છે, જેના કારણે પ્રતિ યુનિટ વિજ ઉત્પાદન ખર્ચ નીચો જતાં ઉપરોક્ત વિજમથકો દ્વારા બીજા ભાગમાં પણ ઈ–બીડઆરએલએનજી વાપરીને ગ્રીડની જરૂરિયાત મુજબ વિજ ઉત્પાદન શરૂ કરવામાં આવેલ છે.

### આણંદ જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ

* ૨૪૪૬૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૨ |
| ૨ | બોરસદ | ૩૧ |
| ૩ | આંકલાવ | ૧૨ |
| ૪ | ઉમરેઠ | ૧૧ |
| ૫ | ખંભાત | ૧૫ |
| ૬ | તારાપુર | ૫ |
| ૭ | સોજીત્રા | ૧૦ |
| ૮ | પેટલાદ | ૨૩ |
| | કુલ | ૧૩૯ |

**પ્રશ્ન**

(૨) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

### નવસારી જિલ્લામાં આમ આદમી વિમા યોજના

* ૨૪૬૮૯ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર આમ આદમી વિમા યોજના અંતર્ગત કેટલા પરીવારોને આવરી લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આમ આદમી વિમા યોજના અંતર્ગત ૧૧૮૪૪ પરિવારોને આવરી લેવામાં આવ્યા જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧–૨૦૧૬ અંતિત આવરી લીધેલ કુલ પરિવારની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૨૩૨૮ |
| ૨ | જલાલપોર | ૧૯૨૨ |
| ૩ | ગણદેવી | ૨૬૯૬ |
| ૪ | ચીખલી | ૩૦૨૪ |
| ૫ | વાંસદા | ૧૮૭૪ |
| | કુલ | ૧૧૮૪૪ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર આ યોજના અંતર્ગત સરકારે કેટલી રકમનું પ્રીમીયમ ભરેલ છે?

**જવાબ**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર ભરેલ પ્રીમીયમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભરેલ પ્રીમીયમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪– | ૪.૩૭ |

| | | |
|---|---|---|
| | ૧૫ | |
| ૨ | ૨૦૧૫–૧૬ | એલ. આઈ. સી. દ્વારા અત્રેથી અગાઉના વર્ષોમાં ભરવામાં આવેલ પ્રિમિયમ ચાલુ વર્ષે સરભર કરેલ હોવાથી વર્ષ ૨૦૧૫–૧૬માં તેઓએ પ્રિમિયમ લીધેલ નથી. |

ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ આયોજનના કામો

* ૨૫૮૧૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જીલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતીએ સને ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તાલુકાવાર વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ કેટલા કામો મંજુર કરવામાં આવ્યા અને તે પૈકી કેટલા કામોની પ્રાથમિક અને વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૨) મંજુરી પૈકી કેટલા કામો પુર્ણ કરવામાં આવ્યા અને ઉક્ત સ્થિતિએ બાકી કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) સને ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં ગાંધીનગર જીલ્લામાં વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર મંજુર થયેલ કામો, પ્રાથમિક મંજુરી આપેલ કામો અને વહીવટી મંજુરી આપેલ કામોની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫માં કુલ–૧૩૬૭ કામો પૂર્ણ થયેલ છે અને ૧૫૭ કામો બાકી છે. જ્યારે વર્ષ ૨૦૧૫–૧૬માં કુલ–૯૯૩ કામો પૂર્ણ થયેલ છે અને ૪૩૬ કામો બાકી છે. બાકી કામો સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | | | વર્ષ ૨૦૧૫–૧૬ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર કરેલ કામો | પ્રાથમિક મંજૂરી આપેલ કામો | વહીવટી મંજૂરી આપેલ કામો | મંજૂર કરેલ કામો | પ્રાથમિક મંજૂરી આપેલ કામો | વહીવટી મંજૂરી આપેલ કામો |
| ૧ | ગાંધીનગર | ૩૨૧ | ૩૨૧ | ૨૯૫ | ૨૮૫ | ૨૮૫ | ૨૨૧ |
| ૨ | દહેગામ | ૫૯૭ | ૫૯૭ | ૫૮૨ | ૫૨૬ | ૫૨૬ | ૪૯૪ |
| ૩ | માણસા | ૩૮૭ | ૩૮૭ | ૩૬૯ | ૩૪૪ | ૩૪૪ | ૩૨૬ |
| ૪ | કલોલ | ૩૪૦ | ૩૪૦ | ૨૭૮ | ૩૯૭ | ૩૯૭ | ૩૮૮ |
| | કુલ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૨૪ | ૧૫૫૨ | ૧૫૫૨ | ૧૪૨૯ |

ધાનેરા અને દાંતીવાડા તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મહેકમ

* ૨૫૯૪૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| તાલુકો | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|
| ધાનેરા | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૧ |
| | વર્ગ–૩ | ૧૫ |
| | વર્ગ–૪ | ૪ |
| | કુલ | ૨૦ |
| દાંતીવાડા | વર્ગ–૧ | ૦ |
| | વર્ગ–૨ | ૧ |
| | વર્ગ–૩ | ૯ |
| | વર્ગ–૪ | ૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨)

| તાલુકો | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો સમયગાળો |
|---|---|---|---|---|

| | | | | ૧ વર્ષ સુધીની | ૧થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |
|---|---|---|---|---|---|---|
| ધાનેરા | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વર્ગ-૩ | ૯ | ૬ | ૩ | ૩ | ૦ |
| | વર્ગ-૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૪ | ૬ | ૩ | ૩ | ૦ |
| દાંતીવાડા | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| | વર્ગ-૩ | ૭ | ૨ | ૧ | ૧ | ૦ |
| | વર્ગ-૪ | ૧ | ૩ | ૧ | ૨ | ૦ |
| | કુલ | ૮ | ૬ | ૩ | ૩ | ૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

### રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., એલ.પી.જી. અને રાસાયણિક ખાતર પર વેટ/સેસ

* ૨૪૨૮૦ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., એલ.પી.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલો વેટ અને સેસ લેવામાં આવેલ છે, અને

(૧)

| વિગત | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% + ૨% સેસ |
| ડીઝલ | ૨૧% + ૩% સેસ |
| સી.એન.જી. | ૧૨.૫૦% + ૨.૫% વધારાનો વેરો |
| એલ.પી.જી (ઈન્ડસ્ટ્રીયલ) | ૧૨.૫૦% + ૨.૫% વધારાનો વેરો |
| એલ.પી.જી (ડોમેસ્ટીક) તા. ૧-૧૦-૨૦૧૪ થી | ૪% + ૧% વધારાનો વેરો |
| રસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪% + ૧% વધારાનો વેરો |
| રસાયણિક ખાતર (પુન:વેચાણ) | માફી |

(૨) તે અન્વયે વર્ષવાર રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઈ?

(૨)

(રકમ રૂ.કરોડમાં)

| વિગત | તા. ૧-૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ | તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| સેસ | ૧૨૧૩.૦૭ | ૧૧૪૦.૯૨ |
| સી.એન.જી. | ૧૯૭.૨૨ | ૨૪૧.૪૦ |
| એલ.પી.જી (ઈન્ડસ્ટ્રીયલ) | ૩૬.૪૦ | ૩૯.૩૪ |
| એલ.પી.જી | ૨૬.૪૨ | ૧૪૫.૩૫ |

| | | |
|---|---|---|
| (ડોમેસ્ટીક) તા. ૧-૧૦-૨૦૧૪ થી | | |
| રસાયણિક ખાતર | ૧૨૧.૪૮ | ૧૪૬.૬૪ |

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો નાણા પંચની ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૨૪૩૬૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિે છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૪માં નાણાપંચની કેટલી ગ્રાન્ટ આપવામાં આવી,

(૨) ૧૪માં નાણાપંચની ઉક્ત ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ અને જો ફાળવી હોય તો કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષોમાં ગ્રાન્ટ ના ફાળવી હોય તો તેના કારણો શા છે?

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિે છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૧-૦૪-૨૦૧૫ થી ૩૧-૦૧-૨૦૧૬ સુધીમાં ૧૪માં નાણાપંચની રૂ. ૩૮,૪૫,૭૬,૪૭૬/-ની રકમ ફાળવવામાં આવી અને

(૨) ૧૪માં નાણાપંચની ઉક્ત ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.

(૩) સરકારશ્રીના પંચાયત વિભાગના તા. ૩૦-૧૨-૨૦૧૫ના ઠરાવ અન્વયે ૧૪માં નાણાપંચ અંતર્ગત મળનાર ગ્રાન્ટની ફાળવણી સીધી જ ગ્રામ પંચાયતોને કરવામાં આવતી હોઈ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી.

સંખેડા અને ડભોઈ તાલુકામાં રેતીની લીઝના ધારકોની સંખ્યા

* ૨૫૩૦૪ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકા અને વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં રેતીના લીઝ ધારકોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બંને તાલુકામાં રેતી ખનનમાં ગેરરીતિ આચરવાના કેટલા કેસ નોંધવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે દંડની કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે?

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ૧૫૪ અને વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકામાં ૪૭.

(૨) સંખેડા તાલુકામાં ૧૨ અને ડભોઈ તાલુકામાં ૧૨.

(૩) સંખેડા તાલુકામાં દંડની રકમ રૂ. ૧૬.૨૩ લાખ વસૂલ કરવામાં આવેલ તથા રૂ. ૧૬૯.૧૮ લાખની દંડનીય રકમ વસૂલ કરવાની બાકી છે.

ડભોઈ તાલુકામાં દંડની રકમ રૂ. ૧૯.૧૭ લાખ વસૂલ કરવામાં આવેલ તથા રૂ. ૧૪૩.૪૮ લાખની દંડનીય રકમ વસૂલ કરવાની બાકી છે.

શહેરા અને ગોધરા તાલુકામાં વીજ કનેકશનો

* ૨૫૩૯૨ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકાની કેટલી ઉદ્વહન સિંચાઈ યોજના અને કેટલા પાણી પુરવઠાના બનાવેલ સંપોને વીજકનેકશનો મેળવવા માટેની કેટલી માંગણીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વીજ કનેકશનો આપવાના બાકી છે, અને

જવાબ

(૧) અને (૨) શહેરા અને ગોધરા તાલુકામાં ઉદ્વહન સિંચાઈ યોજના અને પાણી પુરવઠા માટે બનાવેલ સંપના વીજ જોડાણ માટે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ અને તે પૈકી વીજ જોડાણ માટેની બાકી અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | વીજ જોડાણ માટે મળેલ અરજીઓ | | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પડતર અરજીઓ | |
|---|---|---|---|---|
| | ઉદ્વહન સિંચાઈ | સંપ | ઉદ્વહન સિંચાઈ | સંપ |

| | | | | |
|---|---|---|---|---|
| શહેરા | ૧૬ | ૧૧૩ | -- | ૦૧ |
| ગોધરા | ૦૭ | ૭૯ | -- | ૦૬ |

(૩) આ બાકી વીજ કનેક્શનો ક્યારે અને કેટલા સમયમાં આપવામાં આવશે?

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સંપ માટેની કુલ ૭ અરજીઓ પડતર હતી તે તમામને તા. ૧૯-૦૨-૨૦૧૬ સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં રાજીવ ગાંધી ભવનના મંજૂર કામો

* ૨૪૨૧૨ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કયા ગામોમાં છેલ્લા બે વર્ષમાં રાજીવ ગાંધી ભવનના કામો મંજુર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ભવનો બનાવવાના બાકી છે?

જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જે ગામોમાં છેલ્લા બે વર્ષમાં રાજીવ ગાંધી ભવનના કામો મંજુર કરવામાં આવ્યા છે તેની વિગત આ સાથે સામેલ પરિશિષ્ટ-અ મુજબ છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ પરિશિષ્ટ-અ માં દર્શાવેલ કુલ-૫૮ ભવનો બનાવવાનાં બાકી છે.

પરિશિષ્ટ-અ

| ક્રમ | તાલુકાનું નામ | જે ગામોમાં રાજીવ ગાંધી ભવનના કામો મંજુર કરવામાં આવેલ છે તે ગામોના નામ<br>તા. ૦૧-૦૨-૨૦૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ દરમ્યાન | તા. ૦૧-૦૨-૨૦૧૫ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ દરમ્યાન |
|---|---|---|---|
| ૧ | દહેગામ | (૧) ઝાંક, (૨) પાટનાકુવા, (૩) ઉદણ, (૪) જેશાનામુવાડા, (૫) બારોટના મોસમપુરા, (૬) સાણોદા, (૭) હરખજીના મુવાડા, (૮) ખાનપુર, (૯) કડજોદરા, (૧૦) જીવરાજના મુવાડા. | નીલ |
| ૨ | ગાંધીનગર | (૧) રતનપુર, (૨) ઈસનપુર મોટા, (૩) ગીયોડ, (૪) છાલા, (૫) કુડાસણ,<br>(૬) આદરજ મોટી, (૭) જમીયત પુરા, (૮) સરગાસણ, (૯) મહુન્દ્રા, (૧૦) ભોંયણ રાઠોડ, (૧૧) દોલારાણા વાસણા, (૧૨) શીહોલી મોટી, | નીલ |
| ૩ | કલોલ | નીલ | નીલ |
| ૪ | માણસા | (૧) બળિયાનગર (મા), (૨) ઈન્દ્રપુરા, (૩) પુંધરા, (૪) લોદરા, (૫) હરણાહોડા, (૬) ગોવિંદપુરા, (૭) દેલવાડ, (૮) ઉમીયાનગર (બી), (૯) ગલથરા, (૧૦) મંડાલી, (૧૧) વરસોડા, (૧૨) સમૌ, (૧૩) બોરૂ, (૧૪) મકાખાડ (મા), (૧૫) દેલવાડા, (૧૬) ભીમપુરા, (૧૭) પ્રતાપનગર, (૧૮) પાલડી રાઠોડ, (૧૯) અમરાપુર (ગ્રા), (૨૦) અજરાપુરા, (૨૧) પરબતપુરા, (૨૨) બદપુરા, (૨૩) રાજપુરા, (૨૪) રીદ્રોલ, (૨૫) વિજયનગર (કુ), (૨૬) ડોડીપાળ, (૨૭) ઈશ્વરપુરા (બ), (૨૮) હિંમતપુરા (લા), (૨૯) ચડાસણા, (૩૦) પડુસ્મા, (૩૧) આનંદપુરા (અં), (૩૨) પાટણપુરા, (૩૩) ખરણા, (૩૪) કુવાદરા, (૩૫) પાલડી વ્યાસ, (૩૬) ઈટાદરા | નીલ |
| | કુલ | ૫૮ | નીલ |

દાહોદ જિલ્લામાં કાચા મકાનોની સંખ્યા

* ૨૪૬૫૮ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કાચા મકાનોની સંખ્યા કેટલી છે, અને

(૨) આ કાચા મકાનોમાં વસતા લોકોને પાકા મકાન બનાવી આપવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ
કાચા મકાનોની સંખ્યા-૮૮૬૮૪

(૨) સરદાર આવાસ યોજના-૨ હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૩૨૦૦ આવાસનો લક્ષ્યાંક ફાળવેલ છે. તબક્કાવાર તમામ પાત્ર લાભાર્થીને આવારી લેવાનું આયોજન છે.

ડાંગ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટમાં ગામોનો સમાવેશ

## અતારાંકિત પ્રશ્નો

* ૨૪૨૫૬ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય પંચાયત અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કાર્યરત વોટરશેડ પ્રોજેક્ટમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે,

(૨) ઉક્ત પ્રોજેક્ટ અંર્તગત કામો ગ્રામ સમિતિ મારફતે થાય છે કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટ અંગે ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરાયેલ છે કે કેમ ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કાર્યરત વોટરશેડ પ્રોજેક્ટમાં કુલ–૧૮૧ ગામોનો નીચે મુજબ સમાવેશ થયેલ છે.

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આહવા | ૭૦ |
| ૨ | વઘઈ | ૩૩ |
| ૩ | સુબીર | ૭૮ |
| કુલ | | ૧૮૧ |

(૨) હા

(૩) હા

### પાન્ધ્રો થર્મલ પાવર સ્ટેશન ટેન્ડરમાં થયેલ ગેરરીતી

* ૨૪૧૪૦ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પાન્ધ્રો થર્મલ સ્ટેશન ટેન્ડર ડબલ્યુઈ–૭૩૧માં થયેલ ગેરરીતિ અંગે તા. ૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારશ્રીને કેટલી ફરિયાદ કે રજુઆત મળી, અને

(૨) તે અન્વયે શી કાર્યવાહી થયેલ છે ?

જવાબ

(૧) પાન્ધ્રો થર્મલ પાવર સ્ટેશન ટેન્ડર ડબલ્યુઈ–૭૩૧માં થયેલ ગેરરીતિ અંગે તા. ૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારશ્રીને, માન.ધારાસભ્યશ્રી તરફથી એક રજુઆત મળેલ છે.

(૨) તે અન્વયે, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. તરફથી જરૂરી વિગતો મેળવી માન. ધારાસભ્યશ્રીને તા. ૮–૨–૨૦૧૬નાં રોજ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

### વલસાડ જિલ્લામાં તલાટી–કમ–મંત્રી(પંચાયત)ની ખાલી જગ્યાઓ

* ૨૪૧૬૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર તલાટી–કમ–મંત્રી (પંચાયત)ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકા પંચાયત | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |
| ૧ | વલસાડ | ૧૧ | ૬ | ૧ | ૪ |
| ૨ | પારડી | ૪ | ૨ | ૨ | ૦ |
| ૩ | વાપી | ૭ | ૨ | ૩ | ૨ |
| ૪ | ઉમરગામ | ૫ | ૩ | ૦ | ૨ |
| ૫ | ધરમપુર | ૪ | ૦ | ૪ | ૦ |
| ૬ | કપરાડા | ૧૫ | ૩ | ૧૨ | ૦ |

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ

### મીરા દાંતારની દરગાહ પર કુવામાં મોટરો અને પાઈપો મુકી ગેરકાયદેસર પાણી ખેંચવા બાબત

* ૨૪૩૭૪ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ ઉંઝા તાલુકા પવિત્ર યાત્રા–ધામ મીરાં દાંતાર ખાતે આવેલ સાર્વજનિક કુવાને સીલ કરીને કેટલાક ગેસ્ટ હાઉસના માલિકો દ્વારા કુવામાં મોટરો અને

જવાબ

(૧) ૧ (એક) ફરીયાદ મળેલ છે.

પાઈપો મુકી ગેરકાયદેસર પાણી ખેંચવામાં આવી રહ્યું છે તે સંબંધે છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી ફરિયાદ કે રજુઆત મળેલ છે, અને

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૨) આ કુવો ગ્રામ પંચાયતના કબજા હેઠળ હોઈ અને તેમાંથી ગેરકાયદેસર રીતે પાણી ખેંચવામાં આવતુ ન હોઈ કોઈ ઈસમ સામે કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

## જુનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના નોંધાયેલા કિસ્સા

* ૨૪૨૨૧ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ખાણ અને ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં માટી, રેતી, કપચી, લિગ્નાઈટ, બોક્સાઈટની ચોરી થઈ રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનન કરતા કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ ગેરકાયદેસર ખનન અટકે તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર ખાણ-ખનીજની ચોરી અટકાવવા કટીબધ્ધ છે તે માટે સમયાંતરે અને જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે, અને

જુનાગઢ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૨૦ કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૪માં કુલ ૬ ઈસમો પૈકી ૪ ઈસમો પાસેથી રૂ. ૪.૪૦ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. જ્યારે ૨ ઈસમો સામે રૂ. ૧૦.૯૧ લાખની ખનિજચોરીની પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫માં ૧૪ ઈસમો પાસેથી રૂ. ૧૯.૪૦ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. જ્યારે ૪ કેસોમાં ૧૨ ઈસમો સામે રૂ. ૯૦.૦૭ લાખની ખનિજ ચોરીની પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

ગેરકાયદેસર ખનન અટકાવવા જીલ્લા કચેરી/એફ.એસ. દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ટાસ્ક ફોર્સ સમિતિની રચના કરવામાં આવેલ છે.

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૫૪૨૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૨) તે પૈકી જળ વિદ્યુત મથકો કેટલા છે અને કોલસા દ્વારા ચાલતા (થર્મલ) વીજમથકો કેટલા, અને

(૩) જળ વિદ્યુત મથકો અને કોલસા દ્વારા ચાલતા (થર્મલ) વીજ મથકોમાં ઉત્પન્ન થતી વીજળી માટે ૧ મેગાવોટ

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૪૬૦૬ મે.વો. છે. જેની વિગત નીચે મુજબ છે.

પરંપરાગત સ્ત્રોત - ૧૯૭૦૫ મે.વો.
બિનપરંપરાગત સ્ત્રોત- ૪૯૦૧ મે.વો.
કુલ - ૨૪૬૦૬ મે.વો.

(૨) તે પૈકી જળ અને કોલસા દ્વારા વીજ મથકોની વિગત નીચે મુજબ છે.

| વિગત | વીજમથકોની સંખ્યા | કુલ સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો.) |
|---|---|---|
| કોલસા આધારિત | | |
| કોલસા આધારિત | ૧૪ | ૧૨૫૫૩ |
| જળ આધારિત | | |
| હાઈડ્રો પ્રોજેક્ટ | ૩ | ૭૭૯ |
| મીની હાઈડલ પ્રોજેક્ટ | ૨ | ૯.૬ |

(૩) ઉપરોક્ત વિજમથકોમાંથી જીયુવીએનએલ દ્વારા મેળવવામાં આવેલ વિજ ઉત્પાદનની પડતર કિંમત પ્રતિ

દીઠ કેટલો ખર્ચ આવે છે ?

મેગાવોટ અવર– MWH (૧ MWH –૧૦૦૦ KWH) ખર્ચની હાલની વિગત નીચે મુજબ છે.

| વીજ મથકો | વર્ષ ૨૦૧૫ (રૂ/ MWH) |
|---|---|
| (અ) કોલસા આધારિત | |
| એનટીપીસી – વિંધ્યાચલ | ૨૭૨૦ |
| એનટીપીસી – કોરબા | ૧૭૦૬ |
| એનટીપીસી – કહલગાંવ | ૪૫૧૧ |
| એનટીપીસી – સિપત | ૨૫૬૦ |
| એનટીપીસી – મૌડા | ૯૯૫૧ |
| જીએસઈસીએલ – ઉકાઈ ટીપીએસ | ૪૨૭૪ |
| જીએસઈસીએલ – ગાંધીનગર ટીપીએસ | ૪૬૭૯ |
| જીએસઈસીએલ – વણાકબોરી ટીપીએસ | ૩૯૩૧ |
| જીએસઈસીએલ – સિક્કા ટીપીએસ | ૬૧૦૫ |
| એસ્સાર પાવર ગુજરાત લિ. | ૩૩૪૨ |
| અદાણી પાવર લિ. ૧ | ૩૧૦૫ |
| અદાણી પાવર લિ. ૨ | ૨૨૯૮ |
| એસીબી ઈન્ડિયા લિ. | ૧૯૮૩ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લિ. | ૨૫૧૩ |
| (બ) જળ આધારિત | |
| હાઈડ્રો પ્રોજેક્ટ | |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ. | ૨૦૫૦ |
| જીએસઈસીએલ – ઉકાઈ હાઈડ્રો | ૬૫૦ |
| જીએસઈસીએલ – કડાના હાઈડ્રો | ૨૩૨૬ |
| મીની હાઈડલ પ્રોજેક્ટ | |
| તારીની ઈન્ફ્રા. લિ. (મધુબન ડેમ) | ૩૪૯૦ |
| ઑરેવા એનર્જી પ્રાઈવેટ લિ. (કરજન ડેમ) | ૩૪૯૦ |

રાજ્યની વીજ વિતરણ કંપનીઓને ઉપરોક્ત વીજ મથકમાંથી પુરી પાડવામાં આવતી વીજળીના દર વીજ નિયમન આયોગ દ્વારા પ્રમાણિત / મંજુર કરવામાં આવે છે.

## મહીસાગર જિલ્લામાં ખેતી માટે વીજ કનેકશનો મેળવવાની પડતર અરજીઓ

* ૨૫૧૧૫ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જીલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જીલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવાની તાલુકાવાર પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| કડાણા | ૨૯૮ |
| સંતરામપુર | ૨૭૬ |
| લુણાવાડા | ૨૧૭૯ |
| ખાનપુર | ૧૦૩૪ |
| બાલાશિનોર | ૪૫૬ |
| વિરપુર | ૭૮૧ |

(૨) ઉકત પડતર તમામ અરજીઓનો નિકાલ કરી

(૨) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ

અરજદારોને કયાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

### ભાવનગર અને બોટાદ જિલ્લામાં ૧૨મા અને ૧૩મા નાણાપંચની રકમ

* ૨૪૨૭૮ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસેથી ૧૨મા અને ૧૩મા નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) તે પૈકી ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨ નાણાંપંચ અંતર્ગત ગુજરાત સરકારને રકમ મળેલ નથી.

નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માટે ગુજરાત રાજ્યને ૧૩મા નાણાંપંચ અંતર્ગત ભારત સરકાર તરફથી રૂ. ૫૩૮.૧૭/– કરોડ મળેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે ગુજરાત રાજ્યને ૧૩મા નાણાપંચ અંતર્ગત ભારત સરકાર તરફથી રૂ. ૪૫૩.૨૪/– કરોડ મળેલ છે.

તા. ૧–૪–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૩મા નાણાપંચના ગુજરાત રાજ્યને ભારત સરકાર તરફથી રૂ. ૧૨૨.૦૧ કરોડ મળેલ છે.

(૨) (૧) ભાવનગર જિલ્લામાં વર્ષવાર તાલુકાવાર થયેલ ગ્રાન્ટ ફાળવણી નીચે મુજબ છે.

| તાલુકો | તા.૧/૪/૧૩થી તા.૩૧/૩/૧૪ સુધી ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) | તા.૧/૪/૧૪થી તા.૩૧/૩/૧૫ સુધી ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) | તા.૧/૪/૧૫થી તા.૩૧/૧૨/૧૫ સુધી ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) |
|---|---|---|---|
| વલભીપુર | ૬૫૬૨૪૪૦ | ૫૭૫૬૫૪૬ | ૧૧૯૪૩૬૭ |
| ઉમરાળા | ૧૦૧૦૯૧૦૫ | ૮૮૨૧૪૨૦ | ૧૮૮૬૦૪૪ |
| ભાવનગર | ૧૫૪૮૪૪૩૦ | ૧૩૬૩૮૦૯૪ | ૨૭૬૨૯૪૬ |
| ઘોઘા | ૮૯૬૫૩૮૫ | ૭૯૨૦૮૬૨ | ૧૫૭૫૨૩૪ |
| શિહોર | ૧૬૬૨૦૧૩૦ | ૧૪૫૨૫૪૧૩ | ૩૦૭૮૫૦૫ |
| ગારીયાધાર | ૯૭૮૧૯૮૯ | ૮૫૩૫૩૯૯ | ૧૮૨૫૫૯૭ |
| પાલીતાણા | ૧૬૩૨૮૭૪૧ | ૧૪૩૧૭૯૨૮ | ૨૯૭૭૩૬૭ |
| તળાજા | ૨૬૪૩૦૬૮૦ | ૨૩૩૨૪૯૯૧ | ૪૬૭૦૨૮૩ |
| મહુવા | ૩૧૯૯૯૬૯૬ | ૨૮૨૦૪૮૧૦ | ૫૬૮૯૧૪૩ |
| કુલ | ૧૪૨૨૮૨૫૯૬ | ૧૨૫૦૪૫૪૬૩ | ૨૫૬૫૯૪૮૬ |

(૨) વર્ષ ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત) ના સમયગાળા માટે બોટાદ જિલ્લાના બોટાદ અને ગઢડા તાલુકાને ભાવનગર જિલ્લા તરફથી અને બરવાળા અને રાણપુર તાલુકાને અમદાવાદ જિલ્લા તરફથી થયેલ ગ્રાન્ટની ફાળવણી વર્ષવાર તાલુકાવાર નીચે મુજબ છે.

– બોટાદ જિલ્લાના તાલુકાને વર્ષ ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માટે અમદાવાદ અને ભાવનગર જિલ્લા દ્વારા મળેલ ગ્રાંટની ફાળવણી

| જિલ્લો | તાલુકો | તા.૧/૪/૧૩થી તા.૩૧/૩/૧૪ સુધી ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) | તા.૧/૪/૧૪થી તા.૩૧/૩/૧૫ સુધી ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) | તા.૧/૪/૧૫થી તા.૩૧/૧૨/૧૫ સુધી ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) |
|---|---|---|---|---|
| અમદાવાદ | બરવાળા | ૪૧૨૧૫૨૬ | ૨૫૬૭૫૭૫ | ૩૭૮૧૧૭૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | રાણપુર | ૬૩૭૩૦૩૩ | ૪૬૬૯૩૬૭ | ૫૮૪૬૬૪૬ |
| ભાવનગર | ગઢડા | ૧૬૪૨૪૫૭૪ | ૧૪૪૦૩૭૬૯ | ૨૯૯૩૦૨૧ |
| | બોટાદ | ૧૪૩૨૭૯૬૭ | ૧૨૫૩૪૩૭૫ | ૨૬૪૧૬૮૪ |
| | કુલ | ૪૧૨૪૭૧૦૦ | ૩૪૧૭૫૦૮૬ | ૧૫૨૬૨૫૨૨ |

(૩) આ ગ્રાન્ટમાંથી ઉક્ત જિલ્લાવાર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) (૧) ભાવનગર જિલ્લામાં વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૬૮૧.૨૬ લાખ, વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૯૦૩.૧૨ લાખ અને ૨૦૧૫-૧૬માં (તા. ૩૧-૧૨-૨૦૧૫ અંતિત) રૂ. ૭૭૭.૮૧ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) બોટાદ જિલ્લામાં વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૧૮૫.૮૭ લાખ, વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૧૭૧.૬૮ લાખ અને ૨૦૧૫-૧૬માં (તા. ૩૧-૧૨-૨૦૧૫ અંતિત) રૂ. ૧૫૯.૪૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ફેજ-૨ માં સહાય

* ૨૪૧૩૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ પ્રત્યેક લાભાર્થી દીઠ રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના ફેજ-૨ અન્વયે કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ રકમમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ પ્રત્યેક લાભાર્થી દીઠ સરદાર પટેલ આવાસ યોજના ફેઝ-૨ અન્વયે રૂ. ૪૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

(૨) અત્યાર સુધીમાં કોઈ વધારો થયેલ નથી.

મહીસાગર જિલ્લામાં થ્રી ફેઈઝ લાઈન માટેની પડતર માંગણી

* ૨૪૧૪૬ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકા દીઠ ખેતી વિષયક વીજ જોડાણ (થ્રી ફેઈઝ લાઈન) માટેની કુલ કેટલી માગણી પડતર છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ પડતર માગણીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જીલ્લામાં કૃષિ વીજ જોડાણ (થ્રી ફેઈઝ લાઈન) માટેની પડતર અરજીઓ અને છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ | છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| કડાણા | ૨૯૮ | ૨૨૪ |
| સંતરામપુર | ૨૭૬ | ૨૩૪ |
| લુણાવાડા | ૨૧૭૯ | ૩૯૨ |
| ખાનપુર | ૧૦૩૪ | ૩૦૫ |
| બાલાશિનોર | ૪૫૬ | ૩૫૪ |
| વિરપુર | ૭૮૧ | ૩૫૪ |

(૩) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફલાઈંગ સ્કવોડ દ્વારા ખાણો લીઝોનું ચેકીંગ

* ૨૪૧૧૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફ્લાઇંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ચેકિંગ દરમ્યાન ઉક્ત જીલ્લાવાર, વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને જો કોઈ જીલ્લામાં વર્ષમાં એકપણ વાર મુલાકાત લઈ ચેકીંગ ન કરવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે?

જવાબ

(૧)

| અમદાવાદ | ગાંધીનગર |
|---|---|
| તા. ૦૨–૧૨–૧૪, | તા. ૦૨–૦૧–૧૪, |
| ૩૦–૦૫–૧૫, | ૦૬–૦૫–૧૪, |
| ૧૦–૦૯–૧૫, | ૨૦–૧૦–૧૪, |
| ૧૯–૦૯–૧૫, | ૧૦–૦૮–૧૫, |
| ૩૦–૦૯–૧૫, | |
| ૦૮–૧૦–૧૫, | |
| ૦૯–૧૦–૧૫, | |
| ૨૪–૧૨–૧૫, | |

(૨)

| જીલ્લો | વર્ષ | જોવા મળેલ ગેરરીતિ | ખનીજ ચોરી રકમ ` |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૪ | બિનઅધિકૃત ખનન, વહન તથા કરારખત શરતભંગ | ૧.૬૫ લાખ |
| | ૨૦૧૫ | બિનઅધિકૃત ખનન, વહન, કરારખત શરતભંગ તથા રોયલ્ટી પાસનો દુરુપયોગ | ૨૧.૦૦ લાખ |
| ગાંધીનગર | ૨૦૧૪ | બિનઅધિકૃત ખનન, વહન તથા કરારખત શરતભંગ | ૨૨.૫૪ લાખ |
| | ૨૦૧૫ | બિનઅધિકૃત ખનન/ વહન તથા કરારખત | ૧.૫૧ લાખ |

(૩) જણાવેલ સમયગાળામાં બંને જિલ્લામાં કરવામાં આવેલ ચેકીંગમાં ૯ ઈસમો પાસેથી ` ૨૮.૪૩ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ૧ ઈસમ પાસેથી ` ૧૮.૨૭ લાખની વસુલાત માટે હુકમ કરેલ છે તથા ૩ કેસમાં પોલીસ ફરીયાદ કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

### ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને વળતર પેટે બાકી ચૂકવવાની રકમ

* ૨૫૨૫૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને ૨૦૧૪–૧૫માં ભારત સરકાર દ્વારા કેન્દ્રીય વેચાણવેરાનો દર ૪ ટકાથી ઘટાડી ૨ ટકાનો દર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તે અન્વયે ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને વળતર પેટે કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### આણંદ અને વડોદરા જિલ્લામાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૫૮૫૫ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ આણંદ અને

જવાબ

(૧)

અતારાંકિત પ્રશ્નો

વડોદરા જિલ્લામાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

| જિલ્લા પંચાયત | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|
| આણંદ | વર્ગ–૧ | ૧૩ |
| | વર્ગ–૨ | ૧૩૭ |
| | વર્ગ–૩ | ૨૦૭૧ |
| | વર્ગ–૪ | ૨૯૪ |
| | કુલ | ૨૫૧૫ |
| વડોદરા | વર્ગ–૧ | ૧૫ |
| | વર્ગ–૨ | ૧૩૯ |
| | વર્ગ–૩ | ૨૧૧૪ |
| | વર્ગ–૪ | ૧૧૯ |
| | કુલ | ૨૩૮૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| જિલ્લા પંચાયત | સંવર્ગ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ | ૧થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર |
| આણંદ | વર્ગ–૧ | ૯ | ૪ | ૧ | ૨ | ૧ |
| | વર્ગ–૨ | ૧૦૪ | ૩૩ | ૯ | ૧૮ | ૬ |
| | વર્ગ–૩ | ૧૩૫૯ | ૭૧૨ | ૧૬૧ | ૧૮૭ | ૩૬૪ |
| | વર્ગ–૪ | ૮૯ | ૨૦૫ | ૧૦ | ૨૯ | ૧૬૬ |
| | કુલ | ૧૫૬૧ | ૯૫૪ | ૧૮૧ | ૨૩૬ | ૫૩૭ |
| વડોદરા | વર્ગ–૧ | ૧૧ | ૪ | ૧ | ૨ | ૧ |
| | વર્ગ–૨ | ૯૯ | ૪૦ | ૧૭ | ૮ | ૧૫ |
| | વર્ગ–૩ | ૧૩૭૯ | ૭૩૫ | ૩૦૬ | ૨૨૫ | ૨૦૪ |
| | વર્ગ–૪ | ૧૦૩ | ૧૬ | ૩ | ૫ | ૮ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

અમદાવાદ જિલ્લામાં ખેતી માટેના વિજ કનેકશનો મેળવવાની પડતર અરજીઓ

* ૨૪૨૨૭ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવાની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| અમદાવાદ સીટી | ૫૭ |
| દસ્ક્રોઈ | ૪૫૨ |
| ધોળકા | ૫૪૧ |
| સાણંદ | ૭૩૩ |
| બાવળા | ૬૯૩ |
| દેત્રોજ | ૨૬ |
| ધંધુકા | ૧૬૩ |
| ધોલેરા | ૦ |
| માંડલ | ૫૭ |
| વિરમગામ | ૫૭૬ |

(૨) ઉક્ત પડતર તમામ અરજીઓનો નિકાલ કરી બાકી અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે?

(૨) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકાય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાંધકામ કોન્ટ્રાકટરોને પરવાના

* ૨૫૨૪૩ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જરૂરીયાત મુજબના ખનીજ-રેતી-કપચી-ગ્રીટના ઉપયોગ માટે કેટલા કોન્ટ્રાકટરોને પરવાના અપાયા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી દ્વારા કેટલા કોન્ટ્રાકટરોને છેલ્લા બે વર્ષમાં નો ડયુ સર્ટીફીકેટ આપવામાં આવ્યા?

જવાબ

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

''ખુશ્બુ ગુજરાત કી'' જાહેરાતની ડોક્યુમેન્ટરીનો ખર્ચ

* ૨૪૬૪૧ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ પ્રવાસન વિભાગ દ્વારા ''ખુશ્બુ ગુજરાત કી'' જાહેરાતની ડોક્યુમેન્ટરી અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ જાહેરાતના ખર્ચ માટે પ્રવાસન વિભાગને કેટલી ગ્રાન્ટ ઉક્ત વર્ષોમાં મળી, અને

(૩) ઉક્ત ગ્રાન્ટમાં કેન્દ્ર સરકારનો કે સહયોગી સ્પોન્સરનો કેટલો ફાળો છે?

જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન પ્રભાગ દ્વારા ''ખુશ્બુ ગુજરાત કી'' જાહેરાતની ડોક્યુમેન્ટરી અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| સમયગાળો | રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ | ૧.૨૫ |
| તા. ૧-૨-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ | ૨.૫૬ |

(૨) ઉક્ત સ્થિતિએ જાહેરાતના ખર્ચ માટે ઉક્ત વર્ષોમાં નીચે મુજબ ગ્રાન્ટ મળી છે.

| સમયગાળો | રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ | ૨૦.૦૦ |
| તા. ૧-૨-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ | ૨૦.૦૦ |

(૩) ઉક્ત ફાળવેલ ગ્રાન્ટમાં કેન્દ્ર સરકાર કે સહયોગી સ્પોન્સરનો કોઈ ફાળો નથી.

ખેડા અને આણંદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રી (પંચાયત) મંજુર થયેલ મહેકમ

* ૨૪૩૭૦ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત)નું મંજુર થયેલ મહેકમ તા. ૩૧-૧૨-

જવાબ

(૧)

| ક્રમ | ખેડા જિલ્લો | | ક્રમ | આણંદ જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | તાલુકો | મંજુર | | તાલુકો | મંજુર |

૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

| | | મહેકમ | | | મહેકમ |
|---|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૪૫ | ૧ | આણંદ | ૫૯ |
| ૨ | વસો | ૨૦ | ૨ | ઉમરેઠ | ૩૨ |
| ૩ | મહુધા | ૩૨ | ૩ | બોરસદ | ૭૦ |
| ૪ | મહેમદાવાદ | ૪૩ | ૪ | આંકલાવ | ૩૦ |
| ૫ | ખેડા | ૩૪ | ૫ | પેટલાદ | ૬૦ |
| ૬ | માતર | ૩૯ | ૬ | સોજીત્રા | ૨૩ |
| ૭ | કપડવંજ | ૫૭ | ૭ | ખંભાત | ૬૮ |
| ૮ | કઠલાલ | ૩૩ | ૮ | તારાપુર | ૩૬ |
| ૯ | ઠાસરા | ૪૧ | | કુલ | ૩૭૮ |
| ૧૦ | ગલતેશ્વર | ૨૫ | | | |
| | કુલ | ૩૬૯ | | | |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | ખેડા જિલ્લો | | | ક્રમ | આણંદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|---|
| | તાલુકો | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | | તાલુકો | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
| ૧ | નડીયાદ | ૩૭ | ૮ | ૧ | આણંદ | ૪૪ | ૧૫ |
| ૨ | વસો | ૧૬ | ૪ | ૨ | ઉમરેઠ | ૨૯ | ૩ |
| ૩ | મહુધા | ૨૬ | ૬ | ૩ | બોરસદ | ૫૮ | ૧૨ |
| ૪ | મહેમદાવાદ | ૩૫ | ૮ | ૪ | આંકલાવ | ૨૨ | ૮ |
| ૫ | ખેડા | ૨૮ | ૬ | ૫ | પેટલાદ | ૪૮ | ૧૨ |
| ૬ | માતર | ૩૨ | ૭ | ૬ | સોજીત્રા | ૧૯ | ૪ |
| ૭ | કપડવંજ | ૪૬ | ૧૧ | ૭ | ખંભાત | ૪૯ | ૧૯ |
| ૮ | કઠલાલ | ૨૩ | ૧૦ | ૮ | તારાપુર | ૨૯ | ૭ |
| ૯ | ઠાસરા | ૨૫ | ૧૬ | | કુલ | ૨૯૮ | ૮૦ |
| ૧૦ | ગલતેશ્વર | ૧૫ | ૧૦ | | | | |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ખેડા જિલ્લો | | | આણંદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ૧ વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ | ક્રમ | તાલુકો | ૧ વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ |
| ૧ | નડીયાદ | ૬ | ૧ | આણંદ | ૧૪ |
| ૨ | વસો | ૨ | ૨ | ઉમરેઠ | ૦ |
| ૩ | મહુધા | ૫ | ૩ | બોરસદ | ૯ |
| ૪ | મહેમદાવાદ | ૪ | ૪ | આંકલાવ | ૪ |
| ૫ | ખેડા | ૪ | ૫ | પેટલાદ | ૮ |
| ૬ | માતર | ૬ | ૬ | સોજીત્રા | ૪ |
| ૭ | કપડવંજ | ૫ | ૭ | ખંભાત | ૧૭ |
| ૮ | કઠલાલ | ૫ | ૮ | તારાપુર | ૪ |
| ૯ | ઠાસરા | ૯ | | કુલ | ૬૦ |
| ૧૦ | ગલતેશ્વર | ૭ | | | |
| | કુલ | ૫૩ | | | |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

અમરેલી જિલ્લામાં ગુજરાત વીજ અધિનિયમ–૨૦૦૩ની જોગવાઈ મુજબ નોંધાયેલ કેસો

* ૨૫૧૩૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વીજ અધિનિયમ–૨૦૦૩ની જોગવાઈ મુજબ કલમ નં–૧૨૬ અને કલમ નં.–૧૩૫ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા કેસો નોંધવામાં આવેલ છે,

(૨) તે પેટે કેટલી રકમની દંડનીય આકારણી કરવામાં આવેલ હતી,

(૩) ઉપરોક્ત આકારણી પૈકી કુલ કેટલી રકમની વસુલાત કરવામાં આવેલ છે, અને

(૪) ઉપરોક્ત કાર્યવાહીથી વીજ વપરાશમાં અનિયમિતતા અને ચોરીનું દુષણ ડામવામાં શા લાભાલાભ થયા?

જવાબ

(૧) (૨) અને (૩) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વીજ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૧૨૬ અને કલમ–૧૩૫ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નોંધાયેલ કેસો, આકારવામાં આવેલ રકમ, અને વસુલાત કરવામાં આવેલ રકમની વિગતો પત્રક–અ માં સામેલ છે.

(૪) આ કાર્યવાહીથી વીજ વપરાશમાં અનિયમિતતા અને ચોરીનું દુષણ ડામવામાં નીચે મુજબનાં લાભ થયેલ છે.

(૧) વીજ ગ્રાહકોમાં તેઓની સામાજીક પ્રતિષ્ઠામાં ઘટાડો થવાની બીકથી વીજચોરી ન કરવા બાબતે જાગૃતિ વધેલ છે.

(૨) વીજ ચોરી પકડાય તેવા સ્થાનોએ પરંપરાગત વીજ વાયરોના બદલે ઈન્સ્યુલેટેડ વાયરોના ઉપયોગથી લંગરીયા દ્વારા થતી વીજ ચોરીમાં ઘટાડો નોંધાયેલ છે.

(૩) મોટા ઔદ્યોગિક તેમજ વાણિજિયક સ્થાપનો પર અદ્યતન ઈલેક્ટ્રોનીક વીજ મીટરો લગાડવાથી વીજ વપરાશની નિયમિત નોંધણી અને અવલોકન શક્ય બનેલ છે તેથી આ કક્ષાના ગ્રાહકો વીજ ચોરી કરતા અટકે છે.

(૪) દરેક સબ ડીવીઝન કક્ષાએથી વીજ સ્થાપનોના નિયમિત ચેકીંગ અને વીજ કંપની/ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા સમયાંતરે થતા માસ ચેકિંગને કારણે વીજ ચોરીમાં ઘટાડો નોંધાયેલ છે.

પત્રક–અ

| કલમ ૧૨૬ હેઠળના કેસોની વિગત | | | | કલમ ૧૩૫ હેઠળના કેસોની વિગત | | | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | નોંધાયેલ કેસો | આ કેસોમાં આકારવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | વસૂલવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | તાલુકો | નોંધાયેલ કેસો | આ કેસોમાં આકારવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | વસૂલવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
| અમરેલી | ૧૯૨૬ | ૧૪૪.૩૭ | ૭૬.૮૦ | અમરેલી | ૪૫૨ | ૨૭.૫૪ | ૨૧.૬૬ |
| લાઠી | ૨૬૨૫ | ૧૨૬.૩૪ | ૧૦૫.૦૮ | લાઠી | ૫૦૪ | ૧૪૮.૦૬ | ૬૯.૦૧ |
| લીલીયા | ૬૯૯ | ૨૪.૯૦ | ૨૪.૭૦ | લીલીયા | ૨૫૬ | ૧૩.૮૩ | ૭.૯૨ |
| બાબરા | ૩૧૨૩ | ૧૬૩.૨૨ | ૧૫૬.૯૮ | બાબરા | ૧૭૬ | ૧૫.૩૨ | ૧૦.૪૩ |
| ધારી | ૨૧૫૦ | ૮૪.૬૩ | ૭૦.૮૯ | ધારી | ૧૧૧૮ | ૬૬.૨૧ | ૪૩.૩૩ |
| બગસરા | ૧૨૭૯ | ૭૧.૯૮ | ૬૭.૪૮ | બગસરા | ૨૨૩ | ૨૧.૧૫ | ૧૬.૬૬ |
| કુંકાવાવ | ૨૬૨૯ | ૧૩૬.૪૨ | ૧૩૧.૩૭ | કુંકાવાવ | ૭૫૪ | ૫૧.૬૨ | ૩૧.૪૧ |
| સાવરકુંડલા | ૨૫૦૦ | ૧૨૩.૭૫ | ૧૦૬.૧૮ | સાવરકુંડલા | ૧૫૮૭ | ૧૦૫.૮૫ | ૨૫.૮૨ |
| જાફરાબાદ | ૮૫૨ | ૩૧.૬૫ | ૧૬.૧૯ | જાફરાબાદ | ૨૩૯ | ૭૭.૯૯ | ૪.૩૭ |
| ખાંભા | ૭૩૩ | ૨૬.૩૯ | ૧૬.૩૨ | ખાંભા | ૪૭૦ | ૨૮.૪૦ | ૧૩.૬૪ |
| રાજુલા | ૨૨૫૧ | ૭૨.૭૪ | ૪૪.૬૪ | રાજુલા | ૯૧૦ | ૧૨૫.૨૦ | ૧૯.૬૮ |
| કુલ | ૨૦૭૬૭ | ૧૦૦૬.૩૯ | ૮૧૬.૬૩ | કુલ | ૬૬૮૯ | ૬૮૧.૧૭ | ૨૬૩.૯૩ |

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં લીઝો મંજુર કરવા બાબત

## અતારાંકિત પ્રશ્નો

* ૨૪૧૪૭ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાવાર કેટલી લીઝો મંજુર કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતીએ વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે કયા પ્રકારની ગેરરીતિઓ જણાઈ, અને

(૩) તે અન્વયે સરકારે તેમની સામે શાં પગલાં લીધા?

જવાબ

(૧)

| જીલ્લાનું નામ | તાલુકાનું નામ | મંજૂર કરેલ લીઝની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ | ઉપલેટા | ૦૭ |
| | ગોંડલ | ૦૧ |
| સુરેન્દ્રનગર | મૂળી | ૦૭ |
| | થાનગઢ | ૧૦ |
| | ચોટીલા | ૦૬ |
| | પાટડી | ૦૧ |
| | વઢવાણ | ૦૪ |
| | લીંબડી | ૦૨ |
| | ચુડા | ૦૨ |

(૨)

| વર્ષ | સ્થળ તપાસમાં જોવા મળેલ ગેરરીતિની વિગત |
|---|---|
| તા. ૦૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૦૧–૨૦૧૫ | સ્થળ તપાસ કરેલ નથી. |
| તા. ૦૧–૦૨–૨૦૧૫ થી તા. ૩૧–૦૧–૨૦૧૬ | સુરેન્દ્રનગર જિલ્લામાં એક લીઝમાં એક વાર સ્થળ તપાસ કરવામાં આવેલ, જેમાં લીઝધારક દ્વારા કરારખત શરતભંગની ગેરરીતિ જણાયેલ. |

(૩) લીઝ ધારકને વસુલાત અર્થે નોટીસ આપેલ છે.

### ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ બાંધવા કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની ફાળવણી

* ૨૫૩૮૨ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી કેટલા આવાસો બાંધવા માટે કેટલી ગ્રાંટની વર્ષવાર માંગણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રાંટની ફાળવણી કરવામાં આવી?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ પૈકી વર્ષ ૨૦૧૪માં રાજ્ય સરકારશ્રી દ્વારા ઈન્દિરા આવાસ યોજના માટે કુલ ૩૪૪૨૫ આવાસો પેટે રૂ. ૯૦૩૬.૫૬ લાખની અને વર્ષ ૨૦૧૫માં કુલ ૩૭૦૭૫ આવાસો પેટે કુલ રૂ. ૯૩૨૨.૪૭ લાખની ગ્રાંટની માંગણી કરવામાં આવેલ હતી.

(૨) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં તા. ૩૧–૧૨–૧૪ સુધીમાં રૂ. ૮૦૯૮.૬૦ લાખની અને વર્ષ ૨૦૧૫માં તા. ૩૧–૧૨–૧૫ સુધીમાં રૂ. ૫૨૪૮.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ

* ૨૫૯૫૪ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી જગ્યાઓ કરાર આધારિત તાલુકા વિકાસ અધિકારીથી ભરાયેલ છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા અને કરાર આધારિત તાલુકા વિકાસ અધિકારીથી ભરાયેલ જગ્યાની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું | ખાલી | કરાર આધારિત તાલુકા |
|---|---|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | નામ | જગ્યા | વિકાસ અધિકારી |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૦૨ | ૦૩ |
| ૨ | સાબરકાંઠા | ૦૪ | ૦૦ |

(૨) ઉકત ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શું છે અને કરાર આધારિત તાલુકા વિકાસ અધિકારીની જગ્યાએ નિયમિત તાલુકા વિકાસ અધિકારીથી ક્યારે ભરવામાં આવશે?

(૨) આ ખાલી જગ્યા વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે.

અન્ય રાજ્યમાં વીજળી વેચવા બાબત

* ૨૪૨૭૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્ધારા અન્ય રાજ્યોમાં વીજળી વેચવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ક્યાં રાજ્યમાં શા ભાવે કેટલી વીજળી વેચવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ અન્ય રાજ્યોમાં વીજળી વેચવાના કારણો શા છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળી અને તેના ભાવની વિગત નીચ મુજબ છે.

| વિગત | ૨૦૧૪ | | ૨૦૧૫ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મિ.યુ. | રૂ./યુનિટ | મિ.યુ. | રૂ./યુનિટ |
| કર્ણાટકા | ૨૬ | ૪.૫૦ | – | – |
| દિલ્હી | ૦.૭૯ | ૩.૨૨ | – | – |
| ઉત્તરપ્રદેશ | ૨૨૩ | ૩.૨૦ | – | – |
| મહારાષ્ટ્ર | ૧૧ | ૩.૦૦ | – | – |
| પશ્ચિમ બંગાળ | ૫૧ | ૩.૦૯ | – | – |
| આસામ | ૩૧ | ૩.૦૪ | – | – |
| પાવર એક્ષ્ચેન્જ | ૨૧૮૯ | ૨.૮૭ | ૩૦૫ | ૨.૪૬ |

અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તકની કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ

(૩) સ્થાપિત વીજક્ષમતામાં થયેલ વધારાને કારણે, ગુજરાત રાજ્ય આજે વીજ સરપ્લસ રાજ્ય છે. વીજ ઉત્પાદનનો સંગ્રહ કરવો શક્ય નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા રાજ્યના તમામ વર્ગના ગ્રાહકોની વીજ માંગ સંતોષવા માટે પુરતી છે. આથી વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે અને કુલ પાવર ખરીદ કિંમત ઘટાડવા સારૂ અને સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ ‘રાષ્ટ્રીય સંપત્તિ’ કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પૂરી કર્યા બાદ દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરીયાતવાળા રાજ્યોને વીજળી વેચવામાં આવે છે.

નવસારી જિલ્લામાં સ્થાનિક રોજગારી

* ૨૪૬૯૦ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાંથી કામચલાઉ રોજગારી મેળવવા માટે પરિવારોને સ્થળાંતર કરતા અટકાવવા સરકારે સ્થાનિક કક્ષાએથી

જવાબ

તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાંથી કામચલાઉ રોજગારી મેળવવા માટે પરિવારોને સ્થળાંતર કરતા અટકાવવા સરકારે સ્થાનિક કક્ષાએથી

રોજગારી મળી રહે તે માટે કેવા પ્રકારની વ્યવસ્થા કરી છે ?

રોજગારી મળી રહે તે માટે મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત દરેક ગ્રામ પંચાયતમાંથી રોજગારીની માંગણી માટે સર્વે કરી વર્ષ દરમ્યાન એક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે લેબર બજેટ બનાવી મંજૂર કરવામાં આવે છે. તથા વર્ષ દરમ્યાન હાથ ધરવાના કામોનો શેલ્ફ ઓફ પ્રોજેક્ટ મંજૂર કરી વહીવટી અને તાંત્રિક મંજૂરી સહિત તૈયાર રાખવામાં આવે છે. શ્રમિકો દ્વારા રોજગારીની માંગ થયેથી મહાત્મા ગાંધી નરેગા એક્ટની જોગવાઈ મુજબ ૧૫ દિવસની અંદર કામ શરૂ કરવા આયોજન કરવામાં આવેલ છે અને માંગ થયેથી કામ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

શ્રમિકોને યોજના અંતર્ગત જાણકારી ઉપલબ્ધ કરાવવા પર્યાપત પ્રચાર–પ્રસાર કરવામાં આવેલ છે તથા ગ્રામસભામાં પણ તેની વિશેષ જાણકારી આપવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ રૂ.૧૬૦૨.૩૩ લાખના ખર્ચે ૫.૭૮ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ હતું, જેની સામે રૂ.૨૩૮૨.૬૩ લાખના ખર્ચે ૯.૬૦ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતી.

તે જ રીતે નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ રૂ.૧૪૬૪.૯૪ લાખના ખર્ચે ૪.૯૪ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ છે, જેની સામે તા.૩૧–૧–૨૦૧૬ (અંતિત) રૂ.૧૪૯૯.૬૯ લાખના ખર્ચે ૫.૬૫ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

## ગાંધીનગર જિલ્લામાં જર્જરીત પંચાયત ઘરો

* ૨૫૮૧૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પંચાયત ઘર જર્જરીત હાલતમાં છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગામો નવીન પંચાયત ઘર બનાવવા માટે આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૩૩ ગામોમાં પંચાયત ઘર જર્જરીત હાલતમાં છે. તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | જર્જરીત પંચાયત ઘરની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૦૬ |
| દહેગામ | ૧૬ |
| માણસા | ૦૦ |
| કલોલ | ૧૧ |
| કુલ | ૩૩ |

(૨) જર્જરીત અને મકાન વિહોણી ગ્રામ પંચાયતના મકાનો બનાવવાનું આયોજન છે.

## ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં રાજીવ ગાંધી ભવનની મંજૂરી

* ૨૫૯૪૬ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકાના ક્યા ગામો માટે રાજીવ ગાંધી ભવન માટે કેટલી રકમની વહીવટી

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકાના કોઈપણ ગામમાં રાજીવ ગાંધી ભવનની વહીવટી મંજૂરી

મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી ક્યા ગામોમાં રાજીવ ગાંધી ભવન કાર્યરત છે ?

આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સરદાર પટેલ યોજનાના આવાસ

* ૨૪૬૨૪ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલી અરજીઓ મંજૂર કરી અને તે પૈકી કેટલા આવાસના કામો પૂર્ણ થયા,

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર પડતર અરજીઓ કેટલી છે, અને

(૩) બાકી આવાસો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં.

| જિલ્લાનું નામ | મંજૂર અરજીઓ | પૂર્ણ આવાસો |
|---|---|---|
| બનાસકાંઠા | ૦ | ૦ |
| પાટણ | ૦ | ૦ |
| કુલ | ૦ | ૦ |

(૨)

| જિલ્લાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| બનાસકાંઠા | ૦ |
| પાટણ | ૦ |
| કુલ | ૦ |

(૩) 'શૂન્ય' હોઈ પ્રશ્ન નથી.

છોટા ઉદેપુર જિલ્લામાં જૂથ ગ્રામ પંચાયત

* ૨૪૩૬૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો છે તથા તે પૈકી કેટલી જૂથ ગ્રામ પંચાયત છે,

(૨) ઉકત જૂથ ગ્રામ પંચાયતોમાં ૧,૦૦૦ અને તેથી વધુ વસ્તીવાળા કેટલા ગામો છે, અને

(૩) ૧,૦૦૦ થી વધુ વસ્તીવાળા ઉકત ગામોને અલગ

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતો | જૂથ ગ્રામ પંચાયત |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૪૪ | ૩૧ |
| ૨ | કવાંટ | ૪૬ | ૨૯ |
| ૩ | નસવાડી | ૬૦ | ૨૧ |
| ૪ | પાવીજેતપુર | ૫૪ | ૩૦ |
| ૫ | સંખેડા | ૪૯ | ૩૧ |
| ૬ | બોડેલી | ૮૦ | ૪૦ |
| | કુલ | ૩૩૩ | ૧૮૨ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મુખ્ય સેજા સિવાય ૧,૦૦૦ થી વધુ વસ્તીવાળા ગામો |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૫૨ |
| ૨ | કવાંટ | ૪૭ |
| ૩ | નસવાડી | ૦૨ |
| ૪ | પાવીજેતપુર | ૨૦ |
| ૫ | સંખેડા | ૦૩ |
| ૬ | બોડેલી | ૦૬ |
| | કુલ | ૧૩૦ |

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૭

ગ્રામ પંચાયત આપવા માટે ઉકત સ્થિતિએ સરકારનું શું આયોજન છે ?

મુજબ નિયત માપદંડો જળવાતા હોય તેવી અને ધોરણસરની દરખાસ્ત ત્રણેય સ્તરની પંચાયતોના ઠરાવ સાથે મળ્યેથી નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

ફીકસ પગારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા બાબત

* ૨૫૮૫૧ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને ‘મોંઘવારી ભથ્થું’ ચૂકવવામાં આવે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો ઉકત સ્થિતિએ ઉકત કર્મચારીઓને આપવામાં આવતા ફીકસ પગાર કે ‘ખાસ પગાર’ ઉપરાંત મોંઘવારીના અનુસંધાને કોઈ વધારાનું મહેનતાણું ચૂકવવાની વ્યવસ્થા કરવાનું સરકારનું આયોજન છે, તે હકીકત ખરી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ક્યારથી તે ઉકત કર્મચારીઓને ચૂકવવામાં આવશે ? | (૩) નીલ. |

ગાંધીનગર જિલ્લામાં લીઝ ધારકો સામે પોલીસ ફરીયાદો

* ૨૪૨૧૩ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઓવરલોડ ખનીજ માલ ભરનારા કસુરવાર કેટલા લીઝ ધારકો સામે પ્રિવેન્સ ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એકટ, ૧૯૮૪ની જોગવાઈ હેઠળ કેટલી પોલીસ ફરીયાદ કરવામાં આવી, અને<br>(૨) તે અન્વયે લીઝ ધારકો પાસેથી કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો ? | (૧) અને (૨) : આ એકટની જોગવાઈ હેઠળ પોલીસ ફરીયાદ કરવામાં આવેલ નથી કે દંડ વસૂલ કરવામાં આવેલ નથી. |

દાહોદ જિલ્લામાં જિલ્લા પંચાયતોને રેતી લીઝ રોયલ્ટીની રકમ

* ૨૪૬૫૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય ખાણ અને ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રેતીની લીઝ પેટે સરકારે રોયલ્ટીની રકમ પેટે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલી રકમ વસૂલ કરેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪ માં રૂ.૮૮.૬૮ લાખ.<br>વર્ષ ૨૦૧૫ માં રૂ.૧૦૫.૨૫ લાખ. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર દાહોદ જિલ્લામાં કેટલી રકમ જિલ્લા પંચાયતોને ચૂકવવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૧૪ ની રૂ.૮૪.૨૫ લાખની રકમ અને વર્ષ ૨૦૧૫ (માર્ચ અંતિત) ની રૂ.૩૧.૪૬ લાખની રકમ મળીને કુલ રૂ.૧૧૫.૭૧ લાખની રકમ ચૂકવવામાં આવી. |
| (૩) ઉકત સ્થિતિએ જો ચૂકવવાપાત્ર રકમ પૂરી ચૂકવાઈ ના હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકના મેળવણાની કામગીરી/ચકાસણી ચાલુ હોવાથી. |

ફિક્સ પગારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા બાબત

* ૨૫૧૪૦ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સરકારમાં ફિક્સ પગારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું તા. ૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા ટકા? | (૨) નીલ. |

વલસાડ જિલ્લામાં મનરેગા યોજના કામો

* ૨૪૧૬૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ |

## અતારાંકિત પ્રશ્નો

જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા કામો થયા, અને

જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કામો થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ કામોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧–૦૨–૨૦૧૪થી તા૩૧–૦૧–૨૦૧૫ | તા.૦૧–૦૨–૨૦૧૫થી તા૩૧–૦૧–૨૦૧૬ |
| ૧ | ધરમપુર | ૧૬૭૧ | ૧૫૩૦ |
| ૨ | કપરાડા | ૯૩૮ | ૧૧૧૭ |
| ૩ | પારડી | ૪૮૭ | ૩૮૩ |
| ૪ | ઉંમરગામ | ૨૨૨ | ૩૫૫ |
| ૫ | વલસાડ | ૧૯૬ | ૩૨૧ |
| ૬ | વાપી | ૭૧ | ૧૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનામાં તાલુકાવાર કુલ કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને તે કેટલા સમયમાં ચુકવવામાં આવશે?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનામાં તાલુકાવાર નીચે મુજબની રકમ ચુકવવાની બાકી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ચુકવવાની બાકી રકમ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧–૦૨–૨૦૧૪થી તા૩૧–૦૧–૨૦૧૫ | તા.૦૧–૦૨–૨૦૧૫થી તા૩૧–૦૧–૨૦૧૬ |
| ૧ | ધરમપુર | ૦.૦૦ | ૩.૫૭ |
| ૨ | કપરાડા | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | પારડી | ૦.૦૦ | ૦.૫૦ |
| ૪ | ઉંમરગામ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | વલસાડ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | વાપી | ૦.૦૦ | ૦.૦૦ |
| કુલ | | ૦.૦૦ | ૪.૦૭ |

### રાજ્યમાં દાણની બનાવટ પર વેટ લેવા બાબત

* ૨૫૩૦૨ શ્રી અમીતભાઈ ચૌધરી (માણસા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્યમાં દૂધાળા પશુઓને આપવામાં આવતાં દાણની બનાવટમાં ઉપયોગમાં લેવાતા ''મેલાસીસ'' ઉપર કોઈ વેટ લેવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા ટકા વેટ લેવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે રાજ્યને શું આવક થયેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧૨.૫ % વેરો + ૨.૫ % વધારાનો વેરો

(૩)

| વર્ષ | આવક (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૪થી તા૩૧–૧૨–૨૦૧૪ | ૨.૮૫ |
| તા. ૧–૧–૨૦૧૫થી તા૩૧–૧૨–૨૦૧૫ | ૩.૧૯ |

---------

## અતારાંકિત પ્રશ્નો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિરોધપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ન્યાય માગવા માટે..

અધ્યક્ષશ્રી : વિષય શું છે આપનો? (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ઝીરો અવર્સમાં મેં દાખલ કરીને આપ્યું છે.

અધ્યક્ષશ્રી : નહીં, પણ દાખલ નથી થયું. આપનો પત્ર મળ્યો છે. પણ આપણે ત્યાં ઝીરો અવર્સની પ્રથા નથી.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં પણ આ પ્રશ્ન એવો છે કે, સમગ્ર ગુજરાતની અંદર ગાયો માટે લોકો ઝેર પીવે, આનાથી વધારે શું કહી શકાય. એક બાજુ ગાયોના નામે મતો લઇને આ સરકાર ચૂંટાતી હોય અને બીજી બાજુ લોકોને ઝેર પીવાનો વારો આવે આનાથી વધારે શું કહી શકાય.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બલવંતસિંહજી પ્લીઝ. આપણે ત્યાં કોઇ ઝીરો અવર્સની પ્રથા નથી. બલવંતસિંહજી. નહીં, નહીં કોઇને નહીં. આપને પણ નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારી વિનંતી એટલી જ છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે ત્યાં ઝીરો અવર્સની પ્રથા નથી અને આજના કોઇ વિષયમાં આ બાબત સમાવેશ પણ નથી. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું દાખલ કરી આવ્યો છું, માનનીય ગૃહમંત્રીને પણ હું દાખલ કરી આવ્યો છું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ (અંતરાય) આપણે આ ઝીરો અવર્સની પ્રથા નથી અને મેં એલાવ પણ નથી કરી. પ્લીઝ, શક્તિસિંહ આપ બેસી જાવ પ્લીઝ. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું દાખલ કરી આવ્યો છું અને આ મહત્વનો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર આજે બંધનું એલાન છે અને આવી સ્થિતિ જ્યારે પેદા થતી હોય..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાવ બલવંતસિંહજી (અંતરાય) આપણે ઝીરો અવર્સની પ્રથા નથી. (આ તકે વિપક્ષના સભ્યો પોત પોતાના સ્થાન ઉપર ઉભા થઇ જતાં) પ્લીઝ.(અંતરાય) પ્લીઝ, બધા સભ્યશ્રીને વિનંતી છે કે, આપ પોત પોતાના સ્થાન ઉપર બેસી જાવ. આપણે ત્યાં કોઇ ઝીરો અવર્સની પ્રથા નથી. (અંતરાય) પ્લીઝ નહીં. પ્લીઝ, કોઇ મંત્રી તૈયાર હોય તો મને કહેવું જોઇએ. કોઇ સરકારના મંત્રીએ મને કહ્યું નથી ભાઇ. નહીં, પ્લીઝ (અંતરાય) આપણે ઝીરો અવર્સની પ્રથા નથી એટલા માટે (અંતરાય) કોઇને એલાવ નથી ભાઇ, પ્લીઝ. પ્લીઝ, એના સિવાયના બીજા ઉપાયો છે ભાઇ, પ્લીઝ. (અંતરાય) (સતત સૂત્રોચ્ચાર ) તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે, આપ પોતાના સ્થાન ઉપર જાવ પ્લીઝ. બલવંતસિંહજી આપ બેસો, બધાને બેસાડો. પ્લીઝ બેસી જાવ, પ્લીઝ. (અંતરાય) આપ બેસી જાવ બધા પ્લીઝ. માનનીય બધા સભ્યશ્રી બેસી જાવ બધા શાંતિથી પ્લીઝ. પ્લીઝ, આપ બેસી જાવ બધા (અંતરાય) આપ બેસી જાવ પ્લીઝ. માનનીય શંકરસિંહજી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધાપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપ *(×××). આ બધા જ ધારાસભ્યો, પ્રજાના પ્રતિનિધિઓ છે.

અધ્યક્ષશ્રી : *(×××). આપણે આ શબ્દો દૂર કરીએ છીએ. ગૃહના સેવક છીએ અમે પણ આપણે બધા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમને પણ એ લાગવું જોઇએ અને આ પ્રતિનિધિઓ બધા પ્રજાના પ્રતિનિધિઓ છે. ઝીરો અવર્સ એ એવી સિસ્ટમ છે કે, ગમે ત્યારે જ્યારે એવું કાંઇક બને ત્યારે આ સરકારનું ધ્યાન આકર્ષિત કરવા માટે કોઇ પણ મુદ્દો હોય તો આપના માધ્યમથી એને અહીં ચર્ચામાં મૂકી શકાય. ગૌ–હત્યા નામનો મુદ્દો એવો છે કે, એક સામાન્ય ગૌ–ભક્ત જાહેરમાં એણે નોટિસ આપેલી કે, હું આવતી કાલે કલેકટર આગળ જઇને ઝેર પીશ. પોલીસ ખાતાની હાજરીમાં, કલેકટરની કચેરીમાં માણસો ઝેર પીવે. એક મરી જાય અને બે સિરીયસ છે, આનાથી વધારે ગંભીર શું હોઇ શકે ? માટે આવી સ્થિતિની ચર્ચા માટે આપને અમે વિનંતી કરીએ છીએ. માટે લેખિત આપેલું કે, પ્રશ્નકાળમાં ડિસ્ટર્બ નહીં કરવા જોઇએ, તો આપ આનો સમય ચર્ચા માટે ક્યાંક થી ક્યાંક કાઢીને જો આની ચર્ચા થાય તો સરકાર જે એકશન લેવું હોય એ એકશન લઇ શકે. આજે અહીં બન્યું, કાલે બીજા લોકો એનું અનુકરણ કરશે. આજે રાજકોટ બંધ આપ્યું, કાલે ગુજરાત બંધ આપશે એટલે આવી રીતે ગાયના માટે જે પાર્ટી મેઇન છે, ગાય તો એમના માટે ઘણું મોટું સાધન છે, એના માટે માણસો ઝેર પીવે એ ન થાય એના માટે ચર્ચા માટે આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપણે ત્યાં ઘણા બધા વર્ષોથી ઝીરો અવર્સની પ્રથા નથી. (અંતરાય) પ્લીઝ, બીજું કે, ઝીરો અવર્સમાં આપણે ત્યાં પરંપરા પણ રહી છે કે, સરકારશ્રીની અનુમતિ લીધી હોય અને મને સભ્યશ્રી જાણ કરતા હોય તો વાત અલગ છે. હું માનતો નથી કે વિભાગની અનુમતિ લીધી હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મેં આપી છે.

અધ્યક્ષશ્રી : આપે આપી હશે પણ મને કોઇ મંત્રીશ્રીએ કહ્યું નથી કે અમે ચર્ચા કરવા માટે તૈયાર છીએ. આપણે ત્યાં પ્રથા નથી એટલે હું એલાઉ પણ નથી કરતો. પ્લીઝ.(અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આવશ્યકતા ન હોય, ઝીરો અવર ચર્ચા માટેનો હોય છે માટે અમે પ્રતિક રીતે આ સિસ્ટમની સામે ગૃહનો બહિષ્કાર કરીએ છીએ થોડી વાર માટે. થેન્ક યુ.(અંતરાય) (સૂત્રોચ્ચાર.)

( આ તબકકે સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું કે પોઇન્ટ ઓફ ઓર્ડર અને પછી ઝીરો અવર્સની પદ્ધતિઓ છે. ઝીરો અવર્સની ગુજરાતમાં પ્રથા નથી અને એમાં પણ છૂટછાટ હોય કોઇ પ્રસંગે તો સંબંધિત મંત્રીશ્રીની પરવાનગી લેવી પડે છે એટલે સુધી બરાબર છે સાહેબ. શંકરસિંહજી રજૂઆત કરે વિપક્ષના નેતા તરીકે એ માન્ય છે પણ એ પછી જે વિષય એમણે રેકર્ડ ઉપર મૂકયો તો એના વિશે ગુજરાત સરકારની શું અત્યારે હકીકત છે, સ્ટેન્ડ છે એ તો અમારે ઘ્યાન ઉપર મૂકવું પડેને? નહીંતર તો એ બોલીને જતા રહે એટલું જ રેકર્ડ ઉપર રહે. સરકાર કીપ મમ એવું તો ન હોયને સાહેબ? અમારે અમારી વાત તો મૂકવાની એમના અનુસંધાનમાં જ, વિષય બહાર નહીં એ પરવાનગી આપે મને આપવી જોઇએ.

અધ્યક્ષશ્રી : શું કહેવું છે? આપ કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો છે એના વિશે આપણે બધા જાણીએ છીએ. દિલ્હીમાં કોઇ સંત ઉપવાસ ઉપર ઉતર્યા છે. કોંગ્રેસના ધારાસભ્યો, નેતા એમ કહે છે કે ગૌહત્યા નાબૂદી બાબતમાં સરકાર પ્રતિબદ્ધ હોવી જોઇએ. સાહેબ, અમારી ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર ગૌહત્યા પ્રત્યે કડકમાં કડક રીતે પ્રતિબદ્ધ છે. અમે દેશના બીજા રાજયોમાં ન હોય એવા કડક કાયદા કરેલા છે. જે ગૌહત્યા કરતા પકડાય, ગૌહત્યા માટે વાહનોનો ઉપયોગ કરે, એમને સીઝ કરવા, પાસામાં પુરવા, એમને કડકમાં કડક સજાઓ કરવી આ બધું અમે કરેલું છે. બીજું, આખા દેશની જયારે વાત થતી હોય, ત્યારે અત્યારે આ મિત્રોએ એમ કહ્યું કે ગુજરાત, સાહેબ, મને શરમ આવે છે આ લોકોની વાત ઉપર કે હમણા જયારે દેશમાં ગૌમાંસ ખાવાનો મુદ્દો ઉભો થયો ત્યારે આ જ કોંગ્રેસના નેતાઓ બીજા રાજયની અંદર એમ કહેતા હતા ( આ તબકકે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં પાછા આવી ગયા)( અંતરાય) સાહેબ, મારી વાત ચાલુ છે. પછી જે કહેવું હોય એ કહેજો. પછી કહેજો શકિતસિંહ,

અધ્યક્ષશ્રી : હું આપને તક આપીશ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ :ના, હું ઉભો છું. નહીં, નહીં, સાહેબ, મારે મારી વાત કરવી છે. એવી રીતે ન હોય.

અધ્યક્ષશ્રી : આપને હું તક આપીશ. એમને જે શંકરસિંહજીએ વાત કરી છે એના અનુસંધાનમાં સરકાર વતી ઘ્યાને મૂકવું છે. આપને તક આપીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સરકાર તરફથી ખુલાસો તો કરીએ ને? પછી તમારે જે કહેવું હોય એ કરજો. જયારે ગૌમાંસનું ખાવાનું પીરસવાના આખા દેશમાં બનાવ બન્યા ત્યારે અમારા પક્ષે, અમારા કાર્યકરોએ, અમારા પરિવારની સંસ્થાઓએ એનો જબરજસ્ત વિરોધ કર્યો હતો અને અહીંયા ગૌભકતનો દેખાવ કરે છે. કેરાલામાં એમના ધારાસભ્યોએ જાહેરમાં ગૌમાંસ વેચવા માટે અને વહેંચવા માટે એને પાર્ટી આપી. કોંગ્રેસના બીજા લોકોએ બીજા રાજયની અંદર બીફ ખવાય એમ કરીને બીફની પાર્ટી આપી અને અહીંયા ગુજરાતમાં રાજકીય રીતે ખોટી વાત કરવાનો પ્રયત્ન કરે છે. અમારી સરકાર ગૌમાતા પ્રત્યે કટિબદ્ધ છે, ગૌ સેવા માટે કટિબદ્ધ છે અને અમારી સરકાર ગૌહત્યા કરનારા ઉપર કડકમાં કડક પગલાં લે છે. આ જે બનાવ બન્યો છે એ કેન્દ્રના અનુસંધાનમાં છે. તમે બધા બીફ ખાનારાઓને મદદ કરનારા છો. તમે ભારત માતા કી જય ન બોલનારાને મદદકર્તા છો. અધ્યક્ષશ્રી : બળદેવજીભાઇ આપ જગ્યા ઉપર બેસો. જગરૂપસિંહભાઇ આપ બેસો. પ્લીઝ. આપ બેસો, પ્લીઝ. શકિતસિંહ જે કંઇ કહો તે ટૂંકમાં પોઇન્ટ ટુ પોઇન્ટ કહો. પ્લીઝ (અંતરાય) હું કહું છું. આપ બેસી જાઓ પ્લીઝ. હસમુખભાઇ પ્લીઝ. આપ બેસી જાઓ. કાન્તીભાઇ આપ બેસી જાઓ પ્લીઝ. કિશોરસિંહ આપ બેસી જાઓ. હીરાભાઇ પ્લીઝ. શકિતસિંહજી આપ ટૂંકમાં પોઇન્ટની જ વાત કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : જી. જી. માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું છે અને જેટલી વાર કહ્યું છે. એનાથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શાંતિ જાળવો. ઓર્ડર..ઓર્ડર. બંને પક્ષોને..સતીષભાઇ પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : મારા પક્ષના કોઇ નથી બોલતા.

અધ્યક્ષશ્રી : વિભાવરીબેન શાંતિ જાળવો.પ્લીઝ. બંને પક્ષના લોકોને વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : બંને પક્ષના લોકો નહિ. મારા પક્ષના કોઇ નથી બોલતું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ જાળવો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય) માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ જે વાત કરી છે. એમાં એમણે જેટલી વાત કરી છે તેના સ્કોપની બહાર હું નહિ જાઉં.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ શાંતિ જાળવો. માનનીય શકિતભાઇ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નીમાબેનનું ગૌ માતાનું પૂરું થાય પછી કહું ને?

અધ્યક્ષશ્રી : નીમાબેન પ્લીઝ બેઠા બેઠા કોમેન્ટ ન કરીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સૌના માટે ચિંતાનો વિષય અને અત્યંત ગંભીર બાબત.

અધ્યક્ષશ્રી : ભાઇ આપને છેલ્લી વાર સૂચના આપું છું. પછી એક દિવસ માટે સસ્પેન્ડ કરવા પડશે. શાસક પક્ષના હોય તો પણ અને વિપક્ષના હોય તો પણ. ગૃહ ચલાવવા માટેની આપણી મર્યાદા હોય છે.

## અતારાંકિત પ્રશ્નો

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ અપેક્ષા હતી અમારી, પણ એક બનાવની ગંભીરતાને ધ્યાને લઇને આપણા સૌના માટે આ ચિંતાનો વિષય હોય એક વ્યકિત ગૌ હત્યાના વિરુદ્ધમાં જાણ કર્યા પછી ઝેર ગટગટાવે અને મૃત્યુ પામે અને અનેક બીજા વ્યકિતઓ આજે એ પરિસ્થિતિ તરફ હોય ત્યારે આને રાજકીય અવલોકનોના બદલે આત્મનિરીક્ષણ માટેનો આ સમય છે. અને એ સંદર્ભમાં હું એ કહેવા માગું છું કે આ પરિસ્થિતિનું નિર્માણ થાય, આપ એમ કહીને આવ્યા હતા. બધુ જ ખરાબ ચાલે છે અને અમે આવીને ગૌ માતા માટે આટલું આટલું કરી આપવાના છીએ. હવે સરખામણી તમારે બીજાની કરવાની હોય તો હવે મતો ગાય માટે લીધા પછી(અંતરાય) હા, હું આપને સમજાવું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : મંત્રીશ્રી બેઠા બેઠા બોલે છે. એમણે ઘણું સ્કૅોપથી બહાર જઇને કહ્યું છે. હું માત્ર એટલું જ કહું છું કે જમ્મુ કાશ્મીરમાં જેની સાથે આપે સત્તા ભોગવી(અંતરાય) એમાંથી એના સાથે..તમે તો બહુ ગૌ ભક્ત છો તમારાથી કેમ થાય રમણભાઇ?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શાંતિ રાખો.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર?

અધ્યક્ષશ્રી : આપને હું તક આપું છું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય એટલું તો સમજાવો.

અધ્યક્ષશ્રી : એમના પછી આપને હું તક આપું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આ તો ભાજપના પ્રદેશ પ્રમુખ છે. (અંતરાય)પ્રણાલિકાઓની થોડી ખબર હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપ કલેરિફિકેશન કરી શકો છો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ :આપ તો ભાજપના પ્રદેશ પ્રમુખ છો. આપને નિયમોની ખબર હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : શકિતસિંહજી પ્લીઝ. એમને કલેરિફિકેશન કરવું હોય તો તક આપીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : કરે સાહેબ, હું કયાં ના પાડું છું, પરંતુ આ પદ્ધતિ નથી.

અધ્યક્ષશ્રી : આપને કોઇ કલેરિફિકેશન કરવું હોય તો આપને હું એલાઉ કરીશ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : રાષ્ટ્રીય પશુ તરીકે જાહેરાત કરવાની વાત કરી છે. આજે આપઘાત કરનાર વ્યકિતએ, આત્મવિલોપન કરનાર વ્યકિતએ ગાયને રાષ્ટ્રીય પશુ તરીકે જાહેર કરવા માટે આત્મવિલોપન કર્યુ છે. ગૌ હત્યાની કોઇ વાત આમાં નથી. આ હાઉસને મીસલીડ કરવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : હવે આપણે ઘણું બધું કામ છે શકિતસિંહજી ટૂંકમાં ચર્ચા કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ સમજું છું પરંતુ

અધ્યક્ષશ્રી : અડધી મિનિટમાં પૂરું કરો પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેઝરી બેંચને તો અસંસદીય શબ્દો અને નિયમોની ખબર હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપણે ટૂંકુ કરો પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એટલા માટે આપણી પણ હું મુશ્કેલી અને આ અસંસદીય શબ્દોના પ્રયોગો માનનીય મંત્રીશ્રીઓ અને તે પણ પક્ષમાં..

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પરિસ્થિતિ આપે એક એટલી હદ સુધીની આખા દેશમાં અને ગુજરાતમાં અપેક્ષા ઉભી કરી કે અમે આવીશું તો ગાયમાતા એ રાષ્ટ્રીય પશુ હશે. ગાયમાતા માટેની કોઇ મુશ્કેલી નહીં હોય. ગાયમાતા માટે..

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એના પર આવી જાઓ પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય નીતિનભાઇએ કહ્યું છે તેનો જવાબ છે.

અધ્યક્ષશ્રી : તેના ઉપર જ આવો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ જે બોલ્યા છે તે જોઇ લેજો અને નીતિનભાઇના સ્કોપની બહાર હું સમજું છું માનનીય અધ્યક્ષશ્રી *(xxx)

અધ્યક્ષશ્રી : પ્લીઝ આ ચર્ચા આપ ન કરો. આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. શકિતસિંહજી આપ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર નહીં આવો તો આપને હું બેસાડી દઇશ.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટમાં પૂરું કરું. બે જ મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : નહીં તો આપને હું બેસાડી દઇશ. નહીં આપ અડધી મિનિટમાં પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એક જ મિનિટ. એક જ મિનિટ.

અધ્યક્ષશ્રી : અડધી મિનિટમાં પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એક જ મિનિટ સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ રાખો. આપ અડધી મિનિટમાં પૂરું કરો અને મારી સામે જુઓ. આપ મારી સામે જુઓ. પ્લીઝ. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ સાહેબ મંત્રીશ્રીઓ છે.

અધ્યક્ષશ્રી :આપ મારી સામે જુઓ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અરે આપને તો પ્રદેશ પ્રમુખ એટલે બેસાય જ નહીં મંત્રી તરીકે

અધ્યક્ષશ્રી : શક્તિસિંહજી આપ મારી સામે જુઓ. અડધી મિનિટમાં પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અડધી મિનિટમાં જ પૂરું કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિનું નિર્માણ શા માટે થયું. એક વ્યક્તિ અને તેની સાથેની બીજી વ્યક્તિઓએ..

અધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ રાખો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપે મને એક મિનિટ માટે એલાઉ કર્યો, હું એક મિનિટમાં પૂરું કરવા માગું છું. હાઉસ ઓર્ડરમાં આવે તો.

અધ્યક્ષશ્રીઃ પ્લીઝ શાંતિ રાખો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે ઉભી કરેલી અપેક્ષાઓથી વિપરીત પરિસ્થિતિ નિર્માણ થઇ છે એ વાસ્તવિકતા છે અને એટલે આત્મહત્યા કરી છે. જુનાગઢમાં મટનના ઉદ્ઘાટન કરવા કોણ ગયું હતું આપ જોજો અને નકકી કરજો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ હવે કોઇ નહીં. બેસી જાઓ આપ પ્લીઝ. બેસી જાઓ પ્લીઝ. હવે હું નિર્ણય જ કરી દઉં છું. માનનીય મંત્રીશ્રી આપ બેસો પ્લીઝ. કોને તક આપવી અને ન આપવી એ તો અધ્યક્ષનો અધિકાર છે. આપ બેસો પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલે આપની સમક્ષ જે મુદ્દો મૂકયો તેના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર ચાલતી સરકાર છે. ભારત અમારી માતા છે, ગાય અમારી માતા છે. તેના રક્ષણ માટે આ સરકાર કટિબદ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : હું આપને તક આપીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,ભારતીય સંસ્કૃત્તિના મૂલ્યોનું...

અધ્યક્ષશ્રી : આપ શાંતિ રાખો. આપના દંડકને પણ હું તક આપવાનો છું એટલે હવે શાંતિ રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃત્તિના મૂલ્યોનું રક્ષણ કરવું તે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાની પ્રાથમિક ફરજ છે. આ સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદના આધાર ઉપરની પાર્ટી છે. કોઇ ઔવેસી ભારત માતાની જય ના બોલે તો ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો જીવ ઉકળી ઉઠે છે. તે પ્રકારની આ ભારતીય જનતા પાર્ટી છે. તેવા સંજોગોમાં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ ટૂંકમાં પૂરું કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેવા સંજોગોમાં માનનીય નીતિનભાઇ પટેલે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તેને સમર્થનમાં મારી વાત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહજી, અડધી મિનિટમાં પૂરું કરો. આપણું ઘણું બધું કામ બાકી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પ્રદિપસિંહભાઇ કહેતા હતા અને પાર્ટી કહેતી હોય તો આ ગાયમાતાને રાષ્ટ્રીય પશુ જાહેર કરો. તો મને એમ લાગે કે આ પાર્ટી મૂલ્યવાન છે એ બાબતે કહે આજે તેના માટે ઝેર પીવું પડે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ તે વિષયની ચર્ચા જ નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારો કહેવાનો ભાવાર્થ એ જ છે કે જો ખરેખર ગાયને માનતા હોય અને તેમણે વાત કરી એટલે હું કરું છું. લોકોને ઝેર પીવું પડે છે. આપેલા વચનો ભૂલી જવાય છે માટે લોકોને ઝેર પીવાની સ્થિતિ આવી છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ બંને પક્ષે બેસી જાઓ. હવે કોઇ ચર્ચાઓ નથી. બેસી જાઓ. પ્લીઝ, એ વિષય ચર્ચાઇ ગયો છે. હવે આપ બેસી જાવ. પ્લીઝ, હવે કોઇ ચર્ચાઓ નથી, આપ બેસી જાવ. બંને પક્ષના સભ્યો બેસી જાવ, પ્લીઝ. પુંજાભાઇ, હવે નહીં, નહીં. આપણી પાસે આજે ઘણું બધું કામ છે. પ્લીઝ, હવે હું રુલિંગ આપીશ., પ્લીઝ, પુંજાભાઇ, આપ બેસો પ્લીઝ. આ વિષય પર હું પછી રુલિંગ આપીશ. નેકસ્ટ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

બાયગેસ સેટેલાઇટ કોમ્યુનિકેશન કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ,

અતારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ (રા.ક.ના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બાયગેસ સેટેલાઇટ કોમ્યુનિકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ ,**

શ્રી ગોવિંદભાઇ પટેલ (રા.ક.ના પ્રવાસન મંત્રીશ્રી વતી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ખુરશીનું ગૌરવ જળવાવું જોઇએ, માનનીય અધ્યક્ષશ્રી, સામે પીઠ કરીને કોઇ પણ સભ્યશ્રી ઉભા થાય એ બરાબર નથી.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આઇ એમ સોરી, હું માફી માગુ છું.

અધ્યક્ષશ્રી : ચાલો સભ્યશ્રીએ માફી માગી લીધી છે. નેકસ્ટ.

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

શ્રી રમણલાલ વોરા( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી જશાભાઇ ભા. બારડ (રા.ક.ના કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી બચુભાઇ મ. ખાબડ **(** રા.ક.ના વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગુજરાત રાજ્ય માર્ગ–વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી શંકરભાઇ લ. ચૌધરી **(**રા.ક.ના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ–વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૧–૧૨ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાષિક વહીવટી અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ**

શ્રી કાંતિભાઇ રે. ગામીત ( રા.ક. ના આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ**(**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વતી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજૂ લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

**ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવલા**

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્યકક્ષાના માનનીય બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

**નાણા વિભાગના સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેનું તા.૫–૧–૨૦૧૬નું જાહેરનામુ.**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વતી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગના સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેનું તાઃ૫/૧/૨૦૧૬નું જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૨) એમસીઆર–૨૦૧૬(૬)/ઠ તથા સન ૨૦૦૧ના ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ અન્વયેનું તા.૧૧–૨–૨૦૧૬નું જાહેરનામા ક્રમાંકઃ(જીએચએન–૧૩) જીઇઆર–૨૦૧૬–એસ.૨૦(૩)ઠ જાહેરનામુ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

**શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનયમન અન્વયેના જાહેરનામા.**

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી,હું શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત અધિનિયમ અન્વયેના

(૧) તા. ૮/૫/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૧૪/૨૦૧૫/પીવીએસ/ ૧૦૨૦૧૨/૧૪૨/એસ

(૨) તા. ૧૪/૫/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૧૫/૨૦૧૩/પીવીએસ /૨૦૧૫/૧૬/એસ

(૩) તા. ૧૪/૫/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૧૬/ ૨૦૧૩/પીવીએસ / ૨૦૧૫/૧૭/એસ

(૪) તા. ૧૫/૫/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૧૭/ ૨૦૧૫/પીવીએસ / ૨૦૧૫/૧૬૦/એસ

(૫) તા. ૨/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૧૮/ ૨૦૧૫/પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૬) તા. ૨/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૧૯/ ૨૦૧૫/પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૭) તા. ૨/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૦/ ૨૦૧૫/પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૮) તા. ૨/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૧/ ૨૦૧૫/પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૯) તા. ૨/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૨/ ૨૦૧૫/પીવીએસ / ૧૦૨૦૧૧/૨૮૦/એસ

(૧૦) તા. ૧૬/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૫/ ૨૦૧૫/ પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૧૧) તા. ૧૬/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૬/ ૨૦૧૫/ પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

(૧૨) તા. ૧૬/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૭/ ૨૦૧૫/ પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૧૩) તા. ૧૬/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૨૮/ ૨૦૧૫/ પીવીએસ / ૧૦૨૦૧૧/૩૩૫/એસ

(૧૪) તા. ૨/૭/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૩૧/૨૦૧૫/ પીવીએસ/૨૦૧૫/૩૧૪/એસ

(૧૫) તા. ૧૫/૭/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચ/એસએચ/૩૪/૨૦૧૫/ પીવીએસ/૧૦૨૦૧૫/૧૬૧/એસ

(૧૬) તા. ૧૪/૯/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચત/એસએચ/૩૯/૨૦૧૫/ પીવીએસ/૧૦૨૦૧૩/૪૦૪/એસના જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

**કૃષિ અને સહકાર વિભાગ માગણી ક્રમાંક. ૨**

શ્રી બાબુભાઇ બી.બોખીરીયા **(** કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૮,૪૭,૦૭,૨૮,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૧,૫૦,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૨**

**નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ**

શ્રી બાબુભાઇ બી.બોખીરીયા **(** કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૦૩,૭૩,૩૧,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૯૨,૧૪,૫૩,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક. ૪**

**પશુપાલન અને ડેરી વિકાસ**

શ્રી બાબુભાઇ બી.બોખીરીયા **(** કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૧૫,૭૯,૫૩,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.**

**કૃષિ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક. ૫**

શ્રી બાબુભાઇ બી.બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૩૩,૩૬,૮૩,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૯૮,૮૬,૦૧,૦૦૦/–માગણી ક્રમાંક– ૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહજી ઘી. પરમાર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક. ૬**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી બાબુભાઇ બી.બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૭૨,૯૨,૫૮,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૬૮,૦૦,૦૦,૦૦૦/–માગણી ક્રમાંક– ૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી ક્રમાંક. ૬૬**

શ્રી બાબુભાઇ બી.બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯,૭૪,૭૪,૧૮,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૪,૭૩,૬૨, ૯૪,૦૦૦/–માગણી ક્રમાંક– ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૬૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.**

**કાયદા વિભાગ માગણી ક્રમાંક. ૬૦**

પોઇન્ટ ઓફ ઓર્ડર

માનનીય સભ્યશ્રીઓને માહિતી પૂરી પાડવા અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૪ માનનીય અધ્યક્ષશ્રીઓએ આપલા નિર્ણયો તા. ૨૫ જુલાઇ, ૧૯૬૭, તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૬૯, જાહેર ખર્ચ પર વિધાનસભાનો અંકુશ પેજ – ૪૯ આપના આભાર ઉપર અને સંદર્ભે અંદાજપત્ર પ્રકાશન નંબર– ૧૬ એના સંદર્ભમાં મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપનું ધ્યાન હું આમંત્રિત કરીશ નિયમ –૨૨૪ ઉપર, કોઇ પણ માગણી અથવા તેનો કોઇ પણ ભાગ કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન અથવા સહાયક અનુદાન તરીકે લોનને લગતો હોય અને તે સેવા અથવા સેવાના સાધનો અથવા સહાયક અનુદાન અથવા લોન ઉપરનો ખર્ચ અંદાજ સમિતિ માટે નાણાકીય મર્યાદાની ભલામણ કરી હોય તેના કરતાં વધારે હોય ત્યારે એવી સેવા અને સેવાના સાધનો અંગેની સહાયક અનુદાન લોનને લગતી સઘળી મહત્વની વિગતો ખાસ સંજોગો હોય તેના સિવાય તે માગણી કરવામાં આવે તે નિદાનના ત્રણ દિવસ અગાઉ, ત્રણ દિવસ અગાઉ સઘળા સભ્યશ્રીઓને પૂરી પાડવી જોઇએ. આપણે સૌ નિયમોથી બંધાયેલા છીએ, નિયમની જોગવાઇ સ્પષ્ટ છે, આ સંદર્ભમાં ૭ મી માર્ચ, ૧૯૬૯ના જયારે મુદ્દો ઉપસ્થિત થયો ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે, આ સભ્યશ્રીઓના અધિકારનો સવાલ છે, વિરામ સમય સુધી મુલતવી રખાયું સભ્યશ્રીઓને પૂરી માહિતી અપાવી અને ચર્ચા ચાલી. તા. ૨૫ જુલાઇ,૧૯૬૭ના રોજ જયારે આવી જ ક્ષતિ થઇ

ત્યારે મંત્રીશ્રીએ નહીં પણ મુખ્ય મંત્રીશ્રીએ મોટપ બતાવીને એ ઉભા થયા અને એમણે કહ્યું કે, આ ક્ષતિ છે ભવિષ્યમાં આવી ક્ષતિ ન થયા એની ખાતરી અને દિલગીરી મંત્રીશ્રીએ નહીં પણ મુખ્ય મંત્રીશ્રીએ વ્યકત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો જે મુદ્દો છે એના સમર્થનમાં જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ, પાના નંબર ૪૯, એમાં ખૂબ વિવરણ સાથે આ જ વિધાનસભાના ભૂતપૂર્વ સચિવ શ્રી કાંતિભાઇ પંચાલ લેખિત પુસ્તક છે. એમાં ખૂબ વિવરણ સાથે આપ્યું છે પરંતુ આજે માગણીઓ ઉપરની ચર્ચાની સમય મર્યાદાને અને આપ વધારે સુમાહિતગાર છો એટલે બે પેપરમાં ક્રિસ્ટલ કલીયર આખી વાત છે પરંતુ અલગ પ્રકરણ જ નવી સેવાઓ તરીકે આપેલ છે પરંતુ સમયની મર્યાદાને ધ્યાને લેતા હું એ સમગ્ર વાચતો નથી. અંદાજપત્ર પ્રકાશન -૧૬, એના ઉપરનો ઍરેટા પણ હું ટેબલ શાખામાં જાતે જઇને જોઇ આવ્યો એ ઍરેટા પણ ચેક કરી લીધો કે કદાચ ઍરેટા આવ્યો હોય અને ભૂલ ત્રણ દિવસ પહેલા સુધારી હોય તો મારા પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો કોઇ મતલબ ન રહે. હું આપને વિનંતી કરીશ કે વ્હાઇટ પેપર બુક અંદાજપત્ર પ્રકાશન નંબર ૧૬ તરફ આપનું ધ્યાન દોરીશ. એના પાના નંબર ૭૭માં આપ જોશો કે જે નવી બાબતો આવે છે એની આખી યાદી વિભાગે પોતે જ આપી છે. પાના નંબર ૭૮ જોશો તો ૧૫ નવી સેવાઓ છે. આ પંદરે પંદરની વિગતો નિયમ ૨૨૪ની જોગવાઇ મુજબ આ ગૃહના સભ્યશ્રીઓને ત્રણ દિવસ પહેલા આપવી જોઇએ. એ પછી આપ જોશો તો પાના નંબર ૮૩, ડાબી બાજુ કોલમ ચારમાં આપ જૂઓ તો બાબત નંબર એક બતાવી છે. એની વિગત આપી છે. એ જ રીતે પાના ૮૪ જોશો તો બાબત નંબર બે ની વિગતો આપી છે. પેઇજ બાય પેઇજ બધું જ જોઇ ગયો છું દસ સુધી, ત્યારપછી ૯૬ નંબરનું પાનું, બાબત નંબર ૧૦ અને ૧૦ પછી ૧૧, ૧૨, ૧૩,૧૪ અને ૧૫ આ પાંચે પાંચ નવી બાબતો છે. પાના નંબર ૭૭ અને ૭૮ ઉપર વિભાગે પોતે જ આ વસ્તુ સ્વીકારી છે. આ સંજોગોમાં નિયમ ૨૨૪નો સ્પષ્ટપણે ભંગ થયો છે. સવાલ કયાં છે કે આ કાયદા વિભાગના મંત્રીશ્રી છે, એક પણ આ તરફનો સભ્ય સહેજ પણ કંઇ થાય તો ઉભા થઇને એમનો આગ્રહ હોય છે ત્યારે એમના વિભાગનું બીજા મંત્રીશ્રીઓનું હોત તો કદાચ મને વધારે દુઃખ ન થાત પરંતુ આવા મંત્રીશ્રી જયારે આ બાબત અંગે ક્ષતિ એક નહિ ૧૧ થી ૧૫ નવી બાબતોમાં નિયમ ૨૨૪નો ભંગ થાય છે અને એટલા માટે ભૂતકાળમાં તો મેં આપને કહ્યું કે મુખ્યમંત્રીશ્રીએ પોતે મોટપ બતાવી હતી માનનીય અધ્યક્ષશ્રીઓએ આની કડકાઇ એની ગંભીરતા ધ્યાનમાં લઇને હાઉસનો સમય લંબાવવાનો પણ દાખલો છે, અને ગૃહનો સમય લંબાવવાનું પણ ત્રીજી ગુજરાત વિધાનસભા પાંચમું સત્ર એની ચર્ચાઓ જોઇએ તો પાના ૩૮-૩૯ ઉપર છે કે માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે આ ક્ષતિ થઇ છે માટે ગૃહનો સમય હું લંબાવી આપું છું કે જેથી સભ્યશ્રીઓને ચર્ચાનો પૂરો અવકાશ મળે. એક દુરોગામી આપના તરફથી આદેશો પ્રાપ્ત થાય તેવા નમ્ર અનુરોધ સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૨૨૪નું માનનીય સભ્યશ્રી દ્વારા સભાગૃહનું ધ્યાન દોરવામાં આવ્યું એમાં ખાસ સંજોગો હોય તે સિવાય તે માગણી કરવામાં આવે તેના નિદાન ત્રણ દિવસ અગાઉ સઘળા સભ્યોને પૂરી પાડવાની રહેશે. આમાં ત્રણ દિવસની સમય મર્યાદામાં આપે આપનો અધિકાર વાપરીને આને એલાઉ કર્યો છે અને એક વખત જયારે માનનીય અધ્યક્ષશ્રી દ્વારા આ પ્રમાણેનો નિર્ણય લેવાયો હોય ત્યારે એની આ સન્માનનીય સભાગૃહની અંદર ચર્ચા ન હોય તેટલું જ હું આપનુ ધ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી શક્તિસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે, વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૪નું યોગ્ય પાલન થયું નથી અને ઘણાં બધા બજેટના પુસ્તકોના પેજ નંબર સાથે તેમણે માહિતગાર કર્યા છે અને સાથે પૂર્વ અધ્યક્ષોના રુલીંગ પણ બતાવ્યા છે. માનનીય સંસદીય વિભાગના મંત્રીશ્રીએ પણ પોતાની વાત રજૂ કરી છે. તો આ બાબત હાલમાં તો મારી પાસે પણ તેના યોગ્ય પુરાવા નથી એટલે નિર્ણય તો પછી કરીશું પણ અત્યારે આપણે આગળનું કામ ચલાવીશું. તેની દૂરગામી અસરો ઘણા લાંબા સમય સુધી રહેતી હોય છે એટલે તેનો પૂરો અભ્યાસ કરીને પછી નિર્ણય આપીશું. નેકસ્ટ.

**કાયદા વિભાગ**

**માગણી ક્રમાંક. ૬૦**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯,૭૨,૬૭,૧૩,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૧૮–૩-૨૦૧૬ (આઠમોદિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં ૨** | |
| ૧ | ૨૪૦૧–પાક.... વ્યવસ્થા<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–કૃષિ.... કચેરી<br>રૂ. ૭,૯૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | ખેડૂતોને કમોસમી વરસાદ અને કરાથી થયેલ નુકશાનનું વળતર સત્વરે ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨ | -- " -- | ૧૦૦ | ફેબ્રુઆરી–માર્ચ–૧૫માં થયેલ કમોસમી વરસાદ તથા જુલાઇ–૧૫માં પુરથી ખેતીક્ષેત્રમાં થયેલ નુકશાનનો ખરેખર વાસ્તવિક અંદાજ કેટલો છે તે જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |
| ૩ | -- " -- | ૧૦૦ | ભારે વરસાદ પુર કે માવઠાથી ખેડૂતોના પાકને થયેલ નુકશાનના સર્વેની કામગીરી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૪ | -- " -- | ૧૦૦ | ખેત પેદાશોના નીચા જતા ભાવોને કારણે તેના પોષણક્ષમ ભાવ આપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૫ | -- " -- | ૧૦૦ | ભારે વરસાદ અને પુરના કારણે ખેડૂતોના ખેતરોની જમીનોના ધોવાણ સામે યોગ્ય વળતર સત્વરે ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૬ | -- " -- | ૧૦૦ | કપાસ પકવતા ખેડૂતોને થયેલ નુકશાન માટે સમયસર પેકેજ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૭ | -- " -- | ૧૦૦ | કુદરતી આફતો સામે ઝઝૂમતા ખેડૂતોની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૮ | -- " -- | ૧૦૦ | ખેતી ક્ષેત્રે થયેલ નુકશાન અંગે થતાં વારંવાર સર્વે કરવાને બદલે એકવાર વ્યવસ્થિત અને સાચો સર્વે થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૯ | -- " -- | ૧૦૦ | કમોસમી વરસાદથી થતા ખેતી પાકોના નુકશાન માટે અનામત ફંડ રાખવા અંગે તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૧૦ | ૨૪૦૧–પાક.... વ્યવસ્થા<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–કૃષિ.... કચેરી<br>રૂ. ૭,૯૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | વધુ વરસાદ કે માવઠાથી ખેડૂતોના ખેતી પાકને થતા નુકશાન સામે વ્યાજ માફીના આદેશો સત્વરે કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૧૧ | -- " -- | ૧૦૦ | ખેતીમાં થતા નુકશાનની સર્વેની કામગીરીમાં થતી ફરિયાદો સામે પૂરતી ચકાસણી થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | -- " -- | ૧૦૦ | ખેડૂતોના પાકને થતા નુકશાન સામે સહાયતાના ધોરણોમાં સુધારો કરી વધુ સહાયતા આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૩ | -- " -- | ૧૦૦ | ખેડૂતોને થતી નુકશાનીના દાવાના નિકાલમાં લાંબો સમય લાગતો હોવાથી તેઓને પડતી નાણા ભીડ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૪ | -- " -- | ૧૦૦ | કૃષિ મેળાઓમાં અપાતી કીટ્સના વિતરણમાં આચરાતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઇ ગોરીયા |
| ૧૫ | -- " -- | ૧૦૦ | કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે જાહેર કરેલ આર્થિક પેકેજ યોજના અંતર્ગત ખરેખર કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમનો લાભ અપાયો તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૧૬ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકારે અબજો રૂપિયાના ખર્ચે બનાવેલ કૃષિ યોજનાઓ થકી ઉત્પાદનમાં કેટલો ફાયદો થયો તેનો સર્વે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૭ | -- " -- | ૧૦૦ | કૃષિ પાકોને સાચવવા માટે આવશ્યક માળખાની સુવિધાઓના અભાવે પાકના બગાડમાં થતો વધારો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૧૮ | -- " -- | ૧૦૦ | હલકી કક્ષાના બિયારણના વેચાણથી ખેડૂતોને થતા નુકશાન અંગે તેમજ આવા હલકા પ્રકારના બિયારણોના વેચાણ કરનાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૧૯ | ૨૪૦૧– પાક... વ્યવસ્થા<br>૧૧૦– પાક વીમો<br>રૂ. ૫,૪૫,૯૯,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૫૧ અને ૫૨ | ૧૦૦ | પાક કૃષિ વિમા યોજનાને અસરકારક બનાવી ખેડૂતોને ફાયદો થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| | | **માગણી નં ૩** | | |
| ૨૦ | ૨૪૦૨– ભૂમિ... સંરક્ષણ<br>૧૦૨– ભૂમિ સંરક્ષણ<br>રૂ. ૯૮,૬૦,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૮૭ થી ૯૧ | ૧૦૦ | દરિયા કિનારે ક્ષાર પ્રવેશ નિયંત્રણ અંગેની કામગીરીને અસરકારક બનાવવા વધુ રકમોની સહાય ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૨૧ | ૨૪૦૨– ભૂમિ... સંરક્ષણ<br>૧૦૨– ભૂમિ સંરક્ષણ<br>રૂ. ૯૮,૬૦,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૮૭ થી ૯૧ | ૧૦૦ | ભૂમિ સંરક્ષણ માટે સંરક્ષણ દિવાલો બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| | | **માગણી નં ૪** | | |
| ૨૨ | ૨૪૦૩– પશુપાલન<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૮,૯૯,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૯૪ થી ૯૬ | ૧૦૦ | પશુદવાખાનાઓમાં પશુ ડૉકટરોની સમયસર ભરતી કરી પશુઓને સત્વરે સારવાર મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | -- " -- | ૧૦૦ | પશુઓના દવાખાના માટે પુરતી દવાઓ તેમજ રસીઓનો જથ્થો સમયસર ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૨૪ | -- " -- | ૧૦૦ | છેલ્લી વસ્તી ગણતરી મુજબ પશુઓની વસ્તી ગણતરી અન્વયે પાલતું પશુઓના આંકડાઓ જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૨૫ | -- " -- | ૧૦૦ | પશુમાલિકોને પશુઓની સારવાર માટે નજીકના સ્થળે સારવાર મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૨૬ | -- " -- | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં અદ્યતન સુવિધાઓ સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| | | **માગણી નં ૫** | | |
| ૨૭ | ૨૪૨૫- સહકાર<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-COP-૨૧-સહકારી... અધિકારી<br>રૂ. ૭,૫૯,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૯૬ અને ૧૯૭ | ૧૦૦ | ગ્રામીણ બેંકો દ્વારા કૃષિ ધિરાણમાં સુપરવિઝનના નામે દર ત્રણ મહીને ખેડૂતો પાસેથી વસૂલાતો ચાર્જ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૮ | -- " -- | ૧૦૦ | ટૂંકી મુદતના કૃષિ ધિરાણ માટે નિર્ધારિત વ્યાજદર હોવા છતાં ગ્રામીણ બેંકો ખેડૂતો પાસેથી અનઅધિકૃત રીતે વહીવટી ખર્ચાઓ ઉધારીને વધુ વ્યાજ વસૂલે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઇ પટેલ |
| ૨૯ | -- " -- | ૧૦૦ | ખેડૂતોને વ્યાજના ભરડામાં લેતાં વ્યાજખોરો સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૩૦ | -- " -- | ૧૦૦ | સહકારી ક્ષેત્રે અનુભવી અને જાણકાર અધિકારીઓની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| | | **માગણી નં ૬** | | |
| ૩૧ | ૨૪૦૫- મત્સ્યોદ્યોગ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૨,૭૬,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૬૦ અને ૧૬૧ | ૧૦૦ | માછીમારોના પડતર પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચૌધરી |
| ૩૨ | ૨૪૦૫- મત્સ્યોદ્યોગ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૨,૭૬,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૬૦ અને ૧૬૧ | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટે તળાવોની ફાળવણીમાં પારદર્શકતા લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૩૩ | -- " -- | ૧૦૦ | ગરીબ માછીમારોને મળતી સહાય બાબતે બોગસ મંડળીઓ દ્વારા થતા ગેરકાયદેસર રજીસ્ટ્રેશનની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (પ્રવિણભાઇ રાઠોડ) |
| ૩૪ | ૨૪૦૫- મત્સ્યોદ્યોગ<br>૧૦૩- દરિયાઇ મત્સ્યોદ્યોગ<br>રૂ. ૪૬,૭૪,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૬૭ થી ૧૭૦ | ૧૦૦ | માછીમારો દરીયાઇ સીમા ન ઓળંગી શકે તેવી કાયમી વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | -- " -- | ૧૦૦ | માછીમારોને દરિયામાં પુરતું રક્ષણ મળે તેવી સલામતીની વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ |
| ૩૬ | -- " -- | ૧૦૦ | પાકીસ્તાન મરીન દ્વારા રાજ્યના માછીમારોના થતા અપહરણના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં ૬૬** | | | | |
| ૩૭ | ૨૭૦૧- મધ્યમ સિંચાઇ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧, ૨૧,૮૭,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧ અને ૨)<br>પાના નં. ૬૬ થી ૮૪ (ભાગ-૧) | ૧૦૦ | ધારાસભ્યોએ સિંચાઇના પાણીના પ્રશ્નો અંગે કરેલ રજૂઆતોને પ્રાધાન્ય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ<br>(જોઇતાભાઇ પટેલ) |
| ૩૮ | -- " -- | ૧૦૦ | ખેડૂતોને સિંચાઇનું પાણી સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ<br>(રામસિંહ પરમાર ) |
| ૩૯ | -- " -- | ૧૦૦ | સબમાઇનોર કેનાલો તૂટી ન જાય તે માટે તેનું વારંવાર ચેકીંગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા<br>(મિતેશ ગરાસીયા) |
| ૪૦ | -- " -- | ૧૦૦ | સિંચાઇના કામોના લક્ષ્યાંકો ઝડપથી પૂરા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પૂનાભાઇ ગામીત<br>(ધીરૂભાઇ ભીલ) |
| ૪૧ | -- " -- | ૧૦૦ | કલ્પસર યોજના અન્વયે વ્યાપક ખર્ચ કરવા છતા તેની પ્રગતિની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(મહમદજાવીદ પીરઝાદા) |
| ૪૨ | ૪૭૦૧- મધ્યમ... જોગવાઇ<br>૭૦- ઉત્તર ગુજરાત...વિસ્તરણ<br>૮૦૦- અન્ય ખર્ચ<br>રૂ. ૩, ૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧ અને ૨)<br>પાના નં. ૨૦૨(ભાગ-૧) | ૧૦૦ | ઉત્તર ગુજરાતમાં સિંચાઇની સુવિધાઓ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(મહેશકુમાર પટેલ) |
| કાયદા વિભાગ<br>માગણીનં.૬૦ | | | | |
| ૪૩ | ૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫- સિવિલ.....કોર્ટ<br>૦૧- જિલ્લા.... જજ<br>રૂ. ૨, ૫૫,૩૫,૧૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | જજોની જગ્યાઓ સત્વરે ભરી આમજનતાને ઝડપી ન્યાય મળે તેમજ કેસોના ભારણમાં ઘટાડો થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા<br>(મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૪૪ | -- " -- | ૧૦૦ | વારંવારની રજૂઆતો છતાં કોર્ટમાં જજો, વકીલો અને આમજનતાને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા<br>(કાન્તિભાઇ ખરાડી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫– સિવિલ..... કોર્ટ<br>૦૬– ફેમીલી કોર્ટ<br>રૂ. ૩૧, ૫૧,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૧ અને ૨૨ | ૧૦૦ | ફેમીલી કોર્ટોમાં કેસોનો ઝડપી નિકાલ થઇ શકે એ માટે ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૪૬ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪– કાનૂની.... ધારાશાસ્ત્રીઓ<br>રૂ. ૧,૦૯,૧૭,૧૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૩૦ થી ૩૨ | ૧૦૦ | વર્ષ દરમ્યાન કાનૂની સલાહકારો અને ધારાશાસ્ત્રીઓને કોર્ટ કેસની ફી પેટે કેટલી રકમો ચુકવાઇ તેની વિગત પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત (નિરંજન પટેલ) |
| ૪૭ | -- " -- | ૧૦૦ | હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટોમાં ધારાશાસ્ત્રીઓ દ્વારા સરકાર પક્ષે અસરકારક રજૂઆતો કરી, કેસો હારવાનું પ્રમાણ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા (સી.કે.રાઉલજી) |

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નં. ૨, ૩, ૪, ૫, ૬, ૬૬ અને ૬૦ જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ચાલુ સાલનું ૨૦૧૬–૧૭નું જે બજેટ રજૂ થયું તે બજેટની બાબતમાં અને એક બીજી પણ ચોપડી કિસાનલક્ષી યોજનાઓ૨૦૧૬–૧૭માં દર્શાવી છે તેને બરાબર ધ્યાનથી જોઇ ગયો છું. ગુજરાત રાજયના બીજા નંબરના મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે એમ કહ્યું હતું કે ખેડૂતોને મેં કેન્દ્ર સ્થાને રાખ્યા છે. બીજા નાના–મોટા ખેડૂતોને, વેપારીઓને પણ મદદ કરવા માટે પ્રયત્ન કર્યો છે અને સમતોલ બજેટ કરવા માટેના મેં પ્રયત્નો કર્યા છે. જયારે ખેડૂતોની વાત કરવામાં આવે છે ત્યારે મારે એમ કહેવું જોઇએ, આ ગૃહમાં પણ ૮૦ ટકા સભ્યો ખેડૂતના પ્રતિનિધિ હોય એવું હું માનું છું. ખેડૂત પ્રતિનિધિઓની સંખ્યા અહીં વધારે હોય ત્યારે મારે ખેડૂતો માટે એટલી વાત કરવી છે. હું કોઇની ઈર્ષા કરતો નથી, અદેખાઇ કરતો નથી. કોઇ વેરભાવથી હું વાત કરતો નથી પણ ખેડૂત સાથેની મારી જે સરખામણી છે, મારા મનના વિચારો છે કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ક નોકરી. આજે ઉલટું થઇ ગયું છે. કર્મચારીની બાબતમાં મેં કહ્યું તેમ કોઇ અદેખાઇથી વાત કરતો નથી પણ કર્મચારીને મહિનો થાય એટલે તેને પગાર મળે. મોંઘવારી ભથ્થું મળે, બોનસ મળે, રીટાયર્ડ થાય એટલે પેન્શન પણ મળે. આવી અનેક સગવડો કર્મચારીઓને મળતી હોય છે ત્યારે ખેડૂતોને બાર મહિને આમાંથી કશું મળતું નથી. ખેડૂતના દીકરા તરીકે હું પણ ખેતી કરું છું. મેં જોયું છે એ પ્રમાણે ખેતી કરવી હોય તો પહેલાં તો સારી જમીન, પાણીની સગવડ મળવી જોઇએ, ખાતરની સગવડ મળવી જોઇએ. સારું બિયારણ મળવું જોઇએ. આ ચારે વસ્તુ સારી મળે તો ખેડૂત સારી રીતે ખેતી કરી શકે. મેં જાણયું છે એ પ્રમાણે ગુજરાત રાજયની અંદર જ ખાતર પર વેટ છે. બીજાં કોઇ રાજયની અંદર વેટ નથી. ખેડૂત જીવવા માટે આટલો પ્રયત્ન કરે, એને જો પૂરતી વીજળી મળે, એને સમયસર પાણી મળે, તેને ખાતર સસ્તુ મળે, બિયારણ સસ્તુ મળે તો તે સારી રીતે ખેતી કરી શકે અને પોતાનું જીવન બનાવી શકે. હું સામેના વડીલો અને મિત્રોને વિનંતી કરીશ કે તમે ૨૦ વર્ષથી બેઠેલાં છો. ૨૦ વર્ષથી રાજય ચલાવતા હો ત્યારે ખેડૂતો માટે કઇ એવી યોજના બનાવી કે ખેડૂતોનું હિત જળવાય. ખેડૂત દહાડે દહાડે દેવાના ડુંગરમાં ડૂબતો જાય છે અને આપઘાત કરતો જાય છે. તમે જોઇ શકશો કે દર મહિને–બે મહિને ખેડૂતનો આપઘાત થતો આપણે જાણીએ છીએ. ખેડૂત આપઘાત કેમ કરે?

ખેતીની અંદર બે સાંધા કોઇ દિવસ ભેગા થતા નથી. એને પાણી મળે તો લાઇટ ન મળે અને લાઇટ મળે તો ખાતર ન મળે. ખાતર માટે એને લાઇનમાં ઉભા રહેવું પડે છે, બે નંબરનું ખાતર લેવું પડે છે. પાક તૈયાર થયા પછી એને પોષણક્ષમ ભાવ ન મળે. ચાલુ સાલે કપાસનો ઓછો ભાવ કરવામાં આવ્યો અને કપાસના ભાવ દર વર્ષ કરતાં ઓછામાં ઓછા ભાવ ખેડૂતોને આ વખતે મળ્યા. એને કારણે સરકાર સામે ખેડૂતોએ વિરોધ કર્યો, આંદોલન કરી મિટિંગો કરી, સરકારને વિનંતી કરી પણ સરકારના પેટનું પાણી ન હાલ્યુ. સાતસો – આઠસો રૂપિયાથી આગળ ગયા જ નહીં. બોનસ તરીકે સો ને એકસો દસનો ભાવ નક્કી કરવા માટે જાહેરાત કરી. ખેડૂતોની આવી મશ્કરી ન કરો તો સારુ! ખેડૂતોને કપાસના ભાવ મેં કહ્યું એ પ્રમાણે વધારે આપવા જોઇએ. શ્રી શંકરસિંહ વાઘેલાની સરકારને ખેડૂતો આજે પણ યાદ કરે છે. બાપુએ કપાસના ભાવ સારા આપ્યા. એને કારણે અમે બાપુને મત આપવાના છીએ. એવું ખેડૂતો કહે છે. એવું કોઇક કામ તો કરો કે જેથી ખેડૂતો તમને યાદ કરે. ૨૦ વર્ષની અંદર તમે એવું કોઇ કામ કરી શક્યા નથી. ખેડૂતનું

હિત તમારામાં વસેલું નથી. ખેડૂત દિવસે દિવસે દેવાના ડુંગર નીચે ડૂબતો જાય છે. ખેડૂતનું હિત જાળવ્યું છે એમને અભિનંદન. ડો. મનમોહનસિંહને અભિનંદન આપું છું કે તેમણે ખેડૂતોનું રૂ.૭૮૦૦૦/–કરોડનું દેવું માફ કરવાનું કામ કર્યું છે. તમે ૨૦ વર્ષમાં ખેડૂતોને ક્યું પેકેજ આપ્યું કે ખેડૂતો તમને કાયમ માટે યાદ કરે? હંમેશ માટે મારી એક નમ્ર વિનંતી છે કે જિંદગીની અંદર એક એવું કામ કરો કે લોકો અને ખેડૂતો યાદ કરે. મને અત્યારે પણ યાદ છે કે વર્ષો પહેલાં નાના ખેડૂતો વિઘા બે વિઘા જમીન ખેડતા હતા. વર્ષો સુધી એમણે મજૂરી કરી. ખેડૂતના દીકરા તરીકે કોઇના દિલમાં એમ થયું કે આ મહેનત મજૂરી કરે છે એમને ખેડૂત તરીકે જાહેર કરું! અને ટેનન્સીનો કાયદો લાવીને ખેડૂતને જમીનના માલિક બનાવ્યા હોય તો એમને આપણે યાદ કરી શકીએ. મને બરાબર યાદ છે કે ખેડૂત એ પશુપાલક છે. ખેડૂતો પશુપાલનનો ધંધો કરતા હોય ત્યારે ખેડૂતની દ્રષ્ટિએ જેને લાગણી હતી એવા શ્રી સરદાર સાહેબને યાદ કરું છું. શ્રી ત્રિભોવનદાસ પટેલને યાદ કરું છું, શ્રી કુરિયન સાહેબને યાદ કરું છું. એ વડીલોએ નક્કી કર્યું કે ખેડૂતો મહેનત અને મજૂરી કરે છે, પશુપાલનનો ધંધો કરે છે પણ પશુપાલનના ધંધાની અંદર દૂધના સારા ભાવ મળતા નથી. એમનું શોષણ થાય છે એને કારણે શ્રી સરદાર સાહેબે અને શ્રી ત્રિભોવનદાસ પટેલે ખેડા જિલ્લાની અંદર અમૂલ ડેરીનો પાયો નાંખ્યો. એ પાયો નાખીને ખેડા જિલ્લાની અંદર ૧૨૦૦ મંડળીઓ ઉભી કરી અને રાજ્યની અંદર મોટા મોટા સંઘો બનાવીને ગામડાંમાંથી દૂધ એકઠું કરીને એની જુદી જુદી બાય પ્રોડક્ટ બનાવીને દેશ અને દુનિયાની અંદર વેચી મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની અંદર એની તિજોરીમાં ભેગા કરીને દર વર્ષે દૂધના સારા ભાવ મળે, એને સારું બોનસ મળે, એને બીજી સગવડો પણ મળે એવું કામ કર્યું હોય તો આ વડીલોએ ખેડૂતના હિત માટે કર્યું છે. તમે ક્યું કામ કર્યું છે કે ખેડૂતો તમને યાદ કરે? ખેડૂતોની વાત કરવી છે, ખેડૂતોના મત લેવા છે પણ ખેડૂતો સામે જોવાનું નહીં. અહીંયાં આજે પ્રશ્નો કરીને કહેવામાં આવ્યું અને સૌરાષ્ટ્રની અંદર કહેવામાં આવ્યું કે કૃષિ વીજ કનેક્શન માટે લાખોની સંખ્યામાં અરજીઓ કરેલી પડી રહી છે પણ એનો નિકાલ થતો નથી. વીજળી વધારાની અમે વેચી દઇએ છીએ. જો વધારાની વીજળી વેચી દેતા હોઇએ તો ખેડૂતોને આપોને! ખેડૂતો મફત માગતા નથી. ખેડૂતોને પૈસા લઇને તમે વીજળી આપો એ પણ પૂરી તો આપો. ચૂંટણી વખતે વીજળીની જાહેરાત કરવાની કે અમે ૧૫ અને ૧૬ કલાક લાઇટ આપીશું. આજની તારીખમાં આઠ કલાક પણ વીજળી મળતી નથી અને ખેડૂત ખેતી કરી શકતો નથી. શ્રી શંકરસિંહ બાપુને ખેડૂતો આજે પણ યાદ કરે છે કે તેઓ ૧૬ કલાક વીજળી આપતા હતા. એ ખેડૂતના દીકરા હતા માટે એમને લાગણી હતી. માનનીય નીતિનભાઇ આપ પણ ખેડૂત છો. આપ તો બુદ્ધિજીવી વર્ગ છો, આપ તો પટેલ છો, બે નંબરનું સ્થાન ધરાવો છો, ખેડૂત માટે થોડીક તો લાગણી બતાવો. ખેડૂત માટે થોડીક તો નજર રાખો કે જેથી ખેડૂતનો ઉદ્ધાર થાય. જયારે લાગણી થઇ ત્યારે મેં કહ્યું કે ૭૧ કરોડનું દેવા નાબૂદ કરવાનું કામ કેન્દ્ર સરકારે કર્યુ, તમે વીસ વર્ષમાં શું કર્યુ? નીતિનભાઇ, તમે તો કહેતા હતા કે મેં તો બજેટ બહુ સારું બનાવ્યું છે. '' ડુંગર ખોદો ત્યારે ઉંદર નીકળે " એમાંથી ખજાનો કોઇ દિવસ ના નીકળે. આ બજેટ મેં જોયું એ પ્રમાણે ખરેખર એમાં કશું નીકળતું હોય એવું મને દેખાતું નથી. આપે કહ્યું કે ખેડૂતોને એક ટકાએ પાક ધિરાણ અમે આપવાના છીએ. જો એક ટકા વ્યાજે આપ પાક ધિરાણ આપવાના હોય તો મારું એક નમ્ર સૂચન છે કે એની પોલીસી બનાવવાનું કામ માનનીય મંત્રીશ્રી કરે. અધિકારી ના કરે તો સારું કારણ કે એની પોલીસી એવી રીતે નકકી કરશે કે જેથી ખેડૂતને એક ટકા વ્યાજે લોન નહીં મળે, આપે કહ્યું કે સેવા સહકારી મંડળીઓ મારફત ધિરાણ થશે. સેવા સહકારી મંડળીઓ રાજયની અંદર ૬૦ ટકા બંધ થઇ ગયેલી છે. ફડચામાં લઇ ગયેલા છે. હવે જો ખેડૂતોનું હિત તમે ચાહતા હો તો ડિસ્ટ્રીકટ બેંકો મારફતે પણ તમે ધિરાણ આપો અને એક ટકા વ્યાજે આપો એવું મારું સૂચન છે. અધિકારીઓને જો નિયમ બનાવવાનું કહેશો તો અધિકારી એ હેતુ નહીં જળવાય એવું કરશે. દાખલા તરીકે ગુજરાતના મુખ્યમંત્રી મહિલા હોવાને કારણે એમણે મહિલાઓની ચિંતા કરી અને એમણે જાહેર કર્યું કે ગામડે ગામડે મહિલા મંડળીઓ અમે બનાવીશું અને મહિલા મંડળીઓ જે બનાવશે એને અમે જમીન આપીશું, મકાન બનાવવા માટે અમે પૈસા આપીશું. મિલ્કીંગ મશીન માટે અમે પૈસા આપીશું એવું બહાર પાડયું પણ પાછળ અને પાછળ અધિકારીઓએ પરિપત્ર મોકલ્યો કે રેવન્યુ વિલેજની અંદર મંડળીઓ હોય તો બીજી મંડળી નહીં બનાવવાની, આટલા વર્ષોની અંદર રેવન્યુ વિલેજમાં બધે મંડળી બની ગઇ છે. એક પણ જગ્યાએ ખાલી નથી.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં કાયદા મંત્રીશ્રી ન્યાયતંત્રના વહીવટની રુ. ૯,૭૨,૬૭,૧૩,૦૦૦ ની માગણી નંબર ૬૦ લઇને આવ્યા છે એમાં હું અનુમોદન આપવા માટે ઉભો થયો છું. આ જે માગણી લઇને આવ્યા છે એની અંદર નવી અદાલતોના મકાનો બનાવવા માટે, પડતર કેસોના નિકાલ કરવા માટે, વિવિધ જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ન્યાયતંત્ર એ લોકશાહીનો એક પાયો છે. ન્યાયતંત્રની અંદર નિષ્પક્ષ રીતે ન્યાયતંત્ર કામ કરતું હોય છે એના કારણે જ ટુ જી, થ્રીજી જેવા ગોટાળા બહાર આવ્યા છે. જો ન્યાયતંત્ર નિષ્પક્ષ ના હોત તો આપણને આવા બધા ગોટાળાઓની ખબર જ ના પડી હોત એટલે ન્યાયતંત્ર સંપૂર્ણ સક્ષમ રીતે અને સારી રીતે કામ કરી શકે એના માટે અમારી સરકાર કટિબદ્ધ છે કે લોકોને ઘરઆંગણે ન્યાય મળે એના માટે ગુજરાતના ૨૪૮ તાલુકાઓમાં, ૩૩ જિલ્લાઓમાં અને ૮ શહેરોની અંદર દરેક જગ્યાએ કોર્ટ હોય અને માણસ ત્યાં જ ન્યાય મેળવી શકે પણ કોઇ જગ્યાએ કોર્ટ ખોલવી હોય કે નવી કોર્ટ શરૂ કરવી હોય અને આનાથી પડતર કેસોનો નિકાલ જલદી આવે પણ કોર્ટો ખોલવા માટે સૌથી પહેલા જગ્યા જોઇએ, એના ઉપર કોર્ટ બિલ્ડીંગ બનાવવામાં આવે, કોર્ટ બિલ્ડીંગ સાથે કોર્ટના સ્ટાફ માટે મકાન બનાવવામાં આવે, કોર્ટની અંદર ફરનીચર કરવામાં આવે અને આ બધું થાય અને પછી કોર્ટ બિલ્ડીંગ બને. અત્યારે ગુજરાતમાં ઘણી જગ્યાએ નવી કોર્ટ બિલ્ડીંગો બની રહેલ છે એમાં પૂરતી સુવિધાઓ મળશે તો હું માનુ છું કે ન્યાય ઝડપી થશે. હવે જયારે કોર્ટોમાં કેસોનો ભરાવો થાય છે તો આપણે નવી ઔદ્યોગિક અદાલતો, નવી વાણિજય અદાલતો ખોલવા જઇ રહ્યા છીએ. એક સૌથી મોટો અભિગમ ફેમિલી કોર્ટનો આવ્યો છે. એમાં દરેક જિલ્લા લેવલ ઉપર ફેમિલી કોર્ટો સ્થપાય એના માટેનું આયોજન ખાતાએ કરેલ છે. સાથોસાથ ઘણી વખત દારૂબંધીની વાતો થાય

છે. દારૂબંધી માટે પણ જુદી કોર્ટો ખોલી રહ્યા છે. ગઇ કાલે શૈલેષભાઇ વાત કરતાં હતા કે દારૂ આટલો પકડાયો, આટલો નાશ કરવામાં આવ્યો. શૈલેષભાઇ, કોર્ટોની પરિસ્થિતિથી માહિતગાર છે કે કોર્ટમાં કેસ થાય અને કોર્ટ જે કેસોનો નિકાલ કરવાનું કહે એટલા જ કેસમાં દારૂનો નિકાલ કરવામાં આવે છે. બાકીનો પેન્ડીંગ પડ્યો રહે . એ કહે કે આટલો ગેપ આવે છે. એટલે *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો આપણે દૂર કરીએ છીએ.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટ સુધી કેસ જાય તો ૧૦-૧૫ વર્ષ પણ લાગી જાય અને તમે એનો અનુભવ કરી રહ્યા છો. જ્યારે વેપારીઓમાં નેગોશિએબલ ઇન્ટ્રુમેન્ટના કેસો થાય છે, તો એના માટે દરેક શહેર અને જિલ્લામાં એની કોર્ટો ખોલવામાં આવેલી છે. એન.ડી.પી.એસ. માટેની પણ જુદી કોર્ટોની રચના કરવામાં આવેલ છે. અત્યારે જે આધુનિક ટેકનોલોજી આવી છે એના દ્વારા કોર્ટોને કોમ્પ્યુટરાઇઝડ કરવા માટેના ખર્ચની ફાળવણી કરવામાં આવેલ છે અને એ ફાળવણી હાઇકોર્ટ અને જુદી જુદી કોર્ટો માટે કરવામાં આવી છે. તમામ કેસોના નિકાલ માટે સરકારી વકીલ જોઇએ અને આપણે જે કાપ દરખાસ્ત મૂકી છે કે જલ્દી કેસો નથી ચાલતા. કદાચ મહેન્દ્રભાઇ અને બધા વકીલો છે. જજોની નિમણૂંક હાઇકોર્ટ કરતી હોય છે. આપણે એમને ઇન્ફ્રાસ્ટ્રકચર અને એસ્ટાબ્લિશમેન્ટ ખર્ચ આપતા હોઇએ છીએ. આખી જ્યુડિશિયલ એકેડમી હાઇકોર્ટે ઉભી કરેલ છે અને આજ સુધી જેટલી માગણી નામદાર હાઇકોર્ટે કરી છે એમાં રાજ્ય સરકારે એમની કોઇપણ માગણી ઠુકરાવી નથી. તમામ સુવિધાઓ આપણે પૂરી પાડી છે. જ્યુડિશિયલ દર વર્ષે નવા નવા જજો ઉમેરે છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ખેડૂતો માટે મુશ્કેલી એટલી છે કે આપણે એને જગતનો તાત કહીએ છીએ પણ જગતના તાતના બદલે ખેડૂતોને સરકારનું વધારે પ્રોત્સાહન મળતું નથી, લાઇટ મળતી નથી, ખેતી નુકસાનમાં જાય છે. ખેતી કરવી એ બહુ મુશ્કેલ બની ગયું છે. મારું સૂચન છે કે ખેડૂતોને માર્ગદર્શન આપવું જોઇએ કે કેટલું વાવ્યું, કેટલું પેદા થયું અને કેટલું વળતર મળશે એની ગાઇડલાઇન આપવામાં આવે તો ખેડૂતોનું કાંઇ ભલુ થાય. નહીં તો ખેડૂતોની સ્થિતિ એવી ને એવી જ રહેવાની છે. લાઇટ કનેકશન મળે, ખાતર મળે અને ટાઇમસર બધું મળી રહે તો ખેડૂતો થોડા ઉંચા આવે. નહિ તો દિવસે દિવસે ખેડૂત દેવાદાર બનતો જાય છે. ખેતી કેમ કરવી એની અમને જ સમજણ પડતી નથી. એના માટે માર્ગદર્શનનું આયોજન થાય અને એને ટેકાના ભાવો જે મળતા નથી એ મળવા જોઇએ એવી મારી વિનંતી છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જળસંપત્તિ અને નાની સિંચાઇ, કૃષિ, સહકાર અને મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા તથા મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાની સિંચાઇ યોજના એવી છે કે મોટા મોટા ડેમો બન્યા હોય, બીજા વિસ્તારોમાં કેનાલ મારફતે પાણી ખેડૂતોને મળતું હોય અને ખેડૂતો સિંચાઇ કરતા હોય છે પણ દૂરના ગામડામાં નાની સિંચાઇથી આદિવાસી વિસ્તાર હોય, ઊંડાણનો વિસ્તાર હોય એના માટે આ યોજના ખેતી માટે ખૂબ સરસ જીવાદોરી બની ગઇ છે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ઉપાધ્યક્ષશ્રી : શ્રી મોતીભાઇ આપનું પ્રવચન ચાલુ છે આપની પાસે ૪ મિનિટ છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો કે, નાની સિંચાઇ યોજના મારફતે આ રાજ્યમાં ૧,૩૧,૦૦૦ એકરની અંદર પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. એની સાથે સાથે નાની સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરવા માટે જળ સંપત્તિ વિભાગ મારફતે ૧,૬૫,૦૦,૦૦૦ હેકટરની અંદર સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જે ચેકડેમ બનાવવામાં આવે છે. રાઘવજીભાઇ જતાં રહ્યાં હું એમને લખાવવાનો હતો. ૧૮,૧૮૭ ગામડાં છે. ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીમાં ૧૭,૭૭૩ ચેકડેમ બનાવ્યા હતા. ૫૦ વર્ષમાં એક ગામમાં એક પણ ચેકડેમ બનાવી શક્યા નહોતા. ૨૦૦૧ થી ૨૦૧૫ના સમય ગાળામાં નાની સિંચાઇ વિભાગ મારફતે ૧,૬૬,૩૩૮ ચેકડેમો ૧૫ વર્ષમાં બનાવવામાં આવ્યાં અને એની સાથે બીજા વિભાગો જેવા કે- ફોરેસ્ટ વિભાગ, જળસંપત્તિ વિભાગ, જમીન વિકાસ નિગમ, જળસ્ત્રાવ વિભાગ અને વિવિધ સંસ્થાઓ મારફતે બીજા ૧,૬૬,૩૩૮ અને ૧,૪૮,૫૬૫ ચેકડેમોનો ટોટલ મારો? ૧૫ વર્ષમાં આટલા ચેકડમ આ રાજ્યની અંદર બનાવવામાં આવ્યાં છે. ચેકડેમ બનાવવામાં આવ્યાં છે એટલે સીધું ચેકડેમમાંથી પાણી લઇએ છીએ એવું નથી. ચેકડેમ બનાવ્યાં પછી એની આજુબાજુના વિસ્તારમાં જે ખેડૂતોએ બોર કરાવ્યાં હોય કે જેમના કુવાની અંદર પાણીના તળ નીચા ગયા હોય અને નદીની અંદર પાણી સુકાઇ ગયું હોય જેનાથી સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થતી હોય તો આ બધાજ વિસ્તારોની અંદર આ પાણીનો સંગ્રહ કરવાની શકિત ઊભી થઇ છે એના લીધે સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થઇ છે. આવનારા દિવસોમાં ભૂમિ અને જળસંરક્ષણ માટે જે કામ અમારી સરકાર કરવાની છે એમાં ૨૨૮ તળાવો ઊંડા કરવાનું સરકારે આયોજન કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, તળાવનો એક દાખલો આપું. મારા વિસ્તાર ડેડિયાપાડાની અંદર એક સૂકાઆંબા કરીને ગામ હતું અને એ ગામની અંદર ખૂબ સૂકા આંબા એટલે સૂકું જેવું જ ગામ હતું. એની અંદર કોઇ સુવિધા જ નહોતી. માનનીય બાબુભાઇ સાહેબને વિનંતી કરી અને અમને એક તળાવ મંજૂર કર્યું અને એ તળાવ મંજૂર કરવાથી એની અંદર એટલું બધું પાણી સંગ્રહ થયું કે આજુબાજુની અંદરથી લગભગ ૧૦૦-૧૫૦ ખેડૂતો ૨૦-૨૫ ફૂટ ઊંડો કુવો બનાવે એટલે જોઇએ એટલું પાણી મળે. સાહેબ, આખા ગામના પરિવારો ખૂબ સારી ખેતી કરીને આજે પોતાનું ગુજરાન ચલાવે

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

છે. હું આ બધા લોકો તો ના આવે પણ જોષીયારા સાહેબ મારા પરિચિત છે એટલે એ સૂકાઆંબા ગામની વિઝિટ લે અને ત્યાંના ખેડૂત ભાઈઓને મળે અને કહે કે ભાઈ, તળાવથી શું સુવિધા ઊભી થઈ છે?

માનનીય અધ્યક્ષશ્રી, ૪,૯૧૦ ખેત તલાવડી બનાવવાનું આયોજન છે. ૧,૦૨૨ સીમ તલાવડી અને ૧,૬૪૩ જળ સંગ્રહના સ્ટ્રકચર બનાવવાના છે અને દર ૧૦ જળ સંગ્રહ સ્ટ્રકચરમાંથી કાંપ દૂર કરવાનું કે જેની અંદર માટી ભરાઇ જાય છે એ દૂર કરીને એની અંદર વધારે પાણી રોકાય એવી વ્યવસ્થા પણ કરવામાં આવી. ઉપાધ્યક્ષશ્રી : મોતીભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇ આપની ૬ મિનિટ છે.

શ્રી રાજેન્દ્રસિંહજી ધી. પરમાર(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગના મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે એમાં મારાં વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર એટલે લોકોનું, લોકો માટે અને લોકો વડે સરકારની દખલ વીના ચાલતું તંત્ર. અહીંયા તો કાંઇક જુદું જ છે. સરકારની પહેલી દખલથી સહકાર વિભાગ ચાલે. માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડી મિનિટ ઓછી છે એટલે બહુ લાંબી વાત કરવી નથી પણ એટલું ચોક્કસ કહીશ કે જે સહકારી માળખું સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાં બીજા રાજ્યો અહીંયા એનું અનુકરણ કરવા આવતા. છેલ્લા ૧૦ વર્ષમાં સહકારી માળખાની જે દશા થઇ છે. કદાચ સહકારની પણ દૂર્દશા થઇ ગઇ છે. લગભગ ગુજરાતમાં તા.૩૧-૧૨-૨૦૦૩ની સ્થિતિએ એક રાજ્ય કૃષિ બેન્ક, એક રાજ્ય સહકારી બેન્ક અને એકવીસ જિલ્લા સહકારી સંઘો એવા જુદા જુદા અનેક લોકો સહકારી સંઘો સાથે જોડાયેલા, લગભગ ૬૭,૧૩૫ સહકારી મંડળીઓ કાર્યરત છે. આ કોણ ચલાવે છે ? તો લોકો ચલાવે. પણ મેં વાત કરી તેમ છેલ્લા દસ વર્ષથી સરકારની ખૂબ દખલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગુજરાતના ૧૮ દૂધ સંઘો વિશેની વાત કરવી છે, આજે એક અમૂલના વાઇસ ચેરમેન તરીકે. સાહેબ, મારે ના કહેવું જોઇએ કે આ અમૂલની ચૂંટણીને આઠ-નવ મહિના થઇ ગયા, ચેરમેન અને વાઇસ ચેરમેનની હજી ચૂંટણી નથી થઇ, કેમ ? ૧૮ સંઘોમાંથી ફક્ત બે-ત્રણ સંઘોમાં સરકારે પ્રતિનિધિઓ નિયુક્ત કર્યા છે. કારણ કે, અમૂલ જોઇ ગયા. અમૂલ એવી તો કેવી એ છે કે, ત્રણ સભ્યોની નિમણૂક કરી દીધી. શા માટે ? સરકારની કોઇ અમે લોન લીધી નથી, કોઇ અમૂલ સંઘ ફડચામાં જાય એવી પરિસ્થિતિ નથી. ફડચામાં તો સરકાર જાય એમ છે. તમે કલ્પના કરો, ૧૯૪૬માં અમૂલ સંઘની સ્થાપના થઇ, દેશની આઝાદી પહેલાં ત્યારે ડો.વર્ગીસ કુરિયન, ત્રિભોવન કાકા અને સરદાર વલ્લભભાઇ પટેલે આવી કલ્પના નહોતી કરી. સાહેબ, એવી સ્થાપના કરી અમૂલની કે, સામાન્ય લોકો અને ગરીબ માણસો એમાં દરરોજનું એક એક લિટર દૂધ ભરે, એના જીવનનું ભરણપોષણ થાય એના માટે પ્રયત્નો કર્યા હતા. મુખ્ય એનો હેતુ ખાનગી વેપારીઓ દ્વારા થતા શોષણને અટકાવવાનો હતો. ૧૯૪૬માં સ્થાપના થઇ, બસો લિટર દૂધથી અમૂલની સ્થાપના થઇ, આજે અમૂલના નામે ગુજરાતમાં ૧૮ સંઘો ચાલે અને ૧ કરોડ અને ૮૦ લાખ દરરોજનું દૂધ એકઠું કરે, એ સરકારની રહેમ નજર નહીં, સામાન્ય અને ગરીબ લોકો એની સાથે સંકળાયેલા લોકો છે. મેં કર્યું, મેં કર્યું એવું નહીં. હું આ સત્તર વર્ષથી આ ગૃહમાં આવું છું. મને તો એવું લાગે છે કે, આ પહેલાં તો કોઇ રાજ્ય સરકારો હતી જ નહીં. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે જ આ ગુજરાત ઉત્પન્ન થયું, બધું જ થયું એમ.

સાહેબ, બે વર્ષ પહેલાં આ દેશના તત્કાલિન વડાપ્રધાન, સાઉથ ગુજરાતના મારા મિત્રો સાંભળે, કે ગુજરાતમાં ૧૯ સહકારી ખાંડ ઉદ્યોગો આવ્યા છે ત્યાં દેશના વડાપ્રધાને ભાષણ કરેલું કે, મારા ખેડૂત મિત્રો ચિંતા ના કરતા આ કૉંગ્રેસીઓએ દેશને લૂંટ્યો છે, હજુ આ સુગર ફેકટરીના ખેડૂતોને પણ પાંચ હજાર કરોડ રૂપિયાનો ઇન્કમ ટેક્સ લાગ્યો છે એ હું માફ કરી દઇશ. બે વર્ષ થયા, માફ તો કરાવો ?

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત કરી છે એટલા માટે મારે વાત કરવી છે. ખાસ કરીને લોકસભાની કાંઇ બહુ ચિંતા આપણે બધા ના કરીએ, તમારે બધાએ ચિંતા કરવાની છે. સાહેબ, હમણાં મુરબ્બી શ્રી રામસિંહભાઇએ વાત કરી કે, રેવન્યુ વિલેજમાં એક મંડળી. સાહેબ, અમારા મધ્ય ગુજરાતમાં ખૂબ મોટા પરાઓ આવેલા છે. હજાર- હજાર, બે-બે હજારના પરાઓ આવેલા છે. તો એમાં મંડળી તમારે નવી આપવી જોઇએ. ભલે મહિલા મંડળી આપો, અમારે એનો વાંધો નથી પણ મંડળી તમારે આપવી જોઇએ. દૂધ કલેકશનના આધારે તમારે આપવી જોઇએ, કે, ૫૦૦, ૭૦૦ લિટર દૂધ થાય કે હજાર લિટર દૂધ થાય તો તમે મંડળી આપો. અમારા ઝંખના બહેને, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સરસ મઝાની વાત કરી કે, ગુજરાતમાં કુપોષિત બાળકો ખૂબ વધતા જાય છે. ત્યારે અમૂલ સાથે અમે કોલોબરેશન કરી અને અમૂલનું આર.યુ.ટી., રેડી ટુ યુઝ ફૂડ એક બનાવવાનું અમૂલને સરકારે જ જ્યારે અમને આપ્યું છે ત્યારે અમૂલની કેવી ભાવના છે, એ આપ સમજી શકો છો. વહેલામાં વહેલી તકે તમે ત્રણ સભ્યોની નિયુક્તિ રદ કરો અને જે લોકોએ તમને બેસાડ્યા છે એને સત્તાના સૂત્રો તમે સંભાળવા આપો એજ અમારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને કૃષિ મંત્રીશ્રી જ્યારે બેઠા છે ત્યારે અમારા આણંદ અને ખેડા જિલ્લાની વાત કરું કે, અત્યારે ૧૫મી એપ્રિલ સુધી તમે કેનાલમાં પાણી આપજો. કારણ કે, ડાંગર, મગફળી અને બાજરી અત્યારે ઉભી છે. તો એને ૧૫ દિવસ તમે થોડુંક એક્સટેન્શન આપો એ પણ મારી વિનંતી છે ખાસ. સહકાર મંત્રીશ્રી જ્યારે અહીંયા બેઠા છે...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. માનનીય સભ્યશ્રી અરૂણસિંહ રણા.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સન ૧૯૦૪માં દેશમાં સહકારી પ્રવૃત્તિઓ ખેતી વિષયક ધોરણો આધારિત શરૂ થઇ હતી. કૃષિ વિષયક ધિરાણની પ્રવૃત્તિની ટુંકી અને મધ્યમ મુદત માટે ત્રણ સ્તરના ધિરાણ માળખાની રચના કરવામાં આવેલી. રાજય કક્ષાએ સહાકારી પ્રવૃતિનો નોંધપાત્ર વિકાસ થયો છે. સહકારી ધિરાણ માળખું કૃષિક્ષેત્રમાં અગત્યનો ભાગ ભજવે છે. રાજ્ય

કક્ષાના કૃષિ માળખામાં ટૂંકી અને મધ્યમ મુદતનું ધિરાણ રાજ્ય સહકારી બેંકો કરતી હોય છે ત્યારે રાજ્ય કક્ષાના ગુજરાત રાજ્ય સહકારી બેંકોની અપેક્ષીત સંસ્થા તરીકે ૧૮ મધ્યસ્થ જિલ્લા બેંકો છે અને ૧૨૦૦ શાખા સમગ્ર ગુજરાતની અંદર કામ કરી રહી છે ગ્રામ્યકક્ષાએ. તા. ૩૧-૩-૨૦૧૫ની અંતિમ ૮૦૮૮ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય કૃષિ ગ્રામિણ વિકાસ બેંક દ્વારા મુદતના ધિરાણો પૂરા પાડવામાં આવે છે. હમણા મારા રાજેન્દ્રસિંહભાઇ મારા સ્નેહી મિત્ર છે એમણે જે વાત કરી કે ગુજરાત સરકાર કયારેય પણ ઓરમાયુ વર્તન કરતી નથી. મને યાદ છે બરાબર મારે આજે વાત કરવી ન હતી. ૨૦૦૦ માં હું ડિસ્ટ્રીકટ બેંકનો ચેરમેન હતો અને જિલ્લા કોંગ્રેસનો પ્રમુખ હતો અને તે દિવસે માધુપુરા બેંકો, નાગરિક બેંકો દિવસે દિવસે તૂટતી જતી હતી. લોકોનો વિશ્વાસ તુટતો હતો. મારી ભરૂચ ડિસ્ટ્રીક કોઓપરેટીવ બેંક વીક બેંકમાં હતી. માનનીય નરેન્દ્રભાઇ મોદીજી આજે દેશના વડાપ્રધાન છે. ભારતીય જનના પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ, મારા સ્નેહી અમિત શાહ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને સહકાર મંત્રીઓએ ત્યારે એવું વિચારેલું ન હતું કે આ ડિસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંક કોંગ્રેસની છે એને આપણે તોડવાનું કામ કરીએ એટલે મારા રાજેન્દ્રસિંહભાઇ, આ વાત બિલકુલ ખોટી છે. આ ભારતીય જનતા પાર્ટી વિચારોની સાથે આગેકૂચ કરી રહેલી છે. હું આજે કહેતા આનંદની લાગણી અનુભવું છું કે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન અને મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાજીને, સરકારને ખૂબ ધન્યવાદ આપું છું. ધન્યવાદ એટલા માટે આપું છું ખુશામતના તોર ઉપર નહીં સાચી વાત કરવામાં ડરતો નથી, સાચી વાત કરવામાં સંકોચ અનુભવતો નથી. આ ગુજરાતના બજેટમાં ૩૭૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને આનંદીબેને અને બાબુભાઇ બોખીરીયાએ ખેડૂતોને એક ટકો વ્યાજ મળે એ પ્રકારનું કામ જો કોઇએ કરેલું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલું છે. ખેડૂતોની ચિંતા કરેલી છે ત્યારે હું આનંદ સાથે કહીશ કે યોજનાકીય વાત જો કરવા જઉં તો કૃષિની વાત હોય, સહકારની વાત હોય, દૂધની વાત હોય કે સંઘોની વાત હોય મને ખ્યાલ છે આખો દિવસ પૂરું કરતાં પણ ન થાકીએ એવું કામ ગુજરાત સરકારે કરેલું છે ત્યારે ૨૦૧૩માં અછતની પરિસ્થિતિ ઉભી થઇ હતી.તેમાં ૪ ટકા વ્યાજ રાહત સરકાર તરફથી મેળવવા માટેનું જો કામ કરેલ હોય તો ભારતીય જનતા પાર્ટીએ કરેલ હતું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મંત્રીશ્રી માગણીઓ નં. ૬૬ અને ૬૦ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

ન્યાય તંત્ર ઉપર આ દેશની પ્રજાને વિશ્વાસ છે, ત્યારે કોઇપણ વ્યક્તિને ન્યાય ન મળતો હોય ત્યારે ન્યાય લેવા માટે કોર્ટમાં જાય છે, ત્યારે આજે આપણે ગુજરાત રાજ્યમાં ગતિશીલ ગુજરાતની વાત કરતા હોય ત્યારે ગુજરાતમાં ૨૨ લાખથી વધુ કેસો નામદાર કોર્ટમાં પેન્ડિંગ પડ્યા છે. આ કોર્ટમાં પડેલા કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે રાજ્ય સરકારે આયોજન કરવું જોઇએ. મારી પાસે ૨૦૧૪ના આંકડાઓ છે. આજે પણ જજોથી માંડીને પબ્લિક પ્રોસિક્યુટર અને અલગ અલગ વિભાગવાર ૧૧૭૫ જેટલી જગ્યાઓ ખાલી છે. *(xxx) એવી પરિસ્થિતિ ઉભી થતી હોય ત્યારે.

**પોઇન્ટ ઓફ કલેરિફિકેશન**

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : હાઇકોર્ટમાં જજોની નિમણૂક કરવાનો રાજ્ય સરકારનો કોઇ અધિકાર નથી. એ હાઇકોર્ટના સુપરવિઝનમાં ચાલે છે. સરકાર ધારે તો પણ કશું ન કરી શકે.

ઉપાધ્યક્ષશ્રી : રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. મહેન્દ્રસિંહજી, આપ પણ વકીલ છો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : સરકારી વકીલ ભરવાની સત્તા રાજ્ય સરકારની છે. તેનું મહેકમ કલાર્કથી માંડીને સ્ટેનો ભરવાની સત્તા રાજ્ય સરકારની છે એમ કહેવાનો મારો આશય છે. આવી જગ્યાઓ ઝડપથી ભરાય તો કોઇ પણ વ્યક્તિ ન્યાય લેવા માટે આવે તો તેને ઝડપથી ન્યાય મળે. આજે રાજ્યમાં કેસો પેન્ડિંગ પડ્યા છે એનો ઝડપી નિકાલ થાય તે જરૂરી છે. રાજ્ય સરકારે બજેટમાં જોગવાઇ કરી છે. છેલ્લાં ૩ વર્ષના બજેટના આંકડા જોઇએ તો બજેટ જેટલું ફળવાયું એટલું વપરાયું નથી. બજેટ ચોક્કસ વપરાય અને આ જગ્યાઓ ભરાય તો અરજદારોને ઝડપથી ન્યાય મળશે. આ રાજ્યમાં ૭૪,૦૦૦થી વધુ વકીલો પ્રેક્ટિસ કરે છે, ત્યારે ઉત્તરપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યો આ વકીલોના વેલ્ફેર માટે રાજ્ય સરકાર મદદ કરે છે. અહીંયા મોટા ભાગે ભા.જ.પ. એમ વાત કરતું હોય કે બાર કાઉન્સિલ એ અમારું છે. એમાં વારંવાર રજૂઆત કરી. પણ રાજ્ય સરકારે વકીલોના વેલ્ફેર માટે ગ્રાન્ટ ફાળવેલ નથી. આમાં રાજ્ય સરકારે એ માટે આગળ વધવું જોઇએ. હમણા અમારા એડવોકેટ મિત્ર ટુજી અને થ્રીજીની વાત કરતા હતા. આપણે જોવું જોઇએ કે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ બાંગારૂ લક્ષ્મણને ન્યાય તંત્રએ સજા કરી. બાબુભાઇ સાહેબની માગણી છે. તેમાં હું તેમનું ધ્યાન દોરું છું. આ ગૃહમાં ચૂંટાયો ત્યારથી મારા મત વિસ્તાર તલોદ તાલુકો સૂકો ભઠ્ઠ છે. ૧૦૦ ટકા બક્ષીપંચનો વિસ્તાર છે. સમગ્ર પ્રજા ખેતી ઉપર નિર્ભર છે. માધવગઢથી કોઝન ડેમની એક પાઇપલાઇન માટે છેલ્લાં ૩ વર્ષથી સતત રજૂઆત કરી છે. સૌરભભાઇએ સૂચનો મંગાવ્યા ત્યારે રજૂઆત કરી છે. આ યોજના થાય તો ૩,૦૦૦ હેકટર જમીનને પીયતનો લાભ થાય તેમ છે. રાજેન્દ્રસિંહ ચાવડાના મતવિસ્તારમાંથી પાઇપલાઇન પસાર થાય છે. મારી માગણી છે તો એમાં પોઝિટિવ લઇ સરકાર કામ કરે. લોકસભામાં એ લોકોએ તમને બહુ મત આપ્યા છે. અમને નહોતા આપ્યા. એ બાબતે ધ્યાન દોરું છું. આપ કામ કરજો. મારે બાબુભાઇ સાહેબને બીજી વાત કરવી છે અહીયા જ્યારે ગત વર્ષે પ્રશ્ન પૂછ્યો હતો તેના જવાબમાં કહ્યું હતું કે ૩૧-૩-૨૦૧૫ સુધીમાં તમારું તળાવ ભરવાની વહીવટી મંજૂરી આપી દેવામાં આવશે. મોતીભાઇનું કામ થઇ ગયું હશે, પણ મારું કામ થયું જ નથી. આ માટે પાઇપલાઇનની મંજૂરી મળે અને તળાવ ભરાય તે માટેની વિનંતી છે. મારે બીજું ધ્યાન દોરવું છે કે

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રી દ્વારા અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કૃષિ મેળા થાય છે. એમાં ટ્રાયબલના ખેડૂતોને ૭૫ ટકા સબસિડીની સહાય જી.જી.આર.સી. દ્વારા આપવામાં આવે છે. તમામ સભાગૃહના સભ્યોનું ધ્યાન દોરું કે ટ્રાયબલ વિસ્તારમાં ૭૫ ટકા સબસિડી આપવામાં આવે છે જે ખેડૂતોને ખરેખર સબસિડી મળતી નથી. ડીલરો દ્વારા મોટો ભ્રષ્ટાચાર થાય છે. આ ડીલરો દ્વારા ખેડૂતોના ૭-૧૨, ૮-અ લઇ લેવામાં આવે છે. મેં આ બાબતે આક્ષેપ અને રજુઆત પણ કરી હતી કે આ તમામ માલ સામાન રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં વેચી દેવામાં આવે છે. સહકાર વિભાગમાં આપે એક ટકા ઉપર લોન આપવાની વાત કરી છે ત્યારે મારા મત વિસ્તારમાં કઠવાડા સેવા સહકારી મંડળીના ચેરમેન ચાર વર્ષથી સભાસદ બનાવતા નથી અને ખેડૂતોને કૃષિ ધિરાણ મળતું નથી. એક ટકાની વાત કરો તો પણ જો ખેડૂતોને સભાસદ બનાવવામાં ન આવે તો કયાંથી લોન મળવાની. તમે ખેડૂતો સભાસદ બને તે માટે ચોકકસ પ્રયત્ન કરશો. આ કેસમાં તમે તપાસ કરાવજો, હું ધારાસભ્ય થયો ત્યારથી આ બાબતે સંકલનમાં રજૂઆત કરી છે. હજી સુધી આ પ્રશ્ન હલ થયો નથી. માનનીય સહકાર મંત્રી આ બાબત ધ્યાને લે તેવી નમ્ર વિનંતી છે.

શ્રીમતી ઝંખના હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબ જે માગણી નં.૬ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઇ છું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના આ ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય આનંદીબેન પટેલની આગેવાનીમાં ચાલતી સરકારે મત્સ્ય ઉદ્યોગને નવી દિશા આપી છે અને અનેક નવી યોજનાઓ અમલમાં મૂકી છે તે વાતને હું ગૃહ સમક્ષ રજૂ કરવા માટે ઉભી થઇ છું. મને જણાવતાં આનંદ થાય છે કે, માછીમારોને બોટો કે નેટ લેવા માટેની સહાય આપવામાં આવે છે. માછીમારોને માછલીઓની જાળવણી, તેની ખરીદી અને વેચાણ માટે સહાય આપવામાં આવે છે. પ્રોસેસીંગ પ્લાન્ટ માટેની ૫૦ ટકા સુધીની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના યુવાનોને સરકાર તરફથી દસ દિવસની ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે અને આવા યુવાનોને સવા લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. ગુજરાતમાં ઝીંગા ઉછેરનો જે વ્યવસાય ચાલી રહ્યો છે તે વ્યવસાય માટે આપણા ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી માહિતગાર છે ત્યારે આ ઝીંગા ઉછેર માટે કેન્દ્ર સરકાર દ્વારા બ્લ્યુ રીવોલ્યુશનની યોજના મૂકવા માટે જઇ રહ્યા છે ત્યારે મને ભાજપની સરકાર ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આ બ્લ્યુ રીવોલ્યુશનની યોજના માટે ગુજરાત રાજયી પ્રથમ પસંદગી થશે. તેના દ્વારા દરિયા કિનારાની જમીન કે જયાં ખેતીની સંભાવના નહિવત છે ત્યાં ઝીંગા ઉછેરના ઉદ્યોગને ચોકકસ વેગ મળશે. ગુજરાતમાં જેમ હીરા ઉદ્યોગ અને ટેકસટાઇલ ઉદ્યોગ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ફેલાયો છે અને સારું એવું વિદેશી હૂંડિયામણ કમાવી આપે છે. તેવી જ રીતે ઝીંગા ઉદ્યોગ માટે બ્લ્યુ રીવોલ્યુશન થકી ગુજરાતની પહેલી પસંદગી કરવામાં આવશે તેવી મને પૂરી શ્રદ્ધા છે. વધુ ના કહેતાં હું કહું છું કે અમારો વિસ્તાર, સમાજ અને અમારો પરિવાર પણ આ ઝીંગા ઉછેર સાથે સંકળાયેલો છે. આ ઝીંગા ઉદ્યોગ ગુજરાત કે ભારતમાં નહીં પરંતુ એશિયા, ઓસ્ટ્રેલિયા અને અમેરિકા જેવા દેશોમાં આની ડિમાન્ડ વધતી જાય છે ત્યારે આ બ્લ્યુ રીવોલ્યુશનથી ગરીબોને રોજીરોટી મળશે તેવી પૂરી ખાતરી છે. આમ મત્સ્ય ઉદ્યોગ મંત્રીશ્રી માગણી નં.૬ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું. આભાર.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૫, ૬ અને માનનીય નર્મદા જળ સંપત્તિ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૬૬ અને ૬૦ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, ગુજરાતમાં ખેડૂત ખાતેદારની સંખ્યા ૪૮ લાખ ૮૬ હજાર છે, જેમાં સીમાંત ખેડૂતોની સંખ્યા ૧૮ લાખ ૧૬ હજાર છે, નાના ખેડૂતોની સંખ્યા ૧૬ લાખ ૪૨ હજાર છે જેમાં કુલ જમીન ૯૮ લાખ ૯૮ હજાર હેકટર છે. આમાં આજે પણ સિંચાઇની કેટલી સગવડ મળે છે? તો ૫૦ ટકાથી પણ ઓછી જમીનમાં આજે પણ સિંચાઇ થાય છે. આ ૧૭ વર્ષ થયા, નર્મદાનું આટલું બધું પાણી હોય અને હજુ આપણે ૪૦ ટકામાં જ રમતા હોઇએ તો સિંચાઇ માટેની આ યોજનાને વધારે વિલંબ કર્યા વગર આગળ ધપાવવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે હમણાં બજેટમાં જોગવાઇ કરી, બહુ જ સારી વાત છે કે, ખેડૂતોને જે લોનની વાત છે એમાં જે ખેડૂત ૩ લાખ રૂપિયા સુધીની લોન લેશે એને એક ટકો વ્યાજ મળશે. બજેટમાં જ્યારે આની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે મારે કહેવું છે કે કુલ ખેડૂતો ૪૮ લાખ છે પણ તમે આમાં બજેટમાં બતાવ્યા છે ૩૮ લાખ તો પછી ૧૦ લાખ ખેડૂતોનું શું થશે? આમાં ૩૮ લાખ કહ્યા છે એનો હિસાબ કરીએને ૩૭૫ની જોગવાઇ પ્રમાણે તો એક ખેડૂતને ૧૦૦૦ રૂપિયા કરતા ઓછા પૈસા મળે છે વ્યાજમાં તો આ ખેડૂતો માટેની તમે જોગવાઇ કરી છે? એવી જ રીતે નર્મદા યોજનાના પાણીની વાત હમણાં રાજુભાઇ સાહેબે કરી કે પાણી બંધ કરી દેવાના છે ૧૫મી માર્ચથી એવી વાત થાય છે ત્યારે મારી લાગણી છે કે, ખેડૂતો પ્રત્યે આ સરકારને જો હમદર્દી હોય તો ૧૫ એપ્રિલ સુધી આ પાણી ચાલુ રાખવામાં આવે તો ઘાસ-ચારનો અને પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ એમાં સહકારમાં હમણાં વાત કરી કે સહકાર આખું તંત્ર ખાલી થઇ ગયું છે. મારા મત વિસ્તારમાં એક જ સુગર ફેક્ટરી હતી એની કોણે સ્થાપના કરી હતી? આજે એ ફેક્ટરીની હાલત શું કરી છે? સરકારે બોર્ડની નિયુક્તિ કરેલી છે એ બોર્ડે આખું તંત્ર વેર-વિખેર નાંખ્યું અને આ સુગર ફેક્ટરી હરાજી કરીને વેચી દીધી એમાં પણ મને વાંધો નથી પણ સાહેબ, પેટે પાટા બાંધીને જે ખેડૂતોએ શેરડી પકવેલી એના ૧૨ કરોડ રૂપિયા આજે પણ ચૂકવવાના બાકી છે. આ સરકારની નીતિ છે? ખેડૂતો માટે મોટી મોટી જાહેરાતો થાય છે. ખેડૂતોએ પકવેલ શેરડીના પૈસા પણ જો ન આપે તો કેવી વાત કહેવાય? માનનીય અધ્યક્ષશ્રી, આજે જ મેં વાચ્યું છે કે, કિસાન રેલીનું આયોજન છે, માનનીય મુખ્યમંત્રીશ્રી જવાના છે તો માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આ ખેડૂતોના ખાતર ઉપર વેટ હટાવી લેત તો હું માનત કે આ ખેડૂતોની કિસાન રેલી બરાબર થાય પણ સાહેબ, આમાં ક્યાંય વેટ ઓછો કરવાની વાત નથી, આમાં એક ટકો પણ વેટ ઓછો કર્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એથી આગળ જઇને વાત કરવી છે કે, હમણાં

સબસિડીથી ટ્રેક્ટરો આપવાની વાત કરી છે. મારા છોટા ઉદેપુર જિલ્લામાં ૫૪૫ અરજી ઓનલાઇન થયેલી છે એમાં ફકત ૨૦૪ અરજી મંજૂર કરી છે અને હજુ ૩૪૦ અરજી છેલ્લા દોઢ વર્ષથી મંજૂર કરવાની બાકી છે એને કરણે એ ખેડૂતોને સબસિડી મળતી નથી અને ખેડૂતો સરકાર તરફ નજર રાખીને બેઠાં છે. માનનીય મંત્રીશ્રી અહીંયા જયારે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે પશુઓ માટેની વાત કરવી છે. આજે પશુ દવાખાનાઓ ટ્રાયબલ વિસ્તારમાં ટોટલી ડોક્ટરો વગરના છે અને એવી ઘણી બધી જગ્યાઓ છે જિલ્લા ખેતિવાડી અધિકારીની જગ્યા ખાલી, જિલ્લા રજિસ્ટ્રારની જગ્યાઓ ખાલી અને ગ્રામ સેવકોમાં તો પાંચ ટકા જ જગ્યાઓ ભરાયેલી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ધીરુભાઇ, આપનું પ્રવચન પુરું થાય છે. માનનીય સભ્યશ્રી પ્રહલાદભાઇ.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં નંબર ૨ પર હું મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ કૃષિ પ્રધાન દેશ છે. ખેડૂત એ જગતનો તાત કહેવાય છે તે સર્વથા સત્ય છે. મુશ્કેલી એ છે કે, ખેડૂત તાપ, તડકો, ઠંડી અને વરસાદમાં આ બધી સ્થિતિમાં પોતાનું જીવન નિર્વાહ કરવા માટે ખેતી કરે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે. છેલ્લા થોડાંક વર્ષોથી ખેડૂતોને પોતાના ખેતીના ઉત્પાદન કરેલા પાક જેવા કે ગવાર, એરંડા, મગફળી અને અનેક પાકોમાં પોતે ખેતીમાં કરેલા ખર્ચ કરતાં પણ ઉપજના ભાવ ઓછાં મળે છે. છેલ્લા બે વર્ષમાં કેન્દ્રમાં ભાજપ સરકાર બેઠા પછી તો સાવ ભાવ તળિયે બેસી ગયા છે. જયારે ખેડૂતોનો પાક એકસાથે પાક સીઝનમાં જયારે માર્કેટમાં વેચવા માટે ખેડૂત લાવે છે ત્યારે વધુ આવકોના કારણે ભાવ એકદમ ઘટી જાય છે. તેવા સમયે સરકારે માર્કેટમાં બજારભાવથી માલની ખરીદી કરવી જોઇએ અને ખેડૂતોના ઘટતા ભાવને અટકાવવા જોઇએ. સંગ્રહ કરેલા માલના ભાવ જયારે બજારમાં માલની અછત વર્તાય અને ભાવ એકદમ ઉંચા થઇ જાય ત્યારે અતિશય વધતા ભાવને અટકાવવા માટે સરકારે માલ સ્ટોક વેચવો જોઇએ.

**( માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને )**

શાકભાજી અને ફ્રુટ ખરીદી કોલ્ડ સ્ટોરેજમાં સ્ટોક કરવો જોઇએ અને અછત અથવા ઉંચા ભાવ થાય ત્યારે સરકારે વેંચવો જોઇએ. ખેડૂત માટે કહેવત છે કે, જન્મે છે ત્યારે દેવામાં, જીવે છે ત્યારે પણ દેવામાં અને તે મરે છે ત્યારે પણ વારસામાં બાળકોને દેવુ આપી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે દેશમાં યુ.પી.એ.સરકાર હતી ત્યારે માનનીય શંકરસિંહજી બાપુ ટેક્ષટાઇલ મંત્રી હતા ત્યારે તેમણે ખેડૂતોને કપાસનો ૧ મણનો ભાવ ૧૨૦૦ થી ૧૫૦૦ રૂપિયા ઓપન સીસીઆઇ મારફત ખરીદી કરી અપાવેલો તે વાત આજે પણ સમગ્ર દેશના અને ગુજરાતના ખેડૂતો ભૂલતા નથી. ભૂલતા નથી તો યાદ તે આ સરકારે પણ રાખવાની જરૂર છે જયારે હાલની આ સરકાર ઘોડા છૂટયા પછી તબેલાને તાળાં મારવા જેવી સ્થિતિ થઇ છે. ખેડૂતોએ પોતાનો ઘણો કપાસ વેચી નાંખ્યા પછી ૧૧૦ રૂપિયા બોનસ આપી ગરીબ ખેડૂતોની મશ્કરી કરી છે. હજારો ખેડૂતો સસ્તા ભાવે કપાસ વેચીને બોનસના લાભથી વંચિત રહી ગયા છે. ગુજરાતના ૧૨ લાખ ખેડૂતો કપાસની ખેતી સાથે સંકળાયેલા છે તેમાંથી ૬૦ ટકા ખેડૂતોને બોનસનો લાભ મળ્યો નથી. ખેડૂતોને કપાસનો બધો ખર્ચ બાદ કરતાં એક મણે એક હજાર રૂપિયા કપાસના ભાવ પડતર પડે છે ત્યારે સરકારે ૧૨૦૦ રૂપિયાના ભાવે કપાસ ખરીદવો જોઇએ એવી મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વીજળીના પ્રશ્નની વાત કરીએ તો સરકાર તરફથી ખેડૂતોને આઠ કલાક વીજળી આપવામાં આવે છે. ખેડૂતો શિયાળાની ઠંડી હોય, ચોમાસાનો વરસાદનો માહોલ હોય તો પણ ખેડૂત પે◌ાતાના ખેતરમાં પીયત કરવા ઉભો હોય છે. જયારે ઉદ્યોગોને ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. મારો એક પ્રશ્ન એ છે કે, આ ખેડૂતોને કાયમ માટે વીજળીના એક લાખ કનેકશન આપવાના બાકી છે તો હું સરકારને એ પૂછવા માગુ છું કે ઉદ્યોગોમાં કોઇ કનેકશન બાકી છે ખરાં ? તો પછી એકલા ખેડૂતોના જ કનેકશન બાકી રાખવાનું કોઇ કારણ ખરું ? ખેડૂતોને વીજળી પર અપાતી સબસિડીમાં છેલ્લા બે વર્ષમાં ૬૦૦ કરોડનો કરાયેલો ઘટાડો આમ આ બજેટથી સસ્તી વીજળી મળશે કે કેમ તે ખેડૂતો માટે મોટો પ્રશ્ન છે. રાસાયણિક ખાતરોમાં લવાતો વેટ..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વખાણ કરવામાંથી જ ઉંચી આવતી નથી. વાયબ્રન્ટ ગુજરાત, ગતિશીલ ગુજરાત. અરે, ભાઇઓ વખાણ કરવામાં જરા નીચા આવો. કામ કરતા નથી અને વખાણ કર્યા કરો છો. અત્યાર સુધી કોઇ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હોર્ડિંગ્સ લગાવ્યા નથી અને અત્યારે હોર્ડિંગ્સ, હોર્ડિંગ્સ, હોર્ડિંગ્સ આખા ગુજરાતમાં, તો અલ્યા ભાઇ, આવા ખોટા ખર્ચા શા માટે કરો છો? એના કરતાં એ રકમ ખેતીમાં આપો. માનનીય ચીમનભાઇ વખતે, માનનીય માધવસિંહ વખતે, માનનીય કેશુભાઇ વખતે હોર્ડિંગ્સ નહીં અને અત્યારે હોર્ડિંગ્સ, હોર્ડિંગ્સ, હોર્ડિંગ્સ બધા મંત્રીશ્રીઓના તો આવા ખોટા ખર્ચ શા માટે કરો છો? લોકોને ખબર છે અમે ચૂંટણીમાં ઉભા રહીએ ત્યારે હોર્ડિંગ્સ છપાવતા નથી. એમને એમ અમે પ્રચાર કરીએ છીએ. તમે આ હોર્ડિંગ્સ ના છપાવો. તમે શું કરો છો એ લોકોને ખબર છે. તમે અત્યારે ખેતીવાડીમાં જૂઓ તો ખેડા જિલ્લામાં ટામેટા ખેડૂતોને રસ્તામાં ફેંકી દેવા પડે છે. એના ભાવ જ નથી મળતા, ખેડૂતોને ભાવ મળે એવું તો કરો. અમારા ડો. ત્રિભોવનદાસભાઇએ ડેરી બનાવી તો કેટલા બધા ખેડૂતોને રોજીરોટી મળે છે. આખા હિન્દુસ્તાનમાં શરૂ થયું છે. તમે એક તો એવું કામ કરો. એક શાકભાજી માટે સહકારી ધોરણે બનાવો, તો અમારા ખેડૂતોને શાકભાજી અને બધાના ભાવ મળે. તો એ કરવું નથી. તમે એક પણ બંધ બાંધ્યો છે? તમે એકેય બંધ બાંધ્યો હોય તો બતાવો કે તમે એક બંધ બાંધ્યો. આ બધું કોંગ્રેસે કર્યુ છે તમે કશું કર્યું નથી. તમે એક પણ બંધ બાંધ્યો હોય તો મને ખબર પડે. બોરીબંધ બાંધ્યા પણ એ જતા રહ્યા, બોરીબંધ એકેય રહ્યો હોય તો મને બતાવો. એના કરતાં વ્યવસ્થિત કામ કર્યું હોય તો લોકોને કામ આવત. અત્યારે આખા હિન્દુસ્તાનમાં અમારી મહિલા બહેનો ભેંસો

અને ગાયો ઉપર જીવે છે. એમને અત્યારે રોજી રોટી મળતી નથી તો એમને રોજીરોટી મળે એ માટે તો કામ કરો. એ નથી કરવું અને મોટી મોટી વાતો કરવી છે. બસ વખાણ, વખાણ અને વખાણ. કામ કરો તો વખાણ કરો પણ નહીંતર ના કરશો. એ કશું કરવું નથી. તમે જુઓ ખેડૂતોને ભેળસેળવાળું બિયારણ આપ્યું એનાથી ખેડૂતોને નુકસાન થયું. બિયારણમાં ભેળસેળથી ખેડૂતોને નુકસાન થાય છે. અલ્યા ભાઇ, કોંગ્રેસ આવે તો સારું. ભેળસેળવાળું બિયારણ ના હોવું જોઇએ, બિયારણ સારું પકવો તો ખેડૂતોને સારો ફાયદો થાય. અમુક જગ્યાએ ભેળસેળવાળું બિયારણ આપ્યું છે એનાથી ખેડૂતોને નુકસાન થયું છે. મગફળીના ભેળસેળવાળા બિયારણથી ખેડૂતોમાં આક્રોશ થયો, બરાબર. અમરેલી જિલ્લામાં બીજ નિગમમાં મગફળીનું ડૂપ્લીકેટ બિયારણ આપ્યું ભાઇ, તો બિયારણ સારું આપો, ખેડૂતો માટે બીજું ના કરો તો કંઇ નહીં પણ સારું બિયારણ તો આપો. બીજું સિંચાઇ માટે કહું છું તો હું સિંચાઇ મંત્રીશ્રીને શેઢી શાખાનું કહી કહીને થાક્યો અલ્યા પેલી શેઢી શાખા જૂની થઇ થઇ છે, એ માટીની બનાવેલી છે, તો એ નવી કરો. અમદાવાદને પાણી આપવાનું બંધ કરો કારણ કે એ તો ખેડૂતો માટે નહેર બનાવી છે નહીં કે અમદાવાદને પાણી આપવા માટે. નર્મદામાંથી અમદાવાદને પાણી આપો એ કેમ આપતા નથી? અને એ પાણી પૂરું જતું જ નથી, ૨૫ ટકા જ પાણી જાય છે. શું કરવા તમે પાણીનો બગાડ કરો છો? અમારે પાણી નથી જોઇતું ભાઇ, ખેડૂતો માટે જોઇએ છે. તમારે જે કામ કરવાનું છે એ કરતા નથી. આ રૂપિયા અવળા વાપરો છો એના બદલે એ બધું કરોને, આ મોટા મોટા બિલ્ડીંગ બાંધી દીધાં, સ્વર્ણિમ સંકુલ એક-બે આ કયાં કરવાની જરૂર છે? જે હતું એ શું ખોટું હતું ? એટલા રૂપિયા નહેરોમાં વાપર્યા હોય તો, ખેડૂતો માટે વાપર્યા હોત તો સારું હતું , બરોબર, વીજળી આઠ કલાક દિવસે નહીં પણ રાત્રે આપવામાં આવે છે. અરે ભાઇ, વીજળી ૧૪ કલાક આપો. માનનીય શંકરસિંહજી બાપુ વખતે ૧૬ કલાક વીજળી આપતા હતા તો તમે ૧૪ કલાક તો આપો. તો પણ અમારા ખેડૂતભાઇઓનું સારું થાય પણ એ નહીં. તમે કાયદામાં જુઓ તો જજો નહીં, એ બધી જગ્યાઓ પૂરો, અત્યારે તો કેસોનો ભરાવો થઇ ગયો છે, લોકો બિચારા ધક્કા ખાઇ ખાઇને મરી જાય છે, એ એક ધક્કો ખાય તો કેટલા રૂપિયા જોઇએ? એ વિચાર કરો. એટલે કાયદા મંત્રીશ્રી જજો અને બીજી જગ્યાઓ ભરવા માટે વધારે રકમ ફાળવે તો એ જગ્યાઓ ભરાય અને તો આ કેસોનો નિકાલ થાય. માટે તમે જે બોલો છો એ કરો. અમારા બાપુ સાહેબ તો ઉભા થઇ જાય, અને બસ બોલે રાખે છે બધુ, અલ્યા ભાઇ, સાચું બોલો સાચું, સાચું બોલો નહીંતર અમારે એમને ટકોર કરવી પડશે અને મારવા ઉભા થઇ જવું પડશે બાપુને એ કરવા માટે, તોયે બાપુ હજી સુધરતા નથી તો સુધરે તો સારું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઇ મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

રાજયની અંદર બનાસકાંઠા જિલ્લો એ કચ્છ પછી વિસ્તાર અને વસતિની દ્રષ્ટિએ મોટો છે. આ જિલ્લાની મોટા ભાગની વસતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે, એમાં અનુસૂચતિ જનજાતિની વસતિ પણ આવેલી છે, સાથે સાથે અનુસૂચિત જાતિ તથા માઇનોરીટીની વસતિ પણ છે. પરંતુ મોટા ભાગની વસતિ બક્ષીપંચની છે ત્યારે આ જિલ્લામાં ભણતરનું પ્રમાણ નહિવત છે. ખેડૂતોનો આધાર આકાશી ખેતી ઉપર છે. બનાસકાંઠા જિલ્લાના ચાર તાલુકાને નર્મદાનું પાણી મળે છે એ પણ પૂરેપૂરું મળતું નથી. તેથી મારી આપને વિનંતી છે કે આવનાર દિવસોને ધ્યાનમાં રાખીને બનાસકાંઠા જિલ્લાની અંદર અત્યારે જે નાની સિંચાઇ યોજનાઓ છે એ રિપેરીંગના અભાવે મરવાને વાંકે જીવી રહી છે. ચાલુ વર્ષે ગંગા સાગર નાની લઘુ સિંચાઇ યોજના છે જેનાથી ૫૦૦ થી ૬૦૦ એકરમાં સિંચાઇ થઇ શકતી હતી એના દરવાજા બગડી જતાં પાણી બધુ જ વહી ગયું છે. મરામતના અભાવે આ થયું છે. તેથી સિંચાઇ વિભાગ મારફત એની મરામત થવી જોઇએ.

સુજલામ સુફલામ યોજના મારફત કેનાલો કાઢવામાં આવી છે એ કેનાલ રાજસ્થાનના નેનવા સુધી લંબાવવામાં આવે તો ત્યાંના ભૂગર્ભ જળ ઉપર આવશે અને એનો ખેડૂતોને લાભ મળશે. સુજલામ સુફલામની આ કેનાલ લંબાવવા માટે વારંવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે આ ગૃહમાં પણ રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં હજી સુધી આ બાબતમાં કોઇ પરિણામ આવેલ નથી. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે વહેલામાં વહેલી તકે આ કામ કરવામાં આવે. નર્મદાના પાણીનો બનાસકાંઠા જિલ્લામાં વધુમાં વધુ કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું આગોતરું આયોજન કરવા માટે સિંચાઇ મંત્રીશ્રીને વિનંતી કરું છું.

અમારા બનાસકાંઠા જિલ્લામાં ત્રણ ડેમો આવેલા છે. મોકેશ્વર, દાંતીવાડા અને સીપુ. દાંતીવાડા અને સીપુ ડેમ ધાનેરા મત વિસ્તારમાં આવેલ છે જયારે મોકેશ્વર ડેમ છે એ વડગામ વિસ્તારમાં આવેલ છે. આ ત્રણેય ડેમોમાં વધારેમાં વધારે નર્મદાનું પાણી નાખી લીંક કેનાલ બનાવીને મુકતેશ્વરમાં નાખવામાં આવે ત્યાંથી દાંતીવાડામાં અને એને અડીને આવેલા સીપુ ડેમમાં નાખવામાં આવે અને સીપુથી લીંક કેનાલ બનાવીને ધાનેરાની રેલ નદીને વહેતી કરવામાં આવે તો આખા જિલ્લાની કાયાપલટ થઇ શકે તેમ છે. આ જિલ્લાની મોટા ભાગની વસતિનો આધાર ખેતીવાડી ઉપર છે એને જો પાણીનો લાભ મળે તો સારી રીતે જીવી શકે તેમ છે.

આ જિલ્લામાં કૃષિ યુનિવર્સિટી આવેલી છે. કૃષિ યુનિવર્સિટીની અંદર આપને ખ્યાલ હશે કે હોર્ટીકલ્ચર કોલેજ આવેલી હતી. ગુજરાતમાં દાડમની ખેતી સૌથી વધારે બનાસકાંઠા જિલ્લામાં થતી હતી. દાડમની ખેતીના હિસાબે અહીંના ખેડૂતો વધારે સુખી બન્યા હતા. પરંતુ કોણ જાણે કેમ આ હોર્ટીકલ્ચર કોલેજ ત્યાંથી ખસેડીને જગુદણ લઇ જવામાં આવી એનાથી અમને કોઇ વાંધો નથી. પરંતુ અમને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે બીજી હોર્ટીકલ્ચર કોલેજ આપવામાં આવે જેથી એ કોલેજનો લાભ લઇને ખેડૂતો વધારેમાં વધારે બાગાયતી પાક તરફ વળે અને વધુ સુખી બને. તેથી અમારે ત્યાં નવી કોલેજ મંજૂર કરીને આપવા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

બનાસકાંઠા જિલ્લામાં ભૂંડો અને રોઝનો ખૂબ જ ત્રાસ છે. એનાથી બચવા માટે ખેડૂતો તારની ફેન્સિંગની વાડ કરે છે પરંતુ સરકારે આ જિલ્લાને ખૂબ જ ઓછી ગ્રાન્ટ ફાળવેલ છે. ખેડૂતોએ તાર ફેન્સિંગની માગણી કરી હોય તેની અરજી આવ્યેથી તાત્કાલિક વિભાગે મંજૂરી આપવી જોઇએ જેથી એના પાકનું રક્ષણ થઇ શકે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે જુદી જુદી માગણીઓ ક્રમાંક–૨, ૩, ૪, ૫, ૬, ૬૬ અને ૬૦ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. ખાસ કરીને પશુઓની વાત થઇ નથી. એટલે હું ગાય માતાની પણ વાત કરવા માગું છું. હમણાં રાજકોટમાં પણ એક ભાઇએ ગૌમાતા માટે ઝેર પીને જીવન ટૂંકાવ્યું, કારણ કે ગાય પર થતો અત્યાચાર જોઇ ન શક્યો માટે એનો પ્રાણ પણ આપવો પડ્યો, માટે તેને હું શ્રદ્ધાંજલિ આપું છું કે કોઇને કોઇ ગૌમાતા માટે પ્રાણ આપવાવાળા હજુ છે. એટલે ગાયને થોડો ઘણો પણ આશરો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાય માટે આપણે બધા જ વાત કરીએ છીએ. આ ભારત દેશની અંદર જન્મેલા તમામ વ્યક્તિની માતા ગાય છે. ગૌમાતાની અંદર ૩૩ કરોડ દેવ–દેવતાનો વાસ છે આપણે સૌ જાણીએ છીએ. પણ આપણે એના માટે શું કરીએ છીએ, સરકાર શું કરે છે, ગૌમાતા કોને કહેવાય છે? વચ્ચે પરિપત્ર કર્યો કે મંત્રીશ્રી એક–એક ગાય પાળે અને જે યુનિવર્સિટીઓમાં દુઝણી ગાયો હતી એ લાવી દીધી એટલે ગૌભગત. આ ગાય પાળવાનો વિષય છે? ગાય કોને કહેવાય કે જે રખડતી ગાય છે, ઠોંઠી ગાય છે, જે કદી દૂધ નથી આપવાની અને જેને જીવાડે છે. એ ઢોર જેવો એનો પરિવાર લઇને ભટકે છે. એ ગૌભગત છે. જેને આપણે માં કહીએ છીએ એ માં માટે આપણે આ લોકોને કંઇ આપ્યું છે ખરું? કદી વિચાર્યું છે ખરું કે તારો પરિવાર શું છે, તારા બાળકો શું છે? ૨૧મી સદીની વાત છે, તું ૧૪મી સદીમાં છે. તારા માટે કોઇ વિચારે છે ખરું એટલો તો વિચાર કરો. પછી ગૌમાતાના નામે ગમે એટલો લાભ લો, રાજકીય લાભ લો. પરંતુ તેના માટે એક ટકો તો વિચારો કે આ ગાય શું છે? માત્ર દૂધ આપતી ગાય દૂધ દોહવાથી એ ગૌભગત નથી કહેવાતો. ગૌમાતા તો રવડે છે, એને માટે ઘાસ નથી. રસ્તામાં અકસ્માતમાં મરે છે તેને લેવાવાળા નથી. લોકો પૂંછડા કાપી નાખે છે. કયાંક મરતી ખાવા જાય તો પગ કાપી નાખે છે. ગામમાં નાખેલું પ્લાસ્ટીક ખાઇને આફરે ચડીને મરે છે, એની દવા કરવાવાળો કોઇ નથી. તેને કૂતરા ફાડે છે તેને જોવાવાળું કોઇ નથી. એ ગૌમાતા છે. એમાં દેવો વસેલા છે તેના માટે આપણે કંઇ કર્યું છે ખરું? આપણે બધાં જ વાત કરતા હતા કે ગૌમાતાને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરીશું. કતલખાના બંધ કરાવીશું, સબસિડી બંધ કરાવીશું. માનનીય અધ્યક્ષશ્રી, હું એમને એ વિનંતી કરું છું કે હવે તો છેક સુધી તમારી સરકાર છે. કેટલા કતલખાના બંધ કર્યા? કેટલી સબસિડીઓ બંધ કરી? એક્સપોર્ટ વધ્યું. કતલખાના વધ્યા. ગાડીઓ અને ટ્રકો ભરીને ગાયો અને નાના નાના રેડલા કપાવા જાય અને કયાંક એકાદ ટ્રક આ ગૌભગતો જોઇ જાય તો એને પકડે, બાકી ખુલ્લેઆમ જાય. ઘણી વખત તો છાપામાં આવ્યું, એમની પાર્ટીનું સિમ્બોલ મારીને પણ લઇને જાય. એના માટે ફાંસીથી પણ વધારે સજા હોવી જોઇએ. આપણે હિંદુ તરીકે ગૌમાતાને માનીએ છીએ. એમાં ૩૩ કરોડ દેવ વસેલા માનીએ છીએ, તો તેની સજા માટે શું? કાયદા બનાવ્યા પણ તેનું કર્યું શું? એટલા માટે બધાને ખાસ કહું છું કે ગૌમાતા માટે ગૌભગત થાવ પણ ગાયને ઓળખો. ગાય કોણ છે, ગૌમાતા કોણ છે, એના માટે આપણે શું કરીએ છીએ? જે ગાયનું કોઇ નથી એને પાળે છે તેના માટે આપણે કંઇ વિચારીએ છીએ? કશું જ નહીં, ભલે મરે અને એ પણ મરે. પશુઓની તમારી જે ગણતરી છે એમાં પણ જે દૂધ આપે છે એટલાની જ ગણતરી છે. બીજી ગણતરી નથી. મને લાગે છે કે ૨૦૦૭ની ગણતરી હજુ ચાલે છે. ૨૦૧૧ની ગણતરીનો રિપોર્ટ પણ નથી આવ્યો. કારણ કે એનું કોણ કહેવાવાળું છે? ગૌમાતા છે. આપણે કહી દઇશું કે ગૌમાતાની જય. એટલે કોણ તેનું પૂછે પણ થોડા ડીપમાં તો જાવ, તેની હાલત શું છે? ૨૦૦૭ની ગણતરી પ્રમાણે બજેટ, તમારા બધા કર્મચારીઓ, સ્ટાફ એ ૨૦૦૭ના મુજબ હજી ચાલી રહ્યું છે. તેના માટે કોઇ મોબાઇલ દવાખાનું કર્યું? તેના દવાખાનામાં જગ્યાઓ ખાલી. ૫૦ ટકા જગ્યાઓ ખાલી. દવા તો હોય જ નહીં. જે રખડતું ઢોર છે તેનું તો કોઇ ધણી જ નથી. દવા કોણ કરે? આના માટે વિચારીને કંઇક કરશો તો ગૌમાતા તમારું પણ ભલું કરશે, થોડું વિચારો કે શું પરિસ્થિતિ છે. કયાંક અજાણતા જ મંત્રી સિવાય સાદા માણસ થઇને જઇ આવો અને જૂઓ તો વાસ્તવિકતાનો ખ્યાલ આવશે કે ખરેખર આપણે શું કરીએ અને આ શું છે? આટલી મારી વિનંતી છે. ગોપાલક, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ.
આ ગાયો માટે પશુઓ માટે છે એમને પૂછો તો ખરા કે આનો જે જાણકાર માણસ છે જે પશુઓને ઓળખે છે એનો કોઇ સભ્ય એમાં છે ખરો? માત્ર કાગળ ઉપર પશુપાલક હોય અને કાગળ ઉપર જ ખેડૂત હોય એવા સભ્યો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય સભાગૃહ સમક્ષ કાયદા વિભાગની માગણીઓના સંદર્ભમાં આ સભાગૃહના બે સભ્યશ્રી જગરૂપસિંહ અને શ્રી મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પોતાના રચનાત્મક સૂચનો કરવામાં આવ્યા છે તેને હું આવકારું છું અને એ દિશામાં રાજ્ય સરકાર જ્યાં કાર્યવાહી કરવાની આવશ્યકતા હશે ત્યાં ગતિ વધારીને એ ઝડપથી પૂરું કરીશું. હું નાનો હતો ત્યારે સ્કૂલની અંદર એક ગીત ગાવામાં આવતું હતું.

‘‘ ઇન્સાફ કી ડગર પે બચ્ચે દિખાવો ચલ કે, યે દેશ હૈ તુમ્હારા, તુમ હો ભવિષ્ય કલ કે.’’

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના એક એક બાળક, વડીલ, સિનિયર સિટિઝન્સ આ દેશ ડો.બાબાસાહેબ આંબેડકરજીએ બંધારણની રચના કરીને આપણને આપ્યું છે. એ બંધારણમાં સંવિધાનનું આમુખ છે. આપણા કાયદાઓ છે અને કાનૂન છે એના આધાર ઉપર ચાલતો આ દેશ છે. એ બંધારણના અનુચ્છેદ ૨૩૫ માં ન્યાયતંત્ર ઉપર નિયંત્રણ અને સુપરવિઝન એ નામદાર હાઇકોર્ટમાં નિહિત થયેલ છે અને રાજ્ય સરકારનો અદાલતોના વહીવટ ઉપર કોઇ અંકુશ હોતો નથી. એ આપણા સૌના ધ્યાન ઉપર રહે એ માટે આપ સૌની સમક્ષ એનો ઉલ્લેખ કર્યો છે. હું કાયદા મંત્રી થયો ત્યારથી કાયદા વિભાગનું બજેટ કેટલું હતું એ જોવાનો મેં પ્રયાસ કર્યો. ૨૦૦૩–૦૪માં રૂ.૧૪૦/– કરોડ ન્યાયતંત્ર માટે ફાળવવામાં આવ્યા હતા. ચાલુ વર્ષમાં રૂ.૧૭૨૩.૭૫ કરોડ થયું છે.

આ બજેટમાં વધારાની સાથે બજેટનું અમલીકરણ થાય એના માટે પણ રાજ્ય સરકાર અસરકારકતાથી કામ કરી રહી છે. હમણાં પટણા હાઇકોર્ટને ૧૦૦ વર્ષ થયા. એની ઉજવણીના પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ચિંતા વ્યક્ત કરી કે નામદાર કોર્ટોની અંદર પડતર કેસોની પેન્ડન્સી ઘટાડવા માટે જૂના પડતર કેસો અંગે એક વાર્ષિક બુલેટીન બહાર પાડીને જજો, વકીલો અને કોર્ટો એક ટાઇમ બાઉન્ડ મેનરમાં પડતા કેસોનો નિકાલ કરવાનો એક ટાર્ગેટ ફિક્સ કરે. આ દેશના વડાપ્રધાનની પણ ચિંતા છે. આપણે આપણા રાજ્યની વાત કરીએ તો ગુજરાતમાં જે રીતે સમૃદ્ધિ અને ગતિશીલતા છે એના કારણે દર વર્ષે દસ લાખ નવા કેસોનું ઇન્સ્ટિટ્યૂશન થાય છે. હું ૨૦૦૫ની એ વાતને સ્વીકારું છું. એ સમયે ૩૮.૪૬ લાખ પડતર કેસો હતા. દર વર્ષે નવા દસ લાખ કેસો વધ્યા છે. છતાં પણ ૨૦૧૫ના અંતે ૨૨.૨૭ લાખ જેટલા જ પડતર કેસો ગુજરાતની કોર્ટોમાં રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ મહિલા છે અને મહિલા હોવાના નાતે સંવેદનશીલ છે. એમની સંવેદનશીલતાના કારણે કોઇ અરજદારને એનો ન્યાય સમયસર ન મળે તો એમના મનમાં વ્યથા થાય છે અને એ વ્યથાના અનુરૂપ આ બજેટની ફાળવણી કરી છે. મહિલા હોવાના નાતે રાજ્યમાં મહિલાઓ માટે ૬૫ જેટલી ફેમિલી કોર્ટોની રચના કરી એની સ્થાપના માટે નામદાર ગુજરાત હાઇકોર્ટને જણાવ્યું હતું. જેથી મહિલાઓના કેસોનું અને ફેમિલી કેસોનું ઝડપથી નિરાકરણ થાય. ગુજરાતની અંદર વર્કીંગ વિમેન્સનું પ્રમાણ વધી રહ્યું છે. આ વર્કીંગ વુમન્સ એને બપોરના સમયમાં નોકરીએ જવાનું હોય છે ત્યારે આ વખતના ચાલુ વર્ષના બજેટમાં પહેલી વખત ગુજરાતમાં મોર્નીંગ, ઇવનીંગ ફેમીલી કોર્ટની સ્થાપના કરવાનું આ રાજય સરકારની માગણીના આધાર ઉપર હાઇકોર્ટે પણ સ્વીકાર્યું છે. લોકોને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે, સમયસર ન્યાય મળે અને ઘરઆંગણે ન્યાય મળે એ આ રાજય સરકારનો સંકલ્પ છે અને આ રાજય સરકારનો સંકલ્પને પરીપૂર્ણ કરવો હોય તો એના માટે કોર્ટ બિલ્ડીંગ આવશ્યક છે. એના માટે આ વખતના બજેટમાં ૪૪૦ કરોડનું આયોજન અને રેસીડેન્ટ જયુડીસીયલ ઓફીસર કે એના સ્ટાફ મેમ્બર્સ માટે ૮૦ કરોડનું એમ કરીને ૫૨૦ કરોડનું આયોજન એના માટે કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષની જો વિગત આપું તો ત્રણ વર્ષની અંદર ૩૪૧ જેટલી વહીવટી મંજૂરી આપીને ૧૪૬૩ કરોડની બાંધકામોની વહીવટી મંજૂરી આપવામાં આપણે સફળ રહ્યા છીએ. આપણને સૌને એક ગુજરાતી તરીકે ગૌરવ થાય કે આજે ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. ગુજરાત આખા દેશની અંદર ઉદ્યોગો સ્થાપવા માટેનું બેસ્ટ ડેસ્ટીનેશન છે અને આ બેસ્ટ ડેસ્ટીનેશનને કારણે આજે ગુજરાતમાં દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓ પોતાની પોઇન્ટ ઓફ પ્રેઝન્સ પોતાના ઉદ્યોગ કારોબાર માટે અહીંયા આવે છે અને ઉદ્યોગની સ્થાપના કરે છે. હમણાં જ Ease of doing business ની અંદર ગુજરાત આખા દેશની અંદર પ્રથમ નંબરના રાજય તરીકે આવ્યું છે પણ આની સાથે સાથે Commercial Disputes પણ વધશે. ભારત અને ભારત બહારથી આવતી કંપનીઓ એના Commercial Disputesના નિરાકરણ માટે ભારત સરકારે ધ એસ્ટાબ્લીશમેન્ટ ઓફ કોમર્શીયલ કોર્ટ અને કોમર્શીયલ એપલેટ ડીવીઝન ૨૦૧૫નો જે કાયદો છે એ કાયદાને અનુલક્ષીને ગુજરાત સરકારે નામદાર હાઇકોર્ટ સાથે પરામર્શ કરીને આગામી દિવસોમાં તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની અંદર કોમર્શીયલ કોર્ટ અને કોમર્શીયલ ડીવીઝન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર અને જૂનાગઢ આ બધી જ જગ્યાએ આ કોર્ટોની શરૂઆત થશે અને આ કોર્ટ સામાન્ય પ્રકારની નહીં હોય, આ કોર્ટ વિશિષ્ટ પ્રકારની હશે. વિશિષ્ટ પ્રકારની એટલા માટે કહુ છું કે એક કરોડ કરતા વધુ રકમના વેપારીઓ વેપાર થયા હોય, ઇમ્પોર્ટ એકસપોર્ટના કેસીસ હોય, વ્યાપારી મિલકતના કરારના કેસો હોય, ભાગીદારી, ઇન્ટલ-એકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટસના હોય, ઇન્સ્યોરન્સના હોય, કોન્ટ્રાકટ એજન્સીના હોય આ બધા જ કેસો એની અંદર આવશે અને માત્ર નવા કેસો નહીં એમાં જે જૂના પેન્ડીંગ કેસો હશે એ પણ આની અંદર ટ્રાન્સફર થશે અને દાવામાં સમય ન જાય એના માટે એની આખી લીગલ સીસ્ટમ ટૂંકમાં કાર્યવાહી થાય એના માટે એમાં આદેશ આપવામાં આવશે. જો કોઇ વ્યકિતગત કેસ લંબાવે તો કયા પ્રકારના ખાસ ખર્ચનો હુકમ કરવો પડે અને ઉપરાંત છ માસમાં દલીલો પૂરી કરી કેસ પૂરો કરવાનું એટલે આ પ્રમાણે Commercial Disputes Act એના પ્રમાણે કરીને ગુજરાતના ઉદ્યોગકારોને પોતાના ઉદ્યોગ-ધંધા દરમિયાન કોઇ ડીસ્પ્યુટ થાય એ ડીસ્પ્યુટના ઝડપી નિકાલ માટે રાજયના મહાનગરોની અંદર અને એ મહાનગરોની આસપાસ આવેલા ભૌગોલિક વિસ્તારો એની સાથે સાંકળીને પ્રયાસ કરેલો છે. સુપ્રિમ કોર્ટમાં ચીફ જસ્ટીસ તરીકે દત્તુ સાહેબ હતા. દત્તુ સાહેબે એક વખત બહુ સરસ વિધાન કર્યુ હતું કે, '' કશા પણ ભય વિના કાયદાનું શાસન સ્થાપિત કરવાને સમર્થન આપે એવી અસરકારક અને બળવાન લીગલ સીસ્ટમ એ લોકશાહીના પાયા પૈકીનો એક આધારભૂત પાયો છે.'' આ લીગલ સીસ્ટમ પાવરફુલ કરવી હોય તો એના માટે ઇન્ફ્રાસ્ટ્રકચર જોઇએ. આ રાજયના ૨૫ જિલ્લા અને ૭ જેટલા નવા રેવન્યુ જિલ્લા જાહેર કરવામાં આવ્યા છે. ત્યાં પણ ઝડપથી જિલ્લા કક્ષાની અદાલતો થાય એના માટે બોટાદ માટે ૩૧.૧૭ કરોડની મંજૂરી આપવામાં આવી છે. અરવલ્લી મોડાસા માટે ૪૦.૭૫ કરોડની મંજૂરી આપવામાં આવી છે. મહિસાગર લુણાવાડા માટે ૩૩.૬૭ કરોડની મંજૂરી આપી છે. દેવભૂમિ દ્વારકા માટે ૩૮.૯૬ કરોડની મંજૂરી આપી છે. છોટા ઉદેપુરની જગ્યાના સંદર્ભમાં હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી પણ મોરબી અને ગીર સોમનાથ માટે ચાલુ વર્ષમાં આયોજન કરવામાં આવ્યું છે. એટલે આગામી દિવસોમાં ગુજરાતનો એક પણ જિલ્લો એવો નહીં હોય, નવરચિત જિલ્લા સહિત કે જ્યાં ન્યાયિક અદાલતો સ્થપાઇ ન હોય. આ અદાલતોની સ્થાપના માટે આપણે કામ કરવા માટે સંમત થયા છીએ. આ દેશના વડાપ્રધાન અને જે તે વખતના રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં વિકેન્દ્રિત વિકાસના માધ્યમથી નવા જિલ્લાઓ બનાવ્યા અને એના માધ્યમથી જિલ્લાનો વિકાસ થાય, જિલ્લાના વિકાસની સાથે એ જિલ્લામાં ન્યાયિક વ્યવસ્થાઓ પણ થાય એ માટે આ રાજ્ય સરકારે ચિંતા કરી છે. આ રાજયના ૨૨૨ તાલુકાઓની અંદર કોર્ટોની સ્થાપના કરી છે. ૨૫ જેટલા બાકીના તાલુકાઓ છે એ તાલુકાઓમાં રાજ્ય સરકાર દ્વારા કોર્ટો માટેની મંજૂરી આપવામાં આવેલ છે જે નામદાર વડી અદાલત દ્વારા દરખાસ્ત મળ્યેથી રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક શરૂ

કરવામાં આવશે. જે ત્રણ નવરચિત તાલુકાઓ છે એમાં તાપી જિલ્લાનું કુકરમુંડા, ડોલવાની અને નર્મદા જિલ્લાના નાંદોદ માટે આ વખતે આયોજનમાં લઇ લીધું છે. આ સમગ્ર વ્યવસ્થાઓ આપના સમક્ષ મૂકયા પછી હું વાત કરવા માગું છું કે, આગામી દિવસોમાં ગુજરાતનો એક પણ તાલુકો ન્યાયિક સવલતો વિના ન રહે એ આ રાજ્ય સરકારનો નિર્ધાર છે. સૌથો સાથ સૌનો વિકાસ અને સૌને ન્યાય એ માટે કોર્ટોની સ્થાપના કરવાની આવશ્યકતા છે. એના માટે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી વખતે આપણે ૭૦ નવી કોર્ટોની સ્થાપવાનો નિર્ણય કર્યો હતો અને આ નવી કોર્ટો માટે ૪૯૦૦નું સપોર્ટિંગ મહેકમ પણ મંજૂર કર્યું હતું. આ કોર્ટોના મળેલા હકારાત્મક પ્રતિસાદને ધ્યાને લેતા નામદાર ગુજરાત હાઇકોર્ટની સ્વર્ણિમ ગુજરાતની નવી કોર્ટોને આગામી ૫ વર્ષ સુધી લંબાવવા માટેનો આપણે નિર્ણય કર્યો છે. આ રાજ્યની અંદર વ્યસનની સામે આપણે સૌ લોકો ઇચ્છીએ છીએ કે આપણું રાજ્ય વ્યસનમુક્ત રહે અને એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુના રજિસ્ટર્ડ છે એ આપણા સૌના માટે ચિંતાકારક છે. એમાં જે ગુનેગારો પકડાય એ ગુનેગારોને સજા થાય એના માટે અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે કુલ ૩ કોર્ટોને મંજૂર કરી હતી અને આ ત્રણ કોર્ટો તા. ૪–૧–૨૦૧૬થી આ રાજ્યમાં અમલમાં આવી ગઇ છે. આપણા સૌની ચિંતા છે કે રસ્તે જતાં કોઇ અકસ્માત થાય અને અકસ્માતના કારણે કેસ ચાલે અને આપણે સૌ જાણીએ છીએ કે વર્ષો સુધી કોર્ટમાં કેસ ચાલ્યા કરે. કોઇનો હાથ કપાયો હોય, કોઇનો પગ કપાયો હોય, કોઇકના પરિવારનો મોભી વ્યક્તિ જ્યારે ગુજરી ગયો હોય ત્યારે આવકના સાધનો ન હોય અને એની નજર એ કેસના ચૂકાદા ઉપર હોય ત્યારે આપણે નામદાર હાઇકોર્ટને વિનંતી કરી અને નામદાર હાઇકોર્ટે અમદાવાદ ગ્રામ્ય, બનાસકાંઠા, પાલનપુર, દાહોદ, કચ્છ, ખેડા, પંચમહાલ, રાજકોટ, સુરત, વડોદરા અને સિટી સિવિલ એમ ૨૦૧૫–૧૬માં મોટર વાહન અકસ્માતના વળતરના કેસો ચલાવવા માટેની કામગીરી શરૂ થઇ ગઇ છે. ડિજિટલ ઇન્ડિયા એ માત્ર આપણો નારો નથી પણ ડિજિટલ ઇન્ડિયાના માધ્યમથી સમગ્ર વ્યવસ્થાઓમાં એને જોડીને આખા કામનું સરળીકરણ કરવા માટે આ વખતના બજેટમાં ગુજરાત સરકાર દ્વારા નામદાર હાઇકોર્ટનો સમગ્ર રેકોર્ડ અને એ રેકોર્ડના ડિજિટલાઇઝેશન માટે ૫ કરોડનું પ્રોવિઝન કર્યું છે. કોર્ટ ખાતે બલ્ક પ્રમાણમાં જાળવવામાં આવતા બ્રિફકેસ, પેપર્સ, ચૂકાદા, સાઇટેશન જેવું રેકોર્ડનું ડિજિટલાઇઝેશન કરવાથી જગ્યા પણ બચશે, પેપરલેસ નહીં પણ હવે લેસ પેપરની દિશામાં આગળ વધવાનો આપણો પ્રયાસ છે. આખી વ્યવસ્થામાં મને જણાવતા આનંદ થાય છે કે કોર્ટ મેનેજરની સિસ્ટમ કરી. કોર્ટમાં સામાન્ય રીતે લો ઓફિસર, જ્યુડિશિયલ ઓફિસર હોય છે. આ લોકોને જ્યુડિશિયલ લેવલના જ્ઞાનનો વિષય હોય પણ મેનેજમેન્ટની દિશામાં એમનું જ્ઞાન ઓછુ–વત્તુ હોય. એમાં એમ.બી.એ. થયેલા ડીગ્રી ધરાવતા કોર્ટ મેનેજર નક્કી કર્યા છે અને આ કોર્ટ મેનેજરના માધ્યમથી કોર્ટના વહિવટમાં એને administration તાલીમ આપવાનું, કેસોનું વેરીફિકેશન કરવાનું, ભરતી કરવાની, રજિસ્ટર જાળવવાના, કોમ્પ્યુટરાઇઝેશનની એક્ટિવિટી કરવાની અને આ બધા એટલે માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટ મેનેજર એટલે court management, case management, IP system management. આમ એક skilled manpower નો નવો કોર્ટની સિસ્ટમની અંદર ઉમેરો થાય એના માટે પ્રયાસ કર્યો છે. દરેક કોર્ટની અંદર Assistant Public Prosecutor એ આવશ્યક છે. જે મહેન્દ્રસિંહભાઇએ ચિંતા કરી એ ચિંતાને હું પણ સમર્થન આપું છું અને ગુજરાત સરકારે જી.પી.એસ.સી.ની અંદર ૫૫૪ જેટલી જગ્યાની લેખિત પરિક્ષા પૂર્ણ થઇ છે. જી.પી.એસ.સી.માં અમારા વિભાગ દ્વારા પણ ફોલોઅપ ચાલે છે. આગામી દિવસોમાં એની મૌખિક પરિક્ષા પૂર્ણ થયે ૫૫૪ જેટલા નવા એ.પી.પી. ગુજરાતની કોર્ટોને મળવાના છે. તાલુકા વધ્યા, જિલ્લા વધ્યા એ પ્રમાણે આગામી દિવસોમાં એની અંદર બીજી ૪૩ જગ્યાઓ વધારી અને આમ કુલ વત્તા જી.પી.એસ.સી.ની વત્તા ૪૩ આમ ગણીને આગામી દિવસોમાં ૯૨૩ એ.પી.પી. સુધી પહોંચવા માટે આપણે પ્રયત્ન કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, કુલ લિટિગેશનનું મહત્તમ પ્રમાણ હોય તો એ શહેરોમાં આવે છે. એક વડોદરા જોઇએ તો વડોદરામાં destination center વડોદરાનું પ્રાઇમ લોકેશન કહેવાય. અત્યારે ન્યાય મંદિરના ભાગની અંદર ટ્રાફિકની સમસ્યા છે. એ વડોદરા ખાતે આ પ્રાઇમ લોકેશનમાં ૧૩૦ કરોડના ખર્ચે ૭૬ કોર્ટો બનાવવાનું કામ પરિપૂર્ણ થવાની દિશામાં છે. અમદાવાદ સિટી સિવિલ કોર્ટમાં પણ ૫૯ જેટલી કોર્ટો ૧૨૮ કરોડના ખર્ચે બની રહી છે. સુરતમાં ૪૪ કોર્ટો ૪૮ કરોડના ખર્ચે પરિપૂર્ણ થઇ છે. મહેસાણા જિલ્લાની અંદર ૪૧ કોર્ટો એ ૬૨ કરોડના ખર્ચે પૂર્ણ થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ નાના મોટા કામ માટે હાઇકોર્ટમાં જતા હોઇએ છીએ અને હાઇકોર્ટના વકીલો પણ આપણને રજૂઆત કરતા હોય છે કે – તમે સરકારને કહો કે અમારાં માટે બેસવાની વ્યવસ્થા કરે. આપણે નામદાર હાઇકોર્ટ ખાતે વકીલોની ૨૦૦ ચેમ્બર માટે ૧૭.૧૦ કરોડની ગુજરાત હાઇકોર્ટના વકીલોને બેસવાની વ્યવસ્થા કરી છે. ગુજરાત સરકારની એક જગ્યા કે જ્યાં બેસીને કેસોનું સંકલન થાય, જ્યાં પી.પી. બેસે, જી.પી. બેસે, ડબલ એ.જી. બેસે, એ.જી. બેસે., એ.જી.પી. બેસે, એ.પી.પી. બેસે તો આ બધાને રાજ્ય સરકારના બધા અધિકારીઓ જ્યાં અવારનવાર જાય. આ કાયદા ભવન અત્યંત સાંકડું હતું અને અત્યંત આધુનિક કાયદા ભવન માટે ૨૯ કરોડ મંજૂર કર્યા હતા એની કામગીરી પરિપૂર્ણ થવાની દિશામાં છે. કોઇપણ જગ્યાએ જાવ તો recruitment of manpower અને skill upgradation એ આપણા માટે અગત્યના મુદ્દા છે અને આ ગુજરાતના જેટલા એ.પી.પી. છે અને નામદાર હાઇકોર્ટ અને બાકીની કોર્ટોની અંદર જેટલા litigations છે. એ Information Technology માટે, Right to Citizens Act માટે, Domestic Violence Act, Commercial Act, 2015 આ બધાના માધ્યમથી એમના skill development માટે કામ કરવામાં આવે છે. નામદાર વડી અદાલતખાતે ૬૪ કરોડના ખર્ચે ન્યાયિક એકેડેમીના નવા બિલ્ડિંગને મંજૂરી આપી છે અને એ કામ ઘણું પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ અને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમનામાં દ્રષ્ટિ હતી કે ગુજરાતને સંપૂર્ણ રીતે સજ્જ કરવું હશે તો આ હાઇ–ફાઇ યુગની અંદર ગુનેગારો હવે વાઇ–ફાઇનો

પણ ઉપયોગ કરે છે અને જુદી જુદી સાઈબર એક્ટિવિટી પણ યુઝ કરે છે. એના માટે ગુજરાતની અંદર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી થઈ. ગુજરાતના પોલીસ તંત્રને સારી ફોર્સ મળે તેના માટે રક્ષા યુનિવર્સિટી થઈ અને એ પ્રમાણે આ કેસો અસરકારક રીતે લડવા માટે ગુજરાતનું યુવાધન તૈયાર થાય એના માટે નેશનલ લો યુનિવર્સિટી તૈયાર થઈ અને આ નેશનલ લો યુનિવર્સિટીમાં પણ આ રાજ્ય સરકારે ૧૮૦ કરોડનો ખર્ચો કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ એ થાય છે કે હમણાં થોડા દિવસ પહેલા બાંગ્લાદેશના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, આપણાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને એમની ઉપસ્થિતિમાં લો યુનિવર્સિટીમાં એક ઓરા ઓડિટોરિયમનું આપણે ઉદ્ઘાટન કર્યું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આપણે સૌ ઈચ્છીએ છીએ કે, કોઈને પણ કોર્ટના દરવાજા ચઢવા ગમતા નથી અને નાછુટકે જ આપણે કોર્ટ સમક્ષ જઈએ છીએ. આ રાજ્ય સરકારે પણ એવો અભિગમ રાખ્યો છે. અને આ રાજ્ય સરકારે આ અભિગમની શરૂઆત ગામડાંથી કરી છે. આપણો જે પાવન ગ્રામનો કન્સેપ્ટ છે, આપણો જે તિર્થ ગ્રામનો કન્સેપ્ટ છે, આપણો જે સમરસ ગ્રામનો કન્સેપ્ટ છે, આની પાછળનો આશય એક જ છે કે, ગામની અંદરનું વાતાવરણ સમરસ રહે, જેથી કોઈ પણ પ્રકારના કેસીસ ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા વિભાગ દ્વારા પણ નારી અદાલતો અને નારી સામખ્ય જેવી યોજનાઓના માધ્યમથી આ મહિલાઓના કેસોનું નિરાકરણ થાય. એના કરતાં આપણને આંતર રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મળ્યો છે એવો સ્વાગત ઓન લાઈન. કોઈ પણ અરજદાર મુખ્યમંત્રીશ્રીને તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ સ્વાગત ઓન લાઈનના માધ્યમથી પોતાની ફરિયાદ રજૂ કરે અને આ સ્વાગત ઓન લાઈનના માધ્યમથી અને હમણાં નિયમ-૪૪ હેઠળ આ સન્નમાનીય સભાગૃહમાં જે જાહેરાત કરવામાં આવી, એ જાહેરાત લોકસંવાદ સેતુ. ગુજરાતના તાલુકે તાલુકે મંત્રીઓ જશે અને પ્રજાના પ્રશ્નો સીધા સાંભળશે. મહેસૂલના હશે તો મહેસૂલને કહશે, નાગરિક પુરવઠાનું હશે તો એને કહેશે એટલે આખું આપણું પ્રિ-લિટિગેશન માટે, કોર્ટ સુધી કેસોની માત્રા ઘટે એના માટે રાજ્ય સરકારે અનેક રીતે કામ કર્યું છે. અને એના ઉપરાંત ચાલો આપણે વિવાદ ના કરીએ અને લોક અદાલતો દ્વારા કેસોનું સમાધાન કરીએ અને માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રીના વડપણ હેઠળ લોક અદાલતોની પણ ગુજરાતની અંદર ઉત્તમ કામગીરી થાય છે. હું ૨૦૧૫માં થયેલા કુલ ૧૩,૧૨૮ જેટલી લોક અદાલતોમાં કુલ ૪,૪૭,૩૮૩ કેસો મૂકવામાં આવ્યા અને જે પૈકી ૧૦૩૭.૭૯ કરોડની વિક્રમી રકમનો એવોર્ડ આ લોક અદાલતોની અંદર જાહેર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એના કરતાં, વર્ષોથી આપણે જાણીએ છીએ કે, ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતનું યુદ્ધ ટાળવા માટે મિડિએશન, મધ્યસ્થીની પોતાની ભૂમિકા ભજવી હતી. એ લિટિગેશન ઘટાડવા માટેના વૈકલ્પિક રસ્તા માટે મિડિએશનનો પણ માર્ગ આપણે કર્યો છે. ૨૦૧૫માં ગુજરાત રાજ્યની તમામ અદાલતોમાં કુલ ૨,૦૭૮ કેસોમાં મિડિએશન સેન્ટર મારફતે સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા, એમાં ૪૬૬ કેસોનું નિરાકરણ આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેરિટી તંત્ર પણ એ કાયદા વિભાગનો એક ભાગ છે. આ વિધાનસભાના સભ્યશ્રીઓએ અવારનવાર ચેરિટી તંત્રમાં થતા વિલંબની અનેક રજૂઆતો મારી પોતાની સમક્ષ કરી છે. મારી પોતાની પણ વ્યથા છે કે, ચેરિટી તંત્રમાં જે પડતર છે એનો ઝડપથી નિકાલ થાય. આખા નવા ચેરિટી તંત્રને નવા રંગરૂપ આપવા માટે જી.પી.એસ.સી. દ્વારા આપણને સાત જેટલા આસિસ્ટંટ ચેરિટી કમિશનરો મળ્યા છે અને આગામી દિવસોમાં રાજ્ય સરકારની મદદથી, મહેસૂલ વિભાગની મદદથી રાજ્યના તમામ જિલ્લામાં ચેરિટી ભવનો કરવા માટે આ રાજ્ય સરકારનો ચાલુ વર્ષની અંદર સંકલ્પ છે. એના ઉપરાંત ચેરિટીની ભાવના સાથે ગુજરાતનો પ્રત્યેક નાગરિક જોડાયેલો છે. કેમ કે, આપણામાં ટ્રસ્ટી શીપની ભાવના છે અને એકલા સરકારની શકિત સિમિત છે, પ્રજાની શકિત અમાપ છે અને સરકારની શકિત સાથે ચેરિટીના ટ્રસ્ટોના માધ્યમથી જ્યારે પ્રજાની શકિત જોડાય ત્યારે એ ચેરિટી તંત્ર સાથે જોડાયેલા ટ્રસ્ટોની પણ અસરકારકતા વધે એના માટે એને સરકારમાં કોઈ તકલીફ ન પડે એના માટે એમાં કોમ્પ્યુટરાઈઝેશનની દિશાની અંદર અને નાના મોટા અનેક વહીવટી સુધારણા એ દિશાની અંદર રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં આપનું પૂરું કરો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વકફ બોર્ડ, એ પણ અમારો એક વિભાગ છે. વકફ બોર્ડની અંદર પણ અમે આમૂલ પરિવર્તન કરવા માટેના પ્રયાસ કર્યા છે. છેલ્લે એટલું જ કહીશ, આ દેશના વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ટી.એસ.ઠાકુર સાહેબે, અસહિષ્ણુતા અંગે તેમણે કહેલ વાતનો હું ઉલ્લેખ કરવા માગુ છું. ઠાકુર સાહેબે કહ્યું છે કે, અમે આ દેશના તમામ વર્ગના નાગરિકોના હક્કોની રક્ષા કરવા સક્ષમ છીએ. તે અમારી જવાબદારી છે. કાયદાનું શાસન આપણા બંધારણમાં સુનિશ્ચિત કરવામાં આવેલ છે. તમામ વ્યકિતઓના અધિકારોની રક્ષા થશે. કાયદાનું શાસન તો આ દેશના નાગરિક ન હોય તેમના માટે પણ છે. જયાં સુધી દેશમાં કાયદાનું શાસન છે, બંધારણે આપેલ સુનિશ્ચિતતા છે અને સ્વતંત્ર ન્યાયતંત્ર છે ત્યાં સુધી કોઈએ ડરવાની જરૂર નથી. આ વિભાગ વ્યથાવાળા લોકોની વ્યવસ્થા કરીને, એમના પ્રત્યે સંવેદના વ્યકત કરીને ઝડપથી ન્યાય કરવાવાળો વિભાગ છે તો જે કાપ દરખાસ્તો મૂકી છે એ કાપ દરખાસ્તો પાછી ખેંચી અને મારા બજેટને સમર્થન આપે એવી સમગ્ર સભાગૃહને વિનંતી.

શ્રી બાબુભાઈ ભી. બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ તો જે માનનીય સભ્યશ્રીઓએ માગણીઓમાં ભાગ લીધો છે એ સૌનો આભાર માનું છું. કૃષિ અને પશુપાલન એ બે એવા વ્યવસાયો છે કે માનવ સભ્યતાની શરૂઆત થઈ ત્યારથી આ બે વ્યવસાય માનવો કરતા. હિન્દુસ્તાનની અંદર કૃષિ અને પશુપાલનની તાકાત હતી કે તે

અહીંયા ઉત્પાદન પણ કરતા અને વિશ્વની અંદર નિકાસ કરીને ત્યાંથી જે ધન કમાઇને આવતા એને લીધે આ દેશમાં ધનની એટલી બધી છત હતી, ખૂબ સમૃદ્ધિ હતી અને એ સમૃદ્ધિને લીધે બહારના દેશના લોકો અહીંયા આક્રમણ કરવા પણ આવતા. આવી કૃષિ અને પશુપાલનમાં તાકાત હતી. મારે ખાસ આ મિત્રોને જણાવવાનું કે આમાંથી પડતીની શરૂઆત ક્યારે થઇ? જયારે અંગ્રેજો આ દેશમાં શાસન કરવા માટે આવ્યા અને પોતાના દેશમાં જે માલ ઉત્પાદન કરે અને આ દેશના લોકો એ લેતા થાય એના માટે થઇને ધીમેધીમે કરીને આપણું પશુપાલન અને ખેતી નિર્મૂળ થાય, એની આવક ઓછી થાય, એનાથી દૂર જતા જાય એવા પ્રયાસો કર્યા. આ દેશનો જે આત્મા છે એ ગામડાંઓમાં છે અને એને લીધે મહાત્મા ગાંધીજી જયારે સાઉથ આફ્રિકાથી અહીંયા આવ્યા ત્યાં સફળ આંદોલન કરીને, ત્યારે લોકમાન્ય તિલકજીને એ મળ્યા ત્યારે લોકમાન્ય તિલકજીએ એમને કીધું કે તમારે જો જાહેર જીવનમાં આવવું હોય તો પહેલા આ દેશના ગામડાંઓ તમે જોઇ લો અને મહાત્મા ગાંધીજીએ આખા દેશમાં રેલ્વેની અંદર પ્રવાસ કર્યો અને ગામડાંઓ જોયા હતા. કારણ કે મહાત્મા ગાંધીજી પોતે દિવાનના દીકરા હતા. એમને ગામડાંઓની ખબર નહોતી પણ એ ગામડાંઓ ફર્યા પછી એમને ખ્યાલ આવ્યો કે ગામડાંઓ જયાં સુધી સમૃદ્ધ નહીં થાય, ગામડાંઓ જયાં સુધી આગળ નહીં આવે, જયાં સુધી ખેતી સમૃદ્ધ નહીં થાય ત્યાં સુધી આઝાદી મળ્યા પછી પણ આ દેશનો ઉદ્ધાર નહીં થાય અને જે ગ્રામ્ય અર્થતંત્ર ઉપર મહાત્મા ગાંધીજીએ ભાર મૂકયો હતો. ૧૯૪૭માં આઝાદી મળી અને જે લોકો સત્તા ઉપર બેઠા એ લોકોને ખ્યાલ ન રહ્યો કે મહાત્મા ગાંધીજીએ શું કીધું છે અને ગામડાંઓને સમૃદ્ધ કરવા માટે શું કરવું જોઇએ અને એના માટે ધ્યાન ન આપ્યું એના લીધે શું પરિસ્થિતિ હતી? મારે આખા દેશની વાત નથી કરવી પણ જો ગુજરાતની વાત કરીશું ને તો અહીંયા સિનિયર ઘણાબધા ધારાસભ્યશ્રીઓ છે એમને પૂછો કે ૧૯૯૫ પહેલા આ રાજયના બધા ગામડાંઓ પાકા રસ્તાથી જોડાયેલા હતા? તો એનો જવાબ તમને ના મળશે. તમે ૨૦૦૦ સુધી ગણો તો ૫૩ વર્ષમાં જે ચેકડેમો થયા હતા એ ૪૦૯૫ થયા હતા એના પછી થોડા ચેકડેમો થયા. ૧૭૦૦૦ કરતા વધારે ચેકડેમો નહોતા થયા. ખેડૂતોની હાલત શું હતી? અહીંયા ભાવની વાત કરતા હતાને? આમાં ઘણાબધા મિત્રો હતા એ પોતે જો જણસ વેચવા ગયા હશેને તો એને ખબર હશે ૧૦ રૂપિયે ૨૦ કિલો મગફળી બજારમાં વેચાતી હતી. સો કિલો બાજરો ૫૦ રૂપિયામાં મળતો. આ હાલત આ દેશની તમારા સમયમાં હતી. શા માટે આ હાલત હતી એ પણ ખબર છે હું આગળ કહીશ. (અંતરાય) કૃષિ માટેની ચિંતા કરવી જોઇએ એ એટલા માટે ચિંતા ન કરી કે સત્તાસ્થાને બેઠેલા છે એને ગામડાં શું છે અને કૃષિ શું છે એ ખબર નથી અને એટલા માટે એમણે ક્યારેય ધ્યાન નથી આપ્યું. ૨૦૦૨માં નરેન્દ્રભાઇ અહીંયા દેશના મુખ્યમંત્રી બન્યા અને નરેન્દ્રભાઇ પોતે ખેડૂત નહોતા પણ એમણે પોતે ભારત ભ્રમણ કર્યું હતું. મેં જેમ કીધુંને કે લોક માન્ય ટિળકે મહાત્મા ગાંધીજીને કીધું હતું કે તમે જેમ ભારત ભ્રમણ કરો એમ એમણે જે ભારત ભ્રમણ કર્યું હતું એને જે ગ્રામ્ય વિસ્તારની ખબર હતી. આ ગામડાંઓને સમૃદ્ધ કરવા માટે શું કરવું જોઇએ એનાં પોતાનાં વિચારો હતાં. એના લીધે ૨૦૦૨માં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી કૃષિની પરિસ્થિતિ ક્યાં સુધી લઇ ગયા છે. હું વિધાનસભામાં પડેલા છે તે બધા આંકડાઓ હવે પછી મૂકીશ. ૨૦૧૬-૧૭ માં કૃષિનું અને એને સંલગ્ન બધા વિભાગોનું બજેટ ૨૬,૨૭૨ કરોડનું છે. કૃષિની સેવાઓ છે એના માટેનું બજેટ ૫,૯૪૦ કરોડનું. સરદાર સરવોર નર્મદા યોજનાનું બજેટ ૯,૦૫૦ કરોડનું. સિંચાઇ અંતર્ગત ૫,૨૪૪ કરોડનું. કૃષિને વીજ આપવામાં આવે છે તેનું બજેટ ૫,૮૦૪ કરોડનું. આ બધું થઇને ૨૬,૨૭૨ કરોડ છે. એટલે રાજ્યનું કુલ જે બજેટ છે, એના ૩૨ ટકા બજેટ આ ૨૦૧૫-૧૬ માં આપણા મુખ્યમંત્રીશ્રીએ એટલા માટે આપ્યું છે કે એ પોતે ખેડૂત પુત્રી છે. પશુપાલન અને ખેતી જાતે કરી હતી. એમને ખબર છે કે કૃષિ અને પશુપાલનમાં ખેડૂતોની શી હાલત હોય છે. વીજળીની ઘણી બધી વાતો કરી. અમે ૧૬-૧૭-૨૪ કલાક વીજળી આપતા હતા. બજેટના આંકડા આપ્યા છે તેમાંથી તમને ખ્યાલ આવશે. ૧૯૮૪-૮૫ થી ૧૯૯૫-૯૬ માં ખેડૂતોને વીજળી આપેલ હતી, એની અંદર ૧૦ વર્ષમાં ૪,૩૮૦ કરોડની સહાય ચુકવેલ છે. દર વર્ષે એવરેજ ૪૩૭ કરોડ રૂપિયા થઇ. અહીયા આપણે ૨૦૦૫ થી ૨૦૧૫-૧૬ એમ ૧૦ વર્ષ આપણે વીજ કનેક્શન આપેલાં છે. અગાઉ ગણાવ્યા તેમાં વીજ કનેક્શન ૨,૭૬,૦૦૦ હતા. આની અંદર ૬,૩૧,૮૦૮ વીજ કનેકશનો અને ૩૪,૦૨૦ કરોડ વીજળીની સબસિડી થઇને ૩,૪૦૨ કરોડ રૂપિયા એક વર્ષનાં થયાં. આજે વીજળીમાં ૪૩૮ કરોડમાંથી ૩,૪૦૨ કરોડ સુધીનો વધારો થયો છે. તેમાં ખેડૂતો પાસેથી એક પણ પૈસાનો વીજળીનો ભાવ વધારો લેવામાં આવેલ નથી. જે ભાવ વધારો તમે લોકો હતા ત્યારનો ભાવ વધારો છે. એટલે કોણે ખેડૂતોની અને વીજળીની ચિંતા કરી તે આપ સૌને ખ્યાલ આવશે કે આ સરકાર આવ્યા પછી આ બધી પરિસ્થિતિનો ફેરફાર થયો છે. આ વર્ષમાં કૃષિની વીજળી માટેની જોગવાઇ સબસિડી માટેની ૪,૧૧૦ કરોડ રૂપિયા હતી. અને નવાં કનેક્શન એક લાખ આપવાનાં છે. એના માટે થઇને ૧,૬૦૦ કરોડ કરતા વધારે રકમ નવાં કનેક્શન માટે છે. જે આ વખતે ફાળવવામાં આવ્યાં છે. ૧૯૮૫-૮૬ થી ૧૯૯૫-૯૬ સુધીનું કૃષિનું બજેટ ૫૯૧.૬૩ કરોડ રૂપિયાનું હતું. વાર્ષિક ૫૩ કરોડ રૂપિયા થયા.(અંતરાય) આ બધા આંકડા રેકર્ડ ઉપરના છે. ૨૦૦૫ થી ૨૦૧૬-૧૭ માં ૩૧,૦૪૬ કરોડ રૂપિયા એટલે વાર્ષિક ૨,૮૧૮ કરોડ રૂપિયા. ક્યાં તમારા ૫૩ કરોડ રૂપિયાની ખેડૂતો માટેની બજેટ વ્યવસ્થા અને આજે ૨,૮૧૮ કરોડ રૂપિયાની બજેટ વ્યવસ્થા? આ જ બતાવે છે કે આ સરકાર ખેડૂતલક્ષી સરકાર છે. ૨૦૦૨ પછી કૃષિમાં વિકાસ થયો છે એના આંકડાઓ આપીશ. કૃષિ વિકાસ દર ૧૯૯૧ થી ૨૦૦૦ માં માઇનસ ૨.૦૯ હતો. જે આજે ૨૦૧૩-૧૪ માં ૧૧.૭ ટકા કૃષિ વિકાસ દર થયો છે. રાજ્યની કૃષિની આવક ૨૦૦૪-૦૫ માં ૨૬,૭૪૬ કરોડ રૂપિયા ચાલુ ભાવે છે. આજે જે ભાવ છે એ પ્રમાણે. આજે ૨૦૧૪-૧૫ માં કૃષિની આવક ૧,૧૭,૯૦૦ કરોડ રૂપિયા. એટલે જે કૃષિની આવક હતી એના કરતા સાડા ચાર ગણો વધારો બતાવે છે. ઘણી વખત અલગ અલગ ચર્ચા ઉપરથી વાત આવી છે. ઉદ્યોગપતિઓને જમીનો આપી દીધેલ છે. વાવેતર વિસ્તાર ઘટ્યો છે. આંકડા સાથે કહીશ. વાવેતર વિસ્તાર વધ્યો છે. ખેતીનું ઉત્પાદન વધ્યું છે. વર્ષ ૨૦૦૪માં ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૩૬.૭ લાખ હેકટર હતો અને ઉત્પાદન ૫૧.૫૩ લાખ મેટ્રિક ટન હતું. વર્ષ ૨૦૧૪-૧૫માં ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૩૫.૧૫ લાખ હેકટર થયો અને ઉત્પાદન ૭૭.૯૫ લાખ મેટ્રિક ટન થયું

છે. એટલે વાવેતર વિસ્તારમાં ૧.૪૫ લાખ હેક્ટરનો ઘટાડો અને ઉત્પાદનમાં ૨૬.૪૨ લાખ મેટ્રિક ટનનો વધારો થયેલ છે. આ વધારો એટલા માટે થયેલ છે કે પાણીની સગવડતા, વીજળીની સગવડતા, સમયસર ખાતર, યોગ્ય બિયારણ અને સમયસર માર્ગદર્શન આપેલ છે. માનનીય રામસિંહભાઇ કહેતા હતા કે માર્ગદર્શન આપો. આ માર્ગદર્શનને લીધે ઓછી જમીનમાંથી વધારે ઉત્પાદન પણ મેળવ્યું છે. તેવી જ રીતે તેલીબિયાના પાકોની અંદર ૨૦૦૪–૦૫ના વર્ષમાં વાવેતર વિસ્તાર ૧૯.૭૮ લાખ હેક્ટર હતો અને તેની સામે ઉત્પાદન ૨૮.૯૯ મેટ્રિક ટન હતું. વર્ષ ૨૦૧૪–૧૫માં તેલીબિયાના પાકનો વાવેતર વિસ્તાર ૨૫.૪૦ લાખ હેક્ટર હતો અને ઉત્પાદન ૪૭.૮૨ લાખ મેટ્રિક ટન થયેલ છે. એટલે વાવેતર વિસ્તારમાં ૪.૪૮ લાખ હેક્ટરનો ઘટાડો થયેલ છે અને તેની સામે ઉત્પાદનમાં ૧૯.૮૩ લાખ મેટ્રિક ટનનો વધારો થયેલ છે. જેમ ખાદ્યાન્નની અંદર વાવેતર વિસ્તાર ઘટવા છતાં ઉત્પાદન વધ્યું છે તે જ રીતે તેલીબિયાના પાકોમાં વાવેતર વિસ્તાર ઘટવા સાથે તેનું ઉત્પાદન વધ્યું છે. કપાસની અંદર ૨૦૦૪–૦૫ની અંદર ૧૯.૬ લાખ હેક્ટરમાં વાવેતર થયેલ અને તેમાં ઉત્પાદન ૫૫.૪૩ લાખ ગાંસડીનું થયેલ છે. ૨૦૧૪–૧૫ની અંદર કપાસનું વાવેતર ૨૭.૭૩લાખ હેક્ટર થયેલ છે અને તેમાં ઉત્પાદન ૯૬.૨૪ લાખ ગાંસડીનું થયેલ છે. વાવેતર વિસ્તાર વધ્યો છે અને તેના પ્રમાણમાં કપાસનું ઉત્પાદન પણ વધ્યું છે. વાવેતર વિસ્તારમાં ૮.૬૭ લાખ હેક્ટરનો વધારો થયેલ છે અને ઉત્પાદન ૪૦.૪૧ લાખ ગાંસડીનો વધારો થયેલ છે. બાગાયતી પાકોમાં જોઇએ તો ૨૦૦૪–૦૫માં તેનો કુલ વાવેતર વિસ્તાર ૯.૭૦ લાખ હેક્ટર હતો અને તેની સામે ઉત્પાદન ૯૪.૬૧ લાખ મેટ્રિક ટન હતું. વર્ષ ૨૦૧૪–૧૫માં બાગાયતી પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૧૪.૬૭ લાખ હેક્ટર હતો જયારે ઉત્પાદન ૨૧૩.૨૨ લાખ મેટ્રિક ટન થયેલ છે. વાવેતર વિસ્તારમાં ૪.૯ લાખ હેક્ટરનો વધારો થયેલ છે અને તેની સામે ઉત્પાદન ૧૧૮.૬૩ લાખ મેટ્રિક ટનનો વધારો થયેલ છે. એકંદરે જોઇએ તો વર્ષ ૨૦૦૪–૦૫માં કૃષિ અને બાગાયતી પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૯૫.૧૪ લાખ હેક્ટર હતો અને તેની સામે ઉત્પાદન ૧૮૪.૫૬ મેટ્રિક ટન હતું. ૨૦૧૪–૧૫માં કૃષિ અને બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર ૧૦૨.૯૫ હેક્ટર હતું અને તેની સામે ઉત્પાદન ૩૫૬.૦૩ મેટ્રિક ટન થયેલ છે. એટલે આમાં લગભગ ૭ લાખ હેક્ટર જેટલો વાવેતર વિસ્તારમાં વધારો થયેલ છે. કૃષિ અને બાગાયતી પાકોના કુલ વાવેતર વિસ્તારમાં ૭.૮૧ લાખ હેક્ટરનો વધારો થયેલ છે જયારે ઉત્પાદનમાં ૨૫૩.૪૧ લાખ મેટ્રિક ટનનો વધારો થયેલ છે. વાવેતર વિસ્તાર ઘટેલ છે છતાં ઉત્પાદન વધેલ છે. રાજય સરકારની અલગ અલગ સહાયની યોજનાઓ છે તે પણ ખેડૂતોને સરળતાથી અને પારદર્શકતાથી મળે એટલા માટે આઇ ખેડૂત પોર્ટલ શરૂ કરેલ છે. તેમાં ગુજરાત રાજયના ૪૮.૮૫ લાખ નોંધાયેલા ખેડૂતો પૈકી ૧૫.૫૧ લાખ ખેડૂત ખાતેદારોએ ઇ–ગ્રામ મારફતે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવેલ છે. ૨૦૧૫–૧૬માં ૩.૫૨ લાખ ખેડૂતોએ ઓનલાઇન અરજી કરેલ છે તેમાં ૩.૨૦ લાખ જેટલા ખેડૂતોને કૃષિ ઓજારના સાધનોની ખરીદી માટે મંજૂરી પણ આપવામાં આવેલ. તેવી જ પરિસ્થિતિ સોઇલ હેલ્થ કાર્ડમાં છે. અત્યાર સુધી આપણે માણસની તબિયતની ચિંતા કરતા હતા. માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી તરીકે આવ્યા ત્યારથી જમીનની તબિયત બરાબર રહે, તેની તબિયત બગડે નહીં, તેની પાસે પોષણક્ષમ તત્વો છે કે નહીં તેની ચિંતા કરીને સોઇલ હેલ્થ કાર્ડ ગુજરાતમાં લાવ્યા હતા. તેના આધારે આજે આખા દેશના બધા રાજયોએ આને અપનાવેલ છે. તેની અંદર કોંગ્રેસના રાજયો પણ આવી જાય છે. પ્રથમ તબક્કામાં ૪૨.૨૯ લાખ જમીનના નમુનાઓનું એકત્રીકરણ અને પૃથ્થકરણ કરેલ છે. બીજા તબક્કામાં ૪૪.૭૬ લાખ ખેડૂત ખાતેદારોને સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે. કૃષિ યાંત્રિકરણની અંદર ખેડૂતોને યોગ્ય ભાવે મળી રહે તેટલા માટે ઈટિન્ડરીંગ કરીએ છીએ. તેની અંદર જે કંપનીઓ ભાવ ભરે છે તેની સાથે નેગોસીએશન કરીને જે ડીલર હોય તેનું કમિશન ઘટાડીને સસ્તા ભાવે ટ્રેક્ટર અને રોટાવેટર મળી શકે તેવું રાજય સરકારે આયોજન કરેલ છે. આ વખતે ૨૦૧૬–૧૭માં ખેતીવાડી ખાતામાં જે જોગવાઇઓ કરેલ છે તેમાં ટ્રેક્ટરની ખરીદી માટે ૧૨૦ કરોડ રૂપિયા, પ્રધાનમંત્રી ફસલ વિમાના ૪૯૫ કરોડ રૂપિયા, કૃષિ મહોત્સવ માટે ૫૦ કરોડ રાજકીય ખાદ્ય સુરક્ષા મિશનમાં ૪૦ કરોડ, નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ એગ્રિકલ્ચર યોજનામાં ૬૦ કરોડ, ખેત ઉત્પાદનના સંગ્રહ માટેના ગોડાઉનો માટે ૧૨૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. મારા ખ્યાલથી માનનીય રામસિંહભાઇએ કહ્યું હતું કે, ખેડૂતોને માલ સંગ્રહ કરવા માટેની કોઇ વ્યવસ્થા નથી. આવતા દિવસોમાં બધાને સબસિડી સાથે આપણે ગોડાઉનોની મંજૂરી આપીશું અને રાજય સરકાર પોતે પણ ૨ લાખ મેટ્રિક ટન કરતા વધારે જથ્થાનો સંગ્રહ થઇ શકે એવા ગોડાઉનો બીજ નિગમ દ્વારા બનાવવા જઇ રહેલી છે. નેશનલ મિશન એન્ડ ઓઇલ સીડ્સ એન્ડ ઓઇલ પામ માટે ૩૭ કરોડ રૂપિયા, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કૃષિ પ્રદર્શન માટે ૧૫ કરોડ રૂપિયા, પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના નીચે ૨૫૦ કરોડ રૂપિયા, કૃષિ યાંત્રિકરણ માટે ૭૦ કરોડ રૂપિયા, ચીફ મિનિસ્ટર મિશન ઓન ફૂડ પ્રોસેસિંગ એના માટે ૨૫ કરોડ રૂપિયા, રાષ્ટ્રીય પ્રથમ ઓર્ગેનિક ફાર્મિંગ ઈન્સ્ટીટ્યુટ માટે ૧૦ કરોડ રૂપિયા, એગ્રો પ્રોડકટના બ્રાન્ડીંગ, માર્કેટિંગ અને તાલિમ માટે ૩ કરોડ રૂપિયા, રાસાયણીક ખાતરના સંગ્રહ માટે ૨૮.૫૦ કરોડ રૂપિયા, સેટેલાઇટ ઇમેજીંગ અને ડ્રોઇંગ ફોટોગ્રાફીના સર્વે માટે ૫૦ કરોડ રૂપિયા, નવસારી ખાતે સેનેટરી સર્ટીફિકેટની વ્યવસ્થા માટે ૨.૯૨ કરોડ રૂપિયા, ખાતરની ચકાસણી નડિયાદ ખાતે શરૂ કરવા માટે થઇને ૮૦ લાખની જોગવાઇ આ વખતે કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત વિભાગની અંદર પણ મેં જેમ અગાઉ કહ્યું તેમ આપણા ખેડૂતો છે એ દિવસે દિવસે બાગાયત ખેતી તરફ વધારે વળતા જાય છે. બાગાયતી ઉત્પાદનમાં દેશમાં છેલ્લા દસ વર્ષમાં બાગાયતી પાકોના વિસ્તારમાં ૧.૫૧ ગણો વધારો થયો છે જયારે ઉત્પાદનમાં ૨.૫ ગણો વધારો થયેલો છે. ગુજરાત રાજયનો રાષ્ટ્ર કક્ષાએ ફળ પાકોના ઉત્પાદનમાં ૯ ટકાનો હિસ્સો, શાકભાજી પાકોના ઉત્પાદનમાં ૭.૧ ટકાનો હિસ્સો તેમજ મસાલા પાકોના ઉત્પાદનમાં ૧૭ ટકાનો હિસ્સો ધરાવે છે. કૃષિ, પશુ પાલન અને બાગાયતની સંયુકત કૃષિ આવકમાં બાગાયતી પાકોની આવકનો હિસ્સો ૨૩ ટકા જેટલો થાય છે. ઇસબગુલના પ્રોસેસિંગ તથા નિકાસમાં દેશમાં ગુજરાત અગ્રેસર છે. દેશમાં નીચેના પાકોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. પપૈયા પાકમાં

પાકના વાવેતર વિસ્તારમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને, બટાકા, જીરૂ, ડુંગળીના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે, મસાલા પાકોના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા ક્રમે, જીરુ તથા ભીંડાના વાવેતર વિસ્તારમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. ફળ પાકોના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય દેશમાં ત્રીજા સ્થાને છે. ગુજરાતના ખેડૂતો અન્ય દેશોની ટેકનોલોજી મળે તે આશયથી ઈન્ડો ઇઝરાયેલ વર્કશોપ હેઠળ રાજયમાં ત્રણ સેન્ટરો સ્થાપવામાં આવેલા છે. આ વર્ષે નવા એક્સલન્ટ સેન્ટરો સ્થાપવા માટે ૮.૨ કરોડની જોગવાઇ કરેલી છે. અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ખેડૂતોને વિનામૂલ્યે ઇનપુટ માટે ૨ કરોડની જોગવાઇ, રાજયના બાગાયતને ઉત્તેજન આપવા ૨૦૧૬-૧૭માં ચાલુ કાર્યક્રમ અંતર્ગત ૩૪૧.૭૧ કરોડની અને નવા કાર્યક્રમો માટે ૧૩.૮૫ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે, આમ કુલ જોગવાઇ ૩૫૫.૫૬ કરોડની કરવામાં આવેલી છે. કૃષિ સંશોધન અને શિક્ષણ માટે જે ચાર ઇન્સ્ટીટ્યુટ છે એના માટે ૩૫૪ કરોડની જોગવાઇ કરેલી છે, કૃષિ શિક્ષણ માટે નવી કૃષિ કોલેજ પોરબંદર ખાતેની સ્થાપના તથા રાજયની ચાર કૃષિ વેટરનરી હોસ્પિટલ માટે અદ્યતન સર્જીકલ સાધનોની સામગ્રીથી સજ્જ કરવા માટે ૪ કરોડની જોગવાઇ, કામધેનુ પી.પી.પી. મોડેલ આધારીત અંતર્ગત કોલેજો ડેરી સાયન્સની માંડવી ખાતે તથા પોરબંદર ખાતે પોલીટિકનીક એન્ડ એનિમલ હસબંડરીની સ્થાપના માટે ૨૬.૮૫ કરોડની જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન વિકાસ નિગમની અંદર પણ આ વખતે ૨૯૬.૪૨ કરોડની જોગવાઇ કરેલી છે. આના દ્વારા ૨૨૮ ગામ તળાવો, ૪૯૧૦ ખેત તલાવડીઓ, ૧૦૨૨ સીમ તલાવડીઓ, ૧૬૪૩ જળ સંગ્રહના સ્ટ્રક્ચર, જળ સ્ટ્રક્ચરમાં મરામત કરવી, ૧૦ જળાશયોમાં કાપ દૂર કરવો, ૨૬૫માં પરકોલેટ ટેંક બનાવવી, ૧૬૬૭ પાણી સંગ્રહ માટેના સ્ત્રોત ઉભા કરવા, ૩૧૮૫૭ હેકટર વિસ્તારમાં જમીન અને જળ સંરક્ષણની કામગીરી કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૬-૧૭માં નિગમ દ્વારા ૭૩ કરોડના ખર્ચે નવી યોજનાઓ, ખેડૂતોના ખેતરમાં પાણીના સ્ત્રોત ઉભા કરવા માટેની યોજના માટે ૫૦ કરોડ, માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા સૂચિત આદિજાતિ વિસ્તારના તાલુકાઓમાં સંકલિત વિકાસ યોજના માટે ૧૧ કરોડ, ડાર્ક ઝોન વિસ્તારમા ભૂગર્ભ જળ ઉંચા લાવવા માટે પરકોલેટ ટેંક બનાવવા માટે ૧૨ કરોડની જોગવાઇ, જમીન અને સંરક્ષણની કામગીરી માટે ૨૯૬.૪૨ કરોડની જોગવાઇ જેનાથી ૩૫૮ ઘન મીટર વરસાદી પાણીનો સંગ્રહ અને રીચાર્જ કરી શકાશે તથા અંદાજે ૩૩,૪૪૯ હેકટર વિસ્તારમાં પુરક પીયતનો લાભ મળશે. મારી જે માગણી નંબર.૪ છે તે પશુપાલન માટેની છે. રાજયના આર્થિક અને સામાજીક વિકાસમાં પશુપાલન અને ડેરી વિકાસનું આગવુ પ્રદાન છે. ખાસ કરીને રાજયના કુલ ૧૦૧ લાખ કુટુંબો પૈકી પશુપાલનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૪૨ લાખ કુટુંબો માટે પશુપાલન તે આર્થિક ઉપાર્જન માટેનો સચોટ વિકલ્પ છે. પશુપાલન સમાજના દરેક વર્ગ ખાસ કરીને સામાન્ય અને ગરીબ લોકોના આર્થિક વિકાસ માટેનું પુરક આવકનું સાધન તેમજ સંપૂર્ણ રોજગારીની તકો પૂરી પાડે છે. સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માગતા લોકો માટે આ વ્યવસ્થામાં પૂરતી તકો ઉપલબ્ધ છે. કૃષિ સંલગ્ન સેવાઓમાં સૌથી વધુ વિકાસ દર પશુપાલનનો રહે છે તથા દેશના સામાજીક અને આર્થિક વિકાસના માળખામાં પશુપાલન વ્યવસાય અગત્યનો ભાગ ભજવે છે. ગુજરાતમાં પશુપાલન અને ડેરી ઉદ્યોગનું આગવુ સ્થાન છે. દેશમાં પશુઓની સંખ્યામાં અગિયારમી પશુ ગણતરી થઇ તેની અંદર દેશમાં ૩.૩૩ ટકાનો ઘટાડો થયો છે ત્યારે ગુજરાતમાં ૧૫.૩૪ ટકાનો વધારો થયો છે. આ જ બતાવે છે કે આ પશુપાલન માટે રાજય સરકાર કેટલી ચિંતા કરે છે જેથી પશુપાલનમાં પશુઓમાં વધારો થયો છે. પશુપાલન ક્ષેત્રે હાથ ધરાયેલ નવતર અભિગમોમાં કૃષિ મહોત્સવ અંતર્ગત ૧૫ હજારથી વધુ ગામો આવરી લઇને દર વર્ષે ચાર હજારથી વધુ પશુ આરોગ્ય મેળાનું આયોજન વર્ષ ૨૦૦૨-૦૩ થી વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ૪૧,૩૯૪ પશુ આરોગ્ય મેળાનું આયોજન, પશુ આરોગ્ય મેળા દ્વારા ૧.૯૬ કરોડથી વધુ પશુઓની સારવાર, ૪.૪૩ લાખ પશુઓને કૃત્રિમ બીજદાન અને ૨.૭૦ કરોડ પશુઓને રસીકરણ. રાજયમાં વર્ષ ૨૦૦૪-૦૫માં કુલ દૂધ ઉત્પાદન ૬૭.૪૫ લાખ મે.ટન સામે વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૧૬.૯૧. એટલે કે ૬૭ લાખમાંથી આજે આપણે ૧૧૬ લાખ સુધી દૂધના ઉત્પાદનમાં રાજય પહોંચી શકયુ છે જે દેશમાં ત્રીજા સ્થાને છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયનો દેશના કુલ ઉત્પાદનમાં ૧ હજારમાં ૭.૯૯ ટકા હિસ્સો ગુજરાતનો છે. વર્ષ ૨૦૦૪-૦૫માં ૬૭.૪૫ લાખ મે.ટન દૂધ ઉત્પાદનની સરખામણીએ છેલ્લા દસ વર્ષમાં સરેરાશ ૭.૩૩ ટકાના વાર્ષિક વૃદ્ધિદરે કુલ ૭૩.૩૧ ટકાનો રાજયમાં દૂધ ઉત્પાદનમાં વધારો. જોકે હાલમાં રાજયમાં સૌથી વધુ દૂધ એકત્રિકરણ ૧૩૬.૩૩ લાખ લિટર પ્રતિદિન થાય છે. વર્ષ ૨૦૧૪-૧૫માં રાજયની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૩૪૪ ગ્રામ દિન હતી. જે ૪.૩૦ ટકાના વાર્ષિક વૃદ્ધિદર સાથે વર્ષ ૨૦૧૪-૧૫માં ૪૯૨ ગ્રામ દિન થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પશુ નિયંત્રણ સર્વેક્ષણ માટે ૧૭ ફરતી રોગ નિદાન પ્રયોગશાળાઓ છે. વર્ષ ૨૦૦૨-૦૩માં રાજયમાં પશુઓમાં ચેપી રોગચાળાની સંખ્યા ૧૬૧ નોંધાયેલી જે ઘટીને વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૩ જેટલી રહેવા પામી છે. વર્ષ ૨૦૦૪-૦૫માં રાજયમાં કુલ ૧૦,૯૧૪ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં કુલ ૨૨.૯૫ લાખ પશુપાલક સભાસદો હતા. જે વર્ષ ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૧૭,૮૪૬ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, કુલ પશુપાલક સભાસદો ૩૩.૩૭ લાખ થયા છે. માનનીય રામસિંહભાઇ ચિંતા કરતા હતા કે એક રેવન્યુ વિલેજમાં ત્યાં દૂધ મંડળી હોય છે તો બીજામાં મંજૂરી નથી આપતા. અમે વિચારીએ છીએ કે, જો દૂધ ઉત્પાદન વધારે હશે અને મૂળ મંડળીને તેના ઉપર વાયેબલ રહેતી હશે તો બીજે પણ ત્યાં મહિલા મંડળી હશે તો એને અમે મંજૂરી આપીશું. રાજયમાં કુલ ૩૭૧૬ મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. ૫૦૦થી વધુ મહિલા સભાસદો ધરાવતી ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ હોય cattle feed. mineral mixture, બિયારણ તથા અન્ય સાધન સામગ્રીના સંગ્રહ માટે માઇક્રો એ.ટી.એમ.ની સુવિધા સાથે ગોડાઉનની સ્થાપના માટે ૨૨.૫૦ કરોડની જોગવાઇ. ફેડરેશન અને રાજય ડેરી સંઘો દ્વારા વિવિધ પ્રોજેકટો માટે લીધેલ બોજાની વ્યાજની ભરપાઇ માટેની વ્યાજ સહાયની

યોજના રૂપિયા ૨૨.૫૦ કરોડની જોગવાઇ. હાલ પાટણમાં આવેલ progen semen station માં રાજયની જરૂરિયાતના ૪૫ ટકા સિમેન્ટનું કલેકશન થાય છે માટે રાજયના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં રાજયના દૂધાળા પશુઓની મુળભૂત જાતોની ઓલાદ સુધારણા તેમજ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવાના ભાગરૂપે એક નવા progen semen centre સ્થાપવા માટે કુલ ૨૦.૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુઓના દૂધ ઉત્પાદનમાં વધારો કરવા તેમજ રોગોના નિયંત્રણ માટે genetic profile તૈયાર કરવા માટે Institute for livestock genetics ની સ્થાપના માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ રાજયના પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ રૂપિયા ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ, રાજયના પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ મહિલા પશુપાલકોને શુધ્ધ દેશી ઓલાદના દૂધાળા ગાય અને ભેંસ નંબર ૧ થી ૧૦ પશુઓનાં યુનિટની સ્થાપના પર વ્યાજ સહાયની યોજના માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના વિસ્તારની મહિલાઓ સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને બી.એમ.સી. અને દૂધ ઉત્પાદક મહિલા સભાસદોને મિલ્કીંગ મશીન ચાફ કટર તથા પશુ વીમા જેવી પશુપાલન સંલગ્ન પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન આપવા માટે ૧૧.૭૮ કરોડ રૂપિયાની જોગવાઇ, રાજયના જિલ્લા સહકાર ડેરી સંઘોને એરિયા સ્પેશીફીક મિનરલ મિક્ષચર પ્લાન્ટ માટે દસ મેટ્રીક ટન ક્ષમતાની સહાય માટે ૧૦.૨૬ કરોડની જોગવાઇ, વૈજ્ઞાનિક ઢબે વાછરડીઓના ઉછેર માટે કાફ રીયરીંગની નવી યોજના અંતર્ગત ૮.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ, દૂધની ગુણવત્તા અને ભેળસેળ ચકાસણી માટે મિલ્ક એડલ્ટેરેશન મશીન પૂરા પાડવા માટે રૂ. ૬.૨૫ કરોડની જોગવાઇ, આધુનિક પધ્ધતિથી પશુ ઓલાદની સુધારણા માટે ફ્રોઝન સીમેન સ્ટેશન પાટણ સંલગ્ન કવૉરેનટાઇન સ્ટેશન મહેસાણા ખાતે સ્થાપવા માટે રૂપિયા ૬ કરોડની જોગવાઇ, નવ રચિત જિલ્લાઓમાં નવી વેટરનરી પોલીટીકસની સ્થાપના માટે ૩.૬ કરોડની જોગવાઇ, પોરબંદર જિલ્લાના ઘરમપુર ખાતે હાઇટેક વેટરનરી પોલીટીકસની સ્થાપના માટે ૧.૭૪ કરોડ રૂપિયાની જોગવાઇ, રાજયના દેશી અશ્વોના સુયોજિત સંવર્ધન વ્યવસાય તેમજ સુધારણા માટે જરૂરી ઇલેક્ટ્રોનિક ઓળખ અને નોંધણી માટે રૂપિયા ૫૦ લાખની જોગવાઇ, રાજયના તમામ પશુપાલકોને ગામ બેઠાં પશુ ચિકિત્સા અને પશુ સંવર્ધન સેવાઓ વિના મૂલ્યે ઉપલબ્ધ થાય તે ઉમદા હેતુસર આગામી પાંચ વર્ષમાં દસ ગામદીઠ એક પશુ દવાખાનું સ્થાપી શકાય તે માટે પ્રથમ વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ, સને ૨૦૧૬-૧૭માં રૂપિયા ૧૮.૫૯ કરોડની જોગવાઇ કરેલી છે. વર્ષ ૨૦૧૬-૧૭ માટે પશુપાલન સદરે ૪૨૩.૬૧ કરોડ, ડેરી વિકાસ માટે ૧૩૮.૯૦ કરોડ તથા ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ માટે ૫૧.૯૮ કરોડ રૂપિયા મળીને કુલ ૬૧૪.૪૯ કરોડ એટલે કૃષિના તમારા દસ વર્ષનું કુલ બજેટ હતું એના કરતાં વધારે માત્ર પશુપાલન માટે રાજય સરકારે ફાળવેલું બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગની માગણી ક્રમાંક -૫ છે. રાજયમાં હાલમાં વિવિધ પ્રકારની કુલ ૭૩૦૨૩ જેટલી સહકારી મંડળીઓ જે પૈકી ૧૫૭૦૪ દૂધ અને પશુપાલન મંડળીઓ, ૮૯૮૮ તથા વધારે કૃષિ ધિરાણ મંડળીઓ કાર્યરત છે. આ તમામ પ્રકારની સહકારી સંસ્થાઓમાં કુલ ૧.૬૫ કરોડ લોકો સભાસદ તરીકે જોડાયેલા છે. આમ, દરેક ચોથો ગુજરાતી સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલો છે. રાજયના ખેડૂતોને સહકારી ધિરાણ માળખા ઉપરાંત રાષ્ટ્રીયકૃત બેંકો પ્રાઇવેટ બેંકો મારફતે ટૂંકા ગાળાનું પાક ધિરાણ મેળવશે અને નિયત સમય મર્યાદામાં પરત ભરપાઇ કરે તેને એક ટકાના વ્યાજ દરે ધિરાણ પ્રાપ્ત થશે આ માટે વર્ષ ૧૫-૧૬માં ૩૭૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. જે રીતે રાજય સરકારે આ મહત્વનો નિર્ણય કરેલો છે કે ત્રણ લાખ સુધીના ધિરાણ ઉપર એક ટકો વ્યાજ આપવામાં આવશે. તેવો જ મહત્વનો નિર્ણય કેન્દ્ર સરકારે વડાપ્રધાન ફસલ વીમા યોજના નીચે કરેલો છે. એના લીધે હું માનું છું કે, ખેડૂતોમાં એક નવો ઉત્સાહ આવશે કારણ કે અત્યાર સુધી આપણી જે જૂની વીમા યોજના હતી એની અંદર તમે ધિરાણ લો અને દુષ્કાળ પડે તો ખેડૂતને કોઇ ફાયદો મળતો ન હતો, હવે આ જે નવી ધિરાણ નીતિ છે એમાં એને ધિરાણ લઇ લીધું હોય અથવા તો એનું ધિરાણ મંજૂર થયું હોય તો એને દુષ્કાળ પડે, વાવેતર ન થયું હોય તો પણ વીમાનો લાભ મળશે. વચ્ચેના ગાળામાં કોઇ નુકસાન થયું હોય તો પણ મળશે. કાપણી થઇ ગઇ હોય અને એના પછી પંદર દિવસ સુધી એના ખેતરમાં જે માલ પડેલો હોય તો આ નવી જે વીમા યોજના છે એનાથી એને વીમાના લાભો મળશે. એના કરતાં પણ મોટી વસ્તુ એ છે કે, ખરીફની અંદર માત્ર બે ટકા અને રવિની અંદર ૧.૫ ટકા લેખે એનું પ્રિમિયમ છે એ ભરવામાં આવશે. બાકીના ૫૦ ટકા પૈસા છે એ કેન્દ્ર સરકાર અને ૫૦ ટકા પૈસા રાજય સરકાર ભરીને આ રીતે ખેડૂતોના બે નિર્ણયો ખાસ કરીને ગુજરાત સરકારમાં એક ટકા લેખે વ્યાજ અને નવી જે વીમા યોજના છે, પ્રધાન મંત્રી વીમા ફસલ યોજના છે એ ખેડૂતોને ખૂબ જ લાભકર્તા રહેશે. રાજયની તમામ કૃષિ ધિરાણ સહકારી મંડળીઓના સચોટ અને કાર્યદક્ષ સંચાલન માટે આઇ. ટી. based technology અંતર્ગત રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરી છે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો અને પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ વચ્ચેની અસમતુલા દૂર કરવા અને આવી મંડળીઓ ફરીથી આર્થિક રીતે સક્ષમ બની શકે તે માટે રાજય સહકારી બેંકો અને જિલ્લા મધ્યસ્થ બેંકો સાથે હિસ્સેદારી કરીને અસમતુલા દૂર કરવા કે ઘટાડવા માટે સહાય આપવા માટે રૂપિયા ૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયની સહકારી બેંકો માટે એ.ટી.એમ. નેટવર્ક તેમજ આવા ખેડૂત ખાતેદારોને રૂપે ડેબીટ કાર્ડ અને કિસાન ક્રેડિટ કાર્ડ પૂરા પાડવા માટે એ.ટી.એમ. દીઠ રૂપિયા ૨.૫૦ લાખની સહાય અને રૂપે ડેબીટ કાર્ડ અને કિસાન ક્રેડિટ કાર્ડના રૂપિયા ૩૭.૫૦ લેખે સહાય અને સન ૨૦૧૬-૧૭ના વર્ષ માટે રૂપિયા પાંચ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં રાજયની કુલ ૧૧૯૯ શાખાઓ પૈકી ૫૦૦ શાખાઓને આવરી લઇને બ્રાન્ચ દીઠ એ.ટી.એમ.ની વ્યવસ્થા કરવામાં આવશે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કપાસની ચકાસણી પ્રયોગશાળા અંતર્ગત ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓની જણસી પ્રયોગશાળા ઉભી કરવા અંતર્ગત બે કરોડની જોગવાઇ. ખેતીવાડી ઉત્પન્ન બજાર

સમિતિમાં ઇ માર્કેટની સુવિધા ઉભી કરવાની યોજના અંતર્ગત ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજય સરકારે ખાંડ સહકારી મંડળીઓને સહાય આપવાની યોજનામાં રૂપિયા ૩૦ કરોડ વર્કીંગ કેપીટલ માટે મેળવેલ લોનમાં મદદ થવા સાત ટકા લેખે વ્યાજ રાહત આપવાની યોજનામાં ૧૫ કરોડ તથા નેગેટીવ નેટવર્થ ધરાવતી ખાંડ સહકારી મંડળીઓને લીકવિડીટી સપોર્ટ આપવા માટે પાંચ કરોડ મળીને કુલ ૫૦ કરોડની જોગવાઇ કરેલ છે.

ગુજરાત રાજયની નાગરિક સહકારી બેંકોને ટેકનોલોજી અપગ્રેડેશન માટે રૂપિયા બે કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ સહકાર પ્રભાગ માટે રૂપિયા ૬૭૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મેં શરૂઆતમાં વાત કરી હતી કે સન ૧૯૯૫ સુધીમાં ઇરિગેશનની સિંચાઇની પરિસ્થિતિ જોઇએ અને એના પછી ઇરિગેશનમાં જે સુધારો આવ્યો છે, જે કામો થયા છે એને લીધે આજે ખેડૂતોનું જીવન ધોરણ ઉંચુ આવ્યું છે. ૧૯૯૫ ના સમયગાળામાં જળ સંપતિના કામો માટે કુલ બજેટની ફાળવણી ૧૮૩૫.૬૭ કરોડ હતી. એટલે કે દર વર્ષે રૂપિયા ૧૮૨.૫૭ કરોડની ફાળવણી હતી. છેલ્લા દસ વર્ષમાં એટલે કે ૨૦૦૬–૭ થી ૨૦૧૬–૧૭ સુધીમાં જળસંપતિના કામો માટે ૨૮,૬૦૭.૮૪ કરોડની ફાળવણી થઇ છે. જે દર વર્ષે સરેરાશ ૨૮૬૧ કરોડની થવા જાય છે. એકબાજુ વાર્ષિક એવરેજ ૧૮૩ કરોડની છે જયારે બીજી બાજુ વાર્ષિક ફાળવણી ૨૮૬૧ કરોડની થયેલી છે. અગાઉની સરકારોની સરખામણીમાં જળસંપતિ પ્રભાગની કામગીરી માટે વાર્ષિક ફાળવણીમાં લગભગ ૧૫ ગણો વધારો સૂચવે છે.

જળ સંચયની કામગીરી જોઇએ તો રાજયમાં વર્ષ ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીના ૩૫ વર્ષમાં માત્ર ૧૭૭૫૩ ચેકડેમો બન્યા હતા. એમાં વધારે ચેકડેમો તો ૧૯૯૫ થી ૨૦૦૨ની વચ્ચે થયા છે. જયારે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૫ સુધીમાં ૧ લાખ ૪૭ હજાર ૫૫૬ ચેકડેમો બન્યા છે. જેને કારણે ૪ લાખ હેકટર કરતાં વધુ વિસ્તારને પ્રત્યક્ષ અથવા પરોક્ષ સિંચાઇની સુવિધા પ્રાપ્ત થયેલી છે. આ ઉપરાંત ૨૫,૫૭૮ કરતાં વધુ તળાવો ઉંડા કરીને એની જળ સંગ્રહ ક્ષમતા ૧૨૭૦ કરોડ ઘનફૂટ વધારેલ છે જેને લીધે ૭૬,૭૩૪ એકરમાં સિંચાઇનો લાભ મળ્યો છે. અમદાવાદની આઇ.આઇ.એમ.સંસ્થાએ જળસંચયના લાભો અંગેનો અભ્યાસ કર્યો છે એ અભ્યાસ એમ બતાવે છે કે આજે જળ સ્તર છે એ ત્રણ થી છ મીટર જેટલા ઉંચા આવ્યા છે. ચોમાસા પછીની જે સિંચાઇ છે એની અંદર કયાંય પાણીનો ઘટાડો આવે તો એ સિંચાઇ છે એ પૂરેપૂરી કરી શકે છે અને ખેડૂત પોતાનો માલ લઇ શકે છે.

આ ઉપરાંત રાજય સરકારે છેલ્લા બે વર્ષમાં જળાશયોની ડી–સીલ્ટીંગની મહત્વની કામગીરી હાથ ધરેલ છે. તારીખ ૧–૨–૨૦૧૩ થી ૧૪–૬–૨૦૧૩ દરમિયાન ૨.૧૯ કરોડ ઘન મીટર અને તા. ૧–૧૨–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ દરમિયાન ૧.૦૧ કરોડ ઘન મીટર કાંપ દૂર કરવામાં આવેલ છે એના કારણે છેલ્લા બે વર્ષમાં ૧૧૨૭.૯૫ મિલિયન ઘનફૂટ જળાશયની સંગ્રહ શકિતમાં વધારો થયો છે.

રાજય સરકારે જે ડેમોમાં ફલો ઇરિગેશન થતા હતા પરંતુ ત્યાંના ખેડૂતોની માગણી કરી કે અમને ફલો ઇરિગેશનને બદલે તમે કટીંગ કેનાલો કરી દો તો પાણીની બચત થાય. તો આ કટીંગ કેનાલો માટે રાજય સરકારે પાણી બચાવવા અને વધારેમાં વધારે ખેડૂતોને સિંચાઇનો લાભ આપવા કટીંગ કેનાલની નવી યોજના દાખલ કરી છે. પાણીનો વપરાશ ઘટે અને મહત્તમ સિંચાઇ ક્ષમતા પ્રાપ્ત થાય તે માટે હયાત કેનાલના માળખાને બદલે કટીંગ કેનાલ કરી ઉદવહનથી ખેડૂતોને પાણી આપવાની યોજના કરવા માટે રૂ. ૧૮ કરોડની જોગવાઇ કરેલી છે. જેમાં જામનગર જિલ્લાની ઉંડ–૧ યોજનામાં રૂ. ૧૦.૧૧ કરોડ અને મોરબી જિલ્લાની ડેમી–૧ યોજનામાં રૂ. ૫.૬ કરોડના ટેન્ડરો પણ મંજૂર કરવામાં આવેલા છે. આ ચાર યોજનાથી હયાત ૧૭,૦૦૦ હેકટર વિસ્તારની સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે. મોરબી જિલ્લાની મચ્છુ–૨ યોજનામાં નકશા અંદાજો માટે રૂ. ૧૮.૪૩ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાના ટેન્ડર પણ વર્ષ ૨૦૧૬–૧૭માં બહાર પાડવામાં આવશે. રાજયમાં છેલ્લા ૧૩ વર્ષમાં સિંચાઇ ક્ષમતા ૬૨ ટકા જેટલી વધી છે. આ સિંચાઇમાં મેં અગાઉ કહ્યું તેમ વધારો થયેલો છે. આ અગાઉ વર્ષ ૨૦૦૦–૨૦૦૧માં ૩૭ લાખ હેકટરમાં સિંચાઇ હતી, જે જૂન–૨૦૦૦ સુધીમાં ૬૦ લાખ હેકટર થઇ ગઇ છે. નર્મદાના જે ત્રણ એકર મિલિયન ઘનફૂટ પાણી છે તેનું ડિસ્ટ્રીબ્યુશન કરવાનું છે તેમાં રાજયમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ૬૯ ટકા છે. ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૭ ટકા અને કચ્છમાં ૩ ટકા પાણી છે. આ રીતે કુદરતની પાણીની જે અનઇવન વહેંચણી છે તેમાં માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે ભગીરથ પ્રયાસો કરીને આ પાણી છે તે જે વિસ્તારમાં પાણી ઓછું છે ત્યાં પહોંચાડવા માટે થઇને ખાસ કરીને સૌની યોજના શરૂ કરેલી છે. એ સૌની યોજના સૌરાષ્ટ્ર નર્મદા ઉદવહન સિંચાઇ યોજના અંતર્ગત ૧,૧૨૬ કિલોમીટર લંબાઇની પાઇપલાઇનો મારફતે ચાર લીંકથી ૧૧૫ જળાશયો, હયાત સિંચાઇ વિસ્તારને લાભ મળે તેવું દૂરંદેશી અને મહત્વપૂર્ણ આયોજન કર્યું છે. આ પેકી ૬,૭૬૧ કરોડની રકમના ખર્ચે ૧૨ પેકેજોની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેમાં ૪૬૦.૭૪ કિલોમીટરમાંથી ૩૭૭.૬૭ કિલોમીટરની પાઇપલાઇન એટલે કે ૮૨ ટકાનું કામ પૂર્ણ થયેલ છે. આયોજન પ્રગતિ હેઠળના ૧૨ પેકેજના કામો વર્ષ ૨૦૧૬–૧૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. જેના માટે આ યોજનાની ચાર લીંકના પ્રોજેકટ માટે ૨,૦૦૦ કરોડની જોગવાઇ કરેલી છે. રાજય સરકારે ઉત્તર ગુજરાતના સૂકાભઠ વિસ્તારમાં સુજલામ્–સુફલામ્ યોજના અંતર્ગત કડાણા ડેમથી બનાસકાંઠાના રાહ ગામ સુધી ૩૩૨ કિલોમીટરની લાંબી નહેર બનાવેલી છે. જેને કારણે આશરે ૭૭,૦૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળી રહે. આ ઉપરાંત નર્મદા મુખ્ય નહેર આધારિત ૧૪ પાઇપલાઇનોમાંથી ૧૦ ઉદવહન સિંચાઇ યોજનાઓ પૂર્ણ કરી ૩૦૦થી વધુ તળાવોનું જોડાણ કરેલ છે. આ ઉપરાંત આ યોજનાથી ૬૭૯ ગામો, ૮ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવેલ છે. આ વર્ષે આ યોજના આગળ ધપાવવા નવી ૩ પાઇપલાઇનની યોજનાના કામો શરૂ કરવા માટે બજેટમાં પૂરી જોગવાઇ કરેલી છે. પીયજથી વીજાપુર થઇ પાણી પહોંચાડવા માટે રૂ. ૧૫૦ કરોડ, ધાંધુસણ માટે ૧૦૦ કરોડ રૂપિયા, ખેરવા–વીસનગર માટે ૩૩.૩૫ કરોડ રૂપિયા, સુજલામ્–સુફલામ્ યોજના હેઠળની ચાર પાઇપલાઇનની યોજનાઓ દાંતીવાડા– સીપુ, વાત્રક–માઝમ–મેશ્વો, પાટણ–ડીંડરોલ માટે રૂ.

૨૨.૨૩ કરોડની જોગવાઇ. કચ્છ વિસ્તારમાં નર્મદાના એક મિલિયન એકરફીટના કામો હાથ ધરવા માટે સરવેક્ષણ માટે ૫ કરોડની જોગવાઇ. આદિજાતિ વિસ્તાર માટે પણ આ વખતે ૯૦૬ કરોડની માતબર બજેટ જોગવાઇ કરેલી છે. તેમાં મહીસાગર અને દાહોદ જિલ્લા માટે કડાણા જળાશય આધારિત લિફ્ટ ઈરીગેશન પ્રોજેકટ માટે ૧૨૫ કરોડની જોગવાઇ, નર્મદા કેનાલ આધારિત પાનમ જળાશયના છેવાડાના કમાન્ડ વિસ્તાર માટે પાઇપલાઇનની કામગીરી માટે ૪૦ કરોડ, વાલીયા, ઝઘડીયા અને માંગરોળ, વાડી વિસ્તારના સિંચાઇથી વંચિત આદિજાતિ વિસ્તારને લાભ આપવા માટે કરજણ જળાશય આધારિત નવી ઉદવહન સિંચાઇ યોજના માટે ૧૦૦ કરોડ. નદી, કેનાલ અને જળાશયો આધારિત ઉદવહન સિંચાઇ યોજના માટે ૯૦ કરોડ રૂપિયા, આદિજાતિ વિસ્તારના જળાશયોના હયાત કેનાલ માળખામાં સુધારણા અને સુદ્રઢીકરણ માટે ૧૪૪ કરોડ રૂપિયા, તાપી–કરજણ પાઇપલાઇનના મોજણી અને સંશોધનની કામગીરી પૂર્ણ કરી યોજના શરૂ કરવા માટે ૫૧ કરોડ રૂપિયા, ઉકાઇથી ગોરધા સુધીની નવી પાઇપલાઇન માટે ૪૫ કરોડ રૂપિયા, જળાશયના કમાન્ડ વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનની કામગીરી માટે ૧૮ કરોડ, ઉકાઇ–પૂર્ણા હાઇલેવલ કેનાલના કામો પૂર્ણ કરવા માટે ૯ કરોડ, હડફ, કબૂતરી અને એભલવાડા યોજનાના વિસ્થાપિતો માટે જંગલની જમીનના સંપાદન પેટે ૮ કરોડ રૂપિયા.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે રાજય સરકારે ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવાથી માત્ર રૂ. ૩૫.૧૪ કરોડની આવક થયેલી. તેની સામે આ વર્ષે રાજય સરકારે જળાશયો અને નહેરના સંચાલન અને નિભાવણી માટે રૂ. ૩૭૬ કરોડની જોગવાઇ કરેલી છે. રાજયના હયાત જળાશયોના કેનાલ નેટવર્ક જૂના હોવાથી તેના રિપેરીંગની આવશ્યકતા બહુ મોટા પ્રમાણમાં રહે છે. હયાત કેનાલોના માળખાની સુધારણા અને સુદ્ઢઢીકરણ માટે માતબર રૂ.૪૯૮/– કરોડની ફાળવણી કરેલ છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી આપનો સમય પૂરો થાય છે. કાપદરખાસ્ત માટેની આપની વિનંતી હોય તો કહો. બન્ને દંડકશ્રીઓ સંમત હોય તો મને વાંધો નથી.

**સભાગૃહનો સમય લંબાવવાઅંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની હું દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉકાઇ કાકરાપારમાં ૩૮૦૦૦ હેક્ટર, દમણગંગામાં ૨.૫ હજાર હેક્ટર, કડાણા કમાન્ડ વિસ્તારમાં ૨૨૦૦૦ હેક્ટર અને પાનમમાં ૩.૫ હજાર હેક્ટર ધરોઇમાં ૭૦૦૦ હેક્ટર, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૨૭૦૦૦ હેક્ટર આમ એક લાખ હેક્ટર વિસ્તારમાં ખેડૂતોને સિંચાઇમાં ફાયદો થયો છે. આ ઉપરાંત રાજ્ય સરકારે સિંચાઇ દર વ્યાજ માફી યોજના ૨૦૧૫ અંતર્ગત ખેડૂતોની તેમની તા.૩૧–૩–૧૨ સુધી બાકી ચડત રકમ તા.૩૦–૪–૨૦૧૬ સુધીમાં જમા કરાવે તો આ રકમ ઉપરનું વ્યાજ, દંડનીય રકમ અને દંડનીય રકમ ઉપરનું વ્યાજ માફ કરવાનો ઘણો જ અગત્યનો નિર્ણય કરેલ છે. ધારાસભ્યશ્રીઓને પણ વિનંતી કરવાની છે કે પોત પોતાના વિસ્તારના ખેડૂતો છે એમને વહેલામાં વહેલી તકે જણાવે તો તેઓ આ યોજનાનો લાભ લઇ શકશે. મને થોડા સભ્યશ્રીઓએ પ્રશ્નો કર્યા છે જેનો ખાસકરીને રામસિંહભાઇનો એક જવાબ પણ આપ્યો છે. બીજું ખાતર ઉપર વેટ. અન્ય રાજ્યોમાં પણ વેટ છે અને મારા ખ્યાલથી શ્રી સૌરભભાઇએ બધા રાજયોનું નામ દીધું હતું એ રિપિટેશન નહીં કરું. ખેડૂતોના હિત માટેની યોજનાઓ તળાવો ઉંડા કરવા, એક ટકો વ્યાજ, પ્રધાનમંત્રી ફસલ યોજના, ચેકડેમો, સુજલામ સુફલામ યોજના, સૌની યોજના આ બધી યોજનાઓ ખેડૂતોના લાભ માટે જ કરેલી છે. રામસિંહભાઇએ પણ કહ્યું છે. ખેડૂતોને ખાતર સમયસર મળી રહે એના માટે અમે બે લાખ મેટ્રીક ટન સુધીની સંગ્રહશક્તિના ગોડાઉન આવતા દિવસોમાં બનાવવાના છીએ. શ્રી રાજેન્દ્રભાઇ નીકળી ગયા છે. એમણે દૂધ સંઘોની વાત કરેલી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રીઓના પ્રશ્નો અને પછી મતદાન હાથ ધરવાનું છે અને બે મિનિટ જ બાકી રહે છે. ડો. અનિલભાઇ જોષીયારા.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારમાં ભિલોડા અને મેઘરજ વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી સિંચાઇની કોઇ સગવડ ઉભી કરવામાં આવી નથી અને આપે વાત કરી કેનાલ સુધારણાની. એ મોટા ભાગે ડાઉન સ્ટ્રીમમાં જાય છે અને એમાં કોઇ આદિવાસી વિસ્તાર આવતો નથી. ભિલોડા અને મેઘરજ તાલુકામાં અમારી પાસે હયાત ડેમો છે તો આ ડેમમાંથી પાણી લિફ્ટ કરીને તળાવો ભરવાનું અને ગમે તે રીતે ખેડૂતોને સિંચાઇની સગવડ આપવાનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારનું મન સિંચાઇ માટે અને ખાસકરીને ખેડૂતો માટે ખુલ્લું છે. ટેકનીકલી જે પણ જગ્યાએ શક્ય હશે એ બધા કામો માટે રજૂઆતો આવશે તો એની ચિંતા કરીને શક્ય હશે એ બધા પૂરા કરીશું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉમરગામ તાલુકાના વલસાડ જિલ્લાની અંદર ખલાસીઓ ગુમ થાય અને ત્યાર પછી સાત વર્ષ પછી એના મરણ તરીકે જાહેર કરવા માટેની સરકારની ગાઇડલાઇન છે. તો સરકારને પૂછવા માગું છું કે એ સમય મર્યાદામાં ઘટાડો કરવા માગો છો કે કેમ? બીજું મરણ થયા પછી એના કોઇપણ આધાર વગર એની નોંધ થઇ શકતી નથી. આજે પણ ૨૦ જેટલા લોકોના ગુમ થયાને નવ નવ વર્ષ થઇ ગયા હોવા છતાં એમને મરણના દાખલા મળતા નથી. એમને મેજિસ્ટ્રેટ સમક્ષ જવું પડે છે અને પછી એમના મરણની તારીખ જાહેર કરવામાં આવે છે. એમાં સીધી રીતની કોઇ પોલિસી એડપ્ટ કરવા માગો છો કે કેમ?

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સાત વર્ષ વાળી જે મેટર છે એ સાત વર્ષ પહેલા ગુમ થયા હોય તો એને મરણનું પ્રમાણપત્ર આપવું એ નીતિવિષયક બાબત છે. સાત વર્ષ થઇ ગયા હોય અને કોઇને સહાય ન મળી હોય તો એની ડિટેઇલ આપજો અને એને વહેલાસર સહાય મળી જાય એના માટે કાર્યવાહી કરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણા જુના અધ્યક્ષશ્રીના પણ નિર્ણયો છે. જ્યારે આપણે આખી પાક યોજનાના વીમાની વાતો કરી છે અને અવતરણો ટાંક્યા છે એ આખી નીતિ અને એ અંગેની જોગવાઇઓ એ સંપૂર્ણ પણે ટેબલ ઉપર ક્યાં સુધીમાં મૂકી શકશો?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : વિભાગને કહીને વહેલાસર મૂકાઇ જાય એવું કરાવીશું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજના એ સૌરાષ્ટ્રમાં અતી મહત્વની યોજના છે ત્યારે શકિતસિંહજીની બાજુનું ગામ છે રંઘોળા અને પાલીતાણા બન્ને ડેમો ભરાવાના બાકી છે. આ અંગે મેં અવારનવાર રજૂઆતો કરેલી છે. સૈદ્ધાંતિક મંજૂરી પણ રંઘોળા થી ભાવનગર, ખોડીયાર ડેમ અને બોરતળાવ ડેમ, એ ગ્રેવીટી થી ભરાય એ પ્રકારનો સર્વે પણ પોઝીટીવ આવ્યો છે ત્યારે સૈદ્ધાંતિક અને વહિવટી મંજૂરીઓ આપ આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે ૧૧૫ તળાવો ભરાવાના છે એની કામગીરી પૂરી થઇ જશે. એના પછી જયાં પણ શકય હશે ત્યાં બાકીના તળાવો લઇશું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે રાજયની અંદર એક કૃષિ યુનિવર્સિટી હતી એમાંથી ચાર યુનિવર્સિટીઓ આપણે ઉભી કરી, તો આ ચાર યુનિવર્સિટીઓએ ખેડૂતોને ખેતીના પાકો માટે સંશોધન કરીને કેટલી નવી જાતો આપી છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને બીજું કૃષિ મહોત્સવની અંદર જિલ્લા કક્ષાએ ખેતીવાડી અધિકારી મંડપ અને સ્ટેજ બનાવવા માટે ભાવો માગી અને ત્યાં વ્યવસ્થા કરતા હતા એના બદલે એમ્પેનલ કમીટીએ રાજયની એક જ કંપનીને સાડા ચાર લાખ રૂપિયાના ભાવે મંજૂર કરીને આપવામાં આવે છે એ વાત સાચી છે? જો હા, તો તેના કારણો શા?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા પાકોનું સંશોધન કર્યુ છે એની અત્યારે મારી પાસે માહિતી નથી. એમ્પેનેલમેન્ટની વાત કરી, મેં મારા પ્રવચનમાં ખાસ કરીને કૃષિની જે સહાય આપણે આપીએ છીએ એમ્પેનેલમેન્ટ કરવાનું કારણ એ હતું કે એકસરખા ભાવથી મળી શકે. એ જ રીતે પહેલા જિલ્લા કક્ષાએ હતું એના બદલે રાજયકક્ષાએ ભાવ મગાવીને જે મીનીમમ ભાવ આવ્યા હોય એની અંદરથી આ એટલા માટે કર્યુ કે દરેક જિલ્લાની અંદર જે ભાવો મંગાવતા હતા એ દરેક જિલ્લાના ભાવો અલગ અલગ રહેતા હતા. અલગ અલગ ભાવ રહે એટલે એ પ્રશ્ન આવતો હતો કે એક જિલ્લામાં મંડપના ભાવ વધારે આવ્યા હોય. સાત ટેન્ડર આવ્યા હોય તો એકમાં એલ.વનના અલગ ભાવ હોય, બીજામાં સાત ટેન્ડર આવ્યા તો એમાં પણ એલ. વન હોય એ અલગ ભાવે હોય. આખા રાજયમાં એક સરખો ભાવ રહે એટલા માટે રાજય કક્ષાએ મગાવીને કરેલ છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગયા સત્રમાં પણ મેં માનનીય મંત્રીશ્રીને એક રજૂઆત કરી હતી, કે દૂધ મંડળીની અંદર જે ડૂબત લેણું કાઢવામાં આવે છે, ડૂબત લેણું જે ધિરાણ કરતી હોય એ મંડળીઓને જ જરૂર છે. દૂધ મંડળીઓની અંદર કોઇ ધિરાણ થતું નથી માટે એ ડૂબત લેણું બંધ કરવા માટે એ કાયદો કાઢવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. જોવરાવી લઇશું. પોઝીટીવ લઇશું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે સહકાર અને કૃષિ વિભાગની ચર્ચામાં બોરસદના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહભાઇએ સુગર ફેકટરીના ઇન્કમટેકસ વિશેની જે વાત કરી એ મને ચોકકસ ખબર છે કે લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી પહેલા બારડોલીના સ્વરાજ આશ્રમમાં રાહુલ ગાંધીજી આવેલા બારડોલી પ્રદેશના સહકારી આગેવાનોને ઇન્કમટેકસ માફ ત્રણ દિવસમાં કરી આપવાનો વાયદો કરી આપેલો તો એ ઇન્કમટેકસનો મુદ્દો હાલ સરકારમાં કયા સ્થાને છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ વાત સાચી છે કે લોકસભાની ચૂંટણી પહેલા રાહુલજી આવ્યા હતા ત્યારે એમણે વચન આપેલું કે અમે ત્રણ દિવસમાં ઇન્કમટેકસ દૂર કરીશું. એ ત્રણ દિવસમાં તો દૂર ના થયો પણ સરકાર જતી રહી ત્રણ દિવસમાં. માનનીય નરેન્દ્રભાઇએ જે વાયદો આપ્યો છે એ પૂરો પણ કરશે, અહીંયાથી સુગર ફેકટરીના એસોસીએશનના લોકો મળી પણ આવ્યા છે. એની જે ટેકનિકલી વસ્તુ છે એ પૂરી થઇ જશે અને એ આખી મેટર છે એ લોકસભામાં પાસ કરવી પડશે. એટલે મને એમ છે કે નરેન્દ્રભાઇએ વાયદો આપ્યો છે તો અમારી સરકારોએ અહીંયા પણ નરેન્દ્રભાઇએ બધા વાયદા પૂરા કર્યા હતા અને ત્યાં પણ એ વાયદા પૂરા કરશે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ગામોમાં સેવા સહકારી મંડળી એક હોવી જોઇએ એવો સરકારનો કાયદો છે. બનાસકાંઠાની અંદર જિલ્લા પંચાયતની અંદર જે સહકાર સમિતિ છે એમાં તમારા રજીસ્ટાર લખીને આપે છે કે સરકારના નિયમ વિરુદ્ધ છે હાઇકોર્ટના જજમેન્ટની વિરુદ્ધ છે આ મંડળી ન થવી જોઇએ તો પણ મંડળીઓ પ્રમુખસ્થાનેથી કોઇપણ પૂર્તતા કર્યા વગર બેધડક કરે છે તો એ રોકવા અને રદ કરવા માગો છો કે કેમ અને બીજો પ્રશ્ન છે બનાસકાંઠાની અંદર સીપુ ડેમની અંદર પાણી ભરવાના છો, નર્મદા પાઇપ લાઇનથી તો એ કયારે ભરવાના છો અને એ પાઇપલાઇનની આજુ બાજુના દસ કિલોમીટર તળાવ ભરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : એક તો પહેલી વસ્તુ એ છે કે પાણીનો જથ્થો કેટલો છે. નર્મદાની વાત કરી તો આપણી પાસે ૩ મિલિયન એકર ફીટ છે એમાંથી એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાત માટે, એક સૌરાષ્ટ્ર માટે અને એક કચ્છ માટે છે.

## તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

આજે પાણીની બધાને જરૂર છે. દરેક જગ્યાએથી માગણી આવે છે. ટેકનિકલ શક્ય હોય ત્યાં સુધી અને પાણીનો જથ્થો હોય ત્યાં સુધી રાજ્ય સરકાર ખુલ્લા મનથી કામ કરશે. સહકારી મંડળી બાબતે વિભાગ કાયદાકીય રીતે જે કાંઇ થતું હશે એ કરશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે રીતે કહ્યું કે ખેડૂતોની વીજળી, સિંચાઇ, ખેતીમાં વધારો થયો. મારો પ્રશ્ન એ છે કે ચોખા, ઘઉં અને કપાસ આ ત્રણ પૈકી ચોખામાં ૩૧.૬૧ ટકા, ઘઉંમાં ૧૫.૧૭ ટકા અને જુવારમાં ૫૮.૨૬ ટકા તેમજ કપાસમાં ૮.૫૫ ટકાનો ઘટાડો થયો છે તો આ ઘટાડો થવાના કારણો શું છે? એની સામે ઇંડા અને માછીમારીના ઉદ્યોગમાં વધારો થયો છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : ખેતીના એક પાકમાં વધારો કે ઘટાડો એ ખેડૂતોને જેમાં પોષણક્ષમ ભાવો મળતા હોય તેનું વાવેતર કરે. એક વખત કોઇ ખેતપેદાશનું ઉત્પાદન ઓછું થયું હોય અને ભાવ વધારે આવ્યા હોય તો બીજા વર્ષે એ પાક કરે. એટલા માટે વાવેતર વધ–ઘટ થતું હોય છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૭, ૯ થી ૧૨, ૧૪ થી ૧૬, ૧૮, ૧૯ અને ૨૧ થી ૪૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૨, ૩, ૪, ૫, ૬, ૬૬ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૧–૩–૨૦૧૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૧૬

ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

#### બનાસકાંઠા જિલ્લામાં વાઇલ્ડ લાઇફ સેંક્ચ્યુઅરી

* ૨૫૯૦૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વાઇલ્ડ લાઇફ સેંક્ચ્યુઅરીની કુલ કેટલા હેક્ટર વિસ્તાર આવેલો છે, | (૧) ૮૦૨૧૪ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં મુખ્યત્વે કઇ જાતિના વન્ય પ્રાણીઓ છે, અને | (૨) રીંછ, દિપડા, ઝરખ, રોઝ, ઘુડખર, ચિંકારા વગેરે સસ્તન ધારી, જમીનના અને પાણીના અનેક પક્ષીઓ અને સરીસૃપો છે. |
| (૩) આ પ્રાણીઓના સંરક્ષણ અને ખોરાક માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું બજેટ ફાળવવામાં આવેલ છે ? | (૩) |

| વર્ષ | ફાળવેલ બજેટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૩.૯૨.૦૦ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧–૨૦૧૬ સુધી) | ૩.૧૨૧.૦૦ |

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બનાસકાંઠા જિલ્લાની અંદર ઉત્તર ગુજરાતમાં વાઇલ્ડ લાઇફ સેંક્ચ્યુરી બનાવવામાં આવી છે તો આ સેંક્ચ્યુરી બનાવવાના લીધે આ વિસ્તારના કેટલા આદિવાસી કુટુંબોએ જમીનની માગણી કરેલ હતી? આ જંગલની જમીન ન આપવાના લીધે કેટલા આદિવાસી કુટુંબોને કાઢી મૂકવામાં આવ્યા છે? અને બીજો પ્રશ્ન કેટલા આદિવાસીઓએ કેટલા હેક્ટર જમીનની માગણી કરી હતી અને કેટલા હેક્ટર જમીન આપી? ત્રીજો પ્રશ્ન આ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીની અંદર જુદા જુદા ખનીજો આવેલ છે, પણ આ સેંક્ચ્યુરીની અંદર (અમરેલી જિલ્લામાં ધારી તાલુકામાં વાઇલ્ડ ગૃપ રિસર્ચને..)

અધ્યક્ષશ્રી : બનાસકાંઠા પૂરતો પ્રશ્ન રાખો.

શ્રી અશ્વિન કોટવાલ : ૧૫ કિલોમિટરની ત્રિજ્યામાં એક કંપનીને ૨૪૬ હેક્ટરની...

અધ્યક્ષશ્રી : બનાસકાંઠા પૂરતી વાત કરો.

શ્રી અશ્વિન કોટવાલ : ૨૪૬ એકર જમીન..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન બનાસકાંઠાનો છે એટલા પૂરતો આપણે એલાઉ કરીએ. બીજા જિલ્લાનો ઉલ્લેખ કરશો તે રેકર્ડ ઉપરથી આપણે દૂર કરીશું. પ્લીઝ.

શ્રી અશ્વિન કોટવાલ : (આ સેંક્ચ્યુરીની અંદર જમીન છે તેને તમે ૧૫ રૂપિયાના ભાવે આપવા માટેની કોઇ દરખાસ્ત આવેલ છે કે કેમ?)

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન એલાઉ નથી કરતા. બીજા જિલ્લાનો છે. આપ બનાસકાંઠા પૂરતો જવાબ આપો. માનનીય મંત્રીશ્રી.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આજના ગૃહનું કામકાજ અમારા વન વિભાગના પ્રથમ પ્રશ્નથી શરૂઆત થાય છે ત્યારે આજ રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસ હોય આપ સૌ સભ્યોને, મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, વન મંત્રીશ્રી મંગુભાઇ તથા મારા તરફથી આંતરરાષ્ટ્રીય વન દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. સૌને પર્યાવરણની જાળવણી માટે વધુ વૃક્ષો વાવવા માટે અપીલ કરું છું. માનનીય સભ્યશ્રીએ જે સેંક્ચ્યુરી વિસ્તારમાં આદિવાસીઓને અન્યાય થાય છે અને જમીનો મળતી નથી તેની વાત કરી છે. એમાં આ અભયારણ્યની અંદર વન અધિકાર અધિનિયમ–૨૦૧૬ હેઠળ •(x x x )ને હક્કો આપવા માટે વ્યક્તિગત દાવા, સામૂહિક દાવા અને માળખાકીય સુવિધાઓ અંતર્ગત વન જમીનના હક્કો આપવા માટેની જોગવાઇ છે. વન અધિનિયમ–૨૦૧૬ હેઠળ આદિવાસીઓને તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અભયારણ્ય તથા અન્ય વન વિસ્તારમાં દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લાની અંદર દાંતા તાલુકાના ૧૦૬ ગામોની અંદર ૪,૦૭૪ દાવાઓ મંજૂર કર્યા છે. ૨૧૯૪ હેક્ટર જમીન ફાળવી છે. અમીરગઢ તાલુકામાં ૪૬ ગામોમાં ૨,૨૯૮ દાવાઓ હતા તેમાં ૧૨૩૭ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

આની અંદર જુદા જુદા તબક્કે ૬૩ જેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે. જે દાવાઓની કોર્ટ મેટર હોય તેની પુનઃ સમીક્ષા માટે ટ્રાયબલ સબ પ્લાન કચેરી પાલનપુર ખાતે પડતર છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન વન્ય પ્રાણીઓનો, વન્ય સેંચ્યુરી અને બજેટનો છે, છતા બીજા પ્રશ્નમાં જઇએ છીએ. શ્રી ગોવાભાઇ.

શ્રી ગોવાભાઇ હ. રબારી: માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નૅશનલ હાઇવેથી આ જગ્યાની અંદર ૧૦ કિલોમીટરની અંદર કોઇપણ મંજૂરી આપી શકતા નથી એમાં ઘણાં બધાં કામો અટકી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન કે અહીં બે સેન્ચ્યુરી છે. એક જેસોર અને બાલારામ વિરમપુર. જે બાલારામ વિરમપુર વચ્ચેનો રસ્તો છે તે અત્યારે એમને એમ જ પડેલો છે. અંબાજીના ટ્રાફિક માટે બાયપાસ કરવા માટે આ રસ્તો ખૂબ ઉપયોગી છે. તે હાલ આના હિસાબે થઇ શકતો નથી. એટલું જ નહીં સાથે સાથે તેમાં ૯૫ ગામ આવેલા છે અને જેસોરમાં ૧૮ ગામ આવેલા છે તેના એકપણ વિકાસના કામ આના લીધે કરી શકાતા નથી. મારો ત્રીજો પ્રશ્ન એ છે કે પ્રાણીઓ અંદર બતાવ્યા છે તો તે પ્રાણીઓના પીવાના પાણીની વ્યવસ્થા આપણા વન વિભાગ તરફથી કરવામાં આવી નથી. માત્ર આજુબાજુના ખેડૂતો પાસેથી લઇ હવાડા ભરવામાં આવે છે. ત્યાં આપણી વ્યવસ્થા કશી જ નથી. મારા હિસાબે આ હવાડા ભરાતા નથી. ઓન રેકર્ડ મારી પાસે માહિતી નથી. પાણી ભરાતું નથી તો આ બધી સમસ્યાઓ દૂર કરવા માટે સરકાર શું કરવા માગે છે અને જે ગામડાં આવેલા છે તેમનું ઘર પણ કાયમી થઇ શકતું નથી, તેના ઘરે રસ્તો કે પાઇપલાઇન કરી શકતો નથી. લાઇટના થાંભલા પણ નાંખી શકતા નથી. આપણે બીજે બધે જમીન આપીએ છીએ તો આના માટે અને આ ગામડાંના વિકાસ માટે છૂટછાટ આપી કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે કે અભ્યારણ્ય વિસ્તાર છે તેની અંદર કેન્દ્ર સરકારના નોર્મ્સ મુજબ આપી શકતા નથી. સ્થાનિક ખેડૂતોને રહેવા માટે મકાન કે શેરી રસ્તા માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવીએ છીએ. તેમાં આપણે રોકી શકતા નથી. માનનીય સભ્યશ્રીએ જે તે વિસ્તારની અંદર પશુઓ માટે પીવાના પાણીની વાત કરી છે તો જયાં જયાં પાણીના કુદરતી સ્ત્રોત હોતા નથી ત્યાં પાકી કુંડીઓ, હવાડા બનાવીએ છીએ અને નિયમિત રીતે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ચોમાસામાં વરસાદના પાણીના સંગ્રહ માટે ચેકડેમ અને વનતલાવડીઓ બનાવીને અનુકૂળ રીતે વન્ય પ્રાણીઓને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ અભ્યારણ્યમાં વન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી કયારે કરવામાં આવી અને તેમના ખોરાક માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી :આપને બેસી જવા વિનંતી છે. આપ બેસી જાઓ પ્લીઝ. આપના પ્રશ્ન પછી તો ગોવાભાઇએ પ્રશ્ન પૂછયો. આ ત્રીજા સભ્ય પ્રશ્ન પૂછે છે. પ્લીઝ આપ બેસો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, દિપડા અને રીંછની વસ્તી ગણતરી ૨૦૧૧માં કરવામાં આવી હતી. ઘુડખરની વસ્તી ગણતરી ૨૦૧૪માં કરવામાં આવી હતી. તૃણભક્ષી જેવા અન્ય પ્રાણીઓ જેવા કે રોઝ, મોર, શિયાળ, વાંદરા, માંકડા વગેરેની વસ્તી ગણતરી ૨૦૧૫માં કરવામાં આવી હતી. આ અભ્યારણ્યમાં કુલ ૬૩ દિપડા, ૯૦ રીંછ, ૮૧ ઝરખ, ૩૭ લોમડી અને ૩૭૫ જેવા ઘુડખર આજે અસ્તિત્વમાં છે. વન્ય પ્રાણીઓ માટે અગાઉ વાત કરી તેમ પીવાના પાણી માટે કુંડીઓ, ચેકડેમ, હવાડા તેમજ ઘાસચારા માટે ખુલ્લા મેદાનની અંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ, પછી આખા દિવસ માટે મારે સસ્પેન્ડ કરવા પડશે. આપ પ્રશ્ન પૂછો.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રી *(x x x ) વનવાસી શબ્દો પાછા ખેંચે. આપ મંત્રી થઇને *(x x x ) કહીને આદિવાસીઓને પહેલાં અપમાનિત કરવાનું બંધ કરો. આ શબ્દ તમે કેવી રીતે ઉપયોગ કરી શકો.

અધ્યક્ષશ્રી : જોષીયારાજી આપ પ્રશ્ન પૂછો.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, તમને કોઇ અધિકાર નથી *(x x x ) કહેવાનો. પહેલાં તો તે સુધારે. પોતે *(x x x ) તરીકે બોલ્યા છે તે શબ્દો પાછા ખેંચે.

અધ્યક્ષશ્રી : હું તે શબ્દો દૂર કરું છું.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, તેમને આવો કોઇ અધિકાર નથી.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, *(x x x ) શબ્દ વાપર્યો છે. આદિવાસીઓને અપમાનિત કરવાનું બંધ કરો. આ બંધ કરો. શાના માટે આ શબ્દો વાપરો છો. મારો પ્રશ્ન એ છે કે આજે વન દિવસ છે. વન વિસ્તારમાં મોટા પ્રમાણમાં જંગલ કપાય છે.

અધ્યક્ષશ્રી : આપના પક્ષના સભ્ય પ્રશ્ન પૂછે એટલીવાર તો શાંતિ રાખો.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, તેના લીધે વન્ય પ્રાણીઓ ગામડામાં આવી જાય છે. તેના લીધે તે પ્રાણીઓ પશુઓનું મારણ કરે છે અને માણસોને પણ નુકસાન થાય છે. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, વન્ય પ્રાણીઓથી થતા નુકસાન માટે પશુઓને શું સહાય આપવા માગો છો અને માણસોને જે નુકસાન થાય છે, ઘણા માણસો મરી જાય છે તેમને અને જે આંશિક નુકસાન થાય છે તેમને શું સહાય આપવા માગો છો?

અધ્યક્ષશ્રી : આપ લોકોને હું વિનંતી કરું છું નહીં તો પછી મારે સસ્પેન્ડ કરવા પડશે. વિના કારણે કોઇ પ્રશ્ન ઉભો કરવાની જરૂર નથી. માનનીય મંત્રીશ્રી આપની પાસે જવાબ હોય તો આપો.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આ સેન્ચ્યુરી વિસ્તારમાં જંગલ મોટા પ્રમાણમાં કપાઇ ગયા છે જેને લીધે વન્ય પ્રાણીઓ ગામડાં તરફ આવી ગયા છે અને એના લીધે પશુઓનું મારણ થાય છે અને માણસોને પણ નુકસાન થાય છે, આવા સંજોગોમાં પશુઓને થતા નુકસાનની શું સહાય આપવા માગો છો? અને માણસોનું નુકસાન થાય છે તો માણસોને આંશિક નુકસાન માટે અને માણસોને પૂર્ણ ઇજા થાય છે ત્યારે માણસોને શું સહાય આપવા માગો છો?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વન વિસ્તારમાં કોઇ વૃક્ષો કપાયા નથી અને જે કાંઇ મૃત્યુ થયા છે એ વન વિસ્તારમાં રહેતા પશુઓના મૃત્યુ થયા છે એ કોઇ માલિકીના પશુ નથી એટલે આમાં વળતર આપવાની કોઇ વાત નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક ૨, માનનીય નીમિષાબેન, (અંતરાય) માનનીય અનિલભાઇ, આપને છેલ્લીવાર કહું છું, પછી આખા દિવસ માટે સસ્પેન્ડ કરવા પડશે. મર્યાદા હોય, દસ મિનિટ સુધી આપના પ્રશ્નની ચર્ચા થઇ છે, આપને છેલ્લીવાર કહું છું, નહીં,પછી સસ્પેન્ડ કરવા પડશે. નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક ૨.

### પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય

* ૨૪૫૪૨ શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા વિનાની કેટલી પ્રાથમિક શાળાઓ છે, અને | (૧) તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા છે. |
| (૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓ આવેલી છે, અને તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટેના શૌચાલયની સુવિધાવાળી કેટલી શાળાઓ આવેલી છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બળવંતસિંહજી, પછી સમગ્ર દિવસ માટે સસ્પેન્ડ કરવા પડશે. પ્લીઝ એમને બેસવા માટે આપ સૂચના આપો. પ્લીઝ એમને બેસવા માટે આપ કરો, માનનીય અશ્વિનભાઇ, બેસી જાવ. પ્લીઝ, માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પશ્ન પૂછ્યો પરંતુ આ ગૃહનું જે વાતાવરણ અને અવાજ છે એના કારણે માનનીય સભ્યશ્રીનો અવાજ હું સાંભળી ન શક્યો અને પ્રશ્ન સમજી શક્યો નથી, તો હું માનનીય અધ્યક્ષશ્રીનું રક્ષણ માગુ છું કે, માનનીય સભ્યશ્રી જે પ્રશ્ન પૂછે એ હું સારી રીતે સાંભળી શકું એવું ગૃહનું વાતાવરણ કરે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બંને પક્ષના સભ્યશ્રીઓ શાંતિ રાખો, આ પ્રશ્નોતરી ચાલે છે. માનનીય સભ્યશ્રી આપ ફરી પૂછો આપનો પ્રશ્ન.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓ આવેલી છે? અને બીજો પ્રશ્ન એ છે કે, તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટેના શૌચાલયની સુવિધાવાળી કેટલી શાળાઓ આવેલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર શાળાઓની સંખ્યા, ટોયલેટની સંખ્યા અને એમાં કન્યાઓ માટેના શૌચાલય ધરાવાતી શાળાઓની સંખ્યા માનનીય સભ્યશ્રીએ પૂછી. ઘોઘંબા તાલુકામાં ૨૨૯ શાળાઓ છે અને ૨૨૯ શાળાઓની અંદર ટોયલેટની સુવિધાઓ છે અને ૩૦૯ ટોયલેટની સંખ્યા છે, ગોધરા તાલુકામાં ૩૩૯ શાળાઓની સંખ્યા છે, ૩૩૨માં ટોયલેટની સુવિધા છે કારણ કે બાકીની કુમાર શાળાઓ છે અને ૪૧૧ ટોયલેટની સંખ્યા છે, હાલોલ તાલુકાની ૨૧૭ શાળાઓની સંખ્યા છે એમાં ૨૧૫ શાળાઓમાં ટોયલેટની છે અને ૨ શાળાઓ છે કુમાર શાળાઓ છે અને ૨૮૫ ટોયલેટની સંખ્યા છે, જાંબુઘોડા તાલુકામાં ૫૩ શાળાઓ છે અને ૫૩માં ટોયલેટ છે અને ૬૦ ટોયલેટની સંખ્યા છે, કાલોલ તાલુકામાં ૧૬૯ શાળાઓ છે એમાં ૧૬૫માં કન્યાઓના ટોયલેટ અને ૨૧૮ ટોયલેટની સંખ્યા છે, મોરવાડા હડપ તાલુકામાં ૧૫૦ શાળાઓ છે અને ૧૫૦ શાળાઓમાં કન્યાઓના ટોયલેટ છે અને ૨૧૮ ટોયલેટની સંખ્યા છે, શહેરા તાલુકામાં ૨૪૬ શાળાઓની સંખ્યા ૨૪૪માં ટોયલેટની

સુવિધાઓ અને ૩૬૫ ટોયલેટની સંખ્યા છે. એમ કુલ પંચમહાલ જિલ્લામા ૧૪૦૩ શાળાઓ છે એમાં કન્યા ટોયલેટ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૩૮૮ છે એમાં કન્યાઓની હયાત ટોયલેટની સંખ્યા ૧૮૬૬ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૪–૧૫ અને વર્ષ ૨૦૧૫–૧૬માં શાળાઓમાં કુમાર માટે કુલ કેટલા શૌચાલય બનાવવામાં આવ્યા, અને તે પૈકી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫માં ઘોઘંબા  તાલુકાની ત્રણ શાળાઓમાં ત્રણ ટોઇલેટ બનાવવામાં આવ્યા તેમાં ૪.૬૫ લાખનો ખર્ચ થયો, ગોધરા તાલુકાની છ શાળામાં છ ટોઇલેટ બનાવવામાં આવ્યા તેમાં ૮.૭૧ લાખનો ખર્ચ થયો, હાલોલ તાલુકામાં ૬ શાળાઓમાં સાત ટોઇલેટ બનાવ્યા તેમાં ૫.૩૭, જાંબુઘોડામાં એક શાળામાં એક  ટોઇલેટ તેમાં  ૨.૪નો ખર્ચો, કાલોલ તાલુકામાં ત્રણ શાળામાં ચાર ટોઇલેટ બનાવ્યા ૫.૩૪ લાખનો ખર્ચો, મોરવાહડફની પાંચ શાળામાં પાંચ ટોઇલેટ બનાવ્યા ૭.૮૦ લાખનો ખર્ચ, શહેરા તાલુકાના ચાર શાળાઓમાં ચાર ટોઇલેટ બનાવ્યા ૫.૨૩નો ખર્ચ તેમ ૨૦૧૪–૧૫માં કુલ ૨૮ શાળાઓમાં ૩૦ ટોઇલેટ બનાવ્યા ૩૯.૧૪ લાખનો ખર્ચો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫–૧૬માં ઘોઘંબા  તાલુકામાં ૨૮ શાળામાં ૨૮ ટોઇલેટ બનાવ્યા ૪૮.૫૧ લાખનો ખર્ચો થયો, ગોધરા તાલુકામાં ૫૫ શાળામાં ૬૩ ટોઇલેટ બનાવ્યા ૭૭.૨૧ લાખનો ખર્ચો થયો, હાલોલ તાલુકામાં ૨૮ શાળામાં ૩૪ ટોઇલેટ બનાવ્યા ૪૩.૯૧ લાખનો ખર્ચો થયો, જાંબુઘોડા તાલુકામાં ૨૧ શાળાઓમાં ૨૧ ટોઇલેટ બનાવ્યા ૧૨.૭૦ લાખાનો ખર્ચો થયો, કાલોલ તાલુકામાં ૧૩ શાળાઓમાં ૧૫ ટોઇલેટ બનાવ્યા ૧૮.૬૦ લાખનો ખર્ચો થયો, મોરવાહડફ તાલુકામાં ૨૫ શાળામાં ૨૭ ટોઇલેટ બનાવ્યા તેમાં ૩૨.૦૭ લાખનો ખર્ચો થયો, શહેરા તાલુકામાં ૩૦ શાળાઓમાં ટોઇલેટ બનાવ્યા અને ટોટલ ૩૯ ટોઇલેટ તેમાં ૫૧.૯૩ લાખનો ખર્ચો એવી જ રીતે ૨૦૧૫–૧૬માં કુલ ૨૦૦ શાળાઓમાં ૨૨૭ ટોઇલેટ બનાવવામાં આવ્યા અને ૨૮૪.૯૩નો ખર્ચો કરવામાં આવેલ છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની અંદર તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય બનાવવામાં આવેલ છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને અને સરકારને હું અભિનંદન આપુ છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, પંચમહાલ જિલ્લામાં રમેશભાઇએ કુમાર માટે પૂછ્યું તો કન્યાઓ માટે તાલુકાવાર વર્ષ ૨૦૧૪–૧૫ અને વર્ષ ૨૦૧૫–૧૬માં કેટલી શાળાઓમાં કન્યાઓ માટે કુલ કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં તાલુકા વાઇઝ કન્યાઓ માટે જે ટોઇલેટ બનાવવામાં આવ્યા તેમાં ઘોઘંબા તાલુકામાં ૧૪ શાળામાં ૧૪ ટોઇલેટ બનાવ્યા ૨૫.૯૯ હજારનો ખર્ચો, ગોધરા તાલુકામાં ૧૦ શાળામાં ૧૦ ટોઇલેટ અને ૧૦.૫૫નો ખર્ચો, હાલોલ તાલુકામાં ૧૨ શાળા ૧૪ ટોઇલેટ અને ૧૫.૭૭નો ખર્ચો, જાંબુઘોડામાં ૧૦ શાળા ૧૦ ટોઇલેટ ૧૪.૫૫ લાખનો ખર્ચો, કાલોલ તાલુકામાં ૬ શાળા ૭ ટોઇલેટ ૧૦.૬૯નો ખર્ચો, મોરવાહડફ ૨ શાળા ૨ ટોઇલેટ ૨.૫૦નો ખર્ચો, શહેરા તાલુકામાં ૬ શાળા ૭ ટાઇલેટ ૯.૯૧નો ખર્ચો એમ કુલ ૨૦૧૪–૧૫માં ૬૦ શાળાઓમાં ૬૪ ટોઇલેટ બનાવ્યા અને ૮૯.૯૬ લાખનો ખર્ચો કરવામાં આવ્યો. એવી જ રીતે ૨૦૧૫–૧૬માં ભોગંબા તાલુકાની ૧૯ શાળામાં ૧૯ ટોઇલેટ બનાવ્યા ૩૧.૩૦નો ખર્ચો, ગોધરા તાલુકામાં ૩૧ શાળામાં ૪૧ ટોઇલેટ બનાવ્યા તેમાં ૪૮.૨૦નો ખર્ચો, હાલોલ તાલુકામાં ૧૫ શાળામાં ૨૭ ટોઇલેટ બનાવ્યા ૩૧.૪૪નો ખર્ચો, જાંબુઘોડા તાલુકામાં ૭ શાળામાં ૭ ટોઇલેટ બનાવ્યા ૧૨.૨૫નો ખર્ચો, કાલોલ તાલુકામાં ૧૨ શાળામાં ૧૪ ટોઇલેટ બનાવ્યા ૧૫.૯૪નો ખર્ચો, મોરવાહડફમાં ૧૮ શાળામાં ૧૮ ટોઇલેટ બનાવ્યા ૨૨.૫૭નો ખર્ચો, શહેરા તાલુકામાં ૧૧ શાળામાં ૨૭ ટોઇલેટ બનાવ્યા ૨૬.૪૦નો ખર્ચો એમ કુલ ૨૦૧૫–૧૬માં પંચમહાલ જિલ્લામાં ૧૧૩ શાળામાં ૧૫૩ ટોઇલેટ કન્યાઓ માટે બનાવ્યા અને ૧૮૮.૧૦ હજારનો ખર્ચો એમાં કરવામાં આવ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં તોલમાપના સાધનો ખરાઇ ન કરાવતા એકમો સામે કાર્યવાહી

* ૨૪૫૬૫ શ્રી પૂનમભાઇ મકવાણા (દસાડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઇ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૩૮૪. |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૩૮૪. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ? | (૩) રૂ.૧,૯૮,૦૦૦/–. |

શ્રી પૂનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા ખાતા દ્વારા તોલમાપની દ્રષ્ટિએ ગરીબોને જથ્થો ઓછો ન મળે તે માટે વિવિધ પગલા જયારે ભર્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, વેપારી એકમ દ્વારા વજન માપનું ખરાઇ પ્રમાણપત્ર ધંધાના સ્થળે રાખવામાં ના આવે તો કેવા પ્રકારના પગલા લેવામાં આવે છે ? અને આવી ક્ષતિ બદલ કેટલી શિક્ષા થઇ શકે? મારો બીજો પ્રશ્ન  એ છે કે, તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

## તારાંકિત પ્રશ્નો

સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા એકમો સામે તપાસ થઇ, એની યાદી મારે આખા જિલ્લાની નથી જોઇતી પણ તાલુકાવાર કેટલા એકમોની તપાસ કરવામાં આવી, કેટલા પ્રોસીક્યુશન કેસ કરવામાં આવ્યા અને વસૂલની કેટલી રકમ માંડવાળ થઇ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, કોઇપણ વેપારી એકમ દ્વારા કોઇપણ પ્રકારના જથ્થામાં ઓછું આપવામાં આવે તો શું પગલાં લેવામાં આવે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વેપારી એકમ દ્વારા વજન માપનું ખરાઇ પ્રમાણપત્ર ધંધાના સ્થળે રાખવામાં ના આવે તો નીચે મુજબનાં પગલાં આપણે લઇ શકીએ છીએ.

ગુજરાત લીગલ મેટ્રોલોજીના નિયમ ૨૦૦૯ છે એ નિયમનો ભંગ થાય છે અને ગુજરાત લીગલ મેટ્રોલોજી એકટ નિયમ ૨૨ના પેટા ચાર મુજબ એ દંડને પાત્ર બને છે. આવી ક્ષતિઓનો જો ગુનો થાય તો એને માંડવાળ માટે ૫૦૦૦ રૂપિયા સુધીની ફી લઇએ છીએ. એમનો બીજો પ્રશ્ન છે કે, તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર તપાસ અને પ્રોસીક્યુશન કેસ છે? તો એની અંદર વઢવાણમાં તપાસેલા કેસ ૧૮૯૦ છે એમાં પ્રોસીક્યુશન કેસ કર્યા છે એ ૧૭૧ છે અને માંડવાળ કર્યાં છે એ રૂપિયા ૮૨૩૦૦ છે. લખતરમાં ૮૧ છે અને ૨ કેસ કર્યા છે અને રૂપિયા ૨૫૦૦, દસાડામાં ૪૯૪ અને કેસ કર્યા છે એ ૩૬ છે અને ૨૧૯૦૦ રૂપિયા ફી લીધી છે. ધ્રાંગધ્રામાં ૨૫૫ કેસની તપાસ થઇ છે, ૯ કેસ સામે શિક્ષાત્મક પગલાં લીધાં છે અને ૪૧૦૦ રૂપિયા દંડ લીધો છે. ચૂડામાં ૩૫૪ અને એમાં ૨૩ કેસ કર્યા છે, રૂપિયા ૧૪૮૦૦, એ જ રીતે લીંબડીમાં ૨૩૨ અને જે કેસ કર્યા છે એ ૧૭ અને રૂપિયા ૮૧૦૦, ચોટીલામાં ૪૫૬ અને કેસ કર્યા છે એ ૩૫, અને રકમ રૂપિયા ૧૭૪૦૦, મૂળીની અંદર ૨૮૫ અને એમાં ૨૨ કેસ કર્યા છે અને રકમ છે એ ૧૨૧૦૦ છે, હળવદમાં ૩૨૪ અને કેસ કર્યા છે એ ૨૧ છે અને રૂપિયા ૯૩૦૦ ફી લીધી છે. સાયલામાં ૩૫૯ની તપાસ થઇ છે અને ૩૨ કેસ કર્યા છે અને ૧૬૫૦૦ રૂપિયા માંડવાળ ફી લીધી છે. એ જ રીતે થાનમાં ૨૮૨ કેસ થયા છે અને રૂપિયા ૯૦૦૦ની ફી લીધી છે. આમ, કુલ ૫૦૧૨ જેટલી તપાસો કરી છે અને ૩૮૪ જેટલા કેસો કર્યાં છે અને ૧,૯૮,૦૦૦ રૂપિયા જેટલી રકમનો દંડ એમની પાસેથી વસૂલ લેવામાં આવ્યો છે. એમનો છેલ્લો પ્રશ્ન છે કે, આ જથ્થામાં ઓછું માપ આપવામાં આવે તો શું પગલાં લેવામાં આવે છે? તો ઓછું માપ આપવામાં આવે ત્યારે એ જથ્થાની આપણે ફેર તપાસણી કરીએ છીએ અને જથ્થો આપ્યા બાદ ગ્રાહકનું નિવેદન લઇએ છીએ, પંચોની રૂબરૂમાં પંચનામુ કરીએ છીએ અને લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ની કલમ ૧૨ હેઠળ એનો ગુનો નોંધવામાં આવે છે અને લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ની કલમ ૩૦ હેઠળ એને શિક્ષા પણ કરવામાં આવે છે.

શ્રી કિરીટસિંહ જિ. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોઇપણ વેપારી એકમ એમના કાંટા અને વજન નિયમ સમય મર્યાદામાં ફેર ચકાસણી ન કરાવે તો શું પગલાં લેવામાં આવે છે અને કેટલી સજા કરવામાં આવે છે અને કઇ સજા થાય છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, સુરેન્દ્રનગર જિલ્લાના તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઇ ન કરવા બાબતે આવા એકમો સામે પ્રોસીકયુશન હેઠળ કેટલા કેસો દાખલ કર્યા છે તેની તાલુકાવાર વિગત મારે જોઇએ છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, વેપારીઓ કાંટા અને વજન નિયત સમય-મર્યાદામાં ચકાસણી કે મુંદ્રાકન ન કરાવે તો એ કાંટાને પહેલાં તો જપ્ત કરી લઇએ છીએ. એ જપ્ત કર્યા પછી તેની પહોંચ પણ આપીએ છીએ અને મેં આગળ કહ્યું તેમ ૨૦૦૯ના નિયમ ૧૪ હેઠળ તેના ભંગ સબબ કાયદેસરની કાર્યવાહી આપણે કરીએ છીએ અને ફરી પાછુ આની આગળ આપણે લીગલ મેટ્રોલોજી નિયમ ૨૦૦૯ના નિયમ ૨૪ હેઠળ એ દંડને પાત્ર થાય છે. જો એ ગુનો એ માંડવાળ કરવામાં રસ ધરાવતા હોય તો આપણે તેની પાસેથી અરજી લઇએ છીએ અને તેનો ગુનો માંડવાળ કરવામાં આવે છે પણ જો એ ગુનો માંડવાળ કરવામાં સંમતિ ન આપે તો તેની સામે નામદાર કોર્ટની અંદર આપણે ફરિયાદ કરીએ છીએ. સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ એક વર્ષમાં તોલમાપના સાધનો જે ખરાઇ ન કર્યા હોય તેની સામે જે કેસો દાખલ કર્યા છે એમાં વઢવાણની અંદર તપાસેલા કેસો ૧૮૯૦ છે. ૧૭૧ કેસો કર્યા છે એમાં ૮૨,૩૦૦ રૂપિયા ફી વસૂલ લીધી છે. લખતરમાં ૮૧ તપાસની સામે બે કેસો કર્યા છે અને ૨૫૦૦ રૂપિયા ફી વસૂલ કરી છે. છે. દસાડાની અંદર ૪૯૪ તપાસ સામે ૩૬ કેસ કર્યા છે જેમાં ૨૧૯૦૦ રૂપિયા વસૂલ લીધા છે. ધ્રાંગ્રધ્રામાં ૨૫૫ તપાસની સામે ૯ કેસ કર્યા છે. ૪૧૦૦ ફી વસૂલ કરી છે. ચુડામાં ૩૫૪ તપાસની સામે ૨૩ કેસ કર્યા છે, ૧૪૮૦૦ ફી લીધી છે. લીંબડીમાં ૨૩૨ તપાસની સામે ૧૭ કેસ એમાં ૭૧૦૦ રૂપિયા, ચોટીલા ૪૫૬ તપાસની સામે ૩૫ કેસ કર્યા છે જેમાં ૧૭૪૦૦ રૂપિયા વસૂલ લીધા છે. મૂળીમાં ૨૮૫ સામે ૨૨ કેસ કર્યા છે. ૧૨૧૦૦ રૂપિયા વસૂલ લીધા છે. હળવદમાં ૩૨૪ તપાસની સામે ૨૧ કેસ કર્યા છે. ૯૩૦૦ રૂપિયા વસૂલ કર્યા છે. સાયલામાં ૩૫૯ તપાસની સામે ૩૨ કેસ કર્યા છે જેમાં ૧૬૫૦૦ રૂપિયા વસૂલ કર્યા છે. થાનમાં ૨૮૨ તપાસની સામે ૧૬ કેસ કર્યા છે એમાં ૯૦૦૦ રૂપિયા લીધા છે. આમ ૫૦૧૨ કેસોની તપાસ કરી, એમાં ૩૮૪ સામે ૧,૯૮,૦૦૦ રૂપિયા વસૂલ કર્યા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હમણાં સંદેશ ન્યુઝ ચેનલને અભિનંદન આપીશ કે એણે સુરેન્દ્રનગર જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ ઓછું આપે છે એ બહાર પાડ્યું. ત્યાંના પેટ્રોલ પંપો ઉપર એક લીટરે ૧૦૦ ગ્રામ પેટ્રોલ અને ડીઝલ ઓછું આપવામાં આવતુ હતું, એના કારણે ગ્રાહકો પણ છેતરાતા હતા ત્યારે હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લાની અંદર એવા કેટલા પેટ્રોલપંપો ચકાસવામાં આવ્યા, કોણ ગુનેગાર હતું અને જે ગુનેગાર હોય એની સામે શું પગલાં ભરવામાં આવ્યા અને આમાં કોઇ અધિકારીની સંડોવણી થયેલી હતી કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : પહેલા તો સંદેશ ન્યુઝ ચેનલને અમે પણ અભિનંદન આપીએ છીએ, કોઇની પણ ફરિયાદ હોય, અમારી ઓન લાઇન ફરિયાદ નોંધવાનું ચાલે છે, અમારી વેબસાઇટ પણ ખુલી છે. પ્રજા માટે અમે પણ જાહેર, ખુલી ઓન લાઇન કરેલી છે અને જો આવશે તો આ રાજય સરકારની ઇચ્છા શકિત છે કે કોઇનો પણ ભ્રષ્ટાચાર નહિ ચલાવી લે. ઓછુ

## તારાંકિત પ્રશ્નો

તોલમાપ રાજયના મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન ચલાવવા માગતા નથી. એટલે પહેલા સંદેશ ન્યુઝ ચેનલે તપાસ કરી એ પહેલા અમે પણ ૩૦૨૧ જેટલા પેટ્રોલપંપોની તપાસ કરી હતી અને એમાં બાવન પેટ્રોલ પંપો સામે કાર્યવાહી કરી અને ૧૫ કેસમાં ઓછું પેટ્રોલ આપતા હતા એના માટે ગુનો પણ દાખલ કરીને એની સામે પગલાં લીધા છે. સુરેન્દ્રનગરની વાત કરું તો હમણાં જ જે સંદેશ ચેનલે ચલાવ્યું ત્યારે એ બે દિવસની અંદર અમે ૧૨ પેટ્રોલપંપ ઉપર ચેકિંગ કર્યું હતું એમાં રી–સ્ટેમ્પીંગના ગુના માત્ર બે જગ્યાએ જણાયા છે, બીજે કયાંય ઓછું માપ જણાયું નથી.

### કચ્છ જિલ્લામાં વન વિભાગે બનાવેલ ચેકડેમ અને વન તલાવડી

* ૨૪૬૦૪ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૭ ચેકડેમ અને ૧૧૫ વન તલાવડી તેમજ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧ ચેકડેમ અને ૧૦ વન તલાવડી. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ તેની પાછળ ઉક્ત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ.૫૧૩.૪૧ લાખ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૭.૨૦ લાખ. |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં ૧૬૩ વન તલાવડીઓ અને ચેકડેમો બનાવવામાં આવ્યા છે. તો એ પૈકી રેન્જ વાઇઝ કેટલા બનાવ્યા છે અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ કચ્છ જિલ્લાની વન તલાવડીઓ અને ચેકડેમોની રેન્જ વાઇઝ માહિતી માગી છે. એમાં સન ૨૦૧૪–૧૫માં ભૂજ ઉત્તર રેન્જમાં ૧૦ વન
તલાવડીઓની પાછળ ૨૪ લાખ ૩૬ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. એ જ રીતે ભૂજ દક્ષિણ રેન્જમાં ૧ વન તલાવડી પાછળ ૧ લાખ ૯૪ હજાર રૂપિયા ખર્ચ કરેલ છે. અંજાર રેન્જમાં બે વન તલાવડીઓની પાછળ ૧ લાખ ૬૭ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. ભચાઉ રેન્જમાં ૯ વન તલાવડીઓ પછળ ૧૭ લાખ ૯૦ હજાર તથા દસ ચેકડેમોની પાછળ ૩૪ લાખ ૧૨ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. આડેસર રેન્જમાં ૧૦ વન તલાવડીની સામે ૨૪ લાખ ૪૬ હજારનો ખર્ચ થયેલ છે. રાપર ઉત્તરમાં ૨૬ વન તલાવડી પાછળ ૬૮ લાખ ૯૦ હજાર, ૧૪ ચેકડેમોની પાછળ ૫૪ લાખ ૬ હજારનો ખર્ચ થયેલ છે. રાપર દક્ષિણમાં ૬ વન તલાવડી પાછળ ૧૭ લાખ ૯૯ હજારનો ખર્ચ, રાપરની અંદર ૩ વન તલાવડી પાછળ ૮ લાખનો ખર્ચ, લખપતની અંદર ૩ વન તલાવડીઓ પાછળ ૧૫ લાખનો ખર્ચ, ભૂજની અંદર ૪ વન તલાવડી પાછળ ૧૯.૯૬ લાખનો ખર્ચ થયેલ છે. દયાપર ઉત્તરમાં ૧૧ વન તલાવડી પાછળ ૪૩ લાખ ૬૬ હજારનો ખર્ચ. એ જ વિસ્તારની અંદર ૭ ચેકડેમ પાછળ ૩૫ લાખ ૩૯ હજારનો ખર્ચ, દયાપર દક્ષિણની અંદર ૫ વન તલાવડી પાછળ ૧૪ લાખ ૨૭ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. ૬ ચેકડેમ ૨૫,૮૧,૦૦૦નો ખર્ચ, નખત્રાણા પૂર્વ રેન્જમાં ૪ વન તલાવડી–૧૩,૫૪,૦૦૦નો ખર્ચ, નખત્રાણા પશ્ચિમમાં ૪ વન તલાવડી–૬,૫૦,૦૦૦ નો ખર્ચ, નલિયા દક્ષિણમાં ૩ વન તલાવડી–૧૦,૮૫,૦૦૦નો ખર્ચ, ભુજ પશ્ચિમમાં ૧૪ વન તલાવડી–૭૫,૦૨,૦૦૦નો ખર્ચ થયો છે. આમ ૨૦૧૪–૧૫ના વર્ષની અંદર ૧૧૫ વન તલાવડીમાં ૩૬૪.૦૩ કરોડનો ખર્ચ અને ૩૭ ચેકડેમનો ૧૪૯.૩૮ કરોડનો ખર્ચ છે. ૨૦૧૫–૧૬માં ભુજ દક્ષિણમાં ૧ ચેકડેમ ૩,૯૮,૦૦૦નો ખર્ચ છે. દયાપરમાં ૧ વન તલાવડીનો ૪,૯૯,૦૦૦નો ખર્ચ, દયાપર દક્ષિણમાં ૨ વન તલાવડી– ૬,૫૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ, નખત્રાણા પૂર્વ રેન્જમાં ૪ વન તલાવડી–૧૦,૩૩,૦૦૦નો ખર્ચ, નખત્રાણા પશ્ચિમમાં ૧ વન તલાવડી–૧,૪૦,૦૦૦નો ખર્ચ. કુલ ૧૦ વન તલાવડીનો ખર્ચ ૨૩,૨૨,૦૦૦ અને એક ચેકડેમનો ૩,૯૮,૦૦૦નો આ બન્ને વર્ષમાં બન્ને જિલ્લામાં ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ ચેકડેમ બાંધવા માટે તાંત્રિક મંજૂરીની સત્તા કોને છે તથા કામગીરીનું સુપરવિઝન કોણ કરે છે? તાંત્રિક મંજૂરી માટે કોઇ રકમ ચૂકવવામાં આવે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ ચેકડેમ બનાવવા માટેની તાંત્રિક મંજૂરી સિંચાઇ વિભાગના કર્મચારીઓના માધ્યમથી આપણે લઇએ છીએ અને નાયબ કાર્યપાલક ઇજનેર–સિંચાઇને ૬,૦૦,૦૦૦ સુધીની સત્તા છે. સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીને ૫૦,૦૦,૦૦૦ સુધીની તાંત્રિક મંજૂરી આપવાની સત્તા હોય છે અને મંજૂરી આપવા માટે અને અંદાજો બનાવવા માટેની તાંત્રિક મંજૂરી માટે આપણે સરકારના ધોરણ મુજબ બે ટકાની ચૂકવણી કરીએ છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : હું જાણવા માગું છું કે ૨૦૧૫–૧૬માં એક ચેકડેમ અને ૧૦ વન તલાવડી બનાવવામાં આવી. તેની પાછળ ૨૭.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એક ચેકડેમ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ૧૦ વન તલાવડી પાછળ જે ખર્ચ કરવામાં આવ્યો છે તેમાં પ્લાન, નકશા અંદાજો મુજબ એક વન તલાવડી પાછળ કેટલા ઘન મીટર કામ કરવાનું હતું?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ વન તલાવડીની લંબાઇ અને ઉંચાઇના માપ અલગ અલગ આવે છે તેના લીધે તેના ખર્ચની કિંમત અલગ અલગ હોય છે. ચેકડેમમાં માનનીય સભ્યશ્રીને પણ ખબર છે કે કોતરની લંબાઇ વધારે હોય છે તેનો ખર્ચ વધારે થતો હોય છે. તેની હાઇટ પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ચેકડેમ અને વન તલાવડી માટેની એજન્સી કઇ રીતે નક્કી કરવામાં આવે છે?(અંતરાય) (આ તબક્કે સભ્યશ્રી પુંજાભાઇ વંશે પ્રશ્ન પૂછવાનો આગ્રહ રાખતાં)

અધ્યક્ષશ્રી : જવાબ ન મળે તો આપ અલગથી નોટિસ કરજો ને, (અંતરાય) પ્લીઝ. મંત્રીશ્રી અત્યારે સભ્યશ્રી પુંજાભાઇ પૂછે છે તેનો જવાબ છે? ન હોય તો પછીથી તેમને મોકલી આપજો. પુંજાભાઇ, આપને જવાબ મોકલી આપશે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : આ ચેકડેમ અને વન તલાવડીની એજન્સી કઇ રીતે નક્કી કરવામાં આવે છે અને એમાં જે પાણી સંગ્રહ થાય છે એ આપવાનું કઇ રીતનું આયોજન છે? તેના નિયમો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ વન તલાવડી અને ચેકડેમ બનાવવા માટે ૫,૦૦,૦૦૦ની અંદરના અંદાજની થતી હોય તો અમારા વન વિભાગ તરફથી તેની કામગીરી કરવામાં આવે છે. ૫,૦૦,૦૦૦થી ઉપરની છે તેની કામગીરી રાજ્યના ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં પારદર્શક વહીવટના માધ્યમથી ઇ–ટેન્ડરીંગથી આવી કામગીરી કરાવીએ છીએ અને આનાથી જે પાણીનો સંગ્રહ થાય છે તે એ વિસ્તારના પશુ–પંખીઓને પીવા માટે વપરાય છે અને બાકી જમીન રીચાર્જ કરવા માટે આ પાણીનો ઉપયોગ થતો હોય છે.

### રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૪૫૦૨ શ્રી પ્રવિણભાઇ માંકડીયા (ધોરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૨૦૧૪–૧૫ માં ૪૨૮ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૨૪૪ હેક્ટરમાં. |
| (૨) તે પૈકી ઉપલેટા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૭૨ હેક્ટરમાં. |
| (૩) તે પાછળ ઉક્ત સમયગાળામાં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૫૨.૪૯/– લાખ. |

શ્રી પ્રવીણભાઇ મો. માકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તાલુકવાઇઝ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ અંતિત કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને મારા ઉપલેટા વિસ્તારમાં કેટલા રોપાઓનું વાવેતર કરેલ છે અને એની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ ૨૦૧૪–૧૫ના વર્ષમાં લોધીકા તાલુકામાં ૩૮ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૩૮૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૧૦,૮૧,૦૦૦/– નો ખર્ચ કરેલ છે. રાજકોટ તાલુકામાં ૬૭ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૮૧,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૫૫,૫૫,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, પડધરી તાલુકામાં ૩૭ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૪૦,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ. ૧૩,૧૯,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, જસદણ તાલુકામાં ૨૧,હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૨૫,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૯,૫૧,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, વિંછીયા તાલુકામાં ૧૭ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૧૩,૧૩,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૭,૬૯,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, ગોંડલ તાલુકામાં ૪૭.૫૦ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૬૨,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૩૪,૩૩,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, સાંગાણી તાલુકામાં ૧૭.૫૦ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૧૮,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ. ૩,૦૨,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, જેતપુર તાલુકામાં ૪૭ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૬૦,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૫૫,૫૪,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, ધોરાજી તાલુકામાં ૪૯ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૭૦,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ. ૫૪,૧૮,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, જામકંડોરણા તાલુકામાં ૪૮ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૪૧,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ.૧૪,૦૦,૦૦૦/– નો ખર્ચ કરેલ છે અને ઉપલેટા તાલુકામાં ૪૯ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને ૬૨,૦૦૦ જેટલા રોપાઓ વાવેલ છે અને એની પાછળ રૂ. ૪૫,૪૮,૦૦૦/– નો ખર્ચ કરેલ છે. આમ ૨૦૧૪–૧૫માં ૪૨૮ હેક્ટર જમીનમાં વાવેતર કરેલ છે અને એમાં ૫,૧૬,૦૦૦ રોપાઓ રોપીને કુલ રૂ.૩૦૩.૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. એ જ રીતે ૨૦૧૫–૧૬માં રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં ૨૪ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૮,૬૧,૦૦૦/– નો ખર્ચ કરેલ છે. રાજકોટ તાલુકામાં ૪૧ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૨૭,૨૫,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, પડધરી તાલુકામાં ૨૦ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૪,૨૮,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, જસદણ તાલુકામાં ૧૫ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૬,૬૫,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, વિંછીયા તાલુકામાં ૭ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૨,૬૨,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, ગોંડલ તાલુકામાં ૧૦ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૨,૧૪,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, સાંગાણી તાલુકામાં ૧૯ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૫,૭૫,૦૦૦/– નો ખર્ચ કરેલ છે, જેતપુર તાલુકામાં ૪૧ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ

રૂ.૧૯,૫૪,૦૦૦/- નો ખર્ચ કરેલ છે, ધોરાજી તાલુકામાં ૩૨ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૨૫,૭૯,૦૦૦/- નો ખર્ચ કરેલ છે, જામકંડોરણા તાલુકામાં ૨૨ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ.૫,૮૩,૦૦૦/- નો ખર્ચ કરેલ છે અને ઉપલેટા તાલુકામાં ૨૩ હેક્ટર જમીનમાં વાવેતર કર્યું છે અને એની પાછળ રૂ. ૬,૬૧,૦૦૦/- નો ખર્ચ કરેલ છે. આમ ૨૦૧૪-૧૫માં ૨૪૪ હેક્ટર જમીનમાં વાવેતર કરેલ છે અને એમાં કુલ રૂ.૧૧૫.૦૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જસદણ અને વિંછીયા તાલુકાની અંદર ૨૧ અને ૧૭ હેક્ટર જમીનમાં વાવેતર કરેલ છે એમાં કેટલી જમીન વન વિભાગની, કેટલી જમીન ગૌચરની અને કેટલી જમીન ખરાબાની છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જમીન વન વિભાગની છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું એ પહેલા તો અમારા વિસ્તાર ધ્રોળની અંદર રાજયકક્ષાનો વન મહોત્સવ ઉજવવાનો નિર્ણય કરવા બદલ હું રાજયના મુખ્યમંત્રીશ્રીનો હૃદયથી આભાર માનુ છું. માલિકીની જમીન હેઠળના ખેતરોમાં તથા સંસ્થાકીય જમીનો ઉપર વાવેતર કોણ કરે છે અને વૃક્ષારોપણ કોના ખર્ચે થાય છે અને એનો લાભ કોને મળે છે?શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જે માલિકી સરવે નંબરની જમીન છે એમાં ખેડૂત પોતે વાવેતર કરતો હોય છે. તેમ છતાં જો ખેડૂત વાવેતર ના કરે તો એનું વૃક્ષારોપણ સરકારની સહાયથી પણ કરતા હોઇએ છીએ અને એની અંદરથી જે આવક થાય છે એ તમામ સો ટકા ખેડૂત પોતે લેતો હોય છે અને સંસ્થાકીય જે જમીનો છે એ વૃક્ષઉછેર જે તે માલિક દ્વારા થાય છે એનો સંપૂર્ણ લાભ જમીન માલિકને મળે છે તેમ છતાં એને રોપા આપણે રાહત દરે આપતા હોઇએ છીએ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે સામાજિક વનીકરણ યોજનાના ફાયદાઓ શું છે? સાથેસાથે એ પણ જાણવા માગું છું કે જયારે આ રોપાનું વાવેતર કરવામાં આવે છે ત્યારે તેમાં આરોગ્યવર્ધક રોપાઓનું વાવેતર કરવાનું પ્રાધાન્ય આપવામાં આવે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ વનીકરણ યોજનાના ફાયદા લગભગ બધાને ખબર છે. આ વન્ય છે એટલે એનાથી જૈવિક સુરક્ષા અને પર્યાવરણ ખૂબ સારું સચવાયેલું છે. એમાં વન બહારના વિસ્તારમાં પણ વનીકરણ કરીને વૃક્ષાધીન વિસ્તારમાં વધારો કરવાનો આપણને ફાયદો થાય છે. રાજયમાં વૃક્ષોનું પ્રમાણ વધારીને વનો ઉપર ભારણ ઓછું કરવું. વૃક્ષો માટે લોકજાગૃતિ કેળવવી, વૃક્ષારોપણમાં જનભાગીદારી વધારવી, વન્ય પેદાશોની ઉપલબ્ધતામાં અભિવૃદ્ધિ કરવી. બિનફળદાયી તથા બિન ઉત્પાદકતાવાળી ખાલી જમીનો ઉપર એનો સદઉપયોગ કરવાનો. વૃક્ષારોપણ દ્વારા લોકોની આવકમાં વધારો કરવો, ગ્રામ્ય ગરીબ લોકો માટે રોજીરોટીની તકો વધારવી, વૃક્ષ આચ્છાદિત હરીયાળું વન ઉભું કરી કાર્બન સંચય કરી રાજય માટે ટકાઉ વિકાસનો આધાર ઉભો કરવો. રાજયમાં પર્યાવરણ અને જૈવિકતાની સુરક્ષા જેવા ફાયદાઓ પણ થાય છે. આના માટે આરોગ્ય માટેના આપણે વૃક્ષો રોપતા હોઇએ છીએ.

ડાંગ જિલ્લામાં બોર્ડર વિલેજમાં સમાવિષ્ટ ગામો

* ૨૪૭૦૬ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં બોર્ડર વિલેજમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, અને | (૧) ૫ (પાંચ) ગામોનો સમાવેશ થયેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ગામોનો સમાવેશ કરવાનો બાકી છે અને કેટલા સમયમાં બાકી ગામોનો સમાવેશ કરવામાં આવશે ? | (૨) બાકી ૩૬ ગામોનો સમાવેશ કરવાની દરખાસ્ત ચકાસણી હેઠળ છે. |

શ્રી મંગળભાઈ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી એ જાણવા માગુ છું કે ડાંગ જિલ્લામાં ૩૧૧ ગામો આવેલા છે એ પૈકી ભૌગોલિક પરિસ્થિતિએ જોઇએ તો પોણા ભાગનો જિલ્લો મહારાષ્ટ્ર બોર્ડર સાથે સીધો સંકળાયેલો છે. એમાંથી જવાબમાં ૫ ગામો બોર્ડર વિલેજમાં સાંકળવામાં આવ્યા છે અને ૩૬ ગામો બાકી છે. આ ૫ ગામો અને બાકીના ૩૬ ગામો પસંદ કરવાના માપદંડો કયા? અને એની સાથે સાથે મારો બીજો પ્રશ્ન એ છે કે જે ૫ ગામોનો બોર્ડર વિલેજમાં સમાવેશ થયેલો છે એમાં માળખાકીય સુવિધામાં કયા કયા કામો કરવામાં આવ્યા છે અને કયો કયો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય મંગળભાઇએ જે પ્રશ્ન કર્યો ૫ ગામો લીધા છે એનો જવાબ આપુ છું. ૨૦૧૫-૧૬માં ડાંગ જિલ્લાની બોર્ડર વિલેજમાં જે ૫ ગામો સમાવવામાં આવ્યા એમાં અંતર્ગત ડાંગ જિલ્લામાં શુબિર તાલુકાના નિશાના, કાકશાળા, જામલા, કેશબંધ, બીલીઆંબા જેવા ૫ ગામોનો સમાવેશ કરેલ છે. જેની માળખાકીય સુવિધાઓમાં પાણી માટે ૧૧.૧૦ લાખ, શિક્ષણ માટે ૧.૮૦ લાખ, રસ્તાઓ માટે ૨૦ લાખ, આજીવિકા માટે ૧૪ લાખ આમ આ ૫ ગામો માટે રુ. ૪૬.૯૦ લાખની રકમ ફાળવવામાં આવેલ છે જેમાંથી માહે- ફેબ્રુઆરી ૨૦૧૬ અંતિત ખર્ચ રુ. ૪૫. ૩૫ લાખનો થયેલો છે. માનનીય મંગળભાઇએ બીજા ગામો અંગે પ્રશ્ન પૂછયો છે, તો આ ગામોમાં કામોની જરૂરિયાત મુજબ અને બજેટની મર્યાદા

ધ્યાનમાં લઇ જોગવાઇ ઓછી વધતી કરવામાં આવે છે અને જે ૩૬ બાકી કામો છે એ પ્રગતિના આરે છે અને બીજા કામોની જરૂરિયાત હશે તો કામો લેવામાં આવશે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ડાંગ જિલ્લામાં બોર્ડર વિલેજમાં આવતા ૩૬ ગામ કયા કયા છે અને એ ૫ ગામોમાં જે વિકાસના કામ કરવામાં આવ્યા છે એમાં એક ગામ દીઠ કેટલી ગ્રાન્ટ ફાળવવામાંઆવી અને શું સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં આમથવા, વાહુટીયા, બીબુપાડા, બદીનાગોવઠા, કેળ, નકટીયાહનવત, ઝરી, વાડીયાવન, નીમપાડા, મહાદર, ચિંચલી, ડોન, અંજનકુંડ, ઉખાટીયા, સિનબંધ, પિપલપાડા, વનાર, બરડપાણી, બરમ્યાવડ, હબાપાડા, લહાનમાળુગા, કાંચનપાડા, બોડારમાળ, નિંબારપાડા, ધોડવહળ, બરડ(સૂર્યા) દગુનિયા, ભદરપાડા, ચિંચોડ, દગડપાડા, ભુરભેડી, સિલોટમાળ, જામનસોંડા, પાયરપડા, આંબળિયા અને ખીરમાલી એમ કુલ ૩૬ ગામોનો સમાવેશ કરવાનો છે.

શ્રી ભરતભાઈ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છે કે બોર્ડર વિલેજ યોજનામાં ગામો સમાવવા માટેના ધોરણો શું છે અને અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ડાંગ જિલ્લામાં શું લાભ આપવામાં આવ્યો છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : બોર્ડર વિલેજ નક્કી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની સરહદને અડીને આવેલા અતિ અછાત અને અલ્પ વિકસિત આદિવાસી ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડાંગ જિલ્લામાં અત્યાર સુધીમાં માળખાગત સુવિધાઓ જેવી કે, આવાસ, વીજળી, રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય આજીવિકા એમ વિવિધ હેતુઓ માટે વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૫–૧૬ સુધીમાં રૂપિયા ૪૬૮.૬૦ લાખનો ખર્ચ ઉક્ત વિકાસના કામોનો લાભ આપવામાં આવ્યો છે.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી પૂર્વપટ્ટીમાં મોટાભાગના ગામો બોર્ડર વિલેજના છે છતાં જે ગણતરી કરવામાં આવી છે એના લીધે ઘણા બધા ગામો દરેક જિલ્લામાં રહી ગયા છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બોર્ડર વિલેજની ગણતરી તમે કઇ રીતે કરો છો અને મોટાભાગના ગામો રહી ગયા છે ત્યારે રી–સરવે કરાવીને બોર્ડર વિલેજના ગામો નક્કી કરવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : બોર્ડર વિલેજના જે ૫ ગામો જાહેર થયા છે એ સરવે કરાવીને મંજૂર કર્યા છે. બીજા ૩૬ ગામોની ચકાસણી થઇ ગઇ છે અને ટૂંકમાં એમને પણ સમાવી લેવામાં આવશે.

ડો. અનિલભાઇ જોષીયારા : આખા ગુજરાતની પૂર્વપટ્ટીમાં ગામો રહી ગયા છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : આ પ્રશ્ન માત્ર ડાંગ જિલ્લા પૂરતો છે.

ડો. અનિલભાઇ જોષીયારા : આપ સરવે કરાવવા માગો છો કે કેમ? એક જ તાલુકામાં આટલા બધા ગામો રહી ગયા હોય તો આખા વિસ્તારમાં કેટલા ગામો હશે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : ડાંગમાં ૩૬ ગામોની ચકાસણી થઇ ગઇ છે. બીજા ૧૨ ગામો આવી ગયા છે એટલે બીજી કામગીરી ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે.

ડો. અનિલભાઇ જોષીયારા : ડાંગમાં જેમ ૩૬ ગામો રહી ગયા છે એમ ગુજરાતની પૂર્વપટ્ટીમાં ઘણા બધા ગામો રહી ગયા છે એનો રી–સરવે કરવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : અત્યારે જે કામગીરી ચાલે છે એ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. બધા ગામો બોર્ડરના નથી. મહારાષ્ટ્રની બોર્ડર ઉપર આવેલા છે એની જ વાત છે.

અધ્યક્ષશ્રી : અન્ય જિલ્લામાં પણ આવો સરવે કરવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : અન્ય જિલ્લામાં આ રીતના સરવેની કામગીરી કરાવીશું.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : બોર્ડર વિલેજના ગામો ડાંગ જિલ્લાના છે એ હંમેશા સળગતો પ્રશ્ન રહ્યો છે. આ જે ૩૬ અરજીઓ આવી છે એ ક્યારે આવી અને વહેલામાં વહેલી ક્યારે મંજૂર કરવા માગો છો?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : બોર્ડર વિલેજ યોજના અંતર્ગત ડાંગ જિલ્લાના ૩૬ ગામોની દરખાસ્ત પ્રાયોજના વહીવટદાર તરફથી તા. ૨૭–૭–૨૦૧૫ના રોજ મળેલ છે અને આ ગામોમાં શુબિર તાલુકાના ૧૨ ગામો, વઘાઇ તાલુકાના ૧૮ ગામો અને આહવા તાલુકાના ૬ ગામોનો સમાવેશ કરવાની દરખાસ્ત આવેલ છે.

વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ દાવાઓની મંજુરી

* ૨૫૪૨૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લાના તાલુકાવાર વન અધિકાર ધારા હેઠળ કુલ કેટલા દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વન અધિકાર અધિનિયમ ધારા હેઠળ વર્ષવાર, તાલુકાવાર નીચે મુજબના દાવાઓ મંજુર કરવામાં આવ્યા.

| તાલુકાનું નામ | તા.૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ |
|---|---|---|
| ધરમપુર | ૨૭૦૪ | ૧૦૮૦ |

## તારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| કપરાડા | ૩૬૫૫ | ૪૭૮ |
| ઉમરગામ | ૮૫ | ૫ |

(૨) તે અન્વયે કેટલા હેક્ટર જમીનની સનદ આપવામાં આવી ?

(૨) નિયમ મુજબ આદેશપત્ર આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ |
|---|---|---|
| ધરમપુર | ૯૦૬.૦૦ હેક્ટર | ૪૪૬.૬૬ હેક્ટર |
| કપરાડા | ૮૦૨.૦૦ હેક્ટર | ૧૫૫.૩૮ હેક્ટર |
| ઉમરગામ | ૧૬.૮૪ હેક્ટર | ૧.૦૩ હેક્ટર |

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી ત્રણ બાબતો જાણવી છે. વન અધિકાર કાયદો બનાવ્યો ત્યારે એક ખેડૂતને મિનિમમ ૧૦ એકર જમીન આપવાની હતી. જેની પાસે જેટલી જમીન એટલી જમીન આ ૧૦ એકરમાંથી ઓછી આપવાની વાત હતી. પરંતુ જવાબ આપ્યો છે કે ૨૦ ગુંઠા અને ઉમરગામ તાલુકામાં ૮૫ અરજીઓ હતી. તેની સામે ૪૨ એકર જમીન એટલે ૨૦ કે ૨૧ ગૂંઠા જમીન થાય છે. જંગલ વિસ્તાર માટે જે અરજીઓ આવે છે એના પ્રમાણમાં ખૂબ ઓછી જમીન મળેલ છે. એ પ્રમાણે બીજો દાખલો આપવા માંગુ છું કે, એક કપરાડા તાલુકાનું કાપરકોપર ગામ છે એમાં ૬૩ અરજી હતી એમાંથી એકપણ અરજી આજ દિન સુધી પાસ કરેલ નથી તો ચકાસીને એને સત્વરે પાસ કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે કે- જમીનની સનદો આપી દેવામાં આવે છે પણ નંબર-૬ની એન્ટ્રી પાડવામાં કે એના પોતાના નામ ઉપર જમીન થાય એ પ્રોસીજર કેટલા સમયમાં કરવા માંગો છો?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો ગુજરાત આખા દેશમાં ૧૯૬૭ પહેલાની અને ૧૯૮૦ પહેલાની ૪૫૫૫૨ જેટલા લોકોને આ જમીન આપી છે અને કેન્દ્રમાં ૨૦૦૬માં એક્ટ બન્યો અને એના નિયમો ૨૦૦૮માં પસાર થયા. પછી જે જમીન આપવાની વાત છે એમાં નક્કી કરેલું છે કે આદિવાસી ગમે તેટલી જમીન ખેડતા હોય પણ એને પાંચ એકર સુધી વધારેમાં વધારે જમીન આપવી અને એના પ્રમાણમાં જે આદિવાસી ખેડતા હશે તે પ્રમાણને ધ્યાનમાં રાખીને તેને જે મળતી હશે તે પ્રમાણે, નિયમ પ્રમાણે તેને આપવામાં આવે છે. બીજી વાત એમણે એમ કરી કે તેના નામ પર થઇ જાય કે કેમ? નામ પર તો સરકારના નામે રહેવાની છે પણ કર્તાહર્તા તરીકે આદિવાસી રહે અને અત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સુધારો કર્યો છે આદિવાસીને પોતાની જમીન ખેડવા માટે એ જમીન સમથળ કરવા સરકાર વ્યવસ્થા કરી આપવાની છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે- વન અધિકાર ૨૦૦૬ અન્વયે વન અધિકાર દાવા મંજૂર કોણ કરે છે? અને અગાઉ દાવેદારોને સનદ આપવામાં આવતી હતી અને હવે અધિકારપત્ર આપવામાં આવે છે તો સનદ અને અધિકાર પત્રમાં શું તફાવત છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ વન અધિકાર મંજૂર કરવાની પ્રક્રિયા ગ્રામ્ય સ્તરેથી શરૂ કરવામાં આવે છે. ગ્રામ્ય સ્તરેથી સમિતિ દ્વારા દાવાઓ મંગાવવામાં આવે છે અને તે ઉપલબ્ધ પુરાવા સાથે ચકાસણી કરી ગ્રામસભામાં રજૂ કરવામાં આવે છે. ગ્રામસભા તેની ભલામણ સાથે તાલુકા કક્ષાની સમિતિએ રજૂ કરે છે. તાલુકા કક્ષાની સમિતિ દ્વારા દાવા તેની સાથેના ઉપલબ્ધ પુરાવા સાથે, રેકર્ડ સાથે ચકાસણી કર્યા બાદ માન્ય થવાપાત્ર હોય તેવા દાવાઓની ભલામણ સાથે જિલ્લા કક્ષાની વન અધિકાર સમિતિને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપે છે. જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા જે તે દાવા માન્ય અથવા અમાન્ય કરવા નિર્ણય લેવામાં આવે છે. આમ, વન અધિકાર મંજૂર, ના-મંજૂર કરવાની આખરી સત્તા જિલ્લા વન અધિકાર સમિતિને જ છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, સનદ એટલે લેન્ડ રેવન્યુ કોડની જોગવાઇ પ્રમાણે જે તે ખાતેદારના નામે જે તે જમીનની રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે. આ માટે અધિકૃત કરેલ અધિકારી કલેકટરશ્રી દ્વારા આદેશ કરવામાં આવે છે. આ જમીન ખાતેદાર દ્વારા વેચાણ કે ગીરો કરી શકાય નહિ. જ્યારે વન અધિકાર અધિનિયમના નિયમ-૮ હેઠળ અનુસૂચિ(૨) મુજબ વ્યક્તિના રહેઠાણ કે ખેતી માટે વન જમીનનો કબજો માન્ય કરતા આદેશ માટે અધિકાર પત્ર આપવામાં આવે છે, જેની રેવન્યુ રેકર્ડમાં નોંધ થાય છે અને જે તે જમીનના ભોગવટાના અધિકાર મળે છે. વન જમીનનો આ અધિકાર પત્ર પતિ-પત્નીના નામે અપાય છે જે વારસાઇને પાત્ર છે. પરંતુ ગીરો કે વેચાણ થઇ શકતું નથી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે- વલસાડ જિલ્લામાં કુલ કેટલા દાવાઓ આવ્યાં, તે પૈકી બાકી રહેતા દાવાઓ ક્યારે મંજૂર કરવા માગો છો? બીજો પ્રશ્ન એ છે કે, આ દાવેદારો પૈકી કોઇ ત્રીજા-ચોથા વર્ગનો સરકારી કર્મચારી હોય ત્યારે આ અધિનિયમમાં તેને જમીન આપવાની જોગવાઇ છે કે કેમ?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના તા.૫-૧૧-૨૦૧૪ના ઠરાવથી વનવાસી ખેડૂત સશક્તિકરણની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં જમીનનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ, નાની સિંચાઇ તથા પીવાના પાણીનો સ્ત્રોત, પાણીના સ્ત્રોત, પંપ અને મશીનરી, કૃષિ ક્ષેત્રે ટપક સિંચાઇ, કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ શાકભાજી માટે કૃષિકિટ તથા વૈજ્ઞાનિક તેમજ આધુનિક પધ્ધતિથી ખેતી અંગેની યોજના કરવા અંતર્ગત ૨૦૧૫માં ૯૯૩ લાખ અને ૧૫૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. જે પૈકી રૂપિયા લાખ અને (અંતરાય)..

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કેટલા દાવાઓ આવ્યા અને કેટલા મંજૂર કર્યા અને એમાં કોઇ સરકારી અધિકારીએ માગી હોય તેને આપવા માગો છો કે કેમ?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ૮૧૩ અરજીઓ મળી છે તે પૈકી ૬૭૮ મંજૂર કરવામાં આવી છે. જેની સામે ૯૨૮ એકર વન જમીન આપવામાં આવી છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વન અધિકાર અધિનિયમ હેઠળ દાવાઓ મંજૂર કરવા માટે કયા પુરાવાઓ રજૂ કરવાના હોય છે અને પુરાવાના આધારે માગણી કરેલી જમીન આપવામાં આવે છે કે કેમ?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર અધિનિયમ હેઠળ દાવાઓ મંજૂર કરવા માટે વન અધિકાર અધિનિયમના નિયમ–૧૩માં દર્શાવ્યા મુજબના ઓછામાં ઓછા બે પુરાવાઓ રજૂ કરવાના રહે છે. જેમાં એક પુરાવો રેકર્ડ આધારિત હોવો જોઇએ. નિયમ–૩માં આ મુજબના પુરાવાઓ દર્શાવેલા છે. અનુસૂચિત જનજાતિ માટેનું પ્રમાણપત્ર ધરાવતો હોવા જોઇએ અને તા.૩૧–૧૨–૦૫ પહેલા અને તા.૩૧–૧૨–૨૦૦૭ ના રોજ જમીનનો કબજો હોવો જોઇએ, અન્ય પરંપરાગત વનવાસી માટે ૭૫ વર્ષના રહેઠાણ અને ખેતીના જણાવ્યા પૈકીના કોઇ પણ બે પુરાવાઓ, જાહેર સરકારી દસ્તાવેજો, ગેઝેટીયર, વસતિ ગણતરી મોજણીઓ અને સેટલમેન્ટ રિપોર્ટ, નકશાઓ, ઉપગ્રહ છબી, કાર્યકરી યોજનાઓ, વ્યવસ્થાપન સંબંધી યોજનાઓ, માઇક્રોપ્લાન, વન તપાસ અહેવાલ, વન સંબંધી રેકર્ડ, હક્કપત્રકો, ભાડાપટ્ટા, મતદાર પત્રક, રેશન કાર્ડ, પાસપોર્ટ, રેવન્યુ સ્લીપ, રહેઠાણનું પ્રમાણપત્ર, જમીન ઉપર ઉભા કરવામાં આવેલ પાળા, ચેકડેમ, સમથળ કરેલ વિસ્તાર સહિત ઘર, ઝૂંપડીઓ, કાયમી માળખા, અદાલતી આદેશો અને અન્ય ચુકાદા સહિત અર્ધન્યાયિક રેકર્ડ, એન્થ્રોપોલોજીકલ સરવે ઓફ ઇન્ડિયા જેવી સંસ્થાઓનો અભ્યાસ અહેવાલ, દેશી રજવાડા અથવા પ્રાંતો દ્વારા આપેલ હક્ક પત્રક, પરંપરાગત માળખા જેવા કે, કુવા, કબ્રસ્તાન કે ધાર્મિક સ્થળો વગેરે. અગાઉના જમીન દફતરમાં દર્શાવેલ પૂર્વજોની ભાળ આપતી વંશવેલી અથવા સંબંધિત ગામના ખરેખર રહેવાસી હોવાની સ્વીકૃતિ, સામૂદાયિક દાવા માટે પરંપરાગત ચરિયાણના મેદાનો, કંદમૂળ, ગાંઠો, ઘાસચારો (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ ઝડપથી જવાબ પૂરો કરો.

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માટેના મેદાનો, સિંચાઇ પદ્ધતિ, જડીબુટ્ટીથી ઇલાજ કરનારા વ્યક્તિઓની જગ્યાઓ, સ્થાનિક સમુદાય દ્વારા બાંધવામાં આવેલ માળખાઓ, ખંડેરો, પવિત્ર વૃક્ષો, કોતરો, કબ્રસ્તાન વગેરે દાવેદાર સિવાયના વડીલનું નિવેદન.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ સભ્યશ્રીઓનો બહુ જ ચિંતાનો વિષય એ છે કે, વન સંપત્તિ પરનો અધિકાર આદિવાસી ભાઇઓને જમીન પાંચ એકર મળે એના માટેનો છે અને જે પ્રાથમિક અધિકાર છે એ ગ્રામ સભાને આપ્યો છે, ગ્રામ કમિટીને. બ્યુરોક્રસી એવી રીતે ચાલે છે કે, ગ્રામ કમિટીએ કહ્યું હોય એમ છતાં ઉપર એ અરજીઓ કાં તો પાંચ એકર ખેડતા હોય છતાં ૧૦ ગુંઠા, ૫૦ ગુંઠા આવી જો ઓછી જમીન ફાળવી દેવામાં આવે છે ત્યારે આપ આ બાબતને સઘન કરીને ગામ કમિટીને ફાઇનલ ઓથોરિટી ગણીને, પાંચ એકર કમ સે કમ મળે એવી કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જવાબ આપ્યો એ ત્રણ જવાબ આપ્યા. વ્યક્તિગત કોઇ માગણી કરી હોય તે, સામૂહિક લોકોએ કરી હોય તે અને માળખાકીય સુવિધા માટેની જે કાંઇ, કોને આ જમીન મળી શકે તેની વાત કરી હતી. બીજું કેન્દ્ર સરકારે આ ફાળવેલી છે કે, ગમે તેટલી જમીન ખેડતા હોય પણ વધારેમાં વધારે એને પાંચ એકર સુધી જ જમીન મળે એવો નિયમ છે. પાંચ એકર છે, પાંચ એકર સુધીની એને આપી શકાય એ માટેનો નિયમ છે.

### રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય

* ૨૪૫૪૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ (ગ્રામ્ય)) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા વિનાની કેટલી પ્રાથમિક શાળાઓ છે, અને | (૧) તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા છે. |
| (૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ છે તેમજ આ જે તાલુકાવાર પ્રાથમિક શાળાઓ છે એ પ્રાથમિક શાળાઓમાં કન્યા માટે થઇને અલગથી જે ટોયલેટની વ્યવસ્થા છે એ કેટલી શાળાઓમાં છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તાલુકાવાઇઝ કન્યાઓ માટેની જે પ્રાથમિક શાળાઓમાં ટોયલેટની સુવિધાઓ છે એ હું જો તાલુકા વાઇઝ વિગતો આપું તો, ધોરાજી તાલુકામાં ૫૦ શાળાઓ છે અને એમાં ૪૪ ટોયલેટ ધરાવતી શાળાઓ અને બાકીની જે શાળાઓ છે એ કુમાર શાળાઓ છે અને એમાં ૭૯ ટોયલેટ છે. ગોંડલ તાલુકમાં ૧૨૨ શાળાઓ છે એમાં ૧૧૪ શાળાઓ ટોયલેટ ધરાવતી શાળાઓ છે...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિત પ્રશ્નોત્તરી

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવામાં આવેલ

### અમદાવાદ જિલ્લામાં ખાદ્યતેલ અંગે દરોડા

* ૨૪૫૭૪ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩) કેટલી કિંમતનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૧૪ (અમદાવાદ શહેર સહિત).

(૨) નીચે મુજબનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

| આ.ચી.વ.નું નામ | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) |
|---|---|---|
| પામતેલ | ૭૦૦ | ૩૭૧૦૦ |
| સીંગતેલ | ૨૪૦૯૦ | ૨૩૨૨૩૨૪ |
| મકાઇ તેલ | ૭૦૫ | ૪૬૦૩૭ |
| સરસીયાં તેલ | ૫૨૫ | ૩૬૭૫૦ |
| કપાસીયા તેલ | ૪૮૭ | ૩૦૧૭૨ |
| કુલ ખાદ્યતેલ | ૨૬૫૦૭ | ૨૪૭૨૩૮૩ |

(૩) નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

| આ.ચી.વ.નું નામ | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) |
|---|---|---|
| સીંગતેલ | ૨૪૦૫ | ૨૩૧૬૪૯ |
| સરસીયાં તેલ | ૧૮૬ | ૧૩૦૦૦ |
| કુલ ખાદ્યતેલ | ૨૫૯૧ | ૨૪૪૬૪૯ |

અમદાવાદ શહેરમાં ત્રણ કેસમાં પગલાં લેવાની કાર્યવાહી ચાલુમાં છે.

### રાજ્યમાં અન્ન સુરક્ષા ધારાનો અમલ

* ૨૬૧૮૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય અન્ન નાગરિક અને પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ કેન્દ્ર સરકારના અન્ન સુરક્ષા ધારાનો રાજ્ય સરકાર દ્વારા અમલ નહીં કરવાના કારણો શા છે, અને

(૨) રાજ્યમાં આ કાયદાનો અમલ કરવાનું સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨)

રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ ના અમલ માટે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા સોસીયો ઇકોનોમીક કાસ્ટ સેન્સસ–૨૦૧૧ ના ડેટાનો આધાર લેવાનું સરકારશ્રીએ નક્કી કરેલ હતું. અગ્રતા ધરાવતા કુટુંબોની સોસીયો ઇકોનોમીક કાસ્ટ સેન્સસ–૨૦૧૧ હેઠળ આખરી યાદી જુન–૨૦૧૫ માં પ્રાપ્ત થયેલ, તે આધારે હયાત રેશનકાર્ડ ધારકોનું મેપીંગ કરવા માટે ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી હતી. તે પછી યાદીઓની પ્રસિદ્ધિ ગ્રામસભામાં કરી ૧લી એપ્રિલ, ૨૦૧૬ થી અમલ કરવાનું નક્કી કરેલ છે.

### વડોદરા જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી

* ૨૪૫૬૪ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વજન કે માપમાં ઓછું આપવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી,

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ?

જવાબ

(૧) ૧૩૪૦.

(૨) ૧૩૪૦.

(૩) રૂ.૪,૭૭,૬૫૦/-

### ભાવનગર જિલ્લામાં ખાદ્યતેલનું વિતરણ

* ૨૪૫૫૯ શ્રી શિવાભાઈ ગોહીલ (તળાજા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવમાં આવ્યું,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં અંત્યોદય અને બી.પી.એલ. રેશનકાર્ડ ધારોકોને ૫૩૯૭૨૪ નંગ રીફાઈન્ડ કપાસીયા તેલના ૧–લીટરના પાઉચનું

નીચેની વિગતે વિતરણ કરવામાં આવ્યું.

| વર્ષ | રીફાઈન્ડ કપાસીયા તેલના ૧–લીટર પાઉચ(નંગ) |
|---|---|
| ૨૦૧૪ | ૨૭૯૩૬૦ |
| ૨૦૧૫ | ૨૬૦૩૬૪ |
| કુલ | ૫૩૯૭૨૪ |

(૨) કેટલા કુટુંબોને કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) છેલ્લા બે વર્ષમાં સેરરાશ કુલ ૧૩૪૯૩૧ કુટુંબોને રીફાઈન્ડ કપાસીયા તેલ ૧–લીટરના પાઉચનું નીચે મુજબની વિગતે વિતરણ કરવામાં આવ્યું.

| વર્ષ | સેરેરાશ લાભાર્થી કુટુંબ | વિતરણ ભાવ પ્રતિ ૧–લીટર પાઉચ રૂ. પૈ. |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૩૯૬૮૦ | ૪૮.૦૦ |
| ૨૦૧૫ | ૧૩૦૧૮૨ | ૪૩.૦૦ |
| એકંદરે સરેરાશ કુલ કુટુંબ | ૧૩૪૯૩૧ | – |

(૩) તે અન્વયે રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અને કેટલી સબસીડી ભોગવી ?

(૩) રાજ્ય સરકારે ભાવનગર જિલ્લા માટે નીચેની વિગતે સબસીડી ભોગવી.

| વર્ષ | સબસીડીની રકમ રૂ.પૈ. |
|---|---|
| ૨૦૧૪ | ૮૨,૨૩,૦૧૦/- |
| ૨૦૧૫ | ૭૭,૫૮,૯૭૭/- |
| છેલ્લા બે વર્ષની સબસીડીની કુલ રકમ..... | ૧,૫૯,૮૧,૯૮૭/- |

## મોરબી જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૪૫૬૯ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવમાં આવ્યું,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ, આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના માસિક વિતરણ–પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ રૂ. પૈસા (પ્રતિ કિલો/લીટર) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૯ કિલો | ૨.૦૦ |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૧૬ કિલો | ૩.૦૦ |
| ૩ | ખાંડ | વ્યક્તિદીઠ ૦.૩૫૦ ગ્રામ | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર) | ૪૩.૦૦ |
| ૫ | આયોડીનયુકત મીઠું | *૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે – ૧ કિલો<br>*૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે – ૨ કિલો | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ લીટર મહત્તમ ૮ લીટર | ૧૨.૧૫ |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં અંત્યોદય

કાર્ડ ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬૫૫ મે.ટન |
| ૨ | ચોખા | ૧૩૯૬ મે.ટન |
| ૩ | ખાંડ | ૧૬૫ મે.ટન |
| ૪ | કપાસીયા તેલ (એક લીટરના પાઉચ) | ૧૩૭૨૨ લીટર |
| ૫ | આયોડીનયુકત મીઠું | ૬૧ મે.ટન |
| ૬ | કેરોસીન | ૧૧૬૮૯ કિલો લીટર |

---------

નવસારી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

* ૨૪૫૧૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૨ (બે). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે, અને | (૨) ૦૧ (એક)–કુમાર<br>૦૧ (એક)–કન્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૭૯–વિદ્યાર્થીઓ અને<br>૭૫–વિદ્યાર્થીનીઓ છે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને મંજુરી

* ૨૪૬૮૪ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
|---|---|---|---|
| પ્રાથમિક | ૨૩૪૬ | ૧૮ | ૩૬૮ |
| માધ્યમિક | ૫૯ | ૧૮૮ | ૧૯૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લામાં કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજુરી આપવામાં આવી?

(૨)

| | વર્ષ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
|---|---|---|---|---|
| પ્રાથમિક | ૨૦૧૪ | ૦૬ | ૦૦ | ૩૬ |
| | ૨૦૧૫ | ૨૫ | ૦૦ | ૪૨ |
| માધ્યમિક | ૨૦૧૪ | ૦૦ | ૦૦ | ૦૪ |
| | ૨૦૧૫ | ૦૦ | ૦૦ | ૧૫ |

---------

દાહોદ જિલ્લામાં આદિજાતિ પ્રાયોજના અધિકારી દ્વારા ગ્રાન્ટની ફાળવણી

* ૨૫૬૭૬ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે,

(૧) રૂ.૨૧૪૬૪.૦૯ લાખ.

(૨) તે અન્વયે કયા કામો મંજુર કરવામાં આવ્યા અને કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૨)

| કામો/યોજનાઓ | ખર્ચ(રૂ.લાખમાં) |
|---|---|
| ન્યુ ગુજરાત પેટર્ન | ૧૦૩૩૨.૩૬ |
| ખાસ કેન્દ્રિય સહાય | ૨૫૬૯.૦૫ |
| બોર્ડર વિલેજ | ૨૫૧૩.૯૨ |
| બંધારણની કલમ ૨૭૫(૧) | ૯૨૧.૬૦ |
| ન્યુ.બજેટ (બીજરૂપ અંદાજપત્ર) | ૨૧૪.૯૧ |

| | |
|---|---|
| દૂધ સંજીવની યોજના | ૨૧૭૯.૬૫ |
| ૧૦% રાજ્ય કક્ષા ગુજરાત પેર્ટન | ૮૭૩.૬૨ |
| કુલ રકમ | ૧૯૬૦૫.૧૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી છે ?

(૩) કામો પ્રગતિ હેઠળ હોઈ ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા અને આણંદ જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૪૬૨૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ધોરણ–૧માં પ્રવેશ મેળવેલ છે,

જવાબ

(૧)

| આણંદ જિલ્લો | | | ખેડા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| આણંદ | ૪૯૩૨ | ૫૨૫૩ | ઠાસરા | ૭૨૭ | ૭૯૭ |
| ઉમરેઠ | ૬૧૦ | ૬૮૯ | કપડવંજ | ૪૬૭ | ૪૮૬ |
| બોરસદ | ૧૪૬૮ | ૧૬૮૦ | કઠલાલ | ૨૭૨ | ૩૦૬ |
| આંકલાવ | ૧૭૪ | ૧૮૦ | ખેડા | ૬૭૫ | ૬૮૪ |
| પેટલાદ | ૧૧૫૧ | ૧૨૫૩ | મહેમદાવાદ | ૫૩૨ | ૭૧૯ |
| સોજીત્રા | ૨૭૬ | ૩૨૭ | મહુધા | ૨૫૮ | ૩૧૦ |
| ખંભાત | ૭૪૭ | ૯૨૮ | માતર | ૧૫૧ | ૧૬૦ |
| તારાપુર | ૧૬૦ | ૧૭૦ | નડીયાદ | ૩૩૨૧ | ૩૮૦૨ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| આણંદ જિલ્લો | | | ખેડા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| આણંદ | ૯૧ | ૧૭૩ | ઠાસરા | ૨૨ | ૮૪ |
| ઉમરેઠ | ૭૬ | ૬૨ | કપડવંજ | ૫૦ | ૮૫ |
| બોરસદ | ૮૦ | ૧૦૨ | કઠલાલ | ૩૬ | ૫૫ |
| આંકલાવ | ૧૧ | ૩૨ | ખેડા | ૬૫ | ૧૦૧ |
| પેટલાદ | ૧૧૨ | ૧૬૯ | મહેમદાવાદ | ૭૮ | ૯૭ |
| સોજીત્રા | ૨૨ | ૫૧ | મહુધા | ૩૭ | ૬૭ |
| ખંભાત | ૩૬ | ૧૦૪ | માતર | ૦૯ | ૧૭ |
| તારાપુર | ૦૮ | ૧૬ | નડીયાદ | ૨૮૧ | ૩૯૫ |

(૩) ઉક્ત વર્ષવાર જિલ્લાઓમાં તાલુકાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતી નથી અને તે અન્વયે તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) કોઈ ફરીયાદ મળેલ ન હોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૪૫૫૭ ડૉ. ટી.ડી. માણીયા (બોટાદ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવમાં આવ્યું,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ, (વર્ષમાં બે વાર), આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબના માસિક વિતરણ–પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ રૂ. પૈસા (પ્રતિ |
|---|---|---|---|

| | | | કિલો/લીટર) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કિલો | ૨.૦૦ |
| | સ્પે. ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કિલો | ૭.૭૦ (તા.૧–૧–૧૫ થી ૩૦–૪–૧૫) |
| | | | ૭.૩૦ (તા.૧–૫–૧૫ થી ૩૧–૧૨–૧૫) |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કિલો | ૩.૦૦ |
| | સ્પે.ચોખા | પ્રતિ કાર્ડ ૪ કિલો | ૭.૨૦ |
| ૩ | ખાંડ | વ્યક્તિદીઠ ૦.૩૫૦ ગ્રામ | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર) | ૪૩.૦૦ |
| ૫ | આયોડીનયુકત મીઠું | *૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે – ૧ કિલો<br>*૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે – ૨ કિલો | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ લીટર મહત્તમ ૮ લીટર | ૧૫.૭૫ |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૫૪૪૯૫.૦૬ મે.ટન |
| ૨ | ચોખા | ૧૭૦૫૬.૬૮ મે.ટન |
| ૩ | ખાંડ | ૪૩૬૦.૪૫ મે.ટન |
| ૪ | કપાસીયા તેલ | ૪૬૯૦૮૮ લીટર |
| ૫ | આયોડીનયુકત મીઠું | ૧૦૧૦.૩૩ મે.ટન |
| ૬ | કેરોસીન | ૨૧૨૨૧ કિલો–લીટર (તમામ નોન ગેસ કાર્ડ ધારકોને) |

---------

ભુજ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૪૫૦૮ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૮૯૧ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૩૧૭૫ હેકટર.

(૨) કુલ રૂ.૧૩૫૪.૮૮ લાખ.

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

મહીસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ક્ષતિગ્રસ્ત અને જર્જરીત ઓરડાઓ

* ૨૪૭૨૧ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓ ક્ષતિગ્રસ્ત અને જર્જરીત છે,અને

જવાબ

(૧)

| તાલુકો | ક્ષતિગ્રસ્ત અને જર્જરીત ઓરડાઓ |
|---|---|
| બાલાસિનોર | ૩૯ |
| કડાણા | ૮૬ |
| ખાનપુર | ૨૬ |
| લુણાવાડા | ૧૪૪ |
| સંતરામપુર | ૧૦૧ |
| વીરપુર | ૭૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા નવીન ઓરડાઓ બનવવામાં આવ્યા ?

(૨)

| તાલુકો | નવીન ઓરડાઓ |
|---|---|
| બાલાસિનોર | ૨૨ |
| કડાણા | ૪૧ |
| ખાનપુર | ૧૪ |
| લુણાવાડા | ૭૪ |
| સંતરામપુર | ૩૪ |
| વીરપુર | ૩૧ |

---------

અબડાસા તાલુકામાં મધ્યાહન ભોજન યોજનાથી વંચિત બાળકો

* ૨૫૮૫૯ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૦૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના કેટલા ગામોમાં મધ્યાહન ભોજન યોજનાનો અમલ થયેલ હોવા છતા બાળકોને મધ્યાહન ભોજન મળતુ નથી?

જવાબ

તા. ૦૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના ૧૭૬ ગામમાં મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો મંજુર થયેલ છે. જે પૈકી ૨ ગામ અને ૪ ગામના પરા વિસ્તારના કેન્દ્રો બંધ રહેલ છે. જે નીચે મુજબ છે.

ગામઃ–(૧) દબાણ (૨) કરોડિયા

ગામના પરા વિસ્તાર (૩) બકાલીવાંઢ (૪) જખૌ સોલ્ટ (૫) નલીયા એરફોર્સ અને (૬) નાની વાંઢ ઉપરના ૬ કેન્દ્રો પૈકી (૧) કરોડિયા (૨) જખૌ સોલ્ટ અને (૩) નાની વાંઢ કેન્દ્રો માહે માર્ચ ૨૦૧૬થી કાર્યરત કરાયેલ છે. આમ હાલમાં ત્રણ કેન્દ્રો બંધ છે. આ કેન્દ્રોમાં વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૬૭ થાય છે. તે પૈકી ભોજન લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી થવા પામે છે.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વ્યાજબી ભાવની બંધ દુકાનો

* ૨૫૨૪૪ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો બંધ હાલતમાં છે, અને

જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર બંધ વ્યાજબી ભાવની દુકાનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | ખંભાળીયા | ૯ |
| ૨. | ભાણવડ | ૫ |
| ૩. | દ્વારકા | ૧ |
| ૪. | કલ્યાણપુર | ૨૮ |
| | કુલઃ– | ૪૩ |

(૨) ઉક્ત બંધ દુકાનો ફરી ચાલુ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરી છે?

(૨) ઉક્ત બંધ દુકાનો ફરી ચાલુ કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરી.

- ૧૨ દુકાનો માટે તા.૧૬–૯–૨૦૧૫ થી જાહેરનામું બહાર પાડેલ છે. જેની કાર્યવાહી ચાલુ છે.
- ૬ દુકાનો બ્રાંચ એફ.પી.એસ. કરવાની કાર્યવાહી ચાલુ છે.
- ૨ દુકાનો મર્જ કરવામાં આવેલ છે.
- ૨૦ દુકાનોના પરવાના રદ કરેલ જે સબબ વિવાદીઓએ રાજ્ય સરકારમાં અપીલ કરેલ છે.
- ૩ દુકાનોની વારસાઈની કાર્યવાહી ચાલુ છે.

---------

વન વિભાગ દ્વારા બામ્બુ પ્રોજેક્ટ

* ૨૪૫૨૯ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ વન વિભાગ દ્વારા બામ્બુ પ્રોજેક્ટ અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટ કયા જિલ્લામાં કાર્યરત છે, અને | (૨) વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, વડોદરા, ગોધરા, દાહોદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, મહેસાણા. |
| (૩) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) કુલ રૂ. ૬૧૬.૩૪ લાખ. |

---------

સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા

* ૨૪૫૩૬ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેના શૌચાલયોની સુવિધા છે, અને કેટલી શાળાઓમાં આ સુવિધા આપવાની બાકી છે, અને | (૧) ૮૭૭ પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા છે અને નવી શરૂ થયેલ ૧૩ શાળાઓમાં આ સુવિધા આપવાની બાકી છે. |
| (૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મંજુર થયેલ વન તલાવડી અને ચેકડેમ

* ૨૫૪૫૪ ડૉ. અનિલ જોષિયારા (ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી વન તલાવડી અને કેટલા ચેકડેમ મંજુર કરી બનાવવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર મંજુર કરેલ અને બનાવેલ વન તલાવડી અને ચેકડેમની વિગત નીચે મુજબ છે. |

ચેકડેમ

| વર્ષ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મંજુર કરેલ | બનાવવામાં આવ્યા |
|---|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | સાબરકાંઠા | પોશીના | ૪ | ૪ |
| ૨૦૧૪–૧૫ | | ખેડબ્રહ્મા | ૪ | ૪ |
| | | હિંમતનગર | ૯ | ૯ |
| | | કુલઃ– | ૧૭ | ૧૭ |
| | અરવલ્લી | મેઘરજ | ૨૧ | ૨૧ |
| | | ભિલોડા | ૮ | ૮ |
| | | મોડાસા | ૧ | ૧ |
| | | કુલઃ– | ૩૦ | ૩૦ |
| ૨૦૧૫–૧૬ | સાબરકાંઠા | હિંમતનગર | ૪ | ૪ |
| | અરવલ્લી | કોઈ ચેકડેમ મંજુર કરેલ નથી. | | |

વન તલાવડી

| વર્ષ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મંજુર કરેલ | બનાવવામાં આવ્યા |
|---|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | સાબરકાંઠા | હિંમતનગર | ૨ | ૨ |
| | અરવલ્લી | કોઈ વન તલાવડી મંજુર કરેલ નથી. | | |
| ૨૦૧૫–૧૬ | સાબરકાંઠા | | | |
| | અરવલ્લી | | | |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) રૂ।. ૧૯૬.૬૪/– લાખ.

સર્વ શિક્ષા અભિયાન સંબંધી રાજ્યની કેન્દ્ર સમક્ષ પડતર દરખાસ્ત

* ૨૪૯૪૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદા મુજબ માર્ચ–૨૦૧૩ સુધીમાં પ્રાથમિક શાળાના બાળકોને પાયાની તમામ ભૌતિક સુવિધા પુર્ણ કરવાની થાય છે જે અંતર્ગત સર્વ શિક્ષા અભિયાન મિશન (એસએસએ) ગુજરાતે રૂ।. ૩૨૫૫ કરોડની દરખાસ્ત મંજૂર કરવા તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કેન્દ્ર સરકારમાં પડતર છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત કેન્દ્ર સરકારને કયારે મોકલેલ છે,

(૨) તા. ૨૫–૧૦–૨૦૧૨ના રોજ.

(૩) ઉક્ત દરખાસ્તને મંજૂરી મળે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કયારે શા પ્રયાસ કર્યા, અને

(૩) ઉક્ત દરખાસ્ત અન્વયે કેન્દ્ર સરકારને વર્ષ ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫ તથા ૨૦૧૫–૧૬માં બજેટરી જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ છે.

(૪) તે અન્વયે કયારે શા પ્રતિભાવ મળ્યા?

(૪) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબ બજેટ મંજુર કરવામાં આવેલ છે.

રૂ।. લાખમાં

| વર્ષ | મંજુર બજેટ (સિવિલ) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૪૩૬૪૨.૮૧ |
| ૨૦૧૫–૧૬ | ૫૪૯૦૧.૯૬ |

ગાંધીનગરની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા

* ૨૪૫૦૧ શ્રી અશોકભાઈ પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા ઉપલબ્ધ છે,

(૧)

| તાલુકો | વીજ સુવિધાવાળી શાળાઓ |
|---|---|
| દહેગામ | ૨૨૧ |
| ગાંધીનગર | ૧૮૬ |
| કલોલ | ૧૨૦ |
| માણસા | ૧૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા નથી, અને

(૨) તમામ શાળાઓમાં વીજ સુવિધા છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા કયારે આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી

* ૨૪૫૬૩ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વજન કે માપમાં ઓછું આપવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી,

(૧) ૧૨૧૬.

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૨) ૧૨૧૬.

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી? (૩) રૂ. ૨,૯૪,૧૦૦/-

છોટાઉદેપુર જિલ્લામાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટે તોલમાપ તંત્રના પગલા

* ૨૪૫૬૧ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટે શું પગલા લેવામાં આવ્યા, | (૧) છોટાઉદેપુર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટે તંત્ર દ્વારા ૬ મોબાઈલ કોર્ટ તેમજ ૩ સઘન ઝુંબેશ યોજવામાં આવેલ છે. ૫૨૦ એકમોની તપાસણી કરવામાં આવેલ છે. ૫૪૧૨ વજનમાપ સાધનોનું ચકાસણી અને મુદ્રાંકન કરી રૂ. ૯,૧૦,૮૨૫/- ફી વસુલ કરવામાં આવી. |
| (૨) તે અન્વયે કેટલા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, | (૨) ૧૯૨. |
| (૩) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૩) ૧૯૨. |
| (૪) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી? | (૪) રૂ. ૫૦,૨૦૦/-. |

''વાંચે ગુજરાત'' અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી

* ૨૫૧૩૪ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની સ્કુલોમાં સરકાર દ્વારા વાંચે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત કુલ કેટલી ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે ફાળવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર તે પૈકી અમરેલી જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહેસાણા જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને અનાજનું વિતરણ

* ૨૫૭૯૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા અનાજનું વિતરણ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને કરવામાં આવ્યું, અને

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ. રેશન કાર્ડ ધારકોને અનાજના જથ્થાનું નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | તાલુકાનું નામ | અનાજના કુલ જથ્થાનું વિતરણ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૭૬૪૮ |
| ૨ | બેચરાજી | ૩૬૩૬ |
| ૩ | જોટાણા | ૩૦૯૦ |
| ૪ | વિસનગર | ૫૦૭૦ |
| ૫ | વિજાપુર | ૫૬૬૨ |
| ૬ | કડી | ૫૧૪૫ |
| ૭ | ઉંઝા | ૨૯૪૨ |
| ૮ | ખેરાલુ | ૩૮૨૨ |
| ૯ | સતલાસણા | ૩૭૦૨ |
| ૧૦ | વડનગર | ૩૨૦૧ |
| | કુલ | ૪૩૯૧૮ |

(૨) આ અંગે તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) બી.પી.એલ. યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર વાજબી ભાવની દુકાનોને ઉપલબ્ધ કરાયેલ અનાજ પેટે થયેલ ખર્ચની તાલુકાવાર અને વર્ષવાર વિગત નીચે મુજબ છેઃ-

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૧૪ થી તા.૩૧-૧-૧૫ (રૂ. પૈસા) | તા.૧-૨-૧૫ થી તા.૩૧-૧-૧૬ (રૂ. પૈસા) | કુલ બે વર્ષનો ખર્ચ (રૂ. પૈસા) |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૯૪,૧૩,૯૭૦ | ૭૮,૭૩,૬૨૦ | ૧,૭૨,૮૭,૫૯૦ |
| ૨ | બેચરાજી | ૩૦,૮૩,૭૬૦ | ૨૬,૫૯,૮૯૦ | ૫૭,૪૩,૬૫૦ |
| ૩ | જોટાણા | ૧૧,૩૮,૧૧૦ | ૧૯,૪૯,૮૨૦ | ૩૦,૮૭,૯૩૦ |
| ૪ | વિસનગર | ૫૨,૫૦,૬૩૦ | ૪૫,૨૯,૯૪૦ | ૯૭,૮૦,૫૭૦ |
| ૫ | વિજાપુર | ૫૮,૨૨,૪૦૦ | ૫૩,૨૩,૯૫૦ | ૧,૧૧,૪૬,૩૫૦ |
| ૬ | કડી | ૬૦,૫૯,૪૩૦ | ૫૦,૮૪,૬૪૦ | ૧,૧૧,૪૪,૦૭૦ |
| ૭ | ઉંઝા | ૨૦,૩૭,૯૩૦ | ૧૭,૫૯,૪૪૦ | ૩૭,૯૭,૩૭૦ |
| ૮ | ખેરાલુ | ૩૯,૨૫,૩૫૦ | ૨૯,૧૭,૧૪૦ | ૬૮,૪૨,૪૯૦ |
| ૯ | સતલાસણા | ૨૨,૧૪,૦૯૦ | ૨૪,૮૯,૧૦૦ | ૪૭,૦૩,૧૯૦ |
| ૧૦ | વડનગર | ૨૭,૩૬,૭૫૦ | ૨૩,૨૦,૫૯૦ | ૫૦,૫૭,૩૪૦ |
| | કુલ | ૪,૧૬,૮૨,૪૨૦ | ૩,૬૯,૦૮,૧૩૦ | ૭,૮૫,૯૦,૫૫૦ |

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળા/બાળકોને ત્રુટીઓ

* ૨૫૯૫૬ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાઓની મુખ્યત્વે કઇ ત્રુટીઓ અને બાળકોની મુખ્યત્વે કઇ નબળાઇઓ બહાર આવી, અને

જવાબ

(૧)

| જિલ્લો | વર્ષ | શાળાઓની ત્રુટીઓ | બાળકોની નબળાઇઓ |
|---|---|---|---|
| અરવલ્લી | ૨૦૧૪–૧૫ | –ઓરડાની ઘટ<br>–વિષય શિક્ષકોની ઘટ (ગણિત–વિજ્ઞાન)<br>–ભાષા શિક્ષણમાં (અંગ્રેજી શિક્ષકની ઘટ) | –વાંચન કરી શકે પણ અર્થગ્રહણ કરી શકતા નથી.<br>–કોયડા આધારિત મુલ્યાંકન મુશ્કેલીઓ પડે છે. સ્થાનિક પર્યાવરણ આધારીત શિક્ષણ આપવામાં આવે છે. જ્યારે મુલ્યાંકન પાઠ્યક્રમ આધારિત વધુ હોય છે.<br>–બાળકો જવાબ આપવામાં ભૂલો કરે છે. |
| સાબરકાંઠા | ૨૦૧૪–૧૫ | –કેટલીક શાળાઓ પાસે પુરતા મેદાનની સગવડ નથી.<br>–જુના સમયના બાંધકામવાળા ઓરડાઓ નોનયુઝ કરવા પાત્ર છે.<br>–નોનયુઝ ઓરડાઓની સામે નવીન ઓરડાઓની જરૂર છે. | –અમુક બાળકોમાં લેખન કચાશ જોવા મળી. બાળકો સ્વતંત્ર વિચાર શક્તિથી લેખન કાર્ય કરતા નથી.<br>–બાળકો માટે પ્રાયોગિક શિક્ષણ, પ્રોજેક્ટ કામ અપુરતા પ્રમાણમાં થાય છે.<br>–અંતરીયાળ વિસ્તારમાં બાળકોની |

| | | | |
|---|---|---|---|
| | | | અનિયમિતતા વધુ જોવા મળેલ છે. |
| | ૨૦૧૫-૧૬ | પરિણામ જાહેર થયેલ નથી. | |

(૨) તે અન્વયે કેટલી શાળાઓમાં નબળાઇઓ દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી?

(૨)

| જિલ્લો | શાળાની સંખ્યા | નબળાઇઓ દૂર કરવા કરેલ કાર્યવાહી |
|---|---|---|
| અરવલ્લી | ૭૭ | -શાળાના ગુણોત્સવ બાદ બાળકોના વાંચન, લેખન, ગણનમાં કક્ષાનુસાર ઉપચારાત્મક કાર્યનું આયોજન કરવામાં આવ્યું<br>-પ્રજ્ઞા અભિગમ શરૂ કરવામાં આવ્યું<br>-૧ થી ૮ ની તમામ શાળામાં કોમ્પ્યુટર લેબ. તેમજ ઇન્ટરનેટ કનેકટીવીટી સુવિધા કરવામાં આવી.<br>-ઉપચારાત્મક વર્ગનું સી.આર.સી દ્વારા સઘન મોનીટરીંગ તેમજ નિયમિત મૂલ્યાંકન કરવામાં આવ્યું<br>-તમામ શાળાઓમાં શૌચાલય તેમજ સ્વચ્છતા કીટની સુવિધા<br>-ઉચ્ચતર પ્રા.શાળામાં ગણિત-વિજ્ઞાન કીટનું વિતરણ અને બેન્ચની તથા ડેસ્કની વ્યવસ્થા કરવામાં આવી.<br>-ગુણવત્તા સુધારણા માટે પધ્ધતિશાસ્ત્ર તેમજ વિષયવસ્તુની સઘન તાલીમ આપવામાં આવી.<br>-ભરતી કેલેન્ડર મુજબ ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવાનું આયોજન છે. |
| સાબરકાંઠા | ૧૫૬ | ખુટતા ઓરડા અને કમ્પાઉન્ડ વોલ આગામી વર્ષમાં નાણાકીય ઉપલબ્ધિ મુજબ કરવાનું આયોજન છે.<br>-નોનયુઝડ ઓરડાઓની દરખાસ્ત મંગાવી રદ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.<br>-શિક્ષકોની તાલીમ સઘન બનાવી શૈક્ષણિક સજ્જતા કેળવવામાં આવેલ છે.<br>-બાળકોની નિયમિતતા માટે વાલી સંપર્ક સઘન બનાવવામાં આવેલ છે.<br>-બાળકોના વાંચન, લેખન, ગણનમાં કક્ષાનુસાર ઉપચારાત્મક કાર્યનું આયોજન કરવામાં આવ્યું. |

ભાવનગર જિલ્લામાં ‘વિદ્યાલક્ષ્મી બોન્ડ’ યોજના હેઠળ કન્યાઓને અપાયેલ બોન્ડ

* ૨૪૫૦૬ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર શહેર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) કન્યાઓ માટેની ‘વિદ્યાલક્ષ્મી બોન્ડ’ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા છે,

(૧)

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૩૧૯૬ |
| ૨૦૧૫-૧૬ | ૪૦૮૩ |

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | બોન્ડની રકમ | બોન્ડની કુલ રકમ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ।. ૨૦૦૦/- | ૬,૩૯,૨૦૦૦/- |
| ૨૦૧૫-૧૬ | રૂ।. ૨૦૦૦/- | ૮૧,૬૬,૦૦૦/- |

(૩) તે માટે કુલ કેટલી રકમનો ખર્ચ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કરવામાં આવેલ છે?

(૩)

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૬,૩૯,૨૦૦૦/- |
| ૨૦૧૫-૧૬ | ૮૧,૬૬,૦૦૦/- |

વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્રને સુદ્રઢ બનાવવા કાર્યવાહી

* ૨૪૫૬૦ શ્રી સતીષભાઇ પટેલ (કરજણ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્રના માળખાને સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી,

(૧) એક વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી કાર્યરત છે, નિયંત્રક/મદદનીશ નિયંત્રક દ્વારા બેઠકનું આયોજન કરેલ છે, નિરીક્ષકને તાલીમ માટે આઇ.આઇ.એલ.એમ રાંચી ખાતે મોકલેલ છે.

(૨) તે અન્વયે કેટલી લેબોરેટરીને નવા સાધનો આપવામાં આવ્યા,

(૨) એક.

(૩) કેટલી લેબોરેટરીના નવા સ્વતંત્ર મકાનો બનાવવામાં આવ્યા, અને

(૩) એક વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી માટે સ્વતંત્ર મકાન વર્ષ-૨૦૧૪ માં બનાવવામાં આવેલ છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા નિરીક્ષકોની ભરતી કરવામાં આવી?

(૪) છેલ્લા એક વર્ષમાં કોઇ ભરતી કરવામાં આવેલ નથી.

સાગબારા તાલુકામાં રાહત દરે ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૪૫૨૨ શ્રી મોતીલાલ વસાવા (ડેડીયાપાડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

નર્મદા જિલ્લામાં સાગબારા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ, ઓયોડીનયુક્ત મીઠું અને ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું ?

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં સાગબારા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબ વિતરણ કરવામાં આવ્યું-

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૬૦૭.૮૨ મે.ટન |
| ૨ | ચોખા | ૨૦૦૨.૭૧ મે.ટન |
| ૩ | ખાંડ | ૩૩૮.૧૬ મે.ટન |
| ૪ | આયોડીનયુક્ત મીઠું | ૨૧૫.૯૩ મે.ટન |
| ૫ | કપાસીયા તેલ (એક લીટર પાઉચ) | ૨૭૮૭૬ લીટર |

બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવનીનો લાભ

* ૨૪૫૧૦ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૮ ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવનીનો લાભ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે, અને

(૨) ૫૪,૭૩૦ બાળકોને.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૯૯૩.૫૮ લાખ.

આણંદ જિલ્લામાં આર.ટી.ઇ.એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૪૬૬૪ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ધો. ૧ માં ખાનગી પ્રાથમિક શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં રાઇટ ટુ એજ્યુકેશનના કાયદા અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૧)

| તાલુકો | ૨૦૧૪ | ૨૦૧૫ |
|---|---|---|
| આણંદ | ૯૧ | ૧૭૩ |

| | | |
|---|---|---|
| ઉમરેઠ | ૭૬ | ૬૨ |
| બોરસદ | ૮૦ | ૧૦૨ |
| આંકલાવ | ૧૧ | ૩૨ |
| પેટલાદ | ૧૧૨ | ૧૬૯ |
| સોજીત્રા | ૨૨ | ૫૧ |
| ખંભાત | ૩૬ | ૧૦૪ |
| તારાપુર | ૦૮ | ૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળામાં ઉક્ત કાયદાનો અમલ થયો નથી અને તે અન્વયે સરકાર શાં પગલાં ભરવા માગે છે?

(૨) કાયદાનો અમલ ન થવા બાબતે કોઇ ફરિયાદ મળેલ ન હોઇ પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૫૩૯૦ શ્રી જેઠાભાઇ ભરવાડ (શહેરા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ શિક્ષકોની આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવનાર છે?

જવાબ

(૧)

| તાલુકો | શિક્ષકોની ઘટ |
|---|---|
| જાંબુઘોડા | ૨૧ |
| હાલોલ | ૭૧ |
| કાલોલ | ૫૯ |
| મોરવા(હ) | ૭૪ |
| ગોધરા | ૭૬ |
| શહેરા | ૧૧૮ |
| ઘોઘંબા | ૧૮૯ |

(૨) જેમ બને તેમ જલ્દી.

પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૪૫૪૫ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા નથી, અને

(૩) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે ઉભી કરવામાં આવશે?

જવાબ

(૧) ૮૦૯.

(૨) તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગમાં રોજમદારોની સંખ્યા

* ૨૪૬૭૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા રોજમદારો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજમદારોને સરકારના નિયમો પ્રમાણે કાયમી કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા બાકી છે?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગ હસ્તક કુલ – ૩૮૭ રોજમદારો છે.

(૨) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગ દ્વારા સરકારશ્રીના તા. ૧૫–૯–૨૦૧૪ ના ઠરાવની જોગવાઇ મુજબ કુલ–૫૨ (બાવન) રોજમદારોને કાયમી કરવામાં આવેલ છે.

(૩) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના વન વિભાગ છોટાઉદેપુરમાં સરકારશ્રીના તા. ૧૫–૯–૨૦૧૪ના ઠરાવની જોગવાઇ અનુસાર કોઇ રોજમદાર કાયમી કરવાના બાકી નથી.

અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ વિભાજનની અરજીઓ

* ૨૪૫૭૫ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ શહેરમાં રેશનકાર્ડના વિભાજન અંગેની

જવાબ

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ

કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૨૦૧૫ સ્થિતિએની છેલ્લા એક વર્ષમાં મળી,

છેલ્લા એક વર્ષમાં રેશનકાર્ડના વિભાજન અંગેની ૩૪ અરજીઓ મળી.

(૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી ૩૩ રેશનકાર્ડ આપવામાં આવ્યા.

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ કોઈ અરજી પડતર નથી.

(૪) અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જૂનાગઢ જિલ્લામાં બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો ન મળવા બાબત

* ૨૪૭૦૧ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો મળે છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના પાત્રતા ધરાવતા બીપીએલ રેશનકાર્ડ ધારક પરિવારોને રેશનીંગનો જથ્થો મળે છે.

| ક્રમ | તાલુકાનું નામ | પાત્રતા ધરાવતા બીપીએલ પરિવાર |
|---|---|---|
| ૧ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૪,૭૧૫ |
| ૨ | જૂનાગઢ ઝોનલ-૧ | ૩,૨૦૫ |
| ૩ | જૂનાગઢ ઝોનલ-૨ | ૩,૭૭૯ |
| ૪ | વિસાવદર | ૪,૩૬૧ |
| ૫ | વંથલી | ૬,૦૦૭ |
| ૬ | મેંદરડા | ૩,૯૬૪ |
| ૭ | ભેંસાણ | ૪,૨૨૫ |
| ૮ | માળીયા | ૮,૯૭૬ |
| ૯ | કેશોદ | ૭,૪૧૨ |
| ૧૦ | માણાવદર | ૬,૯૧૮ |
| ૧૧ | માંગરોળ | ૮,૪૦૮ |
| | કુલ | ૬૧,૯૭૦ |

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા પરિવારોને રેશનીંગનો જથ્થો મળતો નથી, અને

(૨) જે બીપીએલ રેશનકાર્ડ ધારણ કરતા પરિવાર રેશનીંગનો જથ્થો લેવા જાય છે તે પરિવારને રેશનીંગના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

(૩) ઉકત બાકી રહેતા બીપીએલ પરિવારોને કેટલા સમયમાં રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ જિલ્લામાં પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓ

* ૨૪૬૩૯ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલ છે, અને

(૧)

| તાલુકો | સરકારી પ્રાથમિક શાળા |
|---|---|
| આણંદ | ૧૯૨ |
| ઉમરેઠ | ૧૧૪ |
| બોરસદ | ૨૦૮ |
| આંકલાવ | ૯૭ |
| પેટલાદ | ૧૫૭ |
| સોજીત્રા | ૫૭ |
| ખંભાત | ૧૫૨ |
| તારાપુર | ૫૨ |

(૨) ઉકત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર ખાનગી/ટ્રસ્ટ સંચાલિત કેટલી પ્રાથમિક શાળાઓ આવેલ છે ?

(૨)

| ખાનગી/ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓ | | |
|---|---|---|
| તાલુકો | નોન ગ્રાન્ટેડ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા |
| આણંદ | ૯૪ | ૩૭ |
| ઉમરેઠ | ૨૨ | ૦૪ |
| બોરસદ | ૪૮ | ૧૫ |

| | | |
|---|---|---|
| આંકલાવ | ૦૫ | ૦૨ |
| પેટલાદ | ૩૪ | ૧૪ |
| સોજીત્રા | ૧૨ | ૦૪ |
| ખંભાત | ૨૦ | ૦૯ |
| તારાપુર | ૦૭ | ૦૨ |

જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૨૪૫૧૯ શ્રી ચીમનભાઈ સાપરીયા (જામજોધપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) તે પૈકી કેટલા અંત્યોદય રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૪) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૫) ઉકત અરજીઓ પડતર રહેવાના કારણો શું છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની કુલ–૫૮૩૦ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી કુલ–૫૫૫૬ રેશનકાર્ડ આપવામાં આવ્યા.

(૩) તે પૈકી ૧૦ અંત્યોદય રેશનકાર્ડ આપવામાં આવ્યા.

(૪) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૧ અરજી પડતર છે.

(૫) ચકાસણી કરવા ઉપર બાકી હોવાને કારણે ૧ અરજી પડતર હતી. જેનો હાલ નિકાલ થઈ ગયેલ છે.

રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને વેતન

* ૨૪૬૭૪ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા સંચાલક–રસોયા અને મદદનીશોને માસિક કેટલો પગાર ચૂકવાય છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લે ક્યારે પગારમાં કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા સંચાલક, રસોયા અને મદદનીશોને શિક્ષણ વિભાગના તા.૭–૨–૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ મભય–૧૦૨૦૦૯–૧૪૯૬–૨ ની જોગવાઈ મુજબ આ સાથેના *પત્રક–૧ માં જણાવ્યા મુજબ માસિક પગાર ચૂકવવામાં આવે છે.

(૨) તે અન્વયે છેલ્લે ૨૦૧૦ માં ભારત સરકારની ભલામણ મુજબ પગારમાં વધારો કરવામાં આવેલ હતો. જેની વિગત આ સાથેના *પત્રક–૨ માં આપવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અમરેલી જિલ્લામાં માન્ય ગ્રાહક સુરક્ષા મંડળો

* ૨૪૫૬૬ શ્રી વલ્લભભાઈ વઘાસિયા (સાવરકુંડલા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલાં ગ્રાહક સુરક્ષા મંડળો માન્યતા ધરાવે છે, અને

(૨) તે પૈકી કાયમી માન્યતા ધરાવતાં કેટલા ગ્રાહક સુરક્ષા મંડળો છે ?

જવાબ

(૧) ૪.

(૨) ૪.

માધ્યમિક શાળાઓમાં ચાલુ નોકરીએ અવસાન પામેલા કર્મચારીના આશ્રિતોને આર્થિક સહાય

* ૨૪૫૮૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બિન સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કર્મચારી ચાલુ નોકરીએ અવસાન પામે તો તેના વારસદારોને આર્થિક સહાય આપવાની કઈ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કર્મચારીઓના આશ્રિતોને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૫–૭–૨૦૧૧ ના ઠરાવથી ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે.

(૨) ૧૮૪.

(૩) રૂ.૮,૦૫,૦૦,૦૦૦/–

સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૪૬૦૬ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે,

જવાબ

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૩૦૪ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૪૨૧ હેકટર.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઓલપાડ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૩) તેની પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સાણંદ અને બાવળા તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૪૭૧૧ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાણંદ અને બાવળા તાલુકાની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) |

| તાલુકો | સંવર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| સાણંદ | મદદનીશ શિક્ષક | ૦૬ | ૦૧ | જુન-૨૦૧૨ થી |
| બાવળા | મદદનીશ શિક્ષક | ૦૬ | ૦૧ | જુન-૨૦૧૨ થી |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલ્દી. |

સુરત જિલ્લામાં ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય

* ૨૪૫૫૧ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'ફી પરત ચૂકવણી સહાય' યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, | (૧) વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- અથવા ખરેખર થતી ફી તે બે પૈકી જે ઓછી હોય તે રકમ. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૩૫૨૯. |
| (૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૩,૫૨,૯૦,૦૦૦/- |

રાજકોટ તથા મોરબી જિલ્લાની કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૫૨૭૩ શ્રી મહંમદ જાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ તથા મોરબી જિલ્લાની સરકારી કોલેજમાં જિલ્લાવાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સંવર્ગમાં મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) સામેલ *પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) શક્ય તેટલી વહેલી તકે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ગાંધીધામ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૪૫૦૭ શ્રી રમેશભાઈ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લા ગાંધીધામ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૦૦ હેક્ટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કોઇ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ઉક્ત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૮૦.૦૬ લાખ. |

ભાવનગર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૨૪૫૫૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લાના ક્યા તાલુકામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ | (૧) ભાવનગર, ઘોઘા, મહુવા, પાલીતાણા અને તળાજા. |

છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને

(૨) ૩૯૯.

(૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને મુખ્યત્વે કઇ સુવિધાઓ આપવામાં આવે છે ?

(૩) મફત ભોજન, બેડીંગ, સ્ટાઇપેન્ડ, પ્રિ–વોકેશનલ તાલીમ, રમતોની તાલીમ જેવી સુવિધાઓ આપવામાં આવે છે.

વડોદરા જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૪૫૨૩ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઇ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) ડભોઇ તાલુકામાં આવેલ વઢવાણા તળાવ.

(૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

(૩)

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૪.૯૬ |
| ૨ | ૨૦૧૫–૧૬ (ડિસે.–૨૦૧૫ અંતિત) | ૧૩.૫૧ |
| | કુલ | ૧૮.૪૭ |

નર્મદા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૪૫૧૨ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૧) ૩ (ત્રણ).

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે,

(૨) ૦૨ (બે) – કુમાર
૦૧ (એક) – કન્યા.

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ૪૫૧ – વિદ્યાર્થીઓ
૯૮ – વિદ્યાર્થીનીઓ.

(૪) ઉક્ત સ્થિતિએ આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ?

(૪) મફત શિક્ષણ ઉપરાંત રહેવા જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠયપુસ્તકો, સ્ટેશનરી, તેમજ ગણવેશ, બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

ભરૂચ જિલ્લામાં સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૪૫૭૭ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત ભરૂચ જિલ્લામાં કેટલી અને ક્યા શાળાઓ કાર્યરત છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત ભરૂચ જિલ્લામાં કોઇ શાળાઓ કાર્યરત નથી.

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શિક્ષકોની જિલ્લા ફેરબદલી

* ૨૫૮૨૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલથી

સાબરકાંઠા – ૨૭૬
અરવલ્લી – ૦૩.

બદલી થયેલ કેટલા શિક્ષકોને હાજર કરવામાં આવ્યા?

### બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશન કાર્ડનું વિતરણ

* ૨૪૫૨૧ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ છે, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરવાની છેલ્લી તા.૩૦–૯–૨૦૧૦ હતી. જેથી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરાયેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશન કાર્ડનું વિતરણ થયેલ છે અને કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ વિતરણ બાકી રહેવાના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### વલસાડ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ

* ૨૪૫૭૯ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં દૂધ સંજીવની યોજના ક્યા તાલુકામાં કાર્યરત છે, | (૧) ધરમપુર, કપરાડા અને ઉમરગામ. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલાં બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે, અને | (૨) ૭૭,૦૦૦ બાળકોને. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૨૫૫.૫૨ લાખ. |

### માધ્યમિક શાળાઓમાં ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને આર્થિક સહાય

* ૨૪૫૯૦ શ્રી જીતેન્દ્ર વાઘાણી (ભાવનગર–પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં કર્મચારી ચાલુ નોકરીએ અવસાન પામે તો તેના વારસદારોને આર્થિક સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, | (૧) સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૫–૭–૨૦૧૧ ના ઠરાવથી ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કર્મચારીઓના આશ્રિતોને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૧૮૪. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૮,૦૫,૦૦,૦૦૦/–. |

### દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૨૪૧૯૦ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ક્યા તાલુકામાં દુધ સંજીવની યોજના કાર્યરત છે, | (૧) ઝાલોદ અને ફતેપુરા તાલુકાઓમાં કાર્યરત છે. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ રૂ.૧૪૪૮.૧૦ લાખ.<br>વર્ષ ૨૦૧૫–૧૬ રૂ.૬૯૬.૪૭ લાખ.<br>કુલ રૂ.૨૧૪૪.૫૭ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ તે અન્વયે ક્યા તાલુકામાં આ યોજના ક્યા કારણોસર કાર્યરત નથી અને તેને કાર્યરત કરવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૩) બાકી તાલુકાની બાબત નીતિ વિષયક છે. |

### પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જર્જરીત ઓરડાઓ

* ૨૪૬૧૯ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને | (૧) ૮૦૯. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓ જર્જરીત કે બેસવાલાયક નથી તથા આ ખુટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૨) ૫૯૯. ખુટતા ઓરડાઓ જેમ બને તેમ જલ્દી બનાવવામાં આવશે. |

### તાપી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૪૫૧૩ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે,

(૩) ઉકત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૪) ઉકત સ્થિતિએ આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ?

જવાબ

(૧) ૩ (ત્રણ).

(૨) ૦૧ (એક) - કુમાર
૦૨ (બે) - કન્યા.

(૩) ૧૮૫-વિદ્યાર્થીઓ.
૫૨૫-વિદ્યાર્થીનીઓ.

(૪) મફત શિક્ષણ ઉપરાંત રહેવા જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠયપુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ તેમજ બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

### અમદાવાદ શહેરમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને સહાય

* ૨૪૯૫૩ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

સન ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ટયુશન ફી ચૂકવવામાં આવી ?

જવાબ

૭૬૨ વિદ્યાર્થીઓને રૂ.૨૮૭.૪૬ લાખની ટયુશન ફી ચૂકવવામાં આવેલ છે.

### બનાસકાંઠા અને પાટણ જિલ્લાની ડીગ્રી ઈજનેરી કોલેજોમાં અનામત બેઠકો

* ૨૪૬૨૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ક્યા સ્થળે ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ કોલેજોમાં કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ માટે બેઠક અનામત રાખવામાં આવેલ છે કે કેમ ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સરકારી ઈજનેરી કોલેજ પાલનપુર ખાતે આવેલ છે.

પાટણ જિલ્લામાં સરકારી ઈજનેરી કોલેજ પાટણ ખાતે તેમજ સ્વનિર્ભર કોલેજ હંસાબા કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી સિદ્ધપુર ખાતે આવેલ છે.

(૨) હા, કુલ બેઠકો પૈકી ૭ % બેઠકો.

### રાજ્યમાં એસ.સી. અને ઓ.બી.સી. ના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો

* ૨૫૩૮૫ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ માં મફત પાઠયપુસ્તકો આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો આપવામાં આવ્યા, અને

(૩) તે પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) હા, જી.

(૨)

| ક્રમ | વર્ષ | અનુ.જાતિના વિદ્યાર્થીઓની સંખ્યા | ઓ.બી.સી. જાતિના વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૬૩૯૨૧ | ૨૪૪૨૬૨ |
| ૨ | ૨૦૧૫ | ૫૮૭૫૨ | ૨૫૨૭૨૦ |

(૩)

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | રૂ.૪૧૮૬૦૦૩૨-૦૦ |
| ૨ | ૨૦૧૫ | રૂ.૩૪૫૭૦૦૮૦-૦૦ |

### છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ

* ૨૫૩૧૨ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં અને વડોદરા જિલ્લામાં કેટલા આદિજાતિ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરે છે,

(૨) આ આદિજાતિ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ચૂકવવામાં

જવાબ

(૧)

| જિલ્લો | વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીનીઓ |
|---|---|---|
| વડોદરા | ૭૦૫ | ૮૬ |
| છોટાઉદેપુર | ૧૩૨૦ | ૩૭ |
| કુલ | ૨૦૨૫ | ૧૨૩ |

(૨) હા, જી. વડોદરા જિલ્લામાં ૬૫૪ વિદ્યાર્થી અને ૬૫૮

આવે છે કે કેમ અને જો ચૂકવવામાં આવતી હોય તો ઉકત જિલ્લાવાર કેટલા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપ ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપની કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

વિદ્યાર્થીનીઓને ચૂકવવામાં આવી.

છોટાઉદેપુર જિલ્લામાં ૮૬ વિદ્યાર્થીઓ અને ૩૭ વિદ્યાર્થીનીઓને મંજૂર થયેલ છે.

(૩) ૧૩૭ – વિદ્યાર્થીઓ.
૬૯૯ – વિદ્યાર્થીનીઓને.
રૂ.૨૧૩.૫૯ લાખ.

આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી અને શૌચાલયની સુવિધા

* ૨૪૫૩૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની અને કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા આપવાની બાકી છે, અને

(૨) ઉકત સ્થિતિએ શાળાઓમાં ઉકત સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે ?

જવાબ

(૧) તમામ શાળાઓમાં પીવાના પાણીની અને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ એકટ હેઠળ પ્રવેશ

* ૨૪૭૦૮ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સરકારના અને આર.ટી.ઈ. ૨૦૦૯ના નિયમ મુજબ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષકની ભરતી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી, અને

(૨) જો ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલી ન હોય તો તેના કારણો શા છે, અને કેટલા સમયમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ થશે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મુખ્ય શિક્ષક ભરતી | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | ગાંધીનગર | ૧૪ | ૦૧ |
| ૨ | દહેગામ | ૧૦ | ૦૮ |
| ૩ | માણસા | ૦૬ | ૦૮ |

(૨) ભરતી પ્રક્રિયા થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગોને માન્યતા

* ૨૫૯૪૭ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાન પ્રવાહના કેટલા વર્ગોની માન્યતા અપાઈ તથા, ઉકત સ્થિતિએ ઉકત વર્ગોમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના તાલુકાવાર મંજૂર કરેલ વર્ગોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વિજ્ઞાન પ્રવાહના આપેલ વર્ગોની મંજૂરી | |
|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | પાલનપુર | ૧૬ | ૧૩ |
| ૨ | ડીસા | ૦૫ | ૦૪ |
| ૩ | વડગામ | ૦૨ | ૦૧ |
| ૪ | દાંતા | ૦૧ | ૦૧ |
| ૫ | અમીરગઢ | ૦૦ | ૦૦ |
| ૬ | દાંતીવાડા | ૦૦ | ૦૧ |
| ૭ | ધાનેરા | ૦૨ | ૦૨ |
| ૮ | થરાદ | ૦૦ | ૦૩ |
| ૯ | વાવ | ૦૦ | ૦૦ |
| ૧૦ | ભાભર | ૦૩ | ૦૧ |
| ૧૧ | દિયોદર | ૦૧ | ૦૨ |
| ૧૨ | કાંકરેજ | ૦૧ | ૦૦ |
| ૧૩ | લાખણી | ૦૦ | ૦૦ |
| ૧૪ | સૂઈગામ | ૦૦ | ૦૦ |

- આ વર્ગો પૈકી સરકારી/ગ્રાન્ટેડ વર્ગોમાં શિક્ષકોની ઘટની

* નોન ગ્રાન્ટેડ વર્ગોમાં ભરતીની જવાબદારી મંડળની હોય છે.

પ ત્ર ક – ૧

સરકારી/ગ્રાન્ટેડ વર્ગોમાં શિક્ષકોની ઘટની વિગતો

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩ |
| ૨ | ડીસા | ૦૪ |
| ૩ | વડગામ | ૦૨ |
| ૪ | દાંતા | ૦૪ |
| ૫ | અમીરગઢ | ૦૦ |
| ૬ | દાંતીવાડા | ૦૦ |
| ૭ | ધાનેરા | ૦૦ |
| ૮ | થરાદ | ૦૨ |
| ૯ | વાવ | ૦૦ |
| ૧૦ | ભાભર | ૦૦ |
| ૧૧ | દિયોદર | ૦૨ |
| ૧૨ | કાંકરેજ | ૦૨ |
| ૧૩ | લાખણી | ૦૦ |
| ૧૪ | સૂઈગામ | ૦૦ |

(૨) આ ઘટ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ? — (૨) જેમ બને તેમ જલ્દી.

### ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

* ૨૪૫૮૧ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૧ (એક). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે, અને | (૨) ૦૧ (એક)–કુમાર<br>૦ (શૂન્ય)–કન્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૫૫– વિદ્યાર્થીઓ. |

### માધ્યમિક શાળાઓમાં ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને આર્થિક સહાય

* ૨૪૫૯૧ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બિન સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કર્મચારી ચાલુ નોકરીએ અવસાન પામે તો તેના વારસદારોને આર્થિક સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, | (૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૫–૭–૨૦૧૧ના ઠરાવથી ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કર્મચારીઓના આશ્રિતોને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૧૮૪. |
| (૩) રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૮,૦૫,૦૦,૦૦૦/– |

### વલસાડ જિલ્લામાં સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૪૫૭૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત વલસાડ જિલ્લામાં કેટલી અને કયા શાળાઓ કાર્યરત છે, | (૧) ૬ (છ) શાળાઓ નીચે મુજબ કાર્યરત છે.<br>૧. ઈ.એમ.આર.એસ.– ધરમપુર<br>૨. એલ.એલ.જી.આર.એસ. – કરચોંડ<br>૩. એલ.એલ.જી.આર.એસ. – ધરમપુર<br>૪. એલ.એલ.જી.આર.એસ. – સુથારપાડા<br>૫. ઈ.એમ.આર.એસ.– કપરાડા<br>૬. ઈ.એમ.આર.એસ.– પારડી |

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કુલ કેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે, અને

(૨) ૧૭૫૮ વિદ્યાર્થીઓ તેઓને મુખ્યત્વે મફત શિક્ષણ, રહેવા જમવાની સગવડ ઉપરાંત તમામ શૈક્ષણિક સુવિધાઓ, ગણવેશ, પાઠ્ય પુસ્તકો, સ્ટેશનરી, પરીક્ષા ફી, પ્રવાસ, ભૌતિકસાધનો, રમત ગમત તથા સંગીતના સાધનો, આરોગ્યલક્ષી સુવિધા, વિવિધ પ્રકારની તાલીમ તથા અન્ય દૈનિક જરૂરીયાતોની સુવિધાઓ આપવામાં આવે છે.

(૩) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૯૮૫ લાખ.

માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં એ.પી.એલ. કાર્ડથી વંચિત કુટુંબો

* ૨૫૨૫૩ શ્રી જવાહર ચાવડા(માણાવદર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. યાદીમાં સામેલ કરવામાં આવેલ હોવા છતાં કેટલા કુટુંબોને એ.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા છે,

(૨) તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓમાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલા તમામ કુટુંબોને ક્યાં સુધીમાં બી.પી.એલ. કાર્ડ આપવામાં આવશે ?

જવાબ

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેશન કાર્ડ માટે અરજી કરનાર બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ કુટુંબો પૈકી એક પણ કુટુંબને એ.પી.એલ. રેશન કાર્ડ આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓમાં બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોરમાં સમાવેશ થયેલા જે કુટુંબો રેશનકાર્ડ માટે નિયત નમૂનામાં અરજી કરશે. તેમને નીતિ મુજબ ચકાસણી બાદ મળવાપાત્ર કેટેગરીનું રેશનકાર્ડ આપવામાં આવશે.

મહેસાણા જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી

* ૨૫૪૬૬ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વજન કે માપમાં ઓછું આપવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી ?

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ?

જવાબ

(૧) ૬૩૯.

(૨) ૬૩૯.

(૩) રૂ. ૨,૩૮,૯૫૦/-

ચોરવાડ નગરપાલિકામાં આઈ.એચ.એસ.ડી.પી. યોજના હેઠળ મંજૂર પ્રોજેક્ટ

* ૨૪૧૦૮ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જીલ્લાની ચોરવાડ નગરપાલિકામાં ઈન્ટીગ્રેટેડ હાઉસીંગ સ્લમ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ પ્રોજેક્ટ તા. ૨૭-૪-૨૦૧૪ની સ્ટેટ લેવલ સેંકશનીંગ કમિટીની બેઠકમાં રદ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પ્રોજેક્ટ રદ કરવાના કારણો શા છે, અને

(૩) ઉકત પ્રોજેક્ટ પુન: ચાલુ કરવા રાજ્ય સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે રજુઆત મળી ?

જવાબ

(૧) હા, જી.

(૨) આ પ્રોજેક્ટ માટે ટેન્ડર મંગાવી કામ શરૂ કરવાની કાર્યવાહી નગરપાલિકા દ્વારા સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવેલ ન હોઈ અને જે તે સમયે કેન્દ્ર સરકાર દ્વારા IHSDP યોજના હેઠળના પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે નિયત કરેલ તા. ૩૧-૩-૨૦૧૫ સુધીમાં પ્રોજેક્ટ પૂરો થઇ શકે તેમ ન હોઈ ઉક્ત પ્રોજેક્ટ પડતો મુકવામાં આવેલ હતો.

(૩) ઉક્ત પ્રોજેક્ટ પુન: ચાલુ કરવા રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં એક વાર રજુઆત મળેલ છે.

દાહોદ જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૪૫૧૫ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોને ઘઉં, ચોખા ખાંડ, કપાસીયા તેલ, (વર્ષમાં બે વાર), આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના ભાવે અને પ્રમાણથી વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ (પ્રતિ કિલો/લીટર) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૯ કિલો | રૂ. ૨.૦૦ |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૧૬ કિલો | રૂ. ૩.૦૦ |
| ૩ | ખાંડ | વ્યક્તિદીઠ ૦.૩૫૦ ગ્રામ | રૂ. ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર પાઉચ (વર્ષમાં બે વાર) | રૂ. ૪૩.૦૦ |
| ૫ | આયોડીનયુકત મીઠું | પ્રતિ કાર્ડ ૬ વ્યક્તિ સુધી-૧ કિલો<br>પ્રતિ કાર્ડ ૬ વ્યક્તિથી વધુ-૨ કિલો | રૂ. ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ કિલો લીટર અને મહત્તમ ૮ કિલો લીટર | રૂ. ૧૫.૪૦ થી રૂ. ૧૫.૯૫ |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૫૩૨૫ મે.ટન |
| ૨ | ચોખા | ૧૨૯૬૪ મે.ટન |
| ૩ | ખાંડ | ૨૧૭૮ મે.ટન |
| ૪ | કપાસીયા તેલ (એક લીટરના પાઉચ) | ૧૩૬૯૯૮ લીટર |
| ૫ | આયોડીનયુકત મીઠું | ૯૩૩ મે.ટન |
| ૬ | કેરોસીન | ૫૪૮૮ કિલો લીટર |

મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા

* ૨૪૫૦૦ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા ઉપલબ્ધ છે,

(૧)

| તાલુકો | વીજ સુવિધા ધરાવતી શાળા |
|---|---|
| હળવદ | ૧૧૬ |
| માળીયા (મી) | ૭૨ |
| મોરબી | ૧૮૧ |
| ટંકારા | ૬૦ |
| વાંકાનેર | ૧૫૮ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા નથી, અને

(૨) ૮.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા કયારે આપવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી.

ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસો

* ૨૪૫૭૧ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં સને ૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા નવા કેસો દાખલ થયા,

(૧) ૨૫૩૦.

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) ૨૧૧૫.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર

(૩) ૪૬૧૦.

છે ?

અમરેલી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૨૪૫૫૫ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ૨૦૧૫–૧૬ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના ક્યા તાલુકામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે, | (૧) જાફરાબાદ અને રાજુલા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૧૪૮. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને મુખ્યત્વે કઇ સુવિધાઓ આપવામાં આવે છે ? | (૩) મફત ભોજન, બેડીંગ, સ્ટાઈપેંન્ડ, પ્રિ–વોકેશનલ તાલીમ, રમતોની તાલીમ જેવી સુવિધાઓ આપવામાં આવે છે. |

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ

* ૨૪૭૦૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનુ મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | તાલુકો | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૭૩૯ |
| ૨ | ભાભર | ૭૨૭ |
| ૩ | દાંતા | ૧૩૪૮ |
| ૪ | દાંતીવાડા | ૬૯૧ |
| ૫ | ડીસા | ૨૪૨૮ |
| ૬ | દિયોદર | ૧૦૪૯ |
| ૭ | ધાનેરા | ૧૧૭૭ |
| ૮ | કાંકરેજ | ૧૫૯૮ |
| ૯ | પાલનપુર | ૧૪૯૧ |
| ૧૦ | થરાદ | ૧૮૭૨ |
| ૧૧ | વડગામ | ૧૦૨૧ |
| ૧૨ | સૂઈગામ | ૪૬૬ |
| ૧૩ | વાવ | ૯૬૪ |
| ૧૪ | લાખાણી | ૧૦૪૫ |

(૨) તે અન્વયે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | ઘટ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૨૪ |
| ૨ | ભાભર | ૮૦ |
| ૩ | દાંતા | ૬૯ |
| ૪ | દાંતીવાડા | ૩૫ |
| ૫ | ડીસા | ૧૦૪ |
| ૬ | દિયોદર | ૮૭ |
| ૭ | ધાનેરા | ૧૩૩ |
| ૮ | કાંકરેજ | ૭૬ |
| ૯ | પાલનપુર | ૩૮ |
| ૧૦ | થરાદ | ૨૬૦ |
| ૧૧ | વડગામ | ૨૦ |
| ૧૨ | સૂઈગામ | ૮૫ |
| ૧૩ | વાવ | ૧૭૫ |
| ૧૪ | લાખાણી | ૭૭ |

(૩) ઉક્ત ઘટતા શિક્ષકોની ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી

રાજ્યમાં ૬૬મો જાનકી વન મહોત્સવ

* ૨૪૫૨૬ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૫ નો રાજ્યનો ૬૬મો જાનકી વન મહોત્સવ રાજ્યમાં ક્યાં સ્થળે યોજવામાં આવ્યો હતો,

(૨) આ વન મહોત્સવમાં મુખ્યત્વે કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો?

જવાબ

(૧) નવસારી જિલ્લાના વાસંદા તાલુકાના મોજે ભિનાર (ખડકાળા) ખાતે

(૨) વન મહોત્સવમાં મુખ્યત્વે ચંદન, સિંદુરી, કૈલાસપતિ, બીલીપત્ર, કદમ, બોટલપામ, ટેકોમા, ગુલમહોર, ગરમાળો, ઉમરો, આંબા, બોરસલ્લી, તણછ, હરડે, કુંભિયો વિગેરે.

(૩) કુલ રૂ. ૭૫૦.૮૮ લાખ.

### દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના છાત્રાલયોમાં મંજુર મહેકમ

* ૨૪૬૬૦ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ કે તેની તાબા હેઠળની કચેરીઓ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉકત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીકસ પગાર અને કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે, અને

(૪) ઉકત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) ૪-કુમાર છાત્રાલય
૪- કન્યા છાત્રાલય
૪- સરકારી કુમાર ડ્રાય હોસ્ટેલ
કુલ-૧૨ છાત્રાલયો

(૨)

| સંવર્ગ | મંજૂર | ભરાયેલ | ખાલી | કયારથી ખાલી |
|---|---|---|---|---|
| વર્ગ-૨ | ૩ | - | ૩ | ૩ વર્ષથી ઓછા સમયથી |
| વર્ગ-૩ | ૧૭ | ૫ | ૧૨ | ૪-જગ્યા એક વર્ષથી ઓછા સમયથી ૫-જગ્યા ત્રણ વર્ષથી ઓછા સમયથી ૩-જગ્યા ત્રણ વર્ષથી વધુ સમયથી |
| વર્ગ-૪ | ૬૪ | ૧૭ | ૪૭ | સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અનુસાર આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે. |
| કુલ | ૮૪ | ૨૨ | ૬૨ | |

(૩) ૨૨- જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે. ફીકસ પગારથી કોઈ જગ્યા ભરાયેલ નથી.

(૪) વર્ગ-૨ તથા વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા કાર્યવાહી હેઠળ છે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૦૪-૨૦૧૦ ના ઠરાવ અનુસાર વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સથી સેવકોની કરારના ધોરણે સેવાઓ લેવામાં આવે છે.

### ભાવનગર જિલ્લાની પ્રાથમિક સુવિધાઓ વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૪૬૨૫ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણી અને શૌચાલયની સુવિધાથી વંચિત એવી કેટલી પ્રાથમિક શાળાઓ છે, અને

(૨) આ શાળાઓમાં ઉકત સુવિધા ઉપલબ્ધ કરવા શું

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા વિનાની એકપણ શાળા નથી.
શૌચાલયની સુવિધાથી વંચિત એવી તાલુકાવાર પ્રાથમિક શાળાઓની વિગત.

| તાલુકો | ૨૦૧૪ | ૨૦૧૫ |
|---|---|---|
| ભાવનગર | - | ૦૨ |
| ઘોઘા | - | ૦૧ |
| પાલીતાણા | - | ૦૫ |
| તળાજા | - | ૦૨ |
| વલ્લભીપુર | - | ૦૧ |

(૨) શૌચાલયની સુવિધાથી વંચિત ઉપરોકત નવી શરૂ થયેલ

આયોજન છે?

શાળાઓમાં જેમ બને તેમ જલ્દીથી શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

સુરત જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૪૫૫૮ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં અંત્યોદયની યોજનામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા અનાજનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) સુરત જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

(આંકડા મે. ટનમાં)

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| (૧) | ઘઉં | ૭૫૫૯ |
| | ચોખા | ૬૩૭૯ |
| | કુલ | ૧૩૯૩૮ |

(૨)

૧) ઘઉં –૨ રૂ. પ્રતિ કિલો

૨) ચોખા – ૩ રૂ. પ્રતિ કિલો

(૩) માસિક સરેરાશ ૩૪૦૫૪ અંત્યોદય રેશનકાર્ડ ધારક લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું.

જુનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણ

* ૨૪૫૧૭ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે,

(૨) તે પૈકી કેટલા કાર્ડ ધારકોને કુડકુપન ઉપર વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કુડકુપન ઉપર વિતરણ વધારવા સરકારે શા પ્રયત્ન કર્યા ?

જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડનું નીચે મુજબ વિતરણ થયેલ છે.

| વર્ષ | રેશનકાર્ડની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪ | ૮૧૪૫૭ |
| ૨૦૧૫ | ૧૫૭૯૧ |
| કુલ | ૯૭૨૪૮ |

(૨) સન ૨૦૧૪ માં માસિક સરેરાશ ૧,૧૪,૩૫૫ કુટુંબોને અને સન ૨૦૧૫માં માસિક સરેરાશ ૨,૪૪,૭૯૯ કુટુંબોને ફીંગર પ્રિન્ટના આધારે કુડકુપન ઉપર જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૩) કુડકુપન પર વિતરણ વધારવા સરકારે નીચે મુજબના પ્રયત્નો કર્યા છે.

- વાજબી ભાવની દુકાન સંચાલક/સંસ્થા લેપટોપ/પ્રિન્ટર ડીવાઈસ ઉપકરણો વસાવે તે આધારે કાર્ડધારકોને જથ્થાનું વિતરણ કરે જેને ઈ–એફપીએસ કહે છે. તે માટે તાલીમ આપી શિબિર યોજી સમજૂત કર્યા.
- નવી મંજુર કરવામાં આવનાર વાજબી ભાવની દુકાનના સંચાલક/સંસ્થાએ કોમ્પ્યુટર/લેપટોપ, પ્રિન્ટર અને બાયોમેટ્રીક ડીવાઈસ અવશ્ય વસાવવા માટેની શરત રાખી છે.
- જે ઈ–એફપીએસ પ્રોજેક્ટ હેઠળ વાજબી ભાવની દુકાન સામેલ થઈ નથી તે ગામની ઈ–ગ્રામ સેંટરને બાયોમેટ્રીક ડિવાઈસીસ રાજ્ય સરકારે આપેલ છે. તે આધારે કુડકુપન કાર્ડધારક મેળવી દુકાન ઉપરથી જથ્થો મેળવી શકે.
- બાયોમેટ્રીક આધારે વધુમાં વધુ કાર્ડધારકોને મળવાપાત્ર જથ્થાનું વિતરણ થાય તે માટે દરમાસે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે અને જરૂર જણાયે તપાસણી સઘન બનાવવામાં આવી છે.

અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૪૫૪૧ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા વિનાની કેટલી પ્રાથમિક શાળાઓ છે, અને | (૧) તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા છે. |
| (૨) ઉકત બાકી શાળાઓમાં આ સુવિધા કયારે પૂરી પાડવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

વઢવાણ અને ચોટીલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૪૫૩૦ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ અને ચોટીલા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માં વઢવાણ તાલુકામાં ૦.૬૮ લાખ અને ચોટીલા તાલુકામાં ૦.૩૯ લાખ તેમજ વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વઢવાણ તાલુકામાં ૦.૩૪ લાખ અને ચોટીલા તાલુકામાં ૦.૨૩ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ ઉકત સમયગાળામાં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ. ૫૮.૫૫ લાખ અને ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રૂ.૧૯.૩૫ લાખ |

સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૪૬૦૫ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૩૦૪ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૪૨૧ હેકટર |
| (૨) તે પૈકી બારડોલી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૩) તેની પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઉકત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

આણંદ જિલ્લાની 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના હેઠળ કન્યાઓને અપાયેલ બોન્ડ

* ૨૪૫૫૩ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) કન્યાઓ માટેની 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા છે,

(૧)

| વર્ષ | કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૮૬ |
| ૨૦૧૫–૧૬ | ૭૭૫ |

(૨) ઉકત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | એક બોન્ડની રકમ | કુલ બોન્ડની રકમ |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૦૦૦/– | ૧૫,૭૨૦૦૦/– |
| ૨૦૧૫–૧૬ | ૨૦૦૦/– | ૧૫,૫૦,૦૦૦/– |

(૩) તે માટે કુલ કેટલી રકમનો ખર્ચ ઉકત સ્થિતિએ વર્ષવાર કરવામાં આવેલ છે?

(૩)

| વર્ષ | કુલ બોન્ડ માટે થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૫,૭૨૦૦૦/– |
| ૨૦૧૫–૧૬ | ૧૫,૫૦,૦૦૦/– |

રાજકોટ જિલ્લામાં અન્નમબ્રહ્મ યોજના હેઠળ કાર્ડ વિતરણ

* ૨૬૧૭૦ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર અન્નમબ્રહ્મ યોજના હેઠળ રેશન કાર્ડ ન હોય તેવા કેટલા ગરીબોને મફત અનાજ આપવા જિલ્લા પુરવઠા અધિકારીએ કેટલા રેશનકાર્ડ આપ્યા? | તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર અન્નમબ્રહ્મ યોજના રેશન કાર્ડ ન હોય તેવા ગરીબોને મફત અનાજ આપવા એક પણ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ નથી. |

મહિસાગર અને ખેડા જિલ્લામાં જંગલી પ્રાણીઓ દ્વારા પાકને નુકશાન સામે ખેડૂતોને વળતર

* ૨૪૬૮૬ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં ખેડૂતોના પાકને જંગલી પ્રાણીઓ દ્વારા થતા નુકશાનનું વળતર રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમનું વળતર ચુકવવામાં આવ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વન વિભાગ દ્વારા બામ્બુ પ્રોજેક્ટ

* ૨૪૫૨૮ શ્રીમતી મનીષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વન વિભાગ દ્વારા બામ્બુ પ્રોજેક્ટ અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટ કયા જિલ્લામાં કાર્યરત છે, અને | (૨) વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, વડોદરા, ગોધરા, દાહોદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, મહેસાણા. |
| (૩) તે માટે તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) કુલ રૂ. ૬૧૬.૩૪ લાખ. |

ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસો

* ૨૪૫૭૨ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં સને ૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૨૫૩૦ |
| (૨) ઉક્ત સમયગાળા દરમિયાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૨૧૧૫ |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે? | (૩) ૪૬૧૦ |

ખેડા જિલ્લામાં ''ફી પરત ચુકવણી સહાય'' યોજના હેઠળ સહાય

* ૨૪૫૫૨ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'ફી પરત ચુકવણી સહાય' યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચુકવવામાં આવે છે. | (૧) વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- અથવા ખરેખર થતી ફી તે બે પૈકી જે ઓછી હોય તે રકમ. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૧૪૭૯. |
| (૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ. ૧૯,૨૬,૮૫૨/- |

રાજ્યમાં ૬૬મો જાનકી વન મહોત્સવ

* ૨૪૫૨૫ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૫નો રાજ્યનો ૬૬મો જાનકી વન મહોત્સવ રાજ્યમાં કયાં સ્થળે યોજવામાં આવ્યો હતો, | (૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોજે ભિનાર (ખડકાળા) ખાતે |
| (૨) આ વન મહોત્સવમાં મુખ્યત્વે કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૨) વન મહોત્સવમાં મુખ્યત્વે ચંદન, સિંદુરી, કૈલાસપતિ, બીલીપત્ર, કદમ, બોટલપામ, ટેકોમા, ગુલમહોર, ગરમાળો, ઉમરો, આંબા, બોરસલ્લી, તણછ, હરડે, કુંભિયો વિગેરે |
| (૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો? | (૩) કુલ રૂ. ૭૫૦.૮૮ લાખ. |

અમદાવાદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને તાલીમ

* ૨૪૫૫૬ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષના બાળકોનું શિક્ષણ સ્તર વધે તે | (૧) હા, |

માટે ખાસ તાલીમ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ખાસ તાલીમ અપાઈ, અને

(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૬૯૮
વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૭૩૨
(તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી)

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

(૩) વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ઼ા. ૪૩.૯૦ લાખ
વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ઼ા. ૬૦.૪૪ લાખ
(તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી)

અમદાવાદ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ કન્યાઓને અપાયેલ બોન્ડ

* ૨૪૫૫૦ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) કન્યાઓ માટેની 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા છે.

(૧)

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૨૨૯૭ |
| ૨૦૧૫-૧૬ | ૨૫૩૬ |

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | બોન્ડની રકમ | બોન્ડની કુલ રકમ |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ઼ા. ૨૦૦૦/- | રૂ઼ા. ૪૫,૯૪,૦૦૦/- |
| ૨૦૧૫-૧૬ | રૂ઼ા. ૨૦૦૦/- | રૂ઼ા. ૫૦,૭૨,૦૦૦/- |

(૩) તે માટે કુલ કેટલી રકમનો ખર્ચ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કરવામાં આવશે છે?

(૩)

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૫,૯૪,૦૦૦/- |
| ૨૦૧૫-૧૬ | ૫૦,૭૨,૦૦૦/- |

જામનગર જિલ્લામાં નાગેશ વન

* ૨૪૫૦૯ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જામનગર જિલ્લામાં નાગેશ્વર ખાતેના નાગેશ વન કેટલા વિસ્તારમાં બનાવેલ છે,

(૧) ૫ હેકટર

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના વૃક્ષો રોપવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે વડ, પીપડા, ગુગળ, શરૂ, નારિયેળી, બોગનવેલ. અર્જુનસાદડ, અરડુસી, તુલસી વિગેરે

(૩) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) કુલ રૂ. ૩૩.૭૯ લાખ.

સાબરકાંઠા જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધા

* ૨૪૫૧૪ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેમાં કેટલાં વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ૬૨ વિદ્યાર્થીઓ.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

(૩) કુલ રૂ. ૨૫.૯૮ લાખનો ખર્ચ થયેલ છે.

મહેસાણા જિલ્લામાં તોલમાપના સાધનોની ખરાઈ

* ૨૪૫૬૭ શ્રી રૂષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યાપારી એકમોના તોલમાપના

(૧) ૪૭૨૦૧.

સાધનોની ખરાઈ કરીને પ્રમાણિત કરવામાં આવ્યા, અને

(૨) તે પેટે રાજ્યને કેટલી આવક થઈ? — (૨) રૂ. ૨,૨૦,૬૧,૩૫૨.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી

* ૨૫૨૩૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૩૦-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૬૦૯ (અગ્રતા ૧૬૬)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં કોમ્પ્યુટર વિષય દાખલ કરવામાં આવ્યો હોવાથી કોમ્પ્યુટર શિક્ષક ભરવાની પ્રક્રિયા તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ વિચારણા હેઠળ હતી તે હકિકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨)જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આ વિચારણા પૂર્ણ થઈ છે કે કેમ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો શો અંતિમ નિર્ણય થયેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત શિક્ષકોની ભરતી ક્યારે કરવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

રાજ્યમાં કેરોસીનની જરૂરીયાત

* ૨૬૩૫૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં માસવાર રાજ્યમાં પ્રવર્તમાન વિતરણ વ્યવસ્થા મુજબ રાજ્યની કેરોસીનની કેટલી જરૂરિયાત હતી, અને | (૧) રાજ્ય સરકારશ્રીએ નિર્ધારિત કરેલ પ્રવર્તમાન વિતરણ વ્યવસ્થા મુજબ વર્ષ ૨૦૧૪માં રાજ્યની કેરોસીનની કુલ જરૂરીયાત ૭,૦૬,૩૪૯ કીલોલીટર હતી અને વર્ષ-૨૦૧૫માં કુલ જરૂરિયાત ૭,૩૨,૨૫૮ કીલોલીટર હતી. (માસવાર જરૂરિયાતનું *પત્રક-૧ અને *પત્રક-૨ સામેલ છે.) |
| (૨) તે અન્વયે ઉક્ત માસવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો? | (૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી વર્ષ-૨૦૧૪માં ૬,૭૩,૪૧૬ કીલોલીટર અને વર્ષ-૨૦૧૫માં કુલ ૬,૫૮,૭૦૪ કીલોલીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો. (માસવાર ફાળવણીનું *પત્રક-૩ અને *પત્રક-૪ સામેલ છે.) |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ભરૂચ જિલ્લામાં ડેરી વિકાસ યોજના

* ૨૪૫૩૨ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં મુખ્યત્વે કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને | (૨) પશુઓની સાથે પશુ વિમો, વાસણ કીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશનની સહાય આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા લાભાર્થીને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે? | (૩) કુલ ૪૩૬ લાભાર્થી. |

અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા

* ૨૪૫૩૫ શ્રી બાવકુભાઈ ઉઘાડ (લાઠી)) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓ વીજ સુવિધા ધરાવતી નથી, અને | (૧) તમામ શાળાઓમાં વીજ સુવિધા છે. |
| (૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા પુરી પાડવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહિસાગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ટ્રાન્સપોર્ટ માટે ખર્ચ

* ૨૪૫૮૮ શ્રી સુરેશ પટેલ (મણિનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧-૧૬ સુધીમાં ટ્રાન્સપોર્ટ માટે કેટલો | રૂ. ૧,૧૪,૦૯,૨૧૦/- |

ખર્ચ કરવામાં આવ્યો?

પંચમહાલ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૪૫૮૪ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૦ (શૂન્ય) |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે, | (૨) ૦ (શૂન્ય) |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અમદાવાદ શહેર તથા જિલ્લામાં કેરોસીનના લાભાર્થીઓ

* ૨૪૫૭૦ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર તથા અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ કેરોસીન મેળવતા લાભાર્થીઓ કેટલા છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેરોસીન મેળવતા લાભાર્થીઓ (રેશનકાર્ડ ધારકો) ની સંખ્યા ૩,૯૫,૦૦૫ છે અને અમદાવાદ જિલ્લામાં ૨,૪૮,૫૭૧ છે. |
| (૨) ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે બાબતે ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર શું તકેદારી રાખે છે? | (૨) (અ) ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે માટે રેશનકાર્ડ ઈસ્યુ કરતી વખતે રેશનકાર્ડમાં ગેસ જોડાણ ધરાવતા હોવા બાબતની નોંધ (ગેસ સ્ટેમ્પીંગ) તાલુકા મામલતદાર કચેરીઓ દ્વારા કરવામાં આવે છે. તેમજ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ પાસેથી ગેસ જોડાણની વિગતો મેળવી ઓનલાઈન સ્ટેમ્પીંગ દ્વારા પણ ગેસ જોડાણ ધરાવતા હોવા છતાં કેરોસીન લાભાર્થીની યાદીમાં નામ હોય તો દૂર કરવામાં આવેલ છે.<br>(બ) ગેસ સ્ટેમ્પીંગ બાબતે રાજ્ય કક્ષાએ દર માસે અગ્રસચિવશ્રી દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. |

ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૪૫૨૭ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) ના જી, પરંતુ ગાંધીનગર જિલ્લામાં આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં ગ્રાન્ટ ઈન એઈડ યોજના હેઠળ ઈકો ટુરીઝમના વિકાસ માટેના કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) |

| અ. નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૨૧૫.૨૮ |
| ૨ | ૨૦૧૫ (ડિસે.–૨૦૧૫ અંતિત) | ૨૯૪.૭૦ |
| | કુલ | ૫૦૯.૯૮ |

અરવલ્લી જિલ્લામાં અન્નમબ્રહ્મ યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૪૬૭૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં અન્નમબ્રહ્મ યોજના મફત અનાજ પૂરું પાડવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા? | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં અન્નમબ્રહ્મ યોજના હેઠળ મફત અનાજ પૂરું પાડવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા છેલ્લા બે વર્ષમાં એક પણ રેશનકાર્ડ આપવામાં આવેલ નથી. |

દેવગઢ બારીયા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૨૪૫૧૮ શ્રી વિંછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ છે, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરવાની છેલ્લી તા.૩૦-૯-૨૦૧૦ હતી. જેથી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરાયેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, અને કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ વિતરણ બાકી રહેવાના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજ્યમાં વન વિભાગ દ્વારા દશમૂળ પ્રોજેક્ટનો અમલ

* ૨૪૫૦૩ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપા નગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વન વિભાગ દ્વારા દશમૂળ પ્રોજેક્ટ અમલમાં છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટ કયા જિલ્લામાં કાર્યરત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### મહીસાગર જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ

* ૨૫૧૧૬ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ છે,

(૧)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| --- | --- | --- |
| લુણાવાડા | ૭૪૮ | ૮૭૧ |
| ખાનપુર | ૧૯૦ | ૧૯૨ |
| સંતરામપુર | ૩૧૧ | ૩૨૪ |
| કડાણા | ૧૭૫ | ૧૯૫ |
| બાલાસિનોર | ૩૪૧ | ૪૬૨ |
| વિરપુર | ૧૫૦ | ૧૩૪ |
| કુલ | ૧૯૧૫ | ૨૧૭૮ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) વર્ષ-૨૦૧૪-૧૫ - ૭૨
વર્ષ-૨૦૧૫-૧૬ - ૨૮૮

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતી નથી અને તે અન્વયે તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) તમામ શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરેલ છે.

### છોટાઉદેપુર જિલ્લામાં વિદ્યાર્થીઓને દુધ સંજીવની યોજનાનો લાભ

* ૨૪૫૮૦ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૮ ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવનીનો લાભ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૮૦,૨૮૧ બાળકોને. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૯૮૦.૮૩ લાખ. |

### જામનગર જિલ્લાની નોન ગ્રાન્ટેડ ખાનગી માધ્યમિક શાળાઓમાંથી લાયકાત વગરના શિક્ષકોને દુર કરવા બાબત

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૨૨૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : તા. ૨૭-૨-૧૫ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૭૮૯ (અગ્રતાક્રમ ૩૬) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નોન-ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ઠરાવેલી લાયકાત ધરાવતા ન હોય તેવા શિક્ષકોને જુન-૨૦૧૫ સુધીમાં દૂર કરવામાં આવનાર હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તે પૈકી કેટલા શિક્ષકોને દૂર કરવાના બાકી છે, અને | (૨) ૩૨. |
| (૩) ઉક્ત બાકી શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલદી. |

રાજકોટ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાની લાભાર્થી કન્યાઓ

* ૨૪૫૩૩ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા, અને

(૧)

| વર્ષ | કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૮૭૨ |
| ૨૦૧૫-૧૬ | ૨૧૫૪ |

(૨) કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા ?

(૨)

| વર્ષ | બોન્ડની કુલ રકમ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ. ૩૭,૪૪,૦૦૦/- |
| ૨૦૧૫-૧૬ | રૂ. ૪૩,૦૮,૦૦૦/- |

ભાવનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી માટે અરજીઓ

* ૨૪૫૨૪ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ભાવનગર જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૦ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૩૬ અરજીઓ. |
| (૨) તે અંગે તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૨.૬૭ લાખ. |

વલસાડ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૪૫૭૬ શ્રી રમણલાલ પાટકર (ઉંમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત કેટલી અને ક્યાં લો લિટરેસી ગર્લ્સ શાળાઓ કાર્યરત છે,

(૧) ૩ (ત્રણ)

| | | |
|---|---|---|
| ૧ | લો લિટરેસી ગર્લ્સ રેસીડેન્સીયલ શાળા-કરચોંડ | મુ. ઓઝરપાડા તા. ધરમપુર જિ. વલસાડ |
| ૨ | લો લિટરેસી ગર્લ્સ રેસીડેન્સીયલ શાળા-ધરમપુર | જી.આર.એસ. કરચોંડની બાજુમાં મુ. ઓઝરપાડા તા. ધરમપુર જિ. વલસાડ |
| ૩ | લો લિટરેસી ગર્લ્સ રેસીડેન્સીયલ શાળા-સુથારપાડા | મુ. કપરાડા તા. કપરાડા જિ. વલસાડ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૮૪૧. |
| (૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૩૪૦ લાખ. |

જામનગર જિલ્લાના મરીન પાર્કમાં નાણાંની ઉચાપત

## ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૪૬૯૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં આવેલ મરીન નેશનલ પાર્કમાં કમર્ચારી/અધિકારીઓ દ્વારા નાણાંની ઉચાપત થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે સરકારે શું પગલાં લીધા ? | (૨) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી સીટી ‘બી’ ડીવીઝન જામનગર ખાતે પોલીસ ફરીયાદ આપવામાં આવેલ, જેના આધારે એફ.આઈ.આર. નં. આઈ ૩૦૪/૧૫ તા. ૧૬–૧૨–૨૦૧૫થી ગુનો નોંધવામાં આવેલ છે. પોલીસ તપાસ ચાલુ છે. |

પંચમહાલ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૫૪૮૫ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ સોસાયટી સંચાલિત પંચમહાલ જિલ્લામાં કેટલી અને ક્યાં શાળાઓ કાર્યરત છે, | (૧) પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા, જાંબુઘોડા અને વેજલપુર ખાતે એમ ત્રણ શાળાઓ કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કુલ કેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે, અને | (૨) કુલ ૭૭૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, તેઓને મુખ્યત્વે શિક્ષણ, રહેવા જમવાની સગવડ, ઉપરાંત તમામ શૈક્ષણિક સુવિધાઓ, ગણવેશ, પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી, પરીક્ષા ફી, પ્રવાસ, ભૌતિક સાધનો, રમતગમત અને સંગીતના સાધનો, આરોગ્યલક્ષી સુવિધા, વિવિધ પ્રકારની તાલીમ તથા અન્ય દૈનિક જરૂરીયાતોની સુવિધાઓ આપવામાં આવે છે. |
| (૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૪૬૫/- લાખ. |

ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મંજૂર મહેકમ

* ૨૪૭૦૭ શ્રી મંગળભાઈ ગાવીત (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓ કેટલી છે,

(૧)

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | આહવા | ૧૫૧ |
| ૨ | સુબીર | ૧૧૫ |
| ૩ | વઘઈ | ૧૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શિક્ષક | | ઉચ્ચ પ્રાથમિક શિક્ષક | | મુખ્ય શિક્ષક | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
| ૧ | આહવા | ૫૪૧ | ૧૭ | ૨૪૯ | ૩૬ | ૨૩ | ૧૬ |
| ૨ | સુબીર | ૪૪૨ | ૦૧ | ૧૪૮ | ૨૩ | ૧૪ | ૧૨ |
| ૩ | વઘઈ | ૩૫૮ | ૦૫ | ૧૫૧ | ૦૬ | ૧૧ | ૦૧ |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી.

આણંદ અને વડોદરા જિલ્લામાં પ્રવાસી શિક્ષકો

* ૨૬૧૮૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસી શિક્ષક રાખવાની શરૂઆત ક્યારથી કરવામાં આવી, | (૧) તા. ૨૧–૧૨–૨૦૧૫થી અમલમાં આવેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ તેને કેટલું મહેનતાણું આપવામાં આવે છે, અને

(૨)

| પ્રાથમિક શિક્ષણ વિભાગ | | |
|---|---|---|
| તાસદીઠ માનદ વેતન | મહતમ દૈનિક તાસ | મહતમ દૈનિક માનદ વેતન |
| રૂ઼ા. ૫૦ | ૬ તાસ | રૂ઼ા. ૩૦૦ |
| તથા વધુમાં વધુ માસિક રૂ઼ા. ૭૫૦૦/– | | |

(૩) આણંદ અને વડોદરા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસી શિક્ષકોને નિમણૂંક આપી?

(૩) એક પણ નહિ.

રાજકોટ શહેરમાં બી.એસ.યુ.પી. યોજના હેઠળ આવાસો

* ૨૫૪૭૭ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ શહેરમાં બેઝિક સર્વિસિસ ફોર અર્બન પુઅર યોજના અંતર્ગત કુલ કેટલા આવાસ મંજુર થયેલ છે,

(૨) તે અન્વયે કેટલા આવાસ પૂર્ણ થયેલ છે, અને

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલા આવાસની ફાળવણી લાભાર્થીઓને કરવામાં આવેલ છે?

જવાબ

(૧) રાજકોટ શહેરમાં બેઝિક સર્વિસિસ ફોર અર્બન પુઅર યોજના અંતર્ગત કુલ ૬૪૮૮ આવાસ મંજુર થયેલ છે.

(૨) તે પૈકી ૪૯૭૬ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) ૪૯૭૬ આવાસની ફાળવણી લાભાર્થીઓને કરવામાં આવેલ છે.

નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા

* ૨૪૫૪૬ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા નથી, અને

(૩) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે ઉભી કરવામાં આવશે?

જવાબ

(૧) ૭૩૬.

(૨) તમામ શાળાઓમાં વીજ સુવિધા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૪૬૮૫ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાન નથી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ | |
|---|---|---|---|
| | | સરકારી | ખાનગી |
| ૧ | અમીરગઢ | ૩૧ | ૧ |
| ૨ | ભાભર | ૩૦ | ૦ |
| ૩ | દાંતા | ૮૯ | ૨ |
| ૪ | દાંતીવાડા | ૨૩ | ૦ |
| ૫ | ડીસા | ૬૯ | ૨ |
| ૬ | દિયોદર | ૫૯ | ૦ |
| ૭ | ધાનેરા | ૨૯ | ૧ |
| ૮ | કાંકરેજ | ૧૦૩ | ૧ |
| ૯ | લાખણી | ૪૦ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૩૬ | ૩ |
| ૧૧ | સુઈગામ | ૨૭ | ૦ |
| ૧૨ | થરાદ | ૬૭ | ૧ |
| ૧૩ | વડગામ | ૧૫ | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૨) એક પણ નહીં.

(૩) બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારીના વર્ગો

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૬૭૭ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારીના કેટલા વર્ગ ચલાવવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલાને સ્વરોજગારીની તાલીમ આપવામાં આવી, અને

(૩) તાલીમ પામેલ કેટલા લાભાર્થીઓએ સ્વરોજગાર શરૂ કર્યા?

જવાબ

(૧) ૧૧૩ વર્ગો ચલાવવામાં આવ્યા. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૮ | ૧૯ | ૨૭ |
| ૨ | ગરબાડા | ૨ | ૧૨ | ૧૪ |
| ૩ | ઝાલોદ | ૬ | ૧૪ | ૨૦ |
| ૪ | સંજેલી | ૨ | ૪ | ૦૬ |
| ૫ | ફતેપુરા | ૭ | ૯ | ૧૬ |
| ૬ | લીમખેડા | ૫ | ૬ | ૧૧ |
| ૭ | ધાનપુર | ૪ | ૫ | ૦૯ |
| ૮ | દે. બારીયા | ૩ | ૭ | ૧૦ |
| | કુલ | ૩૭ | ૭૬ | ૧૧૩ |

(૨) ૪૦૫૯ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

(૩) ૧૧૮૬ લાભાર્થીઓએ સ્વરોજગાર શરૂ કરેલ છે.

### આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજનાની અરજીઓ

* ૨૪૬૨૯ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂં યોજનામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

જવાબ

(૧) ખેડા જીલ્લામાં ૦૪ અને આણંદ જીલ્લામાં ૦૨ અરજીઓ મળેલ છે.

| ખેડા જિલ્લો | | | આણંદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | મળેલ અરજીઓ | | તાલુકો | મળેલ અરજીઓ | |
| | ૨૦૧૪ | ૨૦૧૫ | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| નડિયાદ | ૦ | ૦૨ | આણંદ | ૦ | ૦૨ |
| માતર | ૦ | ૦૧ | | | |
| કપડવંજ | ૦ | ૦૧ | | | |

(૨) ખેડા જિલ્લામાં–૦૪ અને આણંદ જિલ્લામાં–૦૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. કોઈ અરજી ના મંજુર કરવામાં આવી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ કોઈ અરજીઓ પડતર નથી.

### મહિસાગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

* ૨૪૭૨૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને

જવાબ

(૧) ૨૦૧૪–૧૫માં ૬.૬૧ લાખ અને સને ૨૦૧૫–૧૬માં ૨.૩૩ લાખ.

(૨)

| તાલુકો | વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| લુણાવાડા | ૮૩.૫૩ | ૩૫.૫૬ |
| કડાણા | ૫૦.૯૨ | ૨૫.૮૮ |
| ખાનપુર | ૨૭.૯૨ | ૧૭.૦૬ |
| સંતરામપુર | ૩૦.૧૬ | ૧૦.૧૯ |
| બાલાસિનોર | ૧.૭૭ | ૨.૩૯ |
| વીરપુર | ૫૦.૯૧ | ૨.૩૯ |
| કુલ | ૨૪૫.૨૧ | ૯૩.૪૭ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે? (૩) ૭.૬૨ લાખ.

આર.ટી.ઈ. એકટના અમલ માટે સરકારે લીધેલાં પગલાં

* ૨૫૮૬૦ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૦૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આર.ટી.ઈ. કાયદાની જોગવાઈ મુજબ શાળાઓમાં પ્રવેશ મળે તેની ચકાસણી કરવા રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા?

જવાબ

જરૂરી પગલાં ભરવામાં આવેલ છે.

ખંભાલિયા તથા ભાણવડ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો

* ૨૫૨૪૫ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા તથા ભાણાવડ તાલુકાની કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ લઘુતમ લાયકાત ધરાવતા ન હોય તેવા શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૨) ઉક્ત લાયકાત ન ધરાવતા શિક્ષકોને સ્થાને તાલીમી શિક્ષકોની ભરતી ન કરનારા સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે?

જવાબ

(૧) ખંભાળીયા–૧૭
ભાણાવડ–શૂન્ય

(૨) નિયમોનુસાર જરૂરી પગલાં ત્વરિત ભરવામાં આવશે.

રાજ્યમાં ઈન્દિરાગાંધી નેશનલ ટ્રાયબલ યુનિ.નું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા બાબત

* ૨૪૯૪૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીએ તેઓના તા. ૨૯–૯–૨૦૧૨ના પત્રથી ગુજરાતમાં સદર યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા માટે રાજ્ય સરકારને જાણ કરી હતી તે વાત તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર ગુજરાતને મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રયાસ કર્યા, અને

(૩) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

જવાબ

(૧) હા જી.

(૨) અને (૩) : ભારત સરકારના તા. ૦૬–૦૩–૨૦૧૩ના પત્રથી, પ્રથમ અમરકંટક મધ્યપ્રદેશના મુખ્ય કેન્દ્રને સુદ્દઢ કર્યા પછી જ પ્રાદેશિક કેન્દ્ર ફાળવવાનો નિતી વિષયક નિર્ણય કરાયેલ હોવાની જાણ અત્રે કરેલ હોઈ, છેલ્લા બે વર્ષમાં કોઈ પ્રયાસનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર જિલ્લામાં "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજનાની લાભાર્થી કન્યાઓ

* ૨૫૪૭૨ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કન્યાઓ માટેની "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા છે,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૩) તે માટે કુલ કેટલી રકમનો ખર્ચ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કરવામાં આવે છે ?

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | પ્રાથમિક શાળામાં લાભાર્થી કન્યાઓની સંખ્યા | માધ્યમિક શાળામાં લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડિસેમ્બર–૨૦૧૪ | ૨૫૮ | ૧૦૭ |
| ૨ | ડિસેમ્બર–૨૦૧૫ | ૩૫૬ | ૮૭ |

(૨) કન્યાદીઠ રૂા. ૨૦૦૦/–

(૩)

| ક્રમ | વર્ષ | પ્રાથમિક શાળામાં થયેલ ખર્ચ | માધ્યમિક શાળામાં થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ડિસેમ્બર–૨૦૧૪ | ૫,૧૬,૦૦૦/– | ૨,૧૪,૦૦૦/– |
| ૨ | ડિસેમ્બર–૨૦૧૫ | ૭,૧૨,૦૦૦/– | ૧,૭૪,૦૦૦/– |

મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓના પગાર

## ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૧૩૫ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા સંચાલક, રસોયા અને મદદનીશને માસિક કેટલો પગાર ચુકવવામાં આવે છે, અને | (૧) તા. ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા સંચાલક, રસોયા અને મદદનીશને શિક્ષણ વિભાગના તા. ૧૭–૨–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૦૯–૧૪૯૬–ર ની જોગવાઈ મુજબ આ સાથેના *પત્રક–૧માં જણાવ્યા મુજબ માસિક પગાર ચુકવવામાં આવે છે. |
| (૨) તે અન્વયે છેલ્લે આ પગારમાં કેટલી રકમનો વધારો કયારે કરવામાં આવ્યો ? | (૨) તે અન્વયે છેલ્લે ૨૦૧૦માં ભારત સરકારની ભલામણ મુજબ પગારમાં વધારો કરવામાં આવેલ હતો. જેની વિગત આ સાથેના *પત્રક–૨ માં આપવામાં આવેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૫૭૯૬ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે,

(૧)

| તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|
| બેચરાજી | ૩૫ |
| જોટાણા | ૧૪ |
| કડી | ૪૦ |
| ખેરાલુ | ૬૧ |
| મહેસાણા | ૩૮ |
| સતલાસણા | ૫૦ |
| ઉંઝા | ૧૮ |
| વડનગર | ૪૨ |
| વિજાપુર | ૩૮ |
| વિસનગર | ૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ વિદ્યાર્થીઓના ભણતરમાં અડચણ ન થાય તે માટે દરેક ધોરણના વિદ્યાર્થીઓ અલગ–અલગ ઓરડામાં બેસી શકે તેવી વ્યવસ્થા કરવા સરકાર માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં નવા ઓરડાઓ બનાવવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

### અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં લાકડાની હરાજીના બજારો

* ૨૫૯૫૮ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં લાકડાની હરાજી બજારો ભરાય છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ બજાર ભરવાની મંજૂરી કોના દ્વારા અને ક્યારે આપવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હરાજી બજારમાં કેટલા વજનના અને કિંમતના લાકડાની ખરીદ–વેચાણ થઈ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ સરકારને હરાજી બજારમાંથી કેટલી આવક થઈ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૪૫૮૫ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) નર્મદા જિલ્લામાં ધોરણ–૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૬૯,૬૯૧ |
| ૨૦૧૫–૧૬ | ૬૮,૫૯૮ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ. ૨૩૭.૧૬ લાખ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૩૬૯.૪૦ લાખ |

બનાસકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૪૫૮૨ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે, | (૨) ૦૧ (એક) – કુમાર<br>૦૨ (બે) – કન્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) ૧૦૭ – વિદ્યાર્થીઓ<br>૨૮૭ – વિદ્યાર્થીનીઓ. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ? | (૪) મફત શિક્ષણ ઉપરાંત રહેવા જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી તેમજ ગણવેશ, બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૪૬૬૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૧)

| તાલુકો | ખુટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૦૭ |
| આંકલાવ | ૧૦૫ |
| બોરસદ | ૯૨ |
| ખંભાત | ૯૫ |
| પેટલાદ | ૪૪ |
| સોજીત્રા | ૧૬ |
| તારાપુર | ૧૧ |
| ઉમરેઠ | ૪૦ |

(૨) આ ઘટ સત્વરે પુરી નહીં કરવાના કારણો શાં છે, અને — (૨) પૂરતા પ્રમાણમાં બજેટની ઉપલબ્ધિ ન હોવાથી.

(૩) કેટલા સમયમાં ઓરડાઓની ઘટ પુરી કરવામાં આવશે ? — (૩) જેમ બને તેમ જલ્દી.

પાટણ જિલ્લામાં રાહતદરે ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૪૫૮૭ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહત દરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબ વિતરણ કરવામાં આવ્યું–

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૬૧૮૯ મે.ટન |
| ૨ | ચોખા | ૧૩૫૪૧ મે.ટન |
| ૩ | ખાંડ | ૩૦૯૦ મે.ટન |
| ૪ | આયોડીનયુક્ત મીઠું | ૮૮૨ મે.ટન |
| ૫ | કપાસીયા તેલ (૧ લીટરના પાઉચ) | ૧૭૫૫૮૭ લીટર |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નું. | જન્સી | ભાવ (પ્રતિ કિલો/ લીટર રૂ. પૈસા) |
|---|---|---|
| ૧ | એએવાય–બીપીએલ ઘઉં | ૨.૦૦ |

| | | |
|---|---|---|
| ૨ | એએવાય–બીપીએલ ચોખા | ૩.૦૦ |
| ૩ | એએવાય–બીપીએલ ખાંડ | ૧૩.૫૦ |
| ૪ | એએવાય–બીપીએલ આયોડીનયુકત મીઠું | ૧.૦૦ |
| ૫ | એએવાય–બીપીએલ કપાસીયા તેલ–૧ લીટરના પાઉચ | ૪૩.૦૦ |
| ૬ | બીપીએલ સ્પે. ઘઉં | ૭.૭૦ (તા. ૧/૧/૧૫ થી ૩૦/૪/૧૫ ૭.૩૦ (તા. ૧/૫/૧૫ થી ૩૧/૧૨/૧૫ |
| ૭ | બીપીએલ સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૮ | એપીએલ ઘઉં | ૭.૭૦ |
| ૯ | એપીએલ ચોખા | ૧૦.૧૦ (તા. ૧/૧/૧૫ થી ૩૧/૩/૧૫ |

છોટા ઉદેપુર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર

* ૨૪૬૭૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર ઉપલબ્ધ છે, અને

(૧)

| ક્રમ | તાલુકો | કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૮૬ |
| ૨ | કવાંટ | ૫૧ |
| ૩ | જેતપુર–પાવી | ૫૯ |
| ૪ | સંખેડા | ૩૪ |
| ૫ | બોડેલી | ૬૧ |
| ૬ | નસવાડી | ૪૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર કાર્યરત કે ચાલુ છે અને કેટલી પ્રાથમિક શાળાઓમાં બંધ હાલતમાં છે ?

(૨)

| ક્રમ | તાલુકો | કાર્યરત કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ બંધ ધરાવતી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૮૪ | ૦૨ |
| ૨ | કવાંટ | ૪૭ | ૦૪ |
| ૩ | જેતપુર–પાવી | ૪૬ | ૧૩ |
| ૪ | સંખેડા | ૩૦ | ૦૪ |
| ૫ | બોડેલી | ૫૫ | ૦૬ |
| ૬ | નસવાડી | ૪૦ | ૦૪ |

જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ

* ૨૪૭૦૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | તાલુકો | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૬૮૧ |
| ૨ | વંથલી | ૩૨૩ |
| ૩ | માણાવદર | ૪૧૪ |
| ૪ | કેશોદ | ૫૨૭ |
| ૫ | માંગરોળ | ૬૩૯ |

| | | |
|---|---|---|
| ૬ | માળીયા હાટીના | ૭૦૧ |
| ૭ | મેંદરડા | ૩૦૫ |
| ૮ | વિસાવદર | ૫૧૦ |
| ૯ | ભેંસાણ | ૨૬૬ |

(૨) તે અન્વયે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | શિક્ષકોની ઘટ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૦ |
| ૨ | વંથલી | ૦૨ |
| ૩ | માણાવદર | ૦૦ |
| ૪ | કેશોદ | ૦૨ |
| ૫ | માંગરોળ | ૦૫ |
| ૬ | માળીયા હાટીના | ૦૪ |
| ૭ | મેંદરડા | ૦૦ |
| ૮ | વિસાવદર | ૦૪ |
| ૯ | ભેંસાણ | ૦૦ |

(૩) ઉક્ત ઘટતા શિક્ષકોની ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

રાજ્યમાં ગરીબ પરિવારોને સસ્તાદરે ખાંડનું વિતરણ

* ૨૪૭૧૭ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે ગરીબ પરિવારોને સસ્તા દરે ખાંડ આપવાની નીતી અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખાંડનો જથ્થો ખરીદ્યો, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે ગરીબ પરિવારોને સસ્તા દરે ખાંડ આપવાની નીતી અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે જણાવ્યા મુજબની રકમનો ખાંડનો જથ્થો ખરીદ્યો.

| સમયગાળો | ખરીદ કરેલ જથ્થાની કિંમત રૂ. પૈ. |
|---|---|
| ફેબ્રુઆરી–૨૦૧૪ થી જાન્યુઆરી–૨૦૧૫ | ૨,૫૯,૩૫,૯૪,૦૦૦.૦૦ |
| ફેબ્રુઆરી–૨૦૧૫ થી જાન્યુઆરી–૨૦૧૬ | ૨,૩૯,૧૯,૫૮,૩૦૦.૦૦ |
| છેલ્લા બે વર્ષમાં કુલ | ૪,૯૮,૫૫,૫૨,૩૦૦.૦૦ |

(૨) આ ખાંડના જથ્થાના વિતરણ અન્વયે રાજ્ય સરકારે પ્રતિ કીલો દીઠ કેટલી સબસીડી પેટે આપી ?

(૨) આ ખાંડના જથ્થાના વિતરણ અન્વયે રાજ્ય સરકારે પ્રતિ કિલો નીચે મુજબની રકમની સબસડી પેટે આપી.

| સમયગાળો | વિતરણ અન્વયે પ્રતિ કિલો સબસીડીની રકમ |
|---|---|
| ફેબ્રુઆરી–૨૦૧૪ થી જાન્યુઆરી–૨૦૧૫ | રૂ. ૨.૫૮/– પૈ. |
| ફેબ્રુઆરી–૨૦૧૫ થી જાન્યુઆરી–૨૦૧૬ | શૂન્ય. |

જામનગર જિલ્લામાં નવી સ્વનિર્ભર ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ

* ૨૪૫૩૯ શ્રી ચીમનભાઈ સાપરીયા (જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી નવી કેટલી નવી સ્વનિર્ભર ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે,

જવાબ

(૧) ૦૯ (નવ).

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી છે, અને

(૨) ૦૨ (બે)

(૩) કેટલી શાળાઓ પૈકી સામાન્ય પ્રવાહની કેટલી છે ?

(૩) ૦૭ (સાત)

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ

* ૨૪૯૫૨ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના મુખ્યત્વે કારણો શા છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ધો ૧ થી ૫ | | ધો. ૬ થી ૮ | | મુખ્ય શિક્ષક | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
| ૧ | અમીરગઢ | ૫૧૩ | ૦૦ | ૨૨૬ | ૨૪ | ૩૬ | ૦૬ |
| ૨ | ભાભર | ૪૬૭ | ૦૦ | ૨૬૦ | ૮૦ | ૪૫ | ૩૬ |
| ૩ | દાંતા | ૯૨૨ | ૦૦ | ૪૨૬ | ૬૯ | ૫૭ | ૧૮ |
| ૪ | દાંતીવાડા | ૪૩૫ | ૦૦ | ૨૫૬ | ૩૫ | ૩૮ | ૧૦ |
| ૫ | ડીસા | ૧૫૧૯ | ૦૦ | ૯૦૯ | ૧૦૪ | ૧૨૨ | ૨૫ |
| ૬ | દિયોદર | ૬૬૭ | ૧૬ | ૩૮૨ | ૮૭ | ૫૨ | ૩૪ |
| ૭ | ધાનેરા | ૭૨૨ | ૦૩ | ૪૫૫ | ૧૩૩ | ૭૭ | ૩૩ |
| ૮ | કાંકરેજ | ૧૦૩૩ | ૦૦ | ૫૬૫ | ૭૬ | ૭૯ | ૧૮ |
| ૯ | પાલનપુર | ૮૮૪ | ૦૦ | ૬૦૭ | ૩૮ | ૯૨ | ૦૯ |
| ૧૦ | થરાદ | ૧૧૫૭ | ૧૧૬ | ૭૧૫ | ૨૬૦ | ૧૨૧ | ૬૨ |
| ૧૧ | વડગામ | ૬૨૩ | ૦૦ | ૩૯૮ | ૨૦ | ૬૪ | ૦૪ |
| ૧૨ | સુઈગામ | ૨૮૭ | ૪૮ | ૧૭૯ | ૮૫ | ૩૬ | ૨૮ |
| ૧૩ | વાવ | ૫૮૦ | ૧૦૯ | ૩૮૪ | ૧૭૫ | ૬૨ | ૪૫ |
| ૧૪ | લાખણી | ૬૭૦ | ૦૬ | ૩૭૫ | ૭૭ | ૫૬ | ૩૦ |

આ જગ્યાઓ વયનિવૃત્તિ, રાજીનામા અને જિલ્લા ફેરબદલી જેવા કારણે ખાલી રહેલી છે.

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

### અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડમાં ફીંગર પ્રિન્ટ ન મળવા બાબત

* ૨૪૭૧૨ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડમાં ફીંગર પ્રિન્ટ ન મળવાને કારણે તમજ સર્વર વારંવાર બંધ પડવાને કારણે રેશન કાર્ડ ધારકોને સમયસર રેશન મલતું નથી તે વાત સાચી છે અને

જવાબ

(૧) ના, જી.

(૨) જો હા, તો આ સમસ્યાઓ દુર કરવા માટે ઉક્ત જિલ્લામાં સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા ?

(૨) બારકોડેડ રેશનકાર્ડમાં ફીંગર પ્રિન્ટ ન મલવાને કારણે તેમજ સર્વર વારંવાર બંધ પડવાને કારણે રેશનકાર્ડ ધારકોને સમયસર રેશન મળી રહે તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- ફિંગર પ્રિન્ટ મળતા ન હોય/કનેકટીવીટી મળતી ન હોય, તેવા કિસ્સામાં સંજોગોમાં જે તે જિલ્લા કલેકટરને માસની ૧૦ મી તારીખ પછી મેન્યુઅલ રીતે જથ્થો વિતરણ કરવાની સત્તા આપેલ છે.
- રાજ્ય સરકારે ઈએફપીએસ યોજના અમલમાં મૂકી છે. જેમાં જે વાજબી ભાવની દુકાને કોમ્પ્યુટર ફીંગરપ્રિન્ટ ડીવાઈસ, પ્રિન્ટર વસાવ્યા હોય તેવી દુકાનોએ કાર્ડધારકોને ફીંગરપ્રિન્ટ મેચ થતી ન હોય તો પણ કુટુંબના સભ્યને રસીદ આધારે જથ્થો વિતરણ કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં આવેલ ૧૭૨૬૫ વાજબીભાવની દુકાનો પૈકી ૧૬૮૦૮ દુકાનો ઈએફપીએસ છે એટલે કે રાજ્યની ૯૬ ટકા દુકાનો

ઈએફપીએસ છે.

- જે કાર્ડધારકોએ મોબાઈલ નંબર રજીસ્ટ્રર્ડ કરાવ્યા છે તે કાર્ડધારકને મોબાઈલ ઉપર ઓટીપી આધારે પણ જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.
- જે કાર્ડધારકો વૃધ્ધાવસ્થાને કારણે ગંભીર બિમારીના કારણે અથવા આંગળાની છાપ ઘસાઈ ગયેલ હોય, કે લાભાર્થીની ઉંમર ૧૫ વર્ષથી નીચે હોય તેવા સંજોગોમાં રેશનકાર્ડની અરજીનું નમુના નં. ૭ ભરીને પાલક/ગાર્ડીયનની વિનામુલ્યે નિમણૂંક કરી શકે છે અને આ વ્યવસ્થાથી જે તે સંબંધિત કાર્ડધારકો તેઓને મળવાપાત્ર જથ્થો મેળવી શકે છે.
- રાજ્યની તમામ મામલતદાર કચેરી/ઝોનલ કચેરીએ પણ ૧૫ વર્ષથી વધુ ઉંમરના તમામ વ્યકિત ફીંગર પ્રિન્ટ અને ફોટા આપી શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા વધુ ૬ સર્વર પણ વધારવામાં આવેલ છે તથા વખતોવખતની જરૂરિયાત મુજબ સોફ્ટવેરમાં પણ અપડેશન કરવામાં આવે છે.

### રાજ્યમાં જિલ્લામાં શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ

* ૨૬૧૮૩ શ્રી મહંમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલા જિલ્લા શિક્ષણાધિકારી અને કેટલા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યા છે, | (૧) ૩૪ શિક્ષણાધિકારી અને ૩૩ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલી જગ્યાઓ ભરેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) જિલ્લા શિક્ષણાધિકારીની ૩૦ જગ્યાઓ ભરેલ છે અને ૪ જગ્યાઓ ખાલી છે, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ૨૪ જગ્યાઓ ભરેલ છે અને ૦૯ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરશે ? | (૩) ગુજરાત જાહેર સેવા આયોગમાંથી ભલામણ મળ્યેથી. |

### ભાવનગર જિલ્લામાં જંગલી પ્રાણીઓ દ્વારા પાકને થતું નુકશાન અટકાવવા પગલા

* ૨૪૬૩૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નિલગાય અને ભુંદ જેવા જંગલી પ્રાણીઓના કારણે ખેડૂતોના ઉભા પાકને નુકશાન થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા ઉભા પાકને નુકશાન થતું રોકવા માટે શાં પગલાં લેવામાં આવે છે ? | (૨) ૧. સરકારશ્રી દ્વારા વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે. જેમાં કાંટાળા તારની વાડના એસઓઆર ના અંદાજ પેટે ૫૦ ટકા અથવા ખરેખર ખર્ચ પૈકી જે ઓછું હોય તે રકમ ખેડૂતને સહાય તરીકે ચુકવવામાં આવે છે.<br>૨. રોઝ દ્વારા ખેડૂતના ઉભા પાકને નુકશાન કરવામાં આવતું હોય તેવા વિસ્તારોમાં રોઝને નિકાલ કરવાની કામગીરી અન્વયે ભાવનગર જિલ્લાના ૪૨૦ ગ્રામપંચાયતના સરપંચશ્રીને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નીમવામાં આવેલ છે. |

### નર્મદા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૨૪૫૨૦ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ છે, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરવાની છેલ્લી તા.૩૦–૯–૨૦૧૦ હતી. જેથી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરાયેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વિતરણ થયેલ છે, અને કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વિતરણ બાકી રહેવાના કારણો શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૫૫૦૧ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૪૯૧ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૫૦૧.૨૦ હેકટર. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૭૪૪.૨૪ લાખ. |

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વન વિસ્તારમાં ફેરફાર કરવા સેન્ટ્રલ એમ્પાવર કમિટિને દરખાસ્ત

* ૨૫૮૩૦ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓના કયા વન વિસ્તારોમાં ફેરફાર કરવા સેન્ટ્રલ એમ્પાવરમેન્ટ કમિટીને દરખાસ્ત કરવામાં આવેલ છે, | (૧) સાબરકાંઠા જિલ્લામાં કોઈ દરખાસ્ત કરાયેલી નથી. જ્યારે બનાસકાંઠા જિલ્લાના બાલારામ અભ્યારણ્ય સંબંધે દરખાસ્ત કરાયેલ હતી. |
| (૨) સદર દરખાસ્તો કરવાના કારણો શું છે, અને | (૨) બાલારામ–અંબાજી અભ્યારણ્યના સુચારુ વ્યવસ્થાપન માટે અભ્યારણ્યના છુટા છુટા વિસ્તારને બાદ કરવા, અભ્યારણ્યને અડીને આવેલા સારા જંગલનો અભ્યારણ્યમાં સમાવેશ કરવા તથા વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધનની કડીને મજબુત કરવા. |
| (૩) સદર દરખાસ્તો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની સ્થાયી સમિતિએ તા. ૧૨, ૧૩–૨૦૧૪ ની બેઠકમાં ઉક્ત દરખાસ્ત બાબતે હકારાત્મક નિર્ણય લીધેલ, જેને નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા દ્વારા તા. ૦૫–૧૦–૨૦૧૫ના હુકમથી માન્ય રખાયેલ છે. દરખાસ્ત બાબતે જે આનુસંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

બનાસકાંઠા જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૪૫૯૫ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) બાલારામ અંબાજી વન્યજીવન અભ્યારણ્ય તથા જેસોર વન્યજીવ અભ્યારણ્ય. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) |

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૨૦.૦૦ |
| ૨ | ૨૦૧૫–૧૬ (ડિસે.–૨૦૧૫ અંતિત | ૧૨.૦૮ |
| | કુલ | ૩૨.૦૮ |

વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૫૫૦૬ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૨૦૩.૧૦ હેકટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૩૦૦૧.૨૮ હેકટર. |
| (૨) તે પૈકી પારડી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૫ હેકટર. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) કૂલ રૂ. ૯૫,૦૦૦/– |

દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ રકમની ફાળવણી

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૪૬૮૦ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ (ગરબાડા) : આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી?

જવાબ

(૧)

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૨૦૧૫ | ૪૮૪૪૭.૧૬ |
| ૨૦૧૫–૨૦૧૬ (૩૧–૧–૧૬ સુધી) | ૩૭૫૪૫.૮૬ |
| કુલ રકમ | ૮૫૯૯૩.૦૨ |

(૨) ખર્ચ કરવામાં આવેલ રકમ

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૨૦૧૫ | ૪૩૧૮૦.૬૫ |
| ૨૦૧૫–૨૦૧૬ (૩૧–૧–૧૬ સુધી) | ૨૯૪૨૯.૬૮ |
| કુલ રકમ | ૭૨૬૧૦.૩૩ |

વણવપરાયેલ ગ્રાન્ટ

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૨૦૧૫ | ૫૨૬૬.૫૧ |
| ૨૦૧૫–૨૦૧૬ (૩૧–૧–૧૬ સુધી) | નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ પૂર્ણ થયેલ ન હોવાથી રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન રહેતો નથી. |

### કેન્દ્ર સરકારે ફાળવેલ કેરોસીનનો જથ્થો

* ૨૪૬૨૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં માસવાર રાજ્યમાં પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ રાજ્યની કેરોસીનની કેટલી જરૂરિયાત હતી, અને

(૨) તે અન્વયે ઉક્ત માસવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો?

જવાબ

(૧) રાજ્ય સરકારશ્રીએ નિર્ધારિત કરેલ પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ વર્ષ ૨૦૧૫માં રાજ્યની કેરોસીનની કુલ જરૂરીયાત ૭,૩૨,૨૫૮ કીલોલીટર હતી (માસવાર જરૂરિયાતનું પત્રક–૧ સામેલ છે.)

પત્રક–૧

| અ.નં. | માસ | કેરોસીનની જરૂરીયાત (કીલોલીટરમાં) |
|---|---|---|
| ૧ | જાન્યુ.–૧૫ | ૫૯૭૯૮ |
| ૨ | ફેબ્રુઆરી–૧૫ | ૬૦૩૦૦ |
| ૩ | માર્ચ–૧૫ | ૬૦૭૭૭ |
| ૪ | એપ્રિલ–૧૫ | ૬૧૧૨૨ |
| ૫ | મે–૧૫ | ૬૧૩૮૯ |
| ૬ | જુન–૧૫ | ૬૧૫૦૭ |
| ૭ | જુલાઈ–૧૫ | ૬૧૬૧૧ |
| ૮ | ઓગસ્ટ–૧૫ | ૬૧૭૧૮ |
| ૯ | સપ્ટે.–૧૫ | ૬૧૮૯૦ |
| ૧૦ | ઓકટો.–૧૫ | ૬૨૦૩૦ |
| ૧૧ | નવે.–૧૫ | ૬૨૦૨૦ |
| ૧૨ | ડીસે.–૧૫ | ૫૮૦૯૬ |
| | કુલ | ૭,૩૨,૨૫૮ |

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી વર્ષ–૨૦૧૫માં ૬,૫૮,૭૦૪ કીલોલીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો. (માસવાર ફાળવણીનું પત્રક–૨ સામેલ છે.)

પત્રક–૨

| અ.નં. | માસ | કેરોસીનની જરૂરીયાત (કીલોલીટરમાં) |
|---|---|---|
| ૧ | જાન્યુ.–૧૫ | ૫૫૨૨૮ |

| | | |
|---|---|---|
| ૨ | ફેબ્રુઆરી–૧૫ | ૫૫૨૨૮ |
| ૩ | માર્ચ–૧૫ | ૫૫૨૨૮ |
| ૪ | એપ્રિલ–૧૫ | ૫૪૭૮૦ |
| ૫ | મે–૧૫ | ૫૪૭૮૦ |
| ૬ | જુન–૧૫ | ૫૪૭૮૦ |
| ૭ | જુલાઈ–૧૫ | ૫૪૭૮૦ |
| ૮ | ઓગસ્ટ–૧૫ | ૫૪૭૮૦ |
| ૯ | સપ્ટે.–૧૫ | ૫૪૭૮૦ |
| ૧૦ | ઓકટો.–૧૫ | ૫૪૭૮૦ |
| ૧૧ | નવે.–૧૫ | ૫૪૭૮૦ |
| ૧૨ | ડીસે.–૧૫ | ૫૪૭૮૦ |
| | કુલ | ૬,૫૮,૭૦૪ |

તાપી જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધાઓ

* ૨૪૫૮૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાંકીય વર્ષમાં તાપી જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલાં લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૮૪૭ લાભાર્થીઓ. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ. ૫૩૧.૧૭ લાખ. |

બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગના રોજમદારો

* ૨૪૬૨૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં રેન્જવાર કેટલા રોજમદારો ફરજ બજાવે છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કામ કરતા રોજમદારોની માહિતી રેન્જવાર નીચે મુજબ છે. |

| અ.નં. | રેન્જનું નામ | રોજમદારની સંખ્યા |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય રેન્જ પાલનપુર | ૫૬ |
| ૨ | ક્ષેત્રિય રેન્જ અંબાજી ઉત્તર | ૫૩ |
| ૩ | ક્ષેત્રિય રેન્જ અંબાજી દક્ષિણ | ૨૭ |
| ૪ | ક્ષેત્રિય રેન્જ દાતા પશ્ચિમ | ૪૦ |
| ૫ | ક્ષેત્રિય રેન્જ દાતા પૂર્વ | ૪૭ |
| ૬ | ક્ષેત્રિય રેન્જ અમીરગઢ | ૩૩ |
| ૭ | ક્ષેત્રિય રેન્જ ઈકબાલગઢ | ૪૫ |
| ૮ | ક્ષેત્રિય રેન્જ દાતીવાડા | ૩૮ |
| ૯ | ક્ષેત્રિય રેન્જ થરાદ | ૧૭ |
| ૧૦ | ડી આ વિ પી પાલનપુર | ૦૧ |
| ૧૧ | વિભાગીય કચેરી પાલનપુર | ૦૪ |
| ૧૨ | સા.વ. રેન્જ ધાનેરા | ૦૮ |
| ૧૩ | સા.વ. રેન્જ દિયોદર | ૧૩ |
| ૧૪ | સા.વ. રેન્જ ભાભર | ૧૦ |
| ૧૫ | સા.વ. રેન્જ ડીસા | ૦૭ |
| ૧૬ | સા.વ. રેન્જ વડગામ | ૨૭ |
| ૧૭ | સા.વ. રેન્જ વાવ | ૦૬ |
| ૧૮ | સા.વ. રેન્જ અમીરગઢ | ૦૭ |
| ૧૯ | સા.વ. રેન્જ દાતીવાડા | ૧૩ |
| ૨૦ | સા.વ. રેન્જ દાતા | ૩૫ |

| | | |
|---|---|---|
| ૨૧ | સા.વ. રેન્જ પાલનપુર | ૧૮ |
| ૨૨ | સા.વ. રેન્જ થરાદ | ૦ |
| ૨૩ | સા.વ. રેન્જ શિહોરી | ૦૨ |
| ૨૪ | સંશોધન રેન્જ ડીસા | ૨૪ |
| | કુલ | ૫૩૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બે વર્ષ કરતા વધારે સમયથી કામ કરતા હોય તેવા રોજમદારો કેટલા છે?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બે વર્ષ કરતા વધારે સમયથી કામ કરતા હોય તેવા રોજમદારોની માહિતી રેન્જવાર નીચે મુજબ છે.

| અ.નં. | રેન્જનું નામ | રોજમદારની સંખ્યા |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય રેન્જ પાલનપુર | ૫૬ |
| ૨ | ક્ષેત્રિય રેન્જ અંબાજી ઉત્તર | ૫૩ |
| ૩ | ક્ષેત્રિય રેન્જ અંબાજી દક્ષિણ | ૨૭ |
| ૪ | ક્ષેત્રિય રેન્જ દાતા પશ્ચિમ | ૪૦ |
| ૫ | ક્ષેત્રિય રેન્જ દાતા પૂર્વ | ૪૭ |
| ૬ | ક્ષેત્રિય રેન્જ અમીરગઢ | ૩૩ |
| ૭ | ક્ષેત્રિય રેન્જ ઈકબાલગઢ | ૪૫ |
| ૮ | ક્ષેત્રિય રેન્જ દાતીવાડા | ૩૮ |
| ૯ | ક્ષેત્રિય રેન્જ થરાદ | ૧૭ |
| ૧૦ | ડી આ વિ પી પાલનપુર | ૦૧ |
| ૧૧ | વિભાગીય કચેરી પાલનપુર | ૦૪ |
| ૧૨ | સા.વ. રેન્જ ધાનેરા | ૦૫ |
| ૧૩ | સા.વ. રેન્જ દિયોદર | ૦૭ |
| ૧૪ | સા.વ. રેન્જ ભાભર | ૧૦ |
| ૧૫ | સા.વ. રેન્જ ડીસા | ૦૫ |
| ૧૬ | સા.વ. રેન્જ વડગામ | ૨૭ |
| ૧૭ | સા.વ. રેન્જ વાવ | ૦૪ |
| ૧૮ | સા.વ. રેન્જ અમીરગઢ | ૦૪ |
| ૧૯ | સા.વ. રેન્જ દાતીવાડા | ૦૬ |
| ૨૦ | સા.વ. રેન્જ દાતા | ૨૭ |
| ૨૧ | સા.વ. રેન્જ પાલનપુર | ૧૫ |
| ૨૨ | સા.વ. રેન્જ થરાદ | ૦ |
| ૨૩ | સા.વ. રેન્જ શિહોરી | ૦૨ |
| ૨૪ | સંશોધન રેન્જ ડીસા | ૨૪ |
| | કુલ | ૪૯૭ |

### રાજ્યમાં એકલવ્ય મોડેલ સ્કૂલોની સંખ્યા

* ૨૫૩૧૧ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં આદિજાતિ વિભાગ દ્વારા સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલોની સંખ્યા કેટલી છે, અને

(૨) આ સ્કૂલો પૈકી કેટલી સ્કૂલોનું સંચાલન સરકાર દ્વારા અને કેટલી સ્કૂલનું સંચાલન ટ્રસ્ટ કે એન.જી.ઓ. દ્વારા કરવામાં આવે છે?

જવાબ

(૧) ૨૩ (ત્રેવીસ)

(૨) ૧૬ (સોળ) શાળાઓ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા અને ૭ (સાત) શાળાઓનું સંચાલન ટ્રસ્ટ કે એન.જી.ઓ. દ્વારા કરવામાં આવે છે.

### ગાંધીનગર જિલ્લામાં શાળાઓમાં કોમ્પ્યુટર લેબ

* ૨૪૭૦૯ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળામાં કોમ્પ્યુટર લેબ કાર્યરત છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | કાર્યરત કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દહેગામ | ૧૫૪ |
| ૨ | ગાંધીનગર | ૦૧ |
| ૩ | કલોલ | ૦૧ |

| | | |
|---|---|---|
| ૪ | માણસા | ૫૫ |

(૨) તે અન્વયે કોમ્પ્યુટર લેબ માટે અલગ ઓરડાઓ તાલુકાવાર કેટલી શાળામાં બનાવવામાં આવેલ છે?

(૨) કોમ્પ્યુટર લેબ માટે અલગ ઓરડાઓ બનાવવામાં આવેલ નથી.

બનાસકાંઠા જિલ્લામાં રાજીવ ગાંધી આવાસ યોજના

* ૨૫૯૪૯ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને ૨૦૧૫માં રાજીવ ગાંધી આવાસ યોજના બંધ થયાની તારીખે, બનાસકાંઠા જીલ્લાના કયા શહેરોમાં, કયા રેવન્યુ/સીટી સર્વે નંબરની જમીનો પર આવાસ બાંધકામની કામગીરી શરૂ થયેલ હતી, અને

(૨) એ બાંધકામની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ થશે.

જવાબ

(૧) સને ૨૦૧૫માં રાજીવ ગાંધી આવાસ યોજના બંધ થયાની તારીખે, બનાસકાંઠા જીલ્લાના (અ) ડીસા શહેરમાં સીટ નં. ૨૭/૨૫/A+B/સીટી સર્વે નં. ૪૬૮૮ પર તથા (બ) પાલનપુર શહેરમાં રે.સ.નં. ૪૫ પૈકી સી.સ.નં. ૯૫૦૬માં આવાસ બાંધકામની કામગીરી શરૂ થયેલ હતી.

(૨) બન્ને શહેરની આવાસ બાંધકામની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

ભરૂચ જિલ્લામાં ''ફી પરત ચુકવણી સહાય'' યોજના હેઠળ સહાય

* ૨૫૫૦૦ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'ફી પરત ચુકવણી સહાય' યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચુકવવામાં આવે છે.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/–અથવા ખરેખર થતી ફી તે બે પૈકી જે ઓછી હોય તે રકમ.

(૨) ૬૫૦.

(૩) રૂ. ૬૫,૦૦,૦૦૦/–

વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા ચેકડેમ અને વન તલાવડી

* ૨૫૫૦૫ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૯ ચેકડેમ અને ૭૪ વન તલાવડી તેમજ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૩૨ ચેકડેમ અને ૨ વન તલાવડી.

(૨) કુલ રૂ. ૩૨૦.૯૭ લાખ

માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં બી.પી.એલ. કાર્ડની અરજીઓ

* ૨૫૨૫૪ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એ.પી.એલ. કાર્ડને બી.પી.એલ. કાર્ડમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર થઈ,

જવાબ

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એ.પી.એલ. કાર્ડને બી.પી.એલ. કાર્ડમાં ફેરવવા માટે નીચે મુજબ અરજીઓ મળી.

| તાલુકાનું નામ | સન ૨૦૧૪માં મળેલ અરજીઓ | સન ૨૦૧૫માં મળેલ અરજીઓ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|
| માણાવદર | ૫૬ | ૩૧૧ | ૩૬૭ |
| વંથલી | ૭૭ | ૧૭૨ | ૨૪૯ |
| મેંદરડા | ૭૪ | ૫૪ | ૧૨૮ |
| કુલ | ૨૦૭ | ૫૩૭ | ૭૪૪ |

(૨) તે પૈકી મંજુર થયેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
|---|---|---|---|
| માણાવદર | ૫૩ | ૨૮૭ | ૩૪૦ |
| વંથલી | ૭૭ | ૧૭૨ | ૨૪૯ |
| મેંદરડા | ૭૪ | ૫૪ | ૧૨૮ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૨૦૪ | ૫૧૩ | ૭૧૭ |

(૩) કેટલી અરજીઓ નામંજુર થઈ અને તેના શાં કારણો છે, અને

(૩) નામંજુર થયેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
|---|---|---|---|
| માણાવદર | ૦૩ | ૨૪ | ૨૭ |
| વંથલી | ૦ | ૦ | ૦ |
| મેંદરડા | ૦ | ૦ | ૦ |
| કુલ | ૦૩ | ૨૪ | ૨૭ |

બી.પી.એલ. રેશનકાર્ડ માટેના ધોરણો અનુસાર ઉક્ત અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

(૪) ઉક્ત સ્થિતિએ કોઈ અરજી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મહેસાણા જિલ્લામાં "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજનાની લાભાર્થી કન્યાઓ

* ૨૫૪૬૭ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) કન્યાઓ માટેની "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા છે,

(૧)

| ક્રમ | વર્ષ | પ્રાથમિક શાળામાં લાભાર્થી કન્યાઓની સંખ્યા | માધ્યમિક શાળામાં લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડિસેમ્બર–૨૦૧૪ | ૧૨૧૯ | ૨૫૩ |
| ૨ | ડિસેમ્બર–૨૦૧૫ | ૧૩૨૩ | ૧૯૩ |

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૨) કન્યાદીઠ રૂ઼. ૨૦૦૦/–

(૩) તે માટે કુલ કેટલી રકમનો ખર્ચ ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કરવામાં આવે છે ?

(૩)

| ક્રમ | વર્ષવાર | પ્રાથમિક શાળામાં થયેલ ખર્ચ | માધ્યમિક શાળામાં થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ડિસેમ્બર–૨૦૧૪ | ૨૪,૩૮,૦૦૦/– | ૫,૦૬,૦૦૦/– |
| ૨ | ડિસેમ્બર–૨૦૧૫ | ૨૬,૪૬,૦૦૦/– | ૩,૮૬,૦૦૦/– |

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જંગલ વિસ્તારમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ જાતિઓને અનુ. જનજાતિના પ્રમાણપત્ર આપવા

* ૨૪૯૪૫ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) જૂનાગઢ તથા ગીર સોમનાથ જીલ્લામાં વસતાં ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારના માલધારી વસાહતો/નેસોમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ જાતિઓની અનુસૂચિત જનજાતિ તરીકેના વિગતદર્શક કાર્ડ તથા જાતિ પ્રમાણપત્ર મેળવવાની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પડતર છે, અને

(૧) હાલ વિગતદર્શક કાર્ડ આપવાની જોગવાઈ નથી.

જુનાગઢ જીલ્લામાં ૩,૪૧૧ અને ગીર સોમનાથ જીલ્લામાં ૨૧૯ જાતિ પ્રમાણપત્ર મેળવવાની અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૨) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) અરજદારો તરફથી પુરતા આધાર–પુરાવા રજૂ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

દાહોદ જિલ્લામાં ડેરી વિકાસ યોજના

* ૨૪૫૩૧ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી

(૧) હા, જી.

ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનામાં મુખ્યત્વે કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે ?

(૨) પશુઓની સાથે પશુ વિમો, વાસણ કીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશનની સહાય આપવામાં આવે છે.

(૩) કુલ ૧૮૯૫ લાભાર્થી

રાજ્યમાં ‘‘ફી પરત ચુકવણી સહાય’’ યોજના હેઠળ સહાય

* ૨૫૪૭૬ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ‘ફી પરત ચુકવણી સહાય’ યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચુકવવામાં આવે છે.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/– અથવા ખરેખર થતી ફી તે બે પૈકી જે ઓછી હોય તે રકમ.

(૨) ૪૨૨૨.

(૩) રૂ. ૪,૨૨,૨૦,૦૦૦/–

સાબરકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૫૪૭૪ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યાની છે,

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે?

જવાબ

(૧) ૧ (એક)

(૨) ૦૧ (એક) – કન્યા

(૩) ૧૧૬ – વિદ્યાર્થીનીઓ

(૪) ગુણવત્તા સભર શિક્ષણ, રહેવા–જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠયપુસ્તકો, સ્ટેશનરી તેમજ ગણવેશ, બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ચેરનું વાવેતર

* ૨૬૦૨૨ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકામાં તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરિયા કિનારા વિસ્તારમાં ચેરનું કેટલું વાવેતર થયું,

(૨) ઉક્ત તાલુકાવાર આ વાવેતર ક્યા વિસ્તારમાં કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ ખર્ચ

* ૨૪૭૦૪ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો.

| અ.નં. | તાલુકો | વર્ષવાર કરેલ ખર્ચ (લાખમાં) | | કુલ (લાખમાં) |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫-૧૬ | |
| ૧ | દાંતા | ૧૭૭.૭૮ | ૧૦૨.૨૦ | ૨૭૯.૯૮ |
| ૨ | અમીરગઢ | ૧૨૮.૫૮ | ૫૭.૯૭ | ૧૮૬.૫૫ |
| ૩ | પાલનપુર | ૧૦૦.૨૬ | ૬૫.૩૭ | ૧૬૫.૬૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | વડગામ | ૮૬.૩૧ | ૭૦.૮૧ | ૧૫૭.૧૨ |
| ૫ | ડીસા | ૪૩.૮૭ | ૨૦.૬૭ | ૬૪.૫૪ |
| ૬ | દાંતીવાડા | ૧૮.૬૮ | ૨૬.૬૨ | ૪૫.૩૦ |
| ૭ | ધાનેરા | ૪૮.૯૧ | ૩૧.૦૮ | ૭૯.૯૯ |
| ૮ | શિહોરી | ૩૮.૮૦ | ૩૦.૮૩ | ૬૯.૬૩ |
| ૯ | દિયોદર | ૩૩.૭૯ | ૨૪.૬૦ | ૫૮.૩૯ |
| ૧૦ | ભાભર | ૪૯.૪૧ | ૨૮.૨૪ | ૭૭.૬૫ |
| ૧૧ | થરાદ | ૪૮.૧૨ | ૨૦.૪૬ | ૬૮.૫૮ |
| ૧૨ | વાવ | ૩૭.૧૯ | ૩૦.૭૩ | ૬૭.૯૨ |
| ૧૩ | લાખણી | ૧.૪૦ | ૦.૭૩ | ૨.૧૩ |
| ૧૪ | સુઇગામ | ૩.૨૧ | ૦.૦૦ | ૩.૨૧ |
| | કુલ | ૮૧૬.૩૧ | ૫૧૦.૩૧ | ૧૩૨૬.૬૨ |

(૨) તે અન્વયે આ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા ગામોમાં કેવા પ્રકારના કામો કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે સામાજીક વનીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જીલ્લામાં ૨૪૭ થી વધુ ગામોમાં *પત્રકમાં જણાવ્યા મુજબ મુખ્ય કામગીરીઓ જેવી કે, વાવેતરની કામગીરી ૨૪૭ ગામોમાં, નર્સરીની કામગીરી ૪૧ ગામોમાં, વનકુટિર બનાવવાની કામગીરી ૫૮ ગામોમાં કરાવવામાં આવેલ છે.

(૩) તે અન્વયે કેટલી રકમ એજન્સીને ચુકવવામાં આવી ?

(૩) વન વિભાગની મહદઅંશે કામગીરી મજુરો દ્વારા ખાતેરાહે કરાવવામાં આવે છે. નાના મોટી ખરીદી પણ સ્થાનિક રીતે કરવામાં આવે છે. ટેન્ડર બહાર પાડી મોટી ખરીદી એજન્સીઓ પાસેથી કરાવવામાં આવે છે. જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | એજન્સીનું નામ | ખરીદીની વિગત | ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ઈરીલીન્ક ડ્રીપ ઈરીગેશન ઈન્ડસ્ટ્રીઝ ડીસા | ડી–૧ મોડેલમાં ડ્રીપ સીસ્ટમ ફીટીંગની કામગીરી | ૧૨.૮૬ |
| | બાલસન પોલીપ્લાસ્ટ પ્રા.લિ.શાપર | --"-- | ૧૯.૭૮ |
| | અમીધારા ડ્રીપ ઈરીગેશન આણંદ | --"-- | ૧૩.૪૬ |
| | પરેશ એન્ડ કં., અમદાવાદ | સ્મશાન સગડી ખરીદી | ૧૨.૦૦ |
| | માસ્ટર એન્ટરપ્રાઈઝ, પાલનપુર | આર.સી.સી.પોલ ખરીદી | ૬.૧૮ |
| | હિંગળાજ વાયર ઈન્ડસ્ટ્રીઝ મહેસાણા | ગેલ્વેનાઈઝ બાર્બડવાયર ખરીદી | ૬.૧૦ |
| | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અમદાવાદ | ગ્રેન્યુઅલ ખરીદી | ૩૪.૪૩ |
| | કુલ | | ૧૦૪.૮૧ |
| | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અમદાવાદ | ગ્રેન્યુઅલ ખરીદી | ૨૭.૦૨ |
| ૨૦૧૫–૧૬ | કુલ | | ૨૭.૦૨ |

| | | |
|---|---|---|
| એકંદરે કુલ | | ૧૩૧.૮૩ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા

* ૨૪૬૬૧ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ)) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) તમામ શાળાઓમાં વીજ સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં વીજ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ભાવનગર જિલ્લામાં વન વિભાગના રોજમદારો

* ૨૪૬૨૬ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં રેન્જવાર કેટલા રોજમદારો ફરજ બજાવે છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કામ કરતા રોજમદારોની માહિતી રેન્જવાર નીચે મુજબ છે.

| અ.નં. | રેન્જનું નામ | રોજમદારની સંખ્યા |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય રેન્જ મહુવા | ૦૪ |
| ૨ | ક્ષેત્રિય રેન્જ પાલીતાણા | ૦૩ |
| ૩ | ક્ષેત્રિય રેન્જ ભાવનગર | ૦૬ |
| ૪ | ક્ષેત્રિય રેન્જ વલ્લભીપુર | ૦૦ |
| ૫ | ક્ષેત્રિય રેન્જ શિહોર | ૦૦ |
| ૬ | સા.વ. રેન્જ ઉમરાળા | ૦૧ |
| ૭ | સા.વ. રેન્જ ઘોઘા | ૦૨ |
| ૮ | સા.વ. રેન્જ શિહોર | ૦૬ |
| ૯ | સા.વ. રેન્જ પાલીતાણા | ૦૪ |
| ૧૦ | સા.વ. રેન્જ મહુવા | ૧૭ |
| ૧૧ | સા.વ. રેન્જ તળાજા | ૧૧ |
| ૧૨ | સા.વ. રેન્જ ભાવનગર | ૧૪ |
| ૧૩ | સા.વ. રેન્જ વલ્લભીપુર | ૦૦ |
| ૧૪ | કાળિયાર રા.ઉદ્યાન વેળાવદર (ભાલ) રેન્જ | ૧૦ |
| ૧૫ | મોબાઈલ સ્કવોડ કાળિયાર રા.ઉદ્યાન વેળાવદર રેન્જ ભાવનગર | ૧૦ |
| ૧૬ | સંશોધન રેન્જ ભાવનગર | ૧૦ |
| | કુલ | ૯૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બે વર્ષ કરતાં વધારે સમયથી કામ કરતા હોય તેવા રોજમદારો કેટલા છે ?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બે વર્ષ કરતા વધારે સમયથી કામ કરતા હોય તેવા રોજમદારોની માહિતી રેન્જવાર નીચે મુજબ છે.

| અ.નં. | રેન્જનું નામ | તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ બે વર્ષ કરતા વધુ સમયથી કામ કરતા દૈનિક રોજમદારની સંખ્યા |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય રેન્જ મહુવા | ૦૪ |
| ૨ | ક્ષેત્રિય રેન્જ પાલીતાણા | ૦૩ |
| ૩ | ક્ષેત્રિય રેન્જ ભાવનગર | ૦૬ |
| ૪ | ક્ષેત્રિય રેન્જ વલ્લભીપુર | ૦૦ |
| ૫ | ક્ષેત્રિય રેન્જ શિહોર | ૦૦ |
| ૬ | સા.વ. રેન્જ ઉમરાળા | ૦૦ |
| ૭ | સા.વ. રેન્જ ઘોઘા | ૦૧ |
| ૮ | સા.વ. રેન્જ શિહોર | ૦૪ |
| ૯ | સા.વ. રેન્જ પાલીતાણા | ૦૨ |
| ૧૦ | સા.વ. રેન્જ મહુવા | ૧૫ |
| ૧૧ | સા.વ. રેન્જ તળાજા | ૦૯ |

| | | |
|---|---|---|
| ૧૨ | સા.વ. રેન્જ ભાવનગર | ૧૨ |
| ૧૩ | સા.વ. રેન્જ વલ્લભીપુર | ૦૦ |
| ૧૪ | કાળિયાર રા.ઉધાન વેળાવદર (ભાલ) રેન્જ | ૦૭ |
| ૧૫ | મોબાઈલ સ્કવોડ કાળિયાર રા.ઉધાન વેળાવદર રેન્જ ભાવનગર | ૦૩ |
| ૧૬ | સંશોધન રેન્જ ભાવનગર | ૧૦ |
| | કુલ | ૭૬ |

જૂનાગઢ જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી

* ૨૪૫૬૨ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વજન કે માપમાં ઓછું આપવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૪૯૭ |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૪૯૭ |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ? | (૩) રૂ.૧,૦૬,૦૫૦/– |

રાજકોટ જિલ્લામાં વન ક્ષેત્રફળ

* ૨૬૧૭૨ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વન ક્ષેત્રફળ કેટલું છે, અને | (૧) ૧૪૫.૨૨ ચો.કિ.મી. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત જિલ્લામાં વન ક્ષેત્રફળ વધારવા સરકારે શા પગલાં લીધા ? | (૨) રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૬૧.૧૮૬૨ હેક. નો વિસ્તાર વન વિસ્તાર જાહેર કરવા માટે કલમ–૪ હેઠળ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. |

મહિસાગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

* ૨૪૬૮૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ગામોમાં સસ્તા અનાજની દુકાનો નથી, અને

(૧) મહિસાગર જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો નથી તેવા ગામોની વિગત આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સસ્તા અનાજની દુકાન નથી તેવા ગામોની સંખ્યા | સસ્તા અનાજની દુકાન નથી તેવા ગામોના નામ |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૭૩ | આ સાથે *પત્રકમાં સામેલ છે. |
| ૨ | ખાનપુર | ૫૬ | |
| ૩ | સંતરામપુર | ૮૮ | |
| ૪ | કડાણા | ૮૯ | |
| ૫ | બાલાશિનોર | ૧૨ | |
| ૬ | વિરપુર | ૧૯ | |

(૨) તે અન્વયે દુકાનો શરૂ કરવા સરકારે શા પગલાં લીધા ?

(૨) વાજબી ભાવની દુકાન મંજૂર કરવા ગામની વસ્તી અને અંતરના ધોરણો છે, એટલે કે ગામવાર દુકાન ખોલવાની નીતિ નથી. સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવની જોગવાઈ અનુસાર ઉકત ગામોએ સસ્તા અનાજની નવી દુકાનો ખોલવાપાત્ર થતી નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ખેડા જિલ્લામાં સ્વાવલંબન યોજના હેઠળ વિધાર્થીઓને મફત પાઠયપુસ્તકો

* ૨૫૪૮૪ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગે વર્ષ ૨૦૧૫-૧૬ માં ઉકત સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ૧૬૫૦૮

(૩) આ અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૩૪,૪૦,૦૮૧ (અંકે રૂપિયા ચોંત્રીસ લાખ ચાલીસ હજાર એક્યાસી રૂપિયા પુરા)

### બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૫૪૭૩ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૩ (ત્રણ)

(૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

(૨) ૮૦-વિદ્યાર્થીઓ.

### દેવભૂમિ દ્વારકામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૪૫૧૬ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બીપીએલ કાર્ડધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ, આયોડીનયુકત મીઠું તથા કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) ક્યા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બીપીએલ કાર્ડધારકોને નીચે મુજબના માસિક વિતરણ-પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ (પ્રતિ કિલો/લીટર) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કિલો | રૂ.૨.૦૦ |
| | સ્પે.ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કિલો | રૂ.૭.૭૦ (તા.૧-૧-૧૫ થી ૩૦-૪-૧૫) |
| | | | રૂ.૭.૩૦ (તા.૧-૫-૧૫ થી ૩૧-૧૨-૧૫) |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કિલો | રૂ.૩.૦૦ |
| | સ્પે.ચોખા | પ્રતિ કાર્ડ ૪ કિલો | રૂ.૭.૨૦ |
| ૩ | ખાંડ | વ્યકિત દીઠ ૦.૩૫૦ ગ્રામ | રૂ.૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર) | રૂ.૪૩.૦૦ |
| ૫ | આયોડીનયુકત મીઠું | *૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે - ૧ કિલો<br>*૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે - ૨ કિલો | રૂ.૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યકિતદીઠ ૨ લીટર | રૂ.૧૫.૩૫થી |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં બીપીએલ કાર્ડ

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૩૯૬.૦૨ મે.ટન |
| ૨ | સ્પે. ઘઉં | ૨૫૦૪.૬૪ મે.ટન |
| ૩ | ચોખા | ૫૫૬.૫૬ મે.ટન |
| ૪ | સ્પે. ચોખા | ૯૭૪.૨૪ મે.ટન |
| ૫ | ખાંડ | ૩૧૦.૬૯ મે.ટન |
| ૬ | કપાસીયા તેલ (એક લીટર પાઉચ) | ૨૪.૦૨ મે.ટન (૨૬૩૯૬ લીટર) |
| ૭ | આયોડીનયુકત મીઠું | ૧૬૨.૬૩ મે.ટન |
| ૮ | કેરોસીન | ૧૦૯૭.૯૧ કિલોલીટર |

સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૪૫૪૪ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) ૧૨૨૧ |
| (૨) ઉકત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા નથી, અને | (૨) તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા છે. |
| (૩) ઉકત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે ઉભી કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહેસાણા જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૪૫૯૭ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) થોળ પક્ષી અભ્યારણ્ય. |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) |

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૪૮.૧૬ |
| ૨ | ૨૦૧૫ (ડિસે–૨૦૧૫ અંતિત) | ૧૦૧.૪૨ |
| | કુલ | ૧૪૯.૫૮ |

ભરૂચ જિલ્લાની શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા

* ૨૫૪૯૯ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા વિનાની કેટલી શાળાઓ છે, અને | (૧) તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) ઉકત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પંચમહાલ જિલ્લામાં ઈકો ટુરીઝમ

* ૨૫૪૮૭ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે. અને | (૨) ભાટ ધનપરી અને સામલી |
| (૩) તે પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ | (૩) |

થયેલ છે?

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૩૦.૦૦ |
| ૨ | ૨૦૧૫ (ડિસે-૨૦૧૫ અંતિત) | ૩.૮૫ |
| | | ૩૩.૮૫ |

ગાંધીનગર જિલ્લામાં બાળકોને વાહનની સુવિધા

* ૨૫૪૭૧ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર-દક્ષિણ)) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે સરકાર તરફથી વાહન સુવિધા આપવામાં આવે છે,તે હકીકત સાચી છે,

(૧) હા, જી

(૨) જો હા તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોને સુવિધા આપવામાં આવેલ છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ બાળકોની સંખ્યા | વર્ષ ૨૦૧૫-૧૬ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૧૫૦ | ૧૫૩ |
| ૨ | ગાંધીનગર | ૬૮૦ | ૧૧૮૩ |
| ૩ | કલોલ | ૧૪૬ | ૪૭૦ |
| ૪ | માણસા | ૩૭૩ | ૬૧૭ |

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયો?

(૩) વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ. ૩૫,૦૫,૧૦૩/-
વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. ૪૫,૫૭,૪૫૩/-

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને નિવૃત્તિ બાદ પુનઃ નિમણૂંક

* ૨૪૬૭૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં કરાર આધારિત વર્ગ-૧ અને વર્ગ-૨ ના કેટલા અધિકારીઓને નિવૃત્તિ બાદ પુનઃ નિમણૂંક આપવામાં આવેલ, અને

(૧) વર્ગ-૧ ના ૭
વર્ગ-૨ ના ૨
કુલ - ૯

(૨) ઉકત સ્થિતિએ અધિકારીઓ નિવૃત્તિ બાદ કેટલા સમયથી ફરજ બજાવે છે ?

(૨) વર્ગ-૧
(૧) સચિવશ્રી (વૈધાનિક)-૧વર્ષ ૧૧ માસ અને ૨૫ દિવસ થી
(૨) સચિવશ્રી (સંસદીય)-૪ વર્ષ ૨ માસ ૨૦ દિવસથી
(૩) સંયુકત સચિવ-૧૦ માસ ૨૦ દિવસથી
નાયબ સચિવશ્રી-(ચાર)

અનુક્રમેઃ-

(૧) ૫ વર્ષ ૧૦ માસ ૮ દિવસ થી
(૨) ૩ વર્ષ ૧૧ માસ ૧૬ દિવસ થી
(૩) ૨ વર્ષ ૫ માસ ૯ દિવસ થી
(૪) ૬ માસ ૨૫ દિવસ થી

વર્ગ-૨ :-

- અંગ્રેજી સ્ટેનોગ્રેડ-૮ વર્ષ ૫ માસથી
- સેકશન અધિકારી -૧૧ માસ ૨૨ દિવસથી

દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૪૫૮૩ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં

(૧) ૪ (ચાર)

આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યા માટેની શાળાઓ છે,

(૨) ૦૨ (બે)–કુમાર
૦૨ (બે)–કન્યા

(૩) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ૩૨૬ વિદ્યાર્થીઓ
૩૪૪ વિદ્યાર્થીનીઓ

(૪) ઉકત સ્થિતિએ આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે?

(૪) મફત શિક્ષણ ઉપરાંત રહેવા જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠયપુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ તેમજ બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મૂલ્ય પુરી પાડવામાં આવે છે.

મહિસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૫૧૧૮ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧) ૧૨૨૨.

(૨) ઉકત સ્થિતિએ ઉકત શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે અને કેટલા ઓરડાઓ જર્જરીત કે બેસવા લાયક નથી તથા આ ખુટતા ઓરડાઓ કયાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૨) ૪૧૦ ઓરડાઓની ઘટ છે અને ૪૬૯ ઓરડાઓ જર્જરીત કે બેસવાલાયક નથી, ખુટતા ઓરડાઓ જેમ બને તેમ જલ્દી બનાવવામાં આવશે.

છોટાઉદેપુર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૨૫૪૯૩ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ૨૦૧૫–૧૬ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના કયા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે.

(૧) છોટાઉદેપુર–જેતપુર પાવી, કવાંટ, નસવાડી.

(૨) ઉકત સ્થિતિએ આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે. અને

(૨) ૪૦૦

(૩) ઉકત સ્થિતિએ આ વિદ્યાલયમાં કન્યાઓને મુખ્યત્વે કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

(૩) મફત ભોજન, બેડીંગ, સ્ટાઈપેન્ડ, પ્રિ–વોકેશનલ તાલીમ, રમતોની તાલીમ.

જામનગર જિલ્લામાં કાંટાળા તારની વાડ માટે સહાયની અરજીઓ

* ૨૫૨૨૪ શ્રી રાઘવજી પટેલ (જામનગર –ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકામાં સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં વન્ય પ્રાણીઓથી પાકને થતા નુકશાનને અટકાવવા માટે કાંટાળા તારની વાડ કરવા સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર મળી.

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજી | | કુલ અરજી |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | |
| ૧ | જામનગર | ધ્રોલ | ૨ | ૫ | ૭ |
| ૨ | | જાડીયા | ૨ | ૨ | ૪ |
| ૩ | | કાલાવાડ | ૯ | ૩૦ | ૩૯ |
| ૪ | | જામનગર | ૧૦ | ૭ | ૧૭ |

(૨) તે અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉકત વર્ષવાર તાલુકાવાર મંજુર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨)

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાય રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | કાલાવાડ | ૧ | ૫૨૯૬૫૫ |
| | | જામનગર | ૩ | ૮૭૮૮૬૦ |
| | | કુલ | ૪ | ૧૪૦૮૫૧૫ |
| ૨ | ૨૦૧૪–૧૫ | કાલાવાડ | ૭ | ૩૦૧૪૬૭૬ |
| | | જામનગર | ૩ | ૯૮૫૩૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | કુલ | ૧૦ | ૩૯૯૯૯૭૬ |

(૩) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેના શા કારણો છે, અને

(૩)

| અ.નં | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૧૪ |
| ૨ | જોડીયા | ૧૬ |
| ૩ | કાલાવાડ | ૬૧ |
| ૪ | જામનગર | ૪૦ |
| | કુલ | ૧૩૧ |

(૪) ઉકત પડતર તમામ અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવનાર છે?

(૪) બજેટની ઉપલબ્ધતા અનુસાર ક્રમાનુસાર પડતર અરજીઓના નિકાલની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્રારા તોલમાપના સાધનોની ખરાઇ

* ૨૫૫૦૮ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર તા.૩૧-૧૨-૨૦૧૫ ની છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યાપારી એકમોના તોલમાપના સાધનોની ખરાઇ કરીને પ્રમાણિત કરવામાં આવ્યા, અને

(૧) ૨૮૩૮૨

(૨) તે પેટે રાજ્ય ને કેટલી આવક થઈ?

(૨) રૂ. ૨,૦૬,૮૮,૧૯૬

પંચમહાલ જિલ્લામાં સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૨૫૪૮૬ શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને

(૧) ૧૪ (ચૌદ).

(૨) તે પૈકી સામાન્ય પ્રવાહની કેટલી, અને વિજ્ઞાન પ્રવાહની કેટલી છે?

(૨) સામાન્ય પ્રવાહની-૦૩ (ત્રણ)
વિજ્ઞાન પ્રવાહની-૧૧ (અગિયાર)

આણંદ અને વડોદરા જિલ્લામાં સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર એન્જીનીયરીંગ અને પોલીટેકનીક કોલેજો

* ૨૬૧૮૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર એન્જીનીયરીંગ કોલેજો અને પોલીટેકનીક કોલેજો છે.

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧ સરકારી ગ્રાન્ટેડ કોલેજ, ૯ સ્વનિર્ભર એન્જીનીયરીંગ કોલેજો, ૧ સરકારી ગ્રાન્ટેડ પોલીટેકનીક અને ૧ સ્વનિર્ભર પોલીટેકનીક કોલેજ આવેલી છે.
તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૧ સરકારી ગ્રાન્ટેડ કોલેજ, ૧૨ સ્વનિર્ભર એન્જીનીયરીંગ કોલેજો, ૨ સરકારી ગ્રાન્ટેડ પોલીટેકનીક અને ૧૧ સ્વનિર્ભર પોલીટેકનીક કોલેજ આવેલી છે.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ ઉકત એન્જીનીયરીંગ પોલીટેકનીક કોલેજોના મંજૂર મહેકમ અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સંસ્થા નું નામઃ- બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર (ડીગ્રી) (ગ્રાન્ટ ઈન એઈડ)

| ક્રમ | સંવર્ગ | મંજુર | ખાલી | કયારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૧૭ | ૦૨ | ૧૯૯૭-૦૧ |
| | | | | ૨૦૧૪-૦૧ |
| ૨ | એસો પ્રોફેસર | ૪૦ | ૨૫ | ૨૦૦૦-૦૧ |
| | | | | ૨૦૦૩-૦૨ |
| | | | | ૨૦૦૪-૦૧ |
| | | | | ૨૦૦૬-૦૧ |
| | | | | ૨૦૦૮-૦૧ |
| | | | | ૨૦૦૯-૦૨ |
| | | | | ૨૦૧૧-૦૨ |
| | | | | ૨૦૧૨-૦૬ |
| | | | | ૨૦૧૩-૦૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ૨૦૧૪–૦૨ |
| ૩ | આસી.પ્રોફેસર | ૭૯ | ૦૭ | ૨૦૦૮–૦૩ |
| | | | | ૨૦૧૧–૦૧ |
| | | | | ૨૦૧૩–૦૧ |
| | | | | ૨૦૧૪–૦૧ |
| | | | | ૨૦૧૬–૦૧ |
| ૪ | વર્ગ–૩ | ૪૮ | ૧૮ | ૨૦૦૨–૦૧ |
| | | | | ૨૦૦૪–૦૧ |
| | | | | ૨૦૦૫–૦૨ |
| | | | | ૨૦૦૬–૦૧ |
| | | | | ૨૦૦૭–૦૧ |
| | | | | ૨૦૧૦–૦૧ |
| | | | | ૨૦૧૧–૦૩ |
| | | | | ૨૦૧૩–૦૧ |
| | | | | ૨૦૧૪–૦૪ |
| | | | | ૨૦૧૫–૦૩ |
| ૫ | વર્ગ–૪ | ૫૩ | ૨૪ | ૨૦૦૦–૦૧ |
| | | | | ૨૦૦૨–૦૧ |
| | | | | ૨૦૦૪–૦૨ |
| | | | | ૨૦૦૫–૦૩ |
| | | | | ૨૦૦૬–૦૧ |
| | | | | ૨૦૦૭–૦૧ |
| | | | | ૨૦૦૮–૦૨ |
| | | | | ૨૦૦૯–૦૨ |
| | | | | ૨૦૧૦–૦૧ |
| | | | | ૨૦૧૧–૦૩ |
| | | | | ૨૦૧૨–૦૧ |
| | | | | ૨૦૧૩–૦૧ |
| | | | | ૨૦૧૪–૦૨ |
| | | | | ૨૦૧૫–૦૩ |

સંસ્થાનું નામઃ– બી એન્ડ બી ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલાજી વલ્લભવિદ્યાનગર (ડીપ્લોમા) (ગ્રાન્ટ ઈન એઈડ)

| ક્રમ | સંવર્ગ | મંજુર | ખાલી | કયારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | હેડ ઓફ. ડીપાર્ટ | ૦૫ | ૦૨ | ૨૦૧૦–૦૨ |
| ૨ | વ્યાખ્યાતા (વર્ગ–૨) | ૭૨ | ૦૮ | ૨૦૧૪–૨૦૧૫ |
| ૩ | વર્ગ–૩ | ૨૭ | ૧૦ | ૨૦૧૦ |
| ૪ | વર્ગ–૪ | ૧૮ | ૦૫ | ૨૦૧૦ |
| | | | | |

સંસ્થાનું નામઃ– એમ. એસ. યુનિવર્સીટી, વડોદરા (ડીગ્રી) (ગ્રાન્ટ ઈન એઈડ)

| ક્રમ | સંવર્ગ | મંજુર | ખાલી | કયારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૩૪૭ | ૧૫૦ | ૧૯૯૬ |
| ૨ | એસો પ્રોફેસર | | | |
| ૩ | આસી.પ્રોફેસર | | | |
| ૪ | વર્ગ–૩ | ૨૬૪ | ૧૭૨ | ૧૯૯૬ |
| ૫ | વર્ગ–૪ | ૧૦૭ | ૫૯ | ૧૯૯૬ |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

સંસ્થાનું નામઃ– એમ. એસ. યુનિવસીટી વડોદરા (ડીપ્લોમા) (ગ્રાન્ટ ઈન એઈડ)

| ક્રમ | સંવર્ગ | મંજુર | ખાલી | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | રીડર/વ્યાખ્યતા | ૧૩૪ | ૭૨ | ૧૯૯૬ |
| ૨ | વર્ગ–૩ | ૮૨ | ૫૦ | ૧૯૯૬ |
| ૩ | વર્ગ–૪ | ૬૫ | ૨૫ | ૧૯૯૬ |

સ્વનિર્ભર કોલેજોનું મહેકમ અત્રેની કચેરી ખાતેથી મંજુર કરવામાં આવતું ન હોઈ માહિતી ઉપલબ્ધ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે?

(૩) બઢતી, સ્વૈચ્છિક નિવૃત્તિ, રાજીનામું તેમજ અવસાન વિગેરે કારણોસર આ જગ્યાઓ ખાલી રહેલી છે

### રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્રને સુદ્રઢ બનાવવાની કાર્યવાહી

* ૨૫૪૭૮ શ્રી બાવનજીભાઈ મેતલીયા(ટંકારા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્રના માળખાને સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી,

(૨) કેટલી લેબોરેટરીને નવા સાધનો આપવામાં આવ્યા,

(૩) કેટલી લેબોરેટરીના નવા સ્વતંત્ર મકાનો બનાવવામાં આવ્યા, અને

(૪) કેટલા નિરીક્ષકોની ભરતી કરવામાં આવી ?

જવાબ

(૧) એક વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી તેમજ એક સેકન્ડરી સ્ટાન્ડર્ડ લેબોરેટરી કાર્યરત છે. નિયંત્રક–મદદનીશ નિયંત્રક દ્વારા બેઠકનું આયોજન કરેલ છે. નિરીક્ષકને તાલીમ માટે આઈ.આઈ.એલ. એમ. રાચી ખાતે મોકલેલ છે.

(૨) એક

(૩) એક વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી તેમજ એક સેકન્ડરી સ્ટાન્ડર્ડ લેબોરેટરી માટે વર્ષ ૨૦૧૨માં સ્વતંત્ર મકાન બનાવવામાં આવેલ છે.

(૪) છેલ્લા એક વર્ષમાં કોઈ ભરતી કરવામાં આવેલ નથી.

### નવસારી જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધાઓ

* ૨૪૬૦૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) ૭૧૧ લાભાર્થીઓ.

(૩) રૂ. ૨૨૯.૧૪ લાખ.

### દાહોદ જિલ્લામાં આદિવાસી ભવન

* ૨૫૬૭૮ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લા મથકે આદિવાસી ભવન માટે કયા વરસે કયા સર્વે નંબરમાં જમીન ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ આદિવાસી ભવનના બાંધકામની સ્થિતિ કયા તબક્કે છે ?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લા મથકે કલ્ચરલ અને કોમ્યુનિટી હોલ (આદિવાસી ભવન) માટે કલેક્ટરશ્રી દાહોદે વર્ષ ૨૦૦૧–૦૨ માં પ્લોટ નંબર ૯૧–અ જમીન ફાળવેલ છે.

(૨) કલ્ચરલ અને કોમ્યુનિટી હોલ (આદિવાસી ભવન) બનાવવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી દાહોદ પાસેથી નકશા અંદાજ તૈયાર કરવામાં આવેલ છે, અને વર્ષ ૨૦૧૬–૧૭ માં રૂ. ૮૭.૭૦ લાખની બજેટ જોગવાઈ કરેલ છે.

### ખેડા અને આણંદ જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૪૬૩૧ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાન નથી,

જવાબ

(૧)

| ખેડા જિલ્લો | | |
|---|---|---|
| તાલુકો | સરકારી પ્રા. શાળા | ખાનગી પ્રા. શાળા |
| ગળતેશ્વર | ૦૬ | ૦૧ |
| કપડવંજ | ૧૩ | ૦૨ |

| | | |
|---|---|---|
| કઠલાલ | ૧૮ | ૦૨ |
| ખેડા | ૦૪ | ૦૧ |
| મહેમદાવાદ | ૦૭ | ૦૦ |
| મહુધા | ૦૭ | ૦૧ |
| માતર | ૧૧ | ૦૦ |
| નડીયાદ | ૨૫ | ૦૮ |
| ઠાસરા | ૦૯ | ૦૨ |
| વસો | ૦૭ | ૦૩ |

| આણંદ જિલ્લો | | |
|---|---|---|
| તાલુકો | સરકારી પ્રા. શાળા | ખાનગી પ્રા. શાળા |
| આણંદ | ૦૧ | ૦૦ |
| ઉમરેઠ | ૩૫ | ૦૩ |
| બોરસદ | ૩૮ | ૦૨ |
| આંકલાવ | ૨૪ | ૦૦ |
| પેટલાદ | ૩૭ | ૦૬ |
| સોજીત્રા | ૦૮ | ૦૦ |
| ખંભાત | ૩૦ | ૦૮ |
| તારાપુર | ૧૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૨)

| ખેડા જિલ્લો | આણંદ જિલ્લો |
|---|---|
| ૦૦ | ૪૬ |

(૩) ઉક્ત બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાંટાળી તારની વાડ બનાવવા માટે સહાયની અરજીઓ

* ૨૫૨૪૬ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળીયા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં વન્ય પ્રાણીઓ દ્વારા પાકના નુકશાનને અટકાવવા માટે કેટલી અરજીઓ તાલુકાવાર વર્ષવાર મળી.

(૧)

| અ. નં. | તાલુકો | વર્ષવાર મળેલ અરજીઓ કુલ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
| ૧ | દ્વારકા | ૧ | ૦ | ૧ |
| ૨ | કલ્યાણપુર | ૧ | ૦ | ૧ |
| ૩ | ખંભાળીયા | ૦ | ૦ | ૦ |
| ૪ | ભાણવડ | ૦ | ૦ | ૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરવામાં આવી અને કેટલી સહાય પુરી પાડવામાં આવી,

(૨) ઉપરોક્ત મળેલ અરજીઓ અગ્રતાક્રમ મુજબ ઉક્ત વર્ષમાં કોઈ અરજી મંજુર કરવામાં આવેલ ન હોઈ સહાય ચુકવવામાં આવેલ નથી.

(૩) તા.૩૧–૩–૨૦૧૫ ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેના શા કારણો છે, અને

(૩)

| અ.નં | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૧ |
| ૨ | કલ્યાણપુર | ૨૨ |
| ૩ | ખંભાળીયા | ૩ |
| ૪ | ભાણવડ | ૨ |
| | કુલઃ– | ૨૮ |

(૪) ઉકત પડતર તમામ અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવનાર છે?

(૪) મંજુર થયેલ બજેટની મર્યાદામાં મળેલ અરજીઓનો અગ્રતા ક્રમાનુસાર નિકાલ કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં શાહીબાગ ઘોડા કેમ્પ ખાતે આવેલ સસ્તા અનાજની દુકાનમાંથી પકડાયેલ ગેરકાયદે અનાજનો જથ્થો

## ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૧૩૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં શાહીબાગ ઘોડા કેમ્પ ખાતે આવેલ સસ્તા અનાજના ગોડાઉનમાંથી સસ્તા અનાજનો કેટલો જથ્થો ખાનગી ફ્લોર મિલોમાં ગેરકાયેદસર સપ્લાય થતા પકડાયેલ છે, અને

(૨) તે અન્વયે સરકારે કેટલા ઈસમો સામે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) કોઈ કેસ જણાયેલ નથી.

(૨) કોઈ કેસ જણાયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નર્મદા જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડીની અરજીઓ

* ૨૪૫૯૪ શ્રી મોતીલાલ વસાવા (ડેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં નર્મદા જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ઉક્ત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૦ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૬ અરજીઓ.

(૨) કુલ રૂ.૭.૩૩ લાખ.

બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ આયોજન

* ૨૪૫૯૯ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગત શી છે ?

જવાબ

(૧) હા જી.

(૨)

| અ.નં. | કામગીરીની વિગત | કામનો જથ્થો |
|---|---|---|
| ૧ | (અ) નર્સરી ઉછેર વર્ષ ૨૦૧૬–૧૭ આગોતરા કામો | ૧૧.૩૫ લાખ રોપા |
| | (બ) માવજત–નર્સરી ઉછેર વર્ષ ૨૦૧૫–૧૬ | ૧૯.૯૫ લાખ રોપા |
| ૨ | વાવેતર :- (અ) આગોતરા કામો (વાવેતર વર્ષ ૨૦૧૬–૧૭) | ૪૫૨ હેક્ટર |
| | (બ) વાવેતર (વર્ષ ૨૦૧૫–૧૬) | ૧૭૩ હેક્ટર |
| | (ક) માવજત (વાવેતર વર્ષ ૨૦૧૪–૧૫) | ૩૧૫ હેક્ટર |
| | (ડ) માવજત (વાવેતર વર્ષ ૨૦૧૩–૧૪) | ૯૫ હેક્ટર |
| ૩ | વન કુટીર | ૪ નંગ |

આણંદ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મહેકમ

*૨૪૬૬૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧) પત્રક–૧ મુજબ

પત્રક–૧

| વિભાગ | સંવર્ગવાર | મંજુર મહેકમ | ખાલીજગ્યા |
|---|---|---|---|
| માધ્યમિક | આચાર્ય | ૨૨૫ | ૬૩ |
| | શિક્ષક | ૨૪૬૭ | ૧૪૧ |
| | ઓ.એસ | ૧૧ | ૦૧ |
| | મુખ્ય કારકુન | ૪૦ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | શ્રેયાન કારકુન | ૧૬૭ | ૨૨ |
| | જુનીયર કારકુન | ૩૧૦ | ૮૦ |
| | પટાવાળા | ૪૯૮ | ૨૯ |
| ઉચ્ચતર માધ્યમિક | મદદનીશ શિક્ષક | ૧૦૬૯ | ૩૨૭ |
| | લેબ. કો. ઓ. (વિ.પ્ર.) | – | – |
| | ગ્રંથપાલ | ૪૪ | ૨૨ |
| | લેબ પ્યુન | ૧૯ | ૦૬ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલદી

પાટણ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

* ૨૪૫૯૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પાટણ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી રાધનપુર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સમયગાળામાં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૬૪ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૩૩૦ હેકટર.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૫ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૨ હેકટર.

(૩) કુલ રૂ.૪૨.૮૩ લાખ.

છોટાઉદેપુર જિલ્લામાં વાજબી ભાવની દુકાનો

* ૨૪૬૭૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી દુકાનોની તપાસ કરી, અને

(૩) તેમાં કેવા પ્રકારની ગેરરીતિ માલુમ પડી અને તે અન્વયે શું પગલા લેવાયા ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | તાલુકાવાર દુકાનોની સંખ્યા |
|---|---|
| છોટા ઉદેપુર | ૬૫ |
| ક્વાંટ | ૭૩ |
| જેતપુર પાવી | ૬૪ |
| નસવાડી | ૪૨ |
| સંખેડા | ૫૧ |
| બોડેલી | ૭૦ |
| કુલ | ૩૬૫ |

(૨) તાલુકાવાર કરેલ દુકાનોની તપાસણી વિગત

| તાલુકાનું નામ | કુલ |
|---|---|
| છોટા ઉદેપુર | ૭૩ |
| ક્વાંટ | ૭૧ |
| જેતપુર પાવી | ૮૧ |
| નસવાડી | ૬૨ |
| સંખેડા | ૭૧ |
| બોડેલી | ૭૫ |
| કુલ | ૪૩૩ |

(૩) જણાઇ આવેલ ગેરરીતિઓની વિગત.

(૧) હાજર જથ્થામાં વધ–ઘટ.

(૨) દુકાનમાં ભાવ–જથ્થાનું અદ્યતન પરિસ્થિતિનું દુકાનના આગળના ભાગે પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી.

(૩) દુકાનમાં ફરીયાદ પેટી રાખવામાં આવેલ નથી.

(૪) દુકાનમાં દોઢ x બે ફોટો લગાવેલ નથી.

નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

- રૂ.૨૩,૯૮,૧૪૯/– ની કિંમતનો અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો કબજે લીધો.

- રૂ.૨,૩૯,૮૧૯/- ની કિંમતનો અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
- રૂ.૭૬,૫૦૦/- પરવાના અનામત.
- રૂ.૪,૩૭,૭૧૦/- દંડ.
- ૦૬ પરવાના મોકુફ.
- ૦૨ પરવાના મોકુફ.

કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો

* ૨૪૭૧૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વર્ષવાર કેટલો અનાજનો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે વર્ષવાર કેટલો જથ્થાનો ઉપાડ કર્યો ?

જવાબ

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ અનાજની ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | અનાજની ફાળવણી (મે.ટનમાં) |
|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૧૪ થી જાન્યુઆરી-૧૫ | ૨૨,૫૯,૧૧૪ |
| ૨ | ફેબ્રુઆરી-૧૫ થી જાન્યુઆરી-૧૬ | ૨૨,૬૦,૬૧૨ |
| | કુલ | ૪૫,૧૯,૭૨૬ |

(૨) તે અન્વયે રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર નીચે મુજબના જથ્થાનો ઉપાડ કરેલ છે.

| ક્રમ | વર્ષ | અનાજનો ઉપાડ (મે.ટનમાં) |
|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૧૪ થી જાન્યુઆરી-૧૫ | ૧૯,૬૨,૫૨૬ |
| ૨ | ફેબ્રુઆરી-૧૫ થી જાન્યુઆરી-૧૬ | ૨૧,૯૨,૪૮૫ |
| | કુલ | ૪૧,૫૫,૦૧૧ |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચેરનું વાવેતર

* ૨૪૫૯૨ શ્રી ચીમનભાઈ સાપરીયા (જામજોધપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ચેરનું કેટલુ વાવેતર થયું, અને

(૨) તેની પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | વાવેતર (હે.માં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ સ્થિતિએ) | ૧૦.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ સ્થિતિએ) | ૧.૬૦ |

મોરબી અને રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ

* ૨૬૧૮૫ શ્રી મહંમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મોરબી અને રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલા પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ છે, તથા

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧)

| જિલ્લો | શિક્ષકોની ઘટ |
|---|---|
| મોરબી | ૩૪૫ |
| રાજકોટ | ૨૧૫ |

(૨) જેમ બને તેમ જલદી.

તાર ફેન્સીંગ માટે નાણાંકીય જોગવાઇ

* ૨૪૬૩૫ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

પ્રશ્ન

તા.૦૧-૦૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં વન વિભાગ દ્વારા ખેડૂતોના પાકને રક્ષણ અંગેની યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષવાર કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે ?

જવાબ

| ક્રમ | વર્ષ | નાણાકીય જોગવાઇ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૨૬૮.૦૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૭૨૯.૦૧ |

નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૪૫૪૩ શ્રી શબ્દશરણભાઈ તડવી (નાંદોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા નથી, અને

(૩) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે ઉભી કરવામાં આવશે ?

જવાબ

(૧) ૬૮૯.

(૨) તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

''રાજ્યમાં વાયુ પ્રદૂષણ નિયંત્રિત જાહેર થયેલા વિસ્તારો''

* ૨૫૮૩૧ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વાયુ (પ્રદૂષણ અટકાવ અને નિયંત્રણ) ધારા હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રાજ્યમાં વાયુ પ્રદૂષણ નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તારો ક્યા છે, અને

(૨) તે પૈકી સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓના ક્યા તાલુકાઓનો સમાવેશ થાય છે ?

જવાબ

(૧) સમગ્ર રાજ્ય હવા પ્રદૂષણ નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓનો સમાવેશ થાય છે.

બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૨૫૪૬૧ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રેશનકાર્ડનું વિતરણ થયું છે,

(૨) તે પૈકી કેટલા કાર્ડધારકોને ફૂડ કુપન ઉપર વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ ફૂડ કુપન પર વિતરણ વધારવા સરકારે શા પ્રયત્નો કર્યા ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૦૧૩૦ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસિક સરેરાશ ૪,૨૩,૪૪૯ કુટુંબોને ફીંગર પ્રિન્ટના આધારે ફૂડ કુપન ઉપર જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૩) ફૂડ કુપન પર વિતરણ વધારવા સરકારે નીચે મુજબના પ્રયત્નો કર્યા છે.

- વાજબી ભાવની દુકાન સંચાલક/સંસ્થા લેપટોપ/ પ્રિંટર ડીવાઇસ ઉપકરણો વસાવે તે આધારે કાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ કરે જેને ઇ-એફપીએસ કહે છે. તે માટે તાલીમ આપી શિબિર યોજી સમજૂત કર્યા.
- નવી મંજુર કરવામાં આવનાર વાજબી ભાવની દુકાનના સંચાલક/સંસ્થાએ કોમ્પ્યુટર/લેપટોપ, પ્રિંટર અને બાયોમેટ્રીક ડીવાઇસ અવશ્ય વસાવવા માટેની શરત રાખી છે.
- જે ઇ-એફપીએસ પ્રોજેક્ટ હેઠળ વાજબી ભાવ દુકાન સામેલ થઇ નથી તે ગામની ઇ-ગ્રામ સેન્ટરને બાયોમેટ્રીક ડિવાઇસીસ રાજ્ય સરકારે આપેલ છે. તે આધારે ફૂડ કુપન કાર્ડ ધારક મેળવી દુકાન ઉપરથી જથ્થો મેળવી શકે.
- બાયોમેટ્રીક આધારે વધુમાં વધુ કાર્ડ ધારકોને મળવાપાત્ર જથ્થાનું વિતરણ થાય તે માટે દર માસે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. અને જરૂર જણાયે તપાસણી સઘન બનાવવામાં આવી છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

વલસાડ જિલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૫૫૦૭ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, (૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં ઉક્ત સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) અને (૨) તમામ ૧૦૦૦ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે ઉભી કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ભોજન ખંડની સુવિધા

* ૨૪૬૮૧ શ્રીમતી ચંદ્રિકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે બાળકોને સમૂહમાં જમાડવા માટે અલગ ભોજનાલય ખંડની સુવિધા છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે બાળકોને સમૂહમાં જમાડવા માટે અલગ ભોજનાલય ખંડની સુવિધાવાળી એક પણ શાળા નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં તાલુકાવાર જ્યાં અલગ ભોજનાલય ખંડની વ્યવસ્થા નથી તે પ્રાથમિક શાળાઓમાં આ સુવિધા સરકાર ક્યારે આપવા માંગે છે ? | (૨) પ્રાથમિક શાળાઓમાં બાળકોને જમાડવા માટે અલગ ભોજનાલય ખંડની સુવિધા આપવાની નીતિ નથી. |

પાટણ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની ઘટ

* ૨૪૬૨૧ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની ઘટ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કેટલી વ્યાજબી ભાવની દુકાનોની ઘટ છે, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કુલ–૧૫ વ્યાજબી ભાવની દુકાનોની ઘટ છે. |
| (૩) ઉક્ત જિલ્લામાં વ્યાજબી ભાવની પૂરતી દુકાનો ક્યાં સુધીમાં ખોલવામાં આવશે? | (૩)<br>– ૧૪ દુકાનો માટે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જે અંગે નિયમોનુંસારની કાર્યવાહી પૂર્ણ થયા બાદ<br>– ૧ દુકાન માટે નામ. હાઈકોર્ટમાં દાખલ થયેલ ખાસ દીવાની અરજીમાં નામ. હાઇકોર્ટના નિર્ણયને આધીન. |

તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ

* ૨૪૬૦૩ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૨૮૫.૬૫ લાખ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલાં બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે? | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ ૨૦૨૧૮ બાળકો<br>વર્ષ ૨૦૧૫–૧૬ ૨૨૩૫૮ બાળકો<br>કુલઃ– ૪૨૫૭૬ બાળકોને લાભ આપેલ છે. |

ગીરના જંગલમાં દીપડાઓની સંખ્યા અને લેપર્ડપાર્કની જાહેરાત

* ૨૫૨૫૫ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગીરના જંગલોમાં છેલ્લી વન્ય પ્રાણી ગણતરી મુજબ દીપડાની સંખ્યા કુલ કેટલી છે, | (૧) ૨૬૨ |
| (૨) દીપડાના સંરક્ષણ અન્વયે ‘‘લેપર્ડ પાર્ક’’ બનાવવાની સરકારે જાહેરાત કર્યા પછી આ પાર્ક બનાવવાની કાર્યવાહી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) આવી કોઈ બાબત વિચારણા હેઠળ નથી. |
| (૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

દાહોદ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૪૬૦૨ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડિન્શીયલ એજ્યુકેશનલ ઈનસ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત દાહોદ જિલ્લામાં કેટલી અને કયા શાળાઓ કાર્યરત છે,

(૧) દાહોદ જિલ્લામાં નીચે મુજબની શાળાઓ કાર્યરત છે.

| ક્રમ | શાળાનું નામ |
|---|---|
| ૧ | એકલવ્ય મોડેલ રેસી. સ્કુલ-ખરેડી |
| ૨ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ-ખરેડી |
| ૩ | મોડેલ સ્કુલ દાહોદ |
| ૪ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, ઉસરવાણ |
| ૫ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, ધાનપુર |
| ૬ | એકલવ્ય મોડેલ રેસી. સ્કુલ-લુખડીયા |
| ૭ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, નીનામાની વાવ |
| ૮ | મોડેલ સ્કુલ-લીમખેડા |
| ૯ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, નાની ખજુરી |
| ૧૦ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, નીમચ |
| ૧૧ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, ફતેપુર |
| ૧૨ | એકલવ્ય ગર્લ્સ રેસી. સ્કુલ, ગરાડીયા |
| ૧૩ | મોડેલ સ્કુલ, ઝાલોદ |

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે, અને

(૨) કુલ ૩૮૫૧ વિદ્યાર્થીઓ

વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ ઉપરાંત તમામ શૈક્ષણિક સુવિધાઓ ગણવેશ, પાઠ્ય પુસ્તકો, સ્ટેશનરી, પરીક્ષા ફી, પ્રવાસ, ભૌતિકસાધનો, રમત ગમત તથા સંગીતના સાધનો અન્ય દૈનિક જરૂરીયાતોની વિનામુલ્યે સુવિધાઓ આપવામાં આવે છે.

(૩) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૧૪૦૩.૯૨ લાખ

### દાંતા અને અમીરગઢ તાલુકામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના છાત્રાલયો

* ૨૫૯૨૯ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં આદિજાતિ વિકાસ વિભાગ કે તેની તાબા હેઠળની કચેરીઓ હસ્તકના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૧)

| તાલુકા | સરકારી કુમાર છાત્રાલય | સરકારી કન્યા છાત્રાલય |
|---|---|---|
| દાંતા | ૧ | ૧ (ડ્રાય) |
| અમીરગઢ | ૧ (ડ્રાય) | - |

કુલ-૩(ત્રણ) છાત્રાલય

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)

| અ.નં. | સંવર્ગ | મંજૂર | ભરાયેલ | ખાલી | કયારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧. | વર્ગ-૩ | ૪ | - | ૪ | વર્ષ-૨૦૧૫ થી |
| ૨. | વર્ગ-૪ | ૧૦ | - | ૧૦ | સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અનુસાર આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે. |
| | કુલઃ | ૧૪ | - | ૧૪ | |

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર અને કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે, અને

(૩) કોઈ જગ્યાઓ સીધી ભરતીથી કે ફીક્સ પગારથી ભરાયેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) - વર્ગ-૩ની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા કાર્યવાહી હેઠળ છે.

- સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૦૪-૨૦૧૦ના ઠરાવ અનુસાર વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે

અતારાંકિત પ્રશ્નોત્તરી

આઉટસોર્સથી સેવકોની કરારના ધોરણે સેવાઓ લેવામાં આવે છે.

### દાહોદ જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૪૬૬૨ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ મફત અનાજ પુરૂં પાડવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા? | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ મફત અનાજ પુરૂં પાડવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા છેલ્લા બે વર્ષમાં એક પણ રેશનકાર્ડ આપવામાં આવેલ નથી. |

### જૂનાગઢ જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૪૫૯૬ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) સાસણ–ગીર મુકામે ગીર અભ્યારણ્ય તથા ગીર પરિચય ખંડ, દેવળીયા |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) |

| અ. નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૧૨૫૦૭૩ |
| ૨ | ૨૦૧૫ (ડિસેમ્બર–૨૦૧૫ અંતિત | ૨૪૪.૪૪ |
| | | ૧૪૯૫.૧૭ |

### મહીસાગર જિલ્લામાં વિદ્યાસહાયકોને કાયમી કરવા બાબત

* ૨૪૬૯૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વિદ્યાસહાયકોની ભરતી કર્યા પછી તેઓને કેટલા વરસે કાયમી કરવામાં આવે છે, અને | (૧) પાંચ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા વિદ્યાસહાયકોને કાયમી કરવામાં આવ્યા? | (૨) ૧૫૨ |

### જામનગર જિલ્લામાં તોલમાપ તંત્રને સુદઢ બનાવવા કાર્યવાહી

* ૨૫૪૮૦ શ્રી મેઘજીભાઈ ચાવડા(કાલાવડ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તોલમાપ તંત્રના માળખાને સુદઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી, | (૧) એક વર્કિંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી કાર્યરત છે, નિયંત્રક/મદદનીશ નિયંત્રક દ્વારા બેઠકનું આયોજન કરેલ છે, નિરીક્ષકને તાલીમ માટે આઈ.આઈ.એલ.એમ. રાંચી ખાતે મોકલેલ છે, |
| (૨) કેટલી લેબોરેટરીને નવા સાધનો આપવામાં આવ્યા, | (૨) શુન્ય |
| (૩) કેટલી લેબોરેટરીના નવા સ્વતંત્ર મકાનો બનાવવામાં આવ્યા, અને | (૩) વર્કિંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી માટે સ્વતંત્ર મકાન વર્ષ–૨૦૧૩માં બનાવવામાં આવેલ છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા નિરીક્ષકોની ભરતી કરવામાં આવી? | (૪) છેલ્લા એક વર્ષમાં કોઈ ભરતી કરવામાં આવેલ નથી. |

### સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૪૬૦૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૮૮૬ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૩૧૭૩.૫૧ હેક્ટર. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત સમયગાળામાં તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૨૦૧૯.૫૮ લાખ. |

### મહેસાણા જીલ્લામાં સ્વાવલંબન યોજના હેઠળ બિન અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો

* ૨૫૪૬૮ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો આ અંગે વર્ષ ૨૦૧૫-૧૬માં ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ૩૩,૬૧૨.

(૩) આ અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૭૯,૨૦,૭૮૫/- (અંકે રુપિયા ઓગણયાસી લાખ વીસ હજાર સાતસો પંચ્યાસી પુરા)

### પંચમહાલમાં વન વિભાગ દ્વારા ચેકડેમો અને વન તલાવડી

* ૨૫૪૮૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૫ ચેકડેમ અને ૬ વન તલાવડી તેમજ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કોઈ ચેકડેમ કે વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | (૨) કુલ રૂ. ૯.૮૬ લાખ. |

### દાહોદ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૪૫૯૮ શ્રી વીંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૨૫૭ હેક્ટર અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૨૯૮૫.૫૮ હેકટર. |
| (૨) તે પૈકી લીમખેડા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૩૦ હેકટર અને અને ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૬૪૫ હેકટર. |
| (૩) તેની પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત સમયગાળામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૩૨૦.૬૦ લાખ. |

### છોટા ઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૫૪૯૪ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટા ઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૨૦૧૪-૧૫માં ૨૪૩૫.૦૦ હેકટર અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૩૧૧૧.૮૬ હેકટર. |
| (૨) તે પૈકી જેતપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૧૫૭.૫૧ હેકટરમાં. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૩૯૩.૭૪ લાખ. |

### વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

## ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે
## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

* ૨૫૫૦૯ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૨૦૩.૧૦ હેકટર અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૩૦૦૧.૨૮ હેકટર. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૧૬૪૦.૫૪. |

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)
### નાણાની લાલચ આપી કીડની કાઢી લેવાના કૌભાંડ અંગે

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

'' તાજેતરમાં આણંદમાં બેરોજગાર યુવાનોને નાણાની લાલચ આપી તેમની કીડની કાઢી લેવાનું કૌભાંડ સામે આવ્યું છે ત્યારે માનવ અંગોનો ગેરકાયદેસર રીતે નાણાની લાલચ આપી થતો વેપાર અટકાવવા અને સ્થાનિક ગ્રામજનોમાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી,

(૧) બનાવની વિગતો અને જાણઃ–

તા. ૧૩–૪–૨૦૧૬ના રોજ દૈનિક પત્રોમાં પંડોળી ગામે છેલ્લા કેટલાક સમયથી કીડની વેચવા તેમજ કાઢી લેવા અંગેના સમાચાર આવેલ જે સમાચાર અન્વયે નાયબ પોલીસ અધિક્ષક, પેટલાદ ડીવીઝન તથા પોલીસ સબ ઇન્સ્પેકટર, પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે પંડોળી ગામે ગયેલ. તેઓએ કીડની વેચનારા યુવાનો કે આવા ભોગ બનેલ યુવાનોની તપાસ કરતા ગામની ઘણી વ્યકિતઓની પૂછપરછ કરેલ તેમજ ગામના પૂર્વ સરપંચની પૂછપરછ કરેલ અને પૂછપરછ દરમિયાન પાંચ વ્યકિતઓએ પોતાની કીડની જુદાજુદા સમયે વેચી હોવાનું જણાવેલ. આ વ્યકિતઓને શોધી ખાતરી કરતા તેઓના પેટના ભાગે પડખામાં ઓપરેશનનો ચીરો જણાયેલ. જેથી આ વ્યકિતઓની કીડની ઓપરેશન કરી કાઢી લેવામાં આવેલ છે કે કેમ? તે બાબતે પ્રથમ મેડીકલ તપાસણી કરવી જરૂરી હોઇ, આ અંગે પો.સ.ઇ. પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નંબર–૦૪/૧૬ તા. ૧૪/૦૩/૧૬ ક. ૧૪/૫૦ વાગે દાખલ કરાવેલ અને ભોગ બનનાર વ્યકિતઓની મેડીકલ તપાસણી કરવા સારૂ મેડીકલ ઓફીસરશ્રી એસ.એસ. હોસ્પિટલ, પેટલાદને મોકલી આપેલ. આ બનાવ સંબંધે અન્ય તપાસ કરતી ટીમોએ ભોગ બનનારાઓ વિશે તપાસ કરતાં અન્ય ૦૮ (આઠ) વ્યકિતઓ જેઓએ પણ જુદા જુદા સમયે જુદા જુદા સ્થળે ઓપરેશન કરાવી પોતાની કીડની કઢાવી નાખેલ હોય તેવા મળી આવેલ. જેઓને એસ.એસ. હોસ્પિટલ, પેટલાદમાં મેડીકલ તપાસણી કરવા મોકલવામાં આવેલ જયાંથી આ તમામને વધુ તપાસણી માટે, એકસપર્ટ ઓપીનીયન માટે એસ.એસ. હોસ્પિટલના મેડીકલ ઓફીસરશ્રીએ ભોગ બનનાર તમામને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ અને ઉપરોકત દાખલ થયેલ જાણવા જોગ બનાવની તપાસ પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી. આણંદ નાઓને સોંપવામાં આવેલ. જે બનાવની તપાસ તેઓશ્રીએ સંભાળી લીધેલ અને ઉપરોકત ભોગ બનનાર તમામને તપાસણી માટે અમદાવાદ મોકલતા પહેલા આ ભોગ બનનાર પૈકી એક વ્યકિત રહે. પંડોળી, ગરાસીયાવાડ, તા. પેટલાદવાળાની આ બનાવ સંબંધે વિગતવાર પૂછપરછ કરવામાં આવેલ અને તેઓએ બનાવ સંબંધી જાહેર કર્યા મુજબ તેઓની ફરિયાદ પો.ઇન્સ. શ્રી એલ.સી.બી. આણંદ નાઓએ રૂબરૂમાં લઇ પેટલાદ રૂરલ પો.સ્ટે. તરફ ગુનો દાખલ કરવા સારુ લેખિત ફરિયાદ મોકલી આપેલ જે અંગે પેટલાદ રૂરલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૭/૧૬ ઇ.પી.કો. ૩૬૫, ૩૪૨, ૪૨૦, ૩૨૬, ૩૨૮, ૧૨૦(બી), ૫૦૬(૨) મુજબ ગુનો દાખલ કરાવેલ.

આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદમાં લખાવેલ કે આજથી ત્રણેક માસ પહેલા તેઓએ પૈસાની જરૂરિયાત માટે ઉછીના પૈસા મેળવવા મિત્ર મારફત ત્રાહીત વ્યકિતનો સંપર્ક કરેલ, જેઓએ જાણ બહાર દિલ્હી લઇ જઇ, છેતરીને બેહોશ કરીને કીડની કાઢી લીધેલ છે. જે અંગેની ફરિયાદ આપતાં ઉપરોકત ગુનો પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલ.

(૨) તાત્કાલીક કરેલ કાર્યવાહીઃ–

સદર સમાચાર પરત્વે જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ દ્વારા જરૂરી હકીકતલક્ષી વિગતો મેળવવા માટે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પેટલાદના અધ્યક્ષસ્થાને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા સિવિલ સર્જનશ્રી, પેટલાદના સભ્યોની એક સમિતિ નિમવામાં આવેલ તેમજ મેડીકલ ફિલ્ડને લગતી ટેકનીકલ સહાય પોલીસ ખાતાને મળી રહે તે માટે અને બનાવમાં સંકળાયેલ ઇસમો પોલીસ તપાસમાં આપેલ નિવેદનોમાં ફરી ન જાય તે માટે આવા ઇસમોના નિવેદનો સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી પેટલાદે તેમની રૂબરૂમાં લેવા સૂચના આપેલ.

(૩) લીધેલાં પગલાં–

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

કીડની વેચનાર યુવાનોએ જુદા જુદા સમયે કીડની વેચેલ હોવાનું જણાઇ આવતા તેમને મેડીકલ તપાસ માટે એસ.એસ.હોસ્પિટલ, પેટલાદ ખાતે મોકલી આપેલ ત્યાંથી તમામને વધુ તપાસની તથા એકસપર્ટ ઓપીનીયન માટે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે રીફર કરેલ છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મેડીકલ તપાસણી માટે મોકલેલ ૧૩ ભોગ બનનારાઓની એક જ કીડની માલુમ પડેલ છે.

આ ગુનાની તપાસમાં અન્ય ભોગ બનનારાઓ વિશે તપાસ કરતા, કરાવતા બીજા કોઇ નામો મળી આવેલ નથી. પરંતુ બીજા ભોગ બનનારાઓ વિશે માહિતી મેળવવા તજવીજ ચાલુ રાખી છે. ઉપરાંત આરોપીઓ બાબતે જુદી જુદી ટીમો બનાવી તેઓને શોધી કાઢવા પ્રયત્નો ચાલુ કર્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મેડીકલ તપાસણી માટે મોકલેલ ૧૩ ભોગ બનનારાઓના વિગતવારના નિવેદનો લેવામાં આવેલ. જેઓના નિવેદનો મુજબ ભોગ બનનાર સાહેદોને ચેન્નાઇ, દિલ્હી તથા શ્રીલંકામાં અલગ અલગ હોસ્પિટલોમાં અલગ અલગ સમયે લઇ જઇ કીડની કઢાવેલાની વિગત જણાવેલ છે. જે અંગે આ ગુનાની વધુ તપાસ કરવા અંગે એક ખાસ તપાસ દળની રચના કરવામાં આવેલ જેમાં (૧) ના.પો.અધિ.પેટલાદ (૨) પો.ઇન્સ.એલ.સી.બી. (૩) પો.ઇન્સ. પેટલાદ ટાઉન (૪) પો.ઇન્સ. પેટલાદ રૂરલ (૫) પો.સ.ઇ. એસ.ઓ.જી. આણંદનાઓની નિમણૂક કરવામાં આવેલ છે.

આ બનાવ સંબંધે પંડોળી ગામના લોકોને વિશ્વાસમાં લઇ લોકદરબારનું આયોજન કરવામાં આવેલ ઉપરાંત આ પ્રકારના કોઇ ભોગ બનેલ હોય તો તેની જાણકારી માટે તમામને વિશ્વાસમાં લઇ પોલીસને જાણ કરવા જાહેર કરવામાં આવેલ આ ગુનામાં સંડોવાયેલ મુખ્ય સુત્રધાર તથા એજન્ટો તેમજ ભોગ બનનાર તેમજ અન્ય આરોપીઓ અંગેની તપાસ ઉંડાણપૂર્વક તેમજ મુળ સુધી પહોંચવા અંગે એસ.આઇ.ટી. ને સૂચના કરવામાં આવેલ છે અને હાલમાં આ ગુનાની તપાસ ચાલુમાં છે.

(૪) રાજયમાં કીડની પ્રત્યારોપણની કામગીરીની વિગતોઃ–

માનવ અંગે પ્રત્યારોપણ અધિનિયમ–૧૯૯૪ હેઠળ ગુજરાત રાજયમાં કુલ–૧૨ હોસ્પિટલોને મંજૂરી આપવામાં આવેલ છે અને વર્ષ ૨૦૧૫ દરમિયાન કીડની પ્રત્યારોપણના કુલ –૭૧૩ ઓપરેશન થયેલ છે.

કીડની આપનાર દર્દીના નજીકના સગા હોય તો (પુત્ર–પુત્રી, માતા, પિતા, દાદા, દાદી, પતિ અને પત્નિ) ના કેસમાં કીડની ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની મંજૂરી નોંધાયેલ હોસ્પિટલની કમિટી દ્વારા આપવામાં આવે છે.

કીડની આપનાર વ્યકિત જે દર્દી સાથે લાગણીના સંબંધોથી જોડાયેલ હોય અને નજીકના સગામાં ન હોય ત્યારે આવા કેસોની દરખાસ્ત નોંધાયેલ હોસ્પિટલ તરફથી મળેથી ઓથોરાઇઝેશન કમિટી દ્વારા કીડની ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી આપવામાં આવે છે.

બ્રેઇન ડેડ વ્યકિતની કીડની ટ્રાન્સપ્લાન્ટની કામગીરી કરવામાં આવે છે. જેનો વ્યાપ વધારવા અંગેની નીતિ હાલ વિચારણા હેઠળ છે.

(૫) કીડની પ્રત્યારોપણ માટે કાયદાકીય જોગવાઇઃ–

ધ ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન એકટ –૧૯૯૪ કેન્દ્ર સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ગુજરાત સરકાર દ્વારા આ કાયદાનો ગુજરાત વિધાનસભાના તા. ૦૫ માર્ચ, ૧૯૯૭ના રોજ વૈધાનિક પ્રસ્તાવ દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે અને તા. ૨૩–૦૭–૧૯૯૭ના જાહેરનામાથી પ્રસ્તુત અધિનિયમની કલમ (૪)–(બી) હેઠળ ઓથોરાઇઝેશન કમિટીની રચના કરેલ છે.

જો આ કાયદા હેઠળ કરવામાં આવેલ જોગવાઇઓનો ભંગ થાય તો આ કાયદાની કલમ–૧૮, ૧૯, ૨૦ અને ૨૧ હેઠળ ગુનો બને છે અને ગુનાના પ્રમાણસર દંડ અથવા કેદ અથવા બંને સજાને પાત્ર બને છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત માટે અને આપણા સૌના માટે ખૂબ જ દુઃખદ અને કમનસીબ ઘટના સામે આવી છે. વાઇબ્રન્ટ ગુજરાત હોય, ગતિશીલ ગુજરાત હોય કે વિકાસશીલ ગુજરાતની આપણે વાતો કરીએ તો એની પોલ ઉઘાડનારું અને સમાજ અને સરકારની આંખ ઉઘાડનારું આ કૌભાંડ સામે આવ્યું છે. હું અભિનંદન આપીશ દિવ્ય ભાસ્કર અને એમના જેવા અનેક અખબારોને કે જેમણે પોલીસ અને સરકારને ઉંઘતી ઝડપી અને સમગ્ર કૌભાંડને બહાર લાવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આ જે ૧૩ લોકોની કિડની કાઢી લેવામાં આવી એ મોટા ભાગના લોકો ૧૮ થી ૩૫ વરચેની વયના યુવાનો હતા, બેરોજગાર હતા, ગરીબ પરિવારના હતા અને આર્થિક રીતે સંકડામણ અનુભવતા હતા તેના કારણે કેટલાક કૌભાંડના જે એજન્ટો હતા એ લોકોએ આ લોકોને લાલચ આપી, ભોળવાવી અને તેમની કીડની કાઢી લેવાનું આખું ષડયંત્ર રચ્યું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે નિવેદનમાં એવું જણાવ્યું છે કે મુંબઇ, ચેન્નાઇ, દિલ્હી અને શ્રીલંકાની હોસ્પિટલોમાં કીડની કાઢી લેવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી જણાવે કે કઇ કઇ હોસ્પિટલોમાં આ કૃત્ય કરવામાં આવ્યું છે અને એ એ હોસ્પિટલો સામે આપણે કોઇ એફ.આઇ.આર. કરીને સીધી કાર્યવાહી કરવા માગીએ છીએ કે કેમ? અને બીજું, આ કૌભાંડ આણંદ જિલ્લામાં પકડાયું છે પણ આપણે એની સીટ કે એવી કોઇ રચના કરીને આખા ગુજરાતના દરેક જિલ્લામાં, દરેક ગામડાંમાં, આવું કોઇ કૌભાંડ ચાલે છે કે નહીં એની ખાતરી કે તપાસ કરાવવા માગીએ છીએ કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આખો બનાવ રાજય સરકારના ધ્યાન ઉપર આવ્યો, મિડિયા દ્વારા આવ્યો અને એના આધારે તાત્કાલીક રાજય સરકારે સંબંધિત ગામમાં અધિકારીઓને મોકલીને તપાસ કરાવી. ગુજરાત રાજયની અંદર અને સમગ્ર દેશમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટનો કાયદો અમલમાં છે. માનવ અંગોને એક બીજાના શરીરમાં આપવા માટેની પરવાનગી લેવી પડે, બેસાડવા માટેની પરવાનગી લેવી પડે, પરંતુ કેટલાક લોકોએ, જે દલાલો છે એમણે આ ગામડાંના લોકોની જોડે સંપર્ક કરી અને એમને કીડની વેચાણ આપવા માટે મોટી રકમોની ઓફર કરી. જે અસરગ્રસ્તો છે જેમણે કીડની આપી છે એ

બધા ગરીબ છે એવું નથી અથવા હાથેપગે છે એવું પણ નથી એક વ્યકિત જેના ઉપર આપણે ફરિયાદ પણ દાખલ કરી છે એ વ્યકિતએ પોતે પહેલા કીડની આપી, એની રકમ મેળવી અને પછી એ વ્યકિતને એમાં ધંધાકીય રીતે એજન્ટ બનવાનું પ્રલોભન મળ્યું એટલે એ વ્યકિતએ પોતે કીડની આપી હતી એ જ રીતે પેટલાદ તાલુકાનું પંડોળી ગામ છે ત્યાંના લોકોનો સંપર્ક કરીને કહ્યું કે કીડની આપો, મેં કીડની આપી છે કંઇ થયું નથી અને મને મોટી રકમ મળી છે એ પ્રમાણે એમણે એજન્ટ તરીકેની ભૂમિકા ભજવી અને એ ગામના અન્ય લોકોને કીડની આપવા માટે ગુજરાતની બહાર કેટલાક લોકોને મદ્રાસ લઇ જવામાં આવ્યા, કેટલાક લોકોને દિલ્હી લઇ જવામાં આવ્યા. ભારતમાં તો કાયદો અમલમાં છે. એટલે કેટલાક લોકોને શ્રીલંકા લઇ જઇ ત્યાં એની કીડની કાઢીને અન્ય લોકોને કીડની ટ્રાન્સ્પ્લાન્ટ કરવામાં આવી. દિલ્હીમાં પણ કીડનીનું પ્રત્યારોપણ થયું એમાં નિવેદનો લીધા છે કે આ લોકો પોતે સહકાર આપે એના માટે આગ્રહ કરે કે કઇ હોસ્પિટલમાં ચાલે છે તે માટે અન્ય રાજ્યોની સરકાર સાથે આના અંગે કાર્યવાહી સંકલન કરીને પગલાં લેવડાવીએ અને આવું ખોટું પ્રત્યારોપણ કરનાર હોસ્પિટલ ઉપર પગલાં લઇએ. પણ મોટા ભાગે એ રીતે નિવેદન કરે છે મને લઇ ગયા, મને બેભાન કર્યો અને હું કઇ હોસ્પિટલમાં હતો એ મને ખબર નથી. આપણે જ્યારે હકીકત ધ્યાનમાં આવી એ પછી તરત જ કલેક્ટરશ્રી દ્વારા પોલીસ તંત્ર દ્વારા અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બધા લોકોના નિવેદન લીધા, બધા લોકોએ માહિતી આપી કે થ્રૂ મદ્રાસ અથવા થ્રૂ વાયા દિલ્હી આ પ્રમાણે આ લોકોને લઇ ગયા છે. પ્રથમ દ્રષ્ટિએ માહિતી મળી છે, એમાં લગભગ ૧ લાખથી માંડીને ૨.૫ લાખ રૂપિયા સુધીની એક એક કીડની પ્રત્યારોપણ આપવા માટે જેમણે આપી છે એમને આ રકમ આપવામાં આવી છે. એટલે સરકારે તો તરત જ આખી કમિટી સીટ જેવી બનાવી. કલેક્ટરે અને ડી.એસ.પી.એ સીટ કમિટીની રચના કરી છે. જેમાં ડી.વાય.એસ.પી. સહિતના અધિકારીઓ છે. કારણ કે ગુજરાતમાં નડિયાદ હોસ્પિટલમાં અગાઉ અપાયું હતું એવું નિવેદનમાં ખૂલે છે. તાજેતરમાં નવો બનાવ ગુજરાતની બહાર અથવા ભારત દેશની બહાર એ લોકોએ કીડની ટ્રાન્સ્પ્લાન્ટમાં આપી છે, એટલે આ રીતે આખી આ કીડની વેચવા માટે, પ્રલોભન આપીને, લાલચ આપીને કીડની પ્રત્યારોપણ અન્ય રાજયમાં અથવા પરદેશમાં લઇ જઇ કરાવવાની આખી હકીકત સરકારના ધ્યાનમાં આવી છે. આપણે ઉચ્ચ કક્ષાની સીટ કમિટીની રચના કરી છે. એના દ્વારા આપણે તપાસ કરાવીએ છીએ. અન્ય રાજયમાં પણ તપાસની કામગીરી અત્યારે ચાલુ છે, એટલે આખી બાબત વધુમાં વધુ ઘનિષ્ઠ રીતે, ગંભીરતાપૂર્વક, કારણ કે ગુજરાતના નાગરિકોને આવી રીતે કોઇ છેતારપિંડી કરી જીવન જીવવા માટે કીડની એ કીમતી અંગ છે તેને ખોટી રીતે ન લઇ લે, એના માટે સરકાર ગંભીર છે. એના માટે જે આરોપીઓની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી કે જેણે પહેલાં કીડની આપી પછી એજન્ટ તરીકે કામ કર્યું એ રફિકભાઇ એહમદભાઇ વોરા એ પંડોળી ગામના જ છે. બીજા એક એજન્ટ તરીકે જાહેર થયા છે. નામ ખૂલ્યું છે. શેરૂભાઇ રહેમદખાન પઠાણ અને મુકેશભાઇ ચૌધરી વ્યારાના છે. આ ત્રણેયની પોલીસે ધરપકડ કરી છે અને કોર્ટ દ્વારા અત્યારે એમને પોલીસ કસ્ટડીમાં મૂકવામાં આવ્યા છે. પોલીસ એમની પાસેથી સંપૂર્ણ બાબતોની માહિતી મેળવી અને અન્ય રાજ્યમાં પણ તપાસ કરવી પડે તેવી હોય અન્ય રાજયમાં ટીમ મોકલી અન્ય રાજય સરકારોને આપણે વધુ માહિતી મળે તો આપીશું કે તમારા રાજયમાં માનવ અંગોની પ્રત્યારોપણ અંગેની આવી પ્રવૃત્તિ ગેરકાયદેસર રીતે ચાલે છે, એના માટે કડક કાર્યવાહી થાય તે માટે સખત પગલાં લઇ રહ્યાં છીએ.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને સૂચન કરવાં માગુ છું. બનાવ બની ગયો છે. બહુ ખરાબ બનાવ બની ગયો છે. ચરોતર જેવા વિકસિત વિસ્તાર જેમ આપણે કહીએ છીએ કે ચરોતર વિકસિત વિસ્તાર છે. એની અંદર જો આવો પ્રસંગ બનતો હોય તો બાકીના વિસ્તારની અંદર બહુ મોટું કલંકરૂપ ગુજરાત માટે છે. એક જ ગામમાં આટલા બધા અંગોનું વેચાણ થયું હોય એ આપણે સૌ માટે કલંકરૂપ છે. તો આ વિભાગ સાથે સાથે અન્ય વિભાગોને જોડીને જેમ કે ગૃહ વિભાગ આ યુવાનો દારૂમાં પડ્યા હોય, તાડીમા પડ્યા હોય, એના કારણે પૈસાની જરૂર પડી હોય અને કિડની વેચતા હોય તો એ વિભાગ સાથે સંપર્કમાં રહીને અથવા તો આપણી યોજનાઓ બનાવી હોય પણ નીચે સુધી જતી ન હોય એના કારણે બનાવ બનતા હોય છે. રોજગારીની તકો ન હોય, બેકારી હોય એના માટે પણ આ પ્રસંગ બનતા હોય છે. તો આ બધું સંકલન કરીને આપણે વિકાસની જયારે ગાથાઓ ગાતા હોય તો તેની અંદર કલંકિત ન બને તેના માટે કંઇક કરવું જોઇએ. આરોગ્ય વિભાગની અંદર જે નકલી ડૉક્ટરો છે, જે ગામડાની અંદર સર્ટિફાઇડ ડૉક્ટરી કરતા નથી તે લોકો આમાં સંડોવાયેલા હોય તો તેવા લોકોને નશ્ચત કરી, પકડીને આ બધું બંધ કરીએ તો આવા પ્રસંગો ઓછા બને તેવું મારું માનવું છે.* (x x x )

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. અત્યારે આપણે જે ઇશ્યુ છે તેના ઉપર ચર્ચા કરીએ. નિરંજનભાઇ પ્લીઝ.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : *(x x x )

અધ્યક્ષશ્રી : નિરંજનભાઇ પ્લીઝ. માનનીય મંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ કહ્યું અને નિરંજનભાઇએ અત્યારે કહ્યું કે ખેડા જિલ્લો તે પ્રમાણમાં અન્ય જિલ્લાઓ કરતાં સમૃદ્ધ જિલ્લો છે. ખેતી, ઉદ્યોગ, ધંધા, શિક્ષણ, આરોગ્ય, ઇન્ફ્રાસ્ટ્રકચર બધુ ત્યાં સારું છે. આરોપીઓ જે છે તેમણે નિવેદનમાં લખાવ્યું છે કે અમે આવેલી રકમ, કારણ કે પોલીસ પૂછે કે તમને બે લાખ, અઢી લાખ રૂપિયા મળ્યા તેનો તમે શું ઉપયોગ કર્યો છે? તો તેમણે કહ્યું કે અમે મોજશોખ માટે, અમારા અંગત ઉપયોગ માટે આ રકમનો ઉપયોગ કર્યો છે. પોલીસ નિવેદનની વાત કરું છું. આ પ્રકારના તત્વો તેમાં તો લાખોપતિ હોય તો પણ ખોટા ગુના કરે છે, કરોડપતિ હોય તો પણ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખોટા ગુના કરે છે. એટલે ગરીબો જ ખોટા ગુના કરે એવું નથી. મેં જે નામ વાંચ્યા તે ત્રણ વ્યક્તિઓ એકે તો પહેલાં પોતે કિડની આપેલી છે. તેને રસ પડી ગયો હશે કે અહીં તો આપણે જઇએ અને ઓપરેશન કરાવીએ એટલે દોઢ-બે લાખ રૂપિયા મળી જાય, પેલાને ૫૦ હજાર કે જે કંઇ હોય તે કમિશન મળે, એટલે પહેલા પોતે કિડની આપી અને પછી એજન્ટ બન્યો તે પ્રકારે લોકોને લલચાવવાનું કામ કર્યુ છે. આ ત્રણેય ઉપર કાર્યવાહી ચાલે છે. ત્રણેયની તપાસમાં અન્ય નામ ખુલશે તો તે અન્ય વ્યક્તિઓ, આરોપીઓ ઉપર કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આમ તો માનવ પ્રત્યારોપણનો એક અલગ કાયદો છે. તે કાયદાની કલમ પ્રમાણે તો આપણે કેસ કર્યો છે, પણ લાલચ આપવી, અન્ય રાજયોમાં લઇ જવા, છેતરવા વગેરે પ્રકારની આઇ.પી.સી.ની કલમો આપણે આરોપીઓ ઉપર લગાવી છે. જેથી કાયદાકીય રીતે આખો કેસ મજબૂત બને.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગેરકાયદેસર રીતે કીડની મેળવનાર ઇસમો છે તેની સામે કાયદાની કઇ કઇ કલમો હેઠળ ફરિયાદ નોંધવમાં આવી છે. બીજું કે આ બહુ ગંભીર ગુનો છે એટલે જે જે ડૉકટરોએ ગેરકાયદેસર રીતે કીડની કાઢી છે તેના ઉપર કોઇ ગુનો નોંધી તેના ડૉકટર અંગેના લાઇસન્સ રદ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જ કહ્યું કે ગુજરાત રાજયની બહાર આ પ્રવૃત્તિ વ્યાપક પ્રમાણમાં થઇ છે. શ્રીલંકામાં લઇ જઇને કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે કિડની કાઢી લેવામાં આવી છે. તે આપણા અધિકાર ક્ષેત્રની બહારનો દેશ છે. દેશની અંદર જયાં જયાં આ બનાવ બન્યા છે ત્યાં સીટ જઇ તપાસ કરીશું અને જે તે રાજય સરકારોને આપણે જણાવીશું. કીડની કોને લીધી તે નામો સ્વાભાવિક રીતે આવ્યા નથી. કારણ કે આરોપીઓ પોતે અને કીડની કાઢી લેવામાં આવી છે તે લોકો એમ કહે છે કે અમને ખબર નથી, અમને તો જે તે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા અને અમારું ઓપરેશન કર્યુ. અમને શ્રીલંકા લઇ જવામાં આવ્યા. શ્રીલંકામાં કોણે કીડની કાઢી અને કોના ઉપર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યુ તે આપણી પાસે માહિતી અત્યારના તબકકે ઉપલબ્ધ નથી. આમાં ઇન્ડિયન પીનલ કોડ એટલે કે પોલીસનો ફોજદારી કાયદો અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટનો કાયદો છે તે બંને કાયદા પ્રમાણે આપણે કાર્યવાહી કરી છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૧૪મી તારીખે પેપરમાં સમાચાર આવ્યા અને ગણતરીના કલાકોમાં આ સરકારે પગલાં લઇ પૂરતી તપાસ કરી ગુનાઓ નોંધ્યા છે એટલે ખૂબ ઝડપથી આ કેસમાં કાર્યવાહી થઇ છે એટલે તે બદલ સરકારને અભિનંદન પણ પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ કીડની કાઢી લેવાની બાબત છે એ ખૂબ ગંભીર બાબત છે. આ ગંભીરતા સમજીને સરકારે જે પગલાં લીધા છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, પંડોળી ગામ સિવાય અન્ય કોઇ ગામના ઇસમો સંકળાયેલા છે કે કેમ? સાથે સાથે આ કીડની કાઢી લેવાનો જે બનાવ બન્યો છે એની તપાસ કોણ કરે છે, અને ક્યા તબક્કે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંજયભાઇએ જે વાત કરી એમાં શૈલેષભાઇ બેઠાં બેઠાં ભલે બોલ્યા હોય પણ ગુજરાત રાજયમાં ખરેખર (અંતરાય) અભિનંદનની વાત નથી હું બીજી વાત કરું છું. બેસો તમે, મારી પૂરી વાત સાંભળો, ગુજરાતની આપણી કીડની ઇન્સ્ટીટ્યુટ છે જેને અમારી સરકારે યુનિવર્સિટીનું સ્થાન આપ્યું છે ત્યાં આખા ભારતની અંદર સૌથી વધુ કીડની ટ્રન્સપ્લાન્ટ કરવામાં આવે છે. આપણા ગુજરાતમાં તમામ પ્રકારની આ માટે સુવિધા છે. કીડની કોઇની ફેલ થાય તો એના પરિવારના લોકો જે બ્લડ રીલેશન ધરાવે છે એ કાયદા મુજબ એની કીડની મેચ થતી હોય તો આપી શકે છે. કોઇ વ્યક્તિનો જીવ ન જાય એ જોવાની જવાબદારી સરકારની છે, એમાં આપણે સંપૂર્ણ સફળ છીએ પણ આખું કૃત્ય જે બન્યું છે ખેડા જિલ્લાના પંડોળીમાંથી, ભાઇ નિરંજનભાઇના વિસ્તારમાંથી બન્યું છે, અમિતભાઇ ચાવડાના જિલ્લામાંથી બન્યું છે કે જેને લાગુ પડતું હોય એમના વિસ્તારમાંથી બન્યું છે ત્યાંથી આ કામ થયું છે, ગુજરાત બહાર થયું છે એટલે એની સંપૂર્ણ તપાસ આપણે કડકાઇથી કરીએ છીએ. ગુજરાતમાં તમામ પ્રકારની આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે અને ગુજરાત સરકારે મા યોજના અને મા વાત્સલ્ય યોજના સો ટકા મફત કરી છે એટલે કોઇને કોઇ ખર્ચ ન કરવો પડે એ પ્રકારની ગંભીરતાથી ગુજરાત સરકાર ગુજરાતના ૬ કરોડ નાગરિકો માટે કામ કરી રહી છે.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર શરમજનક ઘટના એ છે કે, કીડની કાઢી લેવાની બાબત હોય, આટલી ગંભીર બાબત હોય પ્રજાજનોના અંગ કાઢી લેવાની બાબત હોય ત્યાં પણ આ સરકારને અભિનંદન આપવાની વાત થાય એ શરમજનક બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આ સરકાર પાસે એલ.આઇ.બી., આઇ.બી., ગુપ્તચર એજન્સી, સી.આઇ.ડી., ક્રાઇમ બ્રાન્ચ જેવી એજન્સીઓ છે અને આ પ્રગતિશીલ ગુજરાતમાં આ એજન્સીઓ ખૂબ હોંશિયાર અને બાહોશ છે. ગુજરાતના કોઇ તહેવાર હોય, શીવરાત્રી પર્વનો તહેવાર હોય અને પાકિસ્તાનથી જો દસ આતંકવાદીઓ ઘૂસી જતા હોય..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પૂનમભાઇ, તમારા વિસ્તારનો પ્રશ્ન છે એટલે તમને તક આપી છે. પછી પૂર્વભૂમિકા અને આખા દેશનું બધું લેશો તો આપને બેસાડી દઇશ. સીધા પ્રશ્ન પર આવી જાવ.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું સીધા પ્રશ્ન પર જ આવું છું કે, આ બધી માહિતી જો અહીંયા મળી જતી હોય સરકારને તો આ ૧૩ કીડની કાઢવાનું કૌભાંડ છેલ્લા દસ બાર વર્ષથી ચાલતું હતું તેમ છતાં કોઇ માહિતી આઇ.બી. કે

એલ.આઇ.બી.માંથી આ સરકારને ન મળી તો તેના કારણો શું છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, આ કીડની ૫૦ લાખ રૂપિયા જેવી મોટી રકમમાં વેચાય છે એમાં ભોગ બનનારને માત્ર ૩૦ હજાર, ૫૦ હજાર, ૭૦ હજાર અને વધુમાં વધુ ૨ લાખ રૂપિયા મળ્યા છે ત્યારે મારી વિનંતી એ છે કે, મુદા માલમાં આ વચેટિયાઓ અને દલાલો જે પૈસા ખાઇ ગયા છે એ જમા લઇ ભોગ બનનારને આપવા માગે છે કે કેમ? અને ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, આ કીડની ગુમાવનારને કીડની કાઢી લીધેલી છે તેનો પણ મુદામાલ સરકાર જમા લઇ અને કિડની પાછી અપાવવા માગે છે કે કેમ? અને ભોગ બનનાર ઇસમોને સરકાર કોઇ સહાય કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંજયભાઇએ સરકારના ધ્યાન ઉપર આવ્યુ દૈનિક પત્ર, ટી.વી. ચેનલો વગેરેથી આખો બનાવ જાહેર થયો એટલે તરત જ કાર્યવાહી કરી તે શીઘ્ર કાર્યવાહી કરવા બદલ સંજયભાઇએ સરકારને અભિનંદન આપ્યા છે. સાહેબ કદાચ આ જગ્યાએ કોંગ્રેસની સરકાર હોત તો છ મહિને કદાચ બધુ થયુ હોત એટલે તેમણે સરકારને અભિનંદન આપ્યા છે બાકી આ કીડની જેવા અગત્યના અંગને કોંગ્રેસના ધારાસભ્ય જો મુદ્દામાલ કહેતા હોય તો મારે તેમના વિશે કંઇ કહેવું નથી.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૦૬૭૬ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી મંગુભાઇ પટેલ ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૬/૦૨/૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી બાબુભાઇ વાજાના જૂનાગઢ જિલ્લામાં ઘાસની વીડીઓ વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૭૬ (અગ્રતા ક્રમ-૭)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માગણી ક્રમાંક. ૮૯

શ્રી ગોવિંદભાઇ પટેલ ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૫૪,૯૫,૮૦,૦૦૦ /-ની માગણી ક્રમાંક- ૮૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૮૯ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ

માગણી ક્રમાંક. ૧૦૭

શ્રી ગોવિંદભાઇ પટેલ ( ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૩,૯૦,૦૦૦ /-ની માગણી ક્રમાંક- ૧૦૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૦૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક. ૧૦૫

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૨૭,૫૮,૦૦૦ /–ની માગણી ક્રમાંક– ૧૦૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૦૫ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : સાર્જન્ટ મિત્રોને વિનંતી છે કે, નીચે જે કોઇ વિધાનસભાની મુલાકાતી હોય તે સૂત્રો ના પોકારે તે પ્રકારે કાર્યવાહી કરવી. (અંતરાય) સૂચના આપી છે હવે આપ બેસો પુંજાભાઇ, પ્લીઝ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરવામાં આવી.

રમગ ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

માગણી ક્રમાંક. ૯૮

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૮૨,૭૯,૮૨,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭૯,૦૪,૧૫,૦૦૦/–માગણી ક્રમાંક– ૯૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહજી ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા.૨૧–૩-૨૦૧૬ (નવમોદિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ<br>માગણી નં. ૮૯ | | | | |
| ૧ | ૨૦૫૨–સચિવાલય.... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૨,૫૪,૯૫,૮૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૩<br>પાના નં. ૫ થી ૯ | ૧૦૦ | GSWANની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ<br>(આનંદભાઇ ચૌધરી) |
| ૨ | -- " -- | ૧૦૦ | સ્માર્ટકાર્ડના દુરૂપયોગને અટકાવવા અને હાજરીનું પ્રમાણ નિયમિત થાય તે માટે બાયોમેટ્રિક મશીનો મૂકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ<br>(મહમદજાવીદ પીરજાદા) |
| ૩ | -- " -- | ૧૦૦ | વિભાગો દ્વારા બહાર પાડવામાં આવતા પરિપત્રો સત્વરે નેટ ઉપર મૂકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી<br>(મેરામણભાઇ ગોરીયા) |
| ૪ | -- " -- | ૧૦૦ | GSWANમાં અપૂરતા અને બિન અનુભવી સ્ટાફના કારણે કામગીરી ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ<br>(રામસિંહ પરમાર) |
| ૫ | -- " -- | ૧૦૦ | વ્યાપક ખર્ચાઓ કરવા છતાં નેટની પુરતી કનેકટીવીટી અને સ્પીડ મળતી નથી તે નિવારવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર<br>(મહેન્દ્રસિંહ વાઘેલા) |
| કલાઇમેટ ચેન્જ વિભાગ<br>માગણી નં ૧૦૭ | | | | |
| ૬ | ૩૪૫૧– સચિવાલય... સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– કલાઇમેટ ચેન્જ વિભાગ<br>રૂ. ૯૩,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૮<br>પા.નં. ૯ | ૧૦૦ | ગ્લોબલ વોર્મીંગની માનવીના જીવન પર પડતી ખરાબ અસરો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(ગ્યાસુદ્દીન શેખ, રમેશભાઇ ચાવડા) |
| ૭ | -- " -- | ૧૦૦ | ગ્લોબલ વોર્મિંગ ઈફેકટ નિવારવા જરૂરી સંશોધન કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ<br>(ડૉ.અનિલ જોષીયારા) |
| ૮ | -- " -- | ૧૦૦ | ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર વાયુઓ સંબંધિત જરૂરી સંશોધન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા<br>(અમિત ચાવડા) |
| ૯ | ૩૪૫૧– સચિવાલય... સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– કલાઇમેટ ચેન્જ વિભાગ<br>રૂ. ૯૩,૯૦,૦૦૦ | ૧૦૦ | કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા થતી કામગીરીને પ્રગટ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી<br>(નટવરસિંહ ઠાકોર) |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૮<br>પા.નં. ૯ | | | |
| ૧૦ | -- " -- | ૧૦૦ | કલાઇમેટ ચેન્જ વિભાગમાં અપૂરતો અને બિન અનુભવી સ્ટાફ હોવાના કારણે યોગ્ય સંશોધનો થઇ શકતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી<br>(પ્રો.હીરાભાઇ પટેલ) |
| ૧૧ | -- " -- | ૧૦૦ | કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા તેના આયોજન બાબતની વિગતો ઓનલાઇન પ્રાપ્ત કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી<br>(રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૧૨ | -- " -- | ૧૦૦ | કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા સરકાર આગામી દિવસોમાં શું આયોજન કરવા માગે છે તે જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા<br>(અશ્વિન કોટવાલ) |
| ૧૩ | -- " -- | ૧૦૦ | કલાઇમેટ ચેન્જ વિભાગની કામગીરીનું સુપુરવિઝન કોના દ્વારા થાય છે તથા સુપરવિઝનની કામગીરીમાં થતી ક્ષતિ બાબતે જવાબદાર કોણ છે તેવી માહિતી પ્રગટ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત<br>(ઇશ્વરભાઇ પટેલ, બળદેવજી ઠાકોર, કાન્તિભાઇ ખરાડી) |
| | | મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>માગણી નં ૧૦૫ | | |
| ૧૪ | ૨૨૫૧–સચિવાલય... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૩,૧૭,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં. ૩૬ અને ૩૭ | ૧૦૦ | કુપોષણ નિવારવામાં કરોડો રૂપિયા ખર્ચ કરવા છતાં કુપોષણમાં ઘટાડો લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૧૫ | -- " -- | ૧૦૦ | રાજયમાં કુપોષણનો સર્વે કર્યો હોવા છતાં હજુ સુધી ખાનગી કંપનીઓ દ્વારા તેનો રીપોર્ટ રજૂ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૧૬ | -- " -- | ૧૦૦ | આંગણવાડીઓને પોતાના મકાનો બને તે માટે જરૂરી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૧૭ | -- " -- | ૧૦૦ | બીજા રાજ્યોમાંથી બાલભોગ મંગાવવાને બદલે રાજયના સખીમંડળો દ્વારા જ ટેક હોમ રાશનની યોજનાનો અમલ કરાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૮ | -- " -- | ૧૦૦ | બાળવસ્તીના દરે પુરતી આંગણવાડીઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ<br>(ઇન્દ્રનીલ રાજ્યગુરૂ) |
| ૧૯ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકારે ભારત સરકારને કરેલ કુલ ૧૪૬૪ નવી આંગણવાડીની માંગણી સામે ફકત ૨૬ આંગણવાડીની મંજૂરી મળેલ છે બાકીની આંગવાડીઓની મંજૂરી મેળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(જોઇતાભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | ૨૨૫૧–સચિવાલય... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૩,૧૭,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં. ૩૬ અને ૩૭ | ૧૦૦ | વિધવા બહેનોને અપાતું માસીક પેન્શન અનિયમિત મળે છે તેમજ આ પેન્શન કે સહાયની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશ ગરાસીયા<br>(મોહનસિંહ રાઠવા) |
| ૨૧ | –– " –– | ૧૦૦ | વિકાસગૃહ મહીપતરામ આશ્રમ જેવા બાલગૃહો દ્વારા જુવેનાઇલ નિયમોની થતી અવગણના તેમજ માળખાગત સુવિધાઓનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર<br>(ગોવાભાઇ રબારી) |
| ૨૨ | –– " –– | ૧૦૦ | અમદાવાદ ખાતે આવેલ ઓઢવ જુવેનાઇલ ફોર ગર્લ્સમાં કર્મચારીઓની વ્યાપક પ્રમાણમાં ખાલી પડેલ જગ્યાઓને કારણે વહીવટી કામમાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત<br>(ધીરૂભાઇ ભીલ) |
| ૨૩ | –– " –– | ૧૦૦ | આંગણવાડી કાર્યકરોને બઢતી આપવાના ઠરાવનો તાકીદે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઇ ચાવડા<br>(પ્રહલાદભાઇ પટેલ) |
| ૨૪ | –– " –– | ૧૦૦ | જિલ્લા તાલુકાઓની કચેરીઓમાં ઇન્ચાર્જથી ચાલતો વહીવટ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ<br>(બાબુભાઇ વાજા) |
| ૨૫ | –– " –– | ૧૦૦ | યુનીસેફ દ્વારા ઓકટોબર–૨૦૧૪માં ગુજરાત રાજ્યમાં કુપોષીત બાળકો અને કુપોષણ અંગેનો અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કર્યો હોવા છતાં અહેવાલની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ<br>(નિરંજન પટેલ) |
| | | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ<br>માગણી નં ૯૮ | | |
| ૨૬ | ૨૨૦૪– ખેલકૂદ... સેવાઓ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– યુવક સેવાઓ..... નિયામક<br>રૂ. ૧,૮૧,૨૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | રાજ્યકક્ષાની રમતગમત સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓને મુસાફરી ભથ્થામાં વધારો કરી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૨૭ | –– " –– | ૧૦૦ | રાષ્ટ્રીય કક્ષાની રમતગમત સ્પર્ધામાં ભાગ લેતા રમતવીરોના દૈનિક ભથ્થામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૮ | –– " –– | ૧૦૦ | ખેલ મહાકુંભમાં રમતવીરોને રહેવા–જમવાની તેમજ અન્ય સુવિધાઓ સારી રીતે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૯ | –– " –– | ૧૦૦ | સમર કોચીંગ કેમ્પોને સમયસર ગ્રાન્ટ ન ફાળવતા ખેલાડીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ૩૦ | ૨૨૦૪– ખેલકૂદ... સેવાઓ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– યુવક સેવાઓ..... નિયામક<br>રૂ. ૧,૮૧,૨૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | કાન્સની વર્લ્ડમાસ્ટર એથ્લેટીક મીટમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા યુવાનને સરકારે કોઇ રજા તેમજ સહાય ન આપતા રમતવીર યુવાનોમાં ફેલાયેલ અસંતોષ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૩૧ | –– " –– | ૧૦૦ | રાજ્યમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ જરૂરી સુવિધાવાળા રમતના મેદાનો તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૩૨ | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ<br>૧૦૩– પુરાતત્વ વિદ્યા... મોજણી<br>૦૧– ART - 7- પુરાતત્વ વિકાસ<br>રૂ. ૩,૮૦,૯૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૫<br>પાના નં. ૩૦ અને ૩૧ | ૧૦૦ | અપૂરતી રકમ અને બિનઅનુભવી સ્ટાફના કારણે પુરાતત્વની કામગીરીમાં પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર –૧૦૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતમાં આંકડાંની માયાજાળ અને શબ્દોની છણાવટથી આ કુપોષણ ચાલે છે. મહિલા સશક્તિકરણ કરીશું, પોષણયુક્ત ગુજરાત બનાવીશું તેવાં સૂત્રો અપાય છે પણ આ બાબતે દિવસો પસાર થયા હોવા છતાં નક્કર પગલાં આ બજેટમાં લેવામાં આવ્યાં નથી. ગતિશીલ ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત, મેક ઇન ઇન્ડિયા, યુથ ઓફ ઇન્ડિયા, સૌનો સાથ સૌનો વિકાસ જેવાં મોટાં મોટાં સૂત્રો આ ભાજપ સરકાર દ્વારા આપવામાં આવ્યાં છે, પરંતુ વાયબ્રન્ટ ગુજરાત, ગતિશીલ ગુજરાતમાં ભ્રષ્ટાચારની વાતો ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મીલ આટોનો રૂપિયા પાંચ કરોડનો કોન્ટ્રાકટ સ્થાનિક કંપનીને બદલે આપણે છેક જયપુર જવું પડ્યું છે, તો શું આ ગતિશીલ ગુજરાતમાં પોષક આહાર બનાવવાની આ ગુજરાતની ક્ષમતા નથી? આ સરકારને એ માટે છેક રાજસ્થાન સુધી જવું પડે છે. આ ગુજરાતમાં ભાજપ સરકારે ગરીબ મહિલાઓ પાસેથી આ કોન્ટ્રાકટ છીનવીને જયપુરની કંપની સાથે સોદો કર્યો છે, ત્યારે દર વર્ષે ૬૦ કરોડ રૂપિયાનો લાભ કરાવીને આ કંપનીને આપ્યો છે. નામદાર સુપ્રીમ કોર્ટે, દિલ્હી ડોમેસ્ટીક વાયલન્સ વુમનના કેસો મહિલાઓ સાથે થયા, દુષ્કર્મના ઘટનાઓ સાથે વળતર આપવા રાજય સરકારે જાહેર કરેલ યોજનામાં મહિલાઓને વળતર ચૂકવવામાં આવતું નથી. આ ગતિશીલ ગુજરાતમાં આખા ગુજરાત રાજયની વાત કરું તો, ઘણો બધો સમય લાગે પણ હું મારા દાહોદ જિલ્લાની વાત કરું તો ગતિશીલ ગુજરાતમાં આજે કુપોષણ દાહોદ જિલ્લામાં ૪૫ ટકા જેટલું જોવા મળી રહ્યું છે અને ૪૬ ટકા મારી ગરીબ બહેનો કુપોષણથી પીડાઇ રહી છે ત્યારે આ ગતિશીલ ગુજરાતની વાતો ઘણી મોટી થાય છે. મોડેલ સ્ટેટ ગણાતા ગુજરાતમાં બાળકો અને મહિલાઓમાં કુપોષણ વધ્યું છે. આદિજાતિ વિસ્તારમાં બાળકોનું કુપોષણ જે ૪૬ ટકા અને ૪૫ ટકા જેટલું છે એમાં બાવન ટકા બાળકોની ઉંચાઇનું પ્રમાણ ઉંમરના પ્રમાણમાં ઓછું છે જયારે ૧૯ ટકા બાળકોની ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે ત્યારે સ્ત્રીઓ, તરૂણીઓ અને બાળકોમાં કુપોષણના કારણે મૃત્યુનું પ્રમાણ વધ્યુ છે.

સન ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૧ હજાર પુરૂષો સામે સ્ત્રીઓ ૯૧૯ જોવા મળે છે. રાજય સરકાર દ્વારા દર માસે નિરાધાર વિધવા બહેનોને ૭૫૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. પરંતુ આજની સ્થિતિએ માત્ર રૂપિયા ૭૨૮ જ મળે છે. આ ગતિશીલ ગુજરાતમાં આ પ્રતિ માસ સહાય આપવામાં આવે છે એ વિધવાઓની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. વિધવા અને ગરીબ બહેનોને લાભ મળે એના માટે પત્રો લખાય છે, પોસ્ટમેનને સરનામું મળતું નથી, સમયસર પૈસા મળતા નથી, માહિતી માગીને અરજીઓ સ્વીકારતા પણ નથી. એટલે આ ગરીબ બહેનો, વિધવા બહેનો હોય, વૃદ્ધ બહેનો હોય એને ખૂબ રખડવું પડે છે. ભારતમાં દર વર્ષે ૩૨.૩૩ ટકાના દરે બળાત્કાર થાય છે. જયારે ગુજરાતમાં ૫૬.૮૦ ટકાના દરે બળાત્કાર વધ્યા છે એ શરમજનક બાબત છે. અપહરણની વાત કરીએ તો આ ગતિશીલ ગુજરાતમાં મહિલા મુખ્યમંત્રી હોવા છતાં આજે

આપણા ગુજરાતમાં મહિલાઓની ટકાવારી બિહાર કરતાં ઘણી બધી વધારે છે. મહિલાઓ સાથે છેડતીના કેસો ૨૦૧૨માં ૭૪૫ હતા જે સન ૨૦૧૩માં ૬૪ ટકા વધીને ૧ લાખ ૨૪૩ થયા છે. ગુજરાતમાં આવતીકાલનું પોષણ ચુકત કરવા માટે પહેલા ફોર્ટી ફાઇડ આટો, ત્યારબાદ શીરો, સુખડી, ઉપમા, મીકસ પેકેટ અને હવે મિશન બલમ્ સુખમનું નામ આપ્યું છે. એ રૂપકડા નામો આપીને આ યોજના દર્શાવી છે ત્યારે ૩ કરોડ કરતાં વધુ મહિલાઓ અને બાળકો ભાજપની સરકારમાં કુપોષણથી પીડાય છે.

આજે આંગણવાડીની બહેનો માટે પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જાહેરાત કરેલી કે નિવૃત્તિ સમયે બહેનોને પોણા બે લાખ રૂપિયા આપવામાં આવશે એનું શું થયું? કેટલી બહેનોને પોણા બે લાખ રૂપિયા આપ્યા? આંગણવાડી બહેનો તથા કાર્યકર બહેનોને તાલીમ માટે ૨૦૦થી ૩૦૦ કિલોમીટર દૂર જવું પડે છે ત્યારે જે તે સ્થાનિક જિલ્લામાં જ તાલીમ આપવી જોઇએ. અમારે ત્યાં તાલીમ માટે ઘણી બધી બહેનોએ અરજી કરેલ છે એમને ટ્રેનિંગ માટે આણંદ કે ડાકોર મોકલવામાં આવે છે. મોસાળમાં માં પીરસવાવાળી હોય તો પછી તકલીફ શાની પડે. બહેનોને તકલીફ ન પડવી જોઇએ. એમને સ્થાનિક જિલ્લામાં જ તાલીમ આપવી જોઇએ. મોસાળમાં માં પીરસનારી હોય તો ભૂખ્યા ન રહેવાય. મહિલા અને બાળ વિકાસ પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ જનજાગૃતિ પાછળ કરવા છતાં ગુજરાતના ૧૦૦ બાળકોમાંથી ૪૪ બાળકો કુપોષણમાં જીવી રહ્યા છે. દર ત્રીજું બાળક ઓછા વજન વાળું હોય છે અને કુપોષણથી પીડાયા છે. ત્યારે સંકલિત બાળ વિકાસ યોજનાના નામે ફકત મોટી મોટી વાતો કરવામાં આવે છે. બાળકના પોષણ માટે ફાળવેલ રકમોમાંથી છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે સરેરાશ ૨૦૦ કરોડ જેટલી રકમ વપરાતી નથી. બીજી બાજુ રાજયના બાળકો કૂપોષણમાં વધારેને વધારે પીડાય છે. બજેટ મોટા રાખીને બતાવાય છે પરંતુ ખરેખર બાળ વિકાસ થતો નથી. આ સરકારે બાળ કલ્યાણને બદલે ભાજપ પોષણ કાર્યક્રમો ચલાવવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને જયારે આદિવાસી વિસ્તારોમાં •*(x x x )

અધ્યક્ષશ્રી : * (x x x ) એ શબ્દો દૂર કરીએ છીએ.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : *(x x x ) તો આપણે બધા ધનવાન કે..

અધ્યક્ષશ્રી : આ શબ્દો પણ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ બેન. પ્લીઝ.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : મહિલાઓની સલામતી, આંગણવાડી કર્મચારીઓના પગારો નિયમિત થતાં નથી. પગારો નિયમિત રીતે કરવા માટે તાકીદે પગલાં લેવા જોઇએ. માતૃ મંડળોના પૂરક પોષણ આહારના ખર્ચના નાણાં એડવાન્સમાં આપવાની સૂચના હોવા છતાં તે આપવામાં વિલંબ કરવામાં આવે છે. આ વિલંબ દૂર કરીને નાણાં એડવાન્સમાં આપવા જોઇએ. રાજયમાં કુપોષણ માટે પૂરતી ગ્રાન્ટ મળતી હોવા છતાં કુપોષણ વધતું જાય છે. આ કુપોષણને નાથવા માટે ગ્રાન્ટનો પૂરો ઉપયોગ કરવા માટે તાકીદે પગલાં લેવા જોઇએ. દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાઓને સત્વરે વળતર ચૂકવવામાં આવતું નથી. તાકીદે તેઓને વળતર મળે તેવી યોજના કરવી જોઇએ. સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી વર્કર, હેલ્પરોને કામગીરી માટે પૂરતી ગ્રાન્ટ ફાળવવા છતાં બિલોની મંજૂરીમાં વિલંબ થાય છે, ત્યારે પૂરતી ગ્રાન્ટ હોવાથી બિલો તાકીદે પાસ કરવા જોઇએ. આ ભાજપની સરકારે દરેક તાલુકામાં નારી અદાલતોની જાહેરાતો કરી છે. પરંતુ આ કયારે બાંધકામ કરશે અને મહિલાઓને પોલીસમાં ગયા વગર પોતાના પ્રશ્નના નિરાકરણ માટે નારી અદાલતો ઉપયોગમાં આવશે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે. ઉપરાંત ૨૦૧૫-૧૬માં જે મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને ૧૪૦ નારી અદાલતોની પ્રવૃત્તિઓ અને નવી ૨૦ નારી અદાલતો સ્થાપવામાં આવી છે તેના માટે બજેટમાં ૪૪,૩૧,૦૦,૦૦૦ની જોગવાઇ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય ઠાકરશીભાઇ.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ સાયન્સ અને ટેકનોલોજી વિભાગની ૨૫૪,૯૫,૮૦,૦૦૦ની માગણી નં. ૮૯ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદી જ્ઞાનની સદી કહેવાય છે. ૨૧મી સદી વિજ્ઞાનની સદી કહેવાય છે. ૨૧મી સદી ટેક્નોલોજીની સદી કહેવાય છે. સાથે સાથે આપણે ગૌરવ લઇ શકીએ કે ૨૧મી સદી એ હિંદુસ્તાનની સદી કહેવાય છે. ૨૧મી સદી જયારે શરૂ થઇ ત્યારે આપણને એમ આશંકા હતી કે કદાચ હિંદુસ્તાનની સદી કઇ રીતે થઇ શકે પરંતુ ૨૦૦૨થી ૨૦૧૪ના મે મહિના સુધી અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ગુજરાતનો સર્વાંગી અને સર્વપક્ષીય વિકાસ કરીને ગુજરાતને હિંદુસ્તાનનું રોલ મોડલ સ્ટેટ બનાવ્યું ત્યારે આપણને આશંકા હતી પણ પછી એવો વિશ્વાસ બેઠો કે ૨૧મી સદી હિંદુસ્તાનની સદી બનવા જઇ રહી છે. મે-૨૦૧૪ થી તેમણે વડાપ્રધાનપદ સંભાળ્યું અને ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ બાકીના જે છેલ્લા બે વર્ષથી એ જ રસ્તે કામગીરી કરીને આ વિકાસ જાળવી રાખ્યો છે ત્યારે સામાન્ય વહીવટ વિભાગના ૨૦૦૨ના જાહેરનામાથી સાયન્સ અને ટેકનોલોજી વિભાગની રચના અલગ રીતે કરવામાં આવી. તેમાં ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી, બાયોટેકનોલોજી, જીઓફિઝિકલ ટેકનોલોજી, સિસ્મોલોજીકલ રીસર્ચ જેવી અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ અને અમલીકરણની જવાબદારી આ વિભાગ નિભાવે છે. રાજયના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નોંધપાત્ર વિકાસમાં અદ્યતન ટેક્નોલોજીનો સિંહફાળો છે. સરકારે લીધેલાં વિવિધ પગલાંઓથી અત્યારે મૂડીરોકાણ પણ વધી રહ્યું છે અને યુવા વર્ગને નોકરીની વિપુલ તકોનું નિર્માણ પણ થઇ રહ્યું છે. આના માટે ગાંધીનગર–અમદાવાદ વચ્ચેનો જે વિસ્તાર નોલેજ કોરીડોર તરીકે અત્યારે વિકસાવવામાં આવ્યો છે. જયાં ઉચ્ચ શિક્ષણની અનેક સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત ઇન્ફર્મેશન ટેક્નોલોજીની કંપનીઓ, આઇ.ટી. પાર્ક અને ગીફ્ટ સિટી સ્થાપવાની કાર્યવાહી અત્યારે ગતિમાં છે. ૧૨મી પંચવર્ષીય યોજના દરમ્યાન ભારત સરકારે નેશનલ ઇ–ગવર્નન્સ પ્લાન યોજના અમલમાં મૂકી જે નેપ તરીકે ઓળખાય છે. જે ચાલુ પંચવર્ષીય યોજનામાં પણ ચાલુ રહેશે.

ગુજરાતને અત્યાર સુધીમાં આઇ.ટી. અને ઇ–ગવર્નન્સ ક્ષેત્રે લગભગ ૧૭૦ જેટલા વિવિધ પ્રકારના એવોર્ડ પ્રાપ્ત થયા છે જે આપણાં માટે બહુ ગૌરવની વાત છે. સાયન્સ અને ટેકનોલોજીનો વ્યાપ અને તેના ફાયદા જો ગણીએ તો હું માનું છું કે A TO Z શબ્દ વાપરી શકાય. શોપીંગ મોલ હોય, દૂકાન હોય એના માટે એ ટુ ઝેડ શબ્દ વાપર્યો હોય છે. એટલે જેમાં દરેક પ્રકારની વસ્તુ મળે. આ ટેકનોલોજીનો ઉપયોગ કોઇપણ વિસ્તારમાં કરી શકીએ. અંતરિયાળ વિસ્તાર હોય, ડુંગરાળ વિસ્તાર હોય, દુર્ગમ વિસ્તાર હોય એમાં આ ટેકનોલોજી ઉપયોગી છે. નાનામાં નાના ગામડાથી માંડીને મેટ્રોપોલીટન સીટી સુધીનું કવરેજ આ ટેકનોલોજીથી થઇ શકે છે. ટૂંકમાં કહી શકાય કે આપણા ત્રણેય લોક આકાશ, પાતાળ અને પૃથ્વીની માહિતી અને સેવા આ ટેકનોલોજીથી મળી શકે છે. એટલે કે તેનો ઉપયોગ સહેલાઇથી થઇ શકે છે. અત્ર, તત્ર, સર્વત્ર આ ટેક્નોલોજીથી ત્યાં પહોંચી શકીએ છીએ અને સેવા આપી શકીએ છીએ. દરેક વિભાગમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અત્યારે સરકાર કરી રહી છે. એના ફાયદામાં તો સરળતા– બિલકૂલ ઝંઝટ વગર તમે સેવા અને માહિતી ઘેર બેઠાં મેળવી શકો. ઇવન કારમાં બેઠા બેઠા આ માહિતી મોબાઇલ દ્વારા અથવા તો કમ્પ્યુટર દ્વારા મેળવી શકો છો. ખીસ્સામાં મોબાઇલ હોય તો તમે વાત કરી શકો. એટલે આમાં સરળતા ખૂબ છે અને ઝડપથી કામ થાય છે. આપણે પહેલા વાયુવેગ શબ્દ વાપરતા હતા. હું માનું છું કે અત્યારની એકવીસમી સદીમાં વાયુવેગે કરતાં વીજળી વેગે એ ઝડપથી કામો અને માહિતી આપણને મળી શકે છે. બીજું સસ્તી સેવા. બિલકૂલ સમય, શકિત, નાણા અને ફ્યૂલ આ ચારેય પ્રકારની બચત આ ટેકનોલોજીથી કરી શકાય છે. એટલે સરકારના દરેક ડિપાર્ટમેન્ટમાં આ રીતની સેવા ટેક્નોલોજીથી આપણે લઇ શકીએ છીએ. ગુણવત્તાયુક્ત સેવા, ચોક્કસાઇપૂર્ણ સેવા અને ખાતરીપૂર્વકની કામગીરી થઇ શકે છે. આ ટેકનોલોજીના ફાયદા છે. સૌથી મોટો અને અગત્યનો ફાયદો કહું તો એ ટ્રાન્સપરન્સી છે. કરપ્શન કંટ્રોલ માટે બેસ્ટ સાધન અને હથિયાર હોય તો આ ટેકનોલોજીનો ઉપયોગ છે અને એ માર્ગે આપણે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યા છીએ અને લગભગ સરકારના મોટા ભાગના ડિપાર્ટમેન્ટોમાં આના ઉપયોગથી ઘણો બધો ભ્રષ્ટાચાર કંટ્રોલ કરી શક્યા છીએ. એટલે છેવાડાના માણસ સુધી ગુડ ગવર્નન્સ અને ઇ–ગવર્નન્સ દ્વારા લાખો લોકોને આ લાભ પહોંચાડવાનું કામ આ સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તક છ સંસ્થાઓ છે. એમાં મુખ્ય વાત કરું તો જીઆઇએલ– ગુજરાત ઇન્ફર્મેટીક લી. ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી, ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી. બાયસેગ– ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીયો ઇન્ફર્મેટિક્સ, ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજીકલ મિશન અને આઇએસઆર. ઇન્સ્ટીટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ. આ છ સંસ્થા આ વિભાગ હસ્તક છે અને દરેક વિભાગની બેસ્ટ કામગીરી છે અને વિભાગને નેશનલ અને ઇન્ટરનેશનલ એવોર્ડ મળેલા છે. એટલે બાયો ટેક્નોલોજીની વાત કરું તો બાયોટેકનોલોજીકલ મિશન ૨૦૦૪માં ગુજરાતમાં શરૂ થયું અને આ વર્ષ ૨૦૧૬–૧૭ માટે સાડા ત્રેવીસ હજાર કરોડનું બજેટ અત્યારે એના માટે ફાળવ્યું છે. ખૂબ જ અગત્યની ટેકનોલોજી છે. માનવ સંસાધન વિકાસની યોજના અમલમાં છે. વધુ આયોજન માટે તાલીમ, સંશોધન અને એના વિશે જાગૃતિ આવે એના માટે ઉદ્યોગ સાહસિકતા સેલ ઉભા કરવામાં આવ્યા છે. ક્રાંતિકારી શોધ કહી શકાય એવું આ બાયોટેકનોલોજી મિશન છે. એમાં આરોગ્યની દ્રષ્ટિએ સ્ટેમ સેલ એને માસ્ટર સેલ કહી શકાય એ સેલનો ઉપયોગ શરીરના કોઇપણ ભાગમાં આરોપણ કરો એટલે એ પ્રકારનો સેલ બને. એટલે એકવીસમી સદીમાં આ ક્રાંતિકારી શોધ કહી શકાય. આની ઉપર ગુજરાત સરકાર આગળ વધી રહી છે અને એના માટે મદદરૂપ થઇ રહી છે. જીનેટીક સાયન્સ– જીનેટીક વારસાગત રોગો હોય, એમાં રિસર્ચની કામગીરી પ્રગતિમાં છે. પશુપાલન વિભાગ માટે કહુ તો જુદી જુદી ઉત્તમ ઓલાદની ગાયો જે જીનેટીક્સ રીતે થઇ શકે. જે મેં હમણાં વાત કરી એ પ્રમાણે એમાં મહત્ત્વના ગુણોના વિકાસ માટે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને સહાય અને ગ્રાન્ટ આપવામાં આવે છે. એ જ રીતે આયુર્વેદ– આપણે પાંચમો વેદ જે કહેવાય, એ આયુર્વેદ અને હર્બલ દવા આપણા હિન્દુસ્તાની સારવારની પ્રાચીન પદ્ધતિ છે, એના વિકાસ અને સંશોધન માટે યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓને રૂ.૨/– કરોડની સહાય આપવા માટે આ અનુદાન લઇને આવ્યા છે. ટૂંકમાં દરેક પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ ગુજરાતમાં થઇ રહ્યો છે અને એનું ઉદાહરણ જોઇએ તો આપણો સ્વાગત કાર્યક્રમ ગુજરાતમાં ખૂબ જ પ્રચલિત છે અને આખા હિન્દુસ્તાનમાં દ્રષ્ટાંત અપાય તેવો છે. દર વર્ષે લગભગ ત્રણ લાખ જેટલા પ્રશ્નો ડાયરેક્ટ સી.એમ.સાહેબ વિડિયો કોન્ફરન્સિગથી સાંભળીને તેનો ઉકેલ પણ લાવે છે અને તેમાંના ઘણા પ્રશ્નો પ્રગતિમાં પણ છે.

ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૧મી માર્ચ, પર્યાવરણ દિવસની આપ સર્વને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવુ છું. કલાયમેટ ચેંજ, મહિલા બાળ વિકાસ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરુ છું. ગતિશીલ ગુજરાતમાં જે ગતિથી ઔદ્યોગિકરણ થઇ રહ્યું છે એ જ ગતિથી ધૂળ, ધુમાડા એટલે કે હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ અને ઘન કચરાનું પ્રદૂષણ ધીમે ધીમે વધી રહ્યું છે. ગુજરાતનું કલાયમેટ બન્ને રીતે ચેઇન્જ થઇ રહ્યું છે. એટમોસ્ફીયરની રીતે અને પોલીટીકલ પણ હકીકત એ હકીકત જ રહે છે. રીપોર્ટસ આવે કે ન આવે, લોકોની આંખોને છેતરી ન શકાય. ઝેરની બોટલ ઉપર મધનું લેબલ લગાડીએ તો ઝેર મધ થઇ જતું નથી તેમ સરકારી નિયમો

બદલવાથી, પ્રદૂષણના માપદંડો બદલવાથી, ઉદ્યોગોને અનુકૂળ કરી નાખીએ તો પ્રદુષણ ઘટી જતું નથી. પર્યાવરણ સુરક્ષા કાયદો સુધરી રહ્યો છે. દંડ ભરી અને પ્રદુષણ કરો. આવા પાંચ કાયદાઓમાં સુધારો કરી માત્ર એક કાયદો કરવો જોઇએ એન્વાયર્મેન્ટ લો મેનેજમેંટ એકટ, નહીંતર તો ઉદ્યોગ ગૃહો મેક–ઇન–ઇન્ડિયાના નામે ભાગીદાર થવા વિના ગભરાટે પ્રદૂષણ ફેલાવશે. ઉદ્યોગ ગૃહો જોડે એમ.ઓ.યુ. તો થયા પણ શ્રી વિજય માલ્યા કલ્યાણ નિધિ જેવા થયા. વિજય માલ્યા તો દેશ છોડીને જતા રહ્યા પરંતુ ગુજરાતમાં આવા કેટલાય વિજય માલ્યા છે. •(x x x ) એ કયાંથી ચાલશે? ગુજરાત સરકારે અલાયદા કલાયમેટ ચેંજ વિભાગની રચના કરી પરંતુ આજ દિવસ સુધી આ વિભાગની વેબસાઇટ બની નથી. ડીજીટલ ઇન્ડિયાની વાતો કરીએ, આપણે ઇ–ગવર્નન્સની વાતો કરીએ પરંતુ જો તમે વેબસાઇટ ખોલો તો ના મળે. આનાથી વધારે નિષ્ફળ મોડલ બીજું શું હોઇ શકે? કોંગ્રેસની સરકારને ધન્યવાદ આપું છું કે આર.ટી.આઇ.એકટનો અમલ કરાવ્યો કારણ કે કલાયમેટ ચેંજ, એકશન પ્લાન અને પ્રો–એકટીવ ડીસ્પ્લોઝરના જો ૧૭ મુદ્દા આપણે જોવા હોય તો વેબસાઇટ ઉપર ન મળે એના માટે આપણે આર.ટી.આઇ. જ કરવી પડે છે. જી–સ્વાનની વેબસાઇટ ખોલીએ અને જો કલાયમેટ ચેંજ વિભાગ ખોલીએ તો ગેડા એટલે કે ગુજરાત એનર્જી ડેવલપમેંટ એજન્સીની જ બધી સાઇટ ખુલતી હોય છે એટલે કે નામ બડે ઓર દર્શન છોટે. કલાયમેટ ચેંજના લીધે આ વર્ષે અમરેલી અને બનાસકાંઠામાં ભારે પૂર આવ્યા અને તારાજી થઇ. માનનીય અમિતભાઇ ચાવડાના તારાંકિત પ્રશ્નના જવાબમાં સરકારે ખુદ કબુલ્યું કે ૨૦૧૫–૧૬માં ડીઝાસ્ટર મેનેજમેંટમાં ૬૩ કરોડ રૂપિયા સરકારે માગ્યા, કેન્દ્ર સરકારે ફાળવ્યા ફકત ૪૫ કરોડ રૂપિયા. •(x x x ) તો બીજુ શું? કલાયમેટ ચેઇન્જ વિભાગની કામગીરી શું એ આજ સુધી કયાંય ખબર પડે એવું છે નહીં. ૮૪ કરોડ ૬૦ લાખ રૂપિયા ફાળવવાની જોગવાઇ હતી પરંતુ ૨૦ કરોડ તો વાપર્યા વગરના પડયા રહ્યા. મારે તો એક બાબતમાં સરકારને હાર્દિક અભિનંદન આપવા હતા પણ બહાર મને કોઇકે એમ કીધું કે બેન હાર્દિક શબ્દ તો બોલતા જ નહીં એટલે અભિનંદન આપુ છું કે નર્મદાની કેનાલ ઉપર રૂફ ટોપ ઉપર સોલાર પેનલ બનાવી એ ખૂબ સારું કર્યું, પરંતુ બનાસકાંઠાના ચારણકા સોલાર પ્રોજેકટમાં જે અનેકગણી ગોચરની જમીનો અને તળાવો ડૂબ્યા એ ખૂબ નુકસાન થયું. સ્વચ્છતાના નામે તમે ફોટા પડાવો, પરંતુ ફકત ફોટા જ ના પડાવો કારણ કે જયારે પીરાણા પાસેથી નીકળીએ છીએ ત્યારે બાળકો પૂછે છે કે આ ડુંગરા શેના છે? આ પર્વતો શેના છે ત્યારે શરમ આવે છે. આજુબાજુ હજારો ગરીબ લોકોના પરિવારો રહે છે એના આરોગ્યની ચિંતા આ સરકારને નથી એટલે ગરીબો માટે આફત અને ઉદ્યોગપતિઓ માટે અવસર છે. રાજયમાં ૩૬૦ જેટલા ઐતિહાસિક સ્મારકો છે પણ આપણે ત્યાં કોઇ પુરાતત્વવિદ નથી. પુરાતત્વ ખાતામાં મંજૂર મહેકમ ૧૧૨ સામે ૭૧ ખાલી છે તો ઐતિહાસિક સ્મારકોની જાળવણી કેવી રીતે થતી હશે? ખેલ મહાકુંભની વાત કરું તો ચાર વર્ષમાં૧૮૮ કરોડ રૂપિયા આપણે વાપર્યા. રમત–ગમતમાં જે સ્પર્ધકો છે એને તો રેલવેમાં સેકન્ડ કલાસનું ટી.એ. અને માત્ર ૧૨૫ રૂપિયા ડી.એ. આપવામાં આવે છે તો પછી ગુજરાતમાં મેદાનમાં બાળકો કેવી રીતે રમશે? એ તો કાગળ ઉપર જ રમે ને? તમે સ્માર્ટ સિટીની વાતો કરો છો, સ્માર્ટ ગુજરાતની વાતો કરો છો પણ દુઃખ થાય છે કે તમે સ્માર્ટ બાળકની વાત નથી કરતા. 'નન્હે મુન્ને બચ્ચે તેરી મુઠ્ઠી મેં ક્યા હૈ? મુઠ્ઠી મેં હૈ તકદિર હમારી, હમને કિસ્મત કો બસમેં કીયા હૈ.' આપણા નાના બાળકો એ દેશનું ભવિષ્ય છે. આવા નાના બાળકો પૈકી જ્યારે ૪૫ ટકા કુપોષિત હોય, ૬ લાખ ૫૮ હજાર ૧૫૧ બાળકો કુપોષિત હોય ત્યારે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન અને ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલ્યુશન સાયન્સે કુલ ૨ કરોડ ૫ લાખ રૂપિયા સરવે માટે વાપર્યા અને એનો અહેવાલ હજુ સુધી તૈયાર થયો નથી. આ વર્ષે પણ ૧૦ લાખ રૂપિયા આ કુપોષિત બાળકો માટેના વધ્યા. એક બાળક પાછળ આપણે કેટલો ખર્ચ કરીએ છીએ? માત્ર ૬ રૂપિયા ખર્ચ, એટલામાં તો લોલીપોપ પણ ન આવે. અરવલ્લી જિલ્લાના સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરના તારાંકિત પ્રશ્નમાં પૂછેલ કે આઇ.સી.ડી.એસ. ખાતે કેટલા પૈસા ફાળવ્યા? તો ૨૦૧૪–૧૫માં ૨૫ કરોડ ૬૨ લાખ અને તેમાંથી પોષણ સંબંધિત ખર્ચ કેટલો કર્યો તો ફક્ત ૧ કરોડ ૩૭ લાખ અને ૨૦૧૫–૧૬માં તો અડધા થઇ ગયા. ૧૨ કરોડ રૂપિયા ફાળવ્યા અને પોષણ સંબંધિત ખર્ચ ફક્ત એક કરોડ રૂપિયા કર્યો. આ રીતે કુપોષણ કેવી રીતે દૂર થાય? ખૂબ દુઃખ થાય છે કે જ્યારે કુપોષણની વાત કરતા હોઇએ ત્યારે આંગણવાડી માટે જે ચંદ્રિકાબેન કહેતા હતા કે ટેન્ડરની વાત કરું તો તમે ફુડ પેકેટ સિલેક્ટ કરો ત્યારે આ ખાવા લાયક છે કે નહીં, એ ભાવે એવું છે કે નહીં એ તો જુઓ. હું માનનીય મંત્રીશ્રીને કહું છું કે તમે ફૂડ પેકેટ લાવી વિધાનસભામાં ધારાસભ્ય માટે પ્રીમિક્સ પાઉડરમાં પાણી નાખીને ધારાસભ્યોને ચાખવા આપો અને જો કોઇને ભાવે તો મંજૂર કરો. એટલિસ્ટ બાળકોને ભાવે એવું તો હોવું જોઇએ ને?

અધ્યક્ષશ્રી : બાળકો માટે છે, એ ધારાસભ્યો માટે નથી. આપ સભ્ય છો અને આપ ચર્ચાનું સ્તર એટલું બધું નીચું ન લઇ જાઓ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આયર્ન, પ્રોટિન, કાર્બોહાઇડ્રેટ, વિટામિન આ બધું નાખેલું હોય છે. એની ગુણવત્તા હોય છે. પરંતુ એ ઢોરને વેચી દેવામાં આવે છે. દૂધાળા ઢોર વધારે દૂર આપે એના માટે કિલો–કિલોના ભાવે વેચવામાં આવે છે. બાલ આયોગના ચેરપર્સન, આટલી બધી મોટી પોસ્ટ અને ટેકનિકલ નોલેજ ધરાવતા તમને છ કરોડની જનતામાં કોઇ ક્વોલિફાઇડ કેન્ડિડેટ ન મળ્યું કે તમે કોઇ હાઉસ વાઇફને એ માટે નિયુક્તિ આપી? કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં ગેસ–બાયોગેસ સ્કીમ હેઠળ બી.પી.એલ. થી નીચેની મહિલાઓને ફ્રી ગેસ કનેક્શન આપવાની જાહેરાત છે. ગતિશીલ ગુજરાતમાં આંગણવાડીમાં પણ ગેસ કનેકશન નહીં અને સગડી પણ નહીં? ચોખ્ખું પીવાનું પાણી ૧૭ હજાર આંગણવાડીમાં અને ૧૮ હજાર આંગણવાડીઓમાં શૌચાલય નથી. શહેરની ૨૦૪૬ આંગણવાડીઓમાંથી અમદાવાદમાં જ ૧૫૫૫ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. વિધવા સહાય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટે ગુજરાતમાં ૯૮,૪૪૩ અરજીઓમાંથી ૨૫, ૧૪૬ નામંજૂર થઇ. વિધવા સહાય યોજના હેઠળ મહિલાઓને તાલીમ આપવા એન.જી.ઓ.ની નિમણૂંકની જાહેરાત તમે તા. ૧૮-૧૦-૨૦૧૪ અને ૩-૬-૨૦૧૫ એમ બે વાર કરી પરંતુ હજી એની કોઇ નિમણૂંક થઇ નથી. મારા તાલુકામાં બે દિવસ પહેલાં નારી અદાલતના ઉદઘાટનનો પ્રોગ્રામ હતો, મહિલાઓનો પ્રોગ્રામ હતો પણ મહિલા ધારાસભ્ય હોવા છતાં કાર્ડમાં નામ લખવામાં આવતું નથી કે જાણ કરવામાં આવતી નથી.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટનો આદેશ છે કે ૩૦ કરતાં વધારે મહિલાઓ જ્યાં કામ કરતી હોય ત્યાં હ્યુમન ગ્રીવન્સ સેલ ઉભો કરવો જોઇએ એનો અમલ ગુજરાતમાં થતો નથી. હું નારી સંરક્ષણ ગૃહની વાત કરું તો પીડાયેલી, કચડાયેલી અને ગરીબ મહિલાઓ ત્યારે રહેતી હોય છે. ૫ વર્ષમાં ૭૬ મહિલાઓ ભાગી જવાના કેસો બન્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ત્યાંના ગેટ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, છતાં આપણે ત્યાં એનો અમલ થાય છે ખરો? એના મોનિટરીંગ અને સિક્યોરિટી માટે આપણે ગંભીર નથી. ત્યાં આગળ ડાહ્યા બહેનો અને મેન્ટલી રિટાયર્ડ બધાને એક સાથે રાખવામાં આવે છે. આમ તો આપણે બેસ્ટ મેનેજમેન્ટની અને બેસ્ટ..

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રીબેન આપની પાસે બે મિનિટ છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીઓનું સંચાલન ખરેખર જાતે કરવાના બદલે સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓને અને ટ્રસ્ટોને પધરાવી દે છે. એટલે કે બાળકો અને મહિલાઓનું કુપોષણ દૂર કરવાનું નહિ પણ પોતાનું આર્થિક કુપોષણ દૂર કરતા હોય એવું ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનું લાગે છે. બાળકો અને મહિલાઓનો કોળિયો છિનવી લઇ અને લાખો રૂપિયાની કમાણી ભૂતિયા બાળકો, ભૂતિયા મહિલાઓ એવા નામો લખીને કૌભાંડો કરવામાં આવે છે એના માટે સરકારે જાગૃત થવાની જરૂર છે અને આપણા •(x x x )

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની બહેનો માટે કહું તો ફિક્સ પગાર અને પૂરો પગાર એ તકલીફ છે એને ફિક્સ પગારમાંથી પૂરા પગારની સગવડ કરવી જોઇએ, આને આર્થિક અસ્પૃશ્યતા કહેવાય. મહિલાઓના બજેટ ખોરવાઇ જાય છે અને આ ગતિશીલ ગુજરાત છે કે શોષણશીલ ગુજરાત છે? માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેન્ટ ચેઇન્જ ઉપર એટલે કે એન્વાયરમેન્ટ ઉપર તો આપણા વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીએ બૂક્સ પણ લખી છે. ખૂબ સારી વાતો પણ કરી છે પણ *(x x x )

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, આ શબ્દ આમાં કાંઇ આવતા નથી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : જો જમીન આપતા હોય પણ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : મહેરબાની કરીને આપનુ પ્રવચન પૂરું કરો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : પર્યાવરણની ચિંતા જો સરકાર પોતે જ ના કરતી હોય તો આનાથી વધારે બીજી ખરાબ બાબત શું હોઇ શકે? *(x x x ) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રીબેન આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગની માગણી નંબર ૧૦૭ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૧મી માર્ચ આંતરર્ાષ્ટ્રિય વન દિવસ. ગૃહના માનનીય સભ્યશ્રીઓને માહિતી આપું કે વન બહારના વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડથી વધીને ૩૦ કરોડ થઇ છે. આ રાજ્યની પર હેક્ટર પર ૧૪ ઝાડ જે છે એ નેશનલ રેશિયો કરતા આપણો ઘણો સારો રેશિયો છે અને think green, act green and view green નો મંત્ર જ્યારે આપણે સૌ ભેગા થઇને ચરિતાર્થ કરીએ. ભલે આપણે આંકડાની અંદર નેશનલ લેવલ કરતા above હોઇએ પણ એનાથી પણ વધુ સારું કરીએ એવી તમામને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેન્ટ ચેઇન્જ એ કોઇ દંત કથા નથી. એ એક વાસ્તવિકતા છે અને આપણા અસ્તિત્વ પર એક ખતરો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ તે વખતે કહ્યું હતું કે- ''આપણે વિશ્વમાં જે ફરક જોવા માગીએ છીએ એ મુજબ આપણામાં ફરક લાવવો જોઇએ.'' હું ચોક્કસ એવું માનું છું કે discussion is exchange of knowledge and we are either part of the solution or we part of the problem. માનનીય વિપક્ષના સભ્યોને હું કહેવા માગુ છું કે, આ પ્રશ્ન એટલો ગંભીર છે કે એના સકારાત્મક, એના સારા વિચારો આ વિભાગને આપીએ. કારણ કે, જે કોઇ તકલીફો પડવાની છે ત્યારે કોઇ જોવાનું નથી કે આ કોણ છે? આ સમાન તકલીફો બધા ઉપર આપવાની છે. ગ્લોબલ વોર્મિંગ એ સમગ્ર વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. માનવ સર્જીત છે અને એની ગંભીર અસરો પણ માનવ વસ્તીએ જ સહન કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં ભલે લોકોની જીવનશૈલી અલગ અલગ હોય પણ આની ગંભીર જે અસરો છે એ પૃથ્વી પર એક સમાન પડનાર છે માટે માનનીય વિપક્ષના નેતા અને વિપક્ષના સભ્યોને હું કહું છું કે આની અંદર કાપ દરખાસ્ત હોય નહિ. આપના સારા સૂચનો આની અંદર રજૂ થાય. આપણી ધરતીએ આ વિશ્વમાં સૌથી મૂલ્યવાન બક્ષીશ છે અને એનું રક્ષણ કરવાનું એ આપણું કર્તવ્ય છે. અત્યારના પ્રાકૃત્તિક સંશોધનો આપણી પાસે ઘણાં મર્યાદિત છે અને પાણી, હવા, માટી, ખનીજ, તેલ, જંગલ, ઘાસ, સમુદ્ર, કૃષિ અને પાલતું પ્રાણી વગેરેમાંથી આપણે જે પેદાશો મેળવીએ છીએ એ આપણી વ્યવસ્થાનો ભાગ છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ જીવનશૈલી દરમિયાન આપણે જેટલી કુદરતી શંસાધનોનો ઉપયોગ કરીએ છીએ, એક સવાલ એ છે કે, આવનારી પેઢી માટે શું આપણે આને જીવંત રાખવા નહીં પડે ? આપણે પાણીની વાત કરીએ તો પાણી આપણે પોલ્યુટ કરી ચૂક્યા છીએ. જમીનની વાત કરીએ તો આપણી જમીન ખરાબ છે, હવાની વાત કરીએ તો આપણે હવા આપણી ખરાબ કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પેરિસની અંદર તા. ૩૧મી નવેમ્બર, ૨૦૧૫ થી લઇને તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૫ ક્લાયમેટ ચેઇન્જ કોન્ફરન્સમાં ૧૯૫ દેશોએ ભાગ લીધો અને પર્યાવરણના શુદ્ધિકરણ ઉપર એક સાથે એ લોકોએ સંમતિ દર્શાવી. માનનીય બહેનશ્રીના ધ્યાન પર મૂકું કે, કાર્બન પર વ્યક્તિ, એક વ્યક્તિ દીઠ કાર્બન ડાયોક્સાઇડ કેટલો હોય, તો કેનેડામાં ૨૫ ટન છે, યુ.એસ.એ.માં ૧૯ ટન છે, રશિયામાં ૧૬ ટન છે, જાપાન ૧૦ ટન છે, ચાઇના ૮ ટન છે. પહેલાં ૧ થી ૨૦ જે દેશો છે એમાં ક્યાંય ઇન્ડિયા નથી. ઇન્ડિયાનો ૨.૨૫ ટન પર વ્યક્તિદીઠ છે ત્યારે એનાથી એ વિશેષ નથી કે, આપણે ઓછા છીએ માટે આપણે કાર્બન ડાયોક્સાઇડ વધારે ઉત્પન્ન કરવો જોઇએ. પણ આના પરિણામો શું છે. મેં કહ્યું અગાઉ કે, આની જે અસરો છે એ એકસમાન પડવાની છે. આના પરિણામે સુનામી, ભૂકંપ, દરિયાઇ તોફાનો, વાવાઝોડાઓ, હિમપ્રપાત, શીખરો ઘસી પડવા, એકસાથે વધુ વરસાદ પડવો અને આવી તમામ આફતો આપણી પર જ્યારે આવવાની હોય ત્યારે, મારે ખાસ વાત કરવી છે કે, હમણાં મારી પાસે એક ડેટા છે કે, યુ.એસ., કેનેડા, ચાઇના અને ઇન્ડિયા, અમેરિકન એસોસિએશન ફોર એન્વાયર્મેન્ટ ઓફ સાયન્સ, વધતા જતા પ્રદુષણનો એક સંશોધનનો અહેવાલ પ્રકાશિત થયો છે. અને એમાં જણાવાયું છે કે, દર વર્ષે આ વિશ્વની અંદર ૫૫ લાખ લોકો આ એર પોલ્યુશનના ભોગ બને છે અને એમાં સૌથી વધારે ચાઇના અને ભારત દેશ છે. આ રિસર્ચની અંદર ૧૮૮ જેટલા દેશોમાં આ રિસર્ચ ચાલ્યો અને ૧૯૯૦ થી લઇને ૨૦૧૩ સુધીના આ ડેટાનો અભ્યાસ કર્યો પછી આ તારણ આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બ્રિટિશ કાઉન્સિલ ઓફ કોલંબિયાનો રિપોર્ટ છે કે, દુનિયામાં ૮૫ ટકા વસ્તી આ પ્રદુષણવાળા વિસ્તારમાં રહે છે જેમાં ભારત અને ચીનમાં સ્થિતિ અત્યંત ખરાબ છે. એક રિપોર્ટ એ પણ છે કે, ૧૯૮૪ થી લઇને ૨૦૧૩ સુધી આ ૨૦ વર્ષની અંદર આ જગતભરમાં ૬,૮૭૩ જેટલી કુદરતી આફતો નોંધાઇ છે અને એમાં ૧૩.૫ લાખ લોકો મૃત્યુ થયા છે. એટલે સરેરાશ કહી શકાય કે, ૬૮ હજાર જેટલા એવરેજ મૃત્યુ પર ઇયર થયા છે. આનાથી ફકોડી હાલત તો એ છે કે, જે બચી ગયા છે એ આનાથી, સૌથી વધારે આનું પરિણામ એ ભોગવી રહ્યા છે. જ્યારે પર્યાવરણની આજની સૌથી મોટી સમસ્યા હોય ત્યારે છેલ્લા ૪૦ વર્ષમાં આ પૃથ્વી પર પાંચ હજાર લાખ હેકટર જંગલો નાશ થયા છે અને એટલા માટે જ મેં જ્યારે ગુજરાતનો ડેટા આપ્યો ત્યારે મેં કહ્યું કે, આપણે આનાથી સંતોષ ના થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ તેજશ્રીબેન આપ ડોકટર છો તો આપને કહું કે, દિલ્હીનો એક રિપોર્ટ છે કે, દિલ્હીમાં એ હદે પર્યાવરણ ખરાબ થયું છે કે, દિલ્હીના ૪૦ ટકા સ્કુલે જતા બાળકોની લન્ગ્સ કેપેસિટી ફેઇલ થઇ છે. ત્યારે એના કરતાં પરિસ્થિતિ આ ગુજરાતની કંઇ સારી છે. અને એવી જ પરિસ્થિતિ મુંબઇની છે, કલકત્તાની છે, બેંગ્લોરની છે. તો આ પરિસ્થિતિની અંદર આપણે સૌ કેવી રીતે કામ કરી શકીએ ? હમણાં જ દિલ્હીએ ઓડ-ઇવન નંબરના લાયસન્સ પ્લેટ, એ પોલીસી ૧૫ દિવસ માટે કરી પણ તેનાથી ટ્રાફિકમાં ચોક્કસ ફરક આવ્યો છે પણ પોલ્યુશનમાં માત્ર ૧ ટકાનો ડિફરન્સ આવ્યો છે. ત્યારે આપણે એની અંદર પણ સારા કામો કરવા જોઇએ. તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ, આ ગંભીરતા પહેલાં પારખી ગયા હતા અને ૨૦૦૮ની અંદર આ ગુજરાત રાજ્યની અંદર ક્લાયમેટ ચેઇન્જ ડિપાર્ટમેન્ટ ખોલવામાં આવ્યું હતું. આ દ્રષ્ટિ કહેવાય, વિઝનરી મીશન કહેવાય કે, એમણે તે વખતે દ્રષ્ટિ જોઇ અને તે વખતે આ ક્લાયમેટ ડિપાર્ટમેન્ટની એમણે રચના કરી અને આ વર્લ્ડમાં પહેલાં એવા વ્યક્તિ છે કે, જેણે ગ્લોબલ વોર્મીંગના ઉકેલ માટે, માનનીય અધ્યક્ષશ્રી, કન્વિનિયન્ટ એકશન નામની એમણે બૂક લખી છે. આ રાજ્ય સરકારે બદલાતા જતા સમીકરણો એન્વાયર્મેન્ટ સાથે ગ્રોથ બંને ઝીરો ડીફેકટ અને ઝીરો ઇફેકટ સાથે કામ કરે છે. સરકારનો અભિગમ છે કે રીડયૂસ, રીકવર, રીસાઇકલ અને રીયૂઝ. આ રાજ્ય એવું છે કે જેણે પ્રથમ સોલર પોલિસી જાહેર કરી છે. આજે સોલરમાં જઇએ તો આપણે ૧૯૧૪ મેગાવોટ, વીંડમાં જોઇએ તો ૩૮૧૨ મેગાવોટ, બાયોમાસની અંદર ૪૧.૨૦ મેગાવોટ અને મીની હાઇડલમાં ૯.૬ મેગાવોટ સાથે ૪૯૦૬ મેગાવોટ બીન પરંપરાગત ઉર્જા આ રાજ્ય પેદા કરે છે અને એનાથી સૌથી મોટો ફાયદો એ છે કે આ રાજયમાં ૧૦ લાખ કાર્બન ડાયોકસાઇડ આપણે રીડયૂસ કરી શકયા છીએ. કાર્બન ક્રેડીટસ મેળવનારમાં પણ આ દેશની અંદર ગુજરાત અવ્વલ નંબરે છે. બહેન કહેતા હતા ત્યારે મારે જણાવવું જોઇએ ગયા મહિને ગુજરાત પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડને સેન્ટ્રલ પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ તરફથી અને કેન્દ્ર સરકાર તરફથી શ્રેષ્ઠ કામગીરી બદલ ચાર એવોર્ડ આપવામાં આવ્યા છે. આ બતાવે છે કે આ વિભાગ આની અંદર કેટલું સક્રિય છે. આ જે જોગવાઇઓ આ માગણીમાં છે એમાં એન્વાયર્મેન્ટલ રિસર્ચ, આર. એન્ડ ડી. છે, એન્વાયર્મેન્ટ પ્લાનીંગ અને કોઓર્ડીનેશન છે , કલાઇમેટ ચેન્જ માટે ઇમ્પેકટ સ્ટડીઝ છે, ૨૦૧૭ની અંદર જે વાઇબ્રન્ટ ગુજરાત થવાનું છે એની અંદર એકઝીબીશન, કોન્ફરન્સ અને વિશ્વ જોડે વિચારોની આપ લે થવાની છે. એન્વાયર્મેન્ટલ પ્રોટેકશન અને નવીન ટેકનોલોજી માટે નવી જોગવાઇઓ માટે પૈસાની જોગવાઇ કરી છે. રેસીડેન્શીયલ સેકટર માટે સોલર રૂફ ટોપ, પચાસ હજાર ઘરોને,

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : આની કાપ દરખાસ્ત ન હોય, આને સર્વાનુમતે પસાર કરાય.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજની રમત ગમત, યુવા સાંસ્કૃતિક, કલાઇમેટ ચેન્જ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ છે એમાં મારા મનની નહીં પણ દિલની વાત રજૂ કરવા માટે

ઉપસ્થિત થયો છું. યુવાનો અને રમતગમતની વાત કરીએ ત્યારે હમણા જ મેં પ્રશ્ન પૂછયો હતો કે મારા જિલ્લામાં કેટલી શાળાઓમાં મેદાનનો અભાવ છે? ૫૦ ટકા કરતા પણ વધારે શાળાઓમાં આજે મેદાનનો અભાવ હોય તો આપણે આ નવી પેઢીને કેવી રીતે રમતગમતમાં પ્રોત્સાહિત કરી શકીશું? ખેલનું આપણી સંસ્કૃતિમાં  ઘણુંબધું મહત્વ રહેલું છે. ખેલની શોધ એટલા માટે થઇ હતી કે આપણું શરીર કયાંક ને કયાંક એકસરસાઇઝ કરે અને એનાથી આપણી સ્ફૂર્તિમાં વધારો થાય પણ જો નાના બાળકોને જ આપણે ખેલકૂદનું એન્વાયર્મેન્ટ કે મેદાન નથી આપી શકતા તો આ સરકાર કયાંથી ગતિશીલ કહેવાય? આ તો મંદીશીલ સરકાર કહેવી પડે. ખેલમહાકુંભ ખૂબ જ મોટો ઉત્સવ. કરોડો રૂપિયાનું બજેટ પણ એની પાછળથી આઉટ ટર્મ શું? કેટલા પણ રજીસ્ટ્રેશન થાય, લાખોની સંખ્યામાં ખેલાડીઓના રજીસ્ટ્રેશન કરવામાં આવે છે પણ શું હકીકતમાં એટલા જ ખેલાડીઓ આ ખેલ મહાકુંભમાં લાભ લે છે ખરા? જે તે જગ્યાએ આનું આયોજન કરવામાં આવે એ સંસ્થાના એકાઉન્ટમાં પૈસા નાખી દેવામાં આવે અને ત્યાં વ્યવસ્થાની પણ ઘણીબધી વિસંગતતા ઉભી થાય છે. મોટામાં મોટી દુઃખની વાત એ છે કે ખેલ મહાકુંભમાં જેટલા ખેલાડીઓ ભાગ લે છે એમાંથી ઘણા જે પણ વિનર થાય છે કોઇપણ ખેલ, કોઇપણ ગેમમાં એમને આપણે સર્ટિફિકેટ આપીએ છીએ. આ સર્ટિફિકેટનો ઉપયોગ શું? જે નેશનલ રમીને આવ્યો હોય ખેલાડી એને સરકારી નોકરીમાં આપણે પાંચ માર્કસ વધારે આપીએ છીએ તો ખેલ મહાકુંભમાં વિજેતા ખેલાડીઓ જે હોય એમને પણ જો આ સરકારી નોકરીઓમાં સર્ટીફીકેટના પાંચ માર્કસ ઉમેરવામાં આવે તો ખરેખર આપણે પ્રતિભાને મદદરૂપ થઇ શકીએ તેમ છીએ. છેલ્લા ઘણા વર્ષથી ખેલ મહાકુંભમાં વોલીબોલ હોય, ખો–ખો હોય કે રસ્સા ખેંચ હોય, ગર્વથી કહું છું કે મારા ગામની ટીમ ફર્સ્ટ નંબર ઉપર કે રનર્સ અપ તરીકે આવે છે અને હું સૌને આમંત્રણ આપું છું સાહેબને, ઘણીવાર કીધું કે આવો મારા ગામમાં રોજ સાંજે વોલીબોલની ગેમ  અને આપણે ગામમાં શૂટીંગ બોલ રમીએ એમ નહીં, કાયદેસર લીગલી ઇન્ટરનેશનલી લો થી રમવાવાળી પાસિંગ ગેમ વોલીબોલની. એટલી સરસ આ છોકરાઓ રમે છે. આ ખેલકુંભ આવે એટલે અહીયાથી વલસાડ હોય કે જામનગર ત્યાં ફાઇનલમાં જીતીને આ છોકરાઓ પાછા ઘરે આવીને હતા ત્યાં ને ત્યાં જ. ખેલમહાકુંભના આટલા બધા પૈસા ખર્ચીએ, પછી એની પાછળનો  ઉપયોગ શું? મારી સરકારને વિનંતી છે કે આ સર્ટિફિકેટનો ઉપયોગ આપણો યુવાધન કરી શકે એવું કરો. આ સરકારી નોકરીમાં જે તે ખેલાડી આ સર્ટિફિકેટ મૂકે તો એના માર્ક્સનો ઉપયોગ કરી શકે અને એને પ્રાયોરિટી મળે.  બીજું સાહેબ, ઘણી બધી સ્કૂલોમાં પી.ટી. ટીચર, વ્યાયામ ટીચરની જગ્યાઓ છેલ્લાં ૧૫ વર્ષથી મારા ખ્યાલથી ભરાઇ નથી. સી.પી.એડ. તો ઘરે બેઠા છે. ઘણી વ્યવસાયિક સંસ્થાઓ બંધ થઇ ગઇ છે. એટલે વહેલામાં વહેલી તકે આવી જગ્યાઓ ભરો તો નાનાં બાળકોને આનો સારો એવો ઉપયોગ થાય. મંદિર હોય તો પૂજા થાય. તમે શહેરોની અંદર આવા મોટા મોટા સ્પોર્ટ સંકુલો ખોલો, પણ ગામડાંના નાના યુવાનો માટે શું? મારી વિનંતી છે કે નાનાં નાનાં સેન્ટરોમાં એક વસ્તુ તો સ્વીકારવી પડે કે શહેરનો યુવાન અને ગામડાંના યુવાન વચ્ચે તફાવત તો ખરો કે ગામડાંનો યુવાન શહેર કરતા વધારે સશક્ત હોય છે, કેમ કે એ વધારે કસાયેલો હોય છે. જો એવા માણસોને આપણે ચાન્સ આપીએ, એવાને આપણે સ્કીલ ડેવલપ કરીએ તો એ કયાંકને કયાંક આપણા ગુજરાતનું ગૌરવ વધારે. એવાં ગામડાંની અંદર પ્રતિભા પડી છે, એની આપણે સ્કીલ ડેવલપ કરવી પડે.  આ રમત ગમત ક્ષેત્રમાં સારા કોચ આપવા પડે, સારું ગ્રાઉન્ડ, સારા સંકુલો આપવા પડે. અહીયા સ્કૂલોમાં મેદાનોનો  અભાવ હોય તો સંકુલોની કયાં વાત કરીએ. મારી નમ્ર અરજ છે આવાં નાનાં નાનાં સેન્ટરોમાં સરવે કરાવીને સ્પોર્ટસ સંકુલો આપો અને સારા કોચીસ આપો તો કયાંક ને કયાંક નેશનલ કે ઇન્ટરનેશનલ લેવલે આપણાં ગામડાંનાં બાળકો સારી રમત બતાવી શકે તેવા સક્ષમ છે. આગળની વાત કરું તો રાજીવ ગાંધી ખેલ અભિયાન. લગભગ દોઢેક કરોડ રૂપિયાની ગ્રાન્ટ આ સંકુલો માટે મળતી હતી. જ્યારથી ઉપર એન.ડી.એ., ભા.જ.પ. ની સરકાર બેઠી ત્યારથી ગુજરાતમાં હું માનું છું ત્યાં સુધી આ અભિયાન નીચે એક પણ સ્પોર્ટસ સંકુલ આપવામાં આવેલ નથી.  એક નામનું આટલું બધું આભડછેટ શા માટે? કયાંક સેન્ટ્રલમાંથી ગુજરાતમાં પૈસા આવતા હોય અને તમારી સરકાર હોય કે કોંગ્રેસની હોય કે, સમાજવાદીની પાર્ટીની સરકાર હોય, ત્યારે ગુજરાતમાં રૂપિયા આવતા હોય તો પહેલું એ કરવું જોઇએ, કારણ કે આમાં ગુજરાતનું હિત સચવાયેલું છે.  હમણા બે–ત્રણ દિવસ પહેલાં મારા ગામમાં કબડ્ડીની ટુર્નામેન્ટનું આયોજન કર્યુ હતું.  ત્યાં વેસ્ટ ઝોનના રેસલિંગના કોચ હરનાથસીંગજી અને પ્રો–કબડ્ડીમાં હમણા જે ટીમ વિજેતા થઇ એ પટના પાઇરેટસ એના કોચ જયવીરસિંહ. આ બંનેએ ચીફ ગેસ્ટ તરીકે નાનાં ગામડાંમાં આવીને ખુરશી શોભાવી હતી. આજુબાજુનાં ગામડાંના છોકરાઓની ગેમ જોઇ. એમણે પૂછ્યું કે આમને કોઇ કોચિંગ આપે છે? કોઇ કોચિંગ આપતું નથી. ટી.વી. ઉપર જોઇને જાતે એમણે સ્કીલ ડેવલપ કરી છે. એ કબડ્ડીના કોચે એવી પ્રોમીસ કરી કે અમીતભાઇ તમે અહીં ચરાડામાં કેમ્પ કરો. આજુબાજુના છોકરાઓને બોલાવો. હું ૧૦ દિવસ માટે આ છોકરાઓને કોચિંગ આપવા માટે આવીશ. આ રસલિંગ કોચની વાત કરું છું. આપણે ત્યાં કયાંય પણ કુસ્તીની ગેમ એટલી બધી ડેવલપ નથી. આપણી પાસે કોચ પણ નહોતા, પણ મારા ગામની અંદર એક સામાન્ય ઘરના છોકરાને આ હરનામસીંગ કરીને કોચે તૈયાર કર્યો છે તે આજે સેન્ટ્રલ ગવર્નમેન્ટનો કર્મચારી છે અને ૨૦,૦૦૦ રૂપિયા દર મહિને પગાર પાડે છે. યુવાનોની વાત કરીએ.  ગર્વથી કહેવું પડે આ ઇતિહાસ લખવામાં ગુજરાતના યુવાનો અગ્રેસર રહ્યા છે.  આજે ભા.જ.પ., કોંગ્રેસ કે કોઇ પોલિટકલ પાર્ટી જેટલી પબ્લિક ભેગી ન કરે એટલી પબ્લિક એક નાનકડા છોકરાએ, એક યુવાને કરી બતાવી. અભિનંદન આપવા પડે આ અલ્પેશજીને. વ્યસનમુક્તિનો પ્રોગામ સરકાર ન કરી શકી, પણ એણે વ્યસનમુક્તિનો એક મહાકુંભ કરી લાખો છોકરાઓને વ્યસનથી દૂર રહેવાનો સંકલ્પ કરાવ્યો. આજે યુવાનોની ગુજરાતની અંદર પરિસ્થિતિ શું છે? આજે યુવાનોને ગુજરાતની અંદર સામાન્ય ૧ કે ૨ લાખ લેવા કીડની વેચવા માટે તૈયારી બતાવવી પડે છે. ગૌ હત્યા માટે યુવાનોને જાહેરમાં ઝેર પીવું પડે છે.

શ્રી અમીતભાઇ ચૌધરી(ક્રમશઃ) એક છોકરો ફી ના ભરી શકે , તેના બાપનો કપાસ વેચવા જાય અને કપાસનો ભાવ ન મળે એટલે એ યુવાન, મારો ભાઇ જાહેરમાં ભડભડ ભડકે બળીને આત્મહત્યા કરે છે. આ ગુજરાતની પરિસ્થિતિ છે. આપણે યુવાનોને શું શીખવાડવા માગીએ છીએ. *(x x x )

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ તેને યુવાનો દેશભક્ત ગણાવે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું પ્લીઝ.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ એક સાધ્વી, તેમના સાંસદ એમ કહે કે...

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ આપણે ક્રિકેટ ટીમ પેદા કરવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ આ તરફ યુવાનોને દોરવાના છે. આ સરકાર ગતિશીલ નહીં પણ મંદિશીલ સરકાર છે. યુવાનો તરફ તમે દુર્લક્ષ્ય ના સેવશો. એક ટ્રેલર તો તમને બતાવી દીધું છે. ૨૦૧૭માં આ જ યુવાનો ઉખાડીને ફેંકી દેવાની તૈયારી કરી રહ્યા છે એટલે અત્યારથી ચેતજો. મારા ખેડૂતો અને મારા યુવાનોનું વિચારજો. આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ નાની મોટી વાતો કરી. સર્ટિફિકેટનો ઉપયોગ શું? અરે, આ સરકારે જેને સર્ટિફિકેટ મળ્યા છે તેને એન્જિનિયરીંગ, મેડિકલમાં અને અન્ય કોર્સની અંદર બે ટકા ગણીને એડમીશનની અંદર લાભ આપવાનું નક્કી કર્યુ છે. આપ જોતા નથી, આપ વાંચતા નથી. રમતમાં પહેલાં પણ મેં કહ્યું છે કે રમતમાં રાજકારણ ના રમશો, રાજકારણમાં ભલે તમે રમત રમો. તમે એકબાજું એમ કહો છો કે પક્ષાપક્ષીથી પર રહીને વાત કરું છું અને હાલમાં જ પક્ષાપક્ષીની વાત કરો છો. અમિતભાઇએ કહ્યું કે ગામડાનું શું? આ રમત ગમતના વિભાગ પર વાત કરતા હોઇએ તો આંખે પાટા બાંધે નહીં ચાલે. પાંચ હજારની વસ્તીવાળા દરેક ગામની અંદર આ સરકારે નિર્ણય કર્યો છે કે છ એકર જમીનની રમવા માટેના મેદાન માટે જોગવાઇ કરેલી છે. આને કહેવાય ગતિશીલ સરકાર. આંખે પાટા બાંધ્યે નહીં દેખાય. રમશે ગુજરાત અને જીતશે ગુજરાત. આજ પહેલાં કદી કોઇએ છ વર્ષ પહેલાં કોઇ સરકારને એવું ધ્યાનમાં આવેલ કે ખેલનો મહાકુંભ હોઇ શકે. માનનીય વડાપ્રધાનશ્રી તત્કાલિન મુખ્યમંત્રીએ ખેલ મહાકુંભ ઉભો કર્યો. આ ખેલ મહાકુંભ એવો થયો કે ખેલ મહાકુંભની અંદર ગુજરાતની પ્રગતિ જોવી હોય તો તેના આંકડા તપાસવા પડે. ૨૦૧૫માં રાષ્ટ્રીય ગેમ્સની રમત થઇ તેમાં આપણે અગાઉ ૨૯મા ક્રમ પર હતા તેમાં આજે આપણે આઠમા, નવમા ક્રમ પર આવીને ઉભા છીએ. આ છે ગતિશીલ ગુજરાત. એટલે કહું છું કે રમતમાં રાજકારણ મહેરબાની કરીને ન રમશો. આજે જે કાપ દરખાસ્તો આવી છે તેને હું જૂદી રીતે મુલવવા માગુ છું. અનુક્રમ નંબર ૨૬ની કાપ દરખાસ્તમાં મુસાફરી ભથ્થું વધારવું જોઇએ એવું રાઘવજીભાઇએ કહ્યું છે. ૨૭મા નંબરની કાપ દરખાસ્તમાં દૈનિક ભથ્થામાં વધારો કરવો જોઇએ. કાપ દરખાસ્ત નંબર ૨૮માં ખેલ મહાકુંભમાં રહેવા જમવાની સુવિધા નથી. કાપ દરખાસ્ત નંબર ૨૯માં સમરમાં કોચિંગ કેમ્પ બાબતમાં માનનીય ચંદ્રિકાબેને કહ્યું છે. કાપ દરખાસ્ત નંબર ૩૧માં કહ્યું કે રમતના મેદાનો નથી. અરે, આખા ગુજરાતની અંદર દરેક ગામની અંદર છ એકર જમીન આપવાનો સરકારનો નિર્ણય હોય તે તમને ન ગમે તો તમારા ગામમાં ન કરશો. આ ગુજરાતના ગામડાના તમામ યુવાનો આ છ એકર જમીનનો ઉપયોગ કરશે. આપ જે મેદાનની વાત કરતા હતા કે મેદાન નથી. લ્યો આપ્યા આ મેદાન, વાપરો તેને તમે. રામદાસ સ્વામીએ સમગ્ર હિન્દુસ્તાનની અંદર ૧૨૦૦ હનુમાન મંદિર બંધાવ્યા તેની જોડે ૧૨૦૦ અખાડા બનાવ્યા. કોઇએ માગવાની જરૂર નથી. આ ગુજરાતની, આ હિન્દુસ્તાનની ધરતી ઉપરના તમામ યુવાનો કોઇની રાહ જોઇતે બેસતા નથી. તે તેની વ્યવસ્થા ગોઠવી લે છે. સરકારો આવ્યે ને જાય પણ આ ગતિશીલ સરકારે આ ખેલ મહાકુંભનો એક અધ્યાય શરૂ કર્યો. ખેલકુંભનો અને એને કારણે રાષ્ટ્રીય રમત ગમતના સેક્રેટરીશ્રી એક કમિટી સાથે ગુજરાતના ખેલ મહાકુંભનું અવલોકન અને વિશ્લેષણ કરવા આવ્યા અને સમગ્ર હિન્દુસ્તાનમાં ખેલ મહાકુંભ થવા જઇ રહ્યો છે. તમે માની લેજો કે આ ગતિશીલ ગુજરાત છે, નિર્ણયો વિચારપૂર્વક લે છે, ખૂબ ઉંડા નિર્ણયો લે છે અને આગામી વર્ષો સુધી એની અસર રહેશે. આ યાદ રહેશે, યાદ રાખજો કે, માનનીય મુખ્ય મંત્રી આનંદીબેનનું આ કાર્ય વર્ષો સુધી યાદ રહેશે કે, બહેનોને આ કક્ષાની અંદર રમવા લઇ જવા માટે એમણે જે સમર કેમ્પ માટે જોગવાઇ મૂકી છે એમાં પણ તમે કાપ દરખાસ્ત મૂકી હવે સમર કેમ્પની વાત કરું, સમર કેમ્પમાં, કુલ ૭૧ કરોડ રૂપિયાની જોગવાઇ આ સમર કેમ્પની રમતમાં છે ત્યારે સમર કેમ્પ માટે ૭.૩૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, રમતના મેદાનોની વાત છે એમાં પણ રમતના મેદાનો નથી એમ કહીને કાપ દરખાસ્ત મૂકી છે અને હમણા જ મેં નીતિ વિષયક નિર્ણયની વાત કરી. આ ઉપરાંત રાજકોટ, હિંમતનગર, નડિયાદ, જામનગર, ભાવનગર, અમદાવાદ–નરોડા, અમદાવાદ–ખોખરા, ગાંધીનગર, નડિયાદમાં હોલ અને સ્વીમીંગ પુલ, વડોદરા–વાઘોડિયા, અમદાવાદ–ખોખરા, વલસાડ, ભરૂચ, નવસારી, વડોદરા, સુરત, વાપી, ભાવનગર, નરોડો, નડિયાદ, પાટણ, હિંમતનગર, રાજકોટ અને વડોદરા એમ ૨૪ જગ્યાઓએ નવી સ્પોર્ટસ હોસ્ટેલ બનનાર છે. જે હોસ્ટેલની વાત કરીને કહ્યુંને કે રહેવા માટે સુવિધા નથી, હોસ્ટેલની વાત, રમત ગમતના સંકૂલો નથી આમાં સંકૂલોની પણ વાત આવે છે, સ્વીમીંગ પુલ આપ્યા છે. સ્પોર્ટસ એકેડમીની સ્થાપના થવા જઇ રહી છે, સ્પોર્ટસ યુનિવર્સિટી વડોદરામાં બનવા જઇ રહી છે અને આપ આપણા રમતવીરોને રાષ્ટ્રીય કક્ષાએ મોકલી શકો એવા રમતવીરો પેદા થશે અને પરિણામ

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મળશે ગુજરાતનું અને મળી રહ્યું છે. માનનીય અમિતભાઇ એમ કહીને ગયા કે, કોઇ સ્પોર્ટસના સંકૂલો બન્યા નથી. સ્પોર્ટસના સંકૂલો જોવા હોય તો માનનીય વડા પ્રધાનશ્રીએ ઉદઘાટન કરેલું વડોદરામાં ઇન્ટરનેશનલ કક્ષાનું સ્પોર્ટસ સંકૂલ બન્યું છે અને ઇનડોર સ્ટેડિયમ જોવું હોય તો માનનીય શ્રીમતી આનંદીબેને ઉદઘાટન કરેલું સંકૂલ જોવું જોઇએ. આપ છાપા વાંચતા નથી? આપ ગુજરાત સરકારનું પાક્ષિક વાંચો તો પણ તમારા ધ્યાનમાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, નાત જાતના ભેદભાવ વગર રમત શું કરે છે? રમતની અંદર એકતા સ્થપાય છે. હાડકા શરીરમાં ૨૦૬ છે, સ્નાયુઓ ૯૦૦ છે, ૭૦૦ શીરાઓ છે, ૨૪ ધમની છે અને એને કસરત અને વ્યાયમ આપવા માટે હું આપના માધ્યમથી સમગ્ર ગુજરાતના યુવાનોને અને સમગ્ર ગુજરાતની સ્કૂલોના બાળકોને કહેવા માગુ છું કે, કોમ્પ્યુટર છોડો, મોબાઇલ છોડો, મોબાઇલમાં ગેમ્સની રમત રમો છો એ છોડો અને મેદાનમાં રમવા આવો. માનનીય અધ્યક્ષશ્રી, આ યુવાધન જો સશકત થશે તો જેમ મેં કહ્યું કે, રામદાસ સ્વામીએ અખાડા તૈયાર કરેલા એમાં જે સશકત મરાઠાઓ તૈયાર થયા અને એણે આ ભૂમિ પર જે આક્રમણખોરો હતા એમને પેસવા ન દીધા અને પેઠેલા હતા ત્યાંથી ઉખાડીને ફેંકી દીધા. આ છે રમત ગમતનું મહત્વ. આપણા એક માનનીય સભ્ય એમ કહે કે, આ બધી રમતોનું શું? અરે, આ ગુજરાતનું ગૌરવ છે, ગુજરાતનું યુવાધન સૌષ્ઠવ થાય એમાં વાંધો ક્યાં કોઇને હોઇ શકે? માનનીય અધ્યક્ષશ્રી, સુશ્રૃતે એમ કહ્યું છે કે, "સ્વાસ્થ્સ્ય સ્વાસ્થ્ય રક્ષણંમચ" જે સ્વસ્થ છે એણે પોતાના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું જોઇએ. આ સંજોગોમાં શક્તિ સાથે યુક્તિની જરૂર છે, અહીં તો શક્તિ અને યુક્તિમાં વિભાજન છે. તમે જે રસ્સાખેંચની વાત કરતા હતાને અમે તો રસ્સો એવો પકડીશું ૨૦૧૭ની રમતમાં કે જોરથી ખેંચતા હશો અને અમે થોડી ઢીલ છોડીશું તો બધા પડી જશો, એમનેમ કોઇ રહેશો નહીં. જેને રમવું હોય એ આવી જજો આ તો જાહેર આમંત્રણ છે રમતનું, રમતની વાત છે રાજકારણની વાત નથી, છતાં આ બાજું રમવા આવવું હોય તો અમને વાંધો નથી. "આગ કી એક ચિનગારી કાફી હે બસ્તી જલાને કો, ઔર વિચારો કી એક ચિનગારી કાફી હે દેશ કો દુરસ્ત બનાને કો" ધન્યવાદ.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની અંદર કેટલાય મહોત્સવ ચાલે છે. તે શિક્ષણના હોય, આરોગ્યની અંદર હોય કે ખેતી વિષયની અંદર હોય કેટલીયે જગ્યાના મહોત્સવ ચાલે છે તેમાંનો આ એક મહોત્સવ તે ખેલ મહાકુંભ મહોત્સવ. મારા મિત્ર વકીલ સાહેબ ખૂબ સારી વાતો કરતા હતા કારણ કે વકીલ છે •(x x x ) (અંતરાય ) આપની વિરુદ્ધમાં એક શબ્દ નહીં બોલુ.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : *(x x x ) બોલીને શબ્દો બોલ્યા છે.

ઉપાઘ્યક્ષશ્રી : તે શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : સાહેબ આ તો વકીલના વ્યવસાયની વાત કરતો હતો હું તેમના વિરૃદ્ધમાં એક શબ્દ નથી બોલતો. હવે સાચી વાત આપના ધ્યાનમાં લાવું તો.

ઉપાઘ્યક્ષશ્રી : વિવાદ થાય એવુ બોલશો નહીં, મેં એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરેલા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વકીલના વ્યવસાયની કોંગ્રેસ દ્વારા ઉછળી ઉછળીને વાત કરતા હતા આજે એ જ કોંગ્રેસના સભ્યો વકીલોની ટીકા કરે છે, વકીલો •(x x x ) એટલે તમે શકિતસિંહ આવે એટલે કહેજો.

ઉપાઘ્યક્ષશ્રી : નીતિનભાઇ, આ તમારા શબ્દો પણ રેકર્ડ ઉપરથી મારે દૂર કરવા પડશે, તમારા શબ્દો પણ રેકર્ડ ઉપર નહીં રખાય.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, શારીરિક શિક્ષણ તે શિક્ષણનો અંતર્ગત ભાગ છે. રમત હોય પણ શારીરિક શિક્ષણ ના હોય તો એ ચાલે નહીં. રમત એ કેટલાક લોકો માટે મેળાવડા કરીને ભેગાં કરીએ એટલા માટે છે અને શારીરિક શિક્ષણ એ સમગ્ર માટે છે. શારીરિક શિક્ષણનો પાયો મજબૂત કરવો હોય તો પ્રાથમિક કક્ષાએથી આપણે આ બાબતનું ધ્યાન રાખવું જોઇએ અને હું આપના માટે કોઇ જ ફરિયાદ નથી કરતો પણ એક સૂચન કરું છું કે, આપ રમત ગમત કરો છો, ખેલ મહાકુંભ કરો છો, ગુજરાતના છોકરાઓ રમે, અંદર આવે જે કંઇ કરતા હશે સર્ટી. સાચું કે ખોટું ભાઇશ્રી અમારા વકીલ સાહેબ અને અમીતભાઇની વાતમાં નથી પડતો પણ આપ જવાબ આપજો કે જે રમત ગમતની અંદર સ્કૂલ લેવલ, ફેડરેશન, ઓલ ઇન્ડિયા, બાળ રમતોત્સવ, મહિલા રમતોત્સવ બધા થાય છે તે રમત ગમતનાં સર્ટી.ની જે વેલ્યુ છે તે ખેલ મહાકુંભની અંદર ગુજરાતના ફર્સ્ટ નંબર લાવતાં સર્ટી.ની વેલ્યુ છે કે કેમ તે રમત ગમતનાં એક મંત્રી તરીકે મને જવાબ આપશો તો ગમશે આપણે તે વાતમાં પણ પડતા નથી. મારે તો આપનું એક જ ધ્યાન દોરવું છે કે, આપ ખેલ મહાકુંભ લાવ્યા પછી આ સરકાર લગભગ ૨૨ વર્ષથી બેઠી છે ત્યારથી તમે દરેક વાતમાં ગતિ કરી હશે પણ રમત ગમતની અંદર તમો ખૂબ મંદ ગતિએ ચાલી રહ્યાં છો મારો એ આક્ષેપ છે કારણ કે સૌથી પહેલાં તો અત્યારે સ્કૂલની અંદર પી.ટી.ના ટીચરો જ નથી, સ્કૂલની અંદર મેદાનો નથી અત્યારે રમત ગમત બે ભાગમાં વહેંચાઇ ગઇ છે. એક શહેરી કક્ષાએ રમત અને એક ગ્રામ્ય લેવલે રમત. ગામડાંની મુખ્ય નૈસર્ગિક રમતો કબડ્ડી હોય, વોલીબોલ હોય, ખો ખો હોય, ઝૂડો હોય, કુસ્તી હોય આ ગામડાંની નૈસર્ગિક રમતો. આ નૈસર્ગિક રમતોને આધુનિક રૂપ આપી હવે synthetic track અને એ બધી રીતે તેને તૈયાર કરવાના હોય. ચાલો સ્વીમીંગ પૂલ સાહેબ ગામડાની અંદર મોટા શહેરો સિવાય પચાસ મીટરનો આધુનિક જે આઠ ગલીવાળો સ્વીમિંગ પુલ, ગામડાંની અંદર કોઇ જગ્યાએ હોય તો આપ રમત ગમતનાં મંત્રી તરીકે બતાવજો સાહેબ. ગામડાંની અંદર નેચરલી રીતે લોકો સ્વીમિંગ જાણતાં હોય છે.

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : ગૌતમભાઇ આપનું પ્રવચન ચાલુ રહે છે. આપની પાસે બીજી છ મિનિટ બાકી છે જે વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ રહેશે. મારે એક અગત્યની જાહેરાત કરવી છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત.

ઉપાધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની કે, ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા આજરોજ, સોમવાર તારીખ ૨૧મી માર્ચ,૨૦૧૬ના રોજ સભાગૃહની બેઠકના વિરામના સમયની શરૂઆતમાં વિધાનસભા ભવનમાં ચોથા માળે આવેલ સમિતિ ખંડ ૧માં રાખવામાં આવી છે. જેમાં અચૂક હાજર રહેવા સર્વ માનનીય સભ્યશ્રીઓને આગ્રહભરી વિનંતી છે.

( વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫ )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું સ્વીમિંગ પુલ અંગેની વાત કરતો હતો કે ગામડાંની અંદર કોઇપણ જગ્યાએ સ્વીમિંગ પૂલ નથી. જે નિયમ મુજબ ૫૦ મીટરનો હોય અને ૮ ગલીવાળો સ્વીમિંગ પૂલ હોય, ફકત ને ફકત અમદાવાદ, બરોડા, ભરૂચ, સુરત કે રાજકોટમાં હોય એનાથી કોઇ સ્વીમિંગની પ્રવૃત્તિમાં ગામડાંમાં જે ક્ષમતાવાળા છોકરાઓ છે એ સ્વીમિંગનો લાભ લઇ શકતા નથી. ગામડાંની નૈસર્ગિક રમતો જેવી કે, કબડ્ડી, વોલીબોલ, એથ્લેટીક્સ, ફૂટબોલ, હોકી, જૂડો, કુસ્તી આ બધી રમતો માટે અદ્યતન મેદાનો જોઇએ, એ આજના નીતિ નિયમ મુજબનાં મેદાનો જોઇએ, કબડ્ડીની વાત કરું તો એની અંદર સિન્થેટીક્સ ટ્રેકનાં મેદાન જોઇએ. વોલીબોલ માટે પણ જોઇએ, હોકી અને ફૂટબોલ માટે તો ગામડાંની અંદર મેદાન જ નથી. એ મેદાન કોઇ જગ્યાએ નહીં હોય, રમતગમત વિભાગના માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ અંગે આપ થોડીક તપાસ કરાવડાવી લેજો. કોઇ જગ્યાએ નહીં હોય અને હોકી માટે સિન્થેટીક મેદાન જ જોઇએ, ફૂટબોલની અંદર મેદાન જોઇએ, તો આ બધી રમતો માટે મેદાનો આપણા ગુજરાતમાં કયાંય નથી. જે કોઇ છે, જે રાષ્ટ્રીય લેવલે મેડલ મેળવીએ છીએ એ કેટલીક સ્વીમિંગ, ટેબલટેનિસ, બેડમિન્ટન, ટેનિસ એવી જે પ્રવૃત્તિઓ છે જેમાં રમતગમતનું, સરકારનું કોઇનું મહત્વ નથી, એ પ્રોફેશનલ પ્લેયરો છે અને પ્રોફેશનલ રીતે આધુનિક રીતે બીજી રીતે સજ્જ હોય અને કલબોની અંદર રમતા હોય એ છોકરાઓ નંબર લાવે છે. વાસ્તવિક રીતે તમારે જો નંબર લવડાવવો હોય, વાસ્તવની અંદર મેડલો લાવવા હોય, નેશનલ ગેમની અંદર મેડલો લાવવા હોય તો સૌથી પહેલાં ગુજરાતની અંદર રમતગમતની છ સંસ્થાઓ બંધ થઇ ગઇ છે, એ રમતગમતની સંસ્થાઓ ચાલુ કરો. એમાં સી.પી.એડ., બી.પી.એડ., ડી.પી.એડ, જે વ્યાયામના શિક્ષકો હતા એમને ટાટ અને ટેટની પરીક્ષામાં, ઘણા વર્ષોથી ભરતી થઇ નથી. એ વિષય એમાં ઉમેર્યો જ નથી. તમે એક બાજુ વ્યાયામની અને રમતની વાત કરો છો પણ પ્રાથમિક લેવલે તો કોઇ તમારા શિક્ષકો લેવાતા નથી, જે લોકો નિવૃત્ત થઇ ગયા એમની જગ્યા આજે એમને એમ ખાલી છે. મેદાનોની વાત કરું તો, આજના જ મારા પ્રશ્ન નંબર–૧૯૪ની અંદર ખેડા અને આણંદ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો હતો કે કેટલી પ્રાઇમરી સ્કૂલોની અંદર મેદાન છે? સરકારી શાળાઓની અંદર અને ખાનગી શાળાઓની અંદર તો ખેડાની અંદર ૬૭ સરકારી જે શાળાઓ છે એની અંદર મેદાન નથી, ૨૦ ખાનગી શાળાઓની અંદર મેદાન નથી. આણંદની અંદર ૧૮૩ સ્કૂલોની અંદર મેદાન નથી અને ૧૭ ખાનગી સ્કૂલોની અંદર મેદાન નથી. આ તો પ્રાઇમરી લેવલની વાત થઇ, પણ ધોરણ ૯ અને ૧૦ માધ્યમિક અને ધોરણ ૧૧ અને ૧૨ ઉચ્ચતર માધ્યમિક પછી ઉચ્ચ શિક્ષણ એટલે કે કોલેજ લેવલે તો કોલેજ લેવલે પણ જે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો છે એમની પાસે મેદાન નથી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની અંદર પણ મેદાનો નથી. જરૂરીયાત પ્રમાણેના વ્યાયામ શિક્ષકો નથી. શારીરિક શિક્ષણના અધ્યાપકો કોલેજ લેવલે નથી. આપ સ્પોર્ટસ યુનિવર્સિટીની વાત કરો છો પણ સ્પોર્ટસ યુનિવર્સિટી ખોલ્યા પછી કેટલા તજજ્ઞો તૈયાર થયા, એ તજજ્ઞોએ કેટલા ખેલાડીઓને જ્ઞાન આપ્યું અને કેટલા તજજ્ઞો બહાર આવ્યા? એમાંથી કેટલાને નોકરી મળી અને ગુજરાતની અંદર એમની ભૂમિકા શું? મેડલ લાવવામાં કોઇ જગ્યાએ મહત્વની ભૂમિકા એમણે ભજવી છે કે કેમ? એ આપ કહેજો. મારે તો આપને એક સૂચન અને વિનંતી પણ કરવી છે કે, વહેલામાં વહેલી તકે ફરી પાછી આ સી.પી.એડ., ડી.પી. એડ.ની છ સંસ્થાઓ જે જાનીમાની છે, છોટુભાઇ અંબુભાઇ પુરાણી, સી. એન. વિદ્યાલય, અડાલજ બહેનોની સંસ્થા આ સંસ્થાઓ બંધ થઇ ગઇ છે એ બધી સંસ્થાઓ, પહેલાં તમે શું કર્યું કે, સેલ્ફ ફાઇનાન્સમાં સી.પી.એડ, ડી.પી. એડ. આપવા માંડી પણ કોઇ જગ્યાએ ભરતી થતી નથી એટલે બધાય છોકરાઓ જે એમાં પ્રવેશ લેતા હતા એ બંધ થઇ ગયા. આ બંધ થઇ જવાના કારણે સ્કૂલોની અંદર આજે વ્યાયામ શિક્ષક છે જ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આંબાની અંદર મોર આવવો જોઇએ તો ફળ મળે, આ તો શું કરીએ છીએ કે આંબાની કેરી ખાવી છે, પણ મોર વગરની, આપણે પાંદડાને પાણી રેડી દેવું છે, પણ ખરેખર પાંદડાને પાણી નહીં રેડવાનું પણ ઝાડને રેડવાનું. એ પાણી ઝાડના મૂળ સૂધી જશે તો એ પાંદડા સુધી આપોઆપ પાણી જશે તો રમતગમતની અંદર આ નીતિ ભૂલાઇ ગઇ છે કે મુખ્ય વિષય જો કોઇ પણ હોય તો શારીરિક શિક્ષણ એ ખૂબ જરૂરી છે, રમતગમત ચાલે, મેળાવડા છે એ પૂરા થશે, એ તો આવશે અને જતા રહેશે. તમારે ખેલ મહાકુંભ કરવો હોય તો એની જોડેજોડે સ્કૂલની અંદર રમતો ચાલે, એને ખેલમહાકુંભનું નામ આપી દો, હાયર સેકેન્ડરી અને સેકેન્ડરીની અંદર રમતો ચાલે છે એને ખેલ મહાકુંભનું નામ આપી દો. કોલેજોની અંદર રમતો ચાલે છે એને ખેલ મહાકુંભનું જ નામ આપો. કઇ કોલેજના કઇ સ્કૂલના કઇ જગ્યાએ ભાગ નથી લેતા એને વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવડાવો. હમણાં જે છોકરાઓ ગાંધીનગરના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં રમવા જતાં હોય એ દરેક રમતના અહીંયા આગળ કોચ હોય છે. આ કોચ અહીંયા બેસી રહે છે અને એમની પાસેથી વહીવટી કામ લેવામાં આવે છે. પરંતુ તમે એને ખેલ મહાકુંભ નામ આપો અને એમાં એને જોડી દો.

તાલુકા લેવલે, જિલ્લા લેવલે કે રાજય લેવલે અને નેશનલ લેવલે છોકરાઓ રમવા માટે જતાં હોય એને આ કોચ દ્વારા તાલીમ અપાવવામાં આવે તો ચોક્કસ એ આગળ આવશે. સન ૧૯૯૦-૯૨ પછી આપણે કોઇ નેશનલ ગેઇમ કરી શકયા જ નથી. ૧૯૯૦માં ગાંધીનગરની અંદર ૨૯મી નેશનલ ગેઇમ થયેલ એ પછી એક પણ ગેઇમ કરી શકયા નથી. પછી આપણું કેવી રીતે પરિણામ આવે? અમારો ખેલ મહાકુંભનો કોઇ વિરોધ નથી.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

અમે પ્રથમવાર આ ગૃહમાં ચૂંટાઇને આવ્યા છીએ. વિરોધ પક્ષના કેટલાક સિનિયર સભ્યો અમને નવા છે નવા છે એમ કહીને જવા દઇએ છીએ એવો અહીંયા વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. અત્યારે આપણું હાઉસ ચાલુ છે. ગૃહની બહાર યુવાનો ભારત માતાની જયના નારા લગાવતા હતા. એનો અવાજ અહીંયા સુધી સંભળાતો હતો, એ વાત પણ સાચી છે, પરંતુ પહેલા આપણી જાતને પૂછીએ કે આ ગૃહમાં આપણે કેટલો ઘોંઘાટ કરીએ છીએ અને કેટલો સમય બગાડીએ છીએ. જે કોઇ પક્ષના અહીંયા ચૂંટાઇને આવેલા છે એમને આપણે કોઇ સૂચના નથી આપતા, એને કોઇ કહેવામાં નથી આવતું કે તમે જય બોલાવો પરંતુ એ આપ મેળે જ ભારત માતાની જય બોલાવે છે.

યુવા પ્રવૃત્તિઓની વાત કરું તો એમાં યુવા ઉત્સવ વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા, આપણી સરહદ ઓળખનો સાહસિક પ્રવાસ, સાહિત્ય શિબિર, વન વિસ્તાર પરિભ્રમણ, સાગરકાંઠા વિસ્તારનું પરિભ્રમણ, યુવા નેતૃત્વ તાલીમ, રાષ્ટ્રીય યુવા પારિતોષિક યોજના એવી તો અનેક યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારની આગેવાની નીચે આવી છે ત્યારે યુવાનો શકિતશાળી બને, યુવાનો પ્રભાવશાળી બને તેવા રાજયના અને દેશના યુવાનોને શુભેચ્છા પાઠવું છું.

હું વાત કરું છું ૨૦મી સદીની અને તમે જે શાળામાં અભ્યાસ કર્યો છે એ શાળામાં મેં પણ અભ્યાસ કર્યો છે અને એ જ શાળામાં મારો દીકરો પણ અભ્યાસ કરે છે. ૨૦મી સદીમાં એક આંદોલન થયેલું તેમાં યુવાનો ગેરમાર્ગે દોરાયેલા, અને તે સમયે દશેરાના દિવસે મને બ્રેઇન સ્ટોક આવેલો અને મારું મગજ આઠ એમ.એમ. ડેમેજ થયેલું એટલે તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતા, કયા પક્ષના હતા એ હું ભૂલી ગયો છું. તે સમયના શાસન કરનાર લોકોએ કહેલું કે •(x x x )

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : સાહેબ આ વાત સાચી છે. તે સમયે હું નવમાં ધોરણમાં અભ્યાસ કરતો હતો.
માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સૌ સભ્યો વિષય બહાર જઇને બોલે છે ત્યારે હું તેમને શાંતિપૂર્વક સાંભળું છું. ધોરણ-૯માં અમારા અભ્યાસના ચાર મહિના બગડેલા અને અમને વગર પરીક્ષાએ ઉપલા ધોરણમાં મોકલવામાં આવેલા. કેટલાક વિદ્યાર્થીઓનું આવા સંજોગોના કારણે શિક્ષણકાર્ય પણ અટક્યું છે. અત્યારે જ આ ગૃહમાં તેજશ્રીબેને હાઉસ વાઇફની વાત કરી. આજે યુવા પતિઓ પોતાની પત્નીને કદાચ કોઇ વાર •(x x x )

ઉપાધ્યક્ષશ્રી : આપ જે કરવા માગો છો, હું બંધ કરાવી દઉં છું. પ્લીઝ, ઇશ્વરભાઇ, આપણે માગણી પર જ રહો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ડો. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના અંતર્ગત (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કહી દીધું, એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ. (અંતરાય) નટવરસિંહજી, પ્લીઝ. આપ બેસો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : કુમાર છાત્રાલયો, કન્યા છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓને સ્પર્ધાત્મક..(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રીબેન, પ્લીઝ. તમે બોલ્યા ત્યારે એ સભ્ય એક અક્ષર બોલ્યા નથી. મને ખબર છે, આપ બેસો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આપ વિધાન જોઇ લેજો. એમણે માત્ર *(x x x ) નો ઉલ્લેખ કર્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : એ વિષય પૂરો થઇ ગયો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢવા માટેનું આપે જે કહ્યું, મારી વિનંતી એટલી છે કે તેની આગળ પાછળનું આપ જોઇ લેજો. એમણે કોઇ નકારાત્મક રીતે તેનો ઉલ્લેખ નથી કર્યો.

ઉપાધ્યક્ષશ્રી : એનો ભાવાર્થ બધાને ખબર પડે છે, માનનીય મંત્રીશ્રી, પ્લીઝ. (અંતરાય) જોઇ લઇશું આપ કહો તે પ્રમાણે. આપના સૂચનની અમલવારી. (અંતરાય) અમિતભાઇ, આપ બેસો. ઇશ્વરભાઇ, પ્લીઝ. તમે જરા શાંત રહેશો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ તરફથી ડો. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના અંતર્ગત ડો. બાબા સાહેબ આંબેડકરના ભવનો, કુમાર છાત્રાલયો, કન્યા છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓને રૂ. ૮૦ લાખનું સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી, અભ્યાસલક્ષી અને વ્યવસાયલક્ષી સાહિત્ય પૂરું પાડવાની યોજના પણ અમલમાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મારા મિત્ર એવા શૈલેષભાઇ પરમારે અનામત આંદોલનની વાત કરી અને તેમાં કંઇક ઘૂંટણીયે પડવું એવી પણ કંઇ વાત કરેલી. મને આ પીયુષભાઇએ આજે એવું કીધું કે હું બહુ શાયરી બોલું છું, તું પણ એકાદ બોલજે. મેં પીયૂષભાઇને કહ્યું, નટવરસિંહ બાપુ, તમે બોલો છો ત્યારે હું તમને શાંતિથી સાંભળું છું. મને બોલવા દો. આ ગૃહના કોઇ સભ્યને હું જરા પણ ડિસ્ટર્બ કરતો નથી. પીયૂષભાઇને મેં એવું કહ્યું કે હું કોઇ કવિ નથી. હું કોઇ કાવ્ય રચનાર નથી. હું કોઇ ગઝલકાર નથી,

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હું કોઇ ગાયક કલાકાર નથી એટલે મને તમારા જેવી શાયરીઓ આવડતી નથી. પીયૂષભાઇએ મને એમ કહ્યું કે કંઇ વાંધો નહીં, તમે ગયા વર્ષે જે શાયરી બોલેલા એ જ તમે આ વર્ષે બોલજો. એટલે એ શાયરી હું રિપિટ કરું છું. ગયા વર્ષે પીયૂષભાઇએ એક ગુલાબનું ફુલ આપેલું, આ પાછી રિપિટ કરું છું, કારણ કે પીયૂષભાઇ જેવી શાયરી મારી પાસે છે નહીં. માત્ર એક જ શાયરી છે. મેં શ્રી પિયુષભાઇને કહ્યું એ કહું છું. •(X X X )

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. *(x x x ) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ક્લાયમેટ ચેઇન્જ, મહિલા અને બાળ વિકાસ તથા રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી ગૃહમાં આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઇએ છીએ કે ત્રણ કમોસમી વરસાદ થાય છે. ક્યારેક ઉનાળામાં કરા પડે છે, ક્યારેક રણમાં બરફ પડે છે. હમણાં દુબઇમાં બાર ઇંચ વરસાદ થયો, સો-દોઢસો વર્ષનો રેકોર્ડ તૂટ્યો. જ્યાં એકપણ ઇંચ આખા વરસમાં વરસાદ પડતો નહોતો. એનું કારણ એ છે કે હવામાનમાં મોટા ફેરફારો થયા છે અને ફેરફાર થવાનું કારણ એ છે કે જળ અને વાયુ પ્રદૂષિત થાય છે. એના પરિણામે હવામાનમાં ચેન્જીસ આવે છે. મારો પહેલો પ્રશ્ન આ સરકારને છે કે કલાઇમેટ ચેઇન્જ નામનું ખાતુ ખોલ્યું છે અને એના માટે સરકારને હું અભિનંદન આપું છું પણ સાથોસાથ સરકારના આ હવામાન ખાતાએ ક્યારેય ચોક્કસ આગાહી કરી નથી અને એણે આગાહી કરી હોય તો કોઇ દિવસ સાચી પડતી નથી. ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં અશોકભાઇ પટેલની આગાહી સાચી પડે છે અને અહીંયાં બીજા અંબાલાલ પટેલ છે આ બેની આગાહી સાચી પડે છે. એના ઉપર લોકો ભરોસો રાખે છે. સરકારના હવામાન ખાતાની આગાહી ઉપર ભરોસો રાખતા નથી. એટલે મારી સરકારને વિનંતી છે કે સરકાર ઉપર ભરોસો કરે એવી હવામાન ખાતાની આગાહી માટેનું તંત્ર તમે ગોઠવો. આ વાતાવરણ કેમ પ્રદૂષિત થાય છે? ઔદ્યોગિક એકમો દ્વારા નદીઓમાં પ્રદૂષિત જળ છોડવામાં આવે છે. તેમના દ્વારા હવામાં પ્રદૂષિત ગેસ છોડવામાં આવે છે. એના પરિણામે મોટા પાયે ભૂતળમાં પાણી ખરાબ થયું છે અને વાતાવરણ પણ બગડ્યું છે. એના માટે આખુ તંત્ર હોવું જોઇએ એ બરાબર કામ કરતું નથી. મોટી તકલીફ એ છે કે મોટી કંપનીઓના ઇશારે આ તંત્ર ચાલે છે. એના પરિણામે મોટા મગરમચ્છોને કોઇ કાંઇ કહી શકતું નથી. મન ફાવે એટલું પ્રદૂષણ કરે છે અને એના પરિણામે આખા ગુજરાતમાં જળ પ્રદૂષિત થયું છે અને વાયુ પણ પ્રદૂષિત થયા છે. મારી સરકારને વિનંતી છે કે તમે ખાતુ સ્થાપ્યું છે સારી વાત છે. ગુજરાતમાં પહેલી વખત આ સ્થાપના કરી છે. પણ આ ખાતુ કાંઇ કામ કરે અને એનું પરિણામ આવે એવું કરવું ખૂબ જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગમાં પૈસા તો પૂરતા પ્રમાણમાં ફાળવ્યા છે. પણ વિવેકાનંદ જયંતિના નામે મોટા પ્રમાણમાં આ પૈસા ખર્ચી નાખવામાં આવે છે. વાર્ષિક ધોરણે રાષ્ટ્રીય કક્ષાના અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર થાય અને ગામડાંમાં આપણા ખેલાડીઓ છે એને પૂરતું પ્રોત્સાહન મળે એના માટેનું આ સરકાર પાસે કોઇ આયોજન નથી. સરકાર ખેલ મહાકુંભનું આયોજન કરે છે, સારી વાત છે. પણ એના માટે હજી વિશેષ કાર્યવાહી કરી અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના યુવક, યુવતીઓને પૂરતું પ્રોત્સાહન મળે એના માટે સાધન, સગવડતા અને સહાય મળી રહે એવું આયોજન કરવું જરૂરી છે. એવું આયોજન કરવું જરૂરી છે. હમણાં મેં વાંચ્યું કે આ બજેટમાં જે સુરતમાં સ્ટેડિયમ છે, જે ઇન્ડોર સ્ટેડિયમ ૨૧ કરોડના ખર્ચે વર્ષો અગાઉ બનાવ્યું હતું એને રીનોવેશન કરવા માટે લગભગ ૨૨ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવી છે. આ તો સોના કરતા ઘડામણ મોંઘું થયું.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર. ઇન્ડોર સ્ટેડિયમ આજની તારીખમાં નવું બનાવવા જાય તો ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવે એ વાત સાચી?

ઉપાધ્યક્ષશ્રી : નો પોઇન્ટ ઓફ ઓર્ડર.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે ખાસ કરીને નાના શહેરો છે મ્યુનિસિપાલિટી, બ્યુરો મ્યુનિસિપાલિટી એવા વિસ્તારોમાં રમત ગમતના મેદાન બનાવવા માટે અને એના માટે સાધન સહાય કરવા માટે જો પૂરતું નાણાકીય ભંડોળ આપવામાં આવે તો નાના શહેરોમાં પણ રમતગમતની પ્રવૃત્તિ વિકસી શકે. સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થામાં એક કર્મચારીની ભરતી કરેલ, એ ભરતી ગેરકાયદેસર સાબીત થઇ પણ એમને જે પગાર ચૂકવાઇ ગયો એની રેવન્યુ રાહે આજ સુધી રીકવરી થઇ શકી નથી. આ સરકાર સાયન્સ અને ટેકનોલોજીની બહુ વાતો કરે છે. ઇ-ગવર્નન્સની વાત કરે છે કે તમે આજે અરજી કરો સાંજ સુધીમાં તમારો નિકાલ થઇ જાય. રાજયના છ કરોડ લોકોને વહીવટમાં કોઇ તકલીફ ન પડે, એને કોઇ માહિતી જોઇતી હોય, એને કોઇ દાખલો જોઇતો હોય, એની કોઇ અરજી હોય તો એનો તાત્કાલિક નિકાલ થાય. આ જી-સ્વાનની કનેકટીવીટી મોટા ભાગે વારંવાર બંધ થઇ જાય છે અને એના કારણે ખેડૂતોને આ આઇ-પોર્ટલ છે એમાં અરજી કરવી હોય તો સાયબર કાફે તાલુકા મથકે જવું પડે છે અને લાઇનોમાં ઉભા રહેવું પડે છે. ઘણી વખત ૩૦૦-૪૦૦ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે એટલે ઇ-ગવર્નન્સની જે વાત છે આ સરકારની એ માત્ર વાત જ છે, કાગળ ઉપરની વાત છે અને જાહેરાત પૂરતી વાત છે. સરકાર સાયન્સ અને ટેકનોલોજીના વિકાસ માટેની બહુ મોટી વાતો કરે છે પણ બજેટ જે ફાળવે છે એ બજેટનો પૂરો ઉપયોગ પણ કરી શકતી નથી. ૨૦૧૧-૧૨માં ૨૦૭.૧૧ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી. ખર્ચો કેટલો થયો ૯૭. ૨૩ લાખ રૂપિયા. ૪૫ ટકા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રકમ ખર્ચાણી. ૨૦૧૨-૧૩માં ૨૦૬ કરોડ અને ૬૩ લાખ રૂપિયાની ફાળવણી થઇ હતી ખર્ચો કર્યો ૧૨૩.૧૦ લાખ રૂપિયા. લગભગ ૬૦ ટકા. ૨૦૧૩-૧૪માં ૨૦૬ કરોડ અને ૭૯ લાખ રૂપિયાની ફાળવણી કરી ખર્ચો કર્યો ૧૮૫ કરોડ રૂપિયા. ફાળવણી કરે છે પણ પૂરી વાપરવાની આ સરકારમાં ત્રેવડ નથી અથવા તો આવડત નથી અથવા ઇચ્છાશકિત નથી. અમે તો ઇચ્છીએ કે તમે બજેટમાં જે પૈસા ફાળવો છો એનો પૂરેપૂરો ઉપયોગ જે હેતુ માટે ફાળવો છો એ હેતુ માટે કરો. વાસ્તવિકતા એ છે કે આ વિભાગ દ્વારા જે પરિપત્ર બહાર પાડવામાં આવે છે એ પરિપત્ર નેટ ઉપર મૂકવામાં આવતા પણ નથી જેના પરિણામે અધિકારીઓ, કર્મચારીઓને બહુ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કોમ્પ્યુટરો વારંવાર વાયરસના કારણે બંધ પડી જાય છે અને આ સ્થિતિ નિવારવા માટે તંત્ર નિષ્ફળ ગયું છે. જી-સ્વાનનું નેટવર્ક વારંવાર ખોટકાઇ જાય છે અને આ કારણે જે હાડમારીઓ પડે છે એ ફરીયાદને દૂર કરવા માટેનું કોઇ આયોજન છે નહીં. જી-સ્વાનની નબળી કામગીરીને સંગીન બનાવવા માટે પણ તંત્ર ઉણું ઉતર્યુ છે. આ સોફ્ટવેર ખોટવાતા ૫૦૦૦ જેટલી શાળાઓની નિભાવ ગ્રાંન્ટ પણ અટકી પડી હતી. આવી આ સરકારની વિજ્ઞાન અને ટેકનોલોજી બાબતની સ્થિતિ છે ત્યારે હું આ સરકાર જે માગણીઓ લઇને આવી છે એને સમર્થન આપી શકતો નથી. હું વિશ્વાસ રાખું છું કે, આ વર્ષે એમણે બજેટમાં જેટલી રકમ જે જે વિભાગો માટે ફાળવી છે એ રકમોનો પૂરેપૂરો સદુપયોગ કરે એટલી આશા સાથે મારી વાત પૂરી કરૂં છું.

ડો. નીમાબેન ભા. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આપણા સિનિયર સભ્ય રાઘવજીભાઇ સાયન્સ એન્ડ ટેકનોલોજીની વાત કરતા હતા. થોડી વાર પહેલા મહિલા અને બાળ વિકાસ અને કુપોષણ તેમજ આંગણવાડી અંગે મારા સાથી સભ્ય ડો. તેજશ્રીબેન પણ વાતો કરતા હતા. મારે વધારે કાંઇ કહેવું નથી પણ મારે એટલું જ કહેવું છે કે જે ચશ્મા પહેરી લીધા છે એ ઉતારશે તો ખબર પડશે કે શું ચાલી રહ્યું છે. પેલું ૨૦ વર્ષ પહેલાનું જૂનું ગીત અહીંયા ચાલે છે. અત્યારે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં જે રીતે જીસ્વાનની વાત થાય છે એ જીસ્વાનની અંદર અત્યારે ડેવલપમેન્ટ થઇ રહ્યું છે અને એની બેન્ડવિડ્થ વધારવાના છીએ. એની ઝડપ ૨૦ ગણી વધારવાના છીએ. તમામ આયોજનો આની અંદર છે. માનનીય મંત્રીશ્રી બધી વાત કરશે. જિલ્લા લેવલે અને તાલુકા લેવલે જ્યાંથી નાગરિકોને માહિતી મળતી હોય છે, જ્યાંથી એમના કામો થતા હોય છે એ જગ્યાએ જે બેન્ડવિડ્થ છે એ હાલમાં ધીમી છે એ ૩૪ એમ.બી.પી.એસ. છે એ હવે આપણે ૫૦૦ એમ.બી.પી.એસ. કરવાના છીએ. સરકારના ધ્યાનમાં બધું જ છે. આજે ઉપયોગ વધ્યો છે અને એ પ્રમાણેની પ્રગતિ અને ડેવલપમેન્ટ થઇ રહ્યું છે એટલે જીસ્વાનનો જે રીતે ઉપયોગ થઇ રહ્યો છે એ વાતને ધ્યાને લઇને અધિકારીઓ અને કર્મચારીઓ સુધી આની ફેસિલિટી પૂરી પાડી છે અને એ લોકો ઇમેઇલ મારફત બધી માહિતી એમને આપી શકે અને આપણે કાગળો લઇને જવું ન પડે, કાગળ પોસ્ટ ન કરવા પડે. (અંતરાય) ચશ્મા ઉતારવા પડશે તો જ ખબર પડશે. કર્મચારીઓ અને અધિકારીઓ બધાને આ ફેસિલિટી આપણે આપવાના છીએ અને અત્યારે પણ તમે જુઓ કે બધાને આપણે મેઇલ કરીએ છીએ. અમારે જિલ્લા આયોજનમાં ગ્રાન્ટની ભલામણ કરવી હોય તો મેઇલથી જ મોકલીએ છીએ અને અમારે ત્યાં આ પ્રથા ચાલુ જ છે. કાગળ લખવા, પોસ્ટ કરવા, મળે કે ન મળે, કુરિયર કરવા એ જમાનો હવે બદલાઇ ગયો. જે રીતે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં સરકાર આગળ વધી રહી છે એ જોતાં હું કહીશ કે અહીંયા સાયન્સ સિટીની સ્થાપના કરવામાં આવી છે. એકવાર સાયન્સ સિટીમાં જાવ, પોતાના વિસ્તારના લોકોને લઇ જાઓ તો ખબર પડશે કે સાયન્સ સિટી એ દુનિયાની એક અજાયબી જેવું એક આઇકોન કહી શકાય એવો વિકાસ અને પ્રગતિ આપણે કરી રહ્યા છીએ. હું આપને કહીશ કે ગુજકોસ્ટ એ સાયન્સ એન્ડ ટેકનોલોજીએ તૈયાર કરેલ રૂપરેખા છે અને રાજયમાં યુવાનો માટે સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે ઇનોવેશન માટેનું વાતાવરણ ઉભું કર્યું છે. ડિજિટલ ઇન્ડિયા વીકની ઉજવણી કરવામાં આવી, ૩૩ જિલ્લાની ક્વીઝ હતી અને ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ એમાં ભાગી લીધો અને તેજશ્રીબેન, આ આપણો સ્માર્ટ સ્ટુડન્ટ છે. તમે કુપોષણમાંથી બહાર આવતા નથી. કુપોષણની ચિંતા સરકાર કરી રહી છે, તમે એની ચિંતા ન કરો. સરકાર તો સરકાર છે અને ગુજરાત એ ગુજરાત છે. ગુજરાતની અંદર અન્નક્ષેત્રો ચાલતા હોય છે. લોકોને ખબર પડી છે, સરવે થયો છે અને સરકારે જયારે કામગીરી ચાલુ કરી છે ત્યારે સમાજના લોકોએ પણ આગળ આવીને એમાં લોકભાગીદારી કરીને આંગણવાડીઓમાં વિશેષ ધ્યાન આપી રહ્યા છે. ગામના લોકો પણ ચિંતા કરતા હોય છે એટલે કુપોષણની ચિંતા મૂકી દેજો, એટલા માટે કે આ કુપોષણની ભેટ તમે આપી છે. કારણ કે જે અમારી દીકરીઓ, કિશોરીઓ અને જે માતાઓ હતી એનું પોષણ બરાબર નથી થયું અને એટલા માટે આવા કુપોષિત બાળકો જન્મે છે પણ રાજ્ય સરકારે ગર્ભમાંથી ગર્ભવતી માતાને પણ સારામાં સારું પોષણ મળે એની ચિંતા કરીને એવા પ્રોજેક્ટ કર્યા છે અને એમાં પણ તમને યાદ કરવું હોય તો હું યાદ કરાવું કે લોકો સુખડી કરીને ગર્ભવતી માતાઓને આપતા હતા આવી જનજાગૃતિ લોકોની અંદર કરવામાં આવી છે. જે મા ગર્ભવતી હોય એને સારામાં સારું પોષણ આપવું જોઇએ. એ જનજાગૃત્તિના વિષયની ક્રાંતિ પણ આ રાજ્ય સરકાર લાવી છે ત્યારે બેન તમે સાંભળો, શાંતિથી. તમારા લોકોએ આ ચશ્મા ઉતારવાની જરૂર છે. (અંતરાય)

માનનચી અધ્યક્ષશ્રી, હું આપને કહીશ કે જે રીતે સાયન્સ અને ટેકનોલોજીમાં રિસર્ચ કરવામાં આવે છે એમાં ૧૨૩ જેટલા (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. મારે જાણ કરવા માટે આ ગૃહને ઘણી બધી વાત કહેવાની છે. જે ઇનોવેશન છે એ મારે કહેવા છે અને એમને ઇનોવેશન સાંભળવામાં રસ ના હોય અને ચશ્મા ઉતારવા ના હોય તો બેસી રહે શાંતિથી, બીજાને સાંભળવું છે એને સાંભળવા દે. જે રિસર્ચ કરવામાં આવે છે એવા માઇનોર રિસર્ચ પ્રોજેક્ટ માટે.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર.. પ્લીઝ, ભાઇ અંદર અંદર અવાજ નહિ જોઇએ.

ડો. નીમાબેન ભા. આચાર્ય : ૧૨૩ પ્રોજેક્ટ ૩,૯૫,૯૨,૦૦૦/- જેવી રકમ આની અંદર ફાળવવામાં આવી છે. રાઘવજીભાઇ કહેતા હતા કે- બજેટ નથી ફાળવ્યું. બજેટ ફાળવ્યું છે અને એનો પૂરેપૂરો ઉપયોગ પણ થાય છે. મારે અહીંયા કહેવું છે કે, રિજીયોનલ સાયન્સ મ્યુઝિયમ બનાવવાનું પણ સરકારે પાંચ જિલ્લામાં નક્કી કર્યું છે અને મારા ભૂજ-કચ્છને પસંદ કરવામાં આવ્યું છે. ભૂજમાં આના માટેની જગ્યા પણ નક્કી થઇ ગઇ છે. હું રાજ્ય સરકારનો અને આનંદીબેનનો આભાર માનું છું કે, અમારાં કચ્છને દરેક વસ્તુમાં પ્રાયોરિટી આપીને કચ્છને આવું લાડકું બનાવ્યું છે. આપ સૌ જાણો છો કે, ભૂકંપમાંથી અમને બેઠા કર્યાં. આજે જો વિશ્વના નકશા ઉપર મૂકાયું હોય તો એ આપણ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ અને આપણી ભાજપની સરકારે આ કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ કહીશ કે આપણે બાયસેગની સ્થાપના કરી અને તેના દ્વારા જે કામગીરી થઇ છે તેની નોંધ દેશ અને દુનિયાએ લીધી છે. આપણા તમામ જે કાંઇ એજ્યુકેશનના આયામો છે એની અંદર બાયસેગ દ્વારા આપણે એ પ્રોગ્રામો રજૂ કરીએ છીએ અને એ પ્રોગ્રામોની જાણકારી આપણે નીચે સુધી આપીએ છીએ. ઘેર બેઠા શાળાઓની અંદર લોકોને બાયસેગ દ્વારા સેટકોમ નેટવર્ક બનાવ્યું એમાં આપણે ''વંદે ગુજરાત'' ચેનલ બનાવી છે અને અત્યારે ૧૮ જેટલી ચેનલો કાર્યરત છે.

ઉપાધ્યક્ષશ્રી : નીમાબેન આપની પાસે બે મિનિટ છે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : ૧૮ જેટલી ચેનલો ચાલુ કરી છે એનો પણ ઉપયોગ કરજો. (અંતરાય) કાંઇ વાંધો નહિ. મારે જે માહિતી આપવી છે એ હું આપીશજ. આમે ય કોઇ દિવસ ખોટું બોલતાં જ નથી. સેન્ટર ફોર જીઓ ઇન્ફરમેટિક એપ્લીકશન પણ આપણે ત્યાં બનાવવામાં આવી છે. એની અંદર રોજગારીને પ્રોત્સાહન મળે એના માટે જી.આઇ.એસ. એપ્લીકેશનનો વપરાશ કરતા વિભાગોને પણ જે આપણે સોફ્ટવેર પ્રોજેક્ટ અને એપ્લીકેશનો નજીવી કિંમતમાં તૈયાર કરી આપીએ છીએ. એટલે આપણો યુવાન પણ એનો ઉપયોગ કરી શકે. મને કહેતા આનંદ થાય છે કે, ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રોનિકસ અને ઇન્ફરમેશન ટેકનોલોજી વિભાગ દ્વારા બાયસેગને કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગોની જી.આઇ.એસ. એપ્લીકેશનને લગતી કામગીરી અને ડીસીઝન સપોર્ટ સિસ્ટમ માટે તેમના નોલેજ પાર્ટનર પણ બનાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અંતમાં કહેવું છે કે- જે રીતે અહીંયા સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે વાત થતી હતી. કાંઇ નથી થતું. સાહેબ, અમેરિકન યુનિવર્સિટી કાર્નેગી મેલોન યુનિવર્સિટીએ આપણને સી.એમ.એમ.આઇ. લેવલનું સર્ટિફિકેટ આપ્યું છે. સોફ્ટવેર એન્જિનિયરીંગનું જે ઇનર સોફ્ટવેર ડેવલપ કર્યું છે એની અંદર આંતરરાષ્ટ્રીય કક્ષાનું આપણને આ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ સોફ્ટવેર એન્જિનિયરીંગ માટેનું સર્વોચ્ચ કક્ષાનું સર્ટિફિકેશન છે. આપણને એવોર્ડો તો અનેક મળ્યા છે પણ અહીંયા હું બે-ત્રણ એવોર્ડની વાત કરીશ. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવવા માટે, અહીંયા કહેતા હતા કે આગાહી નથી થતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવવા માટે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પાંચ સેકન્ડ છે હવે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : કલેક્ટરશ્રી ભરૂચ તથા બાયસેગને સંયુક્તપણે જીયો સ્પેશ્યલ એક્સલન્સ એવોર્ડ ૨૦૧૫ આપવામાં આવ્યો છે. વીલેજ પ્રોફાઇલ અને તાલુકા પ્લાનિંગ એટલાસ તૈયાર કરવા માટે સરકારે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ગેંદાલભાઇ ડામોર.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની માગણીઓ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીના જમાનામાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગનું પણ પ્રદાન છે. આપણે ગુજરાતમાં ટેકનોલોજીના ક્ષેત્રે કામગીરી કરી પણ રહ્યા છીએ અને એ પહેલાં ભૂતકાળ તરફ જઇએ તો સ્વ.શ્રી રાજીવ વાંધી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે એમણે જે ટેકનોલોજી પ્રત્યે રસ દાખવ્યો હતો, જે ટેકનોલોજીના વિકાસ માટે કામગીરી કરી હતી એને આપણો દેશ ક્યારેય ભૂલી શકે એમ નથી. એની સાથે સાથે એમના જે તે વખતના સલાહકાર આપણા ગુજરાતના પનોતા પુત્ર સુરેન્દ્રનગર જિલ્લાના સામ પિત્રોડા, જેણે આખા વિશ્વમાં ટેકનોલોજી ક્ષેત્રે કામ કર્યું છે અને ટેકનોલોજી ક્ષેત્રે અનેક એવોર્ડો પણ મેળવ્યા છે, એ સામ પિત્રોડાને પણ આપણે ભૂલી શકીએ એમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજી ક્ષેત્રમાં સૌથી વધારેમાં વધારે પ્રદાન જો આપણે ત્યાં હોય તો એ સામ પિત્રોડાનું છે. ઇન્ટરનેશનલ લેવલેથી એમને અનેક એવોર્ડો પણ મળ્યા છે. પણ મને દુઃખ એ બાબતનું છે કે, આપણી ગુજરાત સરકાર આવા ઇન્ટરનેશનલ લેવલના ટેક્નોક્રેટની અત્યાર સુધીમાં નોંધ પણ નથી લઇ શકી કે એમનું અહીં બોલાવીને બહુમાન પણ ગુજરાત રાજ્યમાં આપણે કરી શક્યા નથી. આ બે મહાનુભાવો સ્વ. રાજીવ ગાંધી, આપણા ભૂતકાળના વડાપ્રધાનશ્રી અને સામ પિત્રોડાજીએ ટેકનોલોજી ક્ષેત્રે જે કામગીરી કરી છે એને આપણે ચીરકાળ સુધી યાદ રાખીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીના માધ્યમથી આપણા ગુજરાતમાં જેટલા કામો થઇ રહ્યા છે એના એક-બે દાખલા હું આપની સમક્ષ રજૂ કરું છું. હાલમાં જમીનનું રિ-સરવે થઇ રહ્યું છે. આ રિ-સરવે સંપૂર્ણપણે ટેકનોલોજીના માધ્યમથી થાય છે. જે તે વખતે ભૂતકાળમાં જ્યારે સરવે થયો હશે ત્યારે મેન્યુઅલી થયો છે, દોઢ સો કે બસો વર્ષ જુનું છે, એમાં અત્યારે કોઇ પણ જાતની ભૂલો નથી. માત્ર ને માત્ર અત્યારે ખેતીની જમીનના કબજાના આધારે ફેરફારો થયા હશે અને એટલે કદાચ આ માપણી કરવાની થતી હશે, માપણી કરવામાં આવે એમાં કાંઇ વાધો નથી પણ માત્ર ને માત્ર ટેકનોલોજીના ઉપયોગથી કરવામાં આવી રહી છે ત્યારે એમાં જેટલી કાળજી લેવાવી જોઇએ એટલી કાળજી આપણા આ કોન્ટ્રાકટરના સરવેયરો મારફતે લેવામાં આવતી નથી. અને પરિણામ એ

આવશે કે જ્યારે જમીનોની વધ-ઘટ થશે ત્યારે કોઇકની જમીન ઘટી જશે ત્યારે ખેડૂતોમાં ઝઘડાઓ થશે, દસ વર્ષે -પંદર વર્ષે કે વીસ વર્ષે, એવા ઝઘડાઓ થશે કે એમાં ખૂનો થશે. ટેક્નોલોજીના માધ્યમથી જ્યારે આ થઇ રહ્યું છે ત્યારે આનું પણ પૂરેપૂરું ધ્યાન આ સરકારે રાખવું જોઇએ નહીં તો ભવિષ્યમાં મોટા મોટા પ્રશ્નો ઉપસ્થિત થશે અને ભોગ સામાન્ય માણસ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં થોડીક વાત ઉમેરી દઉં તો જે માપણી થાય છે એમાં એક-બે ટકાની છૂટ આપવામાં આવી છે, જમીન વધે પણ ખરી અને ઘટે પણ ખરી. આવું તો કદાચ વિશ્વમાં કોઇ સ્વીકારી ના શકે. જમીન વધે કેવી રીતે અને ઘટે કેવી રીતે ? જમીન જે છે એ જ રહે. પરિણામ એવું આવશે કે, ભવિષ્યમાં રકબામાં વધ-ઘટ થઇ જશે. ગયા વર્ષે મેં એક પ્રશ્ન પૂછ્યો હતો કે, ગુજરાતની અંદર રિ-સરવે થયું હોય અને કામગીરી પૂર્ણ થઇ હોય એવા કેટલા ગામો છે? તો કામગીરી પૂર્ણ થઇ હોય અને રકબાનો દાખલો આવ્યો હોય એવું એકેય ગામ નથી. તો આ સરવે થાય છે કે, માત્ર ને માત્ર જે કોન્ટ્રાકટરો છે એને લાભ આપવા માટેની કામગીરી થાય છે એ પણ ખબર પડતી નથી. આ કામ જો કે, મહેસૂલ વિભાગ કરે છે પણ પ્રાદ્યૌગિકી, સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની પણ આમાં એટલી જ જવાબદારી છે, અને એના માટે આ કામગીરી કરે એવી પણ મારી આપના મારફતે વિનંતી છે.

એવી જ બીજી બાબત, જમીનને લગતું રેકર્ડ બાબતની હું અહીંયા રજૂ કરવા માગુ છું. જમીનને લગતું રેકર્ડ ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ જે તે વખતે કમ્પ્યુટરાઇઝેશન કરવાનું હતું અને કમ્પ્યુટરાઇઝેશનની કામગીરી પુરી થઇ. પણ અત્યારની જે સ્થિતિ છે, એમાં પરિણામો એવા આવે છે કે, જમીન કોઇકના નામેથી કોઇકના નામે જતી રહે, કેટલોક હિસ્સો બીજાના નામે જતો રહે અને પૂછવા જાય મામલતદાર ઓફિસમાં, તો કહે કે, એ તો થઇ ગયું છે ભૂલથી. હવે તમે અરજી આપો, અરજી આપ્યા પછી એનો નિર્ણય થાય અને નિર્ણય આપ્યા પછી અપીલ થાય એટલી બધી લાંબી કામગીરીમાંથી આ ખેડૂતોને નવરાશ કયારે મળશે? અને ભૂલ હોય માત્ર ને માત્ર તંત્રની. ટેકનોલોજીની ખામીને કારણે હોય કે બીજી કોઇપણ ખામીને કારણે હોય પણ એનો ભોગ જે આ ખેડૂતો બની રહ્યા છે એ માત્ર ને માત્ર કયાંક ટેકનોલોજીમાં ખામી છે અથવા તો એનું મોનીટરીંગ કરવામાં ખામી છે એટલા માટે થઇ રહ્યું છે એ વસ્તુ ધ્યાને લઇએ તો ટેકનોલોજીમાં જે કંઇ ખામીઓ હોય તે ખામીઓને દૂર કરવા માટે આ સરકારે પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઇએ એવી મારી વિનંતી છે. એની સાથેસાથે જયારે રેકર્ડ કમ્પ્યુટરાઇઝ છે ત્યારે રેકર્ડમાં કેટલાય ચેડા પણ થાય છે. કેટલીય છેડછાડ થાય, ગરબડ થાય એ પણ થઇ રહ્યું છે એટલે ટેકનોલોજી જયારે આ ડિપાર્ટમેન્ટ સંભાળે છે ત્યારે એ ડિપાર્ટમેન્ટ આના માટે કોઇપણ જાતનું વ્યવસ્થિત સોફ્ટવેર નિભાવે અને જયાં જયાં આવી ખામીઓ થતી હોય એ તાત્કાલીક પકડે અને યોગ્ય કાર્યવાહી કરે અને જે જવાબદારો હશે એની સામે ગંભીરમાં ગંભીર પગલાં લે એ પણ જરૂરી છે. જીસ્વાનની થોડી વાત કરી લઉં. જીસ્વાન તો હાલની સ્થિતિએ માત્ર ને માત્ર ગાંધીનગરની સરકારી કચેરીઓમાં જ છે. જીસ્વાનની કામગીરીમાં અધિકારીઓ અને કર્મચારીઓ કામ તો બરાબર કરતા હશે પણ કયાંક ને કયાંક એમની ફાઇલોનો વધારે ભરાવો થઇ જાય ત્યારે એ કામગીરીનો નિકાલ બતાવવા માટે માત્ર ને માત્ર ફાઇલોને ઓન પેપર જીસ્વાનની અંદર ટ્રાન્સફર કરવામાં આવે એવા ૧-૨ ટકા કર્મચારીઓ હશે, આ પણ ન બને એના માટે આપણે કાળજી રાખવી પડે. કમ્પ્યુટરની વાત કરીએ તો તાલુકાની અંદર મહેસૂલી રેકર્ડ માટે કમ્પ્યુટર નિભાવેલા છે. આ કમ્પ્યુટર કેટલીયે વાર ખોટકાઇ જાય છે અને ખોટકાય ત્યારે ૧, ૨, ૩ દિવસ, અઠવાડિયા સુધી ખોટકાઇ જાય છે એની કોઇપણ કાળજી તાત્કાલીક લેવામાં આવતી નથી. પરિણામે હેરાન થાય છે સામાન્ય માણસો. આ બાબતમાં સરકાર ગંભીરતાથી વિચારે અને આવા કમ્પ્યુટરો બગડે નહીં એના માટે જે કંઇ કરવું પડતું હોય એ આ સરકાર કરે એના માટે મારી ખાસ વિનંતી છે. ટેકનોલોજીમાં બીજી વાત કરું તો અત્યારે સરકારના ૫-૬ યુનિટ છે જે આ ટેકનોલોજીના માધ્યમથી સરકારની કામગીરીનો પ્રચાર, પ્રસાર કરે છે પણ દુઃખની વાત એ છે કે એની સાથે માત્ર ને માત્ર પક્ષના પ્રચાર અને ગુણગાન કરવાનું કામ થાય છે એ પણ બંધ કરવું જોઇએ. મારી આપને વિનંતી છે. યુવક સેવા અને સાંસ્કૃતિકની થોડીક વાત કરી લઉં. યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ એટલે યુવાનોની સ્કીલ ડેવપલ કરવાની અને એમને આગળ લઇ જવાની કામગીરી આ વિભાગ કરે છે એમાં અંતરિયાળ વિસ્તારની વાત કરું અથવા તો ટ્રાયબલ વિસ્તારની વાત કરું તો એમાં રમત ગમત ક્ષેત્રે સારામાં સારી કામગીરી કરી શકે એવા યુવક, યુવતીઓ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વસુબહેન માગણી ૧૦૫ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન કરું છું અને મારી વાત કહેવા માગું છું. આ બજેટમાં મહિલા અને બાળ વિકાસ માટે અગાઉની સરકારોમાં આખા બજેટ હતા એટલી ૨૬૧૫ કરોડની જોગવાઇ મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે જ કરવામાં આવી છે. અગાઉની સરકારોમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હતો જ નહીં. અગાઉના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અને હાલના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન એ વખતે મહિલા અને બાળ વિકાસના પહેલા જ મંત્રી બનેલા. આ બજેટમાં સંકલિત બાળ વિકાસ માટે મોટું બજેટ ૨૩૨૫ કરોડ આપવામાં આવ્યું છે. આ રાજયમાં કુપોષિત બાળકો કુપોષણમાંથી બહાર નીકળે એના માટે ગુજરાતના વાત્સલ્યમૂર્તિ અને મુખ્યમંત્રી આનંદીબહેને. ૨૩-૫-૨૦૧૫ છોટાઉદેપુરથી એવી જાહેરાત કરેલી કે અમે કુપોષણ મુક્ત ગુજરાત બનાવીશું. એના માટે થઇને રાજયનાં ૪૫,૫૫,૦૦૦ બાળકોની આરોગ્ય તપાસ કરાવી અને એમાંથી નીકળતા કુપોષણ બાળકોને અલગ તારવીને તેને કુપોષણમાંથી બહાર લાવવા માટે એને પૌષ્ટિક આહાર મળી રહે તેમનું આરોગ્ય સારું જળવાય એના માટે આ બાળકોને સિવિલમાં અલગ વિભાગ બનાવીને ડોકટરની આરોગ્યની સારવારની સાથે આ બાળકો ખરેખર સારું પોષણ લઇ શકે એના માટે ત્યાં જ ખોરાક રાંધવામાં આવે છે. નિષ્ણાત રસોઇયા રાખીને આ બાળકોને જોઇતો હોય તે પૈષ્ટિક આહાર આપવામાં આવે છે. જેથી આ ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકો પોતે કુપોષણમાંથી બહાર આવે. સાથે સાથે બાળકોને તેમના માતાની હુંફ

મળી રહે તે માટે ગરીબ વિસ્તારમાંથી માતા આવતી હોય, કામ ધંધાની જવાબદારી હોય એ છોડીને માતાને બાળકો સાથે રાખવા માટે રાજ્ય સરકાર તરફથી માતાની રહેવાની વ્યવસ્થા, ઉપરાંત રોજના ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ ગુજરાતની માતૃતુલ્ય સરકાર આવા ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકોને આ રીતે કુપોષણમાંથી બહાર લાવવા માટે મુખ્યમંત્રી જે મહેનત કરી રહ્યા છે, તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બજેટ મહિલા સશક્તિકરણને વેગ આપતું બજેટ છે. આ બજેટમાં ૫૯૩ યોજનાઓમાં ૧૩૨ યોજનાઓ માત્ર મહિલાઓ માટે છે. તેમાં મહિલાઓને શિક્ષણ, આરોગ્ય, કુપોષણ, કૌશલ્ય વર્ધન રોજગાર માટે લોન સહાય આપવામાં આવે છે. આ સરકાર મહિલા સશક્તિકરણ માટે કામ કરે છે, ત્યારે મારા વિસ્તારની વાત કહેવા માગું છું. મારો વિસ્તાર એક શ્રમજીવી વિસ્તાર છે. અગાઉ કાપડની મિલો ધમધમતી હતી અને લોકો રોજગારી મેળવતા હતા. કાળક્રમે કોંગ્રેસના શાસનમાં મિલો બંધ થઇ અને આજે આ વિસ્તારમાં હીરા ઉદ્યોગ, એમ્બ્રોઇડરી, ગારમેન્ટ, સીલાઇ મશીન ઉપર લોકો કામ કરે છે. રાઘવજીભાઇ જતા રહ્યા. હીરા ઉદ્યોગની ચિંતા કરતા હોય છે. હીરા ઉદ્યોગમાં મારા વિસ્તારમાં બહેનો કામ કરે છે. ચારેક વર્ષ પહેલાં હીરા ઉદ્યોગમાં મંદી આવી ત્યારે, આ બહેનો માટે એને કંઇક રોજગારી મળે એના માટે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી. તે વખતે રૂપાલા સાહેબ સાથે હું પણ કેન્દ્રમાં ઉદ્યોગ મંત્રીને મળવા ગયો. અને અમે કહ્યું કે બહેનો માટે કંઇક જોગવાઇ કરો. અમારું સાંભળી લીધું, ચા પીવડાવી, પરંતુ બહેનો માટે એક રૂપિયાની પણ જાહેરાત આ કોંગ્રેસની સરકારે ન કરી. આવી બહેનો જ્યારે આ વિસ્તારમાં બેકાર થતી હોય, ત્યારે રાજ્ય સરકારમાં વાત કરી કે અમારા વિસ્તારની બહેનોને કંઇક રોજગારી આપવી છે. કંઇક લોન આપવી પડશે, તો આનંદીબેને એ વખતે મને કહ્યું ત્યાંની સ્થાનિક કો–ઓપરેટિવ બેંન્કો હોય તેમાંથી લોન આપો અમે સબસિડી આપીશું. મને કહેતાં ગૌરવ થાય છે કે, આ સહકારી બેન્કમાંથી કે જેમાં હું અત્યારે સભ્ય છું તેમાંથી ૮૨૦૧ બહેનોને લોન આપી. ગોવાભાઇ એક દિવસ કહેતા હતા કે બેન્કેબલ યોજનામાંથી કંઇ મળતું નથી. ગોવાભાઇ આજે નથી મારે તેમને કહેવું છે કે આ બેન્કેબલ યોજનામાંથી રાજ્ય સરકારે પોણા બે કરોડ રૂપિયા સહાય આ બહેનોને આપી છે. આ રાજ્યના આવા વાત્સલ્યમૂર્તિ આનંદીબેન જયારે બહેનો માટે બેટી બચાવો બેટી વધાવોની કામગીરી કરી રહ્યા છે, જયારે રાષ્ટ્રના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ પણ રાષ્ટ્રમાં બેટી બચાવો માટે એક યોજના જાહેર કરી છે. બેટી બચાવો યોજના માટે રાષ્ટ્રીય સુકન્યા બોન્ડ જાહેર કર્યા છે. દરવર્ષે એક હજાર રૂપિયા જમા કરી શકાય તથા વધુમાં વધુ દોઢ લાખ રૂપિયા જમા કરી શકાય. તેના માટે કોઇપણ જાતનો ટેકસ ભરવાનો નથી. આ યોજનાથી પ્રેરાઇને કાલે જ અમારા પૂર્વ વિસ્તારમાં સુરતમાંથી સમસ્ત સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ વતી એક લાખ માણસો ભેગા કરી ૨૦૦ કરોડ રૂપિયાના બોન્ડની જાહેરાત કરવામાં આવી છે. ૧૦૦ કરોડના બોન્ડ ૨૦૧૫માં જે દીકરીનો જન્મ થયો હોય તેને ત્યાં હાજરીમાં જ આપવામાં આવ્યા છે તેનાથી આગળ જઇએ તો ૨૦૧૬માં જે દીકરીઓ જન્મે તેના માટે આવતા વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાના બોન્ડ આપવામાં આવશે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહિલા બાળ વિકાસ મંત્રીશ્રી તેમના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં નારી તુ નારાયણીની ભાવના સાથે પ્રાચીનકાળથી નારી જગતને સન્માનનીય સ્થાન મળ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત રાજ્ય સરકારમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રીને સ્થાન આપવામાં આવ્યું છે તથા મહિલા અને બાળ વિકાસ વિભાગમાં મંત્રી તરીકે એક મહિલા તરીકે માનનીય વસુબેન સ્થાન મેળવી ચુકયા છે અને સરસ કામ કરી રહ્યા છે. કોઇપણ રાષ્ટ્રની પ્રગતિની પારાશીશી તે દેશની સ્ત્રીઓ પ્રત્યેની વર્તણૂકમાં રહેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઇપણ રાષ્ટ્ર કે રાજ્ય નારીશક્તિની અવગણના કરીને કયારેય વિકાસ કરી શકતો નથી. મને થોડું દુઃખ થાય છે અને સામે બહેન કહેતા હતા કે બહેનોને આ વિધાનસભા ગૃહ જોવા માટે લઇ જવામાં આવે છે. મારે કહેવું છે આ સન્માનનીય વિધાનસભાગૃહ જોવા માટે બહેનો આવે, વિદ્યાર્થીઓ આવે અને ભારતીય જનતા પાર્ટીની સમાજમાં એક અલગ છાપ છે. તેમને આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ઉપર વિશ્વાસ અને સન્માન છે એટલા માટે તેમની કામગીરીને વખાણવા માટે અને આ ગૃહનું કામકાજ જોવા માટે બહેનો આવે છે. આપણે ૫૦ ટકા મહિલા ભાગીદારીની વાત કરતા હોય, દરેક સમાજમાંથી બહેનો આગળ આવે ત્યારે ખાલી ગૃહ બતાવવામાં સંકોચ થાય છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારે સમાજના દરેક ખૂણે ખૂણેથી બહેનો આ ગૃહ જોવા આવી રહી છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર માત્ર વાતો નથી કરતી, વાસ્તવિકતા જે છે તે બતાવે છે. જે કહ્યું છે તે કરીને બતાવ્યું છે. ભારતીય જનતા પાર્ટી તે ભારતીય સંસ્કૃતિની ધરોહર સાથે ચાલતી પાર્ટી છે. જયાં સ્ત્રીઓ માટેના ગૌરવની વાત હોય કે સર્વાંગી વિકાસ હોય કે મહિલા સશક્તિકરણની વાત હોય. તેના આધારિત અનેક યોજનાઓ લાવીને તેનું સંચાલન કરીને વર્ષ ૨૦૦૧માં મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, ૨૦૦૧થી મહિલા અને બાળ વિકાસ વિભાગ અલગ કર્યો તો ૬૦ વર્ષ સુધી જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે તમને વિચાર ન આવ્યો? •(×××) માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે રાજ્યના ઇતિહાસમાં સૌ પ્રથમ જેન્ડર બજેટના સ્વરૂપમાં મહિલાલક્ષી યોજનાઓને વિશેષ પ્રાધાન્ય ગુજરાતે આપ્યું છે. સો ટકા મહિલાલક્ષી એવી ૧૩૨ યોજનાઓ સાથે કુલ મળીને ૫૯૩ જેટલી યોજનાઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. ગુજરાતને કુપોષણથી મુક્ત કરવાના દ્રઢ સંકલ્પ સાથે માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે લગભગ ૪૩ લાખ બાળકોની તબીબી તપાસ કરાવીને અતિ કુપોષિત બાળકો છે એને અલગ તારવીને એને ઉપચારાત્મક પોષણયુક્ત આહાર પૂરો પાડવા માટેનું નવતર અભિયાન ઉપાડ્યું છે અને આવા બાળકોને આહારની સાથે સાથે સતત ડોકટરો એમની દેખરેખ રાખે, એને સારવાર આપે અને એ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાળકો કુપોષણથી બહાર આવે એવી યોજના અને અભિયાન માટે ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સરકારના એક મહિલા ધારાસભ્ય તરીકે હું જોઉં છું કે દેશના ખૂણે ખૂણે વસેલી મારી દરેક સમાજની બહેનો અને બાળકો અંદરથી મજબૂત બની રહ્યા છે. એટલું જ નહીં, એની સાથે સાથે એ માટેના પ્રયત્નો આપણે દરેક ધારાસભ્યએ પણ પોતાના વિસ્તારમાં કરવા પડે, માત્ર કુપોષણની વાતો કરવાથી કુપોષણ જતું રહેતું નથી. મને આજે એક વાક્ય યાદ આવે છે કે, "પ્રારબ્ધને અહીં ગાઠે છે કોણ? હું પડકાર ઝીલનારો માણસ છું, હું તેજ ઉછીનું લઉં નહીં હું જાતે બળતું ફાનસ છું." માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણ સામે જંગ ખેલવા માટે ગુજરાત રાજયની સરકાર આજે તૈયાર છે ત્યારે મહિલા સશક્તિકરણની વાતો પણ કરીએ છીએ. મારા વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર મોરવા ખાતે ચાલી રહ્યું છે અને બાળ સેવા કેન્દ્ર પણ ચાલી રહ્યું છે ત્યાં જે કુપોષિત બાળકો હોય છે એને એ બાળ સેવા કેન્દ્રમાં લઇ જવામાં આવે છે એની માતા સાથે રાખવામાં આવે છે અને એની સાથે સાથે કુપોષણના કારણો શું છે એ જાણીને એને ખોરાક પૂરો પાડવામાં આવે છે. મારું એટલું જ કહેવું છે કે, આપણા વિસ્તારમાં એવા બાળકોને જો આપણે જાણતા હોઇએ, ઓળખતા હોઇએ તો માનનીય ધારાસભ્યશ્રી કુપોષણની વાત કરી રહ્યા છે તે આવા બાળકોને ઓળખીને ખાલી બાળ સેવા કેન્દ્ર સુધી લઇ જઇએ તો પણ આપણે રાજય સરકારની જે યોજનાઓ છે એના ઉપયોગ દ્વારા સમાજની સેવા કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકો અને ધાત્રી માતાના પોષણ સ્તરમાં સુધારો કરવાના ઉમદા ધ્યેય સાથે સરકાર જ્યારે યોજના લઇને આવી છે ત્યારે દૂધ સંજીવની યોજનામાં આ વખતના બજેટમાં માત્ર બાળકો જ નહીં પણ મહિલાઓનો પણ સમાવેશ કર્યો છે. આ સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે, આગામી વર્ષમાં રાજયના તમામ ૭૧ આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓ છે એનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવશે અને અઠવાડિયામાં ૫ દિવસ દૂધ સંજીવની યોજના થકી બાળકોને અને ધાત્રી માતાઓને દૂધ આપવામાં આવશે. ગુજરાતની મહિલાઓ આર્થિક રીતે પગભર થવા માટે મિશન મંગલમ યોજના દ્વારા કરોડો રૂપિયાનો કારોબાર કરીને લાખો મહિલાઓ આર્થિક રીતે પગભર થઇ રહી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, મિશન મંગલમ યોજના દ્વારા અમારા મોરવા હડફમાં મિશન મંગલમની બહેનોએ એક નવતર પ્રયોગ કર્યો છે એમાં બેર ફૂટ એન્જિનિયરીંગની તાલીમ હમણા લીધી છે અને એ તાલિમ લીધા બાદ સ્વચ્છ ગુજરાતની જે નેમ છે એની સાથે સાથે જે શૌચાલયની કલ્પના આપણે સૌ કરીએ છીએ કે દરેક મહિલાના ઘરે શૌચાલય હોય તો આ યોજના થકી બેર ફૂટ એન્જિનિયરીંગની તાલિમ લીધા બાદ મિશન મંગલમની બહેનોએ જાતે શૌચાલય બનાવવાની તાલીમ લીધી છે અને આજે ૩૦ થી વધારે શૌચાલય અમારા મોરવા હડપ તાલુકામાં બહેનોએ બનાવ્યા છે. મિશન મંગલમની જે બહેનો છે એ બહેનોને રસોઇ તો આવડે જ છે પણ આજે જે બહાર ફાસ્ટફૂડ વેચાય છે એની પણ આ બહેનોએ તાલિમ લીધી છે. જેથી કરીને આર્થિક પગભરતા મળે, આર્થિક રીતે આગળ આવે, ફૂડ પ્રોસેસીંગનું કામ કરે એવા મોરા અને સુલીયાદ ગામની મારી બહેનો મિશન મંગલમની બહેનો આજે એ કામ શીખીને પાણીપુરી છે, સમોસા છે, દહીંવડા છે, બટાકાવડા છે એવુ બનાવીને આર્થિક રીતે પગભર બનીને આજે અમારા સમાજમાં આગળ આવી રહી છે. મારે કહેવું છે કે, ગાંધીનગરમાં સંસ્કૃતિ કુંજના કાર્યક્રમમાં હમણાં કલ્ચરલ ફેસ્ટીવલ હતું ત્યારે હું જોવા ગઇ હતી અલગ અલગ પ્રાંતમાંથી સાંસ્કૃતિક પોતાનો વારસો આપેલો ત્યારે કહેવું છે કે મિશન મંગલની બહેનો અગરબત્તી બનાવતી અને ગાંધીનગરમાં તેનું વેચાણ કરવા આવેલી.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૧૦૫ લઇને આવ્યા છે તેમાં હું મારો સુર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસની વાત હોય ત્યારે ખાસ કહીશ કે આજે બહેનો સર્વક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે. સમાજ જીવનમાં ૫૦ ટકા મહિલા હિસ્સેદારી છે. આપણે જયારે ઇતિહાસમાં પાછળ નજર કરીએ તો રાજારામમોહનરાય હોય, સ્વામી વિવેકાનંદ હોય કે ડો.બાબાસાહેબ આંબેડકર હોય કે એમના જેવા અનેક મહાન લોકોએ આ દેશમાં જે મહિલાઓ ઉપર અત્યાચાર થતાં હોય તે અત્યાચાર સામે લડત, મહિલાઓના શિક્ષણ તેમજ જે સમાજમાં જુદા જુદા રૂઢીચુસ્તના રિવાજો હોય એ રિવાજોને દૂર કરવા, વિધવા પુનઃવિવાહ આવી અનેક મહિલાઓને લગતી બાબતો માટે એમના જીવનમાં શ્રેષ્ઠ કામગીરી કરી છે અને એ જ રીતે આ ભારતીય જનતા પાર્ટીની આનંદીબેનના નેતૃત્વવાળી સરકાર મહિલા અને બાળ વિકાસ માટે થઇને અનેકવિધ યોજનાઓ લાવી અને ખૂબ સારી કામગીરી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિમાં નારીને નારાયણી કહેવામાં આવે છે અને કહેવાય છે કે જયાં નારીઓને સન્માન આપવામાં આવે, સ્ત્રીને ઘરમાં સન્માન આપવામાં આવે છે તે ઘરમાં દેવતાઓ પણ વાસ કરતા હોય છે. ઇતિહાસ પણ સાક્ષી છે કે જે પુરુષોએ પોતાના જીવનમાં ખૂબ સારી પ્રગતિ કરી હોય તેમની પાછળ કોઇ માતા, કોઇ બહેન કે કોઇ પત્નીનો શ્રેષ્ઠ ફાળો રહેલો હોય છે. અને એટલે જ કહેવાય છે કે, એક સફળ પુરુષ પાછળ એક સફળ સ્ત્રીનો હાથ રહેલો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ અંતર્ગત રાજય સરકારમાં અનેકવિધ યોજનાઓ કાર્યરત છે ત્યારે હું ખાસ જયાં આંગણવાડી છે ત્યાં કામ કરતી મારી કાર્યકર અને તેડાગર બહેન વિશે વાત કરીશ. આ આંગણવાડીની બહેન એટલે તેની પાસે જે નાનુ બાળક ભણવા આવતું હોય એ બાળકમાં શિક્ષણ અને સંસ્કાર પૂરવાનું પાયારૂપ કામ કરતી એટલે આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેન. જેમ કૃષ્ણ ભગવાનને જન્મ આપનાર માતા દેવકી હતા અને તેનો ઉછેર કરનાર માતા યશોદા હતા એવી જ રીતે આ આંગણવાડીમાં આવતા બાળકોનો ઉછેર માતા યશોદા સ્વરૂપે અમારી આ આંગણવાડીની બહેન કરતી હોય છે ત્યારે સામે પક્ષેથી આ આંગણવાડીના બહેનોના પગારની ચિંતા થતી હતી કે આ બહેનોના પગાર નિયમિત થતાં નથી. ત્યારે હું ખાસ કહીશ કે આ

માતા યશોદા તરીકેનું જે આ કામ કરે છે મારી બહેનો એ બહેનોને રાજય સરકાર દ્વારા માતા યશોદા એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. સન્માન પણ કેવું કે જે કોઇ કલેકટરે રાજયકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરી હોય, કોઇ ડી.ડી.ઓ.એ રાજયકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરી હોય તેને જે રકમથી નવાજવામાં આવે તેનાથી પણ વિશેષ રકમથી નમાજવાનું કામ આ આંગણવાડી વર્કર હેલ્પરને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કાર્યકર બહેન હોય તે રાજયકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરે તો તેને ૫૧ હજારનો એવોર્ડ, જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરે તો ૩૧ હજારનો એવોર્ડ અને તાલુકા કક્ષાએ કરે તો તેને ૨૧ હજારના એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. એવી જ રીતે જે તેડાગર બહેન છે, એ બહેનને પણ રાજયકક્ષાએ ૩૧,૦૦૦, જિલ્લા કક્ષાએ ૨૧,૦૦૦, અને તાલુકા કક્ષાએ ૧૧,૦૦૦ના એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. આપણે આ ગૃહમાં બેઠા હોય ત્યારે બંને પક્ષેથી ચર્ચા થતી હોય, વિરોધ પક્ષમાં બેઠા હોય એ વિરોધ કરે, સ્વાભાવિક છે કે વિરોધપક્ષમાં બેઠા હોય ત્યારે વિરોધ થતો હોય, પણ આપણે જે વિરોધ કરીએને એ વિરોધ પાછળ આપની સરકારે પણ ભૂતકાળમાં શું કામ કર્યા છે એ આપણે ભૂલવાં ન જોઇએ. વિધવા બહેનોની ચિંતા કરવામાં આવતી હતી, ત્યારે હું એમને ખાસ યાદ કરાવીશ કે આદર્શ કૌભાંડ, આ કૌભાંડ એ એવું જે આપણા દેશની રક્ષા કરતાં કરતાં વીર શહીદો થઇ ગયા હોય એમની પત્નીઓ માટે જે ફ્લેટ બનાવવામાં આવ્યા હોય એ એમના નામે ફ્લેટ હડપ કરી ગયા એ આદર્શ કૌભાંડ, તો આપણે જયારે ચિંતા કરતા હોઇએ ત્યારે સાચા અર્થમાં આપણે ચિંતા કરવી જોઇએ. મહિલાલક્ષી અનેક યોજનાઓ ગુજરાત સરકારમાં છે તો એ યોજનાઓ આપણે લોકો સુધી પહોંચાડવી જોઇએ. ભલે પછી એ યોજનાઓ બહેનો માટેની હોય કે છેવાડાના માનવી માટેની હોય એ દરેક યોજનાઓ આપણે લોકો સુધી પહોંચાડવા માટે મહેનત કરવી જોઇએ. સાથે સાથે હું વાત કરીશ કે, આંગણવાડીની બહેનોની જયારે મેં એવોર્ડની વાત કરી ત્યારે આ વિશેષ કામગીરી આ રાજય સરકારાની આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે આ જે આંગણવાડીની બહેનોની એક ખાસ ઓળખ ગુજરાત સરકાર દ્વારા ઉભી કરવામાં આવી છે. આ આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનોને બે યુનિફોર્મ આપવામાં આવે છે અને એ યુનિફોર્મના માધ્યમથી આંગણવાડીની બહેન કોઇપણ જગ્યાએ હોય તો એને નાનું બાળક ઓળખી જતું હોય છે અને એમ કહેતું હોય છે કે, આ અમારા બહેન છે. આ ઓળખ આ રાજય સરકાર દ્વારા ઉભી કરવામાં આવી છે. આઇ.એ.અસ. કક્ષાના અધિકારીઓની જે ઓળખ હોય એના કરતાં પણ સારી ઓળખ આ બહેનોને આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે અહીંયાં વારંવાર કુપોષણની વાત થાય છે ત્યારે હું આ સન્માનનીય સભાગૃહને એક ખાસ વાત કહીશ કે, કે અમારી પાર્ટીના પ્રદેશ પ્રમુખ આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને અમારા મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ સાહેબ રાજકોટના કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવ્યાં. આ કુપોષિત બાળકોને દત્તક લઇને જે બાળકને કોઇપણ બિમારી હોય એ બિમારી સામે બાળકને પૂરેપૂરું રક્ષણ મળી રહે એના માટે થઇને રાજકોટમાં અમારા પ્રદેશ પમુખશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે અને માનનીય મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ દ્વારા પણ આ રીતે કામગીરી થઇ રહી છે ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ની વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની માગણી લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત હું થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું વાત કરીશ કલાઇમેટ ચેઇન્જ અંગેની. સમગ્ર વિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગની ચિંતામાં છે. કેવી રીતે થયું, કોના દ્વારા થયું, કઇ સરકારમાં થયું એ વાતમાં આપણે પડતા નથી. એમાં આપણા સૌની જવાબદારી છે અને વિશ્વના ફલક ઉપર જયારે ચર્ચા થઇ ત્યારે આપણા પ્રધાનમંત્રીશ્રીએ પણ ત્યાં જાહેર કર્યું કે, આ ગ્લોબલ વોર્મિંગનું સૌથી મોટું કોઇએ પાપ કર્યું હોય તો એ ધનિક દેશોએ કર્યું છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી હતા એ વખતે એમણે !!કન્વીનીયન્ટ એકસન!! માટેનું એક પુસ્તક ગ્લોબલ વોર્મિંગ અંગેનું લખ્યું, અને એના ઉપાયો પણ એમાં સૂચવ્યા હતા, માત્ર ઉપાયો સૂચવીને બેઠા નથી રહ્યા, પણ ૨૦૦૯ની સાલમાં એમણે આ બાબતનો એક વિભાગ ગુજરાતમાં શરૂ કર્યો, અને એ વિભાગ દ્વારા તેમજ દરેક વિભાગની અંદર એની જુદી જુદી જવાબદારી સોંપીને આ ગ્લોબલ વોર્મિંગ સામેની એક લડાઇની શરૂઆત કરી. જે પ્રકારે આજે વાયુનું પ્રદૂષણ હોય, પાણીનું પ્રદૂષણ હોય એ પ્રદૂષણને રોકવા માટેના ઉપાયો શું કરવા જોઇએ. તે માટે સૌથી પ્રથમ આવશ્યકતા હતી એ પ્રકારે એને કલાઇમેટ ચેઇન્જ અંગેના ઉપાયો શરૂ કર્યા. વિન્ડ પાવર શરૂ કર્યો, સોલાર પાવર શરૂ કર્યો અને એના દ્વારા લગભગ ૪૯૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીને લાખો ટન કોલસાની બચત કરી છે જે કોલસાનું બળતણ થાય અને એના દ્વારા સી.ઓ.ટુ. ઉત્પન્ન થાય છે જે હવાને પ્રદુષિત કરે છે એનું ઉત્પાદન ઘટાડીને વિન્ડ પાવર અને સોલાર પાવર દ્વારા ૪૯૦૦ મેગાવોટ વીજળી પેદા કરીને એની શરૂઆત કરવામાં આવી.

આ ગાંધીનગર શહેરની અંદર લગભગ પાંચ મેગાવોટ જેટલી સોલાર વીજળી પેદા કરીએ છીએ. રૂફટોપ મારફત સરકારી મકાનો ઉપર રૂફટોપ લગાવીને વીજળી પેદા થાય છે જેના કારણે હજારો ટન કોલસાનો બચાવ કરીએ છીએ. એલ.ઇ.ડી. લાઇટ, ટયુબ લાઇટો નાખીને જે પ્રકારે વીજળીની બચત થાય એ પણ એક ગ્લોબલ વોર્મિંગની લડત સામેનો ભાગ છે. કૃષિ વિભગની અંદર પણ જે ૧૮ ટકા કે બાર ટકા જેવું કાર્બન ડાયોકસાઇડ પેદા કરે છે એની સામેની લડતના ભાગરૂપે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં જે પશુઓ છે એના ઉપર સંશોધન શરૂ કર્યું, એ જે ગેસ છોડે છે એ મીથેન ગેસ એ એના શરીરમાં કેવી રીતે પેદા થાય છે એના સામેના ઉપાયો શું એના સંશોધનનું કામ આણંદ કૃષિ યુનિવર્સિટી કરે છે.

એજ પ્રમાણે વન વિભાગને પણ કામગીરી સોંપી છે. જળ જમીન અને વનનો વિસ્તાર થાય. જમીનમાં પાણી ઉતરે, જમીનમાં ભેજ રહે એની કામગીરી વન વિભાગ મારફતે થાય છે. એ જ રીતે દસ વર્ષમાં દરેક વિભાગે જે કામગીરી કરવાની છે એના અંગેનું ૨૫ હજાર કરોડનું પ્લાનિંગ કરીને ચાલુ વર્ષે ૨૧૧૬ કરોડનું બજેટ આ વિભાગ માટે ફાળવેલ છે.

ગુજરાતે પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે કરેલ નોંધપાત્ર કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાના કુલ આઠ એવોર્ડો આ રાજ્ય સરકારને પ્રાપ્ત થયા છે. તાજેતરમાં જ રીન્યુએબલ એનર્જી એસોસીએશન દ્વારા બેસ્ટ સ્ટેટ ઓફ ટ્રાન્સફોર્મેશન થ્રુ કન્વિનીયન્ટ એકશન વર્સેસ કલાઇમેટ ચેઇન્જ અંગેનો પુરસ્કાર રાજય સરકારને મળ્યો છે. ચાલુ વર્ષના બજેટમાં ૫૦ હજાર મકાનો ઉપર રૂફટોપ ઉપર સોલાર વીજળી પેદા કરવાનો પ્રયાસ કરવાનો છે. એક મકાન ઉપર એક કિલો વોટ માટે દસ હજાર રૂપિયાની સહાયતા કરવામાં આવશે અને બે કિલોવોટ માટે ૨૦ હજારની સહાયતા કરવામાં આવશે. આ વર્ષે ૫૦ હજાર મકાનો ઉપર રૂફટોપ કરવાનું પ્લાનિંગ છે.

આદિવાસી ક્ષેત્રની અંદર જે છાત્રાલયો ચાલે છે એમાં પણ સોલાર હીટર મૂકીને ત્યાં વીજળીની બચત થશે અને બાળકોને ગરમ પાણી પણ મળશે. ચાલુ વર્ષે બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ છે એ સમય દરમિયાન એના ભાગરૂપે બે કરોડ રૂપિયાનું આયોજન કરીને જેટલા સરકારી છાત્રાલયો ચાલે છે એમાં સોલાર વોટર હીટર મૂકવામાં આવશે. ગાંધીનગરને સોલાર સિટી અને કાર્બન ન્યુટ્રલ સિટી તરીકે વિકસાવવા માટે ખાસ પ્રોજેકટ હાથ ધરવા સોલાર પાવર રૂપે, સોલર વોટર હીટર, રૂફટોપ સોલાર ઉત્પાદન વગેરે સિસ્ટમને અમલમાં મૂકવામાં આવેલ છે.

હવે હું વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની વાત કરીશ. આ વિભાગમાં માનનીય સભ્યશ્રી તેજશ્રીબેન અને ગેંદાલભાઇએ વાત કરી. બાકીના અમારા ત્રણ મિત્રોએ ભાગ લીધો એમનો હું આભારી છું. વિજ્ઞાને સમગ્ર માનવ જીવનના ઉત્થાન માટે અગત્યની ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રની મોટા ભાગની સમસ્યાનું સમાધાન માત્ર વિજ્ઞાનના હાથે થશે તેવું મોટા ભાગના ચિંતકો માને છે. ગઇ કાલે જે વાત કલ્પના લાગતી હતી તે આજે વિજ્ઞાન થકી વાસ્તવિક બની છે. થોડા જ વર્ષો પહેલા અસ્તિત્વમાં આવેલ આઇ.ટી. એટલે કે ઇન્ફરમેશન ટેકનોલોજી, તે થોડા સમયમાં આગળ વધીને આઇ.સી.ટી. એટલે કે ઇન્ફરમેશન એન્ડ કોમ્યુનેશન ટેકનોલોજી બની ગયું. અને ત્યાર બાદ થોડો સમય જતાં આજે I .O.T . એટલે કે I nt e r n e t o f t h i n k થઇ ગયું છે ત્યારે આ રાજયનો નાગરિક કે વહીવટી તંત્ર કયાંય પાછળ ન રહી જાય તેની ચિંતાની શરૂઆત તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતમાં કરી હતી અને આજે પ્રવર્તમાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેને ગતિ આપી રહ્યા છે. આ રાજ્ય સરકારે વિકસાવેલ બાયસેગ આજે ૧૬ શૈક્ષણિક ચેનલો ચલાવી રહ્યું છે તથા દેશનું સર્વોત્તમ ભૂકંપ સંશોધન કેન્દ્ર ગુજરાતમાં છે. આ બન્ને સંસ્થા પાસે દેશના અન્ય રાજયના પ્રતિનિધિઓ માર્ગદર્શન લેવા આવે છે. તો ગુજરાત સાયન્સ સિટી ફેઝ-૨નું આગામી ચાર-પાંચ વર્ષમાં જયારે કામ પૂર્ણ થશે ત્યારે દેશનું સર્વોત્તમ સાયન્સ સિટી બનવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિજીટલ ગુજરાતનો મજબૂત પાયો નાખવા અંદાજપત્રમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની ઇતિહાસની સોથી મોટી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૦૩માં આ વિભાગની જોગવાઇ ૫૨.૧૧ કરોડની હતી, જે આજે ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૩૬૫ કરોડની એટલે કે ૫૨૦ ટકા જેટલી વધારે છે. જીસ્વાન અંગેની વાત થઇ. ટીકા એની થાય જો કંઇ હોય તો. જીસ્વાન છે તો તેની ટીકા થાય. જીસ્વાન ન હોત તો? તો ટીકાનો કોઇ સવાલ નથી. મને કહેતા આનંદ છે કે જીસ્વાન હવે ટૂંક સમયમાં ૨૦ ગણું ઝડપી બનવા જઇ રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ડિજીટલ ઇન્ડિયા અને ડિજીટલ ગુજરાતને સાર્થક કરવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગે રાજયના ઇ-ગવર્નન્સ અને નાગરિકોને સુવિધા પૂરી પાડવા માટે પ્લેટફોર્મના સુદ્રઢીકરણ માટે મોટા પાયે જીસ્વાન અપડેટ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત જીલ્લા કક્ષાએ હાલમાં ૩૪ એમ.બી.પી.એસ.ની બેન્ડ વિડ્થ છે તે વધારીને ૫૦૦ એમ.બી.પી.એસ. કરવાની છે અને તાલુકા કક્ષાએ ૧૦ એમ.બી.પી.એસ.ની બેન્ડ વિડ્થ છે તે વધારીને ૨૦૦ એમ.બી.પી.એસ. સુધી કરવાનો નિર્ણય કરેલ છે. રાજ્યની અગત્યની જવાબદારી સંભાળતી કચેરીઓની કે નાગરિકોની સુવિધા પૂરી પડવામાં અગત્યની જવાબદારી સંભાળતી હોય તે કચેરીઓને પી.ઓ.પી. તરીકે સ્થાપીને ત્યાં ૫૦થી ૧૦૦ એમ.બી.પી.એસ. સુધીની બેન્ડ વિડ્થ આપવામાં આવશે. અદ્યતન જીસ્વાનના ભાગ રૂપે ડેટા સેન્ટરનું આધુનિકરણ કરવામાં આવશે જેથી તે ૧૦ જી.બી.પી.એસ. સુધીના ડેટા પરિવહન કરવાની ક્ષમતા મેળવી શકે. અત્રે નોંધનીય છે કે જીસ્વાન અપગ્રેડેશન કરવાની હાલની A T V T , વ્યાજબી ભાવની દુકાનો, E –D h a r a c i t y c i v i c c e n t e r s ખાતે નાગરિકોને વિવિધ સુવિધા આપવામાં આવે છે તે વધુ ઝડપથી આપી શકાશે અને સેવાનો વ્યાપ પણ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ડિજીટલ ઇન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ગામડાંઓને ફાઇબરથી કનેકટ કરવાનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ ભારત નેટ અંતર્ગત ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક ઉભું કરવા માટે રાજય સરકારે સ્પેશિયલ પર્પઝ વેહિકલ દ્વારા આ કામગીરી રાજયમાં ઝડપી અમલી બને તે માટે કાર્ય હાથ ધરેલ છે. આ ફાઇબર ગ્રીડ નેટવર્ક ઉભું થતાં સમય જાય તેમ હોઇ રાજયની ગ્રામીણ પ્રજાને ઇ-ગવર્નન્સના ઝડપી માધ્યમથી સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકાર દ્વારા ઇ-ગ્રામ વિશ્વગ્રામના માધ્યમથી સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેને વધુ સુદ્રઢ કરવા માટે પ્રથમ તબક્કે ૫,૦૦૦ ગામડાંઓમાં વધુ બેન્ડ વિડ્થ ઉપલબ્ધ કરાવી રાજયની ગ્રામીણ પ્રજાને વધુમાં વધુ સેવાઓ ઘર આંગણે મળી રહે તેવી જોગવાઇ સૂચવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષમાં બે મહત્વની નીતિઓની જાહેરાત થઇ. આઇ.ટી. પોલીસી અને બીજી ઇલેક્ટ્રોનિક પોલીસી. જેના થકી ગુજરાતના યુવાનો માટે ખૂબ જ મોટા પાયે રોજગારીની તકો ઉભી થવાની છે. આ પોલીસી અન્વયે સૌ પ્રથમવાર ફીનીશીંગ સ્કૂલના સ્થાપના પર ભાર મૂકવામાં આવેલ છે. આના માટે નાણાકીય વર્ષ ૨૦૧૭માં એક કરોડની જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે રોટી, કપડા ઔર મકાનની વાત હતી અને આજે જીવન જરૂરિયાતને માનવામાં આવતી બદલાતી જીવન જરૂરિયાતની ચીજોમાં વાઇ–ફાઇનો ઉમેરો થયો છે. બાબાસાહેબ આંબેડકર વર્ષ ઉજવી રહ્યા છીએ ત્યારે રાજ્યની ૧૩૫ અનુસૂચિત જાતિ અને જનજાતિ આશ્રમ શાળાઓમાં ઇ–લર્નીંગ માટે ઇન્ટરનેટની કનેક્ટીવીટી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદ ક્ષેત્રની અંદર ગુજરાત બાયો ટેકનોલોજી ક્ષેત્રમાં દેશમાં નંબર વન છે. આગામી દિવસોમાં જ્યારે વિશ્વએ આયુર્વેદને સ્વીકાર્યું છે. કોઇપણ માણસને કમળો થયો હોય તો આપણે એમને એમ કહીએ છીએ કે વિકળાના પાન ખાવ તો કમળો ધીરે ધીરે નષ્ટ થશે. પણ વીકળાના પાનથી જીનેટીકલ શું અસર થાય છે? ક્યા જીન ઉપર શું અસર થાય છે? એ જાણવાના આપણી પાસે આધારભૂત વૈજ્ઞાનિક સાધનો નથી. એટલે આ તમામ બાબતોનું વૈજ્ઞાનિક સંશોધન કરીને આયુર્વેદ ક્ષેત્રને એક વિશ્વનું પ્રમાણભૂત મળી રહે એ પ્રકારનો પ્રયાસ આપણા ક્ષેત્ર દ્વારા કરી રહ્યા છીએ. જી–નોર્મ્સ – આપણી ગીર ગાય, આપણી જાફરાબાદી ભેંસ અને કાઠીયાવાડી અશ્વ એના એ પ્રકારના જીનથી આવનારી પેઢી સારામાં સારી બને એના માટે લેબ પણ ગુજરાતમાં સ્થાપવાનો આપણે નિર્ણય કર્યો છે. કોમન સર્વિસ પોર્ટલ– ડિજિટલ ગુજરાત અંતર્ગત રાજ્યના નાગરિકો સરકારની જુદી જુદી સેવાઓ મેળવવા માટેનું પોર્ટલ. ઓન લાઇન અરજી કરી શકે તે માટે કોમન સર્વિસ પોર્ટલ પણ વિકાસાવી રહ્યા છીએ. મન કી બાતમાં આપણા પ્રધાનમંત્રીશ્રીએ વાત કરી હતી. હું જ્યારે યુવાનોને પૂછું છું કે તમારે શું બનવું છે? તો સોમાંથી માત્ર એક યુવાન એમ કહે છે કે મારે વૈજ્ઞાનિક બનવું છે. આ આપણી કમનસીબી છે કે સો વિદ્યાર્થીમાંથી એક વિદ્યાર્થી એમ કહે કે મારે વૈજ્ઞાનિક બનવું છે. વિજ્ઞાન માટેની અભિરૂચી કેળવાય એ માટેનો આ પ્રયાસ છે. સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ સમાજના હિતનું, સર્વ સમાજ માટેનું એક પારદર્શક વહીવટ માટેનું સાધન હોઇ માનનીય વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું કે આપની કાપદરખાસ્તો પાછી ખેંચી અને મારી આ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા રમત ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની માગણી નં. ૯૮ અહીં રજૂ થઇ, એના ઉપર આ સન્માનનીય સભાગૃહના સભ્યોએ પોતાના વિચારો પણ મૂક્યા. જેમાં શ્રીમતી તેજશ્રીબેન પટેલ, શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, શ્રી ગૌતમભાઇ, શ્રી ઇશ્વરભાઇ, શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી ગેંદાલભાઇ ડામોરે વિભાગની કામગીરીને સરાહી પણ ખરી અને જ્યાં જરૂરી લાગ્યું ત્યાં અંગૂલી નિર્દેશ પણ કર્યો. ક્યાંક ટીકાના સંદર્ભમાં, ક્યાંક સૂચનોના સંદર્ભમાં. રમત ગમત વિભાગ આમ બીજા વિભાગોના પ્રમાણમાં સરખામણીએ નાનો કહેવાય પણ એનું મહત્ત્વ બીજાથી ઓછું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદને એક વ્યક્તિએ એમ કહ્યું કે તમે મને ગીતાનું જ્ઞાન આપો, મારે ગીતાને સમજવી છે. ત્યારે સ્વામીજીએ જવાબ આપ્યો કે તારે ગીતા સમજવી છે? જો તારે ગીતાને સમજવી હોય તો તુ ફૂટબોલના મેદાનમાં જા. ત્યાં તને સંપૂર્ણ ગીતાનું જ્ઞાન મળશે. આ છે રમતનું મહત્ત્વ. આ રમતના મહત્ત્વને સ્વીકારીને આ સન્માનનીય સભાગૃહમાં મને કહેતાં આનંદ થાય છે કે દેશની અંદર જેટલા પણ રાજ્યો છે એ રાજ્યોમાં સૌથી વધારે બજેટની ફાળવણી ક્યાંય થતી હોય તો એ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આગેવાની નીચે ગુજરાતના રમત ગમત વિભાગમાં થાય છે. એક સમય એવો હતો કે જ્યાં રમતની વાત આવે ત્યાં ગુજરાતીનું કામ નહીં, આ કોઇ વેપાર નથી, આ કોઇ દાળ–ભાત ખાવાની વાત નથી. આ તો રમતના મેદાનમાં કૌશલ્ય દેખાડવાની વાત છે ત્યાં ગુજરાતીઓનું કામ નહીં અને આ મહેણું ભાંગવાનું કામ ગુજરાત કરી રહી છે અને ગુજરાત એ રસ્તે આગળ વધી રહી છે ત્યારે આપણા અત્યારના પ્રધાનમંત્રી અને જે તે સમયના આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ એક રાહ ચીંધ્યો કે ગુજરાત વિવિધ ક્ષેત્રની અંદર નંબર વન છે જ, રહેશે પણ રમતના ક્ષેત્રમાં પણ પાછળ ના રહે એ માટે ગુજરાતે આગળ વધવું પડશે અને એ માટે જે રમતગમતની ઇમારત બનાવી એ ઇમારતના છ પાયાઓ, છ સ્તંભો પ્રતિભાની શોધ, પ્રતિભાનું સંવર્ધન, મજબૂત સ્પર્ધાત્મક માળખું, માળખાગત સુવિધાઓની રચના, હિતધારકોને પ્રોત્સાહન અને આવકનું નિર્માણ આ છ સ્તંભો ઉપર ગુજરાતનું રમતગમત ક્ષેત્રનું માળખું ઉભું કરવાનું શ્રેય માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે અને એને સંવર્ધન કરવાનું કામ આપણા અત્યારના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને જાય છે. હજી બે દિવસ પહેલાં સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે ખેલ મહાકુંભનો સમારોહ થયો. આ ખેલ મહાકુંભમાં ૪૦,૩૧,૩૭૭ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું. આ સ્વયં ભારતની અંદરની સૌથી મોટી એક રમત ગમતની ઇવેન્ટ બની રહી છે. એમાં શાળા કક્ષાએ, ગ્રામીણ કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ એક મહિના સુધી રમત ઉત્સવ ચાલ્યો. અહીં હમણાં ખેલ મહાકુંભની વાત થતી હતી. અમારા બહેનશ્રી તેજશ્રીબહેને વાત કરી કે આ રમત બધી કાગળ ઉપર થાય છે. બહેનશ્રી તેજશ્રીબહેને એમ કીધું કે આ તો બધું કાગળ ઉપર. બહેનને કદાચ એમના જૂના દિવસો યાદ આવતા હશે. એક સમય હતો કે બધું જ કાગળ ઉપર થતું હતું. યોજનાઓ કાગળ ઉપર ચાલતી, સબસિડીઓ કાગળ ઉપર હતી, ગરીબો માટે મકાનો કાગળ ઉપર બનતા, રોડ કાગળ ઉપર બનતો, પાણીના ટેન્કરો કાગળ ઉપર ચાલતા હતા, નોકરીઓ કાગળ ઉપર મળતી હતી. ચેકડેમો કાગળ ઉપર બનતા હતા. ખેડૂતોના કૂવાઓ પણ કાગળ

ઉપર બનતા હતા. આનું લિસ્ટ બેન ખૂબ લાંબુ થાય એમ છે પણ મારે જણાવવું છે કે આ કાગળ ગુજરાતની અંદર ૧૯૯૫માં ફાટી ગયો અને દેશની અંદર ૨૦૧૪માં ફાટી ગયો એટલે હવે આવા કાગળનું કોઇ અસ્તિત્વ ગુજરાતમાં પણ નથી અને દેશમાં પણ નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપે એક ધોરણ નકકી કર્યું છે અને કહ્યું છે કે જયારે આક્ષેપ કરો ત્યારે આધારભૂત માહિતી વિગત સાથે અને મંત્રી હોય કે સભ્ય હોય એમણે જવાબદારી સ્વીકારવી જોઇએ. માનનીય મંત્રીશ્રીએ જે કંઇ રસ્તા, કૂવાની વાત કરી એની જવાબદારી સ્વીકારીને નામ બતાવે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, આપ નહોતા એટલે હું ધ્યાન દોરું કે માનનીય સભ્યશ્રીએ આ જ ભાષામાં વાત શરૂ કરી હતી કે કાગળ ઉપર છે એટલે આ રીતે જવાબ આપે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપને ત્યાંથી જે ધોરણ..(અંતરાય) સભ્ય સભ્ય છે, મિનિસ્ટર મિનિસ્ટર છે. મિનિસ્ટરથી એ કક્ષાએ વાત ના થાય.

ઉપાધ્યક્ષશ્રી : એમના માટે પણ મેં આ જ ધોરણ રાખ્યું હતું. ઓ.કે. સીટ ડાઉન. પોઇન્ટ ઓફ ઓર્ડર નથી રહેતો. (અંતરાય) બેન આપ બેસી જાવ

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ સભ્યના નામ આપ્યા નથી. કોઇ સરકારનું નામ આપ્યું નથી. આ ખેલમહાકુંભમાં જે રમતો હોય, જે પદ્ધતિઓ હોય એમાં પરંપરાગત રીતે ફેરફાર કરતા હોઇએ છીએ. અત્યાર સુધી ખેલમહાકુંભમાં ૨૧ રમતો હતી હવે એમાં ૨૭ રમતો છે. (અંતરાય) અંડર નાઇન, અંડર ઇલેવન, અંડર થર્ટીન, અંડર સીકસટીન (અંતરાય) આ રમતો શાળા કક્ષાથી લઇને રાજય કક્ષા સુધી રમવામાં આવે છે. ખેલ મહાકુંભનું આયોજન કરીને રાજય સરકાર બેસી રહેતી નથી. રાજય સરકારની જે નીતિ છે કે કૌશલ્યને શોધવું અને ત્યાર પછી એનું સંવર્ધન કરવું, આ ખેલ મહાકુંભ પછી તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ જે પહેલો, બીજો અને ત્રીજો નંબર આવ્યો હોય એવા તમામ ખેલાડીઓનો ૧૫ દિવસ સુધીનો સમર કેમ્પ થશે. ગયા વર્ષે સમર કેમ્પ હતો અને એ સમર કેમ્પમાં જે ખેલાડીઓએ સારી સ્પર્ધા કરી અને અનેક સારું કૌશલ્ય બહાર આવ્યું એવા ખેલાડીઓને જિલ્લા સ્પોર્ટસ સ્કૂલોમાં પ્રવેશ આપ્યો, ઇન સ્કૂલોમાં પ્રવેશ આપ્યો અને હાલમાં રાજયમાં ૧૬ શાળાઓમાં સ્પોર્ટસ સ્કૂલો ચાલે છે. હાલમાં ૧૨ હજાર ખેલાડીઓ ઇન સ્કૂલમાં તાલીમ લઇ રહ્યા છે એમાં ૧૧ ખેલાડીઓ ઘનિષ્ઠ તાલીમ લઇ રહ્યા છે. આ જે તાલીમ લઇ રહ્યા છે એ કોઇ ચીલાચાલુ તાલીમ નહિ પણ એક ખેલાડી પાછળ રાજ્ય સરકાર વર્ષે સવા બે લાખ રૂપિયાનો ખર્ચ કરે છે. આ જે ઇન સ્કૂલ, સ્પોર્ટસ સ્કૂલ છે એમાં જે બાળકોએ ઘનિષ્ઠ તાલીમ લીધી છે એમાં પણ વધારે જેનું કૌશલ્ય હોય એવા ખેલાડીઓને નડિયાદ, અમદાવાદ તથા ભાવનગર ખાતે હોકી, સ્વિમિંગ, એથલેટિક્સ, બેડમિન્ટન, રાઇફઇ શુટિંગ, વોલીબોલ, આર્ચરી, જૂડો, બાસ્કેટ બોલ, ટેબલ ટેનિસ વગેરે રમતોમાં ૩૫૦ કરતાં વધારે ખેલાડીઓને એકેડમીમાં દાખલ કર્યા છે અને એમાં રાજ્ય સરકાર દર મહિને ૨૦ હજારથી વધારે ખર્ચ કરે છે. હમણાં એમ કહેવામાં આવ્યું કે આ ખેલ મહાકૂંભમાં ભાગ લે પછી રાજ્ય સરકાર કે કોઇ એમનો હાથ પકડતું નથી. આ રાજ્યની અંદર કૌશલ્યવાળા ખેલાડીઓ હોય એની એક શકિતદૂત યોજના છે. એ યોજનાને એ, બી, સી એમ ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવી છે. એ કેટેગરીમાં ખેલાડીઓને રોકડ રકમ આપવામાં આવે છે. હમણાં વાત કરતા હતા કે જુદા જુદા એસોસિએશન દ્વારા રમતો રમતા હોય એટલે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળહળે છે. રાજ્ય સરકારનો કોઇ રોલ નથી. એકેડમીમાં ભાગ લેતા ખેલાડીઓ પણ ઝળહળે છે. શકિતદૂત યોજના દ્વારા રાજ્યસરકાર સહાય આપે છે એ જ રાજ્ય કક્ષાએ ઝળહળે છે. શકિતદૂત યોજનામાં એ કેટેગરીમાં કુ.લજ્જા ગોસ્વામી રાઇફલ શુટિંગમાં, હરમિત દેસાઇ ટેબલ ટેનિસ, કુ. અંકિતા રેના ટેનિસ, અંકિતા રાજપરા ચેસ, કુ.પુજા ચોરસિયા ટ્રાઇથે લોન, અંશુ કોઠારી સ્વિમિંગ, નીલ કોન્ટ્રાકટર સ્વિમિંગ અને કુ.માના પટેલ સ્વિમિંગ. મને જણાવતા આનંદ થાય છે કે, આજે જો આપણા ગુજરાતના સદભાગ્ય હશે, રાજ્ય સરકારના પ્રયત્ન અને માના પટેલના પણ પ્રયત્ન, એના વાલીઓના પણ પ્રયત્ન તો માના પટેલ રીઓ ઓલિમ્પિકની અંદર ક્વોલિફિકેશન માટે અત્યારે ખૂબ આગળ વધી ગઇ છે. બી કેટેગરીમાં કુ. ઝીલ દેસાઇ ટેનિસ, કુ.ઇતિ મહેતા, ટેનિસ, કુ. અનુષ્ઠા પરીખ બેડમિન્ટન, ઋષિરાજ બારોટ શુટિંગ, ઋત્વિક ભટ્ટ સ્વિમિંગ, દેવ જાવિયા ટેનિસ અને માનવ ઠક્કર ટેબલ ટેનિસ આ બી કેટેગરીમાં છે. એવી જ રીતે બીજા ૧૭ ખેલાડીઓ સી કેટેગરીમાં છે. અહીં જે કહેવામાં આવ્યું કે રાજ્ય સરકારનો કોઇ રોલ નથી. આમાં ખેલાડીઓને ૨૫ લાખ સુધીની રકમ આપવામાં આવે છે. ખેલ પ્રતિભા પુરસ્કાર આ રાજયમાં આપવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જાહેરાત કરી કે ગુજરાતનો ખેલાડી અત્યારે ભલે આપણને સ્વપ્ન જેવું લાગતું હોય પણ સ્વપ્ન જોવાનો અધિકાર ગુજરાતને છે, ગુજરાતીઓને છે અને આ સરકાર ગુજરાતની જનતાને આહવાન કરે છે, ગુજરાતના ખેલાડીઓને આહવાન કરે છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાતના ખેલાડી ઓલમ્પિકની અંદર જો સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરશે તો આ રાજ્ય સરકાર તરફથી ૫ કરોડ રૂપિયા, રજત પ્રાપ્ત કરશે તો ૩ કરોડ અને કાંસ્ય પ્રાપ્ત કરશે તો ૨ કરોડ આપવામાં આવશે. એશિયન ગેઇમની અંદર જો સુવર્ણ પ્રાપ્ત કરશે તો ૨ કરોડ, રજત પ્રાપ્ત કરશે તો ૧ કરોડ અને કાંસ્ય હશે તો ૫૦ લાખ, કોમનવેલ્થમાં સુવર્ણમાં ૧ કરોડ, રજતમાં ૫૦ લાખ અને કાંસ્યમાં ૨૫ લાખ એવી રીતે ઇનામોની પણ જાહેરાત કરી છે. આ વાત થઇ અત્યારે જે આયોજનમાં છે એની. પરંતુ જે ભવિષ્યમાં આયોજન થવાનું છે એમાં વડોદરા ખાતે સ્વિમિંગ માટે હાઇ પર્ફોમન્સ સેન્ટર, રાજ્યની ૧૫૦ શાળાઓ માટે સાધનો તથા ટ્રેનર, કુલ ૭૫ હજાર ખેલાડીઓને કોચિંગનો લાભ, ૧૦ સ્થળોએ સ્પોર્ટસ હોસ્ટેલનું નિર્માણ અને ૨૭૫૦ ખેલાડીઓના નિવાસની સુવિધા થાય એવી હોસ્ટેલના આયોજન પણ અત્યારે થઇ રહ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી નાનુભાઇ આપની પાસે બે મિનિટ છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ કામગીરીના કારણે અત્યારે રાજ્ય ખૂબ રમત ગમત ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. તાજેતરની અંદર આ સન્માનનીય સભાગૃહમાં સ્પોર્ટસ પોલીસી પણ આપણે ડિકલેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સાંસ્કૃતિક વિભાગની વાત કરું. આપણને દુ:ખ થાય અત્યારે જે વાતાવરણ નિર્માણ થઇ રહ્યું છે. આ ગુજરાતી અંદર, દેશની અંદર, ગુજરાતની અંદર તો હજી વાતાવરણ નથી આવ્યું પણ ''ભારત માતાની જય'' બોલાવે એમાં પણ (શેઇમ શેઇમના પોકારો) ક્યાં આપણી સંસ્કૃત્તિ જઇને ઊભી છે? અને આ સંસ્કૃત્તિના સંવર્ધન માટે ગુજરાત પણ ક્યાંયથી પાછળ રહ્યું નથી ત્યારે જુદા જુદા સાંસ્કૃત્તિક કાર્યક્રમોને સાંસ્કૃત્ત કરવા માટે યુવાનોને પણ પ્રોત્સાહન આપવા માટે આ રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે, બીજા સભ્યશ્રીઓએ પણ આ ચર્ચામાં ભાગ લીધો. ભાઇશ્રી ગૌત્તમભાઇએ ખૂબ સારા સૂચનો કર્યા. ગૌત્તમભાઇએ એમ કહ્યું કે, વડોદરા, અમદાવાદ, રાજકોટની અંદર ઓલમ્પિક કક્ષાના સ્વિમિંગ પૂલ હોય છે પણ નાના સેન્ટરોની અંદર હોતા નથી. મારે ગૌત્તમભાઇને કહેવું છે કે, દાહોદ જિલ્લાનું દેવગઢબારિયા સેન્ટર તો નાનું. જ્યાં ૫૦ મીટરનો ઓલમ્પિક સાઇઝનો સ્વિમિંગ પૂલ હાલમાં કાર્યરત છે. જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કુલ છે અને આ સ્વિમિંગ પૂલની અંદર સારા કોચ પણ છે એટલે આ રાજ્ય સરકાર મોટા નગરો, નાના નગરો અને ૫૦૦૦ ની વસ્તી સુધીના ગામડાઓ સુધી પણ રમતનું ઇન્ફ્રાસ્ટ્રકચર પહોંચે એ માટે પ્રતિબદ્ધ છે ત્યારે હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે માગણી નંબર ૯૮ લઇને આવ્યો છું ત્યારે જે સભ્યોએ એની કાપ દરખાસ્ત રજૂ કરી છે એ કાપ દરખાસ્ત પાછી ખેંચે અને માગણી આ નંબર ૯૮ સર્વાનુમતે પસાર કરે એવી મારી આપ સૌને વિનંતી છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિભાગની ૧૦૫ નંબરની માગણી લઇને ગૃહ સમક્ષ ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે રાજ્ય સરકારના તમામ વિભાગોમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, હું અને મારી ટીમ સૌ લોકો ઇશ્વરિય કાર્ય સાથે જોડાયેલા છીએ અને એનું મને સદભાગ્ય મળ્યું છે અને એનું મને ગૌરવ છે. પૌરાણિક કાળથી મહિલાઓનું સામાજિક જીવન અગત્યનું રહ્યું છે. સમાજની સામાજિક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય પરિસ્થિતિમાં મહિલાઓનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. સાંપ્રત સમયમાં પણ મહિલાઓ વૈશ્વિક પ્રવાહોમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપી રહી છે. આજે મહિલાઓ કૃષિ, પશુપાલન, શિક્ષણ, મેનેજમેન્ટ, રિસર્ચ, બેકિંગ, અવકાશ વિજ્ઞાન જેવા તમામ ક્ષેત્રમાં પુરુષની સાથે ખભેખભા મિલાવીને સમગ્ર વિકાસમાં સહભાગી બની રહી છે. આમ જોઇએ તો મહિલાઓ સમસ્ત જનસંખ્યાનો લગભગ ૫૦% ભાગ થાય છે અને તેથી જ તેમનું સશક્તિકરણ સામાજિક વિકાસ માટે ખૂબજ અનિવાર્ય બન્યું છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સ્વયં મહિલા સશક્તિકરણની બાબતમાં અતિ સંવેદનશીલ છે. સદભાવનાશાળી છે અને એટલે જ આ ગુજરાતની મહિલાઓ એમ્પાવર્ડ બની છે એમ કહીશ તો કાંઇ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની ચર્ચામાં ઘણાં બધા સભ્યોએ ભાગ લીધો છે. કોઇએ પોઝિટિવ વાત કરી છે, કોઇએ નેગેટિવ વાત કરી છે, કોઇએ ભૂતકાળના સંસ્મરણોને યાદ કરાવ્યાં છે. મારે એમ કહેવું છે કે,

''બૂઝા શકા હૈ ભલા કોન હમ બહેનો કે શોલે કો? હમ એસી આગ હૈ જીસમેં ધુઆં નહિ મિલતા''

માનનીય અધ્યક્ષશ્રી, ખૂદ જલીને પણ પ્રકાશ આપવો એ બહેનોનું કામ રહ્યું છે અને આજ દિશા આપવાનું કામ ગુજરાતે સમગ્ર દેશમાં કર્યું છે. આ દેશમાં રાજ્યમાં પહેલી વખત એવું બન્યું છે કે જેન્ડર બજેટની પ્રણાલી આ રાજ્યે ચાલુ કરી છે. ૨૦૧૬–૧૭માં પણ મહિલાલક્ષી કુલ ૫૦૫૮૮.૮૫ કરોડની જોગવાઇ સાથે આ બજેટને ચાલુ રાખીને ઉલ્લેખ્ કરવાની આવશ્યકતા છે કે જેન્ડર બજેટની જોગવાઇમાં ગયા વર્ષ કરતા ૨,૭૩૯ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. જે આ રાજ્ય સરકાર મહિલા વિકાસના અભિગમનું સૂચક છે. જેન્ડર બજેટમાં સમાવિષ્ટ ૬૧૧ યોજનાઓ પૈકી ૧૩૬ જેટલી યોજનાઓ સંપૂર્ણ મહિલાઓની છે. એટલું જ નહિ, આ યોજનાઓ નાનુભાઇએ કહ્યું એમ કાગળ ઉપર નથી. સમગ્ર યોજનાઓ કાર્યાન્વિત છે અને રાજ્યની બહેનો એમાં કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમને જે સંસ્કારો મળ્યા છે ભારતીય જનતા પાર્ટીના, મારી વિચાર ધારાના સંસ્કારો એટલે માતૃત્વ, નેતૃત્વ અને કર્તૃત્વ. ઝાંસીની રાણી અહલ્યાબાઇ અને માતા જીજાબાઇ, એ સંસ્કારોને સાથે રાખીને સમગ્ર ગુજરાતની બહેનો કામ કરે એના માટેની અમારી કટિબદ્ધતા છે. કોઇ વાણી વિલાસ નહીં, એક સંસ્કારી રીતે સમાજજીવનમાં, રાજકારણમાં પણ પથદર્શક બનીએ એ ભાવ સાથે અમે કામ કરી રહ્યા છીએ.

શિક્ષણ, આરોગ્ય, પોષણ, મહિલાઓના સશકિતકરણ જેવી બાબતો માટે ૨,૦૮૯ કરોડની જોગવાઇ કરી છે. ૪૭૫ જેટલી યોજનામાં ૩૦ થી ૯૯ ટકા જેટલો લાભ મહિલાઓને મળી રહ્યો છે. આ વર્ષના બજેટમાં નોંધપાત્ર બાબત એ છે કે, માતાઓ અને બાળકો માટે અમદાવાદ ખાતે વિશેષ હોસ્પિટલ શરૂ કરવામાં આવવાની છે. મેં કહ્યું હતું અગાઉ પણ, આજની કિશોરી ભવિષ્યની મા બનવાની છે. એના વ્યક્તિગત આરોગ્ય અને આર્થિક સશકિતકરણ માટે સબળા અને કિશોરી શકિત યોજના અંતર્ગત ૧૬૦ કરોડ કરતાં વધુની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

રોજગાર ઇચ્છુક મહિલાઓ માટે જેન્ડર રિસોર્સ અંતર્ગત વેબસાઇડ બેઇઝ જેન્ડર પ્લેસમેન્ટ સેન્ટર શરૂ કરવા માટે ૬૦ લાખ તેમજ મહિલાઓની સમસ્યાઓના અસરકારક ઉકેલ માટે લાંબાગાળાના આયોજન તરીકે ઇન્સ્ટિટયૂટ ઓફ જેન્ડર સ્ટડીઝ માટે રૂ. ૩૦ લાખની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. મને કહેતા મનમાં એક દુ:ખ પણ છે અને આનંદ પણ છે કે, આપણે ત્યાં એચ.આઇ.વી. પોઝિટીવ મહિલાઓ સામાન્યત: સમાજમાં તિરસ્કૃત સ્થાન ધરાવે છે. કોઇ એને કામ નથી આપતું, કોઇ પાસે રહેવા

દેતું નથી. આવી બહેનો માટે આ રાજ્યમાં પહેલી વખત આ વર્ષે રૂ. ૨૩.૪૦ લાખના ખર્ચે અલગ નારી ગૃહ બનાવવાની જોગવાઇ કરીને એમને ટ્રેનીંગ આપીને એ ત્યાં કામ કરી શકે એવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની જોગવાઇ કરી છે. હાલ અસ્તિત્વ ધરાવતા જે નારી સંરક્ષણ ગૃહો છે, મહિલા આશ્રય ગૃહોને અદ્યતન કરવા માટે એક કરોડની જોગવાઇ કરી છે. પિડીત અને શોષિત મહિલાઓને જરૂરી કાયદાકીય સહાય મળી રહે તે માટે ૪૦ નવા પોલીસ સ્ટેશન બેઇઝ સપોર્ટ સેન્ટર શરૂ કરવા માટે ૨.૧૯ કરોડનું આયોજન કરાવવામાં આવ્યું છે.

કુપોષણની વાત થતી હતી. કુપોષણ આપણા સૌની જવાબદારી નથી શું ? અને સૌની જવાબદારી હોઇ, અહીંયા ચૂંટાયેલા સર્વે સભ્યશ્રીઓ પોતાના વિસ્તારના બાળકોની, પોતાના વિસ્તારની માતાઓની ચિંતા કરીને સરકારની યોજનાઓને ઘર સુધી પહોંચાડવાનું કામ કરે, મને લાગે છે આ જ ઇશ્વરીય કાર્ય હોઇ શકે. માત્ર ગુજરાતની નહીં, વિકાસશીલ દેશોની સામાન્ય સમસ્યા છે, ભારત પણ તેમાંથી બાકાત નથી.

મને આપણા શૈલેષભાઇએ પૂછ્યું હતું કે, આઇ.આઇ.પી.એસ. મુંબઇ દ્વારા કોમ્પ્રીહેન્સીવ ન્યુટ્રીશીયનનો સરવે ગુજરાતમાં કર્યો, એનું શું થયું, એના પૈસા અપાઇ ગયા, એની કોઇ માહિતિ મળી નથી? મેં જવાબ આપ્યો હતો કે, આખો રિપોર્ટ ગુજરાતીમાં તૈયાર થઇ રહ્યો છે, ઇંગ્લીશમાં મારી પાસે હતો. આજે મારી પાસે અહીંયા જ છે અને ૨૦૧૪ના અંતિત ભાગમાં એટલે ૨૦૧૪ જ્યારે પૂર્ણ થયું ત્યારે કુપોષિત બાળકો જે ૧૧ ટકા હતા એમાંથી ૫ ટકા બાળકો કુપોષિત આપણા રાજ્યમાં રહ્યા છે. એટલે કુપોષણની વાતો કરવાનું બંધ કરે અને જે ઉપયોગી કામ થઇ રહ્યા છે એમાં જોડાવવાનું કરશે તો મને લાગે કે, એ કામ સારુ થશે. શૂન્યથી ૩ વર્ષના બાળકો તેમજ ૩ થી ૬ વર્ષના બાળકોના આરોગ્ય તેમજ પોષણ માટે આંગણવાડીના માધ્યમ થકી મીશન મોડ ઇમ્પ્લીમેન્ટેશન અંતર્ગત ૪૫.૫૫ લાખ લાભાર્થીઓને આરોગ્ય અને પોષણની સેવાઓ આજે આપવામાં આવી રહી છે. એના માટે ૨,૨૨૫ કરોડની જોગવાઇ કરી છે. અતિ ઓછા વજનવાળા બાળકો જેમના માટે વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે તેના પૂરક પોષણ માટે મીશન બલમ્ સુખમ્ અંતર્ગત માળખાકીય વહીવટી સુવિધાઓ દ્વારા ઘનિષ્ઠ પોષણની જોગવાઇ કરવામાં આવી છે.

હું સાંભળતી હતી, આ મીશન બલમ્ સુખમ્ ના શબ્દોને ઉલ્લેખીને એના ઉપર કટાક્ષ કરવામાં આવતા હતા. એનો ભાવાર્થ એનો ધ્યેય, મારી સરકાર ધ્યેયલક્ષી સરકાર છે. માનનીય વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન હતું શોષણ મુકત ગુજરાતનું, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનનું સ્વપ્ન છે કુપોષણ મુકત ગુજરાતનું અને એના માટે આ મિશન બલમ, જેવી યોજનાઓ છે. કદાચ આ યોજનાઓ વિશે મારી પાસે માહિતી માગી હોત તો હું કોઇને ના નથી પાડતી પણ વિષયની માહિતી વગર અપૂરતી માહિતીથી ગૃહને જે ખોટી માહિતીઓ આપવામાં આવી આ ઉચિત નથી. માહિતી લઇને જો વાત કરી હોત તો મને આનંદ થાત. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના કોઇપણ સભ્યશ્રીએ બોલી લીધા પછી મંત્રીશ્રી જવાબ આપે ત્યારે અનેક વખત આ સત્રમાં પણ કહેવાયું છે કે સભ્ય બોલે છે એ અપૂરતી માહિતી સાથે બોલે છે, માહિતીના અભાવે બોલે છે એ પ્રકારના ઉલ્લેખો આ ગૃહમાં કયારેય ચલાવવામાં નથી આવતા. એ દૂર થાય.

ઉપાધ્યક્ષશ્રી : ચાલુ રાખો.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું ખુલ્લા મંચ પર આમંત્રણ આપું છું જે માહિતી આપી છે એ સદંતર ખોટી માહિતી આપી છે. મારી પાસે રેકોર્ડ છે. મારી પાસે પુરાવા છે.

ઉપાધ્યક્ષશ્રી : બહેન, આપ માગણી પર ચાલુ રાખો.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : જો ગૃહમાં માહિતી આપવાની હોય એ સત્યના આધાર ઉપર હોય અને પોતાની પાસે પુરાવા હોય ને તો જ માહિતી આપવાની હોય છે. હું એકેએક માહિતી અહીંયા પુરાવા સાથે આપી શકું તેમ છું. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અસંસદીય શબ્દો જોઇ લો. માનનીય અધ્યક્ષશ્રી, એના માટેની પદ્ધતિ છે. મંત્રીશ્રીને હોય તો મારા સભ્યશ્રી પાસે એમને જે કાર્યવાહી કરવી હોય એ કરે પણ આ રીતે ગૃહના તમામ સભ્યશ્રીઓ સાથેનું માનનીય મંત્રીશ્રીનું વર્તન ચલાવી લેવાય નહીં.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, શકિતભાઇએ જે પ્રશ્ન ઉભો કર્યો એનો મેં જવાબ આપ્યો છે. એક હજાર કરોડ કરતા પણ વધુ રકમની જોગવાઇ આના અંતર્ગત કરવામાં આવી છે. રાજ્ય સરકારના ઘનિષ્ઠ પ્રયત્નોને પરિણામે રાજ્યનું કુપોષણનું પ્રમાણ ઘટી રહ્યું છે. ૫૩૦૦૦ આંગણવાડીના કાર્યકર, તેડાગર, ન્યૂટ્રીશીયન કાઉન્સીલીંગ વોલીન્ટીયર તેમજ આરોગ્ય વિભાગની સહાયથી આંગણવાડીમાં આપવામાં આવતી આરોગ્ય વિષયક સેવાને પરિણામે આ ફળીભૂત થયું છે.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વઘાસીયાજી, આપ બેસી જાવ. બધા બેસી જાવ.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી: આંગણવાડીના બાળકો માટે ત્રીજું ભોજન, નિદર્શન ભોજન, વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજનાનું અમલીકરણ વગેરેના પરિણામે કુપોષણના પ્રમાણમાં ઘટાડો થયો છે. ગુજરાત રાજ્યમાં અગ્રણી દાતાઓ, રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થાઓ વતી લોકભાગીદારીથી કુપોષણ સામેની લડતમાં સહયોગ મળી રહ્યો છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર કયાં છે? મેં ના જ પાડી છે. એક મિનિટ આપ બેસી જાવ બહેન જરા બે મિનિટ, બોલો આપને શું કહેવું છે?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે જયારે પણ ગૃહમાં બોલીએ છીએ ત્યારે અમે તારાંકિત પ્રશ્નોના જવાબો બોલીએ છીએ. તમે આ જવાબો સાચા નથી આપતા? તમે આ જવાબો સાચા આપતા હો તો અમે આ જવાબો જ બોલીએ છીએ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : શકિતસિંહભાઇએ પણ એ જ વિષય લીધો હતો બલવંતસિંહજી, એટલા માટે. ઓ.કે.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો ચેલેન્જ આપી છે. સત્ય લઇને આવેને સામે. માનનીય અધ્યક્ષશ્રી, હું સ્વભાવે શિક્ષક છું અને એટલે મને દુઃખ થાય છે આ ગૃહમાં સંસદીય વાત કરવામાં સત્ય હોવું જોઇએ એટલા માટે મારાથી આક્રોશથી કહેવાઇ ગયું અને મેં સાચું જ કહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની માગણી પર ચાલુ રહો.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં વિધવા અને અસહાય બહેનોની પરિસ્થિતિ વિકટ હોય છે તેથી રાજય સરકાર દ્વારા વિધવા પેન્શનની શરૂઆત કરી છે. હમણા ભાનુબેન કહેતા હતા વિધવાઓની દશા શું કરી છે તે એટલે એમાં હું કાંઇ પડતી નથી. હાલમાં રૂપિયા ૭૫૦ પ્રતિ માસ અને ૨૧ વર્ષથી નાના બે બાળકોની મર્યાદામાં પ્રતિ બાળકદીઠ સો રૂપિયા મુજબની ૨૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. ૧૮ થી ૪૦ વર્ષની આવી અસહાય બહેનો માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આર્થિક સશકિતકરણ કરી શકાય, તેનું સમાજમાં પુનઃસ્થાપન થાય, એમને જરૂરિયાતની સાધન સામગ્રી આપવામાં આવે અને ગૌરવભેર જીવન જીવી શકે એના માટેના પ્રયત્નો માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં કરી રહ્યા છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત શૂન્યથી છ વર્ષની ઉંમરના બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને આવશ્યકતા અનુસાર પૂરક પોષણ આપવામાં આવે છે. અહીંયા કહેવામાં આવ્યું કે રૂપિયાનો ખર્ચ થાય છે. અમને નથી ખબર પડતી અને એના માટે મારે કહેવું જોઇએ કે સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડીના માધ્યમથી પ્રતિ બાળક રૂપિયા ૬ પ્રતિદિન ખર્ચ કરવામાં આવે. ત્રીજા ભોજન તરીકે રૂપિયા ૩/– ની કિંમતનો લાડું આપવામાં આવે. બે દિવસ આપવા માટે ફળ માટે રૂપિયા ૫/– આખા મહિનાના રૂપિયા ૨૦/–. દૂધ સંજીવની યોજના અમલમાં છે, ત્યાં ટ્રાન્સપોર્ટેશન અને ઇન્સ્યુલેટર બોક્ષના સમાવેશ વગર રૂપિયા ૭/– આટલો ખર્ચો બાળક ઉપર કરવામાં આવે છે અને એટલા માટે જ હું કહું છું અધૂરી માહિતી વગર બોલે તે સારું નથી લાગતું. આપણા ચંદ્રિકાબહેને કહ્યું ઉત્પાદક જયપુરથી આપણે મંગાવીએ છીએ. આપણે સૌ જાણીએ છીએ.(અંતરાય) આંકડા મારી પાસેથી લઇ લેજો.

ઉપાધ્યક્ષશ્રી : ચંદ્રિકાબેન આપે પ્રવચન આપ્યું હવે સાંભળો. આપનો જવાબ આપે છે. પ્લીઝ.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : જે રાજ્યને ગુણવત્તાપૂર્વક પોષણ રાજય માટે કરકસર રીતે પારદર્શક પ્રક્રિયાથી કરવામાં આવે છે. એના ટેન્ડર ઓનલાઇન કરવામાં આવે છે. ગુજરાતમાંથી જો કોઇ ઉત્પાદક સ્પર્ધાત્મક ભાવ આપીને ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લે તો તેને માટે પ્રથમ હંમેશ માટે અમે આવકાર્યા હોય તેવી ઘટનાઓ આપણે ત્યાં બની છે. દાહોદના તાલીમ કેન્દ્રની વાત થઇ. દાહોદના તાલીમ કેન્દ્રમાં આપણે જાહેરાતો આપી. એમણે આપેલાં કેન્દ્રોની તપાસ કરવામાં આવી. કોઇ રીતે ઉચિત સ્થાનો ન મળ્યા હોવાના કારણે હું જ કહું એ કેન્દ્રો મળે એવું ન હોય, પરંતુ સુવિધાયુકત કેન્દ્રો મળે તે રીતે કેન્દ્ર ચાલુ કરવા માટે આપણે ઉત્સુક છીએ. તેજશ્રીબેને કહ્યું પ્રિ–મિક્સ કડવો હોય. મારા બહેન ડૅાક્ટર છે. ડૅાક્ટર હોય તો દવા કડવી જ હોય. સોયાબીન કડવું જ હોય, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ પ્રિ–મિક્સથી બનતી હજારો વાનગીઓના રસોઇ શૅા કરીને સમગ્ર ગુજરાતની સમગ્ર વોર્ડની, સમગ્ર ગામની બહેનોને જોડીને આને ટેસ્ટી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓને સહાય મળે તે માટેની વાત આવી. આવી પીડિતના કેસમાં..

ઉપાધ્યક્ષશ્રી : તમારું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : જિલ્લા બોર્ડને અરજી મળ્યાના ૧૫ દિવસમાં ૨૦,૦૦૦ પ્રાથમિક સહાય મંજૂર કરેલ છે અને આપી દીધી છે.

ઉપાધ્યક્ષશ્રી : એમનો સમય પૂરો થાય છે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : બીજા તબક્કામાં ૫૦,૦૦૦, અંતિમ સહાય તરીકે ૩૦,૦૦૦ મંજૂર કર્યા છે. ૨૦૧૨–૧૩ માં ૧૬ લાભાર્થી, ૨૦૧૩–૧૪ માં ૨૮૯ લાભાર્થી, ૨૦૧૪–૧૫ માં ૧૭૬ લાભાર્થી અને ૨૦૧૫–૧૬ માં ૧૬૦ લાભાર્થીઓને આનો લાભ મળ્યો છે. આંગણવાડીઓની સંખ્યાની બાબત ગૃહમાં ઘણી વખત ચર્ચામાં આવી છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમોથી જોગવાઇ છે. જ્યારે માનનીય અધ્યક્ષશ્રી કહે કે આપનો સમય પૂર્ણ થાય છે કે આપનું વ્યકતવ્ય પૂરું થાય છે. એ પછી ઓન લેગ રહીને બોલવું એ આ ખુરશીનું અવમાન છે. આપે બે વખત કહ્યા પછી પણ માનનીય મંત્રીશ્રી પોતાનું વ્યકતવ્ય પૂરું કરતા નથી. આ સંસદીય પ્રણાલિકાઓથી વિરુદ્ધની બાબત છે.

ઉપાધ્યક્ષશ્રી : ઝડપથી વાઇન્ડઅપ કરી લો. એમ તો આપણે બધા સભ્યોને કહીએ જ છીએ શકિતસિંહજી. પરંતુ બધા બોલતા હોય તો નથી બેસાડી શકતા.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું એના માટે દિલગીરી વ્યકત કરું છું. તમે મને સમયની સૂચના આપી જે ધ્યાનમાં નથી આવી. હું એના માટે દિલગીરી વ્યક્ત કરું છું. સમગ્ર ગૃહમાં આ મારું કામ એ ઇશ્વરીય કામ છે. મારું કામ પુણ્યનું કામ છે. સમગ્ર સમાજને એક પરિસ્થિતિમાંથી ઉજાગર કરીને સમગ્ર ગુજરાત તંદુરસ્ત બને, સમર્થ બને, શકિતભાઇ મારે તમારો ટેકો જોઇએ છીએ. સમગ્ર સમાજને સમર્થ બનાવવા માટે, સમર્થ બને એના માટેના મારા પ્રયત્નો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનું લક્ષ્ય છે, ત્યારે હું સમગ્ર સભાગૃહના મારા ભાઇ–બહેનોને વિનંતી કરું છું, અપીલ કરું છું આ કામની અંદર સહયોગ કરે અને કાપ દરખાસ્તોને પાછી ખેંચી લે.

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી રમત ગમત વિભાગના મંત્રીશ્રીને આપના મારફતે પુછવા માગું છું કે, આપણા પાસે એશિયામાં જેને રોકકલાઇમ્બિંગ માટેની બેસ્ટ ઇન્સ્ટિટ્યૂટ કહી શકાય એવી સ્વામિ વિવેકાનંદ ઇન્સ્ટિટયૂટ ઓફ માઉન્ટેનિયરરિંગ આબુમાં છે. આ સંસ્થા આપણા સૌના માટે ગૌરવપૂર્ણ છે. ત્યાં પ્રિન્સિપાલ અને બીજી જગ્યાઓ નહોતી ભરાતી અને જે એક વ્યકિતને અહીથી આપણે ચાર્જ આપ્યો હતો. નામદાર હાઇકોર્ટે ૧-૧૦-૨૦૧૪ ના ઓર્ડરથી કહ્યું કે આ જગ્યા ચાર્જમાં નહિ ચલાવવી જોઇએ અને તાત્કાલિક ભરો. હું એ જાણવા માગું છું કે ઇન્સ્ટિટયૂટના પ્રિન્સિપાલ અને બીજી મહત્વની જગ્યાઓ હાઇકોર્ટનો આદેશ થઇ ગયો છે. આપણે ભરવી જોઇએ. દોઢ વર્ષ થયું ગતિશીલ રીતે આપણે ભરી નથી, તો કયાં સુધીમાં ભરવા માગીએ છીએ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જેમ બને તેમ જલદીથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા બાળ વિકાસ મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે વિસ્તારનો ગ્રામ્ય વિસ્તારમાં કે નગરપાલિકા વિસ્તારમાં સમાવેશ નથી થતો તેવા વિસ્તારોને ઓજી વિસ્તારો તરીકે ગણવામાં આવે છે તેવા વિસ્તારોમાં આપણે ગ્રામ્ય વિસ્તાર કે નગરપાલિકા વિસ્તારમાંથી આંગણવાડીઓ શરૂ કરી શકયા નથી. દા.ત. વેરાવળની અંદર ભાઇપરા વિસ્તાર છે, છ થી સાત હજારની વસ્તી છે ત્યાં એકપણ આંગણવાડી નથી. તો આવા વિસ્તારોની અંદર આપણે વહેલામાં વહેલી તકે આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માગીએ છીએ કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ખૂબ સારી વાત છે. આવા વિસ્તારો છે ત્યાં આપણે મીની આંગણવાડીઓ શરૂ કરવાનું કર્યુ જ છે. મારા ધ્યાનમાં આ વિષય આવ્યો છે ત્યારે ત્યાં આંગણવાડી શરૂ થાય તેના માટે પ્રયત્ન કરીશું.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જયાં ઔદ્યોગિક એકમો છે તેનું બધું પાણી નદીમાં ઠલવાય છે. તેનાથી પર્યાવરણ અને ભૂતળને નુકસાન થાય છે. આ બંધ કરવા માટે કંઇ વિચારણા કરી છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન વન અને પર્યાવરણ વિભાગનો છે. હું તે વિભાગનું ધ્યાન દોરીશ. આપની ચિંતા સાચી છે એટલે હું ધ્યાન દોરીશ. હું તેનો જવાબ ન આપી શકું એટલે તે વિભાગનું ધ્યાન દોરીશ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નારી સંરક્ષણ ગૃહમાં ઘણી તકલીફો છે. રહેવાની, ન્યુટ્રીશનની, સિકયોરીટીની તકલીફો છે. સુપ્રીમ કોર્ટનો આદેશ છે તે મુજબ ત્યાં સી.સી.ટી.વી. કેમેરા મૂકી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? બીજો સવાલ છે કે ૩૦ કરતાં વધારે મહિલાઓ કામ કરતી હોય ત્યાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ વુમન ગ્રીવન્સ સેલ બનાવવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટનો આદેશ સર આંખો પર હોય, આદેશ પ્રમાણે આપણે કાયર્વાહી ચાલુ કરી જ દીધી છે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : (થોડીવાર બાદ) માગણીઓ પર મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગુજરાતના કેટલાક યુવાનો રાષ્ટ્રીય લેવલે રમે છે તો તેની સુરક્ષા માટે આપણે કોઇ બજેટ ફાળવ્યું છે કે કેમ? આપ તેની સુરક્ષા કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે જરૂરિયાત હોય તે પ્રકારની સુરક્ષા રાજય સરકાર અને નેશનલ લેવલે રમતા હોય તો ભારત સરકાર કરતી જ હોય છે. તમે પ્રશ્ન પૂછી લીધો છે તો જવાબ આપવા દો. નેશનલ લેવલે સુરક્ષા ભારત સરકાર કરતી જ હોય છે. છતાં કોઇ એવી વિશેષ વ્યવસ્થાની જરૂર હોય તો રાજય સરકાર તૈયાર છે.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આંગણવાડીઓ મંજૂર કરવામાં આવે છે, જે વિસ્તારમાં આંગણવાડી મંજૂર કરવામાં આવી હોય ત્યાં દાનની કે પંચાયતની જમીનો બે-બે વર્ષ સુધી મળતી નથી. આ જગ્યાઓ ઉપર આંગણવાડીઓ બનાવવા માટે સરકાર જમીન ખરીદીને અથવા તો એકવાયર કરીને અથવા તો બીજા કોઇપણ આયોજન કરી જે આંગણવાડીઓ મંજૂર કરવામાં આવી છે તે આંગણવાડીઓના કામ પૂરા કરવા માગો છો કે કેમ? અથવા તેના માટે શું આયોજન છે?

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે આંગણવાડીઓ માટે જગ્યા નથી ત્યાં હાલ આપણે ઝૂંબેશ ઉપાડી છે કે શાળાઓના કેમ્પસમાં જો જગ્યા ખાલી હોય તો ત્યાં આંગણવાડી કરવી, નીચે સ્કુલ હોય એમાં સ્કૂલની ઉપર બાંધકામ કરવું હોય તો પહેલું ધોરણ ઉપર લઇ જઇને નીચે આંગણવાડીની વ્યવસ્થા કરવી, સોસાયટીના કોમન પ્લોટ્સ હોય તો એમને રીકવેસ્ટ કરીને કોમન પ્લોટ્સ માગીને ત્યાં આગળવાડી કરવી, ગામની અંદર કોઇ જગ્યા હોય તો ગામના સરપંચ સાથે વાટાઘાટો કરીને સરપંચ અમને કોઇ જગ્યા આપે તો ત્યાં પણ આપણે આંગણવાડી શરૂ કરવા માગીએ છીએ.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રીને આપના વતી પૂછવા માગુ છું કે, મારા મત વિસ્તારના બ્લાઇન્ડ ક્રિકેટરો આ દેશ માટે ક્રિકેટ રમે છે તો એમને કાંઇક સહાય ચૂકવવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર કોઇ પણ ખેલાડી રમતા હોય એ ક્રાઇટેરિયાની અંદર આવતા હોય તો નિયમ પ્રમાણે એટલે કે નિયમમાં અને ક્રાઇટેરિયામાં આવતા હોય એ તમામને એ પ્રકારની મદદ આપવા માટે રાજય સરકાર બંધાયેલી છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આપણા ગુજરાતમાંથી જે બ્લાઇન્ડ ક્રિકેટરો બીજા સ્ટેટમાં અને વિદેશમાં ક્રિકેટ રમવા માટે જાય છે એમના માટે કોઇ સહાયની યોજના બનાવવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં આવી કોઇ વિચારણા  નથી.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૮, ૧૦ થી ૧૭, ૧૯ થી ૨૬, ૨૮, ૨૯, ૩૧ અને ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી

માગણી ક્રમાંક ૮૯, ૧૦૭, ૧૦૫ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મંજુર થયેલ વન તલાવડી અને ચેકડેમ | ૩૭૮ |
| | એફ.એસ.એલ.માં અધિકારીઓને પુનઃ નિયુક્તિ | ૬૩ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાના ફોરેસ્ટ હદમાં આવેલ રસ્તાને ડામર કામ | ૧૬૬ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિ વિસ્તારમાં તળાવો ઉંડા કરવા | ૪૪ |
| | રોલાઆંબાથી મોટી પંડુલી ઢેકવા રસ્તાને ડામર કામ | ૧૨૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૮૯ |
| | અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પીડિત બાળકોની સંખ્યા અને ખર્ચ | ૧૮૩ |
| અમિત અ. ચાવડા | નાણાની લાલચ આપી કીડની કાઢી લેવાના કૌભાંડ અંગે | ૪૪૧ |
| | વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા | ૨૨૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા | ૩૩ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં આંગણવાડીઓના જિલ્લા કક્ષાના | ૧૬૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ગૌચર બાબત | ૫૯ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં પ્રવાસી શિક્ષકો | ૪૦૬ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ | ૧૨૫ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીની અરજીઓ | ૨૯૯ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર એન્જીનીયરીંગ | ૪૨૯ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૧૭ |
| | રાજ્યમાં અન્ન સુરક્ષા ધારાનો અમલ | ૩૭૨ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં વેચાણવેરા વેટની આવક | ૨૫૯ |
| અમિતભાઇ હ. ચૌધરી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૬ |
| | ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ સહકારી મંડળીઓ | ૩૧ |
| | ફિક્સ પગારના કર્મચારીઓને માંદગીના કિસ્સામાં મેડિકલ રિએમ્બર્સમેન્ટ | ૨૮૭ |
| | મીરા દાંતારની દરગાહ પર કુવામાં મોટરો અને પાઇપો મુકી ગેરકાયદેસર | ૩૧૨ |
| | રાજ્યમાં દાણની બનાવટ પર વેટ લેવા બાબત | ૩૨૬ |
| અરૂણસિંહ અ. રણા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૪ |
| | જંબુસર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૮૭ |
| | ભરૂચ જિલ્લાની શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા | ૪૨૬ |
| | ભરૂચ જિલ્લામાં ડેરી વિકાસ યોજના | ૪૦૧ |
| | ભરૂચ જિલ્લામાં નવા પેટા કેન્દ્રો | ૧૨૩ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૩૬ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર | ૧૪૦ |
| અરવિંદભાઈ લાડાણી | ગીર ગઢડા તાલુકાના ખાપટ–ઝુડવડલી–ફાટસર–ઈટવાયા–ખીલાવડ– | ૧૩૩ |
| | જૂનાગઢ જિલ્લામાં ઈકો ટુરિઝમ | ૪૩૯ |
| | જૂનાગઢ જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી | ૪૨૪ |

| | | |
|---|---|---|
| | જુનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણ | ૩૯૭ |
| | જુનાગઢ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય | ૨૬૨ |
| | જૂનાગઢ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ | ૭૧ |
| | પોલીસ અધિક્ષકશ્રી જૂનાગઢ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ | ૬૦ |
| | વેરાવળ મત્સ્યબંદરનું નવીનીકરણ | ૩૮ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૦ |
| | ગોધરા–મહેલોલ–કાનોડ રોડ પહોળો કરવા બાબત | ૧૪૭ |
| | પંચમહાલ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૪૦૨ |
| | પંચમહાલ જિલ્લામાં ઈકો ટુરીઝમ | ૪૨૭ |
| | પંચમહાલ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત | ૨૩ |
| | પંચમહાલમાં વન વિભાગ દ્બારા ચેકડેમો અને વન તલાવડી | ૪૪૦ |
| અશ્વિન કોટવાલ | ઈટાવડી–નળીચાવાડા રસ્તા ઉપર ડીપ બનાવવા બાબત | ૧૪૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વાઈલ્ડ લાઇફ સેંક્ચ્યુઅરી | ૩૬૧ |
| | સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવમાં મંડપ પાછળ | ૪૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ટ્રેકટર સહાયમાં કસુરવારો | ૧૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં મલ્ટીક્રોપ થ્રેસર | ૬૫ |
| અશોકકુમાર પટેલ | કલોલ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૮૫ |
| | ગાંધીનગર જિલ્લામાં "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજનાની લાભાર્થી કન્યાઓ | ૪૦૮ |
| | ગાંધીનગર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૧૪૫ |
| | ગાંધીનગરની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા | ૩૭૯ |
| આનંદભાઇ મો. ચૌધરી | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૧ |
| | ઓલપાડ તાલુકામાં સરકારી પડતર જમીન ઉપર ઝીંગાના તળાવ બાબતે | ૪૦ |
| | માંડવી તાલુકાના અરેઠ ગામે સ્ટોન કવોરીથી બ્લાસ્ટ કરી લેવાતા | ૨૯૫ |
| | માંડવી તાલુકાના ઝાબ ગામે રિવર સ્ટોન કવોરીમાં બ્લાસ્ટ | ૨૫૬ |
| ઇશ્વરભાઇ ઢે. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૮ |
| ઇશ્વરસિંહ પટેલ | ભરૂચ જિલ્લામાં સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ | ૩૮૮ |
| | વાલીયા તાલુકામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૮૧ |
| | વલસાડ જિલ્લામાં ઓકટ્રોયની અવેજીમાં ગ્રામ પંચાયતોને રકમ આપવા | ૨૮૬ |
| | વલસાડ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિર | ૩૮ |
| | વલસાડ જિલ્લામાં તલાટી–કમ–મંત્રી(પંચાયત)ની ખાલી જગ્યાઓ | ૩૧૧ |
| | વલસાડ જિલ્લામાં નિસહાય કલાકારોને આર્થિક સહાય | ૧૧૮ |
| | વલસાડ જિલ્લામાં મનરેગા યોજના કામો | 326 |
| | ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૪૧૫ |
| | ભરૂચ જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી | ૧૪ |
| ઇશ્વરભાઇ ર. પરમાર | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૦ |
| | બારડોલી તાલુકાના ઉતારા–વઘાવા–કરચકા રોડનું પેવરથી રીસરફેસ | ૧૨૭ |

| | | |
|---|---|---|
| | સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૩૯૮ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા જિલ્લામાં ઈકો ટુરિઝમ | ૪૨૬ |
| | મહેસાણા જીલ્લામાં સ્વાવલંબન યોજના હેઠળ બિન અનામત કેટેગરીના | ૪૪૦ |
| | એસ.આર.પી. જૂથ–૧૫, ઓ.એન.જી.સી. મહેસાણામાં પોલીસની | ૧૪ |
| | મહેસાણા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક | ૨૭૬ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી | ૨ |
| | વડોદરા જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત | ૨૮૭ |
| | સાવલી તાલુકાના સમલાયા–ટૂંડાવ–અંજેસર–રાણીયા રોડનું વાઈડનીંગ | ૧૪૭ |
| કનુભાઇ દેસાઇ | વલસાડ જિલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા | ૪૩૭ |
| | ડાંગ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૧૪૧ |
| | વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત | ૨૭૪ |
| | વલસાડ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ | ૩૮૯ |
| | એમએસએમઈ એકટ ૨૦૦૬ અંતર્ગત નોંધાયેલ એકમો | ૪૧ |
| | વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૪૧૫ |
| કરમશીભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં ખેતી માટેના વિજ કનેકશનો મેળવવાની પડતર | ૩૧૭ |
| | અમદાવાદ જિલ્લામાં ઝુપડપટ્ટી વીજકરણ યોજનાની અરજીઓ | ૨૫૯ |
| | અમદાવાદ જિલ્લામાં તલાટી કમ મંત્રી(પંચાયત)નું મંજુર થયેલ મહેકમ | ૩૦૦ |
| | અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડમાં ફીંગર પ્રિન્ટ ન મળવા બાબત | ૪૧૩ |
| | અમદાવાદ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજુર રસ્તાઓ | ૧૩૭ |
| | અમદાવાદ જિલ્લામાં વીલના આધારે ખેડૂતોની નોંધો | ૨૫ |
| | રાજ્યમાં પશુધન વસ્તી ગણતરી | ૫૫ |
| | સાણંદ અને બાવળા તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર | ૩૮૭ |
| કેશુભાઈ નાકરાણી | ઢસા થી ઢસા જંકશન સુધીના રસ્તાને પહોળો કરવા બાબત | ૧૨૯ |
| | તાર ફેન્સીંગ માટે નાણાંકીય જોગવાઇ | ૪૩૬ |
| | ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત | ૨૭૩ |
| | ભાવનગર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૩૮૭ |
| | ભાવનગર જિલ્લામાં જંગલી પ્રાણીઓ દ્વારા પાકને થતું નુકશાન અટકાવવા | ૪૧૪ |
| કેશાજી ચૌહાણ | બનાસકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૪૧૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજના લાભાર્થી | ૪૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવનીનો લાભ | ૩૮૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | 263 |
| | બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ આયોજન | ૪૩૩ |
| | દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત | ૨૩૩ |
| કેસરિસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ | ૧૯ |
| | ખેડા જિલ્લામાં ‘‘ફ્રી પરત ચુકવણી સહાય’’ યોજના હેઠળ સહાય | ૩૯૯ |
| | ખેડા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ | ૫૧ |

| | | |
|---|---|---|
| | ખેડા જિલ્લામાં સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો | ૪૨૫ |
| | ખેડા–માતર–તારાપુર રોડને પહોળો કરવા બાબત | ૧૫૪ |
| | વણાકબોરી ખાતે સુપર ક્રિટીકલ પાવર પ્રોજેક્ટ | ૨૩૭ |
| કાંતિભાઈ ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના | ૪૩૮ |
| | બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ | ૩૯૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સેવકોનું મંજૂર મહેકમ | ૨૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં દારૂ પકડાયા બાબત | ૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન કામો માટે રકમ ફાળવવા | ૨૪૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ ખર્ચ | ૪૨૧ |
| કાંતિલાલ અમૃતિયા | મોરબી જિલ્લામાં નવા પેટા કેન્દ્રો | ૧૪૮ |
| | રાજ્યમાં ‘‘ફી પરત ચુકવણી સહાય’’ યોજના હેઠળ સહાય | ૪૨૧ |
| | મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા | ૩૯૪ |
| | મોરબી જિલ્લામાં પંચાયત કચેરીના મકાન બાંધકામની વહીવટી મંજુરી | ૨૫૨ |
| | રાજકોટ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય | ૨૮ |
| કામિનીબા રાઠોડ | ગાંધીનગર જિલ્લામાં અલગ રેવન્યુ વિલેઝ | ૧ |
| | ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓ | ૧૧૯ |
| | ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ એક્ટ હેઠળ પ્રવેશ | ૩૯૧ |
| | ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ | ૨૮૩ |
| | ગાંધીનગર જિલ્લામાં રાજીવ ગાંધી ભવનના મંજૂર કામો | ૩૧૦ |
| | ગાંધીનગર જિલ્લામાં લીઝ ધારકો સામે પોલીસ ફરીયાદો | ૩૨૫ |
| | ગાંધીનગર જિલ્લામાં શાળાઓમાં કોમ્પ્યુટર લેબ | ૪૧૯ |
| | દહેગામ તાલુકાના નોન પ્લાન રસ્તાઓનું ડામર કામ | ૧૬૨ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા | ૩૭૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં પાણશીણા રસ્તા ઉપર ઉંચો પુલ બનાવવા બાબત | ૧૪૮ |
| | હળવદ તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવાની | ૨૬૪ |
| કિશોરભાઈ કાનાણી | પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ | ૫ |
| | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઓવરડ્રાફ્ટ લેવા બાબત | ૨૬૩ |
| કિશોરસિંહ ચૌહાણ | અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ વિભાજનની અરજીઓ | ૩૮૪ |
| | ધોળકા તાલુકાના ગ્રામ્ય રસ્તાઓનું રીકાર્પેટીંગ | ૧૫૮ |
| | રાજ્યના સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત | ૪૧ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેટ | ૨૮૬ |
| ગેંદાલભાઈ મો. ડામોર | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૩ |
| | પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં મટીરીયલ માટે ચૂકવેલ | ૨૯૧ |
| | મહિસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ | ૪૨૮ |
| | મહિસાગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૧૧૪ |
| | મહિસાગર જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓનું રીકાર્પેટીંગ | ૧૬૨ |

| | | |
|---|---|---|
| | મહીસાગર જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | ૨૪૫ |
| | મહીસાગર જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ | ૪૦૩ |
| | મહીસાગર જિલ્લામાં ખેતી માટે વીજ કનેકશનો મેળવવાની પડતર અરજીઓ | ૩૧૩ |
| | મહીસાગર જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજુર રસ્તાઓ | ૧૮૨ |
| | મહીસાગર જિલ્લામાં સરકારી જમીન મેળવવા અરજીઓ | ૧૦ |
| | મહીસાગર જિલ્લામાં, મહેસૂલી કચેરીઓનું મહેકમ | ૪૬ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેરમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત | ૩૯૦ |
| | અમદાવાદ શહેરમાં વેટની બાકી રકમ વસુલવા બાબત | ૨૬૭ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પથારીમાં વધારો કરવા બાબત | ૧૭૪ |
| | રાજ્યમાં કૃષિ પાક વિમાની મંજૂર રકમ બાબત | ૪૪ |
| | રાજ્યમાં માથાદીઠ આવક | ૩૦૨ |
| | ૧૦૮ એમ્બ્યુલન્સો ખરીદવા ગ્રાન્ટ ફાળવણી બાબત | ૧૪૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૦ |
| ગોવાભાઇ હ. રબારી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૯ |
| | બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ | ૪૧૩ |
| | રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને વેતન | ૩૮૬ |
| ગોવિંદભાઇ પટેલ | વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા | ૨૨૮ |
| ગૌતમભાઇ રા. ચૌહાણ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૮ |
| | ખેડા અને આણંદ તાલુકામાં વિધવા સહાયની અરજીઓ | ૧૫૨ |
| | આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજનાની અરજીઓ | ૪૦૭ |
| | ઉનાવા (મીરાંદાતાર) ખાતે પોલીસ કાફલો વધારવા બાબત | ૬૬ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં આર.ટી.ઈ. એકટ હેઠળ પ્રવેશ | ૩૭૫ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૧૭૮ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજનાની અરજીઓ | ૩૦૨ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં તલાટી–કમ–મંત્રી (પંચાયત) મંજુર થયેલ | ૩૧૯ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં દારૂ પકડાયા બાબત | ૫૦ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં પોલીસ મહેકમ | ૧૮ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક | ૪૩૨ |
| | ખેડા જિલ્લામાં સૌર ઉર્જા સંચાલિત વીજ કનેકશન મેળવવાની અરજીઓ | ૨૬૭ |
| ચંદ્રિકાબેન છ. બારિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૦ |
| | દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ રકમની ફાળવણી | ૪૧૬ |
| | દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ભોજન ખંડની સુવિધા | ૪૩૭ |
| | દાહોદ જિલ્લામાં નવા તળાવો બનાવવા બાબત | ૨૦ |
| | દાહોદ જિલ્લામાં યુરીયાની ફાળવણી | ૫૧ |
| | ગરબાડા, ધાનપુર અને દાહોદ તાલુકામાં મનરેગા યોજનામાં સંરક્ષણ | ૨૪૭ |
| | દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૩૮૯ |

| | | |
|---|---|---|
| ચીમનભાઈ શાપરીયા | જામનગર જિલ્લામાં નવા પેટા કેન્દ્રો | ૧૫૧ |
| | જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૩૮૬ |
| | જામનગર જિલ્લામાં નવી સ્વનિર્ભર ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | ૪૧૨ |
| | જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ | ૩૭ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચેરનું વાવેતર | ૪૩૫ |
| છનાભાઈ ચૌધરી | નવસારી જિલ્લામાં આમ આદમી વિમા યોજના | ૩૦૬ |
| | નવસારી જિલ્લામાં સ્થાનિક રોજગારી | ૩૨૩ |
| | મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સના ઘરભાડા ભથ્થા સંબંધના ઓફીસ મેમોરેન્ડમ | 276 |
| જગદીશભાઈ પંચાલ | અમદાવાદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને તાલીમ | 400 |
| | અરવલ્લી જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત | 282 |
| | પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ | 19 |
| જગરૂપસિંહ ગી. રાજપૂત | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | 342 |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર | ૧૫૭ |
| | અમદાવાદ શહેર તથા જિલ્લામાં કેરોસીનના લાભાર્થીઓ | ૪૦૨ |
| | રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ન્યાયાધીશો/સરકારી વકીલોને તાલીમ | ૪૦ |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૩૮૪ |
| | પંચમહાલ જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા સહાય | ૬૯ |
| | શહેરા અને ગોધરા તાલુકામાં ગ્રામ પંચાયતોના વિભાજન માટેની દરખાસ્ત | ૨૮૨ |
| | શહેરા અને ગોધરા તાલુકામાં ન્યુટ્રીશન કાઉન્સેલિંગ વોલેન્ટીયર | ૧૨૩ |
| | શહેરા અને ગોધરા તાલુકામાં વીજ કનેકશનો | ૩૦૯ |
| | શહેરા તાલુકામાં ઉદવહન સિંચાઈ યોજના | ૫૭ |
| | શહેરા તાલુકામાં તળાવો, પાનમ હાઈ લેવલ કેનાલ દ્વારા ભરવા બાબત | ૨૯ |
| જનકભાઈ કાછડિયા | સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૧૨ |
| | રાજ્યમાં સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો | ૧૬૧ |
| | સુરત જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ | ૩૯૭ |
| જયંતભાઈ પટેલ | આણંદ જિલ્લામાં નગરપાલિકામાં ૭/૧૨ ની નકલો બાબત | ૩૦ |
| જયંતિભાઈ રાઠવા | છોટા ઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૪૪૦ |
| | છોટા ઉદેપુર જિલ્લામાં તેજગઢ-રાયસીંગપુરા વચ્ચે ઓરસંગ નદી પર પુલ | ૧૩૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૪૨૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં વિદ્યાર્થીઓને દુધ સંજીવની યોજનાનો લાભ | ૪૦૩ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણ | ૨૮૬ |
| | વડોદરા જિલ્લામાં ડાંગર બિયારણમાં સહાય | ૩૩ |
| જયંતીભાઈ રા. કવાડીયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૩ |
| જયરાજસિંહ જાડેજા | રાજકોટ જિલ્લામાં જેટકોને જમીન | ૨૨ |
| | રાજકોટ જિલ્લામાં નવા પેટા કેન્દ્રો | ૧૪૯ |
| | રાજકોટ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૨૭૬ |

| | | |
|---|---|---|
| | રાજકોટ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાની લાભાર્થી કન્યાઓ | ૪૦૪ |
| જવાહર ચાવડા | ગીરના જંગલમાં દીપડાઓની સંખ્યા અને લેપર્ડપાર્કની જાહેરાત | ૪૩૮ |
| | માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં એ.પી.એલ. કાર્ડથી વંચિત | ૩૯૩ |
| | માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં બી.પી.એલ. કાર્ડની અરજીઓ | ૪૧૯ |
| | ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌમાંસ પરિક્ષણ માટે | ૩૪ |
| | જુનાગઢ જિલ્લામાં આઈ.સી.યુ. ઓન વ્હીલ | ૧૮૦ |
| | જુનાગઢ જિલ્લામાં તીર્થગામ પાવનગામ યોજના | ૨૯૭ |
| | જૂનાગઢ જિલ્લામાં બાંધકામ કોન્ટ્રાકટરોને પરવાના | ૨૫૮ |
| | જૂનાગઢ મેડીકલ કોલેજમાં ડૉકટરોની ઘટ | ૧૫૭ |
| | જૂનાગઢ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૭૧ |
| | ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને વળતર પેટે બાકી ચૂકવવાની રકમ | ૩૧૬ |
| | માણાવદર, વંથલી અને મેંદરડા નગરપાલિકામાં સફાઈ કામદારોના | ૫૯ |
| જીતેન્દ્રભાઈ વાઘાણી | અલંગ રીસાયકલીંગ યાર્ડ ખાતે કામદારો માટે આવાસ | ૭ |
| | ઢસા થી ઢસા જંકશન સુધીના રસ્તાને પહોળો કરવા બાબત | ૧૪૮ |
| | માધ્યમિક શાળાઓમાં ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીના | ૩૮૯ |
| જીતેન્દ્ર સુખડીઆ | રાજ્યના સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત | ૩૬ |
| | રાજ્યમાં ૬૬મો જાનકી વન મહોત્સવ | ૩૯૬ |
| | રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો | ૧૧૭ |
| જિતુભાઇ હ. ચૌધરી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૬ |
| | ઉમરગામ તાલુકાનાં નારગોલ ખાતે બંદર બનાવવા બાબત | ૨૬ |
| | કપરાડા અને ધરમપુર તાલુકાઓમાં ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ | ૨૯૧ |
| | ધરમપુર સ્ટેટ હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો | ૧૭૨ |
| | રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા | ૩૧૨ |
| | વલસાડ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત ફાળવેલ રકમ | ૧૪૩ |
| | વલસાડ જિલ્લામાં માવઠાથી ફળાઉ ઝાડને નુકશાન સામે સહાય | ૫૫ |
| | વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ દાવાઓની મંજુરી | ૩૬૯ |
| | વલસાડ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રોજેક્ટ મંજુર | ૨૪૪ |
| જોઇતાભાઇ ક. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૮ |
| | કેન્સર, હૃદય, કીડનીની બીમારીઓમાંથી બી.પી.એલ. સિવાયના | ૧૨૪ |
| | ધાનેરા અને દાંતીવાડા તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મહેકમ | ૩૦૭ |
| | ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં રાજીવ ગાંધી ભવનની મંજૂરી | ૩૨૪ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૧૬૩ |
| | બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગોને માન્યતા | ૩૯૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સેવકોનું મંજૂર મહેકમ | ૨૭૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં રાજીવ ગાંધી આવાસ યોજના | ૪૧૯ |
| ઝંખના હિ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૬ |

| | | |
|---|---|---|
| | ચોર્યાસી તાલુકાનો લાજપોર–કનસાડ–સચીન રોડ પહોળો કરવા બાબત | ૧૨૦ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેરો | ૨૮૮ |
| | સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી | ૪૦ |
| ટી. ડી. માણીયા | ભાવનગર જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત | ૨૭૪ |
| | રાજ્યમાં અનુસૂચિત જાતિના યુવકો માટે કાર્યક્રમો | ૧૩૦ |
| | ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ | ૩૭૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૧ |
| તેજશ્રીબેન દિ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૨ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ફલાઇંગ સ્કવોડ દ્વારા ખાણો લીઝોનું | ૩૧૬ |
| | અમદાવાદ અને ગાંધીનગર શહેર તથા જિલ્લામાં પકડાયેલ દારૂ | ૩૯ |
| | અમદાવાદ અને જામનગરની સરકારી ડેન્ટલ કોલેજોમાં મંજૂર મહેકમ | ૧૮૦ |
| | અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોનું આઈ.જી.પી. કક્ષાના અધિકારી | ૬૦ |
| | અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજોમાં મંજૂર | ૧૯૦ |
| | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખનીજચોરીના નોંધાયેલ કિસ્સા | ૨૯૬ |
| | પોરબંદર જિલ્લામાં સિમેન્ટ કંપની પાસેથી બાકી વેચાણવેરો/વેટ વસુલવા | ૨૫૭ |
| | ભાવનગર અને જામનગરમાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજોમાં મંજુર | ૧૫૯ |
| | રાજ્યમાં ઈન્દિરાગાંધી નેશનલ ટ્રાયબલ યુનિ.નું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા | ૪૦૮ |
| | સર્વ શિક્ષા અભિયાન સંબંધી રાજ્યની કેન્દ્ર સમક્ષ પડતર દરખાસ્ત | ૩૭૯ |
| દુષ્યંતભાઇ ર. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૪ |
| | ભરૂચ જિલ્લામાં ''ફી પરત ચુકવણી સહાય'' યોજના હેઠળ સહાય | ૪૧૯ |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ | ૩૯૨ |
| | ભરૂચ જિલ્લામાં કાંસોની સફાઈ | ૪૧ |
| | રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજો | ૧૫૮ |
| | રાજ્યમાં ખેત ઉત્પાદન બજાર સમિતિને વિસ્તરણ માટે જમીન | ૩૮ |
| | વડોદરા જિલ્લાની મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના | ૧૪૪ |
| | વડોદરા જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી | ૩૭૨ |
| | વડોદરા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૨૫૧ |
| ધર્મેન્દ્રસિંહ જાડેજા | એસ્સાર કંપનીની હદમાંથી નીકળતા રસ્તાઓમાં કંપની દ્વારા કનવેટર | ૧૭૦ |
| | જામનગર જિલ્લાના મરીન પાર્કમાં નાણાંની ઉચાપત | ૪૦૫ |
| | જામનગર મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક બાબત | ૩૧ |
| | જામનગર શહેરની મંજુરી માટે પડતર ટી.પી. સ્કીમ | ૫૮ |
| | રાજ્ય પંચાયત પરિષદની બેઠક | ૨૭૨ |
| | વાડીનાર થી દ્વારકા રસ્તાને નેશનલ હાઈવેમાં સમાવેશ કરવા બાબત | ૧૪૧ |
| ધારશીભાઇ લ. ખાનપુરા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરકારી દવાખાના, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ | ૧૪૯ |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લામાં ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓ | ૨૫૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રી (પંચાયત) નું મંજૂર થયેલ મહેકમ | ૨૯૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને | ૩૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં બાળકોને કુપોષણથી મુકિત | ૧૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી તલાટીનું મહેકમ | ૪૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ | ૪૦૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૬૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૧૮૭ |
| ધીરુભાઇ ચુ. ભીલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૬ |
| | ‘‘છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લા ગ્રામવિકાસ એજન્સીનું | ૨૭૯ |
| | છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આંગણવાડીઓમાં ગણવેશ આપવા | ૧૮૦ |
| | છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ | ૩૯૦ |
| | છોટાઉદેપુર જિલ્લાના નર્મદા યોજનાના અસરગ્રસ્તોની વસાહત માટે નર્મદા | ૧૫૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ | ૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મુખ્યમંત્રી અમૃતમ | ૧૯૦ |
| | ફીકસ પગારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા બાબત | ૩૨૫ |
| | બોડેલી તાલુકાના લઢોદ ખાતેની સુગર ફેકટરીમાં ખેડૂતોના બાકી નાણા | ૪૫ |
| | રાજ્યમાં એકલવ્ય મોડેલ સ્કૂલોની સંખ્યા | ૪૧૮ |
| | સંખેડા અને ડભોઈ તાલુકામાં રેતીની લીઝના ધારકોની સંખ્યા | ૩૦૯ |
| નટવરસિંહ ઠાકોર | આંગણવાડી કાર્યકરોને વેતનમાં વધારો | ૧૬૧ |
| | ખેડા જિલ્લામાં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રોડ મંજૂરની દરખાસ્તો | ૧૧૨ |
| | ખેડા જિલ્લામાં ભૂમાફિયાઓ સામે પગલાં | ૧૧ |
| | ખેડા જિલ્લામાં મનરેગા યોજના | ૨૮૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૭ |
| નરોતમભાઈ પટેલ | તાપી જિલ્લાના બાલ્દા–લોટરવા રસ્તાનું મજબુતીકરણ | ૧૬૦ |
| | રાજ્યના સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત | ૪૩ |
| નલીનભાઈ કોટડીયા | અમરેલી જિલ્લામાં કુપોષણથી પીડિત બાળકો | ૧૪૦ |
| | અમરેલી જિલ્લામાં ખેતીલાયક જમીન | ૩૦ |
| | ધારી સબડીવીઝન હેઠળના માર્ગોને પહોળો કરવા બાબત | ૧૭૦ |
| નાગરજી ઠાકોર | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા | ૩૮૪ |
| | પાટણ જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ | ૧૬૪ |
| | પાટણ જિલ્લામાં મહિલા કલ્યાણ યોજના હેઠળ અપાતા લાભો | ૧૮૨ |
| | પાટણ જિલ્લામાં રાહતદરે ચીજ વસ્તુઓનું વિતરણ | ૪૧૦ |
| | પાટણ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૨૭૯ |

| | | |
|---|---|---|
| | પાટણ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૪૩૪ |
| | હારીજ–ઓરૂમાણા રસ્તાને પહોળો કરવા બાબત | ૧૨૬ |
| નાનુભાઇ ભ. વાનાણી | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૯ |
| નારાયણભાઇ લ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૨ |
| | ચીમનાબાઈ સરોવરમાં નર્મદા/ધરોઈનું વધારાનુ પાણી નાખવા બાબત | ૩૭ |
| | મહેસાણા જિલ્લામાં "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજનાની લાભાર્થી કન્યાઓ | ૪૨૦ |
| | મહેસાણા જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી | ૩૯૩ |
| | મહેસાણા જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ | ૧૫૪ |
| | મહેસાણા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી | ૬૦ |
| નિમિષાબેન મ. સુથાર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૬ |
| | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૫ |
| | ગોધરા ખાતે રમત સંકુલ | ૧૬૧ |
| | પંચમહાલ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ | ૪૦૫ |
| | પંચમહાલ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૩૭ |
| | પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય | ૩૬૩ |
| | પંચમહાલ જિલ્લામાં સ્વનિર્ભર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૪૨૯ |
| નિરંજન પટેલ | આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | ૪૧૦ |
| | આણંદ જિલ્લામાં આર.ટી.ઇ.એક્ટ હેઠળ પ્રવેશ | ૩૮૩ |
| | આણંદ જિલ્લામાં ખનીજની રોયલ્ટી પેટે મળેલ રકમ | ૨૭૫ |
| | આણંદ જિલ્લામાં ખેલ મહાકુંભ હેઠળ રજીસ્ટ્રેશન | ૧૬૮ |
| | આણંદ જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યાઓ | 306 |
| | આણંદ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મહેકમ | ૪૩૪ |
| | ફીમેલ હેલ્થ વર્કરના વેતનમાં વધારો | ૧૩૧ |
| | રાજ્યમાં જંત્રીના દરમાં વધારા બાબત. | ૧૨ |
| નિર્મલાબેન વાધવાણી | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો | ૪૨૫ |
| | રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો | ૧૩૯ |
| | અમદાવાદ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ કન્યાઓને અપાયેલ | ૪૦૦ |
| | અમદાવાદ શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૨૧ |
| નીતિનભાઇ ર. પટેલ | નાણાની લાલચ આપી કીડની કાઢી લેવાના કૌભાંડ અંગે | ૪૪૧ |
| નીમાબેન આચાર્ય | કચ્છ જિલ્લામાં ૧૩મા નાણાપંચ અન્વયે સિંચાઇનાં કામ | ૨૨ |
| | કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૨૬૬ |
| | ભુજ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૩૭૬ |
| | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૨ |
| | કચ્છ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ | ૫૨ |
| | રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજો | ૧૧૬ |
| પંકજ મહેતા | કચ્છ જિલ્લામાં મોટી નદી પરના ચેકડેમ | ૪૮ |

| | | |
|---|---|---|
| | કચ્છ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત | ૧૫ |
| | કચ્છ જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત | ૨૬૪ |
| | કચ્છ જિલ્લામાં વન વિભાગે બનાવેલ ચેકડેમ અને વન તલાવડી | ૩૬૬ |
| | સતાપર–અજાપર–મોડવદર–મીઠીરોહર રોડને પહોળો કરવા બાબત | ૧૪૮ |
| પૂંજાભાઇ ભી. વંશ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૬ |
| | ઉના તાલુકાનાં નવાબંદર પોર્ટ ડેવલપમેન્ટ માટે કેન્દ્ર સરકાર સમક્ષ | ૫૭ |
| | ઉના તાલુકામાં સરદાર આવાસના બાકી કામો | ૨૫૮ |
| | ઉના સામુહિક આરોગ્ય કેન્દ્રને હોસ્પીટલમાં અપગ્રેડ કરવા બાબત | ૧૩૭ |
| | ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં આંગણવાડી | ૧૭૦ |
| | ગીર સોમનાથ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડાયેલા પરા | ૨૯૮ |
| | ગીર સોમનાથ જિલ્લામાં સરકારી દવાખાનામાં, પ્રાથમિક અને સામૂહિક | ૧૮૬ |
| | બી.ટી. કપાસ બિયારણનો ભાવ નિયંત્રિત રાખવા કેન્દ્ર સરકાર સમક્ષ | ૩૦ |
| | રાજ્યમાં કેરોસીનની જરૂરીયાત | ૪૦૧ |
| પુનમભાઈ પરમાર | આણંદ/ખેડા જિલ્લાની મહી સિંચાઈ યોજનાની નહેરો પાકી બનાવવા | ૪૧ |
| | ખડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનના બાંધકામની મંજૂરી | ૧૨૮ |
| પૂનમભાઈ મકવાણા | ચોટીલા તાલુકાના થાન–મનડાસર રોડને પહોળો કરવા બાબત. | ૧૪૬ |
| | લખતર તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવાની | ૨૮૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં તોલમાપના સાધનો ખરાઇ ન કરાવતા એકમો સામે | ૩૬૪ |
| પુનાભાઇ ઢે. ગામીત | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૯ |
| | ડોલવણ–નવસારીને જોડતો ધામણાદેવી સરકેવડી રસ્તાને ડામર કામ | ૧૬૮ |
| | વ્યારા ખાતેની જનરલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરની સુવિધા | ૧૩૧ |
| પૂર્ણેશકુમાર ઇ. મોદી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૩ |
| | ઈન્ડસ્ટ્રીયલ પાર્કની મંજૂરી બાબત | ૫૦ |
| | તાપી જિલ્લાના બેડચીત–મઢી–અનુભાગનું મજબુતીકરણ | ૧૫૯ |
| | વન વિભાગ દ્વારા બામ્બુ પ્રોજેક્ટ | ૩૭૮ |
| | સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૧૯ |
| પ્રદિપસિંહ ભ. જાડેજા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૯ |
| પ્રફુલભાઈ પાનસેરીયા | પલસાણા તાલુકાના વાંઝ–વકતાના–વડદલા–એરથાણ રોડનું રીસરફેસ | ૧૪૧ |
| | વાલોડ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૫૩ |
| | સુરત જિલ્લામાં ઓછું વજન આપતા વેપારી એકમો સામે કાર્યવાહી | ૩૭૯ |
| | સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી | ૩૯ |
| પરબતભાઈ પટેલ | થરાદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલયો માટે ગ્રાન્ટ | ૪૫ |
| | નાસકાંઠા જિલ્લામાં પોલીસની આરોગ્ય તપાસણી | ૬૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં ઈકો ટુરિઝમ | ૪૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજનાનો અમલ | ૨૫૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશન કાર્ડનું વિતરણ | ૩૮૯ |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ | ૪૩૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં રીચાર્જીંગ કાર્યક્રમ | ૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૧૪૦ |
| પ્રવિણભાઈ માકડીયા | રાજકોટ જિલ્લાના સમઢીયાળા–તલંગાણા–કુઢેચ–લાઠ ભિમોરા રોડને | ૧૫૪ |
| | રાજકોટ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત | ૨૮૧ |
| | રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૩૬૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૨ |
| પ્રવિણભાઈ રાઠોડ | જામનગર જિલ્લાની આંગણવાડીઓમાં આઈ.સી.ડી.એસ. યોજનાના | ૧૪૨ |
| | દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત | ૨૩૨ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ૧૨મા અને ૧૩મા નાણાપંચની રકમ | ૩૧૪ |
| | ભાવનગર જિલ્લાની પ્રાથમિક સુવિધાઓ વગરની પ્રાથમિક શાળાઓ | ૩૯૬ |
| | ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ૧૭૨ |
| | ભાવનગર જિલ્લામાં પસાર થતી નદીમાં રેતીના ગેરકાયદેસર ખનનની | ૨૯૩ |
| | ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં કીટોનું વિતરણ | ૨૪૯ |
| | ભાવનગર જિલ્લામાં વન વિભાગના રોજમદારો | ૪૨૩ |
| | ભાવનગર/પોરબંદર તાલુકા દીઠ ખેત ઉત્પન્ન બજાર સમિતિ | ૨૮ |
| પરેશ ધાનાણી | ‘‘વાંચે ગુજરાત’’ અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી | ૩૮૦ |
| | અમદાવાદ શહેરમાં શાહીબાગ ઘોડા કેમ્પ ખાતે આવેલ સસ્તા અનાજની | ૪૩૩ |
| | અમરેલી અને કુંકાવાવ–વડીયા તાલુકામાં રસ્તાઓનું પેવર કામ | ૧૨૯ |
| | અમરેલી જિલ્લામાં ગુજરાત વીજ અધિનિયમ–૨૦૦૩ની જોગવાઈ મુજબ | ૩૨૦ |
| | અમરેલી જિલ્લામાં નગરપાલિકાઓમાં બી.પી.એલ. કુટુંબો | ૩૪ |
| | અમરેલી શહેરમાં એરસ્ટ્રીપના રનવેને લાંબો અને પહોળો કરવાનું આયોજન | ૩૦૩ |
| | અમરેલી સરકીટ હાઉસનું વિસ્તૃતિકરણ | ૧૬૭ |
| | અમરેલી, કુકાવાવ અને વડીયા તાલુકાના ગામોમાં ભુગર્ભ ગટર | ૨૬૮ |
| | મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓના પગાર | ૪૦૯ |
| | સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ માટે લોકફાળાના લોખંડ બાબત | ૫૯ |
| પ્રહલાદભાઈ ઈ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૭ |
| | મહેસાણા જિલ્લામાં મહિલાઓ ગુમ થયા બાબત | ૨૬ |
| | મહેસાણા જિલ્લામાં રસ્તાઓના જોબ નંબર | ૧૨૮ |
| | વિજાપુર તાલુકામાં સરકારી જમીન પર દબાણ બાબત | ૫૫ |
| પિયુષભાઈ દેસાઈ | નવસારી જિલ્લાના વાંસી–બોરસી–માછીવાડ રસ્તાને પહોળો કરવા બાબત | ૧૫૦ |
| | નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા | ૪૦૬ |
| | નવસારી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહની | ૩૭૪ |
| | નવસારી જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધાઓ | ૪૩૧ |
| | નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ થયેલ ખર્ચ | ૨૭૧ |
| | નવસારી જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ | ૪૦ |

| | | |
|---|---|---|
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૦૩ |
| | વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા | ૨૨૭ |
| બલવંતસિંહ રાજપુત | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જર્જરીત ઓરડાઓ | ૩૮૯ |
| | પાટણ જિલ્લામાં ગ્રામ્ય માર્ગો મંજૂર કરવા બાબત | ૧૮૯ |
| | રાજ્યમાં ગેસ આધારિત વીજ મથકોને ગેસનો પૂરો જથ્થો ન મળવા બાબત | ૩૦૫ |
| | અન્ય રાજ્યમાં વીજળી વેચવા બાબત | ૩૨૨ |
| | કેન્દ્ર સરકારે ફાળવેલ કેરોસીનનો જથ્થો | ૪૧૬ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં બિન હથિયારી/હથિયારી પોલીસ | ૪૩ |
| | પાટણ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૧૫૫ |
| | પાટણ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામિણ વીજળીકરણ યોજના | ૨૭૪ |
| | પાટણ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની ઘટ | ૪૩૭ |
| | પાટણ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ અરજીઓ | ૧૭૯ |
| | રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના | ૭૩ |
| | રાજ્યમાં ફુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સહાય બાબત | ૬૨ |
| બળદેવજી ચં. ઠાકોર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૦૪ |
| | કલોલ તાલુકામાં ગામોની જમીન ગામતળ માટેની દરખાસ્ત | ૨૫ |
| | કલોલ તાલુકામાં સબ જેલ બનાવવા બાબત | ૫૪ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રસ્તાઓના કામમાં આયાતી ડામરનો | ૧૩૨ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રોયલ્ટીની આવક | ૨૭૭ |
| | ગાંધીનગર જિલ્લામાં જર્જરીત પંચાયત ઘરો | ૩૨૩ |
| | ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ આયોજનના કામો | ૩૦૭ |
| | ગાંધીનગર જિલ્લામાં મામલતદાર કચેરીઓનું મહેકમ | ૬૮ |
| બાબુભાઇ ભી. બોખીરીયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૫૩ |
| બાબુભાઈ પટેલ | અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય | ૩૯૮ |
| | અમદાવાદ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ | ૧૨૫ |
| | અમદાવાદ જિલ્લામાં ગણોતધારા અન્વયે જમીનની ખરીદ કિંમત ભરાયાના | ૬૦ |
| | અમદાવાદ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૫૩ |
| | અમદાવાદ જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ | ૪૨ |
| બાબુભાઈ વાજા | ચોરવાડ નગરપાલિકામાં આઈ.એચ.એસ.ડી.પી. યોજના હેઠળ મંજૂર | ૩૯૩ |
| | જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જંગલ વિસ્તારમાં વસતા રબારી, | ૪૨૦ |
| | જુનાગઢ જિલ્લાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનનું | ૧૭૨ |
| | જૂનાગઢ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૧૪૪ |
| | જૂનાગઢ જિલ્લામાં પકડાયેલ દારૂ | ૪૭ |
| | માંગરોળ અને માળીયા તાલુકામાં નદીઓ પરનાં ચેકડેમ રીપેર કરવા બાબત | ૧૨ |
| બાલકૃષ્ણભાઇ ના. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૧ |
| | છોટાઉદેપુર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૧૪૭ |

| | | |
|---|---|---|
| | વડોદરા જિલ્લા કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત | ૨૬૫ |
| | વડોદરા જિલ્લામાં ઇકો ટુરિઝમ | ૩૮૮ |
| | વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડળનાં લાભાર્થી | ૨૪ |
| બાવકુભાઇ ના. ઉંધાડ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૦૬ |
| | અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા | ૪૦૧ |
| | અમરેલી ગાવડકા રસ્તાને પહોળો કરવા બાબત | ૧૩૨ |
| | અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૨૬૮ |
| બાવનજીભાઈ મેતલીયા | ટંકારા તાલુકાના થોરીયાળી થી બંગાવડી રસ્તાનું ડામરકામ | ૧૫૮ |
| | મોરબી જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ | ૩૭૩ |
| | મોરબી જિલ્લામાં વ્યકિતગત શૌચાલય | ૨૬૬ |
| | રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્રને સુદઢ બનાવવાની કાર્યવાહી | ૪૩૧ |
| | રાજકોટ શહેરમાં બી.એસ.યુ.પી. યોજના હેઠળ આવાસો | ૪૦૬ |
| ભરતભાઇ કી. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૭ |
| | ડાંગ જિલ્લામાં ફળપાકો માટે સહાય | ૪૩ |
| | ડાંગ જિલ્લામાં મોટા ચેકડેમ | ૬૨ |
| | ડાંગ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી | ૨૫૪ |
| | વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા ચેકડેમ અને વન તલાવડી | ૪૧૯ |
| | વલસાડ જિલ્લામાં સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ | ૩૯૨ |
| | વલસાડ તાલુકાનો ડુંગરી–રોલા–વાસણ રોડનું કામ | ૧૪૬ |
| ભૂષણ અ. ભટ્ટ | દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત | ૨૩૧ |
| | કપડવંજ તાલુકામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૫૬ |
| | અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૩૪ |
| | ખેડા જિલ્લામાં નવા પેટા કેન્દ્રો | ૧૨૬ |
| ભાનુબેન બાબરીયા | રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય | ૩૭૧ |
| | રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી | ૬૨ |
| | રાજકોટ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૫૧ |
| | રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૧૫૫ |
| | રાજકોટ શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૪૪ |
| | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૬ |
| ભાવનાબેન મકવાણા | પાલીતાણાથી મોટી–વાવડી રોડને પહોળો કરવા બાબત | ૧૫૬ |
| | ભાવનગર જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ | ૪૧ |
| | ભાવનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી માટે અરજીઓ | ૪૦૪ |
| | ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૨૮૫ |
| ભોળાભાઈ ગોહેલ | રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં સી.એન.જી. પેટ્રોલ પંપની સુવિધા | ૨૬૯ |
| | રાજકોટ અને મોરબી શહેર અને તાલુકામાં ગુનાહિત કૃત્યો | ૨૦ |
| | રાજકોટ અને મોરબી શહેર અને તાલુકામાં પોલીસનું સંખ્યાબળ | ૫૧ |

| | | |
|---|---|---|
| | રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં લીઝો મંજુર કરવા બાબત | ૩૨૧ |
| | રાજકોટ જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ | ૩૦૩ |
| | રાજકોટ જિલ્લામાં અન્નમબ્રહ્મ યોજના હેઠળ કાર્ડ વિતરણ | ૩૯૮ |
| | રાજકોટ જિલ્લામાં વન ક્ષેત્રફળ | ૪૨૪ |
| મુકેશભાઈ પટેલ | સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૩૮૬ |
| | સુરત જિલ્લામાં ખેલે ગુજરાત કાર્યક્રમ હેઠળ શિબિરો | ૧૫૬ |
| | સુરત જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | ૨૫૮ |
| મંગુભાઇ છ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૫ |
| મંગળભાઈ ગાવિત | ડાંગ જિલ્લામાં પંચાયતનું ખાલી મહેકમ | ૨૮૪ |
| | ડાંગ જિલ્લામાં બોર્ડર વિલેજમાં સમાવિષ્ટ ગામો | ૩૬૮ |
| | ડાંગ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટમાં ગામોનો સમાવેશ | ૩૧૧ |
| | ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મંજૂર મહેકમ | ૪૦૫ |
| મેઘજીભાઇ ચાવડા | જોડિયા તાલુકાના પીઠળ–રસનાળ–ટીંબડી રસ્તાનું રીકાર્પેટીંગ | ૧૪૧ |
| | જામનગર જિલ્લામાં ખરીફ કૃષિ મહોત્સવ | ૫૪ |
| | જામનગર જિલ્લામાં તોલમાપ તંત્રને સુદ્રઢ બનાવવા કાર્યવાહી | ૪૩૯ |
| | જામનગર જિલ્લામાં નાગેશ વન | ૪૦૦ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વ્યકિતગત શૌચાલયો | ૨૬૪ |
| | દેવભૂમિ દ્વારકામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ | ૪૨૫ |
| | પોલીસ અધિક્ષકશ્રી, જામનગર હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ | ૨૩ |
| મણિલાલ વાઘેલા | બનાસકાંઠા જિલ્લાની આંગણવાડીઓમાં આઈ.સી.ડી.એસ. યોજનાના | ૧૭૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૬૭ |
| | દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત | ૨૩૦ |
| | પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના | ૧૪૬ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લાની ડીગ્રી ઈજનેરી કોલેજોમાં અનામત બેઠકો | ૩૯૦ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પસાર થતી નદીમાં ગેરકાયદેસર રેતી | ૨૭૮ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સરદાર પટેલ યોજનાના આવાસ | ૩૨૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં પકડાયેલ દારૂ | ૫૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગના રોજમદારો | ૪૧૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈ કેનાલોની સફાઈ | ૨૩ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., એલ.પી.જી. અને રાસાયણિક | ૩૦૮ |
| | રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્રની સહાય | ૧૮૬ |
| મધુભાઈ શ્રીવાસ્તવ | છોટાઉદેપુર જિલ્લામાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટે તોલમાપ | ૩૮૦ |
| | વડોદરા ગ્રામ્યમાં પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૭ |
| | વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત | ૨૭૧ |
| | વાઘોડિયા–ગોરજ–રૂસ્તમપુરા રોડનું વાઈડનીંગ | ૧૪૩ |
| મનીષાબેન વકીલ | રાજ્યની નગરપાલિકા–મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોને | ૧૪ |

| | | |
|---|---|---|
| | વડોદરા જિલ્લાની મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના | ૧૨૩ |
| | વડોદરા શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૪૭ |
| | વન વિભાગ દ્વારા બામ્બુ પ્રોજેક્ટ | ૩૯૯ |
| મેરામણભાઈ આહિર | દેવભૂમિ દ્વારકા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવા બાબત | ૬૭ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાંધકામ કોન્ટ્રાકટરોને પરવાના | ૩૧૮ |
| | ખંભાલિયા ખાતે અદ્યતન લાયબ્રેરીની સગવડ | ૧૪૩ |
| | ખંભાલિયા તથા ભાણવડ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં લાયકાત | ૪૦૮ |
| | ખંભાલિયા તાલુકાના નાનામાંઢા ગામે તળાવનું એસ્સાર કંપની દ્વારા પુરાણ | ૫૩ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશાપુરા માઈન્સ કેમ કંપની દ્વારા લીઝ એરિયા | ૩૦૧ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાંટાળી તારની વાડ બનાવવા માટે સહાયની | ૪૩૨ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખરીફ મગફળી અને કપાસ પાકનો પાક વિમો | ૨૩ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખુલ્લા વીજવાયરથી નાગરીકો અને પ્રાણીઓના | ૨૬૧ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નારી અદાલતો સ્થાપવા બાબત | ૧૭૨ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વ્યાજબી ભાવની બંધ દુકાનો | ૩૭૭ |
| મહેન્દ્રસિંહ ક. બારૈયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૫ |
| | ‘‘રાજ્યમાં વાયુ પ્રદૂષણ નિયંત્રિત જાહેર થયેલા વિસ્તારો’’ | ૪૩૬ |
| | તલોદ તાલુકામાં પુંસરી નદી પર હયાત કોઝવેનું નવીનીકરણ | ૭૪ |
| | તલોદ તાલુકામાં મેશ્વો નદીમાં કાર્યરત લીઝો | ૨૩૮ |
| | તલોદ શહેરમાં ભૂગર્ભ ગટરના દૂષિત પાણીનું શુધ્ધિકરણ | ૪૪ |
| | પ્રાંતિજ તાલુકામાં વ્યાયામ શાળાને સહાય | ૧૮૫ |
| | સાબર ડેરીથી ઉજેડીયા રસ્તાનું વાઈડનીંગ | ૧૬૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અધૂરા રાજીવ ગાંધી ભવન કેન્દ્રો | ૨૮૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શિક્ષકોની જિલ્લા ફેરબદલી | ૩૮૮ |
| | સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વન વિસ્તારમાં ફેરફાર કરવા સેન્ટ્રલ | ૪૧૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં જમીનના રી–સર્વે બાબત | ૬૩ |
| | હરસોલ અને મોહનપુર ગામે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૩૬ |
| મહેન્દ્રસિંહ વાઘેલા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ | ૨૭૨ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણની અરજીઓ | ૩૦૪ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ | ૩૨૨ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં લાકડાની હરાજીના બજારો | ૪૦૯ |
| | અરવલ્લી જિલ્લામાં આંગણવાડીઓમાં પીવાના પાણી અને શૌચાલયની | ૧૨૭ |
| | અરવલ્લી જિલ્લામાં મંજુર થયેલ સ્ટેટ અને પંચાયત હસ્તકના મંજુર રસ્તાઓ | ૧૬૬ |
| | બાયડ–મેઘરજ અને માલપુર તાલુકામાં સિંચાઈના કામો | ૨૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત | ૩૮૧ |
| મહમદ જાવીદ પીરજાદા | જિલ્લા પંચાયતના સદસ્યોને માસિક પગાર અને સગવડ આપવા બાબત | ૨૫૯ |
| | મોરબી અને રાજકોટ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની રકમમાં વિલંબ | ૫૭ |

| | | |
|---|---|---|
| | રાજકોટ તથા મોરબી જિલ્લાની કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૮૭ |
| | મોરબી અને રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ | ૪૩૬ |
| | રાજ્યમાં જિલ્લામાં શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ | ૪૧૪ |
| | મોરબી અને રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ/મહાનગરપાલિકાને | ૩૦ |
| મહેશકુમાર પટેલ | પાલનપુર તાલુકામાં અતિવૃષ્ટિથી જમીન ધોવાણ સામે સહાય | ૨૨ |
| | પાલનપુર સીવીલ હોસ્પિટલમાં થેલેસેમીયા ગ્રસ્ત પરિવારોને સુવિધા | ૧૮૫ |
| | બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા | ૨૬૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લા વીજવાયરથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ | ૩૦૧ |
| | મહેસાણાથી અમદાવાદ ધોરી માર્ગ બિસ્માર હોવાની ફરીયાદ | ૧૬૯ |
| | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે કોમ્પ્યુટર શિક્ષકોની | ૪૦૧ |
| | પાલનપુર સીવીલ હોસ્પીટલનું નવું બિલ્ડીંગ તૈયાર કરવા બાબત | ૧૩૩ |
| માનસિંહ ચૌહાણ | બાલાશિનોર સી.એચ.સી.માં પથારી(બેડ)માં વધારો કરવા બાબત | ૧૩૬ |
| | બાલાશિનોરના રૈયોલી ગામે ડાયનોસોર પાર્ક બનાવવાની કાર્યવાહી | ૨૯૫ |
| | મહિસાગર અને ખેડા જિલ્લામાં જંગલી પ્રાણીઓ દ્વારા પાકને નુકશાન સામે | ૩૯૯ |
| | મહિસાગર જિલ્લાના પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રોમાં સંવર્ગવાર | ૧૬૯ |
| | મહિસાગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો | ૪૨૪ |
| | મહીસાગર અને ખેડા જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ મંજૂર કરવા | ૧૮૫ |
| | મહીસાગર જિલ્લામાં જેલ બનાવવા બાબત | ૩૬ |
| | મહીસાગર જિલ્લામાં વિદ્યાસહાયકોને કાયમી કરવા બાબત | ૪૩૯ |
| | મહીસાગર જિલ્લામાં વીજ સબસ્ટેશનો | ૨૫૪ |
| | રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ફેઝ–૨ માં સહાય | ૩૧૫ |
| મિતેશભાઇ ક. ગરાસિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૫ |
| | આશા હેલ્થ વર્કરોને પગારમાં વધારો | ૧૨૧ |
| | મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સના ઘરભાડા ભથ્થા સંબંધના ઓફીસ મેમોરેન્ડમ | ૨૮૪ |
| | દાહોદ અને અમદાવાદમાં જેલોમાંથી મળેલ પ્રતિબંધિત સામગ્રી | ૭૦ |
| | દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા | ૪૨૩ |
| | દાહોદ જિલ્લામાં ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા પરા/પેટા પરાઓને પાકા | ૧૬૩ |
| | દાહોદ જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ અનાજનું વિતરણ | ૪૩૯ |
| | દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના છાત્રાલયોમાં મંજુર | ૩૯૬ |
| | દાહોદ જિલ્લામાં કાચા મકાનોની સંખ્યા | ૩૧૦ |
| | દાહોદ જિલ્લામાં ખેલમહાકુંભ હેઠળ રજીસ્ટ્રેશન | ૧૮૨ |
| | દાહોદ જિલ્લામાં જિલ્લા પંચાયતોને રેતી લીઝ રોયલ્ટીની રકમ | ૩૨૫ |
| | દાહોદ જિલ્લામાં પશુ દવાખાના | ૩૨ |
| | નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓને કરાર આધારિત નિમણૂંકમાં | ૫૮ |
| મોતીલાલ પુ. વસાવા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૮૮ |
| | નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૪૧૦ |

| | | |
|---|---|---|
| | નર્મદા જિલ્લામાં નવા પેટા કેન્દ્રો | ૧૬૧ |
| | નર્મદા જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડીની અરજીઓ | ૪૩૩ |
| | નર્મદા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૩૬ |
| | સાગબારા તાલુકામાં રાહત દરે ચીજ વસ્તુઓનું વિતરણ | ૩૮૩ |
| મોહનભાઇ ધ. ઢોડિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૯ |
| | તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ | ૪૩૭ |
| | તાપી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૩૮૯ |
| | તાપી જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધાઓ | ૪૧૭ |
| | તાપી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૭૯ |
| | તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાનો અમલ | ૧૬૫ |
| | તાપી જિલ્લામાં મહિલા કલ્યાણ યોજના હેઠળ અપાતા લાભો | ૧૮૨ |
| | નિઝર–દેવલા–વ્યાવલ રસ્તાને પહોળો કરવા બાબત | ૧૨૬ |
| મોહનસિંહ છો. રાઠવા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૮૭ |
| | છોટા ઉદેપુર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર | ૪૧૧ |
| | છોટા ઉદેપુર જિલ્લામાં જૂથ ગ્રામ પંચાયત | ૩૨૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો નાણા પંચની | ૩૦૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી | ૧૭૦ |
| | છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગમાં રોજમદારોની સંખ્યા | ૩૮૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં વાજબી ભાવની દુકાનો | ૪૩૪ |
| | દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૧૩૭ |
| | બોડેલી તાલુકાનાં રાજવાસણા ગામે હેરણ આડબંધમાં સિલ્ટીંગની | ૪૭ |
| | રાજ્યમાં રાસાયણિક ખાતરો, પેટ્રોલ અને ડીઝલ પર વેટમાં વધારો | ૨૭૯ |
| | વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ચિંતન શિબિર | ૧૩ |
| રજનીકાંત સો. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૭ |
| | દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત | ૨૩૫ |
| રજનીકાન્ત મો. પટેલ | વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા | ૨૨૬ |
| | અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૪૨ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર | ૧૪૫ |
| | ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસો | ૩૯૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૪૨૧ |
| રણજિતભાઇ મં. ગિલિટવાલા | વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા | ૨૨૩ |
| | રાજ્યમાં ૬૬મો જાનકી વન મહોત્સવ | ૩૯૯ |
| | સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૩૧ |
| રમણલાલ ના. પાટકર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૦ |
| | કપરાડા તાલુકાનો નાનાપૌઢાથી વારોલી રસ્તો પહોળો કરવા બાબત | ૧૪૭ |
| | ડાંગ જિલ્લામાં ટ્રેલીજ મંડપનાં લાભાર્થી | ૩૬ |

| | | |
|---|---|---|
| | ધરમપુર તાલુકામાં ચેકડેમ | ૬૦ |
| | વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત | ૨૭૬ |
| | વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૪૪૧ |
| | વલસાડ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ | ૪૦૪ |
| | વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઈ | ૪૨૯ |
| રમેશ મહેશ્વરી | કચ્છ જિલ્લામાં પશુ વંધ્યત્વ નિદાન/સારવાર કેમ્પ | ૨૦ |
| | કચ્છ જિલ્લામાં બંધારાના કામ | ૫૧ |
| | કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૧૩૬ |
| રમેશભાઈ ચાવડા | મહેસાણા જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને અનાજનું વિતરણ | ૩૮૦ |
| | શિવરાત્રીના તહેવાર નિમિત્તે વહેંચાયેલો પ્રસાદ આરોગ્યા બાદ થયેલા મૃત્યું | ૭૫ |
| | મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ | ૪૦૯ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓના મકાનો | ૧૬૭ |
| | મહેસાણા જિલ્લામાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ | ૧૩૦ |
| | મહેસાણા જિલ્લામાં વિધવા બહેનોને તાલીમ | ૧૮૪ |
| રમેશભાઈ કટારા | ઝાલોદ–ગામડી રોડ પહોળો કરવા બાબત | ૧૪૬ |
| | દાહોદ જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ | ૩૯૩ |
| | દાહોદ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ | ૪૩૮ |
| | દાહોદ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત | ૪૨ |
| | દાહોદ જિલ્લામાં ડેરી વિકાસ યોજના | ૪૨૧ |
| | શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાનો અમલ | ૨૬૨ |
| રમેશભાઈ મહેશ્વરી | કચ્છ જિલ્લામાં નવા સબ સ્ટેશનોનું કાર્યાન્વિત | ૨૮૮ |
| | ગાંધીધામ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૩૮૭ |
| રૂષિકેશ પટેલ | કડી–કલ્યાણપુર રોડને ફોરલેન કરવા બાબત | ૧૨૫ |
| | મહેસાણા જિલ્લામાં તોલમાપના સાધનોની ખરાઈ | ૪૦૧ |
| રાકેશ શાહ | ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસો | ૩૯૯ |
| | અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૧૭ |
| | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઓવરડ્રાફ્ટ લેવા બાબત | ૨૪૯ |
| રાઘવજી પટેલ | જામનગર જિલ્લાની નોન ગ્રાન્ટેડ ખાનગી માધ્યમિક શાળાઓમાંથી | ૪૦૪ |
| | જામનગર જિલ્લામાં કાંટાળા તારની વાડ માટે સહાયની અરજીઓ | ૪૨૮ |
| | જામનગર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય | ૭૧ |
| | જામનગર જિલ્લામાં તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મહેકમ | ૨૫૪ |
| | જામનગર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ કાર્ય | ૧૯૧ |
| | બેરાજાથી બારાડીને જોડતા રસ્તાનું રીકાર્પેટીંગ | ૧૮૧ |
| | રાપર તાલુકાના ફતેહગઢ ગામે જમીન રીગ્રાંટ કરવા બાબત | ૪૨ |
| રાઘવજીભાઈ હં. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૦૭ |
| | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૧ |

| | | |
|---|---|---|
| રાજેન્દ્ર ત્રિવેદી | રાજ્યની એફ. એસ. એલ. દ્વારા ન્યાયાધીશો/સરકારી વકીલોને તાલીમ | ૩૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૫૭ |
| રાજેન્દ્રસિંહ ચાવડા | ભિલોડા તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની દરખાસ્ત | ૨૮૮ |
| | વડાલી–ખેડબ્રહ્મા–ખેરોજ રસ્તાને ફોરલેન કરવા બાબત | ૧૩૩ |
| | સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા | ૪૨૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધા | ૪૦૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૪૪૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં મહિલા કલ્યાણ યોજના હેઠળ અપાતા લાભો | ૧૬૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં મોટા ચેકડેમ | ૨૭ |
| રાજેન્દ્રસિંહ ઠાકોર | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગોમાં મૂડી રોકાણ | ૬૪ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પડતર તુમારો | ૪૮ |
| | અરવલ્લી જિલ્લામાં અન્નમબ્રહ્મ યોજના હેઠળ અનાજનું વિતરણ | ૪૦૨ |
| | અરવલ્લી જિલ્લામાં ફુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સહાય બાબત | ૧૫ |
| | વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ના | ૪૨૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૩ |
| રાજેન્દ્રસિંહ પરમાર | ''ખુશ્બુ ગુજરાત કી'' જાહેરાતની ડોક્યુમેન્ટરીનો ખર્ચ | ૩૧૮ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ખેતી માટે વીજ કનેકશનો માટેની પડતર | ૨૬૬ |
| | આણંદ જનરલ હોસ્પીટલમાં મંજુર મહેકમ | ૧૩૪ |
| | આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા | ૩૦૨ |
| | આણંદ જિલ્લામાં પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓ | ૩૮૫ |
| | કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો | ૪૩૫ |
| | ગુજરાતી ફિલ્મોને ગ્રેડીંગ આપવાની કમિટી બાબત | ૨૯ |
| | બોરસદ તાલુકામાં બદલપુર થી તીથોર આડબંધ બનાવવા બાબત | ૬૯ |
| | મલ્ટીપ્લેકસમાં પ્રાઈમટાઇમમાં ગુજરાતી ફિલ્મો બતાવવા બાબત | ૫૭ |
| | રાજ્યમાં ગરીબ પરિવારોને સસ્તાદરે ખાંડનું વિતરણ | ૪૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૪ |
| રાઘવજી પટેલ | જામનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમાની બાકી રકમ | ૬૧ |
| રામસિંહ પ્ર. પરમાર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૧૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪૧ |
| | ખેડા જિલ્લામાં તલાટી મંત્રી(પંચાયત)ની ખાલી જગ્યાઓ | ૨૬૦ |
| રોહિત પટેલ | આણંદ જિલ્લાની 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના હેઠળ કન્યાઓને અપાયેલ | ૩૯૮ |
| | પેટલાદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૬૩ |
| | પેટલાદ બજાર સમિતિને આધુનિક સવલતો યોજના હેઠળ રકમ | ૩૩ |
| | રાજ્યના ગ્રંથાલયોની સેવાઓનું કોમ્પ્યુટરાઈઝ | ૧૪૧ |
| લાલજીભાઇ ચ. કોળી પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૦૨ |

| | | |
|---|---|---|
| | અમદાવાદ જિલ્લામાં ખાદ્યતેલ અંગે દરોડા | ૩૭૨ |
| | અમદાવાદ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૭૬ |
| | અમદાવાદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ બાકી કેસ | ૩૭ |
| | ધંધુકા તાલુકા ગામોમાં સી.સી. રોડ | ૧૬૫ |
| | ધંધુકા તાલુકાના જુના બિસ્માર રસ્તાનું ડામરકામ | ૧૨૬ |
| | ધંધુકા તાલુકાના ફેદરા–પચ્છમ–ગાંફ–ભડીયાદ–બાવળીયારી રોડનું | ૧૮૩ |
| વજેશિંગભાઈ પણદા | દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ રજીસ્ટર થયેલ | ૧૫૦ |
| | દાહોદ જિલ્લામાં આદિજાતિ પ્રાયોજના અધિકારી દ્વારા ગ્રાન્ટની ફાળવણી | ૩૭૪ |
| | દાહોદ જિલ્લામાં આદિવાસી ભવન | ૪૩૧ |
| | દાહોદ જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણ માટેની પડતર અરજીઓ | ૨૪૯ |
| | દાહોદ જિલ્લામાં ગુનાહિત કેસ | ૬૮ |
| | દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ અને સ્વાઈન ફલુના નોંધાયેલા કેસો | ૧૭૫ |
| | દાહોદ જિલ્લામાં નવી પોલીસ ચોકીઓ બાબત | ૨૯ |
| | દાહોદ જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ | ૫૬ |
| | દાહોદ જિલ્લામાં મનરેગા યોજના | ૨૯૨ |
| | દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારીના વર્ગો | ૪૦૭ |
| | દાહોદ શહેર અને જિલ્લામાં કાર્યરત રમતગમતના મેદાનો | ૧૮૯ |
| વર્ષાબેન દોશી | વઢવાણ અને ચોટીલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ | ૩૯૮ |
| | વઢવાણ તાલુકાના સાંકળી ગામ પાસે પુલનું કામ | ૧૪૮ |
| | હળવદ તાલુકા પંચાયત જિ.સુરેન્દ્રનગર કચેરીનું નવીન મકાન બનાવવાની | ૨૭૭ |
| વલ્લભભાઈ ગો. કાકડિયા | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૬૫ |
| | રાજ્યની ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિને જમીન | ૩૪ |
| | રાજ્યમાં વન વિભાગ દ્વારા દશમૂળ પ્રોજેક્ટનો અમલ | ૪૦૩ |
| | રાજ્યમાં સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો | ૧૫૮ |
| વલ્લભભાઈ વઘાસિયા | અમરેલી જિલ્લામાં માન્ય ગ્રાહક સુરક્ષા મંડળો | ૩૮૬ |
| | અમરેલી જિલ્લામાં પશુ વંધ્યત્વ નિદાન/સારવાર કેમ્પ | ૧૯ |
| | અમરેલી તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૪૮ |
| | કુંકાવાવ તાલુકાના ખાખરીયા–ખડખડ–ભુખલી સાંથળી રોડને પહોળો | ૧૫૬ |
| વસુબેન ન. ત્રિવેદી | ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત. | ૪૭૧ |
| વીંછીયાભાઈ ભુરીયા | દાહોદ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૪૪૦ |
| | દેવગઢ બારીયા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ | ૪૦૩ |
| | દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૪૨૮ |
| | દાહોદ જિલ્લામાં પશુ વંધ્યત્વ નિદાન/સારવાર કેમ્પ | ૧૦ |
| | લીમડી–કરંબા સંજેલી રોડ પહોળો કરવા બાબત | ૧૨૬ |
| વિભાવરીબેન દવે | ભાવનગર જિલ્લાના વરતેજ ગામતળમાં સી.સી. રોડ | ૧૪૪ |
| | ભાવનગર જિલ્લામાં ‘વિદ્યાલક્ષ્મી બોન્ડ’ યોજના હેઠળ કન્યાઓને | ૩૮૨ |

| | | |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ | ૫૮ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ પર વેટ/સેસ | ૨૭૪ |
| | રાજ્યમાં સ્માર્ટ સીટી માટેની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત | ૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશ:) | ૨૦૮ |
| | દારૂબંધીનો કડક અમલ કરવા તથા ગાયોની કતલ રોકવા બાબત | ૨૩૪ |
| શકિતસિંહજી ગોહિલ | અબડાસા તાલુકામાં મધ્યાહન ભોજન યોજનાથી વંચિત બાળકો | ૩૭૭ |
| | આર.ટી.ઈ. એકટના અમલ માટે સરકારે લીધેલાં પગલાં | ૪૦૮ |
| | કચ્છ જિલ્લાનાં તેરા ગામે તળાવ બનાવવા બાબત | ૫૦ |
| | કચ્છ જિલ્લામાં વ્હાઈટ કલે/ચાઈના કલે ખનિજની માઈનીંગ લીઝ | ૨૮૫ |
| | પાન્ધ્રો થર્મલ પાવર સ્ટેશન ટેન્ડરમાં થયેલ ગેરરીતી | ૩૧૧ |
| | ફિક્સ પગારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા બાબત | ૩૨૫ |
| | સાવરકુંડલા નગરપાલિકાના વોટર વર્કસના વિજબીલ, ઓકટ્રોય વળતર | ૬૬ |
| | રાજ્યમાં ડીસ્કોથેકને મનોરંજન કરની માફી | ૧૭ |
| | પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૨૦ |
| શબ્દશરણ તડવી | તિલકવાડા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા | ૨૮૧ |
| | નર્મદા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૩૮૮ |
| | નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ | ૧૪૬ |
| | નર્મદા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ | ૪૧૫ |
| | નર્મદા જિલ્લામાં મોટા ચેકડેમ | ૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૪ |
| | નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા | ૪૩૬ |
| શંભુજી ઠાકોર | ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરિઝમ | ૪૦૨ |
| | ગાંધીનગર જિલ્લામાં બાળકોને વાહનની સુવિધા | ૪૨૭ |
| | દહેગામ તાલુકાના રાજાજીના મુવાડા–ઝડકીયાના નવા રસ્તાનું કામ | ૧૫૨ |
| | દહેગામ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૨૫૩ |
| શૈલેશ પરમાર | રાજ્યમાં નવી સરકારી મેડીકલ કોલેજો સ્થાપવા બાબત | ૧૭૭ |
| | અમદાવાદ શહેરમાં પકડાયેલા દેશી/વિદેશી દારૂ | ૨૮ |
| | ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ બાંધવા કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની | ૩૨૧ |
| | રાજ્યના સરકારી અને ખાનગી વીજમથકોમાં વીજ ઉત્પાદન | ૩૦૪ |
| | રાજ્યમાં એસ.સી. અને ઓ.બી.સી. ના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો | ૩૯૦ |
| | રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં મંજૂર થયેલ બેઠકો | ૧૮૯ |
| | રાજ્યમાં સ્વચ્છતા અભિયાનમાં જિલ્લાવાર બજેટની રકમ ફાળવવા બાબત | ૨૭૦ |
| | રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ ફાળવેલ રકમ | ૧૫૧ |
| | સૌની યોજના બાબત | ૫૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૯૮ |
| શિવાભાઈ ગોહિલ | ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ | ૫૨ |

| | | |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં પશુ વંધ્યત્વ સારવાર કેમ્પ | ૨૧ |
| | ભાવનગર જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૨૬૨ |
| | ભાવનગર જિલ્લામાં ખાદ્યતેલનું વિતરણ | ૩૭૨ |
| | ભાવનગર જિલ્લામાં વરતેજ ગામતળમાં સી.સી. રોડ | ૧૩૯ |
| સંગીતાબેન પાટીલ | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેરો | ૨૮૩ |
| | રાજ્યમાં સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો | ૧૩૦ |
| | સુરત જિલ્લામાં ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય | ૩૮૭ |
| | સુરત શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૨૭ |
| સંજયકુમાર પટેલ | આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત | ૨૬૮ |
| | ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૩૯ |
| | આણંદ જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભગટર યોજના | ૨૯ |
| | આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી અને શૌચાલયની | ૩૯૧ |
| સતીષભાઇ પટેલ | વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્રને સુદૃઢ બનાવવા કાર્યવાહી | ૩૮૩ |
| | વડોદરા જિલ્લાની મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના | ૧૬૦ |
| | વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય | ૨૧ |
| | વડોદરા જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત | ૨૭૫ |
| સુરેશ પટેલ | મહિસાગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ટ્રાન્સપોર્ટ માટે ખર્ચ | ૪૦૨ |
| | રાજ્યમાં પોલીસ ખાતાની તાલીમ સંસ્થાઓ | ૨૧ |
| | ધોલેરા તાલુકા ખાતે સેવા સદનનું બાંધકામ | ૧૩૩ |
| સી. કે. રાઉલજી | વીજ કંપનીઓનું ઓડિટ કરાવવા તથા ખેડૂતોને પૂરતી વીજળી આપવા | ૨૨૨ |
| હર્ષ સંઘવી | માધ્યમિક શાળાઓમાં ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીના | ૩૯૨ |
| | રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઓવરડ્રાફ્ટ પર વ્યાજ | ૨૮૭ |
| | સુરત જિલ્લામાં ખેલે ગુજરાત કાર્યક્રમ હેઠળ શિબિરો | ૧૩૩ |
| | સુરત શહેરને સ્માર્ટ સીટી અંતર્ગત કેન્દ્ર સરકારની સહાય | ૨૫ |
| હર્ષદકુમાર મા. રીબડિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૯૫ |
| | જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ | ૪૧૧ |
| | જૂનાગઢ જિલ્લાનો કાસીયા–સાસણ રસ્તાનું રીપેરીંગ | ૧૭૫ |
| | જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓ | ૧૫૦ |
| | જૂનાગઢ જિલ્લામાં આવેલ સરકારી ડામર પ્લાન્ટ | ૧૮૯ |
| | જુનાગઢ જિલ્લામાં ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની પડતર અરજીઓ | ૨૩૯ |
| | જુનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના નોંધાયેલા કિસ્સા | ૩૧૨ |
| | જુનાગઢ જિલ્લામાં ખરાબાની જમીન ઉપર દબાણ બાબત | ૫૬ |
| | જુનાગઢ જિલ્લામાં તલાટી કમ મંત્રી (પંચાયત) મંજૂર થયેલ મહેકમ | ૨૮૯ |
| | જૂનાગઢ જિલ્લામાં બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો ન મળવા બાબત | ૩૮૫ |
| | રાજ્યના ખેડૂતો પાસેથી ૭/૧૨, ૮–અ અને નમૂના–૬ની નકલો | ૨૮ |
| | વિસાવદર શહેરમાં પીવાના પાણીની નવી લાઈનો | ૬૮ |

| | | |
|---|---|---|
| હસમુખભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં ઘાસચારાની કિટ બાબત | ૨૪ |
| | અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં નવુ ટ્રોમા સેન્ટર | ૧૩૭ |
| | માધ્યમિક શાળાઓમાં ચાલુ નોકરીએ અવસાન પામેલા કર્મચારીના | ૩૮૬ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પર વેરો | ૨૫૩ |
| | વિરમગામ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય | ૫૪ |
| હીરાભાઈ સોલંકી | અમરેલી –ગાવડકા રસ્તો પહોળો કરવા બાબત | ૧૨૭ |
| | અમરેલી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૩૯૫ |
| | રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ચેરનું વાવેતર | ૪૨૧ |
| | અમરેલી જિલ્લામાં જેટકોને જમીન બાબત | ૨૦ |
| હીરાભાઈ પટેલ | અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેનના ખર્ચ બાબત | ૬૬ |
| | ખાનપુર તાલુકા મથક બાકોરના સી.એચ.સી. પર મંજુર મહેકમ | ૧૩૧ |
| | મહિસાગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૪૦૭ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જાતિઓનાં ખૂન બાબત | ૨૨ |
| | મહીસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ક્ષતિગ્રસ્ત અને જર્જરીત | ૩૭૭ |
| | મહીસાગર જિલ્લામાં થ્રી ફેઈઝ લાઈન માટેની પડતર માંગણી | ૩૧૫ |
| | મહીસાગર જિલ્લામાં વારસાઈ એન્ટ્રી બાબત | ૫૨ |
| | મહીસાગર જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમ | ૨૯૬ |
| | રાજ્યમાં વીજ કંપનીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે કોલસાની અદલા | ૨૫૭ |